કહેલો ક્રમ અન્ય શ્રુતિમાં ગ્રહણ કરશો એને માટે દૃષ્ટાન્ત કહે છે—'જેમ "सर्वं खल्विदम्"', ઇત્યાદિ. દૃષ્ટાન્તને વિષે વૈષમ્યની શંકા કરે છે—'પણ એ વાક્ય શમવિધાનને અર્થે છે' ઇત્યાદિ. શબ્દનું જે તાત્પર્ય છે તે તેનો અર્થ છે. અહિ શબ્દનું તાત્પર્ય સૃષ્ટિ નથી, પણ શમ છે, તેથી પ્રસિદ્ધ ક્રમનો બાધ કરવા સમર્થ નથી એમ ફલિત કહે છે—'તેથી અન્ય પ્રદેશમાં' ઇત્યાદિ. દાર્ષ્ટાન્તિકને વિષે વૈષમ્ય કહે છે—'तत्तेजोऽसृजत' ઇત્યાદિ. સૃષ્ટિ તેનું તાત્પર્ય છે તોપણ અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ ક્રમનો અનુસાર થવો જોઈએ એમ આશંકા કરી કહે છે—'તેટલા માટે એમાં' ઇત્યાદિ. તત્પરત્વ (સૃષ્ટિપરત્વ) અને અતત્પરત્વ (સૃષ્ટિપરત્વ નહિ તે) એમાં દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં વૈષમ્ય છે તોપણ 'तत्तेजोऽसृजत' એ અન્ય શ્રુતિમાં સિદ્ધક્રમનું નિવારક નથી એમ કહે છે—'ના, એમ કહીએ છીએ.' ઇત્યાદિ. તેજની પ્રથમતા સ્વીકારવાથી ('तत्तेजोऽसृजत' એ છાન્દોગ્ય વાક્યમાં તેણે પ્રથમ તેજ સરજ્યું એમ સ્વીકારવાથી) આકાશની ઉત્પત્તિરૂપ ધર્મી અને તેનો ધર્મ પ્રથમતા એ બન્ને જે શ્રુત છે ('तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' એ તૈત્તિરીયક વાક્યમાં આકાશ પ્રથમ સૃષ્ટ થયું એમ શ્રુતિપ્રતિપાદિત છે) તે બેનો બાધ થાય છે એમ ગૌરવ છે. પણ આકાશની પ્રથમતા સ્વીકારવાથી તેજની ઉત્પત્તિની પ્રથમતા જે માત્ર આર્થિક (શબ્દગમ્ય નથી, પણ અર્થથીજ પ્રાપ્ત છે) છે તેનો બાધ થાય છે એમ લાઘવ છે એમ માનીને 'ના, એમ કહીએ છીએ.' એ કહ્યું છે. વળી પ્રધાન ધર્મીના ત્યાગથી ગુણભૂત તેજની પ્રથમતારૂપ ધર્મનો ત્યાગ વધારે સારો છે. પ્રાથમ્ય એ સૃષ્ટિનો ધર્મ છે અને સૃષ્ટિ એ પદાર્થ છે, અને ધર્મભૂત પ્રાથમ્યાત્મક ક્રમ પદાર્થભૂત સૃષ્ટિનો બાધ કરે એ ન્યાય્ય નથી એમ કહે છે—'કેમકે તેજની પ્રથમતાના અનુરોધથી' ઇત્યાદિ. વળી સૃષ્ટિપર[1] શ્રુતિમાં સિદ્ધ છે તેથી તેજની પ્રથમતા સ્વીકારો છો કે પ્રથમ સ્થાનમાં તેજની ઉત્પત્તિની શ્રુતિ છે તેથી અર્થથી પ્રથમતાનું ભાન થાય છે તેથી તેજની પ્રથમતા સ્વીકારો છો? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'વળી "तत्तेजोऽसृजत"' ઇત્યાદિ. દ્વિતીય

[1] જેનું તાત્પર્ય સૃષ્ટિ છે એવી 'तत्तेजोऽसृजत' એ શ્રુતિ.

પણ અર્થથી ક્રમ સમજાય છે, અને તે 'वायोरग्निः' (વાયુથી અગ્નિ) એ અન્ય શ્રુતિના પ્રસિદ્ધ ક્રમથી અટકાવાય છે. આકાશ અને તેજ પ્રથમ ઉત્પન્ન છે એને વિષે વિકલ્પ અને સમુચ્ચય તો અસંભવ અને અસ્વીકારથી નિષિદ્ધ છે. તેટલા માટે બે શ્રુતિઓ વચ્ચે વિરોધ નથી. વળી છાન્દોગ્યમાં 'येनाश्रुतं श्रुतं भवति' (જે વડે અશ્રુત શ્રુત થાય છે) એ પ્રતિજ્ઞા જેનું વાક્યના ઉપક્રમમાં શ્રવણ છે તેનું સમર્થન કરવા માટે અશ્રુત પણ આકાશનું ઉત્પત્તિ વિષે ¹ઉપસંખ્યાન કરવું યુક્ત છે તો તૈત્તિરીયકમાં શ્રુત એવા આકાશનો સંગ્રહ કેમ ન થાય!! વળી જે એમ કહ્યું છે કે આકાશના દેશકાળ સર્વ સાથે અનન્ય હોવાથી બ્રહ્મ અને તેનાં કાર્યો સાથે તે વિદિતજ થાય છે એથી પ્રતિજ્ઞા હીન થતી નથી અને 'एकमेवाद्वितीयम्' (એકજ, અદ્વિતીય) એ શ્રુતિનો બાધ થતો નથી; કેમકે ક્ષીર અને ઉદકની પેઠે બ્રહ્મ અને આકાશનો અભેદ ઉપપન્ન થાય છે—એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. ક્ષીરોદકન્યાયથી આ એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન લેવું યુક્ત નથી; કારણ કે મૃત્તિકા આદિ દૃષ્ટાન્તોનો નિર્દેશ છે તેથી પ્રકૃતિવિકારન્યાયથીજ એ સર્વવિજ્ઞાન

પક્ષનો અનુવાદ કરી તેને દૂષિત કરે છે—'પણ અર્થથી ક્રમ સમજાય છે' ઇત્યાદિ. સિદ્ધ વસ્તુને વિષે વિકલ્પનો અસંભવ હોવાથી બંનેનું—તેજ અને આકાશનું-પ્રાથમ્ય શાખાભેદથી વ્યવસ્થિત થતું નથી; તેમજ દ્વિદલ અંકુરની પેઠે બનેની સમુચ્ચયે ઉત્પત્તિને લીધે બંનેનું પ્રાથમ્ય છે એમ કહેવું યુક્ત નથી; કેમકે 'वायोरग्निः' (વાયુથી અગ્નિ ઉત્પન્ન થયો) એ ક્રમને બાધ થવાનો પ્રસંગ આવે છે એમ જે કહ્યું છે તે દૃષ્ટજ છે એમ કહે છે—'આકાશ અને તેજ પ્રથમ ઉત્પન્ન છે' ઇત્યાદિ. તૈત્તિરીય શ્રુતિને અનુરોધે છાન્દોગ્ય શ્રુતિનો પરિણામ કરવાનો છે તેથી તે બેમાં વિરોધ નથી એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે બે શ્રુતિઓ વચ્ચે' ઇત્યાદિ. કેવલ અવિરોધ છે એટલુંજ નહિ, પણ છન્દોગશ્રુતિને અનુકૂળજ તૈત્તિરીય શ્રુતિ છે એમ કહે છે—'વળી છાન્દોગ્યમાં' ઇત્યાદિ. આકાશની અનુત્પત્તિ કહેનારના કહેલાનો અનુવાદ કરી પ્રતિજ્ઞા અને અદ્વિતીય શ્રુતિ એ બેનું મુખ્યાર્થમાં તાત્પર્ય સમજાય છે તેથી ગૌણાર્થના નથી એમ દૂષિત કરે છે—'વળી જે એમ કહ્યું છે કે' ઇત્યાદિ. 'પ્રતિજ્ઞા હીન થતી નથી'—અહિં 'આકાશની ઉત્પત્તિના અભાવમાં પણ' એટલું શેષ સમજવું. પ્રતિજ્ઞાની અન્યથા ઉપપત્તિનું દૂષણ કરે છે—'તેને વિષે કહીએ છીએ'. ક્ષીરપૂર્ણ ઘટમાં નાખેલા નીરબિન્દુઓ તેના ગ્રહણથીજ ગ્રહણ કરાય છે, પૃથક્‌નીરબિન્દુનું ગ્રહણ અવશિષ્ટ થતું નથી. તેમ સકાર્ય બ્રહ્મ જ્ઞાન થયે તેથી અભિન્ન જેના દેશકાળ છે એવું આકાશ જ્ઞાતજ થાય છે—આ દૃષ્ટાન્તથી એ પ્રતિજ્ઞા ગૌણ કરવી યુક્ત નથી; કેમકે દાર્ષ્ટાન્તિક દૃષ્ટાન્તને અનુસરે છે, અને દૃષ્ટાન્ત પ્રકૃતિવિકારરૂપ છે તેથી દાર્ષ્ટાન્તિકમાં પણ તેવુંજ યુક્ત છે. દાર્ષ્ટાન્તિક દૃષ્ટાન્તને અનુરૂપ છે તેથી દૃષ્ટાન્ત પ્રકૃતિવિકારરૂપ હોવાથી દાર્ષ્ટાન્તિક પણ તેવુંજ થાય એ યુક્ત છે. તેટલા માટે આકાશાદિ બ્રહ્મવિકાર હોઈ તેના પ્રકૃતિભૂત બ્રહ્મથી અનન્ય છે એજ ન્યાયથી પ્રતિજ્ઞા સમજવી એવો અર્થ છે. તેટલા માટે ક્ષીરોદકદૃષ્ટાન્તથી એ સમજવું યુક્ત નથી એમ કહે છે—'ક્ષીરોદકન્યાયથી' ઇત્યાદિ. 'સમ્યગ્વિજ્ઞાન ન થાય'—ક્ષીર અને ઉદક એકઠાં હોય તેમાં જે ક્ષીર એમ ક્ષીરત્વપ્રકારક જ્ઞાન છે ને ઉદકાંશમાં ભ્રમજ છે, કેમકે ઉદક ક્ષીરનું ઉપાદેય

૧ ગ્રહણ.

લેવાનું છે એમ સમજાય છે. ક્ષીરોદકન્યાયથી સર્વવિજ્ઞાન કલ્પાય તો તે સમ્યગ્વિજ્ઞાન ન થાય; કેમકે ક્ષીરજ્ઞાનથી [1]ગ્રહણ કરેલા ઉદકનું સમ્યગ્વિજ્ઞાનથી ગ્રહણ નથી, અને પુરુષોનાની પેઠે વેદનો અર્થનિશ્ચય માયાથી, મિથ્યાભાષણથી, અને 'વંચના આદિથી ઉપપન્ન થતો નથી. 'एकमेवाद्वितीयम्' (એકજ, અદ્વિતીય) એ અવધારણશ્રુતિ ક્ષીરોદકન્યાયથી ગૌણ થાય તો તેને બાધ આવે. વળી સર્વવિજ્ઞાન અને એકજ અદ્વિતીય એવો નિશ્ચય એ સ્વકાર્યની અપેક્ષાએ '[2]વસ્ત્વેકદેશવિષયક છે એમ કહેવું ન્યાય્ય નથી; કેમકે મૃત્તિકા આદિને વિષે પણ ખરેખર તેનો સંભવ છે; અને 'श्वेतकेतो यत्नु सोम्येदं महामना अनूचानमानी स्तब्धोऽस्युत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवति' [છાન્દોગ્ય ૬।૧।૨] (હે શ્વેતકેતો, તું [3]મહામન, આત્માને [4]અનૂચાન માનનાર, અને [5]સ્તબ્ધ છે, જે આદેશથી અશ્રુત શ્રુત થાય છે એ આદેશ તેં આ-

નથી તેથી પરમાર્થ રીતે તેમાં ક્ષીરસ્વરૂપત્વનો અભાવ છે એ પ્રમાણે આકાશ અને બ્રહ્મ વચ્ચે ઉપાદાન અને ઉપાદેયત્વનો અંગીકાર કર્યા વગરજ જો સંસૃષ્ટત્વમાત્ર (આકાશ બ્રહ્મમાં સંસૃષ્ટ છે એટલુંજ) સ્વીકારાય તો બ્રહ્માત્માએ આકાશ ગ્રહણ પણ અસમ્યગ્દર્શનજ થાય એવો અર્થ છે. 'પ્રકૃતિવિકારન્યાય'=તદનન્યત્વન્યાય. ઉદક ક્ષીરસ્થ છે તોપણ ક્ષીરજ્ઞાનથી ગ્રહણ કરાતું નથી; કેમકે ક્ષીર છે તેનો ભેદ છે એવો ભાવ છે. પણ શ્રુતિથી સમ્યગ્જ્ઞાન ન થાઓ, તે ભ્રાન્તિમૂલ છે એવો સંભવ છે એમ આશંકા કરી શ્રુતિ અપૌરુષેય છે તેથી એમ નથી એમ કહે છે—'અને પુરુષોનાની પેઠે વેદનો' ઇત્યાદિ. ભ્રાન્તિરૂપ માયાથી, મિથ્યાભાષણથી અને વચન એટલે અયથાર્થજ્ઞાન તેથી અપૌરુષેય વેદનું અર્થાવધારણ ઉપપન્ન થતું નથી. ઐન્દ્રજાલિક કૃત તે 'માયા', કવિકૃત અસદ્વર્ણન તે 'અલીક' અને ચૌરાદિકૃત્ય તે 'વંચન', પ્રતિજ્ઞાનું મુખ્યત્વ કહી અદ્વિતીય શ્રુતિની મુખ્યતા કહે છે—'एकमेवाद्वितीयम्' ઇત્યાદિ. સર્વદ્વૈતનો નિષેધ એ એ શ્રુતિનું તાત્પર્ય છે એવો અર્થ છે. જો અદ્વિતીયપદ ઔપચારિક હોય તો અવધારણા (एवपदथी) શી રીતે થાય? ખરેખર, માણવકને વિષે સિંહત્વના ઉપચારથી સિંહથી અન્ય માણવક નથી એવો પ્રયોગ નથી એવો અર્થ છે. ઉપચારથી एकत्व ભલે સમજાવાય, પણ अद्वितीयપદને વિષે અવધારણા તો ઉપપન્ન થતી નથીજ. ખરેખર, માણવકને વિષે સિંહત્વનો ઉપચાર કરવાથી સિંહથી અન્ય અલ્પ પણ માણવક નથી એમ લૌકિકો કહેતા નથી. તેટલા માટે જગતનું બ્રહ્મત્વ ઐકાન્તિક શ્રુતિવિવક્ષિત છે, ઔપચારિક નથી. વળી સ્વકાર્યની અપેક્ષાએ એ સર્વ ઉપપન્ન છે એમ જે કહ્યું છે' તેને વિષે કહે છે—'વળી સર્વવિજ્ઞાન' ઇત્યાદિ. મૃત્તિકા આદિને વિષે પણ તેનો સંભવ હોવાથી બ્રહ્મને વિષે एकम्, अद्वितीय એ વિશેષણો વ્યર્થ છે એમ શેષ પૂરવા માટે 'ખરેખર' શબ્દ વાપર્યો છે. મૃત્તિકા આદિને વિષે પણ સ્વકાર્યની અપેક્ષાએ વસ્ત્વેકદેશવિષયક સર્વવિજ્ઞાનને ઇચ્છનાર પ્રત્યે અન્ય દોષ કહે છે—'અને "श्वेतकेतो"' ઇત્યાદિ. અપૂર્વવત્ ઉપન્યાસ શી રીતે છે તેને માટે 'श्वेतकेतो' ઇત્યાદિ કહ્યું છે. તારા પક્ષમાં એ પ્રતિજ્ઞા શી રીતે છે તેને

૧ છેતરવું તે. ૨ વસ્તુના એકદેશને વિષે છે. ૩ ગંભીર છે મન જેનું, અન્યથી આત્માને અસમ માનનાર મન છે જેનું, અભિમાની. ૪ અનુવચનસમર્થ, વેદ, વેદાંગ પઠન, પાઠન, અધ્યાપન કરાવવા સમર્થ. ૫ અપ્રણતસ્વભાવ, અવિનીત, ઉદ્ધત. ૧ જુઓ ભાષ્ય (સૂત્ર ૫).

ચાર્યને પૂછ્યો છે?) ઇત્યાદિથી તેનો અપૂર્વવત્ ઉપન્યાસ યોગ્ય નથી. તેટલા માટે એ સર્વવિજ્ઞાન અશેષ વસ્તુને વિષેજ છે અને સર્વ બ્રહ્મકાર્ય છે એ અપેક્ષાએ એનો ઉપન્યાસ છે એમ સમજવું ॥ ૬ ॥

વળી જે એમ કહ્યું છે કે અસંભવને લીધે ગગનની ઉત્પત્તિશ્રુતિ ગૌણી છે તેને વિષે અમે કહીએ છીએ—

यावद्विकारं तु विभागो लोकवत् ॥ ७ ॥

પણ જેટલા વિકાર છે તેટલા વિભાગ છે લોકની પેઠે ॥ ૭ ॥

તુશબ્દ અસંભવની આશંકા દૂર કરવા માટે છે. ખરેખર, આકાશની ઉત્પત્તિને વિષે અસંભવની આશંકા કરવી યુક્ત નથી; કેમકે ઘટ, ઘટિકા, [1]ઉદંચન આદિ, કે [2]કટક, [3]કેયૂર, કુણ્ડલ આદિ, કે સોય, બાણ, ખડ્ગ આદિ જેટલો કોઈ વિકારસમૂહ દેખાય છે તેટલોજ [4]લોકમાં વિભાગ દેખાય છે. પણ અવિકાર પામેલું કંઈ કંઈથી વિભક્ત ઉપલબ્ધ થતું નથી; અને પૃથિવી આદિથી આકાશનો વિભાગ સમજાય છે. તેટલા માટે તે પણ વિકાર થવો યુક્ત છે. આથી દિશા, કાલ, મન, પરમાણુ આદિ કાર્ય છે એમ વ્યાખ્યાન થયું સમજવું. પણ આત્મા પણ આકાશ

માટે કહે છે—'તેટલા માટે એ સર્વવિજ્ઞાન અશેષ વસ્તુને વિષેજ છે' ઇત્યાદિ. 'તેટલા માટે' એટલે સ્વકાર્યની અપેક્ષાએ વસ્ત્વેકદેશવિષયકત્વનો અસંભવ છે તેથી. પ્રતિજ્ઞા અને અદ્વિતીય શ્રુતિ બંનેને ગૌણ લેવાથી અદ્ભુતવત્ ઉપન્યાસ (येनाश्रुतं श्रुतं भवति ઇત્યાદિ) અને મૃત્તિકા આદિ દૃષ્ટાન્તોથી તેનું સાધન યુક્ત ન થાય એવો અર્થ છે. એકવિજ્ઞાનથી યત્કિંચિદ્વિજ્ઞાન તો લોકસિદ્ધ છે, તેને માટે ઉપદેશની અપેક્ષા નથી, માટે આ અદ્ભુત-અપૂર્વવત્ ઉપન્યાસ છે તે વસ્ત્વેકવિષયક નથી, પણ સર્વવિષયક છે એમ સમજવું. વળી 'યેનાશ્રુતં' ઇત્યાદિમાં અશ્રુત આદિ શબ્દો અને 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वम्' ઇત્યાદિમાં સર્વપદ સંકુચિત થાય એમ ઉપસંહારને વિષે કહે છે એવો અર્થ છે ॥ ૬ ॥

કાર્યજ વસ્ત્વેકદેશ છે, આકાશ ઉત્પન્ન થતું નથી, સામગ્રીશૂન્ય છે તેથી એમાં આકાશ વિકાર છે, વિભક્ત છે તેથી ઘટાદિની પેઠે એ સત્પ્રતિપક્ષ કહે છે—'વળી જે એમ કહ્યું છે' ઇત્યાદિથી. જે વિભક્ત છે તે વિકાર છે એમ અન્વય કહી જે અવિકાર છે તે વિભક્ત નથી જેમ આત્મા એ વ્યતિરેકવ્યાપ્તિ કહે છે—'પણ અવિકાર પામેલું કંઈ' ઇત્યાદિ. દિશા આદિને વિષે વ્યભિચારની આશંકા કરી પક્ષસમ હોવાથી એમ નથી એમ કહે છે—'એથી દિશા' ઇત્યાદિ. 'એથી' = વિભક્તત્વથી એવો અર્થ છે. આત્માને વિષે વ્યભિચારની શંકા કરે છે—'પણ આત્મા પણ' ઇત્યાદિ. આત્મા આકાશાદિથી વિભક્ત છે કે નહિ? આદ્ય પક્ષમાં વિભક્ત છે તોપણ વિકાર નથી એમ વ્યભિચાર છે. દ્વિતીય પક્ષમાં તેથી અભિન્ન હોવાથી તેની પેઠેજ તે પણ કાર્ય થાય છે એમ માની શંકા કરે છે એવો શંકાનો અભિપ્રાય છે. ધર્મીની સાથે જેની સત્તા સમાન છે એવા વિભાગને હેતુ લીધો છે તેથી પરમાર્થ આત્માને વિષે વિભાગ કલ્પિત હોવાથી તેની સત્તા ભિન્ન છે તેથી વ્યભિચાર નથી એમ કહે છે

---

૧ કૂવામાંથી પાણી ઉપર કાઢવાની રેંટ. ૨ કંકણ. ૩ બાજુબંધ. ૪ દુનીઆમાં.

આદિથી વિભક્ત છે તેથી ઘટાદિની પેઠે તેને પણ કાર્યત્વ પ્રાપ્ત થાય છે. ના; કેમકે 'आत्मन आकाशः संभूतः' [તૈત્તિ૦ ૨।૧] (આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું) એવી શ્રુતિ છે. ખરેખર, જો આત્મા પણ વિકાર થાય તો તેથી પર કંઈ પણ શ્રુતિમાં કહ્યું નથી તેથી આત્મા કાર્ય થયે આકાશ આદિ સર્વ કાર્ય [1]નિરાત્મક થાય; અને તેથી શૂન્યવાદનો પ્રસંગ આવે. વળી આત્મા હોવાથી આત્માની નિરાકરણશંકા અનુપપન્ન છે; કેમકે આત્મા કોઈનો પણ [2]આગન્તુક નથી; કેમકે તે સ્વયંસિદ્ધ છે. ખરેખર, આત્મા પોતાના પ્રમાણની અપેક્ષા રાખી સિદ્ધ થતો નથી. તેનાં પ્રત્યક્ષાદિ

—'ના, કેમકે' ઇત્યાદિ. અહિં—'જે વિભક્ત છે તે વિકાર છે' એમાં અજ્ઞાનથી અન્ય દ્રવ્ય એવું વિશેષણ લેવું તેથી અજ્ઞાન અને તેના સંબંધ આદિને વિષે વ્યભિચાર નથી. પણ આત્મા કાર્ય છે, વિભક્ત છે તેથી કે વસ્તુ છે તેથી, ઘટની પેઠે એ આભાસના જેવું એ આકાશને વિકાર સિદ્ધ કરનાર અનુમાન છે એમ શંકા કરી સમાધાન કરે છે કે આત્મા પરમકારણ તરીકે શ્રુતિપ્રતિપાદિત છે તેથી તેને કાર્યત્વ લેવામાં શૂન્યતાનો પ્રસંગ આવે છે એવું બાધક હોવાથી એ અનુમાન આભાસરૂપ છે. અહિં આકાશાનુમાનમાં તો કંઈ બાધક નથી, ઉલટું આકાશને અકાર્ય ગણવામાં નિત્ય અનેક દ્રવ્યકલ્પના અને શ્રુતિની પ્રતિજ્ઞાની હાનિ આદિ બાધકો છે; માટે આકાશાનુમાનને આભાસતુલ્યતા નથી, આત્માનુમાનની પેઠે તે આભાસ નથી એમ કહે છે—'આત્મા કાર્ય થયે' ઇત્યાદિ. 'નિરાત્મક' = નિરુપાદાન, જેને [3]આગમ અને [4]અપાય નથી એવા ઉપાદાનથી રહિત. કારણ પણ કાર્ય થયે તેને નાશનો સંભવ હોવાથી શૂન્યપરિશેષજ થાય છે એ ન્યાય 'જે વિભક્ત છે તે વિકાર છે' એ ઉત્સર્ગનો બાધક છે. શૂન્યવાદને સ્વીકારી આત્માનું શૂન્યત્વ સ્વીકારનાર પ્રત્યે અર્થાત્ પ્રસંગ ઇષ્ટ છે એમ કહેનાર પ્રત્યે અનુમાન કહે છે કે આત્મા ઉત્પન્ન થતો નથી, આત્મા છે તેથી, સ્વપ્રકાશ છે તેથી, વ્યતિરેકે ઘટની પેઠે—'વળી આત્મા હોવાથી' ઇત્યાદિ. આત્માનો અભાવ કોઈથી જણાય છે કે નહિ! આદ્ય પક્ષમાં જે જ્ઞાતા છે તે પરિશિષ્ટ રહે છે એટલે શૂન્યતા નથી. દ્વિતીય પક્ષમાં પણ શૂન્યતા નથી, પ્રમાણના અભાવથી એવો અર્થ છે. જો કાર્ય ઉપાદાનકારણસહિત છે તો આત્માજ ઉપાદાન છે; કેમકે શ્રુતિ તેનેજ ઉપાદાન કહે છે તેથી અન્ય ઉપાદાનની કલ્પના અનુપપન્ન છે. પણ આત્મા આ જગતનું ઉપાદાન માનો, તેનું અન્ય ઉપાદાન અપ્રમાણ છે તોપણ અન્ય થશે તેથી કહે છે—'આત્મા કોઈનો પણ આગન્તુક નથી'. 'આગન્તુક'—અન્ય ઉપાદાનનો ઉપાદેય. શાથી નથી? 'સ્વયંસિદ્ધ છે' તેથી. જે કાર્ય છે તેને સત્તા અને સ્ફૂર્તિ માટે અન્યની અપેક્ષા છે અને તે નિરાકરણયોગ્ય છે; આત્મા તો નિરપેક્ષ હોવાથી—સત્તા અને પ્રકાશ માટે તેને અન્યની અપેક્ષા નથી તેથી—અકાર્ય છે, અનાગન્તુક છે તેથી તે બાધયોગ્ય નથી એમ કહે છે. 'કોઈનો' એટલે કોઈ પણ કારણનો. 'આગન્તુક'=કાર્ય. આત્મા કોઈ પણ કારણનું કાર્ય નથી; કેમકે સત્તા અને સ્ફૂર્તિને વિષે તે અનન્યાયત્ત—સ્વતન્ત્ર છે એવો અભિપ્રાય છે. તેમાં સ્ફૂર્તિને વિષે અનન્યાયત્તત્વ સ્પષ્ટ કરે છે—'ખરેખર, આત્મા પોતાના પ્રમાણની અપેક્ષા' ઇત્યાદિ. સુરેશ્વરાચાર્યે કહ્યું છે કે પ્રમાતા, પ્રમાણ, પ્રમેય અને પ્રમિતિ જેના પ્રસાદથી સિદ્ધ થાય છે તેની સિદ્ધિ માટે શેની અપેક્ષા રહે. શ્રુતિ પણ કહે છે કે 'पुरुषः स्वयंज्योतिः' (પુરુષ—આત્મા સ્વયંપ્રકાશ છે), અને 'तस्य भासा सर्वमिदं वि-

1 ઉપાદાનરહિત, સમવાયિકારણરહિત. 2 કાર્ય. 3 પ્રાપ્તિ, ઉપજન, વધારો. 4 નાશ.

પ્રમાણો અસિદ્ધ પ્રમેયની સિદ્ધિને માટે લેવાય છે; કેમકે આકાશાદિ પદાર્થો પ્રમાણની અપેક્ષારહિત, સ્વયંસિદ્ધ છે એમ કોઈથી પણ સ્વીકારાતા નથી. આત્મા તો પ્રમાણાદિ વ્યવહારનો આશ્રય હોવાથી પ્રમાણાદિ વ્યવહારથી પૂર્વેજ સિદ્ધ છે; અને તેવાનું નિરાકરણ સંભવતું નથી. ખરેખર, આગન્તુક વસ્તુનું નિરાકરણ થાય છે, સ્વરૂપનું નહિ; કેમકે જે નિરાકર્તા છે તેજ તેનું સ્વરૂપ છે. અગ્નિની ઉષ્ણતા અગ્નિથી નિરાકરણ કરાતી નથી. તેમ હુંજ હમણાં વર્તમાન વસ્તુ જાણું છું, મેંજ ભૂત અને તેની પૂર્વે થઈ ગયેલી ભૂત વસ્તુ જાણી, અને હુંજ ભવિષ્યની અને તેની પછીના ભવિષ્યની વસ્તુ જાણીશ, એમ જ્ઞાતવ્ય વસ્તુ વર્તમાન, ભૂત અને ભવિષ્યરૂપે અન્યથા થાય છે તોપણ જ્ઞાતા અન્યથા થતો નથી; કેમકે તે સર્વદા વર્તમાનસ્વભાવવાળો છે. તેમજ દેહ ભસ્મરૂપ થાય છે તોપણ આત્માનો ઉચ્છેદ થતો નથી, કેમકે તે વર્તમાનસ્વભાવવાળો છે. તે અન્ય સ્વભાવનો છે એવી

[illegible] (આ મત [illegible]). પણ આત્મા સ્વતઃસિદ્ધ હોય તો પ્રમાણ [illegible] —'તેનાં પ્રત્યક્ષાદિ પ્રમાણો' ઇત્યાદિ. પણ પ્રમેય પણ સ્વ[illegible] [illegible] —'કેમકે આકાશાદિ પદાર્થો' ઇત્યાદિ. તેથી પ્રમાણો [illegible] આત્મા [illegible] પ્રમાણને અધીન જેની સિદ્ધિ છે એવો કેમ ન [illegible] —'આત્મા તો પ્રમાણાદિ વ્યવહારનો આશ્રય હોવાથી' ઇત્યાદિ. [illegible] જ્ઞાન પ્રમેયની સત્તાનું 'નિશ્ચાયક થાય [illegible] નથી હોતે એમ વ્યતિરેકનો નિશ્ચય [illegible] થતો નથી, કેમકે [illegible] અન્ય જ્ઞાનથી થતો નથી; કેમકે [illegible] નિશ્ચય થાય છે એમ કહેવું જો [illegible] અધીન હોય તો અન્યોન્યાશ્રય થાય. તેટલા માટે [illegible] સ્વપ્રકાશ છે તોપણ તેનો બાધ કેમ ન [illegible] —'અને તેવાનું નિરાકરણ સંભવતું નથી.' ખરેખર, જડ પદાર્થ [illegible] આગન્તુક [illegible] છે; પણ પ્રકાશરૂપ આત્મસ્વરૂપ [illegible] નિરાકરણ નથી, અને પોતે પોતાનો [illegible] પોતાનો અભાવ એવા [illegible] આત્મા [illegible] નથી એમ કહી [illegible] —'તેમ હુંજ હમણાં' ઇત્યાદિ. [illegible] [illegible] [illegible] [illegible]

સંભાવના કરવી પણ શક્ય નથી. એ પ્રમાણે જેનું પ્રત્યાખ્યાન ન થાય એવા સ્વભાવવાળો હોવાથી આત્મા અકાર્ય છે અને આકાશ કાર્ય છે. સમાનજાતીય અનેક કારણદ્રવ્ય આકાશને નથી એમ જે કહ્યું છે તેનું નિરાકરણ કરાય છે—સમાનજાતીયજ [1]આરંભક થાય છે, ભિન્નજાતીય થતું નથી એવો નિયમ નથી; કેમકે તન્તુઓ અને તેના સંયોગો સમાનજાતીય નથી, તેમનો દ્રવ્ય અને ગુણ તરીકે સ્વીકાર કર્યો છે તેથી. વળી [2]તુરી, [3]વેમ આદિ નિમિત્તકારણો પણ સમાનજાતીય છે એવો નિયમ નથી. પણ અત્ર શંકા છે કે સમાનજાતીયત્વનો સ્વીકાર સમવાયિકારણને વિષેજ છે, અન્ય કારણોને વિષે નથી. તે પણ અનૈકાન્તિક છે; કેમકે અનેક જાતનાં સૂત્ર અને ગોકેશથી એક રજ્જુ ઉત્પન્ન થતી દેખાય છે. તેમ સૂત્રો અને ઊન આદિથી વિચિત્ર કાંબળાઓ (લોકો) વિસ્તારે છે. સત્ત્વ, દ્રવ્યત્વ આદિની અપેક્ષાએ જો સમાનજાતીયત્વની કલ્પના કરાય તો નિયમ અનર્થક થાય છે; કેમકે સર્વ સર્વની સાથે સમાનજાતીય છે. તેમજ અનેકજ આરંભક થાય છે. એક નહિ એવો નિયમ નથી: કેમકે અણુ અને મન આદ્ય કર્મને [4]આરંભે છે એવો સ્વીકાર

છે એમ કહે છે—'એ પ્રમાણે જેનું પ્રત્યાખ્યાન ન થાય' ઇત્યાદિ. અકાર્ય આત્માની સિદ્ધિને વિષે અવિદ્યાસહિત આત્મા ઉપાદાન છે અને અદૃષ્ટાદિ નિમિત્ત છે તેથી અને આકાશની અનુત્પત્તિનો હેતુ જે સામગ્રીઅભાવ કહ્યો છે તે સ્વરૂપાસિદ્ધ છે અને તેને [illegible] સપ્રતિપક્ષનો બાધ છે તેથી આકાશ કાર્ય છે એ નિરવદ્ય છે એમ કહે છે—'આકાશ કાર્ય છે.' આત્મા અને અવિદ્યા વિજાતીય હોવાથી આકાશના આરંભક થતા નથી એમ જે કહ્યું છે તેનો અનુવાદ કરી નિરસન કરે છે—'સમાનજાતીય, અનેક કારણદ્રવ્ય' ઇત્યાદિ. શું કારણમાત્રને માટે સજાતીયત્વનો નિયમ છે કે સમવાયી કારણને માટે? 'તેમાં આદ્ય પક્ષનું નિરસન કરી દ્વિતીયની શંકા કરે છે—'પણ અત્ર શંકા છે કે' ઇત્યાદિ. શું સજાતીયત્વ સમવાયી કારણના અવચ્છેદક ધર્મ—અપરજાતિથી છે કે સત્ત્વાદિ પરજાતિથી છે? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'તે પણ અનૈકાન્તિક છે'. અત્ર એવી શંકા ન કરવી કે રજ્જુ આદિ સૂત્ર ગોકેશ આદિનો સમુદાયમાત્ર છે, અન્ય દ્રવ્ય નથી. કેમકે એમ હોવાથી પટાદિ પણ અન્ય દ્રવ્ય ન હોવાનો પ્રસંગ આવશે અને અવયવિસમુદાયમાત્રના [illegible] પ્રસંગ આવશે. દ્વિતીય પક્ષ તો અમને ઇષ્ટ છે. કેમકે આત્મા અને અવિદ્યા એવા વસ્તુઓ સમાનજાતીય છે એમ કહે છે—'સત્ત્વ, દ્રવ્યત્વ આદિની અપેક્ષા' ઇત્યાદિ. અર્થાત્, દ્વિતીય પક્ષમાં સમાનજાતીય વિશેષ વ્યર્થ છે. કેમકે સદ્રૂપ અને અવિદ્યમાન વસ્તુ અનારંભક હોવાથી સર્વ સમાનજાતીય હોવાનો સંભવ રહે છે. આ પ્રમાણે સમાનજાતીયજ આરંભક થાય છે એ નિયમનું નિરાકરણ કરી અનેક આરંભક થાય છે એ નિયમનું નિરાકરણ કરે છે—[illegible] એ નિયમનું નિરસન કરી અદ્વિતીય [illegible] ઉપાદાન છે એ સિદ્ધ કરવા માટે [illegible] અનેક દ્રવ્ય આરંભક થાય છે એ નિયમનું નિરસન કરે છે—'તેમજ અનેકજ આરંભક થાય છે' ઇત્યાદિ. શું એ નિયમ આરંભકમાત્રને છે કે દ્રવ્યના આરંભકને છે? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'અણુ અને મન' ઇત્યાદિ. [illegible]

[illegible]

છે; કારણ કે એકેક પરમાણુ અને મન આદ્ય કર્મને આરંભે છે, અન્ય દ્રવ્ય સાથે એકઠા થઈને નહિ એમ સ્વીકારેલું છે. દ્રવ્યના [1]આરંભમાંજ અનેક આરંભકત્વનો નિયમ છે એમ જો કહેશો તો તે પણ યુક્ત નથી; કેમકે પરિણામનો સ્વીકાર છે. જો સંયોગસહિત દ્રવ્ય અન્ય દ્રવ્યનું આરંભક સ્વીકારાય તો એ નિયમ થાય; પણ તેજ દ્રવ્ય વિશેષવાળી અન્ય અવસ્થામાં જતું કાર્યનામે સ્વીકારાય છે; અને તે કવચિત્ મૃત્તિકા, બીજ આદિ અનેક અંકુરાદિસ્વરૂપે પરિણામ પામે છે અને કવચિત્ ક્ષીરાદિ એક દધિ આદિ ભાવે પરિણામ પામે છે. એકજ કારણ કાર્ય ઉત્પન્ન કરે એવું ઈશ્વરશાસન નથી. એટલા માટે શ્રુતિના પ્રામાણ્યથી એક બ્રહ્મથી આકાશાદિ મહાભૂતોની ઉત્પત્તિના ક્રમે જગત્ ઉત્પન્ન થયું છે એમ નિશ્ચય કરાય છે; અને તેમ 'उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि' [બ્ર૦ સૂ૦ ૨।૧।૨૪] (ઉપસંહાર જોવામાં આવે છે તેથી {બ્રહ્મ જગત્નું કારણ} નથી એમ કહેશો તો નહિ; કેમકે ક્ષીરની પેઠે {ઉપપન્ન થશે}) એમાં કહ્યું છે. વળી જે કહ્યું છે કે આકાશની ઉત્પત્તિને વિષે પૂર્વ અને ઉત્તર કાળમાં [2]વિશેષની સંભાવના કરવી શક્ય નથી તે અયુક્ત છે; કેમકે જે વિશેષથીજ પૃથિવી આદિથી વ્યતિરિક્ત થતું આકાશ સ્વરૂપ-

---

સમવાયી કારણ એક હોવાથી અનેકત્વનિયમનો ભંગ છે એમ કહે છે—'કારણ કે એકેક પરમાણુ' ઇત્યાદિ. 'અન્ય દ્રવ્ય સાથે'=એટલે અન્ય સમવાયી સાથે એવો અર્થ છે. દ્વિતીય પક્ષને ઊભો કરી આરંભવાદના અસ્વીકારથી તેને દૂષિત કરે છે—'દ્રવ્યના આરંભમાંજ' ઇત્યાદિ. 'આરંભક સ્વીકારાય'—પણ સ્વીકારતુ નથી, માટે એ નિયમ નથી એવો શેષ છે. તે સ્વીકારાતું નથી તો કાર્યની ઉત્પત્તિ શી રીતે થાય છે એમ આશંકા કરી કહે છે—'તેજ દ્રવ્ય વિશેષવાળી' ઇત્યાદિ. પરિણામપક્ષમાં પણ આરંભવાદની પેઠે અનેક કારણ થાય છે—અનેકનું કારણત્વ તુલ્ય છે એમ આશંકા કરી કહે છે—'અને તે કવચિત્' ઇત્યાદિ. જ્યાં ક્ષીર દધિભાવે પરિણામ પામે છે ત્યાં અનેક અવયવો ઉપાદાન નથી; કેમકે અવિભક્તજ ક્ષીર દધિભાવે પરિણામ પામતું ઉપલબ્ધ થાય છે. જ્યાં ક્ષીર દધિભાવે પરિણામ પામે છે ત્યાં અનેક અવયવો ઉપાદાન છે એમ સ્વીકારવાનું નથી; પણ ઉપાદાનરૂપ એકજ ક્ષીર ઉપાદેય દધિભાવે પરિણામ પામે છે, જેમ નિરવયવપરમાણુવાદીઓને મતે ક્ષીરપરમાણુ દધિપરમાણુભાવે પરિણામ પામે છે તેમ. બને પક્ષમાં અનેકજ કારણ થાય છે એ નિયમને વિષે કારણ નથી એમ કહે છે—'એકજ કારણ' ઇત્યાદિ. વળી ક્ષીરપરમાણુઓમાં અન્ય રસ ઉત્પન્ન થઈ તે પરમાણુઓજ દધિને ઉત્પન્ન કરે છે એમ કહેવું યુક્ત નથી; કેમકે ક્ષીરનાશને માટે પ્રમાણનો અભાવ છે, રસની પેઠે દધિ પણ એક દ્રવ્યથી ઉત્પન્ન થવાનો સંભવ છે અને દ્રવ્યગુણખંડન જે પૌરુષેય છે તે શ્રુતિના અર્થના નિર્ણય કરવામાં હેતુ નથી એમ સમજવું. લોકમાં કર્તાને સહાય જોવામાં આવે છે તો અસહાય બ્રહ્મથી સૃષ્ટિ શી રીતે ઉત્પન્ન થાય છે તેને માટે કહે છે—'અને તેમ "उपसंहार"' ઇત્યાદિ. આ પ્રમાણે કારણશૂન્યત્વને લીધે આત્માની પેઠે આકાશ ઉત્પત્તિરહિત છે એવું નિરસન થયું. હવે પ્રાગભાવશૂન્યત્વરૂપ જે આકાશની અનુત્પત્તિને માટે હેતુ કહ્યો છે તે અસિદ્ધ છે એમ કહે છે—'વળી જે કહ્યું છે કે' ઇત્યાદિ. 'જે વિશેષથી'—શબ્દાશ્રયત્વ એ વિશેષ છે. શબ્દાદિમાન્ આકાશ પ્રક-

---

૧ ઉત્પત્તિ. ૨ વધારો, ભિન્નતા.

હાસ નિશ્ચિત થાય છે તેજ વિશેષ ઉત્પત્તિપૂર્વે નહોતો એમ સમજાય છે; અને
સ્થૂલાદિ પૃથિવી આદિના સ્વભાવોથી બ્રહ્મ સ્વભાવવાળું નથી; કેમકે 'અ-
ણ્મનણુ' [બૃ૦ ૩।૮।૮] (સ્થૂલ નહિ એવું, અણુ નહિ એવું) ઇત્યાદિ શ્રુતિઓ
એ પ્રમાણે આકાશસ્વભાવથી પણ બ્રહ્મ સ્વભાવવાળું નથી એમ 'अनाकाशम्'
બૃ૦ ૩।૮।૮] (આકાશરહિત) એ શ્રુતિથી ¹અવગમન થાય છે. તેટલા માટે આ-
ની ઉત્પત્તિપૂર્વે બ્રહ્મ અનાકાશ હતું એવી સ્થિતિ છે. વળી પૃથિવી આદિથી
કાશને વૈધર્મ્ય હોવાથી તે ઉત્પત્તિરહિત છે એમ જે કહ્યું છે તે પણ ખોટું છે; કેમકે
તિથી વિરુદ્ધ હોઈ ઉત્પત્તિના અસંભવનું અનુમાન આભાસ છે એમ ઉપપન્ન થાય
ઉત્પત્તિનું અનુમાન તો દર્શાવ્યું છે; આકાશ અનિત્ય છે, અનિત્ય ગુણનો આશ્રય
તેથી, ઘટાદિની પેઠે ઇત્યાદિ પ્રયોગનો સંભવ છે. આત્માને વિષે (હેતુ) અને-
ન્તિક છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે ²ઔપનિષદ પ્રત્યે તે અનિત્ય ગુ-
નો આશ્રય છે એ અસિદ્ધ છે; અને વિભુત્વ આદિ ગુણો આકાશના ઉત્પત્તિવાદી
તિ અસિદ્ધ છે. 'शब्दाच्च' [બ્ર૦ સૂ૦ ૨।૩।૪] (શબ્દથી પણ) એમ જે એ કહ્યું

માં નથી; કેમકે 'नासीद्रजो नो व्योम' (રજ નહોતી, આકાશ નહોતુ) એવી શ્રુતિ
. પણ આકાશને અભાવે કાઠિન્ય થાય એવી શંકા કરવી યુક્ત નથી. એવી શંકા કરનારને
ાવનું જ્ઞાન નથી. આકાશનો અભાવ કે તેનો ધર્મ કંઈ કાઠિન્ય નથી; પણ કાઠિન્ય તો મૂર્ત-
વ્યવિશેષ કે તેનો સંયોગવિશેષ છે અને તે પ્રલયને વિષે નથી એવો ભાવ છે. 'आकाश-
રીરં બ્રહ્મ' (બ્રહ્મ આકાશશરીર છે) એવી શ્રુતિ છે તેથી ઉષ્ણતા જેમ અગ્નિનો સ્વભાવ
તેમ આકાશ બ્રહ્મનો સ્વભાવ હોવાથી બ્રહ્મ વિદ્યમાન હોય ત્યારે આકાશનો અભાવ શી
ીને તેને માટે કહે છે—'જેમ સ્થૂલાદિ પૃથિવી આદિના' ઇત્યાદિ 'आकाशशरीरं
બ્રહ્મ' એ શ્રુતિનો અર્થ એવો છે કે વિભુ હોવાથી બ્રહ્મ આકાશતુલ્ય છે. વિભુત્વ, અસ્પર્શ-
વ્યત્વ, નિરવયવદ્રવ્યત્વ, આકાશના એ ગુણરૂપ લિંગોને વિભક્તત્વાદિ લિંગસહિત શ્રુતિનો બાધ
છે એમ કહે છે—'વળી પૃથિવી આદિથી' ઇત્યાદિ. ન્યાયગમ્યશ્રુતિ અનુમાનનો
બાધ કરવા અસમર્થ છે એમ આશંકા કરી કહે છે—'ઉત્પત્તિનું અનુમાન' ઇ-
ત્યાદિ. વળી આથી આકાશ નિત્ય નથી એમ કહે છે—'આકાશ અનિત્ય છે' ઇત્યાદિ.
'અનિત્ય ગુણનો આશ્રય છે તેથી' એ હેતુમાં 'ધર્મીના વિકારને અભાવે ગુણનો નાશ ન થાય'
'ગુણાશ્રયત્વ-ગુણનો આશ્રય છે તેથી' એજ હેતુ છે. આકાશ
એ તર્કને માટે અનિયપદ છે. ... આપણી અને એવા બીજાની બાહ્યેન્દ્રિયથી ગ્રાહ્ય ગુણનો
ઉત્પન્ન થયું છે, મહાભૂત છે તેથી કે આપણી અને એવા બીજાની ... —એ અનુમાન 'ઇત્યાદિ પ્રયોગનો' માં 'આદિ'
આધાર છે તેથી, પૃથિવી આદિની પેઠે—એ અનુમાન 'ઇત્યાદિ પ્રયોગનો' માં 'આદિ'
શબ્દનો અર્થ છે. હેતુની સ્વરૂપાસિદ્ધિ પણ કહે છે—'વિભુત્વ આદિ ગુણો' ઇત્યાદિ.
સર્વ મૂર્તદ્રવ્ય સાથે સંયોગ કે પરિમાણવિશેષ જે વિભુત્વ તે નિર્ગુણ આત્મરૂપ દૃષ્ટાન્તને વિષે
નથી, અને સંયોગ જે નિયમે ³સાવયવત્વ છે તે ⁴અજત્વરૂપ સાધ્યથી વિરુદ્ધ છે. વળી સ્વરૂ-
પના ઉપચયરૂપ વિભુત્વ આત્મા અને આકાશમાં સરખું નથી; કેમકે 'ज्यायानाकाशात्'
(આકાશથી વધારે મોટો) એવી શ્રુતિ છે. કવચિત્ બ્રહ્મનું ⁵આકાશસામ્ય તો ⁶યત્કિંચિદ

---

૧ સમજાય છે. ૨ ઉપનિષદ્‌ને પ્રમાણ માનનાર. ૩ અવયવયુક્ત. ૪ અજ = ઉત્પત્તિરહિત.
૫ સામ્ય = સરખાપણું; સમતા. ૬ થોડું

છે તેમાં અમૃતત્વશ્રુતિ તો આકાશને વિષે દેવો અમૃત છે એની પેઠે સમજવી; કેમકે ઉત્પત્તિ અને પ્રલય ઉપપન્ન કર્યાં છે. 'आकाशवत् सर्वगतश्च नित्यः' (આકાશની પેઠે સર્વગત અને નિત્ય છે) એ પણ પ્રસિદ્ધ મહત્ત્વને લીધે નિરતિશય મહત્ત્વ દર્શાવવા માટે આકાશને ઉપમાન કર્યું છે, આકાશની સાથે સમત્વ કરવા માટે નહિ; જેમ 'બાણની પેઠે સૂર્ય દોડે છે' એ ક્ષિપ્ર ગતિ માટે કહેવાય છે, બાણતુલ્ય ગતિ માટે નહિ, તેમ. આથી અનન્તત્વને વિષે જેમાં ઉપમાન છે એ શ્રુતિ વ્યાખ્યાત થઈ. 'ज्यायानाकाशात्' (આકાશથી મોટું) ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મથી આકાશ ઓછા પરિમાણવાળું છે એમ સિદ્ધ થાય છે. 'न तस्य प्रतिमास्ति' [શ્વેતા૦ ૪।૧૯] (તેની પ્રતિમા નથી) એ બ્રહ્મને ઉપમાન નથી એમ દર્શાવે છે. 'अतोऽन्यदार्तम्' [બૃ૦ ૩।૪।૨] (એથી અન્ય અનિત્ય છે) એ બ્રહ્મથી અન્ય આકાશાદિ અનિત્ય છે એમ દર્શાવે છે. તપને વિષે બ્રહ્મશબ્દની પેઠે આકાશની ઉત્પત્તિશ્રુતિ ગૌણ છે એનો આકાશની ઉત્પત્તિશ્રુતિ અને અનુમાનથી પરિહાર કર્યો છે. તેટલા માટે આકાશ બ્રહ્મનું કાર્ય છે એ સિદ્ધ થયું ॥ ૭ ॥

દર્શન સમયથી કહેવાય છે કે અમૂર્ત છે તેથી કહેવાય છે પચીકરણથી અસ્પર્શત્વ પણ આકાશને વિષે અસિદ્ધ છે. વળી કાર્યદ્રવ્ય છે તેથી નિરવયવત્વ પણ અસિદ્ધ છે અને દ્રવ્યત્વ વડે અનાત્મને વિષે અસિદ્ધ છે એવો અર્થ છે નિત્ય એ અંશમાં સામ્યની વિવક્ષા નથી. પણ 'स यथाऽनन्तोऽयमाकाश एवमनन्त आत्मा' (જેમ તે એ આકાશ અનન્ત છે તેમ આત્મા અનન્ત છે) એ શ્રુતિ નિત્યત્વ લઈને આત્મા અને આકાશ વચ્ચે સામ્ય કહે છે. એ દોષ યુક્ત નથી એમ કહે છે—'આથી અનન્તત્વને વિષે' ઇત્યાદિ. આકાશ કાર્ય હોવાથી અનિત્ય છે એવો અર્થ છે શ્રુતિ તો આપેક્ષિક અનન્તતાથી મુખ્ય અનન્તતાનો બોધ કરે છે એવો ભાવ છે વળી ન્યૂન હોવાથી આકાશ મુખ્ય ઉપમાન નથી એમ કહે છે—'ज्यायानाकाशात्'. મુખ્ય ઉપમાન છેજ નહિ તેને માટે શ્રુતિ કહે છે—'न तस्य प्रतिमास्ति'—તેટલા માટે આ શ્રુતિ ઉપમાન કેવળ ભિન્ન વસ્તુ નથી એવો ભાવ છે. અનિત્ય હોવાથી અસત્ છે તેને માટે શ્રુતિ કહે છે—'अतोऽन्यदार्तम्'. એકજ 'संभूत' શબ્દ ગૌણ અને મુખ્ય છે એમ જે કહ્યું તે યુક્ત નથી, કેમકે આકાશને વિષે પણ તેના મુખ્યત્વનો સંભવ છે એમ કહે છે—'તપને વિષે' ઇત્યાદિ. અર્થાત્ વિવિદિષા શ્રુતિથી ઉત્પત્તિશ્રુતિ ગૌણ થાય છે તેથી એકવાક્યતા થવાથી આકાશને વિષે સમન્વય છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૭ ॥

एतेन मातरिश्वा व्याख्यातः ॥ ८ ॥

એથી વાયુ વ્યાખ્યાત થયો ॥ ૮ ॥

એ અતિદેશ છે. એથી એટલે આકાશના વ્યાખ્યાનથી માતરિશ્વા પણ—આકાશ જેનું આશ્રયસ્થાન છે એવો વાયુ—વ્યાખ્યાન થયો. તેમાં પણ યથાયોગ આં પક્ષો રચવા. વાયુ ઉત્પન્ન થતો નથી; કેમકે છાન્દોગોના ઉત્પત્તિપ્રકરણમાં એની શ્રુતિ નથી—એ એક પક્ષ છે. પણ તૈત્તિરીયોના ઉત્પત્તિપ્રકરણમાં 'आकाशाद्वायुः' [તૈત્તિ૦ ૨।૧] (આકાશથી વાયુ) એમ શ્રવણ છે એવો બીજો પક્ષ છે તેથી બે શ્રુતિઓનો વિરોધ થયે વાયુની ઉત્પત્તિશ્રુતિ ગૌણી છે, અસંભવથી એવો અન્ય અભિપ્રાય છે. અસંભવ તો 'सैषाऽनस्तमिता देवता यद्वायुः' [બૃહ૦ ૧।૫।૨૨] (જે એ વાયુ છે તે અસ્ત ન પામતો દેવ છે) એમ અસ્ત પામવાનો પ્રતિષેધ છે અને

અતિદેશ હોવાથી પૃથક્ સંગતિ આદિની અપેક્ષા નથી. 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું) એ શ્રુતિનો 'आकाशाद्वायुः' (આકાશથી વાયુ) એ શ્રુતિ જોડે વિરોધ છે કે નહિ એમ એકવાક્યતા છે કે નહિ એમ સંશય થયે ગૌણપક્ષ, પૂર્વપક્ષ અને સિદ્ધાન્તપક્ષોનો અતિદેશ કરે છે—'તેમાં પણ' ઇત્યાદિથી. છાન્દોગ્યમાં 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું) એમ તેજની પ્રથમ ઉત્પત્તિનું શ્રવણ છે તેથી અને તૈત્તિરીયકમાં 'आकाशाद्वायुः वायोरग्निः' (આકાશથી વાયુ અને વાયુથી અગ્નિ) એમ વાયુ તેજથી પૂર્વે ઉત્પન્ન છે એમ શ્રવણ છે તેથી એમ વિરોધથી શ્રુતિનું અપ્રામાણ્ય થવાથી આકાશદ્વારા વાયુના કારણરૂપ બ્રહ્મને વિષે સમન્વય અસિદ્ધ છે એવો અર્થ છે. તેજ આકાશની પછી ઉત્પન્ન થયું છે એવું તૈત્તિરીયકમાં સ્થાપિત કર્યું છે, તેમાં વાયુ અને તેજ બન્નેનું [1]આનન્તર્ય સમાન હોય તો 'वायोरग्निः' (વાયુથી અગ્નિ) એમ ક્રમશ્રુતિને બાધ આવે છે અને પૌર્વાપર્ય હોવાથી તેજ પ્રથમ ઉત્પન્ન થયું છે એમ જે છાન્દોગ્યમાં કર્યું છે તેનો ભંગ થાય છે એમ એકવાક્યતા થતી નથી એમ પૂર્વપક્ષ થયે ગૌણવાદીનો અભિપ્રાય કહે છે—'તેથી બે શ્રુતિઓનો વિરોધ થયે' ઇત્યાદિ. અસ્તમયનો પ્રતિષેધ એ મુખ્ય ઉત્પત્તિના અસંભવનું લિંગ છે. 'वायुश्चान्तरिक्षं चैतदमृतम्' (વાયુ અને અન્તરિક્ષ એ અમૃત છે) એ એજ લિંગનો [2]અભ્યાસ છે. 'वायुरेव व्यष्टिः समष्टिश्च' (વાયુજ વ્યષ્ટિ અને સમષ્ટિ છે) એમ વાયુ સર્વાત્મા છે એવું અન્ય લિંગ એ 'અમૃતત્વ આદિની શ્રુતિ છે' માં 'આદિ' પદનો અર્થ છે. તેમજ સંવર્ગવિદ્યામાં 'वायुर्ह्येवैतान् सर्वानग्न्यादीन् संवृङ्क्ते' (વાયુજ, ખરેખર, એ સર્વ અગ્નિ આદિઓનો સંહાર કરે છે) એમ શબ્દમાત્રથી ઐશ્વર્યશ્રવણને પણ અન્ય લિંગ તરીકે સ્વીકારવું. એ લિંગોથી વાયુ અનાદિ અને અનન્ત છે એમ પ્રતીતિ થવાથી ઉત્પત્તિ ગૌણી છે એમ બે શ્રુતિઓ વચ્ચે અવિરોધ છે. એમ પ્રાપ્ત થયે મુખ્ય સિદ્ધાન્ત કહે છે કે પ્રતિપાદન કરવા ઇચ્છેલી પ્રતિજ્ઞાશ્રુતિ વધારે બળવાન્ હોવાથી, તેનાં સાધક વાયુની ઉત્પત્તિ કહેનારાં વાક્યો ત્યાં ત્યાં ઘણાં હોવાથી, અને કહેલ [3]વિભક્તત્વ આદિ લિંગોનો અનુગ્રહ કરવાથી વાયુની ઉત્પત્તિ મુખ્યજ છે; તેથી 'आकाशाद्वायु… च सृष्ट्वा तेजोऽसृजत' (આકાશ અને વાયુને સર્જીને તેજને સર્જ્યું) એમ બે શ્રુતિઓની એકવાક્યતાથી બ્રહ્મને વિષે સમન્વય છે. લિંગો તો ઉપાસ્ય વાયુના [4]સ્તાવક હોવાથી આપેક્ષિ…

१ અનન્તર હોવું તે, વગરજ પછી હોવું તે. २ પુનરુક્તિ. ३ વિભાગ. ४ સ્તુતિ દર્શાવનારા.

છે તેમાં અમૃતત્વશ્રુતિ તો આકાશને વિષે દેવો અમૃત છે એની પેઠે સમજવી; કેમકે ઉત્પત્તિ અને પ્રલય ઉપપન્ન કર્યાં છે. 'आकाशवत् सर्वगतश्च नित्यः' (આકાશની પેઠે સર્વગત અને નિત્ય છે) એ પણ પ્રસિદ્ધ મહત્ત્વને લીધે નિરતિશય મહત્ત્વ દર્શાવવા માટે આકાશને ઉપમાન કર્યું છે, આકાશની સાથે સમત્વ કરવા માટે નહિ; જેમ 'બાણની પેઠે સૂર્ય દોડે છે' એ ક્ષિપ્ર ગતિ માટે કહેવાય છે, બાણતુલ્ય ગતિ માટે નહિ. તેમ. આથી અનન્તત્વને વિષે જેમાં ઉપમાન છે એ શ્રુતિ વ્યાખ્યાત થઈ. 'ज्यायानाकाशात्' (આકાશથી મોટું) ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મથી આકાશ ઓછા પરિમાણવાળું છે એમ સિદ્ધ થાય છે. 'न तस्य प्रतिमास्ति' [શ્વેતા૦ ૪।૧૯] (તેની પ્રતિમા નથી) એ બ્રહ્મને ઉપમાન નથી એમ દર્શાવે છે. 'अतोऽन्यदार्तम्' [બૃ૦ ૩।૪।૨] (એથી અન્ય અનિત્ય છે) એ બ્રહ્મથી અન્ય આકાશાદિ અનિત્ય છે એમ દર્શાવે છે. તપને વિષે બ્રહ્મશબ્દની પેઠે આકાશની ઉત્પત્તિશ્રુતિ ગૌણ છે એનો આકાશની ઉત્પત્તિશ્રુતિ અને અનુમાનથી પરિહાર કર્યો છે. તેટલા માટે આકાશ બ્રહ્મનું કાર્ય છે એ સિદ્ધ થયું ॥ ૭ ॥

[illegible] [illegible] કહેવાય છે કે અમૃત છે તેથી કહેવાય છે પંચીકરણથી અસ્પર્શત્વ પણ [illegible] વિષે અસિદ્ધ છે. વળી ભાવદ્રવ્ય છે તેથી નિરવયવત્વ પણ અસિદ્ધ છે અને દ્રવ્યત્વ [illegible] આત્માને વિષે અસિદ્ધ છે એવો અર્થ છે. નિત્ય એ અંશમાં સામ્યની વિવક્ષા નથી. પણ 'स यथाऽनन्तोऽयमाकाश एवमनन्त आत्मा' (જેમ તે એ આકાશ અનન્ત છે તેમ [illegible] અનન્ત છે) એ શ્રુતિ નિત્યત્વથીજ આત્મા અને આકાશ વચ્ચે સામ્ય કહે છે. એ [illegible] નથી એમ કહે છે—'આથી અનન્તત્વને વિષે' ઇત્યાદિ. આકાશ કાર્ય હોવાથી અનિત્ય છે એવો અર્થ છે. શ્રુતિ તો આપેક્ષિક અનન્તતાથી મુખ્ય અનન્તતાનો બોધ કરે છે એવો [illegible] વળી ન્યૂન હોવાથી આકાશ મુખ્ય ઉપમાન નથી એમ કહે છે—'ज्यायानाकाशात्'. મુખ્ય ઉપમાન જેમ નહિ તેને માટે શ્રુતિ કહે છે—'न तस्य प्रतिमास्ति'—તેટલા માટે [illegible] ઉપમાન હોવાથીજ નિત્ય થતું નથી એવો ભાવ છે. અને [illegible] હોવાથી અમૃત છે તેને માટે [illegible] કહે છે—'अतोऽन्यदार्तम्'. એજ 'संभूत' શબ્દ ગૌણ અને મુખ્ય છે એમ જે કહ્યું [illegible] કેમકે આકાશને વિષે પણ તેના મુખ્યત્વનો સંભવ છે એમ કહે છે—'તપને વિષે' ઇત્યાદિ. [illegible] ગૌણ થાય છે તેથી એકવાક્યતા થવાથી [illegible] ને વિષે [illegible] છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૭ ॥

एतेन मातरिश्वा व्याख्यातः ॥ ८ ॥

એથી વાયુ વ્યાખ્યાત થયો ॥ ૮ ॥

એ અતિદેશ છે. એથી એટલે આકાશના વ્યાખ્યાનથી માતરિશ્વા પણ—આકાશ જેનું આશ્રયસ્થાન છે એવો વાયુ—વ્યાખ્યાત થયો. તેમાં પણ યથાયોગ આ પક્ષો રચવા. વાયુ ઉત્પન્ન થતો નથી: કેમકે છાન્દોગ્યના ઉત્પત્તિપ્રકરણમાં એની શ્રુતિ નથી—એ એક પક્ષ છે, પણ તૈત્તિરીયોના ઉત્પત્તિપ્રકરણમાં 'आकाशाद्वायुः' [તૈત્તિ૦ ૨।૧] (આકાશથી વાયુ) એમ શ્રવણ છે એવો બીજો પક્ષ છે. તેથી બે શ્રુતિઓનો વિરોધ થયે વાયુની ઉત્પત્તિશ્રુતિ ગૌણી છે, અસંભવથી એવો અન્ય અભિપ્રાય છે. અસંભવ તો 'सैषाऽनस्तमिता देवता यद्वायुः' [બૃહદ૦ ૧।૫।૨૨] (જે એ વાયુ છે તે અસ્ત ન પામનો દેવ છે) એમ અસ્ત પામવાનો પ્રતિષેધ છે અને

અતિદેશ હોવાથી પૃથક્ સૂત્ર આદિની અપેક્ષા નથી. 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું) એ શ્રુતિને 'आकाशाद्वायुः' (આકાશથી વાયુ) એ શ્રુતિ જોડે વિરોધ છે કે નહિ એમ એકવાક્યતા છે કે નહિ એમ સંશય થયે પૂર્વપક્ષ. પૂર્વપક્ષ અને સિદ્ધાન્તપક્ષનો અતિદેશ કરે છે—'તેમાં પણ' ઇત્યાદિથી. છાન્દોગ્યમાં 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું) એમ તેજની પ્રથમ ઉત્પત્તિનું શ્રવણ છે તેથી અને તૈત્તિરીયકમાં 'आकाशाद्वायुः वायोरग्निः' (આકાશથી વાયુ અને વાયુથી અગ્નિ) એમ વાયુ તેજથી પૂર્વે ઉત્પન્ન છે એમ શ્રવણ છે તેથી એમ વિરોધથી શ્રુતિનું અપ્રામાણ્ય થવાથી આકાશદ્વારા વાયુના કારણરૂપ બ્રહ્મને વિષે સમન્વય અસિદ્ધ છે એવો અર્થ છે. તેજ આકાશની પછી ઉત્પન્ન થયું છે એવું તૈત્તિરીયકમાં સ્થાપિત કર્યું છે, તેમાં વાયુ અને તેજ બન્નેનું 'આનન્તર્ય સમાન હોય તો 'वायोरग्निः' (વાયુથી અગ્નિ) એમ ક્રમશ્રુતિ બાધ પામે છે અને પૌર્વાપર્ય હોવાથી તેજ પ્રથમ ઉત્પન્ન થયું છે એમ જે છાન્દોગ્યમાં કહ્યું છે તેનો બાધ થાય છે એમ એકવાક્યતા થતી નથી એમ પૂર્વપક્ષ થયે સંક્ષેપથી અભિપ્રાય કહે છે—'તેથી બે શ્રુતિઓનો વિરોધ થયે' ઇત્યાદિ. અસ્તમયનો પ્રતિષેધ એ મુખ્ય ઉત્પત્તિના અસંભવનું લિંગ છે. 'वायुश्चान्तरिक्षं चैतदमृतम्' (વાયુ અને અન્તરિક્ષ એ અમૃત છે) એ બીજ લિંગને 'આદિ' પદથી ગ્રહણ કરવું. 'वायुरेव व्यष्टिः समष्टिः' (વાયુજ વ્યષ્ટિ અને સમષ્ટિ છે) એમ વાયુ સર્વાત્મા છે એવું અન્ય લિંગ એ 'અમૃતત્વ આદિની શ્રુતિ છે' માં 'આદિ' પદનો અર્થ છે. તેમજ સંવર્ગવિદ્યામાં 'वायुर्वावैतान् सर्वान्प्राणादीन् संहरति' (વાયુજ, ખરેખર, એ સર્વ પ્રાણ આદિઓનો સહાર કરે છે) એમ સંહારકર્તાપણે સર્વાત્મત્વને પણ અન્ય લિંગ તરીકે સ્વીકારવું. એ લિંગોથી વાયુ અનાદિ અને અનન્ત છે એમ પ્રતીતિ થવાથી ઉત્પત્તિ ગૌણી છે એમ બે શ્રુતિઓ વચ્ચે અવિરોધ છે. એમ પ્રાપ્ત થયે મુખ્ય સિદ્ધાન્ત કહે છે કે પ્રતિપાદન કરવા ઇચ્છેલી પ્રતિજ્ઞાશ્રુતિ બળવાન્ હોવાથી, તેના સાધક વાયુની ઉત્પત્તિ કહેનારાં વાક્યો ત્યાં ત્યાં વસ્તું હોવાથી, અને કહેલા વૈભક્ત્ય આદિ લિંગોને અનુસરણ કરવાથી વાયુની ઉત્પત્તિ મુખ્યજ છે: તેથી 'आकाशं वायुं च सृष्ट्वा तेजोऽसृजत' (આકાશ અને વાયુને સર્જીને તેજને સર્જ્યું) એમ બે શ્રુતિઓની એકવાક્યતાથી બ્રહ્મને વિષે સમન્વય છે. લિંગો તો ઉપાસ્ય વાયુના સ્તાવક હોવાથી આપેક્ષિક

૧ અનન્તર હોવું તે. તરતજ પછી હોવું તે. ૨ પુનરુક્તિ. ૩ વિભાગ. ૪ સ્તુતિ કરાવનારા.

છે તેમાં અમૃતત્વશ્રુતિ તો આકાશને વિષે દેવો અમૃત છે એની પેઠે સમજવી; કેમકે ઉત્પત્તિ અને પ્રલય ઉપપન્ન કર્યાં છે. 'आकाशवत् सर्वगतश्च नित्यः' (આકાશની પેઠે સર્વગત અને નિત્ય છે) એ પણ પ્રસિદ્ધ મહત્ત્વને લીધે નિરતિશય મહત્ત્વ દર્શાવવા માટે આકાશને ઉપમાન કર્યું છે, આકાશની સાથે સમત્વ કરવા માટે નહિ; જેમ 'બાણની પેઠે સૂર્ય દોડે છે' એ ક્ષિપ્ર ગતિ માટે કહેવાય છે, બાણતુલ્ય ગતિ માટે નહિ, તેમ. આથી અનન્તત્વને વિષે જેમાં ઉપમાન છે એ શ્રુતિ વ્યાખ્યાત થઈ. 'ज्यायानाकाशात्' (આકાશથી મોટું) ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મથી આકાશ ઓછા પરિમાણવાળું છે એમ સિદ્ધ થાય છે. 'न तस्य प्रतिमास्ति' [શ્વેતા૦ ૪।૧૯] (તેની પ્રતિમા નથી) એ બ્રહ્મને ઉપમાન નથી એમ દર્શાવે છે. 'अतोऽन्यदार्तम्' [બૃ૦ ૩।૪।૨] (એથી અન્ય અનિત્ય છે) એ બ્રહ્મથી અન્ય આકાશાદિ અનિત્ય છે એમ દર્શાવે છે. તપને વિષે બ્રહ્મશબ્દની પેઠે આકાશની ઉત્પત્તિશ્રુતિ ગૌણ છે એનો આકાશની ઉત્પત્તિશ્રુતિ અને અનુમાનથી પરિહાર કર્યો છે. તેટલા માટે આકાશ બ્રહ્મનું કાર્ય છે એ સિદ્ધ થયું ॥ ૭ ॥

ધર્મના સબંધથી કહેવાય છે કે અસક્ત છે તેથી કહેવાય છે. પંચીકરણથી અસ્પર્શત્વ પણ આકાશને વિષે અસિદ્ધ છે; વળી કાર્યદ્રવ્ય છે તેથી નિરવયવત્વ પણ અસિદ્ધ છે અને દ્રવ્યત્વ જાતિ આત્માને વિષે અસિદ્ધ છે એવો અર્થ છે. નિત્ય એ અંશમાં સામ્યની વિવક્ષા નથી. પણ 'स यथाऽनन्तोऽयमाकाश एवमनन्त आत्मा' (જેમ તે એ આકાશ અનન્ત છે તેમ આત્મા અનન્ત છે) એ શ્રુતિ નિત્યત્વથીજ આત્મા અને આકાશ વચ્ચે સામ્ય કહે છે. એ શંકા યુક્ત નથી એમ કહે છે—'આથી અનન્તત્વને વિષે' ઇત્યાદિ. આકાશ કાર્ય હોવાથી અનિત્ય છે એવો અર્થ છે. શ્રુતિ તો આપેક્ષિક અનન્તતાથી મુખ્ય અનન્તતાનો બોધ કરે છે એવો ભાવ છે. વળી ન્યૂન હોવાથી આકાશ મુખ્ય ઉપમાન નથી એમ કહે છે—'ज्यायानाकाशात्'. મુખ્ય ઉપમાન છેજ નહિ તેને માટે શ્રુતિ કહે છે—'न तस्य प्रतिमास्ति'—તેટલા માટે આકાશ ઉપમાન થવાથીજ નિત્ય થતું નથી એવો ભાવ છે. અનિત્ય હોવાથી અસત્ છે તેને માટે શ્રુતિ કહે છે—'अतोऽन्यदार्तम्'. એકજ 'संभूत' શબ્દ ગૌણ અને મુખ્ય છે એમ જે કહ્યું છે તે યુક્ત નથી; કેમકે આકાશને વિષે પણ તેના મુખ્યત્વનો સંભવ છે એમ કહે છે—'તપને વિષે' ઇત્યાદિ. બલવત્ તૈત્તિરિ શ્રુતિથી છાન્દોગ્યશ્રુતિ ગૌણ થાય છે તેથી એકવાક્યતા થવાથી સર્વ બ્રહ્માત્માને વિષે સમન્વય છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૭ ॥

असंभवस्तु सतोऽनुपपत्तेः ॥ ९ ॥

પણ સદાત્મક (બ્રહ્મનો) અસંભવ છે, અનુપપત્તિથી ॥ ૯ ॥

આકાશ અને પવન, જેમની ઉત્પત્તિ અસંભાવ્યમાન છે, તેની પણ ઉત્પત્તિ શ્રવણ કરી બ્રહ્મની પણ કશાથી ઉત્પત્તિ થાય એમ કોઈકની મતિ થાય. તેમજ આકાશાદિ વિકારોથીજ ઉત્તર વિકારોની ઉત્પત્તિ શ્રવણ કરી આકાશની પણ વિકારજ બ્રહ્મથી ઉત્પત્તિ છે એમ કોઈક માને. તે આશંકા દૂર કરવા 'असंभवस्तु सतोऽनुपपत्तेः' એ સૂત્ર છે. ખરેખર, બ્રહ્મ સદાત્મક છે, તેનો કોઈ અન્યથી સંભવ—ઉત્પત્તિ છે એમ આશંકા કરવી યુક્ત નથી. શાથી? અનુપપત્તિથી; કેમકે બ્રહ્મ

બે પૂર્વનાં અધિકરણોમાં બ્રહ્મ આકાશ અને પવનનું કારણ છે એમ કહ્યું છે. હવે જેમ અગ્નિજ [1]વિસ્ફુલિંગરૂપ, અગ્નિથી ઉત્પન્ન થાય છે તેમ બ્રહ્માન્તરમાંથી બ્રહ્મ ઉત્પન્ન થાઓ એમ આશંકા કરી કહે છે—'असंभवस्तु' ઇત્યાદિ. 'अनाद्यनन्तं महतः परं ध्रुवम्' (તે અનાદિ, અનન્ત, નક્કી મહત્તત્ત્વથી પર છે). 'न चास्य कश्चिज्जनिता' (એનો કોઈ ઉત્પન્ન કરનાર નથી) ઇત્યાદિ શ્રુતિઓ જે બ્રહ્મનું અનાદિત્વ કહે છે તે શ્રુતિઓને 'त्वं जातो भवसि विश्वतोमुखः' (તું [2]સર્વતોમુખ ઉત્પન્ન થયો છે) એ ઉત્પત્તિશ્રુતિ સાથે વિરોધ છે કે નહિ એમ એકવાક્યતા છે કે નહિ એવો સંદેહ થયે વિરોધ છે એવો પૂર્વપક્ષ થયે જેમ વાયુ આદિનું અમૃતત્વ આદિ, ઉત્પત્તિશ્રુતિના બળથી આપેક્ષિક જણ્યું છે તેમ બ્રહ્મનું અનાદિત્વ પણ આપેક્ષિક છે એમ દૃષ્ટાન્તની સંગતિથી એકદેશીનો પક્ષ લાવે છે—'આકાશ અને પવન' ઇત્યાદિ. બ્રહ્મ કશાથી ઉત્પન્ન થાય છે, કારણ છે તેથી, આકાશની પેઠે એમ અનુમાનના અનુગ્રહથી જન્મશ્રુતિ વધારે બળવાન્ છે એમ કહે છે—'તેમજ આકાશાદિ વિકારોથીજ' ઇત્યાદિ. અનાદિને કારણનો અભાવ છે, તેને કારણ છે એમ હોવાથી અનવસ્થા થશે એમ શંકા ન કરવી; કારણ કે બીજાંકુરની પેઠે અનાદિત્વની ઉપપત્તિ થશે. તેથી એક દીપથી જેમ અન્ય દીપ ઉત્પન્ન થાય છે એમ એક બ્રહ્મથી અન્ય બ્રહ્મ ઉત્પન્ન થાય છે; માટે ઉત્પત્તિશ્રુતિથી અનાદિત્વશ્રુતિને ગૌણ કરી સમજવી એમ અનાદિ અને અનન્ત બ્રહ્મનો સમન્વય અસિદ્ધ છે એમ પ્રાપ્ત થયે મુખ્ય સિદ્ધાન્ત કહે છે—'તે આશંકા દૂર કરવા' ઇત્યાદિ. બ્રહ્મ ઉત્પન્ન થતું નથી, કારણશૂન્ય છે તેથી, નરવિષાણની પેઠે. અને વ્યતિરેકે ઘટની પેઠે, એમ અનુમાનના અનુગ્રહથી અને વિપક્ષમાં કારણશૂન્ય કાંઈ થવાનો પ્રસંગ આવે તેથી બ્રહ્મને અનાદિ કહેનારી શ્રુતિઓ વધારે બળવાન્ છે, માટે કારણ[illegible] બાધથી જન્મશ્રુતિનું કાંઈના અપેક્ષથી—બ્રહ્મ સ્વકાર્યથી અભિન્ન છે એમ—વ્યાખ્યાન કરવું. એ પ્રમાણે અનાદિ અને અનન્ત બ્રહ્મનો સમન્વય સિદ્ધ છે એવું સિદ્ધાન્તાગ્ર છે. વળી હેતુ અસિદ્ધ છે એવી પણ શંકા ન કરવી; કેમકે કારણનું નિરૂપણ થઈ શકતું નથી. કારણ કે શું સન્માત્ર બ્રહ્મનું સન્માત્રજ સામાન્ય કારણ છે કે સવિશેષ કારણ છે કે અસત્ કારણ છે? ત્રણે થતાં નથી એમ કહે છે—'ખરેખર, બ્રહ્મ સદાત્મક છે' ઇત્યાદિ. [illegible]—સત્ એવો સ્વભાવ છે એનું જ— બ્રહ્મ છે એવી શ્રુતિ છે; તેને બાધવાને અસત્‌ને અભ્યુદય કરી શકાય નહીં. [illegible] સત્ત્વ રહિત [illegible] છે એનું [illegible] વિશેષ [illegible] છે એમ [illegible]

[1] અગ્નિ[illegible]. [2] અનન્ત [illegible] ૩ [illegible].

અમૃતત્વ આદિની શ્રુતિ છે. પ્રતિજ્ઞાને ઉપરોધ ન થાય તેથી અને જેટલા વિકાર છે તેટલા વિભાગ છે એવો સ્વીકાર છે તેથી વાયુ ઉત્પન્ન થાય છે એવો સિદ્ધાન્ત છે. અસ્ત પામવાનો પ્રતિષેધ અપર વિદ્યા વિષે છે અને આપેક્ષિક છે; કેમકે અગ્નિ આદિઓની પેઠે વાયુને [1]અસ્તમયનો અભાવ છે. અમૃતત્વ આદિ શ્રુતિનું [2]પ્રતિવિધાન કર્યું છે. પણ ઉત્પત્તિપ્રકરણને વિષે વાયુ અને આકાશ બંનેનું શ્રવણ અને અશ્રવણ તુલ્ય છે તો બંને વિષે એકજ અધિકરણ થાઓ, [3]વિશેષ નથી તો અતિદેશનું શું પ્રયોજન છે? કહીએ છીએ—એ સત્યજ છે; તોપણ મન્દ બુદ્ધિવાળા પુરુષોને શબ્દમાત્રથી આશંકા થાય તેની નિવૃત્તિને અર્થે એ અતિદેશ કર્યો છે; કેમકે [4]સંવર્ગવિદ્યા આદિમાં ઉપાસ્ય તરીકે વાયુ મહાપ્રભાવવાળો છે એવી શ્રુતિ છે અને અસ્તમયના પ્રતિષેધ આદિથી તે નિત્ય છે એવી આશંકા કોઈને ન થાય એમ ॥ ૮ ॥

તરીકે સમજવાં-એમ કહે છે—'**પ્રતિજ્ઞાને ઉપરોધ ન થાય**' ઇત્યાદિ. પ્રતિજ્ઞાશ્રુતિથી અને અનુમાનથી પવનની ઉત્પત્તિ આવશ્યક છે તેથી શ્રુતિઓની એકવાક્યતાથી વિરોધ નથી તેથી આકાશદ્વારા વાયુના કારણ બ્રહ્મને વિષે સમન્વય સિદ્ધ થાય છે એવો સિદ્ધાન્ત છે. વાયુના અસ્તમયનો પ્રતિષેધ છે તેથી ઉત્પત્તિનો અસંભવ છે એમ કહ્યું છે તેને વિષે કહે છે—'**અસ્ત પામવાનો પ્રતિષેધ**' ઇત્યાદિ. ત્યારે અમૃતત્વ આદિનું શ્રવણ કેમ છે તેને વિષે કહે છે—'**અમૃતત્વ આદિ શ્રુતિનું**' ઇત્યાદિ. '**પ્રતિવિધાન કર્યું છે**'—આપેક્ષિક છે એમ સમાધાન કર્યું છે. પ્રતિજ્ઞાવાક્યનો અર્થ પ્રધાન હોવાથી અને તેના ઉપપાદક વાયુની ઉત્પત્તિ પ્રતિપાદન કરનાર વાક્યો બહુ હોવાથી, એમ મુખ્ય અને બહુ હોવાથી વધારે બળવાન્ હોવાથી અમૃતત્વ અને અસ્તમયના પ્રતિષેધ આપેક્ષિક સમજી ગૌણ ગણવા. અભ્યાસ તો ઉપાસ્યના આદરને અર્થે છે, તે કંઈ વાયુનું આત્યન્તિક અમૃતત્વનું અવગમન કરાવતો નથી; કેમકે '**अप पुनर्मृत्युं जयति**' એમ અપમૃત્યુજયનુંજ વાક્યશેષમાં શ્રવણ છે એનું તાત્પર્ય છે. અધિકરણના આરંભનો આક્ષેપ કરી કહેલી અધિક શંકા કહે છે—'**પણ ઉત્પત્તિપ્રકરણને વિષે**' ઇત્યાદિ. '**वायुर्होवैतान् सर्वान् संवृङ्क्ते**' (વાયુજ, ખરેખર, એ સર્વનું સંવરણ કરે છે) ઇત્યાદિ શબ્દમાત્ર શંકાનું મૂળ છે, અર્થ નથી એમ સૂચવવા માટે '**શબ્દમાત્રથી આશંકા થાય**' એમાં '**શબ્દમાત્ર**'માં 'માત્ર' પદ છે. તેજ શંકા કહે છે—'**સંવર્ગવિદ્યા આદિમાં**' ઇત્યાદિ. વ્યષ્ટિ ને સમષ્ટિની ઉપાસના અને '**स यो वायुं दिशां वत्सं वेद**' (તે જે વાયુને દિશાઓનો વત્સ જાણે છે) એ ઉપાસના પણ 'સંવર્ગવિદ્યા આદિમાં' 'આદિ' પદનો અર્થ છે. પ્રતિજ્ઞાનુરોધ આદિથી વાયુ નિત્ય છે એ અનુપપન્ન છે એમ કહ્યું છે તેથી તેના કારણ બ્રહ્મને વિષે સમન્વય સિદ્ધ થાય છે એમ ઉપસંહાર કરવાને માટે '**એમ**' શબ્દ છેવટે વાપર્યો છે ॥૮॥

---

૧ અસ્ત પામવું તે. ૨ નિરાકરણ, સમાધાન. ૩ ભેદ. ૪ જુઓ પ્ર૦ ભા૦ પૃ૦ ૭૪

असंभवस्तु सतोऽनुपपत्तेः ॥ ९ ॥

પણ સદાત્મક (બ્રહ્મનો) અસંભવ છે, અનુપપત્તિથી ॥ ૯ ॥

આકાશ અને પવન, જેમની ઉત્પત્તિ અસંભાવ્યમાન છે, તેની પણ ઉત્પત્તિ શ્રવણ કરી બ્રહ્મની પણ કંઇથી ઉત્પત્તિ થાય એમ કોઇકની મતિ થાય. તેમજ આકાશાદિ વિકારોથીજ ઉત્તર વિકારોની ઉત્પત્તિ શ્રવણ કરી આકાશની પણ વિકારજ બ્રહ્મથી ઉત્પત્તિ છે એમ કોઇક માને. તે આશંકા દૂર કરવા 'असंभवस्तु सतोऽनुपपत्तेः' એ સૂત્ર છે. ખરેખર, બ્રહ્મ સદાત્મક છે, તેનો કોઇ અન્યથી સંભવ—ઉત્પત્તિ છે એમ આશંકા કરવી યુક્ત નથી. શાથી? અનુપપત્તિથી; કેમકે બ્રહ્મ

જે પૂર્વનાં અધિકરણોમાં બ્રહ્મ આકાશ અને પવનનું કારણ છે એમ કહ્યું છે. હવે જેમ અગ્નિજ [1]વિસ્ફુલિંગરૂપ, અગ્નિથી ઉત્પન્ન થાય છે તેમ [2]બ્રહ્માન્તરમાંથી બ્રહ્મ ઉત્પન્ન થાઓ એમ આશંકા કરી કહે છે—'असंभवस्तु' ઇત્યાદિ. 'अनाद्यनन्तं महतः परं ध्रुवम्' (જે અનાદિ, અનન્ત, નશી મહત્તત્ત્વથી પર છે), 'न चास्य कश्चिज्जनिता' (એનો કોઇ ઉત્પન્ન કરનાર નથી) ઇત્યાદિ શ્રુતિઓ જે બ્રહ્મનું અનાદિત્વ કહે છે તે શ્રુતિઓને 'त्वं जातो भवसि विश्वतोमुखः' (તું [3]સર્વતોમુખ ઉત્પન્ન થયો છે) એ ઉત્પત્તિશ્રુતિ સાથે વિરોધ છે કે નહિ એમ સંગતિ છે કે નહિ એવો સંદેહ થયે વિરોધ છે એવો પૂર્વપક્ષ થયે જેમ વાયુ આદિનું અમૃતત્વ આદિ, ઉત્પત્તિશ્રુતિના બળથી આપેક્ષિક માન્યું છે તેમ બ્રહ્મનું અનાદિત્વ પણ આપેક્ષિક છે એમ દૃષ્ટાન્તની સંગતિથી એકદેશીનો પક્ષ લાવે છે—'આકાશ અને પવન' ઇત્યાદિ. બ્રહ્મ કંઇકથી ઉત્પન્ન થાય છે, કારણ છે તેથી, આકાશની પેઠે એમ અનુમાનના અનુગ્રહથી જન્મશ્રુતિ વધારે બળવાન્ છે એમ કહે છે—'તેમજ આકાશાદિ વિકારોથીજ' ઇત્યાદિ. અનાદિને કારણનો અભાવ છે, તેને કારણ છે એમ હોવાથી અનવસ્થા થશે એમ શંકા ન કરવી; કારણ કે બીજાંકુરની પેઠે અનાદિત્વની ઉપપત્તિ થશે. તેથી એક દીપથી જેમ અન્ય દીપ ઉત્પન્ન થાય છે એમ એક બ્રહ્મથી અન્ય બ્રહ્મ ઉત્પન્ન થાય છે: માટે ઉત્પત્તિશ્રુતિથી અનાદિત્વશ્રુતિને ગૌણ કરી સમજવી એમ અનાદિ અને અનન્ત બ્રહ્મનો સમન્વય અસિદ્ધ છે એમ પ્રાપ્ત થયે મુખ્ય સિદ્ધાન્ત કહે છે—'તે આશંકા દૂર કરવા' ઇત્યાદિ. બ્રહ્મ ઉત્પન્ન થતું નથી, કારણશૂન્ય છે તેથી, નરવિષાણની પેઠે, અને વ્યતિરેકે ઘટની પેઠે, એમ અનુમાનના અનુગ્રહથી અને વિપક્ષમાં કારણશૂન્ય કાર્યવાદનો પ્રસંગ આવે તેથી બ્રહ્મને અનાદિ કહેનારી શ્રુતિઓ વધારે બળવાન્ છે, માટે કારણવ્યક્તિમના બાધથી જન્મશ્રુતિનું કાર્યના અભેદથી—બ્રહ્મ સ્વકાર્યથી અભિન્ન છે એમ—વ્યાખ્યાન કરવું, એ પ્રમાણે અનાદિ અને અનન્ત બ્રહ્મનો સમન્વય સિદ્ધ છે એવું સિદ્ધાન્તરૂપ છે. વળી હેતુ અસિદ્ધ છે એવી પણ શંકા ન કરવી: કેમકે કારણનું નિરૂપણ થઇ શકતું નથી: કારણ કે શું સન્માત્ર બ્રહ્મનું સન્માત્રજ સામાન્ય કારણ છે કે સવિશેષ કારણ છે કે અસત્ કારણ છે! ત્રણે પ્રકારે નથી એમ કહે છે—'ખરેખર, બ્રહ્મ સદાત્મક છે' ઇત્યાદિ. સદેકસ્વભાવ—સત્ જેનો સ્વભાવ છે એવુંજ—બ્રહ્મ છે એવી શ્રુતિ છે: તેને બાધકને અભાવે અન્યથા કરવી યુક્ત નથી. વિકારી સત્ત્વ તરીકે અનુભૂત થાય છે તોપણ કેટલોક વખત રહ્યા પછી વિનાશ પામતા દેખાય છે એમ વિકારના

[1] તણખાઓથી. [2] અન્ય બ્રહ્મમાંથી. [3] સર્વ તરફ.

સન્માત્ર છે. તેની સન્માત્રથીજ ઉત્પત્તિ સંભવતી નથી; કેમકે અતિશય ન હોવાથી પ્રકૃતિવિકારભાવ અનુપપન્ન છે; તેમજ સદ્વિશેષથી પણ ઉત્પત્તિ સંભવતી નથી; કેમકે જે જોવામાં આવે છે તેથી તે વિપરીત થાય; કારણ કે સામાન્યથી વિશેષો ઉત્પન્ન થતાં દેખાય છે, જેમકે મૃત્તિકા આદિથી ઘટાદિઓ, પણ વિશેષોથી સામાન્ય ઉત્પન્ન થતું દેખાતું નથી. તેમજ અસતથી પણ ઉત્પત્તિ સંભવતી નથી; કેમકે તે નિરાત્મક છે, અને 'कथमसतः सज्जायेत' [છાન્દો૰ ૬।૨।૨] (અસતથી સત્ શી રીતે ઉત્પન્ન થાય) એવા આક્ષેપનું શ્રવણ છે. વળી 'स कारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिपः' [શ્વેતા૦ ૬।૯] (તે કારણ છે, ઇન્દ્રિયોના અધિપોનો, એટલે જીવોનો અધિપ છે, અને એનો કોઈ જનિતા કે અધિપ નથી) એ શ્રુતિ બ્રહ્મના ઉત્પન્ન કરનારનો નિષેધ કરે છે. પણ આકાશ અને પવનની ઉત્પત્તિ તો પ્રદર્શાવેલી છે, પણ તે બ્રહ્મની નથી એમ વૈધર્મ્ય છે. વળી વિકારોથી અન્ય વિકારની ઉત્પત્તિ દેખાય છે તેથી બ્રહ્મ પણ વિકાર થાય એ યુક્ત નથી, એમ મૂલ પ્રકૃતિ ન સ્વીકારવાથી અનવસ્થાનો પ્રસંગ આવે તેથી. જે મૂલ પ્રકૃતિ સ્વીકારાય છે તેજ અમારે બ્રહ્મ છે એમ અવિરોધ છે ॥ ૯ ॥

तेजोऽतस्तथा ह्याह ॥ १० ॥

તેજ એથી (પવનથી ઉત્પન્ન થયું છે); કેમકે (શ્રુતિ) કહે છે ॥ ૧૦ ॥

છાન્દોગ્યમાં તેજનું મૂળ સત્ છે એમ શ્રવણ કરાવ્યું છે અને તૈત્તિરીયકમાં તો વાયુ

અવિચ્છિન્ન કહી શકાય એવા નથી. આત્મા કંઈ તેવો નથી; કેમકે શ્રુતિથી કે અનુભવથી તે વર્તમાન એકજ જેનો સ્વભાવ છે એવો પ્રસિદ્ધ છે. તાત્પર્ય એ છે કે જે સ્વભાવથી વિચલિત થાય છે તે અનિર્વચનીયનું નિર્વચનીય ઉપાદાન છે એ યુક્ત છે, પણ એથી વિપરીતનું નહિ; જેમકે રજ્જુ સર્પનું ઉપાદાન છે, સર્પ રજ્જુનું ઉપાદાન નથી, પણ જે બે પદાર્થો સ્વભાવથી ભ્રષ્ટ થતા નથી તે બે નિર્વચનીય વચ્ચે ઉપાદાનભાવ અને ઉપાદેયભાવ નથી, જેમકે રજ્જુ અને શુક્તિ. દીપ અન્ય દીપને ઉત્પન્ન કરે છે એમ કહી જે દીપનું ઉદાહરણ આપ્યું છે તે અનુદાહરણ છે; કેમકે દીપ તો અન્ય દીપને વિષે નિમિત્ત છે. આકાશ અને પવન એ વિભક્ત છે અને તેને કારણ છે. બ્રહ્મ તો અવિભક્ત છે અને તેને કારણ નથી એમ વૈધર્મ્ય છે. તર્કથી પણ બાધ કહે છે—'વળી વિકારોથી' ઇત્યાદિ. કારણનો અસ્વીકાર કરવાથી યદૃચ્છાવાદનો પ્રસંગ છે, અનાદિકારણનો અસ્વીકાર કરવાથી અનવસ્થાનો પ્રસંગ આવે છે, બ્રહ્મવાદનો પ્રસંગ છે, કેમકે પ્રધાનાદિ અન્ય કારણનું નિરસન કર્યું છે એવો ભાવ છે ॥ ૯ ॥

---

[1]અધ્યસ્ત અધિષ્ઠાન થાય એ યુક્ત નથી તેથી બ્રહ્મનો કંઈથી પણ જન્મ નથી એમ કહ્યું છે. હવે વાયુ પણ કાર્ય હોવાથી અધ્યસ્ત છે તેથી વાયુથી તેજની ઉત્પત્તિ અનુપપન્ન છે, માટે તેની ઉત્પત્તિ બ્રહ્મથીજ છે એમ પ્રત્યવસ્થાન કરનાર પ્રતિ કહે છે—'તેજોઽતસ્તથા

---

૧ આરોપિત, જેનો અધ્યાસ છે તે.

છે એમ. તેમાં તેજના ઉત્પત્તિસ્થાન પ્રત્યે શ્રુતિમાં [1]વિપ્રતિપત્તિ થયે બ્રહ્મ તેજનું ઉત્પત્તિસ્થાન છે એમ પ્રાપ્ત થાય છે. શાથી? કેમકે 'सदेव' (સત્ માત્ર) એમ ઉપક્રમ કરી 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું) એમ ઉપદેશ છે, સર્વનું ઉત્પત્તિસ્થાન બ્રહ્મ હોય તોજ સર્વવિજ્ઞાનપ્રતિજ્ઞાનો સંભવ છે, 'तज्जलान्' (તેમાંથી જન્મે છે, તેને વિષે લીન થાય છે અને તેને વિષે ચેષ્ટા કરે છે) એમ [2]અવિશેષ શ્રુતિ છે, 'एतस्माज्जायते प्राणः' (એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે) એમ ઉપક્રમ કરી અન્ય શ્રુતિમાં સર્વ [3]અવિશેષે બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એવો ઉપદેશ છે, અને તૈત્તિરીયકમાં 'स तपस्तप्त्वा इदं सर्वमसृजत यदिदं किं च' (તેણે તપ તપી એ સર્વ સર્જ્યું, જે એ કંઈ છે તે) એમ વિશેષરહિતની શ્રુતિ છે. તેટલા માટે 'वायोरग्निः' એ ક્રમોપદેશ સમજવો, વાયુની પછી અગ્નિ ઉત્પન્ન થયો એમ. એમ પ્રાપ્ત થયે કહીએ છીએ—તેજ એથી-વાયુથી ઉત્પન્ન થાય છે એમ. શાથી? કેમકે वायोरग्निः એમ કહે છે તેથી; કારણ કે તેજની બ્રહ્મથી વ્યવધાનરહિત ઉત્પત્તિ હોય અને વાયુથી ઉત્પત્તિ ન હોય તો वायोरग्निः (વાયુથી અગ્નિ) એ શ્રુતિ [4]કદર્થિત થાય. પણ એ [5]ક્રમવાચક થશે એમ કહ્યું છે. અમે કહીએ છીએ કે ના; કેમકે 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' (તે એ આત્માથી આકાશ'. 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું) અને 'वायोरग्निः' (વાયુથી અગ્નિ) એ બે શ્રુતિઓનો વિરોધ છે કે નહિ એમ સંદેહ થયે સામાન્યથી સામાન્યની ઉત્પત્તિનો અસંભવ છે તોપણ બ્રહ્મ અને વાયુ એ બંને સામાન્ય તેજોરૂપ વિશેષનું ઉપાદાન સંભવે છે તેથી શ્રુતિઓ તુલ્યબલ હોવાથી વિરોધ છે એમ પ્રત્યુદાહરણથી પૂર્વપક્ષ છે. અધ્યાયસમાપ્તિપર્યન્ત સર્વત્ર એકવાક્યતાનો સંભવ અને અસંભવ એ સંશયનું બીજ છે. તેમાં પૂર્વપક્ષમાં શ્રુતિઓ વિરુદ્ધ હોવાથી તેમનું અપ્રામાણ્ય એ ફળ છે અને સિદ્ધાન્તમાં પ્રામાણ્ય ફળ છે એમ કહ્યું છે તે વીસરવું નહિ. આ રીતે પૂર્વપક્ષ પ્રાપ્ત થયે પ્રથમ એકદેશિસિદ્ધાન્ત લાવે છે કે કાર્યમાત્ર વિવર્ત હોવાથી કલ્પિત વાયુ તેજઃકલ્પનાનું અધિષ્ઠાન થાય એ યુક્ત નથી, તેથી બ્રહ્મજ તેજનું ઉપાદાન છે અને સર્વ કાર્યોનું બ્રહ્મજ ઉપાદાન છે એ અર્થમાં બહુ શ્રુતિઓ છે તેથી તેને અનુસારે वायोः એ [6]ક્રમાર્થ પંચમી છે એમ અવિરોધ છે એમ કહે છે—'બ્રહ્મ તેજનું ઉત્પત્તિસ્થાન છે એમ પ્રાપ્ત થાય છે' ઇત્યાદિ. શ્રુતિઓનો વિરોધમાત્ર ઉપન્યાસ કરી પૂર્વપક્ષ છે; અપસિદ્ધાન્તથી અવિરોધ છે એવો એકદેશિપક્ષ છે એમ સમજવું. તે બંનેનો મુખ્ય સિદ્ધાન્તની અપેક્ષાએ પૂર્વપક્ષ તરીકે વ્યવહાર છે. સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે કહીએ છીએ' ઇત્યાદિ. 'કદર્થિત'—બાધિતાર્થ, પીડિત, એમ સમજવું. વાયુ એ તેજની [6]પ્રકૃતિ છે એમ પંચમીશ્રુતિથી—પંચમીવિભક્તિના શ્રવણથી-નિર્ધારિત થાય છે. વળી કલ્પિત એ ઉપાદાન થાય એ સમ્ભવિત નથી એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે કલ્પિત એ અધિષ્ઠાન થાય એ સંભવિત નથી, તોપણ મૃત્તિકા આદિની પેઠે પરિણામી થાય એ સંભવિત છે. છાન્દોગ્યમાં સ્વતઃ બ્રહ્મ સ્રષ્ટા છે એમ શ્રવણ છે, ઉપાદાન છે એમ શ્રવણ નથી. વળી 'बहु स्याम्' (બહુ થાઉં) એમ બ્રહ્મનો કાર્યથી અભેદ છે તેથી લાઘુલિંગથી બ્રહ્મ ઉપાદાન છે એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે લિંગથી શ્રુતિ વધારે બળવાન હોવાથી શ્રુતિ સાથે વિરોધ ન થાય

૧ મતભેદવાળું નહિ તે; વિરોધ. ૨ વિશેષ નહિ. સર્વને લાગુ પડે એવી. ૩ સમાન રીતે. ૪ બાધિત. ૫ ક્રમવાચક, વાયુની પછી એવા અર્થમાં. ૬ ઉપાદાનકારણ.

કાશ ઉત્પન્ન થયું) એમ પૂર્વે સંભવક્રિયાના અપાદાન આત્મન્‌નો પંચમીથી નિર્દેશ છે, તેજ સંભવક્રિયાનો અહિં અધિકાર છે અને પછી પણ તેના અધિકારમાં 'પૃથિવ્યા ઔષધયઃ' (પૃથિવીથી ઔષધિઓ) એમાં અપાદાનપંચમીનો નિર્દેશ છે, તેથી 'વાયોરગ્નિઃ' એ અપાદાનપંચમીજ છે એમ સમજાય છે. વળી 'વાયોરૂર્ધ્વમગ્નિઃ સંમૂતઃ' (વાયુની પછી અગ્નિ ઉત્પન્ન થયો) એમ ઉપપદના અર્થનો યોગ કલ્પવો પડે છે, પણ 'વાયોરગ્નિઃ સંમૂતઃ' (વાયુથી અગ્નિ ઉત્પન્ન થયો) એમાં કારકના અર્થનો યોગ કલ્પેલો છે. તેટલા માટે એ શ્રુતિ તેજની. વાયુથી ઉત્પત્તિ અવગમન કરાવે છે. પણ 'તત્તેજોઽસૃજત' (તેણે તેજ સર્જ્યું) એ બીજી પણ શ્રુતિ તેજ બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એમ અવગમન કરાવે છે. ના. એ શ્રુતિનો [1]પારમ્પર્યથી ઉત્પન્ન થાય છે એમ અર્થ લેવાથી પણ વિરોધ નથી; કેમકે જોકે આકાશ અને વાયુને સર્જીને વાયુભાવ પ્રાપ્ત થયલા બ્રહ્મે તેજને સર્જ્યું એમ કલ્પાય તોપણ તેજ બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એને વિરોધ આવતો નથી, જેમ તેનું-ગાયનું ઉકાળેલું દૂધ, તેનું દહિં અને તેની [2]આમિક્ષા. વળી 'તદાત્માનં સ્વયમકુરુત' [તૈત્તિ૦ ૨।૭।૧] (તેણે આત્માને જાતે કર્યો) એમ શ્રુતિ બ્રહ્મની વિકારાત્માએ અવસ્થિતિ દર્શાવે છે. તેમજ ઈશ્વરસ્મૃતિ પણ છે—'બુદ્ધિર્જ્ઞાનમસંમોહઃ' [ભ૦ગી૦ ૧૦।૪] (બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ) ઇત્યાદિથી અનુક્રમ કરી 'મવન્તિ માવા મૂતાનાં

એવી રીતે લિંગને ગૌણ કરવું યુક્ત છે. એ ગૌણતા આ પ્રમાણે કરવી—વાયુ બ્રહ્મથી અનન્ય હોવાને લીધે વાયુથી ઉત્પન્ન થયલા પણ તેજની બ્રહ્મ પ્રકૃતિ થાય તેમાં વિરોધ નથી એવો સિદ્ધાન્તગ્રન્થનો આશય છે. 'અહિં અધિકાર છે'—'વાયોરગ્નિઃ સંમૂતઃ' (વાયુથી અગ્નિ ઉત્પન્ન થયો) એ વાક્યમાં સંબન્ધ છે તેથી એવો અર્થ છે. 'તેના અધિકારમાં'= સંભવક્રિયાના અધિકારમાં. [3]નિરપેક્ષ [4]કારકવિભક્તિ [5]સાપેક્ષ [6]ઉપપદવિભક્તિ કરતાં વધારે બળવાન્ હોવાથી ક્રમાર્થ પંચમી નથી એમ કહે છે—'વળી "વાયોરૂર્ધ્વમ્"' ઇત્યાદિ. ऊर्ध्वम = અનન્તર, પછી. ऊर्ध्वम् કે अनन्तरम् એવા ઉપપદ વિના પંચમીમાત્રથી ક્રમ જણાતો નથી, માટે ઉપપદના અર્થનો યોગ કલ્પવો પડે છે. પણ પ્રકૃતિસંજ્ઞક અપાદાનકારક તો નિરપેક્ષપંચમીનું દેખાય છે. વિશેષે કરી અહિં પ્રકરણથી પંચમીનો અપાદાન અર્થ કલ્પેલો છે અને ક્લૃપ્ત-કલ્પેલા સંબન્ધથી વિરોધ હોય તો કલ્પ્ય—કલ્પવાનો સંબન્ધ બાધ્ય છે-એવી સ્થિતિ છે એવો અર્થ છે. પારમ્પર્યથી ઉત્પત્તિજ કહે છે—'કેમકે જોકે આકાશ' ઇત્યાદિ. તેનું—ગાયનું ઉકાળેલું દૂધ એ સાક્ષાત્ કાર્ય છે, અને દધિ આદિ પરમ્પરાથી ઉત્પન્ન થયલું છે એવો અર્થ છે. દહિં સાથે સંસૃષ્ટ કઠિન ક્ષીર તે આમિક્ષા. બ્રહ્મ વાયુભાવ પામે છે તેને માટે પ્રમાણ કહે છે—'વળી "તદાત્માનમ્"' ઇત્યાદિ. તેથી નહિ પણ પરમ્પરાથી ઉત્પન્ન થયલાને પણ તેથી ઉત્પન્ન થયલા તરીકે વ્યપદેશ થાય છે તેને માટે સ્મૃતિ કહે છે—'તેમજ ઈશ્વરસ્મૃતિ પણ છે' ઇત્યાદિ. અન્તઃકરણ આદિથી ઉત્પન્ન થયલા બુદ્ધિ આદિ ભાવોનું 'મારાથીજ' ઉત્પન્ન થાય છે એમ અવધારણ શી રીતે એમ આશંકા કરી કહે છે—

૧ પરમ્પરાસંબન્ધ. ૨ કાઢેલા અને ઉના દૂધમાં દહિંના યોગથી જે વિકાર થાય તે. ૩ જેને કોઈ અધ્યાહૃત શબ્દની અપેક્ષા નથી તે. ૪ ક્રિયાને યોગે થતી વિભક્તિ. ૫ જેને અધ્યાહૃત પદની અપેક્ષા છે તે. ૬ ઉપપદને—અન્તરને યોગે થતી વિભક્તિ.

मत्त एव पृथग्विधाः' [ભ૦ ગી૦ ૧૦।૫] (મારાથીજ ભૂતોના જુદી તરેહના ભાવો થાય છે) એમ. જોકે બુદ્ધિ આદિ સ્વકારણોથી પ્રત્યક્ષ થતાં દેખાય છે, તોપણ સર્વ ભાવસમૂહ સાક્ષાત્ કે પરંપરાથી ઈશ્વરથી ઉત્પન્ન થાય છે. એથી અક્રમે સૃષ્ટિ કહેનારી શ્રુતિઓ વ્યાખ્યાન થઈ; કેમકે તેઓની સર્વ પ્રકારે ઉપપત્તિ છે; પણ ક્રમવત્ સૃષ્ટિ કહેનારી શ્રુતિઓ તો અન્યથા અનુપપન્ન છે. પ્રતિજ્ઞા પણ સતથી ઉત્પત્તિમાત્રની અપેક્ષા રાખે છે, અવ્યવહિત ઉત્પત્તિની નહિ એમ અવિરોધ છે ॥૧૦॥

आपः ॥ ११ ॥

પાણી (એથી-તેજથી ઉત્પન્ન થયું છે, કેમકે શ્રુતિ કહે છે).

'अतस्तथा ह्याह' (એથી; કેમકે શ્રુતિ કહે છે) એની અનુવૃત્તિ છે. પાણી એથી-તેજથી ઉત્પન્ન થયું છે. શાથી? કેમકે શ્રુતિ કહે છે—'तदपोऽसृजत' (તેણે પાણી સરજ્યું) એમ અને 'अग्नेरापः' (અગ્નિથી પાણી) એમ. વચન હોવાથી

'જોકે બુદ્ધિ આદિ' ઇત્યાદિ. સાક્ષાત્ કે પરમ્પરાથી સર્વ ભાવો ઈશ્વરથી ઉત્પન્ન થાય છે, 'તેથી અન્ય પરમ કારણનું નિરસન કરવા માટે અવધારણ યુક્ત છે' એવો શેષ છે. 'એથી' માં 'એ' પદનો અર્થ કહે છે—'તેઓની' ઇત્યાદિ. 'तज्जलान्' ઇત્યાદિ કહેલી શ્રુતિઓ ભાવો સાક્ષાત્ કે પરમ્પરાથી બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એથીજ ઉપપન્ન થાય છે એવો અર્થ છે. બલવાન્ ક્રમશ્રુતિઓને અનુસારે [1]અક્રમ શ્રુતિઓની એકવાક્યતા થવાથી આકાશ અને વાયુદ્વારા તેજના કારણ બ્રહ્મમાં સમન્વય છે એમ સિદ્ધ છે ॥ ૧૦ ॥

'आपः'—એ અતિદેશ છે. કેમકે આથર્વણમાં મુણ્ડકગ્રન્થમાં 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥' (પ્રાણ, મન, સર્વ ઇન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, પાણી અને વિશ્વને ધારણ કરનારી પૃથ્વી એમાંથી ઉત્પન્ન થાય છે) એ મન્ત્રમાં પાણી બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એવી શ્રુતિ છે; 'अग्नेरापः' (અગ્નિથી પાણી) એ શ્રુતિ સાથે તેનો વિરોધ છે કે નહિ એમ સંદેહ થયે તુલ્ય હોવાથી વિરોધ છે એવો પૂર્વપક્ષ થયે પાણી અગ્નિથી ઘણ છે તેથી વિરુદ્ધ છે અને અગ્નિથી તેની ઉત્પત્તિનો અસંભવ છે તેથી પંચમી (अग्नेः—એ પદની अग्नेरापः માં છે તે) ક્રમાર્થ છે એમ અવિરોધ છે એમ સિદ્ધ આશય થયે કહેલો તેજને વિષેનો ન્યાય અતિદેશથી સમજાવે છે—'अतस्तथा ह्याह' ઇત્યાદિ. પ્રત્યક્ષવિરોધ છે તો પાણી અગ્નિથી ઉત્પન્ન થયું છે એમ નિર્ણય શી રીતે થાય છે તેને માટે કહે છે—'વચન હોવાથી' ઇત્યાદિ. [2]ત્રિવૃત્ કરેલા પાણી અને તેજનો વિરોધ છે તો પણ 'अग्नेरापः' એ વચનથી અતીન્દ્રિય પાણી અને તેજનો વિરોધ નથી એમ નિર્ણય થાય છે

---

૧ ક્રમપાઠક નહિ એવી. ૨ 'तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणीति सेयं देवतेमास्तिस्रो देवता अनेनैव जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरोत्' છાન્દો૦ ૬।૩।૩ તે તેજ, જળ અને પૃથ્વી એ ત્રણ દેવતામાંના એકેકના ત્રણ ત્રણ ભાગ કર (પ્રથમ બે ભાગ કરી તેમાંના એક ભાગના બે ભાગ કરવા એમ ત્રણ ભાગ કરવા કે તેથી દરેક દેવતાનું પ્રાધાન્ય રહે અને અન્ય બેનો ગુણભાવ થાય).

કાશ ઉત્પન્ન થયું) એમ પૂર્વે સંભવક્રિયાના અપાદાન आत्मन्નો પંચમીથી નિર્દેશ છે, તેજ સંભવક્રિયાનો અહિં અધિકાર છે અને પછી પણ તેના અધિકારમાં 'पृथिव्या औषधयः' (પૃથિવીથી ઔષધિઓ) એમાં અપાદાનપંચમીનો નિર્દેશ છે, તેથી 'वायोरग्निः' એ અપાદાનપંચમીજ છે એમ સમજાય છે. વળી 'वायोरूर्ध्वमग्निः संभूतः' (વાયુની પછી અગ્નિ ઉત્પન્ન થયો) એમ ઉપપદના અર્થનો યોગ કલ્પવો પડે છે, પણ 'वायोरग्निः संभूतः' (વાયુથી અગ્નિ ઉત્પન્ન થયો) એમાં કારકના અર્થનો યોગ કલ્પેલો છે. તેટલા માટે એ શ્રુતિ તેજની. વાયુથી ઉત્પત્તિ અવગમન કરાવે છે. પણ 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું) એ બીજી પણ શ્રુતિ તેજ બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એમ અવગમન કરાવે છે. ના, એ શ્રુતિનો [1]પારમ્પર્યથી ઉત્પન્ન થાય છે એમ અર્થ લેવાથી પણ વિરોધ નથી; કેમકે જોકે આકાશ અને વાયુને સર્જીને વાયુભાવ પ્રાપ્ત થયેલા બ્રહ્મે તેજને સર્જ્યું એમ કલ્પાય તોપણ તેજ બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એને વિરોધ આવતો નથી, જેમ તેનું-ગાયનું ઉકાળેલું દૂધ, તેનું દહિં અને તેની [2]આમિક્ષા. વળી 'तदात्मानं स्वयमकुरुत' [તૈત્તિ૦ ૨।૭।૧] (તેણે આત્માને જાતે કર્યો) એમ શ્રુતિ બ્રહ્મની વિકારાત્માએ અવસ્થિતિ દર્શાવે છે. તેમજ ઈશ્વરસ્મૃતિ પણ છે—'बुद्धिर्ज्ञानमसंमोहः' [ભ૦ગી૦ ૧૦।૪] (બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ) ઇત્યાદિથી અનુક્રમ કરી 'भवन्ति भावा भूतानां

એવી રીતે લિંગને ગૌણ કરવું યુક્ત છે. એ ગૌણના આ પ્રમાણે કરવી—વાયુ બ્રહ્મથી અનન્ય હોવાને લીધે વાયુથી ઉત્પન્ન થયેલા પણ તેજની બ્રહ્મ પ્રકૃતિ થાય તેમાં વિરોધ નથી એવો સિદ્ધાન્તગ્રન્થનો આશય છે. 'અહિં અધિકાર છે' —'वायोरग्निः संभूतः' (વાયુથી અગ્નિ ઉત્પન્ન થયો) એ વાક્યમાં સંબન્ધ છે તેથી એવો અર્થ છે. 'તેના અધિકારમાં'= સંભવક્રિયાના અધિકારમાં. [3]નિરપેક્ષ [4]કારકવિભક્તિ [5]સાપેક્ષ [6]ઉપપદવિભક્તિ કરતાં વધારે બળવાન્ હોવાથી ક્રમાર્થ પંચમી નથી એમ કહે છે—'વળી "वायोरूर्ध्वम्"' ઇત્યાદિ. ऊर्ध्वम =અનન્તર, પછી. ऊर्ध्वम् કે अनन्तरम् એવા ઉપપદ વિના પંચમીમાત્રથી ક્રમ જણાતો નથી, માટે ઉપપદના અર્થનો યોગ કલ્પવો પડે છે. પણ પ્રકૃતિસંજ્ઞક અપાદાનકારક તો નિરપેક્ષપંચમીનું દેખાય છે. વિશેષે કરી અહિં પ્રકરણથી પંચમીનો અપાદાન અર્થ કલ્પેલો છે અને કલૃપ્ત-કલ્પેલા સંબન્ધથી વિરોધ હોય તો કલ્પ્ય—કલ્પવાનો સંબન્ધ બાધ્ય છે. એવી સ્થિતિ છે એવો અર્થ છે. પારમ્પર્યથી ઉત્પત્તિજ કહે છે—'કેમકે જોકે આકાશ' ઇત્યાદિ. તેનું—ગાયનું ઉકાળેલુ દૂધ એ સાક્ષાત્ કાર્ય છે, અને દધિ આદિ પરમ્પરાથી ઉત્પન્ન થયલું છે એવો અર્થ છે. દહિં સાથે સંસૃષ્ટ કઠિન ક્ષીર તે આમિક્ષા. બ્રહ્મ વાયુભાવ પામે છે તેને માટે પ્રમાણ કહે છે—'વળી "तदात्मानम्"' ઇત્યાદિ. તેથી નહિ પણ પરમ્પરાથી ઉત્પન્ન થયલાનો પણ તેથી ઉત્પન્ન થયલા તરીકે વ્યપદેશ થાય છે તેને માટે સ્મૃતિ કહે છે—'તેમજ ઈશ્વરસ્મૃતિ પણ છે' ઇત્યાદિ. અન્તઃકરણ આદિથી ઉત્પન્ન થયલા બુદ્ધિ આદિ ભાવોનું 'મારાથીજ' ઉત્પન્ન થાય છે એમ અવધારણ શી રીતે એમ આશંકા કરી કહે છે—

---

૧ પરમ્પરાસંબન્ધ. ૨ ઉકાળેલા અને ઉના દૂધમાં દહિંના યોગથી જે વિકાર થાય તે. ૩ જેને કોઈ અધ્યાહૃત શબ્દની અપેક્ષા નથી એવી. ૪ ક્રિયાને યોગે થયલી વિભક્તિ. ૫ જેને અધ્યાહૃત પદની અપેક્ષા છે એવી. ૬ ઉપપદને-અવ્યયને યોગે થયલી વિભક્તિ

मत्त एव पृथग्विधाः' [ભ૦ ગી૦ ૧૦।૫] (મારાથીજ ભૂતોના જુદી તરેહના ભાવો થાય છે) એમ. જોકે બુદ્ધિ આદિ સ્વકારણોથી પ્રત્યક્ષ થતાં દેખાય છે, તોપણ સર્વ ભાવસમૂહ સાક્ષાત્ કે પરંપરાથી ઈશ્વરથી ઉત્પન્ન થાય છે. એથી અક્રમે સૃષ્ટિ કહેનારી શ્રુતિઓ વ્યાખ્યાન થઈ; કેમકે તેઓની સર્વ પ્રકારે ઉપપત્તિ છે; પણ ક્રમવત્ સૃષ્ટિ કહેનારી શ્રુતિઓ તો અન્યથા અનુપપન્ન છે. પ્રતિજ્ઞા પણ સત્‌થી ઉત્પત્તિમાત્રની અપેક્ષા રાખે છે, અવ્યવહિત ઉત્પત્તિની નહિ એમ અવિરોધ છે ॥૧૦॥

आपः ॥ ११ ॥

પાણી (એથી-તેજથી ઉત્પન્ન થયું છે, કેમકે શ્રુતિ કહે છે).

'अतस्तथा ह्याह' (એથી; કેમકે શ્રુતિ કહે છે) એની અનુવૃત્તિ છે. પાણી એથી-તેજથી ઉત્પન્ન થયું છે. શાથી? કેમકે શ્રુતિ કહે છે—'तदपोऽसृजत' (તેણે પાણી સર્જ્યું) એમ અને 'अग्नेरापः' (અગ્નિથી પાણી) એમ. વચન હોવાથી

'જોકે બુદ્ધિ આદિ' ઇત્યાદિ સાક્ષાત્ કે પરમ્પરાથી સર્વ ભાવો ઈશ્વરથી ઉત્પન્ન થાય છે, 'તેથી અન્ય પરમ કારણનું નિરસન કરવા માટે અવધારણ કર્યું છે' એવો શેષ છે. 'એથી' માં 'એ' પદનો અર્થ કહે છે—'તેઓની' ઇત્યાદિ 'तत्त्वज्ञात्' ઇત્યાદિ કહેતી શ્રુતિઓ ભાવો સાક્ષાત્ કે પરમ્પરાથી બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એથીજ ઉપપન્ન થાય છે એવો અર્થ છે. બલવાન્ ક્રમશ્રુતિઓને અનુસરે અક્રમ શ્રુતિઓની એકવાક્યતા થવાથી આકાશ અને વાયુદ્વારા તેજના કારણ બ્રહ્મમાં સમન્વય છે એમ સિદ્ધ છે ॥ ૧૦ ॥

'आपः'—એ અતિદેશ છે. કેમકે આથર્વણમાં મુણ્ડકમન્ત્રમાં 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥' (પ્રાણ, મન, સર્વ ઇન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, પાણી અને વિશ્વને ધારણ કરનારી પૃથ્વી એમાંથી ઉત્પન્ન થાય છે) એ મન્ત્રમાં પાણી બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એવી શ્રુતિ છે; 'अग्नेरापः' (અગ્નિથી પાણી) એ શ્રુતિ સાથે તેનો વિરોધ છે કે નહિ એમ સંદેહ થયે તુલ્ય હોવાથી વિરોધ છે એવો પૂર્વપક્ષ થયે પાણી અગ્નિથી દગ્ધ છે તેથી વિરુદ્ધ છે અને અગ્નિથી તેની ઉત્પત્તિનો અસંભવ છે તેથી પચમી (अग्नेः-એ પચમી अग्नेरापः માં છે તે) ક્રમાર્થ છે એમ અવિરોધ છે એમ અધિક આશય હવે કહેશે તેજને વિયનો ન્યાય અતિદેશથી સમજાવે છે—'अतस्तथा ह्याह' ઇત્યાદિ. પ્રત્યક્ષવિરોધ છે તો પાણી અગ્નિથી ઉત્પન્ન થયું છે એમ નિર્ણય શી રીતે થાય છે તેને માટે કહે છે—'વચન હોવાથી' ઇત્યાદિ. 'વિરૂદ્ધ કહેલા પાણી અને તેજનો વિરોધ છે તો પણ 'अग्नेरापः' એ વચનથી અતીન્દ્રિય પાણી અને તેજનો વિરોધ નથી એમ નિર્ણય થાય છે

---

૧ ક્રમવાચક નહિ એવી. ૨ 'तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणीति सेयं देवतेमास्तिस्रो देवता अनेनैव जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरोत्' છાન્દો૦ ૬।૩।૩ તે તેજ, જળ અને પૃથ્વી એ ત્રણ દેવતાઓમાંના એકેકના ત્રણ ત્રણ ભાગ કરું (પ્રથમ બે ભાગ કરી તેમાંના એક ભાગના બે ભાગ કરવા એમ ત્રણ ભાગ કરવા કે જેથી દરેક દેવતાનું પ્રાધાન્ય રહે અને બીજા બેનો ઉપસાર થાય).

કાશ ઉત્પન્ન થયું) એમ પૂર્વે સંભવક્રિયાના અપાદાન આત્મનનો પંચમીથી નિર્દેશ છે, તેજ સંભવક્રિયાનો અહિં અધિકાર છે અને પછી પણ તેના અધિકારમાં 'પૃથિવ્યા ઓષધયઃ' (પૃથિવીથી ઓષધિઓ) એમાં અપાદાનપંચમીનો નિર્દેશ છે, તેથી 'વાયોરગ્નિઃ' એ અપાદાનપંચમીજ છે એમ સમજાય છે. વળી 'વાયોરૂર્ધ્વમગ્નિઃ સંભૂતઃ' (વાયુની પછી અગ્નિ ઉત્પન્ન થયો) એમ ઉપપદના અર્થનો યોગ કલ્પવો પડે છે, પણ 'વાયોરગ્નિઃ સંભૂતઃ' (વાયુથી અગ્નિ ઉત્પન્ન થયો) એમાં કારકના અર્થનો યોગ કલ્પેલો છે. તેટલા માટે એ શ્રુતિ તેજની. વાયુથી ઉત્પત્તિ અવગમન કરાવે છે. પણ 'તત્તેજોઽસૃજત' (તેણે તેજ સર્જ્યું) એ બીજી પણ શ્રુતિ તેજ બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એમ અવગમન કરાવે છે. ના. એ શ્રુતિનો 'પારંપર્યથી ઉત્પન્ન થાય છે એમ અર્થ લેવાથી પણ વિરોધ નથી; કેમકે જોકે આકાશ અને વાયુને સર્જીને વાયુભાવ પ્રાપ્ત થયેલા બ્રહ્મે તેજને સર્જ્યું એમ કલ્પાય તોપણ તેજ બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એને વિરોધ આવતો નથી, જેમ તેનું-ગાયનું દોહેલું દૂધ, તેનું દહિં અને તેની 'આમિક્ષા. વળી 'તદાત્માનં સ્વયમકુરુત' [તૈત્તિ ૨।૭।૧] (તેણે આત્માને જાતે કર્યો) એમ શ્રુતિ બ્રહ્મની વિકારાત્માએ અવસ્થિતિ દર્શાવે છે. તેમજ ઈશ્વરસ્મૃતિ પણ છે-'બુદ્ધિર્જ્ઞાનમસંમોહઃ' [ભગગીતા ૧૦।૪] (બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ) ઇત્યાદિથી અનુક્રમ કરી 'ભવન્તિ ભાવા ભૂતાનાં

એવી રીતે વિરોધને નિવૃત્ત કરવા યુક્ત છે. એ યોજના આ પ્રમાણે કરવી—વાયુ બ્રહ્મથી અનન્તર [illegible] વાયુથી ઉત્પન્ન થવાથી પણ તેજની બ્રહ્મ પ્રકૃતિ થાય તેમાં વિરોધ નથી એવો [illegible] સંભવ છે. 'અહિં અધિકાર છે' 'વાયોરગ્નિઃ સંભૂતઃ' (વાયુથી અગ્નિ ઉત્પન્ન થયો) એ વાક્યમાં સંબન્ધ છે તેથી એવો અર્થ છે. 'તેના અધિકારમાં' [illegible]. નિરપેક્ષ કારકવિભક્તિ સાપેક્ષ ઉપપદવિભક્તિ કરતાં વધારે [illegible] એમ કહે છે—'વળી "વાયોરૂર્ધ્વમ્"' ઇત્યાદિ. ઊર્ધ્વમ્ = અનન્તર, પછી. ઊર્ધ્વમ્ કે અનન્તરમ્ એવા ઉપપદ વિના પંચમીમાત્રથી ક્રમ [illegible] નથી, માટે ઉપપદના અર્થનો યોગ કલ્પવો પડે છે. પણ પ્રકૃતિમાત્ર અપાદાનકારક [illegible] વિશેષ કરી અહિં પ્રકરણથી પંચમીનો અપાદાન અર્થ કલ્પેલો છે અને [illegible] વિરોધ હોય તો કલ્પ્ય—કલ્પવાનો સંબન્ધ બાધ્ય છે એવી [illegible] છે. પરંપરાથી ઉત્પત્તિ કહે છે—'કેમકે જોકે આકાશ' ઇત્યાદિ. [illegible] અને દહિં અગ્નિ પરંપરાથી ઉત્પન્ન થયું [illegible] આમિક્ષા. બ્રહ્મ વાયુભાવ પામે છે તેને [illegible] છે—'વળી "તદાત્માનમ્"' ઇત્યાદિ. [illegible] પણ પરંપરાથી [illegible] તેથી ઉત્પન્ન [illegible] થાય છે તેને માટે સ્મૃતિ કહે છે—'તેમજ ઈશ્વરસ્મૃતિ પણ છે' ઇત્યાદિ. [illegible] ઉત્પન્ન થવા [illegible] કરી કહે છે—

[illegible]

પુષ્ટ કરે છે; કેમકે વૃષ્ટિ થયે વ્રીહિયવાદિજ બહુ થાય છે, પૃથિવી બહુ થતી
એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ કે અન્નશબ્દથી પાણીથી ઉત્પન્ન
એ પૃથિવીજ વિવક્ષિત છે. શાથી? અધિકારથી, રૂપથી અને અન્ય શબ્દોથી.
અધિકાર 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું); 'तदपोऽसृजत' (તેણે
સર્જ્યું) એમ મહાભૂતનો વિષે છે. તેમાં ક્રમપ્રાપ્ત પૃથિવીરૂપ મહાભૂતનો
કરી અકસ્માત્ વ્રીહિ આદિનો પરિગ્રહ ન્યાય્ય નથી. 'તેમજ 'यत् कृष्णं
स्य' (જે કૃષ્ણ રૂપ છે તે અન્નનું છે) એ વાક્યશેષમાં રૂપ પણ પૃથિવીને
ગુણ દેખાય છે; કેમકે ઓદનાદિ ભક્ષ્યનું રૂપ કૃષ્ણ છે એવો નિયમ નથી, અને
આદિનું પણ કૃષ્ણ છે એવો નિયમ નથી. પણ પૃથિવીનું પણ રૂપ કૃષ્ણ છે
નિયમ નથીજ; કેમકે દૂધ જેવું પાંડુર અને અંગારા જેવું લાલ હોય જોવામાં
છે. એ દોષ નથી; કેમકે બાહુલ્યની અપેક્ષા છે: કારણ કે પૃથિવીનું ભૂયિષ્ઠ
કૃષ્ણ છે, શ્વેત કે રક્ત નથી. પૌરાણિકો પણ પૃથિવીની છાયાનો શર્વરી તરીકે
દેશ કરે છે, અને તે કૃષ્ણ આભાસવાળી છે તેથી પૃથિવીનું રૂપ કૃષ્ણ છે એમ
છે. વળી એજ અધિકારમાં અન્ય શ્રુતિ પણ 'अद्भ्यः पृथिवी' (પાણીથી

છે એમ આશંકા કરી કહે છે—'કેમકે વૃષ્ટિ થયે' ઇત્યાદિ. શ્રુતિ અને લિંગથી અન્ન-
દનો પ્રસિદ્ધ અર્થ સિદ્ધ થાય છે તેથી 'ता अन्नमसृजन्त' (તેણે-પાણીએ અન્ન સર્જ્યું)
શ્રુતિનો 'अद्भ्य पृथिवी' (પાણીથી પૃથિવી) એ શ્રુતિ સાથે વિરોધ છે એમ પૂર્વપક્ષનો ઉપસંહાર
વા માટે 'એમ' શબ્દનો અર્થ છે. પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે—અન્નશબ્દ શ્રુ-
તિથી અને પ્રસિદ્ધિથી વ્રીહિયવાદિને વિષે અને તેના વિકાર ઓદનને વિષે પ્રવર્તે છે. વળી
ને પ્રકરણથી વિશેષ બળવાન્ છે. ને વળી 'यत्र क्वचन वर्षति' એ વાક્યશેષથી લિંગ
તેટલા માટે વ્રીહિયવાદિ ભક્ષ્યજ અન્ન પાણીથી ઉત્પન્ન થાય છે એવી વિવક્ષા છે. કૃષ્ણના
કેટલાક ભક્ષ્યની સમએ છે. પૃથિવી પણ કૃષ્ણ છે એમ કહેવું યુક્ત નથી. કેમકે રક્તરૂપ
ને બીજી એવી પણ પૃથિવી જોવામાં આવે છે. તેથી "अद्भ्यः पृथिवी पृथिव्या ओषधयः"
પાણીથી પૃથિવી અને પૃથિવીથી ઓષધિઓ) એમ અન્ય શ્રુતિ સાથે વિરોધ છે એવો પૂર્વપક્ષ
. પૂર્વપક્ષનો અનુવાદ કરી સિદ્ધાન્તસૂત્રને ઉતારી પ્રતિજ્ઞામાત્રનું વ્યાખ્યાન કરે છે—'એમ
પ્રાપ્ત થયે' ઇત્યાદિ. શ્રુતિ અને લિંગથી અન્નશબ્દ વ્રીહિ આદિને વિષે છે એમ દર્શાવ્યું છે
થી પૃથિવીને વિષે છે એમ હેતુ હેતુના અભાવથી અયુક્ત છે એવી શંકા કરે છે—'શાથી?'
અન્નશબ્દ પૃથિવીને વિષે છે એને માટે સૂત્રમાં કહેલા ત્રણ હેતુના વિભાગ કરી ઉતારે છે—
અધિકારથી, રૂપથી અને અન્ય શબ્દોથી'. 'અધિકાર' = પ્રકરણ. 'રૂપ' એ લિંગ
પાંડુર' = શ્વેત. 'અન્ય શબ્દ'થી કહેલું સ્થાનાન્તર સમજાવે છે—'વળી એજ અધિ-
કારમાં અન્ય શ્રુતિ પણ' ઇત્યાદિ વળગથી અનન્તર પૃથિવીનું સ્થાન અન્ય શ્રુતિમાં લિંગ
છે તેથી પણ અન્ન પૃથિવીવાચક છે એવો અર્થ છે. 'यत्' = यत्र તેમાં. સષ્ટિપ્રકરણમાં ક્રમ-
[illegible] 'तत्समन्वयात' [illegible]
[illegible]
[illegible]

1 [illegible] 2 [illegible] 3 [illegible] 4 [illegible]

સંશય નથી. તેજની સૃષ્ટિનું વ્યાખ્યાન કરી અને પૃથિવીની સૃષ્ટિનું વ્યાખ્યાન કરતા પહેલાં પાણીની સૃષ્ટિ વચ્ચે લઈ તેથી 'आपः' એમ સૂત્ર કર્યું ॥ ૧૧ ॥

पृथिव्यधिकाररूपशब्दान्तरेभ्यः ॥ १२ ॥

પૃથિવી (અન્નશબ્દથી વિવક્ષિત છે), [1]અધિકારથી, રૂપથી અને અન્ય શબ્દોથી ॥ ૧૨ ॥

'ता आप ऐक्षन्त बह्व्यः स्याम प्रजायेमहीति ता अन्नमसृजन्त [છાન્દો૦ ૬।૨।૪] (તે પાણીએ વિચાર્યું, અમે બહુ થઈએ, પ્રકૃષ્ટ જન્મ પ્રાપ્ત કરીએ એમ, તેણે અન્ન સૃજ્યું) એવી શ્રુતિ છે તેમાં સંશય છે કે શું એ અન્નશબ્દ વડે વ્રીહિ, યવ આદિ ભક્ષ્ય ઉક્ત થાય છે કે ઓદન આદિ કે પૃથિવી. તેમાં વ્રીહિયવાદિ કે ઓદનાદિ પરિગ્રહણ કરવા યોગ્ય છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે; કેમકે [2]લોકમાં અન્નશબ્દ તે અર્થમાં પ્રસિદ્ધ છે, અને 'तस्माद्यत्र क्व च वर्षति तदेव भूयिष्ठमन्नं भवति' (તેટલા માટે જ્યાં કંઈ વર્ષે છે ત્યાંજ ભૂયિષ્ઠ અન્ન થાય છે) એ વાક્યશેષ પણ એજ

એવો અર્થ છે. માત્ર શ્રુતિનો અવિરોધ જાણવા માટે આ અતિદેશ નથી, પણ પંચભૂતના ઉત્પત્તિક્રમનો નિર્ણય કરવાને માટે પણ છે એમ કહે છે—'તેજની સૃષ્ટિનું' ઇત્યાદિ. તેટલા માટે તેજોભાવ પ્રાપ્ત થયલા. બ્રહ્મને વિષે શ્રુતિનો સમન્વય છે એમ સિદ્ધ છે ॥ ૧૧ ॥

તેજના કાર્ય તરીકે કહેલા પાણીના કાર્ય તરીકે 'ता अन्नमसृजत' (તેણે-પાણીએ અન્ન સૃજ્યું) એમ શ્રુતિ હોવાથી અન્ન એ પૃથિવી છે એમ સાધે છે—'पृथिव्यधिकार' ઇત્યાદિ. અધિકરણનો વિષય કહે છે— 'ता आप ऐक्षन्त' ઇત્યાદિ. અન્નશબ્દથી અને મહાભૂતના પ્રકરણથી દર્શિત શ્રુતિને વિષે વિચારપ્રયોજક સંદેહ કહે છે—'તેમાં સંશય છે', ઇત્યાદિ. 'ભક્ષ્ય'= ભક્ષણને યોગ્ય. [3]જલકાર્યવિરોધદ્વારા કારણસમન્વયને વિષે વિરોધ દર્શાવી પૂર્વપક્ષ કરે છે—'તેમાં વ્રીહિયવાદિ' ઇત્યાદિ. 'ता अन्नमसृजन्त' (તેણે-પાણીએ અન્ન સૃજ્યું) એ શ્રુતિ અને 'अद्भ्यः पृथिवी' (પાણીથી પૃથિવી) એ શ્રુતિના વિરોધનું નિરાકરણ થયે તે નિરાકરણદ્વારા પરમ્પરાથી પૃથિવીકારણ બ્રહ્મને વિષે સમન્વયના પ્રતિપાદનથી અત્ર પાદાદિની સંગતિ સુલભ છે એમ સમજવું. ઉક્ત શ્રુતિઓની એકવાક્યતા નથી, તેથી વિરોધથી અપ્રામાણ્ય છે એમ પૂર્વપક્ષમાં સમન્વય અસિદ્ધ છે. સિદ્ધાન્તમાં તો એકવાક્યતા છે તેથી વિરોધ નથી ને પ્રામાણ્ય છે તેથી સમન્વય સિદ્ધ છે. પ્રકરણ આદિથી અન્નશબ્દનો અર્થ પૃથિવી છે એમ પ્રતીત થાય છે તો અન્નશબ્દથી વ્રીહિ આદિનું ગ્રહણ શી રીતે કરવું એમ આશંકા કરી શ્રુતિ પ્રકરણથી બલવાન્ છે તેથી એમ કહે છે—'કેમકે લોકમાં' ઇત્યાદિ. અન્નશબ્દથી વ્રીહિ આદિ ગ્રાહ્ય છે તેને માટે લિંગ પણ દર્શાવે છે—'અને "तस्माद्यत्र"' ઇત્યાદિ. 'तस्मात्'= પાણીથી અન્ન સૃષ્ટ છે તેથી. 'तदेव'= ત્યાંજ એવો અર્થ છે. વર્ષણ થવાથી અન્ન બહુ થાય છે એવી શ્રુતિ છે એટલાથી અન્ન શબ્દ પૃથિવીની [4]વ્યાવૃત્તિ શી રીતે

1 પ્રકરણથી. 2 લોકવ્યવહારમાં. 3 પૃથિવી એ જલનું કાર્ય છે ને નથી એમ શ્રુતિઓનો વિરોધ છે તેથી. 4 દૂર કરવું. પૃથિવી એ અર્થનું નિરાકરણ.

અર્થ પુષ્ટ કરે છે; કેમકે વૃષ્ટિ થયે વ્રીહિયવાદિજ બહુ થાય છે, પૃથિવી બહુ થતી નથી એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ કે અન્નશબ્દથી પાણીથી ઉત્પન્ન થતી એ પૃથિવીજ વિવક્ષિત છે. શાથી ? અધિકારથી, રૂપથી અને અન્ય શબ્દોથી. પ્રથમ અધિકાર 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું); 'तदपोऽसृजत' (તેણે પાણી સર્જ્યું) એમ મહાભૂતો વિષે છે. તેમાં ક્રમપ્રાપ્ત પૃથિવીરૂપ મહાભૂતનો ત્યાગ કરી અકસ્માત્ વ્રીહિ આદિનો પરિગ્રહ ન્યાય્ય નથી. તેમજ 'यत् कृष्णं तदन्नस्य' (જે કૃષ્ણ રૂપ છે તે અન્નનું છે) એ વાક્યશેષમાં રૂપ પણ પૃથિવીને [1]અનુગુણ દેખાય છે; કેમકે ઓદનાદિ ભક્ષ્યનું રૂપ કૃષ્ણ છે એવો નિયમ નથી, અને વ્રીહિ આદિનું પણ કૃષ્ણ છે એવો નિયમ નથી. પણ પૃથિવીનું પણ રૂપ કૃષ્ણ છે એવો નિયમ નથીજ; કેમકે દૂધ જેવું પાંડુર[2] અને અંગારા જેવું લાલ ક્ષેત્ર જોવામાં આવે છે, એ દોષ નથી; કેમકે [3]બાહુલ્યની અપેક્ષા છે: કારણ કે પૃથિવીનું ભૂયિષ્ઠ રૂપ કૃષ્ણ છે, શ્વેત કે રક્ત નથી. પૌરાણિકો પણ પૃથિવીની છાયાનો શર્વરી તરીકે ઉપદેશ કરે છે, અને તે કૃષ્ણ આભાસવાળી છે તેથી પૃથિવીનું રૂપ કૃષ્ણ છે એમ ઘટે છે. વળી એજ અધિકારમાં અન્ય શ્રુતિ પણ 'अद्भ्यः पृथिवी' (પાણીથી

કરે છે એમ આશંકા કરી કહે છે—'કેમકે વૃષ્ટિ થયે' ઇત્યાદિ. શ્રુતિ અને લિંગથી અન્નશબ્દનો પ્રસિદ્ધ અર્થ સિદ્ધ થાય છે તેથી 'ता अन्नमसृजन्त' (તેણે-પાણીએ અન્ન સર્જ્યું) એ શ્રુતિનો 'अद्भ्यः पृथिवी' (પાણીથી પૃથિવી) એ શ્રુતિ સાથે વિરોધ છે એમ પૂર્વપક્ષનો ઉપસંહાર કરવા માટે 'એમ' શબ્દનો અર્થ છે. પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે—અન્નશબ્દ વ્યુત્પત્તિથી અને પ્રસિદ્ધિથી વ્રીહિયવાદિને વિષે અને તેના વિકાર ઓદનને વિષે પ્રવર્તે છે. વળી શ્રુતિ પ્રકરણથી વિશેષ બળવાન્ છે. તે વળી 'यत्र क्वचन वर्षति' એ વાક્યશેષથી પોષિત છે, તેટલા માટે વ્રીહિયવાદિ ભક્ષ્યજ અન્ન પાણીથી ઉત્પન્ન થાય છે એવી વિવક્ષા છે. કૃષ્ણતા પણ કેટલાક ભક્ષ્યની સંભવે છે; પૃથિવી પણ કૃષ્ણ છે એમ કહેવું યુક્ત નથી; કેમકે રક્તરૂપ અને બીજી એવી પણ પૃથિવી જોવામાં આવે છે. તેથી "अद्भ्यः पृथिवी पृथिव्या ओषधयः" (પાણીથી પૃથિવી અને પૃથિવીથી ઓષધિઓ) એમ અન્ય શ્રુતિ સાથે વિરોધ છે એવો પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષનો અનુવાદ કરી સિદ્ધાન્તસૂત્રને ઉતારી પ્રતિજ્ઞાભાગનું વ્યાખ્યાન કરે છે—'એમ પ્રાપ્ત થયે' ઇત્યાદિ. શ્રુતિ અને લિંગથી અન્નશબ્દ વ્રીહિ આદિને વિષે છે એમ દર્શાવ્યું છે તેથી પૃથિવીને વિષે છે એમ કહેવું હેતુના અભાવથી અયુક્ત છે એવી શંકા કરે છે—'શાથી ?' અન્નશબ્દ પૃથિવીને વિષે છે એને માટે સૂત્રમાં કહેલા ત્રણ હેતુના વિભાગ કરી ઉતારે છે—'અધિકારથી, રૂપથી અને અન્ય શબ્દોથી'. 'અધિકાર'=પ્રકરણ. 'રૂપ' એ લિંગ. 'પાંડુર'=શ્વેત. 'અન્ય શબ્દ'થી કહેલું સ્થાનાન્તર સમજાવે છે—'વળી એજ અધિકારમાં અન્ય શ્રુતિ પણ' ઇત્યાદિ. જળથી અનન્તર પૃથિવીનું સ્થાન અન્ય શ્રુતિમાં સિદ્ધ છે તેથી પણ અન્ન પૃથિવીવાચક છે એવો અર્થ છે. 'तत्'=તત્ર તેમાં, સૃષ્ટિકાળમાં શર[4]મંડવત્ ઘનીભાવ. 'समहन्यत' કઠિન સંઘાત થયો. સૃષ્ટિકાળમાં જે પાણીનો ઓસામણના જેવો ઘનીભાવ હતો તેજ કઠણ સંઘાત થયો અને તે પાણીનું કઠણ પરિણામ થયું એવો શ્રુતિનો અર્થ છે. વ્રીહિ આદિ અન્નની સૃષ્ટિ કયે સ્થાને છે—શેમાંથી છે તેની વિવક્ષા થયે કહે છે—

[1] અનુકૂળ. [2] ધોળું. [3] જે બહુ જોવામાં આવે છે તેની. [4] મંડ=ઓસામણ.

પૃથિવી) એમ છે;' અને 'तद्यदपां शर आसीत् तत् समहन्यत सा पृथिव्यभवत्' [બૃહ૦ ૧।૨।૨] (તે સૃષ્ટિકાળમાં પાણીનું જે ફીણ હતું તેજ કઠિન સંઘાત થયો અને તે પૃથિવી થઈ) એવી પણ શ્રુતિ છે. પણ 'पृथिव्या ओषधय ओषधीभ्योऽन्नम्' (પૃથિવીથી ઓષધીઓ અને ઓષધીથી અન્ન) એમ શ્રુતિ પૃથિવીથી વ્રીહિ આદિની ઉત્પત્તિ દર્શાવે છે. એ પ્રમાણે અધિકાર આદિ પૃથિવી એ અર્થના પ્રતિપાદક છે ત્યારે વ્રીહિ આદિની પ્રતિપત્તિ શી રીતે થાય? પ્રસિદ્ધિનો પણ અધિકાર આદિથીજ બાધ થાય છે. વાક્યશેષ પણ અન્નાદિ પાર્થિવ હોવાથી તે દ્વારે પૃથિવીનુંજ પાણીથી ઉત્પન્ન થવું સૂચવે છે એમ સમજવું. તેટલા માટે અન્નશબ્દ એ પૃથિવીવાચક છે એમ ॥ ૧૨ ॥

'પણ "પૃથિવ્યા"' ઇત્યાદિ. 'પૃથિવ્યાઃ" એ પચમી છે. વૃષ્ટિભવન એ લિંગસહિત અન્નશ્રુતિનો પ્રકરણ, લિંગ અને સ્થાનથી બાધ શી રીતે એમ આશંકા કરી કહે છે—'વાક્યશેષ પણ' ઇત્યાદિ. પ્રબળ અને દુર્બળ પ્રમાણોનાં [1]સંનિપાતમાં બહુ દુર્બળપ્રમાણોના અત્યન્ત બાધ કરતાં પ્રબળપ્રમાણનો અલ્પબાધ કરી તેને કથંચિત્ ગૌણ અર્થમાં લેવું એ વધારે સારૂં છે એ ન્યાયથી શ્રુતિ અને લિંગ જે અન્નમાત્રનિષ્ઠ છે તેનો બાધ કરી અન્નાત્મક અને અનન્નાત્મક પૃથિવીનિષ્ઠત્વ લઈ ગૌણ કરવાં યુક્ત છે; કેમકે શ્રુતિ અને લિંગ એ બેથી અન્નમાત્રનું ગ્રહણ કરવાથી પ્રકરણાદિ જે પૃથિવીમાત્ર અર્થવાચક છે તેનો બાધ થવાનો પ્રસંગ આવે એવો ભાવ છે. પ્રકરણાદિથી પૃથિવીનું પરિગ્રહણ કરવાથી શ્રુતિ અને લિઙ્ગનો અત્યન્ત બાધ થતો નથી; કેમકે સ્વાર્થનો (અન્નનો) ત્યાગ કર્યા વગર તે આકારમાં પરિણામ પામેલી (અન્નાદિના આકારમાં પરિણામ પામેલી) પૃથિવીને વિષે પ્રવૃત્તિ ઉપપન્ન થાય છે. પણ શ્રુતિ અને લિઙ્ગથી અન્નમાત્રનું પરિગ્રહણ કરવાથી હેતુ, લિઙ્ગ અને પ્રકરણ આદિનો અત્યન્ત બાધ થાય છે; કેમકે તેઓ પૃથિવીવિષયક છે તેથી પૃથિવીનું ગ્રહણ ન કરવાથી તેઓ નિરવકાશ થાય છે. ત્યારે બે પ્રમાણસમુદાયો વચ્ચે પરસ્પર વિરોધ હોય તો બેમાંથી એકનો અત્યન્ત બાધ કરી તેને ગૌણ અર્થમાં લેવા કરતાં બીજાનો અલ્પ બાધ કરી તેને ગૌણ અર્થમાં લેવો એ વધારે સારૂં છે. તેટલા માટે શ્રુતિ અને લિઙ્ગ જે અન્નમાત્રનિષ્ઠ છે તેનો બાધ કરી પ્રકરણ આદિથી અન્નાકારમાં પરિણામ પામેલી પૃથિવીનું ગ્રહણ કરવું યુક્ત છે એવો સિદ્ધાન્ત છે. સિદ્ધાન્તનો આશય આ પ્રમાણે છે.—બે શ્રુતિઓ વચ્ચે વિરોધ થયે વસ્તુને વિષે વિકલ્પ અનુપપન્ન છે તેથી બેમાંથી એકને અનુગુણ થાય એવી રીતે બીજી ગૌણ કરવી. ત્યારે 'अद्भ्यः पृथिवी' એમાં પૃથિવી શબ્દ અન્નપર કરવો કે 'अन्नमसृजत' એમાં अन्न શબ્દ પૃથિવીપર કરવો એમ સંશય થયે મહાભૂતનો અધિકાર છે તેને અનુસારે અને પ્રાયિક કૃષ્ણ રૂપને અનુસારે તેમજ 'तद्यदपां शर आसीत्' એ શ્રુતિને પણ અનુસારે તેમજ વાક્યશેષ અન્યથા પણ ઉપપન્ન થઈ શકે છે તેથી અન્નશબ્દ અન્નકારણ પૃથિવીને વિષે છે એવો [2]રાદ્ધાન્ત છે. અન્ન વૃષ્ટિથી ઉત્પન્ન થાય છે એ વચનદ્વારા પૃથિવી [3]અબ્જન્ય છે એમ સૂચવાય છે. પૃથિવી અબ્જ છે, પૃથિવીત્વથી, અન્નની પેઠે એવું અનુમાન છે એવો અભ્યુપગમાર્થ છે. આ પ્રમાણે તિત્તિરિ શ્રુતિને અનુસારે છન્દોગ શ્રુતિ ગૌણ કરવાથી ભૂતસૃષ્ટિવાચક શ્રુતિઓનો બ્રહ્મને વિષે સમન્વય અવિરુદ્ધ છે એમ સિદ્ધ થયું ॥ ૧૨ ॥

---

૧ સાથે આવવામાં. ૨ સિદ્ધાન્ત. ૩ અબ્જન્ય = જળથી ઉત્પન્ન થયેલી.

तदभिध्यानादेव तु तल्लिङ्गात् सः ॥ १३ ॥

તેના (ઈશ્વરના) અભિધ્યાનથીજ (ભૂતોને વિષે શ્રુતિપ્રતિપાદિત ઈક્ષણ ઉપપન્ન થાય છે). તે (ઈશ્વર સાક્ષાત્ સર્વકર્તા છે), તેના (અન્તર્યામિત્વ) લિંગથી ॥ ૧૩ ॥

શું એ આકાશાદિ ભૂતો પોતેજ પોતાના વિકારોને સૃજે છે કે પરમેશ્વરજ તે તે આત્મા વડે અભિધ્યાન કરતો તે તે વિકારને સૃજે છે એમ સંદેહ થયે એ ભૂતો પોતેજ સૃજે છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે. શાથી? કેમકે 'आकाशाद्वायुर्वायोरग्निः' (આકાશથી વાયુ, વાયુથી અગ્નિ) ઇત્યાદિ સ્વાતન્ત્ર્યનું શ્રવણ છે. પણ સ્વતન્ત્ર અચેતનોની પ્રવૃત્તિનો પ્રતિષેધ કર્યો છે. એ દોષ નથી; કેમકે 'तत्तेज ऐक्षत ता आप ऐक्षन्त' [છાન્દો० ૬।૨।૩] (તે તેજે વિચાર કર્યો; તે પાણીએ વિચાર કર્યો) એમ

પૂર્વ અધિકરણોમાં મહાભૂતોમાં પૂર્વપૂર્વથી ઉત્તરોત્તરની સૃષ્ટિનો ઉપદેશ કર્યો. હવે ભૂતોનું
સ્વકાર્યમાં સ્વાતન્ત્ર્ય હોય તો બ્રહ્મ સર્વનું કારણ છે એ શ્રુતિ સાથે વિરોધ થાય એમ આ-
શંકા કરી કહે છે—'तदभिध्यानादेव' ઇત્યાદિ. ઉક્ત ભૂતોને આશ્રયે સંશય અને પૂર્વપક્ષ
દર્શાવે છે—'શું એ આકાશાદિ ભૂતો' ઇત્યાદિ. પણ અહિ ભૂતો સ્વતન્ત્ર ઉપાદાન છે
એવી આશંકા છે કે કર્તા છે એવી આશંકા છે? આદ્ય પક્ષ યુક્ત નથી; કેમકે 'रचनानुप-
पत्तेः' (બ્રહ્મ સૂ० ૨।૨।૧) ઇત્યાદિ ન્યાયથી વિરુદ્ધ છે એમ શંકા કરે છે—'પણ સ્વતન્ત્ર
અચેતનોની' ઇત્યાદિ. દ્વિતીય પક્ષ યુક્ત નથી, અચેતન છે તેથી એવો ભાવ છે. જેમ 'મ-
નુષ્ય' આદિ શબ્દોથી તે તે દેહના અભિમાની જીવો વાચ્ય થાય છે, તેમ 'आकाशाद्वायुः'
ઇત્યાદિ શ્રુતિમાં आकाशादि શબ્દોથી તે તે ભૂતોના અભિમાની દેવતાઓ વાચ્ય થાય છે. તેઓનું
સ્વકાર્ય વાયુ આદિને વિષે કર્તૃત્વ સંભવે છે, તેથી નિરપેક્ષ નિમિત્તવાચક પંચમી છે (आकाशाद्वायुः
ઇત્યાદિમાં) એવો પૂર્વપક્ષીનો અર્થ છે. એ પ્રમાણે 'तदात्मानं स्वयमकुरुत' (તેણે આત્માને જાતે કર્યો) એ
શ્રુતિમાં 'स्वयम्' એ વિશેષણ છે તેથી બ્રહ્મ અન્યની અપેક્ષા વગર સર્વનો કર્તા છે એવું સંભવે છે,
તેથી બ્રહ્મનું નિરપેક્ષ નિમિત્તત્વ શ્રુતિપ્રતિપાદિત છે. તેથી પરસ્પર નિરપેક્ષ એવી ઈશ્વરકર્તૃત્વ-
શ્રુતિ અને ભૂતકર્તૃત્વશ્રુતિનો વિરોધ છે એટલે બ્રહ્મને વિષે સમન્વય નથી એમ ફળ પૂર્વ-
પક્ષ છે એમ કહે છે—'એ દોષ નથી' ઇત્યાદિ. 'ભૂતોની પણ ચેતનત્વસૂચક શ્રુતિ
છે'—'ભૂતોની' = તેના અભિમાની દેવતાઓની એવો અર્થ છે. પૂર્વપક્ષનો આશય આ પ્ર-
માણે છે—સૃષ્ટિક્રમને વિષે ભૂતોનો અવિરોધ પૂર્વ અધિકરણોમાં પ્રતિપાદન કર્યો છે. હવે
આકાશાદિ ભૂતોની અધિષ્ઠાત્રી દેવતાઓ સ્વતન્ત્રજ ઉત્તરોત્તર ભૂતસૃષ્ટિને વિષે પ્રવૃત્ત થાય છે
કે પરમેશ્વરથી અધિષ્ઠિત પરતન્ત્ર થઈ પ્રવૃત્ત થાય છે? તેમાં 'आकाशाद्वायुर्वायोरग्निः'
એમ સ્વકાર્યમાં નિરપેક્ષ ભૂતોની શ્રુતિ છે તેથી, તેમજ પોતે ચેતન હોઈ તેને અન્ય ચેતનની
અપેક્ષાને વિષે પ્રમાણ નથી તેથી, અને પસ્તાવ અને ભિન્ન તો પરંપરાથી પણ મૂળકારણ બ્રહ્મ
હેવાથી ઉપપન્ન થાય છે તેથી સ્વતન્ત્રજ આકાશાદિ વાયુ આદિનાં કારણ છે, માટે બ્રહ્મ
જગતનું કારણ છે એ શ્રુતિનો બાધ છે એમ પૂર્વપક્ષ પ્રાપ્ત થાય છે. એમ આકાશાદિભાવ

---

૧ વિરોધ.

ભૂતોની પણ ચેતનત્વસૂચક શ્રુતિ છે. એમ પ્રાપ્ત થયે કહીએ છીએ—તેજ પરમેશ્વર તે તે આત્માએ અવસ્થિત થતો અભિધ્યાન કરતો તે તે વિકારને સૃજે છે એમ. શાથી? તેના લિંગથી; કેમકે—'यः पृथिव्यां तिष्ठन् यः पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति' [બૃહ૦ ૩।૭।૩] (જે પૃથિવીને વિષે રહેતો, જે પૃથિવીનો અભ્યન્તર છે, જેને પૃથિવી જાણતી નથી, જેનું પૃથિવી શરીર છે, જે અભ્યન્તરમાં રહી પૃથિવીને નિયમમાં મૂકે છે {તે તારો આત્મા, અન્તર્યામી, અમૃત છે}) એ પ્રકારનું શાસ્ત્ર અધ્યક્ષસહિતજ ભૂતોની પ્રવૃત્તિ દર્શાવે છે. તેમજ 'सोऽकामयत बहु स्यां प्रजायेय' (તેણે ઇચ્છયું હું બહુ થાઉં, પ્રકૃષ્ટ જન્મ પામું) એમ પ્રસ્તવી 'सच्च त्यच्चाभवत्।' 'तदात्मानं स्वयमकुरुत' [તૈત્તિ૦ ૨।૬।૧,૨।૭।૧] (તે સત્-મૂર્ત્ત અને ત્યત્-અમૂર્ત્ત થયું. તેણે—સ્વચ્છન્દવાચ્યે પોતેજ આત્માને કર્યો) એમ તેનોજ સર્વાત્મભાવ દર્શાવે છે. જળ અને તેજની જે ઈક્ષણશ્રુતિ છે તે પરમેશ્વરના આવેશને અધીનજ સમજવી; કારણ કે, 'नान्योऽतोऽस्ति द्रष्टा' [બૃહ૦ ૩।૭।૨૩] (એથી અન્ય દ્રષ્ટા નથી) એમ અન્ય

પ્રાપ્ત થયલું બ્રહ્મ સર્વનું ઉપાદાન છે તેમ તેના અભિમાની દેવતાઓના જીવભાવ પ્રાપ્ત થયલું બ્રહ્મ કર્ત્તા છે એમ પરંપરાથી, ઈશ્વર કર્ત્તા છે એમ કહેનારી શ્રુતિને અવિરોધ છે. 'स्वयम्' ('तदात्मानं स्वयमकुरुत' એમાં) એ વિશેષણ અન્ય ઈશ્વરનું નિરાકરણ કરવા માટે છે, જીવભાવની અપેક્ષાનું નિરાકરણ કરવા માટે નથી એમ એકદેશિસિદ્ધાન્ત સમજવો. મુખ્ય સિદ્ધાન્ત કહે છે—'એમ પ્રાપ્ત થયે કહીએ છીએ' ઇત્યાદિ. आकाश આદિ શબ્દો દેવતાલક્ષક નથી, કેમકે લક્ષણાનું પ્રયોજન જે મુખ્યાર્થબાધ તે નથી. પંચમીઓ પ્રકૃતિવાચક અર્થમાં છે; કેમકે તે અર્થમાં અતિશય રૂઢ છે. આ રીતે અચેતન ભૂતોનું કર્તૃત્વજ નથી તો ઇશ્વરની અપેક્ષા વગરનું કર્તૃત્વ તો ક્યાંથીજ? જોકે દેવતાઓનું કર્તૃત્વ સંભવે છે, તોપણ તેઓ ઈશ્વરના નિયમ્ય છે એવી શ્રુતિ છે તેથી ચેતનોનું પણ સ્વાતન્ત્ર્ય નથી, તો અચેતન ભૂતોનું સ્વાતન્ત્ર્ય નથી એને વિષે તો કહેવુંજ શું એમ વિચારી કહે છે—'તેના લિંગથી' ઇત્યાદિ. તે તે અચેતન આત્માએ રહેલું બ્રહ્મ ઉપાદાન છે તોપણ જીવથી વ્યાવૃત્ત ઈશ્વરત્વ આકારથીજ સાક્ષાત્ સર્વનું કર્ત્તા છે, જીવત્વદ્વારા કર્ત્તા નથી; કેમકે તે સર્વનું નિયામક છે એવું લિંગ છે એવો અર્થ છે. પ્રકરણથી પણ બ્રહ્મ સાક્ષાત્ સર્વનો કર્ત્તા છે એમ કહે છે—'તેમજ "सोऽकामयत बहु स्याम्"' ઇત્યાદિ. પૂર્વે કહેલાનો અનુવાદ કરી તેનું નિરસન કરે છે—'જળ અને તેજની જે ઈક્ષણશ્રુતિ છે' ઇત્યાદિ. પરમેશ્વરનો અન્તર્યામિભાવે આવેશ એ સંબન્ધ છે, ને સંબન્ધને અધીન ભૂતોને વિષે ઈક્ષણ અને શ્રવણ છે, એટલાથી કંઈ તેઓ ચેતન કે સ્વતન્ત્ર છે એમ નથી એવો અર્થ છે. આથી 'तदभिध्यानात्' એ પદનું વ્યાખ્યાન થયું સમજવું. સૂત્રની યોજના આ પ્રમાણે કરવી—તે ઈશ્વર તે તે આત્માએ અવસ્થિત છે તોપણ સાક્ષાત્જ સર્વનો કર્ત્તા છે; તે અન્તર્યામી છે એવું લિંગ છે તેથી; અને જીવત્વદ્વારા કર્તૃત્વ એ તો જીવનુંજ કર્તૃત્વ એમ અન્તર્યામીનું કર્તૃત્વ અસિદ્ધ થવાથી અન્તર્યામિત્વ યુક્ત થતું નથી. તેથી તેના અભિધ્યાનથી—ઈશ્વરના ઈક્ષણથીજ ભૂતોને વિષે શ્રુતિપ્રતિપાદિત ઈક્ષણ ઉપપન્ન છે તેથી 'तत्तेज ऐक्षत'(તે તેજે વિચાર્યું) એમ શ્રુતિપ્રતિપાદિત ઈક્ષિતા પરમાત્માજ છે એને

૧ જળે અને તેજે ઈક્ષા કરી—ઇત્યાદિ—એવી શ્રુતિ છે તે.

ઇક્ષિતનો પ્રતિષેધ છે; અને 'तदैक्षत बहु स्यां प्रजायेय' (તેણે વિચાર્યું કે હું બહુ થાઉં, પ્રકૃષ્ટ જન્મ પામું) એમ સત્ ઈક્ષિતા પ્રકૃત છે ॥ ૧૩ ॥

विपर्ययेण तु क्रमोऽत उपपद्यते च ॥ १४ ॥

પણ આથી (પ્રલયનો) ક્રમ ઉલટી રીતે (થવો યુક્ત છે) અને ઉપપન્ન થાય છે. ॥ ૧૪ ॥

ભૂતોનો ઉત્પત્તિક્રમ વિચાર્યો. પછી હવે પ્રલયક્રમ વિચારાય છે. શું અનિયતક્રમથી પ્રલય છે કે ઉત્પત્તિક્રમથી કે તેથી વિપરીતક્રમથી એમ. ભૂતોનાં ત્રણે પણ, ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયો, શ્રુતિમાં બ્રહ્મને અધીન કહ્યાં છે—'यतो वा इमानि भूतानि जायन्ते। येन जातानि जीवन्ति। यत्प्रयन्त्यभिसंविशन्ति' [તૈત્તિ૦ ૩।૧।૧] (જેમાંથી એ ભૂતો ઉત્પન્ન થાય છે, જે વડે ઉત્પન્ન થયલાં જીવે છે, જે પ્રત્યે પ્રયાણ કરે છે અને તાદાત્મ્ય પામે છે) એમ. તેમાં અનિયમ છે, વિશેષ નથી એમ

માટે અન્ય શ્રુતિ અને પ્રકરણ કહે છે—'नान्योऽतोऽस्ति द्रष्टा' ઇત્યાદિ. તેટલા માટે ઈશ્વરપદાર્થનો લોપ પ્રસક્ત થાય તેથી, ઈશ્વરથી અન્યને સ્વાતન્ત્ર્ય નથી તેથી ઈશ્વરકર્તૃત્વ શ્રુતિને ભૂતશ્રુતિ સાથે વિરોધ નથી એમ સિદ્ધ થયું. સિદ્ધાન્તનો આશય આ પ્રમાણે છે—'आकाशाद्वायुः' ઇત્યાદિ શ્રુતિઓ આકાશાદિ ઉપાદાન છે એમ કહે છે, સ્વતન્ત્ર અધિષ્ઠાતા છે એમ કહેતી નથી. વળી ચેતનો સ્વકાર્યને વિષે સ્વતન્ત્ર છે એ પણ ઐકાન્તિક નથી; કેમકે બધે આવે તેવાં (ચેતનો) પરતન્ત્રો પણ ઉપલબ્ધ થાય છે, જેમકે સેવક, શિષ્ય ઇત્યાદિ. તેટલા માટે લિંગ અને પ્રસ્તાવ સમંજસ થાય તેટલા માટે તે ઈશ્વરજ ને તે આકાશાદિભાવે ઉપાદાનભાવે અવસ્થિત થતો પોતે અધિષ્ઠાતારૂપે નિમિત્તકારણ થઈ તે તે વાયુ આદિ વિકારોને સર્જે છે એ યુક્ત છે. નહિ તો લિંગ અને પ્રસ્તાવ કથંચિત્-કદર્થિત થશે. પરમેશ્વરજ અન્તર્યામિભાવે આવિષ્ટ થયલો ઈક્ષિતા છે, તેટલા માટે સર્વ કાર્યસમૂહનો સાક્ષાત્ પરમેશ્વરજ અધિષ્ઠાતા નિમિત્તકારણ છે, સ્વકાર્યાદિભાવ પ્રાપ્ત થયલો નહિ. આકાશાદિભાવ પ્રાપ્ત થયલો ઈશ્વર તો ઉપાદાનકારણ છે એમ સિદ્ધ થયું ॥ ૧૩ ॥

સૃષ્ટિક્રમનું અભિધાન કરી લયક્રમનું અભિધાન કરે છે—'विपर्ययेण' ઇત્યાદિ. જોકે અહિં શ્રુતિવિરોધનો સાક્ષાત્ પરિહાર કરાતો નથી તોપણ ઉત્પત્તિક્રમનું નિરૂપણ થયું એટલે બુદ્ધિસ્થ લયક્રમનો વિચાર થાય છે એમ પ્રાસંગિકીજ સંગતિ છે એવા અભિપ્રાયથી કહે છે—'ભૂતોનો ઉત્પત્તિક્રમ' ઇત્યાદિ. અહિં ઉત્પત્તિક્રમથી પ્રલયક્રમ વિપરીત છે એવો નિર્ણય છે તેથી સિદ્ધાન્તમાં વિપરીતક્રમે લયધ્યાનપૂર્વક પ્રત્યગ્બ્રહ્મને વિષે મનની સમાધિ એ ફળ છે. પૂર્વપક્ષમાં તો કારણનો નાશ થયે કાર્યનો નાશ છે એમ સર્વ લયનો આધાર બ્રહ્મ અસિદ્ધ છે તેથી ઉક્ત સમાધિ અસિદ્ધ છે એમ ભેદ છે. મહાભૂતોનો લય થયે ક્રમનો વિચાર થાય, પણ લયજ નથી એમ કેટલાક માને છે, તેઓ પ્રત્યે કહે છે—'ભૂતોનાં ત્રણે પણ' ઇત્યાદિ. 'અનિયમ છે'

---

૧ ઉત્પત્તિક્રમથી. ૨ કંપન, ચલન. ૩ આશ્રિત.

પ્રાપ્ત થાય છે. અથવા ઉત્પત્તિનો ક્રમ શ્રુતિમાં કહ્યો છે તેથી ક્રમના આકાંક્ષી પ્રલયનો પણ તેજ ક્રમ થાય એમ પ્રાપ્ત થાય છે. એમ પ્રાપ્ત થયું તેથી અમે કહીએ છીએ—પણ એથી એટલે ઉત્પત્તિક્રમથી પ્રલયક્રમ ઉલટો થવો યુક્ત છે; કેમકે લોકમાં જે ક્રમે પગથીઆં ચઢે છે તેથી વિપરીત ઉતરે છે એમ દેખાય છે. વળી મૃત્તિકાથી ઉત્પન્ન થયેલું ઘટ, શરાવ આદિ પ્રલયકાળમાં મૃત્તિકાભાવમાં પ્રલીન થાય છે અને પાણીમાંથી ઉત્પન્ન થયેલું હિમ, કરા આદિ જળભાવમાં પ્રલીન થાય છે એમ દેખાય છે. વળી આથી એ ઉપપન્ન થાય છે; કેમકે પૃથિવી જળથી ઉત્પન્ન થઈ છતી સ્થિતિકાળ વ્યતિક્રાન્ત થયે જળને વિષે પ્રલય પામે અને જળ તેજથી ઉત્પન્ન થયેલું છતું તેજને વિષે પ્રલય પામે. એ પ્રમાણે ક્રમે અનન્તર, અનન્તર સૂક્ષ્મ, સૂક્ષ્મતર કારણમાં પ્રલય પામી સર્વ કાર્યસમુદ્ર પરમકારણ પરમસૂક્ષ્મ બ્રહ્મને વિષે પ્રલય પામે છે એમ સમજવું; કેમકે પોતાના કારણનો [6]વ્યતિક્રમ કરી કારણના કારણને વિષે કાર્યનો પ્રલય ન્યાય્ય નથી. સ્મૃતિમાં પણ ઉત્પત્તિક્રમથી ઉલટી રીતેજ પ્રલયક્રમ ત્યાં ત્યાં દર્શાવ્યો છે—'जगत्प्रतिष्ठा देवर्षे पृथिव्यप्सु प्रलीयते । ज्यो-

એમ અનારભ્યાથી કહ્યું છે. [1]શ્રૌત પ્રલયના ક્રમની આકાંક્ષાને વિષે શ્રૌત ઉત્પત્તિક્રમજ બાધ્ય છે; કેમકે શ્રૌત હોવાથી તે આન્તરંગ છે એવો પૂર્વપક્ષ છે. કારણ છતે કાર્ય નાશ પામે છે એમ લોકમાં દેખાય છે. તેથી શ્રૌત છે તોપણ ઉત્પત્તિક્રમ લયને વિષે ગ્રહણ કરાતો નથી, પણ લૌકિકક્રમજ ગ્રહણ કરાય છે; કેમકે શ્રુતિ લોકસ્થ પદાર્થબોધને અધીન હોવાથી શ્રૌતક્રમથી પણ લૌકિકક્રમ આન્તરંગ છે અને યોગ્ય છે. કારણજ કાર્યનું રૂપ છે એ, કાર્ય કારણથી અનન્ય છે એ ન્યાયે સ્થાપેલું છે. ખરેખર, સ્વરૂપનો નાશ થયે કાર્યની ક્ષણ પણ સ્થિતિ યુક્ત નથી; તેટલા માટે ઉત્પત્તિક્રમ લયને વિષે અયોગ્ય હોવાથી ગ્રાહ્ય નથી, કારણ કે લૌકિકક્રમથી વિરુદ્ધ હોવાથી [4]નિરાકાંક્ષ છે એમ સિદ્ધાન્ત કરે છે—'તેથી અમે કહીએ છીએ' ઇત્યાદિ. લોકસ્થપદાર્થબોધને અધીન શ્રુતિ છે, તેથી લૌકિક વિશેષક્રમ શ્રુતિથી [3]અનિષિદ્ધ છે તેથી લૌકિકક્રમે શ્રૌતક્રમનો બાધ યુક્ત છે એમ 'उपपद्यते' એ સૂત્રાવયવનું વ્યાખ્યાન કરે છે—'કેમકે લોકમાં' ઇત્યાદિ. ચકારથી સૂચિત અન્ય ઉપપત્તિ કહે છે—'વળી મૃત્તિકાથી ઉત્પન્ન થયેલું' ઇત્યાદિ. લૌકિક દર્શન એવું હોવાં છતાં પણ પ્રકૃતમાં શું આવ્યું એમ આશંકા થયે તત્પરત્વે પણ સૂત્રાવયવને યોજે છે—'વળી આથી એ ઉપપન્ન થાય છે' ઇત્યાદિ. જો પૃથિવી આદિનો જળાદિને વિષે લય છે તો બ્રહ્મને વિષે સર્વ કાર્યનો લય શી રીતે એમ આશંકા કરીને તે તે કારણના સ્વરૂપ બ્રહ્મને વિષે તે તે કાર્યનો લય સ્વીકારવાથી તેનેજ વિષે—બ્રહ્મનેજ વિષે [5]પર્યવસાન છે એમ માની કહે છે—'એ પ્રમાણે ક્રમે' ઇત્યાદિ. ક્રમે પરંપરાથી સર્વ કાર્યના લયનું આશ્રયસ્થાન બ્રહ્મ છે એમ શા માટે આશ્રય કરો છો, બ્રહ્મ સાક્ષાત્ સર્વકાર્યના લયનો આધાર કેમ ન થાય; પરંપરાસંબંધનો પરિત્યાગ કરી સાક્ષાત્ બ્રહ્મને વિષે સર્વ કાર્યલયનો સ્વીકાર વિશેષ બળવાન્ છે એમ આશંકા કરી કહે છે—'કેમકે પોતાના કારણનો વ્યતિક્રમ કરી' ઇત્યાદિ. કેમકે મૃત્તિકાના કાર્ય ઘટાદિનો પરમાણુને વિષે લય સ્વીકારાતો નથી; કારણ કે અન્યથા ઘટાદિનો નાશ થયે પરમાણુ અતીન્દ્રિય હોવાથી કપાલની પણ ઉપલબ્ધિ થાય નહિ, ઘટનો નાશ થયે મૃત્તિકાની અનુપલબ્ધિનો પ્રસંગ આવે એવો અર્થ છે. 'वायुश्च लीयते व्योम्नि तदप्यव्यक्ते प्रलीयते । अव्यक्तं पुरुषे ब्रह्मन् निष्कले संप्रलीयते'

૧ બાધ્ય. ૨ બીજાની ઇચ્છા રહિત. ૩ અનિષિદ્ધ-નિષેધ નહિ કરેલ. ૪ તેને વિષે આકાંક્ષા નથી. ૫ સમાપ્તિ. ૬ અતિક્રમ-ઉલ્લંઘન.

निष्पादः प्रलीयन्ते ज्योतिर्वायौ प्रलीयते' (હે દેવર્ષિ, જગત્ની પ્રતિષ્ઠા, પૃથિવી જળમાં પ્રલીન થાય છે, જળ તેજમાં પ્રલય પામે છે, તેજ વાયુમાં પ્રલય પામે છે) ઇત્યાદિને વિષે. ઉત્પત્તિક્રમ તો ઉત્પત્તિને વિષે શ્રુતિમાં કહ્યો છે તેથી પ્રલયમાં થાય એ યુક્ત નથી; અને એ અયોગ્ય હોવાથી પ્રલયને એની આકાંક્ષા નથી; કેમકે કાર્ય અવસ્થિત હોય ત્યારે કારણનો પ્રલય યુક્ત નથી; કારણ કે કારણનો પ્રલય થયે કાર્યની અવસ્થિતિ અનુપપન્ન છે, કાર્યનો પ્રલય થયે તો કારણની અવસ્થિતિ યુક્ત છે; કેમકે મૃત્તિકા આદિમાં એ પ્રમાણે જોવામાં આવે છે ॥ ૧૪ ॥

(વાયુ આકાશને વિષે લીન થાય છે, અને તે આકાશને વિષે પ્રલીન થાય છે; હે બ્રહ્મન્, આત્મા નિરવયવ પુરુષને વિષે સંપ્રલીન થાય છે) એ વાક્યનું 'ઇત્યાદિને વિષે'માં 'આદિ' શબ્દથી ગ્રહણ કરવું. એ સ્મૃતિસ્થ 'આદિ' પદનો અર્થ છે એમ સમજવું. પણ સ્મૃતિના ક્રમથી અને દૃષ્ટિક ન્યાયથી શ્રુતિનો ક્રમ વિશેષ સંનિહિત છે તેથી આકાંક્ષા અને સંનિધિથી તેજ ગ્રહણ કરવા યોગ્ય છે એમ આશંકા કરી યોગ્યતાનો અભાવ હોય તેથી એમ નથી એમ કહે છે—'ઉત્પત્તિક્રમ તો' ઇત્યાદિ. વળી આકાંક્ષા પણ તેમાં નથી એમ કહે છે—'અને એ અયોગ્ય હોવાથી' ઇત્યાદિ. 'योग्यताधीनः संबन्धः' (યોગ્યતાને અધીન સંબન્ધ છે) એ ન્યાયથી અયોગ્ય ક્રમનો બાધ છે એમ સિદ્ધ થયું. સૂત્રનો આશય નીચે પ્રમાણે છે:—ઉત્પત્તિને વિષે મહાભૂતોનો ક્રમ શ્રુતિમાં કહ્યો છે, પ્રલયમાં કહ્યો છે, કેમકે પ્રલયમાત્ર શ્રુતિમાં કહ્યો છે. તેમાં નિયમનો સંભવ હોય તો અનિયમ યુક્ત નથી, કેમકે અનિયમ વ્યવસ્થારહિત છે; અને વ્યવસ્થા હોય તો અવ્યવસ્થા યુક્ત નથી. હવે ક્રમભેદની અપેક્ષાને વિષે ઉત્પત્તિનો પ્રલયક્રમ એ ઉપાય છે ને મહાભૂતોના પ્રલયક્રમનો નિયામક થઈને અંત ઉત્પત્તિક્રમ નિયામક થાય એમ સંશય કરે અંતઃક્રમને [illegible] છે, કેમકે સમાનજાતીય હોવાથી તેજ બુદ્ધિમાં સમીપ છે; દૃષ્ટક્રમ અપેક્ષિત નથી; કેમકે તે વિજાતીય છે. તેટલા માટે અંતજ ઉત્પત્તિક્રમ વડે પ્રલયક્રમ નિયમિત થાય છે. એવો પૂર્વપક્ષ છે. સિદ્ધાન્ત આવો છે કે પ્રલયના ક્રમની અપેક્ષાને વિષે ઉત્પત્તિક્રમજ નિયામક થવો જોઈએ; પણ પ્રલયને ક્રમની અપેક્ષા નથી; કેમકે દૃષ્ટાનુમાનથી ઉપનીત થએલો ક્રમભેદ શ્રુતિને અનુસરતો એવો પણ જે પ્રલયક્રમ તેનો બાધ કરે છે, કારણ કે પ્રલયક્રમ હોય તો ઉપાદાનનો ઉપરમ થયે ઉપાદેય વિદ્યમાન છે એમ થાય. પણ તેમ નથી; તેટલા માટે તેથી વિરુદ્ધ જોવાનો આગળ ક્રમથી વિરુદ્ધ હોવાને લીધે આકાંક્ષા નથી; કેમકે અન્યક્રમ પ્રત્યે તે અયોગ્ય છે. તેટલા માટે સૂત્રકારે 'उपपद्यते च' એમ કહ્યું છે; ભાષ્યકારે પણ કહ્યું છે કે 'અને એ અયોગ્ય હોવાથી પ્રલયને એની આકાંક્ષા નથી.' તેટલા માટે ઉત્પત્તિક્રમથી વિપરીતક્રમ છે એ ન્યાયમૂલ સ્મૃતિ કહી છે ॥ ૧૪ ॥

---

૧ યોગ્ય.

ઊંચે જતો—અન્ય શરીરમાં જતો મરતો કહેવાય છે) એ શ્રુતિ. જન્મશબ્દ અને મરણશબ્દ શરીરસંયોગ અને શરીરવિયોગને લીધે છે એમ દર્શાવે છે. જાતકર્મ આદિ વિધાન પણ દેહપ્રાદુર્ભાવની અપેક્ષાએજ છે એમ સમજવું; કેમકે જીવપ્રાદુર્ભાવનો અભાવ છે. આકાશાદિની પેઠે પર આત્મામાંથી જીવની ઉત્પત્તિ છે કે નથી તે ઉત્તર સૂત્રથી કહેશે. પણ સ્થૂલ ઉત્પત્તિ અને પ્રલય દેહને વિષે છે, જીવનાં નથી એ આ સૂત્ર વડે કહ્યું ॥ ૧૬ ॥

नात्माऽश्रुतेर्नित्यत्वाच्च ताभ्यः ॥ १७ ॥

આત્મા (ઉત્પન્ન થતો) નથી, શ્રુતિ નથી તેથી અને નિત્ય છે તેથી, તેઓને (શ્રુતિઓને) લીધે ॥ ૧૭ ॥

શરીર અને ઇન્દ્રિયોના પાંજરાનો અધ્યક્ષ અને કર્મફળના સંબન્ધવાળો જીવસંજ્ઞક આત્મા છે. તે શું આકાશાદિની પેઠે બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે કે બ્રહ્મની પેઠેજ ઉત્પન્ન થતો નથી એમ શ્રુતિઓના વિરોધને લીધે સંશય છે. કેટલીક શ્રુતિઓને વિષે અગ્નિવિસ્ફુલિંગ આદિ દૃષ્ટાન્તોથી જીવાત્માની પરબ્રહ્મથી ઉત્પત્તિ શ્રવણ કરાય છે; અને કેટલીકમાં અવિકૃતજ પર બ્રહ્મ કાર્યમાં પ્રવેશ કરી જીવ થાય છે એમ સમજાય છે; પણ ઉત્પત્તિ શ્રવણ કરાતી નથી એમ. તેમાં જીવ ઉત્પન્ન થાય છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે. શાથી? પ્રતિજ્ઞાને બાધ ન આવે તેથીજ. 'एकस्मिन् विदिते सर्वमिदं विदितम्' (એકનું જ્ઞાન થયે એ સર્વનું જ્ઞાન થાય છે)

પણ ઉત્તર સૂત્રમાં જીવના જન્માદિનું નિરસન કર્યું છે, અહિં પણ તેનું નિરસન કરવાથી પુનરુક્તિ થાય એમ આશંકા કરી કહે છે—'આકાશાદિની પેઠે' ઇત્યાદિ. તેટલા માટે એ પ્રમાણે જાતેષ્ટિ આદિ શાસ્ત્ર ઔપાધિક જન્માદિ વિષે છે તેથી જીવ અજ છે એમ પ્રતિપાદન કરનાર શ્રુતિ સાથે વિરોધ નથી એમ સિદ્ધ થયું ॥ ૧૬ ॥

અગ્નિના વિસ્ફુલિંગની પેઠે એ પરમાત્મામાંથી સર્વે જીવો નીકળે છે ઇત્યાદિ જીવની ઉત્પત્તિ દર્શાવનારી શ્રુતિઓનો અને '**स एष इह प्रविष्ट आ नखाग्रेभ्यः**' (તે એ અહિં નખના અગ્રપર્યન્ત પ્રવિષ્ટ છે), '**अज आत्मा**' (આત્મા જન્મરહિત છે) ઇત્યાદિ જીવની અનુત્પત્તિ દર્શાવનારી શ્રુતિઓનો પરસ્પર વિરોધ હોવાથી સંશય થયે દેહને જન્મ અને નાશ થયે જીવને જન્મ અને નાશ ન થાઓ, કેમકે અન્ય દેહથી ભોગ્ય સ્વર્ગાદિ જેનું નિમિત્ત છે એવો વિધિ અસંભવિત થાય છે, પણ કલ્પના આદિ અને અન્તમાં આકાશને થાય છે તેમ જીવને ઉત્પત્તિ અને પ્રલય કેમ ન થાય; કારણ કે તેનો સંભવ છે એમ પ્રત્યુદાહરણથી પૂર્વપક્ષ કહે છે—'**તેમાં જીવ ઉત્પન્ન થાય છે**' ઇત્યાદિ. શરીરની પેઠે જીવને ઉત્પત્તિ અને વિનાશનો અભાવ છે, તોપણ કલ્પના આરંભમાં આકાશાદિની પેઠે જીવ ઉત્પન્ન થાય છે અને પ્રલયને વિષે નાશ પામે છે એમ સ્વીકારવાનું છે; કેમકે એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થાય છે એથી પોષિત જે જીવોત્પત્તિવાક્ય તે પ્રબલ હોવાથી '**न जायते**' ઇત્યાદિ વાક્યોને શરીરની પેઠે કલ્પની

એ પ્રતિજ્ઞાને સર્વ વસ્તુસમૂહ બ્રહ્મથી ઉત્પન્ન થયે બાધ ન આવે. પણ જો જીવ અન્ય તત્ત્વ હોય તો એ પ્રતિજ્ઞાને બાધ આવે; અને અવિકૃત પરમાત્માજ જીવ છે એવું વિજ્ઞાન શક્ય નથી; કેમકે લક્ષણમાં ભેદ છે; કારણ કે જેનાં પાપ નષ્ટ થયાં છે એ અને એવા ધર્મવાળો પરમાત્મા છે અને તેથી વિપરીત જીવ છે. વળી વિભાગથી એ વિકાર છે એમ સિદ્ધ થાય છે. આકાશાદિ જેટલાં પ્રવિભક્ત છે તે સર્વ વિકાર છે અને તે આકાશાદિની ઉત્પત્તિ સમજાઈ છે. જીવાત્મા પણ પુણ્ય અને અપુણ્ય કર્મવાળો અને સુખ અને દુઃખથી જોડાયલો પ્રતિશરીર પ્રવિભક્ત છે; તેથી પ્રપંચની ઉત્પત્તિના અવસરમાં તેની પણ ઉત્પત્તિ થવી યુક્ત છે. વળી 'यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः' [બૃહ૦ ૨।૧।૨૦] (જેમ અગ્નિમાંથી નાના તણખાઓ ઊંચે ચડે છે, એજ પ્રમાણે આ આત્મામાંથી સર્વ પ્રાણો નીકળે છે) એ પ્રમાણે પ્રાણાદિ ભોગ્યસમૂહની સૃષ્ટિનો ઉપદેશ કરી 'सर्वे एते आत्मानो व्युच्चरन्ति' (એ સર્વ આત્માઓ નીકળે છે) એમ ભોક્તા આત્માઓની પૃથક્ સૃષ્ટિનો ઉપદેશ કરે છે. 'यथा सुदीप्तात् पावकाद्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः । तथाऽक्षराद्विविधाः सोम्य भावाः संजायन्ते तत्र चैवापियन्ति' [મુ૦ ૨।૧।૧] (જેમ [1]સુદીપ્ત અગ્નિમાંથી હજારો [2]સરખા તણખાઓ ઉત્પન્ન થાય છે, તેમ હે સોમ્ય, અવિનાશીમાંથી વિવિધ [3]ભાવો પ્રકૃષ્ટ જન્મ પામે છે અને તેનેજ વિષે લય પામે છે) એમાં પણ જીવાત્માનાં ઉત્પત્તિ અને પ્રલય કહ્યાં છે, सरूप (સરખા) કહ્યા છે તેથી; કારણ કે જીવાત્માઓ પરમાત્માના સરખા છે, ચૈતન્યનો યોગ

જન્મમાં ફરી ફરી જન્મ પામતો નથી એવા અર્થમાં હોવાથી ઉપપત્તિ થાય છે. 'अविनाशी वा अरे अयमात्मा' (અરે, એ આત્મા અવિનાશી છે) ઇત્યાદિ વાક્યનું પણ એમજ વ્યાખ્યાન કરવું. એ પક્ષમાં પારલૌકિક શાસ્ત્રફળ અનુપપન્ન થશે એમ ન સમજવું: કેમકે પ્રલય સુધી પરલોકગમન થાય છે એમ શાસ્ત્રીય ફળનો બોધ સમજે છે. પણ એ રીતે 'तत्त्वमसि' (તે તું છે) એ અભેદપ્રતિપાદન અસંગત થશે એમ આશંકા કરી એકદેશીને મતે એ વાક્યનું યોજના વ્યાખ્યાન કરવું એમ કહે છે—' અને અવિકૃત પરમાત્માજ જીવ છે ' ઇત્યાદિ. એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા સિદ્ધ થવા માટે અવિકૃત બ્રહ્મજ અહિં પ્રવિષ્ટ થયું જીવ છે, તત્ત્વાન્તર જીવ નથી એમ હેતુ એવી શંકાનો ઉત્તર કહે છે—' લક્ષણમાં ભેદ છે ', લક્ષણમાં ભેદ છે તે સ્પષ્ટ છે—' જેનાં પાપ નષ્ટ થયાં છે ' ઇત્યાદિ. જીવ પરમાત્માથી ભિન્ન છે, વિરુદ્ધધર્મવાળો છે તેથી. હવે જીવ જો ભિન્ન ને અવિકાર હોય તો પ્રતિજ્ઞાનો બાધ થાય એ હવેથી કહ્યું. વિભાગ ઉપરથી અનુરહીત. એ [4]ઉત્પત્તિશ્રુતિ ને વિરોધ બતાવવું હોવાથી [5]પ્રવેશશ્રુતિ ' જીવરૂપ વિકારાત્મા વડે ઈશ્વર પ્રવિષ્ટ થયો ' એમ સમજવી એવો અનુવાદનો અર્થ છે. 'यथा सुदीप्तात्' ઇત્યાદિ દૃષ્ટાન્તશ્રુતિ છે તેથી 'भावाः' એટલે જીવો એવો નિશ્ચય થાય છે. પણ 'आत्मन आकाशः संभूतः' (આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું) ઇત્યાદિને વિષે જીવની ઉત્પત્તિનું શ્રવણ નથી તેથી જીવની અનુત્પત્તિ છે, તેને વિષે કહે

[1] સારી રીતે પ્રજ્વલિત થયેલા. [2] અગ્નિના જેવા. [3] જીવો. [4] જીવની ઉત્પત્તિ દર્શાવનાર શ્રુતિ જેમાં અગ્નિ અને વિસ્ફુલિંગનું દૃષ્ટાન્ત છે તે, જેમકે 'यथा सुदीप्तात्' ઇત્યાદિ શ્રુતિ. [5] 'स एष इह प्रविष्ट आ नखाग्रेभ्यः' ઇત્યાદિ શ્રુતિ.

છે તેથી. વળી ક્વચિત્ અશ્રવણ અન્યત્ર જેનું શ્રવણ છે તેને અટકાવે એ યુક્ત નથી; કેમકે અન્ય શ્રુતિમાં રહેલો પણ જે અવિરુદ્ધ અધિક અર્થ તે સર્વત્ર ઉપસંહાર તરીકે લેવો યુક્ત છે. એમ થયે પ્રવેશશ્રુતિ પણ પર આત્મા વિકારભાવ પ્રાપ્ત કરે છે એમજ સમજાવવી; 'तदात्मानं स्वयमकुरुत' (તેણે આત્માને જાતે કર્યો) ઇત્યાદિની પેઠે. તેટલા માટે જીવ ઉત્પન્ન થાય છે. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ કે આત્મા-જીવ ઉત્પન્ન થતો નથી. શાથી? શ્રુતિ નથી તેથી; કારણ કે ઘણા પ્રદેશોમાં ઉત્પત્તિપ્રકરણમાં એની શ્રુતિ નથી. પણ ક્વચિત્ અશ્રવણ, અન્યત્ર જેનું શ્રવણ છે તેને અટકાવે એ યુક્ત નથી એમ કહ્યું છે. ખરી વાત છે, કહ્યું છે. પણ એની ઉત્પત્તિજ સંભવતી નથી એમ અમે કહીએ છીએ. શાથી? અને નિત્ય છે તેથી, તેઓને (શ્રુતિઓને) લીધે. च (અને) શબ્દ છે તેથી અજત્વ આદિ ધર્મોથી એમ સમજવું; કેમકે એનું નિત્યત્વ તેમજ અજત્વ, અવિકારિત્વ અને અવિકૃતજ બ્રહ્મનું જીવાત્માએ અને બ્રહ્માત્માએ અવસ્થાન એ બધું શ્રુતિઓથી સમજાય છે; અને એવું-જેવું રૂપ છે તેની ઉત્પત્તિ ઉપપન્ન થતી નથી. તે કઈ શ્રુતિઓ છે? 'न जीवो म्रियते' [છાન્દો૦ ૬।૧૧।૩] (જીવ મરણ પામતો નથી), 'स वा एष महानज आत्माऽजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म' [બૃહ૦ ૪।૪।૨૫] (તે એ મોટો અજ, આત્મા છે, પરિણામરહિત, અવિનાશી[1] અમૃત અને અભય બ્રહ્મ છે), 'न जायते म्रियते वा विपश्चित्' [કઠ૦ ૨।૧૮] (વિદ્વાન્ આત્મા જન્મ પામતો નથી કે મરણ પામતો નથી), 'अजो नित्यः शाश्वतोऽयं पुराणः' [કઠ૦ ૨।૧૮] (એ અજ, નિત્ય[2] શાશ્વત અને [3]પુરાણ છે), 'तत् सृष्ट्वा तदेवानुप्राविशत्' [તૈત્તિ૦ ૨।૬।૧] (તેને સરજી તેમાં અનુપ્રવેશ કર્યો), 'अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि' [છાન્દો૦ ૬।૩।૨] (આ જીવરૂપ આત્મા વડે અનુપ્રવેશ કરી નામરૂપનો વ્યાકાર કરૂં), 'स एष इह प्रविष्ट आ नखाग्रेभ्यः' [બૃહ૦ ૧।૪।૭] (તે, એ અહિં નખાગ્રપર્યન્ત પ્રવિષ્ટ છે), 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે), 'अहं ब्रह्मास्मि' [બૃહ૦ ૧।૪।૧૦] (હું બ્રહ્મ છું), 'अयमात्मा ब्रह्म सर्वानुभूः' [બૃહ૦ ૨।૫।૧૯] (એ આત્મા, બ્રહ્મ, સર્વાત્માઓ સર્વનો અનુભવ કરનાર) એ અને એવી બીજી શ્રુતિઓ જીવનું નિત્યત્વ વદી તેની ઉત્પત્તિનો પ્રતિબન્ધ કરે છે. પણ જીવ પ્રવિભક્ત હોવાથી વિકાર છે.

છે—'વળી ક્વચિત અશ્રવણ' ઇત્યાદિ. એમ જીવ વિકાર થયે વિકારપ્રપંચાત્મા વડે 'स्वात्मानमकुरुत' (પોતાના આત્માને કર્યો) એની પેઠે વિકારજીવાત્મા વડે પ્રવેશ છે એવો અર્થ છે. અજત્વાદિ શ્રુતિ કલ્પમધ્યમાં જીવની અનુત્પત્તિ આદિ વિષે છે; 'तत्त्वमसि' એ શ્રુતિ 'मृद् घटः' (મૃત્તિકા ઘટ) એ અભેદવાક્યની પેઠે સમજાવવી એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. ધર્મોની પેઠે સત્ય વિભાગ એ હેતુ છે કે

---

૧ જન્મ, અપક્ષય અને વિનાશરૂપી ત્રણ ભાવવિકારોથી વર્જિત છે, તેથી અન્ય, વૃદ્ધિ આદિ ત્રણ વિકારથી અને તત્કૃત કામ, કર્મ, મોહ આદિ મૃત્યુરૂપથી વર્જિત. ૨ અપક્ષયવિવર્જિત. ૩ વૃદ્ધિવિવર્જિત.

અને વિકાર હોવાથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. એને વિષે કહીએ છીએ—એનો પ્રવિભાગ પોતાની મેળે નથી; કેમકે 'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा' [શ્વેતા૦ ૬।૧૧] (એક દેવ, સર્વ ભૂતોને વિષે ગૂઢ, સર્વવ્યાપી, સર્વભૂતોનો અન્તરાત્મા) એવી શ્રુતિ છે. પણ બુદ્ધિ આદિ ઉપાધિને લીધે એ પ્રવિભક્ત દેખાય છે, જેમ ઘટાદિસંબન્ધને લીધે આકાશ દેખાય છે તેમ; કેમકે 'स वा अयमात्मा ब्रह्म विज्ञानमयो मनोमयः प्राणमयश्चक्षुर्मयः श्रोत्रमयः' [બૃહ૦ ૪।૪।૫] (તે એ આત્મા બ્રહ્મ છે, વિજ્ઞાનમય છે, મનોમય છે, પ્રાણમય, ચક્ષુર્મય અને શ્રોત્રમય છે) એ આદિ શાસ્ત્ર બ્રહ્મજ જે અવિકૃત હોઈ એ એક છે તે અનેક બુદ્ધયાદિમય છે એમ દર્શાવે છે. એ તન્મય છે એટલે વિવિક્ત સ્વરૂપ અભિવ્યક્ત કરતું નથી, પણ તેથી એનું સ્વરૂપ ઉપરક્ત છે એમ સમજવું, જેમ સ્ત્રીમય (સ્ત્રીપરતન્ત્ર) જાલ્મ સમજાય છે તેમ. ક્વચિત્ એનાં ઉત્પત્તિ અને પ્રલયની જે પણ શ્રુતિ છે તે પણ એજ ઉપાધિસંબન્ધથી ગૌણ અર્થમાં સમજવી; ઉપાધિની ઉત્પત્તિથી એની ઉત્પત્તિ છે અને તેના પ્રલયથી પ્રલય છે એમ; કેમકે "'प्रज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु विनश्यति न प्रेत्य संज्ञास्ति' [બૃહ૦ ૪।૫।૧૩] (વિજ્ઞાનૈકરસજ એ ભૂતોમાંથી સમુત્થાન કરી એનીજ પાછળ વિનાશ પામે છે, મરણ પછી જ્ઞાન નથી) એ શ્રુતિ દર્શાવે છે. તેમજ એ ઉપાધિનોજ પ્રલય છે, આત્માનો વિલય નથી એ પણ અહિંજ 'मा भगवान् मोहान्तमापीपदन्न वा अहमिमं विजानामि न प्रेत्य संज्ञास्ति' (ભગવાને મને મોહમધ્યે મૂકી છે, આનું મને વિજ્ઞાન નથી

ઔપાધિક વિનાશ હેતુ છે ? આવે પક્ષ યુક્ત નથી, અસિદ્ધ છે તેથી એમ કહે છે—'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. દ્વિતીય પક્ષમાં જીવ સ્વતઃ વિકાર છે એમ સિદ્ધ નથી; કેમકે તે અપ્રયોજક છે એમ કહે છે—'બુદ્ધિ આદિ ઉપાધિને લીધે' ઇત્યાદિ. ઔપાધિક ભેદને વિષે પ્રમાણ કહે છે—'કેમકે "स वा अयमात्मा"' ઇત્યાદિ. 'विज्ञानमयः' ઇત્યાદિમાં મયટ્ વિકારાર્થક છે એમ શંકા કરી કહે છે—'એ તન્મય છે એટલે' ઇત્યાદિ. 'સ્ત્રીમય જાલ્મ' —'જાલ્મ' = કામજડ; 'સ્ત્રીમય' = સ્ત્રીપરતન્ત્ર. કામજડ પુરુષ સ્ત્રીને અધીન છે એવો અર્થ છે. એમાં 'मयट्' પ્રત્યય વિકારાર્થક નથી, પ્રાચુર્યાર્થક છે. એ પ્રમાણે જીવને સ્વરૂપનું અજ્ઞાન હોવાથી બુદ્ધિ આદિને પરતન્ત્ર છે, તેથી ભેદકર્તૃત્વ આદિ તેમાં લેવામાં આવે છે: એ રીતે પ્રાચુર્યાર્થમાં મયટ્-પ્રત્યયનો પ્રયોગ છે એવો અર્થ છે. લિંગનું નિરસન કરી તદનુગ્રાહક શ્રુતિની ગતિ કહે છે—'ક્વચિત્ એનાં ઉત્પત્તિ અને પ્રલયની' ઇત્યાદિ. જીવને ઔપાધિક જન્મ અને નાશ છે તેને માટે શ્રુતિ કહે છે—'કેમકે "प्रज्ञानघन एव"' ઇત્યાદિ. આ દેહાત્માએ પરિણામ પામેલાં ભૂતોમાંથી સામ્યે ઊઠીને—જીવત્વ અનુભવીને, જન્મ પામીને તે લય પામ્યા પછી વિનાશ પામે છે. પ્ર૦ ભા૦ પૃ૦ ૪૧૨ માં એ મૈત્રેયી બ્રાહ્મણનું વ્યાખ્યાન છે તે જોવું. 'પ્રજ્ઞાનઘન' = વિજ્ઞાનમાત્ર. 'પ્રેત્ય' = ઔપાધિક મરણ પછી. પણ 'प्रज्ञानघनः' અને 'संज्ञा नास्ति' એ વિરુદ્ધ છે, એથી કહે છે—'તેમજ એ ઉપાધિનોજ પ્રલય છે' ઇત્યાદિ. ઉપાધિના લયને લીધે વિશેષ જ્ઞાનનો અભા-

૧. 'સ્ત્રિ.' ૨. જડાત્મા, પ્રાકૃત પુરુષ. ૩. પ્ર૦ ભા૦ પૃ૦ ૪૧૨ મે ભાષ્ય ટીકા જુઓ: એમાં મૈત્રેયી-બ્રાહ્મણ સમજવું છે.

કે મરણ પછી સંજ્ઞા નથી) એમ પ્રશ્નપૂર્વક શ્રુતિ પ્રતિપાદન કરે છે—'न वा अरेऽहं मोहं ब्रवीम्यविनाशी वा अरेऽयमात्माऽनुच्छित्तिधर्मा मात्राऽसंसर्गस्त्वस्य भवति' [બૃહ૦ ૪।૫।૧૪] (અરે, હું મોહકર વાક્ય કહેતો નથી, અરે, એ આત્મા અવિનાશી છે, અપરિણામી છે, પણ વિષયો સાથે એનો સંસર્ગ નથી) એમ પ્રતિજ્ઞાનો [1]અનુપરોધ પણ અવિકૃત બ્રહ્મજ જીવભાવ પામે છે તેથી છે. એ બેનો લક્ષણભેદ પણ ઉપાધિને લીધેજ છે. 'अत ऊर्ध्वं विमोक्षायैव ब्रूहि' [બૃહ૦ ૪।૩।૧૫] (એની પછી વિમોક્ષનેજ માટે કહો) એ પણ પ્રકૃતજ વિજ્ઞાનમય આત્મા સર્વ સંસારધર્મના નિરાકરણથી પરમાત્મભાવ પ્રતિપાદન કરે છે તેથી છે. તેટલા માટે આત્મા ઉત્પન્ન થતો નથીજ અને પ્રવિલય પામતો નથીજ ॥ ૧૭ ॥

ज्ञोऽत एव ॥ १८ ॥

(એ આત્મા) નિત્યચૈતન્ય છે, એથીજ ॥ ૧૮ ॥

તે (આત્મા) શું [2]કાણભુજોના આત્માની પેઠે [3]આગન્તુક ચૈતન્યવાળો, સ્વતઃ અચેતન છે, કે સાંખ્યોના આત્માની પેઠે નિત્યચૈતન્યસ્વરૂપજ છે એમ વાદીઓમાં

વળ 'संज्ञाभाव' ('संज्ञा नास्ति')—સંજ્ઞાનો અભાવ છે, આત્મસ્વરૂપના વિજ્ઞાનનો અભાવ એ સંજ્ઞાનો અભાવ નથી એમ પછી શ્રુતિ પ્રતિપાદન કરે છે એવો અન્વય છે. આજ વિજ્ઞાનઘન આત્માને વિષે प्रेत्य संज्ञा नास्ति (મરણ પછી સંજ્ઞા નથી) એમ કહ્યું છે તેથી મને મોહમાં—ભ્રાન્તિમાં નાખી છે. એ અર્થ હુ સમજતી નથી, મને તમારા વચનનો અર્થ કહો એવો મૈત્રેયીના પ્રશ્નનો અર્થ છે. મુનિ કહે છે—'न वा अरेऽहं' ઇત્યાદિ. 'मोहम्' = મોહકારક વાક્ય. ઉચ્છિત્તિ—પૂર્વાવસ્થાનો નાશ—છે ધર્મ જેનો તે उच्छित्तिधर्मा = પરિણામી. તે નહિ તે 'अनुच्छित्तिधर्मा' = અપરિણામી; તેટલા માટે અવિનાશી એવો અર્થ છે. ત્યારે મરણ પછી સંજ્ઞા-જ્ઞાન નથી એમ કેમ કહ્યું છે તેને વિષે કહે છે—'मात्राऽसंसर्गस्त्वस्य भवति' માત્રા એટલે વિષયો સાથે અસંસર્ગ છે તેથી એમ કહ્યું છે એવો અર્થ છે. લક્ષણભેદથી જીવ અને પરમાત્માનું ઐક્ય નથી એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'એ બેનો લક્ષણભેદ પણ' ઇત્યાદિ. બિંબ અને પ્રતિબિંબની પેઠે ઔપાધિક ભેદ છે, સ્વાભાવિક નથી, વિરુદ્ધ ધર્મભેદ અધ્યસ્ત છે એને વિષે હેતુ કહે છે—'अत ऊर्ध्वं' ઇત્યાદિ. જીવ વિકારી હોય તો મુક્તિનો યોગ થતો નથી તેથી 'तत्त्वमसि' એ વાક્ય અખંડાર્થ છે એમ કહેવું જોઈએ. તેટલા માટે ફળવાળાં પ્રધાનવાક્યોથી અપેક્ષિત, જીવનું નિત્યત્વ કહેનાર શ્રુતિઓ બળવાન્ છે તેથી ઉત્પત્તિ આદિ કહેનારી શ્રુતિઓ ઉત્પત્તિ આદિ અધ્યસ્ત છે એમ અનુવાદ કરે છે એમ અવિરોધ છે એ સિદ્ધ થાય છે ॥ ૧૭ ॥

'आत्मैवास्य ज्योतिः' (આત્માજ એનો પ્રકાશ છે) ઇત્યાદિ આત્મસ્વરૂપ પ્રકાશ કરનાર શ્રુતિઓનો 'पश्यंश्चक्षुः शृण्वञ्छ्रोत्रम्' (દર્શન કરતો નેત્ર, શ્રવણ કરતો શ્રોત્ર,

---

૧ અબાધ. ૨ કણાદના-વૈશેષિકદર્શનના કર્તાના— અનુયાયીઓ. ૩ કાદાચિત્ક-કદાચિત્ માલમ પડે એવું, નિત્ય નહિ તે.

[1]વિપ્રતિપત્તિ હોવાથી સંશય થાય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? આત્માનું ચૈતન્ય આગન્તુક છે, આત્મા અને મનના સંયોગથી ઉત્પન્ન થાય છે, અગ્નિ અને ઘટના સંયોગથી ઉત્પન્ન થતા રોહિત આદિ ગુણની પેઠે-એમ પ્રાપ્ત થાય છે; કેમકે નિત્યચૈતન્ય હોય તો સુપ્ત મૂર્છિત અને [2]ગ્રહથી આવિષ્ટ થયલાઓને ચૈતન્ય હોય, પણ તેમને પૂછે છે ત્યારે અમે કંઈ જાણ્યું નથી એમ બોલે છે. અને સ્વસ્થ હોય છે ત્યારે જાણતા દેખાય છે. એટલા માટે કદાચિત્ ચૈતન્ય દેખાય છે તેથી આત્મા આગન્તુક ચૈતન્યવાળો છે એમ પ્રાપ્ત થયે કહે છે—એ આત્મા જ્ઞઃ-જ્ઞાનવાળો નિત્યચૈતન્ય છે; એથીજ—કારણ કે તે ઉત્પન્ન થતો નથી તેથી પરજ અવિકૃત બ્રહ્મ ઉપાધિના સંબન્ધથી જીવભાવે રહે છે; કેમકે પર બ્રહ્મનું ચૈતન્યસ્વરૂપ 'વિજ્ઞાનમા-

નેત્ર એ દ્રષ્ટા અને શ્રોત્ર એ શ્રોતા કહેવાય છે) ઇત્યાદિ અનિત્યજ્ઞાન દર્શાવનાર શ્રુતિઓ સાથે વિરોધનું અહિં નિરાકરણ કરાય છે. આ લોકનું ચક્ષુઃ એ દ્રષ્ટા અને શ્રોત્ર એ શ્રોતા છે એવો અર્થ છે. પૂર્વે કહેલા જીવની અનુત્પત્તિરૂપ હેતુને લઈને સ્વપ્રકાશત્વ સાધ્યું છે તેથી હેતુ-સાધ્યભાવ એ સંગતિ છે; કેમકે અનુત્પત્તિને વિષે સ્વપ્રકાશ બ્રહ્મજ ઉપાધિયુક્ત થઈ જીવ થાય છે, એમ જીવની સ્વપ્રકાશતા સિદ્ધ થાય છે. આ રીતે એ અર્થ પૂર્વે કહેવાઈ ગયો છે તેથી ગતાર્થતા છે એવી પણ શંકા ન કરવી; કેમકે અનુત્પન્ન પણ જીવ સ્વપ્રકાશ હોય તો જ્ઞાનસાધન વ્યર્થ થાય એવા તર્કસહિત અનિત્યજ્ઞાનશ્રુતિના બળથી સ્વપ્રકાશત્વ શ્રુતિનો બાધ થવાથી જીવ બ્રહ્મથી અન્ય છે એવી શંકા થયે તેના ઐક્યની યોગ્યતા માટે સ્વપ્રકાશત્વ અહિં સાધન છે. આ રીતે પૂર્વપક્ષમાં જીવની બ્રહ્મૈક્ય માટે અયોગ્યતા છે અને સિદ્ધાન્તને વિષે તે માટે યોગ્યતા છે એમ પાદસમાપ્તિપર્યન્ત ફળ સમજવું. ઇષ્ટાપત્તિનું નિરાકરણ કરે છે—'પણ તેમને પૂછે છે ત્યારે' ઇત્યાદિ. સાધનને અધીન જ્ઞાન હોવાને લીધે જીવ સ્વપ્રકાશ નથી, વ્યતિરેકે ઈશ્વરની પેઠે એમ કહે છે—'એટલા માટે કદાચિત્ ચૈતન્ય દેખાય છે તેથી.' યથાશ્રુત ભાષ્યમાં 'કદાચિત્ ચૈતન્ય દેખાય છે તેથી આત્મા આગન્તુક ચૈતન્યવાળો છે' એમ હેતુ ને સાધ્ય સમાન છે. એથી જીવની સ્વપ્રકાશત્વશ્રુતિ બાધ્ય છે એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે કહે છે'. પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે—जानाति (જાણે છે) એ અર્થ કર્મથી—જ્ઞેયથી વ્યાપ્ત છે ને તેને અભાવે થતો નથી, જેમ અગ્નિને અભાવે ધૂમ થતો નથી તેમ. હવે સુષુપ્તિ આદિ અવસ્થામાં જ્ઞેયનો અભાવ હોવાથી તેનાથી વ્યાપ્ત જ્ઞાનનો અભાવ છે. તેટલા માટે આત્માનો સ્વભાવ ચૈતન્ય નથી; કેમકે સ્વભાવની અનુવૃત્તિને વિષે પણ ચૈતન્ય વ્યાવૃત્ત થાય છે. તેટલા માટે ઇન્દ્રિય આદિના ભાવ અને અભાવની સાથે જ્ઞાનના ભાવ અને અભાવનું અનુવિધાન છે તેથી ઇન્દ્રિય આદિના સન્નિકર્ષથી જેનું આધાન થાય છે એવું આગન્તુક ચૈતન્ય એનો ધર્મ છે, સ્વાભાવિક ધર્મ નથી. એથીજ ઇન્દ્રિયાદિઓ પ્રયોજનવાળી છે; અન્યથા ઇન્દ્રિય આદિઓ વ્યર્થ થાય. નિત્યચૈતન્યશ્રુતિઓનું તો શક્તિના અભિપ્રાયથી વ્યાખ્યાન કરવું; કેમકે જીવોમાં જ્ઞાન ઉત્પન્ન કરવાની પોતાની શક્તિ છે; આકાશને જેમ ઇન્દ્રિયાદિ સન્નિકર્ષ થાય તોપણ જ્ઞાન થતું નથી તેમ જીવને નથી. તેટલા માટે જીવો જડજ છે એમ પૂર્વપક્ષ છે. સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છેઃ—જે આગન્તુકજ્ઞાન જડસ્વભાવ છે તે કદાચિત્ પરોક્ષ થાય, કદાચિત્ સંદિગ્ધ થાય, કદાચિત્ વૈપર્યસ્ત થાય, જેમ ઘટાદિ. પણ આત્મા

૧ સંપ્રતિપત્તિનો-ઐકમત્યનો અભાવ, વિરોધ. ૨ ભૂત, પિશાચ આદિથી. ૩ દરેક.

न्तरं ब्रह्म ' [બૃહ૦ ૩।૯।૨૮] (બ્રહ્મ વિજ્ઞાન, આનન્દસ્વરૂપ છે), ' सत्यं ज्ञानमनन्तं ब्रह्म ' [તૈત્તિ૦ ૨।૧।૧] (બ્રહ્મ સત્ય અને અનન્ત છે), ' अनन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव ' [બૃહ૦ ૪।૫।૧૩] (અન્તર અને બાહ્ય વગરનું, કૃત્સ્ન, વિજ્ઞાનૈકરસજ છે) ઇત્યાદિ શ્રુતિઓમાં પ્રતિપાદન કરેલું છે. તેજ પર બ્રહ્મ જીવ છે, તેથી જીવનું પણ નિત્યચૈતન્યસ્વરૂપ, અગ્નિનાં ઉષ્ણતા અને પ્રકાશની પેઠે સમજાય છે. વળી વિજ્ઞાનમયપ્રકરણમાં ' असुप्तः सुप्तानभिचाकशीति ' [બૃહ૦ ૪।૩।૧૧] (અસુપ્ત સુપ્ત ભાવોને જુએ છે), ' अत्रायं पुरुषः स्वयंज्योतिर्भवति ' [બૃહ૦ ૪।૩।૧૯] (અહિં એ આત્મા સ્વયમેવ જ્યોતિઃસ્વરૂપ થાય છે), ' न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यते ' [બૃહ૦ ૪।૩।૩૦] (ખરેખર, વિજ્ઞાતાના વિજ્ઞાનનો વિનાશ નથી) એવા પ્રકારની શ્રુતિઓ છે. ' अथ यो वेदेदं जिघ्राणीति स आत्मा ' [છાન્દો૦ ૮।૧૨।૪] (વળી જે આ { સુગન્ધિ કે દુર્ગન્ધિ કેવી રીતે } સુંઘું તે જાણે છે તે આત્મા છે) એમ સર્વ ઇન્દ્રિયો મારફતે આ જાણે છે, આ જાણે છે એમ વિજ્ઞાનની સાથે અનુસંધાન છે તેથી તદ્રૂપત્વ સિદ્ધ થાય છે, નિત્યસ્વરૂપચૈતન્ય હોય તો પ્રાણ આદિ અનર્થક થાય એમ કહેશો તો, નહિ; કેમકે ગન્ધાદિ [1]વિષયવિશેષના પરિચ્છેદને

એવો નથી; કેમકે સર્વનો આત્મા અનુમાન કરે છે તોપણ અપરોક્ષ—પ્રત્યક્ષ છે, સ્મરણ કરે છે તોપણ આનુભવિક છે, સંદેહ કરે છે, તોપણ અસંદિગ્ધ છે, વિપર્યાસ કરે છે, તોપણ અવિપરીત છે. એવો તેનો સ્વભાવ છે; અને એના સ્વભાવ, ચૈતન્યનો અભાવ નથી, કેમકે તે નિત્ય છે. તેટલા માટે ક્રિયારૂપ વૃત્તિઓ જે ક્રમસહિત છે તે સુષુપ્તિ આદિમાં કર્મને અભાવે નિવૃત્ત થાયછે, ચૈતન્ય જે આત્મસ્વભાવ છે તે નિવૃત્ત થતો નથી એમ સિદ્ધ થાય છે. એ રીતે નિત્યચૈતન્ય કહેનારી શ્રુતિઓનું કથંચિત્ કલેશે વ્યાખ્યાન થતું નથી. ગન્ધાદિ વિષયવૃત્તિના [2]ઉપજનને વિષે ઇન્દ્રિયો પ્રયોજનવાળી છે, એમ સર્વ અનવદ્ય—દોષરહિત છે. માત્ર સ્વપ્રકાશ બ્રહ્મથી જીવ અભિન્ન છે તેથીજ તે સ્વપ્રકાશ છે એમ નથી, પણ શ્રુતિથી પણ એવો છે—શ્રુતિ પણ એને સ્વપ્રકાશ કહે છે એમ કહે છે—' **વળી વિજ્ઞાનમય પ્રકરણમાં** ' ઇત્યાદિ. ' **योऽयं विज्ञानमयः** ' (જે એ વિજ્ઞાનમય છે) ઇત્યાદિ પ્રકરણમાં એવો અર્થ છે. ' **असुप्तः** ' = સ્વયં ભાસમાનજ આત્મા, सुप्तान्—જેનો વ્યાપાર લુપ્ત થયો છે એવાં વાણી આદિને અભિલક્ષીને **चाकशीति**—જુએ છે. સુપ્ત અર્થો જુએ છે એવો અર્થ છે. अत्र= સ્વપ્નમાં. विज्ञातुः =બુદ્ધિસત્ત્વ જે સાક્ષી છે તેની. विज्ञातेः— વિજ્ઞાનશક્તિનો વિનાશ નથી એવો અર્થ છે. ઘ્રાણાદિજન્ય ગન્ધાદિજ્ઞાનના અનુસંધાનની સિદ્ધિને માટે આત્મા જ્ઞાનરૂપ છે એમ કહેવું જોઈએ એમ બીજી શ્રુતિથી કહે છે—'**अथ यो वेदेदम्**' ઇત્યાદિ. આત્મા નિત્યચૈતન્યરૂપ છે તોપણ સ્વતઃ અસંગ છે તેથી ગન્ધાદિ વિષય સાથે તેને સંબન્ધ નથી, માટે તે સંબન્ધ ઘટાવવારૂપ વૃત્તિઓને અર્થે જ્ઞાનસાધનો છે, જ્ઞાનસાધનો કંઈ વ્યર્થ નથી એમ કહે છે—' **નહિ, કેમકે ગન્ધાદિ વિષયવિશેષના પરિચ્છેદને અર્થે** છે ', ' **પરિચ્છેદ** ' = વૃત્તિ. ' **गन्धाय** ' = ગન્ધવિષયક અન્તઃકરણવૃત્તિને માટે એવો અર્થ છે. પરિચ્છેદ એ વૃત્તિરૂપ જન્ય છે, તેમાં નેત્રાદિનો ઉપયોગ છે એવો અર્થ છે. સુષુપ્તિ આદિ અવસ્થાઓ વિષે આત્મા છે તોપણ ચૈતન્ય નથી તેથી આત્મા ચૈતન્યરૂપ નથી એમ જે કહ્યું

૧ જુદા જુદા વિષયો. ૨ વૃદ્ધિ.

અર્થે છે; કેમકે 'गन्धाय घ्राणम्' (ગન્ધને માટે ઘ્રાણ) ઇત્યાદિ દર્શાવે છે. સુસ વગેરે જાણતા નથી એમ જે કહ્યું છે તેનો સુષુપ્તને પ્રકૃત કરીને 'यद्वै तन्न पश्यति पश्यन्वै तन्न पश्यति न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वान्न तु तद् द्वितीयमस्ति ततोऽन्यद्विभक्तं यत् पश्येत्' [બૃહ૦ ૪।૩।૨૩] ({સુષુપ્ત હોય છે} ત્યારે જે તે જોતો નથી તે જોતોજ જોતો નથી; કેમકે દ્રષ્ટાની દૃષ્ટિનો [1]વિપરિલોપ નથી, અવિનાશી છે તેથી, કેમકે તે બીજું {વિષયભૂત} નથી કે જેને તેથી {દ્રષ્ટાથી} અન્ય, વિભક્ત જુએ) ઇત્યાદિ શ્રુતિએજ પરિહાર કર્યો છે. તાત્પર્ય એ છે કે વિષયનો અભાવ છે તેથી એ ચેતના હોવાનો અભાવ છે, ચૈતન્યના અભાવથી નહિ; જેમ આકાશમાં રહેલા પ્રકાશની પ્રકાશ્યના અભાવથી અનભિવ્યક્તિ છે, સ્વરૂપના અભાવથી નહિ તેમ. વૈશેષિકાદિ તર્ક તો શ્રુતિને વિરોધે આભાસ થાય છે. તેટલા માટે નિત્યચૈતન્યસ્વરૂપજ આત્મા છે એમ અમે નિશ્ચય કરીએ છીએ ॥ ૧૮ ॥

છે તેને સ્ફુટિત કરે છે—'સુસ વગેરે જાણતા નથી' ઇત્યાદિ. तत् = तदा, ત્યારે–સુષુપ્ત હોય છે ત્યારે. न पश्यति यद्–જોતો નથી એ. तत् पश्यन्नेव तन्न पश्यति—જેનું જ્ઞાન લુપ્ત થયું નથી એવો થઈનેજ જોતો નથી. તેને વિષે હેતુ કહે છે—'न हि द्रष्टुः' ઇત્યાદિ. નાશને અયોગ્ય છે તેથી એવો અર્થ છે. શા માટે જોતો નથી તેને માટે કહે છે—'न तु तद्' ઇત્યાદિ. વૃત્તિ સાધનને અધીન છે એમ કહ્યું છે તેથી સ્વરૂપજ્ઞાન સાધનને અધીન છે એ હેતુ અસિદ્ધ છે એમ પ્રતિપાદન કર્યું છે, સાધનની વ્યર્થતાનો તર્ક પણ નિરસ્ત કર્યો છે. 'शृण्वन् श्रोत्रम्' (સાંભળતું શ્રોત્ર) ઇત્યાદિ અનિત્યજ્ઞાનશ્રુતિ પણ વૃત્તિને લાગુ પડે છે એમ વ્યાખ્યાન કર્યું છે. આત્મા જ્ઞાન નથી, દ્રવ્ય છે તેથી ઇત્યાદિ તર્ક પણ શ્રુતિથી બાધિત છે: કેમકે દ્રવ્યાણુ જે પ્રધાનવાક્ય તેનાથી અપેક્ષિત જે સ્વપ્રકાશત્વશ્રુતિ તે બળવાન્ છે. વળી નિરવયવ આત્માનો મન સાથે સંયોગ શુદ્ધ નથી તેથી અનિત્ય જ્ઞાનરૂપી તેનામાં ગુણ નથી, અને સમવાય નથી તેથી પોતાની સાથે ભેદાભેદસંબન્ધે રહેલા જ્ઞાનથી વેદ થાય એમ પણ નથી અને એમાં વળી કર્મકર્તૃત્વવિરોધ થાય છે તેથી પણ એમ નથી. તેમજ જ્ઞાનત્વને એક વૃત્તિ હોવામાં દ્રવ્ય હોવાથી આત્મજ્ઞાન છે અને 'कामः संकल्पः' (કામ છે, સંકલ્પ છે) ઇત્યાદિ મન પરિણામિત્વ પ્રતિપાદન કરનારી શ્રુતિ વડે વૃત્તિ જડ હોવાથી આત્મા જ્ઞાનને બે પ્રકારનું હોવાનું ગૌરવ થતું નથી, માટે આત્મા સ્વપ્રકાશ છે એ અનવદ્યજ્યોતિરહિત છે એ સિદ્ધ થયું ॥ ૧૮ ॥

---

1 વિનાશ.

उत्क्रान्तिगत्यागतीनाम् ॥ १९ ॥

(જીવના) ઉત્ક્રમણ[1], ગમન અને આગમનનું (શ્રવણ છે તેથી જીવ [2]પરિચ્છિન્ન છે) ॥ ૧૯ ॥

હવે જીવ કેવા પરિમાણવાળો છે તે વિષે વિચારાય છે કે શું તે અણુ પરિમાણવાળો છે કે મધ્યમ પરિમાણવાળો છે કે વિભુ પરિમાણવાળો છે. પણ આત્મા ઉત્પન્ન થતો નથી અને નિત્યચૈતન્ય છે એમ કહ્યું છે; એથી જીવ [3]પર આત્માજ છે એમ પ્રાપ્ત થાય છે, અને પર આત્મા અનન્ત છે એમ શ્રુતિપ્રતિપાદિત છે; તો જીવપરિમાણના વિચારનું [4]અવતરણ ક્યાંથી? કહીએ છીએ—એ સત્ય છે; પણ જીવની [5]ઉત્ક્રાન્તિ, [6]ગતિ અને [7]આગતિની શ્રુતિ જીવના [8]પરિચ્છેદનું [9]અવગમન કરાવે છે. વળી એ (જીવ) અણુ પરિમાણવાળો છે એમ ક્વચિત્ શ્રુતિ [10]સ્વશબ્દે કહે છે. તે સર્વને અનાકૂલ બાધરહિત કરવા માટે આ આરંભ છે. તેમાં પ્રથમ પ્રાપ્ત થાય છે કે ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિની શ્રુતિથી જીવ પરિચ્છિન્ન છે—અણુ પરિમાણવાળો છે (એમ પ્રાપ્ત થાય છે). પ્રથમ 'स यदास्माच्छरीरादुत्क्रामति सहैवैतैः सर्वैरुत्क्रामति' [કૌષીત૦ ૩।૩] (તે જ્યારે આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે એ સર્વ (બુદ્ધિ આદિ) સાથેજ ઉત્ક્રમણ કરે છે) એમ ઉત્ક્રાન્તિ છે. 'ये वै के चास्माल्लोकात् प्रयन्ति चन्द्रमसमेव ते सर्वे गच्छन्ति' [કૌષીત૦ ૧।૨] (અને જે કોઈ આ લોકમાંથી પ્રયાણ કરે છે તે સર્વે ચન્દ્રમાંજ જાય છે) એમ

બ્રહ્મની સાથે આત્માના ઐક્યની યોગ્યતા માટે આત્મા સ્વપ્રકાશ છે એમ કહ્યું છે, હવે તેના સ્વાભાવિક અણુત્વનું નિરાકરણ કરીને તેનું વસ્તુતઃ મહત્ત્વ, ચૈતન્યથી ઉપાધિકલ્પિત પરિમાણ સાધે છે—'उत्क्रान्ति' ઇત્યાદિ. વિષય અને સંશય દર્શાવે છે—'હવે જીવ' ઇત્યાદિ. 'नाऽऽत्माऽश्रुतेः' [બ્ર૦ સૂ૦ ૨।૩।૧૭] ઇત્યાદિથી આ અધિકરણ [11]ગતાર્થ છે એમ આશંકા કરી, આત્માનું અણુત્વ કહેનારી શ્રુતિઓ અને મહત્ત્વ કહેનારી શ્રુતિઓનો અવિરોધ પ્રતિપાદન કરવા માટે આ અધિકરણનો આરંભ છે એમ કહે છે—'પણ આત્મા' ઇત્યાદિ. માત્ર શ્રુતિપ્રતિપાદિત ઉત્ક્રાન્તિ આદિની [12]અનુપપત્તિ થાય માટેજ આત્મા અણુ છે એમ નથી, પરંતુ 'एषोऽणुरात्मा' (એ આત્મા અણુ છે) એમ શ્રુતિથી પણ છે એમ કહે છે—'વળી એ (જીવ)' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં જીવ અણુ હોવાથી તેનું બ્રહ્મ સાથે ઐક્ય અસિદ્ધ છે, એમ જીવબ્રહ્મના ઐક્યની અસિદ્ધિ છે; સિદ્ધાન્તમાં તે ઐક્યની સિદ્ધિ છે એમ વિચારી સૂત્રનું સ્પષ્ટીકરણ કરતા પૂર્વપક્ષ કહે છે—'તેમાં પ્રથમ પ્રાપ્ત થાય છે' ઇત્યાદિ. શ્રુતેઃ અને અણુ (શ્રુતિથી, અણુ છે) એમ બે પદો ઉત્તર સૂત્ર ['नाणुरतच्छ्रुतेः'] [બ્ર૦ સૂ૦ ૨।૩।૨૧]માંથી લઈ આ સૂત્ર પૂર્ણ કરે છે. 'એમ ઉત્ક્રાન્તિ'—'શ્રુતિમાં છે' એટલું શેષ સમ-

---

૧ શરીરમાંથી નીકળવું તે. ૨ દેશનિયમિત, અમુક પરિમાણવાળો. ૩ પર આત્મા = પરમાત્મા. ૪ ઉતારવું તે. ૫ શરીરમાંથી નીકળવું તે. ૬ જવું તે. ૭ આવવું તે. ૮ દેશનિયમિતતા, નિયત પરિમાણ. ૯ સમજાવવું તે. ૧૦ પોતાનેજ શબ્દે, અર્થાત્ અણુશબ્દે. ૧૧ જેનો અર્થ અગાઉ આવી ગયો છે એવું પુનરુક્તિવાળું. ૧૨ અણઘટતું થવું તે, અયુક્તતા.

ગતિ પણ છે; અને 'तस्माल्लोकात् पुनरैत्यस्मै लोकाय कर्मणे' [બૃહ૦ ૪।૪।૬] [તે લોકમાંથી ફરી આ લોકમાં કર્મ માટે આવે છે) એમ આગતિ પણ છે. એ ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિની શ્રુતિથી જીવ પરિચ્છિન્ન છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે; કેમકે વિભુને ગતિ સંભવતી નથી. પરિચ્છેદ પ્રાપ્ત થયે, શરીરના પરિમાણ જેટલો છે એનું તો આર્હત મતની પરીક્ષાને વિષે નિરાકરણ કર્યું છે તેથી આત્મા અણુ છે એમ અવગમન થાય છે ॥ ૧૯ ॥

स्वात्मना चोत्तरयोः ॥ २० ॥

અને બે પાછલાંનો (ગતિ અને આગતિનો) પોતાના આત્મા (કર્તા સાથે સંબંધથી જીવ અણુ છે) ॥ ૨૦ ॥

ઉત્ક્રાન્તિ તો કદાચિત્ [1]ચલનરહિત પણ આત્માને [2]ગ્રામસ્વામિત્વની નિવૃત્તિની પેઠે દેહસ્વામિત્વની નિવૃત્તિથી કર્મનો ક્ષય થયે સંભવે. પણ બે પાછલાં, એટલે ગતિ અને આગતિ, તો ચલનરહિત આત્માને સંભવતાં નથી; કેમકે તે બેનો સંબન્ધ

જવું. 'सः' = મુમુર્ષુ જીવ. 'एतैः' = બુદ્ધિ આદિ સાથે. 'तस्माल्लोकात्'—તે ચન્દ્રલોકથી આ લોકમાં કર્મ કરવા માટે આવે છે એવો અર્થ છે.

આ સૂત્રમાં 'श्रवणात्' એ પદ અને अणुः એ પદોનો અધ્યાહાર છે અને એ અધ્યાહાર नाणुरतच्छ्रुतेः એ ઉત્તર સૂત્રનું પર્યાલોચન કરવાથી પ્રાપ્ત થાય છે. તેમાં મહત્ત્વશ્રુતિથી અણુત્વનો નિષેધ થાય છે, તે નિષેધ ત્યારેજ સંભવે કે જો કોઈક શ્રુતિથી અણુત્વ પૂર્વે કહ્યું હોય. તેમાં 'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः' (એ આત્મા અણુ, વિશુદ્ધ જ્ઞાન વડે જાણવો), 'अङ्गुष्ठमात्रो रवितुल्यरूपः' (અંગૂઠા જેવડો, રવિના જેવા સ્વરૂપવાળો), 'स वा एष महानज आत्मा' (તે એ મોટો, અજ, આત્મા) એમ વિરુદ્ધ પરિમાણ પ્રતિપાદન કરનારી શ્રુતિઓ ઉપલબ્ધ થાય છે તેથી અપ્રામાણ્ય થાય છે, માટે પૂર્વપક્ષમાં મધ્યમ પરિમાણવાળો આત્મા છે એમ સ્વીકારવાથી તેને અનિત્ય થવાનો પ્રસંગ આવે તેથી, તેમજ આત્મા વિભુ—વ્યાપી છે એમ સ્વીકારવાથી તેની ઉત્ક્રાન્તિ આદિ અનુપપન્ન થાય, માટે ઉત્ક્રાન્તિ આદિનું શ્રવણ છે તેથી જીવ અણુ છે એમ સ્વીકારવું જોઈએ એવું એકદેશિમત પ્રતિપાદન કરનાર આ સૂત્ર છે ॥ ૧૯ ॥

ઉત્ક્રાન્તિ એટલે આત્માનો દેહથી નિર્ગમ[3] એવો અર્થ નથી કે જેથી આત્મા અણુ છે એમ થાય, પણ ઉત્ક્રાન્તિનો અર્થ સ્વામિત્વનિવૃત્તિ છે એમ કેટલાક કહે છે. તેનો અંગીકાર કરીને પણ અણુત્વ આવશ્યક છે એમ કહે છે—'स्वात्मना' ઇત્યાદિ. ઉત્ક્રાન્તિની ઉત્તર—પછી કહેલાં ગતિ અને આગતિનો સ્વાત્મા સાથે એટલે કર્તા સાથે સંબન્ધ હોવાથી અણુત્વ છે એમ સૂત્રની યોજના કરવી. પદનો [4]અનાશ્રય છે તોપણ પદ્મા કહેવાય છે તેમ ગતિનો

---

[1] ચલિરહિત. [2] ગામના સ્વામિત્વની. [3] જવું, નીકળવું. [4] આશ્રય નહિ તે. પાણીનો આશ્રય તો તળાવાદિ જે કહેવાય છે તે છે, પદ્મ—કમળ ધારણ કરનાર કંઈ પાણી આશ્રય નથી.

પોતાના [1]આત્મા સાથે થાય છે; કારણ કે ગમ્ ધાતુ [2]કર્તૃસ્થક્રિયાવાળો છે. વળી અમધ્યમ પરિમાણવાળાની ગતિ અને આગતિ અણુ પરિમાણ હોય તોજ સંભવે છે, અને ગતિ અને આગતિ થઈ એટલે ઉત્ક્રાન્તિ પણ દેહથીજ [3]અપસૃપ્તિ છે એમ [4]પ્રતીત થાય છે; કેમકે દેહથી અપસૃપ્ત ન થયલાને-બહાર ન નીકળેલાને-ગતિ અને આગતિ થતાં નથી; અને વળી ઉત્ક્રાન્તિને વિષે દેહપ્રદેશોને અપાદાન તરીકે કહ્યા છે તેથી. 'चक्षुष्टो वा मूर्ध्नो वान्येभ्यो वा शरीरदेशेभ्यः' [બૃહ૦ ૪।૪।૨] (નેત્રથી કે માથાથી કે શરીરના અન્ય પ્રદેશોથી) એમ. વળી 'स एतास्तेजोमात्राः समभ्याददानो हृदयमेवान्ववक्रामति' [બૃહ૦ ૪।૪।૧] (તે આત્મા એ તેજના અવયવોને-

અનાશ્રય હોય તે ગન્તા કેમ ન કહેવાય તેને માટે કહે છે—'ગમ્‌ધાતુ' ઇત્યાદિ. [5]ગમન-કર્તાને વિષે સંયોગ અને વિભાગરૂપ અતિશયનો હેતુ છે તેથી કર્તાને વિષે ગમનનું આશ્રિતત્વ લોકસિદ્ધ છે એવો અર્થ છે. જીવ અણુ છે, અમધ્યમપરિમાણવાળો હોઈ ગતિવાળો છે તેથી, પરમાણુની પેઠે એમ કહે છે—'વળી અમધ્યમ પરિમાણવાળાની' ઇત્યાદિ. અંગીકારનો ત્યાગ કરે છે—'અને ગતિ અને આગતિ થઈ એટલે' ઇત્યાદિ. સ્વામિત્વનિવૃત્તિમાત્ર ઉત્ક્રાન્તિનો અર્થ નથી એમ સમજવું. દેહથી નિર્ગમ એજ ઉત્ક્રાન્તિ છે એને વિષે અન્ય લિંગ કહે છે—'અને વળી ઉત્ક્રાન્તિને વિષે' ઇત્યાદિ. અપાદાન = અવધિ. 'अन्येभ्यः' = મુખાદિથી. 'एष आत्मा निष्क्रामति' (એ આત્મા નીકળે છે) એટલો શેષ છે. વળી દેહને વિષે પણ જીવની ગતિ અને આગતિનું શ્રવણ છે તેથી જીવ અણુ છે એમ કહે છે—'स एताः' ઇત્યાદિ. ઇન્દ્રિયોનું ગ્રહણ કરીને સ્વાપ આદિને વિષે હૃદયમાં તે જીવ જાય છે તે આત્મા તેજના માત્રાને-અવયવોને—સ્વપ્રકાશક હોવાથી નેત્રાદિ ઇન્દ્રિયોને-સમ્યક્-નિર્લેપથી આભિમુખ્યે ગ્રહણ કરતો-સંહાર કરતો હૃદયમાંજ-પુંડરીક આકાશમાંજ જાય છે—હૃદયમાંજ જેનું વિજ્ઞાન અભિવ્યક્ત છે એવો થાય છે. મરણકાલે તેજોમાત્રાને-ઇન્દ્રિયોને-ગ્રહણ કરી હૃદયદેશને વિષે જીવ પ્રવેશ કરે છે, એમ શરીરમાં-હૃદયદેશમાં ગતિનું શ્રવણ કરે છે. 'शुक्रम्'—શુક્ર એટલે પ્રકાશક [6]ઇન્દ્રિયગ્રામને લઈને પુનઃ જાગરિત સ્થાનમાં આવે છે એવો અર્થ છે. સ્વપ્નકાલમાં ઇન્દ્રિયસમુદાયને લઈને નાડીમાં પ્રવિષ્ટ થયલો જીવ પુનઃ જાગ્રદવસ્થાના આરંભમાં શુક્ર-ભાસ્વર ઇન્દ્રિયગણને લઈ પુનઃ ચક્ષુરાદિ ગોલકરૂપ સ્થાનમાં આવે છે, એમ શરીરમધ્યે આગતિનું પ્રતિપાદન કર્યું છે.

ઉત્ક્રમણશબ્દ મરણને વિષે નિરૂઢ છે, તે તો, આત્મા શરીરમાંથી ન જાય તોપણ, ત્યાં રહ્યાં પણ તેને દેહસ્વામિત્વની નિવૃત્તિ થવાથી, ઉપપન્ન થાય. પણ ગતિ અને આગતિ ઉપપન્ન ન થાય; કારણ કે ચલનને વિષે નિરૂઢ એવા એ ગતિ અને આગતિ શબ્દો [2]કર્તૃસ્થભાવવાચક છે તેથી એ ક્રિયા વ્યાપક-વિભુને વિષે સંભવતી નથી. તેટલા માટે શરીરનુંજ મધ્યમ પરિમાણ-મહત્ત્વ છે અને તેનું-મધ્યમ પરિમાણનું-આર્હતમતની પરીક્ષામાં નિરાકરણ કર્યું છે. વળી ગતિ અને આગતિ પરમમહત્‌ને [7]વિષે સંભવતાં નથી; તેથી પરિશેષથી જીવ અણુ છે એમ સિદ્ધ થાય છે.

૧ કર્તા. ૨ કર્તાને વિષે રહેલી ક્રિયા બતાવનાર, કર્તરિ, કર્તૃવાચ્ય. ૩ બહાર નીકળવું તે. ૪ સમજાય છે. ૫ જ્યાં જાય છે તે સ્થળ સાથે જનારનો સંયોગ અને જ્યાંથી જાય છે તે સ્થળથી જનારનો વિભાગ થાય છે. ૬ ગ્રામ=સમુદાય. ૭ આકાશાદિ.

ઇન્દ્રિયોને સમ્યક્ લઈને-સંહાર કરીને હૃદયમાંજ-પુંડરીક આકાશમાંજ-જાય છે—હૃદયમાં અભિવ્યક્ત વિજ્ઞાનસ્વરૂપ થાય છે), 'શુક્રમાદાય પુનૈતિ સ્થાનમ્' [બૃહ૦ ૪।૩।૧૧] (પ્રકાશક ઇન્દ્રિયસમૂહને લઈને આત્મા પાછો જાગરિત સ્થાનમાં આવે છે) એમ શરીરમાં પણ [1]શારીરની ગતિ અને આગતિ છે. તેથી પણ એવી આવું છે એમ સિદ્ધ છે ॥ ૨૦ ॥

नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात् ॥ २१ ॥

(જીવ) અણુ નથી, તેવો નથી એવી શ્રુતિ છે તેથી, એમ (કહેશો) તો (એ યુક્ત) નથી, ઇતર અધિકાર છે તેથી ॥ ૨૧ ॥

એમ છે તોપણ શંકા છે—એ આત્મા અણુ નથી. શાથી? તેવો નથી એવી શ્રુતિ છે તેથી; અર્થાત્, અણુત્વથી વિપરીત પરિમાણની શ્રુતિ છે તેથી. 'स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु' [બૃહ૦ ૪।૪।૨૨] (તે એ મહાન્, અજ, આત્મા છે, જે એ વિજ્ઞાનમય છે, અને પ્રાણથી વ્યતિરિક્ત છે), 'आकाशवत् सर्वगतश्च नित्यः' (આકાશની પેઠે સર્વગત અને નિત્ય છે), 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' [તૈત્તિ૦ ૨।૧।૧] (સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ), એ પ્રકારની શ્રુતિ આત્માના અણુત્વને વિષે વિરુદ્ધ થાય એમ કહેશો તો તે દોષ નથી. શાથી? ઇતર અધિકારથી; કારણ કે પર આત્માની [2]પ્રક્રિયામાં એ અન્યપ્રમાણની શ્રુતિ છે; કેમકે પરજ આત્મા વેદાન્તોમાં પ્રાધાન્યે વેદિતવ્ય તરીકે પ્રકૃત છે; અને રજોરહિત, આકાશથી પર, એવા પ્રકારનાં વચનથી પર આત્માનોજ ત્યાં ત્યાં વિશેષ અધિકાર છે. પણ

જોકે ઉત્ક્રાન્તિ—ઊર્ધ્વગમનરૂપ ક્રિયા ચલન ન કરનારને સંભવતી નથી, તોપણ 'ग्रामादुत्क्रान्तः' (ગામથી—ગામના અધિકારથી એ નીકળી ગયો છે) એ ગ્રામસ્વામીજ વિષે સ્વામ્યનિવૃત્તિમાત્રના અર્થમાં પ્રયુક્ત થાય છે તેથી સ્વામ્યનિવૃત્તિજ ઉત્ક્રાન્તિશબ્દનો અર્થ છે એમ કોઈક કહે. તેનો સ્વીકાર કરી અણુત્વ સાધવા માટે આ સૂત્ર છે. વસ્તુતઃ તો ઉત્ક્રાન્તિ એટલે ઊર્ધ્વગમન ક્રિયાજ છે. 'ग्रामादुत्क्रान्तः'—એ પ્રયોગ તો ગૌણ છે એમ સમજવું ॥૨૦॥

'એમ છે તોપણ' = ઉક્ત હેતુઓથી આત્માનું અણુત્વ સમર્થ છે તોપણ. 'ઇતર અધિકારથી' = બ્રહ્મપ્રકરણથી. પણ મહત્ત્વશ્રુતિ પર આત્માના પ્રકરણમાં શી રીતે છે તેને માટે કહે છે—'કેમકે પર આત્માની પ્રક્રિયામાં' ઇત્યાદિ. જે વેદાન્તશ્રુતિ છે તે [3]પરપ્રકરણસ્થ છે એવો [4]ઉત્સર્ગ હોવાથી તે મહત્ત્વશ્રુતિ પર આત્માના પ્રકરણમાં છે; અને આરંભથી બ્રહ્મનુંજ આયમન છે તેથી પણ તેમ છે. 'विरजः' = દોષરહિત. વિજ્ઞાનમયશ્રુતિથી પ્રકરણ બાધ્ય છે એમ શંકા કરે છે—'પણ "योऽयं विज्ञानमयः"' ઇત્યાદિ. શંકાનો અભિપ્રાય આવો છે. 'विरजः पर आकाशात्'—એમાં પરમાત્મા પ્રસ્તુત છે તોપણ 'स वा एष महानज आत्मा' એમાં પર આત્માનું ગ્રહણ યુક્ત નથી; કેમકે 'स वा एष महानज

---

૧ જીવાત્માની. ૨ પ્રકરણમાં. ૩ પર આત્માને વિષે છે. ૪ સામાન્યનિયમ.

'योऽयं विज्ञानमयः प्राणेषु' [બૃહ૦ ૪।૩।૨૨] (જે એ વિજ્ઞાનમય છે, પ્રાણોથી વ્યતિરિક્ત છે) એમ શારીરનોજ મહત્ત્વના સંબન્ધી તરીકે પ્રતિનિર્દેશ છે. એ નિર્દેશ તો શાસ્ત્રદૃષ્ટિથી વામદેવની પેઠે સમજવો. તેટલા માટે અન્ય પ્રમાણની શ્રુતિ પ્રાજ્ઞવિષયક છે તેથી જીવના અણુત્વનો વિરોધ નથી ॥ ૨૧ ॥

स्वशब्दोन्मानाभ्यां च ॥ २२ ॥

વળી સ્વશબ્દ અને ઉન્માનથી[1] (જીવ અણુ છે) ॥ ૨૨ ॥

વળી આથી આત્મા અણુ છે; કેમકે સાક્ષાતજ એનું અણુત્વ કહેનાર શબ્દ શ્રુતિમાં છે—'एषोऽणुरात्मा चेतसा वेदितव्यो यस्मिन् प्राणः पंचधा संविवेश' [મુ૦ ૩।૧।૯.] (એ અણુ આત્મા કેવલ વિશુદ્ધ જ્ઞાન વડે વેદિતવ્ય છે, જે શરીરને વિષે વાયુ પાંચ પ્રકારે {પ્રાણ, અપાન આદિ ભેદે} સમ્યક્ પ્રવિષ્ટ છે{તેજ શરીરને વિષે-હૃદયને વિષે જ્ઞાન વડે જ્ઞેય છે}) એમ, વળી પ્રાણના સંબન્ધથી એ જીવજ અણુ કહ્યો છે એમ સમજાય છે. તેમજ ઉન્માન પણ જીવનું અણુત્વ સમજાવે છે—'वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च भागो जीवः स विज्ञेयः' [શ્વેતા૦ ૫।૯.] (વાળના અગ્રભાગના સોમા ભાગના સો ભાગના કલ્પેલાનો ભાગ જીવ છે તે વિજ્ઞેય છે)

ત્મા યોઽયં વિજ્ઞાનમયઃ પ્રાણેષુ ' એમ જીવનીજ ત્યાં શ્રુતિ છે. શંકાનો પરિહાર કરે છે—' એ નિર્દેશ તો ' ઇત્યાદિ. પારમાર્થિક દૃષ્ટિથી વામદેવની પેઠે એ નિર્દેશ છે. જેમ ગર્ભસ્થજ વામદેવ જીવે પરમાર્થદૃષ્ટિથી આત્માનું બ્રહ્મત્વ પ્રાપ્ત કર્યું, એ રીતે વિકારોનો પ્રકૃતિથી વાસ્તવિક અભેદ છે તેથી પ્રકૃતિના પરિમાણથી વ્યપદેશ છે એવો અર્થ છે. અણુ જીવનો બ્રહ્મની સાથે ભેદાભેદ સ્વીકાર્યો છે તેથી શાસ્ત્રીય અભેદની દૃષ્ટિથી જીવને મહત્ત્વ કહ્યું છે, જેમ વામદેવની ' હું મનુ હું ' એવી સર્વાત્મત્વ ઉક્તિ છે તેમ. એમ અવિરોધ છે. જેમ ગર્ભસ્થ વામદેવનેજ ' अहं मनुरभवं सूर्यश्च ' (હું મનુ થયો અને સૂર્ય થયો) એમ શાસ્ત્રદૃષ્ટિથી વ્યપદેશ છે, તેમ જીવને મહત્ત્વનો નિર્દેશ પરમાર્થ અભેદદૃષ્ટિથી છે; તેથી સ્વતઃ જીવનું અણુત્વ અવિરુદ્ધ છે. અણુ જીવ બ્રહ્મથી ભિન્ન અને અભિન્ન હોવાથી અત્યન્ત ભિન્ન નથી તેથી, અને તેનો ભેદ અપ્રત્યક્ષ છે તેથી અભેદજ શાસ્ત્રીય છે અને એ અભેદની અપેક્ષાએ જીવને મહત્ત્વ કહ્યું છે એમ સમજવું. ॥ ૨૧ ॥

અત્રાઉ ઉત્ક્રાન્તિ આદિની અનુપપત્તિથી જીવ અણુ છે એમ પ્રતિપાદન કર્યું. આ સૂત્રથી સાક્ષાત્ અણુત્વપ્રતિપાદક શ્રુતિનો ઉપન્યાસ કરાય છે. પૂર્વે ઉત્ક્રાન્તિ આદિ શ્રુતિથી જીવનું અણુત્વ અનુમિત થયું છે; તેને વિષે શ્રુતિ પણ કહે છે—' स्वशब्दो ' ' ઇત્યાદિ. ' उन्मानम् '= મોટા અવયવીમાંથી અલ્પ અવયવને ઉદ્ધરીને પ્રમાણ કરવું તે. ઉન્માન કહે છે—' वालाग्र ' ઇત્યાદિ. વાળના અગ્ર ભાગમાંથી સોમો સોનો ભાગ, તેમાંથી પણ સોમો સોમો ભાગ જીવ છે એમ કહેવું તે ઉન્માન, અત્યન્ત અલ્પત્વ એમ સમજવું. ' आराग्रमात्रः '=

---

૧ ચૈતન્યને અપ્રમેયત્વાદિ કહે છે તેથી. ૨ અત્યન્ત અલ્પત્વ. ૩ પ્રમાણ.

એમ. 'आराग्रमात्रो ह्यवरोऽपि दृष्टः' [શ્વેતા૦ ૫।૮] (આરના અગ્ર ભાગ જેટલોજ, અપર પણ આત્મા જ્ઞાનાત્મા વડે અવગત છે.) એ અન્ય ઉન્માન છે ॥ ૨૨ ॥

अविरोधश्चन्दनवत् ॥ २३ ॥

ચન્દનની પેઠે અવિરોધ છે ॥ ૨૩ ॥

જેમ હરિચન્દનબિન્દુ શરીરના એકદેશમાં સંબદ્ધ હોય છે તોપણ સકલ દેહમાં વ્યાપે એવો આહ્લાદ કરે છે, એમ આત્મા પણ દેહના એકદેશમાં રહેલો સકલ દેહમાં વ્યાપનારી [1]ઉપલબ્ધિ કરશે. વળી ત્વચાના સંબન્ધથી એનું સકલ શરીરમાં રહેલું જ્ઞાન વિરુદ્ધ થતું નથી; કેમકે ત્વચા અને આત્માનો સંબન્ધ આખી ત્વચાને વિષે છે; અને ત્વચા આખા શરીરમાં વ્યાપેલી છે ॥ ૨૩ ॥

પણ જીવનું અણુત્વ થયે એકદેશને વિષે રહેનાર એવો જે જીવ તેની સકલ દેહને વિષે રહેલી ઉપલબ્ધિ વિરુદ્ધ થાય; પણ જાહ્નવી અને તળાવમાં નિમગ્ન થયલાઓને સર્વાંગમાં શૈત્યની ઉપલબ્ધિ અને ઉષ્ણ કાલમાં સકલ શરીરને પરિતાપની ઉપલબ્ધિ દેખાય છે. એથી ઉત્તર સૂત્ર પડે છેઃ—

'આરના અગ્ર ભાગ—અંકુશમાં પરોવેલી લોઢાસળાકાનો અગ્રભાગ તે आराग्र. તેમાંથી લીધેલી માત્રા—માન-પ્રમાણ છે જે જીવની તે आराग्रमात्रः, અર્થાત્, આરના અગ્ર ભાગના જેટલો જીવ ॥ ૨૨ ॥

અન્ય સૂત્રની અવતરણિકા આપવા શંકા કરે છે—'પણ જીવનું અણુત્વ થયે' ઇત્યાદિ. આત્મા અણુ છે તેથી તે શરીરવ્યાપી નથી, માટે સર્વાંગીણ શૈત્યની ઉપલબ્ધિ ન થાય એવો અર્થ છે. ઉપલબ્ધિ પણ સર્વદેહગત નથી પણ પ્રદેશગતજ છે એમ આશંકા લાવી કહે છે—'પણ જાહ્નવી' ઇત્યાદિ. ત્વચા અને આત્માનો સંયોગ સુખાદિને વિષે કારણ છે, અને તે સંયોગ ત્વચાદ્વારા આખા શરીરમાં છે તેથી કારણને અનુસારે સર્વશરીરગત સુખાદિ ઉપપન્ન થાય છે એમ સમજવું. આત્મા સાથે સંયુક્ત જે ત્વચા તે દેહવ્યાપિસંબન્ધનું કારણ છે, તેના મહિમા વડે આત્મા એકદેશસ્થ છે તોપણ સકલદેહવ્યાપી કાર્ય કરે છે તે અવિરુદ્ધ છે. 'ત્વચા અને આત્માનો સંબન્ધ' ઇત્યાદિ—સંબન્ધ ત્વચારૂપી અવયવીમાં છે અને અવયવી એક છે તેથી આત્માનો સંયોગ આખી ત્વચામાં છે એવો અર્થ છે ॥ ૨૩ ॥

---

૧ જ્ઞાન. ૨ વાળના વધેલો સેંકડો ભાગ ... [illegible]

अवस्थितिवैशेष्यादिति चेन्नाभ्युपगमाद्धृदि हि ॥ २४ ॥

(હરિચન્દનની) અવસ્થિતિવિશેષથી (દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈષમ્ય છે) એમ કહેશો તો તે યુક્ત નથી, કેમકે આત્માની અવસ્થિતિવિશેષનો સ્વીકાર છે; કારણ કે હૃદયને વિષે (આત્માની સ્થિતિ વેદાન્તોમાં પઠાય છે) ॥ ૨૪ ॥

અહિં કહે છે—ચન્દનની પેઠે અવિરોધ છે એમ જે કહ્યું છે તે અયુક્ત છે; કારણ કે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકને વિષે તુલ્યતા નથી; કેમકે દેહના એકદેશમાં આત્માની સ્થિતિ સિદ્ધ થયે ચન્દનદૃષ્ટાન્ત થાય; અને ચન્દનનો અવસ્થિતિવિશેષ-એકદેશમાં અવસ્થિતિ અને સકલ દેહને આહ્લાદ પમાડવો એ પ્રત્યક્ષ છે; પણ આત્માની સકલ દેહને વિષે ઉપલબ્ધિ માત્ર પ્રત્યક્ષ છે, એકદેશને વિષે અવસ્થિતિ પ્રત્યક્ષ નથી. તે તો અનુમેય છે એમ જો કહો તો એમાં અનુમાન સંભવતું નથી; કારણ કે શું આત્માની સકલશરીરગત ઉપલબ્ધિ ત્વગિન્દ્રિયની પેઠે આત્મા સકલદેહવ્યાપી છે તેથી છે કે તે આકાશની પેઠે વિભુ છે તેથી છે, કે ચન્દનબિન્દુની

'સિદ્ધ થયે' = પણ સિદ્ધ થઈ નથી તેથી તુલ્યતા નથી એવો અર્થ છે. ચન્દનબિન્દુ અલ્પ છે એ પ્રત્યક્ષ છે તેથી ત્વચાની વ્યાપ્તિથી વ્યાપી એવું જે કાર્ય (સકલ દેહને આહ્લાદ પમાડવો તે) તે તે કરે છે એ કલ્પના યુક્ત છે; પણ જીવના અણુત્વને વિષે સંદેહ હોવાથી વ્યાપી કાર્યની (સકલશરીરગત ઉપલબ્ધિની) દૃષ્ટિથી જીવનું વ્યાપિત્વ કલ્પવું જ યુક્ત છે; કેમકે વ્યાપી કાર્યનો આશ્રય વ્યાપી છે એવો ઉત્સર્ગ છે એવો સૂત્રના શંકાભાગનો અર્થ છે. તાત્પર્ય આ પ્રમાણે છે—ચન્દનબિન્દુના અલ્પત્વનું પ્રત્યક્ષ જ્ઞાન થવાથી કલ્પના યુક્ત થાય છે; પણ જેનું અણુત્વ સંદિગ્ધ છે અને કાર્ય સર્વાંગીણ છે એમ ઉપલબ્ધ થાય છે તેના ઔત્સર્ગિક વ્યાપિત્વનો ત્યાગ કરી આ કલ્પના અવકાશ પ્રાપ્ત કરતી નથી એવો શંકાનો અર્થ છે. પ્રત્યક્ષ જ અલ્પ એવા ચન્દનબિન્દુનું, ત્વચાને વ્યાપ્ત કરીને રહ્યું છે તેથી, વ્યાપી કાર્ય યુક્ત છે; પણ જેનું અણુત્વ સંદિગ્ધ છે અને કાર્ય સર્વાંગીણ છે, તેના ઔત્સર્ગિક વ્યાપિત્વનો ત્યાગ કરી આ કલ્પના કરવી યુક્ત નથી એમ તાત્પર્ય છે. આત્માનું દેહના એકદેશમાં અવસ્થાન અપ્રત્યક્ષ છે તોપણ ચન્દનબિન્દુના દૃષ્ટાન્તથી અને અણુત્વ હેતુથી અનુમેય છે એમ શંકા કરે છે—'તે તો અનુમેય છે' ઇત્યાદિ. તે અનુમાન યુક્ત નથી; કેમકે પ્રતિદૃષ્ટાન્તના સંભવથી હેતુ અનૈકાન્તિક છે. 'આત્મા અલ્પ છે, વ્યાપી કાર્ય કરનાર છે તેથી, ચન્દનબિન્દુની પેઠે' એ અનુમાન અયુક્ત છે; કેમકે ત્વગાદિને વિષે વ્યભિચાર છે. તેથી એમ કહે છે—'એમાં અનુમાન સંભવતું નથી.' પૂર્વોક્ત શ્રુતિઓથી જીવના અણુત્વનો નિશ્ચય છે તેથી અને જીવ હૃદયને વિષે રહેલો છે એમ પ્રતિપાદન કરનારી શ્રુતિઓથી એ એકદેશસ્થ છે એવો નિશ્ચય છે તેથી દૃષ્ટાન્તનું વૈષમ્ય નથી એવો શંકાનો પરિહાર કરનાર સૂત્રભાગનો અર્થ કહે છે—

પેઠે અણુ અને એકદેશસ્થ છે તેથી છે એમ સંશય નિવૃત્ત થતો નથી. એને વિષે કહીએ છીએ—એ દોષ નથી. શાથી? [1]અભ્યુપગમથી. ચન્દનની પેઠે આત્માનું પણ દેહના એકદેશમાં રહેવું એ જે અવસ્થિતિવિશેષ તેનો સ્વીકાર કર્યો છે. શી રીતે એમ કહેશો તો કહીએ છીએ. એ આત્મા હૃદયને વિષે અવસ્થિત છે એમ વેદાન્તોમાં 'हृदि ह्येष आत्मा' [પ્રશ્નો૦ ૩।૬] (ખરેખર, એ આત્મા હૃદયમાં છે),

---

'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. 'कतम आत्मा' એ જનકનો પ્રશ્ન છે. કરણોમાંનો અન્યતમ છે કે વ્યતિરિક્ત છે એમ અવિવેકે જનક યાજ્ઞવલ્ક્યને પૂછે છે. 'योऽयं विज्ञानमयः' ઇત્યાદિ યાજ્ઞવલ્ક્યનું ઉત્તર છે. योऽयम् એમ આત્મા પ્રત્યક્ષ હોવાથી નિર્દેશ છે. विज्ञानमयः = વિજ્ઞાનપ્રાય: બુદ્ધિરૂપ [2]વિજ્ઞાન જે ઉપાધિસંપર્ક તેના અવિવેકથી विज्ञानमयः એમ કહ્યું છે. બુદ્ધિરૂપ વિજ્ઞાનથી સંપૃક્તજ ઉપલબ્ધ થાય છે, જેમ રાહુ ચન્દ્ર અને આદિત્યથી સંપૃક્ત ઉપલબ્ધ થાય છે તેમ. બુદ્ધિ સર્વ અર્થનું કરણ છે જેમ અન્ધકારમાં પુરોવસ્થિત પ્રદીપ છે તેમ; કેમકે मनसा ह्येव पश्यति मनसा शृणोति (મન વડેજ જુએ છે, મન વડે સાંભળે છે) એમ કહ્યું છે. બુદ્ધિવિજ્ઞાનના આલોકથી વિશિષ્ટજ સર્વ વિષયજાત ઉપલબ્ધ થાય છે, જેમ અન્ધકારમાં પુરોવસ્થિત પ્રદીપના આલોકથી વિશિષ્ટજ ઉપલબ્ધ થાય છે તેમ. અન્ય કરણો બુદ્ધિનાં દ્વારમાત્ર છે, તેટલા માટે તેથીજ વિશિષ્ટ થાય છે ને विज्ञानमयः કહ્યું છે. प्राणेषु એ વ્યતિરેકવાચક સપ્તમી છે. જેમ वृक्षेषु पाषाणः (વૃક્ષોની પાસે પાષાણ) એમાં સામીપ્યલક્ષણા છે. પ્રાણને વિષે આત્માના વ્યતિરેક કે અવ્યતિરેકનો સંદેહ છે. प्राणेषु प्राणेभ्यो व्यतिरिक्त इत्यर्थः—પ્રાણોથી વ્યતિરિક્ત એવો અર્થ છે. જે જેને વિષે હોય છે તે તેથી વ્યતિરિક્તજ હોય છે, જેમ पाषाणेषु वृक्षः (પાષાણને વિષે વૃક્ષ). हृद्शब्दथी પુંડરીકાકાર માંસપિણ્ડ વાચ્ય થાય છે, અને તેમાં રહેલી જે બુદ્ધિ તે પણ તત્સ્થલક્ષણાથી हृद् છે; તેને વિષે; અર્થાત્ हृदि = બુદ્ધિને વિષે. 'अन्तः'—अन्तः એ બુદ્ધિવૃત્તિથી વ્યતિરેક દર્શાવવા માટે છે. ज्योतिः—આત્મા અવભાસાત્મક હોવાથી આત્માને ज्योतिः કહ્યો છે; કેમકે અવભાસક આત્મજ્યોતિ વડે આ કાર્યકરણપિણ્ડ ચૈતન્યવાન્ હોય તેમ રહે છે, કાર્ય કરે છે; જેમ આદિત્યપ્રકાશમાં રહેલો ઘટ. જેમ ક્ષીરાદિ દ્રવ્યમાં પરીક્ષા માટે પ્રક્ષિપ્ત કરેલો મરકતાદિ મણિ તે ક્ષીરાદિ દ્રવ્યને આત્મચ્છાયજ—પોતાના પ્રકાશવાળુંજ કરે છે, તેમ એ આત્મજ્યોતિ બુદ્ધિરૂપી હૃદયથી પણ સૂક્ષ્મ હોઈ હૃદયમાં અંદર રહેલો પણ હૃદયાદિક કાર્યકરણસંઘાતને એક કરીને આત્મજ્યોતિશ્છાય—પોતાના પ્રકાશવાળુંજ કરે છે; કેમકે પરમ્પરાથી સ્થૂલસૂક્ષ્મતારતમ્યથી આત્મા સર્વને વિષે અન્તરતમ છે, વિષયથી માંડીને પ્રત્યગાત્મા સુધી ઉત્તરોત્તર સૂક્ષ્મતારતમ્ય છે અને આત્માથી માંડીને વિષયપર્યન્ત સ્થૂલતારતમ્ય છે તેથી પ્રત્યગાત્મા સર્વથી અન્તરતમ હોવાથી ત્યાં ત્યાં સ્વાકારહેતુત્વ છે એવો અર્થ છે. પ્રથમ બુદ્ધિ સ્વચ્છ હોવાથી અને અનન્તર હોવાથી આત્મચૈતન્યજ્યોતિની પ્રતિચ્છાયા છે, તેથી વિવેકીઓને પણ તેમાં આત્માભિમાનબુદ્ધિ પ્રથમ થાય છે. પછી અનન્તર હોવાથી મનને વિષે પણ ચૈતન્યાવભાસ થાય છે, બુદ્ધિના સંપર્કથી. પછી ઇન્દ્રિયોને વિષે આત્મબુદ્ધિ થાય છે; મનના સંયોગથી. પછી શરીરને વિષે, ઇન્દ્રિયોના સંપર્કથી. એ રીતે પરંપરાથી કૃત્સ્ન કાર્યકરણસંઘા-

---

૧ સ્વીકાર. ૨ विज्ञायतेऽनेन (એ વડે વિજ્ઞાન થાય તે) એમ વ્યુત્પત્તિ કરી, એટલે બુદ્ધિ અને વિજ્ઞાનનું સામાનાધિકરણ્ય થશે.

अवस्थितिवैशेष्यादिति चेन्नाभ्युपगमाद्धृदि हि ॥ २४ ॥

(હરિચન્દનની) અવસ્થિતિવિશેષથી (દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈષમ્ય છે) એમ કહેશો તો તે યુક્ત નથી, કેમકે આત્માની અવસ્થિતિવિશેષનો સ્વીકાર છે; કારણ કે હૃદયને વિષે (આત્માની સ્થિતિ વેદાન્તોમાં પઠાય છે) ॥ ૨૪ ॥

અહિં કહે છે—ચન્દનની પેઠે અવિરોધ છે એમ જે કહ્યું છે તે અયુક્ત છે; કારણ કે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકને વિષે તુલ્યતા નથી; કેમકે દેહના એકદેશમાં આત્માની સ્થિતિ સિદ્ધ થયે ચન્દનદૃષ્ટાન્ત થાય; અને ચન્દનનો અવસ્થિતિવિશેષ-એકદેશમાં અવસ્થિતિ અને સકલ દેહને આહ્લાદ પમાડવો એ પ્રત્યક્ષ છે; પણ આત્માની સકલ દેહને વિષે ઉપલબ્ધિ માત્ર પ્રત્યક્ષ છે, એકદેશને વિષે અવસ્થિતિ પ્રત્યક્ષ નથી. તે તો અનુમેય છે એમ જો કહે તો એમાં અનુમાન સંભવતું નથી; કારણ કે શું આત્માની સકલશરીરગત ઉપલબ્ધિ ત્વગિન્દ્રિયની પેઠે આત્મા સકલદેહવ્યાપી છે તેથી છે કે તે આકાશની પેઠે વિભુ છે તેથી છે, કે ચન્દનબિન્દુની

'સિદ્ધ થયે'=પણ સિદ્ધ થઈ નથી તેથી તુલ્યતા નથી એવો અર્થ છે. ચન્દનબિન્દુ અલ્પ છે એ પ્રત્યક્ષ છે તેથી ત્વચાની વ્યાપ્તિથી વ્યાપી એવું જે કાર્ય (સકલ દેહને આહ્લાદ પમાડવો તે) તે તે કરે છે એ કલ્પના યુક્ત છે; પણ જીવના અણુત્વને વિષે સંદેહ હોવાથી વ્યાપી કાર્યની (સકલશરીરગત ઉપલબ્ધિની) દૃષ્ટિથી જીવનું વ્યાપિત્વ કલ્પવું જ યુક્ત છે; કેમકે વ્યાપી કાર્યનો આશ્રય વ્યાપી છે એવો ઉત્સર્ગ છે એવો સૂત્રના શંકાભાગનો અર્થ છે. તાત્પર્ય આ પ્રમાણે છે—ચન્દનબિન્દુના અલ્પત્વનું પ્રત્યક્ષ જ્ઞાન થવાથી કલ્પના યુક્ત થાય છે; પણ જેનું અણુત્વ સંદિગ્ધ છે અને કાર્ય સર્વાંગીણ છે એમ ઉપલબ્ધ થાય છે તેના ઔત્સર્ગિક વ્યાપિત્વનો ત્યાગ કરી આ કલ્પના અવકાશ પ્રાપ્ત કરતી નથી એવો શંકાનો અર્થ છે. પ્રત્યક્ષજ અલ્પ એવું ચન્દનબિન્દુનું, ત્વચાને વ્યાપ્ત કરીને રહ્યું છે તેથી, વ્યાપી કાર્ય યુક્ત છે; પણ જેનું અણુત્વ સંદિગ્ધ છે અને કાર્ય સર્વાંગીણ છે, તેના ઔત્સર્ગિક વ્યાપિત્વનો ત્યાગ કરી આ કલ્પના કરવી યુક્ત નથી એમ તાત્પર્ય છે. આત્માનું દેહના એકદેશમાં અવસ્થાન અપ્રત્યક્ષ છે તોપણ ચન્દનબિન્દુના દૃષ્ટાન્તથી અને અણુત્વ હેતુથી અનુમેય છે એમ શંકા કરે છે—'તે તો અનુમેય છે' ઇત્યાદિ. તે અનુમાન યુક્ત નથી; કેમકે પ્રતિદૃષ્ટાન્તના સંભવથી હેતુ અનૈકાન્તિક છે. 'આત્મા અલ્પ છે, વ્યાપી કાર્ય કરનાર છે તેથી, ચન્દનબિન્દુની પેઠે' એ અનુમાન અયુક્ત છે; કેમકે ત્વગાદિને વિષે વ્યભિચાર છે. તેથી એમ કહે છે—'એમાં અનુમાન સંભવતું નથી.' પૂર્વોક્ત શ્રુતિઓથી જીવના અણુત્વનો નિશ્ચય છે તેથી અને જીવ હૃદયને વિષે રહેલો છે એમ પ્રતિપાદન કરનારી શ્રુતિઓથી એ એકદેશસ્થ છે એવો નિશ્ચય છે તેથી દૃષ્ટાન્તનું વૈષમ્ય નથી એવો શંકાનો પરિહાર કરનાર સૂત્રભાગનો અર્થ કહે છે—

પેઠે અણુ અને એકદેશસ્થ છે તેથી છે એમ સંશય નિવૃત્ત થતો નથી. એને વિષે કહીએ છીએ—એ દોષ નથી. શાથી? [1]અભ્યુપગમથી. ચન્દનની પેઠે આત્માનું પણ દેહના એકદેશમાં રહેવું એ જે અવસ્થિતિવિશેષ તેનો સ્વીકાર કર્યો છે. શી રીતે એમ કહેશો તો કહીએ છીએ. એ આત્મા હૃદયને વિષે અવસ્થિત છે એમ વેદાન્તોમાં 'हृदि ह्येष आत्मा' [પ્રશ્ન૦ ૩।૬] (ખરેખર, એ આત્મા હૃદયમાં છે),

---

'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. 'कतम आत्मा' એ જનકનો પ્રશ્ન છે. કરણોમાંનો અન્યતમ છે કે વ્યતિરિક્ત છે એમ અવિવેકે જનક યાજ્ઞવલ્ક્યને પુછે છે. 'योऽयं विज्ञानमयः' ઇત્યાદિ યાજ્ઞવલ્ક્યનું ઉત્તર છે. योऽयम् એમ આત્મા પ્રત્યક્ષ હોવાથી નિર્દેશ છે. विज्ञानमयः = વિજ્ઞાનપ્રાય; બુદ્ધિરૂપ [2]વિજ્ઞાન જે ઉપાધિસંપર્કે તેના અવિવેકથી विज्ञानमयः એમ કહ્યું છે. બુદ્ધિરૂપ વિજ્ઞાનથી સંપૃક્તજ ઉપલબ્ધ થાય છે, જેમ રાહુ ચન્દ્ર અને આદિત્યથી સંપૃક્ત ઉપલબ્ધ થાય છે તેમ. બુદ્ધિ સર્વ અર્થનું કરણ છે જેમ અન્ધકારમાં પુરોવસ્થિત પ્રદીપ છે તેમ; કેમકે मनसा ह्येव पश्यति मनसा शृणोति (મન વડેજ જુએ છે, મન વડે સાંભળે છે) એમ કહ્યું છે. બુદ્ધિવિજ્ઞાનના આલોકથી વિશિષ્ટજ સર્વ વિષયજાત ઉપલબ્ધ થાય છે, જેમ અન્ધકારમાં પુરોવસ્થિત પ્રદીપના આલોકથી વિશિષ્ટજ ઉપલબ્ધ થાય છે તેમ. અન્ય કરણો બુદ્ધિનાં દ્વારમાત્ર છે, તેટલા માટે તેથીજ વિશિષ્ટ થાય છે ને विज्ञानमयः કહ્યું છે. प्राणेषु એ વ્યતિરેકવાચક સપ્તમી છે. જેમ वृक्षेषु पाषाणः (વૃક્ષોની પાસે પાષાણ) એમાં સામીપ્યલક્ષણા છે. પ્રાણને વિષે આત્માના વ્યતિરેક કે અવ્યતિરેકનો સંદેહ છે. प्राणेषु प्राणेभ्यो व्यतिरिक्त इत्यर्थः—પ્રાણોથી વ્યતિરિક્ત એવો અર્થ છે. જે જેને વિષે હોય છે તે તેથી વ્યતિરિક્તજ હોય છે, જેમ पाषाणेषु वृक्षः (પાષાણને વિષે વૃક્ષ). हृद्‌શબ્દથી પુંડરીકાકાર માંસપિણ્ડ વાચ્ય થાય છે, અને તેમાં રહેલી જે બુદ્ધિ તે પણ તત્સ્થલક્ષણાથી હૃદ છે; તેને વિષે; અર્થાત્ हृदि = બુદ્ધિને વિષે. 'अन्तः'—अन्तः એ બુદ્ધિવૃત્તિથી વ્યતિરેક દર્શાવવા માટે છે. ज्योतिः—આત્મા અવભાસાત્મક હોવાથી આત્માને ज्योतिः કહ્યો છે; કેમકે અવભાસક આત્મજ્યોતિ વડે આ કાર્યકરણપિણ્ડ ચેતનાવાન્ હોય તેમ રહે છે, કાર્ય કરે છે; જેમ આદિત્યપ્રકાશમાં રહેલો ઘટ. જેમ ક્ષીરાદિ દ્રવ્યમાં પરીક્ષા માટે પ્રક્ષિપ્ત કરેલો મરકતાદિ મણિ તે ક્ષીરાદિ દ્રવ્યને આત્મચ્છાયજ—પોતાના પ્રકાશવાળુંજ કરે છે, તેમ એ આત્મજ્યોતિ બુદ્ધિરૂપી હૃદયથી પણ સૂક્ષ્મ હોઈ હૃદયમાં અન્દર રહેલો પણ હૃદયાદિક કાર્યકરણસંઘાતને એક કરીને આત્મજ્યોતિશ્છાય—પોતાના પ્રકાશવાળુંજ કરે છે; કેમકે પરમ્પરાથી સ્થૂલસૂક્ષ્મતારતમ્યથી આત્મા સર્વને વિષે અન્તરતમ છે, વિષયથી માંડીને પ્રત્યગાત્મા સુધી ઉત્તરોત્તર સૂક્ષ્મતારતમ્ય છે અને આત્માથી માંડીને વિષયપર્યન્ત સ્થૂલતારતમ્ય છે તેથી પ્રત્યગાત્મા સર્વથી અન્તરતમ હોવાથી ત્યાં ત્યાં સ્વાકારહેતુત્વ છે એવો અર્થ છે. પ્રથમ બુદ્ધિ સ્વચ્છ હોવાથી અને અનન્તર હોવાથી આત્મચૈતન્યજ્યોતિની પ્રતિચ્છાયા છે, તેથી વિવેકીઓને પણ તેમાં આત્માભિમાનબુદ્ધિ પ્રથમ થાય છે. પણ અનન્તર હોવાથી મનને વિષે પણ ચૈતન્યાવભાસ થાય છે, બુદ્ધિના સંપર્કથી. પછી ઇન્દ્રિયોને વિષે આત્મબુદ્ધિ થાય છે; મનના સંયોગથી. પછી શરીરને વિષે, ઇન્દ્રિયોના સંપર્કથી. એ રીતે પરંપરાથી કૃત્સ્ન કાર્યકરણસંઘા-

---

૧ સ્વીકાર. ૨ विज्ञानसंगेव (જે વડે વિજ્ઞાન થાય તે) એમ વ્યુત્પત્તિ કરી, કેમકે બુદ્ધિ અને વિજ્ઞાનનું સામાનાધિકરણ્ય ઘટે

'स वा एष आत्मा हृदि' [છાન્દો૦ ૮।૩।૩] (તે એ આત્મા હૃદયમાં છે), 'क
मात्मेति योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः' [બૃહ૦ ૪।૩।૭] (આત્મ
કયો છે એમ પ્રશ્ન થયે જે એ વિજ્ઞાનમય છે, પ્રાણથી વ્યતિરિક્ત છે, હૃદયને વિ
જ્યોતિઃસ્વરૂપ, પૂર્ણ છે) ઇત્યાદિ ઉપદેશોથી પઠાય છે. તેટલા માટે દૃષ્ટાન્ત અને
દાર્ષ્ટાન્તિકને વિષે અવૈષમ્ય હોવાથી ચન્દનની પેઠે અવિરોધ છે એ યુક્તજ છે ॥ ૨૪ ॥

गुणाद्वा लोकवत् ॥ २५ ॥

અથવા ગુણથી લોકની પેઠે, (જીવનું કાર્ય વિરુદ્ધ નહિ થાય) ॥ ૨૫ ॥

અથવા ચૈતન્યગુણની વ્યાપ્તિથી અણુ એવો જે જીવ છે તેનું પણ સકલદે
વ્યાપી કાર્ય વિરુદ્ધ થતું નથી. જેમ લોકમાં મણિ, પ્રદીપ આદિ, ઓરડાના એક

તને આત્મા ચૈતન્યસ્વરૂપજ્યોતિ વડે પ્રકાશ આપે છે. તેથી સર્વ લોકને કાર્યકરણસંઘાત
અને તેની વૃત્તિઓમાં અનિયત આત્માભિમાનબુદ્ધિ અવિવેકને અનુસારે થાય છે. ભગ
ગીતામાં કહ્યું છે કે

'यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥'

(જેમ એક રવિ આ અખિલ લોકને પ્રકાશ પમાડે છે, તેમ હે ભારત, ક્ષેત્રી અખિ
ક્ષેત્રને પ્રકાશ પમાડે છે). વળી કાઠકમાં પણ કહ્યું છે કે 'नित्योऽनित्यानां चेतनश्चेतना
नाम्' (અનિત્યોનો નિત્ય અને ચેતનોનો ચેતન છે;') 'तमेव भान्तमनुभाति सर्वं तस्य भास
सर्वमिदं विभाति' (તેજ પ્રકાશ સ્વરૂપની પાછળ આ સર્વ તેના પ્રકાશ વડે પ્રકાશે છે)
'येन सूर्यस्तपति तेजसेद्धः' (જે તેજથી પ્રકાશિત થયલો સૂર્ય પ્રકાશે છે) એમ મન્ત્ર
છે. તેટલા માટે આત્મા 'हृद्यन्तर्ज्योतिः' છે. पुरुषः—આકાશની પેઠે સર્વગત હોવાથી પૂ
છે. એનો સ્વયંપ્રકાશ નિરતિશય છે, કેમકે એ સર્વનો અવભાસક છે અને પોતે અન્યથી અવ
ભાસ્ય નથી. તે એ પુરુષ સ્વયંજ્યોતિઃસ્વભાવ છે કે જેને વિષે 'कतम आत्मा' (આત્મ
કયો છે) એવો તે પ્રશ્ન કર્યો છે. ॥ ૨૪ ॥

જેઓ એમ માને છે કે ચન્દનબિન્દુ સાવયવ હોવાથી તેના અણુના સંચારથી દેહમાં
ઉપપન્ન થાય છે, પણ આત્મા અવયવરહિત હોવાથી તેના અણુનો સંચાર સંભવતો નથી; તે
ટલા માટે વૈષમ્ય છે. આમ જેઓ માને છે તેઓ પ્રત્યે આ સૂત્ર છે. અણુ આત્માનું

---

[1] અનિત્યની પ્રતિ અને કૃતનો પ્રભાસ–એવો પ્રસંગ વારવા માટે એક કલ્પને વિષે થયેલા ક
એ પ્રકટ થાય છે તેની અન્ય કલ્પને વિષે સજાતીય ઉત્પત્તિ પ્રતીત થાય છે. તે ત્યારેજ થાય કે
[illegible] હોય તો. તેટલા માટે પ્રલયને વિષે વિનાશ પામેલું સર્વ [illegible]
એને વિષે વિલીન થાય છે તે આત્મા અનુસન્ધાન છે, માટે અનિત્યોમાં નિત્ય એમ કહ્યું છે. [illegible]
[illegible] ચેતન છે. અનગ્નિ ઉદકાદિનું અગ્નિનિમિત્ત દાહકત્વ છે તેમ [illegible]
[illegible] ચૈતન્યનિમિત્ત છે. બ્રહ્માદિ સંતાનોનું ચૈતન્યપણું જે ચૈતન્યનિમિત્ત છે તે
[illegible] એવો અર્થ છે.

દેશમાં હોય છે તોપણ તેમની પ્રભા ઓરડામાં વ્યાપી આખા ઓરડામાં કાર્ય કરે છે તેમ. ચન્દન [1]સાવયવ હોવાથી કદાચિત્, તેના સૂક્ષ્મ અવયવના ફેલાવાથી પણ, સકલ દેહને વિષે તેનો આહ્લાદ કરવાનો વ્યાપાર થાય, પણ અણુ જીવના અવયવો નથી કે જે વડે એ સકલ દેહને વિષે પ્રસરે એમ આશંકા કરી 'गुणाद्वा लोकवत्' એમ કહ્યું છે ॥ ૨૫ ॥

પણ ગુણ ગુણીથી વ્યતિરિક્ત અન્યત્ર શી રીતે રહે? ખરેખર, પટનો શુક્લ ગુણ પટથી વ્યતિરિક્ત અન્યત્ર વર્તમાન જોવામાં આવતો નથી. પ્રદીપની પ્રભાની પેઠે થશે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે તેનો (પ્રદીપની પ્રભાનો) પણ દ્રવ્ય તરીકે સ્વીકાર છે; કારણ કે જેના અવયવ નિબિડ છે એવું તેજોદ્રવ્ય પ્રદીપ છે અને જેના અવયવ પ્રવિરલ છે એવું તેજોદ્રવ્યજ પ્રભા છે. આથી ઉત્તર સૂત્ર પઠે છે:—

व्यतिरेको गन्धवत् ॥ २६ ॥

(અણુ પણ જીવનો ચૈતન્ય ગુણથી) વ્યતિરેક ગન્ધની પેઠે થશે ॥ ૨૬ ॥

જેમ ગન્ધ ગુણ છે તોપણ ગન્ધવત્ દ્રવ્યથી વ્યતિરિક્ત તેની વૃત્તિ છે; કેમકે કુસુમ આદિ ગન્ધવત્ પદાર્થો અપ્રાપ્ત હોય તોપણ કુસુમગન્ધ ઉપલબ્ધ થાય છે; એ પ્રમાણે જીવ અણુ છે, તોપણ ચૈતન્યગુણનો વ્યતિરેક[3] થશે. તેટલા માટે ગુણ હોવાથી રૂપાદિની પેઠે આશ્રયથી તેનો વિશ્લેષ[2] અનુપપન્ન છે એ [4]અનૈકાન્તિક છે; કેમકે ગન્ધ ગુણ છે તોપણ આશ્રયથી તેનો વિશ્લેષ દેખાય છે. પણ ગન્ધનો પણ આશ્રયની સાથેજ વિશ્લેષ છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે જે મૂલ દ્રવ્યથી

તન્ય સ્વભાવે અણુપરિમાણ છે અને દેહતુલ્ય ઉપલબ્ધિના આકારમાં પરિણામ પામે છે એમ કહ્યા પછી આ સૂત્રમાં અન્ય પક્ષ કહે છે. આત્માની પેઠે તેનો ધર્મ જે જ્ઞાન તેનું અણુત્વ સ્વતઃ—સ્વાભાવિક છે, દેહપરિમાણત્વ તો કાદાચિત્ક—કદાચિત્ દેખાય એવું—છે એમ કહ્યા પછી આત્માનું વ્યાપિત્વ સ્વતઃ છે એમ અન્ય મત કહે છે—'गुणाद्वा' ઇત્યાદિ. વાશબ્દથી ચન્દનદૃષ્ટાન્તને વિષે અપરિતોષ સૂચવ્યો છે તે કહે છે—'ચન્દન સાવયવ હોવાથી' ઇત્યાદિ. પણ જ્ઞાનગુણની સર્વ શરીરને વિષે વ્યાપ્તિથી સર્વાંગીણ ઉપલબ્ધિ યુક્ત થાય છે, તોપણ સુખાદિનો સર્વાંગીણ સ્વીકાર શી રીતે? એ શંકાનું સમાધાન આ પ્રમાણે છે:—જેમ સિદ્ધાન્તમાં અન્તઃકરણ સંકોચવિકાસશીલ સુખાદિપરિણામી સ્વીકારાય છે, એ પ્રમાણે આત્માને વિષે જ્ઞાનસંજ્ઞક ગુણ સંકોચવિકાસશીલ સુખાદિપરિણામી સ્વીકારાય છે તેથી તેનું સુખાદિસ્વરૂપે સર્વાંગીણ વિકાસાદિ યુક્ત થાય છે ॥ ૨૫ ॥

ઉત્તર સૂત્રથી જે શંકા વ્યાવર્ત્ય છે—દૂર કરવાની છે તે શંકા કહે છે—'પણ ગુણ ગુણીથી વ્યતિરિક્ત' ઇત્યાદિ. જ્ઞાન ગુણીથી વ્યતિરિક્ત દેશમાં વ્યાપી રહેતું નથી, ગુણ છે તેથી, રૂપની પેઠે. પ્રભાને વિષે વ્યભિચાર છે એમ કહેવું યુક્ત નથી, કેમકે પ્રભા દ્રવ્ય છે એમ પ્રાપ્ત થયે ગન્ધને વિષે વ્યભિચાર કહે છે—'આથી ઉત્તર સૂત્ર પઠે છે.' ગુણનો દ્રવ્યવ્યતિરેક એટલે ગુણનો તેના આશ્રયથી વિશ્લેષ. પણ વિશ્લિષ્ટ અવયવો અલ્પ હોવાથી

૧ અવયવયુક્ત. ૨ આશ્રયથી—દ્રવ્યથી વિશ્લેષ—જુદા પડવું તે. ૩ જુદું પડવું, વ્યતિરેક. ૪ અનિશ્ચિત.

વિશ્લેષ થાય છે તેનો ક્ષય થવાનો પ્રસંગ આવે. પણ તે પૂર્વ અવસ્થાથી હીણ ન થતુંજ અનુમિત થાય છે; નહિ તો તે પૂર્વ અવસ્થાના ગુરુત્વ આદિ ધર્મોથી હીન થાય. પણ કોઈ શંકા કરે કે વિશ્લિષ્ટ અવયવો અલ્પ હોવાથી ગન્ધાશ્રયોનો વિશ્લેષ છે તોપણ તે દેખાતો નથી; કેમકે સૂક્ષ્મ ગન્ધપરમાણુઓ સર્વ દિશા તરફ ફેલાયલા થઈ ગન્ધબુદ્ધિ ઉત્પન્ન કરે છે અને નાસિકાપુટમાં અનુપ્રવેશ કરે છે—આવી જો કોઈ શંકા કરે તો એ શંકા યુક્ત નથી; કેમકે પરમાણુઓ અતીન્દ્રિય છે અને નાગકેસર આદિને વિષે સ્ફુટ ગન્ધ ઉપલબ્ધ થાય છે. વળી ગન્ધવત્ દ્રવ્ય સુંઘ્યું એવી લોકમાં પ્રતીતિ થતી નથી; પણ ગન્ધજ સુંઘ્યો એમ લૌકિકોની પ્રતીતિ છે. રૂપાદિને વિષે આશ્રયનો વ્યતિરેક ઉપલબ્ધ થતો નથી તેથી ગન્ધના પ [illegible] યનો વ્યતિરેક અયુક્ત છે એમ કહેશો તો તે યુક્ત નથી; [illegible] અનુમાન પ્રવૃત્ત થતું નથી. તેટલા માટે જે જેવું લોકમાં [illegible] નિરૂપકોએ કરવું, અન્ય પ્રકારે નહિ. રસગુણ [illegible] રૂપાદિ ગુણો પણ જીહ્વાથીજ ઉપલબ્ધ થાય એમ [illegible]

तथा च दर्शयति ॥

અને તેમ (શ્રુતિ પણ) દ

આત્માનું હૃદયને વિષે સ્થાન અને અણુપરિ[illegible] આ નખાગ્રેભ્યઃ' [છાન્દો૦ ૮।૮।૧] ('લોમપર્યંત પડે સમસ્ત શરીરમાં વ્યાપ્[illegible] દર્શાવે છે ॥

દ્રવ્યપૃથ દેખ[illegible] ... [illegible] માટે
ઇત્યાદિ. પૂર્વ ક[illegible] ... તે
[1] વિશ્લિષ્ટ અવ[illegible] ... એ
[2] દ્રવ્યાન્તરપરમાણુ[illegible] ... એમ પણ
અવયવપ્રવેશરૂપ નિ[illegible] ... ગ્રહણ
હેતુ અન્યથાસિદ્ધ છે ... છે.
પણ યુક્ત નથી, કેમકે ... રૂપ
એમ પરિહાર કરે છે—
ગકેસર આદિને વિષે
માટે પુષ્પ રિમાં રહેલા
ગુણથી વિશ્લિષ્ટ નથી.
[illegible] કે વિશ્લેષ પ્રમાણ

[illegible] ચૈતન્યગુણથી
[illegible] દર્શયતિ'. તેનું ભાષ્ય

---

૧ તેમ [illegible]

पृथगुपदेशात् ॥ २८ ॥

પૃથક્ ઉપદેશથીજ (આત્મા) ચૈતન્ય વડે શરીરવ્યાપી છે એમ સમજાય છે ॥ ૨૮ ॥

'प्रज्ञया शरीरं समारुह्य' [કૌષી૦ ૩।૬] (પ્રજ્ઞા વડે શરીરનું સમ્યક્ આરોહણ કરીને) એમ આત્મા અને પ્રજ્ઞાનો કર્તા અને કરણ તરીકે પૃથક્ ઉપદેશ છે તેથી ચૈતન્યગુણ વડેજ એ શરીરમાં વ્યાપીને રહે છે એમ સમજાય છે. 'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय' [બૃહ૦ ૨।૧।૧૭] (ત્યારે એ (વિજ્ઞાનમય પુરુષ) ઇન્દ્રિયોની શક્તિને વિજ્ઞાન વડે—ચૈતન્ય ગુણ વડે લઈને સુએ છે) એમ કર્તા શારીરથી પૃથક્ વિજ્ઞાનનો ઉપદેશ છે તે એજ અભિપ્રાયને પુષ્ટ કરે છે; તેટલા માટે આત્મા અણુ છે ॥ ૨૮ ॥

तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः प्राज्ञवत् ॥ २९ ॥

પણ તેના (બુદ્ધિના) ગુણ જેનો સાર છે એવો હોવાથી, તેનો (બુદ્ધિના જેવો) વ્યપદેશ છે, પ્રાજ્ઞની પેઠે ॥ ૨૯ ॥

તુશબ્દ ('પણ' શબ્દ) પક્ષની વ્યાવૃત્તિ કરે છે. આત્મા અણુ છે એમ નથી; કેમકે આત્માની ઉત્પત્તિની શ્રુતિ નથી, અને પર બ્રહ્મના પ્રવેશની શ્રુતિ છે અને તાદાત્મ્યનો ઉપદેશ છે તેથી પરજ બ્રહ્મ જીવ છે એમ કહ્યું છે. જો જીવ પર બ્રહ્મજ હોય તો જેટલું પર બ્રહ્મ હોય તેટલોજ જીવ થવો યુક્ત છે; અને પર બ્રહ્મ વિભુ છે એવું શ્રુતિમાં છે, તેટલા માટે જીવ વિભુ છે. તે રીતેજ 'स वा एष म-

---

તેનેજ માટે અન્ય શ્રુતિ આપવા સૂત્ર છે—'पृथगुपदेशात्'. विज्ञानम् = ઇન્દ્રિયોની જ્ઞાનશક્તિને. विज्ञानेन = ચૈતન્યગુણ વડે. 'य एषोऽन्तर्हृदय आकाशस्तस्मिञ्छेते' એવો વાક્યશેષ છે. સ્વાપકાલ પ્રાપ્ત થયે સ્વપ્નદશામાં વિજ્ઞાનરૂપ સ્વધર્મથી ઇન્દ્રિયોની વિજ્ઞાનશક્તિને લઈને—વિજ્ઞાન પરિશેષથીજ ઇન્દ્રિયોની વૃત્તિઓનો લય કરી જે આ હૃદયને વિષે આકાશ છે તેને વિષે સુએ છે. 'એજ અભિપ્રાયને'—આ વાક્યથી આત્માનો જ્ઞાનસંજ્ઞક કોઈક ગુણ કરણીભૂત છે એમ સિદ્ધ થાય છે, તેથી તે વડેજ સર્વ શરીરને વિષે વ્યાપ્ત થવું વગેરે સિદ્ધ થાય છે એમ અર્થાત્ પ્રાપ્ત થાય છે એવો અર્થ છે ॥ ૨૮ ॥

તેમાં આત્માનું અણુત્વ અને વિભુત્વ દર્શાવનારી શ્રુતિઓના વિરોધથી અપ્રામાણ્ય પ્રાપ્ત થયે જીવનું અણુત્વ છે અને ઈશ્વરનું વિભુત્વ છે એમ અવિરોધ છે એવો એકદેશિપક્ષ દર્શાવ્યો. તે એકદેશિપક્ષનું દૂષણ કરવા સિદ્ધાન્તસૂત્રનું વ્યાખ્યાન કરે છે—'तु शब्द' ઇત્યાદિ. તેટલા માટે બ્રહ્મથી અભિન્ન હોવાથી જીવ વિભુ છે બ્રહ્મની પેઠે એમ અનુમાનથી [1]અનુગ્રહ પામેલી શ્રુતિ અને સ્મૃતિ કહે છે—'તે રીતેજ "स वा एष"' ઇત્યાદિ. 'नित्यः सर्वगतः स्थाणुः'

---

૧ પોષણ

છે એવો જીવ હોવાથી એનો અણુત્વ આદિ વ્યપદેશ પ્રાજ્ઞની પેઠે છે. જેમ સગુણ ઉપાસનાઓમાં જેમાં ઉપાધિના ગુણ પ્રધાન છે એવો પ્રાજ્ઞ પરમાત્મા હોવાથી તેનો 'अणीयान् व्रीहेर्वा यवाद्वा' [છાન્દો૦ ૩।૧૪।૩] (વ્રીહિથી કે યવથી વિશેષ અણુ) 'मनोमयः प्राणशरीरः सर्वगन्धः सर्वरसः सत्यकामः सत्यसंकल्पः' [છાન્દો૦ ૩।૧૪।૨] (મનોમય, પ્રાણશરીર, સર્વગન્ધ, સર્વરસ, સત્યકામ અને સત્યસંકલ્પ) એમ વિશેષ અણુ ઇત્યાદિ વ્યપદેશ છે તે પ્રમાણે ॥ ૨૯ ॥

પણ જો બુદ્ધિના ગુણો જેમાં પ્રધાન છે એવો હોવાથી આત્મા સંસારી છે એમ કલ્પાય તો બુદ્ધિ અને આત્મા જે ભિન્ન છે તેમના સંયોગનો અવસાન અવશ્ય થશે તેથી બુદ્ધિનો વિયોગ થયે વિભક્ત થયેલો આત્મા અનાલક્ષ્ય હોવાથી તેનું અસત્ત્વ કે અસંસારિત્વ પ્રસક્ત થાય; માટે ઉત્તર સૂત્ર પડે છે—

यावदात्मभावित्वाच्च न दोषस्तद्दर्शनात् ॥ ३० ॥

(બુદ્ધિસંયોગ) જ્યાંસુધી આત્મા સંસારી છે ત્યાંસુધી હોવાથી (એ) દોષ નથી; કેમકે તેનું (યાવદાત્મભાવી સંયોગનું) શ્રુતિમાં દર્શન છે ॥ ૩૦ ॥

એ [1]અનન્તર નિર્દિષ્ટ દોષપ્રાપ્તિની શંકા કરવી યુક્ત નથી. શાથી? બુદ્ધિસંયોગ યાવદાત્મભાવી છે તેથી. જ્યાંગુધી એ આત્મા સંસારી છે, જ્યાંગુધી સમ્ય-

---

છે—'જેમ સગુણ ઉપાસનાઓમાં' ઇત્યાદિ. 'मनोमयः' ઇત્યાદિ. જે વડે વિચાર કરી શકે તે મન; તે સ્વવૃત્તિથી વિષયોને વિષે પ્રવૃત્ત થાય છે. મનોદ્વારા તદુપાધિપુરુષ વિષયપ્રવણ-ચિત્ત [illegible] પ્રવૃત્તિ કરનો-થાય છે. તે મનથી પુરુષ તન્મય-તત્પ્રાય-થઈ મન પ્રવૃત્ત થાય ત્યારે પોતે પણ તેજ પ્રમાણે પ્રવૃત્ત થતો ન હોય એવો દેખાય છે. તેમજ મન નિવૃત્ત થયે પોતે પણ નિવૃત્ત થતો ન હોય એવો દેખાય છે. વસ્તુતઃ પુરુષ પ્રવૃત્ત પણ થતો નથી ને નિવૃત્ત પણ થતો નથી; ध्यायतीव (જાણે ધ્યાન ધરે છે) ઇત્યાદિ શ્રુતિ છે તેથી. મનોમય છે તેથીજ પ્રાણશરીર છે-પ્રાણ એટલે લિંગાત્મા, વિજ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એ બે શક્તિ એને વિષે [illegible] થઈ છે એવો, કેમકે 'यो वै प्राणः स प्रज्ञा या वा प्रज्ञा स प्राणः' (જે પ્રાણ છે તે પ્રજ્ઞા છે, જે પ્રજ્ઞા છે તે પ્રાણ છે) એવી શ્રુતિ છે. તે પ્રાણ જેનું શરીર છે એવો 'સર્વગન્ધ' ઇત્યાદિ—સર્વ ગન્ધ-સુખકર ગન્ધ-જેના છે એવો અને સર્વ રસ-સુખકર રસ-જેના છે એવો. અપુણ્ય ગન્ધ અને અપુણ્ય રસ પાપસંબન્ધનાં નિમિત્ત શ્રુતિમાં કહ્યાં છે માટે સુખકર ગન્ધ અને રસ પુણ્યસંબન્ધી દર્શાવ્યાં છે. સત્ય કામનાવાળો અને સત્યસંકલ્પવાળો એવો [illegible] છે. ઉક્ત દૃષ્ટાન્તને અનુસારે જીવ પણ બુદ્ધિગુણસાર—જેમાં બુદ્ધિના ગુણો પ્રધાન છે એવો-હોવાથી તેનો અણુત્વ આદિ વ્યપદેશ છે એમ કહે છે—'તે પ્રમાણે' ॥ ૨૯ ॥

'અસત્ત્વ' એ [illegible] છે, 'અસંસારિત્વ' એ [illegible] છે. જે સ્વરૂપે સત્—વિદ્યમાન છે તેનું અસત્ત્વ શી રીતે એ શંકા દૂર કરવા 'અસંસારિત્વ' કહ્યું છે. 'યાવદાત્મભાવી'

[1] [illegible]

દર્શનથી એનું સંસારિત્વ નિવૃત્ત થતું નથી, ત્યાંસુધી બુદ્ધિ સાથે એનો સંયોગ શાન્ત થતો નથી. વળી જ્યાંસુધી બુદ્ધિરૂપ ઉપાધિ સાથે સંબન્ધ છે ત્યાંસુધી જીવનું જીવત્વ અને સંસારિત્વ છે. પરમાર્થ રીતે તો બુદ્ધિરૂપી ઉપાધિના સંબન્ધથી પરિકલ્પેલા સ્વરૂપથી વ્યતિરિક્ત જીવ છેજ નહિ; કેમકે નિત્ય, મુક્તસ્વરૂપ, સર્વજ્ઞ, ઈશ્વરથી અન્ય, બીજું ચેતનતત્ત્વ વેદાન્તના અર્થનું નિરૂપણ કરતાં ઉપલબ્ધ થતું નથી; કારણ કે 'नान्योऽतोऽस्ति द्रष्टा श्रोता मन्ता विज्ञाता' [બૃહ૦ ૩।૭।૨૩] (એથી અન્ય દ્રષ્ટા, શ્રોતા, મનનકર્તા કે વિજ્ઞાતા નથી), 'नान्यदतोऽस्ति द्रष्टृ श्रोतृ मन्तृ विज्ञातृ' [છાન્દો૦ ૬।૮।૭] (એથી અન્ય દ્રષ્ટૃ, શ્રોતૃ, મનનકર્તૃ કે વિજ્ઞાતૃ નથી), 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૬] (તે તું છે), 'अहं ब्रह्मास्मि' [બૃહ૦ ૧।૪।૭] (હું બ્રહ્મ છું) ઇત્યાદિ સેંકડો શ્રુતિ છે. પણ બુદ્ધિસંયોગ યાવદાત્મભાવી છે એમ શાથી સમજાય છે ? તેના દર્શનથી એમ કહે છે; કેમકે 'योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः स समानः सन्नुभौ लोकावनुसंचरति ध्यायतीव लेलायतीव' [બૃહ૦ ૪।૩।૭] (જે એ વિજ્ઞાનમય છે, પ્રાણથી વ્યતિરિક્ત છે, બુદ્ધિને વિષે છે, જ્યોતિઃસ્વરૂપ, પૂર્ણ છે, તે બુદ્ધિસમાન થઈ બન્ને લોકમાં સંચરે છે, જાણે ધ્યાનવ્યાપાર કરે છે, જાણે અત્યર્થ ચલન કરે છે) ઇત્યાદિ શાસ્ત્ર દર્શાવે છે. તેમાં વિજ્ઞાનમયઃ એ પદથી બુદ્ધિમય એ કહ્યું સમજવું; કેમકે અન્ય પ્રદેશમાં 'विज्ञानमयो मनोमयः प्राणमयश्चक्षुर्मयः श्रोत्रमयः' (વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય, ચક્ષુર્મય, શ્રોત્રમય) એમાં વિજ્ઞાનમયનો મન આદિની સાથે પાઠ છે. બુદ્ધિમય એટલે બુદ્ધિના ગુણ જેમાં પ્રધાન છે એવો એમ અભિપ્રાય છે. જેમ લોકમાં 'સ્ત્રીમય દેવદત્ત' એટલે સ્ત્રીરાગ આદિ જેમાં પ્રધાન છે એવો એમ અભિધાન થાય છે તે પ્રમાણે. 'स समानः सन्नुभौ लोकावनुसंचरति' (તે બુદ્ધિસમાન થઈ બંને લોકમાં સંચરે છે) એમ અન્યલોકમાં ગમન કરવામાં પણ બુદ્ધિ સાથે અવિયોગ દર્શાવે છે. કોની સાથે સમાન, તેજ બુદ્ધિની સાથે એમ સમજાય છે, પાસે છે તેથી, અને તે 'ध्यायतीव लेलायतीव' (જાણે ધ્યાનવ્યાપાર કરે છે, જાણે અત્યર્થ ચલન કરે છે) એ દર્શાવે છે. તાત્પર્ય આ છે—એ (આત્મા) સ્વતઃ ધ્યાનવ્યાપાર કરતો નથી, તેમજ ચલન પણ કરતો નથી, બુદ્ધિ ધ્યાનવ્યાપાર કરે છે એટલે એ જાણે ધ્યાનવ્યાપાર કરે છે અને બુદ્ધિ ચલન કરે છે એટલે એ જાણે ચલન કરે છે. વળી આત્માનો બુદ્ધિરૂપ ઉપાધિ સાથે એ સંબન્ધ મિથ્યાજ્ઞાન જેમાં પુરઃસર છે એવો છે; અને મિથ્યાજ્ઞાનની

એટલે યાવત્સંસારાત્મભાવી એમ સમજવું. પણ આત્મા સ્વતઃ સંસારી થાઓ; બુદ્ધિરૂપ ઉપાધિનું શું પ્રયોજન છે એ શંકા દૂર કરવા કહે છે—'વળી જ્યાંસુધી બુદ્ધિરૂપ ઉપાધિ સાથે સંબન્ધ છે' ઇત્યાદિ. 'समानः सन्' = બુદ્ધિ સાથે તાદાત્મ્ય—અભેદ પ્રાપ્ત થઈ. પણ 'विज्ञानमयः' નો અર્થ વિજ્ઞાન એટલે બ્રહ્મ, તન્મય એટલે વિકાર, આવો એનો અર્થ કેમ ન થાય તેને માટે કહે છે—'અન્ય પ્રદેશમાં' ઇત્યાદિ. 'विज्ञानमय' એટલે બુદ્ધિપ્રચુર એવો અર્થ છે. 'કોની સાથે સમાન' આદિ 'એમ આકાંક્ષા થયે' એટલો શેષ સમજવો. શ્રુતિબળથી બુદ્ધિ યાવત્સંસારાત્મભાવિની—જ્યાંસુધી સંસારી આત્મા છે ત્યાંસુધી છે એવી—છે એમ કહ્યું: હવે મુક્ત હોય તો કાર્યનો વિરોધ સંભવતો નથી એવી યુક્તિથી પણ બુદ્ધિ યાવદાત્મભાવિની છે એમ કહે છે—'વળી આત્માનો બુદ્ધિરૂપ ઉપાધિ સાથે'

સમ્યગ્જ્ઞાનથી અન્યત્ર નિવૃત્તિ નથી તેથી જ્યાંસુધી બ્રહ્માત્મતાનો અવબોધ નથી ત્યાંસુધી બુદ્ધિરૂપ ઉપાધિ જોડે એ સંબન્ધ શમતો નથી. વળી 'वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात्। तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥' [શ્વેતા૦ ૩।૮] (એ આત્મા જે મહાન્ પ્રકાશરૂપ અને અજ્ઞાનથી પર છે તેને હું જાણું છું. તેનેજ જાણીને મૃત્યુ ઓળંગે છે; પરમપદપ્રાપ્તિ માટે બીજો માર્ગ નથી) એ દર્શાવે છે ॥ ૩૦ ॥

પણ સુષુપ્તિ અને પ્રલયમાં આત્માનો બુદ્ધિ સાથે સંબન્ધ સ્વીકારવો નથી; કેમકે 'सता सोम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति' [છાન્દો૦] (હે સોમ્ય, [જ્યારે પુરુષ स्वपिति-ઊંઘે છે એમ કહેવાય છે] ત્યારે વાચ્ય દેવતા સાથે એકીભૂત થાય છે; [મન આદિ સંસર્ગથી થયેલા જીવરૂપનો પરિત્યાગ કરીને] સ્વ એટલે સદ્રૂપ જે પરમાર્થ સત્ય છે તેમાં લીન થાય છે [એટલા માટે એને स्वपिति કહે છે] એવું વચન છે અને બધા વિકારના પ્રલયનો સ્વીકાર છે, તો યાવદાત્મભાવી બુદ્ધિસંબન્ધ શી રીતે તેને વિષે કહે છેઃ—

पुंस्त्वादिवत्त्वस्य सतोऽभिव्यक्तियोगात् ॥ ३१ ॥

પણ પુંસ્ત્વ આદિની પેઠે વિદ્યમાન છે એની (એ આત્મબુદ્ધિસંયોગની) અભિવ્યક્તિ યુક્ત છે ॥ ૩૧ ॥

જેમ લોકમાં પુંસ્ત્વ આદિ, બીજસ્વરૂપે વિદ્યમાનજ, બાલ્ય આદિને વિષે અનુપલબ્ધ થતાં, અવિદ્યમાન જેવાં દેખાતાં, યૌવન આદિને વિષે આવિર્ભૂત થાય છે,– અવિદ્યમાન ઉત્પન્ન થતાં નથી; કેમકે ષણ્ઢ આદિને પણ તેની ઉત્પત્તિ પ્રસક્ત થાય એવી રીતે આ બુદ્ધિસંબન્ધ પણ, સુષુપ્તિ અને પ્રલયમાં શક્તિસ્વરૂપે વિદ્યમાનજ, પુનઃ પ્રબોધ અને પ્રસવમાં આવિર્ભૂત થાય છે; કારણ કે એ રીતે યુક્ત છે;

---

૯ ૩૦ સમ્યગ્જ્ઞાનથીજ બુદ્ધિ આદિ બન્ધનો નાશ છે એને માટે શ્રુતિ કહે છે—'વળી "वेदाहमेतम्"' ઇત્યાદિ. 'मृत्युमत्येति-' એમ અન્વય કરવો. 'आदित्यवर्णः' = સ્વપ્રકાશ. 'तमसः परस्तात्' = અજ્ઞાનથી અસ્પૃષ્ટ છે એવો અર્થ છે; અવિદ્યાથી પર. 'તેનેજ જાણીને' = તેનો સાક્ષાત્કાર કરીને. 'मृत्युमत्येति'–અવિદ્યાને ઓળંગે છે એમ સમજવું ॥ ૩૦ ॥

બુદ્ધિસંબન્ધ યાવદાત્મભાવી છે એ અસિદ્ધ છે એમ શંકા કરે છે—'પણ સુષુપ્તિ અને પ્રલયમાં' ઇત્યાદિ. સુષુપ્તિમાં બુદ્ધિ હોય તો બ્રહ્મસંપત્તિ[૪] ન થાય અને પ્રલયમાં બુદ્ધિ હોય તો પ્રલયનો વ્યાઘાત થાય એવો અર્થ છે. સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપે બુદ્ધિ યાવદાત્મભાવિની છે એમ કહે છે—'पुंस्त्वादिवत्' ઇત્યાદિ. 'पुंस्त्व' = પ્રજોત્પત્તિસામર્થ્ય. 'આદિ'પદથી શ્મશ્રુ-મૂછ આદિનું ગ્રહણ છે. अस्य = બુદ્ધિસંબન્ધની એવો અર્થ છે. ...પે વિદ્યમાન બુદ્ધિ આદિની પ્રબોધમાં અભિવ્યક્તિ થાય છે તેને માટે શ્રુતિ

[૧] = પ્રમાત્મા. ૨ પ્રલય. પ્રકાશમાન. ૩ નપુંસક. ૪ બ્રહ્મનું બ્રહ્મ થવું.

કેમકે કોઇની પણ આકસ્મિક ઉત્પત્તિ સંભવતી નથી, અતિપ્રસંગ થાય તે
'सति संपद्य न विदुः सति संपद्यामह इति' 'त इह व्याघ्रो वा सिंहो वा
૬।૯।૨-૩] ('આ સર્વ પ્રજા, હે સોમ્ય, દરરોજ [સુષુપ્તકાળમાં, મરણ અને પ્રલયમાં] સચ્છબ્દવાચ્ય દેવ... એકીભૂત થઇ અમે સત્ સાથે ... થઇએ છીએ એમ જાણતી નથી; [તેથી] તેઓ આ લોકમાં વાઘ ... [જે પૂર્વે હોય છે તે થાય છે]) ઇત્યાદિ વડે સુષુપ્તિમાંથી ઊઠવું તે અવિ... બીજસદ્ભાવથી કરાયલું દર્શાવે છે. તેટલા માટે બુદ્ધિ આદિ ઉપાધિ સાથે આ... સંબન્ધ યાવદાત્મભાવી છે એમ સિદ્ધ થયું ॥ ૩૧ ॥

नित्योपलब्ध्यनुपलब्धिप्रसङ्गोऽन्यतरनियमो वाऽन्यथा ॥ ३२

અન્યથા (બુદ્ધિ ન સ્વીકારીએ તો) નિત્ય ઉપલબ્ધિ કે અ-
નુપલબ્ધિનો પ્રસંગ થાય. અથવા બે (આત્મા અને
બુદ્ધિ)માંથી એકનો નિયમ (શક્તિનો પ્રતિ-
બન્ધ) થાય ॥ ૩૨ ॥

આત્માનું ઉપાધિભૂત તે અન્તઃકરણ[1] ભિન્ન ભિન્ન સ્થળે મન, બુદ્ધિ, વિજ્ઞા... ચિત્ત એમ અનેક પ્રકારે કહેવાય છે. ક્વચિત્ વૃત્તિના વિભાગથી સંશયાદિ જેની વૃત્તિ છે તે મન, નિશ્ચયાદિ જેની વૃત્તિ છે તે બુદ્ધિ, એમ કહેવાય છે. તે એ પ્ર... કારનું અન્તઃકરણ અવશ્ય છે એમ સ્વીકારવું યુક્ત છે; કેમકે અન્યથા-તે ન સ્વીકા...

કહે છે—' વળી "सति संपद्य" ' ઇત્યાદિ. 'न विदुः' એ શબ્દોથી અવિદ્યાત્મક બીજ-સદ્ભાવ કહ્યો છે. 'ते व्याघ्रादयः पुनराविर्भवन्ति'—તેઓ વ્યાઘ્રાદિસ્વરૂપે પુનઃ આવિર્ભૂત થાય છે એમ અભિવ્યક્તિનો નિર્દેશ છે ॥ ૩૧ ॥

બુદ્ધિના [2]સદ્ભાવને વિષે સૂત્રકાર પ્રમાણ કહે છે—'नित्योपलब्ध्यनुपलब्धिप्रसङ्गः' ઇત્યાદિ. 'मनसा ह्येव पश्यति' (મન વડેજ જુએ છે), 'बुद्धिश्च न विचेष्टति' (અને બુદ્ધિ વિચેષ્ટા કરતી નથી), 'विज्ञानं यज्ञं तनुते' (વિજ્ઞાન યજ્ઞ કરે છે), 'चेतसा बोद्धितव्यः' (ચેતસ વડે જાણવો યુક્ત છે), 'चित्तं च चेतयितव्यम्' (અને ચિત્તને જાણવું યુક્ત છે) ઇત્યાદિ તે તે પ્રદેશોમાં શ્રુતિમાં મન આદિ પદથી વાચ્ય બુદ્ધિદ્રવ્ય પ્રસિદ્ધ છે. પણ એકજ અન્તઃકરણની અનેક પ્રકારે ઉક્તિ શી રીતે થાય છે તેને માટે કહે છે—' વળી ક્વચિત્ વૃત્તિના વિભાગથી ' ઇત્યાદિ. સર્વવૃત્તિવાળો કે જેમાં અભિમાન પ્રધાન છે એવો અહંકાર તે વિજ્ઞાન છે, અને ચિત્ કે સ્મૃતિ જેમાં પ્રધાન છે તે ચિત્ત એમ સમજવું. જોકે સાક્ષી આત્માને અન્તઃકરણ પ્રત્યક્ષસિદ્ધ છે અને શ્રુતિ તેનો અનુવાદ કરે છે તોપણ પ્રત્યક્ષને શ્રુતિને વિષે વિવાદ કરનાર પ્રતિ તે સાધે છે—' તે એ પ્રકારનું અન્તઃકરણ ' ઇત્યાદિ.

---

૧ અન્તરિન્દ્રિય. ૨ અસ્તિત્વ.

સમ્યગ્જ્ઞાનથી અન્યત્ર નિવૃત્તિ નથી તેથી જ્યાંસુધી બ્રહ્માત્મતાનો અવબોધ નથી ત્યાંસુધી બુદ્ધિરૂપ ઉપાધિ જોડે એ સંબન્ધ શમતો નથી. વળી 'वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात्। तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥' [શ્વેતા૦ ૩।૮] (એ આત્મા જે મહાન્ પ્રકાશરૂપ અને અજ્ઞાનથી પર છે તેને હું જાણું છું. તેનેજ જાણીને મૃત્યુ ઓળંગે છે; પરમપદપ્રાપ્તિ માટે બીજો માર્ગ નથી) એ દર્શાવે છે ॥ ૩૦ ॥

પણ સુષુપ્તિ અને પ્રલયમાં આત્માનો બુદ્ધિ સાથે સંબન્ધ સ્વીકારવો શક્ય નથી; કેમકે 'सता सोम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, {જ્યારે પુરુષ સ્વપિતિ-ઊંઘે છે એમ કહેવાય છે} ત્યારે [1]સચ્છબ્દવાચ્ય દેવતા સાથે એકીભૂત થાય છે; {મન આદિ સંસર્ગથી થયેલા જીવરૂપનો પરિત્યાગ કરીને} સ્વ એટલે સદ્રૂપ જે પરમાર્થ સત્ય છે તેમાં લીન થાય છે {તેટલા માટે એને સ્વપિતિ કહે છે} એવું વચન છે અને બધા વિકારના પ્રલયનો સ્વીકાર છે, તો યાવદાત્મભાવી બુદ્ધિસંબન્ધ શી રીતે તેને વિષે કહે છેઃ—

पुंस्त्वादिवत्त्वस्य सतोऽभिव्यक्तियोगात् ॥ ३१ ॥

પણ પુંસ્ત્વ આદિની પેઠે વિદ્યમાન છે એની (એ આત્મબુદ્ધિસંયોગની) અભિવ્યક્તિ યુક્ત છે ॥ ૩૧ ॥

જેમ લોકમાં પુંસ્ત્વ આદિ, બીજસ્વરૂપે વિદ્યમાનજ, બાલ્ય આદિને વિષે અનુપલબ્ધ થતાં, અવિદ્યમાન જેવાં ઇચ્છાતાં, યૌવન આદિને વિષે [2]આવિર્ભૂત થાય છે,– અવિદ્યમાન ઉત્પન્ન થતાં નથી; કેમકે [3]પણ્ડ આદિને પણ તેની ઉત્પત્તિ પ્રસક્ત થાય એવી રીતે આ બુદ્ધિસંબન્ધ પણ, સુષુપ્તિ અને પ્રલયમાં શક્તિસ્વરૂપે વિદ્યમાનજ, પુનઃ પ્રબોધ અને પ્રસવમાં આવિર્ભૂત થાય છે; કારણ કે એ રીતે યુક્ત છે;

ઇત્યાદિ. સમ્યગ્જ્ઞાનથીજ બુદ્ધિ આદિ બન્ધનો નાશ છે એને માટે શ્રુતિ કહે છે—'વળી "वेदाहमेतम्"' ઇત્યાદિ. 'मृत्युमत्येति–' એમ અન્વય કરવો. 'आदित्यवर्णः' = સ્વપ્રકાશ. 'तमसः परस्तात्' = અજ્ઞાનથી અસ્પૃષ્ટ છે એવો અર્થ છે; અવિદ્યાથી પર. 'તેનેજ જાણીને' = તેનો સાક્ષાત્કાર કરીને. 'मृत्युमत्येति'—અવિદ્યાને ઓળંગે છે એમ સમજવું ॥ ૩૦ ॥

બુદ્ધિસંબન્ધ યાવદાત્મભાવી છે એ અસિદ્ધ છે એમ શંકા કરે છે—'પણ સુષુપ્તિ અને પ્રલયમાં' ઇત્યાદિ. સુષુપ્તિમાં બુદ્ધિ હોય તો બ્રહ્મસંપત્તિ[4] ન થાય અને પ્રલયમાં બુદ્ધિ હોય તો પ્રલયનો વ્યાઘાત થાય એવો અર્થ છે. સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપે બુદ્ધિ યાવદાત્મભાવિની છે એમ કહે છે—'पुंस्त्वादिवत्' ' ઇત્યાદિ. 'पुंस्त्व' = પ્રજોત્પત્તિસામર્થ્ય, વીર્ય. આદિપદથી શ્મશ્રુ-મૂછ આદિનું ગ્રહણ છે. अस्य = બુદ્ધિસંબન્ધની એવો અર્થ છે. સ્વાપમાં બીજસ્વરૂપે વિદ્યમાન બુદ્ધિ આદિની પ્રબોધમાં અભિવ્યક્તિ થાય છે તેને માટે શ્રુતિ

---

૧ સચ્છબ્દવાચ્ય દેવતા = પરમાત્મા. ૨ પ્રકટ, પ્રકાશમાન. ૩ નપુંસક. ૪ જીવનું બ્રહ્મ થવું.

કેમકે પૂર્વ અને ઉત્તર ક્ષણમાં જેની શક્તિ અપ્રતિબદ્ધ છે તેની શક્તિ અકસ્માત્ પ્રતિબદ્ધ થાય નહિ. તેટલા માટે જેના અવધાન અને અનવધાનથી ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ થાય છે તે મન છે. તેવીજ શ્રુતિ છે:—'अन्यत्रमना अभूवं नादर्शमन्यत्रमना अभूवं नाश्रौषम्' [બૃહ૦ ૧।૫।૩] (અન્યત્ર જેનું મન છે એવો હું હતો તેથી મેં જોયું નહિ; જેનું મન અન્યત્ર છે એવો હું હતો, તેથી મેં સાંભળ્યું નહિ), 'मनसा ह्येव पश्यति मनसा शृणोति' [બૃહ૦ ૧।૫।૩] (કેમકે મન વડેજ જુએ છે, મન વડે સાંભળે છે). વળી કામાદિ એની વૃત્તિઓ છે એમ 'कामः संकल्पो विचिकित्सा श्रद्धाऽश्रद्धा धृतिरधृतिर्ह्रीर्धीर्भीरित्येतत् सर्वं मन एव' [બૃ૦૧।૫।૩](કામ, સંકલ્પ, સંશયજ્ઞાન, આસ્તિક્યબુદ્ધિ, અનાસ્તિક્યબુદ્ધિ, ધૈર્ય, અધૈર્ય, લજ્જા, પ્રજ્ઞા, ભય એ સવ મનજ છે) (અન્તઃકરણ જે મન તેનાં રૂપો છે) એ શ્રુતિ દર્શાવે છે. તેટલા માટે 'तद्गुणसारत्वात्तद्व्यपदेशः' [બ્રહ્મસૂ૦ ૨।૩।૨૯] એ યુક્ત છે ॥ ૩૨ ॥

ઇન્દ્રિયોનો પણ ધર્મ નથી; કારણ કે અન્ધ આદિ પુરુષોને એકેક ઇન્દ્રિયનો અભાવ હોય છે તોપણ તે ઇચ્છા જોવામાં આવે છે અને એ ઇચ્છા આન્તર હોવાથી એ બાહ્ય ઇન્દ્રિયોનો ધર્મ થાય એ યુક્ત નથી તેથી પરિશેષથી જેનું અવધાન અને અનવધાન થાય છે તે અન્તઃકરણ છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે જેના અવધાન' ઇત્યાદિ. અવધાન એટલે બોધ મેળવવાની ઇચ્છા. નથી ઇચ્છતો તેને પણ દુર્ગન્ધ આદિની ઉપલબ્ધિ થાય છે તેથી બોધની ઇચ્છાની ઉપલબ્ધિ નિયામક નથી એમ કહેવું યુક્ત નથી; કારણ કે અનેક વિષયની સંનિધિને વિષે કવચિતજ તે નિયામક છે એવો સ્વીકાર છે. જેમના મતમાં ઇચ્છા આદિ આત્માના ધર્મ છે તેમને મનના અસ્તિત્વનું પ્રતિપાદન કરવું દુર્લભ છે એમ સમજવું; કેમકે ઇચ્છા આદિ ધર્મો જેમને વિષે છે એવા ધર્મીજ આત્મા વડે વ્યાસંગ ઉપપન્ન થાય છે. હવે વ્યાસંગને માટે પ્રમાણ છે એમ બતાવવા શ્રુતિ કહે છે—'તેવીજ શ્રુતિ છે' ઇત્યાદિ. વિષય અને ઇન્દ્રિયોનો સંનિકર્ષ હોય તોપણ જ્ઞાન કાદાચિત્ક દેખાય છે તેથી જેના સમવધાનના અભાવથી જ્ઞાન કાદાચિત્ક છે તે મન છે એમ સ્વીકારનારને પણ એમજ કહેવું પડશે કે ઇન્દ્રિય અને મનના સંયોગનું કાદાચિત્ક થવું અદૃષ્ટવિશેષને અધીન છે. ત્યારે જ્ઞાનનું કાદાચિત્ક થવું પણ અદૃષ્ટવિશેષથીજ ઉપપન્ન થાય છે તો અલૌકિક કિંચિત્ અન્તઃકરણ કલ્પવાનું શું પ્રયોજન છે તેથી કહે છે કે શ્રુતિ પણ છે. જ્ઞાન કાદાચિત્ક થાય છે તે અન્તઃકરણના સમવધાન અને અસમવધાનથી થાય છે એમ શ્રુતિજ પ્રતિપાદન કરે છે એમાં કંઈ શંકા લાવવાનું રહેતું નથી એવું તાત્પર્ય છે. માત્ર વ્યાસંગથીજ મન સિદ્ધ થતું નથી, પણ કામ આદિના આશ્રયથી પણ તે સિદ્ધ થાય છે એમ કહે છે—'વળી કામાદિ એની વૃત્તિઓ છે' ઇત્યાદિ. બુદ્ધિ પ્રામાણિક—પ્રમાણસિદ્ધ છે એ ઉક્તિનું ફળ કહે છે—'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૩૨ ॥

उपादानात् ॥ ३५ ॥

'ઉપાદાનથી (જીવ કર્તા છે) ॥ ૩૫ ॥

આથી પણ એ (આત્મા) કર્તા છે કે જીવના પ્રકરણમાંજ (શ્રુતિ) ઇન્દ્રિયો ઉપાદાન કહે છે—' तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय ' [બૃહ૦ ૨।૧।૧૭] (ત્યારે સ્વપ્નાવસ્થામાં એ વાગાદિ ; પ્રાણોના વિજ્ઞાનથી-બુદ્ધિથી વિજ્ઞાનને લઈને અને ' प्राणान् गृहीत्वा ' [બૃહ૦ ૨।૧।૧૮] (પ્રાણોનું ગ્રહણ કરીને) એમ ॥ ૩૫

व्यपदेशाच्च क्रियायां न चेन्निर्देशविपर्ययः ॥ ३६ ॥

અને ક્રિયાને વિષે વ્યપદેશ છે તેથી (જીવ કર્તા છે), નહિ તો નિર્દેશનો વિપર્યય થાય ॥ ૩૬ ॥

વળી આથી જીવ કર્તા છે કે લૌકિકી અને વૈદિકી ક્રિયાઓને વિષે શાસ્ત્ર કર્તા છે એવો વ્યપદેશ કરે છે—' विज्ञानं यज्ञं तनुते कर्माणि तनुतेऽपि च ' [તૈત્તિ૦ ૨।૫।૧] (વિજ્ઞાન યજ્ઞ કરે છે અને કર્મો પણ કરે છે) એમ. પણ વિજ્ઞાનશબ્દ બુદ્ધિને વિષે સમજાય છે, એથી જીવનું કર્તૃત્વ શી રીતે ગ્રહણ થાય છે? ના એમ કહીએ છીએ. એ જીવનોજ નિર્દેશ છે, બુદ્ધિનો નથી. જો જીવનો નિર્દેશ ન હોય તો નિર્દેશનો વિપર્યય થાય. विज्ञानेन (વિજ્ઞાન વડે) એમ નિર્દેશ કરત. જેમકે અન્ય સ્થળે બુદ્ધિની વિવક્ષાને વિષે વિજ્ઞાનશબ્દ કરણવિભક્તિનો નિર્દેશ દેખાય છે—' तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय ' [બૃહ૦ ૨।૧।૧૭] (ત્યારે પ્રાણોના વિજ્ઞાનથી વિજ્ઞાનને લઈને) એમ. અહિં તો ' विज्ञानं यज्ञं तनुते ' [તૈત્તિ૦ ૨।૫।૧] (વિજ્ઞાન યજ્ઞ કરે છે) એમ કર્તાના સામાનાધિકરણ્યનો નિર્દેશ છે તેથી બુદ્ધિથી ભિન્નજ આત્માનું કર્તૃત્વ ગ્રહણ થાય છે એટલે દોષ નથી ॥ ૩૬ ॥

' तदेषां ' ઇત્યાદિ—પ્રાણોના-ઇન્દ્રિયોના વિજ્ઞાનથી-બુદ્ધિથી વિજ્ઞાનને-ગ્રહણશક્તિને લઈને સ્વપ્નમાં જીવ હૃદયમાં જાય છે એમ ઉપાદાનમાં અકર્તાનું સ્વાતન્ત્ર્ય સંભવતું નથી તેથી જીવ કર્તા છે. અકર્તા હોય તો ઉપાદાન અનુપપન્ન થાય. અન્ય ઉપાદાન કહે છે ' प्राणान् गृहीत्वा ' ॥ ૩૫ ॥

' વિજ્ઞાન ' શબ્દ (विज्ञानं यज्ञं तनुते એમાં) જીવનો નિર્દેશ છે; કેમકે જો એમ ન હોય તો પ્રથમ નિર્દેશથી વિપર્યય થાય—પ્રથમા વિભક્તિથી જે ' વિજ્ઞાન ' શબ્દનો નિર્દેશ છે તેમ ન થાય, તેથી વિપરીત થાય; કરણવાચક તૃતીયાથી નિર્દેશ થાય. તેટલા માટે શ્રુતિમાં तनुते એ આખ્યાત-ક્રિયા કર્તૃવાચક છે અને તેની સાથે ' વિજ્ઞાન 'પદના સામાનાધિકરણ્યના નિર્દેશથી ક્રિયાને વિષે આત્માનું કર્તૃત્વ સુચવાય છે એવો સૂત્ર અને ભાષ્યનો અર્થ છે. વિજ્ઞાન એ કર્તા છે, તે યજ્ઞ કરે છે. સર્વત્ર બુદ્ધિ કરણરૂપા હોવાથી કરણ તરીકે તેનો નિર્દેશ થાય છે, કર્તા તરીકે થતો નથી. અહિં કર્તા તરીકે તેનો વ્યપદેશ હોય તો વિપર્યય થાય, તેટલા માટે આત્માનોજ વિજ્ઞાન તરીકે વ્યપદેશ છે તેથી તે કર્તા છે ॥ ૩૬

અહિં કહે છે—જો બુદ્ધિથી અન્ય જીવ કર્તા હોય તો તે સ્વતન્ત્ર હોઈ પોતાનુંજ પ્રિય અને હિત નિયમે સંપાદન કરે, વિપરીત નહિ; પણ વિપરીત પણ સંપાદન કરતો ઉપલબ્ધ થાય છે; અને સ્વતન્ત્ર આત્માની એવી પ્રવૃત્તિ અનિયમે ઉપપન્ન થતી નથી એમ. એથી ઉત્તર સૂત્ર પડે છે:—

उपलब्धिवदनियमः ॥ ३७ ॥

ઉપલબ્ધિની પેઠે અનિયમ છે ॥ ૩૭ ॥

જેમ આ આત્મા ઉપલબ્ધિ પ્રતિ સ્વતન્ત્ર છે, તોપણ અનિયમે ઇષ્ટ અને અનિષ્ટ ઉપલબ્ધ કરે છે એમ અનિયમેજ ઇષ્ટ અને અનિષ્ટ સંપાદન કરશે. ઉપલબ્ધિને વિષે પણ આત્મા અસ્વતન્ત્ર છે, કેમકે ઉપલબ્ધિના હેતુનું ઉપાદાન પ્રાપ્ત કરવું પડે છે એમ જો કહેશો તો તે યુક્ત નથી; કેમકે ઉપલબ્ધિના હેતુનું પ્રયોજન વિષયપ્રકલ્પનાજ છે; ઉપલબ્ધિને વિષે તો આત્માને અન્યની અપેક્ષા નથી; કેમકે ચૈતન્યનો યોગ છે. વળી અર્થક્રિયામાં પણ આત્મા અત્યન્ત સ્વતન્ત્ર નથી, કેમકે તેને દેશવિશેષ, કાલવિશેષ અને નિમિત્તવિશેષની અપેક્ષા છે. પણ જેને સહાયની

અન્ય સૂત્ર ઉતારે છે—'અહિં કહે છે' ઇત્યાદિ. જીવ જો સ્વતન્ત્ર હોય તો કર્તા કરે, અને અસ્વતન્ત્ર હોય તો કર્તા ન થાય. કેમકે 'स्वतन्त्रः कर्ता' (કર્તા સ્વતન્ત્ર છે) એવો ન્યાય છે એવો અર્થ છે. જીવ સ્વતન્ત્ર છે તોપણ કારકની વિચિત્રતાથી તેની પ્રવૃત્તિ અનિયત છે એમ સૂત્રથી પરિહાર કરે છે. પ્રજ્ઞાવાન્ સ્વતન્ત્ર પોતાનું ઇષ્ટજ સંપાદન કરે, અનિષ્ટ નહિ, પણ આત્માની તો અનિષ્ટસંપત્તિ પણ ઉપલબ્ધ થાય છે, તેટલા માટે તે સ્વતન્ત્ર નથી અને તેથી તે કર્તા પણ નથી. કેમકે કર્તા સ્વતન્ત્ર છે એવું કર્તાનું લક્ષણ છે. આનું ઉત્તર આ સૂત્ર છે—'उपलब्धिवदनियमः'. જીવ સ્વતન્ત્ર છે તોપણ કારકની વિચિત્રતાથી તેની પ્રવૃત્તિ અનિયત થાય એમ સૂત્રનું વ્યાકરણ કરતા ભાષ્યકાર શંકાનો પરિહાર કરે છે—'જેમ આ આત્મા' ઇત્યાદિ. દૃષ્ટાન્તને વિષે વિવાદ કરતો સંપ્રતિપત્તિ ન થવાથી શંકા કરે છે—'ઉપલબ્ધિને વિષે' ઇત્યાદિ. ચક્ષુરાદિનું પ્રયોજન ચૈતન્યનો વિષય સાથે સંબન્ધ થાય એજ છે તેથી પોતાના સમ્બન્ધની ઉપલબ્ધિને વિષે આત્મા ચૈતન્યસ્વભાવ હોવાથી સ્વતન્ત્ર છે તેથી દૃષ્ટાન્ત સિદ્ધ છે એમ કહે છે—'તે યુક્ત નથી; કેમકે' ઇત્યાદિ. પણ આત્મા વિષય સાથે સમ્બન્ધ થવા માટે કરણોની અપેક્ષા રાખે છે તો તે સ્વતન્ત્ર શી રીતે છે એમ આશંકા કરી કહે છે—'વળી અર્થક્રિયામાં પણ' ઇત્યાદિ. સ્વાતન્ત્ર્યનો અર્થ પોતાથી અન્યની અપેક્ષા ન કરવી એવો નથી; કેમકે ઈશ્વરને પણ પ્રાણીના કર્મની અપેક્ષા છે તેથી તેને અસ્વાતન્ત્ર્યનો પ્રસંગ આવે; પણ સ્વાતન્ત્ર્યનો અર્થ એવો છે કે પોતાથી ભિન્ન કારકનો પ્રેર્ય થઈ કારકથી પોતે પ્રેરાય નહિ; તેથી સ્વતન્ત્ર પણ જીવ ઇષ્ટસાધનની ભ્રાન્તિથી અનિષ્ટ સાધનનું પણ અનુષ્ઠાન કરે છે; આ રીતે આત્માની પ્રવૃત્તિ અનિયત છે અને સ્વાતન્ત્ર્ય પણ છે, અનિયત પ્રવૃત્તિ અને સ્વાતન્ત્ર્યને વિરોધ નથી એવો અર્થ છે. કર્તા કરણાદિ અન્ય કારકોનો પ્રયોગ કરે છે, તે કારકોથી પોતે કદી પ્રેરાતો નથી એટલુંજ તેનું સ્વાતન્ત્ર્ય છે, કંઈ અન્ય કારકની અપેક્ષા ન હોવી એવું તેમ સ્વાતન્ત્ર્ય નથી, કેમકે એવા સ્વાતન્ત્ર્યનો તો કોઈ પણ સ્થળે યોગ નથી. તેથી આત્મા ઇષ્ટ પ્રાપ્ત કરવા ઇચ્છતો અદૃષ્ટને

અપેક્ષા છે એવા કર્તાનું કર્તૃત્વ નિવૃત્ત થતું નથી; કેમકે લાકડાં, પાણી આદિની અપેક્ષાવાળો પાકકર્તા પણ પાકકર્તા થાય છે. સહકારીના વિચિત્રપણાથી આત્માની અર્થક્રિયાને વિષે અનિયમે પ્રવૃત્તિ વિરુદ્ધ થતી નથી ॥ ૩૭ ॥

शक्तिविपर्ययात् ॥ ३८ ॥

શક્તિના વિપર્યયથી (જીવ કર્તા છે) ॥ ૩૮ ॥

વળી આથી વિજ્ઞાનથી વ્યતિરિક્ત જીવ કર્તા થવો યુક્ત છે. જો વિજ્ઞાનશબ્દવાચ્ય બુદ્ધિજ કર્ત્રી હોય તો શક્તિનો વિપર્યય થાય. બુદ્ધિની કરણશક્તિની હાનિ થાય અને કર્તૃશક્તિનો પ્રસંગ આવે. વળી બુદ્ધિની કર્તૃશક્તિ થયે તે બુદ્ધિજ 'અહંપ્રત્યયનો વિષય છે એવો સ્વીકાર કરવો પડે; કેમકે સર્વત્ર અહંકારપૂર્વકજ પ્રવૃત્તિ દેખાય છે—'હું જાઉં છું', 'હું આવું છું', 'હું ખાઉં છું', 'હું પીઉં છું', એમ. વળી બુદ્ધિ કર્તૃશક્તિયુક્ત થઈ એટલે તેનું સર્વ અર્થ કરનાર અન્ય કરણ કલ્પવું પડશે; કેમકે કર્તા શક્ત હોય તોપણ કરણનું ²ઉપાદાન કરી ક્રિયાઓને વિષે પ્રવર્તતો દેખાય છે. તેથી સંજ્ઞામાત્રમાં વિવાદ થાય, કોઈ પણ વસ્તુભેદ થાય નહિ; કેમકે કરણથી વ્યતિરિક્ત કર્તા છે એવો સ્વીકાર છે ॥ ૩૮ ॥

લીધે તે ઇષ્ટપ્રાપ્તિના ઉપાયને વિષે ભ્રમ થવાથી જેથી અનિષ્ટ પ્રાપ્ત થાય એવા અનિષ્ટહેતુનું અનુષ્ઠાન કરતો અનિષ્ટ પ્રાપ્ત કરે એમ આત્માની અનિયત પ્રવૃત્તિ થાય છે અને તે કર્તા છે એવો નિયમ પણ છે એવો અર્થ છે. તાત્પર્ય આ પ્રમાણે છેઃ—કરણાદિ અન્ય કારકોને કર્તા પ્રયોજે છે, એ કંઈ અન્ય કારકોથી પ્રયોજાતો નથી, એટલુંજ એનું સ્વાતન્ત્ર્ય છે; કંઈ કાર્ય કરવામાં અન્ય કારકની અપેક્ષા ન કરવી એવું સ્વાતન્ત્ર્ય સમજવાનું નથી; કારણ કે એવું સ્વાતન્ત્ર્ય તો ઈશ્વરને પણ નથી, તો એમ તો કર્તાની વાર્તાજ નષ્ટ થાય; માટે આત્મા ઇષ્ટ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે તોપણ અદૃષ્ટપરિપાકને લીધે તે ઇષ્ટપ્રાપ્તિના સાધનની ભ્રાન્તિ થવાથી જેથી અનિષ્ટ થાય એવો ઉપાય વાપરે છે અને તેથી અનિષ્ટ પ્રાપ્ત કરે છે; આ રીતે આત્માની પ્રવૃત્તિને વિષે અનિયમ અને કર્તૃત્વ એ બે વચ્ચે વિરોધ નથી. ઇન્દ્રિયોનું પ્રયોજન આત્માનો વિષય સાથે સંબન્ધ કરાવવો એટલુંજ છે, વિષયપ્રકલ્પનામાત્ર કરણોનું પ્રયોજન છે. નિત્યચૈતન્યસ્વભાવ જે આત્મા તેનાં ઇન્દ્રિયાદિ કરણો પોતાના વિષય સાથે જોડાય છે તેથી વિષયાવચ્છિન્નજ ચૈતન્ય વૃત્તિ કે વિજ્ઞાન એમ કહેવાય છે અને તેને વિષે આત્માનું સ્વાતન્ત્ર્ય છે ॥૩૭॥

જીવ કર્તા છે તેને માટે અન્ય હેતુ બતાવનારૂં સૂત્ર છે—'शक्तिविपर्ययात्.' બુદ્ધિની કરણશક્તિથી વિપરીત કર્તૃત્વશક્તિ થાય એવો અર્થ છે. તેથી શું તેને માટે કહે છે—'વળી બુદ્ધિની કર્તૃશક્તિ થયે'ઇત્યાદિ. જે અહંપ્રત્યયગમ્ય છે—હું એવા જ્ઞાનથી જે સમજાય છે—તે કર્તા છે; તેજ જીવ છે. તે જે કરણની અપેક્ષા કરે છે તે મન છે એટલે જીવ કર્તા છે એમ સિદ્ધ થાય છે એવો ભાવ છે. 'न चेन्निर्देशाविपर्ययः' [બ્રહ્મસૂ० ૨-૩-૩૬] એમાં કારકવિભક્તિનો વિપર્યય કહ્યો છે. આ સૂત્રમાં કારકશક્તિનો વિપર્યય કહ્યો છે. એ પ્રમાણે પુનરુક્તિ નથી. વિપર્યય ન કરવો હોય તો અન્ય કરણ કલ્પવું જોઈએ અને એ રીતે માત્ર નામને વિષે વિસંવાદ થશે એવું તાત્પર્ય છે ॥ ૩૮ ॥

---

૧ હું એવું જ્ઞાન. ૨ ગ્રહણ.

समाध्यभावाच्च ॥ ३९ ॥

[1]સમાધિના અભાવથી પણ (જીવ કર્તા છે) ॥ ૩૯ ॥

'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' [બૃહ૦ ૨।૪।૫] (અરે ! મૈત્રેયિ) આત્મા દર્શન કરવા યોગ્ય છે, [2]શ્રવણ કરવા યોગ્ય છે, [3]મનન કરવા યોગ્ય છે અને [4]નિદિધ્યાસન કરવા યોગ્ય છે, તે અન્વેષણ કરવા યોગ્ય છે, [5]વિજિજ્ઞાસા કરવા યોગ્ય છે), 'ओमित्येवं ध्यायथ आत्मानम्' [મુણ્ડ૦ ૨।૨।૬] (ઓમ એવી રીતે તમે આત્માનું ધ્યાન ધરો છો) એ પ્રમાણે ઉપનિષદ્‌ના કર્તાએ આત્માનું જ્ઞાન જેનું પ્રયોજન છે એવી સમાધિનો વેદાન્તોમાં જે ઉપદેશ કર્યો છે તે એ સ્વરૂપનો ઉપદેશ પણ આત્મા કર્તા ન હોય તો ઉપપન્ન થતો નથી. તેથી પણ એ કર્તા છે એમ સિદ્ધ થાય છે ॥ ૩૯ ॥

સમાધિ એ સંયમનું ઉપલક્ષણ છે. ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણ સંયમપદથી જ્ઞેય છે. કહે છે કે 'त्रयमेकत्र संयमः' = એ ત્રણ એકત્ર હોય ત્યારે સંયમ થાય. અહિં श्रोतव्यः અને मन्तव्यः એ ધારણાનો ઉપદેશ છે; निदिध्यासितव्यः એ ધ્યાનનો ઉપદેશ છે અને द्रष्टव्यः એ સમાધિનો ઉપદેશ છે. જ્ઞાનસાધનવિધિ અન્યથા અનુપપન્ન થવાથી આત્માને કર્તા કહેવો જોઈએ એવો સૂત્રનો અર્થ છે. મુક્તિફલનો ભોક્તાજ તેનો ઉપાય જે સમાધિ તેનો કર્તા થાય એ યુક્ત છે, નહિ તો આત્મા અકર્તા હોય તો બુદ્ધિ જે અભોક્ત્રી છે તે પણ કર્ત્રી થાય એ યુક્ત નથી તેથી સમાધિના અભાવનો પ્રસંગ આવે એવો અર્થ છે.

અત્ર શંકા છે કે ભાષ્યમાં સમાધિપદના અર્થ તરીકે શ્રવણ આદિ કહ્યાં છે, એ યુક્ત નથી; કેમકે પતંજલિએ ધારણાનો અર્થ ચિત્તનો દેશબન્ધ કહ્યો છે. નાભિચક્રહૃદયપુણ્ડરીક આદિ દેશોમાં કે અન્ય સ્થને ચિત્તની એકાગ્રતાને વિષે ઉપયુક્ત વિષયમાં ચિત્તનું સ્થાપન તે ધારણ. તેમાં પ્રત્યયની એકતાનતા તે ધ્યાન. ધારણાના વિષયમાં વિજાતીય પ્રત્યયથી વ્યવધાન ન થાય એવી પ્રત્યયની એકતાનતા-એકધારા તે ધ્યાન એમ ધ્યાનનું લક્ષણ આપ્યું છે; અને તેજ ધ્યાન જેમાં અર્થનોજ નિર્ભાસ થાય અને જાણે સ્વરૂપશૂન્ય રહે તે સમાધિ; અર્થાત્, એવું ધ્યાન કે જેમાં ધ્યાન, ધ્યાતૃ આદિ નિર્ભાસ અંશને વિષે અસ્ફુટતા હોય અને ધ્યેય વસ્તુને વિષેજ સ્ફુટતાથી નિર્ભાસ હોય તે ધ્યાનજ સમાધિ છે એમ પતંજલિએ પ્રતિપાદન કર્યું છે, તો શ્રવણાદિક સમાધિ શી રીતે થાય ! એ શંકાનું નિરાકરણ આમ છે—પતંજલિના કહેલા અર્થનો ત્યાગ કરીને ચિત્તનું આત્માને વિષે સમ્યક્ આધાન તે સમાધિ એમ યૌગિક અર્થનો સ્વીકાર કરીને શ્રવણાદિક પણ સમાધિશબ્દના અર્થ તરીકે કહ્યાં છે ॥ ૩૯ ॥

---

૧ જ્ઞાનસાધનવિધિ. ૨ આચાર્યે અને શાસ્ત્રથી. ૩ તર્કથી. ૪ નિશ્ચયથી ધ્યાન કરવા યોગ્ય છે. ૫ વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા તે વિજિજ્ઞાસા.

यथा च तक्षोभयथा ॥ ४० ॥

પણ જેમ [1]તક્ષા બે પ્રકારે ॥ ૪૦ ॥

આ પ્રમાણે શાસ્ત્રાર્થવત્ત્વ આદિ હેતુઓથી શારીર કર્તા છે એમ સમ્યક્ દર્શાવ્યું, પણ તે કર્તૃત્વ સ્વાભાવિક છે કે ઉપાધિનિમિત્ત છે તેનો વિચાર કરાય છે. તેમાં શાસ્ત્રાર્થવત્ત્વ વગેરે એજ હેતુઓથી કર્તૃત્વ સ્વાભાવિક છે; કેમકે અપવાદનો હેતુ નથી. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ. આત્માનું સ્વાભાવિક કર્તૃત્વ સંભવતું નથી; કેમકે અનિર્મોક્ષનો પ્રસંગ આવે; કારણ કે આત્માનો કર્તૃત્વ એવો સ્વભાવ થયે આત્માનો કર્તૃત્વથી નિર્મોક્ષ સંભવતો નથી: જેમ અગ્નિનો ઉષ્ણત્વથી નિર્મોક્ષ સંભવતો નથી તેમ; અને કર્તૃત્વમાંથી જે નિર્મુક્ત થતો નથી તેને પુરુષાર્થની

આત્માને કર્તૃત્વ કહ્યું છે તેને આધારે સંશય અને પૂર્વપક્ષ કહે છે—'આ પ્રમાણે શાસ્ત્રાર્થવત્ત્વ' ઇત્યાદિ. સાંખ્ય મતનું નિરસન કરી આત્મા કર્ત્તા છે એમ સાધ્યું એટલે બાધકના અભાવને લીધે એ કર્તૃત્વ સત્ય છે એમ મીમાંસક આદિ પક્ષ પ્રાપ્ત થાય છે. આત્માનું અસંગત્વ પ્રતિપાદન કરનાર આગમથી સત્ય કર્તૃત્વને બાધ છે એમ ન કહેવું; કેમકે હું કર્ત્તા છું એ અનુભવ સાથે કર્તૃત્વશ્રુતિના બળથી તે આગમ માત્ર અર્થવાદરૂપ–સ્તાવક છે એમ પ્રાપ્ત થયે સૂત્રથી બહાર સિદ્ધાન્ત કરે છે—'**આત્માનું સ્વાભાવિક કર્તૃત્વ સંભવતું નથી**' ઇત્યાદિ. તાત્પર્ય આ પ્રમાણે છે:—શાસ્ત્રાર્થવત્ત્વ આદિ હેતુઓ આત્માનું કર્તૃત્વ પ્રતિપાદન કરે છે, અને સ્વાભાવિક કર્તૃત્વ સંભવે ત્યારે અપવાદને અભાવે ઔપાધિક કર્તૃત્વ યુક્ત નથી; કેમકે અતિપ્રસંગ થાય. વળી મુક્તિના અભાવનો પ્રસંગ પણ એનો–સ્વાભાવિક કર્તૃત્વનો–અપવાદક નથી. જેમ જ્ઞાન જેનો સ્વભાવ છે તે જ્ઞેયને અભાવે પણ અજ્ઞ થતો નથી, એમ કર્ત્તા જેનો સ્વભાવ છે તે પણ ક્રિયાના આવેશને અભાવે પણ અકર્તા થતો નથી. તેટલા માટે આત્માનું કર્તૃત્વ સ્વાભાવિકજ છે એમ પ્રાપ્ત થયે કહે છે કે નિત્ય, શુદ્ધ, બુદ્ધ અને મુક્તસ્વભાવ બ્રહ્મ છે એમ વારવાર શ્રુતિ પ્રતિપાદન કરે છે; તો એનું બુદ્ધત્વ [2]બોદ્ધવ્યને અભાવે પણ યુક્ત છે, જેમ વહ્નિનું દાહ્ય ન હોય તોપણ દાહકત્વ યુક્ત છે તેમ; જેનો જેવો સ્વભાવ છે તેને તે પ્રાપ્ત થાય છે. પણ એ આત્માનુ કર્તૃત્વ તો ક્રિયાના આવેશથી અવગમન કરવાનું છે; પણ નિત્ય ઉદાસીન, કૂટસ્થ નિત્ય એમ જેનું શ્રુતિ વારંવાર પ્રતિપાદન કરે છે એવા આત્માને કર્તૃત્વ સંભવતું નથી; અને તેને કદાચિત્ પણ અસંસર્ગ હોવાથી કર્તૃત્વશક્તિનો યોગ શી રીતે થાય; કેમકે [3]નિર્વિષય શક્તિનો અસંભવ છે. તેટલા માટે જો કર્તૃત્વશક્તિની સિદ્ધિને અર્થે તે શક્તિનો વિષય ક્રિયાવેશ સ્વીકારાય તો તેમ થયે તે સ્વભાવવાળાના સ્વભાવનો ઉચ્છેદ ન થાય તેથી ક્રિયાના નાશનો પ્રસંગ આવે, કેમકે મુક્તને ક્રિયાયોગ નથી; કારણ કે ક્રિયા દુઃખરૂપ છે તેથી જેમાંથી સકલ દુઃખ જતાં રહ્યાં છે એવી પરમાનન્દ અવસ્થારૂપ મોક્ષ ન થાય એવો આશય છે. આત્માનું કર્તૃત્વ સાધ્યું એટલે બાધકના અભાવથી તે કર્તૃત્વ સત્ય છે એવો મીમાંસાદિનો મત છે એમ જે કહ્યું છે તેમાં 'બાધકના અભાવથી' એ અસિદ્ધ છે એમ કહે છે—'**કેમકે અનિર્મોક્ષનો પ્રસંગ આવે.**' પણ કર્તૃત્વ એટલે ક્રિયાશક્તિ તે મુક્તિને વિષે

---

૧ સુથાર. ૨ બોધ મેળવવા યોગ્ય. ૩ જતો રહ્યો છે વિષય જેમાંથી એવી. આત્મા નિઃસંગ હોવાથી શક્તિને કંઈ વિષય નથી.

સિદ્ધિ નથી; કેમકે કર્તૃત્વ દુઃખરૂપ છે. પણ કર્તૃત્વશક્તિ હોય તોપણ કર્તૃત્વના કાર્યના પરિહારથી પુરુષાર્થ સિદ્ધ થશે; અને તેનો પરિહાર નિમિત્તના પરિહારથી થશે. જેમ દહનશક્તિયુક્ત એવા પણ અગ્નિને કાષ્ઠના વિયોગથી દહનકાર્યનો અભાવ થાય છે તેમ. ના. શક્તિલક્ષણસંબન્ધથી સંબદ્ધ થયેલા નિમિત્તોનો પણ અત્યન્ત પરિહાર સંભવતો નથી. પણ મોક્ષસાધનના [1]વિધાનથી મોક્ષ સિદ્ધ થશે. ના. કારણ કે સાધનને અધીન છે તે અનિત્ય છે. વળી નિત્ય, શુદ્ધ, મુક્ત એવા આત્માના [2]પ્રતિપાદનથી મોક્ષસિદ્ધિ માનેલી છે; અને તેવું આત્મજ્ઞાન કર્તૃત્વ સ્વાભાવિક હોય તો સંભવે નહિ. તેટલા માટે ઉપાધિધર્મના અધ્યાસથીજ આત્માને કર્તૃત્વ છે.

પણ છે, પણ શક્તિકાર્ય જે ક્રિયારૂપ શક્ય તેના અભાવથી મુક્તિથી પુરુષાર્થની સિદ્ધિ થાય છે એમ શંકા કરે છે—'પણ કર્તૃત્વશક્તિ હોય તોપણ' ઇત્યાદિ. શક્તિ હોય તોપણ કાર્યનો પરિહાર શી રીતે થાય તેને વિષે કહે છે—'અને તેનો પરિહાર નિમિત્તના પરિહારથી થશે.' મુક્તિને વિષે શક્તિ હોય તો કાર્ય પણ થવુંજ જોઈએ; કેમકે શક્યને અભાવે શક્તિ યુક્ત નથી; ખરેખર, પ્રલયમાં પણ કાર્ય પુનરુત્પત્તિયોગ્ય, સૂક્ષ્મ, શક્ય છે. તે પ્રમાણે શક્તિથી ધર્માદિનિમિત્તોથી સહિત કાર્યના આક્ષેપથી મુક્તિનો લોપ થાય એમ પરિહાર કરે છે. કર્તૃત્વના ધર્માદિ નિમિત્તો છે. એ નિમિત્તો જ્ઞાનથી નિવર્ત્ય ન હોય તો મુક્તિને વિષે પણ તેનો સંભવ છે તેથી કર્તૃત્વ થાય. જ્ઞાનથી તેની નિવૃત્તિ થયે તેઓ અજ્ઞાનના કાર્ય થવાથી તત્કૃત કર્તૃત્વ પણ તેવું થશે. શક્તિ શક્ય અને શક્યની અપેક્ષા રાખે છે તેથી સનિમિત્તશક્યરૂપ શક્યનો શક્તિ આક્ષેપ કરે છે તેથી અનિર્મોક્ષ છે, તેટલા માટે નિમિત્તપરિહાર થઈ શકે એવો નથી તેથી શક્તિવાદને વિષે મુક્તિ નથી એમ કહે છે—'ના; શક્તિલક્ષણસંબન્ધથી' ઇત્યાદિ. સનિમિત્ત કાર્ય શક્ય હોવાથી શક્તિ સાથે સંબન્ધથી નિમિત્તોનું પણ પરમ્પરાથી શક્તિસંબન્ધિત્વ કહેલું સમજવું. કાર્યનો શક્તિ સાથે સંબન્ધ છે અને કાર્ય નિમિત્તસહિત છે તેથી પરંપરાથી નિમિત્તનો પણ શક્તિ સાથે સંબન્ધ સમજવો. 'સંબન્ધથી' = સંબન્ધીઓ અથવા શક્તિ છે લક્ષણ—આક્ષેપ (આક્ષેપ કરાવનાર) જે કાર્યનું તે કાર્ય સાથે જે સંબન્ધ તે સંબન્ધથી એમ વ્યધિકરણતૃતીયા એવી શક્તિલક્ષણ એટલે શક્તિથી આક્ષિપ્ત થવું જે શક્ય તેની સાથે જે સંબન્ધ એમ વ્યધિકરણ તૃતીયા છે. પણ નરના કર્મથી દેવત્વ સિદ્ધ થાય છે તેમ સાધનના અનુષ્ઠાનથી કર્તૃત્વ અકર્તૃત્વ સિદ્ધ થશે એમ શંકા કરે છે—અનુષ્ઠેય સાધનના સામર્થ્યથી દેવત્વ પ્રાપ્ત કરે છે તેમ કર્તૃત્વ અકર્તૃત્વરૂપ મોક્ષ સાધનવડે પ્રાપ્ત કરશે એવી શંકા છે—'પણ મોક્ષસાધનના વિધાનથી' ઇત્યાદિ. જ્ઞાનથી જે અકર્તૃત્વલક્ષણ મોક્ષ હોય તો કર્તૃત્વ અવિદ્યાકલ્પિત થવાથી કહેવું જોઈએ. જો કર્મથી મોક્ષ હોય તો તેને વિષે કહે છે—'ના; કારણ કે સાધનને અધીન છે' ઇત્યાદિ. અમારે તો મોક્ષ સાધ્ય નથી પણ બ્રહ્મસ્વરૂપ છે અને તે નિત્ય છે. આત્માનું સ્વાભાવિક કર્તૃત્વ સ્વીકારી અનિર્મોક્ષ કહી છે હવે અસંગત્વ, નિર્વિકારત્વ કહેનાર અનેક શ્રુતિઓ વિરોધ થવાથી તે સ્વાભાવિક નથી એમ કહે છે—'વળી નિત્ય, શુદ્ધ, મુક્ત' ઇત્યાદિ. વસ્તુતઃ આત્માની અનેક શ્રુતિઓને અર્થવાદરૂપ ન જાણે, તે આત્મા—સ્તુતિકારક છે એમ કારણથી યુક્ત નથી. તેમજ 'હું કર્તા છું' એ અનુભવ વિરુદ્ધ થતો નથી. કેમકે તે, સત્ય, મિથ્યા અને દર્શન કર્તાને આશ્રયથી હોવાથી તે અધ્યાસ હોવાથી પણ ઉપપન્ન થાય છે

---

[1] શાસ્ત્રમાં કહ્યું છે તેટલા. [2] જ્ઞાન.

સ્વાભાવિક નથી. તેજ પ્રમાણે શ્રુતિ છે 'ધ્યાયતીવ લેલાયતીવ' [બૃહ૦૪।૩।૭] (જાણે ધ્યાન કરે છે, જાણે અત્યન્ત ચલન કરે છે) એમ. 'આત્મેન્દ્રિયમનોયુક્તં ભોક્તેત્યાહુર્મનીષિણઃ' [કઠ૦ ૩।૪] (શરીર, ઇન્દ્રિય અને મનથી યુક્ત આત્માને વિવેકીઓ ભોક્તા સંસારી એમ કહે છે) એમ ઉપાધિથી સંયુક્ત થયલાજ આત્માને ભોક્તૃત્વ આદિ વિશેષ લાભ દર્શાવે છે; કેમકે વિવેકીઓને પરથી અન્ય જીવ નામનો કર્તા કે ભોક્તા વિદ્યમાન નથી; કારણ કે 'નાન્યોઽતોઽસ્તિ દ્રષ્ટા' [બૃહ૦ ૩।૭।૨૩] (એથી અન્ય દ્રષ્ટા નથી) ઇત્યાદિ શ્રુતિ છે. ત્યારે પરજ સંસારી, કર્તા અને ભોક્તા છે એમ પ્રસક્ત થાય, જો પરથી અન્ય ચૈતન્યયુક્ત જીવ કર્તા થાય તો બુદ્ધિ આદિ સઘાતથી વ્યતિરિક્ત ન થાય. ના; કારણ કે કર્તૃત્વ અને ભોક્તૃત્વ એ અવિદ્યાથી ઊભાં થયલાં છે. તેવીજ રીતે શાસ્ત્ર છે - 'યત્ર હિ દ્વૈતમિવ ભવતિ

[illegible] તેને માટે શ્રુતિ કહે છે—'તેજ પ્રમાણે શ્રુતિ છે' [illegible] અનુભવથી [illegible] વિદ્વાનના અનુભવથી સ્વાભાવિક કર્તૃત્વ [illegible] 'કેમકે વિવેકીઓને' ઇત્યાદિ. બુદ્ધિ આદિ સઘાતથી વ્યતિરિક્ત [illegible] સંસારી છે એમ પ્રસક્ત થાય અને તે અનિષ્ટ છે; [illegible] તેનો વ્યાઘાત થાય એમ શંકા કરે છે—'ત્યારે પરજ સંસારી' [illegible] પર આત્મા જો સંસારી હોય તો તેની [illegible] કંઈ વિશેષ નથી. તેથી સર્વ સંસારના [illegible] પરથી અન્ય સંસારી હોય તો તે બુદ્ધિ આદિનો સઘાતજ હોય તો તેનેજ [illegible] શંકાનો પરિહાર કરે છે કે [illegible] શુદ્ધ, ચિત્સ્વરૂપ, પર [illegible] નથી, [illegible] અવિનાશી ભિન્ન છે, [illegible] ભિન્ન અને [illegible] એવી શંકાનો પરિહાર છે—'ના, કારણ [illegible] નથી, કેમકે તે [illegible] તેમજ બુદ્ધિ આદિ [illegible] અવિદ્યાએ ઉપસ્થાપિત કરેલા બુદ્ધિ આ- [illegible] બુદ્ધિ આદિના [illegible] ઉપાધિ એવો આત્મા [illegible] ભિન્ન હોય [illegible], વિશુદ્ધ છે [illegible] અવિશુદ્ધ હોય એવો છે, તેથી [illegible] મુક્ત ન હોય એવો અને અન્ય [illegible] ઉપાધાનના ભેદથી [illegible] ભિન્ન [illegible] શુદ્ધ હોય તેનું [illegible] અન્ય [illegible] હોય તેનું છે એમ [illegible] નથી, તેટલા માટે [illegible] અને [illegible] નથી, તેમજ બુદ્ધિ આદિ [illegible] બુદ્ધિ આદિ [illegible] આત્માને [illegible] તેવીજ રીતે શાસ્ત્ર છે' ઇત્યાદિ. [illegible] તેમજ [illegible] કર્તૃત્વ [illegible]

[illegible]

तदितर इतरं पश्यति' [બૃહ૦ ૨।૪।૧૪] (કેમકે જ્યાં દ્વૈત જેવું હોય છે ત્યાં અન્ય અન્યને જુએ છે) એમ અવિદ્યાની સ્થિતિમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વ દર્શાવીને 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत्' [બૃહ૦ ૨।૪।૧૪] (પણ જ્યાં એને સર્વ આત્માજ થાય છે ત્યાં શા વડે શું જુએ) એમ વિદ્યાની અવસ્થામાં તેજ કર્તૃત્વ અને ભોક્તૃત્વનું નિવારણ કરે છે. તે પ્રમાણે સ્વપ્ન અને જાગરિત સ્થિતિમાં આત્માનો ઉપાધિના સંબન્ધે કરેલો શ્રમ, આકાશને વિષે ઊડતા શ્યેનના શ્રમની પેઠે, શ્રવણ કરાવીને સુષુપ્તિને વિષે પ્રાજ્ઞ આત્મા સાથે સમ્યક્ સંયુક્ત થયલાનો શ્રમાભાવ શ્રવણ કરાવે છે—'तद्वा अस्यैतदाप्तकाममात्मकाममकामं रूपं शोकान्तरम्' [બૃહ૦ ૪।૩।૨૧] (તે એ આત્માનું એ રૂપ છે, જેને વિષે 'કામો પ્રાપ્ત થયલા છે, જેને વિષે આત્માજ કામ છે, તેથીજ એ રૂપ અકામ-કામનારહિત છે, અને કામ્યવિષયના અભાવથી શોકવર્જિત છે) એમ આરંભીને 'एषास्य परमा गतिरेषास्य परमा संपदेषोऽस्य परमो लोक एषोऽस्य परम आनन्दः' [બૃહ૦ ૪।૩।૩૨] (એ એની પરમ ગતિ છે, એ એની પરમ સંપદ્ છે, એ એનો પરમ લોક છે, એ

ભાવિક નથી એમ કહે છે. ઉપાધિના ઉદ્ભવ અને અભિભવથી કર્તૃત્વનો ઉદ્ભવ અને અભિભવ શ્રુતિમાં કહ્યો છે તેથી પણ તે કર્તૃત્વ ઔપાધિક છે એમ કહે છે—'તે પ્રમાણે સ્વપ્ન અને જાગરિત સ્થિતિમાં' ઇત્યાદિ. 'આકાશને વિષે ઊડતા શ્યેનની પેઠે'—બૃહદારણ્યક જ્યોતિર્બ્રાહ્મણમાં આ પ્રમાણે છે—'तद्यथास्मिन् आकाशे श्येनो वा सुपर्णो वा विपरिपत्य श्रान्तः संहत्य पक्षौ संलयाय समीर्यनिर्नीडायैव ध्रियते एवमेवायं पुरुष एतस्मा अन्ताय धावति यत्र सुप्तो न कंचन कामं कामयते न कंचन स्वप्नं पश्यतीति तद्यथा प्रियया स्त्रिया संपरिष्वक्तो न बाह्यं किंचन वेद नान्तरमेवमेवायं पुरुषः प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किंचन वेद नान्तरमिति।' તેટલા માટે જેમ આ આકાશમાં શ્યેન કે સુપર્ણ ઊડીને શ્રાન્ત થયલો, પાંખો એકઠી કરીને યોગ્ય માળામાંજ જાય છે, એમ આ આત્મા આ દશા-સુષુપ્તિમાં જાય છે, કે જેમાં સુપ્ત થયલો કંઈ કામના ઇચ્છતો નથી, કંઈ સ્વપ્ન જોતો નથી જેમ પ્રિય સ્ત્રીથી ભેટાયલો કોઈ બાહ્ય કે આન્તર પદાર્થ જાણતો નથી, તેમજ આ જીવાત્મા પ્રાજ્ઞ આત્મા સાથે ભેટાયલો થઈ કંઈ બાહ્ય કે કંઈ આન્તર જાણતો નથી. આત્માજ ઇચ્છાય છે, આનન્દસ્વરૂપ હોવાથી, તેથી 'आत्मकामम्' કહ્યું છે: સ્વથી (આત્માથી) અતિરિક્ત કામ્યનો અભાવ છે તેથી 'अकामम्' કહ્યું છે: આત્મકામ અને અકામ હોવાથી' 'आप्तकामम्'—જેની કામના સંપૂર્ણ થઈ છે એમ કહ્યું છે; તેમજ શોકરહિત હોવાથી 'शोकान्तरम्' દુઃખથી અસ્પૃષ્ટ કહ્યું છે. તેજ સુષુપ્ત આત્મસ્વરૂપ પરમ પુરુષાર્થ છે એમ કહે છે—'एषास्य' ઇત્યાદિ. एषा= સુષુપ્તિને વિષે જે પ્રાપ્ય સ્વરૂપ છે તે પરમ-અર્ચિરાદિમાર્ગાતિમક ગતિ છે. 'गतिः'—પ્રાપ્ય, 'संपद्'= ઐશ્વર્ય, બ્રહ્મલોકાદિ વિભૂતિ. 'लोकः'—ભોગ્ય, સુખ. સુખ પણ એથી અન્ય નથી એવો અર્થ છે. આત્મા સ્વતઃ અકર્તા છે અને બુદ્ધિ આદિ ઉપાધિથી તો કર્તા છે એમ બે પ્રકારનો ભાવ કહ્યો છે. આ પ્રમાણે જ્યોતિર્બ્રાહ્મણગત વાક્યનો ઉપન્યાસ એવો છે કે સ્વપ્ન અને જાગરિત અવસ્થામાં બુદ્ધિ સાથે સંયુક્ત હોવાથી આત્માને સંસાર છે, પણ સુષુપ્તિમાં તેના અભાવને લીધે સ્વભાવભૂત પરમાનન્દાત્માનુંજ અવસ્થાન છે; તેટલા માટે આત્માનો સત્ર સ્વાભા-

૧ મનોરથો.

જેનો પરમ આનન્દ છે) એમ ઉપસંહાર છે. તેથી આચાર્ય આમ કહે છે કે 'यथा च तक्षोभयथा' (પણ જેમ તક્ષા બે પ્રકારે) એમ. એ च (ને) तु (પણ)-ના અર્થમાં પડેલો છે. જેમ અગ્નિની ઉષ્ણતા સ્વાભાવિક છે તેમ આત્માનું કર્તૃત્વ સ્વાભાવિકજ છે એમ ન માનવું. પણ જેમ તક્ષા લોકમાં [1]વાસિ આદિ સાધન હસ્તમાં લઈ કર્તા દુઃખી થાય છે તેજ પોતાને ઘેર ગયેલો, વાસિ આદિ કરણ જેણે છોડી દીધાં છે એવો, સ્વસ્થ, નિર્વૃત, નિર્વ્યાપાર, સુખી થાય છે, એવી રીતે અવિદ્યાએ ઊભા કરેલા દ્વૈતથી જોડાયલો આત્મા સ્વપ્ન અને જાગરિત અવસ્થામાં કર્તા થઈ દુઃખી થાય છે તે આત્મા તે શ્રમ દૂર કરવા માટે પોતાના આત્મા પર બ્રહ્મમાં પ્રવેશ કરીને કાર્યકરણસંઘાતમાંથી વિમુક્ત થયેલો [2]સંપ્રસાદની અવસ્થામાં અકર્તા થઈ સુખી થાય છે. તેમજ મુક્તિની અવસ્થામાં પણ અવિદ્યારૂપી અન્ધકારને વિદ્યારૂપી પ્રદીપથી હાંકી કાઢીને આત્માજ કેવલ નિર્વૃત, સુખી થાય છે. વળી તક્ષાનો દૃષ્ટાન્ત આટલે અંશે સમજવો; કારણ કે તક્ષા વિશિષ્ટ [3]તક્ષણ આદિ વ્યાપારોમાં વાસિ આદિ નિયત કરણોની અપેક્ષા રાખીનેજ કર્તા થાય છે; પોતાના શરીરથી તો અકર્તાજ છે. એ પ્રમાણે આ આત્મા સર્વ વ્યાપારોમાં મન આદિ કરણોની અપેક્ષા રાખીનેજ કર્તા થાય છે; પોતાના સ્વરૂપે તો અકર્તાજ છે. પણ આત્માને તક્ષાના જેવા અવયવો નથી કે જે વડે જેમ હસ્ત આદિ વડે તક્ષા વાસિ આદિનું ગ્રહણ કરે છે કે [4]ત્યાગ કરે છે તેમ મન આદિ કરણોને આત્મા લે કે તજે. શાસ્ત્રાર્થવત્ત્વ આદિ હેતુઓથી આત્માનું કર્તૃત્વ સ્વાભાવિક છે એમ જે કહ્યું છે તે યુક્ત નથી. પ્રથમ તો વિધિશાસ્ત્ર યથાપ્રાપ્ત કર્તૃત્વને લઈને કર્તવ્યવિશેષનો ઉપદેશ કરે છે, આત્માનું કર્તૃત્વ પ્રતિપાદન કરતું નથી; અને એને સ્વાભાવિક કર્તૃત્વ નથી. કેમકે બ્રહ્માત્મત્વનો ઉપદેશ છે એમ અમે કહ્યું છે. તેટલા માટે અવિદ્યાએ કરેલા કર્તૃત્વને લઈને વિધિશાસ્ત્ર પ્રવર્તશે. 'कर्ता विज्ञानात्मा पुरुषः' [પ્રશ્નો૦

[illegible] એ અર્થમાં [illegible] —તેથી આચાર્ય આમ કહે છે કે' ઇત્યાદિ. • સંપ્રસાદ'-સુષુપ્તિ. પણ [illegible] કર્તા થાય છે, આત્મા તો નિરવયવ [illegible] છે, તે વડે એ વાસિ આદિને [illegible] મન વગેરે કરણોને શાથી વાપરે એમ [illegible] છે એમ [illegible] —વળી તક્ષાનો દૃષ્ટાન્ત' ઇત્યાદિ. [illegible] ઉદાસીન તક્ષા સુખી છે, [illegible] દુઃખી છે, તેમ [illegible] આત્મા ઉદાસીન હોઈ સુખી છે, [illegible] નથી. જેમ [illegible]

[illegible]

ધાત્] (કર્તા, વિજ્ઞાતૃસ્વભાવ, પુરુષ) એ પ્રકારનું પણ શાસ્ત્ર અનુવાદરૂપ હોવાથી યથાપ્રાપ્તજ અવિદ્યાએ કરેલા કર્તૃત્વનો અનુવાદ કરશે. આથી વિહાર અને ઉપાદાનનો પરિહાર થયો; કેમકે તેઓ પણ અનુવાદરૂપ છે. પણ સ્વપ્નમાં ઇન્દ્રિયો પ્રસુપ્ત હોય છે ત્યારે પોતાના શરીરમાં યથાકામ પરિવર્તન કરે છે એમ ઉપદેશ કરાતો વિહાર કેવલ આત્માનું કર્તૃત્વ લાવે છે. તેમ ઉપાદાનમાં પણ 'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय' (તેથી એ ઇન્દ્રિયોની વિજ્ઞાનશક્તિથી વિજ્ઞાનનું ગ્રહણ કરીને) એમ કરણોને વિષે કર્મવિભક્તિ અને કરણવિભક્તિ શ્રૂયમાણ છે તે કેવલ આત્માનું કર્તૃત્વ સૂચવે છે. એને વિષે કહીએ છીએ. સ્વપ્નમાં આત્માનાં કરણોનો અત્યન્ત વિરામ નથી; કેમકે 'सधीः स्वप्नो भूत्वेमं लोकमतिक्रामति' [બૃહ૦ ૪।૩।૭] (બુદ્ધિસહિત, સ્વપ્ન થઈ આ લોકનું અતિક્રમણ કરે છે) એમાં પણ બુદ્ધિ સાથેના સંબન્ધનું શ્રવણ છે. તેમજ સ્મૃતિકારો કહે છે—'इन्द्रियाणामुपरमे मनोऽनुपरतं यदि। सेवते विषयानेव तद्विद्यात् स्वप्नदर्शनम्॥' (ઇન્દ્રિયોના વિરામમાં મન જો વિરામ ન પામે અને વિષયોનેજ સેવે તો તેને સ્વપ્નદર્શન સમજવું) એમ. 'कामादयश्च मनसो वृत्तयः' (કામાદિઓ મનની વૃત્તિઓ છે) એવી શ્રુતિ છે; અને તે વૃત્તિઓ સ્વપ્નમાં દેખાય છે; તેટલા માટે મનસહિતજ આત્મા સ્વપ્નમાં વિહાર કરે છે. વળી તે સ્થિતિનો વિહાર પણ વાસનામયજ છે, પારમાર્થિક નથી; કેમકે શ્રુતિ इव [જાણે] આકારથી જોડાયલોજ સ્વપ્નવ્યાપાર વર્ણવે છે—'उतेव स्त्रीभिः सह मोदमानो जक्षदुतेवापि भयानि पश्यन्' [બૃહ૦ ૪।૩।૧૩] (જાણે સ્ત્રીઓ સાથે આનન્દ પામતો, જાણે [મિત્રો સાથે] હસતો, જાણે [સિંહાદિ ભયહેતુઓને] જોતો) એમ. લૌકિકો પણ તેવીજ રીતે સ્વપ્નને વર્ણવે છે—'જાણે મેં ગિરિના શિખર પર ચઢવાને ઇચ્છયું, જાણે મેં વનપંક્તિ જોઈ' એમ. તેમજ ઉપાદાનમાં પણ જોકે કરણોને વિષે કર્મવિભક્તિ અને કરણવિભક્તિનો નિર્દેશ છે, તોપણ તેથી સંયુક્ત આત્માજ કર્તા છે એમ સમજવું; કેમકે કેવલ આત્માને વિષે કર્તૃત્વનો અસંભવ

કર્તૃત્વ સ્વાભાવિકજ છે એમ શા કરે છે—'પણ સ્વપ્નમાં' ઇત્યાદિ. ઔપાધિક કર્તૃત્વ ઉપાધિ છતો રહ્યા પછી સમવતું નથી. માટે સ્વાભાવિકજ કર્તૃત્વ યુક્ત છે એવો શંકાનો અર્થ છે. વળી જ્યાં પણ કરણ છે ત્યાં પણ કેવલ આત્માજ કર્તા તરીકે શ્રુતિમાં છે. તેથી સ્વાભાવિક કર્તૃત્વ યુક્ત છે. કરણેથી વિશિષ્ટ આત્મા કર્તા હોવાથી કરણોનો કર્તાને વિષે અન્તર્ભાવ થવાથી તેમને વિષે પણ કર્તાની વિભક્તિ થાય, પણ એમ નથી, તેથી કેવલ આત્માજ કર્તા છે એમ કહે છે—'તેમ ઉપાદાનમાં પણ' ઇત્યાદિ. સ્વપ્ન અને વિહારમાં ઉપાધિનો અભાવ અસિદ્ધ છે, અન્તઃકરણરૂપ ઉપાધિનું સ્વપ્નમાં પણ અનુવર્તન છે તેથી એમ કહે છે—'સ્વપ્નમાં આત્માનાં કરણોનો' ઇત્યાદિ. વિહાર મિથ્યા હોવાથી તેનું કર્તૃત્વ પણ મિથ્યા છે એમ કહે છે—'વળી તે સ્થિતિનો વિહાર પણ' ઇત્યાદિ. 'તેમજ ઉપાદાનમાં પણ' ઇત્યાદિ. જોકે કર્તૃવિભક્તિ કેવલ કર્તાને વિષે હોય છે તોપણ કર્મ અને કરણના ઉપાધિથી આત્માનું કર્તૃત્વ છે, કેવલ શુદ્ધનું નથી, પ્રયુક્ત છેન કર્તા કેવલ છેતા કર્તા નથી,—પરંતુ જો છેદન કરનાર કર્તા કેવલ-પ્રયુક્તિ-છેદન કરનાર નથી. વળી સ્વપ્નમાં જેવું જ્ઞાન છે તેવો વિહાર પણ છે. 'जाग्रत् भुञ्जान इव' ઇત્યાદિ જો કે યોજના કરનો હોય એમ કરણ વિશિષ્ટ કર્તા હોય તો કરણને વિષે કર્તાની વિભક્તિ થાય, કરણવિભક્તિ ન થાય એમ, જે કહ્યું છે તેનું નિરાકરણ

એનો પરમ આનન્દ છે) એમ ઉપસંહાર છે. તેથી આચાર્ય આમ કહે છે કે 'यथा च तक्षोभयथा' (પણ જેમ તક્ષા બે પ્રકારે) એમ. એ च (ને) तु (પણ) ના અર્થમાં પડેલો છે. જેમ અગ્નિની ઉષ્ણતા સ્વાભાવિક છે તેમ આત્માનું કર્તૃત્વ સ્વાભાવિકજ છે એમ ન માનવું. પણ જેમ તક્ષા લોકમાં 'વાસિ આદિ સાધન હસ્તમાં લઈ કર્તા દુઃખી થાય છે તેજ પોતાને ઘેર ગયેલો, વાસિ આદિ કરણ જેણે છોડી દીધાં છે એવો, સ્વસ્થ, નિર્વૃત, નિર્વ્યાપાર, સુખી થાય છે, એવી રીતે અવિદ્યાએ ઊભા કરેલા દ્વૈતથી જોડાયલો આત્મા સ્વપ્ન અને જાગરિત અવસ્થામાં કર્તા થઈ દુઃખી થાય છે તે આત્મા તે શ્રમ દૂર કરવા માટે પોતાના આત્મા પર બ્રહ્મમાં પ્રવેશ કરીને કાર્યકરણસંઘાતમાંથી વિમુક્ત થયલો 'સંપ્રસાદની અવસ્થામાં અકર્તા થઈ સુખી થાય છે. તેમજ મુક્તિની અવસ્થામાં પણ અવિદ્યારૂપી અન્ધકારને વિદ્યારૂપી પ્રદીપથી હાંકી કાઢીને આત્માજ કેવલ નિર્વૃત, સુખી થાય છે. વળી તક્ષાનો દૃષ્ટાન્ત આટલે અંશે સમજવો; કારણ કે તક્ષા વિશિષ્ટ ³તક્ષણ આદિ વ્યાપારોમાં વાસિ આદિ નિયત કરણોની અપેક્ષા રાખીનેજ કર્તા થાય છે; પોતાના શરીરથી તો અકર્તાજ છે. એ પ્રમાણે આ આત્મા સર્વ વ્યાપારોમાં મન આદિ કરણોની અપેક્ષા રાખીનેજ કર્તા થાય છે; પોતાના સ્વરૂપે તો અકર્તાજ છે. પણ આત્માને તક્ષાના જેવા અવયવો નથી કે જે વડે જેમ હસ્ત આદિ વડે તક્ષા વાસિ આદિનું ગ્રહણ કરે છે કે ⁴ન્યાસ કરે છે તેમ મન આદિ કરણોને આત્મા લે કે તજે. શાસ્ત્રાર્થવત્ત્વ આદિ હેતુઓથી આત્માનું કર્તૃત્વ સ્વાભાવિક છે એમ જે કહ્યું છે તે યુક્ત નથી. પ્રથમ તો વિધિશાસ્ત્ર યથાપ્રાપ્ત કર્તૃત્વને લઈને કર્તવ્યવિશેષનો ઉપદેશ કરે છે, આત્માનું કર્તૃત્વ પ્રતિપાદન કરતું નથી; અને એને સ્વાભાવિક કર્તૃત્વ નથી, કેમકે બ્રહ્માત્મત્વનો ઉપદેશ છે એમ અમે કહ્યું છે. તેટલા માટે અવિદ્યાએ કરેલા કર્તૃત્વને લઈને વિધિશાસ્ત્ર પ્રવર્તશે. ' कर्ता विज्ञानात्मा पुरुषः ' [પ્રશ્નો

[illegible] બુદ્ધિ ઉપાધિ છે અથવા છે [illegible] આત્મજ્ઞાનનું પર્યવસાન છે. એ અર્થમાં [illegible] કરે છે— તેથી આચાર્ય આમ કહે છે કે ' ઇત્યાદિ. ¹ સંપ્રસાદ ²—સુષુપ્તિ. પણ [illegible] વગેરેથી વાસિ આદિ પ્રેરવા શક્ત હોવાથી કર્તા થાય છે, આત્મા તો નિરવયવ એ [illegible] એ દૃષ્ટાન્તનું વૈષમ્ય છે; તક્ષાને હાથ વગેરે અવયવો છે, તે વડે એ વાસિ આદિને [illegible] આત્મા તો અવયવરહિત છે તો તે મન વગેરે કરણોને શાથી વાપરે એમ [illegible] કરીને ઔપાધિક કર્તૃત્વનો અંશ જે વિવક્ષિત છે તેથી સામ્ય છે એમ [illegible] — ' વળી તક્ષાનો દૃષ્ટાન્ત ' ઇત્યાદિ. જેમ સ્વશરીરે ઉદાસીન તક્ષા સુખી છે, પણ [illegible] આદિ કરણોને વાપરે છે [illegible] દુઃખી છે, તેમ સ્વસ્વરૂપે આત્મા ઉદાસીન હોઈ સુખી [illegible] મન આદિ કરણોને વાપરતો દુઃખી છે એટલુંજ એનું સામ્ય છે, સર્વથા નથી. જેમ [illegible] અન્ય અવયવની અપેક્ષા વગર પોતાના શરીરને પ્રેરે છે, એમ મન આદિ અન્ય [illegible] પ્રેરે છે [illegible] તેથી ³નિયોગ અને ⁴પર્યનુયોગ અનુપપન્ન છે. પણ [illegible] કર્તૃત્વ [illegible] કેમ ન થાય તેને માટે કહે છે— ' આને એને સ્વાભાવિક કર્તૃત્વ નથી ' ઇત્યાદિ. ઉપાધિના અભાવને લીધે શ્રુતિમાં કહેલ

¹ [illegible] ² [illegible] ³ [illegible] ⁴ [illegible] ⁵ [illegible] દુઃખને માટે નિયમ [illegible]

૪।૧૯] (કર્તા, વિજ્ઞાતૃસ્વભાવ, પુરુષ) એ પ્રકારનું પણ શાસ્ત્ર અનુવાદરૂપ હોવાથી યથાપ્રાપ્તજ અવિદ્યાએ કરેલા કર્તૃત્વનો અનુવાદ કરશે. આથી વિહાર અને ઉપાદાનનો પરિહાર થયો; કેમકે તેઓ પણ અનુવાદરૂપ છે. પણ સ્વપ્નમાં ઇન્દ્રિયો પ્રસુપ્ત હોય છે ત્યારે પોતાના શરીરમાં યથાકામ પરિવર્તન કરે છે એમ ઉપદેશ કરાતો વિહાર કેવલ આત્માનું કર્તૃત્વ લાવે છે. તેમ ઉપાદાનમાં પણ 'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय' (તેથી એ ઇન્દ્રિયોની વિજ્ઞાનશક્તિથી વિજ્ઞાનનું ગ્રહણ કરીને) એમ કરણોને વિષે કર્મવિભક્તિ અને કરણવિભક્તિ શ્રૂયમાણ છે તે કેવલ આત્માનું કર્તૃત્વ સૂચવે છે. એને વિષે કહીએ છીએ. સ્વપ્નમાં આત્માનાં કરણોનો અત્યન્ત વિરામ નથી; કેમકે 'सधीः स्वप्नो भूत्वेमं लोकमतिक्रामति' [બૃહ૦ ૪।૩।૭] (બુદ્ધિસહિત, સ્વપ્ન થઈ આ લોકનું અતિક્રમણ કરે છે) એમાં પણ બુદ્ધિ સાથેના સંબન્ધનું શ્રવણ છે. તેમજ સ્મૃતિકારો કહે છે—'इन्द्रियाणामुपरमे मनोऽनुपरतं यदि। सेवते विषयानेव तद्विद्यात् स्वप्नदर्शनम्॥' (ઇન્દ્રિયોના વિરામમાં મન જો વિરામ ન પામે અને વિષયોનેજ સેવે તો તેને સ્વપ્નદર્શન સમજવું) એમ. 'कामादयश्च मनसो वृत्तयः' (કામાદિઓ મનની વૃત્તિઓ છે) એવી શ્રુતિ છે; અને તે વૃત્તિઓ સ્વપ્નમાં દેખાય છે; તેટલા માટે મનસહિતજ આત્મા સ્વપ્નમાં વિહાર કરે છે. વળી તે સ્થિતિનો વિહાર પણ વાસનામયજ છે, પારમાર્થિક નથી; કેમકે શ્રુતિ इव [જાણે] આકારથી જોડાયલોજ સ્વપ્નવ્યાપાર વર્ણવે છે—'उतेव स्त्रीभिः सह मोदमानो जक्षदुतेवापि भयानि पश्यन्' [બૃહ૦ ૪।૩।૧૩] (જાણે સ્ત્રીઓ સાથે આનન્દ પામતો, જાણે { મિત્રો સાથે } હસતો, જાણે { સિંહાદિ } ભયહેતુઓને જોતો) એમ. લૌકિકો પણ તેવીજ રીતે સ્વપ્નને વર્ણવે છે—'જાણે મેં ગિરિના શિખર પર ચઢવાને ઇચ્છયું, જાણે મેં વનપંક્તિ જોઈ' એમ. તેમજ ઉપાદાનમાં પણ જોકે કરણોને વિષે કર્મવિભક્તિ અને કરણવિભક્તિનો નિર્દેશ છે, તોપણ તેથી સંપૃક્ત આત્માજ કર્તા છે એમ સમજવું; કેમકે કેવલ આત્માને વિષે કર્તૃત્વનો અસંભવ

કર્તૃત્વ સ્વાભાવિકજ છે એમ શંકા કરે છે—'પણ સ્વપ્નમાં' ઇત્યાદિ. ઔપાધિક કર્તૃત્વ ઉપાધિ જતો રહ્યા પછી સંભવતું નથી. માટે સ્વાભાવિકજ કર્તૃત્વ યુક્ત છે એવો શંકાનો અર્થ છે. વળી જ્યાં પણ કરણ છે ત્યાં પણ કેવલ આત્માજ કર્તા તરીકે શ્રુતિમાં છે. તેથી સ્વાભાવિકજ કર્તૃત્વ યુક્ત છે. કરણોથી વિશિષ્ટ આત્મા કર્તા હોવાથી કરણોનો કર્તાને વિષે અન્તર્ભાવ થવાથી તેને વિષે પણ કર્તાની વિભક્તિ થાય, પણ એમ નથી, તેથી કેવલ આત્માજ કર્તા છે એમ કહે છે—'તેમ ઉપાદાનમાં પણ' ઇત્યાદિ. સ્વપ્ન અને વિહારમાં ઉપાધિનો અભાવ અસિદ્ધ છે, અન્તઃકરણરૂપ ઉપાધિનું સ્વપ્નમાં પણ અવસ્થાન છે તેથી એમ કહે છે—'સ્વપ્નમાં આત્માનાં કરણોનો' ઇત્યાદિ. વિહાર મિથ્યા હોવાથી તેનું કર્તૃત્વ પણ મિથ્યા છે એમ કહે છે—'વળી તે સ્થિતિનો વિહાર પણ' ઇત્યાદિ. 'તેમજ ઉપાદાનમાં પણ' ઇત્યાદિ. જોકે કર્તૃવિભક્તિ કેવલ કર્તાને વિષે હોય છે તોપણ કર્મ અને કરણના ઉપાધિથી આત્માનું કર્તૃત્વ છે, કેવલ શુદ્ધનું નથી, પરશુરહિત છેત્તા કંઈ કેવલ છેત્તા થતો નથી,—પરશુ વડે છેદન કરનાર કંઈ કેવલ-પરશુરહિત-છેદન કરનાર નથી. વળી સ્વપ્નમાં જેવું જ્ઞાન છે તેવો વિહાર પણ છે. 'जक्षत् भुञ्जान इव' હસતો જાણે ભોજન કરતો હોય એમ કરણવિશિષ્ટ કર્તા હોય તો કરણને વિષે કર્તાની વિભક્તિ થાય, કરણવિભક્તિ ન થાય એમ, જે કહ્યું છે તેનું નિરાકરણ

એનો પરમ આનન્દ છે) એમ ઉપસંહાર છે. તેથી આચાર્ય આમ કહે છે કે 'यथा च तक्षोभयथा' (પણ જેમ તક્ષા બે પ્રકારે) એમ. એ च (ને) तु (પણ) ના અર્થમાં પડેલો છે. જેમ અગ્નિની ઉષ્ણતા સ્વાભાવિક છે તેમ આત્માનું કર્તૃત્વ સ્વાભાવિકજ છે એમ ન માનવું. પણ જેમ તક્ષા લોકમાં [1]વાસિ આદિ સાધન હસ્તમાં લઈ કર્તા દુઃખી થાય છે તેજ પોતાને ઘેર ગયલો, વાસિ આદિ કરણ જેણે છોડી દીધાં છે એવો, સ્વસ્થ, નિર્વૃત, નિર્વ્યાપાર, સુખી થાય છે, એવી રીતે અવિદ્યાએ ઊભા કરેલા દ્વૈતથી જોડાયલો આત્મા સ્વપ્ન અને જાગરિત અવસ્થામાં કર્તા થઈ દુઃખી થાય છે તે આત્મા તે શ્રમ દૂર કરવા માટે પોતાના આત્મા પર બ્રહ્મમાં પ્રવેશ કરીને કાર્યકરણસંઘાતમાંથી વિમુક્ત થયલો [2]સંપ્રસાદની અવસ્થામાં અકર્તા થઈ સુખી થાય છે. તેમજ મુક્તિની અવસ્થામાં પણ અવિદ્યારૂપી અન્ધકારને વિદ્યારૂપી પ્રદીપથી હાંકી કાઢીને આત્માજ કેવલ નિર્વૃત, સુખી થાય છે. વળી તક્ષાનો દૃષ્ટાન્ત આટલે અંશે સમજવો; કારણ કે તક્ષા વિશિષ્ટ [3]તક્ષણ આદિ વ્યાપારોમાં વાસિ આદિ નિશ્ચિત કરણોની અપેક્ષા રાખીનેજ કર્તા થાય છે; પોતાના શરીરથી તો અકર્તાજ છે. એ પ્રમાણે આ આત્મા સર્વ વ્યાપારોમાં મન આદિ કરણોની અપેક્ષા રાખીનેજ કર્તા થાય છે; પોતાના સ્વરૂપે તો અકર્તાજ છે. પણ આત્માને તક્ષાના જેવા અવયવો નથી કે જે વડે જેમ હસ્ત આદિ વડે તક્ષા વાસિ આદિનું ગ્રહણ કરે છે કે [4]ન્યાસ કરે છે તેમ મન આદિ કરણોને આત્મા લે કે તજે. શાસ્ત્રાર્થવત્ત્વ આદિ હેતુઓથી આત્માનું કર્તૃત્વ સ્વાભાવિક છે એમ જે કહ્યું છે તે યુક્ત નથી. પ્રથમ તો વિધિશાસ્ત્ર યથાપ્રાપ્ત કર્તૃત્વને લઈને કર્તવ્યવિશેષનો ઉપદેશ કરે છે, આત્માનું કર્તૃત્વ પ્રતિપાદન કરતું નથી; અને એને સ્વાભાવિક કર્તૃત્વ નથી, કેમકે બ્રહ્માત્મત્વનો ઉપદેશ છે એમ અમે કહ્યું છે. તેટલા માટે અવિદ્યાએ કરેલા કર્તૃત્વને લઈને વિધિશાસ્ત્ર પ્રવર્તશે. 'कर्ता विज्ञानात्मा पुरुषः' [પ્રશ્નો૦

વિક નથી, પણ જેમાં બુદ્ધિ ઉપાધિ છે એવોજ છે એવું એ બ્રાહ્મણવાક્યનું પર્યવસાન છે. એ અર્થમાં સૂત્રની યોજના કરે છે—'તેથી આચાર્ય આમ કહે છે કે' ઇત્યાદિ. 'સંપ્રસાદ'—સુષુપ્તિ. પણ તક્ષા પોતાના હાથ વગેરેથી વાસિ આદિ પ્રેરવા શક્ત હોવાથી કર્તા થાય છે, આત્મા તો નિરવયવ હોવાથી અશક્ત છે. એમ દૃષ્ટાન્તનું વૈષમ્ય છે; તક્ષાને હાથ વગેરે અવયવો છે, તે વડે એ વાસિ આદિને વાપરતો દુઃખી થાય, પરમાત્મા તો અવયવરહિત છે તો તે મન વગેરે કરણોને શાથી વાપરે એમ દૃષ્ટાન્તવૈષમ્યની આશંકા કરીને ઔપાધિક કર્તૃત્વનો અંશ જે વિવક્ષિત છે તેથી સામ્ય છે એમ કહે છે—'વળી તક્ષાનો દૃષ્ટાન્ત' ઇત્યાદિ. જેમ સ્વશરીરે ઉદાસીન તક્ષા સુખી છે, પણ વાસિ આદિ કરણોને વાપરે છે ત્યારે દુઃખી છે, તેમ સ્વસ્વરૂપે આત્મા ઉદાસીન હોઈ સુખી છે, પણ મન આદિ કરણોને વાપરતો દુઃખી છે એટલુંજ એનું સામ્ય છે, સર્વથા નથી. જેમ આત્મા, જીવ અન્ય અવયવની અપેક્ષા વગર પોતાના શરીરને પ્રેરે છે, એમ મન આદિ અન્ય કારણોને પ્રેરે છે એમ પ્રમાણસિદ્ધ છે તેથી [5]નિયોગ અને [6]પર્યનુયોગ અનુપપન્ન છે. પણ શાસ્ત્ર જેનો અનુવાદ કરે છે એવું કર્તૃત્વ સ્વાભાવિકજ કેમ ન થાય તેને માટે કહે છે—'અને એને સ્વાભાવિક કર્તૃત્વ નથી' ઇત્યાદિ. ઉપાધિના અભાવને કાળે શ્રુતિમાં કહેલું

૧ વાંસલો. ૨ સુષુપ્તિ. ૩ તનકરવું. ૪ તજે છે. ૫ શંકા. ૬ કૃપણને માટે જિજ્ઞાસા.

(જે યજ્ઞ છે તે એ વાણી અને ચિત્તનો ઉત્તરોત્તર [1]ક્રમ છે) એમ અન્ય શ્રુતિમાં વાણી અને બુદ્ધિથી યજ્ઞ સાધ્ય છે એમ અવધારણ કર્યું છે. વળી કરણોને કર્તૃત્વ સ્વીકારવાથી બુદ્ધિની શક્તિનો વિપર્યય થતો નથી; કેમકે સર્વ કારકોનેજ પોતપોતાના વ્યાપારોમાં કર્તૃત્વ અવશ્યભાવી છે. પણ એ કરણોનું કરણત્વ ઉપલબ્ધિની અપેક્ષાએજ છે અને એ ઉપલબ્ધિ આત્માની છે. તેને વિષે પણ એનું કર્તૃત્વ છે એમ નથી; કેમકે એ નિત્ય ઉપલબ્ધિસ્વરૂપ છે. અહંકારપૂર્વક પણ કર્તૃત્વ ઉપલબ્ધાનું થાય એ યુક્ત નથી; કેમકે અહંકાર પણ ઉપલક્ષ્યમાન છે. વળી એમ થયે અન્ય કરણની કલ્પનાનો પ્રસંગ આવશે એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે બુદ્ધિને

પચ્યન્તે તણ્ડુલાઃ—તંદુલ રંધાય છે. જ્વલન્તિ કાષ્ઠાનિ—લાકડાં બળે છે. બિભર્તિ સ્થાલી—થાળી ભરાય છે—એમ પોતપોતાના વ્યાપારમાં સર્વ કારકોનું કર્તૃત્વ સ્વીકાર્યું છે એમ કહે છે—'વળી કરણોને કર્તૃત્વ સ્વીકારવાથી' ઇત્યાદિ. ત્યારે બુદ્ધિ આદિનું કર્તૃત્વ થયે તેઓને વિષે કરણત્વ નહિ કહેવાય તેને માટે કહે છે—'પણ એ કરણોનું કરણત્વ' ઇત્યાદિ. જેમ કાષ્ઠ સ્વવ્યાપારમાં-પોતાની ક્રિયામાં કર્તા છે તોપણ પાકની અપેક્ષાએ કરણ છે તેમ સંકલ્પ, અધ્યવસાય આદિ ક્રિયાનો બુદ્ધિ આદિ કર્તા છે તોપણ ઉપલબ્ધિની અપેક્ષાએ બુદ્ધિ આદિ કરણ છે એવો અર્થ છે. પણ ત્યારે ઉપલબ્ધિ કોનો વ્યાપાર છે તેને માટે કહે છે—'તેને વિષે પણ એનું કર્તૃત્વ છે એમ નથી.' ઉપલબ્ધિ નિત્ય હોવાથી બુદ્ધિ આદિનું કરણત્વ શી રીતે કહ્યું છે એવી શંકાનું નિરાકરણ આ પ્રમાણે છેઃ—અખંડ સાક્ષિચૈતન્ય બુદ્ધિવૃત્તિથી નિત્ય થઈ વિષયથી અવચ્છિન્ન થાય છે, તેથી વિષયથી અવચ્છિન્ન ચૈતન્યસંજ્ઞક ઉપલબ્ધિને વિષે બુદ્ધિ આદિ કરણ છે, વિષયથી ઉપરક્ત થાય છે ત્યારે ઉપલબ્ધિ જન્ય છે અને તેને વિષે બુદ્ધિ આદિનું કરણત્વ સિદ્ધ છે; બુદ્ધિ આદિથી ઉપહિત આત્મા કર્તા છે, કેવલ આત્મા કર્તા નથી. બુદ્ધિજ તેની કર્ત્રી નથી; કેમકે ચૈતન્ય જડનો વ્યાપાર થાય એ યુક્ત નથી એવો ભાવ છે. વળી એમ જે કહ્યું છે કે બુદ્ધિને કર્તૃત્વ લેવાથી બુદ્ધિ તેજ અહંપ્રત્યયગમ્ય જીવ છે, અને તે જીવને માટે અન્ય કરણ કલ્પવું પડશે: એમ નામમાત્રમાં વિવાદ છે, તેમાં કેવલ આત્માનું કર્તૃત્વ કહ્યું છે એવી ભ્રાન્તિનું નિરસન કરે છે—'અહંકારપૂર્વક પણ કર્તૃત્વ' ઇત્યાદિ. સાંખ્યનું નિરાકરણ કરવા માટે બુદ્ધિની સાથે અભિન્ન તરીકે અધ્યાસ કરેલા ચિદાત્મક અહંકારમાં રહેલું જે કર્તૃત્વ કહ્યું છે તે અહંપ્રત્યયગમ્ય બુદ્ધિવિશિષ્ટ આત્માનુંજ છે, કેવલ સાક્ષિભૂત આત્માનું એ કર્તૃત્વ થાય એ યુક્ત નથી, કેમકે દૃશ્યનો જે ધર્મ તે સાક્ષીનો સ્વભાવ થાય એ યુક્ત નથી. એ પ્રમાણે બુદ્ધિવિશિષ્ટ આત્મા કર્તા થયો એટલે વિશેષણીભૂત જે જડ બુદ્ધિ તેજ કરણ થાય એ યુક્ત હોવાથી અન્ય કરણની કલ્પના કરવાનો પ્રસંગ નથી. અધ્યાસ વગર કેવલ બુદ્ધિ એ કર્ત્રી છે એમ કહેનારને અન્ય કરણનો પ્રસંગ [2]દુર્વાર છે એવો અર્થ છે. અહંકારપૂર્વક કર્તૃત્વ સત્ય છે, તોપણ તે કર્તૃત્વ ઉપલબ્ધા સાક્ષીને નથી તેને વિષે હેતુ કહે છે—'કેમકે અહંકાર પણ ઉપલક્ષ્યમાન છે'. અહંકારની પેઠે અહંકારવિશિષ્ટજ ચેતન સાક્ષી કર્તા તરીકે ઉપલબ્ધ થાય છે, તેટલા માટે કેવલ આત્મા કર્તા નથી; વિશિષ્ટ કર્તા થાય એટલે જ્ઞાતાજ કર્તા છે અને કર્તાજ ભોક્તા છે એમ સિદ્ધ થાય છે. 'એમ થયે'= બુદ્ધિ ઉપલબ્ધી ન થાય એટલે, બુદ્ધિ ઉપલબ્ધિ વિષે કર્ત્રી ન થાય એટલે. ત્યારે શું ઉપ-

---

૧ કાર્ય. ૨ અટકાવાય નહિ એવો.

યુક્ત છે. પણ જીવનું કર્તૃત્વ પરાધીન થાય તો તેણે કરેલા પ્રયત્નની અપેક્ષા (ઈશ્વરે) રાખવી ઉપપન્ન થતી નથી. એ દોષ નથી. જીવનું કર્તૃત્વ પરાધીન છે તોપણ જીવ કરે છેજ; કેમકે કરતો એવો જે જીવ તેને ઈશ્વર કરાવે છે. વળી પૂર્વ પ્રયત્નની અપેક્ષા રાખીને હમણાં કરાવે છે, અને તેથી પૂર્વના પ્રયત્નની અપેક્ષા રાખીને પૂર્વે કરાવ્યું; કેમકે સંસાર અનાદિ છે. એમ (સર્વે) [1]અનવદ્ય છે. પણ કરેલા પ્રયત્નની અપેક્ષાવાળો ઈશ્વર છે એમ શાથી સમજાય છે? (શાસ્ત્રે) વિહિત અને પ્રતિષિદ્ધ કરેલું વ્યર્થ ન થાય ઇત્યાદિથી એમ (સૂત્રકાર) કહે છે; કેમકે એ રીતે 'स्वर्गकामो यजेत' (સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો) એ પ્રકારનું શાસ્ત્રે વિહિત કરેલું અને 'ब्राह्मणो न हन्तव्यः' (બ્રાહ્મણને હણવા નહિ) એ પ્રકારનું શાસ્ત્રે પ્રતિષિદ્ધ કરેલું નિરર્થક થશે નહિ; નહિ તો તે અર્થરહિત થાય; ઈશ્વરજ વિધિ અને પ્રતિષેધને સ્થાને નિયુક્ત થાય, કેમકે જીવ અત્યન્ત પરતન્ત્ર છે. તેમજ શાસ્ત્રે વિહિત કરેલું કરનારને પણ અનર્થ સાથે જોડે અને પ્રતિષિદ્ધ કરેલું કરનારને અર્થ-ઇષ્ટ સાથે જોડે, અને તેથી વેદનું પ્રામાણ્ય અસ્ત થાય. ઈશ્વરને અત્યન્ત અનપેક્ષા હોય તો લૌકિક પણ પુરુષકારની વ્યર્થતા અને દેશ, કાલ અને નિમિત્તોની પણ વ્યર્થતા થાય અને પૂર્વોક્ત દોષનો પ્રસંગ આવે, એમ દોષસમૂહ આદિગ્રહણથી (સૂત્રકાર) દર્શાવે છે ॥ ૪૨ ॥

પાદન કરો છો કે ચક્રક દોષની આપત્તિ થાય છે એમ પ્રતિપાદન કરો છો? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'એ દોષ નથી' ઇત્યાદિ. અધ્યાપકને અધીન એવો જે બટુ હોય તે પણ મુખ્ય અધ્યાપનનો કર્તા જોવામાં આવે છે તેથી એવો ભાવ છે. ચક્રકનું નિરસન કરે છે—'વળી પૂર્વ પ્રયત્નની અપેક્ષા રાખીને' ઇત્યાદિ. 'અનવદ્ય'=જીવનું કર્તૃત્વ અને ઈશ્વરનું કારયિતૃત્વ એ અનવદ્ય છે. ઈશ્વર અપેક્ષાવાળો છે તેને માટે પ્રમાણ આપે છે કે વિધિ આદિ શાસ્ત્રનું પ્રામાણ્ય અન્યથા ઉપપન્ન ન થાય—'પણ કરેલા પ્રયત્નની અપેક્ષાવાળો ઈશ્વર છે' ઇત્યાદિ. એમ ઈશ્વર અપેક્ષાવાળો હોય તોજ વિધિ આદિ શાસ્ત્ર વ્યર્થ ન થાય, નહિ તો-અપેક્ષાવાળો ન હોય તો—વિધિ આદિ શાસ્ત્ર વ્યર્થ થાય એમ વિવેચન કરે છે—'ઈશ્વરજ વિધિ અને પ્રતિષેધને સ્થાને' ઇત્યાદિ. વિધિ અને પ્રતિષેધને સ્થાને ઈશ્વરજ નિયુક્ત થાય—અભિષિક્ત થાય, તે બેનું કાર્ય તેજ કરે, વિધિ અને પ્રતિષેધનું જે ફળ છે તે વિધિ અને પ્રતિષેધે પ્રતિપાદિત કરેલા ધર્મ અને અધર્મની અપેક્ષા વગરના ઈશ્વરેજ કર્યું એટલે વિધિ અને પ્રતિષેધ અનર્થક થાય. જીવ નિરપેક્ષ ઈશ્વરને પરતન્ત્ર હોવાથી વિધિ આદિ શાસ્ત્ર અકિંચિત્કર-અનર્થક થાય એવો અર્થ છે. 'પુરુષકાર'=પ્રયત્ન. સૂત્રમાં આદિશબ્દ છે તેનો અર્થ કહે છે—'અને દેશ, કાલ અને નિમિત્તોની પણ' ઇત્યાદિ. 'પૂર્વોક્ત દોષ'—અકૃતની—નહિ કરેલાની—પ્રાપ્તિ, કૃતનો-કરેલાનો નાશ, વગેરે. તેટલા માટે કર્મસાપેક્ષ ઈશ્વર કારયિતા હોવાથી 'एष ह्येव' ઇત્યાદિ શ્રુતિનો વિધિ આદિ શ્રુતિ સાથે વિરોધ નથી એમ સિદ્ધ થાય છે ॥

પરાયત્ત અધિકરણનો—૪૧ અને ૪૨ મા સૂત્રનો—આશય આ પ્રમાણે છે—જીવનું જે

---

[1] દોષરહિત.

ઔપાધિક[1] કર્તૃત્વ છે, તેને વિષે રાગાદિ પ્રવર્તક છે, છતાં અન્યને-ઈશ્વરને પ્રવર્તક કલ્પવો યુક્ત નથી; કેમકે એમ કરવાથી [2]અતિપ્રસંગ થાય છે. ઈશ્વર પણ જે દ્વેષ અને પક્ષપાતથી રહિત છે તે જીવોને સાધુ અને અસાધુ કર્મને વિષે પ્રવર્તાવવા યુક્ત નથી કે જેથી ધર્મ અને અધર્મની અપેક્ષાએ જગતનું વૈચિત્ર્ય થાય; કેમકે ઈશ્વર સ્વતન્ત્ર અને કારુણિક છે તેથી ધર્મને વિષેજ જન્તુઓને પ્રવર્તાવે, અધર્મને વિષે નહિ; તેથી તેના પ્રેરાયલા સર્વ જન્તુઓ ધાર્મિકજ એટલે સુખીજ થાય, દુઃખી ન થાય; સ્વતન્ત્ર હોય તો તો રાગાદિથી પ્રયુક્ત થઈ પ્રવર્તતા, ધર્મના અને અધર્મના [3]પ્રચયવાળા વૈચિત્ર્ય અનુભવે એ યુક્ત છે. એવી રીતે વિધિ અને નિષેધ સાર્થક થાય છે, અન્યથા તો સર્વથા જીવ અસ્વતન્ત્ર હોવાથી ઈશ્વરજ પ્રવર્તાવે તો વિધિ અને નિષેધનું શું પ્રયોજન છે; કેમકે બળવાન્ પવન, અને જળપૂરથી ખેંચાતા પુરુષ પ્રતિ ઉપદેશ સાર્થક થતો નથી; તેટલા માટે 'एष ह्येव साधु कर्म कारयति' (એજ સાધુ કર્મ કરાવે છે) ઇત્યાદિ શ્રુતિઓને સમસ્ત વિધિશ્રુતિ અને નિષેધશ્રુતિ સાથે વિરોધ થવાથી અને લોકવિરોધથી એ શ્રુતિઓનો ('एष ह्येव' ઇત્યાદિનો) લક્ષ્ય અર્થ લઈ ઈશ્વરની પ્રશંસા પ્રતિપાદન કરે છે એમ સમજવું. આમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે કહે છે કે 'एष ह्येव साधु कर्म कारयति' ઇત્યાદિ શ્રુતિઓ સર્વ વ્યાપારોમાં જન્તુઓ ઈશ્વરપરતન્ત્ર છે એમ પ્રતિપાદન કરે છે. પ્રતિબન્ધક ન હોવાથી એ શ્રુતિઓનો 'પ્રશંસા પ્રતિપાદન કરે છે' એવો અર્થ લેવો યુક્ત નથી. શ્રુતિસિદ્ધ અર્થની કલ્પના કરવી યુક્ત નથી કે જેથી રાગાદિ પ્રવર્તક હોવાથી તે કલ્પના વિરુદ્ધ થાય; વળી ઈશ્વરને પરતન્ત્ર હોવાથી જન્તુઓની ધર્મને વિષેજ પ્રવૃત્તિ થાય ને તેથી તેઓ સુખીજ થાય અને જગદ્વૈચિત્ર્ય ન થાય એમ કહેવું યુક્ત નથી. જોકે એ ઈશ્વર વીતરાગ—રાગદ્વેષાદિરહિત—છે તોપણ જન્તુઓના પૂર્વપૂર્વ કર્મોની અપેક્ષાએ તેમને ધર્મ અને અધર્મમાં પ્રવર્તાવે છે તેથી દ્વેષ અને પક્ષપાતથી વિષમ નથી કે નિર્ઘૃણ પણ નથી. તેમજ કર્મપ્રચયને આદિ નથી; કેમકે સંસાર અનાદિ છે. વળી જીવ ઈશ્વરપરતન્ત્ર છે તો વિધિશાસ્ત્રનું અને નિષેધશાસ્ત્રનું શું પ્રયોજન છે એમ કહેવું પણ યુક્ત નથી; કેમકે ઈશ્વર અતિપ્રબળ પવનની પેઠે જન્તુઓને પ્રવર્તાવતો નથી; પણ તેના ચૈતન્યને અનુસરતો, રાગાદિના ઉપકારદ્વારા પ્રવર્તાવે છે. એ રીતે ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો પરિહાર ઇચ્છતા જન્તુને વિધિ અને નિષેધ સાર્થક થાય છે. એવા આશયથીજ ભાષ્યકારે કહ્યું છે કે 'જીવનું કર્તૃત્વ પરાધીન છે તોપણ જીવ કરે છેજ.' તેટલા માટે વિધિશાસ્ત્ર અને નિષેધશાસ્ત્રની સાથે વિરોધ નથી તેથી, તેમજ લોક સ્વરૂપદર્શી છે તેથી, 'एष ह्येव साधु कर्म कारयति' ઇત્યાદિ શ્રુતિ છે તેથી, 'अज्ञो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः। ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा॥' (અજ્ઞ જન્તુ જે પોતાના સુખ અને દુઃખને વિષે સ્વતન્ત્ર નથી, તે ઈશ્વરે પ્રેરેલો સ્વર્ગે જાય કે નરકેજ જાય) એવી સ્મૃતિ છે તેથી, ઈશ્વરાધીનજ જન્તુઓ કર્તા છે, સ્વતન્ત્ર જન્તુઓ કર્તા નથી એમ સિદ્ધ થાય છે ॥ ૪૨ ॥

---

૧ ઉપાધિકૃત. ૨ અતિવ્યાપ્તિ. ૩ પ્રચયસમૂહ.

अंशो नानाव्यपदेशादन्यथा चापि दाशकितवादित्वमधीयत एके ॥ ४३ ॥

(જીવ ઇશ્વરનો) અંશ છે, ભિન્ન તરીકે વ્યપદેશ છે તેથી, અન્ય રીતે પણ (વ્યપદેશ છે), એક શાખાવાળાઓ (બ્રહ્મનું) દાશત્વ, કિતવત્વ આદિ રીતે અધ્યયન કરે છે ॥ ૪૩ ॥

જીવ અને ઈશ્વરનો [1]ઉપકાર્યોપકારકભાવ કહ્યો છે; અને તે ભાવ લોકમાં સંબદ્ધ થયલા બે પદાર્થ વચ્ચેજ જોવામાં આવે છે જેમ સ્વામી અને સેવક વચ્ચે કે અગ્નિ અને [2]વિસ્ફુલિંગ વચ્ચે. એમ જીવ અને ઈશ્વર વચ્ચે પણ ઉપકાર્યોપકારકભાવ સ્વીકાર્યો છે તેથી શું તે બે વચ્ચે સ્વામી અને સેવકની પેઠે સંબન્ધ છે કે અગ્નિ અને વિસ્ફુલિંગની પેઠે એમ એ સંશય થયે અનિયમ પ્રાપ્ત થાય છે કે સ્વામી અને સેવક જેવા વચ્ચેજ ઈશિતૃભાવ અને ઈશિતવ્યભાવ પ્રસિદ્ધ છે તેથી તે પ્રકારનોજ સંબન્ધ છે એમ પ્રાપ્ત થાય છે. એથી કહે છે—'अंशः' ઇત્યાદિ. જીવ ઈશ્વરનો અંશ થવો યુક્ત છે, જેમ અગ્નિનો વિસ્ફુલિંગ છે. અંશના જેવો અંશ; કેમકે નિરવયવનો મુખ્ય અંશ સંભવતો નથી. પણ જીવ નિરવયવ છે તો તે તેજ (પરમાત્માજ) કેમ થતો નથી? ભિન્ન તરીકે વ્યપદેશ છે તેથી, 'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' [છાન્દો૦ ૮।૭।૧] (તે અન્વેષણ કરવા યોગ્ય છે, તે વિજિ-

---

'नित्यः स्वप्रकाशोऽनणुरकर्ता जीवः' (જીવ નિત્ય છે, સ્વપ્રકાશ છે, અનણુ છે, અકર્તા છે) એમ શોધિત तत् त्वम् પદાર્થ અહિં બ્રહ્મૈક્યનું સાધન છે તેથી ભેદાભેદશ્રુતિઓના વિરોધના સમાધાનથી પાદની સંગતિ છે. પૂર્વપક્ષમાં પ્રત્યક્‌થી અભિન્ન બ્રહ્મ અસિદ્ધ છે, અને સિદ્ધાન્તમાં સિદ્ધ છે એમ ભેદ છે. પૂર્વે કહેલા ઉપકાર્યોપકારકભાવથી આક્ષિપ્ત થયલા જીવ અને ઈશ્વરના સંબન્ધ વિષે બે પ્રકારનાં દૃષ્ટાન્ત દેખાય છે તેથી સંશય કહે છે—'તેથી જીવ અને ઈશ્વર વચ્ચે પણ' ઇત્યાદિ. નિયામક ન હોવાથી પૂર્વપક્ષના આભાસનું ગ્રહણ કરે છે—'અનિયમ'. પ્રસિદ્ધ સ્વસ્વામિભાવસંબન્ધ સંભવે છે તેથી 'જે કોઈ સંબન્ધ છે' એમ અનિયમ યુક્ત નથી એમ અરુચિથી કહે છે—'કે સ્વામી અને સેવક જેવા' ઇત્યાદિ. એથી 'य आत्मनि तिष्ठन्' (જે આત્માને વિષે રહેતો) ઇત્યાદિ શ્રુતિમાં પ્રસિદ્ધ ભેદકોટિ દર્શાવી છે એ પ્રમાણે तत्त्वमसि ઇત્યાદિ શ્રુતિથી સિદ્ધ ભેદકોટિ સમજવી. તેથી ભેદાભેદ શ્રુતિઓ સમબલ હોવાથી તેમની વચ્ચે વિરોધ થયે સંબન્ધનો નિશ્ચય નથી તેથી સંબન્ધની અપેક્ષાએ રહેલો પૂર્વોક્ત ઉપકાર્યોપકારકભાવ અસિદ્ધ છે એમ આક્ષેપથી સંગતિ છે. લોકસિદ્ધ અનર્થાત્મક ભેદની અનુવાદક હોવાથી ભેદશ્રુતિઓ દુર્બલ છે તેથી અજ્ઞાત ફલવાળી અભેદશ્રુતિને અનુસારે પ્રકલ્પિત ભેદને આધારે રહેલો અંશાંશિભાવ સંબન્ધ છે એમ સિદ્ધાન્ત કરે છે—"એથી કહે છે 'अंशः'" ઇત્યાદિ. અગ્નિ અંશવાળો છે તોપણ નિરવયવ ઈશ્વર શી રીતે અંશવાળો છે તેને માટે કહે છે—'અંશના જેવો અંશ'. ભેદજ હોય તો સ્વસ્વામિભાવ

---

1 જીવ ઉપકાર્ય-પ્રયોજ્ય છે અને ઈશ્વર ઉપકારક-પ્રયોજક છે એમ. 2 ચીનગારી, તણખો.

જિજ્ઞાસા કરવા યોગ્ય છે), 'एतमेव विदित्वा मुनिर्भवति' [બૃહ૦ ૪।૪।૨૨] (એનેજ જાણીને મુની થાય છે), 'य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति' [બૃહ૦ ૩।૭।૨૨] (જે આત્મામાં રહી આત્માને અંદર રહેતો નિયમમાં રાખે છે) એ પ્રકારનો ભેદનિર્દેશ ભેદ ન હોય તો યુક્ત થતો નથી. પણ એ ભિન્ન તરીકે વ્યપદેશ સ્વામિસેવકના સાદૃશ્યમાં વધારે સારી રીતે ઘટે છે એથી (એ શંકાનું નિરાકરણ કરવા) કહે છે—'અન્ય રીતે પણ' એમ. માત્ર ભિન્ન તરીકે વ્યપદેશાધીજ અંશત્વનું જ્ઞાન થતું નથી. ત્યારે શું? અન્ય રીતે પણ એ ભિન્ન છે એમ પ્રતિપાદન કરનાર, વ્યપદેશ છે. જેમકે એક શાખાવાળાઓ, આથર્વણિકો બ્રહ્મસૂક્તમાં બ્રહ્મનો [1]દાશભાવ, [2]કિતવભાવ, ઇત્યાદિ ભાવ પ્રતિપાદન કરે છે—'ब्रह्म दाशा ब्रह्म दासा ब्रह्मैवेमे कितवाः' (બ્રહ્મ દાશ છે, બ્રહ્મ દાસ છે, બ્રહ્મજ આ કિતવ છે) ઇત્યાદિ વડે. 'દાશ' એટલે જે આ [3]કૈવર્ત તરીકે પ્રસિદ્ધ છે તે અને જે એ 'દાસ' છે, એટલે સ્વામી પ્રતિ આત્માનો ઉપક્ષય કરે છે, અને જે બીજા 'કિતવ' એટલે દ્યૂત રમનારા છે તે સર્વે બ્રહ્મજ છે એમ હીન જન્તુઓના ઉદાહરણથી નામ અને રૂપે કરેલા કાર્યકરણસંઘાતમાં પ્રવિષ્ટ થયલા સર્વ જીવો બ્રહ્મ છે એમ કહે છે. તેમ અન્યત્ર પણ બ્રહ્મપ્રકરણમાંજ એ અર્થ [4]પ્રપંચથી કહેવાય છે—'त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी। त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतोमुखः॥' [શ્વેતા૦ ૪।૩] (તું સ્ત્રી છે, તું પુરુષ છે, તું કુમાર છે, અથવા તું કુમારી છે, તું જીર્ણ દંડ વડે ચાલે છે, તું સર્વતોમુખ ઉત્પન્ન થાય છે), એમ, 'सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन् यदास्ते' [તૈત્તિ૦ આ. ૩।૧૨।૭] (સર્વ રૂપોનું નિર્માણ કરી, નામ પાડી ધીર અભિવાદ કરતો વર્તે છે) {તેને જાણનાર અમૃત થાય છે} એમ. 'नान्योऽतोऽस्ति द्रष्टा' [બૃહ૦ ૩।૭।૨૩] (એથી અન્ય દ્રષ્ટા નથી) ઇત્યાદિ શ્રુતિઓથી એજ અર્થ સિદ્ધ થાય છે. અને જીવ અને ઇશ્વરનું ચૈતન્ય અવિશિષ્ટ છે, જેમ અગ્નિ અને વિસ્ફુલિંગની ઉષ્ણતા અવિશિષ્ટ છે તેમ. આથી, ભેદ અને અભેદનું જ્ઞાન છે તેથી જીવ અંશ છે એવું જ્ઞાન થાય છે ॥ ૪૩ ॥

યુક્ત છે, અંશાંશિભાવ યુક્ત નથી એમ શંકા કરે છે—'પણ એ ભિન્ન તરીકે વ્યપદેશ' ઇત્યાદિ. અભેદ પણ છે તેથી અંશાંશિભાવ છે એમ કહે છે—'એથી કહે છે' ઇત્યાદિ. 'वञ्चसि' = જાય છે. જે નામરૂપનું નિર્માણ કરી તેમાં પ્રવેશ કરી વ્યવહાર કરતો વર્તે છે તેને જાણનાર અમૃત થાય છે એવો શ્રુતિનો અર્થ છે. શ્રુતિસિદ્ધ અભેદને વિષે યુક્તિ કહે છે—'અને જીવ અને ઇશ્વરનું ચૈતન્ય' ઇત્યાદિ. જીવ બ્રહ્મજ છે, ચેતન છે તેથી, બ્રહ્મની પેઠે એવો અર્થ છે.

તાત્પર્ય આ પ્રમાણે છેઃ—'तत्त्वमसि' (તે તું છે) 'अयमात्मा ब्रह्म' (આ આત્મા બ્રહ્મ છે), ઇત્યાદિ જીવ અને બ્રહ્મનું ઐક્યપ્રતિપાદક શ્રુતિવાક્યો અને 'य आत्मनि तिष्ठ-

---

૧ 'દાશ' = માછલાં પાડનારા, ધીવર. ૨ 'કિતવ' = દ્યૂત રમનારા. ૩ ધીવર. ૪ વિસ્તાર.

વળી શાથી જીવ અંશ છે એવું જ્ઞાન થાય છે?—

मन्त्रवर्णाच्च ॥ ४४ ॥

વળી મન્ત્રવર્ણથી (જીવ અંશ છે એમ સમજાય છે) ॥ ૪૪ ॥

'तावानस्य महिमा ततो ज्यायांश्च पूरुषः । पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि' [છાન્દો૦ ૩।૧૨।૬] (તેટલો એ ગાયત્રીસંજ્ઞક બ્રહ્મનો મહિમા છે એથી પુરુષ મહત્તર છે, એનો પાદ સર્વ ભૂતો છે, જેના ત્રણ પાદ છે તે અમૃત દ્યોતનવાન્ સ્વાત્માને વિષે રહેલો છે) એમ મન્ત્રવર્ણ પણ એ અર્થ [1]અવગમન કરાવે છે. અહિં ભૂતશબ્દ વડે જીવપ્રધાન સ્થાવરજંગમોનો નિર્દેશ કરે છે; કેમકે 'अहिंसन् सर्वभूतान्यन्यत्र तीर्थेभ्यः' [છાન્દો૦ ૮।૧૫] ('તીર્થથી અન્યત્ર સર્વ ભૂતોની અ[3]હિંસા કરતો) એવો પ્રયોગ છે. અંશ, પાદ, ભાગ એ એકજ અર્થના શબ્દો છે. તેથી પણ અંશત્વ સમજાય છે ॥ ૪૪ ॥

यात्मनोऽन्तरः' (જે આત્માને વિષે રહેતો, આત્માને અંદર રહેલો {નિયમમાં મૂકે છે}) ઇત્યાદિ નિયન્તૃભાવ અને નિયન્તવ્યભાવથી જીવ અને બ્રહ્મનો ભેદ પ્રતિપાદન કરનાર શ્રુતિવાક્યો વચ્ચે વિરોધ હોવાથી અપ્રામાણ્ય થવાથી એવો પૂર્વપક્ષ થાય છે કે અભેદપ્રતિપાદક વચનોને મુખ્યાર્થ લઈ ભેદપ્રતિપાદક વચનોને ક્લેશથી ગમે તેમ ગૌણાર્થમાં લેવાં અને 'नाहं सर्वज्ञः' (હું સર્વજ્ઞ નથી) એમ પ્રત્યક્ષબાધનો આશ્રય કરવો. એથી બંને વચનોના અનુમેદ માટે અભેદપ્રતિપાદક વચનોનુંજ [2]બાધ્ય તરીકે વ્યાખ્યાન કરવું એમ એકદેશિમત પ્રાપ્ત થવે સિદ્ધાન્ત કરે છે પ્રથમ તો પ્રત્યક્ષ દુર્બલ છે, ને તે અભેદશ્રુતિને અન્યથા-બાધ્ય તરીકે લેવડાવવામાં સમર્થ નથી. વળી નિયન્તૃભાવ અને નિયન્તવ્યભાવથી ભેદપ્રતિપાદક શ્રુતિઓ વ્યાવહારિક ભેદને આધારે રહેલી છે; કેમકે અદ્વૈતવિષય ઉપક્રમ અને ઉપસંહાર છે અને તેને એકરૂપ થવું આદિ અનેક તાત્પર્યલિંગથી નિશ્ચિત કરેલું નિર્વિશેષ એવું, પ્રત્યગાત્માથી અભિન્ન જે બ્રહ્મ તેના પ્રકરણમાં અન્તર્ગત જે વ્યાવહારિક ભેદ તેને અવલંબીને એ ભેદપ્રતિપાદક શ્રુતિઓ રહેલી છે. આ કારણથી એ ભેદપ્રતિપાદક શ્રુતિઓનું અદ્વૈતને અનુસારે વ્યાખ્યાન કરવું એવો સિદ્ધાન્ત છે. અગ્નિવિસ્ફુલિંગની પેઠે એમ બતાવવા માટે બિંબપ્રતિબિંબ, મહાકાશ ઘટાકાશ દૃષ્ટાન્તો છે ॥ ૪૩ ॥

અંશત્વ સિદ્ધ કરવા માટે અન્ય હેતુ છે એમ અનન્તર સૂત્રની અવતરણિકા કરે છે— 'વળી શાથી જીવ અંશ છે' ઇત્યાદિ. તે સૂત્ર કહે છે—'मन्त्रवर्णाच्च'. આ સહસ્રશીર્ષ પુરુષનો તેટલો પ્રપંચ-મહિમા-વિભૂતિ છે; તે પ્રપંચથી પુરુષ મહત્તર છે. પણ 'पादोऽस्य विश्वा भूतानि' એમાં ભૂતશબ્દવાચ્ય આકાશાદિ બ્રહ્મનો અંશ છે એમ સમજાય છે, એથી જીવ બ્રહ્મનો અંશ છે એમ કેમ સમજાય છે તેથી કહે છે કે 'અહિં ભૂતશબ્દ વડે' ઇત્યાદિ. ભૂતાનિ=દેહીઓ, જીવો. એને વિષે નિયામક કહે છે—'अहिंसन् सर्वभूतान्य' ઇત્યાદિ. 'તીર્થ' એટલે શાસ્ત્રોક્ત કર્મ, તેથી અન્યત્ર કોઈ પણ પ્રાણીની હિંસા ન કરનાર બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. અહિં ભૂતશબ્દ પ્રાણીને વિષે પ્રયુક્ત છે તેથી સૂત્રોક્ત મન્ત્રમાં પણ તેજ પ્રયોજે છે એવો ભાવ છે. ભૂતો પાદ છે તોપણ અંશ શી રીતે તેને વિષે કહે છે—'અંશ, પાદ, ભાગ' ઇત્યાદિ ॥ ૪૪ ॥

---

૧ સમજાવે છે. ૨ ટીકામાં કહેલાં ઇત્યાદિ ૩ હિંસા.

વળી જીવ અંશ છે એમ શાથી સમજાય છે?

अपि च स्मर्यते ॥ ४५ ॥

વળી સ્મૃતિ છે ॥ ૪૫ ॥

ઈશ્વરગીતામાં પણ જીવ ઈશ્વરનો અંશ છે એમ સ્મૃતિ છે—'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः' [૧૫।૭] (મારોજ અંશ જીવલોકમાં સનાતન જીવભૂત છે) એમ. તેથી પણ અંશત્વ સમજાય છે. પણ જે એમ કહ્યું છે કે સ્વામિસેવકાદિસંબન્ધમાંજ ઈશિતૃત્વ અને ઈશિતવ્યભાવ લોકમાં પ્રસિદ્ધ છે. જોકે લોકમાં એમ પ્રસિદ્ધ છે તોપણ અહિં તો શાસ્ત્રથી અંશાંશિત્વ અને ઈશિતૃત્વ અને ઈશિતવ્યભાવ નિશ્ચય કરાય છે. નિરતિશય ઉપાધિથી સંપન્ન ઈશ્વર, અત્યન્ત હીન ઉપાધિથી સંપન્ન જીવોનું પ્રશાસન કરે છે એમ કંઈ વિરુદ્ધ નથી ॥ ૪૫ ॥

અહિં કહે છે:—પણ જીવ ઈશ્વરનો અંશ છે એવા સ્વીકારમાં તેના સંસારદુઃખના ઉપભોગે કરીને [1]અંશી ઈશ્વરને પણ દુઃખિત્વ થાય. જેમ લોકમાં હાથ, પગ વગેરે એક અંગના દુઃખથી અંગી દેવદત્તને દુઃખિત્વ થાય છે તેમ. તેથી તે

પુરુષસૂક્તમન્ત્રમાં જીવને ભગવાનના અંશ તરીકે કહ્યો છે તેને વિષે ભગવદ્ગીતાનું ઉદાહરણ સૂત્રકાર આપે છે—'अपि च स्मर्यते'. અત્યન્તભિન્ન ઈશિતૃભાવ અને ઈશિતવ્યભાવ પ્રસિદ્ધ હોવાથી ઈશિતવ્ય જે જીવ તે ઈશ્વરનો અંશ શી રીતે એમ આશંકા કરી કલ્પિત ભેદથી પણ ઈશિતવ્યત્વ ઉપપન્ન થાય છે તેથી અનન્યથાસિદ્ધ એવું જે અભેદશાસ્ત્ર તેના બળથી જીવ ઈશ્વરનો અંશ છે એમ કહે છે—'પણ જે એમ કહ્યું છે' ઇત્યાદિથી. પણ ઈશ્વરનું નિયન્તૃત્વ ઔપાધિક હોય તો જીવજ તેનો નિયન્તા કેમ ન થાય તેને માટે કહે છે—'નિરતિશય ઉપાધિથી સંપન્ન' ઇત્યાદિ. અત્યન્ત હીન શરીરાદિ ઉપાધિ છે. સર્વજ્ઞત્વ આદિ ઉત્કૃષ્ટ ઉપાધિઓ પરમાત્માના છે, કિંચિજ્જ્ઞત્વ આદિ હીન ઉપાધિઓ જીવના છે, તેથી ઈશિતવ્યત્વ અને ઈશિતૃભાવ ઉપપન્ન થાય છેજ. અજ્ઞાનજન્ય ઉપાધિના તારતમ્યથી ઈશ અને ઈશિતવ્યની વ્યવસ્થા છે, વસ્તુતઃ નથી; સુરેશ્વરાચાર્ય કહે છે કે ઈશ ને ઈશિતવ્યનો સમ્બન્ધ પ્રત્યગાત્માના અજ્ઞાનરૂપ હેતુથી થાય છે, સમ્યક્ જ્ઞાન થયે, અજ્ઞાન નષ્ટ થયે ઈશ્વરોનો પણ ઈશ્વર છે ॥ ૪૫ ॥

ઉત્તર સૂત્રથી જેનું નિરાકરણ કરવાનું છે તે શંકા કરે છે—'અહિં કહે છે' ઇત્યાદિ 'અંશી' એટલે જીવ અને ઈશ્વરના અંશત્વ અને અંશિત્વને વિષે 'દુઃખિત્વ થાય' અને 'તેથી અનર્થકારક થાય' એવો દોષ સમજવો. અંશને દુઃખ થવાથી અંશીને પણ દુઃખ થાય છે તેને માટે દૃષ્ટાન્ત કહે છે—'જેમ લોકમાં' ઇત્યાદિ. 'ઈશ્વર જીવના અંશત્વ દુઃખથી દુઃખી છે, અંશી છે તેથી દેવદત્તની પેઠે' એવું અનુમાન છે. ઈશ્વર દુઃખી થયે અન્ય દોષ કહે છે—તેથી તે (બ્રહ્મ) પ્રાપ્ત થયેલાઓને' ઇત્યાદિ. બ્રહ્મને પ્રાપ્ત થયેલાને મહત્તર

---

[1] અંશેવાળા છે તે.

(અજ્ઞ) પ્રાપ્ત થયેલાઓને મહત્તર દુઃખ પ્રાપ્ત થાય; માટે પૂર્વાવસ્થા, સંસારજ વધારે સારો છે તે થાઓ એમ સમ્યગ્દર્શન અનર્થક થવાનો પ્રસંગ આવે છે એને વિષે કહે છે—

प्रकाशादिवन्नैवं परः ॥ ४६ ॥

પર આત્મા એમ (જીવની પેઠે સંસારદુઃખ અનુભવતો) નથી, પ્રકાશાદિની પેઠે ॥ ૪૬ ॥

જેમ જીવ સંસારદુઃખ અનુભવે છે એમ પર ઈશ્વર અનુભવતો નથી એમ પ્રતિજ્ઞા કરીએ છીએ; કારણ કે જીવ અવિદ્યાના આવેશના બળથી [1]દેહાદિના આત્મભાવને જાણે પામીને તેને થયેલા દુઃખથી હું દુઃખી છું એમ અવિદ્યાએ કરેલા દુઃખના ઉપભોગનો અભિમાની થાય છે. એ પ્રમાણે પરમેશ્વરને દેહાદિનો આત્મભાવ કે દુઃખાભિમાન નથી. જીવને પણ અવિદ્યાએ કરેલા નામરૂપથી [2]નિર્વૃત્ત થયેલા દેહ, ઇન્દ્રિય આદિ ઉપાધિના [3]અવિવેકભ્રમથી ઉત્પન્ન થયેલોજ દુઃખાભિમાન છે, પારમાર્થિક નથી. જેમ પોતાના દેહને પ્રાપ્ત થયેલા દાહ, છેદ આદિથી ઉત્પન્ન થતું દુઃખ તે દેહના અભિમાનની ભ્રાન્તિથી અનુભવે છે, તેમ પુત્ર, મિત્ર આદિ વિષેનું પણ દુઃખ હુંજ પુત્ર છું, હુંજ મિત્ર છું એમ સ્નેહવશથી પુત્ર, મિત્ર આદિને વિષે [4]અભિનિવેશ રાખતો, તેના અભિમાનની ભ્રાન્તિથીજ અનુભવે છે. તેથી આ નિશ્ચિત સમજાય છે—કે મિથ્યાભિમાનનો ભ્રમજ દુઃખાનુભવનું નિમિત્ત છે એમ. વળી વ્યતિરેક જોવામાં આવે છે તેથી પણ એમ સમજાય છે. જેમકે પુત્ર, મિત્ર આદિવાળા તેના સંબન્ધના અભિમાની બહુ પુરુષો બેઠા હોય અને અન્ય પણ બેઠા હોય અને પુત્ર મુઓ, મિત્ર મુઓ એમ ઉદ્ઘોષ કરવામાં આવે તો જેમને પુત્ર, મિત્ર આદિવાળા હોવાનો અભિમાન છે તેમનેજ તન્નિમિત્ત દુઃખ ઉત્પન્ન થાય છે,

દુઃખ પ્રાપ્ત થયે મોક્ષ અપુરુષાર્થ થાય એમ કહે છે—' માટે પૂર્વાવસ્થા સંસારજ ' ઇત્યાદિ. જ્ઞાનથી સર્વજ્ઞ પરમેશ્વરની પ્રાપ્તિની અપેક્ષાએ સંસાર વધારે સારો છે; કેમકે તેમાં સુખદુઃખ ઉભયનો અનુભવ થાય છે એવો અર્થ છે. મોક્ષ અપુરુષાર્થ થયે સમ્યગ્જ્ઞાનરૂપી સાધનનું વિધાન કરનાર શાસ્ત્ર વ્યર્થ થાય એમ કહે છે—' એમ સમ્યગ્દર્શન ' ઇત્યાદિ. સૂત્રની અવતરણિકા આપે છે—' એને વિષે કહે છે '. ' નૈવં પરઃ ' એ સૂત્રભાગથી પ્રતિજ્ઞા કરે છે—' જેમ જીવ ' ઇત્યાદિ. પ્રતિજ્ઞાનો હેતુ આપે છે—' કારણ કે જીવ અવિદ્યાના આવેશના બળથી ' ઇત્યાદિ. દેહાદિના દુઃખાનુભવમાં ભ્રાન્તિરૂપ, કામરૂપ અને કર્મરૂપ દુઃખની સામગ્રી હેતુ એ ઉપરથી છે; ઈશ્વરને તેનો અભાવ છે તેથી ઈશ્વરને દુઃખિત્વની પ્રાપ્તિ નથી. દુઃખ ભ્રાન્તિકૃત છે એમ [5]અન્વયથી કહે છે—' જીવને પણ અવિદ્યાએ કરેલા ' ઇત્યાદિ. ભ્રાન્તિ હોય તો દુઃખ થાય છે એમ અન્વય કહી ભ્રાન્તિને અભાવે દુઃખનો અભાવ છે એમ વ્યતિરેક કહે છે—' વળી વ્યતિરેક જોવામાં આવે છે તેથી પણ ' ઇત્યાદિ. વ્યતિરેકથી હોવાથી ભ્રાન્તિકૃત દુઃખ છે એમ નિશ્ચય થાય છે. તે વ્યતિરેકનું વિવરણ કરે છે—' જેમકે પુત્ર, મિત્ર ' ઇત્યાદિ. ' અન્ય ' = ' અભિમાનશૂન્ય ' એવો અર્થ છે. સમ્યગ્જ્ઞાન થયે જીવને પણ દુઃખનો અભાવ જોવામાં આવે છે તો નિત્ય, સર્વજ્ઞ ઈશ્વરને દુઃખનો અભાવ હોય એમાં

૧ કે તે દેહાદિ છે એમ માનવે. ૨ કલ્પેલા થયેલા. ૩ કાર્યકારણે પોતે અવિદ્યમાન છે એવા ભ્રમથી. ૪ આસક્તિ. ૫ નિશ્ચય.

અભિમાનથી હીન, પરિવ્રાજક આદિને થતું નથી. એથી લૌકિક પુરુષને પણ સમ્યગ્દર્શન સાર્થક દેખાય છે તો વિષયશૂન્ય, આત્માથી અન્ય વસ્ત્વન્તર ન જોનાર, નિત્ય ચૈતન્યમાત્રસ્વરૂપને તે સાર્થક થાય તેમાં કહેવુંજ શું? તેટલા માટે સમ્યગ્દર્શન અનર્થક થવાનો પ્રસંગ નથી. પ્રકાશાદિની પેઠે એમ દૃષ્ટાન્તનો ઉપન્યાસ છે. જેમ સૂર્યનો કે ચન્દ્રનો પ્રકાશ આકાશને વ્યાપીને રહેતો, આંગળી વગેરે ઉપાધિના સંબન્ધથી [1]ઋજુભાવ, [2]વક્રભાવ આદિ પામે છે ત્યારે તેવો તેવો ભાવ પામતો, પણ પરમાર્થતઃ તેવો ભાવ પામતો નથી, અને જેમ આકાશ ઘટાદિ જાય ત્યારે જતું હોય એમ સમજાય છે તોપણ પરમાર્થતઃ જતું નથી, અને જેમ જલપાત્ર આદિના કમ્પથી તેમાં રહેલું સૂર્યપ્રતિબિમ્બ કમ્પમાન થાય છે તોપણ તે પ્રતિબિમ્બ જેનું છે એવો સૂર્ય કમ્પતો નથી, એમ અવિદ્યાએ ઊભો કરેલો, બુદ્ધિ આદિ ઉપાધવાળો જીવસંજ્ઞક અંશ દુઃખ પામે છે તોપણ તે અંશવાળો ઈશ્વર દુઃખ પામતો નથી અને જીવને પણ દુઃખની પ્રાપ્તિ અવિદ્યાનિમિત્તજ છે એમ કહ્યું છે. તેમજ 'तत्त्वमसि' (તે તું છે) ઇત્યાદિ વેદાન્તો અવિદ્યાનિમિત્ત જીવભાવનું નિરસન કરી જીવનો બ્રહ્મભાવજ પ્રતિપાદન કરે છે. તેટલા માટે જીવના દુઃખથી પરમાત્માને દુઃખિત્વનો પ્રસંગ નથી ॥ ૪૬ ॥

શું કહેવું એમ કહે છે—' એથી લૌકિક પુરુષને પણ ' ઇત્યાદિ. એ પ્રમાણે અંશિત્વ હેતુ સોપાધિક છે એમ કહીને જે અંશી છે તે પોતાના અંશના ધર્મવાળો છે એ વ્યાપ્તિનો સ્વપ્નમાં વ્યભિચાર કહે છે—' પ્રકાશાદિની પેઠે ' ઇત્યાદિ. ' ઈશ્વર પોતાના અંશગત દુઃખથી દુઃખી છે, અંશી છે તેથી, દેવદત્તની પેઠે ' એ અનુમાનમાં હેતુ સોપાધિક છે, તન્નિમિત્ત ભ્રમવત્ત્વ એ ઉપાધિ છે, આમ હેતુ અપ્રયોજક છે એમ કહ્યું. હવે ઈશ્વરને વિષે તાત્ત્વિક દુઃખિત્વ સાધ્ય છે કે પ્રાતીતિક દુઃખિત્વ સાધ્ય છે એમ વિકલ્પ કરી ' જે દુઃખ અંશને આશ્રયે રહેલું છે તે વસ્તુતઃ અંશીને થાય છે ' એ વ્યાપ્તિને વિષે ' પ્રકાશાદિની પેઠે ' ઇત્યાદિથી વ્યભિચાર કહે છે. પ્રકાશના દૃષ્ટાન્તનું વ્યાખ્યાન કરે છે—' જેમ સૂર્યનો કે ચન્દ્રનો પ્રકાશ ' ઇત્યાદિ. આત્માને વિષે ઉપાધિથી દુઃખાદિની પ્રતીતિજ છે, વસ્તુતઃ પ્રાપ્તિ નથી એને વિષે દૃષ્ટાન્ત કહી લોકવ્યવહાર પણ તેને વિષે પ્રતીતિમાત્રજ છે, વાસ્તવ નથી એને વિષે દૃષ્ટાન્ત કહે છે—' અને જેમ આકાશ ' ઇત્યાદિ. ક્રિયામાત્રની આત્માને વિષે વસ્તુતઃ [illegible] એને વિષે દૃષ્ટાન્ત કહે છે—' અને જેમ જલપાત્ર આદિના ' ઇત્યાદિ. વાસ્તવ દુઃખિત્વ [illegible] સાધ્ય લઈ તેને વિષે વ્યભિચાર કહી દેવદત્તદૃષ્ટાન્તને વિષે સાધ્યનું વૈકલ્ય પણ કહે [illegible] જીવને પણ ' ઇત્યાદિ. કલ્પિત દુઃખિત્વ એ સાધ્ય ઈશ્વરને વિષે નથી; કેમકે [illegible] દિનો અભાવ છે એમ કહ્યું છે. વળી જીવને કે ઈશ્વરને વસ્તુતઃ દુઃખિત્વનું [illegible] નથી; કેમકે આગમનો બાધ થાય છે. ઈશ્વરને વિષે પ્રાતીતિક દુઃખિત્વ [illegible] ઉપર કહ્યો છે તેમાં જીવદ્વારા પરને વિષે પણ તેની પ્રતીતિ ઇષ્ટ છે [illegible] એમ માની જીવ કે ઈશ્વર બન્નેને વિષે વસ્તુતઃ દુઃખિત્વ નથી; કેમકે [illegible] થાય છે એમ કહે છે—' તેમજ " तत्त्वमसि " (તે તું છે) ' ઇત્યાદિ [illegible] તેનો બ્રહ્મભાવ તરીકે ઉપદેશ ન થાય એવો અર્થ છે.

---

૧ ઋજુ=સીધું. ૨ વક્ર=વાંકું

स्मरन्ति च ॥ ४७ ॥

અને સ્મૃતિઓ કહે છે ॥ ૪૭ ॥

વ્યાસ આદિઓ સ્મૃતિઓમાં કહે છે કે જીવના દુઃખથી પરમાત્મા દુઃખ પામતો નથી—'तत्र यः परमात्मा हि स नित्यो निर्गुणः स्मृतः । न लिप्यते फलैश्चापि

સૂત્રનું તાત્પર્ય આ પ્રમાણે છેઃ—જીવો બ્રહ્મના અંશ હોય તો જીવગત વેદના બ્રહ્મને થાય જેમ પાદગત વેદના દેવદત્તને થાય છે તેમ. તેથી બ્રહ્મભાવ પ્રાપ્ત થયેલા જીવને સમસ્ત જીવગત વેદનાના અનુભવનો પ્રસંગ આવે અને એમ થવાથી સંસાર મુક્તિ કરતાં વધારે સારો થાય. કેમકે સંસારમાં સ્વગતવેદનામાત્રનો અનુભવ થાય છે, બહુના દુઃખનો અનુભવ થતો નથી, અને મુક્તને તો સર્વ જીવની વેદનાનો અનુભવ થાય એમ બહુ અનર્થવાળી થવાથી મુક્તિ પ્રયત્નથી પરિહાર્ય થાય. તેમજ ભેદ અને અભેદ પરસ્પર વિરોધી હોવાથી તેમનો એકત્ર સંભવ ન હોવાથી જીવો ઈશ્વરના અંશ નથી. વળી બ્રહ્મજ સત્ અને જીવો અસત્ છે એમ કહેવું યુક્ત નથી; કેમકે એથી સુખ, દુઃખ, મુક્તિ અને સંસાર એવી વ્યવસ્થાનો અભાવ પ્રસક્ત થાય અને [1]અનુજ્ઞા અને પરિહારનો અભાવ પ્રસક્ત થાય. એટલા માટે જીવોજ પરમાર્થતઃ વિદ્યમાન છે, બ્રહ્મ એક અદ્વય પરમાર્થતઃ વિદ્યમાન નથી. અદ્વૈતશ્રુતિઓ તો જાતિ, દેશ, અને કાલના અભેદનિમિત્ત ઉપચારથી સમજવી. આમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—પ્રમાણો [2]અનધિગત અર્થના બોધક છે, તેમાં વિશેષતઃ શબ્દપ્રમાણ એવું છે. તેમાં ભેદ લોકસિદ્ધ છે તેથી તે શબ્દપ્રમાણથી પ્રતિપાદ્ય નથી, પણ અભેદ તો અનધિગત હોવાથી અધિગતભેદના અનુવાદથી તેનું પ્રતિપાદન કરવું યુક્ત છે. વળી જે વડે વાક્યનો ઉપક્રમ થાય છે, મધ્યમાં તેનો પરામર્શ થાય છે અને અન્તે ઉપસંહાર થાય છે તેનેજ વિષે વાક્યનું તાત્પર્ય છે; અને ઉપનિષદો અદ્વૈતનો ઉપક્રમ કરે છે, તેનો પરામર્શ કરે છે અને તેનો ઉપસંહાર કરે છે તેથી ઉપનિષદો અદ્વૈતપર–અદ્વૈતપ્રતિપાદન કરનાર–અદ્વૈતને વિષેજ જેનું તાત્પર્ય રહ્યું છે એવાં–થાય એ યુક્ત છે. જેને વિષે તેનું તાત્પર્ય હોય તેને, અર્થાત્, અદ્વૈતને, ઔપચારિક લેવું યુક્ત નથી; કેમકે અર્થનો અધ્યાહાર કરવા કલ્પના કરવાથી તે બહુ દુષ્ટ થાય છે. એટલા માટે અદ્વૈત એજ તાત્ત્વિક છે ને તે બ્રહ્મનો જીવભાવ અનિર્વચનીય અવિદ્યારૂપ ઉપાધિના ભેદથી થાય છે, જેમ એકજ બિમ્બના દર્પણ આદિ ઉપાધિના ભેદથી પ્રતિબિમ્બભેદ થાય છે તેમ. એ રીતે લૌકિક અને વૈદિક અનુજ્ઞા, પરિહાર, સુખ, દુઃખ મુક્તિ અને સંસારની વ્યવસ્થા ઉપપન્ન થશે. વળી મોક્ષ અનર્થવાળો થાય છે–બહુ અનર્થવાળો છે–એમ કહેવું પણ યુક્ત નથી; કેમકે જેમ પ્રતિબિમ્બોનેજ [3]શ્યામતા, મલિનતા આદિ છે તેમ જીવોનેજ નાના પ્રકારની વેદનાનો અભિસંબન્ધ છે, બ્રહ્મને તો બિમ્બની પેઠે તેનો અભિસંબન્ધ નથી, અને જેમ દર્પણ દૂર કરવાથી બિમ્બભાવમાં તે પ્રતિબિમ્બ રહે છે કંઈ જુદું પ્રતિબિમ્બિત પણ રહેતું નથી, તેમ અવિદ્યારૂપ ઉપાધિ દૂર થયે જીવને વિષે બ્રહ્મભાવ રહે છે, તેથી જીવ બ્રહ્માંશ જેવો છે, તેને અધીન છે તેથી, પણ બ્રહ્માંશ નથી એમ સિદ્ધ થયું એવું તાત્પર્ય છે ॥ ૪૬ ॥

સ્મૃતિથી પણ અનુમાન થાય છે એમ કહે છે—'स्मरन्ति च'. સૂત્રનું વ્યાખ્યાન કરે છે—'વ્યાસ આદિઓ' ઇત્યાદિ. 'तत्र'—જીવ અને પર આત્મા એ બેમાં. 'परमात्मा'=

[1] અધિકાર વિધિ, દર્શાવેલી આજ્ઞા (જુઓ સૂત્ર ૪૮). [2] ન જાણેલા અર્થના. [3] મલિનતા.

पद्मपत्रमिवाम्भसा ॥ कर्मात्मा त्वपरो योऽसौ मोक्षबन्धैः स युज्यते । स सप्तदशकेनापि राशिना युज्यते पुनः ॥' (તેમાં [જીવ અને પરમાત્મા એ બેમાં] જે પરમાત્મા છે તેની ખરેખર નિત્ય, અને નિર્ગુણ તરીકે સ્મૃતિ છે, તે ફળોથી પણ લિપ્ત થતો નથી, જેમ કમળનું પાંદડું પાણીથી લિપ્ત થતું નથી તેમ. જે એ કર્માત્મા અન્ય છે તે મોક્ષ અને બન્ધોથી જોડાયલો છે, તે વળી સત્તર [1]રાશિથી પણ જોડાયલો છે) એમ (સ્મૃતિ છે). ચશબ્દથી 'समामनन्ति च' (અને શ્રુતિઓ કહે છે) એવો વાક્યશેષ છે. 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति' [શ્વેતા૦ ૪।૬] (તે બેમાંનો એક સ્વાદયુક્ત ફળ ખાય છે, બીજો ખાધા વગર માત્ર જુએ છે) એમ અને 'एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः' [કઠ૦ ૫।૧૧] (તે પ્રમાણે, એક કોઈ સર્વ ભૂતોનો અન્તરાત્મા લોકદુઃખથી લિપ્ત થતો નથી, બાહ્ય છે તેથી) એમ. અહિં (પૂર્વપક્ષી) કહે છે—જો સર્વ ભૂતોનો એકજ અન્તરાત્મા હોય ત્યારે તો લૌકિક અને વૈદિક [2]અનુજ્ઞા અને [3]પરિહાર શી રીતે થાય? પણ જીવ ઈશ્વરનો અંશ છે એમ કહ્યું છે; અને તેના (અંશના) ભેદથી તેને આશ્રયે રહેલાં અનુજ્ઞા અને પરિહાર [4]વ્યતિકીર્ણ થયા વગર ઉપપન્ન થશે, અહિં શા માટે શંકા કરો છો એમ (કહેવું યુક્ત નથી). કહીએ છીએ—એ એમ નથી, અભેદ કહેનારી શ્રુતિઓ જીવનું [5]અનંશત્વ પણ પ્રતિપાદન કરે છે—'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्' [તૈત્તિ૦ ૨।૬।૧] (તેને સર્જીને તેમાંજ અનુપ્રવેશ કર્યો), 'नान्योऽतोऽस्ति द्रष्टा' [બૃહ૦ ૩।૭।૨૩] (એથી અન્ય દ્રષ્ટા નથી), 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति' [બૃહ૦ ૪।૪।૧૯] (જે અહિં ભિન્ન જેવું જુએ છે {નાનાત્વ-ભેદ નથી તોપણ અવિદ્યાથી નાનાત્વનો અધ્યારોપ કરે છે} તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે), 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે), 'अहं ब्रह्मास्मि' [બૃહ૦ ૧।૪।૧૦] (હું બ્રહ્મ છું) એ પ્રકારની શ્રુતિઓ (પ્રતિપાદન કરે છે). પણ ભેદ અને અભેદના [6]અવગમથી અંશત્વ સિદ્ધ થાય છે એમ કહ્યું છે. જો બંને ભેદ અને અભેદ પ્રતિપાદન કરવા ઇષ્ટ હોય તો એમ થાય; પણ અભેદજ અહિં પ્રતિપાદન કરવો ઇષ્ટ છે; કેમકે [7]બ્રહ્માત્મત્વના જ્ઞાનથી પુરુષાર્થ સિદ્ધ થાય છે. ભેદ તો

કર્મેન્દ્રિય, જીવ, દસ ઇન્દ્રિયો, પાંચ પ્રાણ, મન અને બુદ્ધિ એમ સત્તર [illegible] એટલે લિંગ શરીર. [illegible] અને [illegible] [illegible] મન, [illegible] ભિન્ન છે તે, [illegible] અન્તઃકરણ શરીર છે, અને [illegible] છે એમ [illegible] કરે છે. [illegible] છે એમ કહે છે—'[illegible]' [illegible] ભિન્ન [illegible] નથી [illegible] ભિન્ન [illegible] નથી. [illegible] રીતે ઈશ્વરને [illegible] [illegible] છે તે [illegible] અહિં

[illegible]

સ્વભાવપ્રાપ્ત છે તેનો અનુવાદ કરાય છે. વળી નિરવયવ બ્રહ્મનો મુખ્ય અંશ જીવ સંભવતો નથી એમ કહ્યું છે. તેટલા માટે પર આત્માજ એક સર્વ ભૂતોનો અન્તરાત્મા જીવભાવે અવસ્થિત છે, એ કારણથી અનુજ્ઞા અને પરિહારની ઉપપત્તિ કહેવી જોઈએ ॥ ૪૭ ॥

તે કહીએ છીએ—

अनुज्ञापरिहारौ देहसंबन्धाज्ज्योतिरादिवत् ॥ ४८ ॥

અનુજ્ઞા અને પરિહાર દેહસંબન્ધથી (છે), જ્યોતિ આદિની પેઠે ॥ ૪૮ ॥

'ऋतौ भार्यामुपेयात्' (ઋતુને વિષે ભાર્યાનો સંગ કરવો) એ અનુજ્ઞા છે, 'गुर्वङ्गनां नोपगच्छेत्' (ગુરુની સ્ત્રી સાથે સંગ ન કરવો) એ પરિહાર છે. તેમ 'अग्नीषोमीयं पशुं संज्ञपयेत्' (અગ્નિ અને સોમને અર્પણ કરેલા પશુનો વધ કરવો) એ અનુજ્ઞા છે અને 'न हिंस्यात् सर्वा भूतानि' (સર્વ ભૂતોની હિંસા ન કરવી) એ પરિહાર છે. એમ [1]લોકમાં પણ 'मित्रमुपसेवितव्यम्' (મિત્રનું ઉપસેવન કરવું) એ અનુજ્ઞા છે અને 'शत्रुः परिहर्तव्यः' (શત્રુનો ત્યાગ કરવો) એ પરિહાર છે. એ પ્રકારનાં અનુજ્ઞા અને પરિહાર, આત્મા એક છે તોપણ તેના દેહસંબન્ધથી થાય. દેહોની સાથે સંબન્ધ તે દેહસંબન્ધ. પણ દેહસંબન્ધ તે શું? દેહાદિ આ [2]સંઘાત હુંજ છું એમ આત્માને વિષે વિપરીત જ્ઞાનની ઉત્પત્તિ થાય

(પૂર્વપક્ષી) કહે છે' ઇત્યાદિ. અવિદ્યા એ 'સ્વભાવ' છે. વળી આથી પણ અભેદજ પ્રતિપાદ્ય છે—'વળી નિરવયવ' ઇત્યાદિ'. નિરવયવ બ્રહ્મનો મુખ્ય અંશ સંભવતો નથી એમ સિદ્ધાન્તી કહે છે તેનું તાત્પર્ય ભેદ નથી એમ કહેવાનું છે; અને ભેદને અભાવે અંશાંશિત્વનો અભાવ છે તેથી અનુજ્ઞા આદિ ભેદવ્યવહાર અનુપપન્ન છે એમ આક્ષેપનો અભિપ્રાય છે. સિદ્ધાન્તી 'તે કહીએ છીએ' ઇત્યાદિથી નીચેના સૂત્ર વડે શંકાનું સમાધાન કરે છે કે અમે નરશૃઙ્ગ પેઠે ભેદનું અસત્ત્વ કહેતા નથી; પણ મિથ્યાત્વ કહીએ છીએ. તેટલા માટે દેહ આદિ ઉપાધિના ભેદથી અંશ જીવોનો બ્રહ્મજ્ઞાનપર્યન્ત કલ્પિત ભેદ છે તેથી ભેદવ્યવહાર ઉપપન્ન થાય છે ॥ ૪૭ ॥

જ્ઞાન સુકર થાય માટે વૈદિક અનુજ્ઞા અને પરિહારનાં ઉદાહરણ આપે છે—'ऋतौ' ઇત્યાદિ. લૌકિક અનુજ્ઞા અને પરિહાર દર્શાવે છે—'એમ લોકમાં પણ' ઇત્યાદિ. 'પણ દેહસંબન્ધ તે શું?'—કૂટસ્થનિત્ય, અપરિણામી આત્માને દેહ સાથે સંયોગ, સમવાય કે અન્ય કોઈ સંબન્ધ નથી, કેમકે તે સકલ ધર્મથી અતિક્રાન્ત છે એવો અભિસન્ધિ છે. ઉત્તર કહે છે—'દેહાદિ આ સંઘાત' ઇત્યાદિ. આત્માનો દેહાદિ સાથે પારમાર્થિક કંઈ સંબન્ધ નથી એ ખરી વાત છે, પણ 'હુંજ દેહાદિસંઘાત છું' એવી વિપરીત વૃત્તિ બુદ્ધિ આદિથી ઉત્પન્ન થાય છે. એમાં દેહાદિસંઘાતનો આત્મતાદાત્મ્યે ભાસ થાય છે એવો એ ઉપાધિજનિત

१ લોકવ્યવહારમાં. ૨ સમૂહ.

છે. 'હું જાડો છું', 'હું આતું છું', 'હું અન્ધ છું', 'હું અનંધ છું,—અન્ધ નથી', 'હું મૂઢ છું', 'હું અમૂઢ છું—મૂઢ નથી' એ પ્રકારની વિપરીત જ્ઞાનની ઉત્પત્તિ સર્વ પ્રાણીઓમાં દેખાય છે. ખરેખર, એનું નિવારક સમ્યગ્દર્શનથી અન્ય કંઈ નથી. પણ સમ્યગ્દર્શનની પૂર્વે એ ભ્રાન્તિ સર્વ જન્તુઓમાં સંતત છે. તેટલા માટે, એ રીતે અવિદ્યાનિમિત્ત દેહાદિ ઉપાધિના સંબન્ધે કરેલા વિશેષને લીધે એકાત્મતાના સ્વીકારમાં પણ અનુજ્ઞા અને પરિહાર સંભવે છે. ત્યારે સમ્યગ્દર્શીને અનુજ્ઞા અને પરિહારનું [1]આનર્થક્ય પ્રાપ્ત થાય છે. ના; કેમકે તે કૃતાર્થ હોવાથી [2]નિયોજ્ય થાય એ ઉપપન્ન નથી; કારણ કે [3]હેય અને [4]ઉપાદેયને વિષે નિયોજ્ય નિયોક્તવ્ય થાય, પણ આત્માથી અતિરિક્ત હેય કે ઉપાદેય વસ્તુ જે જોતા નથી તે શી રીતે નિયુક્ત થાય? ખરેખર, આત્મા આત્માને વિષેજ નિયોજ્ય થઈ શકે નહિ. આત્મા શરીરથી ભિન્ન છે એવા જ્ઞાનવાળોજ નિયોજ્ય થાય એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે આત્મા દેહાદિનો સંઘાત છે એવો અભિમાન છે. આત્મા દેહથી વ્યતિરિક્ત છે એવા જ્ઞાનવાળો નિયોજ્ય છે એ ખરૂં છે, તોપણ આકાશાદિની પેઠે દેહાદિથી આત્મા [5]અસંહત છે એમ જેને જ્ઞાન નથી તેનેજ નિયોજ્યત્વનો અભિમાન છે.

તાદાત્મ્યલક્ષણ સંબન્ધ છે, પારમાર્થિક નથી એવો અર્થ છે. પણ ભ્રાન્તિ કોઈક કારણથી નિવૃત્ત થયે વ્યવહારનો વિચ્છેદ થાય તેથી કહે છે—'ખરેખર, એનું નિવારક' ઇત્યાદિ. 'વિશેષ' = ભેદ. જેનો અભિસંધિ-આશય ગૂઢ છે તે શંકા કરે છે—'ત્યારે સમ્યગ્દર્શીને' ઇત્યાદિ. બ્રહ્મવેત્તા અનિયોજ્ય છે—નિયોગનો વિષય નથી તેથી શાસ્ત્રનું આનર્થક્ય ઇષ્ટ છે એમ ઉત્તર કહે છે—'ના; કેમકે' ઇત્યાદિ. જો અવિદ્યાએ દર્શાવેલો સ્થૂલસૂક્ષ્મદેહાદિસંઘાત, એકજ, અદ્વિતીય હું બ્રહ્મ છું એમ સમ્યગ્દર્શન અભિમત હોય તો ખરેખર, તે દર્શનવાન્ પ્રતિ વિધિ અને નિષેધ અનર્થકજ છે. એજ સ્પષ્ટ કરે છે—'કારણ કે હેય અને ઉપાદેયને વિષે' ઇત્યાદિ. શંકાકાર પોતાનો નિગૂઢ અભિસંધિ પ્રકટ કરે છે—'આત્મા શરીરથી ભિન્ન છે' ઇત્યાદિ. પણ જેનો હેતુ [6]આમુષ્મિક ફળ છે એવા કર્મને વિષે દેહભિન્ન આત્મા છે એવા વિવેક કરનારનોજ અધિકાર વાચ્ય છે, તેથી બ્રહ્મવેત્તા નિયોજ્ય છે, વિવેકી છે તેથી, કર્માધિકારીની પેઠે એવી શંકા છે. દેહાદિથી પોતે અતિરિક્ત છે એવા જ્ઞાનવાળાને પણ દેહાદિસંઘાતનો અભિમાની હોવાથી નિયોજ્યત્વ યુક્ત છે તેથી અનુજ્ઞા આદિ સાર્થક છે એમ કહે છે—'તે યુક્ત નથી; કેમકે' ઇત્યાદિ. એનો વિભાગ કરે છે—'આત્મા દેહથી' ઇત્યાદિ. સમ્યગ્દર્શીઓ બે પ્રકારના છે—દેહથી અતિરિક્ત આત્મા છે એવા જ્ઞાનવાળા કેટલાક છે, તેમનો કર્મને વિષે અધિકાર નિવારાતો નથી; બીજા તો અસંગ બ્રહ્મ આત્મા છે એવા જ્ઞાનવાળા છે: તે તો સમ્યગ્દર્શીઓનો કર્મને વિષે અધિકાર નથી એમ કહે છે. અંગીકાર કરેલો ભાગ દર્શાવે છે—'આત્મા દેહથી...એ ખરૂં છે'. ત્યારે દેહાદિયોગ નિવૃત્ત થયે અનુજ્ઞા આદિ અસિદ્ધ થાય તેને વિષે કહે છે—'તોપણ આકાશાદિની પેઠે' ઇત્યાદિ. જેમ આકાશ દેહથી ભિન્ન છે તેમ હું એવું જેને જ્ઞાન નથી તેને, અર્થાત્, ભ્રાન્તને, એવો અર્થ

૧ નિરર્થકતા. ૨ શાસ્ત્રનિયોગનો વિષય. શાસ્ત્રવિધિ કે નિષેધનો વિષય. ૩ ત્યાજ્ય. ૪ ગ્રાહ્ય. ૫ ભિન્ન. ૬ પારલૌકિક.

ખરેખર, દેહાદિથી આત્મા અસંહત છે એવા જ્ઞાનવાળા કોઈનો પણ નિયોગ જોવામાં આવતો નથી, તો પછી એકાત્મતાના જ્ઞાનવાળાને નિયોગ ન હોય તેમાં કહેવુંજ શું? વળી નિયોગના અભાવથી સમ્યગ્દર્શીને યથેષ્ટ ચેષ્ટાનો પ્રસંગ આવશે એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે સર્વત્ર અભિમાનજ પ્રવર્તક છે અને સમ્યગ્દર્શીને અભિમાનનો અભાવ છે. તેટલા માટે દેહસંબન્ધથીજ અનુજ્ઞા અને પરિહાર થાય છે, જ્યોતિ આદિની પેઠે. જેમ જ્યોતિ એક છે તોપણ [1]ક્રવ્યાદ્ અગ્નિનો પરિહાર થાય છે, અન્યનો થતો નથી, અને જેમ એક પણ આદિત્યનો પ્રકાશ અપવિત્ર દેશ સાથે જોડાયલો તજાય છે, અન્ય, પવિત્ર ભૂમિમાં રહેલો તજાતો નથી, તેમ વજ્ર, [2]વૈદૂર્ય આદિ ભૂમિના પ્રદેશોનું [3]ઉપાદાન થાય છે, અને નરકલેવર આદિ પ્રદેશો ભૂમિના છે તોપણ તેનો [4]પરિહાર થાય છે, તેમજ ગાયોનું મૂતર અને છાણ પવિત્ર હોવાથી તેનો પરિગ્રહ થાય છે અને અન્ય જાતિમાં તેજ મૂતર અને છાણ પરિવર્જવામાં આવે છે તેમ ॥ ૪૮ ॥

છે. બ્રહ્મવેત્તા નિયોજ્ય નથી, અભ્રાન્ત છે તેથી, સુષુપ્તની પેઠે એમ કહે છે—'**ખરેખર, દેહાદિથી આત્મા અસંહત છે**' ઇત્યાદિ. દેહાદિને વિષે આત્મા અસંહત છે એવા જ્ઞાનવાળાને, એટલે દેહાદિસહત આત્મા છે એવા જ્ઞાનથી રહિતને, અર્થાત્, ભેદભ્રાન્તિરહિતને, સુષુપ્તને. અજ્ઞનું પણ ભ્રાન્તિના અભાવને સમયે નિયોજ્યત્વ જોવામાં આવતું નથી તો આત્મવેત્તાને નિયોજ્યત્વ ન હોય તેમાં પૂછવુંજ શું? જે ઉપપત્તિથી આત્માનો છ કોશવાળા દેહથી વ્યતિરેક જાણે છે, પણ સમસ્ત બુદ્ધ્યાદિસઘાતથી વ્યતિરેક જાણતો નથી, તેને આમુષ્મિક ફળને વિષે અધિકાર છે; પણ સમસ્ત બુદ્ધ્યાદિસઘાતથી વ્યતિરેક જાણનાર, જે કર્મભોક્તા હું છું એવા અભિમાનથી રહિત છે તેને કર્મને વિષે અધિકાર નથી. તેથી યથેષ્ટ ચેષ્ટા પણ નથી; કેમકે અભિમાનરહિતને ચેષ્ટાનો પણ અભાવ છે. અનિયોજ્યત્વ વિષે બાધકની શંકા કરી તેનો પરિહાર કરે છે—'**વળી નિયોગના અભાવથી**' ઇત્યાદિ. જેનું ચિત્ત વિષયોને વિષે અભિનિવિષ્ટ છે તેને જ્ઞાનનો ઉદય થતો નથી તેથી અવશ્ય સાધક અવસ્થામાંજ અભિનિવેશનો ત્યાગ થવો જોઈએ. પણ તેને સમ્યગ્જ્ઞાનનો ઉદય થયે પણ પૂર્વ વાસનાથી વિષયના અભિનિવેશનો અભાવ છે તેથી તેની પ્રવૃત્તિ નિયત છે, યથેષ્ટ ચેષ્ટા નથી એવો અર્થ છે. જ્ઞાનને માટે અભ્યસ્ત કરેલા વિષયવૈરાગ્યની જ્ઞાનની પછી અનુવૃત્તિ થવાથી વિષયોને વિષે પ્રવર્તક રાગ નિવૃત્ત થવાથી અતિપ્રસંગ થતો નથી એવો અર્થ છે; કેમકે ભગવાને કહ્યું છે કે '**रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते**'—રસ પણ દૂરથી એને જોઈને નિવૃત્ત થાય છે. એ રીતે અનુજ્ઞા આદિ પ્રસંગે વિદ્વાન્ અનિયોજ્ય છે એમ કહી પ્રકૃતનો ઉપસંહાર કરે છે—'**તેટલા માટે દેહસંબન્ધથીજ**' ઇત્યાદિ. એકને પણ ઉપાધિના ભેદથી અનુજ્ઞા અને પરિહાર થાય છે તેને વિષે દૃષ્ટાન્ત કહે છે—'**જ્યોતિ આદિની પેઠે**'. '**ક્રવ્યાદ્**'—ક્રવ્ય એટલે માંસને જે ખાય તે, શ્મશાન આદિનો સંબન્ધી વહ્નિ, શ્મશાનવહ્નિ ॥ ૪૮ ॥

---

૧ માંસ ખાનાર, અપવિત્ર, શ્મશાનનો. ૨ મણિવિશેષ. ૩ ગ્રહણ. ૪ ત્યાગ.

असन्ततेश्चाव्यतिकरः ॥ ४९ ॥

અને [1]અસન્તતિથી (કર્મ અને ફળનો) [2]વ્યતિકર નથી ॥ ૪૯ ॥

એક પણ આત્માને [3]દેહવિશેષના યોગથી અનુજ્ઞા અને પરિહાર થાય; પણ જે આ કર્મફળનો સંબન્ધ છે તે એકાત્માના સ્વીકારમાં [4]વ્યતિકીર્ણ થાય. કેમકે સ્વામી એક છે, એમ કહેશો તો તે એમ નથી; અસંતતિથી; કારણ કે કર્તા અને ભોક્તા આત્માનો સર્વ શરીરો સાથે [5]સંતત સમ્બન્ધ નથી. ખરેખર, જીવ ઉપાધિને અધીન છે એમ કહ્યું છે, અને ઉપાધિ અસન્તત છે તેથી જીવ પણ સંતત નથી; તેથી કર્મનો કે ફળનો વ્યતિકર થશે નહિ ॥ ૪૯ ॥

आभास एव च ॥ ५० ॥

અને (જીવ પરમાત્માનો) આભાસજ છે ॥ ૫૦ ॥

વળી એ જીવને પર આત્માનો આભાસજ સમજવો યુક્ત છે, જલમાં પડેલા સૂર્યબિમ્બ આદિની પેઠે. સાક્ષાત્ તેજ–પર આત્માજ–નથી, તેમજ અન્ય વસ્તુ પણ

શંકાના ઉત્તર નહિ સૂત્રનું વ્યાખ્યાન કરે છે—'એક પણ આત્માને' ઇત્યાદિ. એક સ્થૂલ દેહના સમ્બન્ધથી ઉપાદાન અને પરિત્યાગ થાય તોપણ એક કરેલા કર્મનું ફળ અન્ય પણ ભોગવે એમ કર્મફળનો વ્યતિકર થાય, કર્મફળ [illegible] થાય. કારણ કે દેહવિશિષ્ટ આત્માને સ્વર્ગાદિનો ભોગ યુક્ત નથી અને દેહાદિથી અવિશિષ્ટ, એકજ આત્મ [illegible] છે. તેટલા માટે સ્વર્ગી અને નરકી એવી વ્યવસ્થા સિદ્ધ થવા સારૂ આત્મસ્વરૂપ ભિન્ન ભિન્ન છે એમ કહેવું જોઈએ એવો શંકાનો અર્થ છે. શંકાનો પરિહાર આ પ્રમાણે છે—જો ઉપાધિરહિત આત્મા ભોક્તા હોય તો કર્મફળનો વ્યતિકર થાય. પણ તેમ નથી. કારણ કે 'तद्गुणसारत्वात्' (બ્રહ્મસૂ૦ ૨।૩।૨૯.) એમાં ભોગ પણ બુદ્ધિરૂપ ઉપાધિનાજ કારણે થાય છે એમ સ્થાપન કર્યું છે. તે કારણથી બુદ્ધિનો પર દેહ સાથે સમ્બન્ધ ન હોવાથી, તેથી ઉપહિત થયેલ–બુદ્ધિરૂપ ઉપાધિવાળા—જીવનો પર દેહ સાથે સમ્બન્ધ નથી એમ બુદ્ધિના ભેદથી જીવના ભેદ હોવાથી કર્મ ફળનો વ્યતિકર નથી ॥ ૪૯ ॥

'अंशो नानाव्यपदेशात्' (બ્રહ્મસૂ૦ ૨।૩।૪૩) ઇત્યાદિ સૂત્રમાં [illegible] એમ [illegible] જીવ [illegible] એમ જીવનું [illegible] 'ઉપાધ્યવચ્છેદબુદ્ધિથી [illegible]' છે. [illegible] 'यथा ह्ययं ज्योतिरात्मा वि-

---

૧ [illegible]

૨ [illegible]

નથી. એટલા માટે જેમ એક [1]જલસૂર્યક કમ્પે એટલે અન્ય જલસૂર્યક કંપતું નથી, એમ એક જીવ કર્મફળનો સંબન્ધી થાય એટલે અન્ય જીવનો તેની (કર્મફળની) સાથે સંબન્ધ નથી. એમ પણ કર્મ અને ફળનો અવ્યતિકરજ છે; અને આભાસ અવિદ્યાથી થયલો હોવાથી તેને આશ્રયે રહેલો સંસાર અવિદ્યાથી થયલો ઉપપન્ન થાય છે અને તેથી તેના નાશથી પારમાર્થિક બ્રહ્માત્મભાવનો ઉપદેશ ઉપપન્ન થાય છે. પણ જેમના મનમાં આત્મા બહુ છે અને તે સર્વે સર્વગત છે તેમનેજ એ વ્યતિકર પ્રાપ્ત થાય છે. શી રીતે? આત્માઓ બહુ અને [2]વિભુ છે, ચૈતન્યમાત્રસ્વરૂપ છે, નિર્ગુણ અને નિરતિશય છે અને તેમને માટે પ્રધાન સાધારણ છે અને તેને લીધે તેમના ભોગ અને [3]અપવર્ગ સિદ્ધ છે એમ સાંખ્યો માને છે. આત્માઓ બહુ અને વિભુ હોઈ, ઘટ, [4]કુડ્ય આદિના જેવા, દ્રવ્યમાત્રસ્વરૂપ, પોતે અચેતન છે, અને તેનાં ઉપકરણો મન અણુ અને અચેતન છે; તેમાં આત્મદ્રવ્યો અને મનોદ્રવ્યોના સંયોગથી ઇચ્છા આદિ નવ, વૈશેષિક આત્મગુણો ઉત્પન્ન થાય છે, અને તેઓ વ્યતિકર

ભૂવ' (રૂપ, રૂપ પ્રતિ પ્રતિરૂપ થયો) ઇત્યાદિ શ્રુતિસિદ્ધ પ્રતિબિમ્બપક્ષનો ઉપન્યાસ કરે છે—'**आभास एव च**' એમ. પરમાત્માજ [5]અનુપહિત જીવ નથી; કેમકે ઉપાધિનો અનુભવ છે; તેમજ તેથી ભિન્ન પણ નથી; કેમકે '**स एव इह प्रविष्टः**' (તે એ અહિં પ્રવિષ્ટ થયો) ઇત્યાદિ અભેદશ્રુતિ અને સ્મૃતિ સાથે વિરોધ થાય. તેટલા માટે અવિદ્યા અને તેનાં કાર્ય બુદ્ધિ આદિનો પ્રતિબિમ્બજ જીવ છે. એ પક્ષમાં બુદ્ધિપ્રતિબિમ્બના ભેદથી સ્વર્ગી, નરકી, ઇત્યાદિ વ્યવસ્થા સુસ્થ છે, ઉપપન્ન થાય છે એમ કહે છે—'**એટલા માટે જેમ**' ઇત્યાદિ. વળી એ પક્ષમાં બન્ધ અજ્ઞાનથી છે અને જ્ઞાનથી મુક્તિ છે એ પણ સિદ્ધ થાય છે એમ કહે છે—'**આભાસ અવિદ્યાથી થયલો હોવાથી**', ઇત્યાદિ. એ પ્રમાણે સ્વમતમાં, આત્માના સ્વરૂપનું ઐક્ય છે તોપણ ઉપહિત જીવના ભેદથી અસાંકર્ય કહ્યું, હવે સૂત્રમાં ચકાર છે તેથી સુચવાયલું પરમતમાં સાંકર્ય કહેવાનો ઉપક્રમ કરે છે—'**પણ જેમના મતમાં**' ઇત્યાદિ. ચૈતન્યસ્વરૂપે એકજ છે, જીવસ્વરૂપે અને ઈશ્વરસ્વરૂપે ઔપાધિક ભેદ છે અને તેને અવલંબીને ધર્મવ્યવસ્થા થાય છે. પણ આવો કલેશ શા માટે કરવો જોઈએ. વસ્તુગતિથીજ જીવનું નાનાત્વ અને ઈશ્વરનો ભેદ શા માટે ન સ્વીકારવો? આ શંકા યુક્ત નથી; કારણ કે એમ જે સ્વીકારે છે તેમને પણ ધર્મવ્યવસ્થા કલેશજ છે એમ દર્શાવે છે. જીવ અણુ છે એમ સ્વીકારનાર ભેદવાદીઓના મતમાં સર્વાઙ્ગીણ સુખાદિની અનુપપત્તિ કહી છેજ. સાંખ્ય અને કાણાદો જીવનું વિભુત્વ સ્વીકારીનેજ જીવભેદ પારમાર્થિક છે એમ વર્ણવે છે. તેમના મતમાં હવે દોષ કહે છે. સાંખ્યમતમાં આત્માનો ભોગ અને અપવર્ગ શી રીતે છે તેને માટે કહે છે—'**અને તેમને માટે પ્રધાન સાધારણ છે**' ઇત્યાદિ. વૈશેષિક પ્રક્રિયા કહે છે—'**આત્માઓ બહુ અને વિભુ હોઈ**' ઇત્યાદિ. '**ઘટ, કુડ્ય આદિના જેવા**' એમ જે ઘટાદિસામ્ય કહ્યું છે તેજ સ્પષ્ટ કરે છે—'**દ્રવ્યમાત્રસ્વરૂપ**'. '**માત્ર**'થી વિવક્ષિત અર્થ દર્શાવે છે—'**પોતે અચેતન છે**', ત્યારે તેમને વિષે ભોગ અને અપવર્ગ શી રીતે છે તેને વિષે કહે છે—'**તેનાં ઉપકરણો**' ઇત્યાદિ. તોપણ બન્ધ અને મોક્ષ શી રીતે એમ આશંકા કરી બન્ધનું સ્વરૂપ કહે છે—'**તેમાં આત્મદ્રવ્યો**' ઇત્યાદિ. '**નવ વૈશેષિક આત્મગુણો**'—બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને

---

૧ સૂર્યનું જળમાં પડેલું પ્રતિબિંબ. ૨ વ્યાપક. ૩ મોક્ષ. ૪ દિવાલ. ૫ ઉપાધિરહિત.

વગર, પ્રત્યેક, આત્માઓ વિષે સમવાયસંબન્ધે રહે છે, તે સંસાર છે; અને તે નવ આત્મગુણોની અત્યન્ત અનુત્પત્તિ તે મોક્ષ એમ કણાદાનુયાયીઓ માને છે. તેમાં પ્રથમ સાંખ્યોના મતમાં સર્વ આત્માઓ ચૈતન્યસ્વરૂપ હોવાથી અને સંનિધાન આદિના [1]અવિશેષથી એકનો સુખદુઃખ સાથે સંબન્ધ થયે સર્વેનો સુખદુઃખ સાથે સંબન્ધ પ્રાપ્ત થાય છે. પણ (સાંખ્ય શંકા કરે કે) પ્રધાનની પ્રવૃત્તિ પુરુષના [2]કૈવલ્ય માટે હોવાથી વ્યવસ્થા થશે; કેમકે નહિ તો પ્રધાનની પ્રવૃત્તિ પોતાની વિભૂતિ દર્શાવવા માટે થાય; અને તેથી અનિર્મોક્ષ પ્રસક્ત થાય. એ યુક્ત નથી; કેમકે અભિલષિ-

ભાવના એ નવ આત્માના વિશેષ ગુણો છે. મુક્તિસ્વરૂપ કહેછે —'તે નવ આત્મગુણોની' ઇત્યાદિ. સ્વાપ આદિની વ્યાવૃત્તિને માટે 'અત્યન્ત' પદ કહ્યું છે. એ પક્ષનો અનુવાદ કરી સાંખ્યપક્ષમાં વ્યવસ્થાની અનુપપત્તિ કહે છે—'તેમાં પ્રથમ સાંખ્યોના મતમાં' ઇત્યાદિ. સાંખ્યના મતમાં સુખદુઃખાત્મક પ્રધાનપરિણામ સર્વ જીવને સાધારણ થાય; કેમકે વિભુ જીવો સુખદુઃખપરિણામપ્રદેશમાં સરખીજ રીતે સંનિહિત છે. તેમના સંનિધાનમાં કંઈ વિશેષ નથી. 'સંનિધાન આદિના અવિશેષથી' એમાં 'આદિ' પદથી ઔદાસીન્યનું ગ્રહણ કરવું. વિભુ જીવો સુખદુઃખપરિણામપ્રદેશમાં સરખીજ રીતે ઉદાસીન છે. અહિં સાંખ્ય શંકા કરે છે—'પણ પ્રધાનની પ્રવૃત્તિ' ઇત્યાદિ. પ્રધાનની પ્રવૃત્તિ પુરુષને અર્થે છે, એ પુરુષાર્થ ભોગરૂપ અને મોક્ષરૂપ છે; તો જે જીવપ્રતિ ભોગ અસમાપ્ત છે તે પ્રતિ સુખાદિસ્વરૂપે પરિણામ પામશે, પણ જે જીવનો ભોગ સમાપ્ત છે તે પ્રતિ તેવી રીતે પરિણામ નહિ પામે; એ પ્રમાણે સર્વ જીવ સરખી રીતે સંનિહિત છે તોપણ પ્રવૃત્તિની વિચિત્રતાથી વ્યવસ્થા થશે એવી શંકા છે. શંકાનો આશય આ પ્રમાણે છે—પ્રધાન કંઈ પોતાની વિભૂતિ દર્શાવવા પ્રવૃત્ત થતું નથી; પરન્તુ પુરુષને અર્થે પ્રવૃત્ત થાય છે; અને જે પુરુષ પ્રતિ એવો ભોગરૂપ અને અપવર્ગરૂપ પુરુષાર્થ સાધ્યા છે તે પ્રતિ, અધિકાર સમાપ્ત થવાથી નિવૃત્ત થાય છે, અને અન્ય પુરુષ પ્રતિ, અધિકાર અસમાપ્ત હોવાથી પ્રવૃત્ત થાય છે. આ પ્રમાણે મુક્ત અને સંસારીની વ્યવસ્થા ઉપપન્ન થયે સુખ અને દુઃખની પણ વ્યવસ્થા થશે. પ્રકૃતિનું–પ્રધાનનું સાંનિધ્ય આદિ સર્વ પુરુષોને સમાન છે તોપણ પ્રકૃતિજ પ્રતિપુરુષ માટે નિયમે ભોગને અર્થે પ્રવર્તે છે, તે ઉદ્દેશ્ય પુરુષાર્થને નિયત પ્રધાનની પ્રવૃત્તિ છે એટલે ભોગાદિ વ્યવસ્થા થાય છે, નહિ તો નિયત પ્રવૃત્તિ સ્વીકારીએ નહિ તો પ્રધાનની પ્રવૃત્તિ માત્ર પોતાનું માહાત્મ્ય દર્શાવવા માટે થાય એટલે ઉદ્દેશ્યનો વિઘાત થાય એવો અર્થ છે. શંકાનું નિરાકરણ કરે છે—'એ યુક્ત નથી' ઇત્યાદિ. સર્વ પુરુષો વિભુ છે અને પ્રધાન સાધારણ છે તેથી આ પુરુષ પ્રતિ એણે (પ્રધાને) અર્થ સાધ્યો એવું છેજ નહિ; તેટલા માટે પ્રયોજનને વશ, હેતુ વિના વ્યવસ્થા હોવી પડે છે તે અયુક્ત છે; કેમકે હેતુનો અભાવ છે. પ્રધાનાદિનું પ્રવૃત્તિવૈચિત્ર્ય સુખદુઃખાદિરૂપજ છે, બીજું કંઈ ઉપપન્ન થતું નથી; અને તે સુખદુઃખાદિરૂપ સર્વ આત્માને સંનિહિત છે એટલે સ્વપ્રકાશ આત્માઓમાં કોઈકને ભાસે છે અને કોઈકને ભાસતું નથી એમ નિર્મૂલ વ્યવસ્થા હોવી શક્ય નથી. પ્રધાનની પ્રવૃત્તિ મોક્ષને અર્થે છે તોપણ સર્વ આત્માઓને એકમેજ મોક્ષ કેમ ન થાય: કેમકે કોઈકનો મોક્ષ અને કોઈકનો બન્ધ એમ વ્યવસ્થામાં પ્રમાણ નથી એવું શંકાનું નિરાકરણ છે. તાર્કિકના મતમાં ભોગાદિનું સાંકર્ય

૧ અભેદ, સમાનતા, સરખાપણું, બધા આત્માને પ્રધાનનું સંનિધાન છે, કોઈને વિશેષ નથી.
૨ મોક્ષ.

તની સિદ્ધિને આધારે વ્યવસ્થા જાળવી શકાય નથી; પણ કોઈક ઉપપત્તિથી વ્યવસ્થા કરી શકાય. પરંતુ ઉપપત્તિ ન હોવાથી અભિલષિત સુસ્થકૈવલ્ય ન થાય, ઉલટું વ્યવસ્થાનો હેતુ ન હોવાથી વ્યતિકર પ્રાપ્ત થાય છે. કાણાદોના મતમાં પણ જ્યારે એક આત્મા સાથે મનનો સંયોગ થાય છે, ત્યારે અન્ય આત્માઓ સાથે પણ [1]નાન્તરીયક સંયોગ થાય, સંનિધાન આદિનો અવિશેષ છે તેથી. તેટલા માટે હેતુમાં વિશેષ ન હોવાથી ફળમાં વિશેષ ન થાય, એટલે એક આત્માનો સુખદુઃખ સાથે સંયોગ થયે સર્વ આત્માઓનું સરખું સુખદુઃખિત્વ પ્રસક્ત થાય ॥ ૫૦ ॥

પણ અદૃષ્ટને નિમિત્તે નિયમ થશે એવી શંકા છે. કહે છે કે ના, એ શંકા યુક્ત નથી—

अदृष्टानियमात् ॥ ५१ ॥

[2]અદૃષ્ટના અનિયમથી ॥ ૫૧ ॥

બહુ આત્માઓ આકાશની પેઠે સર્વગત છે, અને દરેક શરીરમાં, બાહ્ય અને અભ્યન્તરમાં, સમાન રીતે સંનિહિત છે તે સ્થિતિમાં મન, વાણી અને શરીર ધર્મલક્ષણ અને અધર્મલક્ષણ અદૃષ્ટનું ઉપાર્જન કરે છે. હવે સાંખ્યોના મતમાં તે અદૃષ્ટ આત્મામાં સમવેત નથી, પણ પ્રધાનમાં રહે છે અને પ્રધાન સાધારણ હોવાથી દરેક આત્મામાં તે (અદૃષ્ટ) સુખદુઃખના ઉપભોગનું નિયામક થાય એ ઉપપન્ન

કહે છે—'કાણાદોના મતમાં' પણ ઇત્યાદિ. 'સંનિધાન આદિનો અવિશેષ છે' એમાં 'આદિ' પદથી કર્મનું ગ્રહણ કરવાનું છે. 'હેતુમાં વિશેષ ન હોવાથી'—'હેતુ'=મનઃસંયોગ. 'ફળમાં વિશેષ ન થાય'—'ફળ'=સુખાદિ. કાણાદોના મતમાં આત્મમનઃસંયોગ સુખાદિને વિષે અસમવાયિકારણ છે; અને આત્માઓ વિભુ હોવાથી સર્વ આત્માઓનો પ્રત્યેક મન સાથે સંયોગ અવર્જનીય છે, તેથી તજ્જનિત સુખાદિક સર્વ આત્મામાં સમવેત થાય એટલે વ્યવસ્થા ન થાય એવો અર્થ છે ॥ ૫૦ ॥

ભલે મનઃસંયોગ સર્વ આત્મને સાધારણ છે તોપણ જે આત્માના અદૃષ્ટથી જે મનઃસંયોગ ઉત્પન્ન થયો હોય તે મનઃસંયોગ તેજ આત્માને સુખજનક થાય, અન્યને નહિ એવી શંકા છે. તેના પરિહારને માટે ઉત્તર સૂત્રની અવતરણિકા આપે છે—'પણ અદૃષ્ટને નિમિત્તે' ઇત્યાદિ. સૂત્રથી પરિહાર કહે છે—'એ શંકા યુક્ત નથી' ઇત્યાદિ. અનિયમ સમજવા માટે બંને પક્ષમાં સાધારણ અદૃષ્ટનો જન્મપ્રકાર કહે છે—'બહુ આત્માઓ' ઇત્યાદિ. એમ અદૃષ્ટ ઉત્પન્ન થાય છે તોપણ નિયમિત વ્યવસ્થા કેમ ન થાય એવી આશંકા કરી સાંખ્યો પ્રત્યે કહે છે—'હવે સાંખ્યોના મતમાં' ઇત્યાદિ. અન્ય પક્ષમાં પણ અદૃષ્ટનો અનિયમ

---

૧ અવિનાભાવી, નિયત. ૨ અદૃષ્ટ નિયત નહિ હોવાથી.

થતું નથી. કાણાદોના મનમાં પણ પૂર્વની પેઠે આત્મમનઃસંયોગ, જે સાધારણ છે, તેણે ઉપજાવેલું અદૃષ્ટ છે તેથી આજ આત્માનું આ અદૃષ્ટ છે એવા નિયમમાં હેતુનો અભાવ છે તેથી એજ દોષ છે ॥ ૫૧ ॥

પણ 'મેં આ ફળ પ્રાપ્ત કર્યું', 'આ મારે તજવું', 'આ રીતે મારે પ્રયત્ન કરવો,' 'આ રીતે મારે કરવું' એ પ્રકારની અભિસંધિ વગેરે દરેક આત્મામાં પ્રવર્તમાન છે તે, અદૃષ્ટ અને આત્માઓનો સ્વસ્વામિભાવ નિયમિત કરશે એવી શંકા છે, કહે છે કે એ શંકા યુક્ત નથી—

अभिसंध्यादिष्वपि चैवम् ॥ ५२ ॥

[1]અભિસંધિ આદિને વિષે પણ એજ રીતે છે ॥ ૫૨ ॥

અભિસંધિ આદિને પણ સાધારણ આત્મમનઃસંયોગજ સર્વ આત્માની સંનિધિમાં કરે છે તેથી તેઓ પણ નિયમનો હેતુ થાય એ અનુપપન્ન હોવાથી ઉક્ત દોષનોજ અનુષક્ત છે ॥ ૫૨ ॥

प्रदेशादिति चेन्नान्तर्भावात् ॥ ५३ ॥

પ્રદેશથી (વ્યવસ્થા થશે) એમ (કહેશો) તો તે (યુક્ત) નથી, કેમકે (સર્વ આત્માઓનો સર્વ શરીરોને વિષે) અન્તર્ભાવ છે ॥ ૫૩ ॥

જો એમ કહેવાય (શંકા કરાય) કે આત્મા વિભુ છે તોપણ શરીરમાં રહેલા મન સાથે તેનો સંયોગ [2]શરીરાવચ્છિન્ન આત્મપ્રદેશમાંજ થશે તેથી પ્રદેશે કરેલી

સમજાવે છે—'કાણાદોના મનમાં પણ' ઇત્યાદિ. 'પૂર્વની પેઠે' = મનઃસંયોગની પેઠે અદૃષ્ટ પણ સર્વ આત્માને સાધારણ છે તેથી વ્યવસ્થા નથી એવો અર્થ છે. 'એજ દોષ છે'— અદૃષ્ટ નિયામક થતું નથી. અદૃષ્ટ એ કૃતિ આદિથી જન્ય છે, અને તેને ઉત્પન્ન કરનાર આત્મમનઃસંયોગ સર્વ આત્માને સાધારણ છે તેથી એક આત્મા પુણ્ય કે પાપ કરે એટલે સર્વે આત્માએ પુણ્ય કે પાપ કર્યું એમ થાય; આ પ્રમાણે અદૃષ્ટ પણ નિયામક થતું નથી ॥૫૧॥

'અભિસંધિ' = કર્મોપયોગિજ્ઞાનચિકીર્ષા. અભિસંધિ આદિને વિષે અદૃષ્ટન્યાયનો અતિદેશ કરવા માટે આ સૂત્ર છે. 'ઉક્ત દોષ' = અનિયમ ॥ ૫૨ ॥

શું મનની સાથે સંયુક્ત થયલો આત્માજ આત્માનો પ્રદેશ છે કે કલ્પિત છે? આદ્ય પક્ષમાં સર્વ આત્માનો સર્વ દેહને વિષે અન્તર્ભાવ છે એમ વ્યવસ્થા છે. દ્વિતીય પક્ષને દૂષિત

---

૧ વિચાર, ઇરાદો. ૨ શરીરથી વિભક્ત થએલા.

વ્યવસ્થા અભિસંધિ આદિની, અદૃષ્ટની અને સુખદુઃખની થશે તો તે પણ ઉપપન્ન થતું નથી. શાથી? અન્તર્ભાવથી; કારણ કે વિભુત્વ સમાન હોવાથી સર્વે આત્માઓ સર્વ શરીરોમાં અન્તર્ભૂત થશે. તેમાં વૈશેષિકોએ શરીરાવચ્છિન્ન પણ આત્માનો પ્રદેશ કલ્પવો શક્ય નથી. કલ્પાતો પણ, પ્રદેશરહિત આત્માનો એ પ્રદેશ કાલ્પનિક હોવાથીજ પારમાર્થિક કાર્ય નિયમિત કરવાને શક્તિમાન્ નથી. શરીર પણ સર્વ આત્માઓની સંનિધિમાં ઉત્પન્ન થતું આજ આત્માનું છે, અન્ય આત્માઓનું નથી એમ નિયમિત કરવું શક્ય નથી. પ્રદેશવિશેષ સ્વીકારવાથી પણ સમાન સુખદુઃખ ભોગવનાર બે આત્માઓનો ઉપભોગ કદાચિત્ એકજ શરીરથી સિદ્ધ થાય; કેમકે બે આત્માનું અદૃષ્ટ એકજ પ્રદેશમાં થાય એવો સંભવ છે. જેમકે જે પ્રદેશમાં દેવદત્તે સુખદુઃખનો અનુભવ કર્યો તે પ્રદેશમાંથી તેનું શરીર દૂર જાય અને યજ્ઞદત્તનું શરીર તે પ્રદેશમાં પ્રાપ્ત થાય તો તેને પણ બીજાના (દેવદત્તના) સરખોજ સુખદુઃખનો અનુભવ જોવામાં આવે છે; તે અનુભવ જો દેવદત્ત અને યજ્ઞદત્તનું અદૃષ્ટ સમાનપ્રદેશ ન હોય તો ન થાય. વળી પ્રદેશવાદીને સ્વર્ગાદિના અ-

કરે છે—'તેમાં વૈશેષિકોએ' ઇત્યાદિ. સર્વ આત્માનું સાંનિધ્ય છે તોપણ કોઈકનોજ પ્રદેશ કલ્પવો એ અશક્ય છે; કેમકે કોનો કલ્પવો તેને માટે નિયામકનો અભાવ છે એવો અર્થ છે. પ્રદેશકલ્પના સ્વીકારીને કહે છે—'કલ્પાતો પણ' ઇત્યાદિ. 'પારમાર્થિક કાર્ય'= 'કાર્ય'=અભિસંધિ આદિ. જે આત્માનું જે શરીર છે તેને વિષે તેનોજ ભોગ છે એવી વ્યવસ્થાની આશંકા કરીને કહે છે—'શરીર પણ' ઇત્યાદિ. પ્રદેશપક્ષે અન્ય દોષ કહે છે—'પ્રદેશવિશેષ સ્વીકારવાથી' ઇત્યાદિ. જે આત્મપ્રદેશમાં અદૃષ્ટ ઉત્પન્ન થાય છે તે ચલ છે કે સ્થિર છે? આદ્ય પક્ષ યુક્ત નથી; કેમકે અચલ [1]અંશીને વિષે અંશના ચલન અને વિભાગનો અસંભવ છે અને આત્મા અણુ છે એવા વાદનો પ્રસંગ આવે. દ્વિતીય પક્ષમાં તેજ પ્રદેશમાં અન્યનો પણ ભોગ જોવામાં આવે છે તેથી અદૃષ્ટ છે એટલે એક શરીરે બે આત્માનો ભોગ પ્રસક્ત થાય. જો આત્માના ભેદથી પ્રદેશનો ભેદ હોય તોપણ તે બેનો એક દેહમાં અન્તર્ભાવ છે તેથી ભોગનું સાંકર્ય તેવુંજ છે અને આત્મા સાવયવ છે એવા વાદનો પ્રસંગ આવે. વળી જે જે આત્મપ્રદેશમાં શરીરાદિસંયોગથી અદૃષ્ટ ઉત્પન્ન થાય છે તે તેજ અચલ પ્રદેશમાં રહ્યું છે તેથી સ્વર્ગાદિશરીરાવચ્છિન્ન આત્માને વિષે અદૃષ્ટ ન હોવાથી ભોગ ન થાય; એટલા માટે પ્રદેશનો ભેદ વ્યવસ્થાપક નથી. વળી અહિં ઉત્પન્ન થયલું અદૃષ્ટ સ્વાશ્રયને વિષે ગમે ત્યાં ભોગનો હેતુ છે માટે સ્વર્ગાદિભોગ સિદ્ધ થાય છે એમ કહેવું યુક્ત નથી; કેમકે ભોગશરીરથી અદૃષ્ટ દૂર રહે તેને માટે પ્રમાણ નથી. કેટલાક જે એમ કહે છે કે મન એક છે તોપણ આત્માનો ભેદ થવાથી સંયોગવ્યક્તિઓનો ભેદ થાય છે તેથી કોઈક સંયોગવ્યક્તિથી કોઈકજ આત્માને વિષે અદૃષ્ટ આદિ થાય છે એટલે સાંકર્ય નથી (એમ જે કહે છે) તે યુક્ત નથી; કેમકે સંયોગવ્યક્તિઓ સજાતીય હોવાથી સર્વેજ વ્યક્તિઓ એક દેહની અંદર સર્વ આત્માને વિષે અદૃષ્ટનો હેતુ થાય એવો પ્રસંગ આવે, તેથી સર્વ આત્માને એકજ દેહમાં ભોક્તૃત્વ દુર્વાર થાય. અહુ આત્માનું વિભુત્વ સ્વીકારી સાંકર્ય કહ્યું. હવે કહે છે કે કર્તાઓનું વિભુત્વ

૧ જેને અંશ છે તે અંશી. આત્માને પ્રદેશ હોવાથી તે અંશી છે.

નુપભોગનો પ્રસંગ આવે; કેમકે બ્રાહ્મણાદિ શરીરપ્રદેશોમાં અદૃષ્ટ નિષ્પન્ન થાય છે અને સ્વર્ગાદિનો ઉપભોગ અન્ય પ્રદેશમાં છે. વળી બહુ આત્માઓ સર્વગત છે એ અનુપપન્ન છે; કેમકે દૃષ્ટાન્તનો અભાવ છે. તું કહે, બહુ હોય અને સમાનપ્રદેશ હોય એવા કયા પદાર્થો છે? રૂપાદિઓ છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે તેઓ પણ ધર્મીના અંશ તરીકે અભિન્ન છે અને તેમનાં લક્ષણમાં ભેદ છે. પણ બહુ આત્માઓના લક્ષણમાં ભેદ નથી. અન્ત્ય વિશેષને લીધે ભેદ ઉપપન્ન થશે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે ભેદની કલ્પના અને અન્ત્ય વિશેષની કલ્પના વચ્ચે અન્યોન્યાશ્રય છે. આકાશાદિનું પણ વિભુત્વ બ્રહ્મવાદીને અસિદ્ધ છે;

અસિદ્ધ છે; કેમકે હું અહિંજ છું એમ અલ્પત્વનો અનુભવ થાય છે, અને વિભુત્વને વિષે પ્રમાણનો અભાવ છે—'વળી બહુ આત્માઓ સર્વગત છે' ઇત્યાદિ. વળી બહુ આત્માઓ વિભુ હોય તો તેઓ સમાન દેશમાં છે એમ કહેવું જોઈએ, પણ તે અયુક્ત છે; કેમકે જોવામાં આવતું નથી એમ કહે છે—'તું કહે' ઇત્યાદિ. પણ રૂપ, રસ આદિ એક ઘટમાં રહેલાં જોવામાં આવ્યાં છે એમ કહેશો તો એ દૃષ્ટાન્ત અમને સંમત નથી; કેમકે રૂપ એ તેજમાત્ર છે, રસ જલમાત્ર છે અને ગન્ધ પૃથિવીમાત્ર છે, એમ તે તે ગુણ પોતપોતાના ધર્મીના અંશ તરીકે ધર્મીથી અભિન્ન છે તેથી તેજ આદિ ધર્મીથી ભિન્ન ઘટનો અભાવ છે. વળી આત્મા બહુ છે એ પણ અસિદ્ધ છે; કેમકે આત્મત્વસ્વરૂપ લક્ષણ સરખું છે, તે લક્ષણમાં ભેદ નથી; તેથી દેવદત્તનો આત્મા યજ્ઞદત્તના આત્માથી ભિન્ન નથી, આત્મા છે તેથી, યજ્ઞદત્તના આત્માની પેઠે. અહિં વૈશેષિક શંકા કરે છે—'અન્ત્ય વિશેષની કલ્પના' ઇત્યાદિ. નિત્ય દ્રવ્યમાત્રમાં જેની [1]વૃત્તિ છે તે વિશેષ છે, અને તે વિશેષ પોતે પોતાના આશ્રયના [2]વ્યાવર્તક છે તેથી તેમના પોતાના વ્યાવર્તકની તેમને અપેક્ષા નથી. આ કારણથી તેઓ અન્ત્ય કહેવાય છે. તેથી વિશેષરૂપ લક્ષણભેદથી આત્માનો ભેદ છે એવો અર્થ છે. હવે આત્માનો અનાત્માથી ભેદ જાણવા માટે વિશેષની કલ્પના યુક્ત નથી; કેમકે તેઓ આત્મા છે તેથીજ આત્મત્વરૂપે અનાત્માથી તેઓ ભિન્ન છે એમ સિદ્ધ થાય છે. તેમજ આત્માઓનો પરસ્પર ભેદ જાણવા માટે વિશેષની કલ્પના યુક્ત નથી; કેમકે આત્માનો ભેદ અદ્યાપિ અસિદ્ધ છે. તેમજ વિશેષભેદની કલ્પનાથીજ આત્મભેદની કલ્પના યુક્ત નથી; કેમકે આત્મભેદના જ્ઞાનને માટે આત્માને વિષે વિશેષનો ભેદ સિદ્ધ થાય છે અને તે વિશેષભેદ સિદ્ધ થયે આત્મભેદ સિદ્ધ થાય છે એમ અન્યોન્યાશ્રય થાય છે એવો પરિહારનો અર્થ છે. વળી બહુ વિભુ થાય તેને માટે આકાશ, દિક્ અને કાલનાં દૃષ્ટાન્ત અપાય તો તે પણ અસંમત છે એમ કહે છે—'આકાશાદિનું પણ વિભુત્વ' ઇત્યાદિ. વિભુત્વની એકમાં વૃત્તિ થાય એમ લાઘવ છે તેથી વિભુભેદ યુક્ત નથી. જેમ એકજ આકાશમાં ભેરી, વીણા આદિના ભેદથી તાર, મન્દ, આદિ શબ્દવ્યવસ્થા થાય છે, તેમ એકજ આત્માને વિષે બુદ્ધિરૂપ ઉપાધિના ભેદથી સુખાદિવ્યવસ્થા ઉપપન્ન થાય છે તેથી, અને ભિન્ન આત્મા હોવાથી પણ વ્યવસ્થા ઉપપન્ન થતી નથી એમ કહ્યું છે તેથી

---

૧ રહેવું. ૨ એક બીજાથી જુદા પાડનાર.

કેમકે તે કાર્ય છે એમ તે સ્વીકારે છે. તેટલા માટે એક આત્માના પક્ષમાંજ સર્વ દોષનો અભાવ છે એમ સિદ્ધ થાય છે ॥ ૫૩ ॥

इति श्रीमच्छङ्करभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये गुर्जरगिरा भाष्यानुवादे द्वितीयाध्यायस्य तृतीयः पादः ॥ ३ ॥

શ્રીમચ્છંકરભગવત્પાદપૂજ્યકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ગુર્જરગિરાએ ભાષ્યાનુવાદમાં દ્વિતીય અધ્યાયનો તૃતીયપાદ સમાપ્ત ॥ ૩ ॥

એકાત્મપક્ષ શ્રેષ્ઠ છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે' ઇત્યાદિ. એ પ્રમાણે ભૂતભોક્તૃશ્રુતિઓનો વિરોધ નથી તેથી અદ્વય બ્રહ્મને વિષે સમન્વય છે એમ સિદ્ધ થયું ॥ ૫૩ ॥

इति श्रीमच्छङ्करभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये टीकाग्रन्थानां गुर्जरगिरानुवादे द्वितीयाध्यायस्य तृतीयः पादः ॥ ३ ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ટીકાગ્રંથોના ગુર્જરગિરાથી અનુવાદમાં દ્વિતીય અધ્યાયનો તૃતીય પાદ સમાપ્ત ॥ ૩ ॥



द्वितीयाध्यायः—चतुर्थपादः ॥

દ્વિતીયાધ્યાય—ચતુર્થપાદ.

तथा प्राणाः ॥ १ ॥

(જેમ આકાશાદિ પર બ્રહ્મના વિકાર છે) તેમ પ્રાણો (પર બ્રહ્મના વિકાર છે) ॥ ૧ ॥

આકાશ આદિ વિષે શ્રુતિના વિરોધનો તૃતીય પાદમાં પરિહાર કર્યો. હવે ચતુર્થ પાદમાં પ્રાણ વિષે વિરોધનો પરિહાર કરાય છે. તેમાં પ્રથમ 'तत्तेजोऽसृजत' [છાન્દો૦ ૬।૨।૩] (તેણે તેજ સર્જ્યું), 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' [તૈત્તિ૦ ૨।૧।૧] (ખરેખર, તે એ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું) એ આદિ ઉત્પત્તિપ્રકરણોમાં પ્રાણોની ઉત્પત્તિ શ્રુતિમાં નથી; પણ કવચિત્ એ પ્રાણોની અનુત્પત્તિજ શ્રુતિમાં છે. 'असद्वा इदमग्र आसीत्' [તૈત્તિ૦ ૨।૭] (ખરેખર, અગ્રે એ અસત્જ હતું), 'तदाहुः किं तदसदासीदित्यृषयो वाव तेऽग्रेऽसदासीत् । तदाहुः के ते ऋषय इति । प्राणा वाव ऋषयः' [શત૦ બ્રાહ્મ૦ ૬.૧.૧.૧] (તેઓ કહે છે તે અસત્ હતું તે શું? ખરેખર, અગ્રે ઋષિઓ તે અસત્. તેઓ કહે છે, તે ઋષિઓ કોણ? ખરેખર, પ્રાણો તે ઋષિઓ) એમાં ઉત્પત્તિની પૂર્વે પ્રાણોના [1]સદ્ભાવની શ્રુતિ છે. અન્ય સ્થળે તો પ્રાણોની પણ ઉત્પત્તિ પઠાય છે—'यथाग्नेर्ज्वलतः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवैतस्मादात्मनः सर्वे प्राणाः' [બૃહ૦ ૨।૧।૨૦] (જેમ બળતા અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગો ઊડે જાય છે. તેજ રીતે આ આત્મામાંથી સર્વે પ્રાણો નીકળે છે), 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च' [મુણ્ડ૦ ૨।૧।૩] (એમાંથી, પ્રાણ, મન અને સર્વ ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે), 'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्' (મુણ્ડ૦ ૨।૧।૮] (તેમાંથી સાત પ્રાણો ઉત્પન્ન થાય છે), 'स प्राणमसृ-

પૂર્વાધિકરણમાં [illegible] સ્વરૂપ વિચાર્યું છે, હવે તેના ઉપકરણો-ઇન્દ્રિયોની ઉત્પત્તિ સંબંધે છે—'तथा प्राणाः'. ભૂત અને ભૌતિકના વિચાર પછી ભૌતિક પ્રાણનો વિચાર છે એમ એ બંને વચ્ચે હેતુહેતુમદ્ભાવરૂપ સંગતિ કહે છે—'આકાશ આદિ વિષે' ઇત્યાદિ. તેજ વિશેષ કહે છે—'તેમાં પ્રથમ' ઇત્યાદિ. કોઈ પ્રાણની અનુત્પત્તિ [illegible] સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા અનુપપન્ન થાય છે તેથી [2]વિયદધિકરણન્યાયથી પ્રાણોની ઉત્પત્તિ સિદ્ધ થાય છે, તોપણ [illegible] છે એવી [illegible] કરવા માટે એ અધિકરણ છે એમ પુનરુક્તિ નથી. અહિં પ્રાણ વિષય છે, તે શું ઉત્પન્ન થાય છે કે નહિ એમ શ્રુતિઓના

૧ અસ્તિત્વ. ૨ વિયદધિકરણમાં, [illegible] પ્રથમ અધિકરણમાં એમ આકાશની ઉત્પત્તિ કહી છે તેમ

जत प्राणाच्छ्रद्धां खं वायुर्ज्योतिरापः पृथिवीन्द्रियं मनोऽन्नम्' [પ્રશ્નો૦ ૬।૪] (તેણે પ્રાણ સર્જ્યો, પ્રાણથી-શ્રદ્ધા, આકાશ, વાયુ, તેજ, જળ, પૃથિવી, ઇન્દ્રિય, મન અને અન્ન સર્જ્યાં) ઇત્યાદિ પ્રદેશોમાં. ત્યાં ત્યાં શ્રુતિઓના વિરોધથી અને તેમાંની એકને પણ નિર્ધારણ કરવાનું કારણ નિરૂપિત નથી તેથી [1]અપ્રતિપત્તિ પ્રાપ્ત થાય છે, અથવા ઉત્પત્તિપૂર્વે પ્રાણોના સદ્ભાવની શ્રુતિ છે તેથી ઉત્પત્તિશ્રુતિ ગૌણી છે એમ પ્રાપ્ત થાય છે. એથી આ ઉત્તર પડે છે—'तथा प्राणाः' એમ. પણ અહિં तथा એ અક્ષરોની યોગ્યતા શી રીતે છે; કેમકે પ્રકૃત ઉપમાનનો અભાવ છે. સર્વગત આત્મા બહુ છે એવા મતવાળાઓનું દૂષણ છેક પાછલા પાદને અન્તે પ્રકૃત છે, તે તો ઉપમાન સંભવતું નથી; કેમકે સાદૃશ્યનો અભાવ છે; કારણ કે સાદૃશ્ય હોય તો ઉપમાન થાય; જેવો સિંહ તેવો બલવર્મા એમ. અદૃષ્ટ સાથે સામ્ય પ્રતિપાદન કરવા માટે છે, જેમ સર્વ આત્માની સંનિધિમાં ઉત્પન્ન થતું અદૃષ્ટ અનિયત છે તેમ પ્રાણો પણ સર્વ આત્મા પ્રતિ અનિયત છે એમ—એમ જો કહેશો તો તે પણ દેહના અનિયમથીજ ઉક્ત હોવાથી પુનરુક્ત થાય. તેમજ જીવની સાથે પ્રાણો સરખાવાય નહિ; કેમકે સિદ્ધાન્તનો વિરોધ છે; કારણ કે જીવની અનુત્પત્તિ કહી છે અને પ્રાણોની તો ઉત્પત્તિ કહેવી ઇષ્ટ છે. તેટલા માટે तथा એ અસંબદ્ધ જેવું લાગે છે. ના; કારણ કે ઉદાહરણમાં ગ્રહણ કરેલા ઉપમાનથી પણ સંબન્ધ ઉપપન્ન થાય છે. અહિં પ્રાણો ઉત્પન્ન થાય છે એવા મતવાળાઓનો વાક્યસમૂહ ઉદાહરણ છે—'एतस्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति' [બૃહ૦ ૨।૧।૨૦] (એ આત્મામાંથી, સર્વે પ્રાણો, સર્વે લોકો, સર્વે દેવો, સર્વ ભૂતો નીકળે છે) એ પ્રકારનો (વાક્યસમૂહ). તેમાં જેમ લોક આદિ પર બ્રહ્મથી ઉત્પન્ન થાય છે તેમ પ્રાણો પણ એવો અર્થ છે. તેમજ 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च। खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी॥' [મુણ્ડ૦ ૨।૧।૩]

વિરોધ હોવાથી સંશય થયે, તેઓ સમાન બળવાળી હોવાથી નિર્ણય થતો નથી તેથી શ્રુતિઓનું અપ્રામાણ્ય એ પૂર્વપક્ષનું ફળ છે. તેમાં [2]ગૌણવાદીનું સમાધાન કહે છે—'અથવા ઉત્પત્તિપૂર્વે' ઇત્યાદિ. પ્રાણોનો પ્રલયમાં સદ્ભાવ છે એ શ્રુતિ નિરવકાશ હોવાથી વિશેષ બળવાન્ છે તેથી ઉત્પત્તિશ્રુતિ જીવોત્પત્તિશ્રુતિની પેઠે ગૌણ છે એમ અવિરોધ છે એવો અર્થ છે શ્રુતિઓનું અપ્રામાણ્ય છે એ પક્ષની પેઠે ઉત્પત્તિશ્રુતિ ગૌણી છે એ પક્ષ પણ મુખ્ય સિદ્ધાન્તીને તો પૂર્વપક્ષજ છે એમ સમજાવવા 'અથવા' એમ કહ્યું છે. મુખ્ય સિદ્ધાન્તી કહે છે—'એથી આ ઉત્તર પડે છે'. तथा શબ્દનો આક્ષેપ કરે છે—'પણ અહિં तथा' ઇત્યાદિ. સામ્ય સ્પષ્ટ કરે છે—'જેમ સર્વ આત્માની સંનિધિમાં' ઇત્યાદિ. દૂષણ જેવા પ્રાણો એમ અન્વય થતો નથી. જોકે અદૃષ્ટની પેઠે પ્રાણો પણ અનિયત છે એમ સૂત્રનો અન્વય થાય છે, તોપણ પુનરુક્ત છે. જીવની પેઠે પ્રાણો ઉત્પન્ન થતા નથી એમ સૂત્રાર્થ હોય તો અપસિદ્ધાન્ત થાય એવો આક્ષેપનો અર્થ છે. સમાધાન કરે છે—'ના; કારણ કે' ઇ-

૧ શ્રુતિઓ વચ્ચે વિરોધ હોવાથી કોને વિષે નિર્ણય કરવો તેથી અપ્રતિપત્તિ—અજ્ઞાન—અપ્રામાણ્ય પ્રાપ્ત ૨ પ્રાણની

(એમાંથી પ્રાણ, મન, સર્વ ઇન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, જળ અને વિશ્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે) એ પ્રકારની શ્રુતિઓમાં પણ આકાશ આદિની પેઠે પ્રાણોની ઉત્પત્તિ છે એમ સમજવાનું છે. અથવા 'पानव्यापच्च तद्वत्' [જૈ-

મિનિ. દૃષ્ટાન્ત દાર્ષ્ટાન્તિકની સંનિહિત કહેવો જોઈએ એમ અંગીકાર કરીને એક વાક્યમાં હોવાથી સંનિધ્ય કર્યું છે; હવે એ નિયમ નથી; કેમકે ભગવાન્ જૈમિનિએ વ્યવહિત અને અવ્યવહિત દૃષ્ટાન્તનો આશ્રય કર્યો છે એમ કહે છે—'અથવા "पानव्यापच्च तद्वत्"' ઇત્યાદિ. જૈમિનિના તૃતીય અધ્યાયમાં અશ્વપ્રતિગ્રહને વિષે અધિકરણ છે. તેનું આ વિષયવાક્ય છે—'यावतोऽश्वान् प्रतिगृह्णीयात् तावतो वारुणांश्चतुष्कपालान् निर्वपेत्' (જેટલા અશ્વો આપે તેટલા વરુણને ચતુષ્કપાલો હોમે) એ ઉત્તરાધિકરણમાં એ વારુણી ઇષ્ટિ દાતાને કરવાની છે કે પ્રતિગ્રહીતાને એમ સંશય થાય છે. તેમાં 'प्रतिगृह्णीयात्' એમ શ્રુતિ છે તેથી પ્રતિગ્રહીતાને કરવાની છે એમ શંકા કરી 'प्रजापतिर्वरुणायाश्वमनयत्' (પ્રજાપતિએ વરુણને અશ્વ આપ્યો) એમ ઉપક્રમમાં દાતા કહ્યો છે એ લિંગથી, અશ્વદાતાનેજ તે ઇષ્ટિ કરવાની છે એમ થાય છે, તેથી 'प्रतिगृह्णीयात्' એ પદનો અર્થ 'अश्वान् यः प्रतिग्राहयेत्' (અશ્વોને જે પ્રતિગ્રહણ કરાવે, આપે) એવો છે; અર્થાત્ 'दद्यात्' (આપે) એવો છે. ત્યારે જે અશ્વદાતા છે તેણે વારુણી ઇષ્ટિ કરવી એવો વાક્યાર્થ થયે વિચાર થાય છે કે અશ્વદાનનિમિત્ત આ ઇષ્ટિ લૌકિક અશ્વદાનમાં છે કે વૈદિક અશ્વદાનમાં? લૌકિક અશ્વપ્રતિગ્રહ કર્યો અને વૈદિક અશ્વપ્રતિગ્રહ કર્યો! લોકમાં ભિક્ષમાણ કે અભિક્ષમાણ જ્યાં અશ્વ મેળવે છે ત્યાં લૌકિક અશ્વપ્રતિગ્રહ છે. 'पौण्डरीकेऽश्वसहस्रं दक्षिणा ज्योतिष्टोमे गौश्चाश्वश्च' એમ વૈદિક અશ્વપ્રતિગ્રહ છે. એમ સંદેહ થયે 'दोषात्त्विष्टिर्लौकिके स्याच्छास्त्राद्धि वैदिके न दोषः स्यात्' [૩।૪।૨૮] એમ પૂર્વપક્ષ સૂત્ર છે. એનો અર્થ આ પ્રમાણે છે—લૌકિક અશ્વદાનમાં દોષના નાશને માટે પ્રકૃત ઇષ્ટિ કરવાની છે, તેમાંજ 'न केसरिणो ददाति' (અશ્વોને તે આપતો નથી) એ નિષેધના અતિક્રમથી થયેલા દોષનો સંભવ છે. વૈદિક અશ્વદાનમાં સામાન્ય નિષેધને અવકાશ નથી તેથી તે નિષેધથી થતો દોષ ન થાય. 'पौण्डरीकेऽश्वसहस्रं दक्षिणा' (પૌણ્ડરીકમાં હજાર અશ્વ દક્ષિણા છે) ઇત્યાદિ વિશેષશાસ્ત્રથી વૈદિક અશ્વદાન નિર્દોષ છે એમ સિદ્ધ થાય છે. આવો પૂર્વપક્ષસૂત્રનો અર્થ છે. સિદ્ધાન્તસૂત્ર આ પ્રમાણે છે—'अर्थवादोऽनुपपातात् तस्मात्यज्ञे प्रतीयते'. [૩।૪।૨૯] એ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે—'વરુણ' શબ્દ જલોદર નામના રોગના અર્થમાં રૂઢ છે, લૌકિક અશ્વદાનમાં એ રોગ થતો નથી એ પ્રસિદ્ધ છે. લૌકિક અશ્વદાનમાં જલોદરરૂપ વરુણગ્રહદોષનો ઉપપાત થતો નથી; કેમકે પ્રમાણ નથી; આજ વાક્ય પ્રમાણ છે, આજ વાક્યથી વરુણરૂપ રોગ થાય છે એ પ્રસિદ્ધ છે એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે અશ્વદાનમાં જલોદર નામનો રોગ થાય છે; અને તેના નાશને માટે ઇષ્ટિ થાય છે એમ અર્થભેદ થવાથી વાક્યભેદ થાય છે. વળી વરુણગ્રહ गृणाति એ વ્યુત્પત્તિથી નિષેધના અતિક્રમથી થયેલા દોષનો અનુવાદક છે એવી શંકા કરવી પણ યુક્ત નથી; કેમકે એવો અર્થ હોવાથી રૂઢિના ત્યાગરૂપ આપત્તિ આવે છે અને તેનો ત્યાગ કરવાથી વૈદિક દાનમાં પણ અશ્વસામાન્ય કલેશમાત્ર ઉક્ત વ્યુત્પત્તિથી વરુણગ્રહશબ્દથી વાચ્ય થાય; તેટલા માટે એ અર્થવાદ છે. જે વરુણથી (જલોદરથી) ગૃહીત હોય તેને વરુણથી મુક્ત થવું એ કલ્યાણરૂપ છે. જ્યાંસુધી વરુણગૃહીતને વરુણથી ઉન્મોચનમાં શ્રેય છે ત્યાંસુધી પર્તેન એમ ઉપમાનથી એ સ્તુતિ છે. જે એનો (અશ્વનો) પ્રતિગ્રહ છે તે

મિ૦ પૂર્વમી૦ ૩।૪।૨૨] (અને સોમપાન કરતાં જો વ્યાપત્-વમન થાય તો તેની પેઠે) ઇત્યાદિમાં વ્યવહિત ઉપમાન સાથે સંબન્ધનો આશ્રય કર્યો છે તેથી છેક છેલ્લા પાદના આરંભમાં કહેલાં આકાશ આદિ જેમ પર બ્રહ્મના વિકાર છે, તેમ પ્રાણો પણ પર બ્રહ્મના વિકાર છે એમ યોજના કરવી. પણ પ્રાણો વિકાર છે એને માટે હેતુ શો છે? શ્રુતિજ. પણ કેટલાક પ્રદેશોમાં પ્રાણોની ઉત્પત્તિનું શ્રવણ નથી એમ કહ્યું છે. તે અયુક્ત છે; કેમકે અન્ય પ્રદેશોમાં શ્રુતિ છે; કારણ કે કવચિત્ અશ્રવણ અન્યત્ર શ્રવણ કરેલાનું નિવારણ કરવા શક્તિમાન્ નથી. તેટલા માટે શ્રુતિ સમાન હોવાથી આકાશ આદિની પેઠે પ્રાણો પણ ઉત્પન્ન થાય છે એમ 'સુષ્ઠુ કહ્યું છે ॥ ૧ ॥

વરુણગ્રહણ જેવો છે, જે ઇષ્ટિ છે તે વરુણથી મુક્ત કરનારી જેવી છે, જેમ વરુણગૃહીતને ઉન્મોચન અવશ્ય કરવું જોઈએ તેમ એ તેવું છે. તેટલા માટે યજ્ઞસંબન્ધી અશ્વદાનમાં વારુણી ઇષ્ટિ છે એમ સ્થિતિ છે; અને દાતાને એ ઇષ્ટિ કરવાની છે, પ્રતિગ્રહકર્તાને નહિ એમ ઉપર વ્યવસ્થા કરેલી છે. એમ વ્યવસ્થા થવાથી કહ્યું છે કે 'पानव्यापच्च तद्वत्'. અહિં 'सौमेन्द्रं चरुं निर्वपेच्छ्यामाकं चरुं सोमवामी 'એવી શ્રુતિ છે. અહિં લૌકિક સોમપાનના વમનમાં કે વૈદિક સોમપાનના વમનમાં સૌમેન્દ્ર ચરુ છે એમ સંદેહ થાય છે. લૌકિક સોમપાન કયું અને વૈદિક સોમપાન કયું? સપ્તરાત્ર કે દશરાત્રમાં ધાતુસામ્ય માટે જે સોમપાન સેવવું તે લૌકિક સોમપાન; અને જ્યોતિષ્ટોમમાં અને તેની વિકૃતિઓમાં જે સોમપાન સેવવું તે વૈદિક સોમપાન. આમ લૌકિક સોમપાનના કે વૈદિક સોમપાનના વમનમાં સૌમેન્દ્ર ચરુ છે એમ સંદેહ થયે અશ્વપ્રતિગ્રહેષ્ટિ આદિ અધિકરણપૂર્વપક્ષ જે 'અદુસૂત્રવ્યવહિત છે તેની પેઠે ધાતુસામ્ય માટે લૌકિક સોમપાનમાં જો વ્યાપદ્-વમન થાય તો તે લૌકિક વમનમાં યાગનું વિધાન છે. 'इन्द्रियेण वीर्येण व्यृध्यते यः सोमं वमति' (જે સોમ વમન કરે છે તે ઇન્દ્રિયથી વીર્યથી શુષ્ક થાય છે) એમ દોષથી વમનનિમિત્ત ઇન્દ્રિયશોષ દેખાય છે તેથી વરુણગ્રહણવત્ અપ્રાપ્તિ નથી. વૈદિક સોમપાનમાં તો વમનમાં પણ દોષ નથી એમ પૂર્વપક્ષ થયે સિદ્ધાન્ત છે—'दोषात्तु वैदिके स्याद्यदि लौकिके न दोषः स्यात्' એમ. લૌકિક સોમપાનમાં વમનકૃત ઇન્દ્રિયશોષ ધાતુસામ્યકારક છે તેથી ગુણકારક છે, માટે દોષ નથી. વૈદિક સોમપાનમાં તો 'मा मे वाङ् नाभिमतिगाः' એમ મન્ત્રલિંગથી વમનમાં કર્મવૈગુણ્યથી દોષ પ્રાપ્ત થાય છે. તેટલા માટે વૈદિક સોમવમનમાં સૌમેન્દ્ર ચરુ છે—વૈદિક વમનમાં યાગ છે એવો અર્થ છે. 'ઇત્યાદિમાં વ્યવહિત ઉપમાન સાથે' ઇત્યાદિ. 'આદિ' પદથી 'तत्सर्वत्राविशेषात्' [૩।૪।૨૪], 'स्वामिनो वा तदर्थत्वात्' [૩।૪।૨૫] એવાં પૂર્વપક્ષસૂત્ર અને ઉત્તરપક્ષસૂત્રો લેવાં. એ સૂત્રોમાં વ્યવહિત ઉપમાન સાથે સંબન્ધ વિદ્વાનોને ઇષ્ટ છે તેથી અહિં પણ વ્યવહિત ઉપમાન સાથે સંબન્ધ સંભવે છે એવો ભાષ્યનો અર્થ છે ॥ ૧ ॥

---

૧ બરોબર. ૨ અશ્વપ્રતિગ્રહે ઇષ્ટિર્ન્યાય અધિકરણનાં ૩।૪।૨૮-૨૯ સૂત્રો છે. પછી दातुर्वैदिक्यविकरण છે—૩।૪।૩૦-૩૧ સૂત્રો. પછી पानव्यापच्च तद्वत् એ ૩-૪-૩૨ સૂત્ર છે. આમ વ્યવધાન છે

गौण्यसंभवात् ॥ २ ॥

ગૌણી (ઉત્પત્તિ)ના અસંભવથી (પ્રાણો પર બ્રહ્મના વિકાર છે) ॥ ૨ ॥

ઉત્પત્તિપૂર્વે પ્રાણોના સદ્ભાવની શ્રુતિ છે તેથી પ્રાણોની ઉત્પત્તિશ્રુતિ ગૌણી છે એમ જે કહ્યું છે તે પ્રતિ કહે છે—'गौण्यसंभवात्' એમ. ગૌણીનો અસંભવ તે ગૌણ્યસંભવ. ખરેખર, પ્રાણોની ઉત્પત્તિશ્રુતિ ગૌણી સંભવતી નથી; કેમકે પ્રતિજ્ઞાની હાનિનો પ્રસંગ આવે છે; કારણ કે 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' [મુણ્ડ૦ ૧।૧।૩] (હે ભગવન્, શું વિજ્ઞાત થયે આ સર્વ વિજ્ઞાત થાય) એમ એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનની પ્રતિજ્ઞા કરીને તેના સાધન માટે આ શ્રુતિ છે—'एतस्माज्जायते प्राणः' [મુણ્ડ૦ ૨।૧।૩] (એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે) ઇત્યાદિ. એ પ્રતિજ્ઞા પ્રાણાદિ સમસ્ત જગત્ બ્રહ્મનો વિકાર થયે સિદ્ધ થાય; કેમકે પ્રકૃતિથી વ્યતિરિક્ત વિકાર નથી. પણ પ્રાણોની ઉત્પત્તિશ્રુતિ ગૌણ લેવાથી એ પ્રતિજ્ઞાની હાનિ થાય. તેવીજ રીતે પ્રતિજ્ઞાત અર્થનો ઉપસંહાર કરે છે—'पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम्' [મુણ્ડ૦ ૨।૧।૧૦] (પુરુષજ એ સર્વ છે, 'કર્મ, 'તપ, 'બ્રહ્મ અને 'પર અમૃત) એમ અને 'ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम्' [મુણ્ડ૦ ૨।૨।૧૧] (બ્રહ્મજ આ સર્વ, આ વરિષ્ઠ-વરતમ છે) એમ. તેમ 'आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम्' [બૃહ૦ ૨।૪।૫] (અરે, આત્માના દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાનથી આ સર્વ વિદિત થાય છે) એવા પ્રકારની શ્રુતિઓમાં

વિરોધવાદીને પ્રતિબોધ કરી ગૌણવાદી પ્રતિ કહે છે—'गौण्यसंभवात्.' એ પ્રતિજ્ઞા કરી છે અને પ્રાણોની ઉત્પત્તિ ગૌણ થયે તેની હાનિ શી રીતે થાય છે તેને માટે કહે છે—'कस्मिन्नु भगवो' ઇત્યાદિ. 'एतस्माज्जायते प्राणः' ઇત્યાદિ પ્રતિજ્ઞાનું શી રીતે સમર્થન થાય છે તેને વિષે કહે છે—'એ પ્રતિજ્ઞા' ઇત્યાદિ. વિપક્ષમાં બાધ કહે છે—'પણ પ્રાણોની ઉત્પત્તિશ્રુતિ' ઇત્યાદિ. પ્રતિજ્ઞા પણ ગૌણી કેમ ન થાય તેને માટે કહે છે—'તેવીજ રીતે પ્રતિજ્ઞાત અર્થનો' ઇત્યાદિ. પ્રતિજ્ઞા પણ ગૌણી છે તેથી તદર્થક પ્રાણોત્પત્તિ મુખ્ય કહેવાની નથી એવી આશંકા છે. ઉપક્રમ અને ઉપસંહારનું આલોચન કરવાથી વિવક્ષિત જે અદ્વિતીયત્વ તેને અનુસારે પ્રતિજ્ઞા ને ગૌણ લેવી અયુક્ત છે તેથી પ્રાણોત્પત્તિ મુખ્યજ છે. ઉપક્રમ અને ઉપસંહારમાં અદ્વૈતજ પ્રતિપાદન કરેલું જણાય છે, તેથી પ્રતિજ્ઞા મુખ્ય છે, માટે પ્રાણોત્પત્તિ પણ મુખ્યજ છે એવો ભાવ છે. [illegible] ઉપનિષદ્ની પેઠે અન્ય શ્રુતિમાં પણ પ્રતિજ્ઞા જોવામાં આવે છે તેથી તે મુખ્ય છે—પ્રતિજ્ઞા મુખ્ય છે એ સિદ્ધ કરવા માટે અન્ય શ્રુતિમાં [illegible] એવો અન્ય હેતુ કહે છે—'તેમ "आत्मनो वा अरे"' ઇત્યાદિ. એ પ્રતિજ્ઞા પ્રાણોની ઉત્પત્તિ મુખ્ય હોવામાં હેતુ [illegible] હવે પ્રકરણને વિષે પ્રકૃતાનની શ્રુતિ છે

૧ [illegible] 'एतद्यो वेद निहितं गुहायां सोऽविद्याग्रन्थिं विकिरतीह सोम्य' [illegible]

એજ પ્રતિજ્ઞા યોજવી. પણ ઉત્પત્તિપૂર્વે પ્રાણોના સદ્ભાવની શ્રુતિ શી રીતે છે? એ મૂલપ્રકૃતિ વિષે નથી; કારણ કે ''अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात् परतः परः' [મુણ્ડ૦ ૨।૧।૨] (પ્રાણરહિત, મનરહિત, શુદ્ધ, અનશ્વર પરથી પર) એમ મૂલપ્રકૃતિ પ્રાણાદિ સમસ્ત વિશેષોથી રહિત છે એવું [1]અવધારણ છે. ઉત્પત્તિપૂર્વે પ્રાણોના સદ્ભાવનું જે અવધારણ છે તે અવાન્તર પ્રકૃતિ વિષે અને પોતાના વિકારની અપેક્ષાએ છે એમ સમજવું; કેમકે વ્યાકાર પામેલા વિષયોની પણ ઘણી અવસ્થાઓ

[illegible] એમ પ્રમાણિક પૂછે છે—'પણ ઉત્પત્તિપૂર્વે' ઇત્યાદિ. એ વાક્યનું પરમ [illegible] પ્રલયમાં પ્રાણવત્ છે એવું તાત્પર્ય નથી, પણ અવાન્તર પ્રલયમાં હિ[illegible] અવાન્તર પ્રકૃતિ તેને પ્રાણના સદ્ભાવ કહેવાનું એ વાક્યનું તાત્પર્ય છે. બ્રહ્મ જે મૂલ [illegible] પ્રાણસદ્ભાવ છે એવું એ વાક્યનું તાત્પર્ય નથી, કેમકે શ્રુતિઓથી બ્રહ્મ સર્વ વિશેષથી રહિત છે [illegible] છે. પરંતુ હિરણ્યગર્ભ અવાન્તર પ્રકૃતિ છે તેને પ્રાણસદ્ભાવ છે એમ [illegible] વાક્યના છે. પણ હિરણ્યગર્ભ પણ વિકાર હોવાથી તેને વિકાર નથી એમ કહી [illegible] શી રીતે થાય છે તેને વિષે કહે છે—'પોતાના વિકારની અપેક્ષાએ છે' [illegible] અવાન્તર પ્રલયમાં હિરણ્યગર્ભના કાર્યસમુદાયનું અસત્ત્વ છે તેની અપે[illegible] [illegible] અવધારણ કર્યું છે. 'પોતે' એટલે કાર્યબ્રહ્મ તેનું જ સ્થૂલકાર્ય[illegible] તેની [illegible] 'एतस्माज्जायते प्राणः' ઇત્યાદિમાં શ્રુતિએજ ઇન્દ્રિયોની ઉત્પત્તિ કહી છે '[illegible]' [શત૦ બ્રાહ્મ૦ ૬।૧।૧।૧] માં ઉત્પત્તિપૂર્વે તેમનું અવ[illegible] [illegible] ભિન્ન છે. તેમાં શ્રુતિથી ભિન્ના બાધને વિષે બેમાંથી એકનો [illegible] 'यं प्रवदन्त्यनुगैरिव दुर्बलत्वा [illegible]' (પ્રબ[illegible] [illegible] વિષયની વ્યવસ્થા કરવી વધારે સારી) એ ન્યાયે આકાશ આદિની [illegible] શ્રુતિ છે તેની મહાપ્રલયને વિષે તેમની ઉત્પત્તિ અને અવાન્તર [illegible] શ્રુતિ અને ભિન્ના વિષયની વ્યવસ્થા છે એવો ભાવ છે. પણ બ્રહ્મ[illegible] પ્રકૃતિ છે તો અવાન્તરપ્રકૃતિને વિષે પ્રમાણ નથી એમ આશંકા કરી કહે છે—'વ્યા[illegible] વિષયોની પણ' ઇત્યાદિ. 'हिरण्यगर्भः समवर्तताग्रे' (અગ્રે હિરણ્યગર્ભ [illegible]), 'अदितिर्जज्ञे भूतानाम्' [illegible] ઇત્યાદિ શ્રુતિ અને સ્મૃતિમાં [illegible] પ્રકૃતિવિકારભાવે પ્રસિદ્ધ છે. [illegible] અવ્યક્ત પ્રકૃતિ [illegible] આવે છે. [illegible] આ સૂત્રનું વ્યાખ્યાન કરે છે તેને દૂષિત કરે છે—

[1] [illegible]

પ્રકૃતિવિકૃતિભાવ શ્રુતિ અને સ્મૃતિમાં પ્રસિદ્ધ છે. 'વિયદધિકરણમાં 'गौण्यसंभवात्' એ પૂર્વપક્ષસૂત્ર હોવાથી જન્મશ્રુતિ ગૌણી છે, અસંભવથી, એમ વ્યાખ્યાન કર્યું, અને પ્રતિજ્ઞાહાનિથી ત્યાં સિદ્ધાન્ત કહ્યો; અહિં તો સિદ્ધાન્તસૂત્ર હોવાથી ગૌણી જન્મશ્રુતિનો અસંભવ છે તેથી એમ વ્યાખ્યાન કર્યું છે. પણ તેને અનુસારે અહિં પણ જન્મશ્રુતિ ગૌણી છે, અસંભવથી એમ વ્યાખ્યાન કરનારાઓથી પ્રતિજ્ઞાની હાનિની ઉપેક્ષા થાય છે ॥ ૨ ॥

तत्प्राक्श्रुतेश्च ॥ ३ ॥

અને તેની (જન્મવાચિપદની) પૂર્વે શ્રુતિ છે તેથી (પ્રાણોની પણ મુખ્યજ જન્મશ્રુતિ છે) ॥ ૩ ॥

વળી આથી આકાશ આદિની પેઠે પ્રાણોની પણ મુખ્યજ જન્મશ્રુતિ છે; કેમકે 'जायते' (જન્મ પામે છે) એવું એક જન્મવાચી પદ પ્રાણોને વિષે પૂર્વે શ્રુત થઇ [2]ઉત્તર આકાશ આદિને વિષે અનુવૃત્ત થાય છે. 'एतस्माज्जायते प्राणः' [મુણ્ડ૦ ૨।૧।૩] એમાં આકાશ આદિને વિષે મુખ્ય જન્મ છે એમ પ્રતિષ્ઠાપન કરેલું તેના સાદૃશ્યથી પ્રાણોને વિષે પણ મુખ્યજ જન્મ થાય એ યુક્ત છે; કારણ કે એક પ્રકરણમાં અને એક વાક્યમાં એક વાર ઉચ્ચરેલો એક શબ્દ બહુ સાથે સંબન્ધ ધરાવતો હોય તો તે ક્વચિત્ મુખ્ય છે અને ક્વચિત્ ગૌણ છે એમ નિશ્ચિત કરવું શક્ય નથી; કેમકે [3]વૈરૂપ્ય પ્રસક્ત થાય. તેમ 'स प्राणमसृजत प्राणाच्छ्रद्धाम्' [પ્રશ્નો૦ ૬।૪]

'વિયદધિકરણમાં' ઇત્યાદિ. પ્રાણોની ઉત્પત્તિશ્રુતિ ગૌણી છે, ઉત્પત્તિનો અસંભવ છે તેથી એવો અર્થ લેવો યુક્ત નથી; કેમકે તે વિકલ્પને-બેમાંથી એકે પક્ષને-બંધ બેસતો નથી; કેમકે પ્રાણો જીવની પેઠે અવિકૃત બ્રહ્મ છે તેથી તેની અનુત્પત્તિ છે કે બ્રહ્મથી તત્ત્વાન્તર છે તેથી! જીવની પેઠે પ્રાણ અવિકૃત બ્રહ્મસ્વરૂપ હોઈ શકે નહિ, જડ છે તેથી; તેથી અન્ય તત્ત્વ તરીકે એની અનુત્પત્તિ લેવી પડશે. તેથી બ્રહ્મના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એ પ્રતિજ્ઞાની હાનિ થાય છે અને સમસ્ત વેદાન્તનો વ્યાકોપ થાય છે એવો અર્થ છે ॥ ૨ ॥

પ્રાણોનો મુખ્ય જન્મ છે એને વિષે અન્ય હેતુ કહે છે—'तत्प्राक्श्रुतेश्च.' તેની, એટલે जायते એ જન્મવાચી પદ, જે આકાશ આદિને વિષે મુખ્ય છે તેની, પાઠની અપેક્ષાએ પૂર્વે કહેલા પ્રાણોનો વિષે શ્રુતિ છે તેથી મુખ્ય જન્મ છે એવી સૂત્રની યોજના છે. 'તેના સાદૃશ્યથી' તે એટલે આકાશાદિજન્મ તે સાથે સાદૃશ્ય—એક શબ્દથી ઉક્તત્વ-(બધ્યમાનત્વ)

---

૧ અધ્યાય ૨ ના પાદ ૩ નું પ્રથમ અધિકરણ. એમાં ૧ થી ૭ સૂત્રો છે. 'गौण्यसंभवात्' એ એ અધિકરણનું ૩ સૂત્ર છે. ૨ તેની પછી આવતા. ૩ વિરૂપતા, સમાનરૂપતાનો અભાવ; સરખાપણું નહિ તે, વિષમતા.

એજ પ્રતિજ્ઞા યોજવી. પણ ઉત્પત્તિપૂર્વે પ્રાણોના સદ્‌ભાવની શ્રુતિ શી રીતે છે! એ મૂલપ્રકૃતિ વિષે નથી; કારણ કે ''अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात् परतः परः' [મુણ્ડ૦ ૨।૧।૨] (પ્રાણરહિત, મનરહિત, શુદ્ધ, અનશ્વર પરથી પર) એમ મૂલ પ્રકૃતિ પ્રાણાદિ સમસ્ત વિશેષથી રહિત છે એવું [2]અવધારણ છે. ઉત્પત્તિપૂર્વે પ્રાણોના સદ્‌ભાવનું જે અવધારણ છે તે અવાન્તર પ્રકૃતિ વિષે અને પોતાના વિકારની અપેક્ષાએ છે એમ સમજવું; કેમકે વ્યાકાર પામેલા વિષયોની પણ ઘણી અવસ્થાનો

તેની શી ગતિ એમ પ્રશ્નપૂર્વક પૂછે છે—'પણ ઉત્પત્તિપૂર્વે' ઇત્યાદિ. એ વાક્યનું પરમ કારણ જે બ્રહ્મ તે મહા પ્રલયમાં પ્રાણવત્ છે એવું તાત્પર્ય નથી, પણ અવાન્તર પ્રલયમાં હિરણ્યગર્ભસંજ્ઞક અવાન્તર પ્રકૃતિ તેને પ્રાણના સદ્‌ભાવ કહેવાનું એ વાક્યનું તાત્પર્ય છે. બ્રહ્મ જે મૂલ કારણ તેને પ્રાણસદ્‌ભાવ છે એવું એ વાક્યનું તાત્પર્ય નથી, કેમકે શ્રુતિઓથી બ્રહ્મ સર્વે વિશેષથી રહિત છે એમ સિદ્ધ છે; પરંતુ હિરણ્યગર્ભ અવાન્તર પ્રકૃતિ છે તેને પ્રાણસદ્‌ભાવ છે એમ એ વાક્યની યોજના છે; પણ હિરણ્યગર્ભ પણ વિકાર હોવાથી તેને વિકાર નથી એમ કહી પ્રાણ છે એવું અવધારણ શી રીતે થાય છે તેને વિષે કહે છે—'પોતાના વિકારની અપેક્ષાએ છે' ઇત્યાદિ. અવાન્તર પ્રલયમાં હિરણ્યગર્ભના કાર્યસમુદાયનું અસત્ત્વ છે તેની અપેક્ષાએ તેને પ્રાણસત્ત્વ છે એમ અવધારણ કર્યું છે. 'પોતે' એટલે કાર્યબ્રહ્મ તેનું જ સ્થૂલકાર્યવિકાર તેની અપેક્ષાએ. 'एतस्माज्जायते प्राणः' ઇત્યાદિમાં શ્રુતિએજ ઇન્દ્રિયોની ઉત્પત્તિ કહી છે 'तदाहुः किं तदसदासीत्' [શત૦ બ્રાહ્મ૦ ૬।૧।૧।૧] માં ઉત્પત્તિપૂર્વે તેમનું અવસ્થાન એ જન્મના અભાવને વિષે લિંગ છે; તેમાં શ્રુતિથી લિંગના બાધને વિષે બેમાંથી એકનો અત્યન્ત બાધ કલ્પવા કરતાં 'परं प्रबलानुरोधेन दुर्बलस्य विषयव्यवस्थाकल्पनम्' (પ્રબલ અનુસારે દુર્બલના વિષયની વ્યવસ્થા કલ્પવી વધારે સારી) એ ન્યાયે આકાશ આદિની સાથે ઇન્દ્રિયોની ઉત્પત્તિની શ્રુતિ છે તેથી મહાપ્રલયને વિષે તેમની ઉત્પત્તિ અને અવાન્તર પ્રલયમાં અનુત્પત્તિ એમ શ્રુતિ અને લિંગના વિષયની વ્યવસ્થા છે એવો ભાવ છે. પણ બ્રહ્મજ સર્વ પ્રકૃતિ છે તો અવાન્તરપ્રકૃતિને વિષે પ્રમાણ નથી એમ આશંકા કરી કહે છે—'વ્યાકાર પામેલા વિષયોની પણ' ઇત્યાદિ. 'हिरण्यगर्भः समवर्तताग्रे' (અગ્રે હિરણ્યગર્ભ થયો), 'आदिकर्ता स भूतानाम्' (તે ભૂતોનો આદિ કર્તા) ઇત્યાદિ શ્રુતિ અને સ્મૃતિમાં વિકારરૂપ પણ મૂલ કારણના અવસ્થાવિશેષ બ્રહ્મવિરાટ્ આદિ પ્રકૃતિવિકારભાવે પ્રસિદ્ધ છે. પૂર્વની અપેક્ષાએ વિકાર હોય તે પણ ઉત્તરની અપેક્ષાએ પ્રકૃતિ થાય એવો અર્થ છે. કેટલાક આકાશ અધિકરણને અનુસારે આ સૂત્રનું વ્યાખ્યાન કરે છે તેમને દૂષિત કરે છે—

---

૧ અવિદ્યમાન છે, ક્રિયાશક્તિભેદવાન્ ચલનાત્મક વાયુ એને વિષે, અવિદ્યમાન છે, અનેક જ્ઞાનશક્તિભેદવત્, સંકલ્પાદ્યાત્મક મન એને વિષે; પ્રાણાદિવાયુભેદો, કર્મેન્દ્રિયો, તેના વિષયો તેમજ બુદ્ધિ અને મન, બુદ્ધીન્દ્રિયો અને તેના વિષયો પ્રતિષિદ્ધ થયલા સમજવા. પ્રતિષિદ્ધ ઉપાધિદ્વયવાળો હોવાથી શુદ્ધ. (કાર્ય એ અપર તરીકે પ્રસિદ્ધ છે, તેના કારણરૂપ ગમ્યમાન થવાથી, માયાતત્ત્વ એ પર છે, તેને સ્વરૂપનો ઉચ્છેદ ન હોવાથી અક્ષર કહ્યું છે), સર્વ કાર્યકારણબીજ તરીકે ઉપલક્ષ્યમાણ જે પર તે પર જે અક્ષર છે તેથી પર નિરુપાધિક પુરુષ છે એવો અર્થ છે. ૨ નિશ્ચય.

તેમાં જે એઓનું અન્નમયત્વ આદિ મુખ્યજ હોય તો તેથી તેઓનું બ્રહ્મથી ઉત્પન્ન થવું છેજ; જો ગૌણ હોય, તોપણ બ્રહ્મ જેનો કર્તા છે એવા નામરૂપના વ્યાકરણમાં શ્રવણ છે તેથી, 'येनाश्रुतं श्रुतं भवति' [છાન્દો૦ ૬।૧।૩] (જે વડે અશ્રુત શ્રુત થાય છે) એવો ઉપક્રમ હોવાથી, 'ऐतदात्म्यमिदं सर्वम्' [છાન્દો૦ ૬।૮।૭] [આ જેનો આત્મા છે એવું એ સર્વ છે) એવો ઉપસંહાર હોવાથી, અને અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ છે તેથી મન આદિને અન્નમયત્વ આદિ કહ્યાં છે તે તેઓ બ્રહ્મકાર્ય છે એમ વિસ્તારથી દર્શાવવા માટેજ છે એમ સમજાય છે. તેથી પણ પ્રાણો બ્રહ્મના વિકાર છે એમ સિદ્ધ થાય છે ॥ ૪ ॥

सप्त गतेर्विशेषितत्वाच्च ॥ ५ ॥

(પ્રાણ) સાત છે, (શ્રુતિથી એવી) અધિગતિ છે તેથી અને વિશેષણથી પણ ॥ ૫ ॥

ઉત્પત્તિ વિષે પ્રાણોના શ્રુતિવિરોધનો પરિહાર કર્યો; હવે સંખ્યા વિષે શ્રુતિવિરોધનો પરિહાર કરાય છે. તેમાં મુખ્ય પ્રાણ વિષે આગળ કહેશે. હાલ તો અન્ય

છે કે [illegible] પ્રથમ પક્ષ પ્રતિ કહે છે—'તેમાં જો એઓનું અન્નમયત્વ' [illegible] 'કેમકે તેજ આદિ બ્રહ્મથી ઉત્પન્ન થયાં છે' એવો વાક્યશેષ છે. દ્વિતીય પક્ષનો અનુવાદ કરી તેમાં પણ બ્રહ્મજત્વ અબાધક છે એમ કહે છે—'જો ગૌણ હોય તોપણ' [illegible] ભક્ત્ય- [illegible] વિકારના [illegible] મુખ્ય છે. એ પક્ષમાં [illegible] બ્રહ્મકાર્ય છેજ, કેમકે તેજ, [illegible] અને [illegible] બ્રહ્મવિકાર છે. [illegible] વાયુ જળવિકાર [illegible] નથી તેથી તેને [illegible] [illegible] એમ [illegible] [illegible] કહ્યું. એટલે બ્રહ્મકાર્ય સિદ્ધ થયું. [illegible] છે—[illegible] તેજ [illegible] [illegible] નહિ. [illegible] તોપણ [illegible] કહી છે; કેમકે એ પ્રકરણમાં [illegible] અને [illegible] તેજપૂર્વક, [illegible]પૂર્વક અને [illegible] (अन्नमयं हि [illegible]), તે [illegible] મુખ્ય [illegible] [illegible] સર્વ [illegible] [illegible] નામરૂપના [illegible] છે તેનો ઉપક્રમ અને ઉપસંહારનું [illegible] અને અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ છે તેથી [illegible] કહ્યાં છે તે તેઓ બ્રહ્મકાર્ય છે [illegible] 'स प्राणमसृजत' ([illegible]) [illegible] [illegible] ઉત્પત્તિ [illegible] વિરોધ નહિ, તેથી [illegible] બ્રહ્મને વિષે [illegible] છે એમ સિદ્ધ થયું ॥ ૪ ॥

[illegible]

(તેણે પ્રાણ સર્જ્યા, અને પ્રાણથી શ્રદ્ધા સર્જી) એમાં પણ પ્રાણોને વિષે 'શ્રુત सृजति (સર્જન) પછી આવતા શ્રદ્ધા આદિને વિષે અનુસક્ત થાય છે. જ્યાંપણ પાછળથી શ્રુત ઉત્પત્તિવાચક શબ્દનો પૂર્વ શબ્દો સાથે સંબન્ધ હોય ત્યાંપણ એજ ન્યાય છે. જેમ 'सर्वाणि भूतानि व्युच्चरन्ति' (સર્વ ભૂતો નીકળે છે) એમાં અન્તે પડેલા व्युच्चरन्ति (નીકળે છે) શબ્દનો પૂર્વે પણ આવેલા પ્રાણ આદિ શબ્દો સાથે સંબન્ધ થાય છે ॥ ૩ ॥

तत्पूर्वकत्वाद्वाचः ॥ ४ ॥

વાણી, (પ્રાણ અને મન) તત્પૂર્વક (તેજ, જળ અને અન્ન પૂર્વે કહ્યાં છે જેની એવાં) હોવાથી (પ્રાણની ઉત્પત્તિનું અશ્રવણ અસિદ્ધ છે ॥ ૪ ॥

જોકે 'तत्तेजोऽसृजत' [છાન્દો૦ ૬।૨।૨] (તેણે તેજ સર્જ્યું) એમ એ પ્રકરણમાં પ્રાણોની ઉત્પત્તિ પડેલી નથી; કેમકે તેજ, જળ અને અન્ન એ ત્રણ ભૂતોનીજ ઉત્પત્તિનું શ્રવણ છે; તોપણ બ્રહ્મ પ્રકૃતિ છે એવાં તેજ, જળ અને અન્ન જેની પૂર્વે કહ્યાં છે એવાં વાક્, પ્રાણ અને મનનું અભિધાન છે તેથી અને તેના સાદૃશ્યથી સર્વ પ્રાણો બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા છે એ સિદ્ધ થાય છે. જેમકે એજ પ્રકરણમાં વાક્, પ્રાણ અને મનની તેજ, જળ અને અન્ન જેની પૂર્વે છે એવી શ્રુતિ છે—'अन्नमयं हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वाक्' [છાન્દો૦ ૬।૫।૪] (હે સોમ્ય, ખરેખર, અન્નમય મન છે, જલમય પ્રાણ છે અને તેજોમયી વાણી છે) એમ.

તેથી. એક વાક્યમાં એક શબ્દનું કવચિત્ મુખ્યત્વ થાય અને કવચિત્ ગૌણત્વ થાય એમ વૈરૂપ્ય યુક્ત નથી એ ન્યાયનો અન્યત્ર અતિદેશ કરે છે—'જ્યાંપણ પાછળથી શ્રુત' ઇત્યાદિ ॥૩॥

છાન્દોગ્યમાં પણ પ્રાણોની ઉત્પત્તિનું શ્રવણ નથી એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'तत्पूर्वकत्वाद्वाचः'. આ સૂત્રમાં वाच् એ પદ પ્રાણ અને મનનું ઉપલક્ષણ છે. વાક્, પ્રાણ અને મન, જેની પૂર્વે તેજ, જળ અને અન્ન છે એવાં કહ્યાં છે તેથી પ્રાણોની ઉત્પત્તિનું અશ્રવણ અસિદ્ધ છે એવી યોજના છે. તેજ આદિના સૃષ્ટિપ્રકરણમાં પ્રાણોની ઉત્પત્તિનું શ્રવણ નથી; કેમકે તેમનીજ સૃષ્ટિ કહી છે એમ આશંકાનો અનુવાદ કરે છે—'જોકે "तत्तेजोऽसृजत"' ઇત્યાદિ. સૂત્રના વ્યાખ્યાનથી ઉત્તર કહે છે— 'તોપણ બ્રહ્મપ્રકૃતિ છે એવાં' ઇત્યાદિ. વાક્ આદિ ત્રણ [1]પ્રનાડીથી [3]બ્રહ્મપ્રકૃતિકત્વ છે તોપણ હસ્ત આદિ બ્રહ્મપ્રકૃતિક શી રીતે એમ આશંકા કરી કહે છે—'તેના સાદૃશ્યથી', તેની એટલે વાણી આદિઓની-સાથે ચક્ષુરાદિનું સાદૃશ્ય—કરણત્વ, તેથી. ઉક્ત અર્થનોજ પ્રપંચ કરે છે—'જેમકે એજ પ્રકરણમાં' ઇત્યાદિ. એઓ બ્રહ્મપ્રકૃતિક શી રીતે છે? એમનું અન્નાદિમયત્વ મુખ્ય

---

૧ શ્રુતિમાં આવેલા. ૨ તેજ આદિ મારફતે. ૩ બ્રહ્મ જેની પ્રકૃતિ છે એવું તે બ્રહ્મપ્રકૃતિક; બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલો

તેમાં જો એઓનું અન્નમયત્વ આદિ મુખ્યજ હોય તો તેથી તેઓનું બ્રહ્મથી ઉત્પન્ન થવું છેજ; જો ગૌણ હોય, તોપણ બ્રહ્મ એનો કર્તા છે એવા નામરૂપના વ્યાકરણમાં શ્રવણ છે તેથી, 'येनाश्रुतं श्रुतं भवति' [છાન્દો૦ ૬।૧।૩] (જે વડે અશ્રુત શ્રુત થાય છે) એવો ઉપક્રમ હોવાથી, 'ऐतदात्म्यमिदं सर्वम्' [છાન્દો૦ ૬।૮।૭] [આ એનો આત્મા છે એવું એ સર્વ છે) એવો ઉપસંહાર હોવાથી, અને અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ છે તેથી મન આદિને અન્નમયત્વ આદિ કહ્યાં છે તે તેઓ બ્રહ્મકાર્ય છે એમ વિસ્તારથી દર્શાવવા માટેજ છે એમ સમજાય છે. તેથી પણ પ્રાણો બ્રહ્મના વિકાર છે એમ સિદ્ધ થાય છે ॥ ૪ ॥

सप्त गतेर्विशेषितत्वाच्च ॥ ५ ॥

(પ્રાણ) સાત છે, (શ્રુતિથી એવી) અધિગતિ છે તેથી અને વિશેષણથી પણ ॥ ૫ ॥

ઉત્પત્તિ વિષે પ્રાણોના શ્રુતિવિરોધનો પરિહાર કર્યો; હવે સંખ્યા વિષે શ્રુતિવિરોધનો પરિહાર કરાય છે. તેમાં મુખ્ય પ્રાણ વિષે આગળ કહેશે. હાલ તો અન્ય

છે કે ગૌણ છે? પ્રથમ પક્ષ પ્રતિ કહે છે—'તેમાં જો એઓનું અન્નમયત્વ' ઇત્યાદિ. 'કેમકે તેજ આદિ બ્રહ્મથી ઉત્પન્ન થયાં છે' એવો વાક્યશેષ છે. દ્વિતીય પક્ષનો અનુવાદ કરી તેમાં પણ બ્રહ્મજત્વ અબાધ્ય છે એમ કહે છે—'જો ગૌણ હોય તોપણ' ઇત્યાદિ. અહીં મયટ્-પ્રત્યય વિકારના અર્થમાં મુખ્ય છે. એ પક્ષમાં પ્રાણો બ્રહ્મકાર્ય છેજ; કેમકે તેજ, જળ અને અન્ન બ્રહ્મવિકાર છે. એ પ્રાણ એટલે વાયુ જળવિકાર થાય તે યુક્ત નથી તેથી તેને અધીન સ્થિતિમાત્ર અર્થ છે એમ મયટ્ પ્રત્યય ભાક્ત હોય તોપણ પ્રાણોના વિકારત્વમાં તેને અધીન સ્થિતિરૂપ લિંગ મયટ્પ્રત્યયે કહ્યું, એટલે બ્રહ્મકાર્ય સિદ્ધ થયું. તાત્પર્ય આ પ્રમાણે છે—જોકે તેજ આદિની સૃષ્ટિમાં પ્રાણની સૃષ્ટિ કહી નથી એમ તમે કહો છો, તોપણ અમે કહીએ છીએ કે કહી છે; કેમકે જે પ્રકરણમાં વાક્, પ્રાણ અને મનને શ્રુતિમાં તેજપૂર્વક, જળપૂર્વક અને અન્નપૂર્વક કહ્યાં છે (अन्नमयं हि इत्यादिથી), તે જો તેજોજળાન્નપૂર્વકત્વ મુખ્ય હોય તો તેના દ્વારથી સર્વ પ્રાણોની સૃષ્ટિ કહી છે; ગૌણ હોય તોપણ બ્રહ્મકર્તૃક નામરૂપવ્યાકરણ છે તેમાં ઉપક્રમ અને ઉપસંહારનું પર્યાલોચન કરવાથી અને અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ છે તેથી પ્રાણાદિને અન્નમયાદિ કહ્યાં છે તે તેઓ બ્રહ્મકાર્ય છે એ પ્રપંચથી દર્શાવવાજ, એટલે તેમાં પણ પ્રાણસૃષ્ટિ કહી છેજ. 'स प्राणमसृजत' (તેણે પ્રાણ સર્જ્યો) ઇત્યાદિ બીજી શ્રુતિમાં સ્પષ્ટ બ્રહ્મકાર્યત્વ કહ્યું છે. તેટલા માટે પ્રાણોની ઉત્પત્તિશ્રુતિઓનો સદ્ભાવશ્રુતિ સાથે વિરોધ નથી, તેથી કારણ બ્રહ્મને વિષે સમન્વય છે એમ સિદ્ધ થયું ॥ ૪ ॥

આ પ્રમાણે જન્મ વડે જેમણે અસ્તિત્વ પ્રાપ્ત કર્યું છે એવા પ્રાણોની ઉત્કૃષ્ટત્વ અને ઉપકૃષ્ટત્વ સંગતિથી સંખ્યા નક્કી કરવા માટે શ્રુતિઓ વિરુદ્ધ હોવાથી સંશય થવે પૂર્વપક્ષ

(ગૌણ) પ્રાણો કેટલા છે તે નક્કી કરે છે, અને શ્રુતિવિરોધથી અહિં સંશય છે. કોઈક સ્થળે સાત પ્રાણ કહ્યા છે—'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्' [મુણ્ડ૦ ૨।૧।૮] (તેમાંથી સાત પ્રાણ ઉત્પન્ન થાય છે) એમ. કોઈક સ્થળે આઠ પ્રાણ ગ્રહત્વ ગુણ વડે કહ્યા છે—'अष्टौ ग्रहा अष्टावतिग्रहाः' [બૃહ૦ ૩।૨।૧] (આઠ ગ્રહ છે અને આઠ અતિગ્રહ છે) એમ. કવચિત્, નવ કહ્યા છે—'सप्त वै शीर्षण्याः प्राणा द्वाववाञ्चौ' [તૈત્તિ૦ સં૦ ૫।૩।૨।૫] (ખરેખર, સાત શીર્ષમાં રહેલા પ્રાણ છે અને બે નીચેના છે) એમ. કવચિત્ દસ કહ્યા છે—'नव वै पुरुषे प્राणा नाभिर्दशमी' [તૈત્તિ૦ સં૦ ૫।૩।૨।૩] (ખરેખર, પુરુષમાં નવ પ્રાણ છે, અને દસમી નાભી છે) એમ. કવચિત્, અગીઆર—'दशेमे पुरुषे प्राणा आत्मैकादशः' [બૃહ૦ ૩।૯।૪] (પુરુષમાં એ દસ પ્રાણ છે અને આત્મા અગીઆરમો છે) એમ. કવચિત્ બાર—'सर्वेषां स्पर्शानां त्वगेकायनम्' [બૃહ૦ ૨।૪।૧૧] (સર્વે સ્પર્શોનું ત્વચા એક સ્થાન છે) એમાં. કવચિત્ તેર—'चक्षुश्च द्रष्टव्यं च' [પ્રશ્નો૦ ૪।૮] (નેત્ર અને દ્રષ્ટવ્ય) એમ. આ પ્રમાણે પ્રાણની ઈયત્તા પ્રતિ શ્રુતિઓ 'વિપ્રતિપન્ન છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે?

કહે છે—'सप्त गतेः' ઇત્યાદિ. અહિં ઇન્દ્રિયો વિષય છે. 'કોઈક સ્થળે સાત પ્રાણ કહ્યા છે'—પાંચ બુદ્ધીન્દ્રિયો—નેત્ર, ઘ્રાણ, રસના, શ્રોત્ર અને ત્વક્—વાક્ અને મન એ સાત પ્રાણ છે. કવચિત્ આઠ પ્રાણ ગ્રહત્વ-બન્ધન ગુણ વડે કહ્યા છે. હસ્ત સાથે આગળ કહેલા સાત પ્રાણ મળી આઠ થાય છે. એ આઠ પ્રાણને 'ગ્રહ' કહ્યા છે; કેમકે તે પુરુષને બન્ધનમાં નાખે છે. गृह्णन्ति बध्नन्तीति ग्रहा इन્द्रियाणि-ગ્રહણ કરે, બન્ધનમાં નાખે તે ગ્રહ, ઇન્દ્રિયો. જેમ વિષાદ આદિ ગ્રહથી આવિષ્ટ થયેલો પુરુષ કાર્ય કે અકાર્ય જાણતો નથી તેમ ઇન્દ્રિયોથી આકૃષ્ટ થયેલો પુરુષ કાર્ય કે અકાર્ય સમજતો નથી, તેથી ઇન્દ્રિયોને ગ્રહસંજ્ઞા આપી છે. એ ઇન્દ્રિયો વિષયોને અધીન હોવાથી વિષયો 'અતિગ્રહ'—ગ્રહથી અતિક્રાન્ત છે. તેઓ રાગ ઉત્પન્ન કરી ઇન્દ્રિયોને આકર્ષે છે તેથી ગ્રહથી અતિક્રાન્ત છે. રૂપ, રસ, ગન્ધ, શબ્દ, સ્પર્શ, એ પંચ બુદ્ધીન્દ્રિયોના વિષયો, કર્મ (હસ્તનો વિષય), કામ (મનનો વિષય) અને નામ (વાણીનો વિષય) એ આઠ અતિગ્રહ છે. કવચિત્ નવ પ્રાણ ગણાવ્યા છે—બે શ્રોત્ર, બે નેત્ર, બે નાસિકા (નસકોરાં), અને વાણી એ સાત 'શીર્ષણ્ય'—શીર્ષમાં રહેલા પ્રાણ છે, અને પાયુ, ઉપસ્થ એ બે નીચેના પ્રાણ છે. અથવા બુદ્ધિ અને મન એ બે નીચેના પ્રાણ છે. 'પુરુષે'—પુરુષમાં—નરાકાર દેહમાં-શિર, હસ્ત આદિ જેને છે તેમાં—નવ પ્રાણ જે કહ્યા છે તે અને દસમી નાભિ મળીને દસ છે. 'દશેમે' ઇત્યાદિ. જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એ દસ, પુરુષે—દેહમાં પ્રાણ છે અને આત્મા—અભિમાનથી જે વ્યાપ્ત થાય છે તે, મન-એ અગીઆરમો છે. આ સિદ્ધાન્તોક્તિ કરી છે. 'सर्वेषां स्पर्शानाम्' ઇત્યાદિ. જેમ સર્વ શબ્દોનું શ્રોત્ર એક સ્થાન છે, તેમ સર્વ સ્પર્શનું ત્વચા એક સ્થાન છે, ઇત્યાદિથી ... 'સર્વ વિદ્યાઓનું હૃદય એક સ્થાન છે' એમ હૃદયગત બુદ્ધિ સાથે બાર પ્રાણ કહ્યા છે. અહંકાર સાથે તેર કહ્યા છે, 'चक्षुश्च द्रष्टव्यं च' એમાં પ્રશ્નોપ૦ ૪ પ્ર૦ ૮ માં અહંકાર સહિત છે 'अहंकारश्चाहंकर्तव्यं च' એમ. આ પ્રમાણે પ્રાણની ઇયત્તા-સંખ્યા વિષે શ્રુતિઓમાં વિપ્રતિપત્તિ-વિરોધ છે. હવે પ્રશ્નપૂર્વક પૂર્વપક્ષ કરે છે—'ત્યારે શું પ્રાપ્ત થાય છે?' ઇત્યાદિ 'ગતિથી'—અવગતિથી, 'सप्त प्राणाः प्रभवन्ति' ઇત્યાદિ શ્રુ-

૧ અસ્તવ્યસ્ત, વિરુદ્ધ. ૨ નિશ્ચય.

...ત્ર જ પ્રાણ છે એમ. શાથી? ગતિથી; કારણ કે 'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्' [મુણ્ડક ૨।૧।૮] (તેમાંથી સાત પ્રાણ ઉત્પન્ન થાય છે) એવા પ્રકારની શ્રુતિઓમાં સાત સમજાય છે; વળી 'सप्त वै शीर्षण्याः प्राणाः' (ખરેખર, સાત શીર્ષમાં રહેલા પ્રાણ છે) એમાં એ વિશેષિત થયા છે. પણ 'गुहाशया निहिताः सप्त सप्त' [મુણ્ડક ૨।૧।૮] (ગુહામાં-હૃદય કે શરીરમાં સ્વાપકાલે સુએ છે, (ધાતાએ) મૂકેલા સાત સાત (પ્રાણો)) એમ વીપ્સાનું શ્રવણ છે તે સાતથી અધિક પ્રાણનું અવગમન કરાવે છે. એ દોષ નથી. ભિન્ન ભિન્ન પુરુષ દર્શાવવા એવો અભિપ્રાય આ વીપ્સાનો છે, દરેક પુરુષમાં સાત સાત પ્રાણ છે એમ; 'સાત સાત અન્ય અન્ય પ્રાણ છે' એમ તત્ત્વભેદ દર્શાવવો એવો અભિપ્રાય નથી. પણ અષ્ટત્વ આદિ પણ સંખ્યાઓને વિષે કહી છે તો સાતજ પ્રાણ કેમ થાય? કહી છે એ ખરું છે; પણ વિરોધ છે તેથી બધામાંની એક સંખ્યાનો નિશ્ચય કરવો જોઈએ. તેમાં થોડી કલ્પનાને અનુસારે સાત સંખ્યાનો નિશ્ચય છે અને અન્ય સંખ્યાની શ્રુતિ (પ્રાણની) ભિન્ન વૃત્તિની અપેક્ષાએ છે એમ સમજાય છે ॥ ૫ ॥

શ્રુતિઓમાંથી અવગતિથી. માત્ર શ્રુતિથીજ અવગતિ છે એમ નહિ, વિશેષણથી પણ એમજ છે એમ કહે છે—'विशेषितत्वाच्च'. 'વિશેષિત થયા છે'—[illegible] એમ કહ્યું એટલે '[illegible] નથી' એમ સમજાય છે, તેમ '[illegible] આદિ છે તે પ્રાણ છે' એમ કહ્યું એટલે [illegible] શીર્ષમાં નથી તે [illegible] છે એમ સમજાય છે. शीर्षण्याः प्राणाः सप्त એમાં શીર્ષણ્ય પ્રાણ સાત છે એમ [illegible] કરવાનું નથી; કેમકે પ્રસિદ્ધ અર્થ પ્રતિપાદન કરવામાં વચન [illegible] '[illegible] શીર્ષણ્ય સાત છે તેજ પ્રાણ છે' એવું તાત્પર્ય છે, તેથી અશીર્ષણ્ય પ્રાણ નથી એમ [illegible] છે એવો [illegible] છે. પણ પ્રાણ સાત છે એમ કહેવું વીપ્સા [illegible] છે એમ [illegible] કરે છે—'પણ "गुहाशया" ' ઇત્યાદિ. ગુહાશય-હૃદયમાં સુએ તે 'गुहाशय'. 'निहिताः'—[illegible] એવો અર્થ છે. 'વીપ્સા' એટલે પુનર્વચન, [illegible] પણ [illegible] એમ પૂર્વપક્ષી કહે છે—'એ દોષ નથી'. [illegible] વીપ્સા [illegible] ને પ્રકટ કરે છે—'દરેક પુરુષમાં સાત સાત પ્રાણ છે એમ'. [illegible] કહે છે—'સાત સાત અન્ય અન્ય પ્રાણ છે' ઇત્યાદિ. શ્રુતિના અનુસારે, [illegible]. [illegible] [illegible] સાત છે એમ [illegible] ભિન્ન વૃત્તિ દર્શાવવા માટે છે એમ પૂર્વપક્ષનો [illegible] છે ॥ ૫ ॥

[illegible]

એને વિષે કહે છે—

हस्तादयस्तु स्थितेऽतो नैवम् ॥ ६ ॥

પણ હસ્તાદિ (સાતથી વધારે પ્રાણ શ્રુતિમાં છે) અને (સાતથી વધારે) છે તેથી (સાતજ પ્રાણ છે) એમ નથી ॥ ૬ ॥

પણ હસ્તાદિ, અન્ય, સાતથી અતિરિક્ત પ્રાણ શ્રુતિમાં છે—'हस्तो वै ग्रहः स कर्मणातिग्रहेण गृहीतो हस्ताभ्यां हि कर्म करोति' [બૃહ૦ ૩।૨।૮] (ખરેખર, હસ્ત ગ્રહ છે, તે કર્મરૂપ અતિગ્રહથી ગ્રહણ કરાયલો છે; કેમકે હાથો વડે કામ કરે છે) ઇત્યાદિ શ્રુતિઓમાં. સાતથી વધારે છે એવી સ્થિતિ છે તેથી અન્તર્ભાવથી સપ્તત્વની સંભાવના કરવી શક્ય છે; કારણ કે [1]હીન અને અધિક સંખ્યાના વિરોધને વિષે અધિક સંખ્યા સંગ્રહણ કરવા યુક્ત થાય છે, તેને વિષે હીનનો અન્તર્ભાવ થાય છે, હીનને વિષે અધિકનો અન્તર્ભાવ થતો નથી. એથી થોડી કલ્પનાને અનુસારે સાતજ પ્રાણ છે એમ ન માનવું, પણ [3]ઉત્તર સંખ્યાના [2]અનુરોધથી અગીઆરજ તે પ્રાણ છે. તેમજ શ્રુતિ અગાઉ કહી છે—'दशेमे पुरुषे प्राणा आत्मैकादशः' [બૃહ૦ ૩।૯।૪] (પુરુષમાં એ દસ પ્રાણ છે અને આત્મા અગીઆરમો છે) એમ. આત્મશબ્દ વડે અહિં અન્તઃકરણનું પરિગ્રહણ કરવાનું છે; કેમકે [4]કરણનો અધિકાર છે. પણ અગીઆરથી પણ અધિક બાર અને તેર સંખ્યા કહી છે. ખરૂં છે, કહી છે; પણ અગીઆર કાર્યસમૂહથી અધિક કાર્યસમૂહ નથી કે જેને માટે અધિક કરણની કલ્પના થાય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ, જેના વિષય છે એવા પાંચ

સિદ્ધાન્તીને પણ એકાદશ સંખ્યામાં મનોવૃત્તિના ભેદથી નિશ્ચયાત્મિકા બુદ્ધિ, ગર્વાત્મક અહંકાર, સ્મરણાત્મક ચિત્ત એમ દ્વાદશ આદિ સંખ્યાનો અન્તર્ભાવ કરવો પડશે; તેટલા માટે પ્રાથમિક સપ્ત સંખ્યામાં અન્તર્ભાવ વધારે સારો છે, લાઘવથી એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કરે છે—'એને વિષે કહે છે', તેની પ્રતિજ્ઞા કરે છે—'हस्तादयस्तु' ' ઇત્યાદિ. તુશબ્દ પક્ષને વ્યાવૃત્ત કરે છે. સાતજ છે એમ નહિ, પણ હસ્તાદિ પણ પ્રાણ છે; અન્ય પ્રમાણથી પ્રાણ એકાદશ છે એમ સ્થિતિ છે તેથી લાઘવથી અને પ્રાથમ્યથી પ્રાણ સાત છે એવો અક્ષરાર્થ છે. 'कर्मणा'—આદાનકર્મથી ગૃહીત થયલો, એટલે સંબદ્ધ થયલો. સંબન્ધજ કહે છે—'हस्ताभ्याम्'. 'એથી થોડી કલ્પનાને અનુસારે' ઇત્યાદિ. અધિક સંખ્યા ન્યૂનને વિષે અન્તર્ભૂત થાય એ અયુક્ત હોવાથી સપ્તજ પ્રાણ છે, લાઘવના અનુરોધથી એમ ન માનવું એવો અન્વય છે. ત્યારે પ્રાણો કેટલા છે, ઇન્દ્રિયો કેટલી છે એ આકાંક્ષાને વિષે કહે છે—'પણ ઉત્તરસંખ્યાના અનુરોધથી' ઇત્યાદિ. 'श्रुतीनां मिथोविरोधे सति मानान्तरानुगृहीता श्रुतिर्बलीयसी' (શ્રુતિઓનો પરસ્પર વિરોધ થયે અન્ય પ્રમાણથી અનુગૃહીત શ્રુતિ વધારે બલવાન્ છે) એ ન્યાયથી કાર્યલિંગાનુમાનથી અનુગૃહીત થયલી એકાદશપ્રાણશ્રુતિને અનુસારે અન્ય શ્રુતિઓ ગૌણ કરવી એવા આશયથી કહે છે—'ખરૂં છે, કહી છે' ઇત્યાદિ. એકાદશ કાર્યલિંગો કહે છે—'શબ્દ, સ્પર્શ, રૂપ' ઇત્યાદિ. બાહ્ય ઇન્દ્રિયોનું આ પ્રમાણે અનુમાન થાય છે, તોપણ મનનું અનુ-

૧ ન્યૂન. ૨ અનુસાર. ૩ પછી આવતી, મોટી. ૪ ઇન્દ્રિયનો.

બુદ્ધિના ભેદ છે અને તેને માટે પાંચ બુદ્ધીન્દ્રિયો છે; વચન, [1]આદાન, [2]વિહરણ, [3]ઉત્સર્ગ અને [4]આનન્દ એ પાંચ કર્મના ભેદ છે અને તેને માટે પાંચ કર્મેન્દ્રિયો છે; સર્વ અર્થ જેના વિષય છે, એવું ત્રિકાલવૃત્તિવાળું મન તો એક છે અને તેને અનેક વૃત્તિઓ છે. તેનાજ, વૃત્તિના ભેદથી ક્વચિત્ ભિન્ન તરીકે વ્યપદેશ થાય છે— 'મનો બુદ્ધિરહંકારશ્ચિત્તં ચ' (મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત) એમ. તેમજ શ્રુતિ કામ આદિ નાના પ્રકારની વૃત્તિને અનુક્રમે વર્ણવી કહે છે કે 'एतत् सर्वं मन एव' [બૃહ૦ ૧।૫।૩] (એ સર્વ મનજ છે) એમ. વળી સાતજ શીર્ષણ્ય પ્રાણ છે એમ માનનારને ચારજ પ્રાણ અભિમત થશે; કેમકે સ્થાનના ભેદથી એ ચાર દેહે સાત ગણાય છે—'द्वे श्रोत्रे द्वे चक्षुषी द्वे नासिके एका वाक्' (બે કાન, બે આંખ, બે નાસિકા, એક વાણી) એમ. ત્યારે અન્ય પ્રાણ તેટલાનાજ વૃત્તિભેદ છે એમ કહેવું શક્ય નથી; કેમકે હસ્ત આદિની વૃત્તિઓ અત્યન્ત વિજાતીય છે. તેમજ 'नव वै पुरुषे प्राणा नाभिर्दशमी' (ખરેખર, પુરુષમાં નવ પ્રાણ છે અને નાભિ દશમી છે) એમાં પણ દેહના છિદ્રભેદને અભિપ્રાયેજ દસ પ્રાણ કહ્યા છે, પ્રાણતત્ત્વના ભેદને અભિપ્રાયે નહિ; કેમકે 'नाभिर्दशमी' (દશમી નાભિ છે) એવું વચન છે. ખરેખર, નાભિ નામનો કોઈ પ્રાણ પ્રસિદ્ધ નથી; પરંતુ મુખ્ય પ્રાણનું નાભિ પણ એક વિશેષ સ્થાન થાય છે તેથી નાભિ દશમી છે એમ કહ્યું છે. ક્વચિત્ ઉપાસનાને માટે કેટલાક પ્રાણો ગણાય છે અને ક્વચિત્ પ્રદર્શનને માટે. આ પ્રમાણે પ્રા-

માન શી રીતે તેને વિષે કહે છે—'સર્વ અર્થ જેના વિષય છે' ઇત્યાદિ. ત્રણ કાળ વિષે જેની વૃત્તિ છે એવું તે 'ત્રિકાલવૃત્તિવાળું'. અન્ય ઇન્દ્રિયો વર્તમાનમાત્રગ્રાહી હોવાથી અતીત આદિના જ્ઞાનને માટે મનનો અંગીકાર કરવો જોઈએ એવો અર્થ છે. મન જો એકજ છે તો ભેદોક્તિ શી રીતે છે તેને માટે કહે છે—'તેનાજ, વૃત્તિના ભેદથી' ઇત્યાદિ. વૃત્તિના ભેદથી એકનુંજ અનેકપણું શી રીતે છે! ધર્મિભેદ શા માટે ન થાય એમ આશંકા કરી નિરાકરણ કરે છે કે નેથી ધર્મીનો અભેદ પ્રતિપાદન કરનારી શ્રુતિનો વિરોધ થાય—'તેમજ શ્રુતિ, કામ આદિ' ઇત્યાદિ. 'विशेषितत्वात्' એમ જે કહ્યું છે તેનું નિરાકરણ કરે છે— 'વળી સાતજ શીર્ષણ્ય પ્રાણ છે' ઇત્યાદિ. ચક્ષુ, શ્રોત્ર અને ઘ્રાણ એને બે ગોલક હોવાથી પ્રત્યેકને દ્વિત્વ છે, સ્વભાવતઃ નથી; કેમકે બંને ગોલકનું કાર્ય એક છે. એકજ ચક્ષુરાદિક સાવયવ બે ગોલકમાં વ્યાસક્ત થયલું છે, એટલાજ માટે કાણાને, ચક્ષુરિન્દ્રિયહીન છે માટે, રૂપની સમ્યક્ ઉપલબ્ધિ નથી, તેમજ લંગડાને સમ્યક્ ગમન નથી. 'હસ્ત આદિની વૃત્તિઓ' ઇત્યાદિ. આદાન આદિ, શ્રોત્રાદિથી અત્યન્ત વિજાતીય છે એવો અર્થ છે. એ આદાન આદિ શ્રોત્રાદિની વૃત્તિ હોય તો બધિર આદિથી આદાન આદિ ન થાય એવો ભાવ છે. ત્યારે છિદ્રને વિષે પ્રાણશબ્દ શી રીતે એમ આશંકા કરી લક્ષણાથી એમ કહે છે—'પરંતુ મુખ્ય પ્રાણનું' ઇત્યાદિ. 'सप्त प्राणाः प्रभवन्ति' ઇત્યાદિની ગતિ કહે છે—'ક્વચિત્ ઉપાસના માટે' ઇત્યાદિ. 'अष्टौ ग्रहाः' ઇત્યાદિની ગતિ કહે છે—'ક્વચિત્ પ્રદર્શનને માટે'. अष्टौ ग्रहाः એ શ્રુતિ ઉપલક્ષણ માટે છે; કેમકે પાયુ, ઉપસ્થ, પાદ એ પણ સરખાંજ બન્ધક છે, એમ ક્વચિત્ ઉપાસનાર્થે છે અને ક્વચિત્ ઉપલક્ષણાર્થે છે એમ વિવેક કરવો. પણ સૂત્રનું

1 લેવું તે. 2 ફરવું તે. 3 મલમૂત્રનો ત્યાગ કરવો તે. 4 જન્મ આપવો તે.

એને વિષે કહે છે—

हस्तादयस्तु स्थितेऽतो नैवम् ॥ ६ ॥

પણ હસ્તાદિ (સાતથી વધારે પ્રાણ શ્રુતિમાં છે) અને (સાતથી વધારે) છે તેથી (સાતજ પ્રાણ છે) એમ નથી ॥ ૬ ॥

પણ હસ્તાદિ, અન્ય, સાતથી અતિરિક્ત પ્રાણ શ્રુતિમાં છે—' हस्तो वै ग्रहः स कर्मणातिग्रहेण गृहीतो हस्ताभ्यां हि कर्म करोति ' [બૃહ૦ ૩।૨।૮] (ખરેખર, હસ્ત ગ્રહ છે, તે કર્મરૂપ અતિગ્રહથી ગ્રહણ કરાયલો છે; કેમકે હાથો વડે કામ કરે છે) ઇત્યાદિ શ્રુતિઓમાં. સાતથી વધારે છે એવી સ્થિતિ છે તેથી અન્તર્ભાવથી સાતની સંભાવના કરવી શક્ય છે; કારણ કે [૧]હીન અને અધિક સંખ્યાના વિરોધે વિષે અધિક સંખ્યા સંગ્રહણ કરવા યુક્ત થાય છે, તેને વિષે હીનનો અન્તર્ભાવ થાય છે, હીનને વિષે અધિકનો અન્તર્ભાવ થતો નથી. એથી થોડી કલ્પનાને અનુસારે સાતજ પ્રાણ છે એમ ન માનવું, પણ [૩]ઉત્તર સંખ્યાના [૨]અનુરોધથી અગીઆર ને પ્રાણ છે. તેમજ શ્રુતિ અગાઉ કહી છે—' दशेमे पुरुषे प्राणा आत्मैकादशः ' [બૃહ૦ ૩।૯।૪] (પુરુષમાં એ દસ પ્રાણ છે અને આત્મા અગીઆરમો છે) એમ. આત્મશબ્દ વડે અહિં અન્તઃકરણનું પરિગ્રહણ કરવાનું છે; કેમકે [૪]કરણનો અધિકાર છે. પણ અગીઆરથી પણ અધિક બાર અને તેર સંખ્યા કહી છે. ખરૂં છે, કહી છે પણ અગીઆર કાર્યસમૂહથી અધિક કાર્યસમૂહ નથી કે જેને માટે અધિક કરણની કલ્પના થાય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ, જેના વિષય છે એવા પાંચ

સિદ્ધાન્તીને પણ એકાદશ સંખ્યામાં મનોવૃત્તિના ભેદથી નિશ્ચયાત્મિકા બુદ્ધિ, ગર્વાત્મક અહંકાર, સ્મરણાત્મક ચિત્ત એમ દ્વાદશ આદિ સંખ્યાનો અન્તર્ભાવ કરવો પડશે; તેથી સપ્ત [illegible] સંખ્યામાં અન્તર્ભાવ વધારે સારો છે, લાઘવથી એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત [illegible] છે— ' એને વિષે કહે છે ', તેની પ્રતિજ્ઞા કરે છે— ' हस्तादयस्तु ' ' ઇત્યાદિ. તુશબ્દ [illegible] [illegible] કરે છે સાતજ છે એમ નહિ, પણ હસ્તાદિ પણ પ્રાણ છે; અન્ય પ્રમાણથી પ્રાણ [illegible] છે એમ સ્થિતિ છે તેથી લાઘવથી અને પ્રામાણ્યથી પ્રાણ સાત છે એવો અક્ષરાર્થ છે. 'कर्मणा' [illegible] અતિગ્રહથી ગૃહીત થયલો, એટલે સંબદ્ધ થયલો. સંબન્ધ કહે છે—' हस्ताभ्याम् ', [illegible] થોડી કલ્પનાને અનુસારે ' ઇત્યાદિ. અધિક સંખ્યા ન્યૂનને વિષે અન્તર્ભૂત થાય એ [illegible] [illegible] સાતજ પ્રાણ છે, લાઘવના અનુરોધથી એમ ન માનવું એવો અન્વય છે. [illegible] [illegible] છે, ઇન્દ્રિયો કેટલી છે એ આકાંક્ષાને વિષે કહે છે—' પણ ઉત્તરસંખ્યાના અનુરોધથી ' [illegible] કે. ' धर्मिणां नियोगेऽपि सति मानान्तरानुगृहीता श्रुतिर्बलीयसी ' ([illegible] [illegible] [illegible] થયે અન્ય પ્રમાણથી અનુગ્રહીત શ્રુતિ વધારે બલવાન્ છે) એ [illegible] [illegible] અનુગ્રહીત હોવાથી એકાદશસંખ્યાશ્રુતિને અનુસારે અન્ય શ્રુતિઓ નેતવ્ય કરી [illegible] [illegible] કહે છે— ખરૂં છે, કહી છે ' ઇત્યાદિ. એકાદશ કાર્યોને કહે છે— ' [illegible] સ્પર્શ, રૂપ ' ઇત્યાદિ. અત્ર ઇન્દ્રિયોનું આ પ્રમાણે અનુમાન થાય છે, જેમ [illegible]

૧ ન્યૂન. ૨ અનુસાર. ૩ પછી આવતી, મોટી. ૪ ઇન્દ્રિયોનો.

ભોજયિતવ્યાઃ' (સર્વે બ્રાહ્મણોને ભોજન કરાવવું) એમાં જે નિમન્ત્રેલા પ્રકૃત બ્રાહ્મણો છે તેજ સર્વશબ્દથી કહેવાય છે, અન્ય નહિ; એ પ્રમાણે અહિં પણ જે પ્રકૃત સાત પ્રાણ છે તેજ સર્વશબ્દથી કહેવાય છે, અન્ય નહિ. પણ અહિં આઠમું વિજ્ઞાન ગણાવ્યું છે. સાતજ ગણાવ્યાં છે એમ કેમ કહો છો? એ દોષ નથી; કેમકે મન અને વિજ્ઞાન ભિન્ન તત્ત્વ ન હોવાથી ભિન્ન વૃત્તિ છે તોપણ સાતત્વ ઉપપન્ન થાય છે. તેટલા માટે સાતજ પ્રાણ છે એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—પણ બીજા, હસ્તાદિઓ, સાતથી અતિરિક્ત પ્રાણ પ્રતીત થાય છે—'हस्तो वै ग्रहः' [બૃહ૦ ૩।૨।૮] (ખરેખર, હસ્ત ગ્રહ છે) ઇત્યાદિ શ્રુતિઓમાં. ગ્રહત્વ એટલે બન્ધનભાવ સમજાય છે, ક્ષેત્રજ્ઞ એ ગ્રહસંજ્ઞક બન્ધનથી બન્ધાય છે એમ. વળી તે ક્ષેત્રજ્ઞ એકજ શરીરમાં બંધાતો નથી; કેમકે અન્ય શરીરોમાં પણ બન્ધન તુલ્ય છે. તેટલા માટે એ ગ્રહસંજ્ઞક બન્ધન અન્ય શરીરમાં સંચારી છે એમ અર્થાત્ કહ્યું છે. તેમજ સ્મૃતિ છે—'पुर्यष्टकेन लिङ्गेन प्राणाद्येन स युज्यते। तेन बद्धस्य वै बन्धो मोक्षो मुक्तस्य तेन च॥' (તે પ્રાણાદિ પુર્યષ્ટક લિંગથી જોડાય છે. ખરેખર, તેથી બન્ધાયલાને બન્ધ

નથી, સ્પર્શ કરતો નથી, વિજ્ઞાન પામતો નથી) એનું ગ્રહણ કરવાનું છે. આમ સાતજ વિવક્ષિત છે એવો અર્થ છે. તોપણ સર્વની શ્રુતિથી સર્વપ્રાણના ગમનની આશંકા કરી પ્રકરણથી તેનો સંકોચ કહે છે—'સર્વશબ્દ પ્રકૃતગામી છે'. પ્રકરણથી શ્રુતિનો સંકોચ દૃષ્ટાન્ત વડે સ્પષ્ટ કરે છે—'જેમ "सर्वे ब्राह्मणाः"' ઇત્યાદિ. 'एकीभवति न विजानातीत्याहुः' એમ બુદ્ધિનો પણ પાઠ છે તેથી સાતનું અનુક્રમણ અસિદ્ધ છે એમ કહે છે—'પણ અહિં આઠમું વિજ્ઞાન ગણાવ્યું છે' ઇત્યાદિ. બુદ્ધિના અનુક્રમણથી સાતત્વનો વિઘાત થતો નથી એમ કહે છે—'એ દોષ નથી' ઇત્યાદિ. પૂર્વપક્ષનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે સાતજ પ્રાણ છે' ઇત્યાદિ. તેનો અનુવાદ કરી સિદ્ધાન્ત કરે છે—સાતનીજ જીવની સાથે ગતિ છે એ અસિદ્ધ છે; કેમકે હસ્તાદિ પણ ગ્રહ છે એવી શ્રુતિ છે તેથી તેમની પણ ગતિ પ્રતીત થાય છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. અક્ષરાર્થમાં વિશેષ નથી તોપણ તાત્પર્યાર્થમાં વિશેષ દર્શાવવા અક્ષરાર્થ સંક્ષેપે કહે છે—'પણ બીજા, હસ્તાદિઓ' ઇત્યાદિ. આત્મા પછી ઉત્ક્રમણ કરનાર, અનુયાયીઓજ ઇન્દ્રિયો છે એમ જે કહ્યું છે તેનો અંગીકાર કરી કહે છે કે અગીઆર પ્રાણ અનુયાયી છે—'ગ્રહત્વ એટલે બન્ધનભાવ સમજાય છે' ઇત્યાદિ. પણ એટલાથી સર્વ દેહનું અનુયાયિત્વ શી રીતે એમ આશંકા કરી જીવ સર્વ દેહમાં બદ્ધ છે એમ સિદ્ધ છે તેથી એવી બુદ્ધિ છે એમ કહે છે—'વળી તે ક્ષેત્રજ્ઞ' ઇત્યાદિ. પણ જીવ સર્વ દેહમાં બન્ધનમાં છે તેથી ગ્રહસંજ્ઞક હસ્તાદિ અનુયાયી શી રીતે છે તેને વિષે કહે છે—'તેટલા માટે એ ગ્રહસંજ્ઞક બન્ધન' ઇત્યાદિ. દશગ્રહસંજ્ઞક હસ્તાદિબન્ધ મોક્ષપર્યન્ત આત્માનો અનુયાયી છે તેને વિષે સ્મૃતિ કહે છે—સાતથી વધારે હસ્તાદિ પ્રાણો ઉત્ક્રમણ કરનારા છે એમ સમજાય છે; કેમકે હસ્તાદિ ગ્રહ છે [illegible] છે; એ ગ્રહ છે એવી શ્રુતિ ત્યારેજ ઉપપન્ન થાય કે જો તેઓ મુક્તિપર્યન્ત આ[illegible]ન કરે, નહિ તો ૭ કોશવાળા શરીરની પેઠે એમનું ગ્રહત્વ શ્રુતિ કહે [illegible] નહિ. એથી [illegible]ત મુક્તિને એમના અવધિ તરીકે કહે છે—'તેમજ સ્મૃતિ છે' ઇ. છે—'प्राणाद्येन'. પ્રાણાદિપંચક, ભૂતસૂક્ષ્મપંચક, કર્મેન્દ્રિ-

ણુની ઇયત્તાની શ્રુતિ વિચિત્ર છે તેથી, ક્યાં કઈ પરમ શ્રુતિ છે તેનો વિવેક કરવો જોઈએ. કાર્યસમૂહને લીધે તો પ્રાણ વિષે એકાદશત્વશ્રુતિ પ્રમાણ છે એવી સ્થિતિ છે. બે સૂત્રોની આ બીજી યોજના છે. પ્રાણ સાતજ છે; કેમકે સાતનીજ ગતિ શ્રુતિમાં છે—'तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ति' [બૃહ૦ ૪।૪।૨] (તેના ઉત્ક્રમણ પછી પ્રાણ ઉત્ક્રમણ કરે છે, અને પ્રાણના ઉત્ક્રમણ પછી સર્વે પ્રાણો ઉત્ક્રમણ કરે છે) એમાં. પણ સર્વશબ્દ પણ અહિં પઠિત છે, સાતનીજ ગતિની શી રીતે પ્રતિજ્ઞા છે? વિશેષિત છે તેથી એમ કહે છે; કારણ કે નેત્રાદિ ત્વક્‌પર્યન્ત સાતજ પ્રાણ વિશેષિત અહિં પ્રકૃત છે—'स यत्रैष चाक्षुषः पुरुषः पराङ् पर्यावर्ततेऽथारूपज्ञो भवति' [બૃહ૦ ૪।૪।૧] 'एकी भवति न पश्यतीत्याहुः' [બૃહ૦ ૪।૪।૨] (જે અવસ્થામાં તે એ નેત્રમાં રહેલો {અનુગ્રાહક સૂર્યાંશરૂપ} પુરુષ બહિર્દેશથી સ્વસ્થાન પ્રતિ જાય છે, ત્યારે જીવ અરૂપજ્ઞ થાય છે, {હૃદયમાં} ચક્ષુ એક થાય છે, અને {પાસે ઊભેલાઓ} દેખતો નથી એમ કહે છે) ઇત્યાદિ અનુક્રમણથી. સર્વશબ્દ પ્રકૃતગામી છે. જેમ 'सर्वे ब्राह्मणा

આ વ્યાખ્યાન અસંગત છે, પાંચ બુદ્ધીન્દ્રિય, વાણી અને મન એમ સપ્તત્વની અવગતિ અને શીર્ષણ્ય ચારનું વિશેષિતત્વ એમ હેતુનું વૈયધિકરણ્ય થાય છે અને ઉક્ત પરિસંખ્યામાં દોષ આવે છે તેથી અરુચિથી અન્ય અર્થ કહે છે, એ અન્ય વર્ણક છે—'બે સૂત્રોની આ બીજી યોજના છે.' ઇન્દ્રિયો કેટલી એમ સંદેહ થયે પૂર્વપક્ષસૂત્રની યોજના કરે છે—'પ્રાણ સાતજ છે'. તે જીવાત્માની સાથે જે પ્રાણો ઉત્ક્રમણ કરે છે તેજ ભોગહેતુ હોવાથી ઇન્દ્રિયો છે એવો અર્થ છે. જેનું સહગમન છે, તેઓજ અન્ય જન્મમાં ભોગના ઉપાય હોવાથી ઇન્દ્રિયો છે; અહિં તો સાતનીજ ગતિની શ્રુતિ છે, માટે તેજ ઇન્દ્રિયો છે એવો અર્થ છે. સપ્ત ગતેઃ એટલાનું વ્યાખ્યાન કરી શંકાના ઉત્તર તરીકે અન્ય પદને લે છે—'પણ સર્વશબ્દ પણ' ઇત્યાદિ. એનું ઉત્તર કહે છે—'વિશેષિત છે તેથી એમ કહે છે'. ચક્ષુરાદિ ત્વક્‌પર્યન્ત ઉત્ક્રાન્તિને વિષે વિશેષિત છે. 'અહિં પ્રકૃત છે'—'અહિં'= ઉત્ક્રાન્તિપ્રકરણમાં. 'स यत्रैष चाक्षुषः' ઇત્યાદિ. જે અવસ્થામાં નેત્રનો અધિષ્ઠાતા દેવતાંશ, તે એ પુરુષસંજ્ઞિત બહિર્દેશથી સ્વસ્થાન પ્રતિ વ્યાવૃત્ત થાય છે, તે અવસ્થામાં જીવ અરૂપજ્ઞ થાય છે, હૃદયમાં નેત્ર એક થાય છે અને પાસે ઊભેલા એ દેખતો નથી એમ કહે છે. અર્થ એવો છે કે જિવત અવસ્થામાં આ નેત્રમાં રહેલો અનુગ્રાહક સૂર્યાંશરૂપ પુરુષ બહિર્દેશથી સ્વાંશી સૂર્યમાં પાછો જાય છે ત્યારે એ [2]મુમૂર્ષુ અરૂપજ્ઞ થાય છે; દેવાંશ દેવમાં પ્રવિષ્ટ થયો એટલે લિંગાંશ ચક્ષુ હૃદયમાં એક થાય છે, ત્યારે એ દેખતો નથી એમ પાર્શ્વસ્થ લોકો કહે છે. મુમૂર્ષુદશામાં ચક્ષુરુપહિત જીવ પરાઙ્મુખતાથી હૃદયદેશમાં જાય છે, ત્યારે અરૂપજ્ઞ થાય છે—ચક્ષુરવચ્છિન્ન ચૈતન્ય હૃદયપુંડરીકને વિષે અવચ્છિન્ન ચૈતન્ય જોડે એક થાય છે એમ કહે છે. ચક્ષુરભિમાનપરત્વ ન યથાશ્રુત પ્રતીયમાન છે તોપણ સર્વ ઇન્દ્રિયોના અભિમાનપરિણામનું તે [3]ઉપલક્ષણ છે, એમ કેટલીક ઇન્દ્રિયોનું ગ્રહણ છે તે સર્વ ઇન્દ્રિયોના ઉપલક્ષણ માટે છે. 'ઇત્યાદિ અનુક્રમણથી'—'આદિ'પદથી 'न जिघ्रति न वदति न रसयते न शृणोति न मनुते न स्पृशति' (સૂંઘતો નથી, બોલતો નથી, ચાખતો નથી, સાંભળતો નથી, વિચારતો

૧ આત્મ. ૧૬ ... ૨ મરણાવસ્થાપન્ન. ૩ મરવાની તૈયારી છે એવો. ૪ ... सर्वे ... सर्वेऽनुकुरुवत्यमम्. ... ૧ ... પૃ૦ ૨૦ પૃ૦ દિ ૩.

સર્વશબ્દની વૃત્તિ નિમન્ત્રિતમાત્રને વિષે લીધેલી છે. અહિં તો સર્વશબ્દના અર્થના સંકોચનને વિષે કંઈ કારણ નથી. તેટલા માટે સર્વશબ્દ વડે અહિં અશેષ પ્રાણોનો પરિગ્રહ છે; અને પ્રદર્શનને માટે સાતનું અનુક્રમણ છે એમ અનવદ્ય છે. તેટલા માટે શબ્દથી અને કાર્યથી અગીઆરજ પ્રાણ છે એમ સિદ્ધ છે ॥ ૬ ॥

अणवश्च ॥ ७ ॥

અને (પ્રાણ) અણુ છે ॥ ૭ ॥

હવે પ્રાણોનોજ અન્ય સ્વભાવ વધારાથી કહે છે. એ પ્રકૃત પ્રાણો અણુ છે એમ સમજવું. એ અણુ છે એટલે સૂક્ષ્મ છે અને પરિચ્છિન્ન છે, પરમાણુતુલ્ય નથી; કેમકે આખા શરીરમાં વ્યાપનાર કાર્ય અનુપપન્ન થવાનો પ્રસંગ આવે. એ પ્રાણો સૂક્ષ્મ છે; કેમકે જો સ્થૂલ હોય તો મરણકાળે, મરણ પામનારના શરીરમાંથી નીકળે ત્યારે દરમાંથી નીકળતા સર્પની પેઠે [1]પાર્શ્વસ્થને ઉપલબ્ધ થાય. વળી એ પ્રાણ પરિચ્છિન્ન છે; કેમકે સર્વગત હોય તો ઉત્ક્રાન્તિશ્રુતિ, ગતિશ્રુતિ અને આગતિશ્રુતિનો [2]વ્યાકોપ થાય અને જીવ તદ્‌ગુણસારી છે તે સિદ્ધ ન થાય. સર્વગત છે તોપણ શરીરદશામાં વૃત્તિલાભ થાય એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે વૃત્તિમાત્ર

ના એમ કહે છે—'અહિં તો સર્વશબ્દના' ઇત્યાદિ. એને માટે ઉપપત્તિ નથી એવા સંકોચમાં પ્રાકરણિક સંખ્યાનિયમ યુક્ત છે, દાર્ષ્ટાન્તિકમાં તો અનુપપત્તિ નથી એટલે સંકોચ થી રીતે એવો અર્થ છે. સંકોચને અભાવે ફલિત કહે છે—'તેટલા માટે સર્વશબ્દ વડે' ઇત્યાદિ. એકાદશનું ગ્રહણ છે ત્યારે સાતનું અનુક્રમણ શી રીતે છે તેને માટે કહે છે—'પ્રદર્શનને માટે' ઇત્યાદિ. સંખ્યાને વિષે ન્યૂનતા અને આધિક્ય અયુક્ત છે એમ પ્રતિપાદન કરી પ્રકૃતનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે શબ્દથી' ઇત્યાદિ સંખ્યાશ્રુતિઓનો અવિરોધ છે તેથી એકાદશેન્દ્રિયકારણ બ્રહ્મને વિષે સમન્વય છે એમ સિદ્ધ થયું ॥ ૬ ॥

'प्राणाः सर्वेऽनन्ताः' (સર્વ પ્રાણ અનન્ત છે) એમ શ્રુતિ છે તેથી ઇન્દ્રિયો વિભુ છે, માટે તેમની ઉત્ક્રાન્તિ અસિદ્ધ છે; પણ તે તે દેહમાં તેમની અભિવ્યક્તિરૂપ પ્રાદેશિકી વૃત્તિઓ છે, તેને ઉત્ક્રાન્તિ આદિ નથી એમ સાંખ્યોનો આક્ષેપ છે, તેની સંગતિથી પ્રાણો કેવા પરિમાણવાળા છે એમ સંદેહ થયે સિદ્ધાન્ત કહે છે—'હવે પ્રાણોનોજ' ઇત્યાદિ. ઉપપત્તિ અને સંખ્યાનું નિરૂપણ કર્યાં પછી પરિમાણનું નિરૂપણ થાય છે એવો અર્થ છે. અનુદ્‌ભૂત રૂપ અને સ્પર્શ જેને છે તે 'સૂક્ષ્મ'. 'પરિચ્છિન્ન' = અલ્પ. બુદ્ધિ આદિ વિભુ હોય તો આત્માનું અણુત્વ ઉપાધિને લીધે છે તે સિદ્ધ ન થાય એમ ઉક્ત ન્યાયનો વિરોધ કહે છે—'જીવ તદ્‌ગુણસારી છે'. ઉક્ત આક્ષેપનો અનુવાદ કરી તેનું નિરસન કરે છે—'સર્વગત છે તોપણ' ઇત્યાદિ. સારાંશ આ પ્રમાણે છે—જો ઇન્દ્રિયો સર્વગત હોય તો વ્યવહિત અને વિપ્રકૃષ્ટ વસ્તુઓનો ઉપલંભ થવાનો પ્રસંગ આવે. સર્વગત છે તોપણ દેહાવચ્છિન્નજ ઇન્દ્રિયો છે

---

૧ પાસે રહેલાઓને. ૨ વિરોધ.

અને મુક્ત થયલાને મોક્ષ છે) એમ. મોક્ષપૂર્વે ગ્રહસંજ્ઞક એ બન્ધનથી અવિયોગ દર્શાવે છે. વળી આથર્વણમાં વિષય અને ઇન્દ્રિયના અનુક્રમણમાં 'चक्षुश्च द्रष्टव्यं च' (નેત્ર અને દ્રષ્ટવ્ય) એમાં સમાન રીતે હસ્તાદિ ઇન્દ્રિયો વિષયસહિત ગણાવે છે—'हस्तौ चादातव्यं च उपस्थश्चानन्दयितव्यं च पायुश्च विसर्जयितव्यं च पादौ च गन्तव्यं च' [પ્રશ્નો૦ ૪।૮] (હાથ અને જેનું આદાન થાય તે, ઉપસ્થ અને જે આનન્દ પામે તે, પાયુ અને જેનું વિસર્જન થાય તે, પાગ અને જે ગતિ કરે તે) એમ. તેમજ 'दशेमे पुरुषे प्राणा आत्मैकादशस्ते यदास्माच्छरीरान्मर्त्यादुत्क्रामन्त्यथ रोदयन्ति' [બૃહ૦ ૩।૯।૪] (પુરુષમાં એ દસ પ્રાણ છે, આત્મા અગીઆરમો છે; તેઓ જ્યારે એ મર્ત્ય શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે {એના સમ્બન્ધીઓને} રોવડાવે છે {તેટલા માટે રુદ્ર કહેવાય છે}) એ અગીઆર પ્રાણોની ઉત્ક્રાન્તિ દર્શાવે છે. સર્વશબ્દ પણ પ્રાણશબ્દ સાથે સંબન્ધ રાખતો, અશેષ પ્રાણનું અભિધાન કરતો, પ્રકરણવશાત્ સાતનેજ વિષે અવસ્થાપિત કરવો શકય નથી; કેમકે પ્રકરણથી શબ્દ વિશેષ બળવાન્ છે. 'सर्वे ब्राह्मणा भोजयितव्याः' (સર્વે બ્રાહ્મણોને ભોજન કરાવવું) એમાં પણ પૃથિવીમાં રહેતા સર્વ બ્રાહ્મણોનુંજ ગ્રહણ ન્યાય્ય છે; સર્વશબ્દના સામર્થ્યથી. પણ સર્વના ભોજનનો અસંભવ હોવાથી ત્યાં

યપંચક, જ્ઞાનેન્દ્રિયપંચક, [1]મન આદિ અન્તઃકરણચતુષ્ક, અવિદ્યા, કામ અને કર્મ એ પુર્યષ્ટક છે. એ પુર્યષ્ટકથી આત્મા અનુમેય થાય છે તેથી લિંગ છે. પ્રકૃતિને ઉપયોગી સ્મૃતિનું તાત્પર્ય દર્શાવે છે—'મોક્ષપૂર્વે ગ્રહસંજ્ઞક એ બન્ધનથી' ઇત્યાદિ. સાર્થેન્દ્રિયપ્રસ્તાવમાં હસ્તાદિ સાર્થ કહ્યા છે તે. હસ્તાદિ ઇન્દ્રિય છે અને દેહાન્તરસંચારી છે એ પ્રસિદ્ધ છે એમ કહે છે—'વળી આથર્વણમાં' ઇત્યાદિ. વળી આથી પણ હસ્તાદિનું ઇન્દ્રિયત્વ અને દેહાન્તરસંચારિત્વ છે એમ કહે છે—'તેમજ "दशेमे पुरुषे प्राणाः"' ઇત્યાદિ. સર્વશબ્દ પ્રકૃતગામી કહ્યો છે તેને વિષે કહે છે—'સર્વશબ્દ પણ પ્રાણશબ્દ સાથે સંબન્ધ રાખતો' ઇત્યાદિ. અનુયાયીજ ઇન્દ્રિય છે એમ કહેવાનું છે તેમાં 'प्राणमनूत्क्रामन्तम्' [બૃહ૦ ૪।૪।૨] એમાં સર્વશબ્દથી પ્રાકરણિક સપ્ત પ્રાણની ઉક્તિ છે કે 'दशेमे पुरुषे प्राणा आत्मैकादशः' [બૃહ૦ ૩।૯।૪] એ અન્ય શ્રુતિથી સિદ્ધ એકાદશ પ્રાણોની सर्वे प्राणाः એમ પ્રાણશ્રુતિમાં [બૃહ૦ ૪।૪।૨] કહેલાની ઉક્તિ છે એમ સંદેહ થયે, પ્રાકરણિક સપ્ત પ્રાણનું ગ્રહણ કરવા કરતાં શ્રૌત એકાદશનું ગ્રહણ વધારે સારૂં છે, સંનિકર્ષથી, પ્રકરણ કરતાં શ્રુતિ વિશેષ બળવાન્ છે તેથી એવો ભાવ છે. પરોક્ત દૃષ્ટાન્તનું પણ ખંડન કરે છે—'सर्वे ब्राह्मणा भोजयितव्याः' ઇત્યાદિ. ત્યારે સંકોચ શી રીતે છે તેને માટે કહે છે—'પણ સર્વના ભોજનનો અસંભવ હોવાથી' ઇત્યાદિ. ઉત્ક્રાન્તિવાક્યમાં પણ તેવી રીતે સંકોચ થાય,

---

૧ એકજ અન્તઃકરણ, સંકલ્પ, નિશ્ચય, અહંકાર અને સ્મરણરૂપ કાર્યવિભાગથી મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત કહેવાય છે. 'मनो बुद्धिरहंकारश्चित्तं करणमान्तरम्। संशयो निश्चयो गर्वः स्मरणं विषया इमे ॥ इत्युक्तकार्यभेदात्। વળી 'यदा तु संकल्पविकल्पकृत्यं तदा भवेत्तन्मन इत्यभिख्यम्। स्याद्बुद्धिसंज्ञं च यदा प्रवेत्ति सुनिश्चितं संशयरूपहीनम् ॥ अनुसंधानरूपं तच्चित्तं च परिकीर्तितम्। अहंकृत्यात्मवृत्त्या तु तदहंकारतां गतम् ॥'

સર્વશબ્દની વૃત્તિ નિમન્ત્રિતમાત્રને વિષે લીધેલી છે. અહિં તો સર્વશબ્દના અર્થના સંકોચનને વિષે કંઈ કારણ નથી. તેટલા માટે સર્વશબ્દ વડે અહિં અશેષ પ્રાણોનો પરિગ્રહ છે; અને પ્રદર્શનને માટે સાતનું અનુક્રમણ છે એમ અનવદ્ય છે. તેટલા માટે શબ્દથી અને કાર્યથી અગીઆરજ પ્રાણ છે એમ સિદ્ધ છે ॥ ૬ ॥

अणवश्च ॥ ७ ॥

અને (પ્રાણ) અણુ છે ॥ ૭ ॥

હવે પ્રાણોનોજ અન્ય સ્વભાવ ચકારથી કહે છે. એ પ્રકૃત પ્રાણો અણુ છે એમ સમજવું. એ અણુ છે એટલે સૂક્ષ્મ છે અને પરિચ્છિન્ન છે, પરમાણુતુલ્ય નથી; કેમકે આખા શરીરમાં વ્યાપનાર કાર્ય અનુપપન્ન થવાનો પ્રસંગ આવે. એ પ્રાણો સૂક્ષ્મ છે; કેમકે જો સ્થૂલ હોય તો મરણકાળે, મરણ પામનારના શરીરમાંથી નીકળે ત્યારે દરમાંથી નીકળતા સર્પની પેઠે [1]પાર્શ્વસ્થને ઉપલબ્ધ થાય. વળી એ પ્રાણ પરિચ્છિન્ન છે; કેમકે સર્વગત હોય તો ઉત્ક્રાન્તિશ્રુતિ, ગતિશ્રુતિ અને આગતિશ્રુતિનો [2]વ્યાકોપ થાય અને જીવ તદ્ગુણસારી છે તે સિદ્ધ ન થાય. સર્વગત છે તોપણ શરીરદેશમાં વૃત્તિલાભ થાય એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે વૃત્તિમાત્ર

ના એમ કહે છે—'અહિં તો સર્વશબ્દના' ઇત્યાદિ. જેને માટે ઉપપત્તિ નથી એવા સંકોચમાં પ્રાકરણિક સંખ્યાનિયમ યુક્ત છે, દાર્ષ્ટાન્તિકમાં તો અનુપપત્તિ નથી એટલે સંકોચ શી રીતે એવો અર્થ છે. સંકોચને અભાવે ફલિત કહે છે—'તેટલા માટે સર્વશબ્દ વડે' ઇત્યાદિ. એકાદશનું ગ્રહણ છે ત્યારે સાતનું અનુક્રમણ શી રીતે છે તેને માટે કહે છે—'પ્રદર્શનને માટે' ઇત્યાદિ. સંખ્યાને વિષે ન્યૂનતા અને આધિક્ય અયુક્ત છે એમ પ્રતિપાદન કરી પ્રકૃતનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે શબ્દથી' ઇત્યાદિ. સંખ્યાશ્રુતિઓનો અવિરોધ છે તેથી એકાદશેન્દ્રિયકારણ બ્રહ્મને વિષે સમન્વય છે એમ સિદ્ધ થયું ॥ ૬ ॥

'प्राणाः सर्वेऽनन्ताः' (સર્વ પ્રાણ અનન્ત છે) એમ શ્રુતિ છે તેથી ઇન્દ્રિયો વિભુ છે, માટે તેમની ઉત્ક્રાન્તિ અસિદ્ધ છે; પણ તે તે દેહમાં તેમની અભિવ્યક્તિરૂપ પ્રાદેશિકી વૃત્તિઓ છે, તેને ઉત્ક્રાન્તિ આદિ નથી એમ સાંખ્યોનો આક્ષેપ છે, તેની સંગતિથી પ્રાણો કેવા પરિમાણવાળા છે એમ સંદેહ થયે સિદ્ધાન્ત કહે છે—'હવે પ્રાણોનોજ' ઇત્યાદિ. ઉપપત્તિ અને સંખ્યાનું નિરૂપણ કર્યા પછી પરિમાણનું નિરૂપણ થાય છે એવો અર્થ છે. અનુદ્ભૂત રૂપ અને સ્પર્શ જેને છે તે 'સૂક્ષ્મ'. 'પરિચ્છિન્ન' = અલ્પ. બુદ્ધિ આદિ વિભુ હોય તો આત્માનું અણુત્વ ઉપાધિને લીધે છે તે સિદ્ધ ન થાય એમ ઉક્ત ન્યાયનો વિરોધ કહે છે—'જીવ તદ્ગુણસારી છે'. ઉક્ત આક્ષેપનો અનુવાદ કરી તેનું નિરસન કરે છે—'સર્વગત છે તોપણ' ઇત્યાદિ. સારાંશ આ પ્રમાણે છે—જો ઇન્દ્રિયો સર્વગત હોય તો વ્યવહિત અને વિપ્રકૃષ્ટ વસ્તુઓનો ઉપલંભ થવાનો પ્રસંગ આવે. સર્વગત છે તોપણ દેહાવચ્છિન્નજ ઇન્દ્રિયો છે

---

૧ પાસે રહેનારાઓને. ૨ વિરોધ.

કરણ છે એ ઉપપન્ન છે; કારણ કે જે ઉપલબ્ધિનું સાધન છે, વૃત્તિ કે અન્ય, તેજ અમારા મનમાં કરણ છે. સંજ્ઞામાત્રમાં વિવાદ છે એટલે કરણો વ્યાપી છે એવી કલ્પના નિરર્થક છે. તેટલા માટે પ્રાણો સૂક્ષ્મ અને પરિચ્છિન્ન છે એમ નક્કી કરીએ છીએ ॥ ૭ ॥

શ્રેષ્ઠશ્ચ ॥ ૮ ॥

અને મુખ્ય પ્રાણ (બ્રહ્મનો વિકાર છે) ॥ ૮ ॥

વળી મુખ્ય પ્રાણ અન્ય પ્રાણની પેઠે બ્રહ્મનો વિકાર છે એમ અતિદેશ કરે છે. પરન્તુ તે બ્રહ્મવિકારત્વ સર્વ પ્રાણોનું વિશેષ વગરજ કહ્યું છે. 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च' [મુણ્ડ૦ ૨।૧।૩] (એમાંથી પ્રાણ, મન અને સર્વ ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે) એમાં ઇન્દ્રિયસહિત મનથી વ્યતિરિક્ત પ્રાણની ઉત્પત્તિનું શ્રવણ છે તેથી, અને 'स प्राणमसृजत' [પ્રશ્નો૦ ૬।૪] (તેણે પ્રાણ સર્જ્યો) ઇત્યાદિ શ્રુતિઓથી, તો પુનઃ અતિદેશનું શું પ્રયોજન છે? અધિક આશંકા દૂર કરવા માટે એ અતિદેશ છે; કારણ કે નાસદાસીય ('અસત્ નહોતું' એમ જેના આરંભમાં છે એવા) બ્રહ્મપ્રધાન સૂક્તમાં આવો મન્ત્રવર્ણ છે—'न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अह्न आसीत् प्रकेतः। आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्न परः किंचनास' [ઋ૦ સં૦ ૮।૭।૧૭] (ત્યારે-પ્રલયકાળે-મૃત્યુ નહોતું કે અમૃત નહોતું, રાત્રી

તેથી વ્યવહિત અને વિપ્રકૃષ્ટ વસ્તુઓનો ઉપલમ્ભ થવાનો પ્રસંગ નથી એમ કહેશો તો અરેરે પ્ર[illegible] [illegible] વૃત્તિ પરિચ્છિન્ન તે કરણ-ઇન્દ્રિય છે, અર્થાત્, વ્યાપીનો ઇન્દ્રિયભાવ નથી—ઇન્દ્રિય [illegible] નથી. આ રીતે નામમાત્રમા વિસંવાદ છે, અર્થમાં નથી, અને તેને ઇન્દ્રિયો કહીએ છીએ તે તેને વૃત્તિઓ કહી છે એમ પ્રાણ અણુ છે એમ સિદ્ધ થયું. આનન્ત્યશ્રુતિ ઉપાસનાર્થક છે તેથી ઉત્ક્રાન્તિ આદિ શ્રુતિનો તેની સાથે વિરોધ નથી. ઉત્ક્રાન્તિ આદિ તે તે પ્રદેશ [illegible] શ્રુતિઓ છે. આનન્ત્ય તો ક્વચિત્જ છે; તે પણ 'स यो हैतानन्तानुपास्ते' એમ [illegible] ઉપાસનાર્થક કલ્પિત છે એમ પ્રતીત થાય છે, એથી પ્રાણોનું [illegible] નથી, પણ તે અણુ છે એમ સિદ્ધ થયું ॥ ૭ ॥

કેવળ અન્ય પ્રાણ બ્રહ્મવિકાર છે એમ નહિ, શ્રેષ્ઠ પ્રાણ પણ બ્રહ્મવિકાર છે એમ અતિદેશ કરે છે—'श्रेष्ठश्च'. મુખ્ય પ્રાણ વિષય છે તેને જન્મ છે કે નહિ એમ શ્રુતિવિપ્રતિપત્તિથી [illegible] અતિદેશ [illegible] કરે છે—'વળી મુખ્ય પ્રાણ' ઇત્યાદિ. 'तथा प्राणाः' (૨।૪।૧) [illegible] અતિદેશ છે. પણ પ્રાણ ઉત્પન્ન થાય છે કે નહિ એવો [illegible] અતિદેશ યુક્ત નથી એમ આક્ષેપ કરે છે—'તો પુનઃ અતિદેશનું શું પ્રયોજન છે?' [illegible] શ્રુતિ છે તેથી અતિદેશ કરે છે—'નાસદાસીય બ્રહ્મપ્રધાન સૂક્તમાં' ઇત્યાદિ. 'न प्रथमत् प्रागासीत्' (नासदासीत्-[illegible]) [illegible] 'तर्हि' = ત્યારે, પ્રલયકાળમાં 'मृत्यु' [illegible] 'अमृतम्' = [illegible] 'प्रकेत' = [illegible] 'स्वधया' [illegible] એમ અન્વય કરવો. [illegible]

િવસના ચિહ્નરૂપ ચંદ્રસૂર્ય નહોતા, સ્વધાની સાથે, તે એકલું વાતવર્જિત {બ્રહ્મ}
, તેથી પર અન્ય કંઈ નહોતું). आनीत् (ચેષ્ટા કરી) એમ પ્રાણકર્મનું ગ્રહણ
તેથી ઉત્પત્તિપૂર્વે જાણે વિદ્યમાન હોય એવા પ્રાણને સૂચવે છે. તેટલા માટે પ્રાણ
અરહિત છે એમ કોઈકની મતિ થાય. તેને અતિદેશથી દૂર કરે છે. आनीत्શબ્દ
ઉત્પત્તિપૂર્વે પ્રાણનો સદ્ભાવ સૂચવતો નથી; કેમકે अवातम् (વાતવર્જિત)
મ વિશેષણ છે, અને 'अप्राणो ह्यमनाः शुभ्रः' (ખરેખર, પ્રાણરહિત, મનોરહિત,
દ) એમ મૂલપ્રકૃતિ પ્રાણ વગેરે સમસ્ત વિશેષથી રહિત છે એમ દર્શાવ્યું છે.
રવા માટે કારણનો સદ્ભાવ દર્શાવવા માટેજ એ आनीत्શબ્દ છે. 'श्रेष्ठः' એ
શબ્દ મુખ્ય પ્રાણનું અભિધાન કરે છે; કેમકે 'प्राणो वाव ज्येष्ठश्च श्रेष्ठश्च' [છાન્દો૦
૧૧૧] (ખરેખર, પ્રાણ જ્યેષ્ઠ છે, શ્રેષ્ઠ છે) એમ શ્રુતિનો નિર્દેશ છે. પ્રાણ જ્યેષ્ઠ
છે; કેમકે વીર્યના પ્રક્ષેપકાળથી તેની વૃત્તિનો લાભ છે; જો તે વખતે તેની વૃત્તિનો
લાભ ન હોય તો યોનિમાં પ્રક્ષિપ્ત વીર્ય પૂય થાય કે સંભવ પામે નહિ. શ્રોત્ર
આદિ જ્યેષ્ઠ નથી; કેમકે કર્ણશષ્કુલિ આદિ સ્થાનવિભાગ નિષ્પન્ન થયા પછી તેમની
વૃત્તિનો લાભ થાય છે. વળી પ્રાણ શ્રેષ્ઠ છે, કેમકે તેમાં ગુણોનું આધિક્ય છે; કારણ
કે 'न वै शक्ष्यामस्त्वदृते जीवितुम्' [બૃહ૦ ૬।૧।૧૩] (તારા વગર અમે જીવવા શ-
ક્તિમાન્ નથી) એવી શ્રુતિ છે ॥ ૮ ॥

ની ધારણા—પોતાની સ્થિતિથી; પોતે ધારણ કરેલી માયા, તેથી. તેજ એકલું વાતવર્જિત
બ્રહ્મ હતું. 'आनीत्'—'હતું' એમ પરમાર્થ છે: 'ચેષ્ટા કીધી' એવો પૂર્વપક્ષનો અર્થ છે. नासदासीत्
તે બ્રહ્મથી પર એટલે ઉત્કૃષ્ટ અને અન્ય કંઈ નહોતું એવો મન્ત્રવર્ણનો અર્થ છે. પ્રાણના વ્યાપારની શ્રુતિ છે અને
બ્રહ્મસૂત્રમાં સૃષ્ટિની પૂર્વે आनीत् (ચેષ્ટા કીધી) એમ પ્રાણના વ્યાપારની શ્રુતિ છે અને જ્યેષ્ઠત્વશ્રુતિથી પ્રાણ
વ્યાપારવાન્ ન હોય તો વ્યાપાર અનુપપન્ન છે તેથી પ્રાણસદ્ભાવથી પ્રાણ કે શ્રુતિની ગતિ નથી એવો પૂર્વપક્ષ
બ્રહ્મવિકાર નથી અને બહુશ્રુતિનો વિરોધ છે તોપણ એ તે શ્રુતિનો અર્થ 'ચેષ્ટા કીધી'
છે. સિદ્ધાન્ત એવો છે કે બહુશ્રુતિનો વિરોધ છે તેથીજ 'आनीत्' એનો અર્થ 'ચેષ્ટા કીધી'
એવો નથી અને એ શ્રુતિ પ્રાણનો વ્યાપાર પ્રતિપાદન કરતી નથી, પણ સૃષ્ટિકારણ 'आनीत्'
—જીવતું હતું, હતું એવો અર્થ પ્રતિપાદન કરે છે; તેથી એ શ્રુતિ કારણનો સદ્ભાવ પ્રતિપાદન
કરે છે. જ્યેષ્ઠત્વ કહ્યું છે તે શ્રોત્ર આદિની અપેક્ષાએ કહ્યું છે એમ સમજવું. તેટલા માટે
બહુશ્રુતિના અનુરોધથી મુખ્ય પણ પ્રાણ બ્રહ્મવિકાર છે એમ સિદ્ધ થાય છે. 'સંભવ પામે
નહિ'—તેનો ગર્ભ ન થાય એવો અર્થ છે. 'ગુણોનું આધિક્ય'—વાણી આદિના જીવનનો
હેતુ પ્રાણ છે એ તેનો ગુણ છે. આ પ્રમાણે आनीत्—એ શ્રુતિના અવિરોધથી પ્રાણોત્પત્તિ-
શ્રુતિઓનો બ્રહ્મને વિષે સમન્વય છે એમ સિદ્ધ થયું ॥ ૮ ॥

---

૧ હતું. ૨ પર એટલે ઉત્કૃષ્ટ [illegible]

કરણ છે એ ઉપપન્ન છે; કારણ કે જે ઉપલબ્ધિનું સાધન છે, વૃત્તિ કે અન્ય, તેજ અમારા મતમાં કરણ છે. સંજ્ઞામાત્રમાં વિવાદ છે એટલે કરણો વ્યાપી છે એવી કલ્પના નિરર્થક છે. તેટલા માટે પ્રાણો સૂક્ષ્મ અને પરિચ્છિન્ન છે એમ નક્કી કરીએ છીએ ॥ ૭ ॥

શ્રેષ્ઠશ્ચ ॥ ૮ ॥

અને મુખ્ય પ્રાણ (બ્રહ્મનો વિકાર છે) ॥ ૮ ॥

વળી મુખ્ય પ્રાણ અન્ય પ્રાણની પેઠે બ્રહ્મનો વિકાર છે એમ અતિદેશ કરે છે. પણ તે બ્રહ્મવિકારત્વ સર્વ પ્રાણોનું વિશેષ વગરજ કહ્યું છે. 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च' [મુણ્ડ૦ ૨।૧।૩] (એમાંથી પ્રાણ, મન અને સર્વ ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે) એમાં ઇન્દ્રિયસહિત મનથી વ્યતિરિક્ત પ્રાણની ઉત્પત્તિનું શ્રવણ છે તેથી, અને 'स प्राणमसृजत' [પ્રશ્નો૦ ૬।૪] (તેણે પ્રાણ સર્જ્યો) ઇત્યાદિ શ્રુતિઓથી, તો પુનઃ અતિદેશનું શું પ્રયોજન છે? અધિક આશંકા દૂર કરવા માટે એ અતિદેશ છે; કારણ કે નાસદાસીય ('અસત્ નહોતું' એમ જેના આરંભમાં છે એવા) બ્રહ્મપ્રધાન સૂક્તમાં આવો મન્ત્રવર્ણ છે—'न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अह्न आसीत् प्रकेतः। आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्न परः किंचनास' [ઋ૦ સં૦ ૮।૭।૧૭] (ત્યારે-પ્રલયકાળે-મૃત્યુ નહોતું કે અમૃત નહોતું, રાત્રી

તેથી વ્યવહિત અને વિપ્રકૃષ્ટ વસ્તુઓનો ઉપલંભ થવાનો પ્રસંગ નથી એમ કહેશો તો અરેરે પ્રાજ્ઞાપ્રાજ્ઞવિવેકે શરીરાવચ્છિન્નજ તે કરણ-ઇન્દ્રિય છે, અર્થાત્, વ્યાપીનો ઇન્દ્રિયભાવ નથી—ઇન્દ્રિયો વ્યાપી નથી. આ રીતે નામમાત્રમાં વિસંવાદ છે, અર્થમાં નથી, અમે તેને ઇન્દ્રિયો કહીએ છીએ ને તમે વૃત્તિઓ કહો છો એમ પ્રાણ અણુ છે એમ સિદ્ધ થયું. આનન્ત્યશ્રુતિ ઉપાસનાર્થક છે તેથી ઉત્ક્રાન્તિ આદિ શ્રુતિનો તેની સાથે વિરોધ નથી. ઉત્ક્રાન્તિ આદિ તે તે પ્રદેશમાં બહુધા શ્રુતિમાં છે, આનન્ત્ય તો ક્વચિદજ છે; તે પણ 'स यो हैताननन्तानुपास्ते' એમ વાક્યશેષપર્યાલોચનથી ઉપાસનાર્થક કલ્પિત છે એમ પ્રતીત થાય છે, એથી પ્રાણોનું મહત્ત્વ નથી, પણ તે અણુ છે એમ સિદ્ધ થયું ॥ ૭ ॥

કેવલ અન્ય પ્રાણ બ્રહ્મવિકાર છે એમ નહિ, શ્રેષ્ઠ પ્રાણ પણ બ્રહ્મવિકાર છે એમ અતિદેશ કરે છે—'શ્રેષ્ઠશ્ચ'. મુખ્ય પ્રાણ વિષય છે તેને જન્મ છે કે નહિ એમ શ્રુતિવિપ્રતિપત્તિથી સંશય થયે અતિદેશ સ્પષ્ટ કરે છે—'વળી મુખ્ય પ્રાણ' ઇત્યાદિ. 'तथा प्राणाः' (૨।૪।૧ બ્રહ્મસૂ૦) એ ઉક્ત ન્યાયનો અહિં અતિદેશ છે. પણ પ્રાણ ઉત્પન્ન થાય છે કે નહિ એવો સંશય ન હોવાથી અતિદેશ યુક્ત નથી એમ આક્ષેપ કરે છે—'તો પુનઃ અતિદેશનું શું પ્રયોજન છે?' નિશ્ચિત મહાપ્રલયને વિષે પ્રાણસદ્ભાવની શ્રુતિ છે તેથી અધિક શંકા કહે છે—'નાસદાસીય બ્રહ્મપ્રધાન સૂક્તમાં' ઇત્યાદિ. 'न असत् आसीत्' (नासदासीत्, અસત્ નહોતું) એમ ઉદ્દેશી પ્રવૃત્ત થયેલા બ્રહ્મસૂક્તમાં. 'तर्हि' = ત્યારે, પ્રલયકાળમાં. 'मृत्युः' -મારક, કે મૃત્યુમત્ કાર્ય. 'अमृतम्' = દેવભોગ્ય. રાત્રીનો 'પ્રકેત'-ચિહ્નરૂપ, ચન્દ્ર, અને દિવસનો ચિહ્નરૂપ સૂર્ય નહોતાં; 'स्वधया'-સ્વધાની સાથે એમ અન્વય કરવો; અથવા પૌ-

કે દિવસના ચિહ્નરૂપ ચંદ્રસૂર્ય નહોતા, સ્વધાની સાથે, તે એકલું વાતવર્જિત (બ્રહ્મ) હતું, તેથી [1]પર અન્ય કંઈ નહોતું). આનીત્ (ચેષ્ટા કરી) એમ પ્રાણકર્મનું ગ્રહણ છે તેથી ઉત્પત્તિપૂર્વે જાણે વિદ્યમાન હોય એવા પ્રાણને સૂચવે છે. તેટલા માટે પ્રાણ જન્મરહિત છે એમ કોઈકની મતિ થાય. તેને અતિદેશથી દૂર કરે છે. આનીત્શબ્દ પણ ઉત્પત્તિપૂર્વે પ્રાણનો સદ્ભાવ સૂચવતો નથી; કેમકે अवातम् (વાતવર્જિત) એમ વિશેષણ છે, અને 'अप्राणो ह्यमनाः शुभ्रः' (ખરેખર, પ્રાણરહિત, મનોરહિત, શુદ્ધ) એમ મૂલપ્રકૃતિ પ્રાણ વગેરે સમસ્ત વિશેષથી રહિત છે એમ દર્શાવ્યું છે. તેટલા માટે કારણનો સદ્ભાવ દર્શાવવા માટેજ એ આનીત્શબ્દ છે. 'श्रेष्ठः' એ શબ્દ મુખ્ય પ્રાણનું અભિધાન કરે છે; કેમકે 'प्राणो वाव ज्येष्ठश्च श्रेष्ठश्च' [છાન્દો૦ ૫।૧।૧] (ખરેખર, પ્રાણ જ્યેષ્ઠ છે, શ્રેષ્ઠ છે) એમ શ્રુતિનો નિર્દેશ છે. પ્રાણ જ્યેષ્ઠ છે; કેમકે વીર્યના પ્રક્ષેપકાળથી તેની વૃત્તિનો લાભ છે; જો તે વખતે તેની વૃત્તિનો લાભ ન હોય તો યોનિમાં પ્રક્ષિપ્ત વીર્ય પૂય થાય કે સંભવ પામે નહિ. શ્રોત્ર આદિ જ્યેષ્ઠ નથી; કેમકે કર્ણશષ્કુલિ આદિ સ્થાનવિભાગ નિષ્પન્ન થયા પછી તેમની વૃત્તિનો લાભ થાય છે. વળી પ્રાણ શ્રેષ્ઠ છે, કેમકે તેમાં ગુણોનું આધિક્ય છે; કારણ કે 'न वै शक्ष्यामस्त्वदृते जीवितुम्' [બૃહ૦ ૬।૧।૧૩] (તારા વગર અમે જીવવા શક્તિમાન્ નથી) એવી શ્રુતિ છે ॥ ૮ ॥

તાની ધારણા–પોતાની સ્થિતિથી; પોતે ધારણ કરેલી માયા, તેથી. તેજ એકલું વાતવર્જિત બ્રહ્મ હતું. 'આનીત્'–'હતું' એમ પરમાર્થ છે; 'ચેષ્ટા કીધી' એવો પૂર્વપક્ષનો અર્થ છે. તે બ્રહ્મથી પર એટલે ઉત્કૃષ્ટ અને અન્ય કંઈ નહોતું એવો મન્ત્રવર્ણનો અર્થ છે. નાસદાસીય સૂક્તમાં સૃષ્ટિની પૂર્વે આનીત્ (ચેષ્ટા કીધી) એમ પ્રાણના વ્યાપારની શ્રુતિ છે અને વ્યાપારવાન્ ન હોય તો વ્યાપાર અનુપપન્ન છે તેથી પ્રાણસદ્ભાવથી અને જ્યેષ્ઠત્વશ્રુતિથી પ્રાણ બ્રહ્મવિકાર નથી અને જડશ્રુતિનો વિરોધ છે તોપણ એ બે શ્રુતિની ગતિ નથી એવો પૂર્વપક્ષ છે. સિદ્ધાન્ત એવો છે કે જડશ્રુતિનો વિરોધ છે તેથીજ 'આનીત્' એનો અર્થ 'ચેષ્ટા કીધી' એવો નથી અને એ શ્રુતિ પ્રાણનો વ્યાપાર પ્રતિપાદન કરતી નથી, પણ સત્કારણ 'આનીત્'–જીવતું હતું, હતું એવો અર્થ પ્રતિપાદન કરે છે; તેથી એ શ્રુતિ કારણનો સદ્ભાવ પ્રતિપાદન કરે છે. જ્યેષ્ઠત્વ કહ્યું છે તે શ્રોત્ર આદિની અપેક્ષાએ કહ્યું છે એમ સમજવું. તેટલા માટે જડશ્રુતિના અનુરોધથી મુખ્ય પણ પ્રાણ બ્રહ્મવિકાર છે એમ સિદ્ધ થાય છે. 'સંભવ પામે નહિ'—તેનો અર્થ ન થાય એવો અર્થ છે. 'ગુણોનું આધિક્ય'—તે શ્રોત્ર આદિના જીવનનો હેતુ પ્રાણ છે એ તેનો ગુણ છે. આ પ્રમાણે આનીત્—એ શ્રુતિના અવિરોધથી પ્રાણોત્પત્તિ-શ્રુતિઓનો બ્રહ્મને વિષે સમન્વય છે એમ સિદ્ધ થયું ॥ ૮ ॥

---

૧ બૃહ. ૬ ૧ ૧૨ [illegible]

न वायुक्रिये पृथगुपदेशात् ॥ ९ ॥

(તે મુખ્ય પ્રાણ) વાયુ કે ક્રિયા નથી, પૃથક્ ઉપદેશ છે તેથી ॥ ૯॥

પણ તે મુખ્ય પ્રાણ કયા સ્વરૂપનો છે તેની હવે જિજ્ઞાસા થાય છે. તેમાં, પ્રથમ શ્રુતિથી પ્રાપ્ત થાય છે કે પ્રાણ વાયુ છે; કેમકે આવી શ્રુતિ છે—'यः प्राणः स वायुः स एष वायुः पञ्चविधः प्राणोऽपानो व्यान उदानः समानः' (જે પ્રાણ છે તે વાયુ છે, તે એ વાયુ પાંચ પ્રકારનો છે—પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન) એમ. અથવા પ્રાણ સમસ્ત ઇન્દ્રિયોની વૃત્તિ છે એમ અન્ય [1]તન્ત્રના અભિપ્રાયથી પ્રાપ્ત થાય છે; કેમકે અન્ય તન્ત્રવાળાઓ આમ સમજાવે છે—ઇન્દ્રિયોની વૃત્તિ સામાન્ય છે, પ્રાણ આદિ વાયુઓ પાંચ છે એમ. અહિં કહીએ છીએ—પ્રાણ વાયુ નથી, તેમજ ઇન્દ્રિયોનો વ્યાપાર નથી. શાથી? પૃથક્ ઉપદેશ છે તેથી. પ્રથમ પ્રાણનો વાયુથી પૃથક્ ઉપદેશ છે—'प्राण एव ब्रह्मणश्चतुर्थः पादः स वायुना ज्योतिषा भाति च तपति च' [છાન્દો૦ ૩।૧૮।૪] (પ્રાણજ બ્રહ્મનો ચોથો પાદ છે, તે વાયુ જ્યોતિ વડે અભિવ્યક્ત થાય છે અને તપે છે) એમ; કારણ કે પ્રાણ વાયુજ હોય તો વાયુથી તેનો પૃથક્ ઉપદેશ થાય નહિ. તેમજ ઇન્દ્રિયોની વૃત્તિથી પણ પ્રાણનો પૃથક્ ઉપદેશ છે; કેમકે વાક્ આદિ ઇન્દ્રિયોને અનુક્રમે ગણાવી ત્યાં ત્યાં પ્રાણને પૃથક્ ગણાવ્યો છે; અને વૃત્તિ અને [2]વૃત્તિમાન્‌નો અભેદ છે. ખરેખર, પ્રાણ

મુખ્ય પ્રાણની ઉત્પત્તિનો વિચાર કર્યા પછી તેના સ્વરૂપનો વિચાર કરે છે—'न वायुक्रिये' ઇત્યાદિ. મુખ્ય પ્રાણ શું વાયુમાત્ર છે કે ઇન્દ્રિયોનો સાધારણ વ્યાપાર છે કે અન્ય તત્ત્વ છે એમ વાયુ અને પ્રાણની ભેદશ્રુતિ અને અભેદશ્રુતિનો પરસ્પર વિરોધથી સંશય થતાં પૂર્વપક્ષ કહે છે—'તેમાં, પ્રથમ' ઇત્યાદિ. બીજો સાંખ્ય પૂર્વપક્ષ કહે છે—'અથવા પ્રાણ સમસ્ત ઇન્દ્રિયોની વૃત્તિ છે' ઇત્યાદિ. પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે—'यः प्राणः स वायुः' (જે પ્રાણ છે તે વાયુ છે) એ શ્રુતિથી પ્રાણ વાયુજ છે એમ જણાય છે. અથવા 'प्राण एव ब्रह्मणश्चतुर्थः पादः' (પ્રાણજ બ્રહ્મનો ચતુર્થ પાદ છે) ઇત્યાદિ શ્રુતિમાં પ્રાણનું વાયુથી ભિન્ન તરીકે શ્રવણ છે તેથી પ્રાણનું સ્વરૂપ અન્ય તન્ત્રમાં–સાંખ્યતન્ત્રમાં–વર્ણવ્યું છે તેજ [illegible] છે; વિરુદ્ધ અર્થવાળી શ્રુતિઓને કોઈક રીતે ગૌણ કરાશે એમ પ્રાણ સામાન્ય ઇન્દ્રિય વ્યાપારજ છે એમ હો; અને પણ ઇન્દ્રિયોથી પૃથક્ પ્રાણનું અનુકમણ છે એ શ્રુતિનો વિરોધ નથી, કેમકે વ્યાપાર અને વ્યાપારવાન્ એ બે ભિન્ન છે. આવો પૂર્વપક્ષ છે. સિદ્ધાન્ત તરીકે સૂત્ર સમજાવે છે—'અહિં કહીએ છીએ' ઇત્યાદિ. 'मनो ब्रह्मेत्युपासीत' (મનની બ્રહ્મ તરીકે ઉપાસના કરવી) એમ ઉપક્રમ કરીને મનોબ્રહ્મના વાક્, પ્રાણ, ચક્ષુ, અને શ્રોત્ર એમ ચાર પાદ કહ્યા છે. કેમકે [illegible] એમ પગ વડે માર્ગમાં ચાલે છે, તેમ વાક્ આદિ વડે પોતાના વિષય [illegible] પ્રત્યે જાય છે. તેમાં પ્રાણજ મનોબ્રહ્મનો વાક્ આદિની અપેક્ષાએ ચતુર્થ પાદ છે અને તે [illegible] વડે અભિવ્યક્ત થાય છે અને અભિવ્યક્ત થઈ પોતાના વ્યાપારમાં પ્રવર્તે છે. [illegible] એવો અર્થ છે. શ્રુતિઓમાં ત્યાં ત્યાં પ્રાણ અને વાક્ આદિઓનો [illegible] છે અને પૃથક્ ઉપદિષ્ટ છે માટે ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોથી અભિન્ન [illegible]

1 [illegible] ઇન્દ્રિયો.

ઇન્દ્રિયોનો વ્યાપાર હોય તો તેનો ઇન્દ્રિયોથી પૃથક્ ઉપદેશ થાય નહિ. તેમ 'એત-
સ્માજ્જાયતે પ્રાણો મનઃ સર્વેન્દ્રિયાણિ ચ । ખં વાયુઃ' [મુણ્ડ૦ ૨।૧।૩] (એમાંથી
પ્રાણ, મન, અને સર્વ ઇન્દ્રિયો, આકાશ, વાયુ ઉત્પન્ન થાય છે) ઇત્યાદિ શ્રુ-
તિઓ, જેમાં વાયુથી અને ઇન્દ્રિયોથી પ્રાણનો પૃથક્ ઉપદેશ છે તેનો પણ અનુસાર
કરવો. વળી સમસ્ત ઇન્દ્રિયોનો એક વ્યાપાર સંભવતો નથી; કેમકે પ્રત્યેક એકેક
વ્યાપાર છે અને સમુદાય કારક નથી. પણ પંજરચાલનન્યાયથી એ થશે. જેમ
એક પાંજરામાં રહેલાં અગિયાર પક્ષીઓ, પ્રત્યેક પ્રતિનિયત વ્યાપારવાળાં છે તો-
પણ એકઠાં થઈ એક પાંજરૂં હલાવે છે; એ પ્રમાણે એક શરીરમાં રહેનારા અગિ-
યાર પ્રાણો પ્રત્યેક પ્રતિનિયત વ્યાપારવાળા છે તોપણ એકઠા થઈ એક પ્રાણસંજ્ઞક
વ્યાપાર પ્રાપ્ત કરશે એમ. ના, એમ કહીએ છીએ. પાંજરૂં હલાવવાને અનુરૂ-
પજ, પ્રત્યેકમાં રહેલા, અવાન્તર વ્યાપારોથી યુક્ત પક્ષીઓ એકઠાં થઈ એક પાંજરૂં
હલાવે એ ત્યાં યુક્ત છે; કેમકે તેમ જોવામાં આવે છે. અહિં તો શ્રવણ આદિ
અવાન્તર વ્યાપારોથી યુક્ત પ્રાણો એકઠા થઈ પ્રાણનવ્યાપાર કરે એ યુક્ત નથી; કે-
મકે પ્રમાણ નથી; અને શ્રવણ આદિથી પ્રાણન વ્યાપાર અત્યન્ત વિજાતીય છે.
તેમજ પ્રાણ શ્રેષ્ઠ છે ઇત્યાદિ જે કહ્યું છે અને વાક્ આદિને તે પ્રતિ ગુણભાવની
પ્રાપ્તિ છે તે, પ્રાણ ઇન્દ્રિયોનો વ્યાપારમાત્ર હોય તો સંભવતું નથી. તેટલા માટે
પ્રાણ વાયુ અને ક્રિયાથી અન્ય છે. ત્યારે 'યઃ પ્રાણઃ સ વાયુઃ' (જે પ્રાણ છે તે
વાયુ છે) એ શ્રુતિ શી રીતે? કહીએ છીએ—એ વાયુજ [1]અધ્યાત્મ પ્રાપ્ત થઈ,

પણ ભિન્ન છે એમ કહે છે—'તેમ "એતસ્માજ્જાયતે પ્રાણઃ"' ઇત્યાદિ. પ્રાણ ઇન્દ્રિયોની
વૃત્તિ છે એનું શ્રુતિથી નિરસન કરી યુક્તિથી પણ નિરસન કરે છે—'વળી સમસ્ત ઇન્દ્રિયોનો'
ઇત્યાદિ. જે વ્યાપાર નેત્રેન્દ્રિયથી સાધ્ય છે તેજ વ્યાપાર શ્રોત્રાદિથી સાધ્ય નથી; કેમકે ઇન્દ્રિ-
યોમાં પ્રત્યેક એકેક રૂપગ્રહણ આદિ વ્યાપારનો હેતુ છે. વળી ઇન્દ્રિયસમુદાયનો વ્યાપાર સં-
ભવતો નથી; કેમકે તે નથી એવો અર્થ છે. 'પ્રમાણ નથી'—શ્રોત્રાદિ ઇન્દ્રિયોના, એક
પ્રાણનસંજ્ઞક વ્યાપારને અનુકૂલ પરિસ્પન્દોમાં—ચલનાદિ વ્યાપારોમાં પ્રમાણનો અભાવ છે; કેમકે
શ્રવણ આદિ અપરિસ્પન્દરૂપ હોવાથી પ્રાણનથી વિજાતીય છે, તેથી તે પ્રાણનરૂપ પ્રધાન વ્યા-
પારને અનુરૂપ ન હોવાથી તેનો અવાન્તર વ્યાપાર નથી; આ પ્રમાણે પ્રાણ સમસ્ત ઇન્દ્રિયોનો
વ્યાપાર નથી એવો અર્થ છે. વળી પ્રાણ વ્યાપાર થયે વાક્ આદિનેજ પ્રાધાન્ય કહેવું જોઈએ,
પણ તે નથી—'તેમજ પ્રાણ શ્રેષ્ઠ છે' ઇત્યાદિ. જેમ મૃત્તિકાથી ઘટ અન્ય વસ્તુ નથી,
તેમજ મૃત્તિકામાત્ર પણ નથી; કેમકે તેનો વિકાર છે, તેમ વાયુનો વિકાર પ્રાણ છે એમ
અભેદશ્રુતિની ગતિ કહે છે—'કહીએ છીએ—એ વાયુજ' ઇત્યાદિ. દેહમાં પ્રાપ્ત થયેલો,
પાંચ અવસ્થાવાળો વિકારાત્માએ રહેલો વાયુજ પ્રાણ છે એવો અર્થ છે. સિદ્ધાન્તનું તાત્પર્ય
આ પ્રમાણે છે—પ્રાણ સામાન્ય ઇન્દ્રિયવ્યાપાર નથી; કેમકે તે મિલિત ઇન્દ્રિયોનો વ્યાપાર થાય
કે પ્રત્યેકનો થાય. મિલિત ઇન્દ્રિયોનો તો નથી; કેમકે એક, બે, ત્રણ, ચાર ઇન્દ્રિયોને અભાવે
તેના અભાવનો પ્રસંગ આવે. ખરેખર, ચૂર્ણ અને હરિદ્રાના સંયોગથી ઉત્પન્ન થયેલો અરુણ

1 શરીરમાં પ્રતિષ્ઠિત થઈ. ૨ હળદર.

પાંચ અવસ્થાવાળો થઈ વિશેષ સ્વરૂપે રહેતો પ્રાણસંજ્ઞક છે એમ ભણાય છે, તે અન્ય તત્ત્વ નથી કે વાયુમાત્ર નથી. એથી, ભેદશ્રુતિ અને અભેદશ્રુતિ, બંને પણ વિરુદ્ધ નથી ॥ ૯ ॥

પણ ત્યારે પ્રાણ પણ આ શરીરમાં જીવની પેઠે સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત કરે છે; કેમકે તે શ્રેષ્ઠ છે અને વાક્ આદિ ઇન્દ્રિયો તે પ્રતિ ગુણભાવ પામે છે; કેમકે પ્રાણની અનેક તરેહની વિભૂતિ શ્રુતિમાં પ્રતિપાદન કરાયલી છે:—'सुप्तेषु वागादिषु प्राण एको हि जागर्ति प्राण एको मृत्युनाऽनाप्तः प्राणः संवर्गो वागादीन् संवृङ्क्ते प्राण इतरान् प्राणान्रक्षति मातेव पुत्रान्' (ખરેખર, વાક્ આદિ સુપ્ત હોય ત્યારે પ્રાણ એકલો જાગે છે; પ્રાણ એકલો મૃત્યુથી પ્રાપ્ત થતો નથી; પ્રાણ [1]સંવર્ગ છે, વાક્ આદિનું સંવરણ કરે છે; પ્રાણ અન્ય પ્રાણોનું રક્ષણ કરે છે, માતા પુત્રોનું કરે છે તેમ). તેટલા માટે પ્રાણને જીવની પેઠે સ્વાતન્ત્ર્ય પ્રસક્ત થાય છે, તેનો પરિહાર કરે છે—

चक्षुरादिवत्तु तत्सहशिष्ट्यादिभ्यः ॥ १० ॥

પણ ચક્ષુરાદિની પેઠે (પ્રાણ જીવનો ઉપકારભૂત છે), તેની સાથે તેનું શાસન છે, ઇત્યાદિથી ॥ ૧૦ ॥

તુશબ્દ પ્રાણનું જીવની પેઠે સ્વાતન્ત્ર્ય [2]વ્યાવૃત્ત કરે છે. જેમ ચક્ષુ આદિ

સત્‌ના પ્રકરણમાં તેજ, જળ અને અન્નની સૃષ્ટિ કહીને આવો ઉપદેશ છે— 'सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति । तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणीति' [છાન્દો૦ ૬।૩।૨–૩] (તે એ પ્ર-

---

વિરોધ નથી એમ સિદ્ધ થાય છે. આ અધિકરણમાં પ્રથમ સૂત્રથી પ્રાણ અને ઇન્દ્રિયોની પૃથક્ ઉત્પત્તિ કહી છે, દ્વિતીયથી ભિન્ન પ્રકરણ કર્યું છે અને તૃતીયથી સુષુપ્તિને વિષે પ્રાણ જાગરૂક છે અને ઇન્દ્રિયો વિલીન વૃત્તિવાળી છે એમ સ્વાતન્ત્ર્યને વિષે વૈલક્ષણ્ય દર્શાવ્યું છે. આ પ્રમાણે સૂત્રોની પુનરુક્તિ નથી. 'न वायुक्रिये' એ અધિકરણમાં પ્રાણ ઇન્દ્રિયની વૃત્તિ નથી એમ દર્શાવ્યું. આ અધિકરણમાં ઇન્દ્રિયો પ્રાણની વૃત્તિ નથી એમ પ્રતિપાદન કર્યું છે એમ વિશેષ છે ॥ ૧૯ ॥

ઉત્પત્તિ (ઉત્પન્ન થવું તે) અને ઉત્પાદના (ઉત્પન્ન કરવું તે) એ બે અનુક્રમે કાર્ય અને કર્તાના વ્યાપાર તરીકે પ્રસિદ્ધ છે. તેમાં ગયા બે પાદમાં જગદુત્પત્તિ–શ્રુતિઓના વિરોધનું નિરસન કર્યું. હવે ઉત્પાદના વિષેની શ્રુતિઓના વિરોધનું નિરાકરણ કરાય છે. તેમાં પણ સૂક્ષ્મ ભૂતોનું ઉત્પાદન તો પરમેશ્વરકૃતજ, શ્રુતિઓને વિષે અવિરુદ્ધ છે. સ્થૂલ ભૂતોના ઉત્પાદનને વિષે શ્રુતિઓમાં વિરોધ છે તેના નિરાકરણને માટે કહે છે—'संज्ञामूर्तिक्लृप्तिस्तु' ઇત્યાદિ. નામ અને રૂપના ભેદને લીધે ઇન્દ્રિયથી પ્રાણ ભિન્ન છે એમ કહ્યું છે, તેના પ્રસંગે સ્થૂલ નામ અને રૂપની રચનાનો કર્તા કોણ છે એ વિષે વિચાર થાય છે. એમ અવાન્તર સંગતિ છે. સત્‌ની પ્રક્રિયામાં 'तत्तेजोऽसृजत' ઇત્યાદિ સંદર્ભ વડે તેજ, જલ અને અન્નની સૃષ્ટિ કહી ઉપદેશ કર્યો છે કે 'सेयं देवतैक्षत' ઇત્યાદિ. એનો અર્થ આ પ્રમાણે છે. પૂર્વોક્ત [2]બહુભવન જે [3]ઈક્ષિતનું પ્રયોજન છે તે હજી પણ સર્વથા નિષ્પન્ન થયું નથી તેથી પુનઃ વિચાર કર્યો—બહુભવન પ્રયોજનનેજ ઉદ્દેશીને વિચાર કર્યો કે કેવી રીતે હવે હું આ, વાયુ, તેજ આદિ ત્રણ દેવતાઓમાં, પૂર્વ સૃષ્ટિમાં અનુભૂત, હાલ સ્મરણથી [4]સંનિધાપિત, પ્રાણધારણ કર્તા, એવા જીવાત્મા વડે અનુપ્રવેશ કરીને, બુદ્ધિ આદિ ભૂતમાત્રાને વિષે, આદર્શમાં મુખ-

---

૧ ત્યારપછી, ત્રણ આગપાણી કરનાર પ્રથમ, પૃથ્વી, જલ અને તેજ એ ત્રણ દેવતાના બબ્બે ભાગ કરી, તેમાંના એકેક ભાગના બબ્બે ભાગ કરી તેમાંના એકેકને બે ઈતર ભાગોમાં નાખવો એ ત્રિવૃત્કરણ. ૨ ઘણું થવું તે. ૩ વિચારવું ૪ પાસે આણેલ.

ફૂત સદાત્મક દેવતાએ વિચાર્યું કે હવે હું એ ત્રણ દેવતાઓમાં આ જીવાત્મા વડે અનુપ્રવેશ કરી નામ અને રૂપનો [1]વ્યાકાર કરૂં એમ. તે ત્રણ દેવતાઓમાંની એકેકને ત્રણ ત્રણ ભાગવાળી કરૂં એમ). તેમાં સંશય થાય છે કે નામ અને રૂપનું એ વ્યાકરણ જીવે કર્યું છે કે પરમેશ્વરે કર્યું છે? તેમાં એવું પ્રાપ્ત થાય છે કે નામ અને રૂપનું એ વ્યાકરણ જીવેજ કર્યું છે. શાથી? કેમકે 'अनेन जीवेनात्मना' (આ જીવાત્મા વડે) એવું વિશેષણ છે. જેમ [2]લોકમાં 'ચાર વડે હું પર સૈન્યમાં અનુપ્રવેશ કરી [3]સંકલના કરૂં' એવા પ્રકારના પ્રયોગમાં સૈન્યસંકલના ચારેજ કરી છે તોપણ પ્રયોજક કર્તા હોવાથી રાજા 'સંકલના કરૂં' એમ [4]ઉત્તમ પુરુષના પ્રયોગ વડે પોતાને વિષે તેનો અધ્યારોપ કરે છે; એ પ્રમાણે નામ અને રૂપનું વ્યાકરણ જીવેજ કર્યું છે તોપણ પ્રયોજક કર્તા હોવાથી દેવતા 'व्याकरवाणि' (વ્યાકાર કરૂં) એમ ઉત્તમ પુરુષના પ્રયોગ વડે તેનો પોતાને વિષે અધ્યારોપ કરે છે. વળી ડિત્થ, ડવિત્થ આદિ નામોને વિષે અને ઘટ, શરાવ આદિ રૂપોને વિષે જીવજ વ્યાકાર કરનાર છે એમ જોવામાં આવે છે તેટલા માટે નામ અને રૂપનું એ વ્યાકરણ જીવજ કરે છે એમ પ્રાપ્ત થયે કહે છે—'संज्ञामूर्तिक्लृप्तिस्तु' એમ. તુશબ્દ વડે પક્ષનું વ્યાવર્તન કરે છે. સંજ્ઞામૂર્તિક્લૃપ્તિ એટલે નામ અને રૂપનું વ્યાકરણ. 'त्रिवृत्कुर्वतः' એ પરમેશ્વરને સૂચવે છે; કેમકે ત્રિવૃત્કરણમાં તેનોજ [5]નિરપવાદ કર્તા તરીકે નિર્દેશ છે. અગ્નિ, આદિત્ય, ચન્દ્રમા, વિદ્યુત્ એમ જે નામનું વ્યાકરણ છે અને કુશ, કાશ, પલાશ આદિને વિષે તેમજ પશુ, મૃગ, મનુષ્ય આદિને વિષે દરેક આકૃતિમાં અને દરેક વ્ય-

---

બિમ્બની પેઠે જળમાં ચન્દ્રના બિમ્બની પેઠે, છાયામાત્રથી અનુપ્રવેશ કરીને, નામ અને રૂપનો વ્યાકાર કરૂં, આ એનું નામ અને આ એનું રૂપ એમ વિસ્પષ્ટ કરૂં અને એ ત્રણ દેવતાઓને, એકેકને, ત્રિવૃત્ ત્રિવૃત્ તેજ, જળ અને અન્નના સ્વરૂપથી ત્ર્યાત્મક, ત્ર્યાત્મક કરૂં. ત્રિવૃત્કરણ આ પ્રમાણે છે—તેજ, જળ અને અન્ન એ પ્રત્યેકના બે વિભાગ કરી, બે ભાગમાંના દરેકના પાછા બે ભાગ કરી એ રીતે થયેલા તેજના બે ભાગને જળ અને અન્નમાં, જળના બે ભાગને તેજ અને અન્નમાં અને અન્નના બે ભાગને જળ અને તેજમાં નાખીને, એક એક ભૂતને ત્રિતયરૂપ—ત્ર્યાત્મકરૂપ કરવું તે ત્રિવૃત્કરણ. 'देवताः'=સૂક્ષ્મ દેવતા. તે ત્રણ દેવતાઓમાંની એકેક દેવતાને તેજ, જળ અને અન્નના આત્માથી ત્ર્યાત્મક કરીશ—એ શ્રુતિ પઞ્ચીકરણના ઉપલક્ષણને અર્થે છે; કેમકે છાન્દોગ્યમાં પણ આકાશ અને વાયુ ઉપસંહારમાં કર્યાં છે. એવી રીતે સ્થૂલ કરેલાં ભૂતોને વિષે પ્રાણીઓનો વ્યવહાર સિદ્ધ થશે એમ પર દેવતાનું તાત્પર્ય છે. 'जीवेन' એ પદના 'व्याकरवाणि' એ પદ સાથે સંબન્ધના સંભવ અને અસંભવને લીધે સંશય કહે છે—'તેમાં સંશય થાય છે' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં જીવજ ભૂતોનો સ્રષ્ટા છે, તેથી બ્રહ્મ સર્વને સર્જનાર છે એ અસિદ્ધ છે; સિદ્ધાન્તમાં બ્રહ્મ સર્વને સર્જનાર છે એ સિદ્ધ છે. 'जीवेन' એનો 'व्याकरवाणि' એ પ્રધાન ક્રિયાપદ સાથે સંબન્ધ છે એમ પૂર્વપક્ષ કહે છે—'તેમાં એવું પ્રાપ્ત થાય છે' ઇત્યાદિ. પરદેવતા કર્તા ન હોય તો ઉત્તમ પુરુષનો પ્રયોગ શી રીતે થાય એમ શંકા કરી પ્રયોજક હોવાથી પર દેવતાને વિષે કર્તૃત્વ ઉપચરિત છે એમ કહે છે—'જેમ લોકમાં' ઇત્યાદિ. સિદ્ધાન્ત કરે છે—'તુશબ્દ વડે' ઇત્યાદિ. 'દરેક આકૃતિમાં'—દરેક જાતિમાં. એથી સર્વ સ્થૂલની સૃષ્ટિ

---

૧ સ્પષ્ટીકરણ. ૨ લૌકિક ભાષામાં. ૩ ગણતરી. ૪ પ્રથમ. ૫ અપવાદ વિના.

જેમાં અનેક પ્રકારનું જે રૂપનું વ્યાકરણ છે તે તેજ, જળ અને અન્નના નિર્માતા પરમેશ્વરનીજ કૃતિ થાય એ યુક્ત છે. શાથી? ઉપદેશથી; કારણ કે 'सेयं देवतैक्षत' (તે એ દેવતાએ વિચાર કર્યો) એમ ઉપક્રમ કરીને 'व्याकरवाणि' (હું વ્યાકરણ કરું) એમ ઉત્તમ પુરુષના પ્રયોગ વડે પર બ્રહ્મજ વ્યાકરણકર્તા છે એમ અહિં ઉપદેશ કર્યો છે, પણ 'जीवेन' (જીવ વડે) એ વિશેષણથી વ્યાકરણકર્તા જીવ છે એમ નિશ્ચય કર્યો છે. એ એમ નથી. 'जीवेन' (જીવ વડે) એનો 'अनुप्रविश्य' (અનુપ્રવેશ કરીને) એની સાથે સંબન્ધ છે, એની પછી લાગતુંજ એ આવે છે તેથી, 'व्याकरवाणि' (હું વ્યાકરણ કરું) એની સાથે સંબન્ધ નથી; કારણ કે તેની સાથે સંબન્ધ હોય તો 'व्याकरवाणि' (હું વ્યાકાર કરું) એ દેવના વિષેનો ઉત્તમ પુરુષ ઔપચારિક છે એમ કલ્પના કરવી પડે. વળી ગિરિ, નદી, સમુદ્ર, આદિ નાના પ્રકારનાં નામ અને રૂપોમાં વ્યાકરણ કરવાનું સામર્થ્ય અનીશ્વર એવો જે જીવ તેમાં નથી; અને જેઓને વિષે સામર્થ્ય છે તેમને વિષે પણ તે સામર્થ્ય પરમેશ્વરને અધીનજ છે. તેમજ જીવ કંઇ પરમેશ્વરથી અત્યન્ત ભિન્ન નથી જેમ ચાર એ રાજાથી અત્યન્ત ભિન્ન છે તેમ; કેમકે 'आत्मना' (આત્મા વડે) એ વિશેષણ છે અને વળી (આત્માનો) જીવભાવ ઉપાધિમાત્રને આધારે છે. તેથી તેણે (જીવે) કરેલું પણ નામનું અને રૂપનું વ્યાકરણ પરમેશ્વરે કરેલુંજ થાય છે, અને પરમેશ્વરજ નામ અને રૂપનો વ્યાકર્તા છે એમ સર્વે ઉપનિષદોનો સિદ્ધાન્ત છે—'आकाशो हि नाम नामरूपयोर्निर्वहिता' [છાન્દો૦ ૮।૧૪।૧] (આકાશ એ શ્રુતિઓને વિષે પ્રસિદ્ધ આત્મા છે, અને નામ અને રૂપનો વ્યાકરણકર્તા છે) ઇત્યાદિ શ્રુતિઓથી. તેટલા માટે નામ અને રૂપનું વ્યાકરણ એ ત્રિવૃત્ કરનાર પરમેશ્વરનુંજ કામ છે. આ નામરૂપવ્યાકરણ અહિં ત્રિ-

કરવામાં જીવનું અસામર્થ્ય [1]દ્યોતન કરેલું છે. પદનો અન્વય પદાર્થની યોગ્યતાને અધીન છે તેથી જીવરૂપે પ્રવેશ કરી હુંજ–પરદેવતા–વ્યાકાર કરીશ એવો અન્વય છે. જીવ વડે વ્યાકાર કરીશ એવો અન્વય નથી. પણ એમ છે તો અનુપ્રવેશક્રિયા જીવકર્તૃક છે અને વ્યાકરણક્રિયા ઈશ્વરકર્તૃક છે એમ કર્તાનો ભેદ હોવાથી क्त्वा પ્રત્યય ('अनुप्रविश्य' માં જે क्त्वा પ્રત્યયનો य થયો છે તે) ન થાય. એ શંકાનું ઉત્તર કહે છે—'તેમજ જીવ કંઈ પરમેશ્વરથી અત્યન્ત ભિન્ન નથી' ઇત્યાદિ. વસ્તુતઃ 'सूर्यो जले प्रविष्टः' (સૂર્ય જળમાં પેઠો) એમ સૂર્યના પ્રતિબિંબભાવનો પ્રવેશ છે તોપણ સૂર્યનોજ કર્તા તરીકે પ્રયોગ છે તેથી જીવાત્મા વડે પ્રવેશમાં પણ ઈશ્વરજ કર્તા છે એમ क्त्वानी શ્રુતિ યુક્ત છે એમ સમજવું. પણ અભેદ છે તો જીવજ વ્યાકર્તા કેમ ન થાય એમ આશંકા કરી કલ્પનાથી ભિન્ન એવો જે જીવ તે અશક્ત છે તેથી તેમજ શ્રુતિનો વિરોધ થાય છે તેથી એમ નહિ એમ કહે છે—'પરમેશ્વરજ નામ અને રૂપનો વ્યાકર્તા છે' ઇત્યાદિ. પ્રત્યેક મહાભૂતની સૃષ્ટિ પૂર્વે કહી છે તેથી અહિં વ્યાકરણવાક્યમાં યત્નપૂર્વક સ્થૂલ ભૌતિક સૃષ્ટિ કહી છે એમ પાઠવ્યત્યયથી સૂત્રસૂચિત શ્રુતિનો અર્થ કહે છે—'આ નામરૂપવ્યાકરણ' ઇત્યાદિ. તાત્પર્ય આ પ્રમાણે છે—અહિં મહાભૂતોની સૃષ્ટિ કહીને આદ્ય ત્રિવૃત્કરણ કહ્યું નથી, તેથી વ્યાકરણવાક્યમાં જે નિર્દિશ્યમાન ત્રિવૃત્કરણ છે તે મહાભૂતવિષયકજ છે. પાઠનો જે વ્યત્યાસ છે તે તો સંકલ્પવાક્યમાં નામરૂપવ્યાકરણ ઉદ્દેશ્ય છે તેથી એમ સમજવું. ઉદ્દેશ્યનો સર્વત્ર

1 સૂચવ્યું.

તુ-ઉપર્યુક્તજ ત્રિવૃત્કરણ છે; કેમકે દરેક નામ અને રૂપનું વ્યાકરણ તેજ, જળ અને અન્નની ઉત્પત્તિ કરીનેજ કર્યું છે. વળી તે ત્રિવૃત્કરણ અગ્નિ, આદિત્ય, ચન્દ્ર અને વિદ્યુતને વિષે 'यदग्ने रोहितं रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्य' [છાન્દો૦ ૬।૪।૧] (અગ્નિનું જે રોહિત રૂપ છે તે તેજનું રૂપ છે, જે શુકલ રૂપ છે તે જળનું છે અને જે કૃષ્ણ રૂપ છે તે અન્નનું છે) ઇત્યાદિ વડે શ્રુતિ દર્શાવે છે. તેમાં અગ્નિ એ રૂપનું વ્યાકરણ છે, અને રૂપનું વ્યાકરણ થયે વિષયનો પ્રતિલંભ થાય છે તેથી અગ્નિ એ નામનું વ્યાકરણ છે. એજ પ્રમાણે આદિત્ય, ચન્દ્ર અને વિદ્યુતને વિષે પણ સમજવું. વળી આ અગ્નિ આદિ ઉદાહરણથી પૃથ્વીના, જળના અને તેજના, ત્રણેના રૂપોમાં સરખી રીતે ત્રિવૃત્કરણ કરેલું થાય છે; કેમકે ઉપક્રમ અને ઉપસંહાર બન્નેને સામાન્ય છે; કારણ કે સરખી રીતે ઉપક્રમ છે—'इमास्तिस्रो देवतास्त्रिवृत्त्रिवृदेकैका भवति' [છાન્દો૦ ૬।૩।૪] (આ ત્રણ દેવતા એકેકે ત્રિવૃત્ [ત્રિરૂપ] થાય છે) એમ. વળી ઉપસંહાર પણ સરખી રીતે છે—'यदु रोहितमिवाभूदिति तेजसस्तद्रूपम्' [છાન્દો૦ ૬।૪।૬] ([અનેકરૂપ હોવાથી કપોતાદિરૂપે સંદિગ્ધ] જણાય છે તેને વિષે) જે રૂપ રોહિત જેવું [પૂર્વે બ્રહ્મવિદોએ મનાયું હતું] તે તેજનું રૂપ છે [એમ તેઓએ જાણ્યું]) એ આદિમાં છે અને 'यद्विज्ञातमिवाभूदित्येतासामेव देवतानां समास इति' [છાન્દો૦ ૬।૪।૭] (જે અવિજ્ઞાત જેવું [વિશેષતઃ અગૃહ્યમાણ જેવું] થયું તે પણ એ ત્રણ દેવતાનોજ સમુદાય છે [એમ તેઓએ જાણ્યું]) આમાં છે ॥ ૨૦ ॥

---

૧ જીવ નિર્દેશ શબ્દ છે, તેથી 'નામરૂપનો વ્યાકાર કરું' એમ ઉદ્દેશનો નિર્દેશ કરી તેના સાધન માટે ત્રિવૃત્કરણનો નિર્દેશ કરે છે કે 'તેમાંની દરેકને ત્રણત્રણ, ત્રણત્રણ કરીશ' એમ. [illegible] ત્રિવૃત્કરણ [illegible] કહ્યું છે તેને માટે કહે છે—'વળી તે ત્રિવૃત્કરણ' ઇત્યાદિ. હવે [illegible] કહે છે—'તેમાં અગ્નિ એ રૂપનું વ્યાકરણ છે' ઇત્યાદિ. અગ્નિને [illegible] અતિદેશ કરે છે—'એજ પ્રમાણે, આદિત્ય, ચન્દ્ર' ઇત્યાદિ. [illegible] અગ્નિ આદિ [illegible] છે તેથી પૃથ્વી અને જળનું [illegible] કહે છે—'વળી આ અગ્નિ આદિ ઉદાહરણથી' ઇત્યાદિ. [illegible] અતિદેશનું શું પ્રયોજન છે એવી આશંકા [illegible] કહે છે—'ઉપક્રમ અને ઉપસંહાર' ઇત્યાદિ. આ ત્રણ, તેજ, જળ અને [illegible] ઉપક્રમનો અર્થ છે [illegible] છે. 'અવિજ્ઞાતમ્'- [illegible] છે. એ ત્રણ [illegible] ॥ ૨૦ ॥

બાહ્ય પદાર્થોમાં ત્રિવૃત્ કરેલી તે ત્રણ દેવતાઓનું બીજું 'આધ્યાત્મિક ત્રિવૃત્કરણ કહ્યું છે—'इमास्तिस्रो देवताः पुरुषं प्राप्य त्रिवृत्त्रिवृदेकैका भवति' [છાન્દો૦ ૬।૪।૭] (એ ત્રણ દેવતાઓ પુરુષને પ્રાપ્ત કરી એકેક ત્ર્યાત્મક, ત્ર્યાત્મક થાય છે) એમ. તે હવે આચાર્ય આશંકિત કોઈક દોષ પરિહરવા ઇચ્છી શ્રુત્યનુસારેજ દર્શાવે છે—

मांसादि भौमं यथाशब्दमितरयोश्च ॥ २१ ॥

માંસાદિકાર્ય ભૂમિનું શ્રુત્યનુસારે છે અને બીજા બેનું (જળ અને તેજનું) ॥ ૨૧ ॥

ત્રિવૃત્કરેલી, પુરુષ વડે ઉપભોગ કરાતી ભૂમિનું માંસાદિ કાર્ય શ્રુત્યનુસારે નિષ્પન્ન થાય છે; કેમકે 'अन्नमशितं त्रेधा विधीयते तस्य यः स्थविष्ठो धातुस्तत्पुरीषं भवति यो मध्यमस्तन्मांसं योऽणिष्ठस्तन्मनः' [છાન્દો૦ ૬।૫।૧] (ખાધેલા અન્નના ત્રણ પ્રકારે વિભાગ થાય છે, તેનો જે સ્થૂલતમ ધાતુ છે તે પુરીષ થાય છે, જે મધ્યમ છે તે માંસ છે, જે સહુથી અણુ છે તે મન છે) એમ શ્રુતિ છે. એ ત્રિવૃત્કૃત ભૂમિજ વ્રીહિ, યવ આદિ અન્નરૂપમાં ખવાય છે એવો અભિપ્રાય છે. વળી તેનું સ્થૂલતમ રૂપ પુરીષ ભાવે બહાર નીકળે છે, મધ્યમ રૂપ અધ્યાત્મ માંસ વધારે છે અને સહુથી અણુ રૂપ મનની વૃદ્ધિ કરે છે. એ પ્રમાણે બીજાં બે, જળ અને તેજનું શ્રુત્યનુસારે કાર્ય સમજવું. એ પ્રમાણે મૂત્ર, રક્ત અને પ્રાણ એ જળનું કાર્ય છે અને હાડકાં, [1]મજ્જા અને વાણી એ તેજનું કાર્ય છે એમ (સમજવું) ॥ ૨૧ ॥

અહિં કહે છે—જો ભૂત, ભૌતિક સર્વજ ત્રિવૃત્કૃત છે; કેમકે 'तासां त्रिवृतं त्रिवृतमेकैकामकरोत्' (તે દેવતાઓમાંની દરેકને ત્ર્યાત્મક ત્ર્યાત્મક કરી) એમ શ્રુતિમાં વિશેષ નથી, તો 'इदं तेज इमा आप इदमन्नम्' (આ તેજ, આ જળ અને આ અન્ન) એમ તેમજ 'अध्यात्ममिदमन्नस्याशितस्य कार्यं मांसादि। इदमपां पीतानां कार्यं लोहितादि। इदं तेजसोऽशितस्य कार्यमस्थ्यादि' (શરીરને વિષે માંસાદિ એ ભુક્ત અન્નનું કાર્ય છે, લોહિતાદિ, એ પીધેલાં પાણીનું કાર્ય છે, અને અસ્થિ આદિ એ ભુક્ત કરેલા તેજનું કાર્ય છે) એમ વિશેષ વ્યપદેશ શાથી કર્યો છે? એને વિષે કહે છે—

બાહ્ય ત્રિવૃત્કરણ કહીને બીજું, આધ્યાત્મિક, જેનું લક્ષણ પૂર્વે કહ્યું છે એવું કહેવા ઉત્તર સૂત્રની અવતરણિકા આપે છે—'બહાર ત્રિવૃત્કરેલી તે ત્રણ દેવતાઓનું' ઇત્યાદિ. પુરુષશરીરને પ્રાપ્ત કરીને એકેક ત્રિવૃત્ થાય છે—કાર્યત્ર્યાત્મક થાય છે એવો અર્થ છે. ઉત્તર સૂત્રમાં જેની શંકા જણાવી છે એવા દોષનું નિરસન કરવા પ્રથમ સંક્ષિપ્ત આધ્યાત્મિક ત્રિવૃત્કરણ દર્શાવે છે એવો ભાષ્યનો અર્થ છે. માંસાદિ ભૂમિનું કાર્ય શી રીતે છે તેને માટે કહે છે—'એ ત્રિવૃત્કૃત ભૂમિજ' ઇત્યાદિ. પ્રાણ એટલે વાયુ એ જળનું કાર્ય છે એમ કહ્યું છે તે ઔપચારિક સમજવું ॥ ૨૧ ॥

---

૧ હાડીમાંનું ૨ વરદ. ગંદ. ૩ અગ્નિની અંતઃ રહેલ સ્નેહ—ચેટી પદાર્થ

वैशेष्यात्तु तद्वादस्तद्वादः ॥ २२ ॥

પણ વિશેષ હોવાથી, વિશેષ વ્યપદેશ છે ॥ ૨૨ ॥

તુશબ્દ વડે શંકા કરેલા દોષનું નિરાકરણ કરે છે. વિશેષનો ભાવ તે વૈશેષ્ય-અર્થાત્, [1]ભૂયસ્ત્વ. ત્રિવૃત્કરણ છે તોપણ ક્વચિત્ કોઈક ધાતુનું આધિક્ય ઉપલબ્ધ થાય છે—'अग्नेस्तेजोभूयस्त्वमुदकस्याब्भूयस्त्वं पृथिव्या अन्नभूयस्त्वम्' (અગ્નિમાં તેજનું આધિક્ય છે, ઉદકમાં જળનું અને પૃથિવીમાં અન્નનું આધિક્ય છે) એમ. વળી વ્યવહારની પ્રસિદ્ધિને અર્થે એ ત્રિવૃત્કરણ છે. [2]ત્રિવૃત્કરેલી રજ્જુની પેઠે એકત્વનો પ્રસંગ હોય તો લોકમાં ત્રણ ભૂત સંબન્ધી ભેદવ્યવહાર પ્રસિદ્ધ ન થાય. તેટલા માટે ત્રિવૃત્કરણ છે તોપણ ભૂતભૌતિક વિષે તેજ, જળ અને અન્ન એમ વિશેષવાદ વૈશેષ્યથીજ ઉપપન્ન થાય છે. तद्वादस्तद्वादः એમ પદની પુનરુક્તિ અધ્યાયની પરિસમાપ્તિ સૂચવે છે ॥ ૨૨ ॥

इति श्रीमच्छङ्करभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये गुर्जरगिरा भाष्यानुवादे द्वितीयाध्यायस्य चतुर्थः पादः ॥ ४ ॥

इति द्वितीयोऽध्यायः ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ગુર્જરગિરાએ ભાષ્યાનુવાદમાં દ્વિતીય અધ્યાયનો ચતુર્થ પાદ સમાપ્ત ॥ ૪ ॥

દ્વિતીય અધ્યાય સમાપ્ત ॥

આ પ્રમાણે વિષય કહી દોષની શંકા કરે છે—'અહિં કહે છે' ઇત્યાદિ. સર્વ ભૂતભૌતિક સમાન રીતે ત્ર્યાત્મક હોય તો અન્ન આદિ શબ્દથી તેઓ શી રીતે વાચ્ય થાય છે એ શંકાનું નિરાકરણ કરે છે. બાહ્ય પદાર્થોમાં વિશેષ વ્યવહારનો અસંભવ બતાવી દેહને વિષે પણ તેનો અસંભવ કહે છે—'તેમજ "अध्यात्ममिदम्"' ઇત્યાદિ. ઉત્તર સૂત્ર ઉતારે છે—'એને વિષે કહે છે' શંકાના ઉત્તર તરીકે સૂત્રનું વ્યાખ્યાન કરે છે—'તુશબ્દ વડે' ઇત્યાદિ. પોતાના ભાગનું આધિક્ય એવું જે વૈશેષ્ય તે શા માટે કર્યું છે તેને માટે કહે છે—'વ્યવહારની પ્રસિદ્ધિને અર્થે' ત્રિવૃત્કરણવિશેષમાં પણ જ્યાં જેનું આધિક્ય છે ત્યાં તે વડે તેનો વ્યપદેશ છે એવો સૂત્રનો અર્થ છે. આ પ્રમાણે બ્રહ્મને વિષે વેદાન્તતાત્પર્ય છે તેનો સ્મૃતિ સાથે અને ન્યાયમતાન્તરે શ્રુતિઓ સાથે અવિરોધ છે એમ સિદ્ધ થયું ॥ ૨૨ ॥

इति श्रीमच्छङ्करभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये टीकाग्रन्थानां गुर्जरगिरानुवादे द्वितीयाध्यायस्य चतुर्थः पादः ॥ ४ ॥

इति द्वितीयाध्यायः ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ટીકાગ્રન્થોના ગુર્જરગિરાથી અનુવાદમાં દ્વિતીય અધ્યાયનો ચતુર્થપાદ સમાપ્ત ॥ ૪ ॥

દ્વિતીય અધ્યાય સમાપ્ત ॥

---

૧ બહુ હોવાપણું. ૨ ત્રણ વસ્તુની બનાવેલી.

अथ तृतीयोऽध्यायः ।

પ્રથમઃ પાદઃ ।

तदन्तरप्रतिपत्तौ रंहति संपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्याम् ॥ १ ॥

બીજા તેની (દેહની) પ્રાપ્તિને વિષે (જીવ ભૂતોના સૂક્ષ્મ ભાગો સાથે) પરિવેષ્ટિત થયલો જાય છે, પ્રશ્ન અને નિરૂપણથી ॥ ૧ ॥

દ્વિતીય અધ્યાયમાં વેદાન્તમાં કહેલા બ્રહ્મજ્ઞાનમાં સ્મૃતિના અને ન્યાયના વિરોધનો પરિહાર કર્યો. તેમજ પર પક્ષો અપેક્ષારહિત છે એમ વિસ્તારથી દર્શાવ્યું અને શ્રુતિઓના વિરોધનું નિરાકરણ કર્યું. વળી તેમાં જીવથી વ્યતિરિક્ત તત્ત્વો જે જીવનાં ઉપકરણ છે તે બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું. હવે ઉપકરણની ઉપાધિવાળા જીવની સંસારગતિનો પ્રકાર, તેની અન્ય અવસ્થાઓ, બ્રહ્મનું તત્ત્વ, વિદ્યાનો ભેદ અને અભેદ, ગુણોનો ઉપસંહાર અને અનુપસંહાર, સમ્યગ્જ્ઞાનથી પુરુષાર્થની સિદ્ધિ, સમ્યગ્જ્ઞાનના ઉપાયના ભિન્ન વિધિઓ, અને મુક્તિફળનો અનિયમ—આટલો વિષયસમૂહ તૃતીય અધ્યાયમાં નિરૂપણ કરાશે અને પ્રસંગથી આવેલું કંઈક બીજું. તેમાં પ્રથમ પાદમાં પંચાગ્નિવિદ્યાનો આશ્રય કરી સંસારગતિનો પ્र-

વૃત્તનો અનુવાદ કરીને તૃતીય અધ્યાયનો વિષય કહે છે—'દ્વિતીય અધ્યાયમાં' ઇત્યાદિ. સ્મૃતિ, ન્યાય અને શ્રુતિના વિરોધનો પરિહાર કરવાથી 'અનધ્યવસાયરૂપ જે અપ્રામાણ્ય તેનો પરિહાર થયો, એટલે પ્રામાણ્ય નિશ્ચય થવાથી ચતુર્થ વિચાર થાય છે, નહિ તો નિર્બીજ હોવાથી તે સિદ્ધ ન થાય. વેદાન્તાર્થ અવિરોધ સિદ્ધ થયો એટલે તેના જ્ઞાનના સાધનની ચિન્તાનો અવસર આવ્યો એમ બીજા અને ત્રીજા અધ્યાય વચ્ચે હેતુહેતુમદ્ભાવ સંબન્ધ છે. લિંગોપાધિ—જીવનાં ઉપકરણો—સિદ્ધ થયો એટલે તે ઉપાધિવાળા જીવની સંસારગતિ કેવી છે તેનો વિચાર થાય છે એમ છેલ્લો પાદ અને આ પાદ વચ્ચે પણ હેતુહેતુમદ્ભાવ સંબંધ છે. અહિ પ્રથમ પાદમાં વૈરાગ્યનું નિરૂપણ છે, બીજામાં સ્વપ્નાદિ અવસ્થા કહીને ત્વં (તું) એ પદનો અર્થ—બ્રહ્મતત્ત્વ કહ્યું છે, ત્રીજામાં વાક્યાર્થ અને તેને માટે ઉપાસનાનો વિચાર કર્યો છે. ચતુર્થ પાદનો અર્થ કહે છે—'સમ્યગ્જ્ઞાનથી' ઇત્યાદિ. 'સમ્યગ્જ્ઞાનના ઉપાય' = સંન્યાસ આદિ. 'મુક્તિફળનો અનિયમ'—જે જન્મમાં જ્ઞાનસાધનનું અનુષ્ઠાન થાય તેજ જન્મમાં જ્ઞાનનો ઉદય થવાથી મુક્તિ થાય છે એવા નિયમનો અભાવ; કેમકે અન્ય જન્મનો સંસ્કાર પણ હેતુ છે. અથવા મુક્તિરૂપ ફળનું સ્વર્ગની પેઠે તારતમ્યરૂપ જે નિયમ તેનો અભાવ, અર્થાત્ એકરૂપ હોવું તે. 'પ્રસંગથી આવેલું કંઈક બીજું'—જેવું કે દેહાત્મદૂષણ. 'પંચાગ્નિવિદ્યા'—સ્વર્ગ, પર્જન્ય, પૃથિવી, પુરુષ અને સ્ત્રી એ પાંચને વિષે અગ્નિ તરીકે ધ્યાન તે 'પંચાગ્નિવિદ્યા.' કર્મથી સંસારમાં ગમન અને આગમનરૂપ અનર્થ થાય છે તેથી કર્મફળને વિષે જુગુપ્સા—વિરક્તિ કરવી જોઈએ એમ પંચાગ્નિવિદ્યાના ઉપસંહારમાં શ્રુતિ છે તેથી સંસારગતિનો

૧ અનિશ્ચયરૂપ.

वैशेष्यात्तु तद्वादस्तद्वादः ॥ २२ ॥

પણ વિશેષ હોવાથી, વિશેષ વ્યપદેશ છે ॥ ૨૨ ॥

તુશબ્દ વડે શંકા કરેલા દોષનું નિરાકરણ કરે છે. વિશેષનો ભાવ તે વૈશેષ્ય-અર્થાત્, [1]ભૂયસ્ત્વ. ત્રિવૃત્કરણ છે તોપણ ક્વચિત્ કોઈક ધાતુનું આધિક્ય ઉપલબ્ધ થાય છે—'अग्नेस्तेजोभूयस्त्वमुदकस्याब्भूयस्त्वं पृथिव्या अन्नभूयस्त्वम्' (અગ્નિમાં તેજનું આધિક્ય છે, ઉદકમાં જળનું અને પૃથિવીમાં અન્નનું આધિક્ય છે) એમ. વળી વ્યવહારની પ્રસિદ્ધિને અર્થે એ ત્રિવૃત્કરણ છે. [2]ત્રિવૃત્કરેલી રજ્જુની પેઠે એકત્વનો પ્રસંગ હોય તો લોકમાં ત્રણ ભૂત સંબન્ધી ભેદવ્યવહાર પ્રસિદ્ધ ન થાય. તેટલા માટે ત્રિવૃત્કરણ છે તોપણ ભૂતભૌતિક વિષે તેજ, જળ અને અન્ન એમ વિશેષવાદ વૈશેષ્યથીજ ઉપપન્ન થાય છે. तद्वादस्तद्वादः એમ પદની પુનરુક્તિ અધ્યાયની પરિસમાપ્તિ સૂચવે છે ॥ ૨૨ ॥

इति श्रीमच्छङ्करभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये गुर्जरगिरा भाष्यानुवादे द्वितीयाध्यायस्य चतुर्थः पादः ॥ ४ ॥

इति द्वितीयोऽध्यायः ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ગુર્જરગિરાએ ભાષ્યાનુવાદમાં દ્વિતીય અધ્યાયનો ચતુર્થ પાદ સમાપ્ત ॥ ૪ ॥

દ્વિતીય અધ્યાય સમાપ્ત ॥

આ પ્રમાણે વિષય કહી દોષની શંકા કરે છે—'અહિં કહે છે' ઇત્યાદિ. સર્વ ભૂતભૌતિક સમાન રીતે ત્ર્યાત્મક હોય તો અન્ન આદિ શબ્દથી તેઓ શી રીતે વાચ્ય થાય છે એ શંકાનું નિરાકરણ કરે છે. બાહ્ય પદાર્થોમાં વિશેષ વ્યવહારનો અસંભવ બતાવી દેહને વિષે પણ તેનો અસંભવ કહે છે—'તેમજ "अध्यात्ममिदम्"' ઇત્યાદિ. ઉત્તર સૂત્ર ઉતારે છે—'એને વિષે કહે છે' શંકાના ઉત્તર તરીકે સૂત્રનું વ્યાખ્યાન કરે છે—'તુશબ્દ વડે' ઇત્યાદિ. પોતાના ભાગનું આધિક્ય એવું જે વૈશેષ્ય તે શા માટે કર્યું છે તેને માટે કહે છે—'વ્યવહારની પ્રસિદ્ધિને અર્થે' ત્રિવૃત્કરણવિશેષમાં પણ જ્યાં જેનું આધિક્ય છે ત્યાં તે વડે તેનો વ્યપદેશ છે એવો સૂત્રનો અર્થ છે. આ પ્રમાણે બ્રહ્મને વિષે વેદાન્તતાત્પર્ય છે તેનો સ્મૃતિ સાથે અને ન્યાયમતાન્તરે શ્રુતિઓ સાથે અવિરોધ છે એમ સિદ્ધ થયું ॥ ૨૨ ॥

इति श्रीमच्छङ्करभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये टीकाग्रन्थानां गुर्जरगिरानुवादे द्वितीयाध्यायस्य चतुर्थः पादः ॥ ४ ॥

इति द्वितीयाध्यायः ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ટીકાગ્રન્થોના ગુર્જરગિરાથી અનુવાદમાં દ્વિતીય અધ્યાયનો ચતુર્થપાદ સમાપ્ત ॥ ૪ ॥

દ્વિતીય અધ્યાય સમાપ્ત ॥

---

૧ બહુ હોવાપણું. ૨ ત્રણ વસ્તુની બનાવેલી.

अथ तृतीयोऽध्यायः ।

પ્રથમઃ પાદઃ ।

तदन्तरप्रतिपत्तौ रंहति संपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्याम् ॥ १ ॥

બીજા તેની (દેહની) પ્રાપ્તિને વિષે (જીવ ભૂતોના સૂક્ષ્મ ભાગો સાથે) પરિવેષ્ટિત થયલો જાય છે, પ્રશ્ન અને નિરૂપણથી ॥ ૧ ॥

દ્વિતીય અધ્યાયમાં વેદાન્તમાં કહેલા બ્રહ્મજ્ઞાનમાં સ્મૃતિના અને ન્યાયના વિરોધનો પરિહાર કર્યો. તેમજ પર પક્ષો અપેક્ષારહિત છે એમ વિસ્તારથી દર્શાવ્યું અને શ્રુતિઓના વિરોધનું નિરાકરણ કર્યું. વળી તેમાં જીવથી વ્યતિરિક્ત તત્ત્વો જે જીવનાં ઉપકરણ છે તે બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું. હવે ઉપકરણની ઉપાધિવાળા જીવની સંસારગતિનો પ્રકાર, તેની અન્ય અવસ્થાઓ, બ્રહ્મનું તત્ત્વ, વિદ્યાનો ભેદ અને અભેદ, ગુણોનો ઉપસંહાર અને અનુપસંહાર, સમ્યગ્જ્ઞાનથી પુરુષાર્થની સિદ્ધિ, સમ્યગ્જ્ઞાનના ઉપાયના ભિન્ન વિધિઓ, અને મુક્તિફળનો અનિયમ—આટલો વિષયસમૂહ તૃતીય અધ્યાયમાં નિરૂપણ કરાશે અને પ્રસંગથી આવેલું કંઈક બીજું. તેમાં પ્રથમ પાદમાં પંચાગ્નિવિદ્યાનો આશ્રય કરી સંસારગતિનો પ્ર-

---

સૂત્રનો અનુવાદ કરીને તૃતીય અધ્યાયનો વિષય કહે છે—'દ્વિતીય અધ્યાયમાં' ઇત્યાદિ. સ્મૃતિ, ન્યાય અને શ્રુતિના વિરોધનો પરિહાર કરવાથી 'અનધ્યવસાયરૂપ જે અપ્રામાણ્ય તેનો પરિહાર થયો, એટલે પ્રામાણ્ય નિશ્ચય થવાથી ચતુર્થ વિચાર થાય છે, નહિ તો નિર્બીજ હોવાથી તે સિદ્ધ ન થાય. વેદાન્તાર્થ અવિરુદ્ધ સિદ્ધ થયો એટલે તેના જ્ઞાનના સાધનની ચિન્તાનો અવસર આવ્યો એમ બીજા અને ત્રીજા અધ્યાય વચ્ચે હેતુહેતુમદ્ભાવ સંબન્ધ છે. ઉપાધિ—જીવનાં ઉપકરણો—સિદ્ધ થયો એટલે તે ઉપાધિવાળા જીવની સંસારગતિ કેવી છે તેનો વિચાર થાય છે એમ છેલ્લો પાદ અને આ પાદ વચ્ચે પણ હેતુહેતુમદ્ભાવ સંબંધ છે. અહિ પ્રથમ પાદમાં વૈરાગ્યનું નિરૂપણ છે, બીજામાં સ્વપ્નાદિ અવસ્થા કહીને ત્વં (તુ) એ પદનો અર્થ-બ્રહ્મતત્ત્વ કહ્યું છે, ત્રીજામાં વાક્યાર્થ અને તેને માટે ઉપાસનાનો વિચાર કર્યો છે. ચતુર્થ પાદનો અર્થ કહે છે—'સમ્યગ્જ્ઞાનથી' ઇત્યાદિ. 'સમ્યગ્જ્ઞાનના ઉપાય' = સંન્યાસ આદિ. 'મુક્તિફળનો અનિયમ'[1]—જે જન્મમાં જ્ઞાનસાધનનું અનુષ્ઠાન થાય તેજ જન્મમાં જ્ઞાનનો ઉદય થવાથી મુક્તિ થાય છે એવા નિયમનો અભાવ; કેમકે અન્ય જન્મનો સંસ્કાર પણ હેતુ છે. અથવા મુક્તિરૂપ ફળનું સ્વર્ગની પેઠે તરતમભાવરૂપ જે નિયમ તેનો અભાવ, અર્થાત્ એકરૂપ એવું તે 'પ્રસંગથી આવેલું કંઈક બીજું'—જેવું કે દેહાત્મવાદ. 'પંચાગ્નિવિદ્યા'—સ્વર્ગ, પર્જન્ય, પૃથિવી, પુરુષ અને સ્ત્રી એ પાંચને વિષે અગ્નિ દૃષ્ટિ ધ્યાન તે 'પંચાગ્નિવિદ્યા.' કર્મથી સંસારમાં ગમન અને આગમનરૂપ અનર્થ થાય છે તેથી કર્મફળને વિષે જુગુપ્સા—વિરક્તિ કરવી જોઈએ એમ પંચાગ્નિવિદ્યાના ઉપસંહારમાં શ્રુતિ છે તેથી સંસારગતિનો

---

૧ અધિકાર.

ભેદ વૈરાગ્યને માટે પ્રદર્શાવાય છે; કેમકે 'तस्माज्जुगुप्सेत्' (તેમાંથી-કર્મમાંથી વિ
ક્ત થવું) એમ અન્તે શ્રુતિ છે. મુખ્ય પ્રાણ સાથે, ઇન્દ્રિયો સહિત, અને મન
સાથે, અવિદ્યા, કર્મ અને જન્માન્તર સંસ્કારને સાથે લઈને જીવ પૂર્વ દેહનો ત્યા
કરીને અન્ય દેહ પ્રાપ્ત કરે છે એમ 'अथैनमेते प्राणा अभिसमायान्ति' [બૃહ
૪।૪।૧] (મરણકાળે એ વાક્ આદિ ઇન્દ્રિયો હૃદયમાં જીવની સાથે એક થાય છે
ઇત્યાદિ શ્રુતિથી અને 'अन्यन्नवतरं कल्याणतरं रूपं कुरुते' [બૃહ૦ ૪।૪।૪] (અન્
નવતર, કલ્યાણતર રૂપ-દેહાન્તર કરે છે) એમ સંસારપ્રકરણમાંની છેલ્લી શ્રુતિથ
તેમજ ધર્મ અને અધર્મના ફળના ઉપભોગનો સંભવ છે તેથી એમ સમજાય
તે જીવ શું દેહનાં બીજો, ભૂતોના સૂક્ષ્મ ભાગો સાથે અસંશ્લિષ્ટ જાય છે કે સંશ્લિષ્ટ તે
વિચાર થાય છે? શું પ્રાપ્ત થાય છે? અસંશ્લિષ્ટ જાય છે એમ. શાથી? કારણ કે
ન્દ્રિયોનાં ઉપાદાનની પેઠે ભૂતોનાં ઉપાદાન શ્રુતિમાં નથી. ખરેખર, 'स एतास्
जोमात्राः समभ्याददानः' [બૃહ૦ ૪।૩।૧] (તે આત્મા આ, તેજના અવયવો

પ્રભેદ,—પુણ્યપાપફળની ગતિનો પ્રકાર—વૈરાગ્યને અર્થે દર્શાવાય છે એમ અન્વય છે. 'વૈર
અને માટે'—અનેક આયાસવાળું કર્મ કરવાથી પણ કોઈ પણ સ્થળે સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત
નથી, તો કર્મ અને તેના ફળનું શું પ્રયોજન છે! કોઈ શંકા કરે કે પંચાગ્નિવિદ્યામાં પંચાગ્
વિદ્યાની ઉપાસનાનું વિધાન છે, વૈરાગ્યને માટે સંસારગતિ છે એમ કહ્યું નથી તો તેનું નિરા
રણ એ છે કે કર્મફળરૂપ, ગતિરૂપ અને આગતિરૂપ સંસાર અનર્થરૂપ છે તેથી કર્મફળને વિ
વિદ્વાને જુગુપ્સા-વિરક્તિ કરવી જોઈએ એમ પંચાગ્નિવિદ્યાના ઉપસંહારમાં શ્રુતિ છે તેથી અહિં
વૈરાગ્યને અર્થે સંસારગતિનું અભિધાન છે. જોકે વિરક્તને અધિકાર છે એમ શાસ્ત્રના આરંભ
માં અધિકારીના વિશેષણ તરીકે વૈરાગ્ય કહ્યું છે—શાસ્ત્રના આદિ સૂત્રમાં નિત્યાનિત્યવિવેકરૂ
વૈરાગ્ય કહ્યું છે—, તોપણ સંસારમાં ગમન અને આગમનના ક્લેશની ભાવનાથી થયલું વૈરાગ્ય
દૃઢત્વ અહિં કહ્યું છે એટલે પુનરુક્તિ નથી. અધિકરણનો વિષય કહે છે—'મુખ્ય પ્રાણ
સાથે' ઇત્યાદિ. 'અવિદ્યા, કર્મ' ઇત્યાદિ. અવિદ્યા એ પ્રસિદ્ધ છે; અનાદિ, અનિર્વાચ્ય, ચિ
ત્પ્રતિબિંબનું નિમિત્ત હોવાથી જીવત્વહેતુ તે અવિદ્યા. 'વિદ્યા' પાઠ હોય તો ઉપાસના અ
લેવો. 'કર્મ'=અધર્મ અને ધર્મ સંજ્ઞક. 'अथैनमेते' ઇત્યાદિ. अथ=અન્યદેહ પ્રાપ્તિન
ઇચ્છા પછી. મરણકાળે પ્રાણો હૃદયમાં જીવની સાથે એક થાય છે એવો અર્થ છે; જે
એક ગામથી બીજે ગામ જવા તૈયાર થયલા રાજાની પાછળ સેવકો જાય છે તેમ મર
ણકાલે પ્રાપ્ત થયલા મોહ પછી અન્ય લોકમાં જતા જીવની પાછળ પ્રાણો જાય છે એવો અ
છે. 'अन्यन्नवतरं—रूपम्'=શરીર. દેહાન્તરપ્રાપ્તિ શ્રુતિથીજ સમજાય છે એમ નહિ, યુક્તિ
થી પણ તે સમજાય છે એમ કહે છે—'ધર્મ અને અધર્મના ફળના' ઇત્યાદિ. નિયત દે
શકાળમાં ફળભોગ અન્યથા અનુપપન્ન છે તેથી દેહાન્તરસંચાર સિદ્ધ થાય છે એવો અર્થ છે
'ભૂતોના સૂક્ષ્મ ભાગો'—પંચીકૃતભૂતોના ભાગો ઉત્તર દેહમાં પરિણામ પામે છે, માટે
'ભૂતસૂક્ષ્મ' છે. સર્વ અધિકરણોમાં વેદાન્તનો અર્થ જે જ્ઞાન તેનાં સાધનનો વિચાર છે તેથ
શ્રુતિ, શાસ્ત્ર અને અધ્યાયોની સંગતિ છે, વૈરાગ્ય એનું ફળ છે તેથી આ પાદની સંગતિ છે.
પૂર્વ અધિકરણમાં વ્યવહારને માટે પંચીકરણ કહ્યું છે, તે વ્યવહારનું અહિં નિરૂપણ છે એમ

સાથે સેને) એમાં 'तेजोमात्राः' શબ્દ વડે શ્રુતિ કરણોનું ઉપાદાન કહે છે; કેમકે વાક્યશેષમાં ચક્ષુ આદિનું સંકીર્તન છે. એવી રીતે ભૂતમાત્રાના ઉપાદાનનું સંકીર્તન નથી. વળી ભૂતના અવયવો સર્વત્ર સુલભ છે. જ્યાં દેહ ઉત્પન્ન કરવાનો છે ત્યાંજ છે, તેથી તેમને લઈ જવા એ પ્રયોજનરહિત છે; તેટલા માટે જીવ અસંસક્ત જાય છે. એમ પ્રાપ્ત થયે આચાર્ય કહે છે—'तदन्तरप्रतिपत्तौ रंहति संपरिष्वक्तः' એમ. બીજા તેની પ્રાપ્તિને વિષે એટલે દેહાન્તર પ્રાપ્તિને વિષે દેહનાં બીજો, ભૂતોના સૂક્ષ્મ ભાગો સાથે સંસક્ત થયેલો (જીવ) रंहति એટલે જાય છે એમ સમજવું. શાથી? પ્રશ્ન અને નિરૂપણથી; કારણ કે 'वेत्थ यथा पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्ति' [છાન્દો૦ ૫।૩।૩] (પંચમી આહુતિ હોમાયે, (આહુતિનું સાધન) જળ પુરુષસંજ્ઞા પ્રાપ્ત કરે છે એ તું જાણે છે?) એવો પ્રશ્ન છે. પ્રતિવચનમાં એવું નિરૂપણ છે કે સ્વર્ગ, પર્જન્ય, પૃથિવી, પુરુષ, અને સ્ત્રી એ પાંચ અગ્નિઓમાં શ્રદ્ધા, સોમ, વૃષ્ટિ, અન્ન અને રેત એ પાંચ આહુતિ દર્શાવીને કહે છે કે 'इति तु पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्ति' [છાન્દો૦ ૫।૯।૧] (એમ પાંચમી આહુતિ હોમાયે જળ પુરુષ-

[1] ફલદ્વિભાવ એ અવાન્તર સંગતિ છે. પૂર્વપક્ષમાં નિરાશ્રય પ્રાણને ગતિ ન હોવાથી વૈરાગ્ય નથી, સિદ્ધાન્તમાં ભૂતાશ્રય પ્રાણને ગતિ છે તેથી વૈરાગ્ય છે એમ ફળનો ભેદ છે. 'तेजोमात्राः'—ચક્ષુ આદિ ઇન્દ્રિયો. કેમકે पश्यति (જુએ છે), जिघ्रति (સુંઘે છે) એવો વાક્યશેષ છે. 'वेत्थ यथा' ઇત્યાદિ—પાંચ અગ્નિને વિષે હોમાયલું જળ, પાંચમી આહુતિ હોમાયે, એમ પુરુષશબ્દવાચ્ય થાય છે, પુરુષાકારમાં પરિણામ પામે છે તે તું શું જાણે છે એમ શ્વેતકેતુ પ્રતિ પ્રવાહણ રાજાનો પ્રશ્ન છે. તેના ઉત્તરનું અજ્ઞાન હોવાથી તેના પિતા પ્રતિ રાજાએ કહ્યું—'असौ वाव लोको गौतमाग्निस्तत्र श्रद्धाख्या आपः आहुतिः पर्जन्याग्नौ सोमरूपा इह स्वल्पाग्निहोत्रे श्रद्धया हुता दध्यादिरूपा आपो यजमानसंसक्ताः स्वर्गं लोकं प्राप्य सोमाख्यदिव्यदेहात्मना स्थिताः कर्मान्ते हुताः पर्जन्ये द्रवन्ते ततो वृष्टिरूपाः पृथिव्यां अन्नरूपाः पुरुषे रेतोरूपाः योषिति हुता आपः पुरुषशब्दवाच्याः पुमात्मका भवन्ति' (હે ગૌતમ, આ લોક અગ્નિ છે, તેમાં શ્રદ્ધા નામનું જળ એ આહુતિ છે, પર્જન્યરૂપ અગ્નિને વિષે આહુતિ સોમરૂપ છે, અહીં અગ્નિહોત્રમાં શ્રદ્ધાથી હોમાયલું, દધિ આદિરૂપ જળ, યજમાન સાથે સંબદ્ધ થઈ સ્વર્ગ લોક પ્રાપ્ત કરી સોમસંજ્ઞક દિવ્ય દેહસ્વરૂપે રહેલું, કર્મને અન્તે ક્ષીણ થઈ, પર્જન્યને વિષે હોમાય છે, પછી એ હોમાયલું જળ પૃથિવીને વિષે, વૃષ્ટિરૂપ, પુરુષને વિષે, અન્નરૂપ, સ્ત્રીને વિષે રેતોરૂપ, પુરુષશબ્દવાચ્ય પુમાત્મક થાય છે) એમ નિરૂપણ કર્યું છે. તાત્પર્ય આ પ્રમાણે છે—'वेत्थ यथा पञ्चम्यामाहुतौ' ઇત્યાદિ શ્વેતકેતુ આરુણેયને પ્રવાહણ જૈવલિએ પૂછ્યું અને શ્વેતકેતુ તેનો ઉત્તર આપી શક્યો નહિ. પુનઃ તેના પિતાએ આવીને પ્રવાહણને પૂછ્યું ત્યારે તેણે તે પ્રતિ નિરૂપણ કર્યું, તેમાં દ્યુ, પર્જન્ય, પૃથિવી, પુરુષ અને સ્ત્રી એને પંચ અગ્નિ કલ્પ્યા અને શ્રદ્ધા, સોમ, વૃષ્ટિ, અન્ન અને રેત એને આહુતિદ્રવ્યો કલ્પ્યાં. શ્રદ્ધા આદિની દ્યુલોક આદિને વિષે જે પ્રાપ્તિ છે તેને આહુતિ કલ્પી છે. અને શ્રદ્ધા આદિ આહુતિનાં સોમરાજ, વૃષ્ટિ, અન્ન, રેત અને ગર્ભરૂપ પરિણામે પ્રતિપાદન કર્યું છે. અગ્નિ આદિ સમિધ આદિ વડે કલ્પ્યાં છે. પછી 'पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्ति' એમ ઉપસંહાર કર્યો છે. તેથી એ આદિ વાક્ય પંચાગ્નિવિદ્યા પ્રતિ-

૧ જુઓ ૧૨૭ થી ૧૨૯. ૨ પંચાગ્નિ પે૦ ૧૯૭ અને આગળ પે૦ ૧૯૮.

સંશ્લિષ્ટ થાય છે) એમ. તેટલા માટે જળથી સંશ્લિષ્ટ થયેલા જીવ જાય છે એમ
જાય છે. પણ 'तद्यथा तृणजलायुका' [બૃહ૦ ૪।૪।૩] (તેમાં—દેહાન્તર સંચ
જેમ તૃણની જળો) એ અન્ય શ્રુતિ જળોની પેઠે જ્યાંસુધી અન્ય દેહમાં જીવ
નથી ત્યાંસુધી પૂર્વ દેહનો ત્યાગ કરતો નથી એમ દર્શાવે છે. તેમાં પણ આ
ણિત્વજ જે જીવ તેના કર્મથી ઉપસ્થાપિત, પ્રાપ્ત કરવાનો જે દેહ તેને વિષે
નાના દીર્ઘ થવા સાથેજ 'જલૂકાનું સાદૃશ્ય કહ્યું છે એમ અવિરોધ છે. આ પ્ર
અન્ય દેહ પ્રાપ્ત કરવાનો પ્રકાર શ્રુતિમાં કહ્યો છે તેથી પુરુષમતિથી ઉત્પન્ન થ
જે કલ્પનાઓ છે—ઇન્દ્રિયો અને આત્મા જે વ્યાપી છે તે અન્ય દેહ પ્રાપ્ત
ત્યારે કર્મવશથી તેમાં વૃત્તિલાભ થાય છે, કે કેવળ આત્માનો તેમાં વૃત્તિલાભ

પ્રાપ્ત કરે છે. તેમજ 'तद्य इत्थं विदुः' (તેટલા માટે જેઓ આ પ્રમાણે જાણે છે
તેજ વિદ્વાનું અર્ચિ આદિ વડે બ્રહ્મપ્રાપ્તિરૂપ ફળ કહે છે. અત્ર શંકા કરે છે કે જો અ
જીવની ગતિ હોય તો જળથી પરિવેષ્ટિત થયેલા જીવની તે કલ્પી શકાય, પણ તેવી ગતિ
પરંતુ જેમ તૃણમાંની જળો અન્ય તૃણનું ગ્રહણ કરીને પૂર્વ તૃણનો ત્યાગ કરે છે તેમ
પણ અન્ય દેહનું ગ્રહણ કરીનેજ પૂર્વ દેહનો ત્યાગ કરે છે તેથી નિદર્શનશ્રુતિ સાથે
થવાથી પરિષ્વક્ત જીવનું ગમન નથી એવી શંકા કરે છે—'પણ "तद्यथा तृणजलायु
ઇત્યાદિ. શંકાનો અભિપ્રાય એવો છે કે આ દેહનો ત્યાગ કરી જલ સાથે ગયેલો જીવ
દેહાન્તર પ્રાપ્ત કરે છે એ અયુક્ત છે. જેમ તૃણની જળો અન્ય તૃણનું ગ્રહણ કરી પૂર્વ
નો ત્યાગ કરે છે તેમ જીવ અન્ય દેહનું ગ્રહણ કરી પૂર્વ દેહનો ત્યાગ કરે છે. નિદર્શન
અર્થ એવો છે કે અહિંજ કર્માધીન ભાવી દેહનું 'હું દેવ છું' ઇત્યાદિ ભાવનાથી ગ્રહણ
પૂર્વ દેહનો ત્યાગ કરે છે. પૂર્વતૃણના ત્યાગસમયેજ ઉત્તરતૃણનું ગ્રહણ છે એ અંશે
દૃષ્ટાન્તસામ્યની વિવક્ષા નથી, પણ જેમ જળો અન્ય તૃણનું ગ્રહણ કરતી વખતે દીર્ઘ થઈ
તૃણમાં સ્થિર થાય છે, તેમ જીવ પણ પૂર્વ દેહના ત્યાગકાળે ભૂતસૂક્ષ્મના પરિણામભૂત
દેહની ભાવના સાથે સંબદ્ધ થયેલો જાણે દીર્ઘ થયો ન હોય એવો થાય છે એટલા સા
વિવક્ષા છે. પરમાત્માને કંઈ સંસરણ-સંસારગતિનો સંભવ નથી; કેમકે તે તો નિત્ય,
શુદ્ધ, મુક્ત એવો છે; જીવોનુંજ સંસરણ છે. વળી ઉપાધિથી જેનો અવચ્છેદ કલ્પિત છે
પરમાત્માનેજ જીવ કહ્યો છે. તેનો દેહેન્દ્રિય આદિ ઉપાધિ પ્રાદેશિક હોવાથી તેને વિ
અન્ય દેહમાં જાય એ યુક્ત નથી; તેટલા માટે સૂક્ષ્મ દેહથી પરિષ્વક્ત થયેલો જાય છે.
થી ઉપસ્થાપિત જે પ્રાપ્તવ્ય દેહ તેની ભાવનાનું એટલે ઉત્પાદનનું જે દીર્ઘ થવું તેનીજ
જલૂકા સાથે ઉપમા છે. ભાવનાનો દીર્ઘભાવ એટલે અવિવેકવિસ્તાર. ઘટાકાશની પેઠે
જાણે જીવ સૂક્ષ્મ ઉપાધિની ગતિથી અન્ય લોકમાં જાય છે એ પંચાગ્નિશ્રુતિમાં કહેલો
છે, તેથી વિરુદ્ધ અન્ય કલ્પનાઓનો આદર કરવો યુક્ત નથી એવો અન્વય છે. સાંખ્ય
ના કહે છે—'ઇન્દ્રિયો અને આત્મા જે વ્યાપી છે' ઇત્યાદિ. કરણો આહંકારિક છે
અને અહંકાર જગન્મણ્ડલવ્યાપી છે તેથી કરણો પણ વ્યાપી છે. 'વૃત્તિલાભ' = તેના
શરીરને અવચ્છેદે કરીને જ્ઞાનાદિકાર્યજનકત્વ. આત્મા વ્યાપક હોવાથી શરીરને વિષે રહિ
ઃ ભરે નિયમિત કરવો એટલે એવી સાંખ્યકલ્પના છે. સુગતકલ્પના કહે છે—'કે
આત્માનો' ઇત્યાદિ. નિર્વિકલ્પકજ્ઞાનસન્તાનરૂપ જે આત્મા તેનો દેહાન્તરમાં ઉત્પ

૧ જળોનું.

છે, ઇન્દ્રિયો તો દેહની પેઠે નવી નવીજ ત્યાં ત્યાં ભોગસ્થાનને વિષે ઉત્પન્ન થાય છે અથવા કેવળ મન ભોગસ્થાન પ્રતિ જાય છે, જીવજ એક દેહથી કૂદીને અન્ય દેહ પ્રાપ્ત કરે છે જેમ શુક એક વૃક્ષથી કૂદીને બીજા વૃક્ષ પર જાય છે તેમ—એવા પ્રકારની સર્વ કલ્પનાનો અનાદર કરવો યુક્ત છે; કેમકે શ્રુતિનો વિરોધ છે ॥ ૧ ॥

પણ નિર્દિષ્ટ કરેલા પ્રશ્ન અને પ્રતિવચનથી જીવ માત્ર જલ સાથે સંલગ્ન થયેલો જાય છે; કેમકે અપ્ (જળ) શબ્દની શ્રુતિનું સામર્થ્ય છે, તો સર્વ ભૂતસૂક્ષ્મો સાથે સંલગ્ન થયેલો જાય છે એમ સામાન્ય પ્રતિજ્ઞા કેમ કરી છે? એથી ઉત્તર પઢે છે-

त्र्यात्मकत्वात्तु भूयस्त्वात् ॥ २ ॥

પણ (જળ) ત્ર્યાત્મક હોવાથી (જીવ કેવલ જળથી સંલગ્ન નથી), બાહુલ્યથી (કેવળ જળનો નિર્દેશ છે) ॥ ૨ ॥

તુશબ્દ વડે કરેલી આશંકાનો ઉચ્છેદ કરે છે. ખરેખર, જળ ત્ર્યાત્મક છે, કેમકે ત્રિવૃત્કરણની શ્રુતિ છે. તે જળને (નવીન દેહનું) ઉત્પાદક સ્વીકાર્યું છે તેથી બીજાં

વિકલ્પકજ્ઞાનસંતાન વૃત્તિલાભ થાય છે એવો અર્થ છે. આલયવિજ્ઞાનસંતાનરૂપ આત્મા છે તેની વૃત્તિઓ છ પ્રવૃત્તિવિજ્ઞાન છે. પાંચ, ચક્ષુઆદિ ઇન્દ્રિયો તો નવી ઉત્પન્ન થાય છે. બૌદ્ધોનો આશય એવો છે કે આત્મા એ આલયજ્ઞાનસન્તાન છે, તેની વૃત્તિઓ તે શબ્દાદિજ્ઞાન. તેનો લાભ અન્ય શરીરમાં થાય છે. 'કેવળ' શબ્દ આત્માને કરણોનું સાહિત્ય નથી એમ કહે છે. ત્યારે અન્ય દેહમાં કરણો શી રીતે આવે છે તેને વિષે કહે છે કે ચક્ષુ આદિ પાંચ ઇન્દ્રિયો એકદેહમાત્ર છે અને મન એ સમનન્તર પ્રત્યયમાત્ર છે તેથી એ છ, અભિનવનોજ અન્ય શરીરમાં જન્મ થાય છે. 'ભોગસ્થાનને વિષે'—ભોગાયતન, નવીન શરીરને વિષે એવો અર્થ છે. કાણાદોની કલ્પના કહે છે—'અથવા કેવળ મન' ઇત્યાદિ. અન્ય દેહ પ્રતિ માત્ર મન જાય છે, ઇન્દ્રિયો તો નૂતનજ આરબ્ધ થાય છે. 'કેવળ' કરણ અને આત્માથી રહિત. દેહાન્તરમાં કરણો નૂતનજ આરબ્ધ થાય છે, આત્મા તો વિભુ હોવાથી ક્રિયારહિત છે તોપણ તેને વિષે વૃત્તિમાત્ર પ્રાપ્ત કરે છે. દિગમ્બરોની કલ્પના કહે છે—'જીવજ એક દેહથી' ઇત્યાદિ. 'એવા પ્રકારની' = આથી લોકાયતિકોની કલ્પનાનું સંગ્રહણ થાય છે. તેઓ દેહાત્મવાદી છે તેથી આત્મા ભસ્મીભૂત થાય છે, કંઈ પણ દેહાન્તરમાં જતું નથી એમ કહે છે. એ બધી કલ્પનાનો આદર ન કરવાનો હેતુ કહે છે 'શ્રુતિનો વિરોધ છે' ॥ ૧ ॥

શંકા કરે છે—'પણ નિર્દિષ્ટ કરેલા' ઇત્યાદિ. સૂત્રથી શંકાનું ઉત્તર કહે છે—'ત્ર્યાત્મકત્વાત્તુ' ઇત્યાદિ. 'ત્રણેનું કાર્ય'-તેજનું કાર્ય, ખાધેલા અને પીધેલાનો—આહારનો પરિપાક, જળનું કાર્ય ક્લેદ, સ્વેદ વગેરે, પૃથિવીનું કાર્ય ગન્ધ વગેરે. પણ પાક, સ્વેદ અને ગન્ધ એ ત્રણ કાર્ય ઉપલબ્ધ થવાથી દેહ ત્ર્યાત્મક છે એમ જે કહ્યું છે તે અયુક્ત છે; કેમકે પ્રાણ અને અવકાશરૂપ કાર્ય પણ ઉપલબ્ધ છે; કારણ કે દેહ એ પંચભૂતાત્મક છે. એમ અરુચિમાં

૧ ઉત્પન્ન.

પણ એ ભૂતો અવશ્ય સ્વીકારવા યોગ્ય થાય છે. દેહ ત્ર્યાત્મક છે; કેમકે તેજ, જ
અને અન્ન એ ત્રણેનું કાર્ય તેમાં ઉપલબ્ધ થાય છે. વળી દેહ ત્ર્યાત્મક છે; કેમ
વાત, પિત્ત અને શ્લેષ્મ એ ત્રણને લીધે તેમાં ત્રણ ધાતુ છે. અન્ય ભૂતોનું પ્રત્ય
ખ્યાન કરી કેવલ જલથી તે ઉત્પન્ન થઈ શકે નહિ. તેટલા માટે 'જળ પુરુષાત્મ
થાય છે' એમ જે પ્રશ્ન અને પ્રતિવચનમાં જળશબ્દ છે તેને કેવળ જળની અ
ક્ષા નથી, પણ ભૂયસ્ત્વની અપેક્ષા છે. ખરેખર, સર્વ દેહોમાં રસ, લોહિત આ
દ્રવદ્રવ્યત્વનું બાહુલ્ય દેખાય છે. પણ પૃથિવીરૂપ ધાતુ દેહોમાં ભૂયિષ્ઠ દેખાય
એ દોષ નથી બીજાની અપેક્ષાથી પણ જળનું બાહુલ્ય થશે અને શુક્ર, 'શોણિ
વાળાં દેહબીજમાં દ્રવનું બાહુલ્ય દેખાય છે. વળી અન્ય દેહની ઉત્પત્તિમાં ક
નિમિત્તકારણ છે. અગ્નિહોત્ર આદિ કર્મો સોમ, આજ્ય, પય આદિ દ્રવદ્રવ્યને આ
શ્રયે થાય છે અને કર્મમાં રહેલું જળ, જે શ્રદ્ધાશબ્દથી કહ્યું છે તે કર્મોની સા
દ્યુલોકસંજ્ઞક અગ્નિને વિષે હોમાય છે એમ કહેશે. તેટલા માટે પણ જળનું બાહુલ

અન્ય વ્યાખ્યા કરે છે—'વળી દેહ ત્ર્યાત્મક છે' ઇત્યાદિ. વાત, પિત્ત અને શ્લેષ્મ
ત્રણ દેહનું ધારણ કરે છે માટે ધાતુઓ છે. એ ત્રણ ધાતુ દેહમાં હોવાથી દેહ ત્ર્યાત્મક
તેથી અન્ય ભૂતોનું પ્રત્યાખ્યાન કરી કેવલ જલથી શરીર ઉત્પન્ન કરવું શક્ય નથી; કેમ
શરીર કેવલ જલથી ઉત્પન્ન થયું હોય તો વાત અને પિત્ત જે વાયવ્ય-વાયુજન્ય અને તૈ
સ-તેજોજન્ય છે તે એમાં હોય નહિ. ત્યારે દેહમાં જલગ્રહણનિયમ શી રીતે તેને માટે ક
છે—'તેટલા માટે "જળ પુરુષાત્મક થાય છે"' ઇત્યાદિ. દ્રવ અંશ શરીરને વિષે અ
ધિક છે તેથી જળનું ગ્રહણ છે. પણ કઠિન અંશ—પાર્થિવ અંશ જળથી પણ શરીરને વિ
વિશેષ દેખાય છે તેથી જળનું ગ્રહણ અયુક્ત છે એમ શંકા કરે છે—'પણ પૃથિવીરૂ
ધાતુ' ઇત્યાદિ. પંચાત્મક દેહને વિષે પાર્થિવ અંશનું બાહુલ્ય છે તોપણ જળનું બાહુલ્ય અ
વિરુદ્ધ છે; કેમકે અન્ય ભૂતની અપેક્ષાએ તેનો સંભવ છે. પૃથિવી ધાતુ સિવાય અન્ય તે
આદિ ધાતુની અપેક્ષાએ શરીરરૂપ કાર્ય જેમાં લોહિત આદિ દ્રવનું આધિક્ય છે તે
જળનું આધિક્ય છે એમ કહ્યું છે. પૃથિવીથી ભિન્ન ભૂતો કરતાં દેહમાં જળનું આધિક
છે એમ તાત્પર્ય છે એમ કહે છે—'એ દોષ નથી' ઇત્યાદિ. દેહનાં ઉપાદાન રે
અને લોહિતમાં જળનું બાહુલ્ય છે તેથી જળથીજ અન્ય ભૂતોનું ઉપલક્ષણ યુક્ત છે એમ ક
છે—'અને શુક્ર, શોણિતવાળા દેહબીજમાં' ઇત્યાદિ. દેહનિમિત્ત કર્મમાં જળનું બાહુ
લ્ય છે તેથી જળથી અન્ય ભૂતોનું ઉપલક્ષણ છે એમ કહે છે—'વળી અન્ય દેહની ઉ
ત્પત્તિમાં' ઇત્યાદિ. સોમાદિ અગ્નિજ ભસ્મીભૂત થાય છે તેથી તેમાં રહેલું જળનું બાહુલ
અન્ય દેહની ઉત્પત્તિમાં ઉપયોગી નથી એમ આશંકા કરી કહે છે—'કર્મોની સાથે' ઇત્યા
દિ. જળ એ સ્થૂલ કર્મનું સાધન છે તેથી તેના સંબંધી, સૂક્ષ્મરૂપે પુરુષમાં આશ્રિત શ્રદ્ધાસં
જ્ઞક જળ, કર્મસંસ્કારો સાથે દ્યુલોકાગ્નિને વિષે હોમાયલું ચન્દ્રલોકમાં દેહ ઉત્પન્ન કરે છે એ
આગળ કહેવાશે તેથી જળ એ દેહની ઉત્પત્તિમાં ઉપયોગી છે એવો અર્થ છે. નિમિત્તગત પ
દ્રવબાહુલ્ય દેહારંભમાં ઉપયોગી છે એમ થવાથી જળથી અન્ય ભૂતોનું ઉપલક્ષણ થાય
યુક્ત છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે પણ જળનું બાહુલ્ય' ઇત્યાદિ. જળશ

૧ રુધિરમાં.

પ્રસિદ્ધ છે, અને બાહુલ્ય છે તેથી અપ્ (જળ) શબ્દ વડે સર્વ દેહબીજ ભૂતસૂક્ષ્મોનું ગ્રહણ છે એમ [1]નિરવદ્ય છે ॥ ૨ ॥

प्राणगतेश्च ॥ ३ ॥

અને પ્રાણની ગતિથી ॥ ૩ ॥

દેહાન્તર પ્રાપ્તિને વિષે પ્રાણોની ગતિ '*तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ति*' [બૃહ૦ ૪।૪।૨] (ઉત્ક્રમણ કરતા તેની-જીવની પાછળ પ્રાણ ઉત્ક્રમણ કરે છે, અને ઉત્ક્રમણ કરતા પ્રાણની પાછળ પ્રાણો ઉત્ક્રમણ કરે છે) ઇત્યાદિ શ્રુતિઓ સંભળાવે છે; અને પ્રાણોની એ ગતિ આશ્રય વિના સંભવતી નથી તેથી પ્રાણગતિથી પ્રયુક્ત, પ્રાણના આશ્રયભૂત, અન્ય ભૂતો સાથે સંબદ્ધ થયેલા જળની પણ ગતિ સમજાય છે; કારણ કે આશ્રયરહિત પ્રાણો ક્વચિત્ જતા કે રહેતા નથી; કેમકે જીવતા દેહમાં એમ (આશ્રયવાળા) દેખાય છે ॥ ૩ ॥

अग्न्यादिगतिश्रुतेरिति चेन्न भाक्तत्वात् ॥ ४ ॥

અગ્નિ આદિને વિષે (પ્રાણોની) ગતિ છે એવી શ્રુતિ છે તેથી (પ્રાણો જીવની સાથે જતા નથી) એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે શ્રુતિ ગૌણ છે ॥ ૪ ॥

પણ અહિં શંકા છે. અન્ય દેહની પ્રાપ્તિને વિષે પ્રાણો જીવની સાથે જતા નથી; કેમકે અગ્નિ આદિમાં જાય છે એવી શ્રુતિ છે; કારણ કે '*यत्रास्य पुरुषस्य मृ-*

જળથી અન્ય ભૂતોનું ઉપલક્ષણ થયું એટલે પંચભૂતના સૂક્ષ્મ ભાગોથી પરિવેષ્ટિત જીવની ગતિ યુક્ત જ છે એમ કહે છે—'એમ નિરવદ્ય છે' ॥ ૨ ॥

ઉત્ક્રમણને વિષે પ્રાણો દેહબીજ જે પંચભૂત તેમાં આશ્રિત છે, પ્રાણ છે તેથી, જીવના દેહના પ્રાણની પેઠે એમ કહે છે—'प्राणगतेश्च'. ભામતીકારની ટીકા આ પ્રમાણે છે—જીવના દેહમાં પ્રાણ સાશ્રય છે એમ સમજાય છે, જીવનો દેહ જાય છે ત્યારે તેના અનુવિધાયી પ્રાણો પણ જાય છે એમ જોવામાં આવે છે. એથી જ કોશવાળા પ્રાણો, દેહથી ઉત્ક્રમણ કરે છે ત્યારે કંઈક ઉત્ક્રમણ કરે છે તેની પાછળ ઉત્ક્રમણ કરે છે. એ કંઈક ભૂતેન્દ્રિયમય સૂક્ષ્મ દેહ છે એમ સમજાય છે; કેમકે પ્રાણો કંઈ ઇન્દ્રિયમાત્રમાં આશ્રિત છે એમ દેખાતું નથી કે જેથી ઇન્દ્રિયમાત્રમાં આશ્રિત પ્રાણની ગતિ ઉપપન્ન થાય ॥ ૩ ॥

પ્રાણ સાશ્રય છે તોપણ જીવની સાથે તેની ગતિ અસિદ્ધ છે એમ આશંકા કરી તેનો નિષેધ કરે છે—'अग्न्यादि' ઇત્યાદિ. 'લોમ અને કેશને વિષે તે જોવામાં આવતું

[1] દોષરહિત.

तस्याग्निं वागप्येति वातं प्राणः' [બૃહ૦ ૩।૨।૧૩] (જ્યાં એ મૃત પુરુષની વાણી અગ્નિને વિષે પ્રલીન થાય છે અને પ્રાણ વાયુને વિષે પ્રલીન થાય છે) ઇત્યાદિથી મરણકાળે વાણી આદિ પ્રાણો અગ્નિ આદિ દેવોમાં જાય છે એમ શ્રુતિ દર્શાવે છે-એમ જો શંકા થાય તો તે યુક્ત નથી; કેમકે [1]ભાક્ત છે. વાક્ આદિનું અગ્નિ આદિને વિષે ગમન દર્શાવનારી શ્રુતિ ગૌણ છે; કેમકે લોમ અને કેશને વિષે તે જોવામાં આવતું નથી. ખરેખર, 'ओषधीर्लोमानि वनस्पतीन् केशाः' [બૃહ૦ ૩।૨।૧૩] (લોમ ઓષધીમાં અને કેશ વનસ્પતિમાં પ્રલીન થાય છે) એવી ત્યાં શ્રુતિ છે. ખરેખર, લોમ અને કેશ કૂદીને ઓષધિ અને વનસ્પતિમાં જાય છે એમ સંભવતું નથી. વળી તેમજ પ્રાણરૂપ ઉપાધિનું પ્રત્યાખ્યાન કરીએ તો જીવનું ગમન સંભવતું નથી. વળી પ્રાણો વિના દેહાન્તરમાં ઉપભોગ ઉપપન્ન થતો નથી; અને પ્રાણોનું જીવની સાથે ગમન શ્રુતિમાં અન્યત્ર વિસ્પષ્ટ સંભળાવ્યું છે. એ કારણથી વાક્ આદિની અધિષ્ઠાત્રી અગ્નિ આદિ દેવતાઓ વાક્ આદિને ઉપકારક છે અને મરણકાળે તેમના ઉપકારની નિવૃત્તિમાત્રની અપેક્ષાએ વાક્ આદિ અગ્નિ આદિને વિષે જાય છે એમ ઉપચાર કર્યો છે ॥ ૪ ॥

નથી'. 'તે' = ઓષધિનું અને વનસ્પતિનું ગમન. 'ओषधीर्लोमानि' ઇત્યાદિ. 'अपियन्ति' લીન થાય છે એવો શેષ છે. ત્યાં પણ મુખ્યજ ગતિ થાય એમ શંકા કરીને કહે છે—'ખરેખર, લોમ અને કેશ' ઇત્યાદિ. અગ્નિ આદિને વિષે ગતિ કહેનારી શ્રુતિ અને 'तमुत्क्रामन्तम्' (ઉત્ક્રમણ કરતા જીવની પાછળ પ્રાણ ઉત્ક્રમણ કરે છે) ઇત્યાદિ શ્રુતિ પરસ્પર વિરુદ્ધ હોવાથી અગ્નિ આદિને વિષે ગતિ દર્શાવનારી શ્રુતિ ગૌણ છે. તાત્પર્ય આ પ્રમાણે છે—જે કાળે આ પુરુષની વાક્ આદિ ઇન્દ્રિયો અગ્નિ આદિ પ્રતિ જાય છે ત્યારે એ પુરુષ કોને આધારે પરલોક પ્રતિ જાય છે એવો યાજ્ઞવલ્ક્ય પ્રતિ આર્તભાગનો પ્રશ્ન છે. આ રીતે આ શ્રુતિથી વાક્ આદિ પ્રાણોનું અગ્નિ આદિને વિષે ગમન પ્રતિપાદન કર્યું છે અને तमुत्क्रामन्तम् એ શ્રુતિથી જીવની સાથે ગમન પ્રતિપાદન કર્યું છે તેથી શ્રુતિઓનો પરસ્પર વિરોધ હોવાથી સ્વાર્થને વિષે તાત્પર્ય સંભવતું નથી તેથી શ્રુતિને અનુસારે જીવની ઉત્ક્રાન્તિ નિરૂપાઈ શકાતી નથી એમ શંકાકારનું હૃદય છે. વિરોધ પ્રસક્ત થયે જો લક્ષણા આદિથી વિરોધનો પરિહાર કરી વિવક્ષિત અર્થ સંભવે તો અત્યન્ત અવિવક્ષિત અર્થ લેવો ઉચિત નથી. ત્યારે લક્ષણાનો ક્યાં આશ્રય કરવો એમ આકાંક્ષા થયે 'वनस्पतीन् केशाः' (વનસ્પતિને વિષે કેશ જાય છે) એમ દૃષ્ટ વિરોધ છે તેના પરિહારને માટે લક્ષણા અવશ્ય આશ્રય કરવી યુક્ત છે તેથી તેમાં પહેલું अग्निं वागप्येति એજ લાક્ષણિક થશે, तमुत्क्रामन्तम् ઇત્યાદિ લાક્ષણિક થશે નહિ એવો શંકાનો પરિહાર છે. એ રીતે अग्निं वागप्येति' ઇત્યાદિમાં वाक् આદિ પદ વાક્ આદિને વિષે અવચ્છિન્ન તે તે દેવતાના અંશનાં લક્ષક છે. મરણકાળે વાક્ આદિને વિષે અવચ્છિન્ન દેવતાંશ નિરવચ્છિન્ન અગ્ન્યાદિસ્વરૂપમાં પ્રલીન થાય છે—ઉપાધિકૃત ભેદનો ત્યાગ કરી [illegible]કતા પામે છે એવો વાક્યાર્થ છે. પ્રાણોનો અગ્નિ આદિને વિષે લય મુખ્યાર્થમાં લેવાથી જીવની [illegible] અને ભોગ અયુક્ત થાય છે. તેમજ सर्वे प्राणा अनूत्क्रामन्ति એમ વિસ્પષ્ટ શ્રુતિ છે તેથી [illegible] લોમાદિનો ગૌણ લય છે એવો પાઠ છે તેથી અગ્ન્યાદિગતિશ્રુતિ ગૌણ છે એમ સમજવું ॥ ૪ ॥

૧ ગૌણ.

प्रथमेऽश्रवणादिति चेन्न ता एव ह्युपपत्तेः ॥ ५ ॥

પ્રથમને (અગ્નિને) વિષે (જળનું) અશ્રવણ છે એમ જો કહેશો તો તે યુક્ત નથી, તેજ (જળ ત્યાં પણ અભિપ્રેત છે), ઉપપત્તિથી ॥ ૫ ॥

અત્ર શંકા છે. પણ જ્યાંસુધી પ્રથમ અગ્નિમાં જળનું શ્રવણ નથી ત્યાંસુધી 'पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्ति' [છાન્દો૦ ૫।૩।૩] (પાંચમી આહુતિમાં જળ પુરુષાત્મક થાય છે) એમ નિર્ધારણ કરવું શી રીતે શક્ય છે? ખરેખર, અહિં દ્યુલોક આદિ પાંચ અગ્નિઓનું પાંચ આહુતિના આધાર તરીકે અધ્યયન કરેલું છે. તેમાંના પ્રથમમાં 'असौ वाव लोको गौतमाग्निः' [છાન્દો૦ ૫।૪।૧] (ખરેખર, ગૌતમ, આ લોક અગ્નિ છે) એમ ઉપન્યાસ કરી 'तस्मिन्नेतस्मिन्नग्नौ देवाः श्रद्धां जुह्वति' [છાન્દો૦ ૫।૪।૨] (તે એ અગ્નિને વિષે દેવો શ્રદ્ધાને હોમે છે) એમ શ્રદ્ધાને હોમવાના દ્રવ્ય તરીકે જણાવેલી છે. ત્યાં જળનું હોમવાના દ્રવ્ય તરીકે શ્રવણ નથી. જો પછીના, પર્જન્ય આદિ ચાર અગ્નિઓને વિષે જળને હોમવાનું દ્રવ્ય કલ્પી શકાય તો ભલે તે કલ્પના કરો; કેમકે તે અગ્નિઓને વિષે હોમવાને માટે ગ્રહણ કરેલાં સોમાદિમાં જલબહુલત્વ ઉપપન્ન થાય છે. પણ પ્રથમ અગ્નિને વિષે તો શ્રવણ થયલી શ્રદ્ધાનો પરિત્યાગ કરી અશ્રવણ થયલા જળની પરિકલ્પના કરવી એ સાહસ છે. વળી, ખરેખર, શ્રદ્ધા એ ૧પ્રત્યયવિશેષ છે, પ્રસિદ્ધિના સામર્થ્યથી. તેટલા માટે પાંચમી આહુતિમાં જળનો પુરુષભાવ અયુક્ત છે. એમ જો કહેશો તો એ દોષ નથી; કારણ કે ત્યાં પણ પ્રથમ અગ્નિને વિષે શ્રદ્ધાશબ્દથી તેજ જળ અભિપ્રેત છે.

અન્ય ભૂતો સાથે યુક્ત થયલા જળની ગતિ કહીને તે પુરુષાત્મક શી રીતે થાય છે તેનો આક્ષેપ કરી સમાધાન કરે છે—'प्रथमेऽश्रवणादिति चेन्न' ઇત્યાદિ. 'અહિં' = પંચાગ્નિવિદ્યાપ્રકરણમાં. 'દ્યુલોક આદિ' = દ્યુ, પર્જન્ય, પૃથિવી, પુરુષ અને સ્ત્રીને વિષે શ્રદ્ધા, સોમ, વૃષ્ટિ, અન્ન, અને રેત—એ પાંચ આહુતિઓ છે. તોપણ પ્રથમ અગ્નિને વિષે જળનું અશ્રવણ શી રીતે છે તેને માટે કહે છે—'તેમાંના પ્રથમમાં' ઇત્યાદિ. પણ પ્રથમપદ વ્યર્થ છે; કેમકે પછીના અગ્નિઓને વિષે પણ જળનું શ્રવણ નથી એમ આશંકા કરી કહે છે કે સોમ, વૃષ્ટિ, અન્ન અને રેત એ ચાર આહુતિઓ જળરૂપ હોવાથી ઉત્તર અગ્નિઓમાં તો જળનું શ્રવણ છે, પણ પ્રથમને વિષે નથી—'જો પછીના પર્જન્ય આદિ ચાર અગ્નિઓને વિષે' ઇત્યાદિ. પાંચે અગ્નિને વિષે જળ આહુતિ છે એમ સિદ્ધ થયે જળ પાંચમી આહુતિમાં પુરુષાત્મક થાય; પણ તેજ સિદ્ધ થતું નથી, કેમકે પ્રથમ અગ્નિને વિષે જળની આહુતિ નથી એવો શંકાનો અર્થ છે. 'એ રીતે' = શ્રદ્ધાશબ્દથી જળનું ગ્રહણ થયે. પ્રશ્ન, ઉત્તર અને ઉપસંહાર એકાર્થ થવાથી એકવાક્યતા ઉપપન્ન થાય છે; એ શ્રદ્ધાશબ્દથી જળનું ગ્રહણ ન થાય તો ચાર અગ્નિઓમાંજ જળ આહુતિરૂપ હોવાથી 'चतुर्थ्यामाहुतौ' (ચતુર્થી આહુતિને

૧ વિશેષ પ્રતીતિ, વિશ્વાસ.

શાથી? ઉપપત્તિથી; કારણ કે એ રીતે આદિ, મધ્ય અને અવસાનને વિષે 'ર
તિપ્રત્તિ થવાથી એ બધું [1]અનાકુલ એકવાક્ય ઉપપન્ન થાય છે. નહિ તો પાંચ
આહુતિને વિષે જળ પુરુષાત્મક કેવે પ્રકારે થાય છે એમ પ્રશ્ન થયે પ્રતિવચ
સંગે જો પ્રથમ આહુતિસ્થાનમાં જળ નહિ એવા, હોમવાના દ્રવ્ય તરીકે શ્ર
ઉતારે તો પ્રશ્ન એક પ્રકારનો અને પ્રતિવચન બીજા પ્રકારનું એમ એકવાક્યતા ન થ
'इति तु पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्ति' (એમ પંચમી આહુતિમાં
પુરુષાત્મક થાય છે) એમ ઉપસંહાર કરી એજ દર્શાવે છે. વળી શ્રદ્ધાનું કાર્ય સો
વૃષ્ટિ આદિ, જેમાં સ્થૂલ થતું જળ બહુ છે એવું દેખાય છે, અને એ શ્રદ્ધાને
લેવામાં યુક્તિ છે; કેમકે કારણને અનુરૂપ કાર્ય હોય છે. તેમજ શ્રદ્ધા નામનો પ્ર
ય મનનો કે જીવનો ધર્મ હોઈ ધર્મીથી ખેંચાઈ હોમને માટે ગ્રહણ કરવો શક્ય ન
જેમ પશુ આદિથી હૃદય આદિ ખેંચાઈ ગ્રહણ કરાય છે તેમ; તેટલા માટે શ્રદ્
બ્દ જળવાચકજ થવો યુક્ત છે. વળી શ્રદ્ધાશબ્દ જળને વિષે ઉપપન્ન થાય છે;
મકે 'श्रद्धा वा आपः' (શ્રદ્ધા એ જળ છે) એવો વૈદિક પ્રયોગ જોવામાં આવે
તેમજ જળ દેહબીજભૂત થાય છે ત્યારે તનુત્વ પામી શ્રદ્ધાસદૃશ થાય છે
શ્રદ્ધાશબ્દ તેને માટે પ્રયોજાય એ યુક્ત છે, જેમ સિંહના જેવા પરાક્રમવાળા
માટે સિંહ શબ્દ પ્રયોજાય છે તેમ. શ્રદ્ધાપૂર્વક કર્મને વિષે જળનો સંબન્ધ છે
પણ શ્રદ્ધાશબ્દ ઉપપન્ન થાય છે, જેમ પુરુષને વિષે [3]મઞ્ચશબ્દ ઉપપન્ન થાય છે
શ્રદ્ધાનો હેતુ હોવાથી પણ શ્રદ્ધાશબ્દ ઉપપન્ન થાય છે; કેમકે 'आपो हास्मै श्र

વિષે) એમ કહેવું યુક્ત થાય; માટે પ્રશ્ન અને ઉપસંહાર એ બંનેમાં 'पञ्चम्यामाहुतौ'
ચમી આહુતિને વિષે) એવું શ્રવણ છે તેથી પ્રથમ અગ્નિને વિષે પણ જળજ ગ્રાહ્ય છે
સમાધાનનો અર્થ છે. 'એજ દર્શાવે છે'—'એજ' = શ્રદ્ધાશબ્દનો જળ અર્થ છે
'उपपत्तेः' એનો અન્ય અર્થ કહે છે—'વળી શ્રદ્ધાનું કાર્ય' ઇત્યાદિ. 'तस्याः श्रद्
तेः सोमः संभवति' (તે શ્રદ્ધારૂપ આહુતિથી સોમ સંભવે છે) ઇત્યાદિથી શ્રદ્ધા,
આદિ પૂર્વપૂર્વના પરિણામ છે એવી શ્રુતિ છે તેથી દ્રવ પરિણામ હોવાથી શ્રદ્ધા જળ છે.
પ્રત્યયાત્મક જે મુખ્યાર્થમાં શ્રદ્ધા છે તે આહુતિ થાય એ યુક્ત નથી એમ કહે છે—'તેમજ શ્ર
નામનો પ્રત્યય' ઇત્યાદિ. 'उपपत्तेः' એ ભાગનું અન્ય પ્રકારે વ્યાખ્યાન કરે છે—'વળી શ્ર
શબ્દ જળને વિષે ઉપપન્ન થાય છે' ઇત્યાદિ. વૃદ્ધ પ્રયોગને અભાવે વૈદિક પણ પ્રયોગ
..ો થાય એમ આશંકા કરી શ્રદ્ધાશબ્દ ઔપચારિક છે એમ કહે છે—'તેમજ જળ દેહ
જભૂત થાય છે' ઇત્યાદિ. સૂક્ષ્મત્વગુણને લીધે શ્રદ્ધાશબ્દ જળના અર્થમાં ગૌણ છે
માટે દૃષ્ટાન્ત કહે છે—'જેમ સિંહના જેવા' ઇત્યાદિ. શ્રદ્ધાશબ્દ જળના અર્થમાં ગૌણ
એમ કહી લાક્ષણિક છે એમ કહે છે—'શ્રદ્ધાપૂર્વક કર્મને વિષે' ઇત્યાદિ. જે કર્મ શ્રદ્ધાપ
છે તેના ઉપાય તરીકે જળનો તેની સાથે યોગ થવાથી, પરંપરાથી જળનો શ્રદ્ધા સાથે સંબન્ધ
તેથી શ્રદ્ધાશબ્દ જળને વિષે લાક્ષણિક છે. લક્ષણાનું નિમિત્ત-અન્ય સંબન્ધ-કહે છે
'શ્રદ્ધાનો હેતુ હોવાથી પણ' ઇત્યાદિ. જળ શ્રદ્ધાનો હેતુ છે તેને માટે પ્રમાણ કહે છે

---

૧ એકાર્થના. ૨ અવિરુદ્ધ. ૩ મઞ્ચશબ્દથી મઞ્ચસ્થ પુરુષ, માચડા પર બેઠેલા પુરુષ સમજાય છે તે

संनमन्ते पुण्याय कर्मणे' (ખરેખર, એને (યજમાનને) વિષે પુણ્ય કર્મને અર્થે જળ શ્રદ્ધા ઉત્પન્ન કરે છે) એવી શ્રુતિ છે ॥ ૫ ॥

अश्रुतत्वादिति चेन्नेष्टादिकारिणां प्रतीतेः ॥ ६ ॥

(જળ સાથે સંસક્ત થયલા જીવ ગમન કરે નહિ) શ્રુતિમાં નથી તેથી એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે ઇષ્ટિ આદિ કરનારાઓની પ્રતીતિ છે ॥ ૬ ॥

પ્રશ્ન અને પ્રતિવચનને લીધે પંચમી આહુતિને વિષે શ્રદ્ધા આદિ ક્રમે જળ પુરુષાકાર પ્રાપ્ત કરે; પણ તે જળથી પરિવેષ્ટિત થયલા જીવો ગમન કરે નહિ; કેમકે શ્રુતિમાં નથી. ખરેખર, અહિં જળની પેઠે જીવોનું શ્રવણ કરાવનાર કોઈ શબ્દ નથી. તેટલા માટે જીવ સંપરિષ્વક્ત થયલો જાય છે એ યુક્ત નથી એમ કહેશો તો એ દોષ નથી. શાથી? 'इष्टादिकारिणां प्रतीतेः'—કારણ કે ઇષ્ટિ આદિ કરનારાઓની પ્રતીતિ છે. 'अथ य इमे ग्राम इष्टापूर्ते दत्तमित्युपासते ते धूममभिसंभवन्ति' [છાન્દો૦ ૫।૧૦।૩] (હવે, જે એ ગૃહસ્થો ગામમાં, [1]ઇષ્ટ, [2]પૂર્ત, [3]દત્ત અને એ [4]પ્રકારનાની ઉપાસના કરે છે તેઓ ધૂમની અભિમાની દેવતાને પ્રાપ્ત કરે છે) એમ ઉપક્રમ કરીને ઇષ્ટિ આદિ કરનારાઓની ધૂમાદિ પિતૃમાર્ગથી ચન્દ્રપ્રાપ્તિ કહે છે—'आकाशाच्चन्द्रमसमेष सोमो राजा' [છાન્દો૦ ૫।૧૦।૪] (તેઓ આકાશથી ચન્દ્રમાં જાય છે, એ સોમ રાજા) એમ. તેઓજ અહિં પણ પ્રતીત થાય છે; કેમકે 'तस्मिन्नेत-

'आपो हास्मै' ઇત્યાદિ. 'अस्मै'=યજમાનને, પુરુષ અધિકારીને. 'संनमन्ते'=ઉત્પન્ન કરે છે. સ્નાન આદિને અર્થે જળ શ્રદ્ધા ઉત્પન્ન કરે છે એવો શ્રુતિનો અર્થ છે ॥ ૫ ॥

જળની ગતિ સ્વીકારી જળની સાથે જીવોની ગતિનો આક્ષેપ કરી સમાધાન કરે છે—'પ્રશ્ન અને પ્રતિવચનને લીધે' ઇત્યાદિ. 'અહિં'=એ પ્રકરણમાં. 'अथ य इमे' ઇત્યાદિ. 'अथ' શબ્દ કર્મફળની ઉક્તિનો પ્રારંભ જણાવે છે. દ્યુલોક એ અગ્નિને વિષે શ્રદ્ધારૂપ આહુતિથી સોમ રાજા થાય છે એમ કહી વાક્યશેષમાં ધૂમાદિમાર્ગે આકાશથી ચન્દ્રમામાં જે જાય છે તે ઇષ્ટિ આદિ કરનારાઓનેજ સોમ રાજા કહ્યા છે. એથી 'સોમ રાજા' એ શબ્દ સમાન હોવાથી ઇષ્ટિ આદિ કરનારા જીવોની શ્રદ્ધાશબ્દથી સૂચવાયલા જળની સાથે ગતિ અહિં શ્રદ્ધાહુતિવાક્યમાં પ્રતીત થાય છે એવો અર્થ છે. તાત્પર્ય એ છે કે ધૂમાદિવાક્યમાં અને પંચાગ્નિવાક્યમાં સોમરાજાની પ્રાપ્તિનું શ્રવણ સરખું છે તેથી ઇષ્ટિ આદિ કરનારાઓ શ્રદ્ધાશબ્દિત જળથી વેષ્ટિત થયલા દ્યુલોકમાં જાય છે એમ દેખાય છે. પણ અહિં શંકા છે કે એ બે શ્રુતિઓ બહુ વિલક્ષણ છે. શ્રદ્ધાશબ્દિત જળનો ક્વચિત્ દ્યુલોકમાં હોમ શ્રુતિ કહે છે, અને ક્વચિત્ ઇષ્ટિ

---

૧ અગ્નિહોત્રાદિક વૈદિક કર્મ. ૨ વાપી, કૂપ, તળાવ, આરામ આદિ બાંધવાં તે. ૩ વસ્ત્ર બહાર દેખાય ને યથાશક્તિ દ્રવ્ય આપવું તે. ૪ પરિચરણ—ગુરુ વગેરેની સેવા, પરિત્રાણ વગેરે.

સ્મિન્નગ્નૌ દેવાઃ શ્રદ્ધાં જુહ્વતિ તસ્યા આહુતેઃ સોમો રાજા સંભવતિ' [છાન્દો૦ ૫।૪।૨] (તે એ અગ્નિમાં દેવો શ્રદ્ધા હોમે છે, તે આહુતિથી સોમ રાજા સંભવે છે—ઉત્પન્ન થાય છે) એમ સમાન શ્રુતિ છે. વળી તેઓનાં અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ આદિ કર્મોમાં સાધનરૂપ દધિ, પય આદિ પ્રત્યક્ષ જળજ છે; કેમકે તેમાં દ્રવદ્રવ્ય બહુ છે. આહવનીયમાં હોમેલી તે સૂક્ષ્મ આહુતિઓ 'અપૂર્વરૂપ થઈ, તે ઇષ્ટિ આદિ કરનારાઓનો આશ્રય લે છે. પછી તેમના શરીરને મરણના વિધાનથી અન્ત્ય અગ્નિને વિષે 'असौ स्वर्गाय लोकाय स्वाहा' (એ સ્વર્ગ લોક પ્રાપ્ત કરે સ્વાહા) એમ કહી હોમે છે. પછી તે, શ્રદ્ધાપૂર્વક કર્મ સાથે જોડાયલું આહુતિનું બનેલું જળ અપૂર્વરૂપ થઈ તે ઇષ્ટિ આદિ કરનારાઓ જીવોને પરિવેષ્ટિત થઈ એ લોકમાં ફળ આપવાને માટે લઈ જાય છે, એ જે લઈ જવું તેનું जुहोति (હોમે છે) શબ્દ વડે અભિધાન થાય છે—'श्रद्धां जुह्वति' (શ્રદ્ધાને હોમે છે) એમ. તેમજ અગ્નિહોત્રમાં છ પ્રશ્નોના નિર્વચનરૂપ વાક્યશેષમાં 'ते वा एते आहुती हुते उत्क्रामतः' [શત૦ બ્રા૦ ૧૧. ૬, ૨, ૬] (તે આ બે આહુતિઓ હોમાયલી ઉત્ક્રમણ કરે છે) ઇત્યાદિથી અગ્નિહોત્રની બે આહુતિઓ ફળ ઉત્પન્ન કરવા માટે અન્ય લોક પ્રાપ્ત કરે છે એમ દર્શાવ્યું છે. તેટલા માટે આહુતિના બનેલા જળ સાથે પરિવેષ્ટિત થયલા જીવો પોતાનાં કર્મફળના ઉપભોગને માટે જાય છે એ યુક્ત છે ॥ ૬ ॥

ઇષ્ટિ કરનારાઓની ધૂમાદિક્રમે આકાશપ્રાપ્તિ કહી છે અને તેઓની પાસે જળ નથી કે જેથી જળથી વેષ્ટિત થવાની ગતિ થાય એ શંકાનું ઉત્તર કહે છે—'વળી તેઓનાં અગ્નિહોત્ર' ઇત્યાદિ. દધિ આદિ જળ આહવનીયને વિષે હોમાયલું અને અગ્નિજ ભસ્મ થયલું, તેની જીવની સાથે સંગતિ નથી એવી આશંકા કરી 'સૂક્ષ્મ આહુતિઓ'માં 'સૂક્ષ્મ' વિશેષણ વાપર્યું છે. સૂક્ષ્મ, કર્માપૂર્વરૂપ, પંચીકૃત જળ સાથે સંબંધ કરી તેમની મરણગતિનું વિવરણ કરે છે. 'મરણના વિધાનથી' = મરણનિમિત્તક અન્ત્ય ઇષ્ટિનું વિધાન. 'असौ स्वर्गाय' ઇત્યાદિ. 'असौ' = યજમાન, 'स्वर्गाय गच्छतु'—સ્વર્ગમાં જાઓ એવો મન્ત્રનો અર્થ છે. સ્વાહાકાર મન્ત્રનો અન્ત બતાવવા માટે છે. તોપણ ઇષ્ટિ આદિ કરનારાઓની પરિવેષ્ટિત થઈ ગતિ શી રીતે છે તેને માટે કહે છે—'પછી તે શ્રદ્ધાપૂર્વક' ઇત્યાદિ. પ્રત્યક્ષસિદ્ધ દધિ આદિ વિશેષ કહેવા માટે 'આહુતિનું બનેલું' એમ કહ્યું છે. ક્રિયાથી વિશેષ કહે છે—'અપૂર્વરૂપ થઈ'. [illegible] દ્રવ્યરૂપ જળના ગમનને વિષે અન્ય શ્રુતિ કહે છે—'તેમજ અગ્નિહોત્રમાં' ઇત્યાદિ. અગ્નિહોત્રપ્રકરણમાં જનકે યાજ્ઞવલ્ક્યને છ પ્રશ્ન કર્યાં છે કે આ સાંજ અને સવારની આહુતિઓની ઉત્ક્રાન્તિ, ગતિ, પ્રતિષ્ઠા, તૃપ્તિ, પુનરાવૃત્તિ, અને ઉત્પન્ન થતો લોક તમે જાણો નથી? યાજ્ઞવલ્ક્યે તેનું નિર્વચન કર્યું છે કે તે એ હોમાયલી આહુતિઓ ઉત્ક્રમણ કરે છે, તે અન્તરિક્ષમાં [illegible] જાય છે, તે આહવનીય જે દ્યુલોક તેમાંજ પ્રતિષ્ઠા કરે છે, દ્યુલોકને તૃપ્ત કરે છે, ત્યાંથી પાછી ફરે છે, પછી પૃથિવીમાં પુરુષ કે સ્ત્રીમાં હોમાયલી પુત્રાદિ ઉત્પન્ન કરે છે. તેથી અગ્નિહોત્રમાં સાંજે અને સવારે કરેલી આહુતિઓ જે અપૂર્વરૂપ છે તેની, અનુષ્ઠાનને ફળ આપવા માટે તે અનુષ્ઠાતાની સાથે ઘુલોકપ્રાપ્તિ કહી છે ॥ ૬ ॥

૧ [illegible]

પણ ઇષ્ટિ આદિ કરનારાની, પોતાના કર્મફળના ઉપભોગને માટે, ગતિની પ્રતિજ્ઞા શી રીતે થાય છે; કેમકે ધૂમાદિના માર્ગે ચન્દ્રમાં અધિરૂઢ થયલા એવા જે તેઓ તેમનો અન્નભાવ શ્રુતિ દર્શાવે છે—'एष सोमो राजा तद्देवानामन्नं तं देवा भक्षयन्ति' [છાન્દો૦ ૫।૧૦।૪] (એ સોમ રાજા છે, તે દેવોનું અન્ન છે, તે ચન્દ્રરૂપ અન્નનું દેવો ભક્ષણ કરે છે) એમ. 'ते चन्द्रं प्राप्यान्नं भवन्ति तांस्तत्र देवा यथा सोमं राजानमाप्यायस्वापक्षीयस्वेत्येवमेनांस्तत्र भक्षयन्ति' [બૃહ૦ ૬।૨।૧૬] (તેઓ ચન્દ્રને પ્રાપ્ત કરી અન્ન થાય છે, જેમ {યજ્ઞમાં} પુનઃ પુનઃ વૃદ્ધિ અને ક્ષય કરી સોમરાજાનું {ઋત્વિજો} ભક્ષણ કરે છે, એમ આનું {ઇષ્ટિ આદિ કરનારાઓ, અન્નરૂપ છે તેમનું} ત્યાં દેવો ભક્ષણ કરે છે) એ અન્ય શ્રુતિ એજ વિષે છે; અને વ્યાઘ્ર આદિની પેઠે દેવોથી ભક્ષ્ય થાય તેમને ઉપભોગ સંભવતો નથી. એથી ઉત્તર કહે છે—

भाक्तं वानात्मवित्त्वात्तथा हि दर्शयति ॥ ७ ॥

પણ (જીવોનું અન્નત્વ) ગૌણ છે, આત્માને નથી જાણતા તેથી, કેમકે (શ્રુતિ) દર્શાવે છે ॥ ૭ ॥

વાશબ્દ શંકિત દોષની વ્યાવૃત્તિને માટે છે. એમનું અન્નત્વ ગૌણ છે, મુખ્ય નથી; કારણ કે અન્નત્વ મુખ્ય હોય તો 'स्वर्गकामो यजेत' (સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો) એ પ્રકારની અધિકારશ્રુતિને બાધ આવે. જો ઇષ્ટિ આદિ કરનારાઓનો ચન્દ્રમંડળમાં ઉપભોગ ન થાય તો અધિકારીઓ જેમાં ઇષ્ટિ આદિ બહુ શ્રમ છે એવું કર્મ શા માટે કરે? વળી અન્નશબ્દ ઉપભોગહેતુત્વ એ સામાન્ય ધર્મને લીધે અન્નરહિત વસ્તુને વિષે ઉપચરિત થતો દેખાય છે; જેમ વૈશ્ય રાજાઓનું અન્ન છે, પશુઓ વૈશ્યોનું અન્ન છે. તેટલા માટે ઇષ્ટ સ્ત્રી, પુત્ર, મિત્ર આદિની પેઠે, ઉપકરણભાવ પ્રાપ્ત થયલા ઇષ્ટિ આદિ કરનારાઓ વડે જે, દેવોનું સુખરૂપ વિહરણ તેજ એમનું ભક્ષણ છે એવો અભિપ્રાય છે, મોદક આદિની પેઠે ચર્વણ કે નિગરણ નહિ. 'न ह वै देवा अश्नन्ति न पिबन्त्येतदेवामृतं दृष्ट्वा तृप्यन्ति' [છાન્દો૦ ૩।૬।૧] (ખરેખર દેવો ખાતા નથી અને પીતા નથી, એજ {રોહિત રૂપ} અમૃતને ઉપલબ્ધ કરી {સર્વ કરણોથી અનુભવી} તૃપ્ત થાય છે) એ શ્રુતિ દે-

---

હવે ઉત્તર સૂત્રનો જે શંકાનું નિરાકરણ કરવાનું છે તે શંકા કહે છે—'પણ ઇષ્ટિ આદિ કરનારાની' ઇત્યાદિ. અને સોમરાજા ચન્દ્ર અન્ન છે એમ કહ્યું છે, ઇષ્ટિ આદિ કરનારાઓ અન્નરૂપ છે એમ કહ્યું નથી એવી શંકાનું નિરાકરણ કરવા માટે અન્ય શ્રુતિ કહે છે—'ते चन्द्रम्' ઇત્યાદિ. જેમ યજ્ઞમાં ઋત્વિજો સોમનું, વારંવાર વૃદ્ધિ કરીને અને ક્ષય કરીને ભક્ષણ કરે છે, તેમ ઇષ્ટિ આદિ કરનારા જેઓ અન્નરૂપ છે, તેમનું દેવો ભક્ષણ કરે છે એવો અર્થ છે. 'અધિકાર'—વિધિ કહે છે જે ફલનો ઉપભોગ અધિ-

૧ અન્નનું ૨ ... ૩ ...

એનું નિમિત્ત તો રથાદિના પ્રતિભાનથી થયેલા હર્ષ, ત્રાસ આદિના દર્શનથી તેના નિમિત્તભૂત સુકૃત અને દુષ્કૃતનો તે કર્તા છે—એ છે એમ કહેલું. વળી જાગરિતદશામાં વિષય અને ઇન્દ્રિયના સંયોગથી અને આદિત્ય આદિ જ્યોતિના વ્યતિકરથી આત્માના સ્વયંપ્રકાશનો વિવેક દર્શાવે દુષ્કર છે, તેથી તેના વિવેકને માટે સ્વપ્નનો ઉપન્યાસ કર્યો છે. તેમાં જો રથાદિની સૃષ્ટિનું વચન શ્રુતિમાં છે તે મુખ્યાર્થમાં લેવાય તો આત્માનું સ્વયંપ્રકાશત્વ નિર્ણીત ન થાય. તેટલા માટે રથાદિના અભાવનું વચન શ્રુતિમાં છે તેમ મુખ્યાર્થમાં છે, પણ રથાદિની સૃષ્ટિનું વચન તો ગૌણ છે એમ વ્યાખ્યાન કરવું જોઈએ. એથી નિર્માણશ્રુતિનું વ્યાખ્યાન થયું. 'प्राज्ञमेनं निर्मातारमामनन्ति' (એ પ્રાજ્ઞને સ્વપ્નોનો નિર્માતા તેઓ કહે છે) એમણે કહ્યું છે તે અસત્ છે; કેમકે અન્ય શ્રુતિમાં 'स्वयं विहत्य स्वयं निर्माय स्वेन भासा स्वेन ज्योतिषा प्रस्वपिति' [બૃહ૦ ૪।૩।૯] (જાતે જાગ્રદ્ દેહને નિશ્ચેષ્ટ કરીને, જાતે વાસનામય દેહનું નિર્માણ કરીને, પોતાના અન્તઃકરણવૃત્તિપ્રકાશથી, અને સ્વરૂપચૈતન્યથી સ્વપ્ન અનુભવે છે) એમ જીવના વ્યાપારનું શ્રવણ છે. 'य एष सुप्तेषु जागर्ति' [કઠ૦ ૨।૫।૮] (કરણાદિ નિર્વ્યાપાર હોય છે ત્યારે જે આત્મા જાગે છે) અહિં પણ પ્રસિદ્ધનો અનુવાદ છે તેથી જીવનેજ એ કામોનો નિર્માતા કહ્યો છે; પણ 'तदेव शुक्रं तद् ब्रह्म' [કઠ૦ ૨।૫।૮] (તેજ શુદ્ધ-સ્વપ્રકાશ છે, તેજ બ્રહ્મ છે) એ વાક્યશેષથી તેના જીવભાવની વ્યાવૃત્તિ કરી બ્રહ્મભાવનો ઉપદેશ કરાય છે, 'तत् त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે) ઇત્યાદિની પેઠે, આ રીતે બ્રહ્મપ્રકરણનો વિરોધ નથી. સ્વપ્નમાં પણ પ્રાજ્ઞના વ્યાપારનો અમે પ્રતિષેધ કરતા નથી; કેમકે

* એ એવો અર્થ છે. ધર્મ અને અધર્મજ નિમિત્ત હોવાથી સુખ શી રીતે નિમિત્ત છે એમ શંકા કરીને ધર્મ અને અધર્મના ફળ તરીકે તેનો કર્તા છે તેથી એમ કહે છે—'એનું નિમિત્ત તો' ઇત્યાદિ. શ્રુતિતાત્પર્યના વિરોધથી પણ સ્વપ્ન સત્ય નથી એમ કહે છે—'વળી જાગરિતદશામાં' ઇત્યાદિ 'નિર્ણીત ન થાય'—કેમકે જાગરિતદશાથી સ્વપ્નદશામાં કંઈ વિશેષ નહીં એવો ભાવ છે. ફલિત કહે છે—'તેટલા માટે' ઇત્યાદિ. 'એથી'=ગૌણત્વથી, રથાદિની સૃષ્ટિને લક્ષ્ય અર્થમાં સમજવાની છે એમ પ્રતિપાદન કર્યું છે તેથી. વળી દ્વિતીય સૂત્ર[illegible] સ્વપ્નનો કર્તા જે પ્રાજ્ઞને કહ્યો છે તે શ્રુતિસિદ્ધ છે કે પ્રાજ્ઞ ઈશ્વર છે તેથી સિદ્ધ છે! [illegible] પણ યુક્ત નથી એમ કહે છે—'प्राज्ञमेनम्' ઇત્યાદિ. 'स्वयं विहत्य' ઇત્યાદિ. [illegible] કરી, જાગ્રદ્ દેહને નિશ્ચેષ્ટ કરી, [illegible] દેહનું નિર્માણ કરી, પોતાના પ્રકાશથી—[illegible] વૃત્તિથી, [illegible] જ્યોતિથી—સ્વરૂપચૈતન્યથી સ્વપ્ન અનુભવે છે એવો અર્થ છે [illegible] જીવને સ્વપ્નનો કર્તા કહ્યો છે એમ નથી, [illegible] પણ કહ્યો છે એમ કહે છે—'य एष सुप्तेषु' ઇત્યાદિ [illegible] બ્રહ્મપ્રકરણનો વિરોધ થાય એવી શંકા કરે છે—'પણ 'तदेव शुक्रम्'' ઇત્યાદિ [illegible] સ્વપ્નનો કર્તા પ્રાજ્ઞ છે [illegible] [illegible] છે તેથી સ્વપ્નનો કર્તા છે એ સિદ્ધ છે એ પક્ષનો—અંગીકાર કરે છે—'સ્વપ્નમાં પણ' ઇત્યાદિ [illegible] [illegible] [illegible] અનુમાન [illegible] [illegible] [illegible] સ્વપ્નનું [illegible] [illegible] [illegible]

૧ ૪।૩।૯.

તે સર્વનો ઈશ્વર હોવાથી સર્વ અવસ્થામાં અધિષ્ઠાતા થાય એ યુક્ત છે. પણ સ્વપ્નને આશ્રયે રહેલી સૃષ્ટિ આકાશાદિની સૃષ્ટિની પેઠે પારમાર્થિક નથી એટલું પ્રતિપાદન કરીએ છીએ. આકાશાદિની સૃષ્ટિ પણ આત્યન્તિક સત્ય નથી; કેમકે 'તદનન્યત્વમારમ્ભણશબ્દાદિભ્યઃ' [બ્રહ્મસૂ૦ ૨।૧।૧૪] એમાં સમસ્ત પ્રપંચ માયામાત્ર છે એમ પ્રતિપાદન કર્યું છે. બ્રહ્માત્મત્વના જ્ઞાનની પૂર્વે આકાશાદિ પ્રપંચ વ્યવસ્થિત રૂપવાળો રહે છે; પણ સ્વપ્નને આશ્રયે રહેલા [1]પ્રપંચનો દરરોજ બાધ થાય છે. આથી સ્વપ્ન માયામય છે એમ વિશેષે કહ્યું છે ॥ ૪ ॥

पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ॥ ५ ॥

પણ પર (આત્માના) અભિધ્યાનથી તિરોહિત થયલી (જીવની શક્તિ આવિર્ભૂત થાય છે); કારણ કે એના (જીવના) બન્ધ અને મોક્ષ (ઈશ્વરથી) છે ॥ ૫ ॥

પણ અત્ર શંકા છે. પર આત્માનોજ અંશ જીવ છે, જેમ અગ્નિનો વિસ્ફુલિંગ છે તેમ. તેમાં એમ થશે જેમ અગ્નિ અને વિસ્ફુલિંગની બાળવાની અને પ્રકાશ કરવાની શક્તિ સમાન છે, એમ જીવ અને ઈશ્વરની પણ જ્ઞાનશક્તિ અને ઐશ્વર્યશક્તિ સમાન છે. તેથી જીવના જ્ઞાન અને ઐશ્વર્યના બળથી સ્વપ્નમાં રથાદિસૃષ્ટિ સંકલ્પજન્ય થશે એમ (શંકા છે). એને વિષે કહીએ છીએ—જીવ અને ઈશ્વરનો અંશાંશિભાવ છે, તોપણ જીવ ઈશ્વરથી વિપરીત ધર્મવાળો છે એ પ્રત્યક્ષ છે. શું

વિકલ્પ કરી, આદ્ય પક્ષ યુક્ત નથી; કેમકે વ્યવહારકાળમાં બાધ જોવામાં આવે છે એમ કહે છે—'પણ સ્વપ્નને આશ્રયે રહેલી' ઇત્યાદિ 'પારમાર્થિક'—વ્યવહારને વિષે બાધરહિત. દ્વિતીય પક્ષમાં દૃષ્ટાન્ત [2]સાધ્યવિકલ છે એમ કહે છે—'આકાશાદિની સૃષ્ટિ પણ' ઇત્યાદિ. આકાશાદિ સૃષ્ટિનું મિથ્યાત્વ અસિદ્ધ છે તેથી દૃષ્ટાન્ત સાધ્યવિકલ શી રીતે થાય છે તેને માટે કહે છે—'કેમકે "તદનન્યત્વ"' ઇત્યાદિ. ત્યારે સ્વપ્નનો જાગ્રદવસ્થાથી શો વિશેષ છે કે એનું મિથ્યાત્વ પૃથક્ કહેવાય છે તેને માટે કહે છે—'બ્રહ્માત્મત્વના જ્ઞાનની પૂર્વે' ઇત્યાદિ. વ્યવહારમાં પણ સ્વપ્નનું મિથ્યાત્વ કહેવા માટે પૃથક્ ઉક્તિ છે એવો ભાવ છે ॥ ૪ ॥

કહેલી સામગ્રી ન હોવાથી સ્વપ્ન માયા છે એમ આગળ કહ્યું છે. પણ તે અયુક્ત છે; કેમકે સત્યસંકલ્પમાત્રથી પણ સત્ય સૃષ્ટિનો સંભવ છે એમ શંકા કરી પરિહાર તરીકે સૂત્રનું વ્યાખ્યાન કરે છે—'પણ અત્ર શંકા છે' ઇત્યાદિ. ખરેખર, જેનો સંકલ્પ સત્ય હોય તેને સંકલ્પથી સત્ય સૃષ્ટિ થાય; પણ જીવનો તો સંકલ્પ અસત્ય છે એ પ્રત્યક્ષ છે એવો પરિહારનો અર્થ છે. 'તેમાં એમ થશે'—જીવ પર આત્માનો અંશ છે એમ શ્રુતિ અને સ્મૃતિથી સિદ્ધ થશે. ત્યારે જીવ ઈશ્વરથી વિરુદ્ધ ધર્મવાળો હોવાથી જીવ ઈશ્વર નથી એમ

---

[1] જાગ્રદવસ્થા તેને ખોટા પાડે છે. [2] સાધ્યરહિત.

ત્યારે ઈશ્વરના સમાન ધર્મ જીવને નથીજ? નથીજ એમ નહિ; સમાનધર્મત્વ વિ
ધમાન છે તોપણ અવિદ્યા આદિના વ્યવધાનથી તે તિરોહિત થયલું છે. પણ તે તિ
રોહિત થયલું છે તોપણ પરમેશ્વરનું ધ્યાન ધરનાર, યત્ન કરનાર જન્તુ જેના અંધકા
રનો નાશ થયો છે એવા સંસિદ્ધ થયલા કોઈક જન્તુને તે તિરોહિત થયલું પણ ઈ
શ્વરપ્રસાદથી આવિર્ભૂત થાય છે, જેમ અન્ધકારથી તિરસ્કાર પામેલી જોવાની શક્તિ
ઔષધિના વીર્યથી કોઈક જન્તુને આવિર્ભૂત થાય છે તેમ; સ્વભાવથી સર્વ જન્તુને
આવિર્ભૂત થતી નથી. શાથી? કારણ કે તેથી-ઈશ્વરથી જીવના બન્ધ અને મોક્ષ
થાય છે. ઈશ્વરસ્વરૂપના પરિજ્ઞાન ન થવાથી બન્ધ થાય છે, પણ તેના સ્વરૂપના
પરિજ્ઞાનથી મોક્ષ થાય છે; કેમકે 'ज्ञात्वा देवं सर्वपाशापहानिः क्षीणैः क्लेशैर्जन्ममृत्यु
प्रहाणिः । तस्याभिध्यानात्तृतीयं देहभेदे विश्वैश्वर्यं केवल आप्तकामः ॥' [શ્વેતા૦ ૧।૧૧]
(આ દેવ છું એમ દેવના જ્ઞાનથી અવિદ્યારૂપ સર્વ પાશનો ક્ષય થાય છે, અવિદ્યાદિ
ક્લેશ ક્ષીણ થયે જનનમરણાદિ દુઃખહેતુનો વિનાશ થાય છે; તે પરમેશ્વરના અભિ
ધ્યાનથી શરીરપાત થયે તૃતીય વિશ્વૈશ્વર્યલક્ષણ ફળ થાય છે, તે અનુભવી તેનો
ત્યાગ કરી કેવલ પૂર્ણાનન્દાદ્વિતીયબ્રહ્મરૂપ થાય છે) ઇત્યાદિ શ્રુતિ છે ॥ ૫ ॥

શંકા કરે છે—'શું ત્યારે ઈશ્વરના સમાન ધર્મ' ઇત્યાદિ. જીવને ઈશ્વરનું સમાનધર્મત્વ નથી
એમ નહિ, પણ તે આવૃત—ઢંકાયલું છે; ને ઈશ્વરના પ્રસાદથી કોઈકનેજ વ્યક્ત થાય છે એમ
કહે છે—'નથીજ, એમ નહિ' ઇત્યાદિ. 'જેના અંધકારનો નાશ થયો છે'—જે નિષ્પાપ
છે. 'સંસિદ્ધ થયલા' = અણિમાદિ સિદ્ધિથી યુક્ત. 'ज्ञात्वा देवम्' ઇત્યાદિ. હું બ્રહ્મજ છું
એમ દેવને જાણીને—તેનો સાક્ષાત્કાર કરીને સર્વ પાશોની—અવિદ્યાદિ ક્લેશોની અપહાનિ-અપ
ક્ષય થાય છે. ક્લેશ ક્ષીણ થયે તેનું જે કાર્ય જન્મમરણાત્મક બન્ધ તેનો ધ્વંસ થાય છે
એમ નિર્ગુણવિદ્યાનું ફળ કહ્યું છે. સગુણવિદ્યાનું ફળ કહે છે—'तस्याभिध्यानात्' ઇત્યાદિ.
પર આત્માના અભિધ્યાનથી—અભિમુખ્ય ચિન્તનથી—હુંજ પર આત્મા છું એવા ધ્યાનથી-અર્ચિ-
રાદિ માર્ગે ગયેલાને દેહભેદ-કે મન્ત્રમાં કહેલા એ હાનિની—પાશહાનિ અને જન્માદિપ્રહાણિની-
અપેક્ષાએ ત્રીજું વિશ્વૈશ્વર્ય એટલે નિરતિશય ઐશ્વર્ય, અણિમાદિરૂપ, માર્ગે દેહનો પાત થયે,
સિદ્ધ દેહ થયે, થાય છે; અને તેનો ભોગ કર્યા પછી નિર્ગુણ જ્ઞાનનો ઉદય થવાથી—આત્મ-
જ્ઞાન થવાથી કેવલ—કૈવલ્ય, આપ્તકામ—સ્વયંજ્યોતિરૂપ આનન્દ જેણે પ્રાપ્ત કર્યો છે એવો
થાય છે એમ ક્રમમુક્તિ છે એવો અર્થ છે ॥ ૫ ॥

---

૧. એ મેં મેળે ચાલુ થયું.

देहयोगाद्वा सोऽपि ॥ ६ ॥

અથવા દેહયોગથી તે પણ (જીવના જ્ઞાન અને ઐશ્વર્યનો તિરોભાવ) થાય છે ॥ ૬ ॥

પણ જીવ પરમાત્માનો અંશ છે, તોપણ તેના જ્ઞાન અને ઐશ્વર્યનો શી રીતે તિરસ્કાર થાય છે? ઉલટું જ્ઞાન અને ઐશ્વર્યનો તિરસ્કાર ન થવો એ યુક્ત છે, જેમ વિસ્ફુલિંગના દહન અને પ્રકાશનો તિરસ્કાર થતો નથી તેમ. કહીએ છીએ. એ સત્યજ છે. પણ જીવના જ્ઞાન અને ઐશ્વર્યનો તિરોભાવ દેહયોગથી—દેહ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, વિષયવેદના આદિના યોગથી-થાય છે. એ વિષયમાં ઉપમા પણ છે. જેમ દહન અને પ્રકાશથી સંપન્ન છે તોપણ અગ્નિ અરણિમાં હોય છે ત્યારે તેના દહન અને પ્રકાશ તિરોહિત થાય છે, અથવા જેમ ભસ્મથી ઢંકાયલા અગ્નિના દહનપ્રકાશ તિરોહિત થાય છે, તેમ અવિદ્યાએ ઊભાં કરેલાં નામરૂપથી થયલા દેહાદિ ઉપાધિના યોગથી તેના અવિવેકરૂપ ભ્રમે કરેલો જીવના જ્ઞાન અને ઐશ્વર્યનો તિરોભાવ થાય છે. વાસ્તવ જીવ ઈશ્વરથી અન્ય છે એવી શંકા દૂર કરવા માટે છે. પણ જીવ ઈશ્વરથી અન્ય થાઓ, કેમકે તેના જ્ઞાન અને ઐશ્વર્યનો તિરસ્કાર થાય છે: દેહયોગની કલ્પનાનું શું પ્રયોજન છે? 'ના,' એમ કહીએ છીએ. જીવનું ઈશ્વરથી અન્યત્વ ઉપપન્ન થતું નથી: કેમકે 'सेयं देवतैक्षत' [છાન્દો૦ ૬।૩।૨] (તે એ દેવતાએ વિચાર્યું) એમ ઉપક્રમ કરીને 'अनेन जीवेनात्मनानुप्रविश्य' [છાન્દો૦ ૬।૩।૨] (એ જીવરૂપ આત્મા વડે અનુપ્રવેશ કરી) એમ પરામર્શ છે. તેમજ 'तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो' [છાન્દો૦ ૬।૮।૭] (તે સત્ય છે, તે આત્મા છે, હે શ્વેતકેતો. તે તું છે) એમ જીવને તે ઈશ્વરનું સ્વરૂપ છે એમ ઉપદેશ કરે છે. એથી ઈશ્વરથી જીવ અનન્યજ થઈ, દેહયોગથી તેનાં જ્ઞાન અને ઐશ્વર્ય તિરોહિત થાય છે. એથી સ્વપ્નમાં રથાદિસૃષ્ટિ જીવની સાંકલ્પિક થાય એ ઘટતું નથી. જો સ્વપ્નમાં રથાદિસૃષ્ટિ સંકલ્પજન્ય હોય તો કોઈ પણ અનિષ્ટ સ્વપ્ન જુએ નહિ: કેમકે કોઈ પણ અનિષ્ટનો સંકલ્પ કરતો નથી. વળી જાગરિતદેશશ્રુતિ-સ્વપ્ન એ જાગરિત દેશજ છે એવી શ્રુતિ[1] [બૃહ૦ ૪।૩।૧૪] સ્વપ્ન સત્ય છે એમ સ્થાપન કરે છે એ

જીવનાં ઐશ્વર્યનો જે તિરોભાવ કહ્યો છે તેમાં દેહાભિમાન એ હેતુ છે એમ કહેવાને માટે સૂત્ર છે. સૂત્ર જે શંકાનું નિરસન કરે છે તે શંકા કહે છે—'પણ જીવ' ઇત્યાદિ. ઉક્ત આવરણ નથી એમ અંગીકાર કરી કલ્પિત આવરણ કહે છે—'કહીએ છીએ' ઇત્યાદિથી. જીવનું ઈશ્વરત્વ સ્વીકારી આવરણની કલ્પના કરવા કરતાં જીવ ઈશ્વરથી અન્ય છે એ કલ્પના વધારે સારી છે એમ કહનારા ઉઠાવેલી શંકાનું તેનું નિરસન કરે છે—'પણ જીવ ઈશ્વરથી અન્ય થાઓ' ઇત્યાદિ. સ્વપ્નમાં પણ [illegible] સત્ય હોય તો [illegible] છે [illegible]

૧ જુઓ ૩૨૨ રૂ

જે કહ્યું છે તે સામ્યવચનનો અભિપ્રાય સત્યત્વ દર્શાવવાનો નથી; કેમકે આત્મા સ્વયંપ્રકાશ છે એની સાથે વિરોધ થાય; અને શ્રુતિએજ સ્વપ્નમાં રથાદિનો અભાવ દર્શાવ્યો છે. જાગ્રદવસ્થામાં ઉત્પન્ન થયલી વાસના સ્વપ્નનું નિમિત્ત હોવાથી સ્વપ્નનો તે જાગ્રદવસ્થાના જેવો ભાસ થાય છે એવો એ શ્રુતિનો અભિપ્રાય છે. તેટલા માટે સ્વપ્ન માયામય છે એ યુક્ત છે ॥ ૬ ॥

तदभावो नाडीषु तच्छ्रुतेरात्मनि च ॥ ७ ॥

નાડીઓમાં અને આત્મામાં તેનો (સ્વપ્નદર્શનનો) અભાવ છે; કેમકે તેની શ્રુતિ છે ॥ ૭ ॥

સ્વપ્નાવસ્થાની પરીક્ષા થઈ; હવે સુષુપ્તાવસ્થાની પરીક્ષા કરાય છે. તેમાં સુષુપ્ત વિષે આ શ્રુતિઓ છે. ક્વચિત્ આવી શ્રુતિ છે—'तद्यत्रैतत्सुप्तः समस्तः संप्रसन्नः स्वप्नं न विजानात्यासु तदा नाडीषु सृप्तो भवति' [છાન્દો૦ ૮।૬।૩] (એમ

ન્દ્રિય આદિ નથી તોપણ અર્થ જે અપરોક્ષ દેખાય છે તે આત્માના પ્રકાશથીજ છે એમ સ્ફુટ સિદ્ધ થાય છે. જાગ્રદવસ્થાની પેઠે સ્વપ્નમાં પણ અર્થ અને ઇન્દ્રિયો સત્ય હોય તો જાગ્રદવસ્થામાં આત્માનો જે સ્વયંપ્રકાશ સ્ફુટ થતો નથી તે સ્વપ્નમાં પણ સિદ્ધ ન થાય. તેટલા માટે જાગ્રદ્ દેશને સ્વપ્નની તુલ્ય શ્રુતિમાં કહ્યો છે તેનો અભિપ્રાય જાગ્રદવસ્થાના જેવું સ્વપ્નમાં ભાન છે એવું દર્શાવવાનો છે એવો અર્થ છે ॥ ૬ ॥

આ પ્રમાણે બાહ્ય ઇન્દ્રિયોના ઉપરમરૂપ સ્વપ્નનું, આત્માના સ્વયંપ્રકાશ માટે નિરૂપણ કરી, અન્તરિન્દ્રિયના ઉપરમરૂપ સુષુપ્તિનું, આત્મા બ્રહ્મ છે એમ પ્રતિપાદન કરવા માટે નિરૂપણ કરે છે. બાહ્ય કરણોનો ઉપરમ થાય છે એટલે મનની વાસનાથી ઉદ્દીપિત થયલો અવિદ્યાનો વિલાસ એજ સ્વપ્ન છે, તે સ્વપ્નનો, સાક્ષીભૂત આત્માના સ્વયંપ્રકાશ માટે, વિચાર કરીને સ્વપ્નાવસ્થામાં મનનો લય થાય છે ત્યારે સુષુપ્તિ થાય છે તે સુષુપ્તિનો વિચાર કરે છે; એ બે વિચારો વચ્ચે [1]પ્રતિયોગિભાવ અને અનુયોગિભાવની સંગતિ છે. આ સુષુપ્તિનો હવે વિચાર કરે છે—'तदभावो नाडीषु" ઇત્યાદિ. 'तद्यत्रैतत् सुप्तः' ઇત્યાદિ. પૂર્વે બ્રહ્મલોકમાર્ગભૂત નાડીઓનો આદિત્યકિરણસંપર્ક પ્રતિપાદન કર્યો છે. તેના પરામર્શને માટે तत्शब्द છે. તે આદિત્યકિરણથી સંપૃક્ત થયેલ નાડીઓનો એ અન્ય મહિમા છે કે તે સુપ્તિનું સ્થાન થાય છે એવું તાત્પર્ય છે. यत्र = જે કાળે. एतत् એ सुप्तःનું ક્રિયાવિશેષણ છે, एतत्सुप्तः-

---

[1] यस्याभावः स तस्य प्रतियोगी—જેનો અભાવ હોય તે તે અભાવનો પ્રતિયોગી છે અને અભાવ ... અનુયોગી છે. ઘટાભાવમાં ઘટ એ ઘટાભાવનો પ્રતિયોગી છે અને ઘટાભાવ એ અનુયોગી છે. ... नास्ति' इति प्रतीतिविषयेऽभावे घटनिष्ठप्रतियोगितानिरूपितानुयोगिता'—ઘટ નથી એ પ્રતીતિ ... અભાવમાં અનુયોગિતા ઘટમાં રહેલી પ્રતિયોગિતાથી નિરૂપિત થયલી છે. આ પ્રમાણે સુષુપ્તિ એ સ્વપ્નનો અભાવ છે, સ્વપ્ન એ સ્વપ્નાભાવનો-સુષુપ્તિનો પ્રતિયોગી છે અને સુષુપ્તિ એ અનુયોગી છે. સ્વપ્નાભાવનું નિરૂપણ તેના પ્રતિયોગી સ્વપ્નને અધીન છે એમ હેતુહેતુમત્તા સંબંધ—કાર્યકારણભાવ સંબન્ધ છે.

હોવાથી—નાડીસ્વરૂપ એવું હોવાથી—જે કાળે એ જીવ આમ સુતેલો, સર્વ ઇન્દ્રિયવૃત્તિ જેની ઉપસંહાર પામી છે એવો, ને તે કારણથી {બાહ્ય વિષયના સંપર્કથી ઉત્પન્ન થતું કાલુષ્ય ન હોવાથી} સમ્યક્ પ્રસન્ન, સ્વપ્નને {વિષયના આકારનો જેને વિષે આભાસ છે એવી માનસિક સ્વપ્નપ્રતીતિને} જાણતો નથી—અનુભવતો નથી, ત્યારે એ નાડીઓમાં પ્રવિષ્ટ થાય છે). અન્યત્ર તો નાડીનોજ અનુક્રમે નિર્દેશ કરી શ્રુતિ કહે છે—'ताभिः प्रत्यवसृप्य पुरीतति शेते' [બૃહ૦ ૨।૧।૧૯] (તે નાડીઓ વડે પ્રત્યવસર્પણ કર્યા પછી પુરીતત્માં રહે છે—તપ્ત લોહપિંડમાં અગ્નિ વ્યાપીને રહે છે તેમ પુરીતત્માં વ્યાપીને રહે છે). તેમજ અન્યત્ર નાડીનોજ અનુક્રમે નિર્દેશ કરી શ્રુતિ કહે છે—'तासु तदा भवति यदा सुप्तः स्वप्नं न कंचन पश्यत्यथास्मिन् प्राण एवैकधा भवति' [કૌષી૦ ૪।૧૯] (તે નાડીઓમાં ત્યારે હોય છે કે જ્યારે સુતેલો કંઈ સ્વપ્ન જોતો નથી. પછી એ પ્રાણમાંજ તે એક થાય છે) એમ. તેમ અન્યત્ર 'य एषोऽन्तर्हृदय आकाशस्तस्मिञ्छेते' [બૃહ૦ ૨।૧।૧૭] (જે એ હૃદયમાં આકાશ છે—પોતાનોજ પર આત્મા છે—તેમાં સૂએ છે); તેમજ અન્યત્ર 'सता सोम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, તે કાળે સત્ સાથે—સચ્છબ્દવાચ્ય પ્રકૃત દેવતા સાથે—સંગત—એકીભૂત થાય છે, {મન આદિ સંસર્ગથી થયેલા જીવરૂપનો પરિત્યાગ કરીને} સ્વમાં-સદ્રૂપ જે પરમાર્થ સત્ય છે તેમાં પ્રલીન થાય છે) એમ, અને 'प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किंचन वेद नान्तरम्' [બૃહ૦ ૪।૩।૨૧] (પ્રાજ્ઞ આત્મા સાથે સમ્યક્ પરિષ્વક્ત થયેલો-એકીભૂત થયેલો કંઈ પણ બાહ્ય કે આન્તર જાણતો નથી) એમ. તેમાં સંશય થાય છે કે શું એ નાડી આદિ પરસ્પર નિરપેક્ષ થઈ સુષુપ્તિનાં ભિન્ન

એ સ્વાપ કરનાર. समस्तः = सम्यक् એટલે અન્તઃકરણ આદિનો ત્યાગ કરીને બ્રહ્મને વિષે અસ્ત-ક્ષિપ્ત થાય છે; તેથીજ संप्रसन्नः = અન્તઃકરણાદિ લીન થવાથી તેણે કરેલા કાલુષ્યનો અભાવ છે. आसु = પૂર્વ ઉપક્રાન્ત નાડીઓને વિષે. पुरीतति = હૃદયપરિવેષ્ટન ચર્મવિશેષને[1] વિષે. તેથી તે અવસ્થાઓમાં સુષુપ્તિનું નિરૂપણ થાય છે. જે અવસ્થામાં એ એટલે સ્વપન જરોબર થાય એમ સુપ્ત થયેલા જીવની સર્વ બાહ્ય ઇન્દ્રિયો સહૃત થાય છે અને અન્તઃકરણના-મનના લયથી સમ્યક્ પ્રસન્ન થાય છે તેથી સ્વપ્ન અનુભવતો નથી, એ પૂર્વે કહેલી નાડીઓમાં જાય છે. સુષુપ્તિમાં જીવનું નાડીસ્થાન છે એમ કહીને નાડી અને પુરીતત્ એનું સમુચ્ચયવાક્ય પડે છે, નાડી અને પુરીતત્—બંનેમાં જીવ સુપ્ત થાય છે એમ પડે છે—'અન્યત્ર તો' ઇત્યાદિ. નાડી અને પરમાત્માનું સમુચ્ચયવાક્ય દર્શાવે છે—નાડી અને પરમાત્મા એ બંને સુષુપ્તિમાં જીવનાં સ્થાન છે એવી શ્રુતિ કહે છે—'તેમજ અન્યત્ર નાડીનોજ' ઇત્યાદિ. પરમાત્માનેજ લાગુ પડતાં અન્ય વાક્યો કહે છે—સુષુપ્તિમાં જીવ પરમાત્મામાંજ શયન કરે છે એવાં વાક્ય પડે છે—'તેમ અન્યત્ર "य एषोऽन्तर्हृदय आकाशः"' ઇત્યાદિ. નાડી, पुरीतत् અને ब्रह्मन् એ ત્રણે શબ્દને વિષે સપ્તમીનું શ્રવણ છે અને સમુચ્ચય છે તેથી સંશય કહે છે—'તેમાં સંશય થાય છે કે' ઇત્યાદિ. અહીં સ્વાપનિરૂપણને લીધે જીવ બ્રહ્મથી અભિન્ન છે એમ સિદ્ધ થાય છે તેથી વાક્યસંગતિનો સંભવ હોવાથી પાદ આદિની સંગતિ છે.

1 હૃદયનું પરિવેષ્ટન, ચર્મવિશેષ.

સ્થાનો છે કે પરસ્પર અપેક્ષાથી એક સુષુપ્તિસ્થાન છે? ત્યારે શું પ્રાપ્ત થાય છે? ભિન્ન સ્થાનો છે એમ. શાથી? એકાર્થ છે તેથી; કારણ કે વ્રીહિ, યવ આદિ જે 'એકાર્થ છે તે કવચિત્ પણ પરસ્પર અપેક્ષાવાળા દેખાતા નથી. નાડી આદિ તો એકાર્થ છે એમ સુષુપ્તિમાં દેખાય છે; કેમકે 'नाडीषु सृप्तो भवति' [છાન્દો૦ ૮।૬।૩] (નાડીઓમાં પ્રવિષ્ટ થાય છે), 'पुरीतति शेते' [બૃહ૦ ૨।૧।૧૯] (શરીરમાં સૂએ છે), એમ તે તે પ્રદેશમાં સપ્તમીનો નિર્દેશ સમાન છે. પણ 'સત્‌ને વિષે એ રીતે સપ્તમીનિર્દેશ દેખાતો નથી—'सता सोम्य तदा संपन्नो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, ત્યારે સત્ સાથે-બ્રહ્મ સાથે જીવ એકીભૂત થાય છે) એમ. એ દોષ નથી; કારણ કે તેમાં પણ સપ્તમીનો અર્થ ગમ્યમાન છે; કેમકે તેમાં વાક્યશેષ એમ કહે છે કે [3]આયતન ઇચ્છનાર જીવ સત્‌ને વિષે ઉપસર્પણ કરે છે—'अन्यत्रायतनमलब्ध्वा प्राणमेवोपश्रयते' [છાન્દો૦ ૬।૮।૨] (અન્યત્ર આયતન ન મેળવવાથી પ્રાણને વિષેજ આશ્રય લે છે) એમ પ્રાણશબ્દથી તેમાં પ્રકૃત સત્‌નું ગ્રહણ છે તેથી. વળી

પૂર્વપક્ષમાં જીવનાં સુષુપ્તિસ્થાનોનો વિકલ્પ હોવાથી બ્રહ્મૈક્યનો અનિર્ણય–અનિયમ એ ફળ છે. સિદ્ધાન્તમાં તો નાડીદ્વારા પુરીતત્‌માં જઈને હૃદયની અંદર બ્રહ્મમાંજ શયન કરે છે એમ સ્થાનસમુચ્ચય છે તેથી બ્રહ્મૈક્યનો નિર્ણય એ ફળ છે, એવો વિવેક છે. 'એ નાડી આદિ' એમાં 'આદિ' પદથી પુરીતત્ અને બ્રહ્મનું ગ્રહણ કરવાનું છે. 'પરસ્પર અપેક્ષાથી' = નાડીઓનો માર્ગ તરીકે ઉપયોગ છે, પુરીતત્ એ પ્રાકારને સ્થાને છે અને હૃદયમાં આકાશ–બ્રહ્મ છે તે પર્યંકસ્થાન છે એમ નાડી, પુરીતત્ અને બ્રહ્મને પરસ્પર અપેક્ષા છે. 'એકાર્થ છે તેથી' = જેમ 'व्रीहिभिर्यजेत' (વ્રીહિ વડે યજ્ઞ કરવો), 'यवैर्यजेत' (યવો વડે યજ્ઞ કરવો) એમ તૃતીયાનો નિર્દેશ ઉભયત્ર તુલ્ય હોવાથી યાગના સાધન તરીકે સમજાયલા વ્રીહિ અને યવનું યાગસંપાદનરૂપ એક પ્રયોજન છે, તેથી વિકલ્પ છે; એ પ્રમાણે 'नाडीषु सृप्तो भवति' (નાડીઓમાં પ્રવેશ કરે છે), 'पुरीतति शेते' (પુરીતત્‌ને વિષે શયન કરે છે), 'य एषोऽन्तर्हृदय आकाशस्तस्मिञ्छेते' (જે આ હૃદયની અંદર આકાશ—બ્રહ્મ છે તેમાં શયન કરે છે) એમ સપ્તમીનિર્દેશથી નાડી, પુરીતત્ અને બ્રહ્મ એ જીવનાં તુલ્ય સ્વાપસ્થાન છે એમ એક પ્રયોજન હોવાથી વિકલ્પ યુક્ત છે. 'એકાર્થતા' એટલે નિરપેક્ષ સ્વાપનો આધાર. જેમ વ્રીહિ અને યવનું પુરોડાશ એ એક પ્રયોજન છે, તેમ નાડીઓ એક સ્વાપરૂપ પ્રયોજનને વિષે જીવનું નિરપેક્ષ સ્થાન છે. પણ 'अस्मिन् प्राण एवैकधा भवति' (એ પ્રાણમાંજ—બ્રહ્મમાંજ એકધા થાય છે) એ વાક્યમાં જે સપ્તમી આધારવાચક છે તો 'सता सोम्य तदा संपन्नो भवति' (હે સોમ્ય, સત્ સાથે ત્યારે જીવ એકીભૂત થાય છે) એમાં સત્‌ને તૃતીયા કહી છે તો તે આધારવાચક નથી એમ શંકા કરે છે—'પણ સત્‌ને વિષે એ રીતે' ઇત્યાદિ. સપ્તમીનો અભાવ છે તોપણ તેનો અર્થ સિદ્ધ થાય છે તેથી સત્ પણ આધાર થાય છે. વાક્યશેષમાં आयतन શબ્દ છે તેથી આધારત્વ સમજાય છે એમ કહે છે—'એ દોષ નથી' ઇત્યાદિ. 'अन्यत्रायतनमलब्ध्वा' ઇત્યાદિ. 'अन्यत्र' બીજી બે અવસ્થામાં સ્વપ્ન અને જાગરિતમાં. શ્રાન્ત જીવ સુષુપ્તિમાં વિશ્રાન્તિસ્થાન, પ્રાણાખ્ય સત્‌માં—બ્રહ્મમાં જાય છે એવો અર્થ છે. સત્‌ને વિષે સપ્તમીનિર્દેશ નથી એમ સ્વીકારીને કહ્યું. હવે તે સપ્તમી નિર્દેશનો

૧ એકને માટે; વ્રીહિ અને યવ બંનેનો પુરોડાશ થાય છે, માટે બંને એકજ કામમાં આવે છે. ૨ બ્રહ્મને વિષે. ૩ આધાર, આશ્રય.

આયતન એ સપ્તમીનો અર્થ છે. તેમજ સપ્તમીનો નિર્દેશ પણ ત્યાં વાક્યશેષમાં દેખાય છે—'सति संपद्य न विदुः सति संपद्यामहे' [છાન્દો૦ ૬।૯।૨] (સત્‌ને વિષે એકીભૂત થઈને તેઓ જાણતા નથી કે અમે સત્‌ને વિષે એકીભૂત થઈએ છીએ) એમ. વળી વિશેષ વિજ્ઞાનના [1]ઉપરમરૂપ જે સુષુપ્ત તે સર્વત્ર સમાન છે. તેટલા માટે નાડી આદિ [2]એકાર્થ હોવાથી જીવ વિકલ્પે કદાચિત્ કોઈક સ્થાનમાં સુવા માટે જાય

અભાવ પણ નથી એમ કહે છે—'તેમજ સપ્તમીનો નિર્દેશ પણ' ઇત્યાદિ. વિશેષ જ્ઞાનનો ઉપરમરૂપ સ્વાપ છે તે સ્વાપ નાડી અને પુરીતત્‌ને વિષે યુક્ત નથી તેથી તે બે સ્વાપસ્થાન નથી એમ આશંકા કરી શાસ્ત્ર—પ્રામાણ્યનો આશ્રય કરીને કહે છે—'વળી વિશેષ વિજ્ઞાનના' ઇત્યાદિ. નાડી આદિઓ જીવનો આધાર થાય એમાં કંઈ અયુક્ત નથી; કેમકે બુદ્ધિ જેનો ઉપાધિ છે એવા જીવનો આધાર થાય એમાં કંઈ વિરોધ નથી. વળી આવી શંકા કરવી પણ યુક્ત નથી કે વિકલ્પપક્ષમાં અન્યતરનો બાધ થવાથી સમુચ્ચય યુક્ત છે: કેમકે સમુચ્ચય હોવાથી સપ્તમીશ્રુતિથી સિદ્ધ જે નિરપેક્ષ આધારત્વ તેને અત્યન્ત બાધ આવે. 'ताभिः प्रत्यवसृप्य' (તે નાડીદ્વારા પ્રત્યવસર્પણ કર્યા પછી) ઇત્યાદિમાં તો કદાચિત્ નાડીઓજ જીવનું સુષિરસ્થાન છે; કદાચિત્ તે દ્વારા સંચાર કરતા જીવનું સુષિરસ્થાન પુરીતત્ છે ને કદાચિત્ બ્રહ્મજ છે એમ સમજવું યુક્ત છે, નહિ તો નિરપેક્ષ એવી જે આધારત્વશ્રુતિ છે તેનો બાધ થાય એમ પૂર્વપક્ષીનું તાત્પર્ય છે. પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે:—નાડી, પુરીતત્ અને પરમાત્મા એ સ્થાનોને વિષે, સુષુપ્ત જીવના નિલયને માટે વિકલ્પ છે. જેમ ઘણા મહેલો હોય એવો એક રાજા કદાચિત્ એકમાં શયન કરે છે અને કદાચિત્ અન્યમાં; એ પ્રમાણે એક જીવ કદાચિત્ નાડીઓને વિષે, કદાચિત્ પુરીતત્‌ને વિષે અને કદાચિત્ બ્રહ્મને વિષે શયન કરે છે. જેમ નિરપેક્ષ વ્રીહિ અને યવને ક્રતુનું જે સાધન પુરોડાશ તેની પ્રકૃતિ તરીકે શ્રુતિમાં કહ્યા છે તે એકાર્થ હોવાથી તેનો વિકલ્પ છે: એ પ્રમાણે સપ્તમીશ્રુતિથી કે એકાયનશ્રુતિથી એક, શયન એજ જેનું પ્રયોજન છે એવી પરસ્પર નિરપેક્ષ નાડી આદિઓનો પણ વિકલ્પ યુક્ત છે. 'નાડીદ્વારા પ્રત્યવસર્પણ કરીને જીવ પુરીતત્‌ને વિષે શયન કરે છે' એમ નાડી અને પુરીતત્‌ના સમુચ્ચયની જ્યાં શ્રુતિ છે, તેમજ 'નાડીઓમાં ત્યારેજ હોય છે કે જ્યારે સુપ્ત થયેલો કંઈ પણ સ્વપ્ન જોતો નથી, પછી આ પ્રાણમાં—બ્રહ્મમાંજ એકધા થાય છે' એમ નાડી અને બ્રહ્મરૂપ આધારની સમુચ્ચયશ્રુતિ છે; ત્યાં પણ 'आसु तदा नाडीषु सृप्तो भवति' (આ નાડીઓમાં ત્યારે પ્રવિષ્ટ થાય છે) અને 'पुरीतति शेते' (પુરીતત્‌માં શયન કરે છે) એમ નિરપેક્ષ નાડી અને પુરીતત્ આધાર તરીકે નિર્દિષ્ટ છે તેથી નિરપેક્ષજ નાડી અને પુરીતત્ એ બે આધાર છે. આટલો વિશેષ છે. કદાચિત્ નાડીઓજ આધાર છે અને કદાચિત્ નાડીદ્વારા સંચરતા જીવને પુરીતત્ આધાર છે. એમ નાડીદ્વારા સંચરતા જીવને કદાચિત્ બ્રહ્મજ આધાર છે. એમ આધારને વિષે નાડીઓ, પુરીતત્ અને પરમાત્મા નિરપેક્ષ છે. તેટલા માટે વ્રીહિ અને યવની પેઠે વિકલ્પ છે એમ પ્રાપ્ત થાય છે. આ રીતે પૂર્વપક્ષનું તાત્પર્ય એવું છે કે સપ્તમીશ્રુતિથી નિરપેક્ષ આધારનું ભાન થાય છે તેથી વિકલ્પનો આશ્રય કરવો. કદાચિત્, નાડી આદિનો સમુચ્ચય પણ જીવનું સુષુપ્તિસ્થાન છે; એમ સમુચ્ચયશ્રુતિનો વિરોધ નથી એવો પૂર્વપક્ષનો અભિપ્રાય છે. પૂર્વપક્ષને અન્તે 'એમ' શબ્દ છે તેનો અર્થ એવો છે કે વિકલ્પ લેવાથી જીવનું બ્રહ્મૈક્ય અનિયત થાય

૧ અભાવ. ૨ જેનો અર્થ-પ્રયોજન એક છે; એક પ્રયોજનવાળા.

સ્થાનો છે કે પરસ્પર અપેક્ષાથી એક સુષુપ્તિસ્થાન છે? ત્યારે શું પ્રાપ્ત થાય છે? ભિન્ન સ્થાનો છે એમ. શાથી? એકાર્થ છે તેથી; કારણ કે વ્રીહિ, યવ આદિ જે 'એકાર્થ' છે તે કવચિત્ પણ પરસ્પર અપેક્ષાવાળા દેખાતા નથી. નાડી આદિ તો એકાર્થ છે એમ સુષુપ્તિમાં દેખાય છે; કેમકે 'नाडीषु सृप्तो भवति' [છાન્દો૦ ૮।૬।૩] (નાડીઓમાં પ્રવિષ્ટ થાય છે), 'पुरीतति शेते' [બૃહ૦ ૨।૧।૧૯] (શરીરમાં સૂએ છે), એમ તે તે પ્રદેશમાં સપ્તમીનો નિર્દેશ સમાન છે. પણ 'સત્‌ને વિષે એ રીતે સપ્તમીનિર્દેશ દેખાતો નથી—'सता सोम्य तदा संपन्नो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, ત્યારે સત્ સાથે-બ્રહ્મ સાથે જીવ એકીભૂત થાય છે) એમ. એ દોષ નથી; કારણ કે તેમાં પણ સપ્તમીનો અર્થ ગમ્યમાન છે; કેમકે તેમાં વાક્યશેષ એમ કહે છે કે 'આયતન ઇચ્છનાર જીવ સત્‌ને વિષે ઉપસર્પણ કરે છે—'अन्यत्रायतनमलब्ध्वा प्राणमेवोपश्रयते' [છાન્દો૦ ૬।૮।૨] (અન્યત્ર આયતન ન મેળવવાથી પ્રાણને વિષે જ આશ્રય લે છે) એમ પ્રાણશબ્દથી તેમાં પ્રકૃત સત્‌નું ગ્રહણ છે તેથી. વળી

પૂર્વપક્ષમાં જીવના સુષુપ્તિસ્થાનોનો વિકલ્પ હોવાથી બ્રહ્મૈક્યનો અનિર્ણય—અનિયમ એ ફળ છે. સિદ્ધાન્તમાં તો નાડીદ્વારા પુરીતત્‌માં જઈને હૃદયની અંદર બ્રહ્મમાં જ શયન કરે છે એમ સ્થાનસમુચ્ચય છે તેથી બ્રહ્મૈક્યનો નિર્ણય એ ફળ છે, એવો વિવેક છે. 'એ નાડી આદિ' એમાં 'આદિ' પદથી પુરીતત્ અને બ્રહ્મનું ગ્રહણ કરવાનું છે. 'પરસ્પર અપેક્ષાથી'= નાડીઓનો માર્ગ તરીકે ઉપયોગ છે, પુરીતત્ એ પ્રાકારને સ્થાને છે અને હૃદયમાં આકાશ-બ્રહ્મ છે તે પર્યંકસ્થાન છે એમ નાડી, પુરીતત્ અને બ્રહ્મને પરસ્પર અપેક્ષા છે. 'એકાર્થ છે તેથી'= જેમ 'व्रीहिभिर्यजेत' (વ્રીહિ વડે યજ્ઞ કરવો), 'यवैर्यजेत' (યવો વડે યજ્ઞ કરવો) એમ તૃતીયાનો નિર્દેશ ઉભયત્ર તુલ્ય હોવાથી યાગના સાધન તરીકે સમબલવાળા વ્રીહિ અને યવનું યાગસંપાદનરૂપ એક પ્રયોજન છે, તેથી વિકલ્પ છે; એ પ્રમાણે 'नाडीषु सृप्तो भवति' (નાડીઓમાં પ્રવેશ કરે છે), 'पुरीतति शेते' (પુરીતત્‌ને વિષે શયન કરે છે), 'य एषोऽन्तर्हृदय आकाशस्तस्मिञ्छेते' (જે આ હૃદયની અંદર આકાશ—બ્રહ્મ છે તેમાં શયન કરે છે) એમ સપ્તમીનિર્દેશથી નાડી, પુરીતત્ અને બ્રહ્મ એ જીવનાં તુલ્ય સ્વાપસ્થાન છે એમ એક પ્રયોજન હોવાથી વિકલ્પ યુક્ત છે. 'એકાર્થતા' એટલે નિરપેક્ષ સ્વાપનો આધાર. એમ વ્રીહિ અને યવનું પુરોડાશ એ એક પ્રયોજન છે, તેમ નાડીઓ એક સ્વાપરૂપ પ્રયોજનને વિષે જીવનું નિરપેક્ષ સ્થાન છે. પણ 'अस्मिन् प्राण एवैकधा भवति' (એ પ્રાણમાં જ—બ્રહ્મમાં જ એકધા થાય છે) એ વાક્યમાં જો સપ્તમી આધારવાચક છે તો 'सता सोम्य तदा संपन्नो भवति' (હે સોમ્ય, સત્ સાથે ત્યારે જીવ એકીભૂત થાય છે) એમાં સત્‌ને તૃતીયા કહી છે તો તે આધારવાચક નથી એમ શંકા કરે છે—'પણ સત્‌ને વિષે એ રીતે' ઇત્યાદિ. સપ્તમીનો અભાવ છે તોપણ તેનો અર્થ સિદ્ધ થાય છે તેથી સત્ પણ આધાર થાય છે. વાક્યશેષમાં આયતન શબ્દ છે તેથી આધારત્વ સમજાય છે એમ કહે છે—'એ દોષ નથી' ઇત્યાદિ. 'अन्यत्रायतनमलब्ध्वा' ઇત્યાદિ. 'अन्यत्र' બીજી બે અવસ્થામાં સ્થાન અને આદિનાં અન્ય જીવ સુષુપ્તિમાં નિજનિજસ્થાન, પ્રાણરૂપ સત્‌માં—બ્રહ્મમાં લય છે એવો અર્થ છે. સત્‌ને વિષે સપ્તમીનિર્દેશ નથી એમ સ્વીકારીને કહ્યું. હવે તે સપ્તમી નિર્દેશને

१ [illegible] મટી, વ્રીહિ અને યવ મળીને પુરોડાશ થાય છે, માટે બંને એક જ કામમાં આવે છે
१ બ્રહ્મને વિષે ૩ અ૦ ૨, [illegible]

ઉપાદાન છે તેથી. વળી પ્રાણ એ બ્રહ્મ છે એમ 'प्राणस्तथानुगमात्' [બ્રહ્મસૂ૦ ૧।૧।૨૮] (પ્રાણ {બ્રહ્મ છે}, કેમકે તેવી રીતે અનુગમ છે) એમાં સમજાવ્યું છે. 'आसु तदा नाडीषु सृप्तो भवति' [છાન્દો૦ ૮।૬।૩] (ત્યારે એ નાડીઓમાં પ્રવિષ્ટ થાય છે) એમ શ્રુતિ નિરપેક્ષ હોય એમ નાડીઓને સુષિસ્થાન તરીકે જ્યાં પણ શ્રવણ કરાવે છે, ત્યાં પણ અન્ય પ્રદેશમાં પ્રસિદ્ધ બ્રહ્મનો પ્રતિષેધ નથી તેથી નાડીદ્વારાજ બ્રહ્મને વિષે {જીવ} અવસ્થિત થાય છે એમ સમજાય છે. વળી એમ પણ नाडीषु (નાડીને વિષે) એ સપ્તમી વિરુદ્ધ થતી નથી; કેમકે નાડીદ્વારા પણ બ્રહ્મમાં પાસે જતો જીવ નાડીમાંજ પ્રવિષ્ટ થાય છે. ખરેખર, ગંગાદ્વારા સાગરમાં જે જાય છે તે ગંગામાંજ ગયેલો થાય છે. તેમજ અહિં રશ્મિસંબંધનાડીદ્વારરૂપ બ્રહ્મલોકમાર્ગ વિવક્ષિત છે તેથી નાડીની સ્તુતિને માટે પ્રવેશ કહ્યો છે. 'नाडीषु सृप्तो भवति' [છાન્દો૦ ૮।૬।૩] (નાડીને વિષે પ્રવિષ્ટ થાય છે) એમ કહીને 'तं न कश्चन पाप्मा स्पृशति' [છાન્દો૦ ૮।૬।૩] (તેને કોઈ પાપ સ્પર્શ કરતું નથી) એમ કહેતી શ્રુતિ નાડીની પ્રશંસા કરે છે; અને પાપસ્પર્શના અભાવને વિષે 'तेजसा हि तदा संपन्नो भवति' [છાન્દો૦ ૮।૬।૩] (કેમકે ત્યારે તેજ સાથે એકીભૂત થાય છે) એમ હેતુ કહે છે. તેજ, એટલે નાડીગત પિત્તસંજ્ઞક તેજ વડે તેની ઇન્દ્રિયો અભિવ્યાપ્ત થવાથી બાહ્ય વિષયોને તે એનો નથી એવો અર્થ છે. અથવા 'तेजसा' (તેજ વડે) એમ બ્રહ્મનોજ નિર્દેશ છે; કારણ કે અન્ય શ્રુતિમાં 'ब्रह्मैव तेज एव' [બૃહ૦ ૪।૪।૭] (બ્રહ્મજ છે, તેજજ છે) એમ તેજશબ્દ બ્રહ્મને વિષે પ્રયુક્ત છે. ખરેખર, નાડીદ્વારા જીવ ત્યારે બ્રહ્મ સાથે એકીભૂત થાય છે. તેથી કોઈ પણ પાપ તેને સ્પર્શ કરતું નથી એવો અર્થ છે. વળી બ્રહ્મની સાથે એકતા એ 'सर्वे पाप्मानोऽतो निवर्तन्तेऽपहतपाप्मा ह्येष ब्रह्मलोकः' [છાન્દો૦ ૮।૪।૨] (સર્વે પાપો એમાં-

પ્રાણ એ તેનું એકવાક્યથી ઉપાદાન છે તેથી પરસ્પર સમુચ્ચય છે એવો અર્થ છે. આધારમાત્ર સપ્તમીનો અર્થ છે, નિરપેક્ષત્વ એ સપ્તમીનો અર્થ નથી. એથી સમુચ્ચયનો સપ્તમીથી બાધ નથી એમ કહે છે—'વળી એમ પણ नाडीषु (નાડીને વિષે)' ઇત્યાદિ. 'એમ પણ'=સમુચ્ચયમાં પણ નાડી આદિને વિષે સપ્તમીનો સામીપ્ય અર્થ લઈને બ્રહ્મને વિષે અધિકરણ અર્થ છે તોપણ તેથી તેનો વિરોધ નથી એવો અર્થ છે અહિં નાડીશ્રુતિમાં નાડીઓને વિષે કેવળની સુષુપ્તિની વિવક્ષા નથી. કેમકે રશ્મિસંબંધનાડીરૂપમાર્ગની સ્તુતિ એજ એનું પ્રયોજન છે એમ કહે છે—'તેમજ અહિં રશ્મિસંબંધનાડીદ્વારરૂપ' ઇત્યાદિ. 'અહિં'=નાડીપ્રકરણમાં માર્ગના ઉપદેશ માટે ઉપયુક્ત નાડીઓની સ્તુતિને અર્થે નાડીનું સંકીર્તન છે એવો અર્થ છે. માર્ગોપદેશ માટે કહેલી નાડીઓની સ્તુતિને અર્થે સુષુપ્તિકીર્તન છે એને માટે સ્પષ્ટ કહે છે—'नाडीषु सृप्तो भवति'. નાડીને વિષે સુપ્ત થયેલાને પાપ સ્પર્શ કરતું નથી તેને માટે હેતુ કહે છે—'પાપસ્પર્શના અભાવને વિષે' ઇત્યાદિ. પિત્તથી એની ઇન્દ્રિયો અભિવ્યાપ્ત થઈ છે તેને બાહ્ય વિષયોનું દર્શન થતું નથી તેથી નાડીદ્વારા સુખદુઃખનો અભાવ હોવાથી તેના કારણ પાપ સાથે સંબંધ થતો નથી એ નાડીની સ્તુતિ છે. પિત્તને લીધે વિષયનું દર્શન થતું નથી તેથી સુખદુઃખનો અભાવ હોવાથી તેના હેતુ ધર્મ કે અધર્મરૂપ પાપનો [illegible] નથી એવો અર્થ છે. અથવા બ્રહ્મેક્યથી પાપનો નાશ થયો છે એમ બ્રહ્મની સંપત્તિથી સ્પર્શ કરતો નથી એમ કહે છે—'અથવા तेजसा (તેજ વડે)' ઇત્યાદિ. એ

ધી નિવૃત્ત થાય છે; કેમકે એ બ્રહ્મલોક જેમાં પાપનો નાશ થયો છે એવો છે
ઇત્યાદિ શ્રુતિઓથી પાપસ્પર્શના અભાવને વિષે હેતુ સમજાય છે. એમ થ
અન્ય પ્રદેશમાં સુષુપ્તિસ્થાન તરીકે પ્રસિદ્ધ બ્રહ્મની સાથે નાડીઓનો સમુચ્ચય આ
શ્રિત થાય છે. તેમજ પુરીતતનું પણ બ્રહ્મપ્રકરણમાં સંકીર્તન છે તેથી તેને પણ બ
હ્મને અનુગુણજ સુષુપ્તિસ્થાન તરીકે સમજવાનું છે—'य एषोऽन्तर्हृदय आकाशस्तस्मि
ञ्छेते' [બૃહ૦ ૨।૧।૧૭] (જે આ હૃદયની અંદર આકાશ છે તેમાં સુએ છે
એમ હૃદયાકાશને સુષુપ્તિસ્થાન તરીકે પ્રકૃત કરી 'पुरीतति शेते' [બૃહ૦ ૨।૧।૧૯
(પુરીતત્‌માં શયન કરે છે) એમ કહ્યું છે. પુરીતત્ એમ હૃદયના પરિવેષ્ટનને કહે
છે. તેની અંદર રહેતા પણ હૃદયાકાશમાં શયન કરતો જીવ પુરીતત્‌માં શયન કરે
એમ કહી શકાય. કોટથી ઘેરાયલા પણ શહેરમાં રહેતો કોટમાં રહે છે એમ કહે
વાય છે. હૃદયાકાશ બ્રહ્મ છે એમ 'दहर उत्तरेभ्यः' [બ્રહ્મ સૂ૦ ૧।૩।૧૪] (દહ
{આકાશ પરમેશ્વરજ છે}, ઉત્તર {હેતુઓ}થી) એમાં સમજાયલું છે. તેમજ ના
અને પુરીતતનો સમુચ્ચય પણ 'ताभिः प्रत्यवसृप्य पुरीतति शेते' [બૃહ૦ ૨।૧।૧૯
(તે નાડીઓ વડે પ્રત્યવસર્પણ કર્યા પછી પુરીતત્‌માં શયન કરે છે) એમ એકવા
ક્યતું ગ્રહણ છે તેથી સમજાય છે. સત્ અને પ્રાજ્ઞ એ બ્રહ્મ છે એ પ્રસિદ્ધ છે. આ
પ્રમાણે એ શ્રુતિઓમાં ત્રણનેજ સુષુપ્તિસ્થાન કહ્યાં છે—નાડીઓ, પુરીતત્ અને
બ્રહ્મને. તેમાં પણ નાડીઓ અને પુરીતત્ એ દ્વારમાત્ર છે, બ્રહ્મજ એકલું સુષુપ્તિ
સ્થાન છે. વળી નાડીઓ કે પુરીતત્ જીવના ઉપાધિનેજ આધાર છે, કેમકે તેમ

લાભ કહે છે—'એમ થયે, અન્ય પ્રદેશમાં' ઇત્યાદિ. 'એમ થયે'=નાડીઓ બ્રહ્મપ્રાપ્તિ
દ્વાર થયે એવું તાત્પર્ય છે.—'तासु तदा भवत्यथास्मिन् प्राण एवैकधा भवति' (ત્યારે
નાડીઓમાં હોય છે, પછી એ પ્રાણ સાથેજ એકીભૂત થાય છે) એમ શ્રુતિએ પ્રતિપાદ
કરેલો સમુચ્ચય આશ્રિત થાય છે એવો અર્થ છે. જેમ નાડી અને બ્રહ્મનો સુપ્તિને વિષે ગુણ
ભાવે અને પ્રધાનભાવે સમુચ્ચય થાય છે તેમ પુરીતત્ અને બ્રહ્મનો પણ થાય છે એમ કહે
છે—'તેમજ પુરીતતનું પણ' ઇત્યાદિ. આકાશમાં એટલે બ્રહ્મમાં શયન કરે છે એમ ઉપક્રમ
કરીને નાડીઓએ ગમન કરી પુરીતત્‌ને વિષે શયન કરે છે એમ કહ્યું છે, તેથી નાડીદ્વારે
પુરીતત્‌માં જઈને બ્રહ્મને વિષે શયન કરે છે એમ સમુચ્ચય સિદ્ધ થાય છે એમ કહે છે—
'તેમજ નાડી અને પુરીતતનો સમુચ્ચય પણ' ઇત્યાદિ. પણ 'सता संपन्नो भवति'
(જીવ સત્‌ની સાથે એકીભૂત થાય છે), 'प्राज्ञेन संपरिष्वक्तः' (પ્રાજ્ઞથી જોડાયેલો)
એમ શ્રુતિમાં સત્ અને પ્રાજ્ઞ પણ કહ્યા છે તેથી જીવનાં સુપ્તિસ્થાન પાંચ થાય છે
એ શંકા દૂર કરવા કહે છે—'સત્ અને પ્રાજ્ઞ એ બ્રહ્મ છે એ પ્રસિદ્ધ છે' ઇત્યાદિ
વળી પ્રકૃત દર્શાદિસાધન જે પુરોડાશ તે સંપાદન કરવામાં વ્રીહિ અને યવ પરસ્પર
અનપેક્ષ[1] હોવાથી તેમનો વિકલ્પ યુક્ત છે; પણ નાડી આદિ તો બ્રહ્મથી નિરપેક્ષ રહી સુષુપ્ત
જીવનો આધાર થવા અસમર્થ છે તેથી તેમનો વિકલ્પ નથી એમ કહે છે—'વળી નાડીઓ
કે પુરીતત્' ઇત્યાદિ. ઉપાધિ લિંગના આશ્રય નાડી અને પુરીતત્ છે તે ઉપાધિવાળા જીવના
આશ્રય પરંપરાથી થાય છે એમ કહેવાનું છે; એમ પરંપરાથી પણ નાડી અને પુરીતત્ સુષુ-

૧ અપેક્ષારહિત, સ્વતંત્ર.

એની ઇન્દ્રિયો રહેલી છે; કારણ કે ઉપાધિસંબન્ધ વિના જીવનો કોઈ પણ આધાર એની મેળેજ સંભવતો નથી; કેમકે જીવ બ્રહ્મથી અવ્યતિરિક્ત પોતાના મહિમામાં પ્રતિષ્ઠિત છે. વળી સુષુપ્તિમાં જીવનો આધાર બ્રહ્મ છે એ પણ આધાર અને આધેયની વચ્ચેના ભેદને અભિપ્રાયે કહ્યું નથી, પણ તાદાત્મ્યના અભિપ્રાયે કહ્યું છે; કેમકે શ્રુતિ કહે છે કે 'सता सोम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, ત્યારે સત્‌ની સાથે જીવ એકીભૂત થાય છે, પોતાને વિષે પ્રલીન થાય છે) એમ. સ્વશબ્દ વડે આત્મા કહ્યો છે, સ્વને પોતાનું રૂપ પ્રાપ્ત કરેલો થાય છે એવો અર્થ છે. તેમજ બ્રહ્મની સાથે કદાચિત્ પણ જીવની [1]સંપત્તિ નથી એમ નથી; કેમકે તેનું સ્વરૂપ અપાયશીલ નથી. સ્વપ્ન અને જાગરિતમાં તો ઉપાધિના સંપર્કને લીધે પરરૂપ પ્રાપ્ત કર્યો ન હોય એવો છે તેથી તેની અપેક્ષાએ સુષુપ્તિમાં તે પરરૂપપ્રાપ્તિનો ઉપશમ હોવાથી સ્વરૂપની પ્રાપ્તિ કહેલી. આ કારણથી સુપ્ત અવસ્થામાં કદાચિત્ સત્‌ની સાથે એકીભૂત થાય છે અને કદાચિત્ થતો નથી એ અયુક્ત છે. વળી સ્થાનનો વિકલ્પ સ્વીકારાય તોપણ [2]વિશેષ વિજ્ઞાનના ઉપશમરૂપ સુષુપ્તને વિષે ક્વચિત્ પણ વિશેષ નથી.' તેમાં સત્‌ને વિષે એકીભૂત થયેલો, એક

હિંમાં જીવના આશ્રય થઈ શકતા નથી; કેમકે સુષુપ્તિમાં ઉપાધિનો લય થાય છે એવો અર્થ છે. નાડીઓ કે પુરીતત્ જીવના ઉપાધિ, જે ઇન્દ્રિયો છે તેના આશ્રય છે: જીવ તો બ્રહ્મથી અવ્યતિરિક્ત હોવાથી પોતાના મહિમામાંજ રહેલો છે. આ પ્રમાણે બ્રહ્મ પણ જીવનું મુખ્ય સદન નથી, કેમકે જીવ બ્રહ્મથી અભિન્ન છે એમ કહે છે—'વળી સુષુપ્તિમાં જીવનો આધાર બ્રહ્મ છે' ઇત્યાદિ. જીવ તો બ્રહ્મ સાથે એકજ છે; પણ નાડી અને પુરીતત્ તો જીવના ઉપાધિના આધાર હોવાથી પરંપરાથી જીવના આધાર છે, એમ અનુક્ત અર્થ હોવાથી વિકલ્પ નથી એમ કહ્યું: હવે વિકલ્પ નથી તેને માટે અન્ય હેતુ કહે છે.—જીવની બ્રહ્મને વિષે અભેદે અવસ્થિતિ છે, નાડી અને પુરીતત્‌ને વિષે તો લીન ઉપાધિવાળા જીવની સ્થિતિજ સંભવતી નથી; માટે જીવનો બ્રહ્મજ તાદાત્મ્યે આધાર છે તેથી વિકલ્પ નથી એવો અર્થ છે. સુષુપ્તિને વિષે જીવના ભેદક ઉપાધિનો લય થવાથી જીવનો ઉત્સર્ગે બ્રહ્મથી અભેદ છે તેથી વિકલ્પ યુક્ત નથી એમ કહે છે—'તેમજ બ્રહ્મની સાથે કદાચિત્ પણ' ઇત્યાદિ. જ્યાંસુધી કે સ્વપ્નદશારૂપ અપવાદ ન હોય તો સુષુપ્ત અવસ્થામાં જીવનું ઔત્સર્ગિક બ્રહ્મસ્વરૂપ અન્યથા કરી શકાતું નથી એવો અર્થ છે. વળી જેઓ સ્થાનવિકલ્પનો આશ્રય કરે છે તેમણે પણ વિશેષ વિજ્ઞાનનો જેમાં ઉપશમ થાય છે એવી સુષુપ્તિની અવસ્થાનો અંગીકાર કરવો પડશે; અને એ સુષુપ્તિની અવસ્થા આત્માના તાદાત્મ્ય વિના, પરમાત્માથી વ્યતિરિક્ત. નાડી આદિ સ્થાનોમાં ઉપપન્ન થતી નથી; કેમકે તે નાડી આદિમાં રહેલો જીવ આત્માથી પોતે વ્યતિરિક્ત છે એમ અભિમાની થઈ અવશ્ય વિશેષ વિજ્ઞાનવાળો થાય: તેવીજ શ્રુતિ છે કે 'यत्र वा अन्यदिव स्यात् तत्रान्योऽन्यत् पश्येत्' (કે જ્યાં અન્ય જેવું થાય ત્યારે અન્ય અન્યને જુએ); પણ જો જીવનું સુપ્તિસ્થાન આત્માજ થાય તો દોષ નથી, કેમકે શ્રુતિ છે કે 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येद्विजानीयात्' પણ જ્યાં એને સર્વ આત્માજ છે એમ જ્ઞાન થાય છે, ત્યાં કોના વડે શું જુએ કે જાણે), આથી પણ જીવનું સુષુપ્તિસ્થાન આત્માજ છે અને નાડી આદિએ દ્વાર છે એમ કહે છે—'વળી સ્થાનનો વિકલ્પ સ્વીકારાય તોપણ'

૧ એકીભૂત થવું તે. ૨ તે સુષુપ્તિમાં ક્વચિત્ પણ વિશેષ જ્ઞાન નથી.

હોવાથી વિજ્ઞાન નથી મેળવતો એ યુક્ત છે, કેમકે 'तत् केन कं विजानीयात्' [બૃહ૦ ૨।૪।૧૪] (તો શા વડે શું જાણે) એમ શ્રુતિ છે. પણ નાડીઓમાં અને પુરીતત્‌માં શયન કરનાર જીવના અજ્ઞાનને વિષે કંઈ પણ કારણ જાણવું શકય નથી; કેમકે ભેદ તેનો વિષય છે, 'यत्र वा अन्यदिव स्यात् तत्रान्योऽन्यत् पश्येत्' [બૃહ૦ ૪।૩।૩૧] (જ્યાં ભેદ જેવું હોય ત્યાં અન્ય અન્યને જુએ) એમ શ્રુતિ છે તેથી. પણ વિદ્યમાન વિષયના પણ અવિજ્ઞાનને વિષે અતિદૂર આદિ કારણ હોય. સત્ય છે. જો જીવ સ્વતઃ પરિચ્છિન્ન છે એમ સ્વીકારાય—જેમ વિષ્ણુમિત્ર, પ્રવાસી હોય ત્યારે સ્વગૃહ જોતો નથી—તો એમ થાય. પણ જીવને તો ઉપાધિથી ભિન્ન પરિચ્છેદ નથી. ઉપાધિને વિષે રહેલુંજ અતિદૂર આદિ જીવના અવિજ્ઞાનને વિષે કારણ છે એમ જો કહો તોપણ ઉપાધિ ઉપશાન્ત થવાથી સત્‌ની સાથેજ એકીભૂત થયેલો વિજ્ઞાન મેળવતો નથી એ યુક્ત છે. વળી અમે અહિં નાડી આદિના સમુચ્ચયને તુલ્યની પેઠે પ્રતિપાદન કરતા નથી; કારણ કે નાડીઓ સુપ્તિસ્થાન છે કે પુરીતત્ છે એ વિજ્ઞાનનું કંઈ પ્રયોજન નથી. ખરેખર, એ વિજ્ઞાનની સાથે જોડાયલું કંઈ ફળ શ્રુતિ કહેતી નથી; તેમજ પ્રયોજનવાળા કંઈકના અંગ તરીકે પણ એ વિજ્ઞાનનો

ઇત્યાદિ તાત્પર્ય એવું છે કે ભેદનો અભાવ એ ભેદજ્ઞાનના અભાવનો હેતુ છે; પણ નાડી અને પુરીતત્‌મા રહેલો જીવ તો ભેદાવસ્થામાં છે તેથી એ ભેદ ભેદના અવિજ્ઞાનનું કારણ નથી. નાડી આદિમાં રહેલો જીવ દ્વૈતાવસ્થામાં હોવાથી તેને ભેદનું અજ્ઞાન થાય તેને વિષે હેતુ નથી. દ્વૈતાવસ્થામાં જીવ હોય તો પણ દ્વૈતના અજ્ઞાનને વિષે બીજો હેતુ હોય એમ શંકા કરે છે—'પણ વિદ્યમાન વિષયના પણ' ઇત્યાદિ. દ્રષ્ટા દૃશ્ય પદાર્થથી દૂર હોય તો તે દૂરની સ્થિતિ સ્વાભાવિક છે કે ઔપાધિક છે? તેમાં આદ્ય પક્ષનો સદૃષ્ટાન્ત અનુવાદ કરે છે ને પછી તેનું નિરાકરણ કરે છે—'સત્ય છે. જો જીવ સ્વતઃ પરિચ્છિન્ન છે' ઇત્યાદિ. જીવ સ્વતઃ પરિચ્છિન્ન નથી; કેમકે તે બ્રહ્મસ્વરૂપ હોવાથી વિભુ છે. દ્વિતીય પક્ષનો અનુવાદ કરી તેનું નિરાકરણ કરે છે—'ઉપાધિને વિષે રહેલુંજ' ઇત્યાદિ. જીવનો પરિચ્છેદ ઔપાધિક છે તેથી જ્યાં ઉપાધિ અસંનિહિત છે તેટલુંજ જ્ઞાન ન થાય. સર્વનું ન થાય એમ નહિ; ખરેખર, અસન્નિધાનથી સુમેરુને નહિ જાણતો દેવદત્ત સંનિહિત વસ્તુ પણ જાણતો નથી એમ નથી. તેટલા માટે સર્વ વિશેષ વિજ્ઞાનનો જેમાં ઉપશમ થાય છે તેવી સુષુપ્તિ સાધનારે તે સમયે સર્વ ઉપાધિનો ઉપસંહાર કહેવો જોઈએ; એટલે તે સમયે જીવનું બ્રહ્માત્મત્વ સિદ્ધ થાય છે. ઉપાધિથી સંશ્લિષ્ટજ જીવનો નાડી આદિને વિષે સ્વાપ હોય તો કેટલાક સંનિકૃષ્ટ પદાર્થના જ્ઞાનનો પ્રસંગ આવે તેથી સુષુપ્તિનો વ્યાઘાત થાય; પણ ઉપાધિનો લય થયે જીવની અન્યત્ર સ્થિતિ અયુક્ત હોવાથી બ્રહ્મનેજ વિષે સ્વાપ હોવો જોઈએ એવો અર્થ છે. સુષુપ્તિદશામાં જીવને ઉપાધિનો પરિચ્છેદ થાય છે એમ સ્વીકારીએ તો કતિપય સંનિહિત અર્થના જ્ઞાનનો પ્રસંગ આવે તેથી અશેષ વિશેષ જ્ઞાનના અભાવને માટે નિરુપાધિસ્વરૂપે જીવનું બ્રહ્મરૂપે અવસ્થાન લેવું જોઈએ એમ સમજવું. ઉપાધિનો ઉપશમ હોય તો નાડી આદિનો સમુચ્ચય શી રીતે કહ્યો છે તેને વિષે કહે છે—'વળી અમે અહિં નાડી આદિના સમુચ્ચયને' ઇત્યાદિ. 'અહિં'=સ્વાપસ્થાનમાં. 'તુલ્યની પેઠે'=તુલ્યતાથી નહિ, પણ પ્રધાન-ગુણભાવે સમુચ્ચય કહ્યો છે. આ પ્રમાણે વિકલ્પનું નિરસન કરીને, નાડી અને પુરીતત્‌નો બ્રહ્મ સાથે સમુચ્ચય તુલ્યવત્ પણ નથી; કેમકે તેમાં ફળ નથી, એમ તુલ્યવત્ સમુચ્ચયને

ઉપદેશ નથી. પરંતુ બ્રહ્મ અપાયરહિત સુપ્તિસ્થાન છે એમ અમે પ્રતિપાદન કરીએ છીએ; અને તે વિજ્ઞાનનું તો પ્રયોજન છે—બ્રહ્મ એ આત્મા છે એવું અવધારણ અને તે સ્વપ્ન અને જાગરિતના વ્યવહારથી વિમુક્ત છે એવું અવધારણ. તેટલા માટે આત્માજ સુપ્તિસ્થાન છે ॥ ૭ ॥

अतः प्रबोधोऽस्मात् ॥ ८ ॥

એથી એમાંથી (આત્મામાંથી) પ્રબોધ (ઉપદેશ કર્યો છે) ॥ ૮ ॥

આત્માજ સુપ્તિસ્થાન છે એજ કારણથી સ્વાપના પ્રકરણમાં 'कुत एतदागात्' [બૃહ૦ ૨।૧।૧૬] (એ ક્યાંથી આવ્યો) એ પ્રશ્નના પ્રતિવચનના અવસરમાં 'यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवैतस्मादात्मनः सर्वे प्राणाः' [બૃહ૦ ૨।૧।૨૦] (જેમ અગ્નિમાંથી નાના તણખા નીકળે છે, એજ રીતે એ આત્મામાંથી સર્વે પ્રાણો ઉત્થાન કરે છે) ઇત્યાદિથી અને 'सत आगम्य न विदुः सत आगच्छामहे इति' [છાન્દો૦ ૬।૧૦।૨] (સત્માંથી આવીને તેઓ જાણતા નથી કે અમે સત્માંથી આવીએ છીએ) એથી એ આત્મામાંથી પ્રબોધનો નિત્યની પેઠેજ ઉપદેશ કરે છે. સુષુપ્તિનાં સ્થાનોનો વિકલ્પ હોય તો તો કદાચિત્ નાડીઓમાંથી, કદાચિત્ પુરીતત્માંથી અને કદાચિત્ આત્મામાંથી જીવનો પ્રતિબોધ થાય છે એમ ઉપદેશ કરત. તેટલા માટે પણ આત્માજ સુપ્તિસ્થાન છે ॥ ૮ ॥

स एव तु कर्मानुस्मृतिशब्दविधिभ्यः ॥ ९ ॥

પણ તેજ (જીવ જે બ્રહ્મ સાથે એકીભૂત થયો છે તે તેમાંથી પ્રતિબુદ્ધ થાય છે), કર્મ, અનુસ્મૃતિ, શબ્દ અને વિધિથી ॥ ૯ ॥

પણ તે બ્રહ્મૈક્યમાંથી પ્રતિબુદ્ધ થનો શું જે બ્રહ્મૈક્ય પામેલો છે તેજ પ્રતિબુદ્ધ થાય છે કે તે કે અન્ય એ વિષે વિચાર થાય છે. તેમાં અનિયમ છે એમ પ્રથમ

દૂષિત કરી, ગુણપ્રધાનભાવે સમુચ્ચય છે એમ ઉપસંહાર કરે છે. બ્રહ્મ સ્વાપ સ્થાન છે એ જ્ઞાન ફળવત્ થયે ફલિત કહે છે—'તેટલા માટે આત્માજ સુપ્તિસ્થાન છે' ॥ ૭ ॥

વળી બ્રહ્મમાંથી જીવનું ઉત્થાન થાય છે એવી શ્રુતિ છે તેથી બ્રહ્મજ સુષુપ્તિસ્થાન છે એમ સૂત્રકાર કહે છે—'अतः प्रबोधः' ઇત્યાદિ. કદી પણ નાડીમાંથી કે પુરીતત્માંથી ઉત્થાન થાય છે એમ શ્રુતિ કહેતી નથી તેથી તેઓ સુપ્તિસ્થાન નથી એવો અર્થ છે. તેટલા માટે ઉપાધિનો લય થયે જીવ બ્રહ્મથી ભિન્ન નથી માટે ભેદ ઔપાધિકજ છે એવા વિવેકથી વાક્યાર્થનો અભેદ સિદ્ધ થાય છે એવી સ્થિતિ છે ॥ ૮ ॥

'अतः प्रबोधोऽस्मात्' એમાં સ્વાપની પછી બ્રહ્મની પાસેથી જીવનો પ્રબોધ કહ્યો છે, તેથી બ્રહ્મસ્વરૂપેજ સુપ્ત થવાનો લીક છે એમ કહ્યું છે. હવે બ્રહ્મજ સુષુપ્તિસ્થાન છે એ અયુક્ત છે; કેમકે સુપ્તથી અન્યનો પણ પ્રબોધ સંભવે છે તેથી સુષુપ્ત જીવનું સુપ્તિસ્થાન નાડી આદિ

પ્રાપ્ત થાય છે. શાથી? ખરેખર, જ્યારે જલરાશિમાં કોઈક જલબિન્દુનો પ્રક્ષેપ થાય છે ત્યારે તે જલરાશિજ થાય છે અને પુનઃ ઉદ્ધરણ કરતી વખતે તેજ જલબિન્દુ આવે એમ કરવું અઘરૂં છે. તે પ્રમાણે સૂતેલો, પર સાથે ઐક્ય પામેલો જીવ સંપ્રસાદ પામે છે તેથી તેજ પાછો ઊઠે એ યોગ્ય નથી; તેટલા માટે તેજ ઈશ્વર કે અન્ય જીવ પ્રતિબુદ્ધ થાય છે એમ પ્રાપ્ત થયે આ કહે છે—પણ તેજ જીવ, સૂતેલો, સ્વાસ્થ્ય પામેલો પાછો ઊઠે છે, બીજો નહિ. શાથી? કર્મ, અનુસ્મૃતિ, શબ્દ, અને વિધિથી. વિભાગ કરીને અમે હેતુને દર્શાવીશું. બાકી રહેલાં કામ કરતો દેખાય છે તેથી તેજ જીવ ઊઠે છે એ યોગ્ય છે, અન્ય નહિ; કારણ કે ગઈ કાલે કીધેલા કામનો બાકીનો ભાગ બીજે દિવસે કરતો દેખાય છે. એકે અર્ધા કરેલા કામનો શેષ કરવામાં બીજો પ્રવૃત્ત થાય એ યોગ્ય નથી; અતિપ્રસંગ થાય તેથી. તેટલા માટે કાલે ને આજે એકજ કામનો કરનાર એકજ છે એમ સમજાય છે. વળી તેજ જીવ પ્રબોધમાંથી ઊઠે છે; કેમકે ગઈ કાલે મેં આ જોયું એમ પૂર્વે અનુભવેલાનું પાછળથી સ્મરણ અન્ય ઊઠતો હોય તો ઉપપન્ન થાય નહિ; કારણ કે એકે જોયલાનું બીજો અનુસ્મરણ કરે એ યોગ્ય નથી. તેમજ 'તે હું છું' એમ આત્માનું અનુસ્મરણ અન્ય આત્મા ઊઠતો હોય તો સંભવે નહિ. શ્રુતિવાક્યોથી પણ તેજ આત્મા ઊઠે છે એમ સમજાય છે; કેમકે 'पुनः प्रतिन्यायं प्रतियोन्या द्रवति बुद्धान्तायैव' [બૃહ૦ ૪।૩।૧૬] (પ્રતિનિયત ગમન જેમ થાય તેમ યોનિ યોનિ પ્રતિ જાગરણ માટે જીવ આવે છે), 'सर्वाः प्रजा अहरहर्गच्छन्त्य एतं ब्रह्मलोकं न विन्दन्ति' [છાન્દો૦ ૮।૩।૨] ({આ અવિદ્યાવાળી} સર્વ પ્રજાઓ {હૃદયાકાશ નામના} બ્રહ્મલોકમાં દરરોજ (સુષુપ્તિ કાળે) જાય છે તો પણ {હું આજ બ્રહ્મલોકભાવ પ્રાપ્ત થયો છું} એમ જાણતી નથી), 'त इह व्याघ्रो वा सिंहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो वा दंशो वा मशको वा यद्यद्भवन्ति तदा भवति' [છાન્દો૦ ૬।૧૦।૨] આ લોકમાં તેઓ વ્યાઘ્ર કે સિંહ, વરૂ કે વરાહ, કીટ કે પતંગ, દંશ કે મશક, જે જે જાતિ {પૂર્વે} પ્રાપ્ત થયા

છે એમ સંભવ છે એવી શંકાનું નિરાકરણ કરે છે—'स एव तु' ઇત્યાદિ. સ્વાપસ્થાન બ્રહ્મથી પ્રતિબોધ પામતા જીવને ઉદ્દેશીને ઉપાધિનો નાશ થવાથી અને કર્મ, અનુસ્મૃતિ આદિ જોવામાં આવે છે તેથી સંશય કહે છે—'પણ તે બ્રહ્મૈક્યમાંથી' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં જ્ઞાન વ્યર્થ છે કેમકે સુષુપ્તિથીજ પુનરાગમનના અભાવરૂપ મુક્તિ સિદ્ધ થાય છે; સિદ્ધાન્તમાં તો, બ્રહ્મનું જેને જ્ઞાન થયું નથી એવા સ્વરૂપે જીવ રહે છે તેથી અજ્ઞાનના બળથી પુનઃ તેનું ઉત્થાન અવશ્ય થનાર છે, માટે અજ્ઞાનના નાશને માટે જ્ઞાનની અપેક્ષા છે એવું ફળ છે. 'ઈશ્વર કે' એટલું, અનિયમ દૃઢ કરવા કહ્યું છે. તે કે અન્ય એજ પૂર્વપક્ષ છે. જ્ઞાન વગર બુદ્ધિ આદિ ઉપાધિનો અત્યન્ત નાશ થતો નથી તેથી જે બુદ્ધિથી ઉપહિત થઈ જીવ સુષુપ્તિમાં કારણસ્વરૂપે રહેલો છે તેજ, નાના કર્મના અનુભવનાં સંસ્કારવાળી બુદ્ધિથી ઉપહિત થયલો ઊઠે છે એમ સિદ્ધાન્ત કરે છે—'પણ તેજ જીવ, સૂતેલો' ઇત્યાદિ. એકે અર્ધા કરેલા એકજ જ્યોતિષ્ટોમ આદિ યજ્ઞને અનેક યજમાન થાય એ અતિપ્રસંગ થાય. સ્મૃતિ કહીને 'અનુસ્મૃતિ'માંના 'અનુ'થી સૂચવાયલી પ્રત્યભિજ્ઞા કહે છે—"તેમજ 'તે હું છું'" ઇત્યાદિ. 'पुनः प्रतिन्यायं' ઇત્યાદિ—અયન—ગમન એ આયનો અર્થ છે. 'योनि'=તે તે ઇન્દ્રિયસ્થાન; નિયમે ગમન તે 'न्याय'. જેમ પ્રતિનિયત ગમન થાય તેમ દરેક ઇન્દ્રિયસ્થાનમાં જાગરણને માટે આવે છે; પ્રતિનિયત ગમન થાય તેવી રીતે જીવ

હોય છે તે તે ત્યારે (પુનઃ આગમન કરી) થાય છે (સંસારી જન્તુની પૂર્વની વાસના નષ્ટ થતી નથી) ઇત્યાદિ સ્વાપ અને પ્રબોધના અધિકારમાં પઠેલાં શ્રુતિવાક્યો અન્ય આત્માનું ઉત્થાન થયે બંધબેસતાં થતાં નથી. કર્મવિધિ અને વિદ્યાવિધિથી પણ એમજ સમજાય છે; કેમકે અન્યથા કર્મવિધિ અને વિદ્યાવિધિ અનર્થક થાય; કારણ કે અન્યનું ઉત્થાન થાય છે એ પક્ષમાં સૂતેલોજ મુક્ત થાય છે એવા પ્રસંગ આવે; એમ થાય તો જેનું ફળ કાળાન્તરે થાય એવા કર્મનું કે વિદ્યાનું શું પ્રયોજન તે કહે. વળી અન્યનું ઉત્થાન થાય છે એ પક્ષમાં જો અન્ય શરીરમાં વ્યવહાર કરતો જીવ ઊઠે તો તેમનો વ્યવહાર લુપ્ત થવાનો પ્રસંગ આવે. જો તેમાં સૂતેલો ઊઠે તો કલ્પના અનર્થક થાય; કેમકે જે જે શરીરમાં સૂતેલો હોય તે તે શરીરમાં ઊઠતો નથી; પણ એક શરીરમાં સુએ છે ને અન્ય શરીરમાં ઊઠે છે એ કલ્પનામાં શો લાભ થાય?

સંપ્રસાદમાં એટલે સુષુપ્તિની અવસ્થામાં જાગરણને માટે દરેક ઇન્દ્રિયસ્થાનમાં આવે છે, જે વ્યાઘ્રયોનિ સુધુપ્ત હોય છે તે જાગ્રત્ થાય છે ત્યારે વ્યાઘ્રજ થાય છે, અન્ય જાતિ થતો નથી એવો શ્રુતિનો અર્થ છે. સૂતેલા જીવનું જાગરણને માટે હૃદયથી જે નિર્ગમન તે ન્યાય; પ્રતિન્યાય એટલે પ્રતિનિર્ગમન; आद्रवति=આવે છે; પ્રતિયોનિ=તે તે ઇન્દ્રિયગોલક; જે ઇન્દ્રિયનું જે ગોલક છે તે પ્રતિ સે તે ઇન્દ્રિયની દ્વારા તેજ જીવ આવે છે એવું તાત્પર્ય છે; અહિં 'स वा एष एतस्मिन् संप्रसादे' એમ સૂતેલાને પ્રકૃત કરીને बुद्धान्तायाद्रवति—જાગરણને માટે આવે છે એમ પ્રતિપાદન કર્યું છે તેથી સૂતેલાજ જીવનું ઉત્થાન છે એમ સમજાય છે. ब्रह्मलोकम्-બ્રહ્મ એટલે હૃદય; બ્રહ્મ એજ લોક તે બ્રહ્મલોક એમ કર્મધારય સમાસ લેવો. અહિં अहरहः-દરરોજ એમ વીપ્સાનું બળ છે તેથી એકજ જીવનો અનેક સુપ્તિ સાથે સબંધ છે એમ સમજાય છે; તેથી જે સૂતેલો છે તેનુજ પુનરુત્થાન શ્રુતિ સૂચવે છે. વ્યાઘ્રથી આરંભી મશકપર્યંત મધ્યે જે જે રૂપે જીવો સૂતા પહેલાં હોય છે તેઓ પાછા ઊઠે છે ત્યારે તે તે રૂપ થાય છે એમ સમજવું. 'सर्वाः प्रजाः' ઇત્યાદિ એ શ્રુતિમા न विन्दन्ति એમ અજ્ઞાન છે તેથી સૂતેલાનો ઉત્થાનનિયમ કહ્યો છે. અહિં પૂર્વ પ્રબોધમા જે જીવો છે તેજ ત્યારે ઉત્તર પ્રબોધમાં હોય છે એવો અર્થ છે. વિધિનુ વ્યાખ્યાન કરે છે—'કર્મવિધિ અને વિદ્યાવિધિથી પણ' ઇત્યાદિ. 'એમજ સમજાય છે' એટલે તેજ જીવ ઊઠે છે એવો નિશ્ચય થાય છે એવો અર્થ છે. વિધાનું આનર્થક્ય સ્પષ્ટ કરે છે—'કારણ કે અન્યનું ઉત્થાન થાય છે એ પક્ષમાં' ઇત્યાદિ. કર્મનું વૈયર્થ્ય કહે છે—'એમ જો થાય તો' ઇત્યાદિ. સુપ્તમાત્ર જો મુક્તિ પ્રાપ્ત કરે તો એવો અર્થ છે. કર્મનું અનુષ્ઠાન થાય છે ત્યારે ફળ થતું નથી તેથી કર્મ અને ધ્યાન જેનું કાલાન્તરે ફળ થાય છે તે અન્યોત્થાનપક્ષમાં વ્યર્થ થાય એવો અર્થ છે. 'વિદ્યા'નો અર્થ અહિં ધ્યાન છે. વળી આથી પણ અન્યનું ઉત્થાન નથી એમ કહે છે—'વળી અન્યનું ઉત્થાન થાય છે એ પક્ષમાં' ઇત્યાદિ. અન્યનું ઉત્થાન હોય તો તે અન્ય જીવ છે કે ઈશ્વર છે? જીવ હોય તો તે બદ્ધ છે કે મુક્ત છે? બદ્ધ હોય તો તે પણ અન્ય દેહમાં વ્યવહાર કરતો છે કે ત્યાં સૂતેલો છે એવા વિકલ્પો કરી આદ્યપક્ષનું અનુવાદપૂર્વક નિરાકરણ કરે છે—'અન્ય શરીરમાં વ્યવહાર કરતો જીવ ઊઠે' ઇત્યાદિ. અન્ય પક્ષનું અનુભાષણપૂર્વક દૂષણ કરે છે—'જો તેમાં સૂતેલો ઊઠે તો' ઇત્યાદિ. નિષ્ફળ એવું જે કલ્પનાનું ગૌરવ તે સ્પષ્ટ કરે છે—'કેમકે જે જે શરીરમાં સૂતેલો હોય' ઇત્યાદિ. અન્ય કલ્પ-

જો મુક્ત થયલો ઊઠે તો મોક્ષ અન્તવાન્ થવાનો પ્રસંગ આવે. પણ જેની અવિદ્યા નિવૃત્ત થઈ છે તેનું પુનરુત્થાન અનુપપન્ન છે. આથી ઈશ્વરનું ઉત્થાન થાય છે એ પક્ષનું નિરાકરણ સમજવું; કેમકે તે નિત્ય, જેની અવિદ્યા નિવૃત્ત થઈ છે એવો છે વળી અન્યનું ઉત્થાન થાય છે એ પક્ષમાં અકૃતનો અભ્યાગમ અને કૃતનો નાશ દુર્નિવાર થશે. તેટલા માટે તેજ ઊઠે છે, અન્ય નહિ. વળી જે એમ કહ્યું છે કે જેમ જલરાશિમાં નાખેલો જલબિન્દુ પાછો કાઢવો શકય નથી, એ પ્રમાણે બ્રહ્મ સાથે ઐક્ય પામેલો જીવ ઉત્થાન કરવા યોગ્ય નથી—એમ જે કહ્યું છે તેનો પરિહાર કરાય છે. વિવેકકારણના અભાવથી જળબિન્દુનું અનુદ્ધરણ યુક્ત છે. અહિં તો વિવેકકારણ કર્મ અને અવિદ્યા છે એમ વૈષમ્ય છે. વળી ક્ષીર અને ઉદક કે સંસૃષ્ટ થયાં હોય છે તેનું આપણી જાતિનાથી વિવેચન કરવું દુષ્કર છે, તેનું હંસથી વિવેચન થતું જોવામાં આવે છે. તેમજ જીવ કંઈ પરથી અન્ય નથી કે જે જલરાશિમાંથી જલબિન્દુની પેઠે વિવિક્ત થાય. બ્રહ્મજ ઉપાધિના સંપર્કથી જીવ તરીકે ઉપચરિત થાય છે એમ વારંવાર પ્રપંચ કરી દર્શાવ્યું છે. એમ હોવાથી જ્યાંસુધી એક ઉપાધિમાં રહેલી બન્ધની અનુવૃત્તિ છે ત્યાંસુધી એક જીવ તરીકે વ્યવહાર છે પણ બન્ધની અનુવૃત્તિ અન્ય ઉપાધિમાં રહે તો અન્ય જીવ તરીકે વ્યવહાર થાય તેજ એ ઉપાધિ સ્વાપ અને પ્રબોધમાં બીજાંકુરન્યાયે છે તેથી તેજ જીવ પ્રતિબુદ્ધ થાય છે એ યુક્ત છે ॥ ૯ ॥

(જીવ મુક્ત છે એ કલ્પ)નો અનુવાદ કરી નિરસન કરે છે—'જો મુક્ત થયલો ઊઠે તો ઇત્યાદિ. મોક્ષ અન્તવાન્ થાય તો તેમાં શી હાનિ છે તે કહે છે—'પણ જેની અવિદ્યા નિવૃત્ત થઈ છે' ઇત્યાદિ. હેતુના અભાવથી એમ સમજવું. મુક્તનું ઉત્થાન નથી એ ઉક્ત ન્યાયે અન્ય કલ્પનું નિરાકરણ કરે છે—'આથી ઈશ્વરનું ઉત્થાન થાય છે' ઇત્યાદિ. તેના સ્વરૂપની અપેક્ષાથી હેતુ કહે છે—'કેમકે તે નિત્ય જેની અવિદ્યા નિવૃત્ત થઈ છે એવો છે.' સર્વ પક્ષમાં પ્રત્યેક દોષ કહી સાધારણ દોષ કહે છે—'એ પક્ષમાં અકૃતનો અભ્યાગમ' ઇત્યાદિ. સ્નેવાથી અન્યનું ઉત્થાન થાય તો પાછળના પ્રબોધકાળના સુખાદિ પૂર્વ કર્મનું કાર્ય ન થાય તેથી અકૃતનો અભ્યાગમ થાય—ન કરેલા કર્મનું ફળ પ્રાપ્ત થાય; અને કરેલું કર્મ સુપ્ત જીવને મુક્તિને વિષે ફળ આપ્યા વિનાજ નાશ પામે એમ એ દોષ થાય એવો અર્થ છે. સુખાદિ પૂર્વ કર્મનું કાર્ય ન થાય એમ અકૃત સુખાદિનો આગમ થાય, અને પૂર્વ સુપ્ત જીવે કરેલા કર્મનો નાશ થાય. પૂર્વપક્ષીએ કહેલા દૃષ્ટાન્તનું વૈષમ્યથી ખણ્ડન કરે છે—'વળી જે એમ કહ્યું છે કે' ઇત્યાદિ. આપણા જેવાથી અશક્ય છે તોપણ તે વિવેચન પ્રાણીના અદૃષ્ટની અપેક્ષા રાખી ઈશ્વર કરે છે એમ માની દૃષ્ટાન્ત કહે છે—'વળી ક્ષીર અને ઉદક' ઇત્યાદિ. જીવ તો બ્રહ્મથી અભિન્ન છે તેથી જલબિન્દુથી વિષમ છે એમ કહે છે—'તેમજ જીવ કંઈ પરથી અન્ય નથી' ઇત્યાદિ. એ જીવ બ્રહ્મથી અભિન્ન હોય તો તે કોણ છે કે અન્ય કોણ છે એ વિચારને અવકાશ નથી એમ આશંકા કરી બુદ્ધિભેદે કરીને જીવનો ભેદ છે તેથી વિચાર છે એમ કહે છે—'એમ હોવાથી જ્યાંસુધી' ઇત્યાદિ. સુષુપ્તિમાં બુદ્ધિનો નાશ થાય છે તેથી દરરોજ બુદ્ધિરૂપ ઉપાધિના ભેદથી એક જીવનો વ્યવહાર ન થાય માટે કહે છે—'તેજ એ ઉપાધિ' ઇત્યાદિ. એકજ ઉપાધિ સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપે રહેલો છે એવો અર્થ છે; બીજ અને અંકુરની પેઠે વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપે એકજ ઉપાધિ રહેલો છે. ॥ ૯ ॥

मुग्धेऽर्धसंपत्तिः परिशेषात् ॥ १० ॥

મુગ્ધને વિષે અર્ધ સંપત્તિ છે, પરિશેષથી ॥ ૧૦ ॥

મુગ્ધ નામ છે જેને લોકિક મૂર્છિત કહે છે. તે કઈ અવસ્થામાં છે તેની પરીક્ષાને વિષે કહે છે. શરીરમાં રહેલા જીવની ત્રણ અવસ્થા પ્રસિદ્ધ છે, જાગરિત, સ્વપ્ન અને સુષુપ્ત. ચોથી, શરીરમાંથી ઉત્ક્રાન્તિ છે. પણ જીવની પાંચમી કોઈ અવસ્થા શ્રુતિ કે સ્મૃતિમાં પ્રસિદ્ધ નથી. તેટલા માટે ચાર અવસ્થામાંનીજ એક અવસ્થા મૂર્છા છે એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ —મુગ્ધ જાગરિત અવસ્થામાં હોય એ યોગ્ય નથી; કેમકે એ ઇન્દ્રિયોથી વિષયોનું ઈક્ષણ કરતો નથી. પણ અત્ર શંકા છે કે મુગ્ધ [1]ઇષુકારને ન્યાયે થશે. જેમ ઇષુકાર જાગતો હોય છે તોપણ [2]ઇષુને વિષે મન આસક્ત છે તેથી અન્ય વિષયો જોતો નથી, એમ [3]મુસલસંપાત આદિથી ઉત્પન્ન થયલા દુઃખાનુભવથી મન વ્યગ્ર થયું છે તેથી મુગ્ધ જાગે છે તોપણ તે અન્ય વિષયોને જોતો નથી એમ (શંકા છે). ના, ચેતનામાં નથી તેથી; કારણ કે ઇષુકાર તો તેનું મન આસક્ત હોવાથી કહે છે કે હું એટલો વખત ઇષુનીજ ઉપલબ્ધિ કરતો હતો. મુગ્ધ તો ચેતના પ્રાપ્ત કરે છે ત્યારે કહે છે કે હું એટલો વખત [4]અન્ધ તમસમાં પ્ર-

ત્રણ અવસ્થા કહીને મૂર્છા નામની અન્ય અવસ્થા દર્શાવે છે—'मुग्धेऽर्धसंपत्तिः' ઇત્યાદિ. મૂર્છા એ પ્રસિદ્ધ અવસ્થાઓની અન્તર્ગત છે કે પાંચમી અવસ્થા છે? [5]ચાર અવસ્થા સિદ્ધ છે અને મુગ્ધ એ તેનાથી વિલક્ષણ અવસ્થા છે, માટે સશવ થયે ઉઠ્યા પછી 'તે હું છું' એમ પ્રત્યભિજ્ઞાને લીધે સુષુપ્તિમાં જેમ ભેદવત્ વિશેષ જ્ઞાનનો અભાવ છે તેમ મૂર્છામાં એવો અભાવ સમાન છે—એ લિંગને લીધે મૂર્છા એ સુષુપ્તિજ છે એમ પ્રત્યભિજ્ઞાનને લીધે—મૂર્છા સુષુપ્તિની અંતર્ગત છે એવી દૃષ્ટાન્તસંગતિથી પૂર્વપક્ષ કહે છે—'શરીરમાં રહેલા જીવની ત્રણ અવસ્થા પ્રસિદ્ધ છે' ઇત્યાદિ. પૂર્વપક્ષનું તાત્પર્ય આ પ્રમાણે છે—વિશેષ વિજ્ઞાનનો મૂર્છામાં અભાવ છે તેથી તે (મૂર્છા) જાગર અને સ્વપ્ન અવસ્થાથી ભિન્ન છે, અને મૂર્છામાં પુનરુત્થાન થાય છે—જીવ પાછો ઉઠે છે—તેથી મૂર્છા મરણથી ભિન્ન છે. આ કારણથી મૂર્છા એ સુષુપ્તિજ છે; કેમકે વિશેષ જ્ઞાનના અભાવનો એમાં અવિશેષ છે—મૂર્છા અને સુષુપ્તિ બન્નેમાં વિશેષ જ્ઞાનનો અભાવ સમાન છે. ચિરાનુચ્છ્વાસ, વેપથુ વગેરે તો સુષુપ્તિનાજ અવાન્તર પ્રભેદો છે, તેથી જેમ કોઈક સુખોત્થિત જીવ કહે છે કે હું સુખે સૂતો, મારું શરીર હલકું થયું છે ને મારું મન પ્રસન્ન થયું છે, અને કોઈક એમ કહે કે હું દુઃખે સૂતો, મારું શરીર ભારે થયું છે અને મારું મન કેકાણે ન હોવાથી ભમે છે. એટલાથી કંઈ સુષુપ્તિ ભિન્ન થતી નથી; તે પ્રમાણે અન્ય વિકારમાં પણ મૂર્છા સુષુપ્તિથી ભિન્ન નથી. તેટલા માટે લોકપ્રસિદ્ધિનો અભાવ છે માટે મૂર્છા એ પાંચમી અવસ્થા નથી એમ પ્રાપ્ત થાય છે. પરિશેષ દર્શાવીને સિદ્ધાન્ત કરે છે—'મુગ્ધ જાગરિત અવસ્થામાં હોય એ યોગ્ય નથી' ઇત્યાદિ. 'જાગતો હોય છે તોપણ'=જાગર અવસ્થામાં હોય છે તોપણ. ઇન્દ્રિયો વડે વસ્તુ અર્થજ્ઞાન અને દેહધારણ તેને—ઇષુકારને છે, મુગ્ધને નથી એમ વૈરમ્ય કહીને શંકાનું દૂષણ કરે છે—'ના, ચેતનામાં નથી' ઇત્યાદિ. મૂર્છાનો જાગરથી ભેદ કહીને સ્વપ્ન અને મરણથી ભેદ કહે

[1] બાણ બનાવનાર. [2] બાણ. [3] મુશળનું પડવું [4] ઘોર અન્ધકારમાં. [5] સ્વપ્ન, સુષુપ્તિ, જાગરિત, અને મરણ.

ક્ષિપ્ત થયલો હતો; મેં કંઈ પણ જાણ્યું નથી એમ. જાગ્રત્‌નું મન એક વિષયમાં આસક્ત થાય છે, તોપણ તેનો દેહ ઊભો રહે છે; પણ મુગ્ધનો તો દેહ પૃથ્વી પર પડી જાય છે. તેટલા માટે મુગ્ધ જીવ જાગતો નથી. તેમજ તે સ્વપ્નો પણ જોતા નથી; કેમકે તે ચેતના વગરનો છે; વળી મરેલો પણ નથી; કેમકે પ્રાણ અને ગરમી છે; કારણ કે મુગ્ધ જન્તુને વિષે એ મરી ગયલો હશે કે નહિ એમ સંશય કરતા પુરુષો તેમાં ગરમી છે કે નહિ એમ નિશ્ચયને માટે હૃદયદેશને સ્પર્શ કરે છે અને પ્રાણ છે કે નહિ તેના નિશ્ચય માટે નાસિકાદેશ જુએ છે. જો પ્રાણ અને ગરમી છે એમ જાણતા નથી તો એ મરી ગયો છે એમ નિશ્ચય કરી બાળવા માટે જંગલમાં લઈ જાય છે. પણ જો પ્રાણ કે ગરમી છે એમ જ્ઞાન થાય છે તો એ મરી ગયો નથી એમ નિશ્ચય કરી તેને ચેતના પ્રાપ્ત થાય માટે દવા કરે છે. પુનરુત્થાન થાય છે તેથી પણ તે મરણ પામ્યો નથી; કેમકે યમના રાજ્યમાંથી કોઈ પાછું આવતું નથી. ત્યારે જીવ સુષુપ્ત છે એમ લો; કેમકે તેમાંથી ચેતના જતી રહી છે અને તે મરી ગયો નથી. ના, વિલક્ષણતા છે તેથી. કદાચિત્ મુગ્ધ ચિરકાળ સુધી પણ ઉચ્છ્વાસ લેતો નથી, તેનો દેહ સકમ્પ થાય છે, વદન ભયાનક અને નેત્ર વિશેષ ફાટેલી થાય છે. પણ સુષુપ્ત તો પ્રસન્ન વદનવાળો છે, સરખે વખતે વારંવાર ઉચ્છ્વાસ લે છે અને એનાં નેત્રો બંધ હોય છે. વળી એનો દેહ કંપતો નથી. તેમજ હાથ ફેરવવાથીજ (લોકો) સુષુપ્તને ઉઠાડે છે, પણ મુગ્ધને તો મોગરીના આઘાતથી પણ ઉઠાડી શકતા નથી. વળી મોહ અને સ્વાપનાં નિમિત્ત ભિન્ન છે; કેમકે મુસલસંપાત આદિ મોહનું નિમિત્ત છે, અને શ્રમ આદિ સ્વાપનું છે. મુગ્ધ સૂતેલો છે એમ લોકમાં પણ પ્રસિદ્ધ નથી. પરિશેષથી મુગ્ધતા એ અર્ધસંપત્તિ છે એમ અમે સમજીએ છીએ. ચેતના જતી રહી છે તેથી તે સંપન્ન અને ઇતરથી વિલક્ષણતા છે તેથી અસંપન્ન છે. પણ મુગ્ધતા એટલે અર્ધસંપત્તિ એમ શાથી કહેવું શક્ય છે? કેમકે સુપ્ત પ્રતિ શ્રુતિએ કહ્યું છે—'सता सोम्य तदा संपन्नो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, ત્યારે તે બ્રહ્મ સાથે સંપન્ન થાય છે) એમ, 'अत्र स्तेनोऽस्तेनो भवति' [બૃહ૦ ૪।૩।૨૨]

છે—'તેમજ તે સ્વપ્નો પણ જોતો નથી' ઇત્યાદિ. સુષુપ્તિ અને મૂર્છા એ બેમાં કંઈક [1]સારૂપ્ય છે તોપણ બહુ વિલક્ષણતા છે તેથી ભેદ છે એમ કહે છે—'ના, વિલક્ષણતા છે તેથી' ઇત્યાદિ. સુષુપ્તિ અને મૂર્છા એ બેનાં લક્ષણમાં ભેદ કહીને નિમિત્તમાં ભેદ કહે છે—'વળી મોહ અને સ્વાપનાં નિમિત્ત ભિન્ન છે' ઇત્યાદિ. પ્રત્યભિજ્ઞા પણ અસિદ્ધ છે એમ કહે છે—'મુગ્ધ સૂતેલો છે એમ લોકમાં પણ પ્રસિદ્ધ નથી' ઇત્યાદિ. ઉપર કહ્યા પ્રમાણે સારૂપ્ય અને વૈરૂપ્ય છે તેથી અર્ધસંપત્તિ છે. સુષુપ્તિના સર્વ ધર્મો સાથે મુગ્ધ [2]અસંપન્ન છે તેથી તે (મુગ્ધ) સુષુપ્ત નથી; તેમજ મરણાવસ્થાના સર્વ ધર્મો સાથે અસંપન્ન હોવાથી મુગ્ધ મૃત પણ નથી; પણ અન્ય અવસ્થામાં છે એવો સૂત્રાર્થ છે. પણ એ સૂત્રમાં જીવની બ્રહ્મ સાથે અર્ધસંપત્તિ કહી છે એમ ભ્રાન્ત શંકા કરે છે—'પણ મુગ્ધતા એટલે અર્ધસંપત્તિ' ઇત્યાદિ. શંકાનો અર્થ એવો છે કે શ્રુતિમાં સુષુપ્તિને વિષે જીવની જે સત્‌સંપત્તિ કહી છે તેનો અભિપ્રાય ઉપાધિનો અભાવ બતાવવાનો છે, અને ઉપાધિનો અભાવ મુગ્ધાવસ્થામાં પણ સરખો છે તેથી

૧ સાદૃશ્ય. ૨ 'સંપન્ન'=એની ભૂત, તેવા નહિ તે 'અસંપન્ન'.

(અહિં 'સ્તેન અસ્તેન છે), 'नैतं सेतुमहोरात्रे तरतो न जरा न मृत्युर्न शोको न सुकृतं न दुष्कृतम्' [છાન્દો૦ ૮।૪।૧] (એ સેતુને દહાડો ને રાત ઓળંગતા નથી, જરા, મૃત્યુ, શોક, સુકૃત કે દુષ્કૃત ઓળંગતાં નથી) ઇત્યાદિ; કારણ કે જીવમાં સુખિત્વ અને દુઃખિત્વની પ્રતીતિ ઉત્પન્ન થવાથી સુકૃત અને દુષ્કૃત પ્રાપ્ત થાય છે; અને સુખિત્વની પ્રતીતિ કે દુઃખિત્વની પ્રતીતિ સુષુપ્તમાં નથી, અને મુગ્ધમાં પણ તે પ્રતીતિ નથીજ. તેટલા માટે સુષુપ્તની પેઠે મુગ્ધને વિષે પણ ઉપાધિની ઉપશાન્તિથી 'કૃત્સ્ન સંપત્તિજ થવી યુક્ત છે, અર્ધી નહિ. એને વિષે કહીએ છીએ—મુગ્ધને વિષે જીવની બ્રહ્મ સાથે અર્ધ સંપત્તિ થાય છે એમ અમે કહેતા નથી. ત્યારે શું? મુગ્ધત્વ અર્ધું સુષુપ્તપક્ષમાં અને અર્ધું અન્ય અવસ્થાના પક્ષમાં થાય છે એમ અમે કહીએ છીએ; અને સ્વાપ સાથે મોહનાં સામ્ય અને વૈષમ્ય દર્શાવ્યાં છે; તેમજ એ મરણનું દ્વાર છે. જ્યારે એનું કર્મ [2]સાવશેષ હોય છે ત્યારે વાણી અને મન જાય છે; પણ જ્યારે કર્મ [3]નિરવશેષ થાય છે ત્યારે પ્રાણ અને ગરમી ચાલ્યાં જાય છે, તેટલા માટે બ્રહ્મવેત્તાઓ અર્ધસંપત્તિ ઇચ્છે છે. વળી પાંચમી કોઈ અવસ્થા પ્રસિદ્ધ નથી એમ જે કહ્યું છે તે દોષ નથી; એ અવસ્થા કદાચિત્ થાય છે તેથી પ્રસિદ્ધ ન હોય, પણ એ લોકમાં ને આયુર્વેદમાં પ્રસિદ્ધ છે; વળી અર્ધસંપત્તિનો સ્વીકાર છે તેથી પાંચમી ગણાતી નથી એમ અનવદ્ય છે ॥ ૧૦ ॥

અર્ધસંપત્તિ નહિ, પણ [2]કૃત્સ્નસંપત્તિજ છે. કર્મનો સંબન્ધ બન્ધપર્યન્ત રહે છે, તેથી સુપ્ત કર્મરહિત છે એ અસિદ્ધ છે એમ શંકા કરીને તેનું નિરાકરણ કરે છે કે કર્મનું જે કાર્ય, સુખદુઃખપ્રતીતિ તેથી રહિત હોવાથી તેનો હેતુ જે કર્મ તેથી રહિતત્વ કલ્પવું—'જીવમાં સુખિત્વ અને દુઃખિત્વની' ઇત્યાદિ. બ્રહ્મની સાથે જીવની કૃત્સ્ન સંપત્તિનો અંગીકાર કરીને પરિહાર કરે છે—'મુગ્ધને વિષે જીવની' ઇત્યાદિ. ખરેખર, [5]નિઃસંજ્ઞત્વ આદિ ધર્મ સાથે મુગ્ધત્વને સામ્ય હોવાથી સુષુપ્તના અર્ધ સાથે મુગ્ધત્વ સંપન્ન થાય છે, અને કમ્પ આદિ સામ્યથી મરણના અર્ધ સાથે સંપન્ન થાય છે એમ અર્ધસંપત્તિ છે એવો અર્થ છે. વળી આથી પણ મુગ્ધત્વ સુષુપ્તિથી વિષમ છે એમ કહે છે—'તેમજ, એ મરણનું દ્વાર છે' ઇત્યાદિ. અપ્રસિદ્ધિનો અંગીકાર કરીને આ કહ્યું; હવે પ્રસિદ્ધ પણ છે એમ કહે છે—'વળી એ લોકમાં ને આયુર્વેદમાં પ્રસિદ્ધ છે.' 'આયુર્વેદ' = વૈદ્યશાસ્ત્ર. મુગ્ધાવસ્થા પ્રસિદ્ધ છે તો તેને વિષે વિચાર શા માટે છે એમ આશંકા કરીને, પાંચમી અવસ્થા તરીકે એ અપ્રસિદ્ધ છે તેથી એમ કહે છે—'પણ અર્ધસંપત્તિનો સ્વીકાર છે' ઇત્યાદિ. સુષુપ્તિ અને મરણના ધર્મો સાથે મૂર્છાની અર્ધસંપત્તિ છે તેથી તેને વિષે મૂર્છાનો અન્તર્ભાવ છે એમ લોકોની બુદ્ધિ છે એવો અર્થ છે. સિદ્ધાન્તનું હાર્દ નીચે પ્રમાણે છે—જોકે મોહ અને સુષુપ્તિ એ બંનેમાં વિશેષ વિજ્ઞાનનો [6]ઉપરામ છે એમ સામ્ય છે તોપણ એ બે વચ્ચે ઐક્ય નથી; કારણ કે સ્વપ્ન અને જાગરમાં વિશેષ વિજ્ઞાનના સદ્ભાવરૂપ સામ્ય છે, પણ તેટલાથીજ સ્વપ્ન અને જાગરનો અભેદ નથી; પણ બાહ્ય ઇન્દ્રિયોનો વ્યાપાર સ્વપ્નમાં નથી અને જાગરિતમાં છે તેથી તે બે વચ્ચે ભેદ છે તો સુષુપ્ત અને મોહ વચ્ચે પણ પ્રયોજનભેદથી, કારણભેદથી, અને લક્ષણ ભેદથી ભેદ છે; કારણ કે શ્રમને દૂર કરવા માટે બ્રહ્મ સાથે સંપત્તિ એ સુષુપ્ત છે, અને શરીરનો ત્યાગ કરવા માટે બ્રહ્મ

૧ ઘોર. ૨ આખી. ૩ અવશેષવાળું. ૪ અવશેષરહિત. ૫ સંજ્ઞા—ચેતના જતી રહેવી તે. ૬ શાન્તિ, અભાવ.

न स्थानतोऽपि परस्योभयलिङ्गं सर्वत्र हि ॥ ११ ॥

[1]સ્થાનથી પણ પર બ્રહ્મ બંને લિંગવાળું નથી; કારણ કે સર્વત્ર (વિશેષના ત્યાગસહિતજ બ્રહ્મનો ઉપદેશ કરાય છે) ॥ ૧૧ ॥

સુષુપ્તિ આદિને વિષે ઉપાધિની ઉપશાન્તિથી જે બ્રહ્મ સાથે જીવ સંપત્તિ પામે છે તેનું સ્વરૂપ હવે શ્રુતિવશે નિર્ધારાય છે. બ્રહ્મ વિષે શ્રુતિઓ બે લિંગવાળી છે 'सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः' [છાન્દો૦ ૩।૧૪।૪] (સર્વ, વિધિ, જેનું કર્મ છે, સર્વ દોષરહિત કામ જેના છે, સર્વ સુખકર ગન્ધ જેના છે, અને સર્વ સુખકર રસ જેના છે એવું) ઇત્યાદિ શ્રુતિ સવિશેષ લિંગવાળી છે. 'अस्थूलमनण्वह्रस्वमदीर्घम्' [બૃહ૦ ૩।૮।૮] (સ્થૂલ નહિ, અણુ નહિ, હ્રસ્વ નહિ, દીર્ઘ નહિ) ઇત્યાદિ શ્રુતિ નિર્વિશેષ લિંગવાળી છે. આ શ્રુતિઓમાં શું બંને લિંગવાળું બ્રહ્મ સમજવું કે અન્યતર લિંગવાળું? જો અન્યતર લિંગવાળું સમજવાનું હોય તોપણ તે શું સવિશેષ

સાથે સંપત્તિ તે મોહ છે. જોકે મોહ થાય છે તોપણ મરણ થતું નથી, તોપણ મોહ નથી થતો તો મરણ થતું નથી તેથી મોહ મરણને અર્થે છે. આમ સુષુપ્ત અને મોહનાં પ્રયોજન ભિન્ન છે. કારણ પણ ભિન્ન છે. મોહનું નિમિત્ત મુસલસંપાત આદિ છે અને સુષુપ્તિનું નિમિત્ત શ્રમ આદિ છે. તેમજ લક્ષણમાં પણ ભેદ છે. મોહનું લક્ષણ મુખ, નેત્ર આદિના વિકાર છે, અને સુષુપ્તનું લક્ષણ પ્રસન્ન વદન હોવું વગેરે છે. સુષુપ્તના અવાન્તર ભેદ છે તોપણ નિમિત્ત, પ્રયોજન અને લક્ષણમાં ભેદ નથી તેથી એક છે. તેટલા માટે સુષુપ્ત અને મોહ અવસ્થામાં બ્રહ્મ સાથે સંપત્તિ છે તોપણ સુષુપ્તમાં જેટલી સંપત્તિ છે તેટલી મોહમાં નથી એ માટે અર્ધસંપત્તિ કહી છે; સામ્ય છે અને વૈષમ્ય છે તેથી અર્ધસંપત્તિ છે. મુગ્ધ અવસ્થામાં સુષુપ્તિથી અર્ધી બ્રહ્મસંપત્તિ છે એવો मुग्धेऽर्धसंपत्तिः નો અર્થ વિવક્ષિત નથી. પણ સુપ્ત સાથે મુગ્ધની અર્ધસંપત્તિ છે એવો અર્થ વિવક્ષિત છે; તેથી મુગ્ધનું સુપ્ત સાથે નિઃસંજ્ઞત્વ આદિ કંઈક સાદૃશ્ય છે એવો અર્થ [2]પર્યવસિત થાય છે; બ્રહ્મસંપત્તિ તો સુષુપ્તિ અને મૂર્ચ્છા બંનેમાં તુલ્યજ છે ॥૧૦॥

(तत्त्वमसि) ત્વમર્થ-તુંનો અર્થ, જીવ—સર્વ અવસ્થાઓથી અલિપ્ત છે એમ નિરૂપણ કરીને પાદસમાપ્તિપર્યન્ત તત્પદાર્થનું—તે એ પદાર્થ, બ્રહ્મનું—નિરૂપણ કરવા ઇચ્છી સૂત્રકાર પ્રથમ તેનું નિર્વિશેષ સ્વરૂપ કહે છે—'न स्थानतोऽपि' ઇત્યાદિ. સ્વપ્નાદિ અવસ્થા કહીને તેથી વ્યતિરિક્ત, સ્વપ્રકાશ, બ્રહ્માત્મક, સદા એકરૂપ એવો જે ઉદ્દેશ્ય ત્વમર્થ (જીવ) તેનું પરિશોધન કર્યા પછી વિધેય જે તદર્થ (બ્રહ્મ), તેનું પરિશોધન કરવા આરંભવાની ઇચ્છાથી પ્રથમ આ સૂત્રથી તેનું નિર્વિશેષ સ્વરૂપ કહે છે. ઉદ્દેશ્ય ત્વંપદાર્થની જિજ્ઞાસા શાન્ત થયા પછી તેનું જે સ્વરૂપ બ્રહ્મ તેના વિચારના અવસરની સંગતિ કહે છે—'સુષુપ્તિ આદિને વિષે ઉપાધિની ઉપશાન્તિથી' ઇત્યાદિ. उभयलिङ्गम्—નિર્વિશેષત્વ અને સવિશેષત્વ એ બંને જેનાથી સમજાય એવી શ્રુતિઓ તે ઉભયલિઙ્ગ શ્રુતિઓ સંશયનાં બીજ તરીકે છે એવો અર્થ છે. જેમ સુષુપ્તિ અને મરણ જે વિરુદ્ધ છે તે બંનેના સ્વરૂપવાળું મુગ્ધત્વ છે, તેમ શ્રુતિપ્રામાણ્યથી બંને રૂપ-

---

[1] ઉપાધિથી. [2] ઠરે થાય છે.

સમજવું કે નિર્વિશેષ એ વિચારાય છે. તેમાં બંને લિંગવાળી શ્રુતિના અનુગ્રહથી બંને લિંગવાળુંજ બ્રહ્મ સમજવું એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—પર એટલે બ્રહ્મ પોતાની મેળેજ ઉભયલિંગ થાય એ ઉપપન્ન થતું નથી; કારણ કે એકજ વસ્તુ પોતાની મેળેજ રૂપાદિ વિશેષથી યુક્ત થાય અને તેથી વિપરીત થાય એમ અવધારણ કરવું શક્ય નથી, વિરોધ થાય તેથી. ત્યારે સ્થાનથી, એટલે પૃથિવી આદિના ઉપાધિયોગથી, થાઓ. તે પણ ઉપપન્ન થતું નથી: કારણ કે ઉપાધિયોગથી પણ એક જાતની વસ્તુનો બીજી જાતનો સ્વભાવ સંભવતો નથી, ખરેખર, સ્ફટિક સ્વચ્છ હોઈ અલક્તક આદિ ઉપાધિના યોગથી અસ્વચ્છ થતો નથી, કેમકે અસ્વચ્છતાનો અભિનિવેશ ભ્રમમાત્ર છે: અને ઉપાધિઓ અવિદ્યાએ ઊભા કરેલા છે. એટલા માટે અન્યતર લિંગનો પરિગ્રહ કરીએ તોપણ સમસ્ત વિશેષથી રહિત નિર્વિકલ્પજ બ્રહ્મ સમજવું, તેથી વિપરીત નહિ; કેમકે બ્રહ્મસ્વરૂપ પ્રતિપાદન કરનાર વાક્યો, જેવાં કે 'अशब्दमस्पर्शमरूपमव्ययम्' [કઠ૦ ૧।૩।૧૫] (શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત. અવ્યય—નિત્ય), એવાં વાક્યોમાં સર્વત્ર સમસ્ત વિશેષનો જેમાંથી ત્યાગ થયો છે એવું બ્રહ્મજ ઉપદિષ્ટ છે ॥ ૧૧ ॥

न भेदादिति चेन्न प्रत्येकमतद्वचनात् ॥ १२ ॥

ભેદથી (એમ) નથી એમ કહેશો તો તે યુક્ત નથી, પ્રત્યેક (ઉપાધિભેદને) વિષે (બ્રહ્મ) એવું નથી એવું વચન છે તેથી ॥ ૧૨ ॥

ભલે એમ થાઓ, પણ બ્રહ્મ નિર્વિકલ્પ, એકલિંગજ છે, એને સ્વતઃ કે ઉપાધિથી ઉભયલિંગત્વ નથી એમ જે કહ્યું છે તે ઉપપન્ન થતું નથી. શાથી? ભેદથી;

વાળું બ્રહ્મ ધ્યેય છે એમ દૃષ્ટાન્તથી પૂર્વપક્ષ છે. નિર્વિશેષ, એક રૂપવાળુંજ બ્રહ્મ જ્ઞેય છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. શું ઉભયરૂપત્વ—બ્રહ્મનું બંને સ્વરૂપવાળું હોવાપણું—સ્વતઃ છે, કે સ્વતઃ જે નિર્ગુણ બ્રહ્મ તેનો સંબંધ-ધર્મ આદિ વિશેષ, ઉપાધિથી સત્ છે કે સ્વતઃ સવિશેષજ બ્રહ્મ છે' તેમાં આદ્ય પક્ષનું નિરસન, કરીને દ્વિતીય પક્ષનો અનુવાદ કરી તેને દૂષિત કરે છે—'ત્યારે સ્થાનથી' ઇત્યાદિ. 'સ્થાન' = ઉપાધિ. બ્રહ્મને વિષે વિશેષ કલ્પિત છે, ઔપાધિક છે તેથી, સ્ફટિકની રક્તતાની પેઠે એવો અર્થ છે. ઉપાધિ સત્ હોય છે તોપણ તેને કરેલું મિથ્યા છે એમ જોવામાં આવે છે; તો બ્રહ્મમાં તો ઉપાધિ મિથ્યા હોવાથી તેણે કરેલો વિશેષ મિથ્યા થાય એમાં કહેવુંજ શું એમ કહે છે—'અને ઉપાધિઓ અવિદ્યાએ ઊભા કરેલા છે'. તૃતીય પક્ષનું નિરસન કરે છે—'એટલા માટે અન્યતર લિંગનો પરિગ્રહ કરીએ' ઇત્યાદિ. સર્વ વિશેષ કલ્પિત છે તેથીજ એમ સમજવું. નિષેધશ્રુતિઓ પણ એમજ છે એમ કહે છે—'કેમકે બ્રહ્મસ્વરૂપ પ્રતિપાદન કરનાર' ઇત્યાદિ ॥ ૧૧ ॥

ભેદાત્—'ભેદ' = વિશેષ. નિર્વિશેષશ્રુતિ છે તોપણ વિશેષની પણ શ્રુતિ છે તેથી બ્રહ્મ ઉભયરૂપ થાય એમ શંકાનું ઉત્થાન કરે છે—'ભલે એમ થાઓ' ઇત્યાદિ. પૂર્વે કહેલા

૧ અળતો.

કારણ કે દરેક વિદ્યામાં બ્રહ્મના આકારો ભિન્ન છે એમ ઉપદિષ્ટ છે. 'चतुष्पाद्ब्रह्म' [છાન્દો૦ ૩।૧૮।૨] (બ્રહ્મને ચાર પાદ છે), 'षोडशकलं ब्रह्म' [પ્રશ્નો૦ ૬।૧] (બ્રહ્મને સોળ કળા છે), 'वामनीत्वादिलक्षणं ब्रह्म' [કઠ૦ ૫।૩] (બ્રહ્મ વામની-ત્વ આદિ લક્ષણવાળું છે), 'त्रैलोक्यशरीरवैश्वानरशब्दोदितं ब्रह्म' [બૃહ૦૧।૩।૨૨, છાન્દો૦ ૫।૧૧।૨] (ત્રૈલોક્ય જેનું શરીર છે એવું બ્રહ્મ છે, અને એ વૈશ્વાનર શબ્દ-થી કહેવાય છે) એ પ્રકારના બ્રહ્મના આકારો ઉપદિષ્ટ છે. તેટલા માટે બ્રહ્મ સવિ-શેષ છે એમ પણ સ્વીકારવું યુક્ત છે. પણ એમ કહ્યું છે કે બ્રહ્મ ઉભય લિંગવાળું છે એ સંભવતું નથી. એ પણ અવિરોધ છે; કારણ કે આકારભેદ ઉપાધિએ કીધેલો છે; કેમકે અન્યથા ભેદશાસ્ત્ર નિર્વિષય થવાનો પ્રસંગ આવે. આમ (પૂર્વપક્ષી) કહેશે તો તે (યુક્ત) નથી એમ અમે કહીએ છીએ. શાથી? પ્રત્યેકને વિષે એવું નથી એમ વચન છે તેથી. ખરેખર, પ્રત્યેક ઉપાધિભેદને વિષે 'यश्चायमस्यां पृथिव्यां तेजोमयोऽमृतमयः पुरुषो यश्चायमध्यात्मं शारीरस्तेजोमयोऽमृतमयः पुरुषोऽयमेव स यो-ऽयमात्मा' [બૃહ૦ ૨।૫।૧] (અને આ પૃથિવીને વિષે જે આ તેજોમય અને અમૃ-તમય પુરુષ છે, અને શરીરને વિષે જે આ શારીર, તેજોમય અને અમૃતમય પુરુષ છે, તે એજ છે કે જે આ આત્મા છે) ઇત્યાદિ શાસ્ત્ર બ્રહ્મનો અભેદજ શ્રવણ કરાવે છે. એટલા માટે બ્રહ્મનો ભિન્ન આકાર સાથે યોગ શાસ્ત્રીય છે એમ કહેવું શક્ય નથી; કેમકે ભેદ ઉપાસનાને અર્થે છે તેથી અભેદને વિષે તાત્પર્ય છે ॥ ૧૨ ॥

अपि चैवमेके ॥ १३ ॥

વળી એક (શાખાવાળાઓ) એમ (શ્રવણ કરાવે છે) ॥ ૧૩ ॥

વળી એમ એટલે ભેદદર્શીની નિન્દા કરીને અભેદદર્શનનુંજ એક શાખાવા-ળાઓ શ્રવણ કરાવે છે—'*मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किंचन । मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ॥*' [કઠ૦ ૪।૧૧] (મનથીજ એ-બ્રહ્મ પ્રાપ્ત કરવું, અહિં બ્રહ્મ સિવાય કંઈ ભિન્ન નથી; જે અહિં ભેદ જેવું જૂએ છે તે મૃત્યુથી મૃત્યુ પામે

વિરોધનું સ્મરણ કરાવે છે—'પણ એમ કહ્યું છે કે' ઇત્યાદિ. ભેદશ્રુતિના—બ્રહ્મનું સવિશે-ષરૂપ દર્શાવનારી શ્રુતિના—પ્રામાણ્યને અર્થે ઔપાધિકરૂપભેદ સ્વીકારવાથી વિરોધ નથી એવો સમાધાનનો અર્થ છે. શું ઉપાધિમાં રહેલોજ રૂપભેદ બ્રહ્મને વિષે ધ્યાનને અર્થે ઉપચરિત થાય છે કે ઉપાધિના યોગથી બ્રહ્મનું વિરુદ્ધ રૂપ સત્ય થાય છે ને તેથી એ ભેદ થાય છે? આદ્ય પક્ષમાં અમારૂં ઇષ્ટ સિદ્ધ થાય છે. દ્વિતીય પક્ષનું અભેદશ્રુતિથી દૂષણ કરે છે—'આમ (પૂર્વપક્ષી) કહેશે તો તે (યુક્ત) નથી એમ અમે કહીએ છીએ' ઇત્યાદિ ॥ ૧૨ ॥

દ્વૈતની નિન્દાપૂર્વક અદ્વૈત કહ્યું છે તેથી બ્રહ્મતત્ત્વ નિર્વિશેષજ છે એમ સૂત્રાર્થ કહે છે—

છે) એમ. તેમજ અન્ય શાખાવાળાઓ પણ 'भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा सर्वं प्रोक्तं त्रिविधं ब्रह्म मे तत्' [શ્વેતા૦ ૧।૧૨] (ભોક્તા-જીવ, ભોગ્ય-અન્ય સર્વ, પ્રેરિતા-અન્તર્યામી પરમેશ્વરનો વિચાર કરીને મને જે સર્વ કહ્યું છે તે એ ત્રિવિધ બ્રહ્મજ છે) એમ સમસ્ત ભોગ્ય, ભોક્તા અને નિયન્તાના સ્વરૂપમાં બધો પ્રપંચ બ્રહ્મજ જેનો સ્વભાવ છે એવો છે એમ અભ્યાસ કરે છે ॥ ૧૩ ॥

પણ આકારવાળાનો ઉપદેશ કરનારી અને અનાકારનો ઉપદેશ કરનારી બ્રહ્મવિષેની શ્રુતિઓ છે છતાં અનાકારજ બ્રહ્મનું શી રીતે અવધારણ થાય છે, વિપરીત કેમ થતું નથી? એથી ઉત્તર પડે છે.—

अरूपवदेव हि तत्प्रधानत्वात् ॥ १४ ॥

રૂપવગરનુંજ (બ્રહ્મ નક્કી કરવું); કેમકે (શ્રુતિવાક્યો) તે (રૂપવગરનું બ્રહ્મ) જેમાં પ્રધાન છે એવાં છે ॥ ૧૪ ॥

રૂપાદિ આકાર વગરનાજ બ્રહ્મનું અવધારણ કરવું, રૂપાદિવાળાનું નહિ? શાથી? તે જેમાં પ્રધાન છે એવાં શ્રુતિવાક્યો છે તેથી. 'अस्थूलमनण्वह्रस्वमदीर्घम्' [બૃહ૦ ૩।૮।૮] (સ્થૂલ નથી, અણુ નથી, હ્રસ્વ નથી, દીર્ઘ નથી), 'अशब्दमस्पर्शमरूपमव्ययम्' [કઠ૦ ૩।૧૫] (જેને શબ્દ નથી, સ્પર્શ નથી, રૂપ નથી અને નાશ નથી એવું), 'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म' [છાન્દો૦ ૮।૧૪।૧] (આકાશ એ શ્રુતિઓમાં પ્રસિદ્ધ આત્મા છે, તે આકાશ નામ અને રૂપનું સ્પષ્ટીકરણ કરનાર છે, તે નામ અને રૂપ જેની અંદર છે તે બ્રહ્મ છે), 'दिव्यो ह्यमूर्त्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः' [મુણ્ડ૦ ૨।૧।૨] (સ્વયંપ્રકાશ, સર્વમૂર્તિ-

'વળી એમ એટલે' ઇત્યાદિ. भोक्ता = જીવ. भोग्य = શબ્દાદિ. તે બેનો प्रेरिता એટલે ઈશ્વર તેને વિચારીને મને કહેલું તે સર્વ ત્રિવિધ બ્રહ્મજ છે એમ જાણવું એવો અર્થ છે ॥૧૩॥

બંને પ્રકારની શ્રુતિઓ છે, તો નિર્વિશેષત્વને વિષે નિયામક શું છે એમ શંકા કરે છે. શંકાનું તાત્પર્ય એવું છે કે નિર્વિશેષ પ્રકરણમાં જે ગુણવિધિઓ છે તેમનો ભલે બાધ થાઓ; કેમકે નિષેધવાક્ય સાથે તેમની એકવાક્યતા છે. તેમાં ઉપક્રમ આદિ લિંગોથી નિષેધવાક્યો વિધિવાક્યોના અર્થનો બાધ કરે છે; કેમકે ઉત્સર્ગથી નિર્વિશેષત્વ એ તાત્પર્ય છે એમ અવધારણ થાય છે. પણ દહરશાણ્ડિલ્ય આદિ વિદ્યાવાક્યોમાં નિષેધનું શ્રવણ નથી. એથી તેઓનું તાત્પર્ય ગુણવૈશિષ્ટ્ય હોવાથી બ્રહ્મ સગુણ છે એમ પ્રસક્ત થાય છે તે શંકાનું નિરાકરણ કરવા ઉત્તર સૂત્ર ઉતારે છે—'પણ આકારવાળાનો ઉપદેશ કરનારી' ઇત્યાદિ. તત્પર અને અતત્પર એ બેના વિરોધમાં તત્પર વધારે બળવાન્ છે એ ન્યાય નિયામક છે એમ કહે છે—'अरूपवदेव' ઇત્યાદિ. જોકે જે વાક્યોનું તાત્પર્ય ઉપાસના છે તેવાં વાક્યોમાં આકારને વિષે તાત્પર્ય નથી, તોપણ દેવતાના [1]વિગ્રહની પેઠે આકાર થાય એ શંકાનું નિરાકરણ કરે છે કે તેમ કરવાથી

---

[1] શરીર.

વર્જિત, બાહ્ય અને અભ્યન્તરની સાથે, જન્મરહિત પુરુષ છે), 'તદેતદ્બ્રહ્માપૂર્વ
મનન્તરમબાહ્યમયમાત્મા બ્રહ્મ સર્વાનુભૂઃ' [બૃહ૦ ૨।૫।૧૯] (તે એ બ્રહ્મ, કા
રહિત, કાર્યરહિત, જેને અન્તર નથી ને જેને બાહ્ય નથી, આ આત્મા બ્રહ્મ
સર્વાત્માએ સર્વનો અનુભવ કરે છે), ઇત્યાદિ વાક્યોમાં નિષ્પ્રપંચ બ્રહ્માત્મતત્ત્વ પ્ર
ન છે, અન્ય અર્થ પ્રધાન નથી એમ 'તત્તુ સમન્વયાત્' [બ્રહ્મ સૂ૦ ૧।૧।૪]
{ બ્રહ્મ } તો ({ વેદાન્તથી સમજાય છે } સમન્વયથી) એમાં પ્રતિષ્ઠાપન કર્યું
તેટલા માટે એ પ્રકારનું વાક્યોમાં યથાશ્રુત નિરાકારજ બ્રહ્મનું અવધારણ કરવું. અ
વાક્યો જે આકારવાળા બ્રહ્મ વિષે છે, તેમાં તે પ્રધાન નથી; કેમકે તેમાં ઉપાસ
નાદિ પ્રધાન છે. તેમાં વિરોધ ન હોય તો 'યથાશ્રુતનો આશ્રય કરવો; પણ વિ
હોય તો જેમાં તે (નિર્વિશેષ બ્રહ્મ) પ્રધાન છે એવાં વાક્યો જેમાં તે પ્રધાન ન
એવાં વાક્યોથી વિશેષ બળવાન્ છે. બંને પ્રકારની શ્રુતિ છે તોપણ અનાકારજ
હ્મનું અવધારણ થાય છે, વિપરીતનું થતું નથી. વિરોધ હોય ત્યારે એજ 'વિનિગ
નાને વિષે હેતુ છે ॥ ૧૪ ॥

ત્યારે જે શ્રુતિવાક્યો આકારવત્ બ્રહ્મ વિષે છે તેની શી ગતિ તેને મ
કહે છે—

प्रकाशवच्चावैयर्थ्यात् ॥ १५ ॥

અને પ્રકાશની પેઠે (બ્રહ્મનો આકારોપદેશ વિરુદ્ધ નથી); કેમકે (આકાર પ્રતિપાદન કરનાર વાક્યો) વ્યર્થ નથી ॥ ૧૫ ॥

જેમ સૂર્યનો કે ચન્દ્રનો પ્રકાશ, આકાશને વ્યાપીને રહેલો, અંગુલિ આદિ ઉ
પાધિના સંબંધથી, તે અંગુલિ આદિ ઋજુભાવ કે વક્રભાવ આદિ પ્રાપ્ત કરે છે

[illegible] સાથે વિરોધ થાય માટે એમ સમજવું—'તેમાં વિરોધ ન હોય તો' ઇત્યાદિ
[illegible] વિષે ઉપર જે શંકા કરેલી છે તેનું સમાધાન આ પ્રમાણે છે—દહરાદિ[illegible]
[illegible] બ્રહ્મ ગુણવિશિષ્ટ છે એમ પ્રતિપાદન કરવાનું નથી, પણ બ્રહ્મને ગુણવિશિષ્ટ કલ્પી
તેની ઉપાસના કરવી એમ પ્રતિપાદન કર્યું એ તાત્પર્ય છે. આ પ્રમાણે વાક્ય અન્વય[illegible]
[illegible] બ્રહ્મને વિષે [illegible] સમર્થન દેવતાધિકરણવાળે કર્યું; એટલે દેવતાનો આકાર [illegible]
[illegible] છે તેમ બ્રહ્મનો આકાર ઉપાસના અર્થે છે એમ સમજવું. તેટલા માટે નિર્વિશેષ બ્રહ્મ
[illegible] કરનાર વાક્યો સાથે વિરોધ થતાં ઉપાસના પ્રતિપાદન કરનાર વાક્યોથી બ્રહ્મને
વિષે [illegible] ગુણવિશિષ્ટત્વ સિદ્ધ થતું નથી એવો ભાવ છે ॥ ૧૪ ॥

[illegible] બ્રહ્મ પ્રતિપાદન કરનાર શ્રુતિઓ કલ્પિત ઉપાસના વિષે સાવકાશ છે તેથી દુર્બ[illegible]
છે એમ કહે છે—'प्रकाशवच्च' ઇત્યાદિ [illegible] કલ્પિત [illegible]

[illegible]

તેનો ભાવ જાણે પ્રાપ્ત કરે છે; તેમ બ્રહ્મ પણ પૃથિવી આદિ ઉપાધિના સંબન્ધથી તેનો આકાર જાણે પ્રાપ્ત કરે છે, તેને આધારે બ્રહ્મનો અમુક આકારનો ઉપદેશ છે તે ઉપાસનાને અર્થે છે. વિરુદ્ધ થતો નથી. એ પ્રમાણે આકારવત્ બ્રહ્મ વિષેનાં વાક્યો પણ અવ્યર્થ થશે—નિષ્પ્રયોજક થશે નહિ; કારણ કે વેદવાક્યોમાં કોઈક અર્થવાળાં છે અને કોઈક અર્થવગરનાં છે એમ જાણવું યુક્ત નથી; કેમકે બંનેમાં પ્રમાણત્વ સમાન છે. પણ એમ પણ જેની પૂર્વે પ્રતિજ્ઞા કરી છે કે ઉપાધિના યોગથી પણ બ્રહ્મ ઉભયલિંગવાળું નથી તેનો વિરોધ થશે. અમે કહીએ છીએ કે ના; કેમકે જેનું નિમિત્ત ઉપાધિ છે તે વસ્તુધર્મ થાય એ યુક્ત નથી; કારણ કે ઉપાધિઓ અવિદ્યાથી ઊભા કરેલા છે. નૈસર્ગિક અવિદ્યા હોય છે ત્યારેજ લૌકિક અને વૈદિક વ્યવહાર ઊતરે છે એમ અમે ત્યાં ત્યાં કહ્યું છે ॥ ૧૫ ॥

आह च तन्मात्रम् ॥ १६ ॥

અને (શ્રુતિ બ્રહ્મ) ચૈતન્યમાત્ર (છે એમ) કહે છે ॥ ૧૬ ॥

વળી શ્રુતિ બ્રહ્મ ચૈતન્યમાત્ર, વિલક્ષણ રૂપાન્તરથી રહિત, નિર્વિશેષ છે એમ કહે છે—'स यथा सैन्धवघनोऽनन्तरोऽबाह्यः कृत्स्नो रसघन एवैवं वा अरेऽयमात्माऽनन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव' [બૃહ૦ ૪।૫।૧૩] (જેમ તે લવણપિંડ અંદર અને બહાર રસાન્તરરહિત છે, અને બધો લવણૈકરસજ છે, એમ, હે મૈત્રેયિ, આત્મા અન્તર અને બહાર પ્રજ્ઞાનાન્તરરહિત છે, સર્વ પ્રજ્ઞાનઘનજ છે). તાત્પર્ય આ છે—એ આત્માને અંદર કે બહાર ચૈતન્યથી અન્ય રૂપ નથી, પણ ચૈતન્યજ એનું નિરન્તર સ્વરૂપ છે; જેમ સૈન્ધવપિણ્ડનો અંદર અને બહાર લવણરસજ નિરન્તર છે, અન્ય રસ નથી તેમ ॥ ૧૬ ॥

આકારવાક્યો અર્થવાન્ છે એમ શા માટે વર્ણવો છો. એ વાક્યો અર્થ છે એમજ કહી તેને વિષે કહે છે—'કારણ કે વેદવાક્યોમાં' ઇત્યાદિ 'પણ એમ પણ' ઇત્યાદિ. ઉભ રીતે ઉભય રૂપનો અંગીકાર કરવાથી શ્રુતિવાક્યો વ્યવસ્થિત થાય છે તોપણ—એવો અર્થ છે. પૂર્વે એમ કહ્યું છે કે ઉપાધિઓ કલ્પિત હોવાથી ઔપાધિક રૂપ સત્ય થાય એ યુક્ત નથી, તેથી બ્રહ્મનું ઉભયરૂપત્વ સત્ય નથી. હાવ એમ કહે છે કે નિર્વિશેષત્વ સત્ય છે અને સવિશેષત્વ મિથ્યા છે એમ ઉભયરૂપત્વનો અંગીકાર કરવામાં પણ પૂર્વાપર વિરોધ નથી એમ કહે છે—'અમે કહીએ છીએ કે ના' ઇત્યાદિ દ્વૈત મિથ્યા હોવાથી શાસ્ત્રથી તેનો બાધ થાય છે તેથી ઉપાસનાદિ વ્યવહાર નહિ થાય એમ શંકા કરી બાધની પૂર્વે તે વ્યવહાર છે એમ કહે છે—'નૈસર્ગિક અવિદ્યા હોય છે ત્યારેજ' ઇત્યાદિ ॥ ૧૫ ॥

વળી શ્રુતિ કહે છે કે આત્મા ચિન્માત્ર છે તેથી વિશેષ મિથ્યા છે એવો સૂત્રનો અર્થ કહે છે—'વળી શ્રુતિ' ઇત્યાદિ 'स यथा' ઇત્યાદિ—જેમ લોકમાં સૈન્ધવનો ઘન એટલે નિર્વિશેષ-ખણ્ડ જેવું કારણ સ્વરૂપ અંદર અને બહાર એકરસ છે અને સર્વ લવણૈકરસ છે—ક્ષારરસજ જેમાં એક સ્વાદ છે એવો છે; એમ આ આત્મા અંદર ને બહાર વિશેષરહિત છે, અને સમસ્ત જ્ઞાનૈકસ્વરૂપ છે એવો અર્થ છે. ॥ ૧૬ ॥

दर्शयति चाथो अपि स्मर्यते ॥ १७ ॥

વળી (શ્રુતિ) દર્શાવે છે અને સ્મૃતિમાં પણ છે ॥ ૧૭ ॥

વળી શ્રુતિ પરરૂપના પ્રતિષેધથીજ બ્રહ્મ દર્શાવે છે, નિર્વિશેષ છે તેથી. 'अथात आदेशो नेति नेति' [બૃહ૦ ૨।૩।૬] (પછી એ કારણથી નથી, નથી એવો ઉપદેશ કરાય છે), 'अन्यदेव तद्विदितादथो अविदितादधि' [કેનો૦ ૧।૩] (તે વિદિતથી અન્યજ છે, વળી અવિદિતથી પણ ઉપર-અન્યજ છે), 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह' [તૈત્તિ૦ ૨।૪।૧] (જ્યાંથી વાણી, મન સાથે, પહોંચ્યા વગર પાછી ફરે છે) એ શ્રુતિ. તેમજ વાષ્કલિએ બાધ્વને પૂછ્યું ત્યારે અવચનથીજ બ્રહ્મસ્વરૂપ કહી બતાવ્યું એવી શ્રુતિ છે—'स होवाचाधीहि भो इति स तूष्णीं बभूव तं ह द्वितीये वा तृतीये वा वचन उवाच ब्रूमः खलु त्वं तु न विजानासि । उपशान्तोऽयमात्मा' (તેણે કહ્યું, હે બાધ્વ, મને બ્રહ્મનો ઉપદેશ કરો. તે ચૂપ રહ્યા. બીજે કે ત્રીજે વચને તેમણે તેને કહ્યું, અમે તે ખરેખર કહ્યું, પણ તું તે જાણતો નથી, એ આત્મા ઉપશાન્ત છે) એમ. તેમજ સ્મૃતિઓમાં પણ અન્યના પ્રતિષેધથીજ ઉપદેશ કર્યો છે—'ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते । अनादिमत् परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥' [ભગ૦ ગી૦ ૧૩।૧૨] (જે જ્ઞેય છે તે હું યથાવત્ કહીશ કે જે જાણીને પુરુષ અમૃતત્વનો ઉપભોગ કરે છે-પુનઃ મરણ પામતો નથી. પર બ્રહ્મ અનાદિમત્ છે—જેને આદિ નથી એવું છે, તે સત્ નથી કહેવાનું તેમ અસત્ કહેવાનું નથી) ઇત્યાદિ સ્મૃતિઓમાં. વળી વિશ્વરૂપ ધારણ કરનાર નારાયણે નારદને કહ્યું એમ સ્મૃતિ છે—'माया ह्येषा मया सृष्टा यन्मां पश्यसि नारद । सर्वभूतगुणैर्युक्तं नैवं

તેમજ શ્રુતિ અને સ્મૃતિ, બંનેમાં પરના નિષેધથી બ્રહ્મનો ઉપદેશ કર્યો છે તેથી બ્રહ્મ નિષ્પ્રપંચ છે એમ કહે છે—'दर्शयति च' ઇત્યાદિ. 'अथात' ઇત્યાદિ. अथ = બે રૂપ કહ્યા પછી, મૂર્તાત્મક અને અમૂર્તાત્મક, કૃત્સ્ન પ્રપંચને પ્રથમ પ્રતિપાદન કરીને 'अथात आदेशः' એમ તેનો નિષેધ કર્યો છે—'नेति नेति' એમ. નિષેધવાક્યનો અર્થ શ્રુતિ આનેજ કહે છે—'न ह्येतस्मादिति नेत्यन्यत्परमस्ति'. एतस्मात्-એથી એટલે नेति नेत्यादिप्रकार નથી, નથી એમ નિષેધરૂપે ઉપદિષ્ટ કર્યું છે તેથી, अन्यत् परं यतो नास्ति अतो नेतीति—અન્ય, પર નથી તેથી 'नेति नेति' એમ ઉપદેશ કર્યો છે. નિષેધરૂપે ઉપદિષ્ટ બ્રહ્મથી અન્ય પર કંઈ નથી તેથી એવો નિષેધરૂપે ઉપદેશ છે. બ્રહ્મથી અન્ય તરીકે ભાસમાન, પર અન્ય વસ્તુજાત નથી તેથી નિષેધરૂપ ઉપદેશ કર્યો છે એમ સમજવું. પછી એટલે દ્વૈત કહ્યા પછી અદ્વૈતજ્ઞાનનો હેતુ હોવાથી 'नेति नेति'-'નથી, નથી' એમ ઉપદેશ કર્યો. 'अधि' = અન્ય. મને ઉપદેશ કરો એમ પુનઃ પુનઃ આગ્રહ કરનારને, તેને બીજે કે ત્રીજે પ્રશ્ને 'તૂષ્ણીંભાવ[1] લક્ષણ કહ્યું. 'उपशान्तः'—જેમાંથી દ્વૈત જતું રહ્યું છે એવો. એથી તેનો તૂષ્ણીંભાવજ ઉત્તર છે. સૂત્રમાં 'अथो' શબ્દ 'तथा' ના અર્થમાં છે—'તેમજ.' 'आदिमत्' એટલે જેને આદિ છે તે: કાર્ય, બ્રહ્મ અનાદિમત્ છે, કાર્ય નથી 'सत्'-ઇન્દ્રિયવેદ્ય. 'असत्'-પરોક્ષ. બ્રહ્મ પરોક્ષ પણ નથી; કેમકે તે સ્વયંપ્રકાશ છે. 'माया' ઇત્યાદિ. સર્વભૂતગુણોથી, દિવ્ય

---

[1] મૌન રાખવું.

માં જ્ઞાતુમર્હસિ ॥' (ખરેખર, મેં આ માયા સર્જી છે કે હે નારદ, તું મને સર્વભૂતગુણોથી યુક્ત જુએ છે, મને એમ જાણવો તને યુક્ત નથી) એમ ॥ ૧૭ ॥

अत एव चोपमा सूर्यकादिवत् ॥ १८ ॥

એથીજ સૂર્યપ્રતિબિંબ આદિની પેઠે એમ ઉપમા છે ॥ ૧૮ ॥

જે કારણથી આ આત્મા ચૈતન્યરૂપ, નિર્વિશેષ, વાચા અને મનથી અતીત, અન્યના પ્રતિષેધથી ઉપદેશ્ય છે, તેજ કારણથી એના ઉપાધિજન્ય, અપારમાર્થિક, સવિશેષ રૂપને ઉદ્દેશીને મોક્ષશાસ્ત્રોમાં જલમાં સૂર્યના પ્રતિબિંબની પેઠે અને બીજી એવી ઉપમાનું ગ્રહણ કરાય છે—'यथा ह्ययं ज्योतिरात्मा विवस्वानपो भिन्ना बहुधैकोऽनुगच्छन्। उपाधिना क्रियते भेदरूपो देवः क्षेत्रेष्वेवमजोऽयमात्मा ॥' (જેમ આ જ્યોતિઃસ્વરૂપ સૂર્ય, એક છે તોપણ ભિન્ન જળમાં અનુગત થતો, બહુરૂપ કરાય છે, એમ આ જન્મરહિત, સ્વપ્રકાશ આત્મા ઉપાધિ વડે ક્ષેત્રોમાં અનુગત થતો ભેદરૂપ કરાય છે) એમાં અને 'एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः। एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत्' [બ્રઃ બિં૦ ૧૨] (ખરેખર, એકજ ભૂતાત્મા જુદાં જુદાં ભૂતોમાં વ્યવસ્થિત થયેલો, જળમાંના ચન્દ્રપ્રતિબિંબની પેઠે એકધા અને બહુધા દેખાય છે) એવાં બીજાં શ્રુતિવાક્યોમાં ॥ ૧૮ ॥

અહિં શંકા ઊઠી થાય છે—

अम्बुवदग्रहणात्तु न तथात्वम् ॥ १९ ॥

પણ તે પ્રકારે હોવાપણું (ઉપમા) નથીઃ કેમકે જળની પેઠે બ્રહ્મને વિષે ગ્રહણ નથી ॥ ૧૯ ॥

અહિં જળસૂર્ય વગેરે સાથે તુલ્યતા ઉપપન્ન થતી નથી. તેની પેઠે ગ્રહણ નથી

ગન્ધ આદિથી યુક્ત, મૂર્તિમાન મને તું જુએ છે એમ અ.ન. છે. એથીજ દ્વૈતસહિત જ્ઞાનવાન છે એમ મને જાણવો તને યુક્ત નથીઃ કેમકે હું વસ્તુતઃ દ્વૈતાતીત છું એવો અર્થ છે ॥ ૧૭ ॥

વળી જેમ સૂર્યનો, ચન્દ્રનો, અને એવા બીજાનો ભેદ અને ચલન વગેરે ધર્મ જલ વગેરે ઉપાધિથી કલ્પિત છે એવી રીતે આત્માનો છે એમ દૃષ્ટાન્તશ્રુતિથી બ્રહ્મ નિર્વિશેષ તત્ત્વ છે એ કહે છે—'अत एव चोपमा' ઇત્યાદિ. જળમાં રહેલા પ્રતિબિંબને આકારે સૂર્યનો આભાસ છે એમ સૂત્રના 'सूर्यक'માં કપ્રત્યય છે. જેમ આ જ્યોતિર્મય સૂર્ય સ્વતઃ એક છે તોપણ ઘટકોને વિષે ભિન્ન દેખાતાં પાણીમાં અનુગત થતો બહુરૂપવાળો થાય છે, એમ આ અજ, સ્વપ્રકાશ આત્મા એક છે તોપણ ઉપાધિ વડે—આથી ક્ષેત્રોમાં અનુગત થતો ભેદરૂપ થાય છે એમ શ્રુતિવાક્યની યોજના કરવી. 'ભેદરૂપ' = ભિન્ન. 'એકધા' ઈશ્વરરૂપે; અને 'બહુધા' જીવરૂપે. 'ક્ષેત્રોમાં' = અવિદ્યા આદિમાં ॥ ૧૮ ॥

બ્રહ્મ આત્માને વિષે ઉક્ત દૃષ્ટાન્ત વિષમ છે એમ આ શંકાસૂત્ર છે—'अम्बुवदग्रहणा-

दर्शयति चाथो अपि स्मर्यते ॥ १७ ॥

વળી (શ્રુતિ) દર્શાવે છે અને સ્મૃતિમાં પણ છે ॥ ૧૭ ॥

વળી શ્રુતિ પરરૂપના પ્રતિષેધથીજ બ્રહ્મ દર્શાવે છે, નિર્વિશેષ છે તેથી. 'अथात आदेशो नेति नेति' [બૃહ૦ ૨।૩।૬] (પછી એ કારણથી નથી, નથી એવો ઉપદેશ કરાય છે), 'अन्यदेव तद्विदितादथो अविदितादधि' [કેન૦ ૧।૩] (તે વિદિતથી અન્યજ છે, વળી અવિદિતથી પણ ઉપર અન્યજ છે), 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह' [તૈત્તિ૦ ૨।૪।૧] (જ્યાંથી વાણી, મન સાથે, પહોંચ્યા વગર પાછી ફરે છે) એ શ્રુતિ. તેમજ બાષ્કલિએ બાધ્વને પૂછ્યું ત્યારે અવચનથીજ બ્રહ્મસ્વરૂપ કહી બતાવ્યું એવી શ્રુતિ છે—'स होवाचाधीहि भो इति स तूष्णीं बभूव तं ह द्वितीये वा तृतीये वा वचन उवाच ब्रूमः खलु त्वं तु न विजानासि । उपशान्तोऽयमात्मा' (તેણે કહ્યું, હે સાહેબ, મને બ્રહ્મનો ઉપદેશ કરો. તે ચૂપ રહ્યા. બીજે કે ત્રીજે વચને તેમણે તેને કહ્યું, અમે તે ખરેખર કહ્યું, પણ તું તે જાણતો નથી, એ આત્મા ઉપશાન્ત છે) એમ. તેમજ સ્મૃતિઓમાં પણ અન્યના પ્રતિષેધથીજ ઉપદેશ કર્યો છે—'ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते । अनादिमत् परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥' [ભગ૦ ગી૦ ૧૩।૧૨] (જે જ્ઞેય છે તે હું યથાવત્ કહીશ કે જે જાણીને પુરુષ અમૃતત્વનો ઉપભોગ કરે છે—પુનઃ મરણ પામતો નથી. પર બ્રહ્મ અનાદિમત્ છે—જેને આદિ નથી એવું છે, તે સત્ નથી કહેવાતું તેમ અસત્ કહેવાતું નથી) ઇત્યાદિ સ્મૃતિઓમાં. વળી વિશ્વરૂપ ધારણ કરનાર નારાયણે નારદને કહ્યું એમ સ્મૃતિ છે—'माया ह्येषा मया सृष्टा यन्मां पश्यसि नारद । सर्वभूतगुणैर्युक्तं नैवं

તેમજ શ્રુતિ અને સ્મૃતિ, બન્નેમાં પરના નિષેધથી બ્રહ્મનો ઉપદેશ કર્યો છે તેથી બ્રહ્મ નિષ્પ્રપંચ છે એમ કહે છે—'दर्शयति च' ઇત્યાદિ. 'अथात' ઇત્યાદિ. अथ = બે દ્વૈત કહ્યા પછી, મૂર્તાત્મક અને અમૂર્તાત્મક, કૃત્સ્ન પ્રપંચને પ્રથમ પ્રતિપાદન કરીને 'अथात आदेशः' એમ તેનો નિષેધ કર્યો છે—'नेति नेति' એમ. નિષેધવાક્યનો અર્થ શ્રુતિ પોતેજ કહે છે—'न ह्येतस्मादिति नेत्यन्यत्परमस्ति'. एतस्मात्–એથી એટલે नेति नेत्यादिरूપ, નથી, નથી એમ નિષેધરૂપે ઉપદિષ્ટ કર્યું છે તેથી, अन्यत् परं यतो नास्ति अतो नेति नेति—અન્ય, પર નથી તેથી 'नेति नेति' એમ ઉપદેશ કર્યો છે. નિષેધરૂપે ઉપદિષ્ટ બ્રહ્મથી અન્ય પર કંઈ નથી તેથી એવો નિષેધરૂપે ઉપદેશ છે. બ્રહ્મથી અન્ય તર્હિ ભાસમાન, પર અન્ય વસ્તુજાત નથી તેથી નિષેધરૂપ ઉપદેશ કર્યો છે એમ સમજવું. પછી એટલે દ્વૈત કહ્યા પછી બ્રહ્મજ્ઞાનનો હેતુ હોવાથી 'नेति नेति'–'નથી, નથી' એમ ઉપદેશ કર્યો. 'अधीहि' = અન્ય મને ઉપદેશ કરો એમ પુનઃ પુનઃ આગ્રહ કરનારને, તેને બીજે કે ત્રીજે પ્રશ્ને [1]તૂષ્ણીંભાવ તજીને કહ્યું. 'उपशान्तः'—જેમાંથી દ્વૈત જતું રહ્યું છે એવો. એથી તેનો તૂષ્ણીંભાવજ ઉત્તર છે. સૂત્રમાં 'अथो' શબ્દ 'तथा' ના અર્થમાં છે—'તેમજ.' 'आदिमत्' એટલે જેને આદિ છે તે; કાર્ય, બ્રહ્મ અનાદિમત્ છે, કાર્ય નથી. 'सत्'–ઇન્દ્રિયવેદ્ય. 'असत्'–પરોક્ષ. બ્રહ્મ પરોક્ષ પણ નથી; કેમકે તે સ્વયંપ્રકાશ છે. 'माया' ઇત્યાદિ. સર્વભૂતગુણોથી, દિવ્ય

---

૧ મૌન રાખવું.

અન્તર્ભાવથી વૃદ્ધિ, ક્ષય આદિ ઉપાધિ ધર્મો ભજે છેજ. એમ બંને, દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકના ઘટિતપણાથી અવિરોધ છે ॥ ૨૦ ॥

दर्शनाच्च ॥ २१ ॥

અને (શ્રુતિના) દર્શનથી ॥ ૨૧ ॥

વળી પર બ્રહ્મનાજ દેહાદિ ઉપાધિને વિષે અનુપ્રવેશને શ્રુતિ દર્શાવે છે— 'पुरश्चक्रे द्विपदः पुरश्चक्रे चतुष्पदः । पुरः स पक्षी भूत्वा पुरः पुरुष आविशत् ॥' [બૃ૦ ૨।૫।૧૮] (તેણે—પરમેશ્વરે, બે પાદથી ઉપલક્ષિત શરીરો—મનુષ્યશરીરો અને પક્ષિશરીરો કર્યાં; તેમજ ચાર પાદથી ઉપલક્ષિત શરીરો—પશુશરીરો કર્યાં; પ્રથમ તે પરમેશ્વર પક્ષી-લિંગશરીર થઈને શરીરમાં દાખલ થયો, સર્વ પુરમાં-શરીરોમાં તે સુએ છે માટે પુરુષ છે) એમ અને 'अनेन जीवेनात्मनानुप्रविश्य' [છાન્દો૦ ૬।૩।૨] (આ જીવાત્મા વડે અનુપ્રવેશ કરીને) એમ. તેટલા માટે 'अत एव चोपमा सूर्यकादिवत्' [બ્રહ્મસૂ૦ ૩।૨।૧૮] એ યુક્ત છે. તેટલા માટે નિર્વિશેષત્વ એ એકજ લિંગવાળું બ્રહ્મ છે, બે લિંગવાળું નથી કે વિપરીત લિંગવાળું નથી એમ સિદ્ધ થયું. અહિં કેટલાક બે અધિકરણ કલ્પે છે. પહેલું—બ્રહ્મ એક આકારવાળું છે, જેમાંથી અશેષ પ્રપંચ જતો રહ્યો છે કે પ્રપંચની પેઠે અનેક આકારવાળું છે? બીજું—જેમાંથી પ્રપંચ જતો રહ્યો છે એવું

ઇત્યાદિ. આત્મા નિર્વિશેષ છે એ જ્ઞાન એ પ્રયોજન છે. 'અવિરોધ છે' = વૈષમ્ય નથી એવો અર્થ છે. આત્મા પ્રતિબિમ્બશૂન્ય છે, રૂપશૂન્ય દ્રવ્ય છે તેથી, વાયુની પેઠે એ અનુમાનમાં આકાશમાં હેતુનો વ્યભિચાર થાય છે; કેમકે અલ્પ જળમાં વિદૂર આકાશનુ પ્રતિબિંબ જોવામાં આવે છે; આમ ઉપાધિના રૂપમાં હેતું એની પણ ક્વચિત્ અનપેક્ષા છે એવો ભાવ છે. ॥૨૦॥

પ્રવેશશ્રુતિને ઉક્ત અનુમાનનો બાધ છે એમ સૂત્રકાર કહે છે—'दर्शनाच्च' એમ. 'पुरश्चक्रे' ઇત્યાદિ—તેણે બે પગવાળાં શરીરો—એટલે મનુષ્ય આદિ શરીરો કર્યાં, ચાર પગવાળાં શરીરો—પશુઓને કરીને, પ્રથમ એટલે ચક્ષુ આદિ અભિવ્યક્ત થવા પહેલાં તે ઇશ્વર પક્ષી એટલે લિંગશરીર થઈને ઉક્ત શરીરોમાં પ્રવિષ્ટ થયો. તે પ્રવિષ્ટ થયલો પણ પુરુષ એટલે પૂર્ણજ છે, તેનાથી અન્ય વસ્તુનો અભાવ છે તેથી, એવો અર્થ છે. તૈત્તિરીયકમા લિંગ શરીરને પક્ષ આદિ તરીકે કહ્યું છે. તેથી પક્ષી એટલે લિંગશરીરી, ઇશ્વર. આ પ્રમાણે બેદાદિ પ્રતિબિંબભાવે કલ્પિત છે તેથી બ્રહ્મ નિર્વિશેષ છે એમ પોતાના મતનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે નિર્વિશેષત્વ' ઇત્યાદિ. એકદેશીની વ્યાખ્યા ઉઠાવે છે—'અહિં કેટલાક' ઇત્યાદિ. 'न स्थानतोऽपि' [બ્રહ્મસૂ૦ ૧૧] ઇત્યાદિ એક આધિકરણ છે; તેમાં બ્રહ્મ નિષ્પ્રપંચ છે એમ થયે, બ્રહ્મ કેવા લક્ષણવાળું છે એમ્ સંદેહ થયે 'प्रकाशवच्च' [બ્રહ્મસૂ૦ ૧૫] ઇત્યાદિ બીજું અધિકરણ પ્રવૃત્ત થયું છે. બ્રહ્મ સત્તારૂપજ નથી, પણ પ્રકાશવત્-ચિદ્રૂપ પણ છે, શાથી? 'अवैयर्थ्यात्'-'सत्यं ज्ञानं,' 'सदेव सोम्य' એમ ઉભયશ્રુતિ દ્વિરૂપ બ્રહ્મ લેવાથી અર્થવત્ થાય છે તેથી એમ પૂર્વપક્ષ થયે સિદ્ધાન્ત કહે છે—'आह च तन्मात्रम्'-બ્રહ્મ સન્માત્ર છે એમ શ્રુતિ કહે છે; કેમકે જ્ઞાન એ સત્તાથી ભિન્ન નથી એવો સિદ્ધાન્ત છે. એ બીજા અધિકરણને દૂષિત

તેથી; કારણ કે મૂર્ત સૂર્યાદિથી પૃથગ્ભૂત, દૂર દેશમાં રહેલા મૂર્ત જળનું ગ્રહણ કરાય છે, તેમાં સૂર્યાદિના પ્રતિબિંબનો ઉદય યુક્ત છે. પણ આત્મા મૂર્ત નથી અને ઉપાધિઓ એનાથી પૃથગ્ભૂત અને દૂરદેશસ્થ નથી; કેમકે તે સર્વમાં રહેલો છે અને સર્વથી અનન્ય છે. તેટલા માટે એ દૃષ્ટાન્ત અયુક્ત છે ॥ ૧૯ ॥

અહિં શંકાનું નિરાકરણ કરે છે—

वृद्धिह्रासभाक्त्वमन्तर्भावादुभयसामञ्जस्यादेवम् ॥ २० ॥

(ઉપાધિને વિષે) અન્તર્ભાવ છે તેથી (આત્મા તેના) વૃદ્ધિ અને ક્ષયને ભજે છે; (દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક એ) બંનેના ઘટિતપણાને લીધે એમ (અવિરોધ) છે ॥ ૨૦ ॥

પણ એ દૃષ્ટાન્ત યુક્તજ છે; કેમકે એમાં વિવક્ષિત અંશનો સંભવ છે. ખરેખર, દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક એ બેમાં, ક્વચિત્ કિંચિત્ વિવક્ષિત અંશ સિવાય, સર્વસારૂપ્ય કોઈથી દર્શાવવું શક્ય નથી; કેમકે સર્વસારૂપ્ય હોય તો દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકભાવનો ઉચ્છેદજ થાય. વળી આ જળસૂર્યક આદિ દૃષ્ટાન્ત સ્વબુદ્ધિથી આણ્યો નથી. શાસ્ત્રે પ્રણીત કરેલા એ દૃષ્ટાન્તના પ્રયોજનમાત્રનો ઉપન્યાસ કર્યો છે. પણ અહિં વિવક્ષિત સારૂપ્ય શું છે? તે કહીએ છીએ—વૃદ્ધિ અને ક્ષયને ભજવાં તે. ખરેખર, જળમાં રહેલું સૂર્યપ્રતિબિંબ જળની વૃદ્ધિ થયે વૃદ્ધિ પામે છે, જળનો ક્ષય થયે ક્ષય પામે છે, જળ ચલિત થયે, ચલિત થાય છે, અને જળ ભિન્ન થયે ભિન્ન થાય છે, એવી રીતે જળધર્મને અનુસરતું થાય છે; પણ પરમાર્થતઃ સૂર્ય તેવો નથી; એ રીતે બ્રહ્મ પરમાર્થેથી અવિકૃત, એકરૂપ છે તોપણ દેહાદિ ઉપાધિના

સુ'' ઇત્યાદિ. આત્મા રૂપરહિત છે તેથી અને દૂરસ્થ ઉપાધિ નથી તેથી માયા વડે બુદ્ધિ આદિને વિષે પ્રતિબિમ્બનો ભેદ થાય એ યુક્ત નથી એવો અર્થ છે ॥ ૧૯ ॥

સમાધાનસૂત્ર કહે છે—'वृद्धिह्रासभाक्त्वम्' ઇત્યાદિ. દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક એ બે વચ્ચે વિવક્ષિત અંશથી સામ્ય છે કે સર્વાત્મના સામ્ય છે? તેમાં આદ્ય પક્ષનો અંગીકાર કરે છે—'પણ એ દૃષ્ટાન્ત યુક્તજ છે' ઇત્યાદિ. દ્વિતીય પક્ષનું નિરાકરણ કરે છે—'ખરેખર, દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક' ઇત્યાદિ. દૃષ્ટાન્તમાં ઉપાધિ ભિન્ન અને વિપ્રદેશસ્થ જોવામાં આવે છે, અહિં દાર્ષ્ટાન્તિકમાં તેનો અભાવ છે તેથી તેમજ બ્રહ્મ રૂપશૂન્ય હોવાથી તેનું પ્રતિબિંબ કલ્પવું યુક્ત નથી એમ આશંકા કરી કહે છે—'વળી આ જળસૂર્યક આદિ દૃષ્ટાન્ત' ઇત્યાદિ. શ્રુતિએ દૃષ્ટાન્ત આપ્યો છે તો 'सूर्यकादिवत्' (૧૮ સૂ૦) એમ સૂત્રથી ઉપન્યાસ કરવાનું શું કામ? એ શંકાનું નિરાકરણ કરે છે—'શાસ્ત્રે પ્રણીત કરેલા એ દૃષ્ટાન્તના'

અન્તર્ભાવથી વૃદ્ધિ, ક્ષય આદિ ઉપાધિ ધર્મો ભજે છેજ. એમ બંને, દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકના ઘટિતપણાથી અવિરોધ છે ॥ ૨૦ ॥

दर्शनाच्च ॥ २१ ॥

અને (શ્રુતિના) દર્શનથી ॥ ૨૧ ॥

વળી પર બ્રહ્મનાજ દેહાદિ ઉપાધિને વિષે અનુપ્રવેશને શ્રુતિ દર્શાવે છે—'पुरश्चक्रे द्विपदः पुरश्चक्रे चतुष्पदः । पुरः स पक्षी भूत्वा पुरः पुरुष आविशत् ॥' [બૃ૦ ૨।૫।૧૮] (તેણે—પરમેશ્વરે, બે પાદથી ઉપલક્ષિત શરીરો—મનુષ્યશરીરો અને પક્ષિશરીરો કર્યાં; તેમજ ચાર પાદથી ઉપલક્ષિત શરીરો—પશુશરીરો કર્યાં; પ્રથમ તે પરમેશ્વર પક્ષી-લિંગશરીર થઈને શરીરમાં દાખલ થયો, સર્વ પુરમાં-શરીરોમાં તે સુએ છે માટે પુરુષ છે) એમ અને 'अनेन जीवेनात्मनानुप्रविश्य' [છાન્દો૦ ૬।૩।૨] (આ જીવાત્મા વડે અનુપ્રવેશ કરીને) એમ. તેટલા માટે 'अत एव चोपमा सूर्यकादिवत्' [બ્રહ્મસૂ૦ ૩।૨।૧૮] એ યુક્ત છે. તેટલા માટે નિર્વિશેષત્વ એ એકજ લિંગવાળું બ્રહ્મ છે, બે લિંગવાળું નથી કે વિપરીત લિંગવાળું નથી એમ સિદ્ધ થયું. અહિં કેટલાક બે અધિકરણ કલ્પે છે. પહેલું—બ્રહ્મ એક આકારવાળું છે, જેમાંથી અશેષ પ્રપંચ જતો રહ્યો છે કે પ્રપંચની પેઠે અનેક આકારવાળું છે? બીજું—જેમાંથી પ્રપંચ જતો રહ્યો છે એવું

ઇત્યાદિ. આત્મા નિર્વિશેષ છે એ જ્ઞાન એ પ્રયોજન છે. 'અવિરોધ છે' = વૈષમ્ય નથી એવો અર્થ છે. આત્મા પ્રતિબિમ્બશૂન્ય છે, રૂપશૂન્ય દ્રવ્ય છે તેથી, વાયુની પેઠે એ અનુમાનમાં આકાશમાં હેતુનો વ્યભિચાર થાય છે; કેમકે અલ્પ જળમાં વિદૂર આકાશનુ પ્રતિબિંબ જોવામાં આવે છે; આમ ઉપાધિના રૂપમાં હોવું એની પણ ક્વચિત્ અનપેક્ષા છે એવો ભાવ છે. ॥૨૦॥

પ્રવેશશ્રુતિને ઉક્ત અનુમાનનો બાધ છે એમ સૂત્રકાર કહે છે—'दर्शनाच्च' એમ. 'पुरश्चक्रे' ઇત્યાદિ—તેણે બે પગવાળા શરીરો—એટલે મનુષ્ય આદિ શરીરો કર્યાં, ચાર પગવાળાં શરીરો—પશુઓને કરીને, પ્રથમ એટલે ચક્ષુ આદિ અભિવ્યક્ત થવા પહેલા તે ઈશ્વર પક્ષી એટલે લિંગશરીર થઈને ઉક્ત શરીરોમાં પ્રવિષ્ટ થયો. ને પ્રવિષ્ટ થયેલો પણ પુરુષ એટલે પૂર્ણ છે, તેનાથી અન્ય વસ્તુનો અભાવ છે તેથી, એવો અર્થ છે. તૈત્તિરીયકમાં લિંગ શરીરને પક્ષ આદિ તરીકે કહ્યુ છે. તેથી પક્ષી એટલે લિંગશરીરી, ઈશ્વર. આ પ્રમાણે ભેદાદિ પ્રતિબિંબભાવે કલ્પિત છે તેથી બ્રહ્મ નિર્વિશેષ છે એમ પોતાના મતનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે નિર્વિશેષત્વ' ઇત્યાદિ. એકદેશીની વ્યાખ્યા ઉઠાવે છે—'અહિં કેટલાક' ઇત્યાદિ. 'न स्थानतोऽपि' [બ્રહ્મસૂ૦ ૧૧] ઇત્યાદિ એક અધિકરણ છે; તેમા બ્રહ્મ નિષ્પ્રપંચ છે એમ થયે, બ્રહ્મ કેવા લક્ષણવાળુ છે એમ સંદેહ થયે 'प्रकाशवच्च' [બ્રહ્મસૂ૦ ૧૫] ઇત્યાદિ બીજું અધિકરણ પ્રવૃત્ત થયું છે. બ્રહ્મ સત્તારૂપજ નથી, પણ પ્રકાશવત્-ચિદ્રૂપ પણ છે, શાથી? 'अवैयर्थ्यात्'–'सत्यं ज्ञानं,' 'सदेव सोम्य' એમ ઉભયશ્રુતિ દ્વિરૂપ બ્રહ્મ લેવાથી અર્થવત્ થાય છે તેથી એમ પૂર્વપક્ષ થયે સિદ્ધાન્ત કહે છે—'आह च तन्मात्रम्'–બ્રહ્મ સન્માત્ર છે એમ શ્રુતિ કહે છે; કેમકે જ્ઞાન એ સત્તાથી ભિન્ન નથી એવો સિદ્ધાન્ત છે. એ બીજા અધિકરણને દૂષિત

તેથી; કારણ કે મૂર્ત સૂર્યાદિથી પૃથગ્ભૂત, દૂર દેશમાં રહેલા મૂર્ત જળનું ગ્રહણ કરાય છે. તેમાં સૂર્યાદિના પ્રતિબિંબનો ઉદય યુક્ત છે. પણ આત્મા મૂર્ત નથી અને ઉપાધિઓ એનાથી પૃથગ્ભૂત અને દૂરદેશસ્થ નથી; કેમકે તે સર્વમાં રહેલો છે અને સર્વથી અનન્ય છે. તેટલા માટે એ દૃષ્ટાન્ત અયુક્ત છે ॥ ૧૯ ॥

આ શંકાનું નિરાકરણ કરે છે—

वृद्धिह्रासभाक्त्वमन्तर्भावादुभयसामञ्जस्यादेवम् ॥ २० ॥

(ઉપાધિને વિષે) અન્તર્ભાવ છે તેથી (આત્મા તેના) વૃદ્ધિ અને હ્રાસને ભજે છે; (દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક એ) બંનેના ઘટિતપણાને લીધે એમ (અવિરોધ) છે ॥ ૨૦ ॥

પણ એ દૃષ્ટાન્ત યુક્ત જ છે; કેમકે એમાં વિવક્ષિત અંશનો સંભવ છે. ખરેખર, દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક એ બેમાં, ક્વચિત્ કિંચિત્ વિવક્ષિત અંશ સિવાય, સર્વસારૂપ્ય કદાપી દેખાડવું શક્ય નથી; કેમકે સર્વસારૂપ્ય હોય તો દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક ભાવનો ઉચ્છેદ જ થાય. વળી આ જળસૂર્યક આદિ દૃષ્ટાન્ત સ્વબુદ્ધિથી આણેલો નથી. શાસ્ત્રે પ્રણીત કરેલા એ દૃષ્ટાન્તના પ્રયોજનમાત્રનો ઉપન્યાસ કર્યો છે. પણ અહીં વિવક્ષિત સારૂપ્ય શું છે? તે કહીએ છીએ—વૃદ્ધિ અને હ્રાસને ભજવાં તે. ખરેખર, જળમાં રહેલું સૂર્યપ્રતિબિંબ જળની વૃદ્ધિ થયે વૃદ્ધિ પામે છે, જળનો હ્રાસ થયે હ્રાસ પામે છે, જળ ચલિત થયે, ચલિત થાય છે, અને જળ ભિન્ન થયે ભિન્ન થાય છે. એવી રીતે જળધર્મને અનુસરતું થાય છે; પણ પરમાર્થતઃ સૂર્ય તેવો નથી; એ રીતે બ્રહ્મ પરમાર્થથી અવિકૃત, એકરૂપ છે તોપણ દેહાદિ ઉપાધિના

---

* [illegible] આત્મા [illegible] ઉપાધિ નથી તેથી [illegible] ॥ ૧૯ ॥

[illegible] 'वृद्धिह्रासभाक्त्वम्' [illegible] દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક [illegible] — પણ એ દૃષ્ટાન્ત યુક્ત જ [illegible] — ખરેખર, દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક [illegible] — વળી આ જળસૂર્યક આદિ દૃષ્ટાન્ત' [illegible] (૩૮ સૂ.) [illegible] — શાસ્ત્રે પ્રણીત કરેલા એ દૃષ્ટાન્તના'

અન્તર્ભાવથી વૃદ્ધિ, ક્ષય આદિ ઉપાધિ ધર્મો ભજે છેજ. એમ બંને, દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકના ઘટિતપણાથી અવિરોધ છે ॥ ૨૦ ॥

दर्शनाच्च ॥ २१ ॥

અને (શ્રુતિના) દર્શનથી ॥ ૨૧ ॥

વળી પર બ્રહ્મનાજ દેહાદિ ઉપાધિને વિષે અનુપ્રવેશને શ્રુતિ દર્શાવે છે—'पुरश्चक्रे द्विपदः पुरश्चक्रे चतुष्पदः । पुरः स पक्षी भूत्वा पुरः पुरुष आविशत् ॥' [બૃ૦ ૨।૫।૧૮] (તેણે—પરમેશ્વરે, બે પાદથી ઉપલક્ષિત શરીરો—મનુષ્યશરીરો અને પક્ષિશરીરો કર્યાં; તેમજ ચાર પાદથી ઉપલક્ષિત શરીરો—પશુશરીરો કર્યાં; પ્રથમ તે પરમેશ્વર પક્ષી-લિંગશરીર થઈને શરીરમાં દાખલ થયો, સર્વ પુરમાં-શરીરોમાં તે સુએ છે માટે પુરુષ છે) એમ અને 'अनेन जीवेनात्मनानुप्रविश्य' [છાન્દો૦ ૬।૩।૨] (આ જીવાત્મા વડે અનુપ્રવેશ કરીને) એમ. તેટલા માટે 'अत एव चोपमा सूर्यकादिवत्' [બ્રહ્મસૂ૦ ૩।૨।૧૮] એ યુક્ત છે. તેટલા માટે નિર્વિશેષત્વ એ એકજ લિંગવાળું બ્રહ્મ છે, બે લિંગવાળું નથી કે વિપરીત લિંગવાળું નથી એમ સિદ્ધ થયું. અહિં કેટલાક બે અધિકરણ કલ્પે છે. પહેલું—બ્રહ્મ એક આકારવાળું છે, જેમાંથી અશેષ પ્રપંચ જતો રહ્યો છે કે પ્રપંચની પેઠે અનેક આકારવાળું છે? બીજું—જેમાંથી પ્રપંચ જતો રહ્યો છે એવું

ઇત્યાદિ. આત્મા નિર્વિશેષ છે એ જ્ઞાન એ પ્રયોજન છે 'અવિરોધ છે' = વૈષમ્ય નથી એવો અર્થ છે. આત્મા પ્રતિબિમ્બશૂન્ય છે, રૂપશૂન્ય દ્રવ્ય છે તેથી, વાયુની પેઠે એ અનુમાનમાં આકાશમાં હેતુનો વ્યભિચાર થાય છે; કેમકે અલ્પ જળમાં વિદૂર આકાશનુ પ્રતિબિંબ જોવામાં આવે છે; આમ ઉપાધિના રૂપમા હેતુ એની પણ ક્વચિત્ અનપેક્ષા છે એવો ભાવ છે. ॥૨૦॥

પ્રવેશશ્રુતિને ઉક્ત અનુમાનનો બાધ છે એમ સૂત્રકાર કહે છે—'दर्शनाच्च' એમ. 'पुरश्चक्रे' ઇત્યાદિ—તેણે બે પગવાળા શરીરો—એટલે મનુષ્ય આદિ શરીરો કર્યાં, ચાર પગવાળાં શરીરો—પશુઓને કરીને, પ્રથમ એટલે ચક્ષુ આદિ અભિવ્યક્ત થયા પહેલા તે ઈશ્વર પક્ષી એટલે લિંગશરીર થઈને ઉક્ત શરીરોમાં પ્રવિષ્ટ થયો. તે પ્રવિષ્ટ થયલો પણ પુરુષ એટલે પૂર્ણજ છે, તેનાથી અન્ય વસ્તુનો અભાવ છે તેથી, એવો અર્થ છે. તૈત્તિરીયકમા લિંગ શરીરને પક્ષ આદિ તરીકે કહ્યું છે. તેથી પક્ષી એટલે લિંગશરીરી, ઈશ્વર. આ પ્રમાણે જેહાદિ પ્રતિબિંબભાવે કલ્પિત છે તેથી બ્રહ્મ નિર્વિશેષ છે એમ પોતાના મતનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે નિર્વિશેષત્વ' ઇત્યાદિ. એકદેશીની વ્યાખ્યા ઉઠાવે છે—'અહિં કેટલાક' ઇત્યાદિ. 'न स्थानतोऽपि' [બ્રહ્મસૂ૦ ૧૧] ઇત્યાદિ એક અધિકરણ છે; તેમાં બ્રહ્મ નિષ્પ્રપંચ છે એમ થયે, બ્રહ્મ કેવા લક્ષણવાળુ છે એમ સંદેહ થયે 'प्रकाशवच्च' [બ્રહ્મસૂ૦ ૧૫] ઇત્યાદિ બીજું અધિકરણ પ્રવૃત્ત થયું છે. બ્રહ્મ સત્તારૂપજ નથી, પણ પ્રકાશવત્–ચિદ્રૂપ પણ છે, શાથી? 'अवैयर्थ्यात्'–'सत्यं ज्ञानं,' 'सदेव सोम्य' એમ ઉભયશ્રુતિ દ્વિરૂપ બ્રહ્મ હોવાથી અર્થવત્ થાય છે તેથી એમ પૂર્વપક્ષ થયે સિદ્ધાન્ત કહે છે—'आह च तन्मात्रम्'–બ્રહ્મ સન્માત્ર છે એમ શ્રુતિ કહે છે; કેમકે જ્ઞાન એ સત્તાથી ભિન્ન નથી એવો સિદ્ધાન્ત છે. એ બીજા અધિકરણને દૂષિત

બ્રહ્મ છે એમ થયે શું તે સદ્રૂપ છે કે જ્ઞાનરૂપ છે કે ઉભયરૂપ છે? એને વિષે અમે કહીએ છીએ—સર્વથા અન્ય અધિકરણ આરંભનું અનર્થક છે. પર બ્રહ્મ અનેકલિંગ છે એનું નિરાકરણ કરવું છે એમ જો પ્રયાસ હોય તો એનું 'न स्थानतोऽपि' [બ્રહ્મસૂ૦ ૧૧-૧૪] એ અધિકરણથીજ નિરાકરણ થયું છે તેથી પછીનું 'प्रकाशवच्च' [બ્રહ્મસૂ૦ ૧૫] એ અધિકરણ વ્યર્થજ થાય. વળી બ્રહ્મ સદ્રૂપજ છે, જ્ઞાનરૂપ નથી એમ કહેવું શક્ય નથી; કેમકે 'विज्ञानघनः' [બૃહ૦ ૨।૪।૧૨] (વિજ્ઞાનરૂપજ) ઇત્યાદિ શ્રુતિ વ્યર્થ થવાનો પ્રસંગ આવે; વળી ચૈતન્યરહિત બ્રહ્મનો ચેતન જીવના આત્મા તરીકે શી રીતે ઉપદેશ કરાય? તેમજ બ્રહ્મ જ્ઞાનરૂપજ છે, સદ્રૂપ નથી એમ કહેવું પણ શક્ય નથી; કેમકે 'अस्तीत्येवोपलब्धव्यः' [કઠ૦ ૨।૬।૧૩] ('છે' એમજ એની ઉપલબ્ધિ કરવી યુક્ત છે) ઇત્યાદિ શ્રુતિ વ્યર્થ થવાનો પ્રસંગ આવે. વળી જેમાં અસ્તિત્વ નથી એવું જ્ઞાન શી રીતે સ્વીકારાય? તેમજ બ્રહ્મ ઉભયરૂપજ છે એમ પણ કહેવું શક્ય નથી; કેમકે પૂર્વે જેનો સ્વીકાર કર્યો છે તેની સાથે વિરોધ થવાનો પ્રસંગ આવે. સત્તાથી ભિન્ન જે જ્ઞાન તે જ્ઞાનથી યુક્ત અને જ્ઞાનથી ભિન્ન જે સત્તા તે સત્તાથી યુક્ત બ્રહ્મ છે એમ પ્રતિજ્ઞા કરનારને પૂર્વ અધિકરણમાં જેનો પ્રતિષેધ કર્યો છે એવું પ્રપંચયુક્ત બ્રહ્મ પ્રસક્ત થાય. પણ એ શ્રુતિપ્રતિપાદિત છે તેથી દોષ નથી એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે જે એક છે તે અનેક સ્વભાવવાળું થાય તે યુક્ત નથી. સત્તાજ જ્ઞાન છે અને જ્ઞાનજ સત્તા છે અને એ બેની પ-

---

કરે છે—'એને વિષે અમે કહીએ છીએ' ઇત્યાદિ. બીજા અધિકરણનું શું ફળ છે, શું બ્રહ્મના અનેક રૂપનુ નિરસન કરવુ એ ફળ છે, કે બ્રહ્મના જ્ઞાનરૂપનું નિરસન કરવું એ છે કે સત્તારૂપનું નિરસન કરવું એ ફળ છે એમ વિકલ્પ કરી સર્વથા ફળ નથી એમ પ્રપંચે દર્શાવવા આદ્ય વિકલ્પમાં ગતાર્થતા કહે છે—'પર બ્રહ્મ અનેક લિંગ છે' ઇત્યાદિ. બીજો વિકલ્પ પણ યુક્ત નથી એમ કહે છે—'વળી બ્રહ્મ સદ્રૂપજ છે' ઇત્યાદિ. વળી બ્રહ્મના જ્ઞાનરૂપનુ નિરસન કરવાથી બ્રહ્મ જડ થવાથી જીવથી બ્રહ્મ અભિન્ન છે એ શ્રુતિને બાધ આવે એમ કહે છે-'વળી ચૈતન્યરહિત બ્રહ્મનો' ઇત્યાદિ. તૃતીય પક્ષ પણ યુક્ત નથી એમ કહે છે—'તેમજ બ્રહ્મ જ્ઞાનરૂપજ છે' ઇત્યાદિ. સત્તાનુ નિરસન કરવાથી જ્ઞાન તુચ્છ થાય એમ કહે છે-'વળી જેમાં અસ્તિત્વ નથી' ઇત્યાદિ. અત્ર આવી શંકા કરવી યુક્ત નથી કે જ્ઞાન સત્તાથી અભિન્ન હોવાથી તુચ્છતા નથી; કેમકે સત્ અને બોધ એ બે પદ એકજ અર્થના વાચક થાય તો એ બે પર્યાય થવાનો પ્રસગ આવે. આ પ્રમાણે ફળનો અભાવ છે એમ સિદ્ધાન્તને દૂષિત કરી પૂર્વપક્ષને દૂષિત કરે છે-'તેમજ બ્રહ્મ ઉભયરૂપજ છે' ઇત્યાદિ. પ્રસંગજ કહે છે.—'સત્તાથી ભિન્ન જે જ્ઞાન' ઇત્યાદિ. બ્રહ્મ નિષ્પ્રપંચ એકરૂપ છે એ સિદ્ધાન્ત સાથે વિરોધ થવાથી, ભિન્ન ઉભયરૂપ છે એ પૂર્વપક્ષ ઊભો થઈ શકતો નથી એવો અર્થ છે. પણ બંને પ્રકારની શ્રુતિ છે તેના બળથી પૂર્વપક્ષ ઊઠી શકશે એમ શંકા કરે છે—'પણ એ શ્રુતિપ્રતિપાદિત છે તેથી દોષ નથી' ઇત્યાદિ. મેરુ અને વિન્ધ્યની પેઠે પરસ્પર ભિન્ન, સત્તા અને જ્ઞાન એ બંને એક બ્રહ્મથી અભિન્ન છે એવી શંકા સેંકડો શ્રુતિથી પણ યુક્ત નથી એમ કહે છે. વિરુદ્ધ અર્થ શ્રુતિ પણ કહે નહિ, માટે તેને આધારે બ્રહ્મનું ઉભયસ્વરૂપ યુક્ત નથી એમ કહે છે—'તે યુક્ત નથી; કેમકે જે એકજ છે' ઇત્યાદિ. સત્તા અને જ્ઞાનનો ભેદ છે કે નહિ? આદ્ય પક્ષમાં શ્રુતિ પણ વિરુદ્ધ અર્થ કહે એ અનુપપન્ન છે તેથી પૂર્વપક્ષ ઊભો થઈ શકતો નથી એમ કહ્યું છે.

રસપરથી ભિન્ન નથી એમ જો કહે તોપણ શું બ્રહ્મ સદ્રૂપ છે, કે જ્ઞાનરૂપ છે કે ઉભયરૂપ એ વિકલ્પ નિરાધારજ થશે. સૂત્રોને તો અમે એક અધિકરણમાંજ આણ્યાં છે. વળી સાકાર અને અનાકાર બ્રહ્મ પ્રતિપાદન કરવાથી બ્રહ્મવિષયક શ્રુતિઓ વિરુદ્ધ હોવાથી, અનાકાર બ્રહ્મનું પરિગ્રહણ કર્યું એટલે અન્ય શ્રુતિઓની ગતિ અવશ્ય કહેવીજ જોઈએ; અને તે અર્થમાં 'प्रकाशवच्च'[1] [બ્રહ્મસૂ૦ ૧૫] ઇત્યાદિ સૂત્ર વિશેષ અર્થવાન્ થાય છે. આકાર કહેનારી પણ શ્રુતિઓનો અર્થ પ્રપંચનો પ્રવિલય કહી અનાકાર પ્રતિપાદન કરવાનોજ છે, જુદો નથી એમ જે કહે છે તે પણ સમીચીન જણાતું નથી. કેવી રીતે? ખરેખર, પર વિદ્યાના અધિકારમાં 'युक्ता ह्यस्य हरयः शता दशेत्ययं वै हरयोऽयं वै दश च सहस्राणि बहूनि चानन्तानि च' [બૃહ૦ ૨।૫।૧૯] (રથની સાથે ઘોડાઓની પેઠે) એ આત્માને જોડાયેલી ઇન્દ્રિયો સો અને દસ છે, એ આત્માજ ઇન્દ્રિયો છે, એજ દસ, સહસ્ર, બહુ અને અનન્ત છે) ઇત્યાદિ જે કેટલાક પ્રપંચો કહ્યા છે તેનો અર્થ પ્રવિલય છે: કેમકે 'तदेतद्ब्रह्मापूर्वमनपरमनन्तरमबाह्यम्' [બૃહ૦ ૨।૫।૧૯] (તે એ બ્રહ્મ છે. જેને પૂર્વ નથી, પર નથી,

હવે દ્વિતીય પક્ષની શંકા કરે છે—'સત્તાજ જ્ઞાન છે' ઇત્યાદિ. સત્ય અને જ્ઞાન એ બે પદનો વાચ્ય અર્થ ભિન્ન છે તોપણ લક્ષ્ય અર્થ એક થાય એ ઉપપન્ન છે: અખણ્ડ અર્થ સ્વીકારવાથી એવો અર્થ છે. અખણ્ડ અર્થ એ પૂર્વપક્ષ ન થાય; કેમકે એ સિદ્ધાન્ત છે. વળી આદિ સંશય પણ અયુક્ત છે એમ કહે છે—'તોપણ શું બ્રહ્મ સદ્રૂપ છે કે જ્ઞાનરૂપ છે' ઇત્યાદિ. એક અધિકરણ છે એ પક્ષમાં સૂત્રો શી રીતે સમજાવવાં તેને વિષે કહે છે—'સૂત્રોને તો અમે' ઇત્યાદિ. પોતાના પક્ષમાં સૂત્રોની પણ યોજના છે એમ કહે છે—'વળી સાકાર અને અનાકાર બ્રહ્મ પ્રતિપાદન કરવાથી' ઇત્યાદિ. પૂર્વ અધિકરણમાં અપેક્ષિત જે અન્ય હેતુ તે ઉત્તર સૂત્રો કહે છે તેથી ઉત્તર સૂત્રો તેના અંગ છે. એથી ભિન્ન અધિકરણની કલ્પના યુક્ત નથી. કલ્પિત આકાર એજ આકારશ્રુતિઓની ગતિ છે એમ પોતાનું મત કહ્યું. પ્રપંચનો પ્રવિલય થાય છે એમ કહેનારાઓ તો 'मनोमयः प्राणशरीरः सत्यकामः' ઇત્યાદિ આકારશ્રુતિઓની ગતિ તેથી અન્ય આકારનો પ્રવિલય માનવાથી કરવી એમ કહે છે. 'મનોમયઃ' એનો શો અર્થ? મનથી અન્ય ઉપાધિથી રહિત એવો અર્થ છે. એ પ્રમાણે 'પ્રાણશરીરઃ' એટલે પ્રાણથી અન્ય ઉપાધિથી શૂન્ય એમ પ્રાણથી અન્ય ઉપાધિનો નિષેધ હોવાથી મનનો પણ આકાર સિદ્ધ થાય છે; એમ સર્વે શબ્દો અનાકાર બ્રહ્મજ પ્રતિપાદન કરે છે એવા પ્રપંચવિલયવાદીના મતનો અનુવાદ કરીને તેને દૂષિત કરે છે—'આકાર કહેનારી પણ શ્રુતિઓનો અર્થ' ઇત્યાદિ. શું જ્ઞેય બ્રહ્મના પ્રકરણમાં આવેલા આકારશબ્દો નિષેધપર છે કે ઉપાસનાપ્રકરણમાં આવેલા શબ્દો? આદ્ય પક્ષનો અસ્વીકાર કરે છે—'ખરેખર, પર વિદ્યાના અધિકારમાં' ઇત્યાદિ. 'युक्ता ह्यस्य' ઇત્યાદિ—શ્રવણને પ્રાપ્ય થયેલા એના જોડેલા ઇન્દ્રિયરૂપ દશ હરિ—ઇન્દ્રિયો છે. હરણ કરે છે માટે ઇન્દ્રિયોને હરિ કહી છે. પ્રાણિઓની અપેક્ષાથી દશ અને સહસ્ર ઇન્દ્રિયો છે એમ રથમાં ઘોડાઓ જોડાય છે તેમ એ આત્માને યુક્ત થયેલી, પોતાના વિષયોને પ્રકાશ કરવા માટે દશ ઇન્દ્રિયો છે, પ્રાણિઓને લીધે દશ અને સહસ્ર છે એમ ઉપાસ્ય છે તેથી આત્મા અને ઇન્દ્રિયોનો ભેદ છે એમ શંકા થાય તેથી કહ્યું છે કે 'अयं वै हरयः'—એજ આત્મા ઇન્દ્રિયો છે. હવે દ્વિ-

૧ કાઠ૦ ૧.૩.૩

અન્તર નથી, બાહ્ય નથી) એમ ઉપસંહાર છે. પણ 'मनोमयः प्राणशरीरो भारूपः' [છાન્દો૦ ૩।૧૪।૨] (મનોમય, પ્રાણશરીર અને ચૈતન્યરૂપ છે) ઇત્યાદિ જે પ્રપંચો ઉપાસનાવિધાનના અધિકારમાં કહ્યા છે તેનો અર્થ પ્રવિલય છે એમ કહેવું યુક્ત નથી; કેમકે 'स क्रतुं कुर्वीत' [છાન્દો૦ ૩।૧૪।૧] (તેણે ક્રતુ—અધ્યવસાય કરવો) એ પ્રકારના પ્રકૃત ઉપાસનાવિધિ સાથે તે પ્રપંચોનો સંબન્ધ છે. શ્રુતિથી એ પ્રકારના ગુણો ઉપાસનાર્થક છે એમ સંભવ છે તેથી લક્ષણા લઈ એનો પ્રવિલય અર્થ સંભવતો નથી. વળી સર્વ પ્રપંચોનો પ્રવિલય એવો સાધારણ અર્થ થાય તો 'अरूपवदेव हि तत्प्रधानत्वात्' [બ્રહ્મસૂ૦ ૩।૨।૧૪] એમ જે વિનિગમનાનું કારણ કહ્યું છે તે અવકાશરહિત થાય. વળી એનું ફળ પણ ઉપદેશને અનુસારે ક્વચિત્ પાપનો ક્ષય, ક્વચિત્ ઐશ્વર્યની પ્રાપ્તિ અને ક્વચિત્ ક્રમમુક્તિ એમ સમજાય છેજ, તેથી ઉપાસનાવાક્યો અને બ્રહ્મવાક્યોની પૃથગર્થતાજ ન્યાય્ય છે, એકવાક્યતા નહિ. વળી એ વાક્યોની એકવાક્યતા શી રીતે સંભવે છે તે કહેવું જોઈએ. પ્રયાજ અને દર્શપૂર્ણમાસનાં વાક્યોની પેઠે એક નિયોગ પ્રતીત થાય છે તેથી એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે બ્રહ્મવાક્યોમાં નિયોગનો અભાવ છે. ખરેખર, બ્રહ્મવાક્યો વસ્તુમાત્રમાં પર્યવસાન પામે છે, નિયોગનો ઉપદેશ કરતાં નથી એમ 'तत्तु समन्वयात्'

તીય પક્ષને દૂષિત કરે છે—"પણ 'मनोमयः प्राणशरीरो भारूपः'" ઇત્યાદિ. મનોમય આદિ શબ્દો મુખ્ય અર્થમાં ગુણપર થવાનો સંભવ છે ત્યારે નિષેધલક્ષણા કરવી યુક્ત નથી. શ્રુતિનો ત્યાગ કરી લક્ષણા યુક્ત નથી; કેમકે શ્રુતિ વધારે બળવાન્ છે એમ કહે છે—'શ્રુતિથી એ પ્રકારના ગુણો' ઇત્યાદિ. વળી આકારશ્રુતિ અને અનાકારશ્રુતિ એમ બે પ્રકારની શ્રુતિ છે તેમાં બ્રહ્મ અનાકારજ છે એવી [1]વિનિગમના કઈ છે એવી શંકા ઊઠવાથી 'अस्थूलम्' [બૃહ૦ ૩।૮।૮] ઇત્યાદિ શ્રુતિઓનું નિરાકારતાત્પર્ય નિયામક છે એમ કહેવા માટે એ સૂત્ર અર્થવત્ થાય છે. પણ સર્વ શ્રુતિઓ નિષેધાર્થક હોય તો શંકા ઊઠતી નથી તેથી નિયામકસૂત્ર વ્યર્થ થાય એમ કહે છે—'વળી સર્વ પ્રપંચોનો' ઇત્યાદિ. પણ ઉપાસનાવાક્યોને સ્વાર્થમાં ફળનો અભાવ છે તેથી તેઓ ફલયુક્ત નિષેધવાક્યોનાં અંગ છે એમ આશંકા કરી ને દૂર કરવા કહે છે કે ફળ શ્રુતિમાં કહ્યું છે તેથી એ વાક્યો અન્ય વાક્યોનાં અંગ નથી—'વળી એનું ફળ પણ ઉપદેશને અનુસારે' ઇત્યાદિ. એક અર્થ નથી તેથી એકવાક્યતા નથી એમ કહે છે—'વળી એ વાક્યોની એકવાક્યતા' ઇત્યાદિ. એક અર્થ છે એમ શંકા કરે છે—'પ્રયાજ અને દર્શપૂર્ણમાસનાં વાક્યોની પેઠે' ઇત્યાદિ. જેમ ફલવત્ પરમ અપૂર્વ એવો જે નિયોગ તે એક હોવાથી અંગવાક્યો અને પ્રધાનવાક્યોની એકવાક્યતા છે, તેમ તત્ત્વજ્ઞાન મેળવવા ઇચ્છનારને પ્રપંચના પ્રવિલય વિષેનો એક નિયોગરૂપ અર્થ છે તેથી આકારવાક્યો અને અનાકારવાક્યો એ સર્વેની એકવાક્યતા છે એવો અર્થ છે. પ્રયાજદર્શપૂર્ણમાસ વાક્યોમાં વિષય અને અનુબન્ધ ભિન્ન છે તેથી નિયોગનો ભેદ છે તોપણ બંને સ્થળે અધિકારયુક્ત નિયોગ એકજ છે. પ્રયાજવાક્યમાં અધિકારીનું શ્રવણ નથી તેથી તેની આકાંક્ષામાં દર્શપૂર્ણમાસવાક્ય સાથે તેની એકવાક્યતા થાય છે; તેવી રીતે તત્ત્વનું જ્ઞાન મેળવવા ઇચ્છનારને એક નિયોગ છે તેથી સર્વત્ર એકવાક્યતા છે એવો અર્થ છે. હવે એનું ખંડન કરે છે કે નિયોગ અસિદ્ધ છે—'તે યુક્ત નથી, કેમકે બ્રહ્મવાક્યોમાં' ઇત્યાદિ. વિષયની સંક

૧ એક પક્ષ નક્કી કરાવનાર યુક્તિ.

[બ્રહ્મસૂ૦ ૧।૧।૪] (તે { બ્રહ્મ } તો { વેદાન્તથી સમજાય છે } સમન્વયથી) એમાં વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. વળી અહિં નિયોગ શા વિષે અભિપ્રેત છે તે કહેવું જોઈએ; કારણ કે પુરુષ નિયુક્ત થાય છે ત્યારે 'કરો' એમ કોઈક પોતાના વ્યાપારમાં નિયુક્ત કરાય છે. પણ (અત્ર શંકા છે) દ્વૈતપ્રપંચનો પ્રવિલય એ નિયોગનો વિષય થશે; કારણ કે દ્વૈતપ્રપંચનો પ્રવિલય નહિ કરાય ત્યાંસુધી બ્રહ્મતત્ત્વનું જ્ઞાન નહિ થાય. તેટલા માટે બ્રહ્મતત્ત્વના જ્ઞાનનો પ્રતિબન્ધક જે દ્વૈતપ્રપંચ તેનો પ્રવિલય કરાવવો જોઈએ. જેમ સ્વર્ગ ઇચ્છનારને યાગનું અનુષ્ઠાન કરવું એમ ઉપદેશ કરાય છે એમ મોક્ષ ઇચ્છનારને પ્રપંચના પ્રવિલયનો ઉપદેશ કરાય છે; અને જેમ અન્ધકારમાં રહેલા ઘટાદિતત્ત્વને જાણવા ઇચ્છનારથી તે તત્ત્વના પ્રતિબન્ધક અન્ધકારનો પ્રવિલય કરાય છે, તેમ બ્રહ્મતત્ત્વને જાણવા ઇચ્છનારથી તે તત્ત્વના પ્રતિબન્ધક પ્રપંચનો પ્રવિલય કરાવો જોઈએ; કારણ કે 'બ્રહ્મ જેનો [1]સ્વભાવ છે એવો પ્રપંચ છે, પ્રપંચ જેનો સ્વભાવ છે એવું બ્રહ્મ નથી. (એમ શંકા છે). એને વિષે અમે પૂછીએ છીએ—એ પ્રપંચનો પ્રવિલય એટલે શું? શું અગ્નિપ્રતાપના સંપર્કથી ઘૃતની કઠિનતાનો પ્રવિલય થાય છે તેમ પ્રપંચનો પ્રવિલય કરવો જોઈએ કે એક ચન્દ્રને વિષે નેત્રદોષે કરેલા અનેક ચન્દ્રના પ્રપંચની પેઠે બ્રહ્મને વિષે અવિદ્યાએ કરેલા નામરૂપપ્રપંચનો વિદ્યા વડે પ્રવિલય કરાવવો જોઈએ એમ (અમે પૂછીએ છીએ). તેમાં જો આ વિદ્યમાન દેહાદિલક્ષણ આધ્યાત્મિક પ્રપંચનો અને પૃથિવી આદિ લક્ષણ બાહ્ય પ્રપંચનો પ્રવિલય કરાવવો જોઈએ એમ કહેવાય તો પુરુષમાત્રથી તેનો પ્રવિલય કરાવવો અશક્ય છે તેથી તેના પ્રવિલયનો ઉપદેશ અશક્ય વિષયવાળોજ થશે; વળી એક આદિ મુક્ત પુરુષે પૃથિવી આદિનો પ્રવિલય કીધો એટલે હવે જગત્ પૃથિવી આદિથી રહિત થયું. એક બ્રહ્મને વિષે અવિદ્યાથી અધ્યસ્ત થયેલો એ પ્રપંચનો વિદ્યાથી વિપ્રલય કરાય છે એમ જો કહેશો તો અવિદ્યાથી અધ્યસ્ત થયલા પ્રપંચના નિરાકરણથી બ્રહ્મજ જાણવા યુક્ત છે—

કરે છે—'પણ દ્વૈતપ્રપંચનો પ્રવિલય' ઇત્યાદિ. પણ પ્રપંચનો લય થવાથી બ્રહ્મનો પણ લય થાય, એવો છે તેથી એ શંકાને લીધે કહે છે—'બ્રહ્મ જેનો સ્વભાવ છે' ઇત્યાદિ. ખરેખર, કારણ કાર્યનું સ્વરૂપ છે, એથી કાર્યનો નાશ થાય છે તોપણ કારણનો લય થતો નથી; કેમકે ઘટનો નાશ થાય છે તોપણ મૃત્તિકા જોવામાં આવે છે એવો અર્થ છે. સત્ય કે કલ્પિત પ્રપંચનું લયને વિષે વિધાન છે એમ વિકલ્પ કરી આદ્ય પક્ષને દૂષિત કરે છે—'તેમાં જો આ વિદ્યમાન' ઇત્યાદિ. સત્ય વસ્તુનો જ્ઞાનથી ધ્વંસ થતો નથી તેથી અને બધા દ્વૈતનો મુસળી વગેરેથી ધ્વંસ થઈ શકતો નથી તેથી આકાશનો ગ્રાસ કરવાના વિધિ જેવો એ પ્રપંચધ્વંસ અશક્ય છે એવો અર્થ છે. વળી શુક આદિની મુક્તિથી સર્વની મુક્તિ થાય એવો અર્થ છે. દ્વિતીય પક્ષનો અનુવાદ કરી દૂષિત કરે છે—'એક બ્રહ્મને વિષે' ઇત્યાદિ. તાત્પર્ય આ પ્રમાણે છે—શું વાસ્તવિક પ્રપંચનો પ્રવિલય છે જેમ અગ્નિના સંયોગથી ઘીનો પ્રવિલય થાય છે તેમ, કે સમારોપિત પ્રપંચનો, જેમ રજ્જુના તત્ત્વનું પરિજ્ઞાન થવાથી રજ્જુને વિષે સમારોપિત સર્પભાવનો પ્રવિલય થાય છે તેમ? હવે સર્વસાધારણ, પૃથિવી આદિ પ્રપં-

[1] સ્વભાવ = પારમાર્થિક સ્વરૂપ. પ્રપંચનું પારમાર્થિક સ્વરૂપ બ્રહ્મ છે.

'एकमेवाद्वितीयं ब्रह्म' [છાન્દો૦ ૬ા૨ા૧] (એકજ અદ્વિતીય બ્રહ્મ) 'तत्
स आत्मा तत्त्वमसि' [છાન્દો૦ ૬ા૮ા૭] (તે સત્ય છે, તે આત્મા છે, તે તું
એમ. તે બ્રહ્મનું જ્ઞાન કરાવાય એટલે વિદ્યા જાતેજ ઉત્પન્ન થાય છે અને તે
ઘાથી અવિદ્યાનો બાધ થાય છે, અને પછી અવિદ્યાથી અધ્યસ્ત થયલા આ
નામરૂપપ્રપંચનો સ્વપ્નપ્રપંચની પેઠે પ્રવિલય થાય છે. પણ બ્રહ્મનું જ્ઞાન ન
વાયું હોય ત્યારે 'બ્રહ્મનું વિજ્ઞાન કરો', 'પ્રપંચનો પ્રવિલય કરો' એમ સેંકડો
કર્યું હોય તોપણ બ્રહ્મનું વિજ્ઞાન કે પ્રપંચનો પ્રવિલય થતો નથી. પણ (અ
છે) બ્રહ્મનું જ્ઞાન કરાવાય એટલે તેના વિજ્ઞાનને વિષે કે પ્રપંચના વિલયને
નિયોગ થાય. (અમે કહીએ છીએ કે) ના; કેમકે પ્રપંચરહિત બ્રહ્મસ્વરૂ
આવેદનથીજ બંને સિદ્ધ થાય છે. ખરેખર, રજ્જુનું સ્વરૂપ પ્રકાશ કરવા
તેના સ્વરૂપનું વિજ્ઞાન અને અવિદ્યાથી અધ્યસ્ત થયલા સર્પ આદિ પ્રપંચનો પ્ર
લય થાય છે, અને જે કીધેલું હોય તે ફરી કરાતું નથી. વળી પ્રપંચની અ
સ્થામાં જે જીવ [1]નિયોજ્ય સમજાય છે તે પ્રપંચપક્ષનોજ છે કે બ્રહ્મપક્ષનો છે?
થમ વિકલ્પમાં પ્રપંચરહિત બ્રહ્મતત્ત્વનું પ્રતિપાદન હોવાથી પૃથિવી આદિની
જીવનો પણ પ્રવિલય કરાયો છે તેથી પ્રપંચના પ્રવિલયને વિષે કોનો નિયોગ
હેવો કે નિયોગનિષ્ઠ થવાથી કોને મોક્ષ પ્રાપ્તવ્ય છે એમ કહેવું? બીજા વિકલ્પ

ચનો વાસ્તવિક પ્રવિલય પુરુષમાત્રથી થવો શક્ય નથી. પ્રહ્લાદ, શુક આદિ પુરુષશ્રે
પ્રપંચનું સમુન્મૂલન કર્યું છે તેથી જગત્ શૂન્ય થાય. વળી તત્ત્વજ્ઞાનથી વાસ્તવિક
સમુચ્છેદન થવું શક્ય નથી; કેમકે તત્ત્વજ્ઞાન એ આરોપિત રૂપનું વિરોધી છે. સમારોપિ
પ્રપંચનું તો સમુચ્છેદન બ્રહ્મતત્ત્વ જણાવનાર વાક્યોથી બ્રહ્મતત્ત્વ જાણનારોએ કરવું શક્ય
એટલે એમાં વિધિનું પ્રયોજન નથી. 'આત્મજ્ઞાનને વિષે પ્રવૃત્ત થાઓ,' 'પ્રપંચનો પ્રવિ
કરો' એવા સેંકડો વિધિથી પ્રવર્તિત થયલો પુરુષ તત્ત્વજ્ઞાન વગર પ્રપંચનો પ્રવિલય કરી
કતો નથી. ઉપદેશજન્ય જ્ઞાનથીજ અવિદ્યા અને તજ્જન્ય પ્રપંચનો લય સિદ્ધ થાય છે તે
નિયોગ વૃથાજ છે એવો અર્થ છે. વળી બ્રહ્મજ્ઞાન આદિને વિષે જે વિધિ કહો છો તે બ્ર
જ્ઞાન થયા પહેલાં કે જ્ઞાન થયે? આદ્ય પક્ષ યુક્ત નથી, અશક્ય છે તેથી એમ કહે છે–
'પણ બ્રહ્મનું જ્ઞાન ન કરાવાયું હોય ત્યારે' ઇત્યાદિ. બીજા પક્ષની શંકા કરે છે–
'પણ બ્રહ્મનું જ્ઞાન કરાવાય એટલે' ઇત્યાદિ. ઉપદેશથીજ બ્રહ્મનું જ્ઞાન થયું એ
સાક્ષાત્કાર અને દ્વૈતનો બાધ સિદ્ધ થાય છે તેથી વિધિ વ્યર્થ છે; કેમકે જે સિદ્ધ થયું
તેને વિધિ કરે એ અયુક્ત છે એમ કહે છે—'ના; કેમકે પ્રપંચરહિત' ઇત્યાદિ. તેજ
ષ્ટાન્તથી સ્ફુટ કરે છે—'ખરેખર, રજ્જુનું સ્વરૂપ' ઇત્યાદિ. એ રીતે વિષયના અભાવ
નિયોગનો અભાવ કહીને નિયોજ્યના અભાવથી તેનો અભાવ કહે છે—'વળી પ્રપંચ
અવસ્થામાં જે જીવ નિયોજ્ય સમજાય છે' ઇત્યાદિ. 'પ્રપંચપક્ષનોજ' = પ્રપંચ
અંતર્ભૂત થયલો પ્રશ્ન. આદ્ય પક્ષમાં નિયોજ્ય કોણ થાય, કેમકે જીવ તો ઉચ્છિન્ન થાય છે
તે પ્રપંચપક્ષમાં હોવાથી. જીવનો નાશ થવાથી વિધિ અયુક્ત છે. દ્વિતીય પક્ષમાં નિયોજ
અસિદ્ધ છે. બ્રહ્મતત્ત્વ નિષ્પ્રપંચ છે એમ કહ્યું છે તેને વિષે કોઈ નિયોજ્ય સંભવતો નથી

[1] જેને નિયોગ કરવાનો છે તે.

[બ્રહ્મસૂ૦ ૧।૧।૪] (તે {બ્રહ્મ} તો {વેદાન્તથી સમજાય છે} સમન્વયથી) એમાં વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. વળી અહિં નિયોગ શા વિષે અભિપ્રેત છે તે કહેવું જોઈએ; કારણ કે પુરુષ નિયુક્ત થાય છે ત્યારે 'કરો' એમ કોઈક પોતાના વ્યાપારમાં નિયુક્ત કરાય છે. પણ (અત્ર શંકા છે) દ્વૈતપ્રપંચનો પ્રવિલય એ નિયોગનો વિષય થશે; કારણ કે દ્વૈતપ્રપંચનો પ્રવિલય નહિ કરાય ત્યાંસુધી બ્રહ્મતત્ત્વનું જ્ઞાન નહિ થાય. તેટલા માટે બ્રહ્મતત્ત્વના જ્ઞાનનો પ્રતિબન્ધક જે દ્વૈતપ્રપંચ તેનો પ્રવિલય કરાવવો જોઈએ. જેમ સ્વર્ગ ઇચ્છનારને યાગનું અનુષ્ઠાન કરવું એમ ઉપદેશ કરાય છે એમ મોક્ષ ઇચ્છનારને પ્રપંચના પ્રવિલયનો ઉપદેશ કરાય છે; અને જેમ અન્ધકારમાં રહેલા ઘટાદિતત્ત્વને જાણવા ઇચ્છનારથી તે તત્ત્વના પ્રતિબન્ધક અન્ધકારનો પ્રવિલય કરાય છે, તેમ બ્રહ્મતત્ત્વને જાણવા ઇચ્છનારથી તે તત્ત્વના પ્રતિબન્ધક પ્રપંચનો પ્રવિલય કરાવો જોઈએ; કારણ કે [1]બ્રહ્મ જેનો સ્વભાવ છે એવો પ્રપંચ છે, પ્રપંચ જેનો સ્વભાવ છે એવું બ્રહ્મ નથી. (એમ શંકા છે). એને વિષે અમે પૂછીએ છીએ—એ પ્રપંચનો પ્રવિલય એટલે શું? શું અગ્નિપ્રતાપના સંપર્કથી ઘૃતની કઠિનતાનો પ્રવિલય થાય છે તેમ પ્રપંચનો પ્રવિલય કરવો જોઈએ કે એક ચન્દ્રને વિષે નેત્રરોગે કરેલા અનેક ચન્દ્રના પ્રપંચની પેઠે બ્રહ્મને વિષે અવિદ્યાએ કરેલા નામરૂપપ્રપંચનો વિદ્યા વડે પ્રવિલય કરાવવો જોઈએ એમ (અમે પૂછીએ છીએ). તેમાં જો આ વિદ્યમાન દેહાદિલક્ષણ આધ્યાત્મિક પ્રપંચનો અને પૃથિવી આદિ લક્ષણ બાહ્ય પ્રપંચનો પ્રવિલય કરાવવો જોઈએ એમ કહેવાય તો પુરુષમાત્રથી તેનો પ્રવિલય કરાવવો અશક્ય છે તેથી તેના પ્રવિલયનો ઉપદેશ અશક્ય વિષયવાળોજ થશે; વળી એક આદિ મુક્ત પુરુષે પૃથિવી આદિનો પ્રવિલય કીધો એટલે હવે જગત્ પૃથિવી આદિથી રહિત થશે. એક બ્રહ્મને વિષે અવિદ્યાથી અધ્યસ્ત થયલો એ પ્રપંચનો વિદ્યાથી વિપ્રલય કરાય છે એમ જો કહેશો તો અવિદ્યાથી અધ્યસ્ત થયલા પ્રપંચના નિરાકરણથી બ્રહ્મજ જાણવા યુક્ત છે—

જ્ય ને દેવતા છે, એ પ્રમાણે અહિં પણ વેદ્યજ વિદ્યાનું રૂપ છે, માટે વેદ્યભેદથી વિદ્યાભેદ છે. પાંચ અગ્નિ અને છ અગ્નિરૂપ ભેદથી વાજસનેયિન્ અને છન્દોગનો વિદ્યાભેદ છે. એમ પ્રાણ-વિદ્યામાં પણ વાજસનેયિન્ અને છન્દોગના ચાર પ્રાણ સમાન છે—વાક્, ચક્ષુ, શ્રોત્ર અને મન. પણ વાજસનેયકમાં રેતોરૂપ અધિક પ્રાણ કહ્યો છે. આમ છાન્દોગ્યમાં રેતોન્યૂન વાક્ આદિ પ્રાણ છે, અને વાજિન્‌માં રેતઃસહિત છે એમ પ્રાણવિદ્યાભેદ છે. કારીરીવાક્યોનું અધ્યયન કરનારા તૈત્તિરીયો ભૂમિ પર ભોજન કરે છે, અન્ય એમ કરતા નથી. તેમ અગ્નિનું અધ્યયન કરનારા કેટલાક, ઉપાધ્યાયનો જળકુંભ ભરી લાવે છે અને કેટલાક ભરી લાવતા નથી, તેમજ અશ્વમેધનું અધ્યયન કરનારા કેટલાક, અશ્વઘાસ આણે છે ને કેટલાક નથી આણતા. આ ધર્મો અધ્યયનદ્વારા તે તે શાખામાં કહેલા ધર્મોના ઉપકારક થવામાં પર્યવસાન પામે છે. એમ થયે શાખાભેદને લીધે કર્મભેદજ સમજવો; નહિ તો એક કર્મમાં ભૂમિભોજન આદિથી જન્ય ઉપકારની અપેક્ષા થાય ને અનપેક્ષા થાય એમ વિરુદ્ધ આપત્તિ થાય. આ પ્રમાણે ધર્મવિશેષથી શાખાન્તરમાં કર્મભેદ છે તેમ અહિં પણ મુણ્ડક અધ્યયનને વિષે કેટલાકજ માથા પર અંગારપાત્ર ધારણ કરવાનું વ્રત કરે છે; બીજાઓ કરતા નથી. આથર્વણિકોને માટે અક્ષરવિદ્યાને વિષે માથા પર અંગારપાત્રધારણ નામનું શિરોવ્રત શ્રુતિમાં કહ્યું છે; બીજાઓ માટે કહ્યું નથી. માટે શાખાભેદથી નિર્વિશેષ બ્રહ્મ જેનો વિષય છે એવી અક્ષરવિદ્યાનો પણ ભેદ છે. ‘એવી રીતે પુનરુક્તિ આદિ પણ’ ઇત્યાદિ. ‘પુનરુક્તિ’ = અભ્યાસ. જેમ ‘समिधो यजति तनूनपातं यजति इडो यजति बर्हिर्यजति स्वाहाकारं यजति’ એમાં એવો સંદેહ થાય છે કે પાંચ વાક્યોથી એકજ કર્મનું વિધાન છે કે ભિન્ન ભિન્ન કર્મનું વિધાન છે. તેમાં यजतिના અભ્યાસથી પ્રયાજોનો ભેદ કહ્યો છે તેમ શાખાન્તરમાં અભ્યાસથી વિદ્યાભેદ છે, એક શાખામાં કહેલી વિદ્યા બીજી શાખામાં કહેલી વિદ્યાથી ભિન્ન છે, પુનરુક્તિથી, એમ પુનરુક્તિથી વિદ્યાભેદ છે. ‘પુનરુક્તિ આદિ પણ’ એમાં ‘આદિ’ પદથી નિન્દા વગેરે સમજવાં. ‘प्रातः प्रातरनृतं ते वदन्ति पुरोदयाज्जुह्वति येऽग्निहोत्रम्। दिवा कीर्त्यमदिवा कीर्तयन्तः सूर्यो ज्योतिर्न तदा ज्योतिरेषाम्॥’ (ઉદયપૂર્વે જેઓ અગ્નિહોત્રમાં હોમે છે તેઓ પ્રાતઃ પ્રાતઃ અસત્ય વદે છે. એઓ દિવસે સ્તુત્યની દિવસ નથી હોતો ત્યારે સ્તુતિ કરનારાઓ છે, તે સમયે સૂર્ય જ્યોતિ એમનો જ્યોતિ નથી) એમ અનુદિતહોમની નિન્દા છે; ‘यथातिथये प्रद्रुतायान्नं हरेयुस्तादृक्तद्यदुदिते जुह्वति’ (જેમ નાસી ગયલા અતિથિને અન્ન આપે તેના જેવું સૂર્ય ઊગે તેઓ હોમ કરે છે તે છે) એમ ઉદિતહોમની નિન્દા છે. એમ નિન્દાશ્રુતિથી કર્મભેદ છે; કેમકે એકજ કર્મ સૂર્ય ઉદિત થયે અને ઉદય થયા પહેલાં ક્રમે થાય એ યુક્ત નથી. તેમજ ઉદિતહોમ અને અનુદિતહોમના અતિક્રમથી થયલા પ્રાયશ્ચિત્તથી પણ અગ્નિહોત્રભેદની શંકા છે. એ નિન્દા અને પ્રાયશ્ચિત્ત વેદાન્તવિદ્યામાં નથી તેથી તેનાં ઉદાહરણ આપ્યાં નથી. અશક્તિ પણ કર્મની પેઠે વિદ્યાનો ભેદ છે એમ સાધે છે. જેમ સર્વ શાખામાં વિહિત કર્મ એકે જાણવું કે કરવું અશક્ય છે તેથી એ અશક્યથી કર્મભેદ છે; તેમ સર્વ વેદાન્તના અધ્યયન, જ્ઞાન, ઉપાસના આદિ એકથી ન થાય તેથી એ અશક્તિથી તે તે વેદાન્તની વિદ્યા ભિન્ન છે. તેમ સર્વ

---

[1] ન્યૂન.

જ્ના કરવી. તેટલા માટે પ્રતિવેદાન્તમાં વિજ્ઞાનભેદ છે એમ (પૂર્વપક્ષ છે). એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—સર્વે વેદાન્તોમાં જેની પ્રતીતિ થાય છે એવાં વિજ્ઞાનો તે તે વેદાન્તોમાં તે તેજ થવાં યુક્ત છે. શાથી ? ચોદના આદિનો અવિશેષ છે તેથી. આદિપદનું ગ્રહણ કર્યું છે તેથી શાખાન્તર અધિકરણમાં સિદ્ધાન્તસૂત્રમાં કહેલા અભેદહેતુઓ અહિં આકર્ષાય છે. સંયોગ, રૂપ, ચોદના અને આખ્યાનું દરેક શાખામાં વૈલક્ષણ્ય નથી તેથી એવો અર્થ છે. જેમ એક અગ્નિહોત્રને વિષે

શાખાઓમાં એકરૂપ સમાપ્તિ કહી નથી; પરંતુ કોઈક શાખાની કોઈક કર્મને વિષે સમાપ્તિ છે; તેથી સમાપ્તિવચનના ભેદથી પ્રતિશાખામાં કર્મભેદની શંકા છે. તેમજ કોઈક વેદાન્તની ઓંકાર સર્વાત્મા છે એમ કહેવામાં સમાપ્તિ છે, અને કોઈકની અન્યત્ર સમાપ્તિ છે એમ વિદ્યાભેદ છે. 'અન્વાર્થદર્શન' એટલે અર્થવાદ. અર્થવાદરૂપ કર્મનું ભેદક છે; કેમકે સ્તુતિ અને નિન્દાનો એકત્ર સમવાય થતો નથી. એમ વેદાન્તોમાં પણ તત્ર તત્ર નાનાવિધ અર્થવાદ જોવામાં આવે છે તેથી વિદ્યાભેદ છે. શબ્દાન્તરથી પણ કર્મભેદ થાય છે. જ્યોતિષ્ટોમમાં 'सोमेन यजेत', 'दाक्षिणानि जुहोति', 'हिरण्यमात्रेयाय ददाति' એમાં यजति, जुहोति, ને ददाति એ એકજ કાર્ય કરે છે કે જુદાં જુદાં એમ સંદેહ થયે, સંહત-એકઠા થયેલા એક અપૂર્વ કર્મનાં સાધક થાય તેમાં લાઘવ છે એમ પૂર્વપક્ષ થયે, અન્ય શબ્દથી કર્મભેદ થાય છે; કેમકે શબ્દભેદને લીધે ભાવાર્થ અનુબન્ધનો ભેદ થાય છે તેથી ભાવનાભેદ થાય છે. यजेत, ददाति, ને जुहोति એમ પ્રકૃતિશબ્દના ભેદથી ધાત્વર્થનો ભેદ થવાથી તે ધાત્વર્થને અવચ્છિન્ન જે ભાવના તત્સંસ્કારક કર્મનો ભેદ થાય છે. તેમજ અહિં પણ 'ब्रह्मविदाप्नोति परम्', 'तरति शोकमात्मवित्' એમ શબ્દાન્તરથી જ્ઞાનભેદ થાય છે. સંખ્યા પણ કર્મભેદ દર્શાવે છે. 'सप्तदश प्राजापत्यान् पशूनालभेत' એમાં સપ્તદશ પશુથી એક યાગ કરવાનો છે કે સપ્તદશ એમ સંશય થયે, 'જે બહુ કલ્પે છે તે એક કલ્પે છે' એમ લાઘવથી એક યાગ સપ્તદશ પશુથી કરવાનો છે એવો પૂર્વપક્ષ થયે, પશુઓ પૃથક્ હોય તો સપ્તદશ સંખ્યા સમવે છે અને પશુઓનું પૃથક્ હોવું યાગભેદને અધીન છે તેથી સપ્તદશ યાગ છે, એક નથી એમ પૂર્વતન્ત્રમાં સિદ્ધાન્ત કર્યો છે. તેમજ અહિં પણ 'तौ वा एतौ द्वौ (वायुप्राणौ) संवर्गौ' એમ દ્વિત્વ સંખ્યાથી સંવર્ગવિદ્યાનો ભેદ છે. વળી પ્રકરણ પણ કર્મનું ભેદક છે. નિત્ય અગ્નિહોત્ર પ્રકરણથી અન્ય પ્રકરણમાં 'मासमग्निहोत्रं जुह्वति' અગ્નિહોત્રશબ્દ શ્રુતિમાં છે તેથી અગ્નિહોત્ર અન્ય પ્રકરણમાં હોવાથી કર્માન્તર છે એમ પૂર્વતન્ત્રમાં સિદ્ધાન્ત કર્યો છે. તેમજ ભિન્ન વેદાન્તમાં ભિન્ન પ્રકરણ થવાથી ઉપાસનાનો ભેદ છે. આ પ્રમાણે પૂર્વપક્ષ સમાપ્ત થાય છે. હવે સિદ્ધાન્ત કહે છે— 'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. 'સર્વે વેદાન્તોમાં જેની પ્રતીતિ થાય છે એવાં વિજ્ઞાનો'—સર્વ વેદાન્તોએ વિધાન કરેલાં વિજ્ઞાનો. ઉક્ત નામ આદિ હેતુઓને લીધે અગ્નિહોત્ર આદિ કર્મો પ્રતિશાખામાં ભિન્ન છે એમ પ્રાપ્ત થયે શાખાન્તર અધિકરણનું આ સિદ્ધાન્તસૂત્ર છે—'एकं वा संयोगरूपचोदनाख्याविशेषात्' (પૂર્વમી૦ ૨।૪।૯). એનો અર્થ આ પ્રમાણે છે:—સર્વ શાખાઓમાં અગ્નિહોત્ર આદિ કર્મ એકજ છે. તેનો હેતુ કહે છે—'संयोग'. 'સંયોગ' એટલે સ્વર્ગાદિફલસંબન્ધ. 'રૂપ' એટલે દ્રવ્યદેવતાસ્વરૂપ. 'ચોદના'=ધાત્વર્થથી અવચ્છિન્ન જે ભાવના તેને વિષેનો વિધિ; વિધાયક શબ્દ કે ચોદિત પ્રયત્ન, પુરુષપ્રયત્ન. 'આખ્યા'=અગ્નિહોત્રાદિ નામ. એ બધાંનો દરેક શાખામાં અવિશેષ છે—અવૈલક્ષણ્ય છે તેથી—આ બધાં દરેક શાખામાં સમાન છે; તેથી તેજ એ છે એમ પ્રત્યભિજ્ઞા થાય છે. ચોદનાનો અવિશેષ શી રીતે છે તે કહે છે—'જેમ એક અગ્નિહોત્રને વિષે' ઇત્યાદિ. 'ચો-

ભિન્ન શાખામાં પણ તેવીજ પુરુષપ્રયત્ન પ્રેરાય છે, 'जुहुयात्' (હોમ કરવો) એમ. એ પ્રમાણે 'यो ह वै ज्येष्ठं च श्रेष्ठं च वेद' [બૃહ૦ ૬।૧।૧, છાન્દો૦ ૫।૧।૧] (જે કોઈ જ્યેષ્ઠને ને શ્રેષ્ઠને જાણે છે) એમ વાજસનેયી અને છાન્દોગની તેવીજ—સરખીજ ચોદના છે. પ્રયોજનનો [1]સંયોગ પણ સમાનજ છે, 'ज्येष्ठश्च श्रेष्ठश्च स्वानां भवति' [બૃહ૦ ૬।૧।૧] (તે પોતાની જ્ઞાતિમાં જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ થાય છે) એમ. બંને સ્થળે વિજ્ઞાનનું રૂપ પણ તેજ છે કે જે જ્યેષ્ઠ શ્રેષ્ઠ આદિ વિશેષણથી યુક્ત પ્રાણતત્ત્વ છે. વળી જેમ દ્રવ્ય અને દેવતા યાગનું રૂપ છે, તેમ વિજ્ઞેય એ વિજ્ઞાનનું રૂપ છે; કારણ કે તે તેનાથી નિરૂપાય છે. તેમજ સમાખ્યા પણ તેજ છે—પ્રાણવિદ્યા એમ. તેટલા માટે સર્વ વેદાન્તોમાં જેની એક પ્રતીતિ છે એવાં વેદાન્તો છે. એ પ્રમાણે પંચાગ્નિવિદ્યા, વૈશ્વાનરવિદ્યા, શાણ્ડિલ્યવિદ્યા ઇત્યાદિને વિષે યોજના કરવી. જેનો નામ, રૂપ, આદિ ભેદહેતુ તરીકે આભાસ થાય છે તેનો તો પહેલાજ કાંડમાં 'न नाम्ना स्यादचोदनाभिधानत्वात्' (નામથી ભેદ નથી, ચોદનામાં જે અભિધાન છે તે નથી તેથી) એમ આરંભીને પરિહાર કર્યો છે ॥ ૧ ॥

દના' એટલે ધાત્વર્થાવચ્છિન્ન પુરુષપ્રયત્ન. ચોદનાનું એકરૂપત્વ એટલે તુલ્ય શબ્દથી પ્રતિપાદ્ય થવું તે. ચોદના આદિના એકરૂપત્વથી સિદ્ધ જે પ્રત્યભિજ્ઞા તેના બળથી સર્વ શાખાઓને વિષે અગ્નિહોત્ર આદિનું ઐક્ય છે તેમ વિદ્યા પણ એક છે. પ્રતિશાખામાં હોમાદ્યવચ્છિન્ન પ્રયત્ન એકરૂપ છે તેમ આહિં પણ ઉપાસનારૂપી યત્ન એકરૂપ છે. જેમ જ્યેષ્ઠત્વ આદિ ગુણવાળી પ્રાણવિદ્યા સર્વ શાખાઓમાં એક છે, તેમ પંચાગ્નિવિદ્યા પણ એકજ છે; કેમકે ફલ, સંયોગ આદિ સમાન છે. તેમજ અન્ય વિદ્યા પણ અભિન્ન છે એમ કહે છે—'એ પ્રમાણે પંચાગ્નિવિદ્યા' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં દર્શાવેલા હેતુઓનું નિરાકરણ કરે છે—'જેનો નામ, રૂપ, આદિ' ઇત્યાદિ. કાઠક, કાલાપક ઇત્યાદિ નામભેદથી કર્મભેદ યુક્ત નથી: શાથી? ચોદનાનું અભિધાન નથી તેથી. કાઠક આદિ ગ્રન્થનામો છે, કર્મનામો નથી; તેથી ભિન્ન નામવાળી શાખાના ગ્રન્થનો ભેદ છે તોપણ તેમાં વિધાન કરેલું કર્મ તો એકજ છે. એમ અલ્પ રૂપભેદ પણ કર્મૈક્યનો વિરોધી થતો નથી. અગ્નિષોમીયનું કર્મ તો એકજ છે; પણ એકાદશ કપાલત્વની પેઠે દ્વાદશ કપાલત્વરૂપ ભેદમાત્ર વાચનિક છે. તેમ અગ્નિ આદિને વિષે રૂપભેદ છે, તોપણ વિદ્યાનું ઐક્ય છે. ધર્મવિશેષ તો અધ્યયનનું અંગ છે, કર્મનું અંગ નથી તેથી તે કર્મનો ભેદક થતો નથી. ભિન્ન ભિન્ન શાખાઓમાં પુનરુક્તિ અસિદ્ધ છે. એક અર્થ બહુ શાખાઓ કહે તે કંઈ પુનરુક્તિ નથી; એમ જો હોય તો એક વેદ પણ બહુથી કહેવાય એટલે પુનરુક્તિનો પ્રસંગ આવે. તેટલા માટે અધ્યયન કરનારના ભેદથી પુનરુક્તિનો અભાવ છે માટે કર્મ એકજ છે; એમ આહિં પણ પ્રતિશાખામાં એકજ વિદ્યા સમજવી. નિન્દા અને અન્યાર્થદર્શન પણ ભેદક નથી; કેમકે તે તે વિધિના તે સ્તુતિમાત્ર છે. બહુ શાખાના અધ્યયનને વિષે અશક્તિ હોય તોપણ સ્વશાખામાં ન કહેલો જે વિશેષ, તે અપેક્ષિત હોય તો, તેનું ગ્રહણ અન્ય શાખાથી સંભવે છે તેથી અશક્તિ પણ ભેદક નથી એક પણ કર્મમાં અંગલોપ આદિથી પ્રાયશ્ચિત્ત સંભવે છે. એમ સમાપ્તિવચનભેદ પણ અપ્રયોજક છે. આ પ્રમાણે કર્મનો અભેદ દર્શાવનારાં પ્રમાણ પ્રબળ છે તેથી ભેદહેતુઓનો પરિહાર થયો એવો અર્થ છે ॥ ૧ ॥

[1] ફલશ્રુતિના સાથે સંબંધ,

અહિં પણ કંઈક વિરોધની આશંકા કરી તેનો પરિહાર કરે છે—

भेदान्नेति चेन्नैकस्यामपि ॥ २ ॥

(ગુણના) ભેદથી (સર્વ વેદાન્તોમાં વિજ્ઞાનોની એક પ્રતીતિ થતી) નથી એમ જો કહેશો તો તે યુક્ત નથી, એક વિદ્યામાં પણ (એવો ગુણભેદ ઉપપન્ન થાય છે) ॥ ૨ ॥

પણ અત્ર શંકા છે—સર્વ વેદાન્તોમાં વિજ્ઞાનોની એક પ્રતીતિ ગુણભેદને લીધે ઉપપન્ન થતી નથી; કેમકે વાજસનેયીઓ પાંચ અગ્નિની વિદ્યાને પ્રસ્તાવીને 'तस्याग्निरेवाग्निर्भवति' [બૃહ૦ ૬।૨।૧૪] (તે મૃત પુરુષને દાહને અર્થે પ્રસિદ્ધ જ અગ્નિ થાય છે) ઇત્યાદિથી છઠ્ઠા બીજા અગ્નિનું શ્રવણ કરાવે છે. પણ છાન્દોગ્યો તે-છઠ્ઠા અગ્નિનું શ્રવણ કરાવતા નથી, પણ પાંચ સંખ્યાથી જ 'अथ ह य एतानेवं पञ्चाग्नीन् वेद' [છાન્દો૦ ૫।૧૦।૧૦] (હવે જે એ પાંચ અગ્નિને એ રીતે જાણે છે) ઇત્યાદિથી ઉપસંહાર કરે છે. જેમને તે ગુણ છે અને જેમને નથી, તે બંનેની એક વિદ્યા શી રીતે ઉપપન્ન થાય? તેમજ અહિં ગુણનો ઉપસંહાર સમજવો શક્ય નથી; કેમકે પાંચ એ સંખ્યાનો વિરોધ છે. તેમજ પ્રાણસંવાદમાં છાન્દોગ્યો શ્રેષ્ઠથી અન્ય, વાક્, ચક્ષુ, શ્રોત્ર અને મન એ ચાર પ્રાણોનું શ્રવણ કરાવે છે. પણ વાજસનેયીઓ તો 'रेतो वै प्रजापतिः प्रजायते ह प्रजया पशुभिर्य एवं वेद' [બૃહ૦ ૬।૧।૬] (રેત એ પ્રજાપતિ છે: જે એમ જાણે છે તે પ્રજા અને પશુથી

[illegible] અધિકરણમાં એક વિજ્ઞાન સિદ્ધ થાય છે [illegible] પ્રયોજન છે? [illegible] એમ [illegible] કરી કહે છે—'અહિં પણ કંઈક વિરોધની' [illegible] વિરોધ છે. [illegible] અધિકરણમાં [illegible] છે એમ કહ્યું છે. [illegible] 'पञ्चाग्नीन् वेद' [illegible] 'उपसंहार समजवो' [illegible] કરે છે— તેમજ અહિં [illegible]

પન્ન થાય છે) એમ પાંચમાનું પણ શ્રવણ કરાવે છે. [1]આવાપ અને [2]ઉદ્વાપના
દથી વેધનો ભેદ થાય છે અને વેધના ભેદથી વિદ્યાનો ભેદ થાય છે, જેમ દ્રવ્ય-
તાના ભેદથી યાગનો ભેદ થાય છે તેમ. એમ જો કહેશો તો અમે કહીએ છીએ
એ દોષ નથી; કેમકે એક વિદ્યામાં પણ એવી જાતનો ગુણભેદ ઉપપન્ન થાય છે.
કે છઠ્ઠા અગ્નિનો ઉપસંહાર સંભવતો નથી, તોપણ દ્યુ આદિ પાંચ અગ્નિઓનું
ને સ્થળે પ્રત્યભિજ્ઞાન થાય છે તેથી વિદ્યાનો ભેદ થવો યુક્ત નથી. ખરેખર,
ાડશીના ગ્રહણ અને અગ્રહણને વિષે [3]અતિરાત્ર ભિન્ન થતો નથી. વળી છન્દોગો
તં પ્રેતં દિષ્ટમિતોઽગ્નય એવ હરન્તિ' [છાન્દો૦ ૫।૯।૨] (તે મૃત, આ લોકથી પર
ાક પ્રેત થયલાને જ્ઞાતિઓ અગ્નિનેજ માટે લઈ જાય છે) એમ છઠ્ઠો અગ્નિ પડે
, વાજસનેયીઓ તો [5]સાંપાદિક, પાંચ અગ્નિઓને વિષે અનુવૃત્ત, સમિધ્, ધૂમ
ાદિ કલ્પનાને નિવૃત્ત કરવા માટે 'तस्याग्निरेवाग्निर्भवति समित् समित्' [બૃહ૦
ા૨।૧૪] (તે મૃત પુરુષને દાહને અર્થે પ્રસિદ્ધ અગ્નિજ અગ્નિ થાય છે, સમિધ્
સમિધ્ થાય છે) એમ શ્રવણ કરાવે છે તે નિત્ય અનુવાદ છે. જો એ વાદ ઉપાસના
ાટે હોય તોપણ છન્દોગોએ પણ તે ગુણનો ઉપસંહાર કરવો શક્ય છે. અહિં પાં-
ચની સંખ્યાના વિરોધની આશંકા કરવી યુક્ત નથી; કેમકે એ પાંચની સંખ્યા સાં-

---

આવાપ કરે છે અને છન્દોગો ઉદ્વાપ કરે છે તેથી શું, તેને માટે કહે છે—'આવાપ અને
ઉદ્વાપના ભેદથી' ઇત્યાદિ. છાન્દોગ્યમાં છઠ્ઠા અગ્નિનો અભાવ સ્વીકારવાથી અલ્પ રૂપભેદ
થાય છે તેથી એક વિદ્યામાં વિરોધ થતો નથી એમ શંકાનો પરિહાર કરે છે—'એ દોષ
નથી' ઇત્યાદિ. અંગીકારનો ત્યાગ કરે છે—'વળી છન્દોગો' ઇત્યાદિ. 'तं प्रेतम्' ઇ-
ત્યાદિ—આ લોકથી લોકાન્તર ગયલાને જ્ઞાતિઓ અગ્નિને માટે લઈ જાય છે એવો અર્થ છે.
પણ છાન્દોગ્યમાં અગ્નિમાત્રનું શ્રવણ છે, વાજસનેયીઓ તો સમિધ્ આદિ વિશેષ પંડ છે એટલે
રૂપભેદ તેવોજ છે, તેને વિષે કહે છે—'વાજસનેયીઓ તો' ઇત્યાદિ. 'સાંપાદિક' = સંપદ્=
આરોપ; તેથી કલ્પિત તે 'સાંપાદિક'. છઠ્ઠો અગ્નિ અને તેના વિશેષનો માત્ર અનુવાદ છે
તેથી તે અનુપાસ્ય છે; માટે ઉભયત્ર પાંચ અગ્નિજ ઉપાસ્ય છે, એટલે રૂપભેદ નથી એવો
અર્થ છે. તે ઉપાસક મૃત પુરુષના દાહને માટે અગ્નિજ અગ્નિ છે એમ પ્રસિદ્ધનો અનુવાદ
છે, ઉપાસનાનો વિધિ નથી. ઉપાસ્ય અગ્નિ તો ઉભયત્ર પાંચજ છે. પ્રસિદ્ધનો અનુવાદ
કલ્પનાની નિવૃત્તિ કરે છે તેથી ઉપયોગી છે. તેનો અગ્નિજ અગ્નિ છે (तस्याग्निरेवाग्निः)
ઇત્યાદિથી પ્રસિદ્ધ અગ્નિ આદિ છે તેનેજ અગ્નિ આદિ તરીકે પ્રતિપાદન કર્યાં છે. અને તેનું
પ્રયોજન દ્યુલોક આદિને વિષે છે તેમ અહિં ઉપાસનાને ઉપયુક્ત અગ્નિ આદિ નથી એમ દ્યોતન
કરવાનું છે. એથી એ ઉપાસ્ય નથી એમ શ્રુતિનું તાત્પર્ય છે. વળી વિશેષયુક્ત જે છઠ્ઠો
અગ્નિ તે ઉપાસ્ય હોય તોપણ રૂપભેદ નથી એમ કહે છે—'જો એ વાદ ઉપાસના માટે
હોય તોપણ' ઇત્યાદિ. દ્યુલોક આદિ જે પાંચ અનગ્નિ છે તેના [6]અગ્નિત્વસંપત્તિવિધિથીજ,
સંપત્તિકલ્પિત અગ્નિઓ પાંચ છે એમ જે અર્થાત્ સિદ્ધ છે તેનો અનુવાદ છે; ધ્યેય તરીકે તેનો
વિધિ નથી એવો અર્થ છે. છન્દોગોએ વાજિશાખામાં રહેલા રેતોરૂપ પ્રાણનો ઉપસંહાર કરવો

---

૧ આનયન, નવું પદ લાવવું તે. ૨ શ્રૂયમાણ પદનો પરિત્યાગ. ૩ એક ક્રિયા છે. ૪ યજ્ઞનું
નામ છે. ૫ કલ્પિત; એક તરીકે માનેલા, અનગ્નિને અગ્નિ માનેલા તે. ૬ અગ્નિ તરીકે માનવાનો વિધિ,
અગ્નિ સાથે એક છે એમ માનવાનો વિધિ 'સંપત્તિ' = ઐક્ય.

ધાદિક અગ્નિને ઉદ્દેશીને, નિત્ય અનુવાદરૂપ છે. એમાં વિધિનો સમવાય નથી એ-
રવે રાય નથી. એમ પ્રાણસંવાદોમાં પણ અધિક ગુણનો અન્યત્ર ઉપસંહાર વિરુદ્ધ
નથી. વળી આવાપ ને ઉદ્વાપના ભેદથી વેદભેદ છે ને વિદ્યાભેદ છે એમ શંકા કરવી
યુક્ત નથી; કેમકે કોઈક વેદ અંશના આવાપ ને ઉદ્વાપમાં પણ ઘણા વેદશાખાનો
અભેદ સમજાય છે. તેટલા માટે વિદ્યા એકજ છે ॥ ૨ ॥

स्वाध्यायस्य तथात्वेन हि समाचारेऽधिकाराच्च सववच्च तन्नियमः ॥ ३ ॥

'સ્વાધ્યાયનો (એ ધર્મ છે): કેમકે 'સમાચારમાં તે પ્રકારે (આથર્વણિકોએ કહ્યું છે), અને અધિકાર છે અને સવની પેઠે તેનો નિયમ છે ॥ ૩ ॥

આથર્વણિકોને વિદ્યા માટે [1]શિરોવ્રત આદિની અપેક્ષા છે અને બીજાઓને તેની અપેક્ષા નથી તેથી વિદ્યાભેદ છે એમ જે કહ્યું છે તેનું નિરાકરણ કરાય છે. સ્વાધ્યાયનો એ ધર્મ છે, વિદ્યાનો નથી. એ શી રીતે સમજાય છે? કેમકે તે પ્રકારે એટલે સ્વાધ્યાયના ધર્મ તરીકે વેદવ્રતના ઉપદેશ કરનાર સમાચાર નામના ગ્રન્થમાં આથર્વણિકો, એ પણ વેદવ્રત તરીકે સમજાવ્યું છે એમ. પ્રવણ કરાવે છે. 'नैतदचीर्णव्रतोऽधीते' [મુણ્ડ૦ ૩।૨।૧૧] (જેણે શિરોવ્રત આચર્યું નથી તે આ ગ્રન્થનું અધ્યયન કરતો નથી) એમ પ્રકૃતને વિષે एतद् (આ) શબ્દ છે તેથી અને અધ્યયન શબ્દથી પોતાના ઉપનિષદ્નો અધ્યયનધર્મજ એ છે એમ નિર્ધારણ કરાય છે. પણ 'तेषामेवैतां ब्रह्मविद्यां वदेत शिरोव्रतं विधिवद्यैस्तु चीर्णम्' [મુણ્ડ૦ ૩।૨।૧૦] (જે-

[illegible]

---

૧ અધ્યયન. ૨ આથર્વણિકોએ વેદાધ્યયનનો [illegible] ગ્રન્થ ૩ [illegible]
[illegible]

ઓએ વિધિપ્રમાણે શિરોવ્રત આચર્યું છે તેમનેજ એ બ્રહ્મવિદ્યા કહેવી) એમ બ્રહ્મવિદ્યાના સંયોગનું શ્રવણ છે તેથી સર્વત્ર બ્રહ્મવિદ્યા એકજ છે એટલે એ ધર્મનો પણ સર્વત્ર સંબન્ધ થાય. ના; કેમકે एताम्—એ બ્રહ્મવિદ્યા-એમ પ્રકૃતનોજ પરામર્શ છે, બ્રહ્મવિદ્યા પ્રકૃત છે એ ગ્રન્થવિશેષની અપેક્ષાએ છે એટલે એ ધર્મ ગ્રન્થવિશેષનોજ સંયોગી છે. સવની પેઠે તે નિયમ છે એમ નિદર્શનનો નિર્દેશ છે. જેમ સૌર્યાદિ આદિથી શતૌદનપર્યન્ત સાત હોમનો અન્ય વેદાન્તમાં કહેલા ત્રેતાગ્નિ સાથે અભિસંબન્ધ નથી અને આથર્વણમાં કહેલા એકાગ્નિ સાથે અભિસંબન્ધ છે તેથી આથર્વણિકોનાજ છે એમ નિયમ કરાય છે, તેમજ આ પણ ધર્મનો સ્વાધ્યાયવિશેષ સાથે સંબન્ધ છે તેથી તેનેજ વિષે નિયમ કરાય છે. તેટલા માટે પણ વિદ્યાનું એકત્વ અનવદ્ય છે ॥ ૩ ॥

दर्शयति च ॥ ४ ॥

(વેદ) પણ (વિદ્યા એક છે એમ) દર્શાવે છે ॥ ૪ ॥

વેદ પણ વિદ્યા એક છે એમ દર્શાવે છે; કેમકે સર્વ વેદાન્તોમાં વેદ્ય એક છે એવો ઉપદેશ છે—' सर्वे वेदा यत्पदमामनन्ति ' [કઠ૦ ૨।૧૫] (સર્વે ઉપનિષદોને

ખાઓમાં બ્રહ્મવિદ્યા એકજ હોય તો વિદ્યાસંયુક્ત વ્રતનો પણ સર્વત્ર સંબન્ધ થાય. પણ સંબન્ધ થતો નથી તેથી વિદ્યાભેદ છે એવો અર્થ છે. સર્વત્ર બ્રહ્મવિદ્યા એકજ હોય તો તેની સાથે શિરોવ્રતનો સંયોગ થવાથી ધર્મસંકર થાય; પણ એ ધર્મસંકર નથી તેથી વિદ્યાનો ભેદ છે. एतां ब्रह्मविद्याम्—એ બ્રહ્મવિદ્યાપ્રકાશક ગ્રન્થ એમ યોજવું; નહિ તો પ્રકૃતવિષય एतद्‌શબ્દનો વિરોધ થાય એમ કહે છે. ब्रह्मविद्याશબ્દનો અર્થ બ્રહ્મપ્રકાશકગ્રન્થ છે; કેમકે एतद्‌શબ્દનો અર્થ પ્રકૃત ગ્રન્થ થાય છે એમ કહે છે—' ના; કેમકે एताम्—એ બ્રહ્મવિદ્યા-' ઇત્યાદિ. પણ બ્રહ્મવિદ્યાજ પ્રકૃત છે તો एताम्‌થી બ્રહ્મવિદ્યાનોજ પરામર્શ કરી એમ આશંકા કરી તેને માટે કહે છે કે એ બ્રહ્મવિદ્યા સર્વત્ર એક હોવાથી આથર્વણમાં કહેલીનોજ આદિ પરામર્શ કરવો યુક્ત છે—' બ્રહ્મવિદ્યા પ્રકૃત છે એ ' ઇત્યાદિ. મુણ્ડક ઉપનિષદ્‌ના અધ્યયનથી પ્રાપ્ત થતી બ્રહ્મવિદ્યા જેઓ સંપાદન કરે છે, તેમનેજ શિરોવ્રતની અપેક્ષા છે, બીજાઓને નથી એમ સર્વત્ર તેની અપેક્ષા નથી એટલે વિદ્યાભેદ નથી. ' सवयच्च तन्नियमः 'નો અર્થ સમજાવે છે કે તેનો એટલે શિરોવ્રતનો મુણ્ડકાધ્યયનને વિષે નિયમ છે, એમાં सवयत्-હોમની પેઠે એ નિદર્શનનો નિર્દેશ છે. सवयच्चમાં चनो અર્થ એવો છે કે શિરોવ્રતનો સંકર નથી. सव = હોમ. જેમ આથર્વણોએ કહેલા સવસૂત્રમાં એક અગ્નિ એક ઋષિસંજ્ઞાથી પ્રસિદ્ધ છે. તે અગ્નિને વિષે કાર્યોનો નિયમ થાય છે તેમ એવો અર્થ છે. આથર્વણિકોના તે હોમો એકજ આથર્વણિક અગ્નિને વિષે કરાય છે, ત્રેતાને વિષે નહિ. ' તેટલા માટે '=નામ આદિની પેઠે ધર્મભેદ પણ ભેદક થાય એ યુક્ત નથી તેથી એવો અર્થ છે ॥ ૩ ॥

વળી વેદ્ય એક હોવાથી નિર્ગુણ બ્રહ્મવિદ્યાનું ઐક્ય શ્રુતિ દર્શાવે છે, તેના સંનિધિમાં સગુણવિદ્યાઓનો પાઠ છે તેથી સગુણવિદ્યાઓ પણ સર્વ શાખામાં એક છે એમ સિદ્ધ થાય છે એમ સૂત્રકાર કહે છે—'दर्शयति च'. સર્વે વેદમાં સગુણ વેદ્ય પણ એકજ છે એમ શ્રુતિ

પ્રામાણ્ય તરીકે પ્રતિપાદન કરે છે) એમ; અને 'सर्वाणि हि एतं यदृचो महदुक्थं मीमांसन्ते एतमग्नावध्वर्यव एतं महाव्रते छन्दोगाः' (તેમ એનેજ ઋગ્વેદીઓ મોટા ઉકથમાં વિચારે છે, અધ્વર્યુઓ એને અગ્નિમાં અને છન્દોગો એને મહાવ્રતમાં વિચારે છે) એમ. તેમ 'ब्रह्म भयं वज्रमुद्यतम्' [કઠ૦ ૬।૨] (ને બ્રહ્મ મોટું ભયરૂપ ઉગામેલું વજ્ર છે) એમ કઠોમાં કહેલા ભયહેતુત્વરૂપ ઈશ્વરગુણનો તૈત્તિરીયકમાં ભેદ-દર્શનની નિન્દાને માટે પરામર્શ દેખાય છે—'यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते । अथ तस्य भयं भवति । तत्त्वेव भयं विदुषोऽमन्वानस्य' [તૈત્તિ૦ ૨।૭।૧] (જ્યારે-અવિદ્યાવસ્થામાં જે અવિદ્યાવાન જે આત્માને વિષે અલ્પ પણ ભેદદર્શન કરે છે, ત્યારે-ભેદથી ને ભેદદર્શી આત્માને ભય થાય છે. ને બ્રહ્મજ ભેદદર્શી [ઈશ્વર મારાથી અન્ય ને હું ઈશ્વરથી અન્ય એમ જાણનાર], [એકત્વ તરીકે] ન વિચારનારને ભય થાય છે) એમ. તેમ વાજસનેયકમાં (વિશ્વાનર) પ્રાદેશમાત્ર છે એમ સંપાદિત કરેલા વિશ્વાનરનું છાન્દોગ્યમાં સિદ્ધવત્ ગ્રહણ છે— 'यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरमुपास्ते' [છાન્દો૦ ૫।૧૮।૧] (પણ એને-દ્યુમૂર્ધાદિથી ને પૃથિવીપાદાન્ત સુધી અવયવોથી વિશિષ્ટ, દ્યુમૂર્ધાદિથી પૃથિવીપાદાન્ત અવયવો વડે જેનું આપાદ-મસ્તક જ્ઞાન થાય છે, પ્રત્યક્ આત્મા તરીકે હું છું એવું જેનું જ્ઞાન થાય છે તે એ વૈશ્વાનર આત્માને જે ઉપાસે છે) એમ. તેમજ સર્વવેદાન્તપ્રત્યય તરીકે એક છે તેથી પ્રાયદર્શનન્યાયથી (એકજ) ઉપાસનાઓની પણ સર્વ વેદાન્તોમાં પ્રતીતિ થાય છે. તેથી ઉકથ આદિનું વિધાન કર્યું છે તેનું અન્યત્ર ઉપાસનાવિધિ માટે ગ્રહણ કર્યું છે એમ સિદ્ધ થાય છે ॥ ૪ ॥

દર્શાવે છે એમ કહે છે— "सर्वाणि हि" ઇત્યાદિ. વળી એક શાખામાં કહેલા પદાર્થનો અન્ય શાખામાં સિદ્ધવત્ પરામર્શ પણ એક વિદ્યા છે એમ દર્શાવે છે—'તેમ "ब्रह्म भयं"' ઇત્યાદિ. 'यदा ह्येवैषः' ઇત્યાદિ—અવિદ્યાવસ્થામાં એ નર આ સર્વ વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મને વિષે અલ્પ પણ ભેદ જ્યારે જુએ છે ત્યારે તેને સંસારભય થાય છેજ; કેમકે ભેદ અજ્ઞાનદર્શી-ભેદદર્શી નરને તેજ બ્રહ્મ ભયકર્તા થાય છે, જે નર હું બ્રહ્મજ છું એમ વિચારતો નથી તેને, એવો અર્થ છે. પ્રાદેશમાત્રની ઉપાસના કરે છે એમ સિદ્ધવત્ ઉપાદાન વૈશ્વાનરવિદ્યા એક છે એમ દર્શાવે છે એમ કહે છે—'તેમ વાજસનેયકમાં (વિશ્વાનર) પ્રાદેશમાત્ર છે' ઇત્યાદિ. વળી સર્વ વેદાન્તોમાં ઉકથ આદિ પ્રતીયમાન થાય છે તે હેતુથી એ સમન્વય છે કે એકત્ર કહેલા ઉકથાદિનું અન્યત્ર ઉપાસનાને માટે ઉપાદાન છે. તેટલા માટે તેની ઉપાસનાઓ પણ સર્વ વેદાન્તોમાં પ્રતીત છે તેથી ભાષ્યકારના ન્યાયથી એક છે એમ સિદ્ધ થાય છે. એમ નિર્ગુણ અને સગુણ બ્રહ્મ સર્વત્ર એક છે તેથી તેની વિદ્યા ભિન્ન નથી, એકજ છે, તેમ ઉકથ આદિ સર્વવેદાન્તોમાં પ્રતીત થાય છે તેથી એ સમન્વય છે કે એકત્ર કહેલાં ઉકથાદિનું અન્યત્ર ઉપાસનાને અર્થે ગ્રહણ કર્યું છે. વેદમાં વિદ્યા એક છે એમ વારંવાર એકમાં આવે છે, તેથી જ્યાં સગુણબ્રહ્મવિદ્યાઓનું એકત્વ વેદમાં સ્પષ્ટ કર્યું નથી ત્યાં પણ તેના જેવી વિદ્યાઓના ભાષ્યકારના ન્યાયથી એકત્વજ છે એવો અર્થ છે ॥ ૪ ॥

---

१ प्रादेशमूर्धादिभिः पृथिवीपादान्तमवयवैरभिविमानं मीयते ज्ञायत इति प्रादेशमात्रम्। २ સામવેદ. ३ ઋગ્વેદમાં

उपसंहारोऽर्थाभेदाद्विधिशेषवत् समाने च ॥ ५ ॥

વિદ્યા સમાન છે એવી સ્થિતિ થયે (વિજ્ઞાન ગુણોનો) ઉપસંહાર થાય છે; અર્થનો અભેદ છે તેથી, [1]વિધિશેષની પેઠે. ॥ ૫ ॥

આ પ્રયોજનસૂત્ર છે. સર્વ વિજ્ઞાનો સર્વ વેદાન્તોથી પ્રતીત થાય છે એવી સ્થિતિ છે તેથી એક સ્થળે કહેલા વિજ્ઞાનગુણોનો, વિજ્ઞાન સમાન હોવાથી, અન્યત્ર ઉપસંહાર થાય છે; અર્થનો અભેદ છે તેથી. તે ગુણોનો એક સ્થળે જે અર્થ વિશિષ્ટ વિજ્ઞાનનો ઉપકારક છે તેજ અન્યત્ર પણ છે; કેમકે ઉભયત્ર પણ તેજ એક વિજ્ઞાન છે, તેટલા માટે ઉપસંહાર છે. વિધિશેષની પેઠે. જેમ વિધિશેષ અગ્નિહોત્રાદિ ધર્મોનું તેજ એક અગ્નિહોત્રાદિ કર્મ સર્વત્ર છે એમ અર્થના અભેદથી ઉપસંહાર છે, એમ અહિં પણ; કારણ કે જો વિજ્ઞાનભેદ થાય તો ગુણો અન્ય વિજ્ઞાનમાં નિબદ્ધ હોવાથી અને તેમની વચ્ચે પ્રકૃતિવિકૃતિભાવ ન હોવાથી ઉપસંહાર ન થાય. પણ વિજ્ઞાન એક હોય તો એમ ન થાય. આજ પ્રયોજનસૂત્રનો પ્રપંચ 'સર્વભેદાત્°' [બ્રહ્મસૂ૰ ૩।૩।૧૦] થી આરંભીને થશે ॥ ૫ ॥

સર્વશાખાઓમાં એક વિજ્ઞાન છે એ વિચારનું ફળ કહે છે—'**उपसंहारोऽर्थाभेदात्**'. સમાન વિદ્યા છે ત્યારે જુદી જુદી શાખાઓમાં જે ગુણોનું શ્રવણ છે તે જેમાં જેનું શ્રવણ છે તેમાં યથાશ્રુતિ વ્યવસ્થિત છે કે એક શાખામાં જે ગુણોનું શ્રવણ નથી તેનો ઉપસંહાર બીજી શાખામાંથી કરવાનો છે એમ સંદેહ થયે પૂર્વપક્ષ એવો છે કે એક વિદ્યા છે તોપણ જ્યાં જ્યાં ગુણો ઉક્ત છે ત્યાં ત્યાંજ તેઓ ઉપકારક છે એમ સિદ્ધ થાય છે તેથી ભિન્ન ભિન્ન શાખાઓમાં ગુણો વ્યવસ્થિત છે. એ પૂર્વપક્ષમાં પ્રકૃત એક વિદ્યાનો વિચાર નિષ્ફળ છે એવું પ્રયોજન છે. સિદ્ધાન્ત તરીકે સૂત્રનું વ્યાખ્યાન કરે છે—'**समाने च**' એ વિભાગનું વિવરણ કરે છે— '**સર્વ વિજ્ઞાનો**' ઇત્યાદિ. ગુણોનો ગુણી સાથે અવિનાભાવ છે તેથી—એક શાખામાં રહેલી વિદ્યા અન્ય શાખામાં રહેલી વિદ્યાના ગુણવાળી છે, તેનાથી અભિન્ન છે તેથી, તેમાંની વિદ્યાની પેઠે–એ અનુમાનથી વિદ્યા એક હોવાથી ગુણોનો ઉપસંહાર સિદ્ધ થાય છે એવો અર્થ છે. પ્રધાન વસ્તુ એક હોય તો તેનાં ઉપકારક અંગોનો ઉપસંહાર થાય તેને માટે દૃષ્ટાન્ત કહે છે— '**વિધિશેષની પેઠે**'. જે કહ્યું છે તેજ વ્યતિરેકે કહે છે—'**કારણ કે જો વિજ્ઞાનભેદ થાય તો**' ઇત્યાદિ. આગ્નેય અને સૌર્ય કર્મ ભિન્ન છે તોપણ આગ્નેયમાંના ઇતિકર્તવ્યતાની સૌર્યમાં જેમ પ્રાપ્તિ છે તેમ એક વિદ્યામાં રહેલા ગુણની અન્ય વિદ્યામાં કેમ ન થાય તેથી કહે છે—'**તેમની વચ્ચે પ્રકૃતિવિકૃતિભાવ ન હોવાથી**'. પ્રકૃતિગુણોની વિકારમાં પ્રાપ્તિ યુક્ત છે, પણ વિદ્યાઓની વચ્ચે પ્રકૃતિવિકૃતિભાવ અસિદ્ધ છે તેથી ગુણોની પ્રાપ્તિ નથી. '**એમ ન થાય**'=ગુણોનો અનુપસંહાર નથી એવો અર્થ છે. ઉત્તરસૂત્રોની આ સૂત્રથી પુનરુક્તિ નથી એમ કહે છે—'**આજ પ્રયોજનસૂત્રનો**' ઇત્યાદિ ॥ ૫ ॥

---

૧ વિધિના ઉપકારક અંગ.

अन्यथात्वं शब्दादिति चेन्नाविशेषात् ॥ ६ ॥

(વાજસનેયીઓની વિદ્યા છન્દોગોની વિદ્યાથી) ભિન્ન છે, શ્રુતિથી એમ શંકા કરવી યુક્ત નથી, અવિશેષ છે તેથી ॥ ૬ ॥

વાજસનેયકમાં ' ते ह देवा ऊचुर्हन्तासुरान् यज्ञ उद्गीथेनात्ययामेति ' [બૃહ૦ ૧।૩।૧] (તે દેવોએ-સાત્વિકવૃત્તિવાળા પ્રાણોએ-કહ્યું, હવે એ યજ્ઞને વિષે ઉદ્ગીથથી અસુરોને-રજસ્તમોવૃત્તિરૂપ પ્રાણોને-જીતીને દેવત્વ પામીએ એમ) અને 'તે હ વાચમૂચુસ્ત્વં ન उद्गाय ' [બૃહ૦ ૧।૩।૨] (તેઓએ એમ નિશ્ચય કરીને વાણીને કહ્યું કે તું અમારૂં ઔદ્ગાત્ર કર્મ કર) એમ પ્રક્રમ કરીને વાક્ આદિ પ્રાણો અસુરપાપથી ગ્રસ્ત છે એમ તેમને નિન્દીને મુખ્ય પ્રાણનો પરિગ્રહ પડે છે—'अथ हेममासन्यं प्राणमूचुस्त्वं न उद्गायेति तथेति तेभ्य एष प्राण उदगायत्' [બૃહ૦ ૧।૩।૭] (પછી મુખની અંદર રહેલા પ્રાણને તેઓએ કહ્યું, તું અમારૂં ઔદ્ગાત્ર કર્મ કર એમ. 'હા' એમ કહી એ પ્રાણે તેમનું ઔદ્ગાત્ર કર્મ કર્યું) એમ. તેમ છાન્દોગ્યમાં પણ 'तद्ध देवा उद्गीथमाजह्रुरनेनैनानभिभविष्यामः' [છાન્દો૦ ૧।૨।૧] (તે દેવાસુરના સંગ્રામમાં દેવોએ ઔદ્ગાત્ર કર્મ કર્યું, એ કર્મથી એ અસુરોનો આપણે અ-

—

ચોદના આદિનો વિશેષ નથી તેથી ઉત્સર્ગથી એકજ વિદ્યા છે એમ પૂર્વે કહ્યું. તેનો અપવાદ કહેવા કહે છે—'अन्यथात्वं शब्दात्—'. અહિં વાજીઓનું બૃહદારણ્યકમાં રહેલું ઉદ્ગીથબ્રાહ્મણ અને છન્દોગોનો છાન્દોગ્યમાં રહેલો ઉદ્ગીથ અધ્યાય વિષય છે એમ કહે છે—'વાજસનેયકમાં' ઇત્યાદિ. 'ते ह देवाः—' ઇત્યાદિ. જેની જન્માવસ્થા થઈ છે એવા પ્રજાપતિ, કર્મજ્ઞાનાધિકૃત પુરુષ, તેના અપત્ય તે પ્રાજાપત્ય; તે પ્રજાપતિના પ્રાણો—ઇન્દ્રિયો—વાક્ આદિ. પ્રાજાપત્ય બે પ્રકારના છે—દેવ અને અસુર. તેમાં દેવ એ કનીયસ અને અસુર એ જ્યાયસ છે. દેવ એટલે સાત્વિકવૃત્તિપ્રધાન ચક્ષુરાદિ ઇન્દ્રિયો, શાસ્ત્રોદ્ભાસિત ઇન્દ્રિયવૃત્તિ, શાસ્ત્રાનુસારી, સત્ત્વાત્મક ઇન્દ્રિયવૃત્તિ, અને અસુર એટલે રાજસ અને તામસ વૃત્તિ જેમાં પ્રધાન છે એવી ઇન્દ્રિયો, દેવથી વિપરીત, પોતાનાજ અસુઓમાં—જીવનાનુકૂલ પ્રાણચેષ્ટાઓમાં—રમે છે એવી શાસ્ત્રની અપેક્ષા વગર સ્વભાવવશથી પ્રવર્તતી તમોગુણાત્મક ઇન્દ્રિયવૃત્તિઓ. સર્વ પ્રાણીઓના દેહમાં અનાદિકાલથી પ્રવૃત્ત આવો દેવાસુરસંગ્રામ—દૈવી અને આસુરી વૃત્તિ વચ્ચે સંગ્રામ—ચાલ્યો આવે છે. તે દેવો એટલે સાત્વિક વૃત્તિરૂપ પ્રાણોએ અન્યોન્ય કહ્યું કે આ આભિચારિક યજ્ઞમાં ઉદ્ગીથથી એટલે ઉદ્ગાતાના કર્મથી આપણે રજસ્તમોવૃત્તિરૂપ અસુરોનો પરાજય કરી દેવત્વ પામીએ. એ પ્રમાણે તેઓએ નિર્દોષ ઉદ્ગીથકર્તા ઉપાસ્ય કયો છે તે નક્કી કરવા સંવાદ કરી પ્રથમ વાણીની પરીક્ષા કરી કે તું અમારૂં ઉદ્ગાતૃકર્મ કર. વાણીએ અનૃત કર્યું. એવી રીતે પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, અને મનને પણ કામરૂપી અસુરપાપથી ગ્રસ્ત થયલાં જોઈ, તેઓને નિન્દી, મુખમાં રહેલો પ્રાણ-પ્રાણાભિમાની દેવતા—ઉપાસ્ય છે એમ નક્કી કર્યું એવો અર્થ છે. अथ = વાક્ આદિ પાપગ્રસ્ત હોવાથી અનુપાસ્ય છે એમ નિશ્ચય કર્યા પછી. 'तद्ध देवाः—' ઇત્યાદિ. तत् = तत्र. અન્યોન્યનો જેમાં અભિભવ થાય છે એવું યુદ્ધ પ્રવૃત્ત થયે દેવોએ પૂર્વની પેઠે ઉદ્ગાતૃકર્મ કર્યું કે એ ઉદ્ગીથથી એ અસુરોને—સ્વાભાવિક ઇન્દ્રિયવૃત્તિને—અમે

૧ ઉદ્ગાતાનું કર્મ.

મબત્ર કરીશું એમ) એમ પ્રક્રમ કરીને અન્ય પ્રાણોને, અસુરપાપથી ગ્રસ્ત હોવાથી, નિન્દીને તેજ પ્રકારે મુખ્ય પ્રાણનો પરિગ્રહ પડે છે—'अथ ह य एवायं मुख्यः प्राणस्तमुद्गीथमुपासांचक्रिरे' [છાન્દો૦ ૧।૨।૭] (પછી જે આ પ્રસિદ્ધ મુખમાં રહેલો પ્રાણ તેની ઉદ્ગીથ તરીકે ઉપાસના કરી) એમ બંને સ્થળે પ્રાણની પ્રશંસા છે તેથી પ્રાણવિદ્યાવિધાન છે એમ નિશ્ચય થાય છે. તેમાં સંશય થાય છે કે અહિં વિદ્યાનો ભેદ છે કે વિદ્યાનું એકત્વ છે? ત્યારે શું પ્રાપ્ત થાય છે? પૂર્વન્યાયે વિદ્યાનું એકત્વ પ્રાપ્ત થાય છે. પણ વિદ્યાનું એકત્વ યુક્ત નથી, પ્રક્રમનો ભેદ છે તેથી; કારણ કે વાજસનેયીઓ એક રીતે પ્રક્રમ કરે છે અને છન્દોગો અન્ય રીતે પ્રક્રમ કરે છે. 'त्वं न उद्गाय' [બૃહ૦ ૧।૩।૨] (તું અમારું ઔદ્ગાત્ર કર્મ કર) એમ વાજસનેયીઓ પ્રાણનું ઉદ્ગીથના કર્તા તરીકે શ્રવણ કરાવે છે; છન્દોગો તો 'तमुद्गीथमुपासांचक्रिरे' [છાન્દો૦ ૧।૨।૭] (તેની ઉદ્ગીથ તરીકે ઉપાસના કરી) એમ પ્રાણનું ઉદ્ગીથ તરીકે શ્રવણ કરાવે છે. આમ વિદ્યાનું એકત્વ શી રીતે થાય એમ જો કહેશો તો એ દોષ નથી; કેમકે એટલા વિશેષથી વિદ્યાનું એકત્વ બની શકતું નથી; કારણ કે વિરોધરહિત બહુતર ભાગ પ્રતીયમાન થાય છે. જેમકે દેવાસુરસંગ્રામનો ઉપક્રમ, અસુરના પરાભવને માટે સંવાદ, ઉદ્ગીથનો ઉપન્યાસ, વાગ્આ-

[illegible] 'તેજ પ્રકારે' = ઉદ્ગીથબ્રાહ્મણમાં પડ્યા છે તેમજ. પણ શ્રુતિમાં [illegible] અને અધ્યાયનો વિવક્ષિત અર્થ કરે છે— [illegible] ઉદ્ગીથવિદ્યાને વિષય તરીકે કરીને વિચાર [illegible] તેમાં સંશય થાય છે' ઇત્યાદિ. વિદ્યાનો ભેદ છે કે [illegible] 'उद्गाय' [illegible] 'ओमित्येतदक्षरमुद्गीथमुपासीत' [છાન્દો૦ ૧।૧।૧] [illegible] 'तमुद्गीथमुपासांचक्रिरे' [illegible] 'ઉદ્ગીથ તરીકે' [illegible] દોષ નથી' [illegible]

દિનું સંકીર્તન, તેની નિન્દાથી મુખ્ય પ્રાણનો આશ્રય અને તેના વીર્યથી અશ્મલોષ્ટના દૃષ્ટાન્તથી અસુરનો વિધ્વંસ—એમ બહુ અર્થો બંને સ્થળે અવિશિષ્ટ છે એમ પ્રતીત થાય છે. વળી વાજસનેયકમાં પણ પ્રાણ અને ઉદ્‌ગીથનું સામાનાધિકરણ્ય છે—'एष उ वा उद्गीथः' [બૃહ૦ ૧।૩।૨૩] (એ ખરેખર ઉદ્‌ગીથ છે) એમ. તેટલા માટે છાન્દોગ્યમાં પણ કર્તૃત્વની લક્ષણા કરવાની છે. તેટલા માટે વિદ્યાનું એકત્વ છે એમ ॥ ૬ ॥

न वा प्रकरणभेदात् परोवरीयस्त्वादिवत् ॥ ७ ॥

(વિદ્યાનું ઐક્ય ન્યાય્ય) નથીજ; પ્રકરણના ભેદથી, પરોવરીયસ્ત્વ આદિની પેઠે ॥ ૭ ॥

વિદ્યાનું એકત્વ અહિં ન્યાય્ય નથીજ, વિદ્યાનો ભેદજ અહિં ન્યાય્ય છે. શાથી? પ્રકરણના ભેદથી. પ્રક્રમના ભેદથી એવો અર્થ છે; કેમકે અહિં પ્રક્રમભંગ દેખાય છે. પ્રથમ છાન્દોગ્યમાં 'ओमित्येतदक्षरमुद्गीथमुपासीत' [છાન્દો૦ ૧।૧।૧] (ૐ એ

'અશ્મલોષ્ટના નિદર્શનથી'=જેમ પથ્થરને પ્રાપ્ત કરી મૃત્તિકાનું બનેલું હોવાથી ઢેફું નાશ પામે છે, તેમ પ્રાણનો ઘાત કરવા આવેલા અસુરો તેના વીર્યથી પોતેજ નાશ પામ્યા એમ ઉભયત્ર-બંને શ્રુતિમાં છે. અલ્પ રૂપભેદનો અંગીકાર કરીને વિદ્યાનું એકત્વ છે એમ કહ્યું; હવે અલ્પ રૂપભેદ પણ નથી એમ કહે છે—'વળી વાજસનેયકમાં પણ' ઇત્યાદિ. ઉદ્‌ગીથરૂપ તરીકે પ્રાણને બંને શ્રુતિમાં કહ્યો છે તેથી એકત્ર શ્રુત કર્તૃત્વ ઉભયત્ર સમજવું એવો અર્થ છે ॥ ૬ ॥

બહુવિરુદ્ધરૂપના ભેદથી વિદ્યાનું એકત્વ નથી એમ સિદ્ધાન્ત કરે છે—'न वा प्रकरणभेदात्'. વાશબ્દ અવધારણને અર્થે છે એમ સ્વીકારી પ્રતિજ્ઞાનો વિભાગ કરે છે—'વિદ્યાનું એકત્વ' ઇત્યાદિ. 'અહિં'=પ્રકૃત બે શાખામાં. બંને સ્થળે પ્રાણને ઉદ્‌ગીથ અને તેનો કર્તા કહ્યો છે એમ ઉભયત્ર અવિશેષ છે તેથી વિદ્યાનો અભેદ હોવાથી વિદ્યાનો અભેદ સમજે છે તો એની હાનિ શી રીતે એમ શંકા કરે છે—'શાથી'? શાખાભેદથીજ પ્રકરણભેદ સિદ્ધ થાય છે તો પ્રકરણભેદ વિચારભેદમાં પ્રયોજક નથી એમ આશંકા કરી અભીષ્ટ અર્થ કહે છે—'પ્રક્રમના ભેદથી એવો અર્થ છે'. બંને શાખામાં વિદ્યાભેદનું વિવરણ કરે છે—'કેમકે અહિં પ્રક્રમભંગ દેખાય છે' ઇત્યાદિ. 'उद्गीथम्'=ઉદ્‌ગીથાવયવ. ભૂત, પૃથિવી, અપ્, ઓષધિ, પુરુષ, વાક્, ઋક્, સામ ને ઉદ્‌ગીથમાં પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર સારતર છે—ચરાચર-ભૂતોનો પૃથિવી રસ છે, એટલે ઉત્પત્તિકારણ, સ્થિતિહેતુ અને પ્રલયનિદાન હોવાથી સારતર છે; પૃથિવીનો અપ્ રસ છે; કેમકે જળને વિષે પૃથિવી ઓતપ્રોત છે; જળનો ઓષધિ રસ છે; કેમકે ઓષધિ જળનું પરિણામ છે. ઓષધિનો રસ પુરુષ છે; કેમકે પુરુષ અન્નપરિણામ છે. તે પુરુષનો રસ વાણી છે; કેમકે પુરુષ અવયવોમાં વાક્ સારિષ્ઠ છે; ને વાક્‌નો રસ ઋક્ છે,

૧ અવિશિષ્ટ સામાનાધિકરણ્ય. ૨ પરથી પર અને વરથી વર એમ પરોવરીયસ્ એટલે પરમાત્મ દૃષ્ટિ. તેનો ભાવ તે પરોવરીયસ્ત્વ

ણાત્મક ઉદ્ગીથની ઉપાસના કરવી) એમ ઉદ્ગીથના અવયવ ૐકાર ઉપાસ્ય છે એવી રીતે પ્રસ્તવન કરીને રસતમ આદિ ગુણનું ઉપવ્યાખ્યાન ત્યાં કરીને પછી 'खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति' [છાન્દો૦ ૧।૧।૧૦] (ખરેખર, એજ પ્રકૃત ઉદ્ગીથાખ્ય અક્ષરનું ઉપવ્યાખ્યાન થાય છે) એમ ફરીથી પણ તેજ ઉદ્ગીથાવયવ ૐકારની અનુવૃત્તિ કરીને દેવાસુરની આખ્યાયિકાદ્વારા તેને 'प्राणमुद्गीथमुपासांचक्रिरे' [છાન્દો૦ ૧।૨।૨] (તે દેવોએ નાસિકામાં રહેલા ચેતનાવાન્ પ્રાણ પ્રાણ, ઉદ્ગીથકર્તા, ઉદ્ગાતાને ઉદ્ગીથભક્તિથી ઉપાસ્યો) એમ કહે છે. તેમાં જો उद्गीथશબ્દથી સકલ ભક્તિ અભિપ્રેત હોય, અને તેનો કર્તા ઉદ્ગાતા ઋત્વિક્ (ઉપાસ્ય) હોય તો ઉપક્રમને બાધ આવે ને લક્ષણા પ્રસક્ત થાય. ખરેખર, એક વાક્યમાં ઉપક્રમને અનુસારે ઉપસંહાર હોવો જોઈએ. તેટલા માટે અહિં તો ઉદ્ગીથાવયવ ૐકારને વિષે પ્રાણદૃષ્ટિનો ઉપદેશ છે. પણ વાજસનેયકમાં તો उद्गीथશબ્દથી અવયવનું ગ્રહણ કરવામાં કારણ નથી તેથી સકલ ભક્તિજ આવેદન કરી છે. 'त्वं न उद्गाय' [બૃહ૦ ૧।૩।૨] (તું અમારૂં ઔદ્ગાત્ર કર્મ કર) એમાં પણ તેનો કર્તા, ઉદ્ગાતા

ઋક્નો રસ સામ છે, અને તે સામનો પણ રસ ઉદ્ગીથ એટલે ૐકાર છે, એમ ૐકાર સારતમ છે—એમ ૐકારને રસતમ—સારતમ દર્શાવીને તેના આપ્તિ, સમૃદ્ધિ એવા ગુણો કહીને એ ગુણવાન્ ૐકારને વિષે પ્રાણદૃષ્ટિનું વિધાન કરવા માટે આખ્યાયિકા પ્રસ્તુત થઈ છે એમ કહે છે—'રસતમ આદિ ગુણનું' ઇત્યાદિ. પણ કોઈ શંકા કરે કે વાજિવાક્ય સાથે છાન્દોગ્યવાક્યની એકવાક્યતા કરવા સારૂ છાન્દોગ્યના ઉપક્રમમાં રહેલું ઉદ્ગીથપદ સંપૂર્ણ સામભક્તિના અર્થમાં લો, 'प्राणमुद्गीथम्' [છાન્દો૦ ૧।૨।૨] એમાં પણ ઉદ્ગીથકર્તા પ્રાણ ઉપાસ્ય છે એમ વ્યાખ્યાન કરો. આ શંકાનું નિરાકરણ કરે છે—'તેમાં જો उद्गीथશબ્દથી' ઇત્યાદિ. ૐકારની ઉપાસ્તિ જે ઉપક્રમમાં કહી છે તે ઉપક્રમનો ભંગ થાય છે ને उद्गीथપદમાં કર્તૃલક્ષણા થાય છે—उद्गीथપદમાં લક્ષણા કરી લક્ષ્ય અર્થ ઉદ્ગીથકર્તા લેવો પડે છે—એમ બે દોષ થાય છે. પણ કોઈ શંકા કરે કે સિદ્ધાન્તમાં પણ उद्गीथપદને વિષે ઉદ્ગીથાવયવ એ અર્થમાં અવયવલક્ષણા સ્વીકારવી પડે છે, તો અવયવલક્ષણાથી કર્તૃલક્ષણા વધારે સારી છે; કેમકે તેને અન્ય શ્રુતિનો અનુગ્રહ છે; એમ ઉપસંહારમાં ઉદ્ગીથકર્તા પ્રાણની ઉપાસ્તિ છે એમ નિશ્ચય છે તેથી ઉપક્રમમાં પણ તેનો નિશ્ચય છે. એ શંકાનું નિરસન કરવા કહે છે—'ખરેખર, એક વાક્યમાં ઉપક્રમને અનુસારે' ઇત્યાદિ. સન્દિગ્ધ ઉપક્રમ હોય તો તેનો વાક્યશેષથી નિશ્ચય થાય છે, જેમ 'अक्ताः शर्कराः' (શર્કરા લિપ્ત કીધી) અહિં અંજનદ્રવ્યનો સંદેહ થતે 'तेजो घृतम्' એમ શેષ હોવાથી અંજનદ્રવ્યનો નિશ્ચય થાય છે. અહિં તો ઉપક્રમમાં अक्षर ઉપાસ્ય છે એ નિશ્ચિત છે, તે अक्षरનું સમાનાધિકરણ उद्गीथપદ છે, તેથી તેને વિષે અવયવલક્ષણા છે એમ પણ વિનિશ્ચિત છે તેથી 'प्राणमुद्गीथम्' એમ જે ઉપસંહાર છે તેને ઉપક્રમની સાથે એકાર્થ થાય એમ લક્ષ્ય કરવો યુક્ત છે એવો અર્થ છે. આ પ્રમાણે છાન્દોગ્યમાં ૐકાર ઉપાસ્ય કહ્યો છે, અન્યત્ર તો પ્રાણ ઉપાસ્ય છે એમ કહ્યું છે એમ ઉપાસ્યભેદથી વિદ્યાભેદ છે એમ કહે છે—'પણ વાજસનેયકમાં તો' ઇત્યાદિ. 'उद्गीथेनात्ययाम' એમાં અવયવલક્ષણા માટે હેતુ નથી તેથી એમાં उद्गीथપદ સકલ સામભક્તિ વિષેજ છે. વળી જે એમ કહ્યું છે કે વાજિશ્રુતમાં પણ પ્રાણ ઉદ્ગીથરૂપ છે એમ શ્રુતિ છે તેથી ઉપાસ્ય એ-

ઋત્વિક્ પ્રાણ તરીકે નિરૂપાય છે એમ અન્ય પ્રસ્થાન છે. તેમાં પ્રાણનું ઉદ્ગીથ સાથે જે સામાનાધિકરણ્ય છે તે પણ ઉદ્ગાતા તરીકે દર્શાવવા ઇચ્છેલો પ્રાણ સર્વને આત્મા છે એમ પ્રતિપાદન કરવા માટે છે એટલે વિદ્યાનું એકત્વ આપતું નથી. વળી ત્યાં સકલ ભક્તિને જ વિષે ઉદ્ગીથશબ્દ છે એમ વૈષમ્ય છે. તેમજ પ્રાણ ઉદ્ગાતા છે એનો અસંભવ હેતુથી પરિત્યાગ કરાય છે એ કહેવું યુક્ત નથી; કેમકે ઉદ્ગીથભાવની પેઠે ઉદ્ગાતૃભાવ પણ ઉપાસનાને અર્થે ઉપદિશ્યમાન છે; અને ઉદ્ગાતા પ્રાણવીર્યથીજ આદ્ગાત્ર કર્મ કરે છે એટલે અસંભવ નથી. તેજ પ્રકારે ત્યાં શ્રવણ કરાવ્યું છે કે 'वाचा च ह्येव स प्राणेन चोद्गायत्' [બૃહ૦ ૧।૩।૨૪] (પ્રાણપ્રધાન વાણી વડે અને પોતાના આત્મભૂત પ્રાણ વડે તે અયાસ્ય, આઙ્ગિરસ ઉદ્ગાતાએ ઉદ્ગાન કર્યું). વળી વિવક્ષિત અર્થભેદ અવગમ્યમાન છે ત્યારે વાક્ય-છાયાના સાદૃશ્યમાત્રથી સમાન અર્થ છે એમ નિશ્ચય કરવો યુક્ત નથી; કારણ કે અભ્યુદયવાક્યમાં અને પશુકામવાક્યમાં 'त्रेधा तण्डुलान् विभजेद्ये मध्यमाः स्युस्ता-

---

કજ છે—એમ કહ્યું છે તેને દૂષિત કરે છે—'તેમાં પ્રાણનું ઉદ્ગીથ સાથે' ઇત્યાદિ. તેમાં ('एष वा उद्गीथः' બૃહ૦ ૧।૩।૨૩ માં) ઉદ્ગીથ ઉપાસ્ય છે તેનો ઉદ્ગીથ એ ગુણ છે એમ કહ્યું છે એવો અર્થ છે. વળી છાન્દોગ્યમાં ઉદ્ગીથનો અર્થ ઓંકાર છે, પરંતુ વાજસનેયકમાં તો ભક્તિ છે એમ ઉપાસ્યભેદ છે એમ કહે છે—'વળી ત્યાં સકલ ભક્તિને વિષે' ઇત્યાદિ. 'ત્યાં'=સામાનાધિકરણ્યવાક્યમાં. "વૈષમ્ય"=ઉભયત્ર વિદ્યાનું નાનાત્વ-ભેદ એ વૈષમ્ય છે. પણ પ્રાણ જડ હોવાથી વાજસનેયકે પણ તેનું ઉદ્ગાતા તરીકે ગ્રહણ કરવું યુક્ત નથી, પણ ઉદ્ગીથ તરીકેજ ગ્રહણ કરવું યુક્ત છે એમ આશંકા કરી કહે છે—'તેમજ પ્રાણ ઉદ્ગાતા છે' ઇત્યાદિ. અસંભવ સ્વીકારીને ઉદ્ગાતૃત્વ વાચનિક છે એમ કહ્યું. હવે અસંભવ પણ નથી એમ કહે છે—'ઉદ્ગાતા પ્રાણવીર્યથીજ' ઇત્યાદિ. 'ત્યાં'=ઉદ્ગીથપ્રકરણમાં 'वाचा च ह्येव स प्राणेन चोद्गायत्' [બૃહ૦ ૧।૩।૨૪]—તે ઉદ્ગાતાએ વાગ્વિશિષ્ટ પ્રાણ વડે ઔદ્ગાત્ર કર્મ કર્યું—એ શ્રુતિનો અસંભવ પણ નથી. મહત્તર અર્થમાં અવિરોધ હોય તો વિદ્યાનું ઐક્ય છે એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'વળી વિવક્ષિત અર્થભેદ' ઇત્યાદિ. એકત્ર ઉદ્ગાતા પ્રાણ ઉપાસ્ય છે અને અન્યત્ર ઓંકાર ઉપાસ્ય છે એમ અન્તરંગ ઉપાસ્યરૂપ ભેદ સ્પષ્ટ છે તેથી બહિરંગ અર્થવાદના સામાન્યથી ઉપાસનનું ઐક્ય યુક્ત નથી એવો અર્થ છે. વાજસનેયકમાં ઉદ્ગીથ અને ઉદ્ગાતાને એકરૂપ-ઉપાસ્ય તરીકે કહ્યા છે; છાન્દોગ્યમાં તો ઉદ્ગીથાવયવ ઓંકાર પ્રાણદૃષ્ટિથી ઉપાસ્ય છે એમ કહ્યું છે. એમ વિવક્ષિત અર્થનો—અંતરંગ ઉપાસ્યસ્વરૂપનો—ભેદ ગમ્યમાન હોવાથી, બહિરંગ જે અર્થવાદનો અભેદ તેથી એકાર્થવાળી વિદ્યાનું ઐક્ય થતું નથી એવો ભાવ છે. વાક્યછાયાના સાદૃશ્યથીજ અર્થનું ઐક્ય નથી એને વિષે દૃષ્ટાન્ત કહે છે—'કારણ કે અભ્યુદયવાક્યમાં' ઇત્યાદિ. 'यं वा एतं प्रजया पशुभिर्वर्धयति यद्यपरस्य प्रातर्न्वे यस्य हविर्निरुप्तं पुरस्ताच्चन्द्रमा अभ्युदेति त्रेधा तण्डुलान् विभजेद्ये मध्यमाः स्युस्तानग्नये दात्रे पुरोडाशमष्टाकपालं कुर्याद्ये स्थविष्ठास्तानिन्द्राय प्रदात्रे दधंश्चरुं येऽणिष्ठास्तान् विष्णवे शिपिविष्टाय शृते चरुम्'—એ અભ્યુદયવાક્ય છે. ચતુર્દશીને વિષે અમાવાસ્યાની ભ્રાન્તિથી દર્શ માટે પ્રવૃત્ત થયેલા યજમાનને ચન્દ્રમા પાછળથી ઉગે છે તેને વિષે આ વાક્ય છે, માટે

છે. તેજ અહિં ન્યાય્યતર છે; કેમકે તેમાં શ્રુતિના અક્ષરોની અનુગતિ છે. પણ સંજ્ઞા-નું એકત્વ તો શ્રુત્યક્ષરથી બાહ્ય છે; અને ઉદ્‌ગીથશબ્દમાત્રના પ્રયોગથી વ્યવહાર કરનારા લૌકિકો તેનો ઉપચાર કરે છે. વળી પ્રસિદ્ધ ભેદવાળી,પરોવરીયસ્ત્વ આદિ ગુણવાળી ઉપાસનાઓમાં 'ઉદ્‌ગીથવિદ્યા' એમ એ સંજ્ઞાનું એકત્વ છે. જેમ એ-કજ કાઠક ગ્રન્થમાં પોતા અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ આદિ, જેમાં ભેદ પ્રસિદ્ધ છે, તેની એકજ કાઠક સંજ્ઞા જોવામાં આવે છે, તેમ અહિં પણ ધરો. પણ જ્યાં એ પ્રકારનો કોઈ ભેદહેતુ ન હોય ત્યાં સંજ્ઞાના એકત્વથી વિદ્યાનું એકત્વ થાઓ. જેમ સંવર્ગવિદ્યા આદિમાં ॥ ૮ ॥

व्याप्तेश्च समञ्जसम् ॥ ९ ॥

પણ (સર્વ વેદમાં ઓંકારની) વ્યાપ્તિ છે તેથી (ઉદ્ગીથ એ વિશેષણ છે એ) નિરવદ્ય છે ॥ ૯ ॥

'ओमित्येतदक्षरमुद्गीथमुपासीत' [છાન્દો૦ ૧।૧।૧] (ૐ એ અક્ષર ઉદ્‌ગીથાવયવની ઉપાસના કરવી) અહિં 'અક્ષર' અને 'ઉદ્‌ગીથ' એ શબ્દોનું સામાનાધિકરણ્ય શ્રુતિમાં જણાય છે તેમાં અધ્યાસ, અપવાદ, એકત્વ, અને વિશેષણ એ પક્ષોનો પ્રતિભાસ થવાથી એમાંનો કયો પક્ષ ન્યાય્ય છે એ વિચાર છે. તે માટે બે વસ્તુમાંની એક વસ્તુ તરીકેની 'બુદ્ધિ નિવૃત્ત થયા વિનાજ બીજી વસ્તુ તરીકેની

છે. સંજ્ઞા તો પુરુષે આપેલી હોવાથી દુર્બલ છે એવો અર્થ છે. ભેદ સ્ફુટતર સમજાતો હોય ત્યારે સંજ્ઞાનું એકત્વ અભેદનું સાધન નથી; કેમકે એમ થવે અતિપ્રસંગ થાય. વળી શ્રુત્યક્ષર-ના સમાલોચનથી કેવલત્વ અન્તરંગ અને અપેક્ષારહિત છે. પણ સંજ્ઞાનું એકત્વ તો શ્રુતિથી બાહ્ય હોવાથી બહિરંગ છે અને 'પૌરુષેય હોવાથી સાપેક્ષ છે. તેટલા માટે સંજ્ઞાનું એકત્વ દુ-ર્બલ હોવાથી અભેદ સાધવા સમર્થ નથી. વળી સંજ્ઞાનું એકત્વ કર્મના એકત્વથી વ્યભિચારી છે—કૌંડપાયિનાં અયને. ભિન્ન ભિન્ન કર્મમાં પણ એક સંજ્ઞા છે એમ કહે છે—'વળી પ્રસિદ્ધ ભેદવાળી' ઇત્યાદિ. ત્યારે શું સંજ્ઞાનું એકત્વ સર્વત્ર અપ્રમાણ છે ? કહે છે કે ના. એમ નથી—'પણ જ્યાં એ પ્રકારનો' ઇત્યાદિ. બાધક ન હોય તો સંજ્ઞાનું એકત્વ પણ પ્રમાણ છે, જેમ સંવર્ગવિદ્યા એમ એક સંજ્ઞાથી સર્વ શાખાઓમાં તે વિદ્યાનું એકત્વ છે, તેમજ પરા-ત્રિ આદિ વિદ્યાનું એકત્વ છે એમ આ સૂત્રમાં દર્શાવ્યું છે એવો અર્થ છે ॥ ૮ ॥

ઓમ્ અને ઉદ્ગીથ શબ્દોનું સમાનાધિકરણ્ય એ અધિકરણનો વિષય છે એમ દર્શાવે છે—'ओमित्येतदक्षरम्' ઇત્યાદિ. વિશેષનું અવધારણ ન થવાથી સંદેહ કહે છે—'અધ્યાસ, અપવાદ' ઇત્યાદિ. અધ્યાસ આદિ પક્ષોનું વ્યાખ્યાન કરે છે—'તે માટે બે વસ્તુમાંની' ઇત્યાદિ 'તે માટે' એ ચારમાં, અધ્યાસ, અપવાદ, એકત્વ ને વિશેષણ એ ચારમાં 'અધ્યાસ' એટલે શું તે કહે છે. 'અધ્યાસ' એટલે બુદ્ધિપૂર્વક અનેકારોપ; 'અપવા-

૧ લૌકિક. ૨ વિચાર. ૩ પુરુષકૃત.

છે એમ નિશ્ચય કર્યો છે.' તેમ અહિં પણ ઉપક્રમના ભેદથી વિદ્યાનો ભેદ છે. શોવરીયસ્ત્વ આદિની પેઠે. જેમ પરમાત્મદૃષ્ટિનો અધ્યાસ સમાન છે તોપણ ' काशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायणम्' [છાન્દો૦ ૧।૯।૧] (કારણ કે આકા એ સર્વ ભૂતોથી મહત્તર છે, તેટલા માટે આકાશ સર્વ ભૂતોનું પરમસ્થાન 'स एष परोवरीयानुद्गीथः स एषोऽनन्तः' [છાન્દો૦ ૧।૯।૨] (તે એ પરથી અને વરથી વર ઉદ્ગીથ છે, તે એ અનન્ત છે) એમ પરોવરીયસ્ત્વગુણથી વિ ઉદ્ગીથનું ઉપાસન અક્ષિઆદિગત હિરણ્યશ્મશ્રુત્વ આદિ ગુણથી વિશિષ્ટ ગીથના ઉપાસનથી ભિન્ન છે, અને એક શાખામાં પણ અન્યોન્ય ગુણનો ઉપસં નથી, તેમ અન્ય શાખાઓમાં રહેલાં પણ એવાં ઉપાસનોમાં-એમ સમજવું ॥

संज्ञातश्चेत्तदुक्तमस्ति तु तदपि ॥ ८ ॥

સંજ્ઞાથી (વિદ્યાનું ઐક્ય છે એમ) જો (કહેશો તો) તે (યુક્ત નથી), તે કહ્યું છે, તે (સંજ્ઞાનું ઐક્ય) (પ્રસિદ્ધ ભેદવાળી વિદ્યામાં) પણ છે ॥ ૮ ॥

જો એમ કહેવાય કે સંજ્ઞાના એકત્વથી વિદ્યાનું એકત્વ અહિં ન્યાય્ય કેમકે ઉભયત્ર ઉદ્ગીથવિદ્યા એવી એક સંજ્ઞા છે, તો તે પણ ઉપપન્ન થતું નથ કેમકે એ 'न वा प्रकरणभेदात् परोवरीयस्त्वादिवत्' [બ્રહ્મસૂ૰ ૩।૩।૭] એમાં ક

મછી વત્સને માતૃસ્થાનથી દૂર કરીને, ગોદોહન કરીને, પૂર્વની પેઠે દેવતાઓને હવિનો વિભ કરી, અન્ય દેવતાથી વિશિષ્ટ પશુકામેષ્ટિનું વિધાન છે તેથી અહિ પૂર્વકર્મ અનનુવૃત્ત થત અન્ય યાગનું વિધાન છે. અભ્યુદયવાક્ય સાથે સારૂપ્ય છે તોપણ અપૂર્વકર્મનું વિધાન તેમજ છાન્દોમ્ય અને વાજસનેયકમાં દેવાસુરસગ્રામ આદિ પ્રતિપાદનની તુલ્યતા છે તોપણ પાસ્યનું વૈલક્ષણ્ય' છે તેથી વિદ્યાભેદજ સ્વીકારવો યુક્ત છે. સૂત્રોક્ત દૃષ્ટાન્તનું વ્યાખ્યા કરે છે—'પરોવરીયસ્ત્વ આદિની પેઠે.' 'परस्' એ સકારાન્ત અવ્યય છે. પરથી અને વરથી વરીયાન્ તે 'પરોવરીયસ્' એ એકપદ છે; એટલે પરમાત્મરૂપસંપન્ન ઉદ્ગી 'अनन्तः' = આકાશાખ્ય, પરમાત્મા. પરમાત્માની દૃષ્ટિને આલંબીને ઉદ્ગીથને તેવો કર્યો એવો અર્થ છે. આકાશ અને આદિત્ય આદિને વિષે પરમાત્મદૃષ્ટિના આરોપથી ઉદ્ગીથની પાસના સાથે સામ્ય છે તોપણ પરોવરીયસ્ત્વ આદિ ગુણવાળી ઉદ્ગીથની ઉપાસ્તિ અન્ય અને હિરણ્યશ્મશ્રુત્વ આદિ ગુણવાળી ઉદ્ગીથની ઉપાસ્તિ અન્ય છે, તેમ અહિં પણ એ અર્થ છે. પરમાત્માની દૃષ્ટિ ઉદ્ગીથને વિષે ઉત્પન્ન કરાવવા 'आकाशो ह्येवैभ्यो भूतेभ्य ज्यायान्' (આકાશ એ ભૂતોથી ઉત્કૃષ્ટ છે) એમ આકાશશબ્દથી પરમાત્માનો નિર્દે કરે છે ॥ ૭ ॥

સંજ્ઞાનું ઐક્ય-એ પૂર્વપક્ષનું બીજ—ઉડાવી દૂષિત કરે છે—'संज्ञातश्चेत्'[1] ઇત્યાદિ ઉપાસ્યરૂપ ભેદથી વિદ્યા ભિન્ન છે એમ જે કર્યું છે તે શ્રુત્યક્ષરને અનુગત હોવાથી બલવ

1 કેદ.

છે. તેજ અહિં ન્યાય્યતર છે; કેમકે તેમાં શ્રુતિના અક્ષરોની અનુગતિ છે. પણ સંજ્ઞા-
નું એકત્વ તો શ્રુત્યક્ષરથી બાહ્ય છે; અને ઉદ્ગીથશબ્દમાત્રના પ્રયોગથી વ્યવહાર
કરનારા લૌકિકો તેનો ઉપચાર કરે છે. વળી પ્રસિદ્ધ ભેદવાળી, પરોવરીયસ્ત્વ આદિ
ગુણવાળી ઉપાસનાઓમાં 'ઉદ્ગીથવિદ્યા' એમ એ સંજ્ઞાનું એકત્વ છે. જેમ એક-
જ કાઠક ગ્રન્થમાં પઠેલા અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ આદિ, જેમાં ભેદ પ્રસિદ્ધ છે,
તેની એકજ કાઠક સંજ્ઞા જોવામાં આવે છે, તેમ અહિં પણ થશે. પણ જ્યાં એ
પ્રકારનો કોઈ ભેદહેતુ ન હોય ત્યાં સંજ્ઞાના એકત્વથી વિદ્યાનું એકત્વ થાઓ, જેમ
સંવર્ગવિદ્યા આદિમાં ॥ ૮ ॥

व्याप्तेश्च समञ्जसम् ॥ ९ ॥

પણ (સર્વ વેદમાં ઓંકારની) વ્યાપ્તિ છે તેથી (ઉદ્ગીથ એ વિશેષણ છે એ) 'નિરવદ્ય છે ॥ ૯ ॥

'ओमित्येतदक्षरमुद्गीथमुपासीत' [છાન્દો૦ ૧।૧।૧] (ૐ-એ અક્ષર ઉદ્ગી-
થાવયવની ઉપાસના કરવી) અહિં 'અક્ષર' અને 'ઉદ્ગીથ' એ શબ્દોનું સામાના-
ધિકરણ્ય શ્રુતિમાં જણાય છે તેમાં અધ્યાસ, અપવાદ, એકત્વ, અને વિશેષણ એ
પક્ષોનો પ્રતિભાસ થવાથી એમાંનો કયો પક્ષ ન્યાય્ય છે એ વિચાર છે. તે મધ્યે એ
વસ્તુમાંની એક વસ્તુ તરીકેની 'બુદ્ધિ નિવૃત્ત થયા વિનાજ બીજી વસ્તુ તરીકેની

છે. સંજ્ઞા તો પુરુષે આપેલી હોવાથી દુર્બલ છે એવો અર્થ છે. ભેદ સ્ફુટતર સમજાતો હોય
ત્યારે સંજ્ઞાનું એકત્વ અભેદનું સાધન નથી; કેમકે એમ થયે અતિપ્રસંગ થાય. વળી શ્રુત્યક્ષર-
ના સમાલોચનથી ભેદપ્રત્યય અન્તરંગ અને અપેક્ષારહિત છે; પણ સંજ્ઞાનું એકત્વ તો શ્રુતિથી
બાહ્ય હોવાથી બહિરંગ છે અને [1]પૌરુષેય હોવાથી સાપેક્ષ છે; તેટલા માટે સંજ્ઞાનું એકત્વ દુ-
ર્બલ હોવાથી અભેદ સાધવા સમર્થ નથી. વળી સંજ્ઞાનું એકત્વ કર્મના એકત્વથી વ્યભિચારી
છે—કર્મૈક્યને અભાવે, ભિન્ન ભિન્ન કર્મમાં પણ એક સંજ્ઞા છે એમ કહે છે—'વળી પ્રસિદ્ધ
ભેદવાળી' ઇત્યાદિ. ત્યારે શું સંજ્ઞાનું એકત્વ સર્વત્ર અપ્રમાણ છે? કહે છે કે ના, એમ
નથી—'પણ જ્યાં એ પ્રકારનો' ઇત્યાદિ. બાધક ન હોય તો સંજ્ઞાનું ઐક્ય પણ પ્રમાણ
છે, જેમ સંવર્ગવિદ્યા એમ એક સંજ્ઞાથી સર્વ શાખાઓમાં તે વિદ્યાનું ઐક્ય છે, તેમજ પચા-
ગ્નિ આદિ વિદ્યાનું ઐક્ય છે એમ આઠ સૂત્રમાં દર્શાવ્યું છે એવો અર્થ છે ॥ ૮ ॥

ઓમ્ અને ઉદ્ગીથ શબ્દોનું સામાનાધિકરણ્ય એ અધિકરણનો વિષય છે એમ દર્શાવે
છે—'ओमित्येतदक्षरम्' ઇત્યાદિ. વિશેષનું અવધારણ ન થવાથી સંદેહ કહે છે—'અધ્યા-
સ, અપવાદ' ઇત્યાદિ. અધ્યાસ આદિ પદાર્થોનું વ્યાખ્યાન કરે છે—'તે મધ્યે બે વસ્તુ-
માંની' ઇત્યાદિ. [2]તે મધ્યે' એ ચારમાં, અધ્યાસ, અપવાદ, એકત્વ ને વિશેષણ એ ચારમ-
ધ્યે. 'અધ્યાસ' એટલે શું તે કહે છે. 'અધ્યાસ' એટલે બુદ્ધિપૂર્વક અભેદારોપ; 'અપવા-

---

૧ દેવરહિત. ૨ વિચાર. ૩ પ્રકરણ.

ુદ્ધિનો આરોપ કરાય તે અધ્યાસ. જેને વિષે 'અન્યબુદ્ધિનો અધ્યાસ થાય છે તેને
વિષે અન્યબુદ્ધિનો અધ્યાસ કર્યો છે તોપણ તે વસ્તુ તરીકેની બુદ્ધિ અનુવૃત્ત થાય
છેજ. જેમ નામને વિષે બ્રહ્મબુદ્ધિનો અધ્યાસ કરાય છે ત્યારે પણ નામબુદ્ધિ અનુ-
વૃત્ત થાય છેજ, બ્રહ્મબુદ્ધિથી તે નિવૃત્ત થતી નથી; અથવા તો જેમ પ્રતિમા આ-
દિને વિષે વિષ્ણુ આદિ બુદ્ધિનો અધ્યાસ થાય છે. એમ અહિં પણ અક્ષરને વિષે
ઉદ્‌ગીથબુદ્ધિનો અધ્યાસ થાય કે ઉદ્‌ગીથને વિષે અક્ષરબુદ્ધિનો અધ્યાસ થાય એમ.
જે કોઈક વસ્તુને વિષે પૂર્વ [2]નિવિષ્ટ મિથ્યાબુદ્ધિનો નિશ્ચય થયે પાછળથી ઉત્પન્ન
થતી યથાર્થબુદ્ધિ પૂર્વ નિવિષ્ટ મિથ્યાબુદ્ધિને નિવૃત્ત કરનારી થાય છે તેનું નામ અ-
પવાદ. જેમ દેહ ને ઇન્દ્રિયના સંઘાતને વિષે આત્મબુદ્ધિ પાછળથી થનારી 'તત્ત્વ-
મસિ' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે) એ આત્માને વિષેજ આત્મબુદ્ધિરૂપ યથાર્થ-
બુદ્ધિથી નિવૃત્ત થાય છે. અથવા તો જેમ દિશાની ભ્રાન્તિબુદ્ધિ દિશાની યથાર્થબુ-
દ્ધિથી નિવૃત્ત થાય છે. એમ અહિં પણ અક્ષરબુદ્ધિથી ઉદ્‌ગીથબુદ્ધિ નિવૃત્ત થાય છે
કે ઉદ્‌ગીથબુદ્ધિથી અક્ષરબુદ્ધિ નિવૃત્ત થાય છે એમ. એકત્વ એટલે તો અક્ષર અને
ઉદ્‌ગીથ શબ્દોનો ભિન્ન અર્થ ન હોવો તે; જેમ 'દ્વિજોત્તમ,' 'બ્રાહ્મણ', અને 'ભૂ-
મિદેવ' એમ. સર્વવેદવ્યાપી 'ઓમ્' એ અક્ષરે પોતાના ગ્રહણપ્રસંગે[3] ઉદ્‌ગાતાના
કર્મવિશેષનો બોધ કરાવવો એનું નામ વિશેષણ; જેમ 'નીલ જે ઉત્પલ તે
આણ,' એમ અહિં પણ ઉદ્‌ગીથ જે ઓંકાર તેની ઉપાસના કરવી. આ રીતે એ
સામાનાધિકરણ્યવાક્યનું [4]વિમર્શન કરતી વખતે આ પક્ષો દેખાય છે, તેમાં એકનું
પણ નિર્ધારણ કરવાના કારણનો અભાવ છે તેથી અનિર્ધારણ પ્રાપ્ત થયે આ કહે
છે—'વ્યાપ્તેશ્ચ સમઞ્જસમ્.' ચશબ્દ તુશબ્દને સ્થાને રહેલો છે અને ત્રણ પક્ષ વ્યા-

દ' એટલે બાધ; 'એકત્વ' એટલે વાસ્તવિક અભેદ; અને 'વિશેષણ' એટલે વ્યાવર્તક
એમ વિવેક છે. એમાંથી એક વસ્તુ તરીકેનો વિચાર નિવૃત્ત થયા વિના અન્ય વસ્તુ તરીકેનો
વિચાર શી રીતે થાય તેને માટે કહે છે—'જેને વિષે અન્યબુદ્ધિનો' ઇત્યાદિ. 'અધ્યા-
સ થાય એમ'—એમાં 'એમ' શબ્દ અધ્યાસપક્ષની સમાપ્તિ દર્શાવનાર છે. અપવાદ-
શબ્દની વ્યુત્પત્તિ કહે છે—'જે કોઈક વસ્તુને વિષે' ઇત્યાદિ. 'નિવૃત્ત થાય છે એમ'—
એમાં 'એમ' શબ્દે અપવાદપક્ષની સમાપ્તિ કહે છે. એકત્વપક્ષ દૃષ્ટાન્તસહિત સ્પષ્ટ કરે છે-
'એકત્વ એટલે તો' ઇત્યાદિ. 'ભૂમિદેવ એમ'. 'એમ' શબ્દે એકત્વપક્ષની સમાપ્તિ
કહે છે. વિશેષણપક્ષ પ્રકટ કરે છે—"સર્વવેદવ્યાપી 'ઓમ્' એ અક્ષરે" ઇત્યાદિ. 'ગ્રહણ-
પ્રસંગે' = ધ્યેય તરીકે સ્વીકારપ્રસંગે. ચારે પક્ષો સમજાવી તેનો ઉપસંહાર કરે છે—'આ
રીતે એ સામાનાધિકરણ્યવાક્યનું' ઇત્યાદિ. પૂર્વ અધિકરણમાં, ઉદ્‌ગાતૃકર્માત્મક જે ઉદ્‌ગીથ
તેનો અવયવ ઓંકાર છે એમ ઉદ્‌ગીથને ધ્યેય ઓંકારના વિશેષણ તરીકે સિદ્ધવત્ માનીને ધ્યે-
યભેદથી વિદ્યાભેદ છે એમ સિદ્ધાન્ત કર્યો; પણ એ સિદ્ધાન્ત યુક્ત નથી એમાં આક્ષેપની
સાથે પૂર્વપક્ષની સંગતિ છે, એમ પૂર્વપક્ષ કહે છે—'તેમાં એકનું પણ નિર્ધારણ કરવાના'
ઇત્યાદિ. આ પૂર્વપક્ષમાં પૂર્વોક્ત સિદ્ધાન્તની અસિદ્ધિ એ ફળ છે; સિદ્ધાન્તમાં તે સિદ્ધાન્તની
સિદ્ધિ એ ફળ છે એમ માનીને સિદ્ધાન્તસૂત્રનું વ્યાખ્યાન કરે છે—'ચશબ્દ તુશબ્દને સ્થાને —

૧ અન્ય વસ્તુ તરીકેના વિચારનો. ૨ કાયમ થયેલી. ૩ ગ્રહણપ્રસંગે. ૪ વિચાર

વૃત્ત કરવા એ એનું પ્રયોજન છે. તેટલા માટે અહિં ત્રણ પક્ષો દૂષિત છે માટે તેનો [1]પર્યુદાસ કર્યો છે, એકલો વિશેષણપક્ષજ [2]અનવદ્ય છે માટે તેનું [3]ઉપાદાન કર્યું છે. તેમાં પ્રથમ અધ્યાસમાં, જે બુદ્ધિનો અન્યત્ર અધ્યાસ છે તે શબ્દને લક્ષણાવૃત્તિમાં લેવાનો પ્રસંગ આવે અને તેનું ફળ કલ્પવું પડે. પણ 'आपयिता ह वै कामानां भवति' [છાન્દો૦ ૧।૧।૭] ({આપ્તિ–સમૃદ્ધિ એ ગુણથી વિશિષ્ટ ઓંકારની જે ઉપાસના કરે છે} તે ખરેખર {યજમાનની} કામનાઓનો પ્રાપ્ત કરાવનાર થાય છે) ઇત્યાદિ ફળ શ્રુતિમાં છેજ એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે તે અન્યનું ફળ છે, કારણ કે તે આપ્તિ આદિ (તરીકે ઓંકારની) દૃષ્ટિનું ફળ છે, ઉદ્ગીથના અધ્યાસનું ફળ નથી. અપવાદમાં પણ ફળનો અભાવ સરખો છે. મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ એ ફળ છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે તેનો પુરુષાર્થરૂપ ઉપયોગ સમજાતો નથી; કદી પણ ઓંકારથી ઓંકારબુદ્ધિ નિવૃત્ત થતી નથી કે ઉદ્ગીથથી ઉદ્ગીથબુદ્ધિ નિવૃત્ત થતી નથી. વળી એ વાક્યનું તાત્પર્ય વસ્તુતત્ત્વ પ્રતિપાદન કરવાનું નથી; કેમકે ઉપાસનાવિધિ એ એનું તાત્પર્ય છે. એકત્વપક્ષ પણ બંધબેસતો નથી;

રહેલો છે' ઇત્યાદિ. ત્રણે પક્ષ દોષવાળા છે એમ પ્રતિજ્ઞા કરી અધ્યાસપક્ષમાં દોષ કહે છે—'તેમાં પ્રથમ અધ્યાસમાં' ઇત્યાદિ. જે ઉદ્ગીથની બુદ્ધિ ઓંકારને વિષે આરોપાય છે તે ઉદ્ગીથ અર્થનો વાચક જે ઉદ્ગીથશબ્દ તેની ઓંકારને વિષે લક્ષણા થાય—તે ઉદ્ગીથશબ્દનો લક્ષણાવૃત્તિથી ઓંકાર એવો લક્ષ્ય અર્થ કરવો પડે; કેમકે ઉદ્ગીથબુદ્ધિવિષયત્વ એ ગુણ પ્રતિપાદન કરે છે; તેમજ સંબન્ધ પણ અસિદ્ધ હોવાથી કલ્પવો પડે અને પ્રતીકની ઉપાસનાનું ફળ પણ કલ્પવું પડે એમ ગૌરવ થાય એવો અર્થ છે. પણ ફળ કલ્પવાની જરૂર નથી એમ શંકા કરે છે—"પણ 'आपयिता ह वै'" ઇત્યાદિ. 'તે આપ્તિ આદિ {તરીકે ઓંકારની} દૃષ્ટિનું ફળ છે'. ઓંકાર એ આપ્તિ છે, સમૃદ્ધિ છે એમ જે ઉપાસના કરે છે તે કામના પ્રાપ્ત કરે છે એમ જે શ્રુતિમાં ફળ કહ્યું છે તે અધ્યાસનું નથી. અપવાદપક્ષનું નિરાકરણ કરે છે—'અપવાદમાં પણ' ઇત્યાદિ. ફલાભાવ અસિદ્ધ છે એમ શંકા કરે છે—'મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ એ ફળ છે' ઇત્યાદિ. મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ થયે આત્માને વિષે કર્તૃત્વ આદિ અનર્થની નિવૃત્તિ અને આનન્દની અભિવ્યક્તિ દેખાય છે; એ પ્રમાણે ઓંકારબુદ્ધિથી ઉદ્ગીથબુદ્ધિનો કે ઉદ્ગીથબુદ્ધિથી ઓંકારબુદ્ધિનો ધ્વંસ થયે કોઈ પુરુષાર્થ દેખાતો નથી. તેટલા માટે એ ફળ નથી એમ કહે છે—'તે યુક્ત નથી' ઇત્યાદિ. અપવાદનો અંગીકાર કરી વૈફલ્ય[4] દોષ કહ્યો, હવે અંગીકારનો ત્યાગ કરે છે—અન્યતરબુદ્ધિ એ ભ્રાન્તિ ન હોવાથી અપવાદ નથી એમ કહે છે—'કદી પણ ઓંકારથી' ઇત્યાદિ. ભ્રાન્તિ હોય તો નિવૃત્ત થાય, પણ નિવૃત્ત થતી નથી, તેથી અભ્રાન્તિ છે એવો અર્થ છે. વળી તત્ત્વબોધક વાક્યથી ભ્રાન્તિનો અપવાદ થાય છે; પણ એ વાક્ય તત્ત્વપર નથી એમ કહે છે—'વળી એ વાક્યનું તાત્પર્ય' ઇત્યાદિ. 'ઘટ' અને 'કુંભ' શબ્દોની પેઠે 'ઓંકાર' અને 'ઉદ્ગીથ' શબ્દો પર્યાય થાય એ પર્યાયપક્ષનું—એકત્વપક્ષનું નિરાકરણ કરે છે—'એકત્વપક્ષ પણ બંધબેસતો નથી' ઇત્યાદિ. જેમ 'પિક' શબ્દનું [5]વ્યુત્પાદન 'કોકિલ' શબ્દથી થવાથી ફલવત્-પ્રયોજનવાળું થાય છે, તેમ 'ઉદ્ગીથ' ને ઓંકાર' એ બેમાંથી એકનું અન્યથી વ્યુત્પાદન ફલવત્ થાય એમ

૧ નિષેધ. ૨ અદૂષિત. ૩ ગ્રહણ. ૪ ફલાદિરહિતરૂપ દોષ. ૫ સમજાવવું; અર્થ વ્યુત્પન્ન કરવો, સમજાવવો તે.

પ્રવૃત્ત છે; વિધિવાક્યપક્ષમાં તો અવયવિવાચક શબ્દથી અવયવનો બોધ થાય છે એટલે લક્ષણા સંનિકૃષ્ટ છે. ખરેખર, સમુદાયના અર્થમાં પ્રવૃત્ત થયેલા શબ્દો અવ-

પક્ષમાં એક પદાર્થને વિષે અન્વયપદાર્થબુદ્ધિ એ વિષયતારૂપ જે [illegible]

[illegible]

[illegible]

યજ્ઞોને વિષે પણ પ્રવૃત્ત થતા દેખાય છે. પટ, ગ્રામ, આદિને વિષે, આ કા[illegible]
વ્યાપ્તિ હેતુથી 'ૐ એ અક્ષર' એનું 'ઉદ્ગીથ' એ વિશેષણ છે એ પ્રમાણે
[1]નિરવદ્ય છે એવો અર્થ છે ॥ ૯ ॥

सर्वाभेदादन्यत्रेमे ॥ १० ॥

(ક્વચિત્ સ્થળે કહેલા) એ (ગુણો) અન્યત્ર (પણ અર્થાત્) સર્વત્ર અભેદ છે તેથી ॥ ૧૦ ॥

વાજી અને છન્દોગોના પ્રાણસંવાદમાં શ્રેષ્ઠત્વ એ ગુણથી યુક્ત પ્રાણ [illegible] છે એમ કહ્યું છે; અને તેમાં વાક્ આદિ પણ વસિષ્ઠત્વ આદિ ગુણોથી યુક્ત [illegible] કહ્યું છે. વળી એ ગુણો પ્રાણને વિષે પુનઃ પ્રત્યર્પિત કર્યા છે – यद्वा अहं व[illegible]सि त्वं तद्वसिष्ठोऽसि' [બૃહ૦ ૬।૧।૧૪] (જે હું અતિશય વસવતી છું તે [illegible] તું અતિશય વસવાન્ છે) ઇત્યાદિથી. પણ કૌષિતકી આદિ અન્ય શાખાવાળા[illegible] 'अथातो निःश्रेयसादानम्', 'एता ह वै देवता अहंश्रेयसे विवदमानाः' [[illegible] ૨।૧૪] (હવે શ્રેષ્ઠતાનું નિર્ધારણ થાય છે; ખરેખર, આ દેવતાઓ પોતાના શ્રે[illegible] માટે વિવાદ કરતા) એવી જાતના પ્રાણસંવાદોમાં પ્રાણનું શ્રેષ્ઠત્વ કહ્યું છે, પણ [illegible]

સૂત્રપદનું સ્પષ્ટીકરણ કરતાં વિશેષણપક્ષ નિરવદ્ય છે એમ ઉપસંહાર કરે છે—' આ કાર[illegible] વ્યાપ્તિ હેતુથી' ઇત્યાદિ. આ રીતે સર્વવેદવ્યાપી ૐકારનું [illegible] કરીને ૐકારને વિ[illegible] ગુદૃષ્ટિના વિધાનને અર્થે વિશેષણજ સમંજસ છે; કલ્પના તુ [illegible] છે એમ ત[illegible]

— —

ઉદ્ગીથગુણવાળોજ ૐકાર ઉપાસ્ય છે એમ કહ્યું એટલે તે તે [illegible] ગુણવાળોજ [illegible] તે તે સ્થળે ઉપાસ્ય થાય એમ આશંકા કરી કહે છે—' सर्वाभेदादन्यत्रेमे '. [illegible] માટે [5]અવિગીત-સંમત અર્થ કહે છે—' વાજી અને છન્દોગોના પ્રાણસંવાદમાં ' [illegible] બંને શાખામાં અન્ય સંમત અર્થ કહે છે—' અને તેમાં વાક્ આદિ પણ ' [illegible] વસિષ્ઠત્વગુણવાળી છે; કેમકે 'વાગ્મી લોકમાં સુખે વસે છે [illegible] છે, ચક્ષુષ્મત્ની [7]પાદપ્રતિષ્ઠા જોવામાં આવે છે; શ્રોત્ર સંપદ્ગુણવાળું છે [illegible] વણ કરવાથી સર્વ અર્થની સંપત્તિ થાય છે; મન [9]આયતન-ગુણ[illegible] સર્વ ભોગ્યનો આશ્રય છે, વૃત્તિદ્વારા ભોગ્ય પદાર્થોનું નિધાન [illegible] બંને શાખામાં છે. વળી પ્રાણનું શ્રેષ્ઠત્વ નક્કી કરી વાક્ આદિએ [illegible] ર્પ્યાં છે એમ બંને શાખાનો સંમત અર્થ છે, અધિકરણનો વિષય કહે છે—' પણ કૌ[illegible] કી આદિ અન્ય શાખાવાળાઓના ' ઇત્યાદિ. 'अथातो निःश्रेयसादानम्' = [illegible] ષ્ઠત્વનું નિર્ધારણ પ્રસ્તવાય છે—આરંભાય છે એવો અર્થ છે. 'एता ह वै०' [illegible] દેવતા વાક્ આદિની અભિમાનિની દેવતાઓ. 'अहंश्रेयसे' = પોતાના શ્રેષ્ઠત્વને માટે [illegible]

---

१ દોષરહિત. ૨ દૃષ્ટિરહિત. ૩ અતિશય વસુમાન-દ્રવ્યવાન્ તે વસિષ્ઠ, અતિશય [illegible] હોવું તે 'વસિષ્ઠત્વ'. ૪ આપ્યા છે, દર્શાવ્યા છે. ૫ જેમાં વિરોધ-મતભેદ નથી એવો. ૬ [illegible] વાણીવાળો. ૭ પગ ઠરવા તે. ૮ કર્યું. ૯ આયતન = સ્થાન.

[illegible] વિધિવાક્યમાં તો અવયવિવાચક શબ્દથી અવયવનો બોધ થાય છે [illegible] અર્થમાં પ્રયુક્ત થતા શબ્દો અવ-

[illegible]

શબ્દે વાજસનેયી બ્રાહ્મણમાં આવેલા ગુણસમુદાયને [1]સંશબ્દિત કર્યો નથી, સંનિહિત નથી તેથી; તોપણ તેજ વિજ્ઞાનમાં વાજસનેયી બ્રાહ્મણમાં આવેલા એવમ્ (એમ) શબ્દે તે સંશબ્દિત કર્યું છે એટલે અન્ય શાખામાં રહેલો પણ, અભિન્ન વિજ્ઞાન સાથે જોડાયલો ગુણસમૂહ પોતાની શાખામાં રહેલા ગુણસમૂહથી વિશિષ્ટ-ભિન્ન થતો નથી. વળી એમ થયે શ્રુતની હાનિ કે અશ્રુતની કલ્પના થતી નથી; કારણ કે એક પણ શાખામાં શ્રવણ કરેલા ગુણો સર્વત્રજ શ્રવણ કરેલા થાય છે; કેમકે [2]ગુણવત્‌માં ભેદનો અભાવ છે. ખરેખર, શૌર્યાદિ ગુણથી સ્વદેશમાં પ્રસિદ્ધ થયલો દેવદત્ત, દેશાન્તરમાં જાય ત્યારે તે તે દેશના વાસીઓથી તેના શૌર્યાદિ ગુણ સમજાયા ન હોય તોપણ, તે ગુણ વિનાનો થતો નથી. વળી જેમ ત્યાં પરિચયવિશેષથી દેશાન્તરમાં પણ દેવદત્તના ગુણો સમજાય છે; એ રીતે એક શાખામાં પણ જે ગુણો ઉપાસ્ય છે તે ગુણો [3]અભિયોગવિશેષથી અન્ય શાખામાં અર્પાય. તેટલા માટે એક [4]પ્રધાન સાથે સંબદ્ધ થયલા ધર્મો, એકત્ર કહેવાય તોપણ, સર્વત્ર ઉપસંહાર કરવા યુક્ત છે એમ ॥ ૧૦ ॥

છે; કેમકે બંને શ્રુતિ ને અર્થથી સરખા સંનિહિત છે, એ સંનિધાનમાં કંઈ વિશેષ નથી, એમ કહે છે—'તોપણ તેજ વિજ્ઞાનમાં' ઇત્યાદિ. કૌષીતકી શ્રુતિમાં કહેલો પ્રાણ વસિષ્ઠત્વ આદિ ગુણવાળો છે, શ્રેષ્ઠ પ્રાણ છે તેથી, વાજી શ્રુતિમાં કહેલા પ્રાણની પેઠે— એમ અશ્રુત ગુણનું અનુમાન થવાથી શ્રુતની હાનિ નથી, અવિરોધ છે તેથી એ જે કહ્યું છે તે સ્પષ્ટ કરે છે—'વળી એમ થયે શ્રુતની હાનિ' ઇત્યાદિ. ન ગણાવેલા એવા પણ ગુણો શ્રુતજ છે એને માટે દૃષ્ટાન્ત કહે છે—'ખરેખર, શૌર્યાદિ ગુણથી' ઇત્યાદિ. ફલિત કહે છે—'તેટલા માટે' ઇત્યાદિ. સિદ્ધાન્તનો સાર આ પ્રમાણે છે—એવંકાર સંનિહિતનો પરામર્શ કરે છે એ સત્ય છે; પણ જે શબ્દથી ઉપાત્ત છે—જેનું શબ્દથી ગ્રહણ થયું છે તેજ સંનિહિત છે એમ સમજવાનું નથી; પણ શબ્દથી અભિહિત થયલા અર્થની સાથે અવિનાભાવ સંબન્ધથી જે પ્રાપ્ત થયલું તે પણ બુદ્ધિને વિષે સંનિહિત હોવાથી સંનિહિતજ છે. જેમ 'यस्य पर्णमयी जुहूर्भवति' (જેનો પર્ણનો બનેલો સરવો થાય છે) એમાં જુહુને ક્રતુ સાથે અવ્યભિચરિત સમન્વય હોવાથી જુહૂ ક્રતુનું ઉપસ્થાપન કરે છે. તેટલા માટે ઉપાસ્ય ને ફળનું પ્રત્યભિજ્ઞાન થવાથી તેનાથી અવ્યભિચરિત જે પ્રકારભેદ તે અહિં કહ્યો નથી તોપણ બુદ્ધિને વિષે તેનું સંનિધાન છે તેથી પ્રકૃતની સાથે જેનો પરામર્શ થાય છે એવા એવંકારથી તેનો પણ—બુદ્ધિમાં જેનું સંનિધાન છે તેનો પણ—પરામર્શ યુક્ત છે ॥ ૧૦ ॥

---

૧ શબ્દ વડે કહ્યા નથી. ૨ ગુણી, ગુણ જેમાં છે તે. ૩ ખાસ અભિયોગથી-ધ્યાનથી. ૪ અંગ. ૫ ખુવ-ખુવા-સરવો, જે વડે હોમવાનો લાકડાનો સરવો.

आनन्दादयः प्रधानस्य ॥ ११ ॥

આનન્દ આદિ પ્રધાનના (ધર્મો સર્વે સર્વત્ર સમજવાના છે) ॥ ૧૧ ॥

બ્રહ્મનું સ્વરૂપ પ્રતિપાદન કરવાના તાત્પર્યવાળી શ્રુતિઓમાં આનન્દરૂપત્વ, વિજ્ઞાનઘનત્વ, સર્વગતત્વ, સર્વાત્મત્વ એવા પ્રકારના બ્રહ્મના ધર્મોનું ક્વચિત્ કેટલા-કનું શ્રવણ થાય છે. તેઓને વિષે સંશય છે—કે શું આનન્દ આદિ બ્રહ્મધર્મો જેટલા જ્યાં શ્રવણ થાય છે તેટલાજ ત્યાં સમજવાના છે, કે શું સર્વ સર્વત્ર સમજવાના છે એમ. તેમાં શ્રુતિવિભાગ પ્રમાણે ધર્મની પ્રતિપત્તિ પ્રાપ્ત થયે આ કહે છે—આન-

ગુણવત્ની ઉપાસનાનું વિધાન વાસ્તવ ગુણના વ્યાખ્યાનથી વિભિન્ન છે તે દર્શાવવા માટે આ અધિકરણ છે. બ્રહ્મ જે જ્ઞેય છે તેના ઐક્ય ને નિર્વિશેષત્વને લીધે સંશય કહે છે—'તે-ઓને વિષે સંશય છે' ઇત્યાદિ. પ્રાણ સવિશેષ છે તેથી અન્ય શાખામાં કહેલા વસિષ્ઠત્વ આદિ ગુણોનો ઉપસંહાર યુક્ત છે; પણ બ્રહ્મ તો નિર્વિશેષ છે તેથી પોતાની શાખામાં રહેલાં પદોથીજ પ્રમિતિ સિદ્ધ થાય છે, તેથી અન્ય પદનો ઉપસંહાર વ્યર્થ છે એમ પ્રત્યુદાહરણથી પૂર્વપક્ષ છે. સિદ્ધાન્ત કહે છે—'આ કહે છે' ઇત્યાદિ. આનન્દત્વ, સત્યત્વ, જ્ઞાનત્વ આદિ 'સામાન્ય બ્રહ્મને વિષે કલ્પિત ધર્મ છે, તે ધર્મોનો સર્વ શાખાઓમાં ઉપસંહાર એટલે તે ધર્મવાચક આનન્દ આદિ પદોનો એકવાક્યતાથી ઉચ્ચાર, 'આનન્દ, સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ, શુદ્ધ, અદ્વય આત્મા' એમ. તે સમાનાધિકરણ પદો વિરુદ્ધ ધર્મના ત્યાગથી સર્વાધિષ્ઠાનભૂત એક અ-ખંડવ્યક્તિનો લક્ષણાથી બોધ કરે છે. એકજ પદથી લક્ષ્યની સિદ્ધિ થાય છે માટે અન્ય પદો વ્યર્થ છે એમ કહેવું યુક્ત નથી; કેમકે એક પદમાં વિરોધના અભાવને લીધે લક્ષણાવૃત્તિ ઊ-તરી શકતી નથી. બે પદમાં પણ લક્ષણા ઊતરી શકે છે તોપણ 'બ્રહ્મ આનન્દ છે' એમ કહેવાથી દુઃખત્વ, ને ભ્રાન્તિનો નિરાસ થાય છે તોપણ અસત્ત્વ, જડ આદિ ભ્રમ થાય, તેનું નિરસન કરવા માટે 'સત્ય, જ્ઞાન' આદિ પદો પ્રયોજવાં યુક્ત છે. ભ્રમ અનવધિ હોવાથી વાક્ય અપરિસમાપ્ત થશે એવી શંકા કરવી યુક્ત નથી; કેમકે 'સચ્ચિદાનન્દાત્મક, સર્વધર્મશૂન્ય, અદ્વય, અવિકલ્પ બ્રહ્મ હું છું' એમ વિશેષ જ્ઞાન થયે સર્વ ભ્રમનું નિરસન થાય છે; અને એ વિશેષ જ્ઞાન જેટલાં પદોથી થાય એટલાં પદોનો ઉપસંહાર કરવો યુક્ત છે એવો ભાવ છે. 'સત્ય,' 'જ્ઞાન' આદિ પરસ્પર વિશેષણવિશેષ્યભૂત પદો વિરુદ્ધ અનૃત, જડ આદિની ભ્રાન્તિને નિવૃત્ત કરે છે અને 'સત્ય' આદિ પદો પર સામાન્ય અને અપર સામાન્યની અધિ-રભૂત એક આનન્દવ્યક્તિનાં લક્ષક થાય છે. એકજ પદથી એવું બ્રહ્મ સિદ્ધ થતું નથી; કેમકે એકજ પદનો પ્રયોગ થયે વિરોધનો અભાવ છે તેથી લક્ષણા ઊઠી શકતી નથી; ત્યારે દ્વન્દ્વ-રનો પ્રયોગ કરવાની જરૂર છે તો સમાવિત, સમસ્ત ભ્રાન્તિનું નિરસન કરવાને સમર્થ એવો પદ-સમૂહ પ્રયોજવો જોઈએ, તેથી આરોપિત ભ્રાન્તિની નિવૃત્તિને માટે આનન્દાદિ સર્વનો ઉપસંહાર કરવો યુક્ત છે એવો ભાવ છે. પૂર્વપક્ષનો ને સિદ્ધાન્તનો અન્તર આ પ્રમાણે છે. પૂર્વપક્ષ—પ્રાણાદિની ઉપાસના સવિશેષ વિષે છે તેમાં ગુણોનો ઉપસંહાર ભલે થાઓ, પણ નિર્વિશેષ બ્રહ્મવિદ્યાને વિષે ગુણોનો ઉપસંહાર સંભવતો નથી. ખરેખર, બ્રહ્મ નિર્વિશેષ, અખંડ, સત્યાદિ-લક્ષ્યપ્રતિપાદ્ય છે. તાદૃશ બ્રહ્મની અવગતિ એકજ પદથી થાય છે; માટે એકજ શાખામાં ણ અન્ય પદની અપેક્ષા નથી; તો અન્ય શાખાઓમાં કહેલા ગુણોનો ઉપસંહાર તો શાનો!

૧ નતિ

ન્દ આદિ પ્રધાનના-બ્રહ્મના સર્વે ધર્મો સર્વત્ર સમજવાના છે. શાથી? સર્વાભેદથીજ;
કારણ કે સર્વત્ર તેજ એક પ્રધાન-વિશેષ્ય બ્રહ્મ છે, ભિન્ન નથી. તેટલા માટે બ્રહ્મ-
ધર્મો સાર્વત્રિક છે; તેજ, પૂર્વ અધિકરણમાં કહેલા દેવદત્તશૌર્ય આદિના [1]નિદર્શનથી ॥૧૧

પણ એમ થયે [2]પ્રિયશિરસ્ત્વ આદિ પણ સર્વ ધર્મો સર્વત્ર સંકીર્ણ થાય; કેમકે તૈત્તિરીયકમાં આનન્દમય આત્માનો પ્રક્રમ કરીને (આ પ્રમાણે) શ્રવણ થાય છે— 'तस्य [3]प्रियमेव शिरः । [4]मोदो दक्षिणः [5]पक्षः । प्रमोद उत्तरः पक्षः । [6]आनन्द आत्मा । ब्रह्म पुच्छं प्रतिष्ठा' [તૈત્તિ૦ ૨।૫] (તે આનન્દમય આત્માને પ્રિયજ શિર છે, મોદ એ દક્ષિણ પક્ષ છે, પ્રમોદ એ ઉત્તર પક્ષ છે, આનન્દ એ આત્મા છે, બ્રહ્મ એ પુચ્છ, પ્રતિષ્ઠા છે). આથી ઉત્તર (સૂત્ર) પડે છે—

प्रियशिरस्त्वाद्यप्राप्तिरुपचयापचयौ हि भेदे ॥ १२ ॥

પ્રિયશિરસ્ત્વ આદિ (ધર્મોની અન્યત્ર) અપ્રાપ્તિ છે, કેમકે ઉપચય અને અપચય ભેદને વિષે (સંભવે છે) ॥ ૧૨ ॥

[1]તૈત્તિરીયકમાં શ્રવણ કરાવેલા પ્રિયશિરસ્ત્વ આદિ ધર્મોની અન્યત્ર પ્રાપ્તિ નથી; કારણ કે પ્રિય, મોદ, અને આનન્દ એ પરસ્પર [2]અપેક્ષાએ અને અન્ય ભો-

નથી એમ શાસ્ત્ર બ્રહ્મનું પ્રતિપાદન કરે છે તેમજ તેનું ધ્યાન ધરવું યુક્ત છે; માટે પ્રતિપાદનને માટે કે ધ્યાનને માટે ગુણોના ઉપસંહારની અપેક્ષા નથી આવો પૂર્વપક્ષનો અભિપ્રાય છે. સિદ્ધાન્તનો અભિપ્રાય આવો છે—પરમાર્થતઃ બ્રહ્મ નિર્વિશેષ છે તોપણ તેને વિષે તે તે પુરુષોમાં અસત્ત્વ, અનાનન્દત્વ, જડત્વ આદિ ભ્રાન્તિઓ સંભવે છે; અને તાદૃશ ભ્રાન્તિની નિવૃત્તિ સામગ્રીવિશેષથી ઉત્પન્ન થયેલા બ્રહ્મસ્વરૂપ જ્ઞાનથી થાય છે. તેમાં ઇદ[illegible] [illegible] વસ્તુના વિરોધી નથી તોપણ લક્ષક, વાચ્ય વાક્યાર્થમાં અનાનન્દત્વ આદિથી વિરુદ્ધ આનન્દત્વ આદિ ધર્મોના અનુસન્ધાનથી તે શંકા નિવૃત્ત થાય છે માટે વાક્યાર્થ કોટિમાં આ[illegible] [illegible] આનન્દત્વ આદિ ધર્મોનો ઉપસંહાર અપેક્ષિત છે, તેથી ધ્યાનકાળમાં પણ તે તે આ[illegible] શંકા નિવૃત્ત કરવામાં ઉપયોગી ધર્મના અનુસન્ધાનપૂર્વકજ નિર્વિશેષ લક્ષ્યને વિષે મન પરોવવું. આ પ્રમાણે નિર્વિશેષ ઉપાસનામાં પણ ગુણોનો ઉપસંહાર સાર્થક છે ॥ ૧૧ ॥

બ્રહ્મ એક છે તેથી આનન્દત્વ આદિ ધર્મોની સર્વત્ર પ્રાપ્તિ છે, તો મનુષ્યબ્રહ્મવિદ્યામાં કહેલા ધર્મોની પણ પ્રાપ્તિ થાય એ આશંકાનું નિરસન કરવા માટે સૂત્રનું વ્યાખ્યાન કરે છે- 'તૈત્તિરીયકમાં શ્રવણ કરાવેલા' ઇત્યાદિ. 'પ્રિય' = ઇષ્ટવસ્તુમાત્રાવ્યની પ્રાપ્તિથી થતી [illegible]. 'પ્રમોદ' = પ્રકૃષ્ટ મોદ. અથવા [illegible] 'મોદ' = [illegible] થતો હર્ષવિશેષ. [illegible] 'મોદ', અને તેની [illegible] પુરુષ [illegible] 'પ્રિય', તેની [illegible] 'મોદ', [illegible] 'પ્રમોદ'. એ બધાં પરસ્પરસાપેક્ષ ઉપચય ને અપચયરૂપ છે. [illegible]

[illegible]

ક્ષાની અપેક્ષાએ ઉપચિતરૂપ અને અપચિતરૂપ ઉપલબ્ધ થાય છે; અને ઉપચય અને અપચય ભેદ હોય તો સંભવે છે; પણ બ્રહ્મ તો ભેદરહિત છે, કેમકે 'एकमेवाद्वितीयम्' [છાન્દો૦ ૬।૨।૧] (એકજ, અદ્વિતીય) ઇત્યાદિ શ્રુતિઓ છે. તેમજ પ્રિયશિરસ્ત્વ આદિ બ્રહ્મના ધર્મો નથી, એ તો કોશના ધર્મો છે એનો અમે 'आनन्दमयोऽभ्यासात्' [બ્રહ્મસૂ૦ ૧।૧।૧૨] (આનન્દમય [પરબ્રહ્મ છે] અભ્યાસથી) એમાં ઉપદેશ કર્યો છે. વળી પર બ્રહ્મને વિષે ચિત્ત ઉતારવાના ઉપાય તરીકેજ એ ધર્મો કલ્પાય છે, દ્રષ્ટવ્ય તરીકે નહિ. એમ પણ પ્રિયશિરસ્ત્વ આદિની અન્યત્ર વિધેય અપ્રાપ્તિ છે. પણ એને બ્રહ્મધર્મો ગણીને 'प्रियशिरस्त्वाद्यप्राप्तिः' (પ્રિયશિરસ્ત્વ આદિ ધર્મોની અપ્રાપ્તિ છે) એમ આચાર્યે ન્યાયમાત્ર દર્શાવ્યો છે; અને એ ન્યાય, ઉપાસના માટે ઉપદિષ્ટ કરેલા, 'સંયદ્વામત્વ, સત્યકામત્વ આદિ નિશ્ચિત બ્રહ્મધર્મોને વિષે લાગુ પાડવાનો છે; કારણ કે તેઓમાં (તે ધર્મોમાં) ઉપાસ્ય બ્રહ્મ એક છે તોપણ પ્રક્રમભેદ અને ઉપાસનાભેદ હોવાથી અન્યોન્ય ધર્મોની અન્યોન્ય પ્રાપ્તિ

ના ભેદથી પણ તેવા છે; કેમકે જીવોને વિષે સુખાદિવૈચિત્ર્ય જોવામાં આવે છે. એમ તારતમ્યવાળા, ધર્મો 'પ્રિય', 'મોદ', 'પ્રમોદ'—'અદ્વય જેમને વિષે પ્રાપ્ત થતા નથી; કેમકે તે બ્રહ્મસ્વરૂપના જેવા ભેદરહિત નથી. તેથી બ્રહ્મજ્ઞાનને વિષે અનુપયોગી છે એવો ભાવ છે. 'ભેદ હોય તો સંભવે છે'—ભેદ = સપ્રપંચત્વ, બ્રહ્મ ઉપાસ્ય તરીકે સપ્રપંચ છે એમ વિવક્ષિત હોય ત્યારે. વળી તેઓ બ્રહ્મધર્મ છે એ પણ અસિદ્ધ છે એમ કહે છે—'તેમજ પ્રિયશિરસ્ત્વ આદિ' ઇત્યાદિ. ત્યારે બ્રહ્મને વિષે ચિત્ત ઉતારવાના ઉપાય તરીકે સર્વ બ્રહ્મવાક્યોમાં એ ધર્મોની પ્રાપ્તિ થાય એમ આશંકા કરી કહે છે—'એમ પણ પ્રિયશિરસ્ત્વ આદિની' ઇત્યાદિ. એ ધર્મો અજ્ઞેય છે તેથી જ્ઞેય બ્રહ્મને વિષે એની પ્રાપ્તિ નથી. બ્રહ્મને વિષે ચિત્તાવતાર તો ત્યાં ત્યાં કહેલા ધર્મોથીજ સંભવે છે તેથી એ ધર્મોના ઉપસંહારની ચિત્તાવતાર માટે અપેક્ષા નથી એવો અર્થ છે. ત્યારે સૂત્રનું શું પ્રયોજન છે તેને માટે કહે છે—'પણ એને બ્રહ્મધર્મો ગણીને' ઇત્યાદિ. એવી ગણનાનું ફળ કહે છે—'અને એ ન્યાય, ઉપાસના માટે' ઇત્યાદિ. જ્ઞેયને વિષે ભાગ ધર્મોનો અનુપયોગ છે તેથી તેની અપ્રાપ્તિ છે એ ન્યાયથી સંયદ્વામત્વ આદિની પણ અપ્રાપ્તિ છે એમ સૂત્રનું વ્યાખ્યાન કરવું એવો અર્થ છે. પણ જ્ઞાનને વિષે અધર્મોનો અનુપયોગ છે તોપણ ધ્યાનને વિષે એ ધર્મોનો ઉપયોગ છે તેથી ઉપાસ્ય બ્રહ્મ એક હોવાને લીધે અન્યોન્યવિદ્યાઓમાં પ્રાપ્તિ થાય એમ આશંકા કરી કહે છે—'કારણ કે તેઓમાં (તે ધર્મોમાં) ઉપાસ્ય બ્રહ્મ એક છે તોપણ' ઇત્યાદિ. ધ્યાનવિધિને અધીન ધર્મોની વિધિને અનુસારે વ્યવસ્થા છે એવો અર્થ છે. એ ધર્મો ધ્યાનને અર્થે કહ્યા છે તેથી વિધિને અધીન હોવાથી જ્યાં જેટલા ગુણથી વિશિષ્ટ ઉપાસનાનું વિધાન છે ત્યાં તેટલા ગુણજ ધ્યેય છે, અન્ય ગુણો નથી, માટે અન્યોન્ય સ્થળે ઉપસંહાર નથી એવો અર્થ છે. ઉપાસ્ય એક છે ત્યારે ઉપાસનાનો ભેદ ને ધર્મનો ભેદ શી રીતે થાય એમ આશંકા કરીને કહે છે—

---

૧ एतं संयद्वाम इत्याचक्षत एतं हि सर्वाणि वामान्यभिसंयन्ति सर्वाण्येनं वामान्यभिसंयन्ति य एवं वेद ॥ [છાન્દો૦ ૪।૧૫।૨] (એ પરોક્ષ પુરુષને સંયદ્વામ એમ કહે છે; કેમકે એને સર્વ વામ-વન્દનીય-સંભજનીય-શોભન-પુણ્યકર્મફળો પ્રાપ્ત થાય છે, તેમજ જે એમ જાણે છે તેને સર્વ ફળ પ્રાપ્ત થાય છે).

ને વિષે ઉદ્દીપ ભેદ નથી એવા.

નથી–જેમ બે નારીઓ એક નૃપતિની ઉપાસના કરે છે, એક છત્રથી ને અન્ય ચામરથી, તેમાં ઉપાસ્ય એક છે તોપણ ઉપાસનાનો ભેદ ને ધર્મની વ્યવસ્થા થાય છે, એ રીતે અહિં પણ એમ; કેમકે ભેદવ્યવહાર સગુણ બ્રહ્મ હોય ત્યારે ઉપચિતધર્મ અને અપચિતધર્મ ઉપપન્ન થાય છે, નિર્ગુણ પર બ્રહ્મને વિષે ઉપપન્ન થતા નથી. આ કારણથી સત્યકામત્વ આદિ ધર્મો જે કવચિત્ શ્રુતિમાં છે તેઓની સર્વત્ર પ્રાપ્તિ નથી એવો અર્થ છે ॥ ૧૨ ॥

इतरे त्वर्थसामान्यात् ॥ १३ ॥

અન્ય ધર્મો નો (સર્વત્ર પ્રતીત થાય છે), અર્થસામાન્યથી ॥ ૧૩ ॥

પણ બ્રહ્મસ્વરૂપનું પ્રતિપાદન કરવા માટેજ કહેવાતા આનન્દત્વ આદિ સર્વ ધર્મોની, અર્થસામાન્યથી–પ્રતિપાદ્ય બ્રહ્મ ધર્મી એક હોવાને લીધે–સર્વત્ર પ્રતીતિ થાય એમ વિવક્ષા છે; કેમકે તેઓનું પ્રયોજન બ્રહ્મની પ્રતિપત્તિમાત્ર કરવાનું છે એમ ॥ ૧૩ ॥

आध्यानाय प्रयोजनाभावात् ॥ १४ ॥

(પુરુષજ સર્વથી પર છે એમ પ્રતિપાદન કરાય છે) આધ્યાનને માટે (ઇન્દ્રિયથી પર અર્થ છે, અર્થથી પર મન છે એમ પ્રતિપાદન કરવાનું નથી) પ્રયોજનનો અભાવ છે તેથી ॥ ૧૪ ॥

ખરેખર, કાઠકમાં પઢે છે કે 'इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः । मनसस्तु परा बुद्धिः' [કાઠ૦ ૩।૧૦] (ખરેખર, ઇન્દ્રિયોથી પર અર્થો છે, અર્થોથી પર મન છે, અને મનથી પર બુદ્ધિ છે) એમ આરંભીને 'पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः' [કાઠ૦ ૩।૧૧] (પુરુષથી પર કંઈ નથી, તે પર્યવસાન છે, તે પ્રકૃષ્ટ ગતિ છે) એમ. તેમાં સંશય થાય છે—કે એ અર્થ આદિ સર્વે તે તેથી પર

૧ 'જેમ બે નારીઓ' ઇત્યાદિ. [illegible] અતિક્રમણ કરી ગુણોનો [illegible] ૨ 'એ રીતે અહિં પણ એમ'માં 'એમ' શબ્દ [illegible] ૩ [illegible] 'કેમકે ભેદવ્યવહાર સગુણ હોય ત્યારે' ઇત્યાદિ. [illegible] ૪ 'આ કારણથી સત્યકામત્વ આદિ ધર્મો' ઇત્યાદિ ॥ ૧૨ ॥

[illegible] આદિ ધર્મો [illegible] 'પણ બ્રહ્મસ્વરૂપનું' ઇત્યાદિ. સત્ય, જ્ઞાન, આનન્દ, [illegible] ॥ ૧૩ ॥

[illegible]

તરીકે છે એમ પ્રતિપાદન કરાય છે કે પુરુષજ એ સર્વથી પર છે એમ પ્રતિપાદન કરાય છે. તેમાં પ્રથમ એ સર્વેનું પર તરીકે પ્રતિપાદન છે એમ મતિ થાય છે; કારણ કે 'इदमस्मात् परमिदमस्मात् परम्' (આ એથી પર છે આ એથી પર છે) એમ શ્રુતિ છે. પણ બહુ અર્થોનું પર તરીકે પ્રતિપાદન કરવું ઇષ્ટ હોય તો વાક્યભેદ થાય. ના, એ દોષ નથી; કેમકે બહુ વાક્યો છે એમ ઉપપન્ન થાય છે; કારણ કે બહુ વિષયોને પરત્વગુણથી યુક્ત પ્રતિપાદન કરવા માટે બહુજ વાક્યો સમર્થ થાય છે. તેટલા માટે એઓમાં પ્રત્યેકનું પર તરીકે પ્રતિપાદન છે એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—ખરેખર, પુરુષજ, એ સર્વથી પર છે એમ પ્રતિપાદન કરાય છે એ યુક્ત છે, એમાંનું પ્રત્યેકનું પરત્વ પ્રતિપાદન કરવું યુક્ત નથી. શાથી? પ્રયોજનનો અભાવ છે તેથી; કેમકે (પુરુષથી) અન્ય પર તરીકે પ્રતિપાદન થવામાં કંઈ પ્રયોજન દેખાતું કે શ્રવણ કરાતું નથી; પણ ઇન્દ્રિયો આદિથી પર, સર્વ અર્થસમૂહથી અતિક્રાન્ત પુરુષ છે એમ પ્રતિપન્ન થવામાં મોક્ષસિદ્ધિ એ પ્રયોજન દેખાય છે; કેમકે 'निचाय्य तन्मृत्युमुखात् प्रमुच्यते' [કઠ૦ ૩।૧૫] (તે એ પ્રકારના બ્રહ્માત્માને સમજીને મૃત્યુમુખમાંથી વિયુક્ત થાય છે) એવી શ્રુતિ છે. વળી પરના પ્રતિષેધથી અને કાષ્ઠાશબ્દથી પુરુષને વિષે આદર દર્શાવતાં, પુરુષની પ્રતિપત્તિને અર્થેજ [1]પૂર્વાપરપ્રવાદની ઉક્તિ છે એમ દર્શાવે છે—આધ્યાનને માટે છે એમ. આ-

---

એકતાથી વિદ્યાની એકતા છે એમ બંનેમાં ફળ છે. પૂર્વ અધિકરણમાં આનન્દ આદિ જે બ્રહ્મસ્વભાવ ઉપસંહાર કરવા યુક્ત ગુણો છે તે બ્રહ્મજ્ઞાનરૂપી ફળના ઉપાય છે એમ કહ્યું છે. આ અધિકરણમાં તો, અર્થાદિપરત્વ, જે અબ્રહ્મસ્વભાવ ને ઉપસંહાર કરવા અયુક્ત ધર્મો છે તે બ્રહ્મજ્ઞાનરૂપી ફળના ઉપાય છે એમ કહે છે; એમ એકફલત્વ એ બંને અધિકરણની સંગતિ છે. અર્થાદિ તે તેથી પર છે એમ અપૂર્વ પ્રતિપાદન છે તેથી વાક્યભેદમાં દોષ નથી એમ પૂર્વપક્ષ છે. સૂત્રની બહાર સિદ્ધાન્તની પ્રતિજ્ઞા કરીને સૂત્રમાં આપેલા હેતુનું વ્યાખ્યાન કરે છે—'ખરેખર, પુરુષજ, એ સર્વથી પર છે' ઇત્યાદિ. ફળવત્ હોઈ અપૂર્વ હોવાથી પુરુષજ પ્રાધાન્યે પ્રતિપાદ્ય છે, અર્થાદિ જે ફળરહિત છે તેનું પરત્વ કહ્યું છે તે પુરુષનું અંગભૂત છે એવો અર્થ છે. વળી 'પુરુષથી પર કંઈ નથી, તે પર્યવસાન છે.' એમ વેદ પરના નિષેધરૂપ લિંગથી તેમજ સર્વનો બાધ કરનાર એવુંજ અવધિત્વ લિંગ તેથી પુરુષને વિષે તાત્પર્ય દર્શાવી, પૂર્વ પૂર્વથી અન્ય અન્યને જે પર કહ્યું છે તે પુરુષપ્રતિપત્તિને માટે છે એમ કહે છે—'વળી પરના પ્રતિષેધથી' ઇત્યાદિ. અર્થાદિની અહીં ઉક્તિ આધ્યાનને અર્થે છે; એટલે તે તેથી પર છે એમ આધ્યાનપૂર્વક પુરુષદર્શનને અર્થેજ છે; કે સ્વતઃ કંઈ પ્રયોજન નથી એમ સૂત્રની યોજના કરે છે—'આધ્યાનને માટે છે એમ' ઇત્યાદિ. પૂર્વપક્ષ અને સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છે—શું અહીં સર્વ અર્થજ પર છે એમ પ્રતિપાદન કરવા ઇચ્છયું છે કે પુરુષજ પર છે એમ પ્રતિપાદન કરવાને માટે અન્યનું પરત્વપ્રતિપાદન છે! તેમાં પ્રત્યેકનું અર્થાદિથી પરત્વપ્રતિપાદન છે એમ શ્રુતિ છે અને ક્રમમાત્ર તે તેથી પરત્વ સંભવે છે, તેથી તે તેનો અતિક્રમ કરીને સર્વ એકથી પર છે એવો નિશ્ચય કરવો એ ન્યાય્ય નથી. વળી પ્રયોજન ...થી માટે અસમર્થ છે એમ કહેવું પણ યુક્ત નથી; કેમકે સર્વમાં પ્રત્યેકને જે પર છે એમ ...ું છે તેનું આધ્યાન એ પ્રયોજન છે; કેમકે તે તેનું આધ્યાન એ પ્રયોજનવાળું છે એવી

---

[1] પૂર્વ પૂર્વથી અપર-અન્ય અન્ય પર છે એમ જે ઘણાં વાક્યોમાં કહ્યું છે તે.

ધ્યાનપૂર્વક સમ્યક્ દર્શનને માટે એવો અર્થ છે; કારણ કે સમ્યક્ દર્શનને માટેજ
ધ્યાનનો ઉપદેશ છે, પણ આધ્યાનજ સ્વપ્રધાન છે એમ ઉપદેશ નથી ॥ ૧૪

आत्मशब्दाच्च ॥ १५ ॥

વળી આત્મશબ્દથી (પુરુષજ પ્રતિપાદ્ય છે) ॥ ૧૫ ॥

આથી પણ ઇન્દ્રિયાદિપ્રવાહની ઉક્તિ પુરુષપ્રતિપત્તિને અર્થેજ છે; કાર
'एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते । दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शि
[કઠ૦ ૩।૧૨] (એ પુરુષ સર્વ ભૂતોમાં ગૂઢ આત્મા છે, એ (આત્મા તરીકે
ને) પ્રકાશતો નથી; પણ એકાગ્રતાથી યુક્ત, સૂક્ષ્મ બુદ્ધિથી સૂક્ષ્મદર્શીઓને
જ્ઞાન થાય છે) એમ પ્રકૃત પુરુષને આત્મા તરીકે કહે છે; એથી અન્ય અન
તરીકે વિવક્ષિત છે એમ સમજાય છે; અને તેજ દુર્વિજ્ઞેય અને સંસ્કારી મ
ગમ્ય છે એમ દર્શાવે છે. વળી તેનાજ વિજ્ઞાનને માટે 'यच्छेद्वाङ्मनसी प्रा
[કઠ૦ ૩।૧૩] (પ્રાજ્ઞે વિવેકીએ વાક્‌નો મનને વિષે ઉપસંહાર કરવો) એમ

સ્મૃતિ છે; કારણ કે સ્મૃતિ કહે છે કે 'दश मन्वन्तराणीह तिष्ठन्तीन्द्रियचिन्तकाः ।
तिकास्तु शतं पूर्णं सहस्रं त्वाभिमानिकाः। बौद्धा दशसहस्राणि तिष्ठन्ति विगतज्वर
पूर्णं शतसहस्रं तु तिष्ठन्त्यव्यक्तचिन्तकाः। पुरुषं निर्गुणं प्राप्य कालसंख्या न विद्यते
(ઇન્દ્રિયોનું ધ્યાન ધરનારાઓ દશ મન્વન્તર રહે છે, ભૂતોનું ધ્યાન ધરનારાઓ પૂર્ણ શત
છે, મનના અભિમાનીઓ સહસ્ર મન્વન્તર રહે છે, બુદ્ધિના ઉપાસકો જ્વરરહિત દસ
જાર મન્વન્તર રહે છે; અવ્યક્તના ચિન્તકો પૂર્ણ લાખ મન્વન્તર રહે છે; પણ નિર્ગુણ પુર
પ્રાપ્ત કરીને કાળની સંખ્યા નથી) એમ. પ્રામાણિક વાક્યભેદ સ્વીકાર્ય છે તેથી અર્થાદિ પ્ર
પર છે એમ એ વાક્યો પ્રતિપાદન કરે છે એવો પૂર્વપક્ષ છે. સિદ્ધાન્ત આ પ્રમાણે છે
ઇન્દ્રિયોથી પર અર્થો છે, ઇત્યાદિ સન્દર્ભનું તાત્પર્ય વસ્તુતત્ત્વ પ્રતિપાદન કરવાનું છે, આધ્ય
વિધાન કરવાનું નથી એમ પ્રતીત થાય છે; કેમકે આધ્યાનવિધિની શ્રુતિ નથી. ત્યારે
જે પ્રતીતિ સાક્ષાત્પ્રયોજનવાળી દેખાય છે તે પ્રતીતિ પ્રધાન છે, અને અન્ય પ્રતીતિઓ
અંગભૂત છે. વળી વિષ્ણુના પરમ પદનું જ્ઞાન એ નિખિલ અનર્થરૂપ સંસારનું કારણ જે
વિદ્યા તેની શાન્તિ કરનાર છે એમ જણાય છે; કેમકે તત્ત્વજ્ઞાનનો ઉદય એ વિષય-સ-
ના ઉપશમ કરનાર તરીકે જ્યાં ત્યાં જોવામાં આવે છે; પણ ઇન્દ્રિયો અર્થાદિપર છે એ પ્ર
તિનું કંઈ પ્રયોજન નથી; અને દૃષ્ટનો સંભવ હોય ત્યારે અદૃષ્ટની કલ્પના કરવી ન્યાય્ય ન
તેમજ એ વાક્ય પરમ પુરુષાર્થનો હેતુ પ્રતિપાદન કરે છે એમ સંભવે છે ત્યારે અર્થ-
પુરુષાર્થનો હેતુ પ્રતિપાદન કરે છે એમ માનવું યોગ્ય નથી; તેટલા માટે દૃષ્ટ પ્રયોજન
થી આ સન્દર્ભનું તાત્પર્ય પુરુષપરત્વ પ્રતિપાદન કરવાનું છે એમ સમજાય છે ॥ ૧૪ ॥

આત્મત્વ આદિ વિશેષો પણ પુરુષજ પ્રતિપાદ્ય છે એમ કહે છે—'आत्मशब्दाच्च
વળી 'तद्विष्णोः परमं पदम्' (તે વિષ્ણુનું પરમ પદ), 'पुरुषान्न परं किंचित्' (પુ
વધી પર કંઈ નથી) એમ ઉપક્રમ ને ઉપસંહાર એકરૂપ-સરખા છે તેથી સર્વ વાક્યોનું તાત્

ધ્યાનનું વિધાન કરે છે. તેનું 'आनुमानिकमप्येकेषाम्' [બ્રહ્મસૂ૦ ૧।૪।૧] એમ વ્યાખ્યાન કર્યું છે. એ પ્રમાણે શ્રુતિનો અનેક પ્રકારનો અતિશય આશય પુરુષને વિષે દેખાય છે, અન્યને વિષે નહિ. વળી 'सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम्' [કઠ૦ ૩।૯] (તે, માર્ગનો—સંસારગતિનો—પાર પામે છે, 'વિષ્ણુનું તે પરમ પદ પ્રાપ્ત કરે છે) એમ કહ્યું છે તેથી માર્ગથી પાર, વિષ્ણુનું પરમ પદ કહ્યું તેની આકાંક્ષા થયે ઇન્દ્રિય આદિના અનુક્રમથી પરમ પદની પ્રાપ્તિને અર્થેજ આ આયાસ છે એમ નિશ્ચય થાય છે ॥ ૧૫ ॥

आत्मगृहीतिरितरवदुत्तरात् ॥ १६ ॥

(અહિં પર) આત્માનું ગ્રહણ છે, અન્યત્રની પેઠે, ઉત્તર- (વિશેષણ)થી ॥ ૧૬ ॥

ઐતરેયકમાં શ્રુતિ છે કે 'आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत् किंचन मिषत् स ईक्षत लोकान्नु सृजा इति' [ઐત૦ ૧।૧] (ખરેખર, આરંભમાં એ (સર્વ) આત્મા એકજ હતું, અન્ય કંઈ ચલાયમાન નહતું, તેણે વિચાર્યું હું લોકોને સર્જું એમ), 'स इमाँल्लोकानसृजताम्भो मरीचीर्मरमापः' [ઐત૦ ૧।૨] (તેણે એ લોકોને સર્જ્યા, અંભ-સ્વર્ગ, અન્તરિક્ષલોક, મર્ત્યલોક, પાતાલલોક) ઇત્યાદિ. તેમાં સંશય થાય છે કે શું અહિં આત્મશબ્દથી પરજ આત્માનું અભિધાન થાય છે કે

એક પુરુષ પ્રતિપાદન કરવાનું છે. અને વસ્તુતત્ત્વ પ્રતિપાદન કરવું એ તેનું ઉત્તમ પ્રયોજન છે એમ એકવાક્યતાનો નિશ્ચય થયે વાક્યભેદ ને ફલભેદની કલ્પના યુક્ત નથી; કેમકે ગૌરવ થાય એમ કહે છે—"વળી 'सोऽध्वनः'" ઇત્યાદિ. અર્થાત્ ઉપક્રમ ને ઉપસંહાર એકરૂપ હોવાથી, ફલવાન્ સર્વથી પર પુરુષ પ્રતિપાદ્ય છે તો અવાન્તરવાક્યોની તે વાક્ય સાથે એકવાક્યતા યુક્ત છે; કેમકે વાક્યભેદાદિ કલ્પવામાં ગૌરવ થાય ॥ ૧૫ ॥

'मिषत्' = ચલન, ચલાયમાન. લોકો ગણાવે છે—'अम्भः' ઇત્યાદિ. 'अम्भः' = સ્વર્ગ. 'मरीचीः' = અન્તરિક્ષલોક. 'मरः' = મર્ત્યલોક. 'आपः' પાતાલલોક. આત્મશબ્દનો બ્રહ્મને વિષે અને સૂત્રાત્માને વિષે પ્રયોગ છે તેથી સંશય કહે છે—'તેમાં સંશય થાય છે' ઇત્યાદિ. અહિં પૂર્વપક્ષમાં વાક્યનું તાત્પર્ય સૂત્રાત્માની ઉપાસના છે તેથી આનન્દ આદિ બ્રહ્મધર્મોનો ઐતરેયકમાં અનુપસંહાર છે; સિદ્ધાન્તમાં તો વાક્યનું તાત્પર્ય બ્રહ્મ હોવાથી એ ધર્મોનો ઉપસંહાર છે એમ ફલ છે. જેમ પૂર્વ અધિકરણમાં પુરુષવાક્યથી અર્થાદિવાક્યો ભિન્ન થવાનો પ્રસંગ આવે તેથી અર્થાદિવાક્યો અર્થાદિપ્રતિપાદક નથી એમ કહ્યું છે, તેમ અહિં પણ ...પનિનું રેત દેનો છે' એ પૂર્વ પ્રજાપતિવાક્યથી 'ખરેખર, આરંભમાં એ (સર્વ) આત્મા એકજ હતું' ઇત્યાદિ વાક્ય ભિન્ન થવાનો પ્રસંગ આવે તેથી એ વાક્ય બ્રહ્મપર નથી એમ ...ન્તસંમતિથી પૂર્વપક્ષ કરે છે—'અહિં આત્મશબ્દથી પરમાત્માનું અભિધાન' ઇત્યાદિ.

૧ વ્યાપનશીલ, બ્રહ્મ, વાસુદેવાખ્ય પરમાત્મા, वासयति भूतानि स्वस्मिन्निति वासुः । स चासौ दीव्यते इति स्वप्रकाशः ।

ઃ પુરુષવિધઃ ' [બૃહ૦ ૧।૪।૧] (અગ્રે એ પુરુષરૂપ આત્માજ હતું) એ
નો નિશ્ચય પણ ઉત્પત્તિપૂર્વે પોતાના વિકારોની અપેક્ષાએ ઉપપન્ન થાય છે
ચેતન છે એમ સ્વીકાર છે તેથી ઈક્ષિણ પણ ઉપપન્ન થાય છે. વળી 'તા
માનયત્તાભ્યોઽશ્વમાનયત્તાભ્યઃ પુરુષમાનયત્તા અબ્રુવન્' [ઐત૦ ૨।૪।૨।૨]
—તે પ્રજાઓ-પ્રતિ તે સ્રષ્ટાએ, ગાયો, આણી તેઓ પ્રતિ તેણે અશ્વ આણ્યો,
તિ પુરુષ આણ્યો તેઓએ કહ્યું) એ જાતનો ઘણોજ વિશિષ્ટ વ્યાપાર, જે
વિશેષવાળા આત્માઓમાં પ્રસિદ્ધ છે તેનો અહિં અનુગમ છે; તેટલા માટે
ઓજ કોઈ આત્મા અહિં છે એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—
પાત્મશબ્દથી પરજ આત્માનું ગ્રહણ છે, અન્યત્રની પેઠે. જેમ 'तस्माद्वा
त्मन आकाशः संभूतः' [તૈત્તિ૦ ૨।૧।૧] (ખરેખર, તે એ આત્મામાંથી
ઉત્પન્ન થયું) ઇત્યાદિ અન્ય સૃષ્ટિપ્રવચનોમાં પર આત્માનું ગ્રહણ છે. વળી
ન્ય લૌકિક આત્મશબ્દના પ્રયોગમાં આત્મશબ્દથી મુખ્ય પ્રત્યગાત્માનુંજ
.ય છે તેમ અહિં પણ થવું યુક્ત છે. જ્યાં 'आत्मैवेदमग्र आसीत्' [બૃહ૦
(અગ્રે એ આત્માજ હતું) ઇત્યાદિમાં 'पुरुषविधः' એવા પ્રકારના અન્ય
ની શ્રુતિ છે ત્યાં વિશેષયુક્ત આત્માનું ગ્રહણ છે. પણ અહિં તો પરમા-
હણને અનુકૂળજ ઉત્તર વિશેષણ પણ ઉપલબ્ધ થાય છે—'स ईक्षत लो-
ના इति' [ઐત૦ ૧।૧] (તેણે વિચાર્યું કે હું લોકોને સર્જું), 'स इमाँ-
जत' [ઐત૦ ૧।૨] (તેણે આ લોકોને સર્જ્યા) ઇત્યાદિ. તેટલા માટે
હણ છે એ ન્યાય્ય છે ॥ ૧૬ ॥

---

૧ લોકસ્રષ્ટા પ્રજાપતિ છે એ અનુમાનનું લિંગ છે એમ કહે છે. ઐતરેયકમાં એક
ખ્યાન છે કે દેવસહિત ઇન્દ્રિયો સ્રષ્ટાએ સર્જી એટલે તેમણે સ્રષ્ટાની પ્રાર્થના કરી
ભોગસિદ્ધિને અર્થે આયતન આપો. સ્રષ્ટાએ તે ઉપરથી ગાય ને અશ્વનું શરીર
ડું તેમણે તેનું પ્રત્યાખ્યાન કર્યું કે એ અમારા ભોગને માટે બસ નથી તેથી સ્રષ્ટાએ
. આણ્યું, એટલે તેમણે તેનો અંગીકાર કર્યો ને કહ્યું કે એ અમારા ભોગને માટે
એ ઉપાખ્યાન કહે છે—“ વળી 'ताभ्यो गामानयत्' ” ઇત્યાદિ. 'વિશેષ-
શરીરાદિવિશેષયુક્ત. અશરીર પરમાત્માને સ્રષ્ટા તરીકે સ્વીકારીએ તો વ્યાપાર સં-
એવો અર્થ છે. હવે સિદ્ધાન્ત કરે છે કે આત્મશબ્દનો મુખ્ય અર્થ ચિદાત્મા છે,
હેવામાં બાધક નથી અને ઉત્તર-પાછળથી આવતું ઈક્ષણ આદિ અનુકૂળ છે તેથી
માનુંજ ગ્રહણ છે—' એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ ' ઇત્યાદિ. મહા-
પૂર્વક લોકોને સર્જ્યા એમ શ્રુતિનું વ્યાખ્યાન કરવું એવો ભાવ છે ॥ ૧૬ ॥

अन्वयादिति चेत् स्यादवधारणात् ॥ १७ ॥

(વાક્યના) અન્વયથી (પરમાત્માનું ગ્રહણ નથી) એમ જો કહેશો તો (અમે કહીએ છીએ કે તે યુક્ત) થશે, અવધારણથી ॥ ૧૭ ॥

વાક્યનો અન્વય જોવાથી પરમાત્માનું ગ્રહણ નથી એમ જે કહ્યું છે તેનો ' રિહાર કરવો જોઈએ. એને વિષે કહીએ છીએ—થશે, અવધારણથી. પરમાત્મા ગ્રહણ યુક્ત થશે. શાથી? અવધારણથી; કારણ કે ઉત્પત્તિપૂર્વે આત્મા એકલો હતો એ અવધારણ પરમાત્માનું ગ્રહણ કરેજ બંધબેસતું સંભવે છે; નહિ તો અ સમંજસ-ન બંધબેસતું થાય. લોકસૃષ્ટિના વચનની તો, અન્ય શ્રુતિમાં પ્રસિ મહાભૂતસૃષ્ટિથી અનન્તર છે એમ યોજના કરીશું; જેમ 'तत्तेजोऽसृजत' [છાન્દો ૬।૨।૩] (તેણે તેજ સર્જ્યું) એ અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ આકાશની ને વાયુની સૃ ષ્ટિથી અનન્તર છે એમ યોજના કરી તેમ અહિં પણ; કારણ કે એક શ્રુતિમાં પ્ર સિદ્ધ વિશેષનો, સમાન વિષયવાળો હોય તો, અન્ય શ્રુતિમાં ઉપસંહાર કરવો યુક્ત છે. 'તેઓ પ્રતિ એણે ગાયો આણી' ઇત્યાદિ વ્યાપારવિશેષનો જે અનુગમ તેનું પણ, વિવક્ષિત અર્થના અવધારણને અનુકૂલ થાય એમજ ગ્રહણ કરવું યુક્ત છે; કારણ કે એ સકલ કથાપ્રબન્ધ વિવક્ષિત છે એમ કહી શકાશે નહિ; કેમકે તેની પ્રતિપત્તિને વિષે પુરુષાર્થનો અભાવ છે. ખરેખર, અહિં તો બ્રહ્મ સર્વનો આત્મ છે એજ વિવક્ષિત છે; કારણ કે અંભ આદિ લોકોની અને અગ્નિ આદિ લોકપા લોની સૃષ્ટિનો ઉપદેશ કરીને, ઇન્દ્રિયોનો ને ઇન્દ્રિયોના [1]આયતન, શરીરનો ઉપદે કરીને તેજ સ્રષ્ટાએ 'कथं न्विदं मदृते स्यात्' [ઐત૦ ૩।૧।૧] (મારા વિના આ શી રીતે થાય) એમ વિચારી એ શરીરમાં પ્રવિષ્ટ થયો એમ 'स एतमेव सीमानं

પૂર્વપક્ષના બીજાનો અનુવાદ કરીને તેને દૂષિત કરે છે—'अन्वयादिति चेत्' ' ઇત્યાદિ લોકસૃષ્ટ્યાદિકમથી અપરનું ગ્રહણ છે—પર આત્માનું ગ્રહણ નથી એમ જે કહ્યું છે તેને વિ કરે છે—' લોકસૃષ્ટિના વચનની તો ' ઇત્યાદિ. ' અન્ય શ્રુતિમાં ' = તૈત્તિરીય આદિ શ્રુ તિમાં. તેને વિષે દૃષ્ટાન્ત કરે છે—" જેમ 'तत्तेजोऽसृजत' " ઇત્યાદિ. 'आत्मा वा इदमेक एवाग्र आसीत्' (ખરેખર, સૃષ્ટિપૂર્વે એ સર્વ એક આત્માજ હતો). 'प्रज्ञानं ब्रह्म' (પ્રજ્ઞા બ્રહ્મ છે) એમ ઉપક્રમમાં ને ઉપસંહારમાં આત્મશ્રુતિ ને બ્રહ્મશ્રુતિ છે તેથી એકનું અવધારણ ... છે તે ઉપરથી તેમજ પ્રવેશ આદિ લિંગોથી લોકસૃષ્ટ્યાદિ આદિ લિંગનો બાધ થવાથી પ્રત્ય બ્રહ્મનું ગ્રહણ કરવાનું છે એવો ભાવ છે. વળી એક જે અરુચિ છે તેને વિષે બેઉનું પ્રામાણ્ય નથી અને બ્રહ્મને વાક્યનું તાત્પર્ય હોવામાં ફળનો સંભવ છે તેથી તેજ વિવક્ષિત છે એમ કહે છે—' કારણ કે એ સકલ કથાપ્રબન્ધ વિવક્ષિત છે ' ઇત્યાદિ. તેમજ પૂર્વાપરનું ... ક્ષેત્ર કરવાથી પણ એ સર્વ બ્રહ્મપરજ છે એમ કહે છે—' કારણ કે અંભ આદિ લો કોની ' ઇત્યાદિ. 'स एतमेव सीमानम्' ઇત્યાદિ—તે પરમેશ્વરે એજ સીમામાં—મસ્તકના કેશવિભાગના અવસાનના છિદ્ર કરીને એ બ્રહ્મરન્ધ્રના દ્વારા લિંગવિશિષ્ટ પ્રવેશ કર્યો.

[1] સ્થાન

विदार्यैतया द्वारा प्रापद्यत ' [ઐત૦ ૩।૧૧] (તે પરમેશ્વરે એજ સીમાને—માથાના કેશવિભાગના અવસાનને—ફાડીને એ (બ્રહ્મરન્ધ્રસંજ્ઞક) દ્વારા શરીરમાં પ્રવેશ કર્યો) એ શ્રુતિ દર્શાવે છે. વળી ' यदि वाचाभिव्याहृतं यदि प्राणेनाभिप्राणितम् ' [ઐત૦ ૩।૧૧] (જો વાચાએ બોલવાની ક્રિયા કરી, જો પ્રાણે પ્રાણ લેવાની ક્રિયા કરી) ઇત્યાદિથી ઇન્દ્રિયોના વ્યાપારના વિવેચનપૂર્વક ' अथ कोऽहम् ' [ઐત૦ ૩।૧૧] (પછી, હું કોણ) એમ વિચાર કરીને ' स एतमेव पुरुषं ब्रह्म ततममपश्यत् ' [ઐત૦ ૩।૧૩] (તેણે એજ પુરુષ બ્રહ્મને વ્યાપ્તતમ—અતિશય વ્યાપ્ત થયલું—જોયું) એમ બ્રહ્મ સર્વનો આત્મા છે એ દર્શનનું અવધારણ કરે છે. તેમજ, આગળ ' एष ब्रह्मैष इन्द्रः ' [ઐત૦ ૫।૩] (એ બ્રહ્મ છે, એ ઇન્દ્ર છે) એમ સમસ્ત ભેદસમૂહને મહાભૂતોની સાથે અનુક્રમે ગણાવી ' सर्वं तत् प्रज्ञानेत्रं प्रज्ञाने प्रतिष्ठितं प्रज्ञानेत्रो लोकः प्रज्ञा प्रतिष्ठा प्रज्ञानं ब्रह्म ' [ઐત૦ ૫।૩] (તે સર્વ પ્રજ્ઞાથી-ચિદાત્માથી નિયમ્ય છે, પ્રજ્ઞાનને વિષે પ્રતિષ્ઠિત છે, પ્રજ્ઞાથી લોક નિયમ્ય છે, પ્રજ્ઞા પ્રતિષ્ઠા છે, પ્રજ્ઞાન બ્રહ્મ છે) એમ બ્રહ્મ સર્વનો આત્મા છે એ દર્શનનુંજ અવધારણ કરે છે. તેટલા માટે અહિં પરમાત્માનું ગ્રહણ છે એ 'નિરપવાદ છે. બીજી યોજના—પરમાત્માનું ગ્રહણ છે, અન્વયની પેઠે, ઉત્તરથી. વાજસનેયકમાં ' कतम आत्मेति योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः ' [બૃહ૦ ૪।૩।૭] (આત્મા કયો છે, જે આ વિજ્ઞાનમય છે, પ્રાણોથી વ્યતિરિક્ત છે, બુદ્ધિથી વ્યતિરિક્ત છે, જ્યોતિ છે, (સર્વવ્યાપક હોવાથી) પૂર્ણ છે) એમ આત્મશબ્દથી ઉપક્રમ કરીને તેજ સર્વ સંગથી વિનિર્મુક્ત છે એમ પ્રતિપાદન કરીને બ્રહ્મ સર્વનો આત્મા છે એમ અવધારણ કરે છે; કેમકે ' स वा एष महानज आत्माजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म ' [બૃહ૦ ૪।૪।૨૫] (ખરેખર, તે એ મહાન્, અજ છે, જરારહિત, મરણરહિત, અવિનાશી, અભય, આત્મા બ્રહ્મ છે) એમ ઉપસંહાર કરે છે. છાન્દોગ્યમાં તો ' सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ' [છાન્દો૦ ૬।૨।૧] (હે સોમ્ય, અગ્રે—જગતની ઉત્પત્તિપૂર્વે—

માત્રા વિના એ વાક્ આદિ પોતપોતાનો વ્યાપાર કરે તો હું કોણ એમ ત્યષ્ટવંતે વિચાર કરીને, પોતેજ એજ લોહિત આત્માને બ્રહ્મ—તતમ—વ્યાપ્તતમ જોયો. વ્યાપ્તતમ જે બ્રહ્મ તેણે એ આત્માને જોયો. ततमम् = ततततमम् = અતિશય તત—વ્યાપ્ત. એ તારાનું રૂપ છે. વળી અહીં પણ વ્યાપ્ત પ્રકાર છે એમ કહે છે—તેમજ, આગળ ' ઇત્યાદિ. એ શરીરમાં પ્રવિષ્ટ થયલો પરમેશ્વર છે એજ પરબ્રહ્મ છે, પરમાત્મા, પ્રજાપતિ, ઇન્દ્રાદિ પણ એજ છે. 'પ્રજ્ઞા' એટલે ચિદાત્મા બ્રહ્મચૈતન્ય. 'નેત્ર' એટલે જે દોરનાર તે, નિયામક છે નેત્ર-નિયામક જેનું તે પ્રજ્ઞાનેત્ર-ચિદાત્મનિયમ્ય. પ્રજ્ઞાનમાં—જેનું અધિષ્ઠાનમાં પ્રતિષ્ઠિત છે. લોકાદિ લોક પણ પ્રજ્ઞાનેત્ર-ચિદાત્મનિયમ્ય છે; તેજ પ્રજ્ઞા સર્વ લોકની પ્રતિષ્ઠા-અધિષ્ઠાન છે અને તે પ્રજ્ઞાન બ્રહ્મ છે. એમ અવધારણ અને ઉપસંહાર કરે છે—' તેટલા માટે અહિં પરમાત્માનું ગ્રહણ છે ' ઇત્યાદિ. ઉપસંહાર સ્પષ્ટ હોવાથી પરસ્પરવિરોધ નથી એમ ધારીને અન્ય ભાષ્યમાં બીજી યોજના ' ઇત્યાદિ. ' अज ' એ શબ્દ આનન્દના અર્થમાં છે } અન્ય યોજના કહે છે—

૧ અપવાદરહિત

अन्वयादिति चेत् स्यादवधारणात् ॥ १७ ॥

(વાક્યના) અન્વયથી (પરમાત્માનું ગ્રહણ નથી) એમ જો કહેશો તો (અમે કહીએ છીએ કે તે યુક્ત) થશે, અવધારણથી ॥ ૧૭ ॥

વાક્યનો અન્વય જોવાથી પરમાત્માનું ગ્રહણ નથી એમ જે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઈએ. એને વિષે કહીએ છીએ—થશે, અવધારણથી. પરમાત્માનું ગ્રહણ યુક્ત થશે. શાથી? અવધારણથી; કારણ કે ઉત્પત્તિપૂર્વે આત્મા એકલોજ હતો એ અવધારણ પરમાત્માનું ગ્રહણ કરેજ બંધબેસતું સંભવે છે; નહિ તો અસમંજસ ન બંધબેસતું થાય. લોકસૃષ્ટિના વચનની તો, અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ મહાભૂતસૃષ્ટિથી અનન્તર છે એમ યોજના કરીશું; જેમ 'तत्तेजोऽसृजत' [છાન્દો૦ ૬।૨।૩] (તેણે તેજ સર્જ્યું) એ અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ આકાશની ને વાયુની સૃષ્ટિથી અનન્તર છે એમ યોજના કરી તેમ અહિં પણ; કારણ કે એક શ્રુતિમાં પ્રસિદ્ધ વિશેષનો, સમાન વિષયવાળો હોય તો, અન્ય શ્રુતિમાં ઉપસંહાર કરવો યુક્ત છે. 'તેના પ્રતિ અશ્વને લાવો આણી' ઇત્યાદિ વ્યાપારવિશેષનો જે અનુગમ છે તેનું પણ, વિવક્ષિત અર્થના અવધારણને અનુકૂલ થાય એમજ ગ્રહણ કરવું યુક્ત છે; કારણ કે એ સકલ કથાપ્રબન્ધ વિવક્ષિત છે એમ કહી શકાશે નહિ; કેમકે તેની પ્રતિપત્તિને વિષે પુરુષાર્થનો અભાવ છે. ખરેખર, અહિં તો બ્રહ્મ સર્વનો આત્મા છે એજ વિવક્ષિત છે; કારણ કે અંભ આદિ લોકોની અને અગ્નિ આદિ લોકપાલોની સૃષ્ટિનો ઉપદેશ કરીને, ઇન્દ્રિયોનો ને ઇન્દ્રિયોના [1]આયતન, શરીરનો ઉપદેશ કરીને તેજ સ્રષ્ટાએ 'कथं न्विदं मदृते स्याम्' [ઐત૦ ૩।૧।૧] (મારા વિના એ શી રીતે થાય) એમ વિચારી એ શરીરમાં પ્રવિષ્ટ થયો એમ 'स एतमेव सीमानं

પૂર્વપક્ષના બીજાનો અનુવાદ કરીને તેને દૂષિત કરે છે—'अन्वयादिति चेत्' ઇત્યાદિ. [illegible] —પર આત્માનું ગ્રહણ નથી એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'લોકસૃષ્ટિના વચનની તો' ઇત્યાદિ. 'અન્ય શ્રુતિમાં' = તૈત્તિરીય આદિ શ્રુતિમાં. તેને વિષે દૃષ્ટાન્ત કહે છે—'જેમ 'तत्तेजोऽसृजत'' ઇત્યાદિ. 'आत्मा वा इदमेक एवाग्र आसीत्' (ખરેખર, પૂર્વે આ સર્વ એક આત્માજ હતો), 'प्रज्ञानं ब्रह्म' (પ્રજ્ઞાન બ્રહ્મ છે) એમ ઉપક્રમના ને ઉપસંહારના અદ્વયશ્રુતિ ને બ્રહ્મશ્રુતિ છે તેથી એકત્વનું [illegible] છે ને ઉપરથી તેમજ પ્રવેશ આદિ લિંગોથી [illegible] આદિ [illegible] પ્રત્યક્ [illegible] છે. વળી [illegible] છે તેને વિષે [illegible] નથી અને [illegible] હોવામાં [illegible] છે તેથી તેજ વિવક્ષિત છે એમ કહે છે—'કારણ કે એ સકલ કથાપ્રબન્ધ વિવક્ષિત છે' ઇત્યાદિ. તેમજ [illegible] એમ કહે છે—'કારણ કે અંભ આદિ લોકોની' ઇત્યાદિ. 'स एतमेव सीमानम्' ઇત્યાદિ [illegible] પરમેશ્વરે [illegible] ઇત્યાદિ [illegible] વિવક્ષિત પ્રવેશ [illegible]

[1] આશ્રય.

દાત્મ્યસંપત્તિ છે એમ વિચારાય છે. તેમ પ્રાપ્ત થયે કહીએ છીએ—'સદેવ સોમ્યેદમગ્ર આસીત્' [છાન્દો૦ ૬।૨।૧] (હે સોમ્ય, અગ્રે એ સતજ હતું) એમાં છન્દોગોનું પણ પરમાત્મગ્રહણજ થતું યુક્ત છે, અન્યત્રની પેઠે. જેમ 'કતમ આત્મા' [બૃહ૦ ૪।૩।૭] (આત્મા કયો છે) એમાં વાજસનેયીઓનું પરમાત્મગ્રહણ છે તેમજ. શાથી? આગળ આવતા તાદાત્મ્યના ઉપદેશથી. અન્વયથી (પરમાત્માનું ગ્રહણ નથી) એમ જો કહેશો તો અમે કહીએ છીએ કે (પરમાત્માનું ગ્રહણ) છે, અવધારણથી. ઉપક્રમના અન્વયથી અને ઉપક્રમમાં આત્મશબ્દનું શ્રવણ નથી તેથી પરમાત્માનું ગ્રહણ નથી એમ જે કહ્યું છે તેનો શો પરિહાર છે એમ જો પૂછશો તો તે પરિહાર કહીએ છીએ—છે, અવધારણથી. અહિં પરમાત્માનું ગ્રહણ યુક્ત થશે. અવધારણથી; કારણ કે 'येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' [છાન્દો૦ ૬।૧।૩] (જે આદેશ સાંભળવાથી ન સાંભળેલું પણ સાંભળેલું થાય છે, અતર્કિત પણ તર્કિત થાય છે, અનિશ્ચિત પણ નિશ્ચિત થાય છે { હે ભગવન્, એ આદેશ કેવો છે! }) એમ એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનનું અવધારણ કરીને તે સંપાદન કરવાની ઇચ્છાથી 'સદેવ સોમ્ય' [છાન્દો૦ ૬।૨।૧] (હે સોમ્ય, જગત્‌ની ઉત્પત્તિપૂર્વે એ સત્સ્વરૂપજ હતું) એમ કહે છે; અને તે પરમાત્માનું ગ્રહણ કરે સંપન્ન થાય છે; કેમકે નહિ તો જે એ મુખ્ય આત્મા છે તે વિજ્ઞાત નથી એટલે સર્વવિજ્ઞાન સંપન્ન નહિજ થશે. તેમજ ઉત્પત્તિપૂર્વે એકત્વનું અવધારણ, જીવનો આત્મશબ્દથી પરામર્શ, સ્વાપની અવસ્થામાં જીવ સત્‌ની સાથે સંપન્ન થાય છે એવું વચન છે તે, અને પરિચોદનાપૂર્વક વારંવાર 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે) એમ અવધારણ એ સર્વ તાદાત્મ્ય પ્રતિપાદન કરેજ સંભવે છે, તેની સંપત્તિમાં—આરોપ કરવામાં સંભવતું નથી. વળી અહિં ઉપક્રમને અધીન ઉપન્યાસ ન્યાય્ય નથી; કારણ કે ઉપક્રમમાં આત્મત્વનું સંકીર્તન નથી કે અનાત્મત્વનું સંકીર્તન નથી; અને સામાન્ય ઉપક્રમ કંઈ વાક્યશેષમાં રહેલા વિશેષથી વિરુદ્ધ થતો નથી; કેમકે સામા-

---

છે—'તેમ પ્રાપ્ત થયે કહીએ છીએ' ઇત્યાદિ. 'ઉપક્રમના અન્વયથી' = ઉપસંહાર ઉપક્રમને અધીન છે તેથી એવો અર્થ છે. તે અવધારણ સત્પદથી પરમાત્માનું ગ્રહણ કરેજ યુક્ત થાય છે એમ કહે છે—'અને તે પરમાત્માનું ગ્રહણ કરે સંપન્ન થાય છે' ઇત્યાદિ. 'તેમજ ઉત્પત્તિપૂર્વે' ઇત્યાદિ. 'सदेकमेव' (સત્ એકજ છે) એમ અવધારણ છે; 'अनेन जीवेनात्मना प्रविश्य' (આ જીવરૂપી આત્માથી પ્રવેશ કરીને) એમ સદ્દેવતાએ રેલો જીવનો આત્મશબ્દે પરામર્શ છે, સુષુપ્તિને વિષે જીવ સત્‌ને વિષે સંપન્ન થાય છે એવું થન-વચન છે, અને ભગવાન્ વારંવાર કહે એ પરિચોદના-વિજ્ઞાપના છે. 'સત્' એ પદથી ત્તાના આશ્રયનું અભિધાન થાય છે, અતિમાત્રનું અભિધાન થતું નથી. કેમકે એ કર્તૃવાચિ-ત્પ્રત્યયાન્ત છે—એને છેડે કર્તૃવાચક શતૃ (ત્) પ્રત્યય છે. આ રીતે ઉપક્રમમાં સત્તાના શ્રય સામાન્યની ઉક્તિ છે માટે એ આશ્રય કયો છે એમ આકાંક્ષા થયે એ આશ્રય આત્મા એવો વાક્યશેષથી નિશ્ચય થાય છે એમ કહે છે—'વળી અહિં ઉપક્રમને અધીન' દિ. 'સત્' એ શબ્દ આત્મા ને અનાત્માના અર્થમાં સાધારણ છે એમ સ્વીકારીને આ છે; પણ તે સાધારણતા પણ નથી; કેમકે આત્મપદની પેઠે સત્પદ અભિધાયી છે અને

એ 'સત્સ્વરૂપજ હતું, એકજ, અદ્વિતીય) એ પછીજ આત્મશબ્દથી ઉપક્રમ કરીને ઉપસંહારમાં 'स आत्मा तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે આત્મા છે, તે તું છે) એમ તાદાત્મ્યનો ઉપદેશ કરે છે. તેમાં એવો સંશય થાય છે કે એ બે શ્રુતિઓ ¹તુલ્યાર્થક છે કે ²અતુલ્યાર્થક? તેઓ અતુલ્યાર્થક છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે શ્રુતિઓ અતુલ્ય છે; કારણ કે શ્રુતિ વિષમ હોવાથી અર્થની સમતા સમજવી યુક્ત નથી; કેમકે અર્થનું ગ્રહણ શ્રુતિને અધીન છે. વાજસનેયકમાં આત્મશબ્દના ઉપક્રમથી આત્મતત્ત્વનો ઉપદેશ છે એમ સમજાય છે. છાન્દોગ્યમાં તો વિપરીત ઉપક્રમ છે તેથી વિપરીત ઉપદેશ છે. પણ અન્તે છન્દોગોનો પણ તાદાત્મ્યનો ઉપદેશ છે એમ કહ્યું છે. ખરૂં છે, કહ્યું છે. ઉપસંહાર ઉપક્રમને અધીન હોવાથી તે તા-

છે તેનો નિર્ણય ન થવાથી બંને વાક્યમાં સંશય કહે છે—'તેમાં એવો સંશય થાય છે કે' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં વિદ્યાના ભેદથી ગુણોનો અનુપસંહાર છે, સિદ્ધાન્તમાં તો તેનો (વિદ્યાનો) અભેદ છે તેથી ગુણોનો ઉપસંહાર છે એમ ધારી અર્થભેદથી વિદ્યાનો ભેદ એ પૂર્વપક્ષ કહે છે—'તેઓ અતુલ્યાર્થક છે એમ પ્રાપ્ત થાય છે' ઇત્યાદિ. છાન્દોગ્યમાં પણ વાક્યશેષથી આત્માર્થત્વ સિદ્ધ થાય છે તો શ્રુતિવાક્યોનું વૈષમ્ય શી રીતે, પછી અર્થભેદ શી રીતે અને વિદ્યાનો ભેદ તો ક્યાંથીજ એમ શંકા કરે છે—'પણ અન્તે છન્દોગોનો પણ તાદાત્મ્યનો ઉપદેશ છે' ઇત્યાદિ. 'स आत्मा तत्त्वमसि' (તે આત્મા તું છે, તે તું છે) એ તાદાત્મ્યોપદેશનો અંગીકાર કરે છે—'ખરૂં છે, કહ્યું છે' ઇત્યાદિ. ત્યારે તેને અનુસારે ઉપક્રમનો પણ અર્થ કરો એમ આશંકા કરી કહે છે—'ઉપસંહાર ઉપક્રમને અધીન હોવાથી' ઇત્યાદિ. ઉપક્રમનો અર્થ સંદિગ્ધ હોય તો ઉપસંહારને અનુસારે તેનો અર્થ થાય છે; પણ પ્રકૃતમાં તો ઉપક્રમનો અર્થ અસંદિગ્ધ હોવાથી તેને અનુસરતા ઉપસંહારમાં, પ્રતિમામાં વિષ્ણુદૃષ્ટિની પેઠે આત્માને વિષે બ્રહ્મદૃષ્ટિ કરવી એવો અર્થ છે. વાજસનેયીનું વાક્ય બ્રહ્માત્મવિદ્યાના અર્થમાં છે, છાન્દોગ્યવાક્ય તો આત્માને વિષે બ્રહ્મદૃષ્ટિને અર્થે છે એમ વિદ્યાભેદ છે એવો ઉપસંહાર કરે છે—'તે તાદાત્મ્યસંપત્તિ છે એમ વિચારાય છે'. પૂર્વપક્ષનો આશય આવો છે—સચ્છબ્દ આત્મા ને અનાત્માના અર્થમાં સાધારણ હોવાથી સંશય કર્યો છે. હવે પૂર્વપક્ષ એ છે કે પદો જાતિવાચક છે એવો તેમનો શક્તિગ્રહ છે—પદોની શક્તિ જાતિમાં માની છે તેથી સચ્છબ્દ પણ સત્ત્વજાતિવાચક છે એમ ઉપક્રમનો નિશ્ચિત અર્થ હોવાથી, જેને વિરોધી ઉત્પન્ન થયો નથી એવા ઉપક્રમના બળથી તાદાત્મ્યના ઉપદેશનો અર્થ તાદાત્મ્યની સંપત્તિ છે એમ કરવો. આવો પૂર્વપક્ષનો નિષ્કર્ષ છે. પૂર્વ અધિકરણમાં તો વાક્ય એક હોવાથી (इन्द्रियेभ्यः परा ह्यर्थाः ઇત્યાદિ વાક્ય એક છે) વાક્ય અર્થભેદપર નથી એમ લીધું—વાક્યના અર્થભેદત્વનો નાશ કર્યો—ને વિદ્યાનું ઐક્ય છે એમ કહ્યું. આ અધિકરણમાં તો 'સત્' અને 'આત્મન્' એ બે શબ્દો અનુક્રમે જાતિવાચક ને આત્મવાચક છે તેથી ઉપક્રમનો ભેદ છે, માટે વાક્યનો ભેદ છે ને વિદ્યાનો પણ ભેદ છે એમ પ્રત્યુદાહરણથી બે અધિકરણ વચ્ચે સંગતિ છે. વળી આત્મશબ્દ જાતિવાચક છે એ કહેવું યુક્ત નથી; કારણ કે આત્મવ્યક્તિ એક છે તેથી જાતિનો અભાવ છે આત્મશબ્દ તો સર્વાન્તરવસ્તુનો વાચક છે. કલ્પિતજાતિવાચક લઈએ તોપણ ઉપક્રમભેદ એકરૂપજ છે, કેમકે સત્ત્વ ને આત્મત્વનો ભેદ છે એમ સમજવું. સિદ્ધાન્ત કરે

૧ [illegible] ભેદ, સ્તન, [illegible], સર્વત્ર, [illegible], [illegible] 'સત્' [illegible] ૨ [illegible] ૩ [illegible]

કાત્મ્યસંપત્તિ છે એમ વિચારાય છે. તેમ પ્રાપ્ત થયે કહીએ છીએ—'सदेव सोम्येदमग्र आसीत्' [છાન્દો૦ ૬।૨।૧] (હે સોમ્ય, અગ્રે એ સદ્જ હતું) એમાં છન્દોગોનું પણ પરમાત્મગ્રહણજ થવું યુક્ત છે, અન્યત્રની પેઠે. જેમ 'कतम आत्मा' [બૃહ૦ ૪।૩।૭] (આત્મા કયો છે) એમાં વાજસનેયીઓનું પરમાત્મગ્રહણ છે તેમજ. શાથી ? આગળ આવતા તાદાત્મ્યના ઉપદેશથી. અન્વયથી (પરમાત્માનું ગ્રહણ નથી) એમ જો કહેશો તો અમે કહીએ છીએ કે (પરમાત્માનું ગ્રહણ) છે, અવધારણથી. ઉપક્રમના અન્વયથી અને ઉપક્રમમાં આત્મશબ્દનું શ્રવણ નથી તેથી પરમાત્માનું ગ્રહણ નથી એમ જે કહ્યું છે તેનો શો પરિહાર છે એમ જો પૂછશો તો તે પરિહાર કહીએ છીએ—છે, અવધારણથી. અહિં પરમાત્માનું ગ્રહણ યુક્ત થશે, અવધારણથી; કારણ કે 'येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' [છાન્દો૦ ૬।૧।૩] (જે આદેશ સાંભળવાથી ન સાંભળેલું પણ સાંભળેલું થાય છે, અતર્કિત પણ તર્કિત થાય છે, અનિશ્ચિત પણ નિશ્ચિત થાય છે { હે ભગવન્, એ આદેશ કેવો છે ! }) એમ એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનનું અવધારણ કરીને તે સંપાદન કરવાની ઇચ્છાથી 'सदेव सोम्य' [છાન્દો૦ ૬।૨।૧] (હે સોમ્ય, જગત્‌ની ઉત્પત્તિપૂર્વે એ સત્સ્વરૂપજ હતું) એમ કહે છે; અને તે પરમાત્માનું ગ્રહણ કરે સંપન્ન થાય છે; કેમકે નહિ તો જે એ મુખ્ય આત્મા છે તે વિજ્ઞાત નથી એટલે સર્વવિજ્ઞાન સંપન્ન નહિજ થશે. તેમજ ઉત્પત્તિપૂર્વે એકત્વનું અવધારણ, જીવનો આત્મશબ્દથી પરામર્શ, સ્વાપની અવસ્થામાં જીવ સત્‌ની સાથે સંપન્ન થાય છે એવું વચન છે તે, અને પરિચોદનાપૂર્વક વારંવાર 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે) એમ અવધારણ એ સર્વ તાદાત્મ્ય પ્રતિપાદન કરેજ સંભવે છે, તેની સંપત્તિમાં-આરોપ કરવામાં સંભવતું નથી. વળી અહિં ઉપક્રમને અધીન ઉપન્યાસ ન્યાય્ય નથી; કારણ કે ઉપક્રમમાં આત્મત્વનું સંકીર્તન નથી કે અનાત્મત્વનું સંકીર્તન નથી; અને સામાન્ય ઉપક્રમ કંઈ વાક્યશેષમાં રહેલા વિશેષથી વિરુદ્ધ થતો નથી; કેમકે સામા-

—'તેમ પ્રાપ્ત થયે કહીએ છીએ' ઇત્યાદિ. 'ઉપક્રમના અન્વયથી' = ઉપસંહાર ઉપક્રમને અધીન છે તેથી એવો અર્થ છે. તે અવધારણ સત્પદથી પરમાત્માનું ગ્રહણ કરેજ યુક્ત થાય છે એમ કહે છે—'અને તે પરમાત્માનું ગ્રહણ કરે સંપન્ન થાય છે' ઇત્યાદિ. 'તેમજ ઉત્પત્તિપૂર્વે' ઇત્યાદિ. 'सदेकमेव' (સત્ એકજ છે) એમ અવધારણ છે; 'अनेन जीवेनात्मना प्रविश्य' (આ જીવરૂપી આત્માથી પ્રવેશ કરીને) એમ સદ્દેવતાએ કહેલો જીવનો આત્મશબ્દે પરામર્શ છે, સુષુપ્તિને વિષે જીવ સત્‌ને વિષે સંપન્ન થાય છે એવું ...ન-વચન છે, અને ભગવાન્ વારંવાર કહે એ પરિચોદના-વિજ્ઞાપના છે. 'સત્' એ પદથી ...ના આશ્રયનું અભિધાન થાય છે, સત્તામાત્રનું અભિધાન થતું નથી. કેમકે એ કર્તૃવાચિ... પ્રત્યયાન્ત છે—એને છેડે કર્તૃવાચક શતૃ (ત્) પ્રત્યય છે. આ રીતે ઉપક્રમમાં સત્તાના ...ય સામાન્યની ઉક્તિ છે માટે એ આશ્રય કયો છે એમ આકાંક્ષા થયે એ આશ્રય આત્મા ...એવો વાક્યશેષથી નિશ્ચય થાય છે એમ કહે છે—'વળી અહિં ઉપક્રમને અધીન' ... 'સત્' એ શબ્દ આત્મા ને અનાત્માના અર્થમાં સાધારણ છે એમ સ્વીકારીને આ ...; પણ એ સાધારણના પણ નથી; કેમકે આત્મપદની પેઠે સત્પદ વ્યક્તિવાચી છે અને

ન્યને વિશેષની આકાંક્ષા છે. તેમજ સત્ એ શબ્દના અર્થ
મુખ્ય આત્માથી અન્ય અર્થ સંભવતો નથી; કેમકે એથી
ભણશબ્દ આદિથી [બ્રહ્મસૂ૦ ૨।૧।૧૪] અનૃત છે એમ
શ્રુતિની વિષમતા પણ અવશ્ય અર્થની વિષમતા આણતી ન
ત્રમ્' (આણ પાત્ર), 'પાત્રમાહર' (પાત્ર આણ) ઇત્યાદિ
તોપણ વચનની વિષમતા જોવામાં આવે છે. તેટલા માટે એ
પ્રતિપાદન કરવાના પ્રકારમાં ભેદ હોય તોપણ જે અર્થ પ્રતિપા
ભેદ છે એમ સિદ્ધ થયું ॥ ૧૭ ॥

તે વ્યક્તિ તે બાધને અયોગ્ય ચિદાત્માજ છે એટલે વાઙ્ ને છન્દોગોના
નથી એમ કહે છે—'તેમજ સત્ એ શબ્દના અર્થનું પણ' ઇત્યાદિ.
પણ કહે છે—'વળી શ્રુતિની વિષમતા પણ' ઇત્યાદિ. વાજિવાક્યમાં
પર્યન્ત લક્ષ્ય છે એમ પ્રતિપાદન કર્યું છે. છાન્દોગ્યવાક્યમાં તો તદર્થ તે ત્વમ
એમ પ્રતિપાદન કર્યું છે, એમ પ્રકારનો ભેદ છે તોપણ વાક્યાર્થ એક હોવાથ
છે એમ ફલિત કહે છે—'તેટલા માટે એ પ્રકારનાં વાક્યોમાં' ઇત્યાદિ.
માં પ્રત્યક્ અને બ્રહ્મનું ઐક્ય સમજાવાય છે, એમ જ્યોતિર્બ્રાહ્મણમાં પણ 'ત
સદ્વિદ્યામાં, જ્યોતિર્બ્રાહ્મણમાં તો 'स वा एष महानज आत्मा' એમ. તેમાં બં
પદાર્થ ને ત્વંપદાર્થના શોધનની અપેક્ષા છે. તેમાં સદ્વિદ્યામાં તત્પદાર્થનુ શોધ
'वाचारम्भणं विकारो नामधेयम्' ઇત્યાદિથી; અને એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન
અને જીવરૂપે સ્રષ્ટાજ પ્રવેશ કરે છે એવું શ્રવણ છે તેથી શોધનદશામાંજ તત્પદ
પર્યન્ત લક્ષ્ય થાય છે. જ્યોતિર્બ્રાહ્મણમાં તો 'स यत्र किंचित् पश्यति अनन्वाग
यत्यसङ्गो ह्ययं पुरुषः' (તે જ્યાં કંઈ જુએ છે ત્યાં તેથી અનુગત થતો નથી.
પુરુષ સંગરહિત છે) એમ ત્વંપદાર્થનું શોધન છે. 'अत ऊर्ध्वं विमोक्षायैव ब्रूहि'
પછી વિમોક્ષને માટેજ કહો) એમ તત્પદાર્થપર્યન્ત ત્વપદાર્થ લક્ષ્ય થાય છે. આ
શ્રુતિવચનોનું વૈષમ્ય પણ પરસ્પર ઉપકારક થવામાં અતિશય ઉપયુક્ત થાય છે,
વિદ્યામાં તત્પદાર્થનો ઉપક્રમ ત્વપદાર્થપર્યન્તશોધનમાં ઉપયુક્ત છે અને જ્યોતિર્બ્રાહ્મણ
દાર્થનો ઉપક્રમ પણ તત્પદાર્થપર્યન્ત શોધનમાં ઉપયુક્ત છે. ॥ ૧૭ ॥

कार्याख्यानादपूर्वम् ॥ १८ ॥

(આચમન વિધેય છે એમ ઉપપન્ન થતું નથી), કાર્ય તરીકે કહ્યું છે તેથી; (પણ) અપૂર્વ (જળનું અનગ્ન તરીકે જે ચિન્તન છે તેનુંજ વિધાન છે) ॥ ૧૮ ॥

છન્દોગો અને વાજસનેયીઓ પ્રાણસંવાદમાં કુતરાં વગેરે સુધી (સર્વ પ્રાણીથી ભુક્ત થતું જે અન્ન છે તેને) પ્રાણનું અન્ન કહીને તેજ પ્રાણનું, જળ એ વસ્ત્ર છે એમ કહે છે. પછી છન્દોગો કહે છે—'तस्माद्वा एतदशिष्यन्तः पुरस्ताच्चोपरिष्टाच्चाद्भिः परिदधति' [છાન્દો૦ ૫ાર૧૨] (તેટલા માટે—જળ એ પ્રાણનું વસ્ત્ર છે માટે—ભોજન કરવાની તૈયારી કરતાં આ કરે છે—ભોજનની પૂર્વે ને પછી જળ વડે (પ્રાણનું) પરિધાન કરે છે) એમ. વાજસનેયીઓ પણ કહે છે—'तद्विद्वांसः श्रोत्रिया अशिष्यन्त आचामन्त्यशित्वाचामन्त्येतमेव तदनमनग्नं कुर्वन्तो मन्यन्ते' [બૃહ૦ ૬।૧।૧૪] (તેટલા માટે—જળ એ પ્રાણનું વસ્ત્ર છે માટે—વિદ્વાન શ્રોત્રિયો ભોજન કરવાની તૈયારી કરતાં આચમન કરે છે, અને ભોજન કરીને આચમન કરે છે, એજ તે પ્રાણને તે આચમનથી અનગ્ન કરે છે એમ તેઓ માને છે), 'तस्मादेवंविदशिष्यन्नाचामेदशित्वा चाचामेदेतमेव तदनमनग्नं कुरुते' (તેટલા માટે એમ જાણનારે ભોજનની તૈયારી કરતાં આચમન કરવું, અને ભોજન કરીને આચમન કરવું,

---

પૂર્વ અધિકરણમાં જેમ સંદિગ્ધ સદુપક્રમનો શેષથી નિર્ણય કર્યો છે—ઉપક્રમમાં 'સત્' પદ જે સંદિગ્ધ હતું તેનો નિર્ણય વાક્યશેષથી કર્યો છે—તેમ 'आचामन्ति' (આચમન કરે છે) એ વર્તમાનનિર્દેશનો વિધિ તરીકે સંદેહ થયે શેષથી-'अशिष्यन्नाचामेत्' (ભોજન કરવાની તૈયારી કરતાં આચમન કરવું) એ વાક્યશેષથી-आचामन्ति એ વિધિપર છે—વિધાન કરવાના અર્થમાં છે—એમ નિર્ણય કરવો એવી આશંકા કરી કહે છે—'कार्याख्यानादपूर्वम्'. 'मे किमन्नं किं वासः' (મારૂં શું અન્ન છે, શું વસ્ત્ર છે) એમ પ્રાણે પૂછયું ત્યારે વાક્ આદિએ કહ્યું, 'यदिदं किं चाश्वभ्य आकृमिभ्य आकीटपतङ्गेभ्यस्तत्तेऽन्नमापो वासः' (અશ્વપર્યન્ત ને કૃમિપર્યન્ત જે આ (પ્રસિદ્ધ) અન્ન છે તે તારૂં અન્ન છે, જળ વસ્ત્ર છે) એમ સર્વ પ્રાણી જે અન્ન ખાય છે તે એ શ્વાદિપર્યન્તનું પ્રસિદ્ધ અન્ન તે, પ્રાણ, તારૂં અન્ન છે, જળ એ આચ્છાદન છે એમ ઉપાસકે વિચારવું એવો અર્થ છે. બંને શાખામાં સમાન શ્રુતિ કહીને અવિશેષ શ્રુતિ કહે છે—પછી છન્દોગો કહે છે' ઇત્યાદિ. 'તેટલા માટે' એટલે જળ પ્રાણનું વસ્ત્ર છે તેથી, ભોજન કરવાની તૈયારી કરતા શ્રોત્રિયો 'એ' કરે છે—'એ' એટલે શું? એટલે ભોજનની પૂર્વે પછી આચમન કરે છે તે જળથી પ્રાણનું આચ્છાદન કરે છે. આચમન ને જળથી પ્રાણનું આચ્છાદન છે એવો અર્થ છે. ભોજનની પૂર્વે ને ભોજન પછી આચમનસંબંધી જળને વિષે પ્રાણનું વસ્ત્ર છે એવું ચિન્તનરૂપ, અનગ્ન છે એવું ધ્યાન કરવું એવો ભાવ છે. 'तद्विद्वांसः' ઇત્યાદિ. तत्=તેટલા માટે એમ ઉક્ત અર્થમાં છે; પૂર્વ વિદ્વાનો શ્રોત્રિયો પૂર્વે ને પછી આચમન કરે છે ત્યારે એજ અનને-પ્રાણને (अननं प्राणनमनः प્રાણः) આચમનથી (तत्) અનગ્ન—આચ્છાદિત કરીએ છીએ એમ માને છે; તેટલા માટે એમ હાલના પણ ઉપાસકે એમ કરવું એવો વાજિશ્રુતિનો અર્થ છે. તેમાં આચમન અને

એજ તે પ્રાણને તે અનગ્ન કરે છે) એમ. તેમાં આચમન અને પ્રાણનું અનગ્ન તરીકે ચિન્તન પ્રતીત થાય છે તે શું બંનેનું વિધાન થાય છે કે આચમનનું કે અનગ્નતાચિન્તનનું એ વિષે વિચારાય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? બંનેનું વિધાન થાય છે એમ. શાથી? બંને પ્રતીત કરાય છે તેથી; અને એ બંને અપૂર્વ છે તેથી વિધાનને યોગ્ય છે. અથવા આચમનનુંજ વિધાન થાય છે; કારણ કે તેને વિષે વિધિનો પ્રત્યય સ્પષ્ટ છે—'तस्मादेवंविदशिष्यन्नाचामेदशित्वा चाचामेत्' (તેટલા માટે એમ જાણનારે, ભોજન કરવાની તયારી કરતાં આચમન કરવું ને ભોજન કરીને આચમન કરવું) એમ; અને તેનીજ સ્તુતિને માટે અનગ્નતાનું સંકીર્તન છે એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—આચમન વિધેય છે એમ ઉપપન્ન થતું નથી, કાર્ય તરીકે કહ્યું છે તેથી; કારણ કે એ આચમન જે કાર્ય તરીકે શુદ્ધિને અર્થે પ્રાપ્ત, સ્મૃતિપ્રસિદ્ધ છે, તેનું અન્વાખ્યાન છે. પણ આ શ્રુતિ તે સ્મૃતિનું મૂળ થશે. ના. એમ કહીએ છીએ; કેમકે વિષયો ભિન્ન છે; કારણ કે સ્મૃતિ સામાન્યવિષયવાળી છે ને શુદ્ધિને અર્થે પુરુષમાત્રસંબંધી આચમન પ્રાપ્ત કરાવે છે. શ્રુતિ તો પ્રાણવિ-

---

અનગ્ન તરીકે ચિન્તન એ બંને અપૂર્વ હોવાથી સંશય કહે છે—'તેમાં આચમન અને પ્રાણનું' ઇત્યાદિ. 'मन्यन्ते' એટલે મનન–જ્ઞાન તેના ધ્યાનપર્યન્ત છે તેથી ચિન્તન એમ કહ્યું છે. સંદિગ્ધ એવો જે સદુપક્રમ તેનો પૂર્વ અધિકરણમાં વાક્યશેષથી નિર્ણય કર્યો, તેની પેઠે 'आचामन्ति' એ પદ વિધિવાચક છે કે નહિ એમ સંદેહ થયે 'आचामेत्' એ વાક્યશેષથી વિધિવાચક છે એમ નિર્ણય કરવો એમ દૃષ્ટાન્તસંગતિથી પૂર્વપક્ષ કહે છે—'ત્યારે શું પ્રાપ્ત થાય છે' ઇત્યાદિ. જ્ઞાનસાધન ઉપાસનાનું અંગ જે વિધિ તેનો અહિં વિચાર છે, માટે પાદની સંગતિ છે એમ સમજવું. પ્રાણવિદ્યાના અંગ તરીકે અપૂર્વ આચમનનું વિધાન છે તેનો અન્યત્ર ઉપસંહાર કરવો એ પૂર્વપક્ષનું ફળ છે. સિદ્ધાન્તમાં તો આચમન વિધેય નથી તેથી અંગ તરીકે તેનો ઉપસંહાર કરવાનો નથી એમ પૂર્વપક્ષ અને સિદ્ધાન્તનો વિવેક છે. આચમન અને અનગ્ન તરીકે જળનું ચિન્તન એ બંનેનું વિધાન હોય તો વાક્યભેદ થાય તેથી અરુચિથી અન્ય પક્ષ કહે છે—'અથવા આચમનનુંજ વિધાન થાય છે' ઇત્યાદિ. અનગ્ન તરીકે ચિન્તનનું પ્રયોજન કહે છે—'તેનીજ સ્તુતિને માટે અનગ્નતાનું સંકીર્તન છે' ખરેખર, એ આચમન પ્રશસ્ત છે; કેમકે એથી પ્રાણને અનગ્ન માને છે એમ સ્તુતિ છે. પ્રસિદ્ધનો અનુવાદ કરીને અપ્રસિદ્ધનું વિધાન કરવું એ ન્યાયથી સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. સ્મૃતિ શુદ્ધિને અર્થે કાર્ય તરીકે આચમનનું વિધાન કરે છે એમ સકલ કર્મના અંગ તરીકે પ્રાપ્ત થયેલા આચમનનો અનુવાદ કરીને અપૂર્વ એવું જે જળનું અનગ્ન તરીકે ચિન્તન તેનુંજ વિધાન થાય છે એવો સૂત્રનો અર્થ છે. પણ સ્મૃતિમાં કહેલા આચમનનો શ્રુતિ અનુવાદ કરતી નથી; પણ આ શ્રુતિએ વિધાન કરેલા આચમનનો સ્મૃતિ અનુવાદ કરે છે એમ શંકા કરે છે—'પણ આ શ્રુતિ તે સ્મૃતિનું મૂળ થશે' ઇત્યાદિ. શ્રુતિ અને સ્મૃતિના વિષય ભિન્ન છે તેથી તેમની વચ્ચે મૂળમૂલિભાવ નથી, એકનું મૂળ બીજું છે, એક મૂળ છે ને બીજું તેને આધારે છે એવો તે બે વચ્ચે સંબન્ધ નથી. જેના અર્થ તુલ્ય હોય તે બે વચ્ચે એવો સંબન્ધ થાય, અતુલ્ય હોય તે વચ્ચે થાય નહિ. આ રીતે શંકાનો પરિહાર કરે છે—'ના, એમ કહીએ છીએ' ઇત્યાદિ. 'द्विजो नित्यमुपस्पृशेत्' (દ્વિજે નિત્ય આચમન કરવું) ઇત્યાદિ સ્મૃતિ છે. અન્ય આચમનના વિધાનને સ્વીકારીને મૂળમૂલિભાવનું નિ-

ધાના પ્રકરણમાં પડેલી છે. તેથી તે વિદ્યા વિષે આચમનનું વિધાન કરતી વિધાન કરે; અને ભિન્ન વિષયોવાળી શ્રુતિ અને સ્મૃતિ વચ્ચે મૂલભાવ ને મૂલિભાવ સંભવતો નથી. તેમજ એ શ્રુતિ પ્રાણવિદ્યા સાથે જોડાયલા અપૂર્વ આચમનનું વિધાન કરશે એમ આશ્રય કરવો શક્ય નથી; કેમકે પુરુષમાત્ર સાથે જોડાયલા પૂર્વનાજ આચમનનું અહિં પ્રત્યભિજ્ઞાન થાય છે. આજ કારણથી ઉભયનું વિધાન નથી. ઉભયનું વિધાન હોય તો વાક્યભેદ થાય. તેટલા માટે જેઓ ભોજન કરવાની તૈયારી કરે છે ને જેઓએ ભોજન કર્યું છે તે બંનેને પ્રાપ્ત થયલાજ આચમનનો અનુવાદ કરીને 'एतमेव तदनमनग्नं कुर्वन्तो मन्यन्ते' [બૃહ૦ ૬।૧।૧૪] (એજ તે પ્રાણને તે આચમનથી અનગ્ન કરે છે એમ તેઓ માને છે) એમ એ વાક્યથી આચમન કરતાં જળને વિષે પ્રાણને અનગ્ન કરવાનો સંકલ્પ જે પ્રાણવિદ્યા સાથે સંબદ્ધ છે ને અપૂર્વ છે તેનો ઉપદેશ કરાય છે. એ અનગ્નતાવાદ આચમનની સ્તુતિને અર્થે છે એમ કહેવું ન્યાય્ય નથી; કેમકે આચમન અવિધેય છે; અને અનગ્નતાસંકલ્પ વિધેય છે એમ સ્વયં પ્રતીત થાય છે. વળી એમ થયે એક આચમનના બે અર્થ સ્વીકારેલા થશે—શુદ્ધિનો અર્થ અને પરિધાનનો અર્થ—એમ કહેવું યુક્ત નથી; કેમકે અન્ય ક્રિયાનો સ્વીકાર છે; કારણ કે એક ક્રિયા આચમન નામની પુરુષની શુદ્ધિને અર્થે છે એમ સ્વીકારાય છે, અને તેના પાણીને વિષે વસ્ત્રની સંકલ્પના નામની અન્ય ક્રિયા પ્રાણના પરિધાનને અર્થે છે એમ સ્વીકારાય છે માટે અનવદ્ય છે. વળી 'यदिदं किंचाश्वभ्य आ कृमिभ्य आ कीटपतङ्गेभ्यस्तत्तेऽन्नम्' [બૃહ૦ ૬।૧।૧૪] (અર્થાત્ શ્વાન, કૃમિ, કીટ, અને પતંગો પર્યન્ત જે આ કંઈ છે તે તારૂં અન્ન છે) અહિં સર્વ અન્નનું ભક્ષણ પ્રેરાય છે એમ કહેવું શક્ય નથી; કેમકે તે શ્રુતિથી પ્રતિપાદિત નથી અને શક્ય નથી. 'સર્વ

રસન કર્યું, હવે વિધાનજ અસિદ્ધ છે એમ કહે છે—' તેમજ એ શ્રુતિ પ્રાણવિદ્યા સાથે' ઇત્યાદિ. 'આજ કારણથી'– આચમનવિધાનનો અભાવ છે તેથીજ એવો અર્થ છે. જળને વિષે પ્રાણના પરિધાન તરીકે ધ્યાન કરવું એ જે સંકલ્પ ને સંકલ્પનું પ્રાણવિદ્યાના અંગ તરીકે વિધાન થાય છે એમ કહે છે—' તેટલા માટે જેઓ ભોજન કરવાની તૈયારી કરે છે' ઇત્યાદિ. 'એ અનગ્નતાવાદ આચમનની સ્તુતિને અર્થે છે એમ કહેવું ન્યાય્ય નથી'= સ્તોત્રને અભાવે સ્તુતિ યુક્ત થતી નથી એવો અર્થ છે. વળી અન્ય પ્રમાણથી પ્રાપ્ત થયલા વડે અપ્રાપ્ત વિધેયનું સ્તવન થાય. તેમજ આચમન અન્ય પ્રમાણથી પ્રાપ્ત નથી કે તે વિધેય થાય ને તેનું સ્તવન થાય ... કહે છે કે 'અનગ્નતાસંકલ્પ વિધેય છે એમ સ્વયં પ્રતીત થાય છે.' 'સ્વયં'= અપૂર્વ છે તેથી. પણ શુદ્ધિને અર્થે જેનો વિનિયોગ ... આચ્છાદન છે એ વિરુદ્ધ છે એમ શંકા કરીને કહે છે—' વળી એમ થયે એક આચમનના' ઇત્યાદિ. આચમનનું પ્રયોજન આચ્છાદન છે એ અસિદ્ધ છે એવો અર્થ છે. વળી પૂર્વવાક્યમાં પ્રાણના અશક્યાનનું અન્ન તરીકે વિધાન છે તેમ અહિં જળને વિષે વસ્ત્રભાવનાનું વિધાન છે; નહિ તો આચમનવિધિને વિષે પૂર્વ ધ્યાનવિધિ ને ઉત્તરત્ર ક્રિયાવિધિ એમ ... થાય એમ કહે છે—"વળી 'यदिदं किं चाश्वभ्यः'" ઇત્યાદિ. 'भक्षयेत्'

૧ પ્રયોજન. ૨ અર્પનારા.

પ્રાણનું અન્ન છે' એ અન્નદૃષ્ટિ પ્રેરાય છે, અને તેના સાહચર્યથી 'પાણી એ વસ્ત્ર છે' એમાં પણ જળનું આચમન પ્રેરાતું નથી, પણ પ્રસિદ્ધ, આચમનને યોગ્ય જળને વિષે વસ્ત્રદૃષ્ટિ પ્રેરાય છે એમ યુક્ત છે; કારણ કે અર્ધનાશ સંભવતો નથી. તેમજ 'आचामन्ति' (આચમન કરે છે) એમ વર્તમાનનો [1]અપદેશ કરે છે તેથી એ શબ્દવિધિને યોગ્ય નથી. પણ 'मन्यन्ते' (ધારે છે) એમાં પણ વર્તમાનનો અપદેશ સમાનજ છે. તે ખરૂંજ છે; પણ બેમાંનું એક અવશ્ય વિધેય છે, તેથી જળનું વસ્ત્ર તરીકે કલ્પવું, જે અપૂર્વ છે, તેનું વિધાન છે; કારણ કે વસ્ત્રના કાર્ય તરીકે કહ્યું છે, આચમનનું વિધાન નથી; કેમકે તે પૂર્વવત્ છે એમ પ્રતિપાદન કર્યું છે. વળી આચમનને વિષે વિધિનો પ્રત્યય સ્પષ્ટ છે એમ જે કહ્યું છે તેનું પણ નિરસન કર્યું છે; કારણ કે આચમન પૂર્વવત્ છે. આજ કારણથી-આચમનનું વિધાન કરવું ઇચ્છયું નથી તેથી—'એજ તે પ્રાણને તે આચમનથી તેઓ અનગ્ન કરે છે એમ તેઓ માને છે,' અહિંજ કાણ્વો પર્યવસાન કરે છે અને 'તેટલા માટે એમ જાણનારે' ઇત્યાદિ શ્રવણ કરાવતા નથી. તેટલા માટે માધ્યન્દિનોના પણ પાઠમાં આચમનના અનુવાદથી એમ જાણનાર થવું એટલે પ્રકૃત પ્રાણને વસ્ત્ર જાણનાર થવું—એનુંજ વિધાન છે એમ સમજવું. વળી ક્વચિત્ આચમનનું વિધાન છે અને ક્વચિત્ વસ્ત્રવિજ્ઞાનનું વિધાન છે એ જે સ્વીકાર છે તે સાધુ નથી; કેમકે 'જળ વસ્ત્ર છે' ઇત્યાદિ વાક્યપ્રવૃત્તિ સર્વત્ર [2]એકરૂપ છે. તેટલા માટે વસ્ત્રવિજ્ઞાનનુંજ અહિં વિધાન છે, આચમનનું નથી એ ન્યાય્ય છે ॥ ૧૮ ॥

(ભક્ષણ કરવું) એવો શબ્દ નથી તેથી અને કુતરા વગેરેનું સર્વ અન્ન મનુષ્ય ઉપાસકથી ખાવું શક્ય નથી તેથી પૂર્વવાક્યમાં ક્રિયાવિધિ નથી એવો અર્થ છે. વળી આથી પણ આચમનનું અહિં વિધાન નથી એમ કહે છે—' તેમજ आचामन्ति ' (આચમન કરે છે) એમ' ઇત્યાદિ. ત્યારે 'अनग्नं मन्यन्ते' એમાં જળના વસ્ત્ર તરીકે ધ્યાનનું પણ વિધાન નથી; કેમકે બંને સ્થળે દોષ સમાન છે-વર્તમાનનો અપદેશ છે એમ કહે છે—"પણ 'मन्यन्ते' (ધારે છે) એમાં પણ" ઇત્યાદિ. બનેનો અનુવાદ વિફળ થાય તેથી અવશ્ય એકના અનુવાદે અન્યનું વિધાન કરવું યુક્ત છે ને તે વિધેય તે વસ્ત્ર તરીકે ધ્યાન ધરવું એજ છે; કેમકે વસ્ત્રનું કાર્ય જે અનગ્ન કરવું-આચ્છાદિત કરવું-તે કહ્યું છે ને તે અપૂર્વ છે—પૂર્વે કહ્યું નથી—એવો સમાધાનનો અર્થ છે. 'પૂર્વવત્ છે'=સ્મૃતિથી પ્રાપ્ત છે એવો અર્થ છે. 'आचामेत्' એ વિધિ નથી, પણ 'विष्णुरुपांशु यष्टव्यः' (વિષ્ણુને એકાન્તમાં યજ્ઞ કરવો) એની પેઠે અનુવાદ છે તેને વિષે લિંગ કહે છે—' આજ કારણથી-આચમનનું વિધાન કરવું ઇચ્છયું નથી તેથી-' ઇત્યાદિ. 'तस्मादेवंविदशिष्यन्नाचामेदशित्वा चाचामेत्' (તેટલા માટે એમ જાણનારે ભોજન કરતી વખતે આચમન કરવુ ને ભોજન કરીને આચમન કરવું) એ વાક્યને કાણ્વો પણ નથી એજ એ વાક્ય વિધાનવાચક નથી તેને વિષે લિંગ છે એવો અર્થ છે. ત્યારે પાઠના બળથી માધ્યન્દિનમાં આચમનનુ વિધાન છે અને કાણ્વમાં ધ્યાનનું વિધાન છે એમ કોઈકનું મત છે તેનું નિરાકરણ કરે છે—' વળી ક્વચિત્ આચમનનું વિધાન છે ' ઇત્યાદિ ॥ ૧૮ ॥

---

૧ વર્તમાનનો દેખાતો વ્યય ૨ સમાન.

समान एवं चाभेदात् ॥ १९ ॥

સમાન શાખામાં પણ એ પ્રમાણે છે (વિદ્યાનું ઐક્ય છે); ઉપાસ્યના અભેદથી ॥ ૧૯ ॥

વાજસનેયી શાખામાં અગ્નિરહસ્યમાં શાણ્ડિલ્યનામથી અંકિત થયલી વિદ્યા[1] વિજ્ઞાન છે, અને તેમાં 'स आत्मानमुपासीत मनोमयं प्राणशरीरं भारूपम्' (તેણે આત્માની ઉપાસના કરવી જોઈએ, મનોમય, પ્રાણશરીર, પ્રકાશરૂપ) એમ એવા પ્રકારના ગુણોનું શ્રવણ થાય છે. વળી તેજ શાખામાં બૃહદારણ્યકમાં પડે છે કે 'मनोमयोऽयं पुरुषो भाःसत्यस्तस्मिन्नन्तर्हृदये यथा व्रीहिर्वा यवो वा स एष सर्वस्येशानः सर्वस्याधिपतिः सर्वमिदं प्रशास्ति यदिदं किंच' [બૃહ૦ ૫।૬।૧] (એ પુરુષ મનોમય-મનઃપ્રાય છે; કેમકે મનમાં ઉપલબ્ધ થાય છે અને મનથી ઉપલબ્ધ થાય છે, ભાસ્-પ્રકાશજ એનું સત્ય એટલે સ્વરૂપ છે, અર્થાત્ ભાસ્વર છે (મન સર્વ અર્થનું અવભાસક છે અને આત્મા મનોમય છે તેથી ભાસ્વર છે), હૃદયનું જે મધ્ય તેમાં છે, જેમ વ્રીહિ કે યવ-એવા પરિમાણવાળો પુરુષ અન્તર્હૃદયમાં યોગીઓથી દેખાય છે. તે સર્વનો સ્વામી છે, સર્વનો અધિપતિ છે—સર્વનું અધિષ્ઠાન કરી પાલન કરનાર છે, જે આ કંઈ છે તેનું—સર્વ જગત્‌નું—તે પ્રશાસન કરે છે). તેમાં સંશય થાય છે કે અગ્નિરહસ્ય અને બૃહદારણ્યકમાં આ એક વિદ્યા છે અને ગુણોનો ઉપસંહાર છે કે એ બે વિદ્યા છે અને ગુણોનો અનુપસંહાર છે? ત્યારે શું પ્રાપ્ત થાય છે? વિદ્યાનો ભેદ છે અને ગુણોની વ્યવસ્થા છે એમ પ્રાપ્ત થાય છે. શાથી? પુનરુક્તિનો પ્રસંગ થાય તેથી. ખરેખર, ભિન્ન શાખાઓમાં અધ્યેતા અને વેદિતાના

પૂર્વ અધિકરણમાં પ્રાપ્ત આચમનના અનુવાદથી અનગ્નતાચિન્તનનું વિધાન છે એમ કહ્યું છે. પણ આ અધિકરણમાં બે વાક્યમાં કયું વિધિ છે ને કયું અનુવાદ છે તેનો નિશ્ચય ન હોવાથી બંને વાક્યો વિદ્યાનું વિધાન કરે છે એમ આશંકા કરી કહે છે—'વાજસનેયી શાખામાં અગ્નિરહસ્યમાં'. શાણ્ડિલ્યવિદ્યા ક્યાં છે તે કહે છે—'વાજસનેયી શાખામાં અગ્નિરહસ્યમાં'. શાણ્ડિલ્યે ... બોધથી ને તેના નામથી અંકિત-ચિહ્નિત, વિશેષિત થયલી—વિદ્યા તે શાણ્ડિલ્યવિદ્યા. 'अन्तर्हृदये यथा व्रीहिर्वा यवो वा'—હૃદયની અંદર વ્રીહિ આદિની પેઠે સૂક્ષ્મ છે એવો અર્થ છે. અ... ભ્યાસ અને પ્રત્યભિજ્ઞા એ બેને લીધે સંશય કહે છે—'તેમાં સંશય થાય છે કે' ઇત્યાદિ. ગુણોનો અનુપસંહાર એ પૂર્વપક્ષનું ફળ છે ને ઉપસંહાર એ સિદ્ધાન્તનું ફળ છે. પૂર્વ અધિકરણમાં પ્રાપ્ત આચમનના અનુવાદથી અનગ્નતાધ્યાનવિધિ કહ્યો છે. અહિં તો એક શાખામાં દર્શસ્ય વાક્યોમાં એક વિધિવાક્ય અને બીજું અનુવાદ એમ નિશ્ચય ન થવાથી બંને વાક્યો વિદ્યાનું વિધાન કરે છે એમ પ્રત્યુદાહરણથી પૂર્વપક્ષ કહે છે—'ત્યારે શું પ્રાપ્ત થાય છે' ઇત્યાદિ. 'જે પુનરુક્ત છે તે અન્યવિદ્યા છે'—આવી કંઈ વ્યાપ્તિ નથી; કેમકે પ્રાણપંચાગ્નિ આદિ શાખાઓમાં વ્યભિચાર છે, એમ આશંકા કરીને ભિન્ન શાખાઓમાં પુનરુક્તિ અસિદ્ધ છે એમ ... છે એમ કહે છે—'ખરેખર, ભિન્ન શાખાઓમાં' ઇત્યાદિ. અધ્યેતાના ભેદથી શા... ની પુનરુક્તિનો પરિહાર થાય છે, ને વેદિતાના ભેદથી અર્થની પુનરુક્તિનો પરિહાર થાય છે.

---

[1] ચિહ્નિત, ઓળખાવલી. [2] સુપ્રસિદ્ધ, જણાવલી.

संबन्धादेवमन्यत्रापि ॥ २० ॥

એમ અન્યત્ર પણ (થવું યુક્ત છે), (એક વિદ્યાના) સંબન્ધને લીધે ॥ ૨૦ ॥

બૃહદારણ્યકમાં 'सत्यं ब्रह्म' [બૃહ૦ ૫।૫।૧] (સત્ય બ્રહ્મ છે) એમ ઉપક્રમ કરીને 'तद्यत्तत्सत्यमसौ स आदित्यो य एष एतस्मिन् मण्डले पुरुषो यश्चायं दक्षिणेऽक्षन् पुरुषः' [બૃહ૦ ૫।૫।૨] (તેમાં જે તે સત્ય બ્રહ્મ છે તે એ આદિત્ય, જે એ આદિત્યમંડળમાં અભિમાની પુરુષ છે અને જે આ દક્ષિણ નેત્રમાં પુરુષ છે) એમ તેજ સત્ય બ્રહ્મના અધિદૈવત અને અધ્યાત્મ સ્થાનવિશેષનો ઉપદેશ કરીને અને [1]વ્યાહૃતિ તેનું શરીર છે એમ સંપાદન કરીને બે ઉપનિષદ્‌નો—રહસ્યનામનો—ઉપદેશ કરાય છે. 'અહર્' એ તેનું અધિદૈવત ઉપનિષદ્-રહસ્યનામ છે, અને 'અહમ્' એ તેનું અધ્યાત્મ ઉપનિષદ્ છે. તેમાં સંશય થાય છે—શું અવિભાગેજ બંને ઉપનિષદોનું બંને સ્થળે અનુસન્ધાન કરવું યુક્ત છે કે વિભાગથી, એક અધિદૈવ અને એક અધ્યાત્મ એમ? તેમાં સૂત્રથીજ ઉપક્રમ કરે છે. જેમ વિભાગે અધ્યયન કરાયલી પણ શાણ્ડિલ્યવિદ્યામાં ગુણોનો ઉપસંહાર કર્યો છે, એ પ્રમાણે એ જાતના વિષયમાં અન્યત્ર પણ થવું યુક્ત છે; કેમકે એક વિદ્યાનો સંબન્ધ છે; કારણ કે અ-

---

વિદ્યાના ઐક્યમાં ગુણોનો ઉપસંહાર કહીને વિદ્યાના ઐક્યમાં પણ ગુણોના અનુપસંહારનું સ્થળ કહેતાં પૂર્વપક્ષ કરે છે—'संबन्धादेवमन्यत्रापि.' 'आप एवेदमग्र आसुस्ता आपः सत्यमसृजन्त' [બૃહ૦ ૫।૫।૧] (અગ્રે આ જળજ હતું, તે જળે સત્ય સર્જ્યું) એમાં 'સત્ય' હિરણ્યગર્ભવાચક છે. સત્ એટલે પૃથિવી, જળ, ને તેજ એ ત્રણ ભૂત; त्यत् એટલે વાયુ અને આકાશ. સત્ય એટલે પરોક્ષભૂતાત્મ, હિરણ્યગર્ભસંજ્ઞક બ્રહ્મ. તેનો ઉપક્રમ કરીને 'तद्यत्तत्' ઇત્યાદિ. तत्-तत्र-एवं सति-એમ થયે, જે તે સત્ય એટલે બ્રહ્મ તે એ આદિત્ય છે. શું આદિત્ય એટલે આદિત્યમંડળ? ના, તે મંડળમાં [2]કરણાત્મક પુરુષ. તેજ પુરુષ અધ્યાત્મ નેત્રસ્થાનમાં છે એમ આદિત્યસ્થ અને નેત્રસ્થ પુરુષ એકજ સત્યનાં-બ્રહ્મનાં સંસ્થાનવિશેષ છે, તેટલા માટે પરસ્પર-આદિત્ય ચાક્ષુષને વિષે અને ચાક્ષુષ આદિત્યને વિષે પ્રતિષ્ઠિત છે, રશ્મિથી-પ્રકાશથી અનુગ્રહ કરતો આદિત્ય અધ્યાત્મ ચાક્ષુષને વિષે પ્રતિષ્ઠિત છે, અને ચાક્ષુષ પ્રાણોએ વળી આદિત્યનો અનુગ્રહ કરતો અધિદૈવ આદિત્યને વિષે પ્રતિષ્ઠિત છે. એમ ઉપદેશ કરીને 'तस्य भूरिति शिरो भुव इति बाहुः स्वरिति पादौ' (તેનું भूर् એ શિર છે, भुवः એ બાહુ છે, ને स्वर् એ પાદ છે) એમ વ્યાહૃતિરૂપ શરીર કહીને બે ઉપનિષદ્‌નો-રહસ્યદેવતાનામનો-ઉપદેશ કરે છે—તે પુરુષ, આદિત્યમંડળમા રહેલાનું अहर् એવું નામ છે, પ્રકાશક છે તેથી; અને નેત્રસ્થ તે પુરુષનું अहम् એવું નામ છે, પ્રત્યક્ છે તેથી. આ બે નામ એ અધિકરણનો વિષય છે. તેમાં સત્યસંજ્ઞક બ્રહ્મ જેનાં એ બે નામ છે તે એક છે ને તેના સ્થાનનો ભેદ કહ્યો છે તેથી સંશય કહે છે—'તેમાં સંશય થાય છે' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં દરેક સ્થાનમાં બે નામનું અનુષ્ઠાન છે; અને સિદ્ધાન્તમાં જે જે સ્થાનમાં જે જે નામ છે તેનું અનુષ્ઠાન એ ફળ છે. દૃષ્ટાન્તની સંગતિથી આ પૂર્વપક્ષસૂત્રનું વ્યાખ્યાન કરે છે—'જેમ

---

[1] भूर्भुव स्वर् એ મન્ત્રોચ્ચાર [2] ઇન્દ્રિયાત્મ-

ધિદૈવત[1] અને અધ્યાત્મ[2] એકજ સત્યવિદ્યાનું અધ્યયન થયું છે; ઉપક્રમનો અભેદ છે તેથી અને પરસ્પર સંબદ્ધ પાઠ છે તેથી. એક વિદ્યાને વિષે કહેલો ધર્મ તેનેજ— તેજ વિદ્યાને વિષે કેમ ન થાય? કારણ કે આચાર્યને વિષે (શિષ્યનું) અનુગમન આદિ જે કોઈક આચારનું વિધાન છે તે, આચાર્ય ગામમાં હોય કે અરણ્યમાં હોય તોપણ તુલ્યજ છે. તેટલા માટે બંને ઉપનિષદોની બંને સ્થળે પ્રાપ્તિ છે ॥ ૨૦ ॥

એમ પ્રાપ્ત થયે પ્રતિવિધાન કરે છે—

न वा विशेषात् ॥ २१ ॥

અથવા (બંને ઉપનિષદ્‌ની બંને સ્થળે પ્રાપ્તિ) નથી, વિશેષ છે તેથી ॥ ૨૧ ॥

અથવા બંનેની બંને સ્થળે પ્રાપ્તિ નથી. શાથી? વિશેષથી. ઉપાસનાના સ્થાનવિશેષ સાથે સંબન્ધ છે તેથી. સ્થાનવિશેષ સાથે સંબન્ધ શી રીતે છે તેને વિષે

વિદ્યાને અધ્યયન કરાવતી' ઇત્યાદિ. જેમ પૂર્વ અધિકરણમાં એક વિદ્યા હોવાથી ગુણોનો ઉપસંહાર કર્યો છે, એમ અન્યત્ર પણ એક વિદ્યામાં ઉપસંહાર થવો યુક્ત છે એવો અર્થ છે. 'ઉપક્રમનો અભેદ છે'=ઉપક્રમમાં ઉપાસનો-પત્તિવિધિનો અભેદ છે. 'પરસ્પર સંબદ્ધ પાઠ છે'=ને એ અક્ષિસ્થ અને આદિત્યમંડળસ્થ પુરુષો પરસ્પર પ્રતિષ્ઠિત છે. આદિત્યરશ્મિ ચક્ષુને વિષે અને ચક્ષુ આદિત્યને વિષે પ્રતિષ્ઠિત છે તેથી. આદિત્યપુરુષ અને અક્ષિપુરુષને અનુક્રમે પઢીને, આદિત્યપુરુષધર્મોનું નિરૂપણ કરીને, પાછો અક્ષિપુરુષનો ઉપક્ષેપ કરીને તેના ધર્મની શ્રુતિ છે તેથી પરસ્પર સંકીર્ણ તરીકે આદિત્યપુરુષ અને અક્ષિપુરુષની શ્રુતિ છે એમ સમન્વય છે. જો અક્ષિપુરુષવિદ્યા આદિત્યપુરુષવિદ્યાથી ભિન્ન હોય તો જેમ ઉદ્દીથમાં આખા પ્રાણદૃષ્ટિવિધિની પરિસમાપ્તિ કરીને ત્યાંજ આકાશદૃષ્ટિવિધિનું શ્રવણ છે, અતિભિન્ન તરીકે નથી; તેમ અહિં પણ વિદ્યાભેદની વિવક્ષા હોત તો થાત એવો ભાવ છે. આ પ્રમાણે ઉપક્રમના અભેદથી અને અભિન્ન પાઠ છે તેથી વિદ્યાનું ઐક્ય સિદ્ધ થયું. પણ વિદ્યાનું ઐક્ય છે તોપણ શું થાય તેને વિષે કહે છે—'એક વિદ્યાને વિષે કહેલો ધર્મ' ઇત્યાદિ. વિદ્યાનું ઐક્ય છે તોપણ સ્થાનભેદને લીધે બે ઉપનિષદોનો—રહસ્યનામોનો અસંકર થાય-જુદાં જુદાં રહે, સંકીર્ણ ન થાય-એમ આશંકા કરી દૃષ્ટાન્તથી તેનો પરિહાર કરે છે—'કારણ કે આચાર્યને વિષે' ઇત્યાદિ. 'तस्योपनिषद्' એમાં સર્વનામ ...પનનો પરામર્શ કરાવે છે તેથી તચ્છબ્દ પુરુષનો ઉપનિષદ્ સાથે સંબન્ધ કરે છે, સ્થાનનો ઉપનિષદ્ સાથે સંબન્ધ કહેતો નથી, સ્થાન અપ્રધાન છે તેથી तस्योपनिषद् એમાં પ્રકૃત સ...નો પરામર્શ થાય છે તેથી અને પ્રધાન, સત્ય બ્રહ્મ, અભિન્ન છે તેથી, તેમજ સ્થાન તો વિશે... હોવાથી ગૌણ છે તેથી, અને ગુણ અને પ્રધાનમાં પ્રધાનને વિષે પ્રતીતિ થાય છે તેથી, ...જ ગુણોનો ગુણી સાથે અવિનાભાવ છે તેથી ગુણોનો ઉપસંહાર છે એવો અર્થ છે ॥ ૨૦ ॥

નામો (સત્ય, બ્રહ્મ જેનાં 'અહર્' ને 'અહમ્' બે નામ છે) એક હોવાથી નામોનો યુક્ત છે; તેથી અક્ષિસ્થ પુરુષ 'અહર્' એ નામવાળો છે, સત્ય બ્રહ્મ છે તેથી, આદિ-

૧ દેવતા સંબંધી. ૨ શરીર સંબંધી. ૩ નિરાકરણ કરે છે.

કહીએ છીએ—'य एष एतस्मिन् मण्डले पुरुषः' [બૃહ૦ ૫।૫।૩] (જે એ આ મંડળને વિષે પુરુષ છે) એમ આધિદૈવિક પુરુષને પ્રસ્તવીને તેનું ઉપનિષદ્ अहर् છે એમ શ્રવણ કરાવે છે. 'योऽयं दक्षिणेऽक्षन् पुरुषः' [બૃહ૦ ૫।૫।૪] (જે એ દક્ષિણ અક્ષિને વિષે પુરુષ છે) એમ આધ્યાત્મિક પુરુષને પ્રસ્તવીને તેનું ઉપનિષદ્ अहम् છે એમ શ્રવણ કરાવે છે. 'तस्य' એ પાસેના શબ્દનું અવલંબન કરનાર સર્વનામ છે; તેટલા માટે સ્થાનવિશેષના સંબન્ધથીજ એ બે ઉપનિષદ્નો ઉપદેશ કરાય છે. બંને ઉપનિષદોની બંને સ્થળે પ્રાપ્તિ શી રીતે? પણ અધ્યાત્મ અને અધિદૈવત એકજ પુરુષ છે; કેમકે એકજ સત્ય, બ્રહ્મનાં બે સ્થળ પ્રતિપાદન કર્યાં છે. હા, એ ખરૂંજ છે. પણ એકના પણ, અવસ્થાવિશેષ લઈનેજ, ઉપનિષદ્વિશેષનો ઉપદેશ છે તેથી તે અવસ્થામાં આવેલાનીજ તે ઉપનિષદ્ થાય એ યુક્ત છે. વળી આ દૃષ્ટાન્ત પણ છે; આચાર્યસ્વરૂપનો અપાય ન થયો હોય તોપણ બેઠેલા આચાર્યનું જે અનુવર્તન કર્યું હોય તે ઊભેલા આચાર્યનું થતું નથી; અને જે ઊભેલાનું કર્યું હોય તે બેઠેલાનું થતું નથી. પણ ગામમાં અને અરણ્યમાં તો આચાર્યસ્વરૂપનો અપાય થતો નથી તેથી અને તે સ્વરૂપ સાથે જોડાયલા ધર્મમાં ગામ અને અરણ્યથી વિશેષ થતો નથી તેથી બંને સ્થળે સરખા જેવો ભાવ છે એટલે એ અદૃષ્ટાન્ત છે. તેટલા માટે એ બે ઉપનિષદોની વ્યવસ્થા છે ॥ ૨૧ ॥

સ્વસ્થ પુરુષની પેઠે—એમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે સિદ્ધાન્તસૂત્રની યોજના કરે છે—'न वा विशेषात्'. 'ઉપાસનાના સ્થાનવિશેષ સાથે' ઇત્યાદિ. એ બે નામો જુદાં જુદાં ઉપાસનાસ્થાન સાથે સંબન્ધ રાખે છે તેથી એવો અર્થ છે. જ્યાં ધર્મોનો સ્વરૂપમાત્ર સાથે સંબન્ધ શ્રુતિમાં છે ત્યાં ગુણોનો સંકર છે; કેમકે સ્વરૂપની સર્વત્ર પ્રત્યભિજ્ઞા થાય છે, અને ધર્મોનો સ્વરૂપમાત્ર સાથે સંબન્ધ છે. પણ જ્યાં પ્રધાન વિશેષણસહિત સમજાય છે, ત્યાં વિશેષણસહિતજ પ્રધાન સાથે ધર્મનો સબન્ધ છે, નિર્વિશેષણ પ્રધાન સાથે નહિ, કે અન્યવિશેષણસહિત પ્રધાન સાથે નહિ. ખરેખર, 'दण्डिनं पुरुषमानय' (દણ્ડી પુરુષને આણ) એમ કહે ત્યારે દણ્ડરહિત, કમણ્ડલુમાન્ પુરુષ અણાતો નથી. તેટલા માટે સત્યની અધિદૈવ ઉપનિષદ્ કહી છે તે અધ્યાત્મ ઉપનિષદ્ થવી યુક્ત નથી. જેમ જતા આચાર્યનું અનુગમન વિધાન કર્યું હોય તે ઊભેલા આચાર્યનું થતું નથી; તેટલા માટે બે ઉપનિષદોનો સંકર નથી, પણ વ્યવસ્થા છે. તાત્પર્ય આપ્રમાણે છેઃ—જોકે સર્વનામ પ્રધાનનો પરામર્શ કરે છે, તોપણ જે રૂપે પ્રધાનનો પ્રસ્તાવ કર્યો હોય તે રૂપવાળા પ્રધાનનોજ પરામર્શ કરે છે. તેટલા માટે 'तस्योपनिषदहरिति'—અહિં આદિત્યમંડળવિશિષ્ટજ પ્રસ્તુત છે તેથી તેવાનોજ પરામર્શ કરી સ્થાનવિશેષ એ ઉપાધિવાળાનુંજ अहर् નામ નિર્દેશ કરે છે. એજ પ્રમાણે 'तस्योपनिषदहमिति'—એમાં પણ વિશિષ્ટનોજ પરામર્શ છે તેથી સ્થાનવિશેષ એ ઉપાધિવાળાનુંજ अहम् એ નામ છે એમ સમજવું. એથીજ વ્યવસ્થિત તરીકેજ, તેનું નામ अहर् છે, તેનું નામ अहम् છે એમ નિર્દેશ બંધ બેસે છે. નહિ તો 'तस्योपनिषदहरहम्' (તેની ઉપનિષદ્ अहर्, अहम् છે) એમ નિર્દેશ કરત. એથી ઉપનિષદ્ની વ્યવસ્થા છે ॥ ૨૧ ॥

दर्शयति च ॥ २२ ॥

અને (શ્રુતિનું લિંગ) દેખાડે છે ॥ ૨૨ ॥

વળી એ બન્નેના ધર્મોની વ્યવસ્થા છે એમ લિંગ દેખાય છે—'तस्यैतस्य तदेव रूपं यदमुष्य रूपं यावमुष्य गेष्णौ तौ गेष्णौ यन्नाम तन्नाम' [છાન્દો૦ ૧।૭।૫] (તે એ ચાક્ષુષ પુરુષનું તેજ રૂપ છે કે જે એ આદિત્યપુરુષનું છે; જે એ આદિત્યપુરુષના બે પર્વ છે તેજ એ ચાક્ષુષપુરુષના પર્વ છે; જે એ આદિત્યપુરુષનું નામ છે તે ચાક્ષુષપુરુષનું નામ છે). એ લિંગ શી રીતે છે તે કહીએ છીએ. અક્ષિ અને આદિત્ય એ સ્થાનભેદથી ભિન્ન ધર્મો અન્યોન્યને વિષે ઉપસંહાર કરવા યોગ્ય નથી એમ જોઈ આદિત્યપુરુષમાં રહેલા રૂપાદિ ધર્મોનો અક્ષિ અનિર્દેશે અક્ષિપુરુષને વિષે ઉપસંહાર કરે છે—'तस्यैतस्य तदेव रूपम्' [છાન્દો૦ ૧।૭।૫] (તે એનું તેજ રૂપ છે) ઇત્યાદિથી. તેટલા માટે એ બે ઉપનિષદ્ વ્યવસ્થિત છે એમ નિર્ણય છે ॥ ૨૨ ॥

संभृतिद्युव्याप्त्यपि चातः ॥ २३ ॥

સંભૃતિ, અને દ્યુવ્યાપ્તિ એનો સમાહાર પણ (ઉપસંહાર કરવા યુક્ત નથી), એથી જ (સ્થાનવિશેષયોગથી જ) ॥ ૨૩ ॥

'ब्रह्मज्येष्ठा वीर्या संभृतानि ब्रह्माग्रे ज्येष्ठं दिवमाततान' (બ્રહ્મ જ્યેષ્ઠ-કારણ છે જેનું એવાં વીર્યો—આકાશ ઉત્પન્ન કરવું વગેરે—નિર્વિઘ્ને સમૃદ્ધ થયાં; તે જ્યેષ્ઠ

વિદ્યાના ભેદથી જ ઉપસંહાર સિદ્ધ થાય તો અનિર્દેશ વૃથા થાય, તેટલા માટે એક વિદ્યામાં પણ સ્થાનભેદે કહેલા ગુણોનો, અનિર્દેશ ન હોય તો, અનુપસંહાર છે એમ સિદ્ધ થાય છે ॥ ૨૨ ॥

સ્થાનભેદથી ગુણોનો અનુપસંહાર કહીને તેજ હેતુથી [illegible] ગુણોનો [illegible] વિ[illegible] [illegible] ને વિષે અનુપસંહાર કહે છે—'संभृतिद्युव्याप्त्यपि चातः', 'ब्रह्मज्येष्ठा' [illegible] છે— वीर्यां = वीर्याणि-[illegible] છે. वीर्यां = પરાક્રમો [illegible] સહાદોની અપેક્ષાથી પરાક્રમો [illegible] કરે છે [illegible] [illegible] જ્યેષ્ઠ [illegible] નથી, [illegible] [illegible] જ્યેષ્ઠ-કારણ છે. બ્રહ્મ જ્યેષ્ઠ-કારણ છે જેનું તે ब्रह्मज्येष्ठा— [illegible] [illegible] વિના [illegible] [illegible] [illegible] સંભૃતાનિ = [illegible] [illegible] [illegible]

[illegible] भूतानां प्रथमं [illegible] तस्मादपि ब्रह्मणा स्पर्धितुं [illegible] [illegible]

દિ રૂપોથી પ્રકાશે છે ('तस्य भासा सर्वमिदं विभाति'—તેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે,—એવી બીજી શ્રુતિ છે) તેથી ભામન્ને-તેઓને દોરવે છે, માટે 'ભામની' છે), 'यावान् वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाश उभे अस्मिन् द्यावापृथिवी अन्तरेव समाहिते' [છાન્દો૦ ૮।૧।૩] (ખરેખર, જેવડું આ લૌકિક આકાશ છે, તેવડું, હૃદયની અંદર, આ આકાશ-બ્રહ્મ છે. દ્યુલોક ને પૃથિવી એ બંને એની અંદર રહેલાં છે) ઇત્યાદિ વિભૂતિઓની શ્રુતિ છે. વળી સ્થાનવિશેષરહિત પણ આદિ બીજી 'ષોડશકલ' આદિ બ્રહ્મવિદ્યાઓ છે. એ ખરૂં છે; તોપણ વિશેષ છે તે ભૃતિ આદિના અનુપસંહારનો હેતુ છે; કારણ કે સમાન ગુણોની શ્રુતિથી ઉપથાપિત થયલી, દૂર દેશોમાં રહેલી પણ વિદ્યાઓમાં દૂર દેશવાળા ગુણોનો ઉપહાર થાય એ યુક્ત છે. પણ સંભૂતિ આદિ ગુણો અને શાણ્ડિલ્યાદિના વાક્યોમાં ખેલા મનોમયત્વ આદિ ગુણો પરસ્પર ભિન્ન સ્વરૂપવાળા હોવાથી અન્ય પ્રદેશમાં રહેલી વિદ્યા ઉપસ્થાપિત કરવા શક્તિમાન્ નથી. તેમજ બ્રહ્મસંબન્ધમાત્રથી અન્ય પ્રદેશમાં રહેલી વિદ્યાનું ઉપસ્થાપન છે એમ કહેવાનું નથી; કેમકે ભિન્ન વિદ્યામાં પણ તે ઉપપન્ન થાય છે; કારણ કે એક પણ બ્રહ્મની, ભિન્ન વિભૂતિઓથી અનેક રીતે ઉપાસના કરાય છે એમ સ્થિતિ છે; પરોવરીયસ્ત્વ આદિની પેઠે, ભેદ એવામાં આવે છે તેથી. તેટલા માટે વીર્યસંભૂતિ આદિ ગુણોનો શાણ્ડિલ્યવિદ્યા આદિને વિષે અનુપસંહાર છે એમ ॥ ૨૩ ॥

...वा अयमाकाशः' એમ દહરવિદ્યામાં એમ ભેદ છે. આધ્યાત્મ અને આધિદૈવભેદથી બે અનુપસંહાર હોય તો તે ભેદ વગરની ઉપાસનાઓમાં ઉપસંહાર થાય એમ કહે છે—'વળી સ્થાનવિશેષરહિત' ઇત્યાદિ. શંકાનો અર્થ એવો છે કે તે તે વિદ્યાઓમાં આધિદૈવત્વ એ ધર્મ છે એ સામ્ય છે અથવા આધ્યાત્મિક સ્થાનરહિતત્વ એ સામ્ય છે તેથી તે તે વિદ્યાઓમાં સંભૂતિ આદિની પ્રાપ્તિ છે. હવે શંકાનો પરિહાર કરે છે કે ઉપર કહેલા બને હેતુ ગુણો પ્રાપ્ત કરાવતા નથી; કેમકે શાણ્ડિલ્યવિદ્યા, દહરવિદ્યા આદિ આધિદૈવિક વિદ્યાઓના અને સ્થાનરહિતવિદ્યાઓના પરસ્પર ગુણોનું સાંકર્ય થવાનો પ્રસંગ આવે. તેટલા માટે કેટલાક [illegible] વિશિષ્ટ ઉપાસ્યસ્વરૂપનું ઐક્ય એક વિદ્યાનું જ્ઞાન કરાવી [illegible] હેતુ થાય છે અને એવા ઉપાસ્યસ્વરૂપના સાંકર્યનો અભાવ હોય તો ગુણોની પ્રાપ્તિ નથી એમ શંકાનો પરિહાર કરે છે—'એ ખરૂં છે; તોપણ' ઇત્યાદિ. સ્થાનવિશિષ્ટ ભેદથી બહાર અને હૃદયના [illegible] છે. સંભૂતિ આદિ ગુણોથી વિશિષ્ટ બ્રહ્મ અને શાણ્ડિલ્યવિદ્યા આદિમાં કહેલા ગુણોથી વિશિષ્ટ એ બે બ્રહ્મનો પરસ્પર ભેદ હોવાથી રૂપના ભેદને લીધે સંભૂતિ આદિનો ઉપસંહાર નથી [illegible] ઉભય ન્યાયનો અતિદેશ છે તેથી [illegible] આદિની અપેક્ષા નથી એમ એક ઉદ્ભી- [illegible] પરોવરીયસ્ત્વ આદિ ગુણોની ઉપસ્થિતિ [illegible] ભિન્ન છે; તેમ બ્રહ્મમાં પણ વિદ્યાભેદ ઉત્પન્ન થાય છે તેથી બ્રહ્મની [illegible] કરાવનારી એમ કહે છે—'પરોવરીયસ્ત્વ આદિની પેઠે' ઇત્યાદિ. તેટલા માટે સંભૂતિ આદિ ગુણોથી વિશિષ્ટ અન્ય વિદ્યાનો વિધિ છે એમ સિદ્ધ થયું ॥ ૨૩ ॥

બ્રહ્મનો ભેદ દર્શાવનારો છે [illegible] જુઓ પૃ૦ ૨૭૭ ટિ૦ ૨.

पुरुषविद्यायामिव चेतरेषामनाम्नानात् ॥ २४ ॥

પુરુષવિદ્યાને વિષે જેમ (એક શાખાવાળા પૈઙ્ગી અને તાણ્ડીની શ્રુતિ છે) તેમ અન્યની (તૈત્તિરીયોની) શ્રુતિ નથી તેથી (બે પુરુષવિદ્યા એક નથી) ॥ ૨૪ ॥

તાણ્ડી અને પૈઙ્ગીના રહસ્યબ્રાહ્મણમાં પુરુષવિદ્યા છે. તેમાં પુરુષ યજ્ઞ તરીકે કલ્પાયો છે, તેનું આયુષ્ ત્રણ પ્રકારે વિભક્ત થઈ ત્રણ સવન તરીકે કલ્પાયું છે અને ભોજનની ઇચ્છા આદિ દીક્ષા આદિ ભાવે કલ્પાયાં છે. વળી આશિષ્નો પ્રયોગ, મન્ત્રનો પ્રયોગ આદિ અન્ય ધર્મો પણ ત્યાં માલમ પડે છે. તૈત્તિરીયકો પણ કોઈક પુરુષયજ્ઞને કલ્પે છે—'तस्यैवं विदुषो यज्ञस्यात्मा यजमानः श्रद्धा पत्नी' [નારા ૮૦] (એ જાણનાર તેના યજ્ઞનો આત્મા યજમાન છે અને શ્રદ્ધા પત્ની છે) ઇત્યાદિ અનુવાક વડે. તેમાં સંશય થાય છે—શું જે અન્યત્ર પુરુષયજ્ઞના ધર્મો કહેલા છે તે તૈત્તિરીયકમાં ઉપસંહાર કરવા યુક્ત છે કે ઉપસંહાર કરવા યુક્ત નથી?

પુરુષવિદ્યાને વિષે છાન્દોગ્ય ઉપનિષદ્‌માંની વિદ્યા કહે છે—'તાણ્ડી અને પૈંગીના રહસ્યબ્રાહ્મણમાં' ઇત્યાદિ. 'તેમાં' = છાન્દોગ્યની ભિન્ન શાખાઓમાં. 'पुरुषो वाव यज्ञस्तस्य यानि चतुर्विंशति वर्षाणि तत्प्रातःसवनमथ यानि चतुश्चत्वारिंशद्वर्षाणि तन्माध्यन्दिनं सवनमथ यान्यष्टाचत्वारिंशद्वर्षाणि तत् तृतीयं सवनम्' (ખરેખર, પુરુષ યજ્ઞ છે, તેના જે ચોવીસ વરસ છે તે પ્રાતઃસવન છે, જે ચુમ્માળીસ વરસ છે તે માધ્યન્દિનસવન છે અને જે ઊડતાળીસ વરસ છે તે ત્રીજું સવન છે) એમ પ્રસિદ્ધ યજ્ઞ સાથે સાદૃશ્ય માટે પુરુષના ત્રણ સવન કલ્પ્યાં છે. 'स यदशिशिषति यत्पिपासति यन्न रमते ता दीक्षा अथ यदश्नाति यत् पिबति यद्रमते ता उपसदः अथ यद्धसति यज्जक्षति यन्मैथुनं चरति तानि स्तुतशस्त्राणि अथ यत् तपोदानादि सा दक्षिणा मरणमेवावभृथः वस्वादिरूपा मे प्राणा इदं सवनत्रयं यावदायुरनुसंतनुते' (તે જે ખાવા ઇચ્છે છે, જે પીવા ઇચ્છે છે, જેમાં રમતો નથી, તે દીક્ષા છે; અને જે ખાય છે, જે પીએ છે, જેમાં રમે છે, તે ક્રિયા છે, અને જે હસે છે, જે ખાય છે, જે મૈથુન આચરે છે, તે સ્તુત અને સ્તોત્ર છે; અને જે તપોદાન આદિ છે તે દક્ષિણા છે; મરણજ અવભૃથસ્નાન છે; વસુ આદિરૂપ મારા પ્રાણ છે—આ ત્રણ સવન આયુષ્પર્યંન્ત તે ચલાવે છે) એ આશિષ્ છે. 'सोऽन्तवेलायामेतत् त्रयं प्रतिपद्येताक्षितमस्यच्युतमसि प्राणसंशितमसि' (તે અન્તસમયે આ ત્રણ પ્રાપ્ત કરે–તું ક્ષયરહિત છે, તું ચ્યુતિરહિત છે, તું પ્રાણને વિષે સમ્યક્ તીક્ષ્ણ–સમત્ છે) એમ મન્ત્રપ્રયોગ છે. એકસો ને સોળ વર્ષ જીવવું એ ફળ છે એમ દર્શાવ્યું છે. સંશયને માટે અન્ય શાખાની પુરુષવિદ્યા કહે છે—'તૈત્તિરીયકો પણ' ઇત્યાદિ. અહિં विदुषो यज्ञस्य એમાં એ બે વચનનું સામાનાધિકરણ્ય છે કે વૈયધિકરણ્ય છે તેનો નિશ્ચય ન હોવાથી સંશય કહે છે—'તેમાં સંશય થાય છે' ઇત્યાદિ ઉપસંહાર અને અનુપસંહારજ ફળ છે. પૂર્વ અધિકરણમાં અસાધારણ ગુણથી પ્રત્યભિજ્ઞાન ન થવાથી વિદ્યાનો ભેદ કહ્યો છે. પણ અહિં તો મરણાવભૃથગુણથી વિશિષ્ટ પુરુષયજ્ઞરૂપ એક્યનું પ્રત્યભિજ્ઞાન થાય છે તેથી વિદ્યાનું ઐક્ય છે એમ પ્રત્યુદાહરણથી પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—'ઉપસંહાર કરવા યુક્ત નથી'.

પુરુષયજ્ઞત્વ રૂપ અવિરોધ છે તેથી ઉપસંહાર પ્રાપ્ત થયે અમે કહીએ છીએ-કે ઉપસંહાર કરવા યુક્ત નથી. શાથી? તેના રૂપનું પ્રત્યભિજ્ઞાન થતું નથી તેથી. તેટલા માટે આચાર્ય કહે છે—'પુરુષવિદ્યાયામિવ' (પુરુષવિદ્યાની પેઠે) એમ. જેમ એક શાખાવાળાઓની—તાણ્ડી અને પૈંગીઓની પુરુષવિદ્યામાં શ્રુતિ છે, એવી રીતે અન્યની તૈત્તિરીયોની શ્રુતિ નથી; કારણ કે અન્યથી વિલક્ષણજ, તેમની યજ્ઞ-સંપત્તિ જોવામાં આવે છે. પત્ની, યજમાન, વેદ, વેદિ, [1]બર્હિ, યૂપ, આજ્ય, પશુ, ઋત્વિક્ આદિની ક્રમે, ગણના છે તેથી. વળી જે સવનની સંપત્તિ છે તે પણ અન્યથી વિ-લક્ષણજ છે—'યત્ પ્રાતર્મધ્યન્દિનં સાયં ચ તાનિ' [નારા૦ ૮૦] (જે પ્રાતઃ, મધ્ય-ન્દિન, ને સાયંકાલ છે તે સવનો છે) એમ. તેમજ મરણને અવભૃથ કલ્પવું ઇત્યા-દિ જે કંઈ સામ્ય છે તે પણ થોડું થોડું હોવાથી, ઘણા વૈલક્ષણ્યથી વિવશ થતું, પ્ર-ત્યભિજ્ઞાન કરાવવા શક્તિમાન નથી. તૈત્તિરીયકમાં પુરુષયજ્ઞ છે એવી શ્રુતિ નથી; કારણ કે 'વિદુષો યજ્ઞસ્ય' એ બે, 'વિદ્વાન્ જે યજ્ઞ તેના' એવા અર્થમાં, સમાના-ધિકરણ ષષ્ઠી નથી; કેમકે પુરુષનો મુખ્ય અર્થ યજ્ઞ નથી. પણ 'વિદ્વાન્-

'તસ્યૈવં વિદુષો યજ્ઞસ્યાત્મા યજમાનઃ શ્રદ્ધા પત્ની શરીરમિધ્મમુરો વેદિર્લોમાનિ બર્હિર્વેદઃ શિખા હૃદયં યૂપઃ કામ આજ્યં મન્યુઃ પશુસ્તપોઽગ્નિર્દમઃ શમયિતા દક્ષિણા વાગ્ઘોતા પ્રાણ ઉદ્ગાતા ચક્ષુરધ્વર્યુર્મનો બ્રહ્મા' (એમ જાણનાર તેના યજ્ઞનો આત્મા યજમાન છે, શ્રદ્ધા પત્ની છે, શરીર લાકડાં છે, છાતી વેદિ, રૂવાં બર્હિષ્ છે, વેદ-કુશ-મુષ્ટિ એ શિખા છે, હૃદય યૂપ છે, કામ ઘી છે, મન્યુ-ક્રોધ પશુ છે, તપ અગ્નિ છે, શમન કરનાર દમ એ દક્ષિણા છે, વાણી હોતા છે, પ્રાણ ઉદ્ગાતા છે, આંખ અધ્વર્યુ છે, મન બ્રહ્મા છે) એમ ઘણા ધર્મોનું વૈષમ્ય છે તેથી એકરૂપની પ્રત્યભિજ્ઞા નથી એવો અર્થ છે. વળી છાન્દોગ્યમાં ત્રિધા વિભક્ત [illegible] આયુષને વિષે સવનત્વની કલ્પના છે. અહિં તો સાયંકાલ આદિને વિષે સવનત્વકલ્પના છે એમ [2]વૈરૂપ્ય કહે છે—'વળી જે સવનની સંપત્તિ છે' ઇત્યાદિ. 'યન્મરણં તદવભૃથો યદ્રમતે તદુપસદઃ' (જે મરણ છે તે અવભૃથસ્નાન છે, જે રમે છે તે ક્રિયા છે) એમ તિત્તિરિશ્રુતિમાં [3]સારૂપ્ય પણ જણાય છે તેથી કહે છે—'તેમજ મરણને અવભૃથ કલ્પવું' ઇત્યાદિ. ગજ અને [4]ઉષ્ટ્રને [5]ચતુષ્પાત્ત્વ એ જેવું સામ્ય છે તે સામ્યની પેઠે એ સારૂપ્ય ઐક્યનું પ્રયોજક નથી એવો અર્થ છે. વળી છાન્દોગ્યમાં પુરુષ અને યજ્ઞનું ઐક્ય છે. અહિં તો ભેદ છે એમ બીજું વૈરૂપ્ય કહે છે—'તૈત્તિરીયકમાં પુરુષ યજ્ઞ છે' ઇત્યાદિ. કોઈ 'એતયા નિષાદસ્થપતિં યાજયેત્' એમાં 'નિષાદસ્થપતિમ્'-ષષ્ઠી સમાસ લેવો કે કર્મધારય એમ સંદેહ થયે પૂર્વમીમાંસામાં 'સ્થપતિર્નિષાદઃ સ્યાત્ શબ્દસામર્થ્યાત્' [પૂર્વમીમાંસા ૬।૧।૫૧] માં કર્મધારય સમાસ પ્રતિપાદન કર્યો છે. ષષ્ઠી-સમાસ કરતાં સમાનાધિકરણ સમાસ બળવાન છે. નિષાદ એજ સ્થપતિ છે, નિષાદનો સ્થ-પતિ નહિ; કેમકે નિષાદશબ્દ શ્રવણથીજ નિષાદ અર્થને કહી શકે છે, અને નિષાદોના સ્થપ-તિ—એઘને લક્ષણાથી કહે છે; અને શ્રુતિ અને લક્ષણામાં શ્રુતિ ન્યાય્ય છે, લક્ષણા નહિ. ષષ્ઠીસમાસ કરતાં કર્મધારય સમાસ બળવાન છે એવો એ ન્યાયનો અર્થ છે. નિષાદસ્થ-...સાથે વિદુષો યજ્ઞસ્ય એ બે ષષ્ઠીનું સામાનાધિકરણ્ય યુક્ત છે, તોપણ અપ્રસિદ્ધના અ-...કલ્પના કરવામાં ગૌરવ છે તેથી, યજ્ઞસ્ય આત્મા એમ ભેદની ઉક્તિ છે તેથી, એકનેજ

૧ દર્ભ. ૨ વૈષમ્ય. ૩ સાદૃશ્ય. ૪ ઊંટ. ૫ ચાર પગ હોવા તે.

તેટલા માટે અન્ય શાખામાં અધ્યયન કરેલા આશીર્મન્ત્રાદિ પુરુષવિદ્યાધર્મોની તૈત્તિરીયકમાં પ્રાપ્તિ નથી ॥ ૨૪ ॥

वेधाद्यर्थभेदात् ॥ २५ ॥

વેધ આદિના (મન્ત્રોના) અર્થનો (સંનિધિમાંની પ્રવર્ગ્યવિદ્યાથી) ભેદ છે તેથી (એ મન્ત્રોનો ઉપસંહાર નથી) ॥ ૨૫ ॥

આથર્વણિકોની ઉપનિષદના આરંભમાં મન્ત્રશ્રુતિ છે—'**सर्वं प्रविध्य हृदयं प्र-**

પરતન્ત્રનું ઐક્ય અયુક્ત હોવાથી શ્રુતિ કહે છે—'તેટલા માટે અન્ય શાખામાં' ઇત્યાદિ. પૂર્વપક્ષ અને સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છે.—તાણ્ડી અને પૈઙ્ગીના રહસ્યબ્રાહ્મણમાં તેમજ છાન્દોગ્યમાં પુરુષયજ્ઞ અવિશિષ્ટ છે. '**विदुषो यज्ञस्य**' એમાં સામાનાધિકરણ્યનો અસંભવ નથી; કેમકે '**यज्ञस्य आत्मा**' એમાં આત્મશબ્દ સ્વરૂપના અર્થમાં છે. યજ્ઞનું સ્વરૂપ યજમાન છે અને તે ચેતન હોવાથી **यज्ञस्य विदुषः** એમ સામાનાધિકરણ્યનો સંભવ છે. તેટલા માટે પુરુષયજ્ઞત્વ સમાન હોવાથી તેમજ મરણને બન્નેમાં અવભૃથ કહ્યું છે તે પણ સમાન હોવાથી પુરુષવિદ્યા બન્નેમાં એક છે એમ નિશ્ચય થયે ઉભયત્ર ઉભયધર્મોનો ઉપસંહાર થાય છે એવો પૂર્વપક્ષનો આશય છે. સિદ્ધાન્ત આ પ્રમાણે છે:—જેવી તાણ્ડી અને પૈઙ્ગીની પુરુષયજ્ઞસંપત્તિ છે, તેનું આયુષ્ય જે ત્રણ પ્રકારે વ્યવસ્થિત છે તેની જેમ ત્રણ સવન સાથે સંપત્તિ છે, ભોજનેચ્છા આદિની જેમ દીક્ષા આદિ સાથે સંપત્તિ છે. તેમ તૈત્તિરીયોની નથી. તેઓની પ્રથમ તો પુરુષને વિષે યજ્ઞસંપત્તિ નથી. ખરેખર, '**आत्मा यजमानः**' એમાં એ આત્મશબ્દ સ્વરૂપના અર્થમાં નથી. કેમકે યજ્ઞસ્વરૂપ યજમાન નથી, કર્તા અને કર્મનો અભેદ નથી તેથી, ચેતન અને અચેતનનું ઐક્ય અનુપપન્ન છે તેથી,–યજ્ઞકર્મ અચેતન છે અને યજમાન ચેતન છે તેથી. આત્મા તો ચેતન છે તેથી તે યજમાન અને વિદ્વાન્ એ બન્ને થાય એ યુક્ત છે. એટલે અર્થ આવો છે—એ પ્રમાણે જાણનાર પુરુષના સંબન્ધનો જે યજ્ઞ તેના સંબન્ધી તરીકે યજમાન આત્મા છે. એમ યજ્ઞના મુખ્ય અર્થમાં આત્મા યજમાન અને વિદ્વત્સંબન્ધી બન્ને થાય છે; અન્યથા આત્મશબ્દ સ્વરૂપના અર્થમાં હોય તો '**विदुषो यज्ञस्य**' અને '**यजमानो यज्ञस्वरूपम्**' એ બન્ને ગૌણ થાય; અને ગતિ—આશ્રય હોય તો—મુખ્ય અર્થ સંભવતો હોય તો—ગૌણ અર્થ લેવો યુક્ત નથી. તેટલા માટે તૈત્તિરીયકમાં પુરુષયજ્ઞતા નથી, તેથી તેની સાથે અન્ય શાખાની પુરુષવિદ્યાનું સામ્ય નથી. વળી પત્ની, યજમાન, વેદવિદ્યા આદિ સંપત્તિ તૈત્તિરીયોની છે તેવી પૈઙ્ગી અને તાણ્ડીઓની નથી. એમની સવનસંપત્તિ પણ વિલક્ષણ છે. તેટલા માટે ઘણું વૈરૂપ્ય હોવાથી થોડાક સારૂપ્યથી વિદ્યાનું ઐક્ય થવું ઉચિત નથી. કેમકે એમ તો અતિપ્રસંગ થાય. વળી '**तस्यैवं विदुषः**' એમ અનુવાદશ્રુતિ હોવાથી અનેક અથવા વિધાનમાં વાક્યભેદરૂપ પ્રસંગ થાય એવો અર્થ છે. વળી પૈઙ્ગી અને તાણ્ડીઓની પુરુષયજ્ઞવિદ્યા અન્ય ફળથી યુક્ત, સ્વતન્ત્ર છે એમ પ્રતીત થાય છે; તૈત્તિરીયકોની તો '**एवं विदुषः**' એમ શ્રુતિ છે તેથી પૂર્વોક્તનો પરામર્શ છે અને તેના ફળની સ્તુતિ છે, માટે તૈત્તિરીયોની પુરુષયજ્ઞવિદ્યા પરતન્ત્ર છે; સ્વતન્ત્ર અને પરતન્ત્ર વિદ્યાઓનું ઐક્ય ઉચિત નથી આવો સિદ્ધાન્તનો આશય છે. ॥૨૪॥

પૂર્વ અધિકરણમાં આત્મવિદ્યાના સંનિધિમાં તૈત્તિરીયકગત પુરુષયજ્ઞની શ્રુતિ હોવાથી પુરુષ-
...ાનના અંગ તરીકે સ્વીકારીને આયુરભિવૃદ્ધિ જેવું ફળ છે એ વિદ્યાથી પુરુષયજ્ઞનો ભેદ

વિધ્ય ધમનીઃ પ્રવૃજ્ય શિરોઽભિપ્રવૃજ્ય ત્રિધા વિપૃક્તઃ' ({ હે દેવતે, મારા શત્રુનું સર્વ અંગ ફાડી નાંખ, હૃદયને ચીરી નાંખ, શિરાઓને તોડી નાંખ, માથાનો ના કર, { એમ } ત્રણ પ્રકારે { મારો શત્રુ } વિશ્લિષ્ટ-છિન્ન થાઓ) ઇત્યાદિ. ત ણ્ડીઓના ઉપનિષદ્‌ના આરંભમાં 'देव सवितः प्रसुव यज्ञम्' (હે દેવ, સવિતઃ યજ્ઞ અને યજ્ઞપતિ-યજમાનને ઉત્પન્ન કર) ઇત્યાદિ શ્રુતિ છે; શાટ્યાયનીઓના ઉ નિષદ્‌ના આરંભમાં 'श्वेताश्वो हरितनीलोऽसि' (શ્વેત જેનો અશ્વ છે એવો તું હ રિતમણિ જેવો નીલ છે) ઇત્યાદિ છે; કઠ અને તૈત્તિરીયોના ઉપનિષદારંભમાં ' नो मित्रः शं वरुणः' [તૈત્તિ૦ ૧।૧।૧] (મિત્ર-આદિત્ય અમોને સુખકર થાએ વરુણ અમોને સુખકર થાઓ) ઇત્યાદિ છે. પણ વાજસનેયીઓના ઉપનિષદા ભમાં 'પ્રવર્ગ્ય નામના કર્મને વિષે બ્રાહ્મણગ્રન્થ પઠાય છે—'देवा ह वै सत्रं निषेदुः (ખરેખર, કોઈક પૂર્વકાલે દેવો સત્ર નિવૃત્ત કરવા બેઠા) ઇત્યાદિ. કૌષીતકીઓને પણ અગ્નિષ્ટોમ વિષે બ્રાહ્મણગ્રન્થ છે—'ब्रह्म वा अग्निष्टोमो ब्रह्मैव तदहर्ब्रह्मणैव ते ब्र ह्मोपयन्ति तेऽमृतत्वमाप्नुवन्ति य एतदहरुपयन्ति' (અગ્નિષ્ટોમ બ્રહ્મજ છે, તે દિવસ બ્રહ્મજ, બ્રહ્મથીજ તે બ્રહ્મ પામે છે, જે એ દિવસે કરવાનું કામ કરે છે તે અમૃતત્વ પ્રાપ્ત કરે છે) એમ. શું એ સર્વ પ્રવિધ્ય આદિ મન્ત્રો અને પ્રવર્ગ્ય આદિ કર્મો વિ દ્યાઓને વિષે ઉપસંહાર કરવા યુક્ત છે કે નહિ એ વિષે અમે વિચાર કરીએ છીએ ત્યારે પ્રથમ અમને શું લાગે છે? એનો વિદ્યાઓમાં ઉપસંહારજ છે એમ લાગે છે.

દર્શાવ્યો. હવે પ્રવર્ગ્ય આદિ કર્મોને પણ વિદ્યાસંનિધિ સરખો હોવાથી એ વિદ્યાનાં અંગ છે એમ આશંકાથી એ વિદ્યાને વિષે અનુપસંહારને માટે એમના અંગત્વનું નિરસન કરે છે—'वेधाद्यर्थभेदात्'. તે તે ઉપનિષદોના આરંભમાં તે તે મન્ત્રો ને તે તે કર્મો શ્રુતિમાં છે તે વિષય છે એમ કહેવાનો આરંભ કરે છે—'આથર્વણિકોની' ઇત્યાદિ. અભિચારદેવતાની અભિચારકર્તા પ્રાર્થના કરે છે—'सर्वं प्रविध्य' ઇત્યાદિ. હે દેવતે, મારા શત્રુનું સર્વ અંગ વિ દારણ કર, અને વિશેષે હૃદયને ભાંગી નાંખ, શિરાઓને વિભક્ત કરી તોડી નાંખ, અને તેના માથાને બન્ને તરફથી ફાડી નાખ. એ પ્રમાણે મારો શત્રુ બહુધા વિશ્લિષ્ટ-છિન્ન થાઓ એવો અર્થ છે. વિશ્વનો પ્રકાશક હોવાથી અને તેના પ્રસવોનો હેતુ હોવાથી આદિત્યને देव सवितः એમ સંબોધે છે. હે દેવ, સવિત, યજ્ઞ અને તેના પતિને ઉત્પન્ન કર-એવો અર્થ છે. ઉચ્ચૈઃ શ્રવાઃ—શ્વેત અશ્વ જેનો છે એવો ઇન્દ્ર, તુ હરિતમણિના જેવો નીલ છે એવો અર્થ છે. મિત્ર-આદિત્ય અમારો સુખકર થાઓ, વરુણ અમારો સુખકર થાઓ એવો અર્થ છે. અગ્નિષ્ટોમ બ્રહ્મજ છે, તે જે દિવસે કરાય છે તે પણ બ્રહ્મ છે; તેટલા માટે જેઓ એ દિવસે સાધ્યકર્મ કરે છે તેઓ બ્રહ્મરૂપ સાધન વડેજ બ્રહ્મ પામે છે; અને તેઓ ક્રમે અમૃતત્વ પ્રાપ્ત કરે છે એમ યોજના છે. મન્ત્ર આદિને તે તે ઉપનિષદ્ વિદ્યાના અંગ ગણવામાં પ્રમાણના ભાવ-અસ્તિત્વ ને અભાવથી સંશય કહે છે—'શું એ પ્રવિધ્ય આદિ મન્ત્રો' ઇત્યાદિ. પૂર્વપક્ષ કહે છે—'એનો વિદ્યાઓમાં ઉપસંહારજ છે' ઇત્યાદિ. ખરેખર, સર્વ શ્રુતિમાં કહેલી વિદ્યા સફલ છે; અને વિદ્યાના સં નિધિમાં મન્ત્ર અને કર્મ નમામ્નાત—શ્રુતિપ્રતિપાદિત છે. 'फलवत्संनिधावफलं तदङ्गम्' (ફલવત્‌ના સાંનિધ્યમાં ફલરહિત તેનું અંગ છે) એ ન્યાયથી કર્મો અને મન્ત્રો વિદ્યાનાં અંગ છે

१ घर्म इति पयःप्रक्षेपः महावीरम्। तस्मिन् कर्मविशेषे विषये सोऽयं प्रवर्ग्यः।

શાથી? વિદ્યા જેમાં પ્રધાન છે એવા ઉપનિષદ્મન્ત્રોની સમીપે પાઠ છે તેથી. પણ વિદ્યાનાં પ્રયોજન તરીકે એનું વિધાન અમે ઉપલબ્ધ કરતા નથી, ખરું છે; ઉપલબ્ધ કરતા નથી, તોપણ અમે અનુમાન કરીએ છીએ; સંનિધાના સામર્થ્યથી; કારણ કે સંનિધિનું પ્રયોજનવત્ત્વ સંભવે છતાં અકસ્માત્ એનો અનાશ્રય કરવો યુક્ત નથી.

એમ સમન્વય છે. પણ મન્ત્ર અને કર્મ વિદ્યાનાં અંગ થાય તેને વિષે પ્રમાણ નથી એમ શંકા કરે છે—'પણ વિદ્યાનાં પ્રયોજન તરીકે' ઇત્યાદિ. અહીં શ્રુતિ, લિંગ, વાક્ય, પ્રકરણ, સ્થાન, અને સમાખ્યામાંના વિનિયોજક પ્રમાણોમાંનું એક પણ ઉપલબ્ધ થતું નથી, તેમજ જેમ દર્શ અને પૂર્ણમાસનો આરંભ કરીને સમિધ્ આદિની શ્રુતિ છે તેમ કોઈ વિદ્યાનો આરંભ કરીને મન્ત્રો કે કર્મની શ્રુતિ નથી; ને સામાન્ય સમ્બન્ધ ન હોય તોપણ સંબન્ધી સાથે સંનિધિમાત્રથી તાદર્થ્યનો સંભવ નથી; તેમ સંયોગથી પરિપૂર્ણ એવી શ્રુતિપ્રતિપાદિત વિદ્યાને મન્ત્ર અને કર્મની આકાંક્ષા નથી તેથી મન્ત્ર અને કર્મ વિદ્યાના શેષ નથી એવો શંકાનો અભિપ્રાય છે. શંકાનું પૂર્વપક્ષી સમાધાન કરે છે—'ખરું છે, ઉપલબ્ધ કરતા નથી તોપણ' ઇત્યાદિ. ફલવતી અને પરિપૂર્ણ અંગવાળી વિદ્યાને આકાંક્ષા ન હો; પણ મન્ત્રો તો [1]સ્વાધ્યાયવિધિથી પુરુષાર્થભાવ પ્રાપ્ત કરે છે, અને પ્રવર્ગ્ય આદિ કર્મ સ્વવિધિથી પુરુષાર્થભાવ પ્રાપ્ત કરે છે તેથી મન્ત્રો અને કર્મને પુરુષના અભિલાષની આકાંક્ષા છે અને એ મન્ત્રો અને કર્મનો વિદ્યા સાથે સંનિધિ છે તેથી બેમાંથી એકની આકાંક્ષાને આધારે રક્તપટન્યાયથી સંબન્ધ છે. તેમાં પણ વિદ્યા તો ફલવતી હોવાથી ફલરહિત મન્ત્ર અને કર્મનું તાદર્થ્ય છે, મન્ત્ર અને કર્મ વિદ્યાઙ્ગ છે-વિદ્યાના શેષ છે. વિદ્યા નિરાકાંક્ષ છે તોપણ મન્ત્રાદિ ફલવાન્ થાય તેને માટે ફલવાન્ નિયોગની તેને આકાંક્ષા છે, માટે ફલવતી વિદ્યાના સંનિધિમાં હોવાથી તેના શેષ થવાથી ફલવાન્ થાય છે, તો અન્ય ફલની કલ્પના કરવી યુક્ત નથી; અને બેમાંથી એકની આકાંક્ષા થઈ એટલે વિદ્યાની આકાંક્ષા લઈને પ્રકરણ આદિનો આક્ષેપ કરવાથી મન્ત્રો અને કર્મ વિદ્યાના શેષ છે એવો સમાધાનનો આશય છે. નિરાકાંક્ષ એવી વિદ્યાના સંનિધિમાં પણ આમ્નાત મન્ત્ર અને કર્મ, સાકાંક્ષ પણ અનાકાંક્ષાથી સંબન્ધ પામવા સમર્થ ન હોવાથી, વિદ્યામાં પણ આકાંક્ષા ઉત્પન્ન કરે છે, અને આકાંક્ષા ઉત્પન્ન કરીને તેની સાથે એકવાક્યતા પામે છે. વળી અસમર્થ ઉપકારક થાય એ યુક્ત નથી, તેથી પ્રકરણ જેને છે એવી વિદ્યા પ્રતિ પોતાનું ઉપકારસામર્થ્ય કલ્પે છે. હવે સામર્થ્ય હોય તોપણ ત્યાં શ્રુતિથી અવિનિયુક્ત હોય તો સંબન્ધ પામવા યોગ્ય નથી, તેથી એ પરંપરાથી સંનિધિ અર્થાપત્તિથી શ્રુતિ કલ્પે છે. સંનિધિની અર્થવત્તાનું ખ્યાપક કહે છે—'કારણ કે સંનિધિનું પ્રયોજનવત્ત્વ' ઇત્યાદિ. ગોવિન્દાનન્દની ટીકા ઉપરથી આશ્રયિતુમ્ અને અનાશ્રયિતુમ્ એવા બે પાઠ એમના અનુવાદમાં છે એમ સમજાય છે. એવો કહે છે કે આ મન્ત્રાદિ ફલવતી વિદ્યાના શેષ છે એવો બોધ કરવો એ જ સંનિધિનું પ્રયોજનવત્ત્વ છે; ને તેનો સંભવ છતે 'અકસ્માત્'-અહેતુક તરીકે, અર્થાત્ પ્રયોજન રહિત સંનિધિનો આશ્રય કરવો યુક્ત નથી. ભામતીના પાઠમાં–'અનાશ્રયિતુમ્' એ પાઠમાં (જે પાઠાન્તરમાં લીધો છે તેમાં)–'અકસ્માત્' એટલે હેતુ વિના એ સંનિધિનો અનાદર કરવો યુક્ત નથી એવો અર્થ છે. મન્ત્રો એ અનુષ્ઠેયનો—જે અનુષ્ઠાન કરવા યોગ્ય છે તેનો—પ્રકાશ કરે છે અને વિદ્યાસમવેત અર્થનો પ્રકાશ કરવામાં તેમનું સામર્થ્ય નથી તેથી મન્ત્રો વિદ્યાશેષ

---

૧ વેદમન્ત્રોનું અધ્યયન કરો એ વિધિ તે

[illegible] છે; કારણ કે ‘[illegible]’ ([illegible]) [illegible]
[illegible] છે. [illegible]
[illegible] ઉપયોગ છે તેથી [illegible] નથી. [illegible]
[illegible] કારણ કે [illegible]
[illegible] નથી.
[illegible] નથી; કારણ કે [illegible]
[illegible] છે. [illegible]
[illegible] છે. [illegible] છે તેથી [illegible]
[illegible] પ્રમાણથી, [illegible] કેટલાક [illegible], કેટલાક [illegible]
[illegible] વિનિયુક્ત થયા છે [illegible]

[illegible] છે [illegible] છે. [illegible]
[illegible] છે. [illegible] છે તેથી [illegible]
[illegible] છે [illegible] છે. [illegible]
[illegible] છે—[illegible]
[illegible] છે. [illegible]
[illegible] છે—[illegible]
[illegible] છે. [illegible]
[illegible] છે તેથી—[illegible] છે

ઉપનિષદ્‌માં પડયા છે, તોપણ સંનિધિમાત્રથી તેઓ વિદ્યાના શેષ-અંગ થાય એ ઉપપન્ન થતું નથી; કારણ કે 'श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थानसमाख्यानां समवाये पारदौर्बल्यमर्थविप्रकर्षात्' [જૈ૦ સૂ૦ ૩।૩।૧૪] (શ્રુતિ, લિંગ, વાકય, પ્રકરણ, સ્થાન, અને

તેને વિષે કહે છે—'કારણ કે "श्रुतिलिङ्ग°"' ઇત્યાદિ. સ્વાર્થ કહેવાને માટે અન્ય પદની જેને અપેક્ષા નથી એવું પદ તે 'શ્રુતિ'. શ્રુતઅવગતશક્તિ તે 'લિંગ'. એકઠાં થઈ અર્થને કહેનાર પદોનો સમૂહ તે 'વાકય'. પ્રધાનવાક્ય જે અંગની ઉક્તિની આકાંક્ષાવાળું તે 'પ્રકરણ'. સમાનદેશત્વ તે 'સ્થાન'. યૌગિક શબ્દ તે 'સમાખ્યા'. શ્રુતિ ઇત્યાદિના 'સમવાયમાં'—બન્નેનો સમાન વિષય હોવાથી વિરોધ થયે, પરનું દૌર્બલ્ય છે; પૂર્વ પૂર્વથી પરપર દુર્બલ છે. શાથી? અર્થવિપ્રકર્ષથી—પોતાના અર્થની ઉક્તિ માટે પૂર્વ પૂર્વની અપેક્ષા હોવાથી ઉત્તર ઉત્તર વિલંબથી અર્થ કહે છે તેથી, પૂર્વના વ્યવધાનથી પર સ્વાર્થનો બોધ કરવામાં પ્રવૃત્ત થાય છે તેથી, વિનિયોગાખ્ય અર્થનો પૂર્વના કરતાં ઉત્તરથી વિલંબે બોધ થાય છે તેથી, એવો અર્થ છે. તાત્પર્ય આપ્રમાણે છેઃ—એકત્ર જેનો વિનિયોગ થયો છે તેનો, નિરાકાંક્ષ હોવાથી, અન્યત્ર વિનિયોગ વિરુદ્ધ છે; પણ વિનિયોગ કરાવનાર બે પ્રમાણો સમાન બળવાળાં હોય તો બેમાંથી એકમાં વિનિયોગનો ત્યાગ અયુક્ત હોવાથી અગતિથી આકાંક્ષા ઉત્પન્ન કરીને વિનિયુક્તનો વિનિયોગ સ્વીકારાય છે; જેમ 'खादिरो यूपो भवति' (ખદિરનો યૂપ થાય છે). 'खादिरं वीर्यकामस्य यूपं कुर्यात्' (વીર્ય ઇચ્છનારનો યૂપ ખદિરનો કરવો) એ બે વાક્યોથી ક્રતુને વિષે વિનિયુક્ત ખાદિરત્વનો વીર્યફળને વિષે વિનિયોગ થાય છે. પણ જ્યાં બે પ્રમાણો તુલ્ય ન હોય, ત્યાં વિનિયુક્તનો વિનિયોગ સ્વીકારાતો નથી; કેમકે પ્રબળ પ્રમાણથી દુર્બળના વિનિયોગનો બાધ થાય છે. જેમ 'कदाचन स्तरीरसि नेन्द्र सश्चसि दाशुषे' (હો ઇન્દ્ર, તું કદાચિત્ પણ ઘાતક થતો નથી; પરંતુ આહુતિ આપનાર યજમાન પર પ્રસન્ન થાય છે) એ ઐન્દ્રી ઋચની 'ऐन्द्या गार्हपत्यमुपतिष्ठते' ઐન્દ્ર મન્ત્ર વડે તે ગાર્હપત્યનું ઉપસ્થાન કરે છે) એમાં ઐન્દ્યા એ તૃતીયા વિભક્તિશ્રુતિ બાધક છે; કેમકે અન્યનિરપેક્ષ એવી તૃતીયાવિભક્તિશ્રુતિ, જે ગાર્હપત્યોપસ્થાનના શેષત્વનો બોધ કરે છે તે શ્રુતિ વડે, ઇન્દ્રનો પ્રકાશ કરવાનું જે સામર્થ્ય ('કદાચન' એ ઋચમાં) તે સામર્થ્યરૂપ લિંગથી પ્રાપ્ત થયલું ઇન્દ્રશેષત્વ બાધિત થાય છે; કારણ કે લિંગ સાક્ષાત્ શેષત્વનો બોધ કરતું નથી (શ્રુતિ જેમ કરે છે તેમ), પણ ઇન્દ્રપ્રકાશનમાત્ર કરે છે. ને લિંગથી 'આ મન્ત્ર વડે ઇન્દ્રનું ઉપસ્થાન કરવું' એવી શ્રુતિ કલ્પવી અને તે શ્રુતિથી શેષત્વનો બોધ થાય છે. એ પ્રમાણે શ્રુતિના વ્યવધાનથી શેષત્વબોધક લિંગ, સાક્ષાત્ સ્વાર્થબોધક શ્રુતિથી બાધિત થાય છે. 'ऐन्द्या गार्हपत्यमुपतिष्ठते' અહિં લિંગથી ઇન્દ્રપ્રકાશનને વિષે વિનિયોગ સમજવો કે શ્રુતિથી ગાર્હપત્યને વિષે. તેમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે લિંગથી શ્રુતિ અધિક બળવાન્ હોવાથી ગાર્હપત્યોપસ્થાનને વિષે પ્રત્યક્ષશ્રુતિથી મન્ત્રનો વિનિયોગ છે એવો અર્થ છે. લિંગથી વાક્યનો બાધ આ પ્રમાણે થાય છે—'स्योनं ते सदनं करोमि घृतस्य धारया सुशेवं कल्पयामि', 'तस्मिन् सीदामृते प्रतितिष्ठ व्रीहीणां मेध सुमनस्यमानः' (હે પુરોડાશ, તારૂં સમીચીન—સુખસાધનભૂત સ્થાન કરૂં છું, અને તે સ્થાન ઘીની ધારાથી સુસેવ્ય સાધક-બરાબર રહેવા લાયક કલ્પું છું. હો વ્રીહિસારભૂત, તું સમાહિત મનવાળો થઈ તે સમીચીન સ્થાનને વિષે બેસ, તેને વિષે સ્થિર થા) એ બે મન્ત્રભાગોનો પ્રત્યેકનો સદનકરણમં—સ્થાન કરવામાં ને પુરોડાશાસાદનમ—પુરોડાશને બેસાડવામાં, તેનો પ્રકાશ કરવામાં સામર્થ્યરૂપ લિંગ વડે શ્રુતિદ્વારા, વિનિયોગ થયે, પ્રતીત થતા એકવાક્યત્વનો બાધ થાય છે; કારણ કે આદ્ય મન્ત્રમાં સદનકરણ એ પ્રકાશ કરવાનું સામર્થ્ય અને પુરોડાશાસાદન એ પ્રકાશ કરવાનું સામર્થ્ય

[illegible]

સંનિધિ દુર્બલ છે એમ પ્રથમ તન્ત્રમાં કહ્યું છે, તેમજ પ્રવર્ગ્ય આદિ કર્મો અન્યત્ર વિનિયુક્ત છે તે વિદ્યાના શેષ થાય એ યુક્ત નથી; કારણ કે એનો વિદ્યાઓ સાથે કંઈ એક અર્થ નથી. વાજપેયમાં તો બૃહસ્પતિસવનો અન્ય વિનિયોગ સ્પષ્ટ છે—'वाजपेयेनेष्ट्वा बृहस्पतिसवेन यजेत' (વાજપેય યજ્ઞ કરીને, બૃહસ્પતિસવ કરવો) એમ. વળી આ એક પ્રવર્ગ્ય કર્મ એક વાર ઉત્પન્ન થયલું વિશેષ બળવાન્ પ્રમાણથી એકત્ર વિનિયુક્ત થયું એટલે દુર્બલ પ્રમાણથી અન્યત્ર પણ તેનો વિનિયોગ યુક્ત નથી; કારણ કે બે પ્રમાણોમાં વિરોધ સમજાય નહિ તો એમ થાય; પણ બલવાન્ અને અબલવાન્ એવાં બે પ્રમાણોમાં વિરોધ સમજાય નહિ એમ સંભવતું નથી; કેમકે બલવત્ત્વ અને અબલવત્ત્વ એ વિરોધ હેજ. તેટલા માટે એ પ્રકારના મન્ત્રો કે કર્મો સંનિધિમાત્રથી વિદ્યાના શેષ થાય એમ આશંકા કરવી યુક્ત નથી; અરણ્યને વિષે તેમનું અનુવચન આદિ સમાન ધર્મ હોવાથી સંનિધિમાં પાઠ છે એમ સંતોષ માનવો યુક્ત છે ॥ ૨૫ ॥

ષ્ઠાન સંનિધિ સાંનાય્યસ્થળે કલૃપ્ત છે. પૌરોડાશપાત્રશોધનના અનુષ્ઠાનનું સમાનદેશત્વ તો કલ્પનીય છે. વળી शुन्धध्वम् એ મન્ત્ર વિશેષે સાંનાય્યસંબન્ધી શોધનનું અંગ છે એમ સંનિધિથી સમન્વય છે. સમાખ્યાથી તો કાણ્ડ પૌરોડાશિક કહેવાય છે એમ પ્રથમ સમન્વય છે, તે કાણ્ડની અંદર આવવાથી મન્ત્રનું પૌરોડાશિકત્વ મન્દ રીતે ઉતરે છે. એટલા માટે શીઘ્ર જેની પ્રવૃત્તિ થાય છે એવા સંનિધિથી પ્રથમ પરિચ્છિન્ન થયલા વિનિયોગમાં મન્ત્રને પ્રયોજનની આકાંક્ષા જતી રહી છે, તેથી સમાખ્યા વિનિયોજક નથી. આ પ્રમાણે વિરોધ થયે શ્રુતિ બાધિકાજ છે અને સમાખ્યા બાધ્યજ છે. વચમાંના ચારમાં પૂર્વપૂર્વની અપેક્ષાએ બાધ્યત્વ છે અને ઉત્તરોત્તરની અપેક્ષાએ બાધકતા છે એમ ઉભયથાત્વ છે. તેટલા માટે લિઙ્ગાદિથી અન્યત્ર વિનિયુક્ત થયલા મન્ત્રોનો દુર્બલ સંનિધિથી વિદ્યાઓને વિષે વિનિયોગ નથી એમ સિદ્ધ થયું. મન્ત્રોનું વિદ્યાશેષત્વ નિરસન કરીને પ્રવર્ગ્ય આદિ કર્મોનું વિદ્યાશેષત્વ નિરસન કરે છે—'તેમજ પ્રવર્ગ્ય આદિ કર્મો' ઇત્યાદિ. કર્મો વિદ્યાઓનાં ઉપકારક થાય અને તે વિદ્યાઓની-સાથે એકફળ થાય તેને માટે કંઈ પ્રમાણ નથી એવો અર્થ છે. પણ ત્યારે વેધ આદિ વાક્યોનો ઉપનિષદો સાથે પાઠ છે તેની શી ગતિ તે કહે છે—'અરણ્યને વિષે તેમનું અનુવચન' ઇત્યાદિ. તેટલા માટે વેધાદિ મન્ત્ર અને કર્મોનો વિદ્યાઓને વિષે અનુપસંહાર છે એમ સિદ્ધ થયું ॥ ૨૫ ॥

ત્યજે છે, તેના પ્રિય બન્ધુઓ સુકૃત અને અપ્રિયો દુષ્કૃત પ્રાપ્ત કરે છે) એમ. તેમાં અહિં ક્વચિત્ સુકૃત અને દુષ્કૃતના ત્યાગની શ્રુતિ છે, ક્વચિત્ તે બેનાજ, વિભાગે પ્રિય અને અપ્રિય પુરુષોથી ગ્રહણનું શ્રવણ છે; ક્વચિત્ તો બંને ત્યાગ અને ગ્રહણનું શ્રવણ છે. તેમાં જ્યાં ઉભયની શ્રુતિ છે તેમાં કંઈ વક્તવ્ય નથી. જ્યાં પણ ગ્રહણનીજ શ્રુતિ છે, ત્યાગની નથી, ત્યાં પણ ત્યાગ અર્થથીજ આવે છે; કેમકે અન્યોથી પોતાનાં સુકૃત અને દુષ્કૃત ગ્રહણ કરાય તેમાં તેનો ત્યાગ આવશ્યક છે. પણ જ્યાં ત્યાગનીજ શ્રુતિ છે, ગ્રહણની નહિ. ત્યાં ગ્રહણ આવે કે નહિ એમ સંશય થયે, શ્રવણ નથી તેથી આવે નહિ એમ પ્રાપ્ત થાય છે; અને અન્ય શાખામાં શ્રુતિ છે તે અન્ય વિદ્યા વિષે છે. વળી સુકૃત ને દુષ્કૃતનો ત્યાગ આત્મકર્તૃક છે, અને ગ્રહણ પરકર્તૃક છે; અને તે બેનો આવશ્યકભાવ ન હોય તો ત્યાગથી

કૃત—સિદ્ધ, અપૂર્વ પુણ્યોપચયથી સાધ્ય નહિ, એવો છે આત્મા જેનો, એવો કૃતાત્મા [illegible] સુકૃત-દુષ્કૃત પ્રક્ષાલક લોક પ્રત્યક્ તરીકે પ્રાપ્ત કરું છું એવો અર્થ છે. 'તથા વિદ્વાન્' ઇત્યાદિ. જેમ નદીઓ સમુદ્રને પ્રાપ્ત કરી નામ અને રૂપનો ત્યાગ કરે છે તેમ [illegible] સંબન્ધ છે. 'तस्य पुत्राः' ઇત્યાદિ. 'तस्य' = એના, વિદ્વાનના. 'दायम्' = ધન. 'सुकृतदुष्कृते' ઇત્યાદિ. 'तत्' = તે વિદ્યાબળથી. તે વિદ્યાબળથી વિદ્વાન્ સુકૃત અને દુષ્કૃતનું વિધૂનન—નિરસન કરે છે, તજે છે એવો અર્થ છે. 'તેમાં' = તે શ્રુતમાં. 'અહિં'—ઉદાહૃત વાક્યોમાં. 'ક્વચિત્' = તાણ્ડીઓ અને શાટ્યાયનિઓની શ્રુતિમાં. 'ક્વચિત્ તે બેનાજ'—'ક્વચિત્' = શાટ્યાયનિ શ્રુતિમાં. 'ક્વચિત્ તો બંને' [illegible] 'ક્વચિત્' = [illegible]. તેમાં કૌષીતકિ શ્રુતિ વિચારયોગ્ય નથી, એનો વિચાર કરવાનો નથી એમ કહે છે—'તેમાં જ્યાં ઉભયની શ્રુતિ છે' ઇત્યાદિ. શાટ્યાયનિ શ્રુતિને પણ વિચારની અપેક્ષા નથી એમ કહે છે—'જ્યાં પણ ગ્રહણનીજ શ્રુતિ છે' ઇત્યાદિ. [illegible] 'અન્યોથી પોતાનાં સુકૃત અને દુષ્કૃત' ઇત્યાદિ. 'ઉપાયન' એટલે ગ્રહણ [illegible] છે—[illegible] અર્થથી પ્રાપ્ત થાય છે. પણ જ્યાં ત્યાગનીજ શ્રુતિ છે, ઉપાયનની શ્રુતિ નથી, [illegible] છે કે નહિ એમ સંશય [illegible] છે. [illegible] સંશય કહે છે—'પણ જ્યાં ત્યાગનીજ શ્રુતિ છે' ઇત્યાદિ. [illegible] સિદ્ધિ [illegible] છે [illegible] કરે છે—'વળી સુકૃત ને દુ-

ણમે અન્ય અર્થવાદની પ્રવૃત્તિ 'एकविंशो वा इतोऽसावादित्यः' [છાન્દોગ્ય (૨·૧૦·૫)]
આ લોકથી એ આદિત્ય એકવીસમો છે) ઇત્યાદિમાં પ્રસિદ્ધ છે; કેમકે 'द्वादश
साः पञ्चर्तवस्त्रय इमे लोका असावादित्य एकविंशः' (બાર માસ, પાંચ ઋતુઓ,
ણ લોક, આ આદિત્ય એકવીસમો છે) એ અન્ય અર્થવાદની અપેક્ષા ન
તો અહિં આદિત્ય એકવીસમો છે એમ શી રીતે કહેવાય! તેમજ 'त्रिष्टुभौ
ः सेन्द्रियत्वाय' (બે ત્રિષ્ટુભ્ સેન્દ્રિયત્વ માટે થાય છે) ઇત્યાદિ વાક્યોમાં 'इ-
ं वै त्रिष्टुप्' (ઇન્દ્રિય, ખરેખર, ત્રિષ્ટુભ્ છે) ઇત્યાદિ અર્થવાદની અપેક્ષા દેખાય
મજ આ પ્રાતિવાદ વચનની સ્તુતિને અર્થે છે તેથી એકનાં સુકૃતદુષ્કૃત બીજા-

ત્રેદ્ગુણની અનુવૃત્તિ માને છે.' 'માને છે' એટલે સૂત્રકાર માને છે એમ સમજવું. પણ
અર્થવાદને વિષે સાથે સંબન્ધ પ્રસિદ્ધ છે, અન્ય અર્થવાદ સાથે નથી તેથી કહે છે—'વળી
એક અર્થવાદની અપેક્ષાએ' ઇત્યાદિ. 'इतः' = અહીંથી, પૃથિવીરૂપ લોકથી. તેમાં પણ
અન્ય અર્થવાદની શી રીતે અપેક્ષા છે તેને માટે કહે છે—'કેમકે 'द्वादश मासाः'' ઇ-
ત્યાદિ. હેમન્ત અને શિશિરને એક ઋતુરૂપે પાંચ ઋતુઓ છે. 'અહિં' = પ્રકૃત અર્થ-
વાક્યમાં શ્રુતિમાં કહ્યું ન હોય તે પણ અન્ય શ્રુતિને અનુસારે ગ્રાહ્ય છે એને વિષે દૃષ્ટાન્ત કહે
છે—'તેમજ 'त्रिष्टुभौ भवतः'' ઇત્યાદિ. વચનની પુરોવાદરૂપ કલ્પના છે તેને વિષે સેન્દ્ર-
ત્વને માટે બે ત્રિષ્ટુભ્ છન્દ છે એમ મહૃત્વાર્થવાક્યમાં કહ્યું છે. તેમાં ત્રિષ્ટુભ્ છન્દોમાત્ર છે.
વાથી તેની ઇન્દ્રિયત્વ તરીકે કલ્પના શી રીતે એમ આકાંક્ષા થયે 'इन्द्रियं वै त्रिष्टुप्' એ
શ્રુત્યંતરનો સંવાદ રૂપ છે એવો અર્થ છે. પણ અન્ય શ્રુતિમાં કહેલું પણ ઉપાયન હાનને
વિષે ઉપસંહાર કરવા યુક્ત નથી; કેમકે એના સુકૃત અને દુષ્કૃતનું અન્યે ગ્રહણ કરવું અશક્ય
છે. તેને વિષે કહે છે—'તેમજ આ પ્રાતિવાદ' ઇત્યાદિ. જો એવું સુકૃત ને દુષ્કૃત
અન્યને પણ ફળ આપે છે, જેમકે પુત્રે કરેલું શ્રાદ્ધકર્મ પિતાને તૃપ્તિ આપે છે, પિતાએ કરેલી
વિચાર દૃષ્ટિ પુત્રને તૃપ્તિ આપે છે, અને નારીનું સુરાપાન ભર્તાને નરક મેળવે છે. તોપણ
એનાં સુકૃતદુષ્કૃત બીજામાં સાક્ષાત્ સમજવાં નથી એ આશયથી શંકા છે. ફળની પ્રાપ્તિથી
સ્તુતિ છે એવો શંકાનો પરિહાર છે. અમૂર્ત પુણ્ય અને પાપના ઉપાદાનનો અસંભવ છે તેથી
અનુપસંહાર છે એવી શંકા છે. સુકૃત અને દુષ્કૃત વિકલ્પિત હોય ત્યારે તેમનું ફળ બીજાઓ
પ્રાપ્ત કરે છે, વિદ્વાનના સામર્થ્યથી એમ 'उपपत्ति' (કૌષીતકિબ્રાહ્મણમાં ને શાટ્યાયનિબ્રાહ્મણમાં
છે તે) પદનો અર્થ છે. વિદ્વાનઃ સામર્થ્યથી સુકૃતદુષ્કૃતનાં ફળનો અન્યત્ર સંચાર કહ્યો છે
અને તેથી વિદ્યાની સ્તુતિ ઇષ્ટ છે માટે અત્યન્ત અભિનિવેશ માટે અવકાશ નથી. શંકા એવી
છે કે અન્યનિષ્ઠ કર્મોનો અન્યત્ર ફળસંચાર કેવી રીતે! વચનબળથી એમ કહેશો તો તે પણ
યુક્ત નથી; કેમકે 'फलमुपपत्ति'–તેનો ફળ પ્રાપ્ત કરે છે એવી શ્રુતિ નથી. તેમજ પુત્ર-
કૃત શ્રાદ્ધનું ફળ પિતૃને વિષે થાય છે તેમ અહિં છે એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે એના
પિતાને ઉદ્દેશીને જે કર્મનું વિધાન છે તેનું તે ફળ છે એ ન્યાયથી પિતૃઓની તૃપ્તિને ઉદ્દેશીને
કર્મ કરેલું છે તેનું ફળ અધિકારનું છે (કર્મ અને ફળનું અધિકરણ–સ્થાન એક નથી, કર્મ
કરે છે ને ફળ બીજાને થાય છે), તોપણ વિદ્વાને કર્મકાળમાં ફળને ઉદ્દેશીને કરેલું નહિ
ના કર્મનું અનુદ્દિષ્ટ, અધિકરણ ફળ યુક્ત નથી. તેમજ વિદ્વાનને દેહપાતસમયે કર્મનો અભાવ
તેથી વિદ્વત્સેવક કે વિદ્વદ્દ્વેષીને જ્યાં સુધી વિદ્વાન જીવે ત્યાંસુધી ફળ થાય એવી કહે છે—

નશબ્દશેષત્વાત્' (ગ્રહણશબ્દનો શેષ છે તેથી) એમાં શબ્દ શબ્દ ઉચ્ચારી ભા-
ષ્યકાર સૂચવે છે કે ત્યાગને વિષે ગ્રહણની અનુવૃત્તિ સ્તુતિને અર્થેજ છે; કારણ
કે ગુણોના ઉપસંહારની વિવક્ષા હોય તો 'ઉપાયન એના અર્થનીજ ત્યાગને વિષે
અનુવૃત્તિ કહેત. તેટલા માટે ગુણોપસંહારના વિચારને પ્રસંગે સ્તુતિના ઉપસંહારનું
પ્રદર્શન કરવા માટે આ સૂત્ર છે. 'कुशाछन्दस्तुत्युपगानवत्' (કુશા, છન્દ, સ્તુતિ,
અને ઉપગાનની પેઠે) એ ઉપમાનું ગ્રહણ છે. તે આ પ્રમાણે. 'कुशा वानस्पत्याः
स्थ ता मा पात' (ભો કુશા, વનસ્પતિમાંથી ઉત્પન્ન થયલી છો, તે તમે મારૂં રક્ષણ
કરો) આ ભાલ્લવીઓના નિગમમાં કુશા અવિશેષે વનસ્પતિમાંથી ઉત્પન્ન થાય છે
એવી શ્રુતિમાં, શાટ્યાયનીઓનું 'औदुम्बराः' (ઉદુંબરમાંથી ઉત્પન્ન થાય છે) એવું
વિશેષ શ્રવણ હોવાથી, ઔદુંબરી-ઉદુંબરમાંથી ઉત્પન્ન થતી કુશાઓનો આશ્રય ક-
રાય છે. વળી જેમ દેવચ્છન્દ અને અસુરચ્છન્દનો અવિશેષે પૌર્વાપર્યપ્રસંગ થયે

અત્યન્ત અભિનિવેશ કરવો યુક્ત નથી'. વિદ્વત્સેવાથી અને વિદ્વદ્દ્વેષથી વિદ્વજ્જિષ્ઠપુણ્ય-
તુલ્ય અને વિદ્વજ્જિષ્ઠપાપતુલ્ય પુણ્ય અને પાપ, સેવક અને દ્વેષીમાં ઉત્પન્ન થાય છે; અને ઉત્પન્ન
થાય છે તેનો ફળથી સ્વીકાર તે ઉપાયન એમ પરિહાર સુલભ છે, માટે મિથ્યા તર્કનો અવકાશ
નથી. હવે ઉપાયન આદિ સ્તુતિ છે એને માટે લિંગ કહે છે—'उपायनशब्दशेषत्वात्'
ઇત્યાદિ. 'ઉપાયન એના અર્થનીજ'—એ શબ્દથી સુકૃત આદિ ફળનું ઉપાયન સમ-
જવું; સુકૃત આદિ સ્વરૂપેજ પ્રાપ્ત થતું નથી, પણ ફળથી પ્રાપ્ત થાય છે; સુકૃત
આદિની ફળતઃ પ્રાપ્તિ ઇષ્ટ છે. ફળના ઉપસંહાર વિના અર્થનો ઉપસંહાર અભીષ્ટ હોય
તો 'उपायनशेषत्वात्' એમ થાત; પણ સૂત્રકારે 'उपायनशब्दशेषत्वात्' એમ કર્યું છે
તેથી સૂત્રકાર અર્થનો ઉપસંહાર ઇચ્છતા નથી. ઉપાયનનીજ વિવક્ષા હોત તો સૂત્રકાર ઉપા-
યનનોજ ઉપસંહાર કહેત; પણ ઉપાયનશબ્દનો ઉપસંહાર કહે છે તેથી સ્તુતિ સૂચવે છે એવો
અર્થ છે. પણ વિદ્યાનો વિચાર જે પાદમાં છે તેમાં સ્તુતિના વિચારની સગતિ કેવી રીતે
તેને માટે કહે છે—'તેટલા માટે ગુણોપસંહારના વિચારને પ્રસંગે' ઇત્યાદિ. વિદ્યાગુણોપ-
સંહારને પ્રસગે સ્તુતિગુણોપસંહાર વિચાર્યો છે. તેનું પ્રયોજન ઉપાસકને વિષે સૌહાર્દ આચરવું,
અસૌહાર્દ નહિ એ છે. એક શાખામાં રહેલો વિશેષ અન્ય શાખામાં પણ ગ્રાહ્ય છે એને માટે
દૃષ્ટાન્ત કહે છે—'कुशाछन्द' ' ઇત્યાદિ. 'કુશા' = સ્તોત્રની સંખ્યા ગણવા માટે ઉદ્ગાતા-
ઓની લાકડાની બનેલી શલાકા. ભો કુશા, તમે વાનસ્પત્ય છો—વનસ્થ મહાવૃક્ષ તે વનસ્પતિ,
તેમાંથી ઉત્પન્ન થઇ છો, એવી તમે મારૂં રક્ષણ કરો એમ યજમાન પ્રાર્થના કરે છે. એ મન્ત્રમાં
તાઃ એ સ્ત્રીલિંગનો નિર્દેશ છે તેથી, અને 'ઔદુમ્બરી' એમ ભાષ્યકારનો પ્રયોગ છે તેથી
શલાકાના અર્થમાં કુશશબ્દ સ્ત્રીલિંગનો છે, દર્ભના અર્થમાં તો સ્ત્રીલિંગનો નથી; કેમકે 'अस्त्री
कुशम्' (કુશ-એ શબ્દ સ્ત્રીલિંગનો નથી) એવું અનુશાસન છે. 'औदुम्बराः' એ શ્રુતિથી
પણ દર્ભના અર્થમાં 'કુશ' શબ્દ પુંલ્લિંગ છે. 'औदुम्बरी' એવું ભાષ્ય છે તેથી શંકુના-
શલાકાના અર્થમાં કુશશબ્દ સ્ત્રીલિંગનો પણ છે. છન્દોનું દૃષ્ટાન્ત કહે છે—'વળી જેમ દેવ-
ચ્છન્દ' ઇત્યાદિ. દેવચ્છન્દ અને અસુરચ્છન્દ એટલે દેવપ્રકાશક મન્ત્રવિશેષ અને અસુરપ્રકા-

1 ઉપાયન એના અર્થનીજ = સુકૃત આદિના સ્વરૂપની પ્રાપ્તિ. ખરેખર સુકૃત આદિ પ્રાપ્ત કરવું
ને, ફળથી પ્રાપ્ત કરવું એ નહિ.

'દૈવચ્છન્દાંસિ પૂર્વાણિ' (દેવછન્દો પૂર્વ છે) એમ પૈંગીઓની શ્રુતિથી પ્રતીત થાય છે. તેમજ વળી ષોડશીના સ્તોત્રને વિષે કેટલાકને કાલવિશેષ પ્રાપ્ત નથી તેમાં 'સમયાધ્યુષિતે સૂર્યે' (સૂર્ય સમીપ અધ્યુષિત હોય ત્યારે—સૂર્યના ઉદયના સંનિધમાં) એમ 'આર્ચની શ્રુતિ છે તેથી કાલવિશેષની પ્રતિપત્તિ થાય છે. વળી જેમ કેટલાક ઉપગાનની અવિશેષે શ્રુતિ કહે છે અને ભાલ્લવીઓ વિશેષે કહે છે. જેમ એ દૃષ્ટાંત આદિને વિષે અન્ય શ્રુતિમાં રહેલા વિશેષ સાથે અન્વય છે, તેમ ત્યાગને વિષે પણ ગ્રહણનો અન્વય છે એવો અર્થ છે; કેમકે એક શ્રુતિમાં કહેલા વિશેષને

[illegible] મન્ત્રવિશેષ. નવ અક્ષરવાળા છન્દો તે આસુર છન્દો અને અન્ય છન્દો દેવ છન્દો. '[illegible]વિચ્છન્દોભિઃ સ્તુવતે' (કદાચિત્ છન્દો વડે તેઓ સ્તવન કરે છે) એમ અવિશેષે [illegible] છન્દની પ્રાપ્તિ હવે પૈંગિશાખાથી—'દૈવચ્છન્દાંસિ પૂર્વાણિ' એ [illegible] છે એવો અર્થ છે. સ્તુતિનું વિવરણ કરે છે—'તેમજ વળી ષોડશીના સ્તોત્રને વિષે' ઇત્યાદિ. અતિરાત્રમાં ષોડશી એવું જે પાત્રવિશેષ તેનું ગ્રહણ [illegible] સંબદ્ધ જે સ્તોત્ર તે કરે [illegible] એમ કેટલાકોને—છન્દોગોને [illegible] કાલનો અવિશેષ પ્રાપ્ત થયે 'સમયાધ્યુષિતે સૂર્યે'—સૂર્ય સમીપમાં [illegible] ઉદયસંનિધિમાં ષોડશિસ્તોત્ર ગાવું એમ વિશેષ પ્રાપ્તિ આર્ચશ્રુતિથી થાય છે [illegible] ષોડશીના ગ્રહણનું સંબદ્ધ સ્તોત્ર [illegible] વિષે સૂર્યમંડળ અર્ધપ્રવિષ્ટ હોય ત્યારે ષોડશસ્તોત્ર ગાવું એમ છન્દોગો [illegible] 'આર્ચ' [illegible] ઇત્યાદિ. 'ઋત્વિજ ઉપગાયન્તિ'—ઋત્વિજો ઉપગાન કરે છે—[illegible] 'નાધ્વર્યુરુપગાયતિ'—અધ્વર્યુ ઉપગાન કરતો નથી [illegible] ઉપગાન કરે છે એમ વિશેષનું ગ્રહણ થાય છે એવો અર્થ છે [illegible] એક શ્રુતિમાં કહેલા વિશેષને' ઇત્યાદિ [illegible] 'નાધ્વર્યુરુપગાયતિ' [illegible] 'ઋત્વિજ ઉપગાયન્તિ' (ઋત્વિજો ઉપગાન કરે છે) 'નાધ્વર્યુરુપગાયતિ' (અધ્વર્યુ ઉપગાન કરતો નથી) એમ [illegible] 'નાધ્વર્યુરુપગાયતિ ઓપગાયતિ વા' (અધ્વર્યુ ઉપગાન કરે છે [illegible]) [illegible]

[illegible]

[illegible]

અન્ય શ્રુતિમાં ન સ્વીકારનારને સર્વત્રજ વિકલ્પ થાય અને 'ગતિ હોય તો—ચાલે એવું હોય ત્યાં—તે અન્યાય્ય છે. તેટલા માટે દ્વાદશ અધ્યાયવાળી પૂર્વમીમાંસામાં કહ્યું છે કે 'अपि तु वाक्यशेषत्वादितरपर्युदासः स्यात् प्रतिषेधे विकल्पः स्यात्' [પૂર્વમી૦ ૧૦।૮।૧૫] (दीक्षितो न ददाति न जुहोति न पचति '—દીક્ષિત દાન કરતો નથી, હોમ કરતો નથી, રાંધતો નથી—એમ જ્યોતિષ્ટોમમાં શ્રુતિ છે તેમાં 'अहरहर्दद्यात्'—દરરોજ તેણે દાન કરવું-એ વાક્યને 'दीक्षितो न ददाति' એ શેષ હોવાથી ઇતરનો પર્યુદાસ છે; કેમકે પર્યુદાસ ન હોય તો પ્રતિષેધમાં વિકલ્પ થાય તે

(૪) સ્વીકૃત અપ્રામાણ્યનો ત્યાગ થાય છે (૨ માં અપ્રામાણ્ય સ્વીકારાયું છે તે તજાય છે); આ પ્રમાણે એક યવવાક્યમાં ચાર દોષો આવે છે; એજ પ્રમાણે વ્રીહિવાક્યમાં પણ ચાર દોષ આવે છે. આ પ્રમાણે પ્રાપ્તત્યાગ, અપ્રાપ્તાશ્રયણ, ત્યક્તસ્વીકાર, અને ઉપાત્તત્યાગ એ ચાર દોષ દરેક વાક્યમાં આવે છે; તોપણ બને વાક્યો તુલ્યબળવાળાં છે, અને અન્ય ગતિનો અભાવ છે તેથી, વ્રીહિવાક્ય અને યવવાક્યનો વિકલ્પ અંગીકાર્યો છે. અહિં તો ગતિ છે, માટે વિકલ્પનો આશ્રય કરવો યુક્ત નથી. એક વાક્યને અન્ય વાક્યના શેષ તરીકે લેવું એ અહિં તો ગતિ છે, માટે વિકલ્પ યુક્ત નથી. એમ દુષ્ટ વિકલ્પના પરિહારને માટે ભિન્ન શાખાઓની બે શ્રુતિઓ છે તેની પણ એકવાક્યતા જૈમિનિને સમત છે એમ કહે છે—'તેટલા માટે દ્વાદશ અધ્યાયવાળી પૂર્વમીમાંસામાં કહ્યું છે' ઇત્યાદિ. જ્યોતિષ્ટોમપ્રકરણમાં 'दीक्षितो न जुहोति' (દીક્ષિત હોમ કરતો નથી) એવી શ્રુતિ છે; વળી 'यावज्जीवमग्निहोत्रं जुहुयात्' (જીવે ત્યાંસુધી અગ્નિહોત્ર કરવું) એ બીજી શ્રુતિ છે. ત્યારે હવે જો 'दीक्षितो न जुहोति' એ નદીક્ષિતવાક્ય હોમપ્રતિષેધક થાય તો ક્રત્વર્થક છે તેથી નિષેધ અનુષ્ઠેય છે (दीक्षितो न जुहोति એ નિષેધ ક્રત્વર્થક છે તે), કે યાવજ્જીવવિધિથી (यावज्जीवमग्निहोत्रं जुहुयात्-એ જીવનપર્યન્ત વિધિથી) હોમ અનુષ્ઠેય થાય એમ વિકલ્પ થાય અને તે વિકલ્પ અન્યાય્ય છે. પણ યાવજ્જીવવાક્ય પ્રતિ નદીક્ષિતવાક્ય શેષ હોવાથી, નકાર ઇતરપર્યુદાસાર્થક છે (દીક્ષિત સિવાય અન્યનો પર્યુદાસ નિષેધ કરે છે) તેથી નકાર દીક્ષિતથી અન્યનો વાચક છે, હોમનો પ્રતિષેધક નથી, તેટલા માટે अदीक्षितो यावज्जीवं जुहुयात् (અદીક્ષિતે યાવજ્જીવ હોમ કરવો) એમ એકવાક્યતા છે એમ નદીક્ષિતાધિકરણમાંના સિદ્ધાન્તસૂત્રનો અર્થ છે. અહિં ભગવત્પાદ શ્રીમચ્છંકરાચાર્યપાદે સૂત્રજ પડ્યું છે. કેટલાક ટીકાકારોએ તો પર્યુદાસાધિકરણમાં સિદ્ધાન્તસૂત્ર આ છે—'अपि तु वाक्यशेषः स्यादन्याय्यत्वाद्विकल्पस्य विधीनामेकदेशः स्यात्' એ સૂત્રને અહિં ભાષ્યકારે અથવી પડ્યું છે એમ કહે છે. ટીકાકારોનું આ વચન ચિન્ત્ય છે. સૂત્રાર્થ તો 'येयजामहे' એનો યજમાત્રમાં પ્રયોગ કરવો એવી શ્રુતિ છે. તેમજ 'नानुयाजेषु येयजामहं करोति' (અનુયાજમાં येयजामहे પડાતો નથી) એવી પણ શ્રુતિ છે. તેમાં નકાર નિષેધક છે. તોપણ અતિરાત્રમાં ષોડશીના ગ્રહણ ને અગ્રહણની પેઠે અનુયાજોમાં પણ યજનની અવિહિત છે તેથી તેમાં 'येयजामहे' જેનો યજમાત્રમાં પ્રયોગ કરવાનો છે તેનો પ્રયોગ કરવો, અને 'नानुयाजेषु' ઇત્યાદિ નિષેધ છે તેથી તેનો પ્રયોગ ન કરવો એમ વિકલ્પ થાય; પણ ષોડશીનું ગ્રહણ અને અગ્રહણ એ વિકલ્પ તો અગતિથી છે; પ્રકૃતમાં તો પર્યુદાસથી ઉપપત્તિ છે. તેટલા માટે येयजामहे વિધિનોજ नानुयाज વાક્ય એકદેશ થાય એ ન્યાય્ય છે; અને પર્યુદાસશ્રુતિથી વિધિવાક્યનો નિષેધવાક્ય શેષ છે. તેથી અનુયાજભિન્ન યાગોમાં येयजामहे

૧ ભાષ્ય.

અન્યાય્ય છે). અથવા એજ વિધૂનનશ્રુતિઓમાં એ સૂત્રથી આ વિચારનું યુક્ત છે, કે શું એ વિધૂનનવચનથી સુકૃત અને દુષ્કૃતના ત્યાગનું અભિધાન થાય છે કે ¹અન્ય અર્થનું; અને તેમાં આમ પ્રાપ્ત કરાવવું—પૂર્વપક્ષ કરાવવો. વિધૂનન ત્યાગનું અભિધાન કરતું નથી; કેમકે 'ધૂઞ્ કમ્પને' (ધૂઞ્-ધૂધાતુ કંપવાના અર્થમાં છે) એમ સ્મરણ છે; અને 'દોધૂયન્તે ધ્વજાગ્રાણિ' (ધ્વજાના અગ્ર ભાગો વારંવાર કંપે છે) એમ ધ્વજાગ્ર વાયુથી ચાલ્યમાન થાય ત્યારે પ્રયોગ જોવામાં આવે છે. તેટલા માટે વિધૂનન ચાલનનું અભિધાન કરે છે; અને સુકૃત અને દુષ્કૃતનું ચાલન તો કેટલોક વખત ફળના પ્રતિબન્ધનથી. આમ પૂર્વપક્ષ કરાવી તેનું નિરાકરણ કરવું—કે એ વિધૂનનશબ્દની વૃત્તિ ત્યાગને વિષેજ યુક્ત છે; કેમકે એ શબ્દ ગ્રહણશબ્દનો શેષ છે; કારણ કે એકથી ગ્રહણ થયેલા સુકૃત અને દુષ્કૃત, તજ્યા વિનાનાં હોય એવાનું અન્યથી ગ્રહણ સંભવતું નથી. જોકે એકના સુકૃત અને દુષ્કૃતનું અન્યકૃત એ ગ્રહણ સમીચીન સંભવતું નથી, તોપણ તે કહ્યું છે તેથી, તેને અનુકૂળ, વિધૂનનશબ્દનો ત્યાગજ અર્થ છે એમ નિર્ણય કરવો શક્ય છે. વિધૂનનના સંનિધિમાં કવચિત્ આ ઉપાયનની શ્રુતિ છે, તેથી કુશા, છન્દ, સ્તુતિ, અને ઉપગાનની પેઠે, એ ઉપાયન એનો પ્રયોગ કરવો એમ એડવાયુના છે.

અન્ય ³વર્ણક કહે છે—' અથવા એજ વિધૂનનશ્રુતિઓમાં' ઇત્યાદિ. પૂર્વત્ર વિધૂનન એટલે કર્મની હાનિ એમ સિદ્ધવત્ કરીને ઉપાયનનો ઉપસંહાર કર્યો. હવે એ કર્મહાનિનેજ સાધે છે એમ બે વર્ણકોમાં—વ્યાખ્યાનોમાં ભેદ છે. અને અર્થમાં લક્ષણાનું સામ્ય છે તેથી સંશય કહે છે—' શું એ વિધૂનનવચનથી' ઇત્યાદિ. વિધૂનનનાં અશ્વરોમ આદિને વિષે બે ફળ જોવામાં આવે છે—૧ પૂર્વસ્વભાવથી ચ્યુતિ અને ૨ અન્યત્ર સંક્રાન્તિ. તેમાં સંક્રાન્તિરૂપ હાનિ એ લક્ષ્ય અર્થ વિધૂનનનો લેવો કે ચ્યુતિ લેવો એવો સંશયનો અર્થ છે. હવે વિધૂનનશબ્દનો કમ્પન એ મુખ્ય અર્થ છે એ તો સર્વસંમત છે; અને તે કમ્પન, અમૂર્ત પુણ્ય અને પાપને સંભવતું નથી; એથી તે બેનો જે સ્વભાવ ફલદા-નશક્તિ છે તેમાંથી ચાલન, એટલે વિનાશે કરીને પ્રતિબન્ધ થવાથી ચ્યુતિ, એ લક્ષ્ય અર્થ છે, હાનિ એ લક્ષ્ય અર્થ નથી; કેમકે અમૂર્તની અન્યત્ર સંક્રાન્તિ સંભવિત નથી અને વિધૂનનને અન્યની અપેક્ષા તો છે. આવો પૂર્વપક્ષનો અર્થ છે. સિદ્ધાન્ત કરે છે—' વિધૂનનશબ્દની વૃત્તિ' ઇત્યાદિ. જો સ્તુતિમાત્ર લક્ષ્ય અર્થ હોય તો 'ઉપયન્તિ' એ શબ્દ અન[illegible]— અન્વયવિનાનો રહે. વળી એમ કહેવું પણ યુક્ત નથી કે જ્યાં ધુનોતિશબ્દ ઉપાયનશબ્દના સંનિધિમાં છે ત્યાં ધુનોતિનો લક્ષ્ય અર્થ લઈ 'હાનિ' અર્થ કરવો, કેવલ ધુનોતિશબ્દનો નહિ, અને હાનિ એટલે વિદ્વાનથી અન્યત્ર, સેવક આદિને વિષે સુકૃત કર્મની સંક્રાન્તિ એમ સમજવું એટલે અસમન્વય નહિ થાય—આ કહેવું યુક્ત નથી; કેમકે કેવલ ધુનોતિનો પણ મુખ્ય અર્થ સંભવતો નથી તેથી, લક્ષ્ય અર્થ લેવાની જરૂર છે, માટે [illegible] હાનિના અર્થમાં લક્ષણા માનવી એજ યુક્ત છે એવો ભાવ છે. ઉપાયનશબ્દ પણ મુખ્ય અર્થમાં યુક્ત નથી તેથી હાનશબ્દ તેનો શેષ શી રીતે—કોઈ પણ રીતે હાનિના અર્થમાં લક્ષણાનું બીજ નથી એમ શંકા કરી તેનો પરિહાર કરે છે કે પુણ્ય અને પાપ એ બેને હાનીથી સ્વીકારવાં એજ ઉપાયન અને એ ઉપાયન હાનિ વિના અનુપપન્ન થઈ લક્ષણાનું નિમિત્ત થાય છે—' જોકે એકના સુકૃત અને દુષ્કૃતનું' ઇત્યાદિ. એમ અન્ય શ્રુતિમાંનું ઉદ્ગમ્ભન આદિ ફલ હાનિનિમિત્તક થાય છે, તેમ ઉપાયન વિધૂનનનો હાન અર્થ લેવામાં નિયામક છે એમ કહે છે—'વિધૂનનના સંનિધિમાં'

૧ ચાલનનું. ૨ ગ્રહણ. ૩ 'વર્ણક' ના અર્થ માટે જુઓ પૃ૦ ૧ ટી પૃ૦ ૧૧. ૪ ઉપાયન.

सांपराये तर्तव्याभावात्तथा ह्यन्ये ॥ २७ ॥

દેહથી અપસર્પણસમયે (એ સુકૃતદુષ્કૃતહાન થાય છે). તર્તવ્યનો સામર્થ્યનો અભાવ છે તેથી: કારણ કે તેજ પ્રમાણે અન્ય શાખાવાળાઓ (શ્રવણ કરાવે છે) ॥ ૨૭ ॥

કૌષીતકીઓ પર્યંકબ્રહ્મવિદ્યામાં દેવયાનમાર્ગે પર્યંકસ્થ બ્રહ્મ તરફ નીકળેલાને અર્ધમાર્ગમાં સુકૃત અને દુષ્કૃતના વિયોગનું શ્રવણ કરાવે છે—'स एतं देवयानं पन्थानमापद्याग्निलोकमागच्छति ' [કૌષી૦ ૧।૩] (તે એ દેવયાનમાર્ગ પ્રાપ્ત કરીને અગ્નિલોકમાં આવે છે) એમ ઉપક્રમ કરીને 'स आगच्छति विरजां नदीं तां मनसैवात्येति तत् सुकृतदुष्कृते विधूनुते ' [કૌષી૦ ૧।૪] (તે વિરજા નદી પ્રાપ્ત કરે છે, તેને મન વડેજ ઓળંગે છે, તેથી સુકૃત અને દુષ્કૃતને તજે છે) એમ. તેમાં, શ્રુતિમાં છે તેમ અર્ધમાર્ગેજ વિયોગવચન સમજવું કે આરંભમાંજ, દેહથી અપગમન થાય ત્યારે એમ વિચાર થયે, શ્રુતિના પ્રામાણ્યને લીધે શ્રુતિપ્રમાણે પ્રાપ્તિનો પ્રસંગ થયે, (સૂત્રકાર) પઠે છે—'सांपराये ' એમ. સાંપરાયવખતે, ગમનવખતે, દેહથી અપસર્પણસમયે, વિદ્યાના સામર્થ્યથી એ સુકૃતદુષ્કૃતત્યાગ થાય છે એમ પ્રતિજ્ઞા કરે છે. અને તેનો હેતુ કહે છે—'तर्तव्याभावात् ' કારણ કે મરણ પામેલા વિદ્યાથી બ્રહ્મ સંપ્રાપ્ત કરવા ઇચ્છતા વિદ્વાનને માર્ગની વચમાં સુકૃત અને દુષ્કૃતથી કંઈ પ્રાપ્તવ્ય નથી, કે જેને માટે કેટલાક ક્ષણ તે સુકૃતદુષ્કૃત અક્ષીણ કલ્પાય. પણ તેમનું (સુકૃતદુષ્કૃતનું) ફળ વિદ્યાથી વિરુદ્ધ છે તેથી. વિદ્યાના સામર્થ્યથી તેમનો

કર્મક્ષયનો હેતુ વિદ્યા છે એમ સિદ્ધ માનીને [illegible] ઉપસંહાર દર્શાવ્યો. પણ હવે તે વિદ્યા કર્મક્ષયનો હેતુ છે એમ [illegible] કેમકે માર્ગની વચમાં શ્રુતિમાં કર્મક્ષય કહ્યો છે તેનો હેતુ વિદ્યા નથી એમ [illegible] કહે છે—'सांपराये ' અથવા દ્વિતીય વર્ણકમાં કહેલો વિધૂનનશબ્દનો અર્થ [illegible] નિરૂપણ કરે છે. વિધૂનનનો અર્થ હાન છે એમ કહીને [illegible] છે એમ શ્રુતિમાં કહ્યું છે તેનો વિચાર કરવા વિચારવિષય કહે છે—'કૌષીતકીઓ પર્યંકબ્રહ્મવિદ્યામાં' ઇત્યાદિ. વિધૂનનનો અર્થ પૂર્વે હાન કહ્યો છે તે [illegible] થાય છે એમ શ્રુતિ છે તેથી અને દેહત્યાગથી પૂર્વે [illegible] સંશય કહે છે—'તેમાં, શ્રુતિમાં છે તેમ' ઇત્યાદિ. [illegible] ઓળંગે છે, તેથી સુકૃત ને દુષ્કૃતનો ત્યાગ કરે છે એમ તત્ એમ [illegible] નામની નદી તેનો તેન (તેથી) એવો અર્થ છે. તેથી [illegible] શ્રુતિ છે અને અર્ધપથમાં કર્મક્ષય થાય છે એવો પૂર્વપક્ષ છે. તેમાં વિદ્યા એ કર્મક્ષયનો હેતુ કહ્યો છે માટે સિદ્ધિ એ પૂર્વપક્ષમાં ફળ છે ને સિદ્ધિ એ સિદ્ધાન્તમાં ફળ છે એમ માની સિદ્ધાન્ત કરે છે— 'सांपराये ' એમ. મરણની પૂર્વે એવો અર્થ છે. કોઈક વખત કર્મ હોય તો ફળનો અભાવ થાય અને દેવયાનમાર્ગપ્રવેશ અયુક્ત થાય. માટે આરંભમાંજ કર્મનો ક્ષય થાય છે એવો અર્થ છે. [illegible] હેતુ જે વિદ્યા તે માર્ગમાં નથી તેથી કહે છે—' પણ તેમનું (સુકૃતદુષ્કૃતનું) ફળ '

ગીકાર કરીએ તો વિરોધ થાય. 'पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति' [મુણ્ડ૦ ૩।૧।૩] (તે વિદ્વાન્ પુણ્ય અને પાપનું—બન્ધનભૂત કર્મનું સમૂલ નિરસન કરી—બાળી નાંખી, નિર્લિપ્ત-વિગતક્લેશ થઈ પ્રકૃષ્ટ-નિરતિશય સામ્ય-અદ્વયલક્ષણ સમતા પ્રાપ્ત કરે છે, દ્વૈતવિષય સામ્ય એથી નીચાજ પ્રકારનું છે, એ કારણથી અદ્વયલક્ષણ પરમસામ્ય પ્રાપ્ત કરે છે) એ શ્રુતિમાં અન્ય દેશ પ્રાપ્ત કરાવનારી ગતિ વિરુદ્ધ થાય; કેમકે નિર્લિપ્ત પુરુષ જે ગમનકર્તા નથી તે અન્ય દેશમાં કેવી રીતે જાય? વળી પરમ સામ્ય જે ગન્તવ્ય છે તે અન્ય દેશની પ્રાપ્તિને અધીન નથી. એટલા માટે અહિં અમે ગતિ અનર્થક છે એમજ માનીએ છીએ ॥ ૨૯ ॥

उपपन्नस्तल्लक्षणार्थोपलब्धेर्लोकवत् ॥ ३० ॥

(એ ઉભયથાભાવ) યુક્ત છે; કારણ કે ગતિકારણભૂત અર્થ ઉપલબ્ધ થાય છે, લોકમાં હોય છે તેમ ॥ ૩૦ ॥

એ ઉભયથાભાવ-ક્વચિત્ ગતિ અર્થવતી છે ને ક્વચિત્ નથી એ-ઉપપન્ન છે; કારણ કે તેનું એટલે ગતિનું લક્ષણ—કારણ એવો અર્થ ઉપલબ્ધ થાય છે; કેમકે ગતિકારણભૂત અર્થ, પર્યંકવિદ્યા આદિ સગુણ ઉપાસનાઓમાં ઉપલબ્ધ થાય છે. ખરેખર, તેમાં પર્યંકારોહણ, પર્યંકસ્થ બ્રહ્મ સાથે સંવાદ, અને વિશિષ્ટ ગન્ધ આદિની પ્રાપ્તિ એ આદિ બહુ ભિન્ન દેશોની પ્રાપ્તિને અધીન ફળની શ્રુતિ છે; તેમાં ગતિ અર્થવતી છે. ખરેખર, સમ્યગ્દર્શનમાં તેના કારણભૂત અર્થની ઉપલબ્ધિ નથી; કેમકે આત્માના એકત્વનું જેને દર્શન થયું છે, જેમના મનોરથ પરિપૂર્ણ થયા છે, અહિંજ જેનાં અશેષ ક્લેશબીજ બળી ગયાં છે, તેમને આરબ્ધના ભોગનો અને કર્મનો આશય જે શરીર તેના નાશથી વ્યતિરિક્ત કંઈ અપેક્ષા કરવા યુક્ત નથી, તેને વિષે ગતિ અનર્થક-પ્રયોજનરહિત છે; અને એ વિભાગ લોકની-લોકવ્યવહારની પેઠે સમજવો. જેમ લોકમાં ગ્રામપ્રાપ્તિને વિષે અન્ય દેશ પ્રાપ્ત કરાવનાર માર્ગની અપેક્ષા છે, આરોગ્યપ્રાપ્તિને વિષે નથી, એમ અહિં પણ. ફરી એ વિભાગને ચોથા અધ્યાયમાં વધારે સૂક્ષ્મ રીતે ઉપપત્તિથી દર્શાવીશું ॥ ૩૦ ॥

દ્વાન્ત છે. 'निरञ्जनः'-અસંગ. 'साम्यम्' = બ્રહ્મ. અહિં સમશબ્દ સમક્કાલીમાં છે તેમ ઐક્યંક છે. ઐક્ય તો જીવનું બ્રહ્મ સાથે સુષુપ્તિમાં પણ થાય છે, તેની વ્યાવૃત્તિ કરવા માટે 'परमम्' એવું વિશેષણ છે; કેમકે સુષુપ્તિમાં અવિદ્યાની અનુવૃત્તિ છે તેથી પરમ ઐક્ય નથી ॥ ૨૯ ॥

પણ ત્યારે સગુણવિદ્યામાં પણ માર્ગ વ્યર્થ છે એથી કહે છે—'उपपन्नः' 'તેમાં ગતિ અર્થવતી છે'—'તેમાં' = પર્યંકવિદ્યાની સગુણ ઉપાસનામાં. 'અહિંજ' = જીવદવસ્થામાં અશેષ ક્લેશબીજ બળી ગયાં છે તો સદ્યઃ દેહપાત થાય તેને માટે કહે છે—'આરબ્ધના ભોગનો અને કર્મનો આશય.' 'તેને વિષે' = સમ્યગ્દર્શનને વિષે. 'અહિં' = મુમુક્ષુનિર્ગુણવિદ્યામાં.

ક્ષમિત વૈખાનસ અને પરિવ્રાજકો શ્રદ્ધા અને તપની ઉપાસના કરે છે) એમ અન્ય વિદ્યાના વેત્તાઓને પણ પંચાગ્નિવિદ્યાના વેત્તાઓના સરખોજ માર્ગ પ્રાપ્ત કરાવે છે. પણ અન્ય વિદ્યાના વેત્તાઓની એ ગતિ છે એમ શાથી સમજાય છે? શ્રદ્ધા અને તપને જેઓ પરાયણ છે તેમનીજ એ ગતિ થાય; કેમકે તેમને માટેજ શ્રુતિ છે. ના, એ દોષ નથી; કારણ કે વિદ્યાબળ વિના કેવળ શ્રદ્ધા અને તપથી એ ગતિ પ્રાપ્ત થતી નથી; કેમકે 'विद्यया तदारोहन्ति यत्र कामाः परागताः । न तत्र दक्षिणा यन्ति नाविद्वांसस्तपस्विनः ॥' [શત૦ બ્રાહ્મ૦ ૧૦।૫।૪।૧૬] (વિદ્યાથી તેમાં-બ્રહ્મ-લોકમાં આરૂઢ થાય છે, કે જ્યાં કામનાઓ પરાવૃત્ત થઈ છે; ત્યાં કેવલ કર્મમાં લીન થએલા, તપસ્વીઓ પણ અવિદ્વાન્ પુરુષો જતા નથી) એવી બીજી શ્રુતિ છે. તેટલા માટે અહિં શ્રદ્ધા અને તપથી અન્ય વિદ્યાઓનું ઉપલક્ષણ છે. વાજસને-યીઓ તો પંચાગ્નિવિદ્યાના અધિકારમાં 'य एवमेतद्विदुर्ये चामी अरण्ये श्रद्धां सत्यमुपासते' [બૃહ૦ ૬।૨।૧૫] (જેઓ એ પ્રમાણે-યથોક્ત એ પંચાગ્નિદર્શન જાણે છે, અને જેઓ અરણ્યમાંના એટલે વાનપ્રસ્થ અને પરિવ્રાજકો જેઓ અરણ્યનિષ્ઠ, શ્રદ્ધાયુક્ત થઈ સત્ય-બ્રહ્મની ઉપાસના કરે છે (તેઓ સર્વે અર્ચિર્માર્ગ પ્રાપ્ત કરે છે)) એમ અધ્યયન કરે છે. તેમાં શ્રદ્ધાળુઓ જેઓ બ્રહ્મની ઉપાસના કરે છે એમ વ્યાખ્યાન કર્યું; કેમકે સત્યશબ્દ બ્રહ્મને વિષે અનેકવાર પ્રયુક્ત થયો છે. વળી પંચાગ્નિવિદ્યાવેત્તાઓનું 'આ પ્રમાણે જાણનાર' તરીકે ગ્રહણ કર્યું છે તેથી અન્ય વિદ્યામાં પરાયણ હોય તેમનુંજ આ ઉપાદાન ન્યાય્ય છે. વળી 'अथ य एतौ पन्थानौ न विदुस्ते कीटाः पतङ्गा यदिदं दन्दशूकम्' [બૃહ૦ ૬।૨।૧૬]. (હવે જેઓ ઉત્તર અને દક્ષિણ એ બે માર્ગો જાણતા નથી—ઉત્તર કે દક્ષિણ માર્ગ પ્રાપ્ત કરવાને જ્ઞાન કે કર્મનું અનુષ્ઠાન કરતા નથી-તેઓ કીટ, પતંગ અને જે આ દંદશૂકાદિ છે તે થાય છે) એ શ્રુતિ બે માર્ગથી ભ્રષ્ટ થએલાઓની અધોગતિ પ્રાપ્ત કરાવનારી

[illegible] અને તપથી ઉપલક્ષિત બ્રહ્મનું ધ્યાન કરે છે તેઓ અર્ચિમાર્ગે પ્રાપ્ત [illegible] પણ શ્રદ્ધા અને તપમાત્રની શ્રુતિ છે તેથી તે બેનીજ [illegible] —'પણ અન્ય વિદ્યાના [illegible] નહિ એમ શંકા કરે છે—[illegible] શ્રદ્ધા અને તપ. એ શબ્દો પર [illegible] —'ના, એ દોષ નથી' [illegible] પરિહાર કરે છે— [illegible]
विद्यया [illegible] પરાવૃત્ત થયા છે, [illegible] અવિદ્વાન્ જતા નથી [illegible] —'વાજસનેયીઓ તો' ઇત્યાદિ. [illegible] શ્રુતિ છે [illegible] —'શ્રદ્ધા વા' [illegible] વળી 'अग्निर्ज्योतिरहः शुक्लः [illegible]' (અગ્નિ, જ્યોતિ, [illegible]) [illegible]

અને પિતૃયાણમાંજ એ લોકોનો અન્તર્ભાવ કરે છે. તેમાં પણ વિદ્યાવિશેષથી એમની દેવયાનપ્રાપ્તિ છે. સ્મૃતિ પણ—' शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते। एकया यात्यनावृत्तिमन्ययावर्तते पुनः ' [ભગ૦ ગી૦ ૮।૨૬] ({ જ્ઞાનપ્રકાશક હોવાથી, વિદ્યાપ્રાપ્ય હોવાથી, અને અર્ચિરાદિ પ્રકાશથી ઉપલક્ષિત હોવાથી } શુક્લ દેવયાનાખ્ય ગતિ અને { જ્ઞાનપ્રકાશકત્વના અભાવથી, અવિદ્યાપ્રાપ્ય હોવાથી, અને ધૂમાદિ અપ્રકાશથી ઉપલક્ષિત હોવાથી } કૃષ્ણ પિતૃયાનાખ્ય ગતિ એ બે ગતિ જગત્ની-જ્ઞાન અને કર્મમાં અધિકૃત થયલાની-શાશ્વત છે { કેમકે સંસાર નિત્ય છે }, તેમાં એકથી-શુક્લથી અનાવૃત્તિ-મોક્ષ પામે છે, અને અન્યથી-કૃષ્ણથી પુનઃ પુનઃ સંસારમાં આવૃત્ત થાય છે) એમ કહે છે. દેવયાન માર્ગ ઉપકોસલવિદ્યામાં અને પંચાગ્નિવિદ્યામાં બે વાર [1]આમ્નાત છે તે બંને સ્થળે પણ અનુચિન્તનને માટે છે. તેટલા માટે અનિયમ છે ॥ ૩૧ ॥

यावदधिकारमवस्थितिराधिकारिणाम् ॥ ३२ ॥

અધિકારપર્યન્ત આધિકારિકોની અવસ્થિતિ છે ॥ ૩૨ ॥

વિદ્વાનને વર્તમાન દેહ પડ્યા પછી અન્ય દેહ ઉત્પન્ન થાય છે કે નહિ તેને વિષે વિચારાય છે. પણ સાધનભૂત વિદ્યાની સંપત્તિ થયે કૈવલ્ય નિષ્પન્ન થાય કે નહિ એ વિચાર યુક્ત થતો નથી; કેમકે પાકની સાધનસંપત્તિ થયે ઓદન થાય કે નહિ એવો વિચાર સંભવતો નથી; તેમજ ભોજન કરનાર તૃપ્ત થાય કે ન થાય એનો પણ વિચાર થતો નથી. પણ આ વિચાર ઉપપન્ન છે; કેમકે કેટલાક બ્રહ્મવેત્તાઓની પણ ઇતિહાસ અને પુરાણમાં અન્ય દેહની ઉત્પત્તિ જોવામાં આવે છે.

દીને ઉપસંહારસ્મૃતિથી તેમની બ્રહ્મપ્રાપ્તિ કહે છે—' સ્મૃતિ પણ ' ઇત્યાદિ. ' शुक्ला '—અર્ચિરાદિકા; ' कृष्णा '—ધૂમાદિકા; ' जगतः '—વિદ્યામાં ને કર્મમાં અધિકૃતના; ' शाश्वते '—ધ્રુવમાં. તેમાં એક શુક્લગતિથી પુનરાવૃત્તિ ન થાય એવું બ્રહ્મ પામે છે; બીજીથી સ્વર્ગે જઇને પુનઃ સંસારમાં આવે છે એવો અર્થ છે. પુનરુક્તિદોષનું દૂષણ બતાવે છે—' દેવયાનમાર્ગ ' ઇત્યાદિ. ત્યાં ત્યાં માર્ગશ્રુતિ પ્રતિદિન માર્ગચિન્તનને અર્થે છે; કેમકે પ્રકરણથી માર્ગધ્યાન વિદ્યાનું અંગ છે એમ સમન્વય છે. જેમનો માર્ગ શ્રુતિમાં નથી, તેઓ માર્ગધ્યાન વિના પણ વિદ્યાસામર્થ્યથી માર્ગ પ્રાપ્ત કરે છે એ જ્ઞાપન કરવા માટે પુનરુક્તિ છે એવો અર્થ છે. તેટલા માટે સર્વ પ્રતીકભિન્ન ઉપાસનાઓમાં અર્ચિરાદિની પ્રાપ્તિ છે એ સિદ્ધ થયું ॥ ૩૧ ॥

નિર્ગુણવિદ્યામાં ગતિ વ્યર્થ છે; કેમકે એ વિદ્યાનું ફળ મુક્તિ છે; સગુણવિદ્યામાં ગતિ સપ્રયોજનવાળી છે; કેમકે એ વિદ્યાનું ફળ બ્રહ્મલોકની પ્રાપ્તિ છે—આ પ્રમાણે જે વ્યવસ્થા કરી છે તે યુક્ત નથી; કેમકે ઇતિહાસ આદિને વિષે તત્ત્વજ્ઞાનીઓનો પણ પુનર્જન્મ જોવામાં આવે છે તેથી જ્ઞાનનું મુક્તિફળ થતું નથી એમ આક્ષેપથી પૂર્વ અધિકરણ સાથે આ અધિકરણની સંગતિ છે. જ્ઞાનીઓનું પુનર્જન્મદર્શન એ સંશયબીજ ભાષ્યમાં દર્શાવ્યું છે. પૂર્વપક્ષનું ફળ

---

[1] શ્રુતિમાં કહેલી.

આદિ અધિકારમાં નિયુક્ત થયા છે, તેમની સ્થિતિ અધિકારને અધીન છે. જેમ
આ ભગવાન્ સૂર્ય સહસ્ર યુગ સુધી જગત્નો અધિકાર ચલાવીને તેને અન્તે ઉદય
અને અસ્તથી રહિત કૈવલ્ય અનુભવે છે; કેમકે 'अथ तत ऊर्ध्व उदेत्य नैवोदिता
नास्तमेतैकल एव मध्ये स्थाता' [છાન્દો૦ ૩।૧૧।૧] (પ્રારબ્ધ કર્મના ક્ષય પછી,
ત્યાર પછી વિલક્ષણ-કેવલ બ્રહ્મસ્વરૂપ-થઈ, દેહ ત્યાગ કરીને ફરી આદિત્ય નહિજ
ઉદય પામે કે અસ્ત પામે, પણ એકલોજ, મધ્યે-પોતાને વિષે રહે છે) એવી શ્રુતિ
છે. વળી જેમ વર્તમાન બ્રહ્મવેત્તાઓ આરબ્ધ કર્મના ભોગનો ક્ષય થયે કૈવલ્ય અ-
નુભવે છે, કેમકે 'तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये' [છાન્દો૦ ૬।૧૪।૨]
(તેનો એટલે આચાર્યવાન્ પુરુષ જેનું અવિદ્યારૂપી બન્ધન છૂટ્યું છે તેનો ત્યાંસુધીજ
સદાત્મસ્વરૂપસંપત્તિથી વિલંબ થાય છે કે જ્યાંસુધી તે દેહથી વિમુક્ત થતો નથી,
પછી બ્રહ્મસંપત્તિ પામે છે) એવી શ્રુતિ છે. એ પ્રમાણે અપાન્તરતમસ્ આદિ પણ
ઈશ્વરો, પરમેશ્વરે તે તે અધિકારોમાં નિયુક્ત થયલા થઈ, કૈવલ્યનો હેતુ જે સમ્ય-
ગ્દર્શન તે છે તોપણ, કર્મો ક્ષીણ થયાં નથી એવા, અધિકારપર્યન્ત રહે છે,
ને તેનો અવસાન થયે મુક્ત થાય છે એમ અવિરુદ્ધ છે; કારણ કે અધિકારનું ફળ
આપવાને માટે એક વાર પ્રવૃત્ત થયલો કર્માશય સમાપ્ત કરતા, તેઓ એક ઘરથી

ઓની અવસ્થિતિ છે; પ્રારબ્ધનો ક્ષય થયે, પ્રતિબન્ધકનો અભાવ છે તેથી વિદેહકૈવલ્ય પ્રાપ્ત
થાય છે એને વિષે પ્રમાણ કહે છે—'अथ तत ऊर्ध्वः' ' ઇત્યાદિ. अथ = પ્રારબ્ધનો ક્ષય થયા
પછી, 'ततः ' જગત્થી. ऊर्ध्वः = વિલક્ષણ, કેવલ બ્રહ્મસ્વરૂપ થઈ. उदेत्य = દેહનો ત્યાગ
કરી. 'एकल एव' = અદ્વિતીય. मध्ये = ઉદાસીન આત્મસ્વરૂપમાં રહે છે એવો અર્થ છે.
પણ જ્ઞાનીને પણ અન્ય જન્મ હોય તો મુક્તિ શી રીતે તેને માટે કહે છે—'કારણ કે અ-
ધિકારનું ફળ આપવાને માટે ' ઇત્યાદિ. જો જ્ઞાનીઓનો અન્ય જન્મ પ્રારબ્ધથી ભિન્ન
કર્મને અધીન હોય તો જ્ઞાનથી મુક્તિનો અભાવ થાય; પણ તેમ નથી; પરંતુ બહુજન્મમાં ફળ
આપવાને માટે એક વાર ઉત્પન્ન થયલું પ્રારબ્ધ તેઓ ક્ષીણ કરે છે, જન્મ ગ્રહણ કરે છે
તોપણ જ્ઞાનયોગના બળથી તેઓ શોચ કરતા નથી અને પ્રારબ્ધ સમાપ્ત થયે મુક્ત થાય છે
એવો અર્થ છે. સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છે—'विद्याकर्मस्वनुष्ठानतोषितेश्वरचोदि-
तम् । अधिकारं समाप्यैते प्रविशन्ति परं पदम् ॥'—વિદ્યા અને કર્મને વિષે અનુષ્ઠાનથી તો-
ષિત થયલા ઈશ્વરે પ્રેરેલા અધિકારને સમાપ્ત કરીને એ વિદ્વાનો પર પદને પ્રાપ્ત કરે છે. નિર્ગુ-
ણવિદ્યામાં અપવર્ગલક્ષણ જે શ્રુતિમાં કહ્યું છે તેનું, સ્તુતિમાત્રને અર્થે છે એમ વ્યાખ્યાન કરવું
ઉચિત નથી; કારણ કે પૌર્વાપર્યનું—પૂર્વાપરસંબન્ધનું પર્યાલોચન કરતાં ઘણી શ્રુતિઓનું એનેજ
વિષે—અપવર્ગનેજ વિષે તાત્પર્ય નક્કી થાય છે; અને જ્યાં તાત્પર્ય છે તે અન્યથા કરવું યુક્ત
નથી. વળી અપાન્તરતમસ્ આદિ વિદ્વાનોનો તે તે દેહમાં સંચાર થાય છે તેથી, બ્રહ્મવિદ્યા છે
તોપણ મોક્ષ નથી તેથી બ્રહ્મવિદ્યા મોક્ષહેતુ નથી એમ કહેવું યુક્ત નથી; કારણ કે હેતુ પણ પ્ર-
તિબન્ધ હોય તેથી કાર્ય ઉત્પન્ન ન કરે, એથી એનો હેતુભાવ દૂર થતો નથી. ખરેખર, ઊંચકું
અને ફળના સંયોગથી પ્રતિબદ્ધ થયલું ગુરુત્વ પતન ઉત્પન્ન કરતું નથી, માટે કંઈ ગુરુત્વ પત-
નનો હેતુ નથી એમ નથી; કેમકે પ્રતિબન્ધ દૂર થયે પતન ઉત્પન્ન કરે છે. વળી સેતુ જેનો
પ્રતિબન્ધ છે એવું પાણી નીચા પ્રદેશમાં વહેતું નથી તેથી સેતુનો ભેદ થયે કંઈ તે નીચા પ્ર-
દેશમાં નહિ વહે એમ નથી. તેમજ અહિં પણ વિદ્યા ને કર્મની આરાધનાથી પ્રસન્ન થયલા

આદિ અધિકારમાં નિયુક્ત થયા છે, તેમની સ્થિતિ અધિકારને અધીન છે. જેમ આ ભગવાન્ સૂર્ય સહસ્ર યુગ સુધી જગત્‌નો અધિકાર ચલાવીને તેને અન્તે ઉદય અને અસ્તથી રહિત કૈવલ્ય અનુભવે છે; કેમકે 'अथ तत ऊर्ध्वं उदेत्य नैवोदिता नास्तमेतैकल एव मध्ये स्थाता' [છાન્દો૦ ૩।૧૧।૧] (પ્રારબ્ધ કર્મના ક્ષય પછી, ત્યાર પછી વિલક્ષણ-કેવલ બ્રહ્મસ્વરૂપ-થઈ, દેહ ત્યાગ કરીને ફરી આદિત્ય નહિજ ઉદય પામે કે અસ્ત પામે, પણ એકલોજ, મધ્યે-પોતાને વિષે રહે છે) એવી શ્રુતિ છે. વળી જેમ વર્તમાન બ્રહ્મવેત્તાઓ આરબ્ધ કર્મના ભોગનો ક્ષય થયે કૈવલ્ય અનુભવે છે, કેમકે 'तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये' [છાન્દો૦ ૬।૧૪।૨] (તેનો એટલે આચાર્યવાન્ પુરુષ જેનું અવિદ્યારૂપી બન્ધન છૂટ્યું છે તેનો ત્યાંસુધીજ સદાત્મસ્વરૂપસંપત્તિથી વિલંબ થાય છે કે જ્યાંસુધી તે દેહથી વિમુક્ત થતો નથી, પછી બ્રહ્મસંપત્તિ પામે છે) એવી શ્રુતિ છે. એ પ્રમાણે અપાન્તરતમસ્ આદિ પણ ઈશ્વરો, પરમેશ્વરે તે તે અધિકારોમાં નિયુક્ત થયલા થઈ, કૈવલ્યનો હેતુ જે સમ્યગ્દર્શન તે છે તોપણ, કર્મો ક્ષીણ થયાં નથી એવા, અધિકારપર્યન્ત રહે છે, ને તેનો અવસાન થયે મુક્ત થાય છે એમ અવિરુદ્ધ છે; કારણ કે અધિકારનું ફળ આપવાને માટે એક વાર પ્રવૃત્ત થયલો કર્માશય સમાપ્ત કરતા, તેઓ એક ઘરથી

કોની અવસ્થિતિ છે; પ્રારબ્ધનો ક્ષય થયે, પ્રતિબન્ધકનો અભાવ છે તેથી વિદેહકૈવલ્ય પ્રાપ્ત થાય છે એને વિષે પ્રમાણ કહે છે—'अथ तत ऊर्ध्वः' ઇત્યાદિ. अथ = પ્રારબ્ધનો ક્ષય થયા પછી, 'ततः' જગત્‌થી. ऊर्ध्वः = વિલક્ષણ, કેવલ બ્રહ્મસ્વરૂપ થઈ. उदेत्य = દેહનો ત્યાગ કરી. 'एकल एव' = અદ્વિતીય. मध्ये = ઉદાસીન આત્મસ્વરૂપમાં રહે છે એવો અર્થ છે. પણ જ્ઞાનીને પણ અન્ય જન્મ હોય તો મુક્તિ શી રીતે તેને માટે કહે છે—'કારણ કે અધિકારનું ફળ આપવાને માટે' ઇત્યાદિ. જો જ્ઞાનીઓનો અન્ય જન્મ પ્રારબ્ધથી ભિન્ન કર્મને અધીન હોય તો જ્ઞાનથી મુક્તિનો અભાવ થાય; પણ તેમ નથી; પરતુ બહુજન્મમાં ફળ આપવાને માટે એક વાર ઉત્પન્ન થયવું પ્રારબ્ધ તેઓ ક્ષીણ કરે છે. જન્મ ગ્રહણ કરે છે તોપણ જ્ઞાનયોગના બળથી તેઓ શોચ કરતા નથી અને પ્રારબ્ધ સમાપ્ત થયે મુક્ત થાય છે એવો અર્થ છે. સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છે—'विद्याकर्मस्वनुष्ठानतोषितेश्वरचोदितम्। अधिकारं समाप्यैते प्रविशन्ति परं पदम् ॥'—વિદ્યા અને કર્મને વિષે અનુષ્ઠાનથી તોષિત થયલા ઈશ્વરે પ્રેરેલા અધિકારને સમાપ્ત કરીને એ વિદ્વાનો પર પદને પ્રાપ્ત કરે છે. નિર્ગુણવિદ્યામાં અપવર્ગલક્ષણ જે શ્રુતિમાં કહ્યું છે તેનું, સ્તુતિમાત્રને અર્થે છે એમ વ્યાખ્યાન કરવું ઉચિત નથી; કારણ કે પૌર્વાપર્યનું—પૂર્વાપરસંબન્ધનું પર્યાલોચન કરતાં ઘણી શ્રુતિઓનું એનેજ વિષે—અપવર્ગનેજ વિષે તાત્પર્ય નક્કી થાય છે; અને જ્યાં તાત્પર્ય છે તે અન્યથા કરવું યુક્ત નથી. વળી અપાન્તરતમસ્ આદિ વિદ્વાનોનો તે તે દેહમાં સંચાર થાય છે તેથી, બ્રહ્મવિદ્યા છે તોપણ મોક્ષ નથી તેથી બ્રહ્મવિદ્યા મોક્ષહેતુ નથી એમ કહેવું યુક્ત નથી; કારણ કે હેતુ પણ પ્રતિબન્ધ હોય તેથી કાર્ય ઉત્પન્ન ન કરે, એથી એનો હેતુભાવ દૂર થતો નથી. ખરેખર, ઊંચું અને ફળના સંયોગથી પ્રતિબદ્ધ થયવું ગુરુત્વ પતન ઉત્પન્ન કરતું નથી, માટે કંઈ ગુરુત્વ પતનનો હેતુ નથી એમ નથી; કેમકે પ્રતિબન્ધ દૂર થયે પતન ઉત્પન્ન કરે છે. વળી સેતુ જેનો પ્રતિબન્ધ છે એવું પાણી નીચા પ્રદેશમાં વહેતું નથી તેથી સેતુનો ભેદ થયે કંઈ તે નીચા પ્રદેશમાં નહિ વહે એમ નથી. તેમજ અહિં પણ વિદ્યા ને કર્મની આરાધનાથી પ્રસન્ન થયલા

જેમકે અપાન્તરતમસ્ નામના વેદાચાર્ય, પુરાણ ઋષિ, વિષ્ણુના નિયોગથી કલિ અને દ્વાપરના સંધિમાં કૃષ્ણદ્વૈપાયન તરીકે જન્મ પામ્યા એમ સ્મૃતિકારો કહે છે. વળી બ્રહ્માના માનસપુત્ર હોઈ વસિષ્ઠ, નિમિના શાપથી પૂર્વદેહનો ત્યાગ કરી, ફરી બ્રહ્માના આદેશથી, મિત્ર અને વરુણથી જન્મ પામ્યા. તેમજ બ્રહ્માનાજ માનસપુત્રો ભૃગુ આદિની પણ વરુણના યજ્ઞમાં પુનરુત્પત્તિ શ્રુતિમાં કહી છે. બ્રહ્માનાજ માનસપુત્ર સનત્કુમાર પણ, રુદ્રને વરદાન આપ્યું હતું તેથી, પોતે સ્કન્દ તરીકે પ્રાદુર્ભૂત થયા. એજ પ્રમાણે દક્ષ, નારદ આદિની તે તે નિમિત્તે પાછી અન્ય દેહની ઉત્પત્તિ સ્મૃતિમાં કહી છે, અને શ્રુતિમાં પણ મન્ત્ર અને અર્થવાદમાં ઘણે ભાગે ઉપલબ્ધ થાય છે. તેઓ કેટલાક પૂર્વ દેહ પડે એટલે અન્ય દેહ ગ્રહણ કરે છે; પણ કેટલાક તો તે દેહ હોયનેજ યોગ અને ઐશ્વર્યના બળથી અનેક દેહ ગ્રહણ કરવાના ન્યાયથી પ્રાપ્ત કરે છે; અને એ સર્વે સકલ વેદાર્થ સમજ્યા હતા એમ સ્મૃતિઓ કહે છે. તેટલા માટે એમના અન્ય દેહની ઉત્પત્તિ જોવામાં આવે છે તેથી બ્રહ્મવિદ્યા મોક્ષનો પાક્ષિક હેતુ છે કે અહેતુ છે એમ પ્રાપ્ત થાય છે. એથી ઉત્તર કહે છે. ના, અપાન્તરતમસ્ આદિ, તેઓ લોકસ્થિતિના હેતુ, વેદપ્રવર્તન

એવું છે કે જ્ઞાનથી મુક્તિ કહેનારી શ્રુતિઓ જ્ઞાનની સ્તુતિમાત્ર પ્રતિપાદન કરે છે, તેથી જ્ઞાનથી મુક્તિફળ ન પ્રાપ્ત થતું હોવાથી બ્રહ્મલોકપ્રાપ્તિ એ ફળ અવિશિષ્ટ છે ને અર્ચિરાદિમાર્ગનો ઉપસંહાર છે. સિદ્ધાન્તમાં તો ઉપર કહેલી વ્યવસ્થાની સિદ્ધિ એ ફળ છે એવો પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનો વિવેક છે. 'શ્રુતિમાં પણ' ઇત્યાદિ. '**मेधातिथेर्मेष**' એ મન્ત્રમાં ઇન્દ્રનો મેષથી જન્મ ઉપલબ્ધ થાય છે. '**वसिष्ठ उर्वशीपुत्रो जातः**' એવા અર્થનો બહ્વૃચોનો અર્થવાદ છે. 'ઉપલબ્ધ થાય છે' એટલે 'પૂર્વોક્ત કથા' એવો અહિં શેષ છે. 'પાક્ષિક' હેતુ છે એ આપાતતઃ—ઉપર ઉપરથી—કહ્યું છે; 'અહેતુ' છે એજ પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે—નિર્ગુણવિદ્યામાં અપવર્ગ-મોક્ષ એ ફળ થવું યુક્ત નથી; કેમકે શ્રુતિ, સ્મૃતિ, ઇતિહાસ, અને પુરાણમાં અપાન્તરતમસ્ આદિ વિદ્વાન્નો પણ તે તે દેહનો પરિગ્રહ અને પરિત્યાગ શ્રવણ થાય છે; અપવર્ગ જો નિર્ગુણવિદ્યાનું ફળ હોય તો એ ઉપપન્ન થતું નથી; કેમકે મુક્ત થવાવાને દેહપરિગ્રહ કે દેહપરિત્યાગ ઉપપન્ન થતો નથી; અથવા ઉપપન્ન થાય તો તેનું લક્ષણ યુક્ત થતું નથી; કેમકે અપુનરાવૃત્તિ એ મોક્ષનું લક્ષણ છે; તેથી વિદ્યા હોય તોપણ અપુનરાવૃત્તિ જો અનુપપન્ન થાય તો મોક્ષ એ વિદ્યાનું ફળ થતું નથી; પણ તે તે વિભૂતિઓ તેનું ફળ છે. અપુનરાવૃત્તિશ્રુતિ એ તો તેની પ્રશંસાને અર્થે છે એમ પૂર્વપક્ષી માને છે. વળી '**तावदेवास्य चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये**' એ શ્રુતિથી વિદ્વાન્ને દેહપાત સુધી પ્રતીક્ષા કરવાની છે તેમ વસિષ્ઠ આદિને પણ પ્રારબ્ધકર્મફળના ઉપભોગપર્યન્ત પ્રતીક્ષા કરવાની છે એમ કહેવું યુક્ત નથી; કેમકે જે કર્મથી વસિષ્ઠ આદિનું શરીર આરબ્ધ થયું છે તેની પ્રતીક્ષા થાય, તેથી અન્ય શરીર તેઓ ગ્રહણ ન કરે. વળી '**तस्य तावदेव चिरम्**' એ પણ આગંતવ્ય—બીજી રીતે—ઘટતું નથી; કેમકે સમર્થહેતુના સંનિધિમાં ક્ષેપ-વિલંબ યુક્ત નથી. તેટલા માટે વિદ્યાની સ્તુતિરૂપજ સમજવાનું છે. તેટલા માટે અપવર્ગ એ વિદ્યાનું ફળ નથી. આમ અપવર્ગના આક્ષેપથી પૂર્વપક્ષ છે. હવે જ્ઞાન એ મુક્તિનો અહેતુ નથી એમ સિદ્ધાન્ત કરે છે—'ના, અપાન્તરતમસ્ આદિ' ઇત્યાદિ. લોકવ્યવસ્થામાં સ્થિતિ એવું

ન આવક ૦, ૧ ન ૧ ૪૦.૧૦ ૨ પ્રારબ્ધ જ્યાંસુધી છે ત્યાંસુધી જીવન્મુક્ત તરીકે અધિકાર.

આદિ અધિકારમાં નિયુક્ત થયા છે, તેમની સ્થિતિ અધિકારને અધીન છે. જેમ આ ભગવાન્ સૂર્ય સહસ્ર યુગ સુધી જગત્નો અધિકાર ચલાવીને તેને અન્તે ઉદય અને અસ્તથી રહિત કૈવલ્ય અનુભવે છે; કેમકે 'अथ तत ऊर्ध्व उदेत्य नैवोदिता नास्तमेतैकल एव मध्ये स्थाता' [છાન્દો૦ ૩।૧૧।૧] (પ્રારબ્ધ કર્મના ક્ષય પછી, ત્યાર પછી વિલક્ષણ-કેવલ બ્રહ્મસ્વરૂપ-થઈ, દેહ ત્યાગ કરીને ફરી આદિત્ય નહિજ ઉદય પામે કે અસ્ત પામે, પણ એકલોજ, મધ્યે-પોતાને વિષે રહે છે) એવી શ્રુતિ છે. વળી જેમ વર્તમાન બ્રહ્મવેત્તાઓ આરબ્ધ કર્મના ભોગનો ક્ષય થયે કૈવલ્ય અનુભવે છે, કેમકે 'तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये' [છાન્દો૦ ૬।૧૪।૨] (તેનો એટલે આચાર્યવાન્ પુરુષ જેનું અવિદ્યારૂપી બન્ધન છૂટ્યું છે તેનો ત્યાંસુધીજ સદાત્મસ્વરૂપસંપત્તિથી વિલંબ થાય છે કે જ્યાંસુધી તે દેહથી વિમુક્ત થતો નથી, પછી બ્રહ્મસંપત્તિ પામે છે) એવી શ્રુતિ છે. એ પ્રમાણે અપાન્તરતમસ્ આદિ પણ ઈશ્વરો, પરમેશ્વરે તે તે અધિકારોમાં નિયુક્ત થયલા થઈ, કૈવલ્યનો હેતુ જે સમ્યગ્દર્શન તે છે તોપણ, કર્મો ક્ષીણ થયાં નથી એવા, અધિકારપર્યન્ત રહે છે, ને તેનો અવસાન થયે મુક્ત થાય છે એમ અવિરુદ્ધ છે; કારણ કે અધિકારનું ફળ આપવાને માટે એક વાર પ્રવૃત્ત થયલો કર્માશય સમાપ્ત કરતા, તેઓ એક ઘરથી

ગ્રીની અવસ્થિતિ છે. પ્રારબ્ધનો ક્ષય થયે, પ્રતિબન્ધકનો અભાવ છે તેથી વિદેહકૈવલ્ય પ્રાપ્ત થાય છે એને વિષે પ્રમાણ કહે છે—'अथ तत ऊर्ध्वः' ઇત્યાદિ. अथ = પ્રારબ્ધનો ક્ષય થયા પછી, 'ततः' જગત્થી. ऊर्ध्वः = વિલક્ષણ, કેવલ બ્રહ્મસ્વરૂપ થઈ. उदेत्य = દેહનો ત્યાગ કરી. 'एकल एव' = અદ્વિતીય. मध्ये = ઉદાસીન આત્મસ્વરૂપમાં રહે છે એવો અર્થ છે. પણ જ્ઞાનીને પણ અન્ય જન્મ હોય તો મુક્તિ શી રીતે તેને માટે કહે છે—'કારણ કે અધિકારનું ફળ આપવાને માટે' ઇત્યાદિ. જો જ્ઞાનીઓનો અન્ય જન્મ પ્રારબ્ધથી ભિન્ન કર્મને અધીન હોય તો જ્ઞાનથી મુક્તિનો અભાવ થાય: પણ તેમ નથી; પરંતુ બહુજન્મમાં ફળ આપવાને માટે એક વાર ઉત્પન્ન થયલું પ્રારબ્ધ તેઓ ક્ષીણ કરે છે. જન્મ ગ્રહણ કરે છે તોપણ જ્ઞાનયોગના બળથી તેઓ શોચ કરતા નથી અને પ્રારબ્ધ સમાપ્ત થયે મુક્ત થાય છે એવો અર્થ છે. સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છે—'विद्याकर्मस्वनुष्ठानतोषितेश्वरचोदितम् । अधिकारं समाप्यैते प्रविशन्ति परं पदम् ॥'—વિદ્યા અને કર્મને વિષે અનુષ્ઠાનથી તોષિત થયલા ઈશ્વરે પ્રેરેલા અધિકારને સમાપ્ત કરીને એ વિદ્વાનો પર પદને પ્રાપ્ત કરે છે. નિર્ગુણવિદ્યામાં અપવર્ગશ્રવણ જે શ્રુતિમાં કહ્યું છે તેનું, સ્તુતિમાત્રને અર્થે છે એમ વ્યાખ્યાન કરવું ઉચિત નથી; કારણ કે પૌર્વાપર્ય—પૂર્વાપરસમ્બન્ધનું પર્યાલોચન કરતાં બધી શ્રુતિઓનું એનેજ વિષે—અપવર્ગનેજ વિષે તાત્પર્ય નક્કી થાય છે; અને જ્યાં તાત્પર્ય છે તે અન્યથા કરવું યુક્ત નથી. વળી અપાન્તરતમસ્ આદિ વિદ્વાનોનો તે તે દેહમાં સંચાર થાય છે તેથી, બ્રહ્મવિદ્યા છે તોપણ મોક્ષ નથી તેથી બ્રહ્મવિદ્યા મોક્ષહેતુ નથી એમ કહેવું યુક્ત નથી; કારણ કે હેતુ પણ પ્રતિબન્ધ હોય તેથી કાર્ય ઉત્પન્ન ન કરે, એથી એનો હેતુભાવ દૂર થતો નથી. ખરેખર, ડીંટું અને ફળના સંયોગથી પ્રતિબદ્ધ થયલું ગુરુત્વ પતન ઉત્પન્ન કરતું નથી, માટે કંઈ ગુરુત્વ પતનનો હેતુ નથી એમ નથી; કેમકે પ્રતિબન્ધ દૂર થયે પતન ઉત્પન્ન કરે છે. વળી સેતુ જેનો પ્રતિબન્ધ છે એવું પાણી નીચા પ્રદેશમાં વહેતું નથી તેથી સેતુનો ભેદ થયે કંઈ તે નીચા પ્રદેશમાં નહિ વહે એમ નથી. તેમજ અહિં પણ વિદ્યા ને કર્મની આરાધનાથી પ્રસન્ન થયલા

થયેલા ઉપર્યુક્ત કર્મને વિષે, અન્ય દેહની ઉત્પત્તિનું કારણ, અન્ય કર્મ આવિર્ભાવ પામે, તો અન્ય પણ, જેનું બીજ બળી ગયું નથી એવું કર્માન્તર તેજ પ્રમાણે પ્રસક્ત થાય તેથી બ્રહ્મવિદ્યા પાક્ષિક મોક્ષહેતુ છે કે મોક્ષનો અહેતુ છે એમ આશંકા થાય, પણ એ આશંકા યુક્ત નથી; કેમકે જ્ઞાનથી કર્મબીજનો દાહ થાય છે એ શ્રુતિ અને સ્મૃતિમાં પ્રસિદ્ધ છે; જેમકે શ્રુતિ—'भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥' [મુણ્ડ૦ ૨।૨।૮] (હૃદયની રાગાદિ ગાંઠ—અવિદ્યાવાસનાપ્રચય તૂટે છે અને સર્વ સંશયો છેદાય છે, પર—કારણરૂપ અને અવર-કાર્યરૂપ તે દૃષ્ટ થયે એના-દૃષ્ટાના સર્વ કર્મ નાશ પામે છે (સંસારકારણનો ઉચ્છેદ થવાથી તે મુક્ત થાય છે).) એમ; અને 'स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः' [છાન્દો૦ ૭।૨૬।૨] (સ્મૃતિ પ્રાપ્ત થયે છતે સર્વ (અવિદ્યાકૃત અનર્થપાશરૂપ, હૃદયમાં રહેલી) રાગાદિ ગાંઠનો વિનાશ થાય છે) એ એવા પ્રકારની. સ્મૃતિ પણ 'यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन । ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ॥' [ભગ૦ ગી૦ ૪।૩૭] (જેમ બરાબર પ્રદીપ્ત થયેલો અગ્નિ કાષ્ઠોને બાળી નાખે છે, તેમ, હે અર્જુન, જ્ઞાનાગ્નિ—સમ્યગ્દર્શન, સર્વકર્મો નિર્બીજ કરે છે (સંચિત કર્મોનો જ્ઞાનાગ્નિ નાશ કરે છે. પ્રારબ્ધ કર્મો—જે કર્મોથી શરીર આરબ્ધ છે તે તો પ્રવૃત્તફલ છે—જેનું ફલ પ્રવૃત્ત થયું છે-તેથી ઉપભોગથીજ ક્ષીણ થાય છે; પણ જે કર્મો અપ્રવૃત્તફલ છે—જેનું ફલ પ્રવૃત્ત થયું નથી, અર્થાત્ જે જ્ઞાનોત્પત્તિની પૂર્વે કર્યાં છે કે જ્ઞાનનાં સહભાવી છે અને અતીત અનેક જન્મમાં થયાં છે તે સર્વ સંચિત કર્મો જ્ઞાનાગ્નિ બાળી નાખે છે).) એવી છે અને 'बीजान्यग्न्युपदग्धानि न रोहन्ति यथा पुनः । ज्ञानदग्धैस्तथा क्लेशैर्नात्मा संपद्यते पुनः ॥' (જેમ અગ્નિએ બાળેલાં બીજો પુનઃ ઊગતાં નથી, તેમ જ્ઞાનથી બળેલા ક્લેશો સાથે આત્મા પુનઃ સંપત્તિ-ઐક્ય પામતો નથી) ઇત્યાદિ પણ છે. તેમજ અવિદ્યા આદિ ક્લેશનો દાહ થયે સતે, ક્લેશનું બીજ જે કર્માશય તેના એકદેશનો દાહ થાય અને એકદેશનો પ્રરોહ થાય એ ઉપપન્ન થતું નથી. પણ જેનું ફળ પ્રવૃત્ત થઈ ચૂક્યું છે એવો

'પ્રવૃત્ત થયેલા' ઇત્યાદિ. 'એકવાર પ્રવૃત્ત થયેલા' એટલે જેનો વિપાક પ્રારબ્ધ થયો છે. 'અન્ય દેહની ઉત્પત્તિનું કારણ, અન્ય કર્મ' = જેનો વિપાક પ્રારબ્ધ થયો નથી એવું કર્મ; આરબ્ધ કર્મથી અતિરિક્ત કર્મ. શ્રુતિ અને સ્મૃતિથી જે અર્થ કહ્યો તેને વિષે યુક્તિ પણ કહે છે—'તેમજ અવિદ્યા આદિ ક્લેશનો દાહ થયે સતે' ઇત્યાદિ. વિદ્યાથી ક્લેશનો દાહ થયે, તેનું જે કાર્ય કર્મ તેનો ક્ષય થાય તો પ્રારબ્ધ શી રીતે રહે તેને માટે કહે છે—'પણ જેનું ફળ પ્રવૃત્ત થઈ ચૂક્યું છે' ઇત્યાદિ. શંકા આ પ્રમાણે છે—વિનાશહેતુ સમાન હોય તો કોઈક કર્મનો વિનાશ થાય ને કોઈનો ન થાય એમ કહેવું શક્ય નથી. તો જેનું ફળ પ્રવૃત્ત થયું છે તે કર્મ પણ વિનાશ પામે, એટલે વસિષ્ઠ આદિ વિદ્વાન્ દેહ ધારણ ન કરે. શંકાનો પરિહાર આમ છે—'तस्य तावदेव चिरम्' એ શ્રુતિના પ્રામાણ્યથી, જેનું ફળ આપ્યું નથી એવુંજ કર્મ ક્ષીણ થાય, પણ જેનું ફળ પ્રવૃત્ત થયું છે તે ક્ષીણ ન થાય એમ સમજાય છે. જેમ છૂટેલા બાણનો, લક્ષ્યરૂપ પ્રતિબન્ધકને અભાવે, મધ્યમાં ક્ષય થતો નથી; તેમ જેનું ફળ પ્રવૃત્ત થયું છે એવા કર્મનો પણ મધ્યે ક્ષય નથી. દેહપાત સુધી મોક્ષ થતો નથી એવી શ્રુતિ છે તેથી તેમજ અનુભવથી જણાય છે કે જ્ઞાન, આવરણ કરનાર અજ્ઞાન અંશનું નિવર્તક છે,

વને વિષે આરૂઢ થયું છે; કેમકે 'यत् साक्षादपरोक्षाद्ब्रह्म' [બૃહ૦ ૩।૪।૧] (જે બ્રહ્મ સાક્ષાત્ છે—કશાથી પણ વ્યવહિત નથી—, દ્રષ્ટાને અપરોક્ષ છે તેથી અગૌણ છે) એવી શ્રુતિ છે, અને 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે) એમ સિદ્ધવત્ ઉપદેશ છે; કેમકે 'तत्त्वमसि' એ વાક્યનો અર્થ તે તું મૃત થઈશ એવો લાવવો શક્ય નથી. વળી 'तद्धैतत्पश्यन्नृषिर्वामदेवः प्रतिपेदेऽहं मनुरभवं सूर्यश्च' [બૃહ૦ ૧।૪।૧૦] (ખરેખર, તે એ બ્રહ્મને જોતા ઋષિ વામદેવે તે બ્રહ્મ પ્રાપ્ત કર્યું—હું મનુ થયો, અને સૂર્ય-ઇત્યાદિ મન્ત્રોનું, બ્રહ્મદર્શન થયે, તેને જ્ઞાન થયું) એ શ્રુતિ સમ્યગ્દર્શનના કાળમાંજ તેનું જે ફળ સર્વાત્મત્વ, તે દર્શાવે છે. તેટલા માટે વિદ્વાનની કૈવલ્યસિદ્ધિ અનૈકાન્તિક છે ॥ ૩૨ ॥

अक्षरधियां त्ववरोधः सामान्यतद्भावाभ्यामौपसदवत्तदुक्तम् ॥ ३३ ॥

અક્ષરને વિષે દ્વૈતનિષેધબુદ્ધિ કરાવનારા શબ્દોનો ઉપસંહાર છે, સામાન્યથી (વિશેષ નિરાકરણરૂપ બ્રહ્મપ્રતિપાદનપ્રકાર સર્વત્ર સમાન છે તેથી) અને તદ્ભાવથી (તેજ બ્રહ્મની સર્વત્ર પ્રત્યભિજ્ઞા છે તેથી), ઔપસદ (ઉપસદ્‌ને વિષે પુરોડાશ દ્રવ્યવાળા બાર હોમ વિહિત છે તેના મંત્રો) ની પેઠે, તે કહ્યું છે (પૂર્વમીમાંસામાં) ॥ ૩૩ ॥

વાજસનેયકમાં શ્રવણ થાય છે કે 'एतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनण्वह्रस्वमदीर्घमलोहितमस्नेहम्' [બૃહ૦ ૩।૮।૮] [(યાજ્ઞવલ્ક્ય કહે છે,) હે ગાર્ગિ જે તેં મને પૂછ્યું છે કે કોને વિષે આકાશ ઓતપ્રોત છે, તે એ છે, એટલે, અક્ષર—જે ક્ષીણ થતું નથી તે છે એમ બ્રહ્મવેત્તાઓ કહે છે (હું અવાચ્ય કહેતો નથી કે તે હું નથી જાણતો એમ નથી) ('તે અક્ષર શું છે, જે બ્રાહ્મણો કહે છે ! તે કહો.' તેનું પ્રતિવચન કહે છે). તે અસ્થૂલ, અનણુ, અહ્રસ્વ, ને અદીર્ઘ છે (આમ પરિમાણના પ્રતિષેધથી દ્રવ્યધર્મ પ્રતિષિદ્ધ થયો એટલે અક્ષર એ દ્રવ્ય નથી એવો અર્થ છે), (અગ્નિના ગુણ) લોહિતથી ભિન્ન છે, (જળના ગુણ)

ઘોર પરિતાપ શમાવે છે એમ અનુભવથી અને ખુલ્લી રીતે મુક્તિની દૃઢતાથી પણ સમજાય છે અને શ્રુતિ પણ દર્શાવે છે. અનુભવથી વામદેવ આદિને એ સિદ્ધ છે. પણ તત્ત્વમસિ એ વાક્ય અનુભવજ શી રીતે સૂચવે છે તેને વિષે કહે છે—" 'तत्त्वमसि' એ વાક્યનો અર્થ " ઇત્યાદિ. વર્તમાન અપદેશ છે તેનો ભવિષ્યત્ અર્થ લેવો અને મૃતઃ શબ્દનો અધ્યાહાર લેવો અશક્ય છે એવો અર્થ છે. તેટલા માટે નિર્ગુણવિદ્યામાં માર્ગનો અનુપસંહાર છે એ સિદ્ધ થયું ॥ ૩૨ ॥

જેમ આધિકારિકોને પ્રારબ્ધ કર્મને લીધે અન્ય દેહનો આરંભ સિદ્ધ થાય છે, અને પ્રારબ્ધથી અતિરિક્ત કર્મ એ દેહાન્તરની ઉત્પત્તિનું નિમિત્ત નથી એમ પૂર્વ અધિકરણમાં કહ્યું

સ્નેહથી પણ ભિન્ન છે) ઇત્યાદિ. તેમજ આથર્વણમાં પણ શ્રુતિ છે—' अथ परा यया तदक्षरमधिगम्यते यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णम् ' [મુણ્ડ૦ ૧।૧।૫] (હવે એ પરા વિદ્યા કહેવાય છે કે જેથી તે અક્ષર પ્રાપ્ત થાય છે. { અક્ષર કેવું છે? } અદ્રશ્ય { સર્વ બુદ્ધીન્દ્રિયોને અગમ્ય }, અગ્રાહ્ય { સર્વ કર્મેન્દ્રિયોનો અવિષય }, મૂલરહિત, વર્ણથી એટલે સ્થૂલત્વ, શુક્લત્વ આદિ દ્રવ્યધર્મોથી રહિત છે) ઇત્યાદિ. તેજ પ્રમાણે અન્યત્ર પણ વિશેષના નિરાકરણદ્વારા અક્ષર, પર બ્રહ્મની શ્રુતિ કરાવાય છે, તેમાં ક્વચિત્, કેટલાક અતિરિક્ત વિશેષોનો પ્રતિષેધ થાય છે. તે એ સર્વ વિશેષપ્રતિષેધબુદ્ધિની સર્વત્ર પ્રાપ્તિ છે કે વ્યવસ્થા છે એમ સંશય થયે શ્રુતિવિશેષથી વ્યવસ્થા પ્રાપ્ત થયે કહે છે કે અક્ષર વિષે સર્વ વિશેષપ્રતિષેધબુદ્ધિનો સર્વત્ર ઉપસંહાર કરવો યુક્ત છે, સામાન્ય અને તદ્ભાવને લીધે; કારણકે વિશેષ નિરાકરણરૂપ બ્રહ્મપ્રતિપાદનપ્રકાર સર્વત્ર સમાન છે; અને તેજ પ્રતિપાદ્ય બ્રહ્મની સર્વત્ર અભિન્ન તરીકે પ્રત્યભિજ્ઞા થાય છે. તેમાં એકત્ર કીધેલી બુદ્ધિ અન્યત્ર કેમ ન થાય? તેવીજ રીતે ' आनन्दादयः प्रधानस्य ' [બ્રહ્મ સૂ૦ ૩।૩।૧૧] (આનન્દ આદિ પ્રધાનના { ધર્મો સર્વે સર્વત્ર સમજવાના છે }) એમાં વ્યાખ્યાન કર્યું છે.

છે, તે પ્રમાણે તે તે પ્રકરણમાં શીખેલા નિષેધોથીજ ઉપલક્ષણથી સર્વ દ્વૈતનો નિષેધ થાય છે. તેથી અન્ય શાખાના નિષેધો બ્રહ્મનું જ્ઞાન કરાવવામાં હેતુ નથી એમ આશંકા કરી કહે છે—' अक्षरधियां त्ववरोधः ' આ અધિકરણમાં અક્ષરબ્રહ્મની પ્રમિતિ કરાવનારા નિષેધશબ્દો વિષય છે. તે શબ્દોમાં જ્યાં જેટલાનું શ્રવણ છે ત્યાં અશેષદ્વૈતનો નિષેધ કરવામાં સમર્થ છે કે નહિ એમ સંભવ અને અસંભવથી સંશય કહે છે—' તે એ સર્વ વિશેષપ્રતિષેધબુદ્ધિની ' ઇત્યાદિ. જેમ નિર્ગુણવિદ્યામાં માર્ગ અનપેક્ષિત છે તેથી તેનો અનુપસંહાર છે, તેમ શ્રુતિવિધિ ઉપલક્ષણથી સર્વ દ્વૈતનો નિષેધ થાય એવો સંભવ છે તેથી, અન્ય શાખાના નિષેધશબ્દોની અપેક્ષા નથી માટે તેનો અનુપસંહાર છે એમ દ્રષ્ટાન્તસંગતિથી પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષમાં [illegible] એ ફળ છે. પણ સિદ્ધાન્તમાં બે દોષનો અભાવ એ ફળ છે; કારણ કે જો શ્રુત નિષેધશબ્દોથી અશ્રુત નિષેધો લક્ષ્ય થાય તો લક્ષણાદોષ પ્રાપ્ત થાય, જો લક્ષ્ય ન થાય તો સર્વ દ્વૈતનો નિષેધ અસિદ્ધ થવાથી નિર્વિશેષની પ્રમિતિનો અભાવ થાય એ દોષ થાય. આવો પૂર્વપક્ષ અને સિદ્ધાન્તનો વિવેક છે. ' अक्षरधियां त्ववरोधः ' ઇત્યાદિ સૂત્રની યોજના આ પ્રમાણે કરવી—અક્ષર એ ધર્મિ વિષે દ્વૈતનિષેધબુદ્ધિ તે અક્ષરધી તેના હેતુ તે શબ્દો. અક્ષર વિષે દ્વૈતનિષેધબુદ્ધિના હેતુ જે શબ્દો તેનો ' અવરોધ ' એટલે ઉપસંહાર છે. આરોપિત વિશેષના નિરસનથી બ્રહ્મની પ્રમિતિ તે તે શાખાઓમાં સર્વત્ર તુલ્ય છે, અને બ્રહ્મ જે પ્રતિપાદ્ય તેનું સર્વત્ર એકત્વથી પ્રત્યભિજ્ઞાન થાય છે; તેથી તેના બોધના શબ્દપ્રત્યયોનો ઉપસંહાર છે એવો અર્થ છે. પણ શ્રુતિના કહેલા કેટલાક નિષેધશબ્દોથીજ સર્વ નિષેધનું ઉપલક્ષણ થાય, [illegible] કરવું શું કામ છે એમ શંકા કરી કહે છે—' તેમાં એકત્ર કીધેલી બુદ્ધિ ' ઇત્યાદિ. ' [illegible] ' = [illegible]. અનુપસંહાર કરીએ તો અશ્રુત દ્વૈતનિષેધને માટે ત્યાં ત્યાં કેટલાક નિષેધશબ્દોની લક્ષણા કરવી પડે, કે દ્વૈતનો એકદેશ બાકી રહે, તો દ્વૈતનિષેધવાળી [illegible] [illegible] એવો અર્થ છે. તેને વિષે અનુકૂળ ન્યાય કહે છે— તેવીજ રીતે ' आनन्दादयः ' ઇત્યાદિ. માટે પુનરુક્તિ થશે એમ આશંકા કરી

જેમાં વિશિષ્ટ [illegible] છે, અને આદિ [illegible] છે; અને એ [illegible] 'પ્રપંચને માટે છે. [illegible] ([illegible]) [illegible]

[illegible] જેમાં વિશિષ્ટ [illegible] અધીન છે તેથી, [illegible]

[illegible]

[illegible]

[illegible]

ટેકાણે પણ ઉત્પન્ન થયા છે, તેનો સર્વત્ર અક્ષર સાથે અભિસંબન્ધ છે એવો અર્થ છે. તેટલા માટે પ્રથમ કાણ્ડમાં 'गुणमुख्यव्यतिक्रमे तदर्थत्वान्मुख्येन वेदसंयोगः' [જૈ૦ સૂ૦ ૩।૩।૮] (ગુણ અને મુખ્યનો વિરોધ થયે, મન્ત્રાત્મક વેદનો મુખ્ય, અધ્વર્યુ સાથે સંપ્રયોગ છે, ઉત્પત્તિ વિનિયોગને અર્થે છે તેથી) એમાં ॥૩૩॥

વ્યાખ્યાનને વિષે 'य एवं विद्वानग्निमाधत्ते' એવી શ્રુતિ છે તેના અંગ તરીકે 'य एवं विद्वान् वारवन्तीयं गायति य एवं विद्वान् यज्ञायज्ञीयं गायति य एवं विद्वान् वामदेव्यं गायति' તેમાંજ સામગાનનું શ્રવણ છે. તેમાં વારવન્તીય આદિ સામવેદમાં ઉત્પન્ન થયા છે તેથી તેમાં ઉત્પન્ન થયલે ઉંચે સ્વરે આધાનને વિષે તેમનો પ્રયોગ કરવો કે જ્યાં તેનો વિનિયોગ છે ત્યાં ઉત્પન્ન થયલે 'ઉપાંશુ સ્વરે પ્રયોગ કરવો એમ સંદેહ થયે આ સૂત્ર પૂર્વ મીમાંસામાં કર્યું છે. ઉત્પત્તિવિધિ એ ગુણ છે અને વિનિયોગવિધિ એ મુખ્ય છે તે બેનો વિરોધ થયે ઉત્પત્તિવિધિનું આલોચન કરવાથી સ્વરનું ઉચ્ચૈસ્ત્વ પ્રાપ્ત થાય છે અને વિનિયોગવિધિનું આલોચન કરવાથી સ્વરનું ઉપાંશુત્વ પ્રાપ્ત થાય છે. એવો વિરોધ થયે મુખ્ય જે વિનિયુજ્યમાન રૂપ તે વડે વારવન્તીય આદિ વેદનો સંયોગ ગ્રહણ કરવો, ઉત્પદ્યમાન ગુણ વડે નહિ, કેમકે ઉત્પદ્યમાન એ વિનિયુજ્યમાનને અર્થે છે. જોકે સામવેદમાં સામોનું વિધાન છે, તોપણ તે વાક્યો તેની ઉત્પત્તિમાત્ર બતાવે છે; વિનિયોગ તો યાજુર્વૈદિક વાક્યોથીજ પ્રાપ્ત થાય છે, કેમકે તેમાંથી સમીહિત અર્થની પ્રાપ્તિ છે. આ કારણથી ઉત્પત્તિવાક્યો વિનિયોગવાક્યોને અર્થેજ છે. તેટલા માટે જે વાક્ય વડે વિનિયોગ થાય છે તેનાજ સ્વરનું ગ્રહણ છે. અર્થાત્, વારવન્તીય આદિ સામો ઉચ્ચૈઃ સ્વરવાળા સામવેદમાં ઉત્પન્ન થવાથી આધાનના અંગ તરીકે ઉચ્ચૈઃસ્વરનો પ્રયોગ છે; અને 'य एवं विद्वान् वारवन्तीयं गायति यज्ञायज्ञीयं गायति वामदेव्यं गायति' એ આધાનમાં એ સામોનો, યાજુષ વિનિયોગવિધિથી યજુર્વેદના ઉપાંશુ સ્વરનો પ્રયોગ છે એમ ગુણ અને મુખ્યનો વિરોધ થયે, ઉત્પત્તિ એ વિનિયોગને અર્થે છે તેથી મુખ્ય વિનિયોગજનથી સામોનો યજુર્વેદસ્વરપ્રયોગ છે એમ વ્યાખ્યાન શબરભાષ્યમાં કર્યું છે. અત્ર ઉત્પત્તિ એ પ્રથમજની છે તેથી છાન્દોગ્યમાં ઉત્પન્ન થયલા મન્ત્રોનો ઉદ્ગાતા કર્તા છે એ પૂર્વપક્ષ છે. સિદ્ધાન્તનો અભિપ્રાય એવો છે કે ગુણભૂત મન્ત્રો અને પ્રધાનભૂત ઉપવેદ વિરોધ થયે, ગુણ પ્રધાનને અર્થે છે તેથી પ્રધાનની સાથે વેદસંયોગ છે, પ્રધાનવેદસમન્વી કર્તા છે તેજ કર્તા મન્ત્રોના થશે. જોકે ઉત્પત્તિ પ્રથમ થઈ છે તોપણ તે પ્રયોગવિધિને અર્થે છે તેથી અને પ્રયોગ યજુર્વેદમાં કર્યો છે તેથી યાજુર્વૈદિક કર્તાજ મન્ત્રોમાં છે. ઉદ્ગાતૃવેદમાં ઉત્પન્ન થવલા મન્ત્રોનો ઉદ્ગાતાથી પ્રયોગ પ્રાપ્ત થયે, એ મન્ત્રો અધ્વર્યુથી જેનું પ્રધાન થાય છે એવા પુરોડાશમાં વિનિયુક્ત છે તેથી, પ્રધાનને અનુસારે અધ્વર્યુથીજ એ મન્ત્રોનો પ્રયોગ છે, ઉદ્ગાતાથી નહિ. સૂત્રકારે અન્ય ઉદાહરણ આપ્યું છે તે સમાન ન્યાયને લીધે છે એ અવિરોધ છે ॥ ૩૩ ॥

इयदामननात् ॥ ३४ ॥

ઇયત્તાપરિચ્છિન્ન દ્વિત્વયુક્ત વેદ્યરૂપની શ્રુતિ છે તેથી (વિદ્યાનું એકત્વ છે) ॥ ૩૪ ॥

'द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्न्यो अभिचाकशीति' [મુણ્ડ૦ ૩।૧।૧] (બે સુંદર પર્ણવાળા-નિયમ્યનિયામકભાવવાળા, સર્વદા સાથેજ યુક્ત, સખા—સમાન અભિવ્યક્તિકારણવાળા—સમાન વૃક્ષમાં-શરીરમાં-આશ્રય કરીને રહેલા છે; તેમાંનું એક-ક્ષેત્રજ્ઞ સ્વાદયુક્ત ફળ—સુખદુઃખલક્ષણ કર્મનિષ્પન્ન ફળ—ખાય છે, બીજો—નિત્ય શુદ્ધબુદ્ધમુક્તસ્વભાવ ઈશ્વર—ખાધા વગર જોયા કરે છે) એમ અધ્યાત્મના અધિકારમાં આથર્વણિકો અને શ્વેતાશ્વતરો મન્ત્ર પડે છે. તેમજ કઠો કહે છે—'ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे । छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥' [કઠ૦ ૩।૧] (અવશ્ય થનારા કર્મફળને ભોગવનારા, સુકૃતના કાર્ય, દેહને વિષે શ્રેષ્ઠ હૃદયમાં જે આકાશરૂપ ગુહા છે તેમાં પ્રવેશ પામેલા, છાયા અને આતપની પેઠે પરસ્પર વિરુદ્ધ, એવા બેને બ્રહ્મવેત્તાઓ, પંચાગ્નિઓ[1], અને ત્રણવાર નાચિકેત અગ્નિનું જેમણે ચયન કર્યું છે તેઓ કહે છે)એમ. શું અહિં વિદ્યાનું એકત્વ છે કે નાનાત્વ છે એમ સંશય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? વિદ્યાનું નાનાત્વ છે એમ. શાથી? વિશેષ જોવામાં આવે છે તેથી; કારણ કે 'द्वा सुपर्णा' (બે સુંદર પર્ણવાળા) એમાં એક ભોક્તા અને અન્ય અભોક્તા દેખાય છે. 'ऋतं पिबन्तौ' (અવશ્ય થનારા કર્મફળને ભોગવનારા) એમાં બંને પણ ભોક્તાજ દેખાય છે. તેટલા માટે વેદ્યનું સ્વરૂપ ભિન્ન થતું વિદ્યાને ભિન્ન કરે એમ પ્રાપ્ત થયે કહે છે કે—વિદ્યા એક છે. શાથી? કારણ કે એ બંને મન્ત્રોમાં ઇયત્તાથી પરિચ્છિન્ન, દ્વિત્વયુક્ત વેદ્યરૂપ અભિન્નજ છે એમ શ્રુતિઓ કહે છે. પણ રૂપભેદ દર્શાવ્યો છે. અમે કહીએ છીએ કે ના. એ બંને મન્ત્રો જીવદ્વિતીય ઈશ્વરનું પ્રતિપાદન કરે છે, અન્ય અર્થનું નહિ. 'द्वा सुपर्णा' (બે સુંદર પર્ણવાળા) એમાં 'अनश्नन्न्यो अभिचाकशीति' (બીજો ખાધા વગર જોયા કરે છે) એમ બુભુક્ષા આદિથી અતીત પરમાત્માનું પ્રતિપાદન થાય છે;

બને મન્ત્રોમાં પ્રતિપાદન કરવાનો પ્રકાર ભિન્ન છે અને તેથી વેદ્યના ઐક્યનું ભાન થાય છે તેથી સશય કહે છે—('શું અહિં વિદ્યાનું એકત્વ કે નાનાત્વ છે એમ સંશય છે.') ઋતપાન વાક્યમાં (કઠ૦ ૩।૧માં) 'अक्षरं ब्रह्म यत्परम्' (જે પરમ આશ્રય અક્ષર બ્રહ્મ છે) એ સુક્ષેતુ શ્રવણ છે; અને સુપર્ણવાક્યમાં (મુણ્ડ૦ ૩।૧।૧ માં) અનશ્નત્વ-અનુપમોગ આદિ ધર્મો છે. એ ધર્મોનો પરસ્પર અનુપસંહાર એ પૂર્વપક્ષનું ફળ છે; સિદ્ધાન્તમાં ધર્મોનો ઉપસંહાર હોવાથી બ્રહ્મસ્વરૂપ પ્રતિપાદન કરનાર વાક્યોનો એક અર્થ થવાથી ઉપસંહાર છે એમ પૂર્વપક્ષ અને સિદ્ધાન્તનો વિવેક છે. વેદ્ય એક હોવાથી અક્ષરબુદ્ધિ—અક્ષરને—બ્રહ્મને વિષે દ્વૈતનિષેધબુદ્ધિ કરનારા શબ્દોનો ઉપસંહાર થાઓ (પૂર્વ અધિકરણમાં); અહિં તો વેદ્યનો ભેદ

1 ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ, આહવનીય, સભ્ય, અને આવસથ્ય.

ઠેકાણે પણ ઉત્પન્ન થયા છે, તેનો સર્વત્ર અક્ષર સાથે અભિસંબન્ધ છે એવે
છે. તેટલા માટે પ્રથમ કાણ્ડમાં 'गुणमुख्यव्यतिक्रमे तदर्थत्वान्मुख्येन वेदसं
[જૈ૦ સૂ૦ ૩।૩।૮] (ગુણ અને મુખ્યનો વિરોધ થયે, મન્ત્રાત્મક વેદને
બલવત્તર, અધ્વર્યુ સાથે સંપ્રયોગ છે, ઉત્પત્તિ વિનિયોગને અર્થે છે તેથી) એમ

વ્યાખ્યાનને વિષે 'य एवं विद्वानग्निमाधत्ते' એવી શ્રુતિ છે તેના અંગ તરીકે 'य ए
द्वान् वारवन्तीयं गायति य एवं विद्वान् यज्ञायज्ञीयं गायति य एवं विद्वान् व
गायति' તેમાંજ સામગાનનું શ્રવણ છે. તેમાં वारवन्तीय આદિ સામવેદમાં ઉત્પન્ન
તેથી તેમાં ઉત્પન્ન થયલે ઊંચે સ્વરે આધાનને વિષે તેમનો પ્રયોગ કરવો કે જ્ય
વિનિયોગ છે ત્યાં ઉત્પન્ન થયલે ઉપાંશુ સ્વરે પ્રયોગ કરવો એમ સંદેહ થયે આ સ
મીમાંસામાં કહ્યું છે. ઉત્પત્તિવિધિ એ ગુણ છે અને વિનિયોગવિધિ એ મુખ્ય છે તે
વિરોધ થયે ઉત્પત્તિવિધિનું આલોચન કરવાથી સ્વરનું ઉચ્ચૈસ્ત્વ પ્રાપ્ત થાય છે અને
ગવિધિનું આલોચન કરવાથી સ્વરનું ઉપાંશુત્વ પ્રાપ્ત થાય છે, એવો વિરોધ થયે મુ
વિનિયુજ્યમાન રૂપ તે વડે વારવન્તીય આદિ વેદનો સંયોગ ગ્રહણ કરવો, ઉત્પદ્યમાન
નહિ, કેમકે ઉત્પદ્યમાન એ વિનિયુજ્યમાનને અર્થે છે. જોકે સામવેદમાં સામોનું વિ
તોપણ તે વાક્યો તેની ઉત્પત્તિમાત્ર બતાવે છે; વિનિયોગ તો યાજુર્વૈદિક વાક્યોથીજ પ્ર
છે, કેમકે તેમાંથી સમીહિત અર્થની પ્રાપ્તિ છે. આ કારણથી ઉત્પત્તિવાક્યો વિનિયોગ
અર્થેજ છે. તેટલા માટે જે વાક્ય વડે વિનિયોગ થાય છે તેનાજ સ્વરનું ગ્રહણ છે.
વારવન્તીય આદિ સામો ઉચ્ચૈઃ સ્વરવાળા સામવેદમાં ઉત્પન્ન થવાથી આધાનના અંગ
ઉચ્ચૈઃસ્વરનો પ્રયોગ છે; અને 'य एवं विद्वान् वारवन्तीयं गायति यज्ञायज्ञीयं
वामदेव्यं गायति' એ આધાનમાં એ સામોનો, યાજુષ વિનિયોગવિધિથી યજુર્વેદના
સ્વરનો પ્રયોગ છે એમ ગુણ અને મુખ્યનો વિરોધ થયે, ઉત્પત્તિ એ વિનિયોગને અર્થે છે
મુખ્ય વિનિયોગબળથી સામોનો યજુર્વેદસ્વરસંયોગ છે એમ વ્યાખ્યાન શબરભાષ્યમાં
ઉત્પત્તિ એ પ્રથમભાવી છે તેથી છાન્દોગ્યમાં ઉત્પન્ન થયલા મન્ત્રોનો ઉદ્ગાતા કર્તા છે
પૂર્વપક્ષ છે. સિદ્ધાન્તનો અભિપ્રાય એવો છે કે ગુણભૂત મન્ત્રો અને પ્રધાનભૂત ઉ
વિરોધ થયે, ગુણ પ્રધાનને અર્થે છે તેથી પ્રધાનની સાથે વેદસંયોગ છે, પ્રધાનવેદસંબ
કર્તા છે તેજ કર્તા મન્ત્રોમા થશે. જોકે ઉત્પત્તિ પ્રથમ થઈ છે તોપણ તે પ્રયોગવિધિને
છે તેથી અને પ્રયોગ યજુર્વેદમાં કર્યો છે તેથી યાજુર્વૈદિક કર્તાજ મન્ત્રોમાં છે. ઉદ્ગા
ઉત્પન્ન થયલા મન્ત્રોનો ઉદ્ગાતાથી પ્રયોગ પ્રાપ્ત થયે, એ મન્ત્રો અધ્વર્યુથી જેનું પ્રદાન
છે એવા પુરોડાશમાં વિનિયુક્ત છે તેથી, પ્રધાનને અનુસારે અધ્વર્યુથીજ એ મન્ત્રોનો
છે, ઉદ્ગાતાથી નહિ. સૂત્રકારે અન્ય ઉદાહરણ આપ્યું છે તે સમાન ન્યાયને લીધે
અવિરોધ છે ॥ ૩૩ ॥

इयदामननात् ॥ ३४ ॥

ઇયત્તાપરિચ્છિન્ન દ્વિત્વયુક્ત વેદ્યરૂપની શ્રુતિ છે તેથી (વિદ્યાનું એકત્વ છે) ॥ ૩૪ ॥

'द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति' [મુણ્ડ૦ ૩।૧।૧] (બે સુંદર પર્ણવાળા-નિયમ્યનિયામકભાવવાળા, સર્વદા સાથેજ યુક્ત, સખા—સમાન અભિવ્યક્તિકારણવાળા—સમાન વૃક્ષમાં-શરીરમાં—આશ્રય કરીને રહેલા છે; તેમાંનું એક-ક્ષેત્રજ્ઞ સ્વાદયુક્ત ફળ—સુખદુઃખલક્ષણ કર્મનિષ્પન્ન ફળ—ખાય છે. બીજો—નિત્ય શુદ્ધબુદ્ધમુક્તસ્વભાવ ઈશ્વર—ખાધા વગર જોયા કરે છે) એમ અધ્યાત્મના અધિકારમાં આથર્વણિકો અને શ્વેતાશ્વતરો મન્ત્ર પડે છે. તેમજ કઠો કહે છે—'ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे । छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥' [કઠ૦ ૩।૧] (અવશ્ય થનારા કર્મફળને ભોગવનારા, સુકૃતના કાર્ય, દેહને વિષે શ્રેષ્ઠ હૃદયમાં જે આકાશરૂપ ગુહા છે તેમાં પ્રવેશ પામેલા, છાયા અને આતપની પેઠે પરસ્પર વિરુદ્ધ, એવા બેને બ્રહ્મવેત્તાઓ, પંચાગ્નિઓ[1], અને ત્રણવાર નાચિકેત અગ્નિનું જેમણે ચયન કર્યું છે તેઓ કહે છે) એમ. શું અહિં વિદ્યાનું એકત્વ છે કે નાનાત્વ છે એમ સંશય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? વિદ્યાનું નાનાત્વ છે એમ. શાથી? વિશેષ જોવામાં આવે છે તેથી; કારણ કે 'द्वा सुपर्णा', (બે સુંદર પર્ણવાળા) એમાં એક ભોક્તા અને અન્ય અભોક્તા દેખાય છે. 'ऋतं पिबन्तौ' (અવશ્ય થનારા કર્મફળને ભોગવનારા) એમાં બંને પણ ભોક્તાજ દેખાય છે. તેટલા માટે વેદ્યનું સ્વરૂપ ભિન્ન થતું વિદ્યાને ભિન્ન કરે એમ પ્રાપ્ત થયે કહે છે કે—વિદ્યા એક છે. શાથી? કારણ કે એ બંને મન્ત્રોમાં ઇયત્તાથી પરિચ્છિન્ન, દ્વિત્વયુક્ત વેદ્યરૂપ અભિન્નજ છે એમ શ્રુતિઓ કહે છે. પણ રૂપભેદ દર્શાવ્યો છે. અમે કહીએ છીએ કે ના. એ બંને મન્ત્રો જીવદ્વિતીય ઈશ્વરનું પ્રતિપાદન કરે છે, અન્ય અર્થનું નહિ. 'द्वा सुपर्णा' (બે સુંદર પર્ણવાળા) એમાં 'अनश्नन्नन्यो अभिचाकशीति' (બીજો ખાધા વગર જોયા કરે છે) એમ બુભુક્ષા આદિથી અતીત પરમાત્માનું પ્રતિપાદન થાય છે;

બંને મન્ત્રોમાં પ્રતિપાદન કરવાનો પ્રકાર ભિન્ન છે અને વેદ્યના ઐક્યનું ભાન થાય છે તેથી સંશય કરે છે—'શું અહિં વિદ્યાનું એકત્વ કે નાનાત્વ છે એમ સંશય છે.' ઋતપાન વાક્યમાં (કઠ૦ ૩।૧માં) 'अक्षरं ब्रह्म यत्परम्' (જે પરમ આશ્રય અક્ષર બ્રહ્મ છે) એ ગુણોનું શ્રવણ છે. અને સુપર્ણવાક્યમાં (મુણ્ડ૦ ૩।૧।૧ માં) અનશ્નત્વ—અનુપભોગ આદિ ધર્મો છે. એ ધર્મોનો પરસ્પર અનુપસંહાર એ પૂર્વપક્ષનું ફળ છે. સિદ્ધાન્તમાં ધર્મોનો ઉપસંહાર હોવાથી બ્રહ્મસ્વરૂપ પ્રતિપાદન કરનાર વાક્યોનો એક અર્થ થવાથી ઉપસંહાર છે એમ પૂર્વપક્ષ અને સિદ્ધાન્તનો વિવેક છે. વેદ્ય એક હોવાથી અક્ષરબુદ્ધિ—અક્ષરને—બ્રહ્મને વિષે દ્વૈતનિષેધબુદ્ધિ કરનારા શબ્દોનો ઉપસંહાર કર્યો (પૂર્વ અધિકરણમાં); અહિં તો વેદ્યનો ભેદ

---

૧ ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ, આહવનીય, સભ્ય, અને આવસથ્ય.

અને વાક્યશેષમાં પણ તેજ પ્રતિપાદન થતો જણાય છે—'जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानम्'-[મુણ્ડ૦ ૩।૧।૨] (જ્યારે {અનેકોથી યોગમાર્ગે} સેવાયેલા ઈશ-સમર્થ બીજાને-પરમાત્માને અને એના મહિમાને જાણે છે {ત્યારે શોકરહિત થાય છે}) એમ. 'ऋतं पिबन्तौ' (અવશ્ય થનારા કર્મફળને ભોગવનારા) એમાં તો જીવ પાન કરે છે ત્યારે બુભુક્ષા આદિથી અતીત, પરમાત્મા પણ સાહચર્યથી છત્રિન્યાયે પાન કરે છે એમ ઉપચાર થાય છે; કેમકે એ પરમાત્માનું પ્રકરણ છે; 'अन्यत्र धर्मादन्यत्राधर्मात्' [કઠ૦ ૨।૧૪] (શાસ્ત્રીય ધર્માનુષ્ઠાનથી, તેનાં ફળ અને કારકોથી, ભિન્ન છે અને અધર્મથી ભિન્ન છે) એમ ઉપક્રમ છે તેથી. અહિં પણ વાક્યશેષ તેને લગતોજ છે, 'यः सेतुरीजानानामक्षरं ब्रह्म यत्परम्' [કઠ૦ ૩।૨] (યજ્ઞ કરનારાઓનો—કર્મવાળાઓનો જે સેતુ જેવો સેતુ છે, જે પરમ આશ્રય અક્ષર બ્રહ્મ છે) એમાં. 'गुहां प्रविष्टावात्मानौ हि' [બ્રહ્મસૂ૦ ૧।૨।૧૧] (ગુહામાં પ્રવિષ્ટ થયેલા {જીવ અને પરમાત્મા છે} કેમકે આત્માઓ છે) એમાં એનો [1]પ્રપંચ કર્યો છે. તેટલા માટે વેદ્યનો ભેદ નથી; અને તેથીજ વિદ્યાનું એકત્વ છે. વળી એ ત્રણે વેદાન્તોમાં પૂર્વાપર સંબન્ધનું પર્યાલોચન કરતાં પરમાત્મવિદ્યાજ સમજાય છે, અને જીવનું ગ્રહણ [2]તાદાત્મ્યવિવક્ષાથીજ છે, અન્ય અર્થની વિવક્ષાથી નથી. તેમજ પરમાત્મવિદ્યામાં ભેદ કે અભેદના વિચારનો અવતારજ નથી એમ કહ્યું છે. તેટલા માટે આ યોગ પ્રપંચને અર્થેજ છે; અને તેટલા માટે અધિક ધર્મોનો ઉપસંહાર છે ॥ ૩૪ ॥

હોવાથી—એકત્ર ભોક્તા અને અભોક્તા એ બે વેદ્ય છે અને અન્યત્ર બંને ભોક્તાજ વેદ્ય છે એમ વેદ્ય ભિન્ન હોવાથી—ઉપસંહાર નથી એમ પ્રત્યુદાહરણથી પૂર્વપક્ષ ઊભો થાય છે. પણ એ પૂર્વપક્ષ ગુહાધિકરણમાં (૧।૨।૧૧ માં) નિરસ્ત કર્યો છે એમ જો શંકા કરે તો એ સત્ય છે; પણ पिबन्तौ (કઠ૦ ૩।૧) માં पिबत् પદનો મુખ્ય અર્થ લેવાય માટે અને સ્વતઃ કલ્પનાથી પાનકૃત્યના આશ્રય બુદ્ધિ અને જીવને પાનકર્તા તરીકે લેવા, અને सुपर्णौ (મુણ્ડ૦ ૩।૧।૧) એ તો જીવ અને ઈશ્વર છે એમ અધિક આશંકા થયે સિદ્ધાન્ત કહે છે—બંને મન્ત્રોમાં દ્વિત્વસંખ્યા જોવામાં આવે છે અને બંનેની તુલ્યતા વિના દ્વિત્વસંખ્યા અયુક્ત છે તેથી ચેતન જીવનો પરમાત્માજ ચેતન હોવાથી તુલ્ય છે એમ पिबन्तौ એમાં લક્ષણા પ્રાપ્ત થાય છેજ. પ્રકરણથી પણ પરમાત્માનુંજ ભાન થાય છે; માટે જીવના અનુવાદથી અસંસારી બ્રહ્મને વિષે બંને મન્ત્રોનું તાત્પર્ય છે, માટે પ્રપંચને અર્થે આ સૂત્ર છે એવો ભાવ છે ॥ ૩૪ ॥

---

૧ વિસ્તાર વિવેચન. ૨ જીવ એ પરમાત્માનું સ્વરૂપ છે, તેથી અભિન્ન છે એ વિવક્ષાથી.

अन्तरा भूतग्रामवत् स्वात्मनः ॥ ३५ ॥

સ્વાત્મા સર્વાન્તર છે એમ શ્રુતિ છે તેથી, ભૂતસમૂહની પેઠે (વિદ્યાનો અભેદ છે) ॥ ૩૫ ॥

'यत् साक्षादपरोक्षाद्ब्रह्म य आत्मा सर्वान्तरः' [બૃહ૦ ૩।૪।૧-૩।૫।૧] (જે બ્રહ્મ સાક્ષાત્-અવ્યવહિત છે; કોઈ પણ દ્રષ્ટાને અપરોક્ષ છે તેથી અગૌણ છે, જે પ્રત્યગાત્મા છે ને સર્વને આભ્યન્તર છે) એમ વ્યવધાન વિના બે વાર ઉષસ્ત અને કહોલના પ્રશ્નમાં વાજસનેયીઓ શ્રવણ કરાવે છે. તેમાં સંશય છે કે વિદ્યાનું એકત્વ છે કે નાનાત્વ? વિદ્યાનું નાનાત્વ છે એમ પ્રાપ્ત થાય છે; 'અભ્યાસના સામર્થ્યથી; કેમકે એમ ન થાય તો અન્યૂન અનતિરિક્ત અર્થને વિષે બે વાર શ્રુતિ અનર્થક થાય. તેટલા માટે જેમ અભ્યાસથી કર્મભેદ છે તેમ અભ્યાસથી વિદ્યાભેદ છે એમ પ્રાપ્ત થયે નિરાકરણ કરે છે—આત્મા અન્તર છે એમ કહેવામાં બંને શ્રુતિમાં વિશેષ નથી, તેથી વિદ્યાનું એકત્વ છે; કારણ કે સર્વના આભ્યન્તર સ્વાત્માને વિષે બંને સ્થળે અવિશિષ્ટ પ્રશ્ન અને પ્રતિવચન છે; કેમકે એક દેહને વિષે 'સર્વાન્તર બે આત્માઓ સંભવતા નથી. ત્યારે તો એક વાસ્તવિક રીતે સર્વાન્તર થાય એ સંભવે, બીજો તો ભૂતસમૂહની પેઠે સર્વાન્તર નજ થાય. જેમ પંચભૂતના સમૂહ દેહમાં પૃથિવીથી જળ અન્તર છે, જળથી તેજ અન્તર છે, એમ અપેક્ષાએ અન્તરત્વ છે તોપણ મુખ્ય સર્વાન્તરત્વ થતું નથી તેમ અહિં પણ, એવો અર્થ છે.

તે મન્ત્રો એકજ અર્થ કહે છે એ ઉક્તિના પ્રસંગથી—એમ પૂર્વ અધિકરણમાં કહ્યું તે પ્રસંગથી—તે બ્રાહ્મણો પણ તુલ્ય અર્થ કહે છે એમ આ અધિકરણમાં કહે છે—'अन्तरा भूतग्रामवत् स्वात्मनः' ઘટાદિક વિષયત્વ હોવાથી અપરોક્ષ છે; બ્રહ્મ તો સાક્ષાત્ અવિષય હોવાથી અપરોક્ષ છે. 'अपरोक्षात्' એમાં પંચમી એ પ્રમાણે પ્રથમાને અર્થે છે. શ્રુતિમાં આત્માનો ધર્મ અપરોક્ષત્વ બ્રહ્મને વિષે કહ્યો છે, અને બ્રહ્મનો ધર્મ, સર્વાન્તરત્વ, આત્માને વિષે કહ્યો છે, એથી આત્મા અને બ્રહ્મ એ તેનું એકત્વ દૃઢીકૃત થયું સમજવું. 'तम्म आचक्ष्व' એમ શેષ છે. ઉષસ્તપ્રશ્નના પ્રતિવચનમાં યાજ્ઞવલ્ક્યે પ્રાણાદિનો પ્રેરક અને દૃષ્ટિ આદિનો સાક્ષી નહિ એવો પ્રતિપાદન કર્યો છે. તેમજ 'यदेव साक्षादपरोक्षाद्ब्रह्म य आत्मा सर्वान्तरस्तम्मे आचक्ष्व' એમ કહોલના પ્રશ્નના ઉત્તરમાં બ્રહ્મ અશનાયા આદિથી અતીત છે એમ યાજ્ઞવલ્ક્યે પ્રતિપાદન કર્યું છે. તેમાં બંને બ્રાહ્મણોમાં પ્રશ્નથી, અભ્યાસથી, અને સર્વાન્તરત્વના પ્રત્યભિજ્ઞાનથી વિદ્યાના ઐક્ય અને અનેકત્વનો સંશય થયે, પૂર્વ અધિકરણમાં મન્ત્રોમાં તો વેદ્ય એક હોવાથી વિદ્યાનું ઐક્ય હતું, પણ અહિં બ્રાહ્મણોમાં તો વેદ્ય એક છે તોપણ અભ્યાસ છે માટે વિદ્યાનો ભેદ છે, પ્રકરણાતિ... અભ્યાસથી પ્રત્યક્ષનો ભેદ છે તેમ, એમ પ્રત્યુદાહરણથી પૂર્વપક્ષની પ્રાપ્તિ છે. પૂર્વપક્ષમાં પરસ્પર ધર્મોનો અનુપસંહાર એ ફળ છે; સિદ્ધાન્તમાં એ ધર્મોનો ઉપસંહાર એ ફળ છે એમ પૂર્વપક્ષ અને સિદ્ધાન્તનો વિશેષ છે. પ્રથમ તો તે વસ્તુ સર્વાન્તર થાય એ અનુપપન્ન છે તેથી બંને બ્રાહ્મણો એક વસ્તુ પ્રતિપાદન કરે છે એ સિદ્ધ થયું. તેથી વેદ્ય એક હોવાથી નિર્ગુણવિદ્યા પણ એક છે એ નિર્વિવાદ છે. પૂર્વપક્ષ ને

૧ પુનરુક્તિ. ૨ સર્વ વસ્તુના આભ્યન્તર. ૩ ઉત્કૃષ્ટ, મુખ્ય.

અથવા 'ભૂતસમૂહની પેઠે' એમ અન્ય શ્રુતિનો નિર્દેશ કરે છે. જેમ 'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा' [શ્વેતા૦ ૬।૧૧] (અદ્વિતીય, દ્યોતનસ્વભાવ, સર્વ પ્રાણીમાં ગૂઢ, સર્વવ્યાપી, સર્વભૂતોનો અન્તરાત્મા—સ્વરૂપભૂત) એ મન્ત્રમા સમસ્ત પ્રાણિસમૂહમાં એકજ સર્વાન્તર આત્માની શ્રુતિ છે; એ પ્રમાણે એ બે બ્રાહ્મણોમાં એવો અર્થ છે. તેટલા માટે વેદ્યનું એકત્વ હોવાથી વિદ્યાનું એકત્વ છે ॥ ૩૫ ॥

अन्यथा भेदानुपपत्तिरिति चेन्नोपदेशान्तरवत् ॥ ३६ ॥

અન્યથા (વિદ્યાભેદ ન સ્વીકારાય તો) (શ્રુતિનો) ભેદ અનુપપન્ન છે એમ જો કહેશો તો તે યુક્ત નથી, બીજા ઉપદેશની પેઠે ॥ ૩૬ ॥

વિદ્યાનો ભેદ ન સ્વીકારીએ તો શ્રુતિનો ભેદ અનુપપન્ન થાય છે એમ જે કહ્યું

સિદ્ધાન્તનો આશય આ પ્રમાણે છે—ઉષસ્ત અને કહોલના પ્રશ્નો જેની અવ્યવહિત શ્રુતિ છે તેમાં કહેલી વિદ્યાઓમાં ભેદ છે કે નહિ તે વિષે વિચાર થાય છે. પૂર્વપક્ષી કહે છે કે ભેદ છે. શાથી? જોકે બંને બ્રાહ્મણોમાં પ્રશ્ન અને ઉત્તર એકજ છે એમ પ્રતીત થાય છે, તોપણ તેજ એક શ્રુતિની કંઈ પણ વિશેષ વગર પુનરુક્તિ અનર્થક થાય તેથી यज्ञति ના અભ્યાસની પેઠે ભેદ પ્રાપ્ત થાય છે. વળી જેમ તાણ્ડીઓનો એકજ ઉપદેશ નવવાર કર્યો છે તેમાં જેમ ભેદ નથી—'स आत्मा तत्त्वमसि श्वेतकेतो' (તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતુ) એમાં, તેમ અહિં પણ અભેદ થશે એમ કહેવું યુક્ત નથી; કેમકે 'भूय एव मा भगवान् विज्ञापयतु' (ફરીથીજ ભગવાન મને કહો) એમ ત્યાં તો શ્રુતિ છે તેથી ત્યાં અભેદ યુક્ત છે; પણ અહિં બ્રાહ્મણોમાં તેમ નથી, તેથી જોકે અહિં વિદ્યાનો અભેદ સમજાય છે, તોપણ એકત્ર તેજ બ્રહ્મના અશનાયા આદિ માત્રના અત્યયરૂપ ઉપાધિની ઉપાસના છે અને અન્યત્ર કાર્યકરણવિરહરૂપ ઉપાધિની ઉપાસના છે તેથી વિદ્યાભેદ છે એમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કરે છે—એ બ્રાહ્મણો કંઈ ઉપાસનાવિધાન પ્રતિપાદન કરતા નથી, પણ વસ્તુસ્વરૂપ પ્રતિપાદન કરે છે એમ પ્રશ્ન અને પ્રતિવચનના પર્યાલોચનથી સમજાય છે. સારૂં, એમ છે તેથી શું? એથી આ થાય છે—વિધિનું તો અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરાવવી એ પ્રયોજન છે તેથી પ્રાપ્ત વસ્તુને વિષે વિધિ અનુપપન્ન છે. વસ્તુસ્વરૂપ તો પુનઃપુનઃ ઉચ્યમાન હોય તોપણ હેયવાળું થતું નથી; કેમકે આપ્ત પુરુષો સોવાર પણ પથ્ય-હિતકારક વચન વદે છે. વિશેષે તો વેદ પિતૃઓથી પણ અભ્યર્હિત છે. વળી સર્વથા પુનરુક્તિજ નથી; કેમકે એકત્ર અશનાયા આદિનો અત્યય કહ્યો છે અને અન્યત્ર કાર્યકારણનો પ્રવિલય કહ્યો છે. તેટલા માટે વિદ્યા એકજ છે; પ્રત્યભિજ્ઞાન થાય છે તેથી. બને વિદ્યાઓ ભિન્ન આત્માનું પ્રતિપાદન કરે છે એમ જે પૂર્વપક્ષીએ માને છે તેને સર્વાન્તરત્વનો વિરોધ દર્શાવ્યો છે ॥ ૩૫ ॥

પૂર્વપક્ષબીજનો અનુવાદ કરી દૂષિત કરે છે—'अन्यथा भेदा' ' ઇત્યાદિ. તેમાં અનુવાદ-'સ્પષ્ટકરણ કરે છે—'વિદ્યાનો ભેદ ન સ્વીકારીએ તો' ઇત્યાદિ. પરિહાર ઉતારે

છે તેનો પરિહાર કરવો જોઈએ. એને વિષે કહીએ છીએ. એ દોષ નથી. અન્ય ઉપદેશની પેઠે ઉપપન્ન થાય છે તેથી. જેમ તાણ્ડીઓના ઉપનિષદમાં છઠ્ઠા પ્રપાઠકમાં 'स आत्मा तत्त्वमसि श्वेतकेतो' [છાન્દો૰ ૬।૮।૭] (તે આત્મા, તે તું છે, હે શ્વેતકેતુ) એમ નવવાર કરેલા પણ ઉપદેશમાં વિદ્યાનો ભેદ થતો નથી, તેમ અહિં પણ થશે. પણ નવવાર કરેલા ઉપદેશમાં વિદ્યાનો ભેદ શી રીતે થતો નથી? ઉપક્રમ અને ઉપસંહારથી એક અર્થ સમન્વય છે તેથી. 'भूय एव मा भगवान् विज्ञापयतु' [છાન્દો૰ ૬।૫।૪] (ફરીથીજ ભગવાન્ મને કહે) એમ એકજ અર્થનો પુનઃ પુનઃ પ્રતિપાદન કરાવવા દષ્ટ તરીકે ઉપક્ષેપ છે તેથી; અને અન્ય આશંકાના નિરા-

છે—'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. વિદ્યાનું ઐક્ય સ્વીકારવાથી અભ્યાસ અનુપપન્ન છે એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે જે અભ્યાસ નિરર્થક છે તેજ કર્મનો ભેદ બતાવે છે; અહિં તો ઉષસ્ત બ્રાહ્મણમાં કહેલા આત્માને વિષેજ અશનાયા આદિથી અતીત છે એમ વિશેષ કહેવું એ અભ્યાસનું પ્રયોજન છે તેથી અભ્યાસ અન્યથાસિદ્ધ છે ને વિદ્યાનો ભેદક નથી એવો અર્થ છે. તાત્પર્ય આ પ્રમાણે છે—સુષુપ્તિ આદિને વિષે જે સદ્રૂપ સાથે જીવ સંપન્ન-એકરૂપ થાય છે તેજ સર્વાત્મક બ્રહ્મ તું છે એમ પ્રથમ તત્ત્વમસિ એથી પ્રતિપાદન કર્યું એટલે 'भूय एव मा भगवान् विज्ञापयतु' (ફરીજ મને ભગવાન્ કહે) એમ પુનઃ પુનઃ જુદી જુદી શંકાવાળા પ્રશ્નો ઉતાર્યાં છે. અને એ શંકાઓ એ સંદર્ભોનું પર્યાલોચન કરવાથી સમજાય છે. દાખલા તરીકે, 'જો સર્વ પ્રજાઓ સુષુપ્તિને વિષે સત્-બ્રહ્મ સાથે સંપત્તિ પામે છે—એક થાય છે, તો તેઓ તે ક્રમે સત્ સાથે સંપન્ન થયા છીએ એમ કેમ જાણતી નથી' આવી શંકા પ્રથમ પ્રશ્નમાં રહેલી છે. એમ ત્યારપછીના શ્રુતિવાક્યથી સમજાય છે. તે શ્રુતિવાક્ય જુદાં જુદાં વૃક્ષોમાંથી આણેલા રસ વડે મધુકરે જે મધ બનાવ્યું છે તેને પ્રસ્તાવીને કહ્યું છે તે તે આ પ્રમાણે છે—'ते यथा तत्र न विवेकं लभन्तेऽमुष्याहं वृक्षस्य रसोऽस्म्यमुष्याहं वृक्षस्य रसोऽस्मीत्येवमेव खलु सोम्येमाः सर्वाः प्रजाः सति संपद्य न विदुः सति संपद्यामह इति' [છાન્દો૰ ૬।૯।૨] (તે પુષ્પરસો, મધુને વિષે એકતા પામેલા, મધુને વિષે વિવેક પામતા નથી કે હું આ વૃક્ષનો-આમ્રનો કે પનસનો—રસ છું; જેમ લોકમાં બહુ ચેતનાવાળાં પ્રાણીઓ એકઠાં થયાં હોય છે તેમાં પ્રાણીઓમાં વિવેક જોવામાં આવે છે, તેઓ સમજે છે કે હું આનો પુત્ર છું, આનો પૌત્ર છું, અને વિવેક પ્રાપ્ત કરી તેઓ સંકીર્ણ થતા નથી, તેમ આદિ અનેક પ્રકારના વૃક્ષરસો,—મધુર, અમ્લ, તિક્ત, અને કટુ—જે મધુ તરીકે એકતા પામ્યા તેઓ મધુર આદિ ભાવે પોતાનો વિવેક સમજતા નથી એવો અભિપ્રાય છે), એજ પ્રમાણે, હે પ્રિય, આ સર્વ પ્રજા દરરોજ બ્રહ્મને વિષે, સુષુપ્તિમાં, મરણ ને પ્રલયમાં, સંપન્ન થાય તોપણ બ્રહ્મ સાથે સંપન્ન થયાં છીએ એમ જાણતી નથી. ત્યારપછીના પ્રશ્નનો અભિપ્રાય આવો છે કે સત્ સાથે સંપન્ન થવામાં વિવેક નથી તેથી સુષુપ્તિકાળમાં ભલે એવું જ્ઞાન ન થાઓ, પણ સુષુપ્તિમાંથી ઉઠેલાને તો એને સત્ સાથે સંપન્ન થયા છીએ એવું જ્ઞાન થવું જોઈએ. પ્રશ્નનો આવો અભિપ્રાય નીચેના વાક્યથી સમજાય છે. એ વાક્ય જળ-સમુદ્રજળ આકર્ષી, વૃષ્ટિરૂપે ભૂમિ પર નાખે છે ને જેનાથી ઉત્પન્ન થયેલી નદીને પ્રસ્તાવીને છે—'इमाः सोम्य नद्यः पुरस्तात् प्राच्यः स्यन्दन्ते पश्चात् प्रतीच्यस्ताः समुद्रात् समुद्रमेवापियन्ति स समुद्र एव भवति ता यथा तत्र न विदुरियमहमस्मीयमहमस्मीति।'

નિરૈ..

કરણથી એકથી વધારે વાર ઉપદેશ ઉપપન્ન થાય છે તેથી, એમ અહિં પણ પ્રશ્ન-સ્વરૂપમાં અભેદ છે તેથી, 'अतोऽन्यदार्तम्' [બૃહ૦ ૩।૪।૨-૩।૫।૨] (એ આત્માથી અન્ય કાર્ય છે—શરીર છે કે કરણાત્મક લિંગ છે) એમ પરિસમાપ્તિમાં અવિશેષ છે તેથી, ઉપક્રમ અને ઉપસંહાર એકજ અર્થને વિષે છે એમ જણાય છે. 'यदेव साक्षादपरोक्षाद्ब्रह्म' [બૃહ૦ ૩।૫।૧] (જેજ બ્રહ્મ સાક્ષાત્-અવ્યવહિત છે, કોઈ પણ દ્રષ્ટાને અપરોક્ષ છે તેથી અગૌણ છે) એમ બીજા પ્રશ્નમાં एवकार (જકાર)નો પ્રયોગ કરી પૂર્વ પ્રશ્નમાંનાજ અર્થનો ઉત્તર પ્રશ્નમાં અનુકર્ષ થયો છે એમ બનાવે છે. પૂર્વ બ્રાહ્મણમાં કાર્યકરણથી વ્યતિરિક્ત આત્માનો સદ્ભાવ કહ્યો છે; પણ ઉત્તર બ્રાહ્મણમાં તો તેજ અશનાયા આદિ સંસારધર્મથી અતીત છે એમ કહ્યું છે. એમ એકાર્થતા ઉપપન્ન થાય છે. તેટલા માટે એક વિદ્યા છે ॥ ૩૬ ॥

व्यतिहारो विशिंषन्ति हीतरवत् ॥ ३७ ॥

વ્યતિહાર (આધ્યાનને માટે છે) (કારણ કે શ્રુતિકારો) વિશેષ કહે છે, અન્યત્રની પેઠે ॥ ૩૭—

જેમ 'तद्योऽहं सोऽसौ योऽसौ सोऽहम्' [ઐત૦ આર૦ ૨।૨।૪।૬] (તેટલા માટે જે હું છું તે એ છે, જે એ છે તે હું છું) એમ આદિત્યપુરુષને પ્રસ્તવીને ઐતરેયીઓ

एवमेव खलु सोम्येमाः सर्वाः प्रजाः सत आगम्य न विदुः सत आगच्छामह इति ॥' [છાન્દો૦ ૬।૧૦।૧-૨] (હે સૌમ્ય, જેમ ગંગા આદિ આ નદીઓ પૂર્વે વહે છે, સિંધુ આદિ નદીઓ પશ્ચિમ તરફ વહે છે, તે સમુદ્રમાંથી જળધર વડે આક્ષિપ્ત થઈ પુનઃ વૃષ્ટિરૂપે પડી, પુનઃ ગંગા આદિ નદીરૂપ પામી પુનઃ સમુદ્રમાંજ લીન થાય છે, તે સમુદ્રજ તે નદીઓ થાય છે; જેમ સમુદ્ર સાથે એકતા પામેલી તે નદીઓ જાણતી નથી કે હું ગંગા છું, હું સિંધુ છું, હું મહી છું; એજ પ્રમાણે, હે સૌમ્ય, જે સત્ સાથે સંપન્ન થઈ પ્રજા જાણતી નથી કે અમે સત્ સાથે સંપન્ન થયાં છીએ, તે સત્માંથી આવીને પણ જાણતી નથી કે અમે સત્માંથી આવ્યાં છીએ). આજ પ્રમાણે પછીના પ્રશ્નોમાં શંકા સમાયલી છે તે, તે તે સંદર્ભનું પર્યાલોચન કરવાથી સમજાય છે. આ રીતે જેમ છાન્દોગ્યમાં છઠ્ઠા અધ્યાયમાં નવવાર 'तत्त्वमसि' એમ પ્રત્યગભિન્ન પરમાત્માનો ઉપદેશ જુદી જુદી શંકાનું નિરાકરણ કરવા માટે છે; એ પ્રમાણે અહિં બ્રાહ્મણોમાં પણ ઉષસ્ત બ્રાહ્મણમાં પ્રત્યક્થી અભિન્ન પરમાત્માનું પ્રતિપાદન કર્યું છે, તોપણ અશનાયા આદિવાળા જીવ સાથે પરમાત્માનું ઐક્ય શી રીતે એમ મનમાં વિચારી ઉષસ્તે પૂછેલા અર્થનો, एवकारवाળા વાક્ય વડે કહોલે પ્રશ્ન કર્યો એટલે યાજ્ઞવલ્ક્યે તેનો અભિપ્રાય સમજી 'एष त आत्मा सर्वान्तरः' (આ તારો આત્મા સર્વાન્તર છે) એમ પૂર્વે કહેલા અર્થનો ઉપક્ષેપ કરીને, एतत्-પદથી નિર્દિષ્ટ થયલાને 'योऽशनायापिपासे शोकं मोहं जरां मृत्युमत्येति' [બૃહ૦ ૩।૫।૧] (જે અશનાયા, પિપાસા, શોક, મોહ, જરા, અને મૃત્યુને અતીત છે), અશનાયા આદિનો પરમાર્થતઃથી નિષેધ દર્શાવ્યો છે. આ કારણથી, પુનઃ શ્રુતિનું અન્ય પ્રયોજન છે તેથી આનર્થક્યમૂલક અભ્યાસન્યાય પ્રકૃતમાં પ્રવર્તતો નથી એમ સમજવું ॥ ૩૬ ॥

'तत्त्वमसि' એ એકત્વનો ઉપદેશ 'उपदेशान्तरवत्' (અન્ય ઉપદેશની પેઠે) એ ૩૬ માં સૂત્રના અવયવથી ઉદાહરણ તરીકે આપ્યો છે. તેથી એ પ્રસંગથી એકત્વ કહેનાર

કહે છે, તેમ જાબાલો કહે છે 'त्वं वा अहमस्मि भगवो देवतेऽहं वै त्वमसि' (હે ભગવન્ દેવતે, હું તું છું અને તું હું છું) એમ. તેમાં સંશય થાય છે કે શું અહિં વ્યતિહારથી ઉભયરૂપ વિચાર કરવો કે એકરૂપજ. એકરૂપજ કરવો એમ કહે છે; કારણ કે આત્માના ઈશ્વર સાથે એકત્વ સિવાય અન્ય કંઈ પણ ચિન્તન કરવા યોગ્ય નથી. જો સંસારીનું ઈશ્વરરૂપત્વ અને ઈશ્વરનું સંસારિરૂપત્વ એવો, ચિન્તન કરવા યોગ્ય વિશેષ પરિકલ્પાય, તો સંસારીનો ઈશ્વરરૂપ કલ્પવામાં ઉત્કર્ષ થાય, પણ ઈશ્વરનો સંસારિરૂપ કલ્પવામાં નિકર્ષ થાય; તેટલા માટે એકરૂપજ વિચાર છે, વ્યતિહારશ્રુતિ તો એકત્વ દૃઢ કરવા માટે છે, એમ પ્રાપ્ત થયે નિરાકરણ કરે છે—એ વ્યતિહાર આધ્યાનને માટે શ્રુતિમાં કહ્યો છે, અન્યની પેઠે, જેમ સર્વાત્મત્વ વગેરે અન્ય ગુણો આધ્યાનને માટે શ્રુતિમાં કહ્યા છે તેની પેઠે; કારણ કે શ્રુતિ કહેનારાઓ 'त्वमहमस्म्यहं च त्वमसि' (હું તું છું, તું હું છું) એમ ઉભયનો નિર્દેશ કરી વિશેષ કરે છે; અને તે ઉભયરૂપ વિચાર કરાય તોજ પ્રયોજનવાળો થાય; નહિ તો એ વિશેષે ઉભયશ્રુતિ અનર્થક થાય; કેમકે એકથીજ પ્રયોજન થાય. પણ ઉભયશ્રુતિનો અર્થવિશેષ પરિકલ્પાય તો દેવતાને સંસારિસ્વરૂપ થવાનો પ્રસંગ આવવાથી નિકર્ષ પ્રસક્ત થાય એમ કહ્યું છે. ના, એ દોષ નથી; કેમકે એકસ્વરૂપનું એ પ્રકારે અનુચિ-

---

વાક્યોનું તાત્પર્ય કહે છે—'व्यतिहारो विशिंषन्ति'. ઐતરેયવાક્ય અને જાબાલવાક્ય કહે છે—'तद्योऽहम्' ઇત્યાદિ. જીવ અને ઈશ એ બેનો પરસ્પર વિશેષણવિશેષ્યભાવ તે વ્યતિહાર; એ વ્યતિહાર શ્રુતિ પ્રતિપાદન કરે છે તેથી, તેમજ ઉત્કૃષ્ટદૃષ્ટિ નિકૃષ્ટને વિષે કીધેલી ફળવાન્ થાય છે એ ન્યાયથી સંશય થયે, જીવને વિષે ઈશ્વરબુદ્ધિ કરવી એજ યુક્ત છે, ઉક્ત ન્યાયને લીધે, વ્યતિહારશ્રુતિ તો એ બુદ્ધિને દૃઢ કરવાને માટે (ગયા અધિકરણમાં) અભ્યાસની પેઠે અન્યથાસિદ્ધ છે એમ દૃષ્ટાન્તસંગતિથી પૂર્વપક્ષ છે. જેમ ઉષસ્ત અને કહોલના પ્રશ્નોમાં વિદ્યા એક છે તોપણ આદરને અર્થે અભ્યાસ છે તેમજ આ પણ છે એમ પૂર્વપક્ષીનું માનવું છે. પૂર્વપક્ષમાં લાઘવ એ ફળ છે અને સિદ્ધાન્તમાં તો શ્રુત્યર્થનો અનુસાર થાય છે એ ફળ છે, એમ પૂર્વપક્ષ અને સિદ્ધાન્તનો વિવેક છે 'એ વ્યતિહાર આધ્યાનને માટે' ઇત્યાદિ. 'વ્યતિહાર'[1] = પરસ્પર વિશેષણ વિશેષ્યત્વ. 'આધ્યાન' = ઉભયરૂપ વિચાર કરવો તે. 'કેમકે એકથીજ પ્રયોજન થાય'—'त्वमहमस्मि' (હું તું છું) એ એકજ ઉચ્ચારણથી એકત્વવિચાર થાય તો 'अहं त्वमसि' (તું હું છું) એ વૃથા થાય એવો અર્થ છે. જીવને વિષે બ્રહ્મવિચાર એ એકજ હોય તો 'त्वमहमस्मि' એટલેથીજ સિદ્ધ થયે બન્નેનું ઉચ્ચારણ અનર્થક થાય; તેટલા માટે તે ઉચ્ચારણનું અર્થવત્ત્વ અન્યથા અનુપપન્ન થાય માટે ઉભયરૂપ વિચાર કરવો યુક્ત છે એવો અર્થ છે. ઉક્ત અર્થનું સ્મરણ કરાવે છે—'પણ ઉભયશ્રુતિનો અર્થવિશેષ પરિકલ્પાય તો' ઇત્યાદિ. સગુણ બ્રહ્મને વિષે ન્યાય એ સાવકાશ છે; તો શ્રુતિ કહે છે તેથી અન્યોન્યાત્મત્વ ધ્યેય છે; બ્રહ્મને વિષે, મનોમયત્વ આદિની સર્વાત્મત્વનો ધ્યાનને માટે આરોપ છે તોપણ નિકર્ષ પ્રસક્ત થતું નથી એમ પરિહાર કરે 'ના, એ દોષ નથી' ઇત્યાદિ. ઈશ્વરને વિષે જીવતાદાત્મ્ય કહ્યું છે તે આરોપના ધ્યાકરે, આરોપને ઉપાસ્ય કરવા માટે છે, તેથી ઈશ્વરનો ઉત્કર્ષ નિવૃત્ત થતો નથી એવો

[1] પરસ્પર વિશેષણવિશેષ્યભાવ.

सैव हि सत्यादयः ॥ ३८ ॥

(તે સત્યવિદ્યા) એકજ છે, (તેથી) સત્ય આદિ (ગુણોનો ઉપસંહાર છે) ॥ ૩૮ ॥

'स यो हैतं महद्यक्षं प्रथमजं वेद सत्यं ब्रह्म' [બૃહ૦ પ।૪।૧] (તે જે {કોઈ અધિકારી} એ મહત્, પૂજ્ય, સર્વ સંસારીથી અગ્રે ઉત્પન્ન થયલાને સત્ય બ્રહ્મ એમ જાણે છે {તે લોકજય પ્રાપ્ત કરે છે. સત્-મૂર્ત અને ત્યત્-અમૂર્ત તે સત્ય}) ઇત્યાદિથી વાજસનેયકમાં નામાક્ષરની ઉપાસના સાથે સત્યવિદ્યાનું વિધાન કરીને પછી 'तद्यत्तत्सत्यमसौ स आदित्यो य एष एतस्मिन् मण्डले पुरुषो यश्चायं दक्षिणेऽक्षन् पुरुषः' [બૃહ૦ પ।૫।૨] (હવે જે તે સત્ય છે તે એ આદિત્ય છે, જે એ આ મંડળમાં

ન્ધના ભેદથી વેદ્યનો ભેદ થયે વિદ્યાનો ભેદ ઉપપન્ન થાય છે. એક ઈશ્વર ઉપાસ્ય છે તેના પણ ભિન્ન ગુણોનો દરેક પ્રકરણમાં ઉપદેશ છે; તેમજ એકજ પ્રાણ ત્યાં ત્યાં ઉપાસ્ય તરીકે અભિન્ન છે તોપણ, એક જાતના ગુણની એકત્ર ઉપાસના કરવાની છે, અને અન્ય જાતના ગુણની અન્યત્ર એમ અનુબન્ધના ભેદથી વેદ્યનો ભેદ થઈ વિદ્યાનો ભેદ સમજાય છે. અહિં એક વિદ્યાવિધિ છે અને અન્ય ગુણવિધિ છે એમ કહેવું શક્ય નથી; કેમકે વિનિગમનાને વિષે—એકતર પક્ષપાતિની યુક્તિ વિષે—હેતુ નથી; અને દરેક પ્રકરણમાં ગુણો અનેક છે તેથી પ્રાપ્ત વિદ્યાના અનુવાદથી ગુણોનું વિધાન અનુપપન્ન છે. તેમજ એ પક્ષમાં સમાન હોઈ સત્યકામ આદિ ગુણો અનેકવાર શ્રવણ કરાવવા યુક્ત નથી. વળી દરેક પ્રકરણમાં આવી કામનાવાળાએ આની ઉપાસના કરવી અને આવી કામનાવાળાએ આની એમ નિરાકાંક્ષતા સમજાય છે તેથી એકવાક્યતા ઘટતી નથી. તેમજ વૈશ્વાનરવિદ્યાની પેઠે અહિં અન્ય સમસ્ત વિધિવાક્ય નથી, જેના બળથી દરેક પ્રકરણમાં આવેલી અવયવોપાસનાઓ એકવાક્યતા પામે. વેદ્યના એકત્વરૂપ નિમિત્તથી સર્વત્ર નિરંકુશ વિદ્યાનું એકત્વ છે એમ પ્રતિજ્ઞા કરાય તો સમસ્ત ગુણોનો ઉપસંહાર જે અશક્ય છે તેની પ્રતિજ્ઞા કરાય. તેટલા માટે 'नाना शब्दादिभेदात्' એમ ઠીક કહ્યું છે. આ અધિકરણ અવસ્થિત થયું એટલે 'सर्ववेदान्तप्रत्ययम्' [બ્રહ્મસૂ૦ ૩।૩।૧] ઇત્યાદિને વિષે વિચાર[1] કરવો ॥ ૫૮ ॥

નથી એમ કહે છે—'અહિં એક વિદ્યાવિધિ છે' ઇત્યાદિ. વળી પ્રાપ્ત વિદ્યાના અનુવાદથી અપ્રાપ્ત અનેક ગુણોનું વિધાન કરવાથી વાક્યભેદ થાય એમ કહે છે—'દરેક પ્રકરણમાં ગુણો અનેક છે' ઇત્યાદિ. વળી વિદ્યાના એકત્વપક્ષમાં ગુણોની પુનરુક્તિ વૃથા થાય; વળી પ્રત્યભિજ્ઞાનને અર્થે પણ એ નથી; કેમકે તે તો પ્રકરણના ઐક્યથીજ સિદ્ધ છે. પણ વિદ્યાના ભેદના પક્ષમાં તો ગુણો પ્રાપ્ત નથી તેથી તે પુનરુક્તિ પ્રાપ્તિને અર્થે છે એમ કહે છે—'તેમજ એ પક્ષમાં' ઇત્યાદિ. ફલનો ભેદ છે તેથી, એકના એક નથી તેથી, અને સર્વ ગુણોનું ધ્યાન અશક્ય છે તેથી વિદ્યા ભિન્ન છે એમ કહે છે—'વળી દરેક પ્રકરણમાં' ઇત્યાદિ. દદરનું ધ્યાન ધરનારને સર્વ લોકોમાં કામચાર થાય છે; વૈશ્વાનરનું ધ્યાન ધરનાર સર્વત્ર અન્ન ખાય છે ઇત્યાદિ ફલભેદ છે એવો અર્થ છે. પણ વિદ્યાનો ભેદ સિદ્ધ થયે દહરાદિ વિદ્યા પ્રતિવેદાન્તમાં એક છે કે અનેક છે એવી ચિન્તા ઉચિત છે. તે ચિન્તા આરંભમાં કેમ કરી છે તેને વિષે કહે છે—'આ અધિકરણ અવસ્થિત થયું એટલે' ઇત્યાદિ. વિદ્યાનાનાત્વનું અધિકરણ પાદના આરંભમાંજ સંગત છે, અહિં પ્રાસંગિક છે એવો ભાવ છે. ॥ ૫૮ ॥

---

[1] વિચાર.

विकल्पोऽविशिष्टफलत्वात् ॥ ५९ ॥

(વિદ્યાઓનો) વિકલ્પ છે, સમાન ફળ છે તેથી ॥ ૫૯ ॥

વિદ્યાભેદ અવસ્થિત થયો એટલે એ વિદ્યાઓનો ઇચ્છાથી સમુચ્ચય છે કે વિકલ્પ છે, કે નિયમે વિકલ્પજ છે એ વિચારાય છે. તેમાં વિદ્યાભેદ અવસ્થિત હોવાથી સમુચ્ચયનિયમને વિષે કંઈ કારણ નથી. પણ અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ આદિ ભિન્ન છે તોપણ તેમના સમુચ્ચયનો નિયમ દેખાય છે. ના, એ દોષ નથી; કારણ કે તેમાં નિત્યતાશ્રુતિ કારણ છે; પણ વિદ્યાઓની કોઈ એવી નિત્યતાશ્રુતિ નથી. તેટલા માટે સમુચ્ચયનો નિયમ નથી. તેમજ વિકલ્પનો પણ નિયમ નથી. કેમકે એક વિદ્યામાં અધિકાર પામેલાનો અન્ય વિદ્યામાં પ્રતિષેધ નથી. પરિશેષથી, ઇચ્છાનો અનુસાર પ્રાપ્ત થાય છે. પણ એમનાં (વિદ્યાનાં) ફળ [1]અવિશિષ્ટ હોવાથી એમનો વિકલ્પજ ન્યાય્ય છે; કેમકે 'मनोमयः प्राणशरीरः' [છાન્દો૦ ૩।૧૪।૨] (મનોમય, પ્રાણશરીર), 'कं ब्रह्म खं ब्रह्म' [છાન્દો૦ ૪।૧૦।૫] (સુખ બ્રહ્મ છે, આકાશ બ્રહ્મ છે), 'सत्यकामः सत्यसंकल्पः' [છાન્દો૦ ૮।૧।૫] (જેની કામના સત્ય છે, જેના સંકલ્પ સત્ય છે) ઇત્યાદિ શ્રુતિવાક્યો તુલ્ય રીતે ઈશ્વરપ્રાપ્તિ જેનું ફળ છે એવાં દેખાય છે. ના, એ દોષ નથી; કેમકે જેનું ફળ સમાન છે એવાં સ્વર્ગાદિના સાધન કર્મોમાં પણ [2]યાથાકામ્ય જોવામાં આવે છે. તેટલા માટે યાથાકામ્ય પ્રાપ્ત થયે કહે છે—એનો વિદ્યાઓનો વિકલ્પજ થવો યુક્ત છે, સમુચ્ચય નહિ. શાથી? કેમકે તેમનાં ફળ અવિશિષ્ટ છે; કારણ કે એમનું ફળ ઉપાસ્યવિષયનો સાક્ષાત્કાર કરવો એ અવિશિષ્ટ છે; અને એક ઉપાસનાથી ઈશ્વરાદિ ઉપાસ્ય વિષયનો સાક્ષાત્કાર થયો એટલે બીજી ઉપાસના પ્રયોજનરહિત છે. વળી સમુચ્ચયપક્ષમાં સાક્ષાત્કરણનો અસંભવ છે, કેમકે તે ચિત્તવિક્ષેપનો હેતુ છે. તેમજ વિદ્યાનું ફળ

વિદ્યાનું સ્વરૂપ કહીને અનુષ્ઠાનના પ્રકારનું આદિ નિરૂપણ થાય છે એમ ઉત્થાન નહિ સંગતિ કહે છે—'વિદ્યાભેદ અવસ્થિત થયો એટલે' ઇત્યાદિ. વિદ્યા બે પ્રકારની છે, અહંગ્રહ (ઉપાસ્યના સાક્ષાત્કારથી જેનું ફળ થાય છે એવી, જેમાં 'હું'નું જ્ઞાન છે તે), તટસ્થ, અને અંગાશ્રિત. તેમાં અહંગ્રહ વિદ્યામાં યાથાકામ્ય અને વિકલ્પ એ બેને નિરન્તરત્વ સાથે સામ્ય હોવાથી સંશય કહે છે—'એ વિદ્યાઓનો ઇચ્છાથી સમુચ્ચય છે કે વિકલ્પ છે' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં યથેચ્છ અનુષ્ઠાન છે એમ અનિયમ છે; અને સિદ્ધાન્તમાં વિકલ્પે અનુષ્ઠાન છે એમ નિયમ છે, એવો પૂર્વપક્ષના ને સિદ્ધાન્તના ફળમાં ભેદ છે. તેના અનિયમ સાધે છે—'તેમાં વિદ્યાભેદ અવસ્થિત હોવાથી' ઇત્યાદિ. જેમ એક પુરોડાશ ફળ હોવાથી વ્રીહિ અને યવનો વિકલ્પ છે, તેમ એ વિદ્યાઓનો વિકલ્પજ ન્યાય્ય છે, કેમકે એમનું ફળ તુલ્ય છે. વળી ઘણાં ફળ ઇચ્છનારને કામ્ય કર્મનો સમુચ્ચય પણ જોવામાં આવે છે એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે ઈશ્વરસાક્ષાત્કારથી પર ફળ છે નહિ પણ એ અહંગ્રહોપાસનાનું સાક્ષાત્કારરૂપ ફળ તુલ્ય છે; અને વળી એ ફળ એક ઉપાસનાથી થયું એટલે અન્ય ઉપાસનાનું કંઈ કૃત્ય નથી. માત્ર ચિત્તનો વિક્ષેપ કરાવે

1 સમાન. 2 ઇચ્છાનો અનુસાર.

સાક્ષાત્કારથી સાધ્ય છે એ શ્રુતિઓ દર્શાવે છે—'यस्य स्यादद्धा न विचिकित्सास्ति' [છાન્દો૦ ૩।૧૪।૪] (એમ જાણનાર જેને નિશ્ચય થાય ને (મરણ પામી હું આવો થઈશ ને આવો નહિ થાઉં એમ; સંશય ન થાય), 'देवो भूत्वा देवानप्येति' [બૃહ૦ ૪।૧।૨] (જે એમ જાણી એની ઉપાસના કરે છે તે દેવ થઈને શરીરનો પાત થયે દેવોમાં લય પામે છે) ઇત્યાદિ શ્રુતિઓ; અને 'सदा तद्भावभावितः' [ભગ૦ ૮।૬] (તેને વિષે ભાવ તે તદ્ભાવ, ભાવિત એટલે સ્મર્યમાણ તરીકે અભ્યસ્ત છે તદ્ભાવ જેણે તે. જે, જે ભાવનું—દેવતાવિશેષનું સ્મરણ કરતો અન્તે કલેવરનો ત્યાગ કરે છે તે હમેશ તદ્ભાવભાવિત થઈ, સ્મરણારૂઢ પદાર્થથી વાસિતચિત્ત થઈ, વાસનાવાળો થઈ તે ભાવ પામે છે) ઇત્યાદિ સ્મૃતિઓ છે. તેટલા માટે જેનું ફળ અવિશિષ્ટ-સમાન છે તેવી વિદ્યામાંની એકને લઈને જ્યાંસુધી ઉપાસ્ય વિષયના સાક્ષાત્કારથી તેનું ફળ પ્રાપ્ત થાય ત્યાંસુધી તે વિદ્યામાં લીન રહેવું એમ ॥ ૫૯ ॥

काम्यास्तु यथाकामं समुच्चीयेरन् न वा पूर्वहेत्वभावात् ॥ ६० ॥

પણ કામ્યવિદ્યાઓ તો યથાકામ સમુચ્ચિત થાય કે નહિ; પૂર્વ હેતુના અભાવથી ॥ ૬૦ ॥

સમાન ફળ છે તેથી—એનું આ પ્રત્યુદાહરણ છે. પણ 'स य एतमेवं वायुं दिशां वत्सं वेद न पुत्ररोदं रोदिति' [છાન્દો૦ ૩।૧૫।૨] (તે જે કોઈ પુત્રનું દીર્ઘ જીવત ઇચ્છનાર એવો યથોક્તગુણ વાયુને દિશાઓના વત્સ તરીકે—અમૃત તરીકે જાણે છે તે પુત્રનિમિત્ત રોદન કરતો નથી—તેનો પુત્ર મરતો નથી), 'स यो नाम ब्रह्मेत्युपास्ते यावन्नाम्नो गतं तत्रास्य यथाकामचारो भवति' [છાન્દો ૭।૧।૫] (તે જે નામને

તેનો વિઘાત કરે છે, એવો સિદ્ધાન્તભાષ્યનો અર્થ છે. 'यस्य स्यादद्धा' ઇત્યાદિ—જે પુરુષને હું ઈશ્વર છું એમ સાક્ષાત્કાર થાય છે, અને હું ઈશ્વર છું કે નથી એમ વિચિકિત્સા નથી તે ઈશ્વર પ્રાપ્ત કરે છે; તેજ હું છું એમ અત્યન્તાભિમાન થાય છે અને તેજ હું છું કે અન્ય છું એમ સંશય થતો નથી તેજ યથોક્ત ફળ પ્રાપ્ત કરે છે. 'देवो भूत्वा देवानप्येति' જીવતોજ ભાવનાથી દેવત્વનો સાક્ષાત્કાર કરીને એટલે સાક્ષાત્કારથી દેવભાવ અનુભવીને દેહપાત થયા પછી દેવોને પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. અહંગ્રહ ઉપાસનાઓના અનુષ્ઠાનપ્રકારનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે' ઇત્યાદિ. ॥ ૫૯ ॥

તટસ્થ ઉપાસ્તિ—પ્રતીકોપાસ્તિ—એ આ અધિકરણનો વિષય છે:—અહંગ્રહથી ભિન્ન, કર્મનાં અંગ સાથે સંબદ્ધ નહિ એવાં, 'मनो ब्रह्मेत्युपासीत' (મનને બ્રહ્મ તરીકે ઉપાસવું) ઇત્યાદિ, અભ્યુદય જેનું ફળ છે, એવાં ઉપાસનો આ અધિકરણનો વિષય છે. તે ઉપાસનામાં વિકલ્પ છે કે યથાકામ અનુષ્ઠાન છે એમ પૂર્વની પેઠે સંશય થયે, બંનેમાં—અહંગ્રહોપાસના અને તટસ્થોપાસનામાં—ઉપાસનાત્વ એ સમાન ધર્મ છે તેથી અહંગ્રહોપાસનાની પેઠે વિકલ્પ છે એમ પ્રાપ્ત થયે અપવાદને સિદ્ધાન્ત તરીકે કહે છે—'સમાન ફળ છે તેથી તેનું' ઇત્યાદિ. 'स यः' ઇત્યાદિ—તે જે કોઈ એ વાયુનેજ ગોત્વ તરીકે કલ્પિત દિશાઓના વત્સ તરીકે

समाहारात् ॥ ६३ ॥

[1]સમાહાર છે તેથી ॥ ૬૩ ॥

'होतृषदनाद्धैवापि दुरुद्गीथमनुसमाहरति' [છાન્દો૦ ૧।૫।૫] (સ્વરાદિના પ્રમાદથી દુષ્ટ એવા પણ ઉદ્ગીથને ઉદ્ગાતા સમ્યક્કૃત, હોતાના શંસનથી નિર્દોષ કરે છે) એ શ્રુતિવાક્ય, પ્રણવ અને ઉદ્ગીથના એકત્વવિજ્ઞાનના માહાત્મ્યથી ઉદ્ગાતા પોતાના કર્મમાં ઉત્પન્ન થયેલા દોષનું હોતાના કર્મથી પ્રતિસમાધાન કરે છે એમ કહેતું એક વેદાન્તમાં કહેલી ઉપાસનાનો અન્ય વેદાન્તમાં કહેલા પદાર્થ સાથે સંબન્ધસામાન્ય છે તેથી સર્વ વેદોમાં કહેલી ઉપાસનાનો ઉપસંહાર સૂચવે છે એવું લિંગદર્શન છે ॥ ૬૩ ॥

સમુચ્ચયને વિષે લિંગ કહે છે—'समाहारात्' સમાહારથી-ક્ષતના સંધાનરૂપ લિંગથી-પ્રત્યયોનો-ઉપાસનાઓનો સમુચ્ચય સમજાય છે. બહ્વૃચોનો—ઋગ્વેદીઓનો જે પ્રણવ છે તે સામવેદીઓનો ઉદ્ગીથ છે એમ છાન્દોગ્યમાં પ્રણવ અને ઉદ્ગીથનો એકત્વવિધિ છે, તેનો 'होतृषदनात्' ઇત્યાદિ ફલાર્થવાદ છે. હોતાનું સદન એટલે સ્થાન, હોતા જ્યાં બેસીને શંસન કરે તે હોતૃસદન; એ ઉપરથી હોતૃસદનનો લક્ષ્ય અર્થ હોતાનું શંસન, હોતાનું કર્મ. એ હોતૃકર્મ સમ્યક્ અનુષ્ઠિત હોય તેમાંથી ઉદ્ગાતાએ જે સ્વરવ્યંજનાદિપ્રમાદને લીધે દુષ્ટ ઉદ્ગાન કર્યું હોય તેનું, એકત્વવિજ્ઞાનથી, પ્રતિસમાધાન કરે છે. જેમ વૈદ્ય ક્ષતનું સમાધાન કરે છે તેમ. સ્વરાદિપ્રમાદથી દુષ્ટ એવા પણ ઉદ્ગીથને સમ્યક્ કૃત હોતૃશંસનથી ઉદ્ગાતા નિર્દોષ કરે છે. ઋગ્વેદસ્થ પ્રણવ સાથે પોતાનું ઉદ્ગીથ એક છે એમ એકત્વધ્યાનબળથી નિર્દોષ કરે છે એવો અર્થ છે. તેમાં શું તે કહે છે—'એમ કહેતું' ઇત્યાદિ. સામવેદસ્થ ઉદ્ગીથધ્યાનનો ઋગ્વેદમાં કહેલા પ્રણવ સાથે જે સંબન્ધ દેખાય છે તેજ સર્વવેદાન્તવિહિત ઉપાસનામાં અંગોના સમુચ્ચયમાં લિંગ છે; કેમકે પ્રણવરૂપ પદાર્થ અને ઉપાસનાઓને તેઓ અન્ય વેદમાં ઉક્ત છે એવું સાદૃશ્ય છે તેથી અન્ય વેદમાં કહેલો અંગસંબન્ધ પણ સમાન છે એવો અર્થ છે. બે વેદમાં કહેલા પ્રણવ અને ઉદ્ગીથના એકત્વજ્ઞાનનું ફળ કહેતો સર્વવેદસ્થ પ્રત્યયોનો સર્વત્ર ઉપસંહાર—સમુચ્ચય સૂચવે છે, કેમકે સર્વ ઉપાસનાઓમાં એક વેદમાં કહેલી ઉપાસનાનો અન્ય વેદમાં કહેલા પદાર્થ સાથે સંબન્ધ સમાન છે. તાત્પર્ય આ પ્રમાણે છે—'य उद्गीथः स प्रणवो यः प्रणवः स उद्गीथः' (જે ઉદ્ગીથ છે તે પ્રણવ છે, અને જે પ્રણવ છે તે ઉદ્ગીથ છે). 'होतृषदनात्' ઇત્યાદિ—આ બે શ્રુતિઓ છે. એમાં ઉદ્ગીથાવયવપ્રણવ અને હોત્રપ્રણવ એ બેનું ઉદ્ગાતાએ કરેલા અભેદાનુસંધાન વિધાન છે. તેનું ફળ કહે છે. અપશબ્દ આદિથી દુષ્ટ ઉદ્ગાતૃકર્મનું સમ્યક્કૃત હોતૃશંસનથી—જે કાળમાં હોતા ક્યાં દર્ભ બેસે છે તે હોતૃકર્મથી સમાધાન કરે છે. અહીં સામવેદમાં ઉત્પન્ન થયેલા એ ઉપાસનનો હોતૃવેદમાં (ઋગ્વેદમાં) ઉત્પન્ન થયેલા પ્રણવ સાથે સંબન્ધ નિશ્ચય કહેવાનો છે. એમ થયે એક વેદમાં કહેલા પ્રણવ સાથે અન્ય વેદમાં કહેલી ઉપાસનાઓનો, અન્ય વેદમાં કહેલું હોવું એ સમાન ધર્મ હોવાથી, તે ઉપાસનાની સાથે નિયત સંબન્ધ સિદ્ધ થાય છે. એ ઉપાસનાનો અન્ય વેદમાં કહેલી ઉપાસનાઓ સાથે નિયત સંબન્ધ ત્યારેજ સિદ્ધ થાય છે, જ્યારે સમુચ્ચયનિયમ થાય એમ એ અન્વાર્થ દર્શન લિંગ છે ॥ ૬૩ ॥

[1] સમાહાર = સમાહરણ, સમાધાન, ક્ષતનું સંધાન તે સમાહાર.

गुणसाधारण्यश्रुतेश्च ॥ ६४ ॥

અને ગુણસાધારણ છે એવી શ્રુતિ છે તેથી ॥ ૬૪ ॥

'तेनेयं त्रयी विद्या वर्तत ओमित्याश्रावयत्योमिति शंसत्योमित्युद्गायति' [છાન્દો૦ ૧।૧।૯] (તે પ્રકૃત અક્ષર વડે આ ઋગ્વેદાદિ ત્રણ વિદ્યામાં વિહિત કર્મ પ્રવર્તે છે, ઓમ્‌થી અધ્વર્યુ શ્રવણ કરાવે છે, ઓમ્‌થી હોતૃ શંસન કરે છે, ઓમ્‌થી ઉદ્‌ગાતા ઉદ્‌ગાન કરે છે) એ શ્રુતિ વિદ્યાનો ગુણ, વિદ્યાનો આશ્રય છે એવો ૐકાર ત્રણ વેદમાં સાધારણ છે એમ શ્રવણ કરાવે છે. તેથી આશ્રય-ૐકાર સાધારણ હોવાથી આશ્રિત-વિદ્યાઓ સાધારણ છે એમ લિંગદર્શન છેજ. અથવા 'ગુણસાધારણ્યશ્રુતેશ્ચ' ઉદ્‌ગીથાદિ એ સર્વ કર્મગુણો સર્વ પ્રયોગમાં સાધારણ ન હોય તો તેને આશ્રયે રહેલાં ઉપાસનોનો સહભાવ ન થાય. પણ તે ઉદ્‌ગીથાદિ સર્વે સર્વ પ્રયોગમાં સાધારણ છે એમ સર્વાંગગ્રાહી પ્રયોગવચન શ્રવણ કરાવે છે. તેટલા માટે આશ્રયનો સહભાવ છે તેથી પ્રત્યયોનો-ઉપાસનાઓનો સહભાવ છે એમ ॥૬૪॥

न वा तत्सहभावाश्रुतेः ॥ ६५ ॥

અથવા (આશ્રિત ઉપાસનો આશ્રયને અનુસરતાં) નથી, તેના સહભાવની શ્રુતિ નથી તેથી ॥ ૬૫ ॥

न वा એ શબ્દો પક્ષ વ્યાવૃત્ત કરે છે. આશ્રિત ઉપાસનો આશ્રયને અનુસરતાં થાય એ યુક્ત નથી. શાથી? તેના સહભાવની શ્રુતિ નથી તેથી; કેમકે જેમ ત્રણે વેદમાં વિહિત, સ્તોત્ર આદિ અંગોનો સહભાવ 'ग्रहं वा गृहीत्वा चमसं वोन्नीय स्तोत्रमुपाकरोति स्तोत्रमनुशंसति प्रस्तोतः साम गाय होतरेतद्यज' (ગ્રહનું ગ્રહણ ક-

---

ૐકાર, ઉપાસ્ય, સાધારણ છે તેથી ઉપાસના પણ સાધારણ છે એટલે સમુચ્ચયથી તેનું અનુષ્ઠાન છે એમ અન્ય હેતુ કહે છે—'गुणसाधारण्यश्रुतेश्च' 'વિદ્યાનો ગુણ' એની વ્યાખ્યા કરે છે 'વિદ્યાનો આશ્રય છે એવો'. 'વિદ્યા' એટલે ઉદ્ગીથવિદ્યા. તેન = તે અક્ષરથી-ૐકારથી. 'त्रयी विद्या'=ત્રણ વેદમાં વિહિત કર્મ. અન્વયમુખે વ્યાખ્યાનો ઉપસંહાર કરે છે—'તેથી આશ્રય' ઇત્યાદિ. આશ્રય સાધારણ હોય તો આશ્રિત સાધારણ છે એવો અન્વય છે, એ અન્વયને આશ્રય સાધારણ ન હોય તો આશ્રિત સાધારણ નથી એવા વ્યતિરેકનું વ્યાખ્યાન કરી દૃઢ કરવા સૂત્ર લે છે—"અથવા 'गुणसाधारण्यश्रुतेश्च'" વ્યતિરેકથી સૂત્રની યોજના કરે છે—'ઉદ્‌ગીથાદિ' ઇત્યાદિ. ત્યારે ઉદ્ગીથાદિ પણ સાધારણ ન થાઓ તેને માટે કહે છે—'પણ તે ઉદ્‌ગીથાદિ' ઇત્યાદિ. ગુણની સાથેજ ગુણીનું-પ્રત્યયનું આગમન સૂચવાય છે એમ ફલિત કહે છે—'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૬૪ ॥

જે ઉપાસનમાં જેની અભિરુચિ છે તે તેનું અનુષ્ઠાન કરે છે, સર્વ ઉપાસનોના સમુચ્ચયને વિષે પ્રમાણ નથી એમ સિદ્ધાન્ત કરે છે—'न वा तत्सहभावाश्रुतेः' ખરેખર, પ્રયોગવિધિ

રીતે કે યજમાનને દાખું કરીને તે સ્તોત્ર કરે છે. સ્તોત્ર કર્યા પછી તે કહે છે કે હે પ્રસ્તોતા, સામ ગા, હે હોતા, એની યાજ્યા બોલ) ઇત્યાદિ શ્રુતિ કહે છે; એ પ્રમાણે ઉપાસનોની સહભાવશ્રુતિ નથી. પણ પ્રયોગ કહેનારો વિધિજ એ ઉપાસનાઓનો સહભાવ પ્રાપ્ત કરાવશે. અમે કહીએ છીએ કે ના; કેમકે ઉપાસનાઓ પુરુષને અર્થે છે. ખરેખર, પ્રયોગવિધિ ક્રત્વર્થક ઉદ્ગીથાદિનો સહભાવ પ્રાપ્ત કરાવે; અને ઉદ્ગીથાદિ ઉપાસનો ક્રત્વર્થને આશ્રયે છે તોપણ ગોદોહન આદિની પેઠે પુરુષાર્થક છે એમ 'पृथग्ध्यप्रतिबन्धः फलम्' [બ્રહ્મસૂ૦ ૩।૩।૪૨]માં અમે કહ્યું છે. ઉપદેશને આધારે રહેલો આજ અંગો અને તેનાં આશ્રિત ઉપાસનોનો વિશેષ છે કે એક ક્રત્વર્થક છે અને બીજાં પુરુષાર્થક છે. વળી બીજાં બે લિંગો ઉપાસનાસહભાવનું અકારણ છે; કેમકે શ્રુતિ અને ન્યાયનો અભાવ છે. તેમજ દરેક પ્રયોગમાં બધા આશ્રયોનો ઉપસંહાર છે તેથી આશ્રિતોનું પણ તેવુંજ જાણવું શક્ય નથી; કેમકે ઉપાસનો તેનાથી પ્રયુક્ત થયાં નથી. ખરેખર, આશ્રયને આધારે રહેલાં ઉપાસનો આશ્રયને અભાવે ન થાય. પણ આશ્રયસહભાવથી સહભાવના નિયમને યોગ્ય નથી; તેના સહભાવની શ્રુતિ નથી તેથીજ. તેટલા માટે યથાકામજ ઉપાસનોનું અનુષ્ઠાન કરવું યુક્ત છે ॥ ૬૫ ॥

સાઙ્ગપ્રધાનના અનુષ્ઠાનનો નિયામક છે, પણ અંગરહિતનો સહભાવક નથી એમ કહે છે—'અમે કહીએ છીએ કે ના' ઇત્યાદિ. વિમત ઉપાસનાઓ ક્રતુને વિષે સમુચ્ચયે અનુષ્ઠેય નથી. ભિન્ન ફળવાળી છે તેથી, ગોદોહનની પેઠે એવો ભાવ છે. ઉક્ત અર્થનેજ સ્પષ્ટ કરે છે—'ખરેખર, પ્રયોગવિધિ' ઇત્યાદિ. 'शिष्टेश्च' [સૂ૦ ૬૨] એમ જે કહ્યું છે તેનું નિરસન કરે છે—'ઉપદેશને આધારે રહેલો આજ' ઇત્યાદિ. 'समाहारात्' [સૂ૦ ૬૩] અને 'गुणसाधारण्यश्रुतेश्च' [સૂ૦ ૬૪] એમાં જે બે લિંગ કહ્યાં છે તે પણ અન્ય પ્રમાણથી પ્રાપ્ત અર્થનાં દ્યોતક છે, પોતે સાધક નથી, અર્થવાદવાક્યમાં રહેલાં છે તેથી, એમ કહે છે—'વળી બીજાં બે લિંગો' ઇત્યાદિ. 'गुणसाधारण्यश्रुतेश्च' એની બીજી વ્યાખ્યાને દૂષિત કરે છે—'તેમજ દરેક પ્રયોગમાં' ઇત્યાદિ. ઉપાસનો અંગથી પ્રયુક્ત ન હોય તો અંગને વિષે આશ્રિત શી રીતે તેને વિષે કહે છે—'ખરેખર, આશ્રયને' ઇત્યાદિ. અંગને અભાવે ઉપાસનોનો અભાવ એજ ઉપાસનોનું અંગાશ્રિતત્વ છે, અંગવ્યાપકત્વ કંઈ અંગાશ્રિતત્વ નથી. ઉપાસનો અંગને આશ્રિત છે એનો અર્થ એમ છે કે અંગને અભાવે ઉપાસનોનો અભાવ છે, એવો નથી કે અંગને ઉપાસનો વ્યાપક છે; અર્થાત્ જ્યાં જ્યાં અંગ છે ત્યાં ત્યાં ઉપાસનો છે એવો અર્થ નથી ॥ ૬૫ ॥

दर्शनाच्च ॥ ६६ ॥

શ્રુતિ (ઉપાસનાનો અસહભાવ) દેખાડે છે તેથી ॥ ૬૬ ॥

વળી શ્રુતિ ઉપાસનાનો અસહભાવ દર્શાવે છે—'एवंविद्ध वै ब्रह्मा यज्ञं यजमानं सर्वांश्चर्त्विजोऽभिरक्षति' [છાન્દો૦ ૪।૧૭।૧૦] (એમ જાણનાર બ્રહ્મા યજ્ઞ યજમાનનું, અને સર્વ ઋત્વિજોનું રક્ષણ કરે છે) એ શ્રુતિ ઉપાસનાઓનો અસહભાવ દર્શાવે છે; કેમકે સર્વ ઉપાસનાઓનો ઉપસંહાર હોય તો સર્વ સર્વ જાણનાર થાય તેથી વિજ્ઞાનવાળા બ્રહ્માથી અન્ય પરિપાલ્ય છે એમ કહેવાય નહિ. તેટલા માટે ઉપાસનાઓનો યથાકામ સમુચ્ચય છે કે વિકલ્પ છે ॥ ૬૬ ॥

इति श्रीमच्छंकरभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये गुर्जरगिरा भाष्यानुवादे तृतीयाध्यायस्य तृतीयः पादः ॥ ३ ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ગુર્જરગિરાએ ભાષ્યાનુવાદમાં તૃતીય અધ્યાયનો તૃતીય પાદ સમાપ્ત ॥ ૩ ॥

વળી વિદ્વાન્ બ્રહ્મા વડે અન્ય ઋત્વિજો પળાય છે એવું વચન છે તેથી સર્વ ઉપાસનાઓનો સાથે પ્રયોગ નથી એમ કહે છે —'दर्शनाच्च'. ઋગ્વેદાદિવિહિત અંગલોપને વિષે વ્યાહૃતિ હોમ, પ્રાયશ્ચિત્ત આદિ જાણવું એવો અર્થ 'એમ જાણનાર'નો છે એમ સમજવું ॥ ૬૬ ॥

इति श्रीमच्छंकरभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये टीकाग्रन्थानां गुर्जरगिरानुवादे तृतीयाध्यायस्य तृतीयः पादः ॥ ३ ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ટીકાગ્રન્થોના ગુર્જરગિરાથી અનુવાદમાં તૃતીય અધ્યાયનો તૃતીય પાદ સમાપ્ત ॥ ૩ ॥

तृतीयोऽध्यायः । चतुर्थः पादः ।

તૃતીય અધ્યાયઃ—ચતુર્થ પાદ.

पुरुषार्थोऽतः शब्दादिति बादरायणः ॥ १ ॥

એથી (વેદાન્તવિહિત આત્મજ્ઞાનથી) પુરુષાર્થ છે, શ્રુતિથી એમ બાદરાયણ (માને છે) ॥ ૧ ॥

હવે ઉપનિષદનું આત્મજ્ઞાન શું અધિકારિદ્વારા કર્મને વિષેજ અનુપ્રવેશ કરે છે કે સ્વતન્ત્રજ પુરુષાર્થસાધન થાય છે એમ મીમાંસા કરતા સૂત્રકાર સિદ્ધાન્તથીજ ઉપક્રમ કરે છે—'પુરુષાર્થોઽતઃ' એમ. આથી એટલે વેદાન્તવિહિત સ્વતન્ત્ર આત્મજ્ઞાનથી પુરુષાર્થ સિદ્ધ થાય છે એમ બાદરાયણ આચાર્ય માને છે. શાથી એ સમજાય છે? શબ્દથી એમ કહે છે; કારણ કે 'तरति शोकमात्मवित्' [છાન્દો૦ ૭।૧।૩] (આત્મવેત્તા શોકને તરે છે), 'स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति' [મુણ્ડ૦ ૩।૨।૯] (જે કોઈ લોકમાં તે પરમ બ્રહ્મ જાણે છે—સાક્ષાત્ હું છું એમ—તે અન્ય ગતિ પામતો નથી; બ્રહ્મજ થાય છે; બ્રહ્મ જાણનાર બ્રહ્મજ થાય છે), 'ब्रह्मविदाप्नोति परम्' [તૈત્તિ૦ ૨।૧।૧] (બ્રહ્મ જાણનાર પર પ્રાપ્ત કરે છે), 'आचार्यवान् पुरुषो वेद तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये' [છાન્દો૦ ૬।૧૪।૨] (આચાર્યવાળો પુરુષ જાણે છે. તે આચાર્યવાન્ પુરુષને તેટલોજ વખત (સદાત્મસ્વરૂપસંપત્તિમાં) વિલંબ થાય છે કે જ્યાંસુધી તે વિમુક્ત થતો નથી (જે કર્મથી શરીર આરબ્ધ થયું છે તેનો ક્ષય ઉપભોગથીજ થાય છે, દેહપાત થાય છે ત્યાંસુધી) પછી તરતજ સંપત્તિ પામે છે) એમ શ્રુતિ છે. 'स आत्माऽपहतपाप्मा' [છાન્દો૦ ૮।૭।૧] (તે આત્મા પાપરહિત છે) એમ ઉપક્રમ કરીને 'सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामान् यस्तमात्मानमनुविद्य विजानाति' [છાન્દો૦ ૮।૭।૧] (સર્વ લોકોને પ્રાપ્ત કરે છે, અને સર્વ કામોને પ્રાપ્ત કરે છે, જે તે આત્માને શોધીને જાણે છે) એમ શ્રુતિ કહે છે. 'आत्मा वा अरे द्रष्टव्यः' [બૃહદા૦ ૪।૫।૬] (અરે, ખરેખર,

---

કર્મસ્વરૂપપ્રસંગથી સ્વતન્ત્ર કર્મ છે એમ આશંકા કરીને કહે છે—'પુરુષાર્થો'. પૂર્વપાદમાં પરવિદ્યા અને અપરવિદ્યાના ગુણોનો ઉપસંહાર કરીને સ્વરૂપ નિર્ણિત કર્યું; આ પાદમાં તે વિદ્યાઓ કર્મનાં અંગ નથી તેથી તેઓ પુરુષાર્થહેતુ છે તેનું નિરૂપણ કરવું છે. વળી કર્મની અપેક્ષા વગેરે બહારી લક્ષિત અને શમાદિ અન્તરંગનું નિરૂપણ કરાય છે, એમ આ પાદનો વિષય એક વિદ્યા છે એમ સંગતિ છે. તેમાં પ્રથમ તત્ત્વજ્ઞાનને વિષય કરીને વાદીની વિપ્રતિપત્તિથી સંશય કહે છે—'હવે ઉપનિષદનું' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં જ્ઞાન અને કર્મનો સંબંધી તરીકે સમુચ્ચય છે; સિદ્ધાન્તમાં કેવલ જ્ઞાનથી મુક્તિ છે એમ કહે છે. 'स आत्मा'

આત્મા દર્શન કરવા યોગ્ય છે) એમ ઉપક્રમ કરીને 'एतावदरे खल्वमृतत्वम्' [બૃહ૦ ૪।૫।૧૫] (ખરેખર, એટલું અમૃતત્વ છે) એ પ્રકારની શ્રુતિ કેવલ વિદ્યા પુરુષાર્થહેતુ છે એમ શ્રવણ કરાવે છે ॥ ૧ ॥

હવે એમાં [1]પ્રત્યવસ્થાન કરે છે—

शेषत्वात् पुरुषार्थवादो यथाऽन्येष्विति जैमिनिः ॥ २ ॥

(આત્મા ક્રિયાનો કર્તા તરીકે) શેષ છે તેથી પુરુષાર્થવાદ અર્થવાદજ છે, જેમ અન્ય કર્મોમાં છે તેમ એમ જૈમિનિ (માને છે) ॥ ૨ ॥

આત્મા કર્તા હોવાથી કર્મશેષ છે તેથી તેનું વિજ્ઞાન પણ વ્રીહિપ્રોક્ષણ આદિની પેઠે વિષયદ્વારા કર્મસંબન્ધીજ છે. તેટલા માટે જેનું પ્રયોજન સમજાયું છે એવા આત્મજ્ઞાનને વિષે જે ફલશ્રુતિ છે તે અર્થવાદ છે એમ જૈમિનિ આચાર્ય માને છે. જેમ બીજાં દ્રવ્ય, સંસ્કાર, અને કર્મોમાં 'यस्य पर्णमयी जुहूर्भवति न स पापं श्लोकं शृणोति । यदाङ्क्ते चक्षुरेव भ्रातृव्यस्य वृङ्क्ते । यत्प्रयाजानुयाजा इज्यन्ते वर्म वा एतद्यज्ञस्य क्रियते वर्म यजमानस्य भ्रातृव्याभिभूत्यै' (જેની પર્ણમયી જુહૂ હોય છે તે પાપ શ્લોક શ્રવણ કરતો નથી. જ્યારે અંજન કરે છે, ત્યારે શત્રુના નેત્રનો નાશ

એમ પ્રશ્નપતિએ કહેલી બ્રહ્મવિદ્યામાં લૌકિક સગુણવિદ્યાફળ મોક્ષાનન્દને વિષે અનન્તાંતના અભિપ્રાયથી કહ્યું છે એમ સમજવું ॥ ૧ ॥

એમ સિદ્ધાન્તનો ઉપક્રમ કરીને પૂર્વપક્ષ કરે છે—'शेषत्वात्' ઇત્યાદિ. સૂત્રમાં અર્થવાદપદની આવૃત્તિ કરવાની છે. જ્ઞાનથી પુરુષાર્થ થાય છે એ વાદ અર્થવાદ છે એવો અર્થ છે. જ્ઞાન કર્મનું અંગ છે, કારણ કે કર્મકાંડનો આશ્રય છે તેથી, પ્રોક્ષણ પર્ણમયીત્વ આદિની પેઠે, એટલે [illegible] છે. તત્ત્વનો નિર્ણય કરવા માટે ગુરુશિષ્યનો આ કથાવાદ છે એ [illegible] જૈમિનિનું કહેવું છે. વેદ વેદીની જિજ્ઞાસા થયે તત્ત્વનિર્ણયને અર્થે ગુરુ પાસે જઈ [illegible] કરવી અને ગુરુએ તેનું નિરાકરણ કરી તત્ત્વનો આવિષ્કાર કરવો એમ [illegible] દર્શાવવાને માટે જૈમિનિનું કહેવું છે, પ્રતિપાદ્ય તરીકે નથી, કેમકે શિષ્યને તે અનુક્ત છે [illegible] તેનું ફલ તેજ અવશ્ય આત્માનું ફલ છે, માટે આત્મા એ [illegible] છે, તેના આશ્રય, તેના [illegible] જ્ઞાનને વિષે ફલશ્રુતિ એ અર્થવાદ છે એને વિષે દૃષ્ટાન્ત કહે છે—'જેમ બીજાં દ્રવ્ય, સંસ્કાર, અને કર્મોમાં' ઇત્યાદિ. પર્ણમયી એ દ્રવ્ય છે, [illegible] અંજન એ સંસ્કાર છે, અને પ્રયાજાદિ કર્મ છે તેમાં એવો અર્થ છે 'द्रव्यसंस्कारकर्मसु परार्थत्वात् फलश्रुतिरर्थवादः स्यात्' [પૂર્વમીo ૪।૩।૧] એ સૂત્રમાં 'यस्य पर्णमयी जुहूर्भवति' એ શ્રુતિના [illegible] દ્રવ્યને વિષે 'न स पापं श्लोकं शृणोति' એમ [illegible] એ ફલશ્રુતિ નથી, તેમજ [illegible] સંસ્કારને વિષે [illegible] એ ફલશ્રુતિ નથી, [illegible] નથી, અને પ્રયાજાદિ કર્મને વિષે [illegible] એ પણ ફલશ્રુતિ નથી.

[1] [illegible]

કરે છે. જ્યારે પ્રયાજ અને અનુયાજ કરે છે, ત્યારે તે યજ્ઞનું વર્મ કરે છે, શત્રુના અભિભવ માટે યજમાનનું વર્મ કરે છે) એ પ્રકારની ફલશ્રુતિ અર્થવાદ છે, તે પ્રમાણે. પણ એ આત્મજ્ઞાન, જેનું કોઈ પણ પ્રકરણને વિષે આરંભ કર્યા વિના અધ્યયન કીધું છે, તેના પ્રકરણ આદિમાંના કોઈ એક પણ હેતુ વિના ક્રતુમાં પ્રવેશની શી રીતે આશંકા કરાય! કર્તૃદ્વારા વાક્યથી તે વિજ્ઞાનનો ક્રતુ સાથે સંબન્ધ

કે ફલ એ ભાવી-થનારું છે, તેથી તેનો વર્તમાનનિર્દેશ—વર્તમાનકાળમાં નિર્દેશ યુક્ત નથી. પર્ણતા આદિ ક્રત્વર્થ છે તેથી ક્રતુને ઉપકારક થઈનેજ ફલની આકાંક્ષા નિવૃત્ત થાય છે એમ એ પૂર્વમીમાંસાસૂત્રમાં નિરૂપણ કર્યું છે. તેમાં અંજન અને પ્રયાજાદિ કર્મનાં અંગ છે એમ પ્રકરણથીજ સિદ્ધ થાય છે. પર્ણતા તો અનારભ્યાધીત છે અર્થાત્ એનું અધ્યયન પ્રકરણને આરંભે નથી, તેથી પ્રકરણથી એ ક્રતુનું અંગ છે એમ સિદ્ધ થતું નથી, તોપણ પર્ણતા વિહિત છે તેનું નિષ્ફલત્વ અસમર્થ છે તેથી ફલની આકાંક્ષા થાય છે અને જુહૂસ્વરૂપને વિષે ફલત્વ ઉપપન્ન થતું નથી, અને અવ્યભિચરિત ક્રતુસંબન્ધથી જુહૂ ક્રતુનું ઉપસ્થાપન કરે છે તેથી ક્રતુનું અપૂર્વ સાધન એ સ્વરૂપ થઈને જુહૂને વિષે ફલનો નિવેશ કરાય છે. પછી જુહૂપદને વિષે ક્રતુસાધનતારૂપ સમર્થતાથી વાક્યથીજ ક્રતુસંબન્ધ સિદ્ધ થાય છે. જોકે ગોદોહન આદિની પેઠે આત્મજ્ઞાન કોઈ પણ ક્રતુને આરંભીને અધીત નથી, જોકે કર્તૃમાત્રનો ક્રતુ સાથે અવ્યભિચરિત સમ્બન્ધ નથી (કેમકે કર્તૃમાત્ર લૌકિક કર્મમાં પણ દેખાય છે) કે જેથી પર્ણતા આદિની પેઠે અનારભ્ય અધીત છે, તોપણ ક્રતુ સાથે જેને અવ્યભિચરિત સંબન્ધ છે એવા જુહૂદ્વારા વાક્યથીજ ક્રત્વર્થ થાય; તોપણ વેદાન્તો જેવા આત્માને-આમુષ્મિક સ્વર્ગાદિફલભોગભાગી, દેહવ્યતિરિક્તને-કર્તા તરીકે પ્રતિપાદન કરે છે તેવા આત્માનો લૌકિક કર્મમાં ઉપયોગ નથી; કેમકે લૌકિક ફલવાળાં તે લૌકિક કર્મોનો તો શરીરથી અનતિરિક્ત [1]યાદૃશતાદૃશ કર્તા પણ ઉપપન્ન થાય. પણ જેનું ફલ આમુષ્મિક છે એવાં વૈદિક કર્મોનો તો ઔપનિષદ કર્તા વિના અસંભવ હોવાથી તેનીજ સાથે સમ્બન્ધ છે. એમ તે કર્તા સાથે અવ્યભિચાર છે તેથી તે વૈદિક કર્મોનું અનુસ્મરણ કરાવતું જુહૂ આદિની પેઠે વાક્યથીજ તે જ્ઞાન પર્ણતાની પેઠે ક્રત્વર્થ થાય છે એમ ફલશ્રુતિ અર્થવાદ છે. એ પ્રમાણે ઔપનિષદ આત્મજ્ઞાનથી સંસ્કૃત થયેલો કર્તા પારલૌકિક ફલના ઉપભોગને યોગ્ય છું એમ વિદ્વાન્, જાણતાં, ક્રતુપ્રયોગનો અંગ થાય છે, અન્યથા નહિ, જેમ પ્રોક્ષિત વ્રીહિ ક્રતુનું અંગ થાય છે તેમ. પ્રિય આદિથી સૂચિત—' न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति ' [બૃ૦ ૨।૪।૫]-સંસારી આત્મા દ્રષ્ટવ્ય છે એમ પ્રતિજ્ઞાએ જણાવ્યું છે તેથી અપહતપાપ્મત્વ આદિ તો તેનું-આત્માનું વિશેષણ તેની સ્તુતિને અર્થે છે; પણ ઉપનિષદો કંઈ તત્પર નથી—તે આત્માનું પ્રતિપાદન કરવું એ ઉપનિષદોનું રહસ્ય નથી. તેટલા માટે આત્મજ્ઞાન કર્તૃસંસ્કારદ્વારા ક્રત્વર્થજ છે, પુરુષાર્થ નથી એવું આ પૂર્વપક્ષસૂત્રનું તાત્પર્ય છે. આત્મજ્ઞાન કર્મનું અંગ નથી, પ્રમાણ નથી તેથી એમ સિદ્ધાન્તી શંકા કરે છે—' પણ એ આત્મજ્ઞાન ' ઇત્યાદિ. પૂર્વપક્ષી કહે છે—' કર્તૃદ્વારા વાક્યથી ' ઇત્યાદિ. પર્ણતા અનારભ્ય અધીત છે, કોઈ પણ પ્રકરણને આરંભે એનું અધ્યયન નથી, એ પર્ણતાનો જુહૂદ્વારા વાક્યથી ક્રતુનો સંબંધ યુક્ત છે; કેમકે જુહૂ એ ક્રતુવ્યાપ્ય છે તેથી ક્રતુનો ઉપસ્થાપક છે. તે પ્રમાણે ' आत्मा द्रष्टव्यः ' એ વાક્યથી આત્મજ્ઞાનનો ક્રતુ સાથે સંબન્ધ ઉપપન્ન થતો નથી; કેમકે આત્માને ક્રતુ સાથે વ્યાપ્તિનો

૧ જેવા તેવા.

છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે વાકયથી વિનિયોગ ઉપપન્ન થતો ન
ખરેખર, કોઈ પણ પ્રકરણમાં આરંભ કર્યા વગર અધીત થયલાનો વાકયનિમિત્ત
ઈક અવ્યભિચારી દ્વાર વડે ક્રતુસંબન્ધ સંભવે; પણ કર્તા તો વ્યભિચારી દ્વાર
કેમકે લૌકિક અને વૈદિક કર્મમાં સાધારણ છે. તેટલા માટે તે દ્વારા આત્મજ્ઞાન
ક્રતુસંબન્ધ સિદ્ધ થતો નથી એમ. ના; કેમકે દેહથી આત્મા વ્યતિરિક્ત છે
વિજ્ઞાનનો વૈદિક કર્મથી અન્યત્ર ઉપયોગ નથી; કારણ કે દેહથી આત્મા વ્યતિ
છે એવું આત્મજ્ઞાન લૌકિક કર્મોમાં ઉપયુક્ત થતું નથી; કેમકે દૃષ્ટાર્થપ્રવૃત્તિ સર્વ
ઉપપન્ન છે; પણ વૈદિક કર્મો, જેનું ફળ દેહપાતને ઉત્તર કાળે છે તેમાં તો દેહ
વ્યતિરિક્ત આત્મા છે એવા આત્મજ્ઞાન વિના પ્રવૃત્તિ ઉપપન્ન થતી નથી તે
વ્યતિરેકવિજ્ઞાન ઉપપન્ન થાય છે. પણ અપહતપાપ્મત્વ આદિ વિશેષણથી અ
સારી એવો જે આત્મા તેને વિષેનું ઉપનિષદ્‌માં કહેલું જ્ઞાન પ્રવૃત્તિનું અંગ થ
નહિ. ના; કેમકે પ્રિય આદિથી સંસૂચિત થયલા સંસારીજ આત્માનો દ્રષ્ટવ્ય તરી
ઉપદેશ છે. અપહતપાપ્મત્વ આદિ વિશેષણ તો સ્તુત્યર્થક થશે. પણ એથી અ
ધિક અસંસારી બ્રહ્મ જગતનું કારણ છે, અને સંસારી આત્માનું તેજ પારમાર્થિ
સ્વરૂપ ઉપનિષદોમાં ઉપદિષ્ટ કરાય છે એમ તે તે પ્રદેશમાં બરાબર સાધ્યું છે. હા
બરાબર સાધ્યું છે; પણ સ્થૂણાનિખનનની પેઠે દૃઢતાને માટે ફલદ્વારા તેનાજ આ
ક્ષેપ છે અને સમાધાન કરાય છે ॥ ૨ ॥

आचारदर्शनात् ॥ ३ ॥

કર્મનો આચાર દેખાય છે તેથી ॥ ૩ ॥

'जनको ह वैदेहो बहुदक्षिणेन यज्ञेनेजे' [બૃહ૦ ૩।૧।૧] (જનક નામના વિ
દેહના રાજાએ બહુદક્ષિણાવાળો યજ્ઞ કર્યો), 'यक्ष्यमाणो वै भगवन्तोऽहमस्मि' [છાન્દો

અભાવ છે એમ સિદ્ધાન્તી દૂષિત કરે છે— 'તે યુક્ત નથી; કેમકે વાકયથી' ઇત્યાદિ
દેહથી ભિન્ન તરીકે જે આત્મા જ્ઞાત છે તે ક્રતુવ્યાપ્ય છે એમ પૂર્વપક્ષી સમાધાન કરે છે—
'ના; કેમકે દેહથી આત્મા વ્યતિરિક્ત છે' ઇત્યાદિ. 'સર્વથા'=દેહાત્મત્વે પણ. દેહ
ભિન્ન કર્તાનું જ્ઞાન અંગ છે તોપણ અકર્તૃ એવો જે બ્રહ્માત્મા તેનું જ્ઞાન અંગ નથી એમ શંકા
કરે છે—'પણ અપહતપાપ્મત્વ આદિ' ઇત્યાદિ. જેને અર્થે જાયા આદિ પ્રિય ભોગ્ય છે તે
આત્મા દ્રષ્ટવ્ય છે એમ ભોગ્યલિંગથી સૂચિતભોક્તૃભિન્ન અકર્તૃસ્વરૂપ નથી એવો સમાધાનનો
અર્થ છે. જન્માદિસૂત્રથી આરંભીને સાધેલું સ્વરૂપ કેમ નથી એવી શંકા કરે છે—'પણ
એથી અધિક' ઇત્યાદિ. સ્વરૂપજ્ઞાન એ વેદાન્તોનું ફળ છે, તે ક્રત્વર્થક છે કે પુરુષાર્થક છે
તેના વિચારથી દૃઢ કરાય એમ કહે છે—'હા, બરાબર સાધ્યું છે' ઇત્યાદિ ॥ ૨ ॥

બ્રહ્મવેત્તાઓ કર્મ આચરતા દેખાય છે તે આચારદર્શન બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે તેને
વિષે લિંગ છે એમ કહે છે—'आचारदर्शनात्' 'बहुदक्षिणेन'= એ નામ યજ્ઞ, અથવા
બહુદક્ષિણાયુક્ત અશ્વમેધ યજ્ઞ. 'ईजे= યાગ કર્યો એવો અર્થ છે. 'हे भगवन्तः' એમ પ્રા-

૫।૨।૨।૫] (હે ભગવન્તઃ, હું યજ્ઞ કરનાર છું) ઇત્યાદિ, અન્યને અર્થેનાં વાક્યોમાં બ્રહ્મવેત્તાઓનો પણ કર્મસંબન્ધ દર્શાવે છે. તેમજ ઉદ્દાલક આદિઓએ પણ પુત્રનું અનુશાસન આદિ કરેલું જણાય છે તેથી તેમનો ગાર્હસ્થ્ય સાથે સંબન્ધ સમજાય છે. જો કેવળ જ્ઞાનથી પુરુષાર્થસિદ્ધિ હોય તો તેઓએ અનેક આયાસયુક્ત કર્મો શા માટે કરવાં જોઈએ? 'अर्के चेन्मधु विन्देत किमर्थं पर्वतं व्रजेत्' (જો સમીપમાં મધ મેળવે તો પર્વતમાં શા માટે જવું) એવો ન્યાય છે તેથી ॥ ૩ ॥

तच्छ्रुतेः ॥ ४ ॥

તેની (વિદ્યા કર્મનું અંગ છે તેની) શ્રુતિ છે તેથી ॥ ૪ ॥

'यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवति' [છાન્દો૦ ૧।૧।૧૦] (વિદ્યા, શ્રદ્ધા, અને ઉપનિષદ્યોગથી યુક્ત થઈ જે કર્મ કરે છે તેજ કર્મ વીર્યવત્તર થાય છે, અવિદ્વાનના કર્મ કરતાં અધિક ફળવાળું થાય છે) એમ વિદ્યાનું કર્મના શેષ-અંગ તરીકે શ્રવણ છે તેથી કેવલ વિદ્યા પુરુષાર્થનો હેતુ નથી ॥ ૪ ॥

समन्वारम्भणात् ॥ ५ ॥

સાથે અનુગમન છે તેથી ॥ ૫ ॥

'तं विद्याकर्मणी समन्वारभेते' [બૃહ૦ ૪।૪।૨] (તેને—જે પર લોક જાય છે તેને વિદ્યા—સર્વ પ્રકારની, વિહિત, પ્રતિષિદ્ધ, અવિહિત, અપ્રતિષિદ્ધ, અને કર્મ—વિહિત, પ્રતિષિદ્ધ, અવિહિત, અપ્રતિષિદ્ધ, અનુગમન કરે છે) એમ વિદ્યા અને કર્મ ફળારંભમાં સહકારી દેખાય છે તેથી વિદ્યાનું સ્વાતન્ત્ર્ય નથી ॥ ૫ ॥

પ્રાચીનશાલ આદિ બ્રાહ્મણોને સંબોધીને બ્રહ્મવેત્તા કેકયરાજા કહે છે કે હું યક્ષ્યમાણ—યાગ કરનાર છું. હે ભગવન્તઃ, તમે કેટલાક દિવસ અહીં રહો એવો અર્થ છે. 'અન્યને અર્થેનાં' =વિદ્યાવિધિ જેનું તાત્પર્ય છે એવાં વાક્યો. જેમાં અલ્પ આયાસ છે એવો મુક્તિનો ઉપાય, જ્ઞાન મેળવીને બહુ આયાસવાળું કર્મ તેમણે કરવું ન જોઈએ તેને વિષે દૃષ્ટાન્ત કહે છે—'अर्के चेन्मधु' ઇત્યાદિ. अर्के =સમીપમાં એવો અર્થ છે. अक्के એ પાઠમાં પણ એજ અર્થ છે. अक्कशब्द સમીપવચન—સામીપ્યવાચક છે ॥ ૩ ॥

બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે તેને વિષે તૃતીયાશ્રુતિ પણ છે એમ કહે છે—'तच्छ्रुतेः' ॥૪॥

અન્ય લિંગ કહે છે—'समन्वारम्भणात्'. પરલોકમાં જનારનું વિદ્યા અને કર્મ અનુગમન કરે છે એવો અર્થ છે ॥ ૫ ॥

છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે વાક્યથી વિનિયોગ ઉપપન્ન થતો નથી. ખરેખર, કોઈ પણ પ્રકરણમાં આરંભ કર્યા વગર અધીત થયલાનો વાક્યનિમિત્ત કોઈક અવ્યભિચારી દ્વાર વડે ક્રતુસંબન્ધ સંભવે; પણ કર્તા તો વ્યભિચારી દ્વાર છે; કેમકે લૌકિક અને વૈદિક કર્મમાં સાધારણ છે. તેટલા માટે તે દ્વારા આત્મજ્ઞાનનો ક્રતુસંબન્ધ સિદ્ધ થતો નથી એમ. ના; કેમકે દેહથી આત્મા વ્યતિરિક્ત છે એ વિજ્ઞાનનો વૈદિક કર્મથી અન્યત્ર ઉપયોગ નથી; કારણ કે દેહથી આત્મા વ્યતિરિક્ત છે એવું આત્મજ્ઞાન લૌકિક કર્મોમાં ઉપયુક્ત થતું નથી; કેમકે દૃષ્ટાર્થપ્રવૃત્તિ સર્વથા ઉપપન્ન છે; પણ વૈદિક કર્મો, જેનું ફળ દેહપાતને ઉત્તર કાળે છે તેમાં તો દેહથી વ્યતિરિક્ત આત્મા છે એવા આત્મજ્ઞાન વિના પ્રવૃત્તિ ઉપપન્ન થતી નથી તેથી વ્યતિરેકવિજ્ઞાન ઉપપન્ન થાય છે. પણ અપહતપાપ્મત્વ આદિ વિશેષણથી અસંસારી એવો જે આત્મા તેને વિષેનું ઉપનિષદ્‌માં કહેલું જ્ઞાન પ્રવૃત્તિનું અંગ થશે નહિ. ના; કેમકે પ્રિય આદિથી સંસૂચિત થયલા સંસારીજ આત્માનો દ્રષ્ટવ્ય તરીકે ઉપદેશ છે. અપહતપાપ્મત્વ આદિ વિશેષણ તો સ્તુત્યર્થક થશે. પણ એથી અધિક અસંસારી બ્રહ્મ જગત્‌નું કારણ છે, અને સંસારી આત્માનું તેજ પારમાર્થિક સ્વરૂપ ઉપનિષદોમાં ઉપદિષ્ટ કરાય છે એમ તે તે પ્રદેશમાં બરાબર સાધ્યું છે. હા, બરાબર સાધ્યું છે; પણ સ્થૂણાનિખનનની પેઠે દૃઢતાને માટે ફલદ્વારા તેનાજ આક્ષેપ છે અને સમાધાન કરાય છે ॥ ૨ ॥

आचारदर्शनात् ॥ ३ ॥

કર્મનો આચાર દેખાય છે તેથી ॥ ૩ ॥

'जनको ह वैदेहो बहुदक्षिणेन यज्ञेनेजे' [બૃહ૦ ૩।૧।૧] (જનક નામના વિદેહના રાજાએ બહુદક્ષિણાવાળો યજ્ઞ કર્યો), 'यक्ष्यमाणो वै भगवन्तोऽहमस्मि' [છાન્દો૦

અભાવ છે એમ સિદ્ધાન્તી દૂષિત કરે છે— 'તે યુક્ત નથી; કેમકે વાક્યથી' ઇત્યાદિ. દેહથી ભિન્ન તરીકે જે આત્મા જ્ઞાત છે તે ક્રતુવ્યાપ્ય છે એમ પૂર્વપક્ષી સમાધાન કરે છે— 'ના; કેમકે દેહથી આત્મા વ્યતિરિક્ત છે' ઇત્યાદિ. 'સર્વથા' = દેહાત્મતને પણ. દેહભિન્ન કર્તાનું જ્ઞાન અંગ છે તોપણ અકર્તૃ એવો જે બ્રહ્માત્મા તેનું જ્ઞાન અંગ નથી એમ શંકા કરે છે—'પણ અપહતપાપ્મત્વ આદિ' ઇત્યાદિ. જેને અર્થે જાયા આદિ પ્રિય ભોગ્ય છે તે આત્મા દ્રષ્ટવ્ય છે એમ ભોગ્યલિંગથી સૂચિતભોક્તૃભિન્ન અકર્તૃસ્વરૂપ નથી એવો સમાધાનનો અર્થ છે. જન્માદિસૂત્રથી આરંભીને સાધેલું સ્વરૂપ કેમ નથી એવી શંકા કરે છે—'પણ એથી અધિક' ઇત્યાદિ. સ્વરૂપજ્ઞાન એ વેદાન્તોનું ફળ છે, તે ક્રત્વર્થક છે કે પુરુષાર્થક છે તેના વિચારથી દૃઢ કરાય એમ કહે છે—'હા, બરાબર સાધ્યું છે' ઇત્યાદિ ॥ ૨ ॥

બ્રહ્મવેત્તાઓ કર્મ આચરતા દેખાય છે તે આચારદર્શન બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે તેને વિષે લિંગ છે એમ કહે છે—'आचारदर्शनात्' 'बहुदक्षिणेन' = એ નામ યજ્ઞ, અથવા બહુદક્ષિણાયુક્ત અશ્વમેધ યજ્ઞ. 'ईजे = યાગ કર્યો એવો અર્થ છે. 'हे भगवन्तः' એમ પ્ર-

૫।૧૧।૫] (હે ભગવન્તઃ, હું યજ્ઞ કરનાર છું) ઇત્યાદિ, અન્યને અર્થેનાં વાક્યોમાં બ્રહ્મવેત્તાઓનો પણ કર્મસંબન્ધ દર્શાવે છે. તેમજ ઉદ્દાલક આદિઓએ પણ પુત્રનું અનુશાસન આદિ કરેલું જણાય છે તેથી તેમનો ગાર્હસ્થ્ય સાથે સંબન્ધ સમજાય છે. જો કેવળ જ્ઞાનથી પુરુષાર્થસિદ્ધિ હોય તો તેઓએ અનેક આયાસયુક્ત કર્મો શા માટે કરવાં જોઈએ? 'अर्के चेन्मधु विन्देत किमर्थं पर्वतं व्रजेत्' (જો સમીપમાં મધ મળે તો પર્વતમાં શા માટે જવું) એવો ન્યાય છે તેથી ॥ ૩ ॥

तच्छ्रुतेः ॥ ४ ॥

તેની (વિદ્યા કર્મનું અંગ છે તેની) શ્રુતિ છે તેથી ॥ ૪ ॥

'यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवति' [છાન્દો૦ ૧।૧।૧૦] (વિદ્યા, શ્રદ્ધા, અને ઉપનિષદ્યોગથી યુક્ત થઈ જે કર્મ કરે છે તેજ કર્મ વીર્યવત્તર થાય છે, અવિદ્વાનના કર્મ કરતાં અધિક ફળવાળું થાય છે) એમ વિદ્યાનું કર્મના શેષ–અંગ તરીકે શ્રવણ છે તેથી કેવળ વિદ્યા પુરુષાર્થનો હેતુ નથી ॥ ૪ ॥

समन्वारम्भणात् ॥ ५ ॥

સાથે અનુગમન છે તેથી ॥ ૫ ॥

'तं विद्याकर्मणी समन्वारभेते' [બૃહ૦ ૪।૪।૨] (તેને—જે પર લોક જાય છે તેને વિદ્યા—સર્વ પ્રકારની, વિહિત, પ્રતિષિદ્ધ, અવિહિત, અપ્રતિષિદ્ધ, અને કર્મ—વિહિત, પ્રતિષિદ્ધ, અવિહિત, અપ્રતિષિદ્ધ, અનુગમન કરે છે) એમ વિદ્યા અને કર્મ ફલારંભમાં સહકારી જણાય છે તેથી વિદ્યાનું સ્વાતન્ત્ર્ય નથી ॥ ૫ ॥

અશ્વપતિ રાજા બ્રાહ્મણોને સંબોધીને બ્રહ્મવેત્તા કૈકેય કહે છે કે હું યક્ષ્યમાણ—યજ્ઞ કરનાર છું. હે ભગવન્ત, તમે કેટલાક દિવસ અહીં રહો એવો અર્થ છે. 'અન્યને અર્થેનાં' = લિંગ વિગેરે જેનું તાત્પર્ય છે એવાં વાક્ય. જેમાં અર્થ અન્ય છે એવો મુનિએ ઉદ્દાલક જેવાએ પણ આયાસવાળું કર્મ જેમણે કરવું ન જોઈએ તેને વિષે દૃષ્ટાન્ત કહે છે— 'अर्के चेन्मधु' ઇત્યાદિ. अर्के = સમીપમાં એવો અર્થ છે. अर्क એ પદનો પણ એજ અર્થ છે. [illegible] છે ॥ ૩ ॥

બ્રહ્મવિદ્યા કર્મનું અંગ છે તેને વિષે શ્રુતિપ્રમાણ પણ છે એમ કહે છે—'तच्छ्रुतेः' ॥૪॥

અન્ય લિંગ કહે છે—'समन्वारम्भणात्'. પરલોકમાં જનારનું વિદ્યા અને કર્મ અનુગમન કરે છે એવો અર્થ છે ॥ ૫ ॥

तद्वतो विधानात् ॥ ६ ॥

વિજ્ઞાનવાન્‌ને (કર્મનું) વિધાન છે તેથી ॥ ૬ ॥

'आचार्यकुलाद्वेदमधीत्य यथाविधानं गुरोः कर्मातिशेषेणाभिसमावृत्य कुटुम्बे शुचौ देशे स्वाध्यायमधीयानः' [છાન્દો૦ ૮।૧૫।૧] (આચાર્યકુળમાંથી વેદનું અર્થ સાથે અધ્યયન કરીને, સ્મૃતિમાં કહેલા નિયમોને અનુસરી, ગુરુનું કર્તવ્ય કર્મ કરી, બાકીના કાળમાં ધર્મજિજ્ઞાસા સમાપ્ત કરીને કુટુમ્બમાં –ગાર્હસ્થ્યમાં વિહિત કર્મમાં રહીને શુચિ પ્રદેશમાં યથાવત્ બેસી સ્વાધ્યાયનું અધ્યયન કરતો........ { દેહાન્તે બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે, શરીરગ્રહણને માટે પુનઃ આવૃત્ત થતો નથી }) એ પ્રકારની શ્રુતિ સમસ્ત વેદાર્થના વિજ્ઞાનયુક્તને કર્મનો અધિકાર દર્શાવે છે. તેટલા માટે પણ વિજ્ઞાન એ સ્વતન્ત્ર રીતે ફળહેતુ નથી. પણ અહિં 'अधीत्य' (અધ્યયન કરીને) એમ વેદના અધ્યયનમાત્રની શ્રુતિ છે, અર્થવિજ્ઞાનની નથી. એ દોષ નથી. દૃષ્ટાર્થ છે તેથી વેદાધ્યયન અર્થબોધપર્યન્ત છે એવી સ્થિતિ છે ॥ ૬ ॥

नियमाच्च ॥ ७ ॥

વળી નિયમથી ॥ ૭ ॥

'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः । एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥' [ઈશા૦ ૨] (અગ્નિહોત્રાદિ કર્મો અહિં કરતો સો વરસ-પુરુષનું પરમ આયુષ્ નિરૂપિત કર્યું છે ત્યાં સુધી-જીવવા ઇચ્છવું. એ પ્રમાણે જીવવા ઇચ્છતા, નરમાત્રાભિમાની તારે વિષે એથી એટલે અગ્નિહોત્રાદિ કર્મો કરે છે તેથી, વર્તમાન પ્રકારથી, અન્યથા એટલે અન્ય પ્રકાર નથી, જેથી અશુભ કર્મનો લેપ ન થાય,

'आचार्य' ઇત્યાદિ. ગુરુનું શુશ્રૂષારૂપ કર્મ કરીને અવશિષ્ટ કાળમાં યથાવિધાન વેદનું અધ્યયન કરીને, અનન્તર-પછી, આચાર્યના કુળમાંથી એટલે ઘરમાંથી, અર્થાત્ બ્રહ્મચર્યથી અભિસમાવર્તન કરીને કુટુમ્બને વિષે—ગાર્હસ્થ્યને વિષે રહીને દર રોજ પવિત્ર પ્રદેશમાં સ્વાધ્યાયાધ્યયન કરતો, અન્ય, નિત્યાદિ ધર્મોનું અનુષ્ઠાન કરતો બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે એવો શ્રુતિનો અર્થ છે. જેમ [1]અવઘાતવિધિ [2]તુષવિમોકપર્યન્ત છે, એમ અધ્યયનવિધિ અર્થબોધપર્યન્ત છે. અર્થાવબોધ નામનું દૃષ્ટ ફળ સંભવે છે ત્યારે અધ્યયનને અદૃષ્ટાર્થ લેવું એ અયુક્ત છે એમ પૂર્વતન્ત્રમાં છે. તેથી બ્રહ્મ પણ વેદાર્થ છે, માટે તેના અવબોધવાળાને કર્મનું વિધાન છે એવો અર્થ છે ॥ ૬ ॥

જીવનપર્યન્ત કર્મનિયમ એ પણ એને વિષે લિંગ છે એમ કહે છે—'नियमाच्च'. આ દેહમાં કર્મો કરતાંજ શત વર્ષ જીવવા ઇચ્છવું. એ પ્રમાણે કર્મી તરીકે જીવતા તું નર વિષે કર્મ-પાપ લિપ્ત થતું નથી. એથી-કર્મથી અન્યથા નથી; કર્મ વિના શ્રેય નથી એવો અર્થ છે. આ દેહને વિષે સો વરસ જીવવા ઇચ્છે તે કર્મ કરતોજ એવો નિયમવિધિ છે. એ પ્રમાણે તું નર રહેશે એટલે અશુભ કર્મ લિપ્ત નહિ થાય, તેથી તું લિપ્ત નહિ થાય એવો અર્થ છે.

૧ મુસળા કે અન્ય પદાર્થ વડે ખાંડવાનો કે કુટવાનો વિધિ. ૨ છોતરાં ફરાં પાડવા સુધી—એટલાંસુધી.

અશુભ કર્મ વડે તું લિપ્ત ન થાય એવો બીજો પ્રકાર નથી), તેમજ 'एतद्वै जरामर्यं सत्रं यदग्निहोत्रं जरया वा ह्येवास्मान्मुच्यते मृत्युना वा' [શત૦બ્રા૦૧૨।૪।૧।૧] (જે અગ્નિહોત્ર છે તે એ જરા અને મરણ પર્યન્ત પહોંચતું સત્ર છે; કેમકે જરાથી કે મૃત્યુથી પુરુષ એમાંથી મુક્ત થાય છે) એ પ્રકારના નિયમથી પણ વિદ્યા કર્મશેષજ છે એમ ॥ ૭ ॥

એમ પ્રાપ્ત થયે પ્રતિવિધાન કરે છે—

अधिकोपदेशात्तु बादरायणस्यैवं तद्दर्शनात् ॥ ८ ॥

પણ અધિકનો ઉપદેશ છે તેથી બાદરાયણનું (મત અવસ્થિત છે) એ પ્રમાણે (શ્રુતિમાં) તેનું દર્શન છે તેથી ॥ ૮ ॥

'તુ'શબ્દથી પક્ષનું વિનિવર્તન થાય છે. 'शेषत्वात्पुरुषार्थवादः' [બ્ર૦સૂ૦ ૩।૪।૨] એમ જે કહ્યું છે તે ઉપપન્ન થતું નથી. શાથી? અધિક ઉપદેશ છે તેથી. જો સંસારી જ આત્મા, શરીર, કર્તા, ભોક્તા, શરીરમાત્રથી વ્યતિરિક્ત વેદાન્તોમાં ઉપદિષ્ટ હોય તો વર્ણવેલે પ્રકારે ફલશ્રુતિ અર્થવાદ થાય. પણ શરીર આત્માથી અધિક, અસંસારી ઈશ્વર, કર્તૃત્વ આદિ સંસારી ધર્મોથી રહિત, અપહતપાપ્મત્વ આદિ વિશેષણવાળો પરમાત્મા વેદ્ય તરીકે વેદાન્તોમાં ઉપદેશ કરાય છે; અને તેનું વિજ્ઞાન કર્મોનું પ્રવર્તક થતું નથી, એથી ઊલટું તે કર્મોનો ઉચ્છેદ કરે છે એમ 'उपमर्दं च' [બ્ર૦સૂ૦ ૩।૪।૧૬] એમાં કહીશું. તેથી 'पुरुषार्थोऽतः शब्दात्' [બ્ર૦સૂ૦ ૩।૪।૧] એ જે ભગવાન બાદરાયણનું મત છે તે તેમજ અવસ્થિત છે,

[illegible]

[illegible]

શેષત્વ આદિ હેત્વાભાસોથી તેને ચલિત કરવું શક્ય નથી; કારણ કે શારીરથી અધિક તે ઈશ્વર આત્માને શ્રુતિઓ દર્શાવે છે—'यः सर्वज्ञः सर्ववित्' [મુણ્ડ૦ ૧।૧।૯] (જે સર્વજ્ઞ, સર્વવેત્તા છે—સામાન્યે સર્વ જાણનાર ને વિશેષે સર્વ જાણનાર છે), 'भीषाऽस्माद्वातः पवते' [તૈત્તિ૦ ૨।૮।૧] (ભયથી એનાથી વાયુ કમ્પે છે), 'महद्भयं वज्रमुद्यतम्' [કઠ૦ ૨।૬।૨] (મોટું અને જેનાથી ભય થાય છે તે, ઊંચા કરેલા વજ્ર જેવું), 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि' [બૃહ૦ ૩।૮।૯] (હે ગાર્ગિ, એ અક્ષર બ્રહ્મના પ્રશાસનમાં {સૂર્ય અને ચન્દ્ર વિધૃત થયલા રહે છે}), 'तदैक्षत बहु स्यां प्रजायेयेति तत्तेजोऽसृजत' [છાન્દો૦ ૬।૨।૩] (તે 'સતે ઈક્ષણ કર્યું, બહુ થાઉં, પ્રકર્ષથી ઉત્પન્ન થાઉં, તેણે તેજ સર્જ્યું) ઇત્યાદિ. 'आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति। आत्मा वा अरे द्रष्टव्यः' [બૃહ૦ ૨।૪।૫] (આત્માના [1]કામને માટે સર્વ પ્રિય થાય છે, અરે આત્મા દર્શન કરવા યોગ્ય છે), 'यः प्राणेन प्राणिति स त आत्मा सर्वान्तरः' [બૃહ૦ ૩।૪।૧] (મુખનાસિકાસંચારી પ્રાણથી જે પ્રાણચેષ્ટા કરે છે તે તારો {કાર્યકરણસંઘાત જે તું તે તારો} આત્મા સર્વનો અભ્યન્તર છે), 'य एषोऽक्षिणि पुरुषो दृश्यते' [છાન્દો૦ ૮।૭।૪] (જે એ નેત્રને વિષે પુરુષ દેખાય છે {વિષયોથી જેની ઇન્દ્રિયો નિવૃત્ત થઈ છે એવા સમાધિનિષ્ઠ, અન્તર્દૃષ્ટિ યોગીઓથી જે દેખાય છે}) એમ ઉપક્રમ કરીને 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि' [છાન્દો૦ ૮।૯।૩] (એજ આત્માનું તને, પૂર્વે વ્યાખ્યાન છે તોપણ પુનઃ અનુવ્યાખ્યાન કરીશ) ઇત્યાદિમાં પ્રિય આદિથી સંસૂચિત સંસારીજ આત્માનું વેદ્ય તરીકે અનુકર્ષણ છે તે પણ 'अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदः' [બૃહ૦ ૨।૪।૧૦] (હે મૈત્રેયિ, એ પ્રકૃત પરમાત્મા જે મહાન્-અનવચ્છિન્ન, ભૂત-પરમાર્થ છે તેનું નિઃશ્વસિત જેવું એ છે, જે ઋગ્વેદ છે તે), 'योऽशनायापिपासे शोकं मोहं जरां मृत्युमत्येति' [બૃહ૦ ૩।૫।૧] (જે બુભુક્ષા, પિપાસા, શોક, મોહ, જરા, અને મૃત્યુનો અત્યય કરે છે), 'परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते स उत्तमः पुरुषः' [છાન્દો૦ ૮।૧૨।૩] ({તે એ સંપ્રસાદ જીવ, આકાશમાંથી વાયુ આદિની પેઠે, આ શરીરથી સમુત્થાન કરીને—દેહાદિવિલક્ષણ પોતાનું રૂપ પામીને—}પર જ્યોતિ પ્રાપ્ત કરીને પોતાનું સ-

એ શી રીતે, કેમકે અનેકને વિષે જીવત્વનો વિરોધ છે એવી કહે છે—'કારણ કે શારીરનું' ઇત્યાદિ. જ્ઞાન કર્મનું અંગ છે, અકર્તા હોઈ કર્મયોગનો આશ્રય છે તેથી એમાં હેતુ કહ્યો છે તે અસિદ્ધ છે એવો ભાવ છે. સિદ્ધાન્તનો સાર આ પ્રમાણે છે—શરીરાદિથી અતિરિક્ત, કર્તા, ભોક્તા આત્મા છે એટલામાંજ ઉપનિષદો પર્યવસિત હોય તો જ્ઞાન કર્મનું અંગ થાય; પણ તેમ નથી. તે ઉપનિષદોનું તાત્પર્ય તો એવા જીવના અનુવાદથી તે જીવ શુદ્ધ, બુદ્ધ, ઉદાસીન બ્રહ્મરૂપ છે એમ પ્રતિપાદન કરવાનું છે એમ સ્થળે સ્થળે અસકૃત્ આવેદન કર્યું છે ખરેખર, અન્ય પ્રમાણથી સિદ્ધ થયલાના અનુવાદથી અનધિગત અર્થનો બોધ કરવામાં શ્રુતિનું સ્વારસ્ય છે. તે પ્રમાણે ઉપનિષદ્માં કહેલું આત્મજ્ઞાન જે ક્રતુના અનુષ્ઠાનનું વિરોધી છે તેને ક્રતુ સાથે સમ્બન્ધજ નથી; તો ક્રતુથી તે જ્ઞાનનો અવ્યભિચાર નથી અને જ્ઞાન ક્રત્વર્થ નથી

૧ સ્વાર્થને માટે. ૨ વિચાર કર્યો. ૩ મનોરથ.

સ્વરૂપ પામે છે તે ઉત્તમ પુરુષ છે) એ આદિ વાકયશેષોથી, અધિકનો ઉપદેશ કરવાની ઇચ્છા હોઈ, અત્યન્ત અભેદ સૂચવવા માટે છે એમ અવિરોધ છે; કારણ કે શારીરનું પારમાર્થિક સ્વરૂપ પરમેશ્વરતુંજ છે; શારીરત્વ તો ઉપાધિકૃત છે, 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે), 'नान्यदतोऽस्ति द्रष्टृ' [બૃહ૦ ૩।૮।૧૧] (એથી અન્ય દ્રષ્ટ્ટ નથી) ઇત્યાદિ શ્રુતિઓથી. એ સર્વ વિસ્તારથી અમે પૂર્વે ત્યાં ત્યાં વર્ણવેલું છે ॥ ૮ ॥

तुल्यं तु दर्शनम् ॥ ९ ॥

દર્શન તો તુલ્ય છે ॥ ૯ ॥

આચાર દેખાય છે તેથી વિદ્યા કર્મશેષ છે એમ જે કહ્યું છે એને વિષે કહીએ છીએ—વિદ્યા એ અકર્મશેષ છે એને વિષે પણ આચારદર્શન તુલ્ય છે; કેમકે 'एतद्ध स्म वै तद्विद्वांस आहुर्ऋषयः कावषेयाः किमर्था वयमध्येष्यामहे किमर्था वयं यक्ष्यामहे । एतद्ध स्म वै तत्पूर्वे विद्वांसोऽग्निहोत्रं न जुहवांचक्रिरे' (તે એ જાણીને કવષના પુત્ર ઋષિઓએ કહ્યું, અમારે શા માટે અધ્યયન કરવું, અમારે શા માટે યજ્ઞ કરવો; ખરેખર, એ જાણનારા પૂર્વે ઋષિઓએ અગ્નિહોત્ર હોમ કર્યો નથી), 'एतं वै तमात्मानं विदित्वा ब्राह्मणाः पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति' [બૃહ૦ ૩।૫।૧] (તે એ આત્માને જાણીને—આ હું પરબ્રહ્મ, સદા સર્વસંસારવિનિર્મુક્ત નિત્યતૃપ્ત છું એમ જાણીને—પુત્રાર્થ ઇચ્છાથી—પુત્ર વડે આ લોકનો જય મેળવું, લોકજયસાધન પુત્ર પ્રતિ ઇચ્છાથી—વ્યુત્થાન કરીને, અર્થાત્ દારસંગ્રહ ન કરીને; વિત્તાર્થ ઇચ્છાથી વ્યુત્થાન કરીને—કર્મસાધન, માનુષ વિત્ત ગવાદિનું ઉપાદાન, આ કર્મ કરીને પિતૃલોકનો જય પ્રાપ્ત કરીશ એવી ઇચ્છાનો ત્યાગ કરીને; અથવા દૈવ વિત્ત વિદ્યા {હિરણ્યગર્ભાદિદેવતાવિષયજ વિદ્યા જે દેવલોકહેતુ છે તે અત્ર વિવક્ષિત છે, નિરુપાધિકપ્રજ્ઞાનઘનવિષયક બ્રહ્મવિદ્યા નહિ) તેથી સંયુક્ત કર્મ વડે કે કેવલ વિદ્યાથી દેવલોક જીતીશ; અને લોકાર્થ ઇચ્છાથી વ્યુત્થાન કરીને—વિપરીત ઉત્થાન કરીને, ત્યાગ કરીને એ ત્રણ પ્રકારનાં અનાત્મ લોકપ્રાપ્તિસાધનને વિષે તૃષ્ણા ન કરીને—ભિક્ષાર્થ ચરે છે—કર્મ ને કર્મસાધન યજ્ઞોપવીતાદિનો ત્યાગ કરી પરમહંસ પરિવ્રાજની અવસ્થા પ્રાપ્ત કરી ભિક્ષા માટે ફરે

એમાં તો કહેવુંજ શું ? તેથી અપવર્ગફલશ્રુતિ અર્થવાદમાત્ર નથી, પણ ફળપરજ છે. એજ કારણથી પ્રિય આદિ સૂચિત સંસારી આત્માથી ઉપક્રમ કરીને તેજ આત્માના અધિક ઉપદેશ કરવાની ઇચ્છા થયે પરમાત્માથી તેના અત્યન્ત અભેદનો ઉપદેશ કરાય છે. જેમ સમારોપિત સર્પનો રજ્જુરૂપથી અત્યન્ત અભેદ પ્રતિપાદન કરાય છે—જે આ સર્પ છે તે રજ્જુ છે એમ ॥૮॥

બ્રહ્મવેત્તાઓમાં કર્મની પેઠે સંન્યાસ પણ જોવામાં આવે છે તેથી તેમનું કર્મદર્શનાત્મક લિંગ લોકસંગ્રહાર્થક હોવાથી અન્યથાસિદ્ધ છે એમ કહે છે—'तुल्यं तु' ઇત્યાદિ. વળી જેને

ઉપનિષદ્‌થી થતું આત્મજ્ઞાન, સ્વતન્ત્ર રીતેજ પ્રયોજનવાળું છે એમ પ્રતીત થાય છે, તે કર્માધિકારનું કારણ થતું નથી એટલું પ્રતિપાદન કરીએ છીએ. જેમ એક ક્રતુના જ્ઞાનની બીજા ક્રતુના અધિકારને અપેક્ષા નથી, એ પ્રમાણે એ પણ સમજવું ॥૧૨॥

'नियमाच्च' [બ્રહ્મસૂ૦ ૩।૪।૭] એમ જે કહ્યું છે એને વિષે કહે છે—

नाविशेषात् ॥ १३ ॥

અવિશેષે (નિયમવિધાન છે તેથી) (વિદ્વાન્‌નો વિશેષ) નથી ॥ ૧૩ ॥

'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत्' [ઈશા૦ ૨] (અગ્નિહોત્રાદિ કર્મો અહિં કરતેજ જીવવા ઇચ્છવું) ઇત્યાદિ નિયમશ્રવણોમાં વિદ્વાન્‌નો વિશેષ નથી; કેમકે વિશેષ વગર નિયમનું વિધાન છે ॥ ૧૩ ॥

स्तुतयेऽनुमतिर्वा ॥ १४ ॥

અથવા (વિદ્યાની) સ્તુતિને માટે (કર્મનું) અનુજ્ઞાન છે ॥ ૧૪ ॥

'कुर्वन्नेवेह कर्माणि' [ઈશા૦ ૨] (અહિં કર્મો કરતોજ) એમાં અન્ય વિશેષ કહ્યો છે. જો કે અહિં પ્રકરણના સામર્થ્યથી વિદ્વાનજ કરતો એમ સંબન્ધ કરાય તોપણ વિદ્યાની સ્તુતિને માટે કર્મનું અનુજ્ઞાન એ સમજવું; કેમકે 'न कर्म लिप्यते नरे' [ઈશા૦ ૨] (નરને વિષે કર્મ લિપ્ત થતું નથી એમ કહેશે. સારાંશ એ છે કે જન્મપર્યન્ત કર્મ કરતા પણ વિદ્વાન્ પુરુષને વિષે કર્મ લેપ કરવા સામર્થ્ય થતું નથી, વિદ્યાના સામર્થ્યથી. તેટલા માટે એમ વિદ્યાની સ્તુતિ થાય છે ॥ ૧૪ ॥

નિષદ્‌ના અધ્યયનયુક્તને નથી. સારાંશ આ પ્રમાણે છે. જે અધ્યયનનો અર્થાવબોધપર્યન્ત કર્મના ઉપયોગ છે, એમ કર્મવિધિવાક્યોનો, તે અધ્યયનથી યુક્ત પુરુષનેજ કર્મને વિષે અધિકાર છે, ઉપનિષદ્‌ના અધ્યયનથી યુક્ત પુરુષને અધિકાર નથી; કેમકે એ અધ્યયનનો કર્મને વિષે ઉપયોગ નથી. ઉપનિષદ્‌ના અધ્યયનની અપેક્ષાએ માત્રબ્રહ્મનું ગ્રહણ છે, અર્થબોધની અપેક્ષા નથી ॥ ૧૨ ॥

'कुर्वन्नेवेह कर्माणि' એમાં 'विद्वान्' એમ વિશેષનું ગ્રહણ કર્યું નથી. તેમજ પૂર્વ [illegible] પ્રકરણના સામર્થ્યાનુસારે તે કલ્પવો પણ શક્ય નથી; કેમકે વિદ્યા એ કર્મવિરોધી છે એમ પ્રત્યક્ષ છે. એટલા માટે અવિદ્વાનજ 'कुर्वन्नेवेह कर्माणि' એમાં સંબન્ધ પામે છે [illegible] ॥ ૧૩ ॥

નિયમવાક્ય અન્ય વિષે છે એમ કહ્યું, હવે કહે છે કે વિદ્વાન્‌ના જ્ઞાનની સ્તુતિને માટે છે—'[illegible]'. આ પ્રમાણે કર્મ કરતા એવા પણ નરે વિષે વિદ્યાબલ પ્રભાવથી [illegible] નથી, અર્થાત્ કર્મની સંબન્ધ નથી. કેમકે કર્મ લિપ્ત થતું નથી, [illegible] કહ્યું છે 'एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे' [ઈશા૦ ૨] [illegible] ॥ ૧૪ ॥

कामकारेण चैके ॥ १५ ॥

વળી ઇચ્છાથી કેટલાક (અન્ય ફળના સાધનો વિષે પ્રયોજન[ના] અભાવનો પરામર્શ કરે છે) ॥ ૧૫ ॥

વળી કેટલાક વિદ્વાનો જેમણે વિદ્યાફળ પ્રત્યક્ષ કર્યું છે એવા થઈ, તેના ધારથી અન્ય ફળના સાધનોને વિષે પ્રયોજનનો અભાવ પરામર્શ કરે છે, ઇચ્[છાથી] એમ. વાજસનેયીઓની શ્રુતિ છે—' एतद्ध स्म वै तत्पूर्वे विद्वांसः प्रजां न काम[यन्ते] किं प्रजया करिष्यामो येषां नोऽयमात्माऽयं लोकः ' [બૃહ૦ ૪।૪।૨૨] (તે એ [...] સંન્યાસનું કારણ છે. પૂર્વ વિદ્વાનો—આત્મજ્ઞો પ્રજાને-કર્મને અને અપર બ્રહ્મવિદ[્યાને] ઇચ્છતા નથી, પ્રજારૂપ સાધનથી શું પ્રયોજન. ફળ સાધ્ય કરીશું ? અમે પરમા[ર્થ] દર્શીઓ છીએ. અને અમારો અશનાયા આદિથી વિનિર્મુક્ત આ આત્મા અને સા[...] એ અસાધુથી અવિકાર્ય આ લોક ફળ તરીકે અભિપ્રેત છે). વળી વિદ્યાફળ અ[...] નુભવારૂઢજ છે. ક્રિયાફળની પેઠે અન્ય કાળે થનાર નથી એમ અનેક વાર અમે કહ્યુ[ં] છે. એથી પણ વિદ્યા કર્મશેષ નથી, તેમજ તે વિષેની ફળશ્રુતિ અયથાર્થ છે એમ આશ્રય લેવો શક્ય નથી ॥ ૧૫ ॥

उपमर्दं च ॥ १६ ॥

વળી કર્માધિકારનો હેતુ, ક્રિયારૂપ, કારકરૂપ, અને ફલરૂપ સમસ્ત અવિદ્યાકૃત પ્રપંચના સ્વરૂપનો વિદ્યાના સામર્થ્યથી નાશ શ્રુતિકારો કહે છે—' यत्र वा अस्य स[र्व]मात्मैवाभूत् तत् केन कं पश्येत् तत् केन कं जिघ्रेत् ' [બૃહ૦ ૨।૪।૧૪] (જે વિદ્યાવસ્થામાં એ બ્રહ્મવેત્તાનું સર્વ-નામરૂપાદિ આત્માજ થાય છે, તે અવસ્થાને વિષે શા વડે શું જુએ તે અવસ્થામાં શા વડે શું સુંઘે ! (સર્વત્ર ક્રિયા કારકસાધ્ય છે, કારકાભાવે ક્રિયાની અનુપપત્તિ છે ને ક્રિયાને અભાવે ફળનો અભાવ છે. અવિદ્યાવસ્થામાંજ ક્રિયાકારકફળવ્યવહાર છે, બ્રહ્મવેત્તાને નથી.)) ઇત્યાદિ. વેદાન્તમાં કહેલું આત્મજ્ઞાન જેની પૂર્વે છે એવી કર્માધિકારસિદ્ધિની જે પ્રત્યાશા રાખે છે તેને તો કર્માધિકારનો ઉચ્છેદજ પ્રસક્ત થશે. તેટલા માટે પણ વિદ્યાનું સ્વાતન્ત્ર્ય છે ॥ ૧૬ ॥

સ્વેચ્છાથી અને કર્મસાધનપ્રજાદિના ત્યાગરૂપ લિંગથી વિદ્યા સ્વાતન્ત્ર્યવાળી છે એમ કહે છે—' कामकारेण चैके '. તે એ ફળ જે અમારો આ અપરોક્ષ આત્મા છે અને એ લોકજ—મોક્ષસત્ લોકજ—પુરુષાર્થ છે તે અમે પ્રજાદિથી શું કરીશુ એમ આલોચના કરી કર્મનો ત્યાગ કર્યો એવો અર્થ છે. પણ ' આ લોક ' એમ જ્ઞાનફળની પ્રત્યક્ષ નહિ ઉક્તિ અયુક્ત છે, કર્મફળની પેઠે અદૃષ્ટ હોવાથી—એ શંકાનું નિરસન કરે છે—' વળી વિદ્યાફળ ' ઇત્યાદિ ॥૧૫॥

માત્ર અનુપયોગથીજ જ્ઞાનકર્મનું અન્તર છે એમ નથી, પણ કર્મનું નાશક છે તેથી પણ કર્મનું અન્તર છે એમ કહે છે—' उपमर्दं च '. ॥ ૧૬ ॥

૧ ૩।૪।૩૨ ॥ ૧૫૦.

ઉપનિષદ્‌થી થતું આત્મજ્ઞાન, સ્વતન્ત્ર રીતેજ પ્રયોજનવાળું છે એમ પ્રતીત થાય છે, તે કર્માધિકારનું કારણ થતું નથી એટલું પ્રતિપાદન કરીએ છીએ. જેમ એક ક્રતુના જ્ઞાનની બીજા ક્રતુના અધિકારને અપેક્ષા નથી, એ પ્રમાણે એ પણ સમજવું ॥ ૧૨ ॥

' नियमाच्च ' [બ્રહ્મસૂ૦ ૩।૪।૭] એમ જે કહ્યું છે એને વિષે કહે છે—

नाविशेषात् ॥ १३ ॥

અવિશેષે (નિયમવિધાન છે તેથી) (વિદ્વાન્‌નો વિશેષ) નથી ॥ ૧૩ ॥

' कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् ' [ઈશા૦ ૨] (અગ્નિહોત્રાદિ કર્મો અહિં કરતો છતાજ જીવવા ઇચ્છવું) ઇત્યાદિ નિયમશ્રવણોમાં વિદ્વાન્‌નો વિશેષ નથી; કેમકે વિશેષ વગર નિયમનું વિધાન છે ॥ ૧૩ ॥

स्तुतयेऽनुमतिर्वा ॥ १४ ॥

અથવા (વિદ્યાની) સ્તુતિને માટે (કર્મનું) અનુજ્ઞાન છે ॥ ૧૪ ॥

' कुर्वन्नेवेह कर्माणि ' [ઈશા૦ ૨] (અહિં કર્મો કરતોજ) એમાં અન્ય વિશેષ કહ્યો છે. જેકે અહિં પ્રકરણના સામર્થ્યથી વિદ્વાનજ કરતો એમ સંબન્ધ કરાય તોપણ વિદ્યાની સ્તુતિને માટે કર્મનું અનુજ્ઞાન એ સમજવું; કેમકે ' न कर्म लिप्यते नरे ' [ઈશા૦ ૨] (નરને વિષે કર્મ લિપ્ત થતું નથી એમ કહેશે. સારાંશ એ છે કે જન્મપર્યન્ત કર્મ કરતા પણ વિદ્વાન્ પુરુષને વિષે કર્મ લેપ કરવા સમર્થ થતું નથી, વિદ્યાના સામર્થ્યથી. તેટલા માટે એમ વિદ્યાની સ્તુતિ થાય છે ॥ ૧૪ ॥

નિષદ્‌ના અધ્યયનયુક્તને નથી. સારાંશ આ પ્રમાણે છે. જે અધ્યયનનો અર્થાવબોધપર્યન્ત ઉપયોગ છે, એમ કર્મવિધિવાક્યોનો, તે અધ્યયનથી યુક્ત પુરુષનેજ કર્મને વિષે અધિકાર છે, ઉપનિષદ્‌ના અધ્યયનથી યુક્ત પુરુષને અધિકાર નથી, કેમકે એ અધ્યયનનો કર્મને વિષે ઉપયોગ નથી. ઉપનિષદ્‌ના અધ્યયનની અપેક્ષાએ માત્રશબ્દનું ગ્રહણ છે. અર્થબોધની અપેક્ષાએ [illegible] નથી ॥ ૧૨ ॥

' कुर्वन्नेवेह कर्माणि ' એમાં ' विद्वान् ' એમ વિશેષનું ગ્રહણ કર્યું નથી. તેમજ પૂર્વ [illegible] સ્વના મન્તવ્યાનુસારે તે કલ્પવો પણ શક્ય નથી. કેમકે વિદ્યા એ કર્મવિરોધી છે એમ [illegible] છે. એટલા માટે અવિદ્વાનજ ' कुर्वन्नेवेह कर्माणि ' એમાં સંબન્ધ પામે છે [illegible] ॥ ૧૩ ॥

નિયમવિધિ [illegible] છે એમ કહ્યું, હવે કહે છે કે વિદ્વાનના જ્ઞાનની સ્તુતિને માટે છે— ' [illegible] '. આ પ્રમાણે કર્મ કરતા એવા પણ નરને વિષે વિદ્યાપ્રભાવથી [illegible] નથી, અર્થાત્ કર્મની સંસ્કાર નથી; કેમકે કર્મ લિપ્ત થતું નથી, પૂર્વરૂપથી [illegible] નથી એમ ' एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ' [ઈશા૦ ૨] એ [illegible] છે ॥ ૧૪ ॥

परामर्शं जैमिनिरचोदना चापवदति हि ॥ १८ ॥

ઊર્ધ્વરેતસ્ આદિ શબ્દોમાં) જૈમિનિ (અન્ય આશ્રમનો)
પરામર્શ (માને છે); તેઓ ચોદનાશબ્દ નથી, કેમકે (શ્રુતિ
અન્ય આશ્રમનો) અપવાદ કરે છે ॥ ૧૮ ॥

त्रयो धर्मस्कन्धाः ' [છાન્દો૦ ૨।૨૩।૧] (ધર્મના ત્રણ સ્કન્ધ-પ્રવિભાગ છે,
ઇ જે શબ્દો ઊર્ધ્વરેતસ્ આશ્રમોના સદ્ભાવને માટે કહ્યા છે તે તે પ્રતિપાદન
સમર્થ નથી; કારણ કે એ શબ્દોમાં જૈમિનિ આચાર્ય અન્ય આશ્રમોનો પરા-
માને છે, વિધિ માનતો નથી. શાથી? કારણ કે લિઙ્ આદિમાંનો એક પણ
ાશબ્દ આદિ નથી; અને એમાં દરેકમાં અન્ય અર્થ પ્રતિપાદન કરવાનું તાત્પર્ય
બ્ધ થાય છે. 'त्रयो धर्मस्कन्धाः' (ધર્મના ત્રણ સ્કન્ધ છે) એમાં 'यज्ञोऽ-
ं दानमिति प्रथमस्तप एव द्वितीयो ब्रह्मचार्याचार्यकुलवासी तृतीयोऽत्यन्तमात्मा-
चार्यकुलेऽवसादयन् सर्व एते पुण्यलोका भवन्ति' [છાન્દો૦ ૨।૨૩।૧] ([અગ્નિ-
ાદિ] યજ્ઞ, અધ્યયન-સનિયમ ઋગાદિનો અભ્યાસ { સ્વીકરણ, વિચાર, જપ,
ાને દાન, અને આવૃત્તિ એ પાંચ પ્રકારનો અભ્યાસ છે }, વેદિબહાર ભિક્ષ-
ાને યથાશક્તિ દ્રવ્યનો સંવિભાગ તે દાન એ પ્રથમ ધર્મસ્કન્ધ છે—ગૃહસ્થસ-
ર હોવાથી તન્નિર્વર્તક ગૃહસ્થથી નિર્દિષ્ટ થાય છે; તપજ દ્વિતીય છે—કૃચ્છ્રચા-

---

સંન્યાસ નથી એમ આક્ષેપ કરે છે—'परामर्शं जैमिनिः'. ઊર્ધ્વરેતસ્ એ સંજ્ઞાવાળું
ન ક્ય અનુષ્ઠેય છે કે નહિ તેનો પ્રમાણભૂત અને ભ્રાન્તિમૂલથી સંદેહ થયે ભ્રાન્તિમૂલક છે
અનુષ્ઠેય નથી એમ કહે છે—'त्रयो धर्मस्कन्धाः' ઇત્યાદિ. 'ઊર્ધ્વરેતસ્ આશ્ર-
॥ ' = અવાન્તર ભેદને લીધે બહુવચન છે; કેમકે કાત્યાયન સ્મૃતિનું અર્થથી અનુક્રમણ
છે. ગાયત્ર, બ્રાહ્મ, પ્રાજાપત્ય, અને બૃહન્ એમ બ્રહ્મચારી ચાર પ્રકારનો છે. તેમાં ઉપ-
ર પછી ત્રણ રાત ક્ષાર, અક્ષાર, અલવણ ભોજન કરે છે ને ગાયત્રીનું અધ્યયન કરે છે તે
ત્ર છે. જે વેદગ્રહણપર્યન્ત બ્રહ્મચર્ય આચરે છે તે બ્રાહ્મ. ઋતુકાલમાં સ્વદારગામી, નિત્ય
અભિમુખ તે પ્રાજાપત્ય; અથવા સંવત્સરપર્યન્ત વેદવ્રત કરનાર કે બહુ તે પ્રાજાપત્ય. મરણ-
ન્ત ગુરુકુલવાસી નૈષ્ઠિક તે બૃહન્ કહેવાય છે. ગૃહસ્થના પણ ચાર પ્રકાર છે—વાર્તાક,
ાાવર, શાલીન, અને ઘોરસંન્યાસિક. તેમાં કૃષિ, ગોરક્ષા આદિ વૈશ્યાદિવૃત્તિથી જીવન નિર્વ-
કરતો, ઇત્યાદિ ક્રિયાપર તે વાર્તાકવૃત્તિ. યાયાવર તો અયાચિતવૃત્તિ છે, યાજન, અધ્યા-
, પ્રતિગ્રહથી વિમુખ છે. શાલીન એટલે ષટ્કર્મમાં નિરત, યાજનાદિવૃત્તિ. સંચય કરનાર,
આવી પવિત્ર કરેલા જળ વડે કાર્ય કરતો, પ્રતિદિન દાણા વીણીને જીવન ગાળનાર, આ-
ાસી ઘોરસન્યાસિક કહેવાય છે; કેમકે તે હિંસાથી વિમુખ છે. વાનપ્રસ્થના પણ ચાર પ્ર-
. છે—વૈખાનસ, ઔદુમ્બર, વાલખિલ્ય, અને ફેનપ. તેમાં અકૃષ્ટપચ્ય—ખેડ્યા વગરની
મમાં પાકનાર, ગામથી બહિષ્કૃત ઓષધિથી અગ્નિહોત્ર આદિ કરનાર વૈખાનસ કહેવાય છે.
પ્રાતઃકાલે ઉઠીને જે દિશા જુએ છે તે દિશાના ઉદુંબર, બદરી, નીવાર, શ્યામાકથી કર્મ-
વાય છે તે ઔદુંબર. જે જટા ને વલ્કલ ધારણ કરે છે, ને આઠ માસ વૃત્ત્યુપાર્જન કરીને
ઉર્મ:સ્થમાં સંગ્રહ કરેલાનું ભોજન કરે છે ને કાર્તિકીમાં સંગૃહીત પુષ્પ ને ફળનો ત્યાગ કરે

ऊर्ध्वरेतःसु च शब्दे हि ॥ १७॥

'ઊર્ધ્વરેતસ્ આશ્રમોમાં (વિદ્યાની શ્રુતિ છે); કેમકે શ્રુતિ(માં) (તે આશ્રમોનું અવગમન છે) ॥ ૧૭॥

'ઊર્ધ્વરેતસ્ આશ્રમોમાં વિદ્યાની શ્રુતિ છે; અને ત્યાં વિદ્યા કર્મનું અંગ ઉપપન્ન થતું નથી; કર્મનો અભાવ છે તેથી; કારણ કે અગ્નિહોત્ર આદિ કર્મ તે આશ્રમોમાં નથી. પણ અત્ર શંકા છે કે ઊર્ધ્વરેતસ્ આશ્રમોની વેદમાં ... એમ. તે પણ નથી; કેમકે વૈદિક શબ્દોમાં તેનું પણ અવગમન થાય છે— ... धर्मस्कन्धाः' [છાન્દો૦ ૨।૨૩।૧] (ધર્મનાં ત્રણ સ્કન્ધ-પ્રવિભાગ છે), '... रण्ये श्रद्धा तप इत्युपासते' [છાન્દો૦ ૫।૧૦।૧] (જે એઓ અરણ્યમાં ... તપને ઉપાસે છે), 'तपःश्रद्धे ये ह्युपवसन्त्यरण्ये' [મુણ્ડ૦ ૧।૨।૧૧] (... યુક્ત વાનપ્રસ્થો અને સંન્યાસીઓ તપ અને શ્રદ્ધાને અરણ્યમાં સેવે છે), '... प्रव्राजिनो लोकमिच्छन्तः प्रव्रजन्ति' [બૃહ૦ ૪।૪।૨૨] (એજ આત્મલોકને ... પ્રવ્રાજીઓ સર્વ કર્મનો સંન્યાસ કરે છે), 'ब्रह्मचर्यादेव प्रव्रजेत्' [જા૦ ૪] (બ્રહ્મ... ચર્યથીજ સંન્યસ્ત લેવું) ઇત્યાદિમાં. જેમણે ગૃહસ્થાશ્રમ પ્રાપ્ત કરેલો છે અને જે... મણે પ્રાપ્ત કર્યો નથી, જેમણે ત્રણ ઋણો અપાકૃત કર્યાં છે અને જેમણે ... કર્યાં નથી તેમનું ઊર્ધ્વરેતસ્ત્વ શ્રુતિમાં અને સ્મૃતિમાં પ્રસિદ્ધ છે. તેટલા માટે વિદ્યાનું સ્વાતન્ત્ર્ય છે ॥ ૧૭ ॥

વળી કર્મ અને તત્ત્વજ્ઞાન અંગાગીભૂત નથી, ભિન્ન અધિકારીઓમાં રહેલાં છે ... રાજસૂય અને બૃહસ્પતિસવની પેઠે, એમ કહે છે—'ऊर्ध्वरेतःसु' ઇત્યાદિ. ત્રણ ધર્મસ્ક... કર્મપ્રધાન આશ્રમો છે, ચતુર્થ બ્રહ્મસંસ્થ છે એવો અર્થ છે. બ્રહ્મચર્ય વડે ઋષિઓથી, ય... દેવોથી, અને પ્રજા વડે પિતૃઓથી ઋણમુક્ત થઈ અનૃણ થાય છે એમ શ્રુતિ કહે છે. ... ઋણોનું અપાકરણ કરીને મન મોક્ષને વિષે નિવિષ્ટ કરવું; અપાકરણ કર્યાં વિના મોક્ષ સેવ... અધોગતિ પામે છે એવી સ્મૃતિ છે. એ ઉપરથી ગૃહસ્થાશ્રમ પ્રાપ્ત કર્યો છે અને ત્રણ ઋ... નિરસ્ત કર્યાં છે તેનેજ સંન્યસ્તનો અધિકાર છે એવી શંકા ન કરવી. બ્રહ્મચર્યથીજ સંન્યા... લેવું. દ્વિતીય આશ્રમ ઇચ્છવો ને સેવવો એમ વિધિશ્રુતિ, અને નિષેધસ્મૃતિના વિરોધથી અર્થ... શ્રુતિ અને અર્થવાદસ્મૃતિ અવિરક્તને વિષે છે એમ સમન્વય છે એમ કહે છે—'... ગૃહસ્થાશ્રમ' ઇત્યાદિ. 'તેટલા માટે' = સંન્યાસનિષ્ઠ છે તેથી પણ ॥ ૧૭ ॥

---

૧ મૈથુનેતર સેવું એવી ઉપરતિ પારિવ્રાજ્ય-સંન્યાસ.

'अथ ह याज्ञवल्क्यस्य द्वे भार्ये बभूवतुर्मैत्रेयी च कात्यायनी च' [બૃહ૦ ૪।૫।૧] (યાજ્ઞવલ્ક્યને બે સ્ત્રીઓ હતી, મૈત્રેયી અને કાત્યાયની), 'प्रतर्दनो ह वै दैवोदासिरिन्द्रस्य प्रियं धामोपजगाम' [કૌષી૦ ૩।૧] (દિવોદાસનો પુત્ર પ્રતર્દન, ખરેખર, ઇન્દ્રને પ્રિય સ્થાને ગયો), 'जानश्रुतिर्ह पौत्रायणः श्रद्धादेयो बहुदायी बहुपाक्य आस' [છાન્દો૦ ૪।૧।૧] (જનશ્રુતનો વંશજ, તેના પુત્રનો પૌત્ર હતો એવું ઇતિવૃત્ત છે, તે શ્રદ્ધાપુરઃસર બ્રાહ્મણાદિને દાન આપતો હતો, બહુ દાન આપવાનો તેનો સ્વભાવ હતો, અને તેને ત્યાં દરરોજ ભોજનાર્થીઓ માટે બહુ અન્ન રંધાતું હતું)—ઇત્યાદિ વેદાન્તપઠિત આખ્યાનોને વિષે સંશય છે—કે શું એ આખ્યાનો પારિપ્લવના પ્રયોગને અર્થે છે કે સંનિહિત વિદ્યાની પ્રતિપત્તિને અર્થે છે એમ. એ આખ્યાનશ્રુતિઓ પારિપ્લવને અર્થે છે; બીજાં આખ્યાનોની પેઠે આખ્યાન છે તેથી, અને આખ્યાનનો પ્રયોગ પારિપ્લવને વિષે શાસ્ત્રપ્રેરિત છે તેથી; અને એ ઉપરથી વેદાન્તો વિદ્યાપ્રધાન નથી, મન્ત્રોની પેઠે પ્રયોગશેષ છે તેથી. આમ શંકા કરવી યુક્ત નથી. શાથી? વિશેષિત છે તેથી; કારણ કે 'पारिप्लवमाचक्षीत' (તેણે પારિપ્લવ

અશ્વમેધમાં પુત્રાદિથી પરિવૃત થયેલા રાજાને પારિપ્લવ કહેવું એમ નાના પ્રકારનાં આખ્યાનોનું કથનરૂપ પારિપ્લવનો પ્રયોગ વિધાન કર્યો છે. હવે વેદાન્તમાંની કથાઓ પણ એ આખ્યાનોની પેઠે આખ્યાન છે, તેમજ તેઓ વિદ્યાના સંનિધાનમાં છે, તેથી સંશય કહે છે—'શું એ આખ્યાનો' ઇત્યાદિ. પૂર્વ અધિકરણમાં એમ પ્રતિપાદન કર્યું છે કે સ્તુતિ કરતાં વિધિ બલવાન્—વધારે સારો છે; કેમકે તેમાં અનુષ્ઠાનનો લાભ છે. તેમજ કથાઓ પણ વિદ્યાની સ્તુતિને અર્થે નથી; કેમકે તેથી પારિપ્લવ અનુષ્ઠાનનો લાભ થાય છે એવો પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષનું ફળ કહે છે—'અને એ ઉપરથી વેદાન્તો વિદ્યાપ્રધાન નથી' ઇત્યાદિ. જેમ 'देवस्य त्वा सवितुः' ઇત્યાદિ મન્ત્રમાં કોઈકજ પદ પ્રયોગસમવેત હોવાથી પ્રયોગશેષ છે એમ સિદ્ધ થયે અન્ય પદો પણ તેની સાથે એકવાક્યતાથી પ્રયોગશેષ છે; તે પ્રમાણે વેદાન્તમાંની કથાઓ પણ પ્રયોગશેષ છે, તેથી તેની સાથે એકવાક્યતાથી સર્વ ઉપનિષદ્વાક્યો પ્રયોગશેષ છે, માટે વિદ્યાનું પ્રાધાન્ય નથી એવો અર્થ છે. કથાઓ ગુરુશિષ્યના સમાચારનું પ્રદર્શન કરે છે તેથી બુદ્ધિનું સૌકર્ય કરે છે ને તે દ્વારા સંનિહિત વિદ્યાની શેષ છે, સામર્થ્યયોગથી, માટે વિદ્યાનું પ્રાધાન્ય છે એ ફળ માનીને સિદ્ધાન્ત કરે છે—'આમ શંકા કરવી યુક્ત નથી' ઇત્યાદિ. અશ્વમેધમાં પહેલે દિવસે મનુ, વિવસ્વત્‌નો પુત્ર રાજા હતો ઇત્યાદિ કથા કહેવી, બીજે દિવસે યમ, વિવસ્વત્‌નો પુત્ર ઇત્યાદિ કથા કહેવી, અને ત્રીજે દિવસે, વરુણ, આદિત્ય ઇત્યાદિની કથા કહેવી; એમ વાક્યશેષમાં કથાઓને વિશેષે કહી છે તેથી ઉપક્રમનો

---

૧ અશ્વમેધ યજ્ઞમાં પુત્રાદિપરિવૃત રાજાને નાનાવિધ કથાનું કથન. અશ્વમેધયાગમાં કુટુમ્બસહિત રાજાને બેસાડીને તેની આગળ અધ્વર્યુ વૈદિક આખ્યાનો કહે છે તે.

કહેવું) એમ પ્રસ્તવી ' मनुर्वैवस्वतो राजा ' (મનુ, વિવસ્વત્‌નો પુત્ર, રાજા) ઇત્યાદિ કેટલાંક આખ્યાનોજ શ્રુતિ વિશેષે કહે છે. જો આખ્યાનત્વ એ સમાનધર્મથી સર્વ આખ્યાનોનું ગ્રહણ થાય તો એ વિશેષણ અનર્થકજ થાય. તેટલા માટે એ આખ્યાનશ્રુતિઓ પારિપ્લવને અર્થેજ છે ॥ ૨૩ ॥

तथा चैकवाक्यतोपबन्धात् ॥ २४ ॥

તેમજ (આખ્યાનોની વિદ્યાઓ સાથે) એકવાક્યતાનો ઉપસંબન્ધ છે તેથી ॥ ૨૪ ॥

આખ્યાનો પારિપ્લવને અર્થે નથી એમ થયું એટલે સંનિહિત વિદ્યા પ્રતિપાદન કરવામાં તેઓ ઉપયોગી થાય એજ ન્યાય્ય છે; કેમકે એકવાક્યતાનો ઉપસંબન્ધ છે; કારણ કે તે તે પ્રદેશમાં સંનિહિત વિદ્યાઓ સાથે (આખ્યાનોની) એકવાક્યતા દેખાય છે, [1]પ્રરોચન માટે તેમનો ઉપયોગ છે તેથી, અને [2]પ્રતિપત્તિ સુકર કરવામાં તેમનો ઉપયોગ છે તેથી. મૈત્રેયી બ્રાહ્મણમાં ' आत्मा वा अरे द्रष्टव्यः ' [બૃહ૦૪।૫।૬]

સંકોચ યુક્ત છે. પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનો આશય આ પ્રમાણે છે—પૂર્વપક્ષ—જોકે ઉપનિષદાખ્યાનો વિદ્યાના સંનિધિમાં કહ્યાં છે; તોપણ ' सर्वाण्याख्यानानि पारिप्लवे ' (સર્વ આખ્યાનો પારિપ્લવને અર્થે છે) એમ સર્વશબ્દની શ્રુતિ છે તેથી નિઃશેષ આખ્યાનો લેવાનાં છે, માટે સંનિધિ દુર્બલ થઈ બાધિત થાય છે, તેથી આખ્યાનો પારિપ્લવને અર્થેજ છે. એમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત આવો છે—એ આખ્યાનોનો પારિપ્લવને વિષે વિનિયોગ નથી; પણ ' पारिप्लवमाचक्षीत ' (' પારિપ્લવ કહેવું ' એમ ઉપક્રમ કરીને જે આખ્યાનો શ્રુતિમાં કહ્યાં છે ' मनुर्वैवस्वतो राजा ') ઇત્યાદિ, તે આખ્યાનોનોજ તેમાં વિનિયોગ છે; કેમકે તેનેજ પારિપ્લવનું વિશેષણ આપ્યું છે. નહિ તો ' पारिप्लवे सर्वाणि आख्यानानि ' એટલાથીજ અર્થ કહેવાઈ ગયો તો ' पारिप्लवमाचक्षीत ' એ અનર્થક થાય; પણ ' पारिप्लवम् ' ને આખ્યાનોનું વિશેષણ લેવાથી તે અર્થવત્ થાય છે. તેટલા માટે વિશેષણના અનુરોધથી સર્વશબ્દ તેને અપેક્ષીને છે, અશેષ આખ્યાનોને લાગુ પડતો નથી; જેમ ' सर्वे ब्राह्मणा भोजयितव्याः ' (સર્વ બ્રાહ્મણોને ભોજન કરાવવું) એમાં નિમન્ત્રેલા બ્રાહ્મણોને અપેક્ષીને સર્વશબ્દ છે તેમ ॥ ૨૩ ॥

ત્યારે કથાઓનો વિનિયોગ ક્યાં છે એમ આશંકા કરી, સંનિધાનથી વિદ્યાઓને વિષે વિનિયોગ છે એમ કહે છે—' तथा चैक ' ઇત્યાદિ. વિદ્યાપ્રતિપાદક વાક્યો સાથે એકવાક્યતાનો એ આખ્યાનોને સંબન્ધ છે તેથી એ આખ્યાનો પારિપ્લવને અર્થે નથી એવો સૂત્રનો અર્થ છે. એ આખ્યાનપદોનો પારિપ્લવનું શંસન કરવામાં વિનિયોગ હોય તો તેટલાથીજ પ્રયોજનની આકાંક્ષા ઉપરત થવાથી, વિદ્યાનાં સ્તાવક થઈ, વિદ્યાવિધિ સાથે આખ્યાનોની એકવાક્યતા ન થાય. ' પ્રરોચન માટે તેમનો ઉપયોગ છે તેથી '—મહર્ષિ યાજ્ઞવલ્ક્યે અતિપ્રિય પોતાની જાયાને આત્મવિદ્યા કહી. એ આત્મવિદ્યા અત્યન્ત હિતભૂત છે તેથી એને સમજવામાં આ

1 વિદ્યાઓ પ્રતિ આખ્યાનો પ્રીતિ ઉત્પન્ન કરે માટે. 2 વિદ્યાઓ સહેલાઈથી સમજ પડે માટે.

(અરે મૈત્રેયિ, આત્મા દર્શન કરવા યુક્ત છે), ઇત્યાદિ વિદ્યા સાથે (આખ્યાનની) એકવાક્યતા દેખાય છે: પ્રાતર્દનમાં પણ 'પ્રાણોઽસ્મિ પ્રજ્ઞાત્મા' [કૌશી૦બ્રા૦ ૩।૨] (હું પ્રાણ છું, પ્રજ્ઞાત્મા છું) ઇત્યાદિ વિદ્યા સાથે એકવાક્યતા દેખાય છે; અને 'જાનશ્રુતિઃ' (જાનશ્રુતિ એ) આખ્યાનમાં પણ 'વાયુર્વાવ સંવર્ગઃ' [છાન્દો૦ ૪।૩।૨] (ખરેખર, વાયુ સંવર્ગ છે) ઇત્યાદિ વિદ્યા સાથે એકવાક્યતા દેખાય છે; જેમ 'સ આત્મનો વપામુદખિદત્' (તે પ્રજાપતિએ પોતાની વપાનો હોમને માટે ઉદ્ધાર કર્યો) ઇત્યાદિ કર્મશ્રુતિમાં આવેલાં આખ્યાનો સંનિહિત વિધિની સ્તુતિને અર્થે છે તેમ. તેટલા માટે એ આખ્યાનો પારિપ્લવને અર્થે નથી ॥ ૨૪ ॥

अत एव चाग्नीन्धनाद्यनपेक्षा ॥ २५ ॥

એથીજ 'અગ્નીન્ધન આદિની અપેક્ષા નથી ॥ ૨૫ ॥

'પુરુષાર્થોઽતઃ શબ્દાત્' [બ્રહ્મસૂ૦ ૩।૪।૧] એ વ્યવહિત છે તોપણ સંભવને લીધે 'અતઃ' એ પદથી એનો પરામર્શ થાય છે. એથીજ, વિદ્યા પુરુષાર્થનો હેતુ છે તેથી. અગ્નીન્ધન આદિ આશ્રમકર્મોની વિદ્યા સ્વાર્થસિદ્ધિને માટે અપેક્ષા કરે એ યુક્ત નથી, ઇત્યાદિ એજ અધિકરણના ફળનો, અધિક કહેવાની ઇચ્છાથી, ઉપસંહાર કરે છે ॥ ૨૫ ॥

ખ્યાયિકા પ્રેમ ઉત્પન્ન કરવામાં ઉપયોગી થાય છે એ સ્પષ્ટ છે. વળી બાહ્ય વિષયોને વિષે આસક્ત પુરુષોને આખ્યાયિકા કહે ત્યારે તેમનું ચિત્ત બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થાય છે. પછી તેમનું ચિત્ત સમાહિત થાય એટલે આપ્ત પુરુષો તેમને નિત્ય અલૌકિક અર્થનું જ્ઞાન આપે છે. આ પ્રમાણે વિરોધી વિષયોમાંથી ચિત્ત વ્યાવૃત્ત કરી આત્મવિદ્યાની પ્રતિપત્તિ આખ્યાનો સુકર કરે છે. એ રીતે વેદાન્તોમાં યોજવી એવો ભાવ છે ॥ ૨૪ ॥

આ પ્રમાણે આદ્ય અધિકરણમાં જે પ્રમેય, વિદ્યાસ્વાતન્ત્ર્ય, તેને ત્રણ અધિકરણોથી દૃઢ કરીને સ્થિર અધિકરણનું ફળ કહે છે—'અત એવ'[1] ઇત્યાદિ. બ્રહ્મવિદ્યા સ્વફળ મોક્ષ ઉત્પન્ન કરવામાં સહકારી તરીકે કર્મોની અપેક્ષા રાખે છે કે નહિ એમ વાદવિવાદથી સંશય થયે 'તેનૈતિ બ્રહ્મવિત્ પુણ્યકૃત્ તૈજસઃ' ઇત્યાદિ શ્રુતિ જ્ઞાનકર્મસમુચ્ચયથી મોક્ષની પ્રાપ્તિ કહે છે તેથી બ્રહ્મવિદ્યા સહકારી તરીકે કર્મોની અપેક્ષા રાખે છે એમ પ્રાપ્ત થયે, વિદ્યા એ મુક્તિનો હેતુ છે તેથી અવિદ્યાનિવૃત્તિસંજ્ઞક મુક્તિને કર્મની અપેક્ષા નથી એમ સિદ્ધાન્ત કરે છે—'પુરુષાર્થનો હેતુ છે તેથી' ઇત્યાદિ. અગ્નીન્ધન પદ ઉપલક્ષણવૃત્તિથી તત્સાધકકર્મો ગ્રહણ કરે છે. પુણ્ય કરનાર, તૈજસ-શુદ્ધસત્ત્વ બ્રહ્મવિદ્ થઈ તે જ્ઞાનથી બ્રહ્મ પ્રાપ્ત કરે છે એમ શ્રુતિનું વ્યાખ્યાન કરવું એવો ભાવ છે. મુક્તિને વિષેજ કર્મોની, અસામર્થ્યને લીધે, અપેક્ષા નથી, વિદ્યાને વિષે ચિત્તશુદ્ધિદ્વારા કર્મોની અપેક્ષા છે એ અધિક કહેવાને માટે આ ઉપસંહાર છે એમ ઉપસંહારસૂત્રનું ફળ કહે છે—'અધિક કહેવાની ઇચ્છાથી' ॥ ૨૫ ॥

---

૧ અતિ પ્રવ્રજિત કરો તે.

सर्वापेक्षा च यज्ञादिश्रुतेरश्ववत् ॥ २६ ॥

વળી સર્વ આશ્રમકર્મની (વિદ્યાને) અપેક્ષા છે; યજ્ઞાદિ-શ્રુતિથી, અશ્વની પેઠે ॥ ૨૬ ॥

શું વિદ્યાને આશ્રમકર્મોની અત્યન્ત અનપેક્ષા છે કે કંઈક અપેક્ષા છે તે હવે વિચારાય છે. તેમાં એથીજ અગ્નીન્ધન આદિ આશ્રમકર્મોની વિદ્યાને સ્વાર્થસિદ્ધિને માટે અપેક્ષા નથી, એમ અત્યન્ત અનપેક્ષા પ્રાપ્ત થયે આ કહે છે—'સર્વાપેક્ષા' વળી સર્વ આશ્રમકર્મોની વિદ્યાને અપેક્ષા છે, અત્યન્ત અનપેક્ષાજ છે એમ નથી. પણ વિદ્યાને આશ્રમકર્મોની અપેક્ષા છે અને અપેક્ષા નથી એ વિરુદ્ધ વચન છે. અમે કહીએ છીએ કે ના; કારણ કે ઉત્પન્ન થયેલી વિદ્યા ફળસિદ્ધિ પ્રતિ કંઈ બીજાની અપેક્ષા કરતી નથી, પણ ઉત્પત્તિ પ્રતિ તો અપેક્ષા રાખે છે. શાથી? યજ્ઞાદિશ્રુતિથી; કેમકે 'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसाऽनाशकेन' [બૃહ૦ ૪।૪।૨૨] (તે એવા ઔપનિષદ પુરુષને બ્રાહ્મણો—દ્વિજો મન્ત્ર-

અધિક કહેવાની ઇચ્છાથી એમ જે કહ્યું છે તે અધિક કહે છે—'**સર્વાપેક્ષા**' ઇત્યાદિ. જેમ અવિદ્યાની નિવૃત્તિ એ પ્રમાણ–સમ્યગ્દર્શનનું ફળ છે ને તેને માટે કર્મની અપેક્ષા નથી, તેમ વિદ્યા પણ પ્રમા છે અને પ્રમાના કરણથી–સાધનમાત્રથી સાધ્ય છે તો તેને વિષે કર્મની અપેક્ષા નથી એમ પૂર્વપક્ષ છે. એ પૂર્વપક્ષમાં વિદ્યાને અર્થે કર્માનુષ્ઠાનની અસિદ્ધિ એ ફળ છે, સિદ્ધાન્તને વિષે કર્માનુષ્ઠાનસિદ્ધિ એ ફળ છે, એમ પૂર્વપક્ષના ને સિદ્ધાન્તના ફળમાં ભેદ છે. એમાં વિવિદિષામાં કે [1]ઇચ્છ્યમાણ જ્ઞાનમાં યજ્ઞાદિ કર્મોના હેતુત્વનું અપૂર્વ હોવાથી વિધાન થાય છે; કેમકે પ્રમા પણ પોતાની ઉત્પત્તિના પ્રતિબન્ધક પાપોના ક્ષય નામની શુદ્ધિદ્વારા કર્મસાધ્ય છે એવો સંભવ છે. પરંપરાભાવ હોવાથી તૃતીયાશ્રુતિનો વિરોધ થશે એવી શંકા કરવી યુક્ત નથી. કેમકે જ્વાલાદ્વારા પરમ્પરાભાવથી પાક થાય છે, તોપણ **काष्ठैः पचति** (કાષ્ઠોથી રાંધે છે) એવો પ્રયોગ થાય છે; માટે દ્વાર એ વ્યવધાયક—વ્યવધાનરૂપ નથી. વળી શુદ્ધિ એ દ્વાર છે એમ કહેવામાં પ્રમાણનો અભાવ છે એવી શંકા કરવી યુક્ત નથી; કેમકે '**ज्ञानमुत्पद्यते पुंसां क्षयात् पापस्य कर्मणः । कषाये कर्मभिः पक्वे ततो ज्ञानं प्रवर्तते ॥**' (પાપના ક્ષયદ્વારા પુરુષોને કર્મથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, કર્મોથી પાપ નષ્ટ થયે જ્ઞાન પ્રવૃત્ત થાય છે) એવી સ્મૃતિ છે. તેમજ '**अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते**' (અવિદ્યાથી—કર્મથી મૃત્યુને તરીને, વિદ્યાથી અમૃતત્વ પ્રાપ્ત કરે છે) ઇત્યાદિ શ્રુતિ કર્મથી પાપ નિવૃત્ત થયે જ્ઞાનથી મુક્તિનું અભિધાન કરે છે એમ સિદ્ધાન્ત કરે છે—'શું વિદ્યાને આશ્રમકર્મોની' ઇત્યાદિ. પણ અહિં **विविदिषन्ति** એમાં 'વિવિદિષા ઉત્પન્ન કરવી' એમ [illegible] સન્ (ઇચ્છાદર્શક પ્રત્યય)નો અર્થ ઇચ્છાજ ભાવ્ય છે એમ દેખાય છે, તે ઇચ્છા નિરવર્તન- … વેદનને—જ્ઞાનને જો ભાવ્ય તરીકે કહો તો વેદનનું પણ ઉ… [illegible] કરી, તેનું ફળ જે મોક્ષ તેજ કર્મથી ભાવ્ય છે એમ કેમ ન થાય? વળી વિવિદિષા … સાથે અત્યંત અનુકૂળ છે. એ વિષયસંબન્ધી ઇચ્છા એવી જે વિવિદિષા તેને વિષે અન્વય અયુક્ત હોવાથી ઇચ્છ્યમાણ જ્ઞાનને વિષે અન્વય સ્વીકારાય, તો જ્ઞાન પ્રમાણાધીન છે તેથી તેને

1 ઇચ્છ્યમાણ

ના નિત્ય અધ્યયનથી, યજ્ઞથી, દાનથી, તપથી અને અનશનથી—જાણવા ઇચ્છે છે) એ શ્રુતિ યજ્ઞાદિને વિદ્યાના સાધન તરીકે દર્શાવે છે; અને દિષા સાથે એ યજ્ઞાદિનો સંયોગ છે તેથી એ ઉત્પત્તિનાં સાધન છે એમ નિ- થાય છે. 'अथ यद्यज्ञ इत्याचक्षते ब्रह्मचर्यमेव तत्', [છાન્દો૦ ૮।૫।૧] (હવે ં શિષ્ટ પુરુષો જેને યજ્ઞ-પરમપુરુષાર્થસાધન—એમ કહે છે તે બ્રહ્મચર્ય છે— જે ફળ છે તે બ્રહ્મચર્યવાન્ પ્રાપ્ત કરે છે) એમાં પણ વિદ્યાનું સાધનભૂત જે ર્ય તેની યજ્ઞાદિથી સ્તુતિ છે તેથી, યજ્ઞાદિ પણ સાધનભૂત છે એમ સૂચવાય થી 'सर्वे वेदा यत् पदमामनन्ति तपांसि सर्वाणि च यद् वदन्ति। यदिच्छन्तो र्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीमि॥' [કઠ૦ ૨।૧૫] (સર્વે વેદો-વેદૈકદેશ, ઉ- દો—જેને અવિભાગે—અવિપ્રતિષેધે, એક કણે—પદનીય-પ્રાપ્તવ્ય તરીકે પ્રતિ- કરે છે, અને સર્વ તપો-કર્મો જેને કહે છે-જેની પ્રાપ્તિનાં સાધન છે, જેને ા બ્રહ્મચર્ય-ગુરુકુલવાસલક્ષણ નૈષ્ઠિક બ્રહ્મચર્ય આચરે છે, તે પદ-પ્રાપ્તવ્ય વસ્તુ સંક્ષેપે કહું છું—ओमित्येतत्—તે ઓમ્ છે) ઇત્યાદિ શ્રુતિ આશ્રમકર્માં વિદ્યાનાં ન છે એમ સૂચવે છે. 'कषायपक्तिः कर्माणि ज्ञानं तु परमा गतिः। कषाये कर्मभिः ततो ज्ञानं प्रवर्तते॥' (કર્મો પાપનો નાશ-નાશસાધન છે. પણ જ્ઞાન પરમ ગતિ ક્ષ-મોક્ષસાધન છે. પાપનો કર્મોથી નાશ થયે, પછી જ્ઞાન પ્રવૃત્ત થાય છે) દિ સ્મૃતિ પણ છે. 'અશ્વની પેઠે' એ યોગ્યતાનો દૃષ્ટાન્ત છે. જેમ યોગ્યતાને અશ્વ હળ ખેંચવામાં જોડાતો નથી, પણ રથચર્યામાં જોડાય છે; એ પ્રમાણે શ્રમકર્મોની વિદ્યાને ફળસિદ્ધિને માટે અપેક્ષા નથી, ઉત્પત્તિને વિષે અપેક્ષા છે ॥ ૨૬ ॥

કર્મોનો અન્વય અસિદ્ધ છે માટે શ્રુતનો—જ્ઞાનનો ત્યાગ કરી, તેના ફળ મોક્ષને વિષે ય શા માટે ઇચ્છતા નથી? એને વિષે કહે છે—' વિવિદિષા સાથે એ યજ્ઞાદિનો ગ છે તેથી ' ઇત્યાદિ. વિદ્યા એ ઇચ્છમાણ છે તેથી શબ્દથી (વિવિદિષાશબ્દથી) ફળ એનું ભાન થાય છે. માટે અમૃત એવો જે મોક્ષ તે ફળ નથી: નહિ તો 'यागैः यजति' કેથી પાક કરે છે) એમાં પણ પાક એ, પાકનું ફળ જે તૃપ્તિ, તે તૃપ્તિ. હેતુ થયાનો અર્થ એમ સમજવું. વળી કર્મને મોક્ષનો હેતુ કહ્યાથી 'नास्त्यकृतः कृतेन' થી મોક્ષ નથી) ઇત્યાદિ શ્રુતિ સાથે વિરોધ થાય; માટે પરંપરાથી પણ હેતુ લેવામાં આવે તેથી બુદ્ધિશુદ્ધિદ્વારા વિદ્યાની ઉત્પત્તિને વિષે યજ્ઞાદિનો અન્વય છે એવો અર્થ છે. કર્મ ધનાશ્રય છે એને વિષે શ્રુતિઓ કહે છે—'अथ यद्यज्ञ इत्याचक्षते' ઇત્યાદિ. કેટલીક ય સાક્ષાત્ બ્રહ્મતત્ત્વ પદનું અભિધાન કરે છે, અને કેટલીક વેદાન્ત સ્વાર્થ કહેવાડા અભિધાન કરે છે એમ માનીને 'सर्वे वेदाः' સર્વ વેદાન્તો એમ કહ્યું છે. અન્વય્ છે ॥ ૨૬ ॥

---

૧ અશ્વાદિ દૃષ્ટાન્ત.

शमदमाद्युपेतः स्यात्तथापि तु तद्विधेस्तदङ्गतया तेषामवश्यानुष्ठेयत्वात् ॥ २७ ॥

(જોકે विविदिषन्ति એમ વર્તમાન અપદેશથી વિધિ નથી) તોપણ (વિદ્યાર્થીએ) શમદમાદિથી યુક્ત થવું જોઈએ; વિદ્યાના અંગ તરીકે તેનું વિધાન છે તેથી તે અવશ્ય અનુષ્ઠેય છે ॥ ૨૭ ॥

જો કોઈ એમ ધારે કે યજ્ઞાદિ વિદ્યાનાં સાધન થાય એ ન્યાય્ય નથી, વિધિનો અભાવ છે તેથી; કારણ કે 'यज्ञेन विविदिषन्ति' (યજ્ઞ વડે જાણવા ઇચ્છે છે) એવી જાતની શ્રુતિ અનુવાદરૂપ છે, વિદ્યાની સ્તુતિ કરવી એ તેનું તાત્પર્ય છે, યજ્ઞાદિનું વિધાન કરવું એ નહિ; વિદ્યા એવી પ્રતાપી છે કે યજ્ઞાદિથી એને પ્રાપ્ત કરવા તેઓ ઇચ્છે છે; તોપણ વિદ્યાર્થીએ શમદમાદિયુક્ત થવું જોઈએ; કારણ કે 'तस्मादेवंविच्छान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वात्मन्येवात्मानं पश्यति' [બૃહ૦ ૪।૪।૨૩] (તેટલા માટે એમ જાણનાર શાન્ત—બાહ્ય ઇન્દ્રિયના વ્યાપારમાંથી ઉપશાન્ત, દાન્ત-અન્તઃકરણતૃષ્ણાથી નિવૃત્ત, ઉપરત—સર્વ એષણાથી વિનિર્મુક્ત, અર્થાત્ સંન્યાસી, તિતિક્ષુ—દ્વન્દ્વસહિષ્ણુ, સમાહિત—ઇન્દ્રિય ને અંતઃકરણથી વ્યાવૃત્ત થઈ એકાગ્ર્યરૂપે સમાહિત થઈ આત્માને વિષેજ આત્માને જુએ છે) એમ શમદમાદિનું વિદ્યાના સાધન તરીકે વિધાન કર્યું છે અને જેનું વિધાન છે તે અવશ્ય અનુષ્ઠેય છે. પણ અહિં પણ 'शमाद्युपेतो भूत्वा पश्यति' (શમાદિથી યુક્ત થઈ જુએ છે) એમ વર્તમાન અપદેશ ઉપલબ્ધ થાય છે, વિધિ ઉપલબ્ધ થતો નથી. એમ કહીએ છીએ કે ના; કારણ કે तस्मात् (તેટલા માટે) એમ પ્રકૃતની પ્રશંસા કરી

એ પ્રમાણે વિદ્યાની ઉત્પત્તિ વિષે બહિરંગ કર્મો કહીને અન્તરંગ કહે છે—'શમદમાદ્યુપેતઃ' પણ વિવિદિષુને 'तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्' (તેના વિજ્ઞાનને માટે તેણે ગુરુનીજ પાસે જવું) ઇત્યાદિ શાસ્ત્રથી આચાર્યશુશ્રૂષાપૂર્વક શ્રવણાદિરૂપ અનેક વ્યાપારનું વિધાન છે, તો બાહ્ય ને આભ્યન્તર ઇન્દ્રિયનિગ્રહરૂપ શમાદિનું શા માટે અનુષ્ઠાન કરવું કે અગ્નિહોત્રાદિ કર્મનું શા માટે અનુષ્ઠાન કરવું: તેટલા માટે 'तमेतं वेदानुवचनेन' [બૃહ૦ ૪।૪।૨૨ જુઓ સૂત્રભાષ્ય ૨૬] તેમજ 'तस्मादेवंविच्छान्तो दान्त' [બૃહ૦૪।૪।૨૩] ઇત્યાદિ વાક્ય વર્તમાન અપદેશથી વિદ્યાનાં સ્તુત્યર્થકજ છે એમ સૂત્રવ્યાવર્ત્ય શંકા દર્શાવે છે—'જો કોઈ એમ ધારે કે' ઇત્યાદિ. વિદ્યાસ્તુત્યર્થક હોવાથી એકવાક્યતાનો સંભવ છે તો વર્તમાન ઉક્તિનો ભંગ કરી વિધિની કલ્પના અયુક્ત છે, વિદ્યાવાક્યથી ભેદનો પ્રસંગ થશે તેથી; તેટલા માટે 'तत्त्वमसि' એ શબ્દમાત્રજન્ય વિદ્યા છે, એમ પર અભિપ્રાયનો અનુવાદ કરી અંગીકાર કરે છે—'તોપણ વિદ્યાર્થીએ શમદમાદિયુક્ત થવું જોઈએ'. શમાદિ આવશ્યક હોવાથી વિદ્યા શબ્દમાત્રજન્ય નથી એવો અર્થ છે. જે કારણથી એ પ્રમાણે આત્માને જાણનાર પાપકર્મથી લિપ્ત થતો નથી, તેટલા માટેજ વિદ્યાર્થીએ શમાદિયુક્ત થઈ વિચાર કરવો એમ વિધિ સમજાય છે એમ કહે છે—'અમે કહીએ છીએ કે ના'. વિધિને અભાવે

ધી વિધિ છે એમ પ્રતીત થાય છે. વળી માધ્યંદિનો 'पश्येत्' એમ વિસ્પષ્ટ
તુંજ અધ્યયન કરે છે. તેટલા માટે યજ્ઞાદિની અનપેક્ષા હોય તોપણ શમાદિની
ક્ષા યુક્ત છે. પણ યજ્ઞાદિની પણ અપેક્ષા યુક્તજ છે, યજ્ઞાદિશ્રુતિથીજ. પણ
કહ્યું છે કે 'યજ્ઞાદિથી જાણવા ઇચ્છે છે' એમાં વિધિ ઉપલબ્ધ થતો નથી.
છે, કહ્યું છે; તોપણ સંયોગ અપૂર્વ હોવાથી વિધિ પરિકલ્પાય છે; કારણ કે ય-
નો વિવિદિષા સાથે સંયોગ પૂર્વે પ્રાપ્ત થયો નથી કે જેથી તેનો અનુવાદ કરાય.
સાત્ પૂષા પ્રપિષ્ટભાગોઽદન્તકો હિ' (તેટલા માટે પૂષા દેવતાને ઉદ્દેશીને સારી

પ્રશંસા વ્યર્થ થાય, માટે ઉક્ત વિધિ સિદ્ધ થાય છે એવો અર્થ છે. 'तस्मात्' (તે-
માટે) એમ પ્રકૃતની પ્રશંસા કરી છે'—પૂર્વવાક્યમાં 'तं विदित्वा न लिप्यते
ता पापकेन' (તેને જાણીને, પાપી કર્મથી તે લિપ્ત થતો નથી) એમ આત્મજ્ઞાનનું ફળ
છે. તેનો અહિં પ્રરોચનાર્થે પરામર્શ છે—આત્મજ્ઞાન મોટા ફળવાળું છે તેથી શમાદિ-
નોથી આત્મજ્ઞાન સંપાદન કરવું એમ. તેમાં જો વિધિની વિવક્ષા ન હોય, તો પ્રરોચના
ર્થ થાય, અને આત્મજ્ઞાન અવિધેય હોવાથી તેના અનુવાદથી અહિં શમાદિકનુંજ વિધાન
રણી એ વિધાનને શ્રવણ આદિ વિદ્યાસાધનના અનુષ્ઠાન જોડે વિરોધ છે એવી શંકા ન
; કેમકે તેથી (શ્રવણથી) વ્યતિરિક્ત વ્યાપારોથીજ ઇન્દ્રિયનિગ્રહ વિવક્ષિત છે. કાણ્વ-
ાં વિધિ કહીને માધ્યન્દિન પાઠમાં વિધિના અભાવની શંકા પણ નથી એમ કહે છે—
તી માધ્યન્દિનો' ઇત્યાદિ. વિધિનું ફળ કહે છે—'તેટલા માટે યજ્ઞાદિની અનપેક્ષા
' ઇત્યાદિ. યજ્ઞાદિ અસાધન છે એવી શંકા [1]આપાતતઃ સ્વીકારી અન્ય સાધનની અપેક્ષા
છે; હવે યજ્ઞાદિ અસાધન છે એવી શંકા પણ યુક્ત નથી એમ કહે છે. પૂર્વે યજ્ઞાદિ-
સ્તુત્યર્થક છે એવો અંગીકાર આપાતતઃ ગુડજિહ્વિકાન્યાયે[2] શમાદિનો સ્વીકાર કરવા કર્યો
તેનો હવે ત્યાગ કરે છે—'પણ યજ્ઞાદિની પણ અપેક્ષા' ઇત્યાદિ. યજ્ઞાદિનો વિદ્યા-
નત્વરૂપ સંયોગ અપૂર્વ હોવાથી, અવાન્તરવાક્યભેદ કરી વિધિ સ્વીકારાય છે; અને પ્રક્ર-
વાક્ય સાથે મહાવાક્યની એકવાક્યતા પણ સ્વીકારાય છે એવો અર્થ છે. પરમપ્રકરણમાં
ન્તરવિધિ થાય એને માટે પૂર્વતન્ત્રની સંમતિ કહે છે—'तस्मात् पूषा' ઇત્યાદિ. દર્શ-
માસપ્રકરણમાં 'पूषा प्रपिष्टभागः' એવી શ્રુતિ છે. તેમાં પૂષાનો પિષ્ટ દ્રવ્ય સાથે સં-
સામાસિક છે; પણ તેમાં પૂષા દેવતા કે પિષ્ટ ભાગ દ્રવ્ય દર્શ અને પૂર્ણમાસમાં નથી;
તેની સાથે એકવાક્યતા યુક્ત નથી; માટે સમાસથી પ્રતીત થયેલો, કારકત્રયાસ્પૃષ્ટ દ્રવ્યદે-
સંબન્ધ અવિનાભાવે યાગવિધિનો ઉપસ્થાપક હોવાથી પ્રયોગજ્ઞાનને અર્થે વિધિપદનો અ-
ાર કરીને પ્રકરણથી ઉત્કૃષ્ટ કરી પૂષાને ઉદ્દેશી પિષ્ટ ભાગ કરવો એમ વિકૃતિને વિષે સં-
છે એમ 'पौष्णं पेषणं विकृतौ प्रतीयेताचोदनात् प्रकृतौ' [પૂર્વમીમાં૦ ૩।૩।૧૪]
ાદેવતાના સંબન્ધમાં પ્રતીયમાન પ્રદેયદ્રવ્યપેષણનો પ્રકરણથી ઉચ્છેદ કરી વિકૃતિને વિષે
પ્રતીતિ કરવી; કેમકે પ્રકૃતિને વિષે—દર્શપૂર્ણમાસ પ્રકરણમાં પૂષા દેવતાના કર્મના અવિ-
થી પ્રકરણને વિષે તેનો નિવેશ યુક્ત નથી) એમ સૂત્રમાં વિચાર્યું છે એવો અર્થ છે. સા-

૧ ઉપરકા વિચારે. ૨ જેમ ત્રિકતાની—કડવાશની બીકથી બાળક ઔષધ પીએ નહિ તેની જીભ
ગોળનો લેપ કરી માતાએ તેને ઔષધ પાય છે એવી રીતે. એમ નિમ્નપાન કરવા માટે જિહ્વા
ગુડનો લેપ થાય છે, તેમ શમાદિના સ્વીકારને અર્થે યજ્ઞાદિ શ્રુતિના સ્તુત્યર્થત્વનો અંગીકાર છે
અર્થ છે.

પેઠે પિષ્ટ ભાગ કરવો; કારણ કે તે દન્તરહિત છે) ઇત્યાદિ જેમાં વિધિનું શ્રવણ નથી એવાં વાક્યોમાં, અપૂર્વ હોવાથી, વિધિની કલ્પના કરી પૂષાને માટે પેષણ વિકૃતિમાં કરવું એમ પ્રતીત થાય એવો વિચાર પ્રથમતન્ત્રમાં પ્રવર્તાવ્યો છે. તેમજ 'विधिर्वा धारणवत्' [બ્રહ્મસૂ૦ ૩।૪।૨૦] એમાં કહ્યું છે. ભગવદ્ગીતા આદિ સ્મૃતિઓમાં પણ ફળના અનુસંધાન વિના અનુષ્ઠિત યજ્ઞાદિ મુમુક્ષુને જ્ઞાનનાં સાધન થાય છે એમ પ્રપંચ્યું[1] કહ્યું છે. તેટલા માટે આશ્રમને અનુસરી યજ્ઞાદિ અને શમદમાદિ, અર્થાત્ આશ્રમકર્મોની વિદ્યાની ઉત્પત્તિ વિષે અપેક્ષા કરવી જોઈએ. તેમાં પણ 'एवंविद्' (એમ જાણનાર) એમ વિદ્યાની સાથે સંયોગ હોવાથી શમાદિ પ્રત્યાસન્ન વિદ્યાસાધન છે, પણ 'विविदिषा' (જાણવાની ઇચ્છા) સાથે સંયોગ હોવાથી યજ્ઞાદિ બાહ્યતર સાધન છે એમ વિવેક કરવો ॥ ૨૭ ॥

सर्वान्नानुमतिश्च प्राणात्यये तद्दर्शनात् ॥ २८ ॥

અને સર્વ અન્નની અનુમતિ પ્રાણાત્યયને વિષેજ છે; (શ્રુતિમાં) તેનું દર્શન છે તેથી ॥ ૨૮ ॥

પ્રાણસંવાદમાં છન્દોગોની શ્રુતિ છે—'न ह वा एवंविदि किंचनानन्नं भवति' [છાન્દો૦ ૫।૨।૧] (યથોક્ત પ્રાણને જાણનારને—હું પ્રાણ છું, સર્વભૂતસ્થ છું, સર્વ અન્નનો ખાનાર છું એમ જાણનારને—કંઈ પણ અનન્ન—સર્વ પ્રાણીથી ખાય છે તે અનાદ્ય-ખાવું નથી, એમ જાણનારને સર્વ અન્ન થાય છે). તેમજ વાજસનેયીઓની

૨.પ્ર એવો છે કે દર્શપૂર્ણમાસપ્રકરણગત 'पूषा प्रपिष्टभागः' એ વાક્ય છે. તે અપૂર્વ હોવાથી પૂષાદેવતાના કર્મમાં પેષણનું વિધાન કરે છે. પુરોડાશમાં પેષણ પ્રાપ્ત છે તોપણ ચરુને વિષે તે પ્રાપ્ત થતું નથી; અને દર્શ ને પૂર્ણમાસમાં પૂષા દેવતાના કર્મનો અભાવ છે તેથી જે વિકૃતિઓમાં પૂષા દેવતા છે તેમાં તેનો ઉત્કર્ષ કરવો. અવાન્તરવાક્યભેદ કરી સૂત્રકારે પણ વિધિનો સ્વીકાર કર્યો છે એમ કહે છે—'તેમજ "विधिर्वा धारणवत्"' ઇત્યાદિ. સ્મૃતિને અનુસારે પણ અવાન્તરવાક્યનો વિધિ છે એમ કહેવું જોઈએ—'ભગવદ્ગીતા આદિ સ્મૃતિઓમાં પણ'. 'स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः' ઇત્યાદિ સ્મૃતિઓ છે. કર્મો જ્ઞાનહેતુ હોય તો શમાદિની પેઠે જ્ઞાનનો ઉદય થાય ત્યાંસુધી તેની અનુવૃત્તિ થાય, તેથી સન્ન્યાસીને કર્મત્યાગનો અભાવ થાય તેથી કહે છે—'તેમાં પણ "एवंविद्" (એમ જાણનાર)' ઇત્યાદિ. "'विविदिषा' સાથે સંયોગથી" = વિવિદિષાની ઉત્પત્તિની પૂર્વેજ કર્મો અનુષ્ઠેય છે તેથી શ્રવણાદિકાળમાં કર્મની પ્રસક્તિજ નથી એટલે વિરોધ નથી. શમાદિ તુ વિક્ષેપની નિવૃત્તિ કરે છે ને તે દ્વારા જ્ઞાનાર્થક હોઈ તેની અનુવૃત્તિ છે; પણ કર્મ તો આરાદુપકારક છે તેથી તેની અનુવૃત્તિ નથી એવો અર્થ છે ॥ ૨૭ ॥

'सर्वान्नानुमतिः'—'एवंविदि' = પ્રાણનું સર્વ અન્ન છે એમ ધ્યાન કરનારને એવો અર્થ છે. અપૂર્વ હોવાથી અને વિધિની શ્રુતિ નથી તેથી સંશય થાય છે. અપૂર્વ છે કે

૧ વિસ્તારે

શ્રુતિ છે—'न ह वा अस्यानन्नं जग्धं भवति नानन्नं प्रतिगृहीतम्' [બૃહ૦ ૬।૧।૧૪] (સર્વ, પ્રાણનું અન્ન છે એમ જાણનારને ભોજન કરવા લાયક નહિ એવું ભુક્ત થતું નથી; અર્થાત્ એણે અભોજનીય ભુક્ત કર્યું હોય તોપણ, ભોજનીયજ ભુક્ત કર્યું છે એમ થાય, તેથી એ પુરુષ લિપ્ત ન થાય; તેમજ અભોજનીય પ્રતિગૃહીત થતું નથી, અર્થાત્, જોકે અપ્રતિગ્રાહ્ય હસ્ત્યાદિ પ્રતિગૃહીત થયું હોય, તોપણ અપ્રતિગ્રાહ્યના પ્રતિગ્રહદોષથી તે લિપ્ત થતો નથી) એને સર્વજ અદનીય છે એવો અર્થ છે. શું એ સર્વાન્નના અનુજ્ઞાનનો, શમાદિની પેઠે વિદ્યાના અંગ તરીકે વિધિ છે કે સ્તુતિને અર્થે એનું સંકીર્તન છે એમ સંશય થયે વિધિ છે એમ પ્રાપ્ત થાય છે; કારણ કે વિશિષ્ટ પ્રવૃત્તિ કરનાર ઉપદેશ થાય છે: એથી પ્રાણવિદ્યાના સંનિધાનથી તેના અંગ તરીકે એ નિયમનિવૃત્તિનો ઉપદેશ છે. પણ એમ થયે ભક્ષ્ય ને અભક્ષ્યના વિભાગ કરનાર શાસ્ત્રનો વ્યાઘાત થશે. ના, એ દોષ નથી, કારણ કે સામાન્યવિશેષભાવથી બાધ ઉપપન્ન થશે. જેમ પ્રાણહિંસાના પ્રતિષેધનો પશુહિંસાવિધિથી બાધ છે; અને જેમ 'न कांचन परिहरेत् तद्व्रतम्' [છાન્દો૦ ૨।૧૩।૨] (કોઈ સ્ત્રીનો પરિહાર કરવો નહિ. તે વ્રત છે) એ વામદેવ્ય વિદ્યા વિષેના સર્વ સ્ત્રીના અપરિહારવચનથી તેના સામાન્યવિષયક ગમ્યાગમ્યવિભાગશાસ્ત્રનો બાધ થાય છે; એ પ્રમાણે આ પ્રાણવિદ્યા વિષેના સર્વાન્નભક્ષણવચનથી ભક્ષ્યાભક્ષ્યવિભાગશાસ્ત્રનો બાધ થાય એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—એ સર્વાન્નની અનુજ્ઞાનો વિધિ નથી એમ; કારણ કે અહિં વિધાયક શબ્દ ઉપલબ્ધ થતો નથી; કેમકે 'न ह वा एवंविदि किंचनानन्नं भवति' [છાન્દો૦ ૫।૨।૧] (એમ જાણનારને કંઈ પણ અનદનીય થતું નથી) એમ વર્તમાનનો નિર્દેશ છે. વળી વિધિની પ્રતીતિ નથી તોપણ વિશિષ્ટ પ્રવૃત્તિ કરનાર છે એવા લોભથી વિધિ સ્વીકારવો શક્ય નથી. વળી શ્વા આદિ પર્યન્ત પ્રાણનું અન્ન છે એમ કહીને 'नैवंविदः किंचिदनन्नं

[illegible] વિધિ કલ્પ્ય છે એમ પૂર્વપક્ષ કરે છે—'વિધિ છે એમ પ્રાપ્ત થાય છે'. [illegible] સ્તુતિ એ ફળ છે એમ [illegible] 'न कांचन परिहरेत्' [illegible] 'પણ એમ થયે' [illegible] 'ના, એ દોષ નથી' [illegible] 'એ સર્વાન્નની અનુજ્ઞાનો વિધિ નથી.' [illegible] 'કારણ કે અહિં વિધાયક શબ્દ' [illegible] 'एवंविदि' [illegible] 'વળી વિધિની પ્રતીતિ નથી તોપણ' [illegible] 'વળી શ્વા આદિ પર્યન્ત' [illegible] 'आ श्वभ्य आ कृमिभ्य आ कीटपतङ्गेभ्य-

भवति' (એમ જાણનારને કંઈ પણ અનદનીય થતું નથી) એમ કહ્યું છે; અને શ્વા આદિ પર્યન્ત અન્ન માનુષ દેહે ઉપભુક્ત કરવું શક્ય નથી. પણ એ સર્વ પ્રાણનું અન્ન છે એમ વિચારવું શક્ય છે. તેટલા માટે પ્રાણાન્નવિજ્ઞાનની પ્રશંસા કરવાને માટે આ અર્થવાદ છે, સર્વાન્નની અનુજ્ઞાનો વિધિ નથી. તે દર્શાવે છે—'सर्वान्नानुमतिश्च प्राणात्यये' એમ. તાત્પર્ય આ પ્રમાણે છે—પ્રાણાત્યયેજ, મોટી આપત્તિમાં, સર્વ અન્નની અદનીય તરીકે અનુજ્ઞા છે, તેનું દર્શન છે તેથી; કારણ કે ચાક્રાયણ ઋષિની કષ્ટ અવસ્થામાં અભક્ષ્યના ભક્ષણમાં પ્રવૃત્તિ શ્રુતિ દર્શાવે છે—'मटचीहतेषु कुरुषु' [છાન્દો૦ ૧૧૦૧૧] (પાષાણવૃષ્ટિથી કુરુના સસ્યનો નાશ થયો ત્યારે) એ બ્રાહ્મણમાં. ઇતિવૃત્ત એવું છે કે આપત્તિમાં આવેલા ચાક્રાયણ ઋષિએ [1]ઇભ્યે-હસ્તિપાલકે અર્ધા ખાધેલા [2]કુલ્માષ ખાધા; પણ તેના અનુપાનનું, ઉચ્છિષ્ટદોષથી, પ્રત્યાખ્યાન કર્યું; અને એને વિષે કારણ કહ્યું—'न वा अजीविष्यमिमानखादन्' [છાન્દો૦ ૧૧૦૧૪] (એ કુલ્માષને ન ખાત તો હું જીવત નહિ) એમ અને 'कामो म उदपानम्' [છાન્દો૦ ૧૧૦૧૪] (ઇચ્છાથી મને ઉદકપાન મળે છે) એમ. વળી બીજે દિવસે તેણે પોતાના અને બીજાના ઉચ્છિષ્ટ, [3]પર્યુષિત કુલ્માષ ખાધા એમ. તે એ ઉચ્છિષ્ટોચ્છિષ્ટ, પર્યુષિતનું ભક્ષણ દર્શાવતી શ્રુતિનો આશયાતિશય એવો દેખાય છે

त्तेऽन्नम्' (શ્વા પર્યન્ત, શકુનિ પર્યન્ત, કીટ, પતંગ પર્યન્ત તે તારૂં અન્ન છે) એવી શ્રુતિ છે તેથી અશક્યવિષય વિધિ હોવાથી સંભવતો નથી એમ કહે છે—'અને શ્વા આદિ પર્યન્ત' ઇત્યાદિ. ત્યારે એ વચન વ્યર્થ છે એમ શંકા કરી સર્વ પ્રાણનું અન્ન છે એ ધ્યાનની સ્તુતિને અર્થે છે એમ કહે છે—'પણ એ સર્વ પ્રાણનું અન્ન છે' ઇત્યાદિ. સ્વસ્થ પ્રાણવેત્તાને સર્વાન્નની અનુમતિ નથી એને વિષે લિંગ કહી સૂત્ર યોજે છે—'તે દર્શાવે છે' ઇત્યાદિ. 'मटचीहतेषु कुरुषु'=मटची = પાષાણવૃષ્ટિ, અથવા રક્ત, ક્ષુદ્ર પક્ષીઓ; તેઓએ કુરુદેશસ્થ સસ્યનો નાશ કીધો એટલે, અર્થાત્ દુર્ભિક્ષ થયું એટલે, બાલા જાયા સાથે મુનિ દેશાન્તર જઈ, ઇભ્યગ્રામમાં રહ્યા. ઇભ્ય એટલે હસ્તિપાલક. તેણે અર્ધાં ખાધેલા કુત્સિત માષ તેની પાસે માગ્યા. પણ ઇભ્યે 'પાણી લો' એમ કહ્યું ત્યારે 'મારૂં પાન ઉચ્છિષ્ટ થાય' એમ પ્રતિષેધ કર્યો. 'ત્યારે શું માષ ઉચ્છિષ્ટ નહોતા' એમ ઇભ્યે કહ્યું એટલે માષ ભક્ષણ કરવાનું ને જળ ત્યાગ કરવાનું કારણ કહ્યું. 'અન્નાંશમાં મારે આપત્તિ છે; જળપાન તો સ્વેચ્છા પ્રમાણે તડાગ આદિમાં પ્રાપ્ત થાય છે' એમ કહી માષ ખાઈ અવશિષ્ટ જાયાને આપ્યા. પણ તે આપત્તિમાં નહોતી ને પતિની આપત્તિ જાણતી હતી, તેથી, માષનું સંરક્ષણ કરી પ્રાતઃકાળે તેને આપ્યા. તેણે તે ખાધા અને રાજાના યજ્ઞમાં જઈ, પ્રસ્તોતૃ આદિનો આક્ષેપ કરી પ્રાણાદિ પ્રાસ્તાવાદિ દેવતા છે એમ ઉપદેશ કરી ધન પ્રાપ્ત કર્યું ને રહ્યા એવો ભાવ છે. અહિં ઉચ્છિષ્ટભક્ષણ અને જલત્યાગ એ રૂપી શિષ્ટાચારનાં શ્રુતિમાં લિંગ છે તેથી વિદ્વાને પણ અભક્ષ્યનું ભક્ષણ અનાપત્તિમાં ન કરવું એમ સૂચવાય છે એવો ભાવ છે. પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનો આશય આ પ્રમાણે છે. સર્વ પૂર્વપક્ષ—સર્વ ઇન્દ્રિયોના પ્રાણ સાથેના સંવાદમાં આવી શ્રુતિ છે. આ વિચારવિષય છે. વાગાદિ ઇન્દ્રિયોને જીતીને મુખ્ય પ્રાણે તેને કહ્યું કે મારૂં અન્ન શું? તેમણે કહ્યું, જે આ લો-

---

૧ ઇભ-હસ્તી: તેને યોગ્ય તે ઇભ્ય = ઈશ્વર કે હસ્ત્યારોહ (માવત). ૨ કુત્સિત માષ (અડદ). ૩ વાસી.

કે પ્રાણાત્યયપ્રસંગે પ્રાણસંધારણને અર્થે અભક્ષ્ય પણ ભક્ષણ કરવા યોગ્ય છે એમ; અને સ્વસ્થ અવસ્થામાં વિદ્વાનને પણ તે કરવું યુક્ત નથી એમ અનુપાનના પ્રત્યાખ્યાનથી સમજાય છે. તેટલા માટે 'न ह वा एवंविदि' [છાન્દો૦ ૫।૨।૧] ઇત્યાદિ અર્થવાદ છે ॥ ૨૮ ॥

अबाधात् ॥ २९ ॥

(ભક્ષ્યાભક્ષ્યવિભાગશાસ્ત્રને) બાધ ન થાય તેથી (અર્થવાદમાત્ર છે) ॥ ૨૯ ॥

વળી એ પ્રમાણે થયું એટલે આહારશુદ્ધિ થયે સત્ત્વશુદ્ધિ થાય એ આદિ ભક્ષ્યાભક્ષ્યવિભાગશાસ્ત્ર અબાધિત થશે ॥ ૨૯ ॥

કમાં સર્વ પ્રાણીનું અન્ન છે, શ્વપર્યન્ત, શકુનિપર્યન્ત, તે તારૂં છે. તેથી આ સંદર્ભથી પ્રાણનું સર્વ અન્ન છે એમ અનુચિન્તન કરી શ્રુતિ કહે છે—' न ह वा एवंविदि किंचनानन्नं भवति' એમ. સર્વ, પ્રાણનું અન્ન છે એમ વિદિત છે, તેને કંઈ પણ અનન્ન થતું નથી. તેમાં આ સંશય છે કે શું આ સર્વાન્નાભ્યનુજ્ઞાનનું શમાદિની પેઠે આ વિદ્યાના અંગ તરીકે વિધાન થાય છે કે સ્તુતિને અર્થે સંકીર્તન થાય છે. તેમાં જોકે भवति એ વર્તમાન અપદેશથી વિધિ પ્રતીત થતો નથી, તોપણ ' यस्य पर्णमयी जुहूर्भवति ' એમાં વર્તમાન અપદેશ છે તોપણ પવાશ. મયીત્વવિધિની પ્રતિપત્તિ પંચમ લકારની આપત્તિથી (લેટ્ વૈદિક લકાર, એ લિઙ્‌ના અર્થમાં વપરાય છે) થાય છે; તેમ અહિં પણ પ્રવૃત્તિવિશેષ કરનાર ઉપદેશ છે એમ લાભ થયે વિધિની પ્રતિપત્તિ થાય છે. સ્તુતિમાં તો અર્થવાદમાત્ર છે તેથી વિધિમાં જેવું વચન અર્થવત્ છે તેવું સ્તુતિમાં નથી. ભક્ષ્યાભક્ષ્યશાસ્ત્ર સામાન્ય રીતે પ્રવૃત્ત થયું છે તે આ વિશેષશાસ્ત્રથી બાધિત થાય છે; જેમ ગમ્ય અને અગમ્યનો વિવેક કરનાર શાસ્ત્ર સામાન્ય રીને પ્રવૃત્ત થયું છે તેનો, વામદેવવિદ્યાનું અંગભૂત કોઈ પણ સ્ત્રીનો પરિહાર ન કરવો એ શાસ્ત્ર જેનો વિશેષ વિષય છે તેથી બાધ થાય છે. આમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—શ્વપર્યન્ત અન્ન મનુષ્યજાતિએ યુગપત્ કે પર્યાયે ખાવું શક્ય નથી; કેમકે ઇભ, કરભક આદિનું જે અન્ન, શમી, કરીર, કણ્ટક, વટ, કાષ્ઠ આદિ તેમાંથી એક પણ મનુષ્યે ભક્ષણ કરવું શક્ય નથી. અહિં લિઙ્‌ના જેવી સ્ફુટતર વિધિપ્રતિપત્તિ નથી; તેમજ વિધિ કલ્પવો યુક્ત નથી; કેમકે અપૂર્વત્વનો અભાવ છે; સ્તુતિથી પણ તે ઉપપન્ન થાય છે. વળી ગતિ હોય તો સામાન્યતઃ પ્રવૃત્ત થયવા શાસ્ત્રનો વિષયસંકોચ યુક્ત નથી. તેટલા માટે સર્વ, પ્રાણનું અન્ન છે એ અનુચિન્તનવિધાનસ્તુતિ છે એમ લેવુંજ યુક્ત છે. શક્ય હોય તો પ્રવૃત્તિવિશેષ કરનાર ઉપદેશ છે એવો હોમ ઉપયુક્ત થાય છે, પણ અશક્ય વિધાનમાં ન થાય. ' प्राणात्यये ' એ પદ અવધારણસૂચક છે—પ્રાણાત્યય હોય ત્યારેજ સર્વાન્નત્વ છે; તેવી સ્થિતિમાંજ એમ ઉપાખ્યાનનું તાત્પર્ય છે ॥૨૮॥

' એ પ્રમાણે થયું એટલે '=સ્વસ્થ અવસ્થામાં ભક્ષ્ય ને અભક્ષ્યનો ભેદ થયો એટલે. ભક્ષ્યાભક્ષ્યવિવેકશાસ્ત્રને બાધ ન આવે માટે એ અર્થવાદજ છે; નહિ તો સામાન્યશાસ્ત્રને વિશેષપર કરવાથી બાધિત થાય એવો ભાવ છે ॥ ૨૯ ॥

अपि च स्मर्यते ॥ ३० ॥

વળી (આપત્કાળમાં સર્વાન્નભક્ષણની) સ્મૃતિ છે ॥ ૩૦ ॥

વળી આપત્તિમાં વિદ્વાન્ ને અવિદ્વાનને અવિશેષે સર્વાન્નભક્ષણની સ્મૃતિ છે- 'जीवितात्ययमापन्नो योऽन्नमत्ति यतस्ततः । लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा।' (જીવિતનો નાશ પ્રાપ્ત થયો છે એવો જે જ્યાંત્યાંથી અન્ન ખાય છે તે પાપથી લિપ્ત થતો નથી, કમળનું પાંદડું જળથી લિપ્ત થતું નથી તેમ); તેમ 'मद्यं नित्यं ब्राह्मणः' (બ્રાહ્મણે નિત્ય મદ્ય { તજવું }), 'सुरापस्य ब्राह्मणस्योष्णामासिञ्चेयुः' (સુરા પીનાર બ્રાહ્મણને અતિતપ્ત સુરા ગળામાં રેડવી), 'सुरापाः कृमयो भवन्त्यभक्ष्यभक्षणात्' (અભક્ષ્યનું ભક્ષણ કરવાથી સુરા પીનારા કૃમિ થાય છે) એમ અનન્નવર્જન સ્મૃતિમાં છે ॥ ૩૦ ॥

शब्दश्चातोऽकामकारे ॥ ३१ ॥

અનન્નનો પ્રતિષેધક, યથેષ્ટપ્રવૃત્તિમાંથી નિવૃત્તિ એ જેનું પ્રયોજન છે એવો શબ્દ (શ્રુતિ) કાઠકોની સંહિતામાં છે—'तस्माद्ब्राह्मणः सुरां न पिबेत्' (તેટલા માટે બ્રાહ્મણે સુરા ન પીવી) એમ. એ નિષેધ પણ 'न ह वा एवंविदि' [છાન્દો૦ પાંચ] એને અર્થવાદ લેવાથી ઉપપન્નતર થાય છે. તેટલા માટે એવા પ્રકારના અર્થવાદ વિધિ નથી ॥ ૩૧ ॥

સુરાપાનથી પણ જીવન નિભાવાય એમ આશંકા કરી કરી પણ તે ન કરવું એમ કહે છે—" તેમ 'मद्यं नित्यं ब्राह्मणः' " 'वर्जयेत्' (વર્જવું) એવો શેષ છે. 'सुरापस्य' ... उष्णाम्-અતિતપ્ત. 'सुराम्' એવો શેષ છે. આથી પણ સુરા પીવી યુક્ત નથી—'सुरापाः' ઇત્યાદિ ॥ ૩૦ ॥

ઉદાહરણ તરીકે આપેલી સ્મૃતિઓની મૂળશ્રુતિ કહે છે—'शब्दश्चातोऽकामकारे'— કામકાર-ઇચ્છાનુસાર પ્રવૃત્તિ તે [illegible] ... ઉપપન્નતર થાય છે. 'न ह वा एवंविदि' ... [illegible]

विहितत्वाच्चाश्रमकर्मापि ॥ ३२ ॥

આશ્રમકર્મ (અમુમુક્ષુએ) પણ (અવશ્ય કરવું), વિહિત છે તેથી ॥ ૩૨ ॥

'सर्वापेक्षा च—' [બ્રહ્મસૂ૦ ૩।૪।૨૬] એમાં આશ્રમકર્મો વિદ્યાનાં સાધન છે એમ નિશ્ચિત કર્યું છે. હવે તો, આશ્રમમાત્રનિષ્ઠ અમુમુક્ષુ, જેને વિદ્યાની કામના નથી તેને આશ્રમકર્મો અનુષ્ઠેય છે કે નહિ તે વિચારાય છે. તેમાં 'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति' [બૃહ૦ ૪।૪।૨૨] (તે એવા ઉપનિષદ્ગમ્ય પુરુષને બ્રાહ્મણો-દ્વિજો મન્ત્રબ્રાહ્મણના નિત્ય અધ્યયનથી જાણવા ઇચ્છે છે) ઇત્યાદિથી આશ્રમકર્મો વિદ્યાના સાધન તરીકે વિહિત છે, તેથી વિદ્યાને ન ઇચ્છનાર, અન્ય ફળની કામનાવાળાને નિત્ય કર્મ અનુષ્ઠેય નથી. જો તેને પણ એ અનુષ્ઠેય હોય તો એ વિદ્યાનું સાધન ન થાય; કેમકે નિત્ય અને અનિત્યના સંયોગનો વિરોધ થાય. એમ પ્રાપ્ત થયે પરે છે—આશ્રમમાત્રનિષ્ઠ અમુમુક્ષુને પણ નિત્ય કર્મો કર્તવ્યજ છે; કેમકે

સર્વાન્નાનુમતિવાક્ય ભક્ષ્યાભક્ષ્યની વ્યવસ્થા કરનાર શાસ્ત્ર સાથે વિરોધ થવે સ્તુતિ છે એમ પૂર્વ અધિકરણમાં કહ્યું છે. એ પ્રમાણે નિત્યત્વપ્રતિપાદક વચનની સાથે વિરોધ થવાથી કર્મો વિવિદિષાને અર્થે છે એ સંભવતું નથી એમ પ્રત્યવસ્થાનથી પૂર્વ અધિકરણ સાથે આ અધિકરણની સંગતિ છે. 'નિત્ય અને અનિત્યના સંયોગનો વિરોધ થાય'—પૂર્વપક્ષીનો આશય આ પ્રમાણે છે—જો એકજ વચન નિત્યતાબોધક છે ને વિવિદિષાર્થબોધક છે એમ કહો તો એકજ વચન બે અર્થનો બોધ કરે એ અશક્ય છે તેથી વિરોધ થાય. પણ વિરોધ નથી; કેમકે 'यावज्जीवमग्निहोत्रं जुहोति' એ યાવજ્જીવાદિ વાક્યથી યજ્ઞાદિ નિત્ય છે એવો બોધ થાય છે. 'विविदिषन्ति' એ વાક્યથી યજ્ઞાદિ વિવિદિષાને અર્થે છે એવો બોધ થાય છે; એથી વિરોધ નથી: કેમકે બે વચન હોય તો એકવસ્તુ ઉભયાર્થક થાય એમ જણાવ્યું છે; જેમકે 'खादिरे पशुं बध्नाति खादिरं वीर्यकामस्य' એ વચનદ્વયને અનુસરીને ખાદિરના ક્રતુને વિષે નિત્ય છે અને કામ્યાર્થક પણ છે—પૂર્વપક્ષી કહે છે કે એમ જો કોઈ માને તો એ કથાથી પ્રમાણના વિરોધનો પરિહાર થાય; કેમકે એક વચનને અર્થદ્વયપર સ્વીકાર્યું નથી. પણ પ્રમેયના વિરોધનો પરિહાર થતો નથી; કેમકે એકજ અર્થનું આવશ્યકત્વ અને અનાવશ્યકત્વ સંભવતું નથી. એમ પણ ખાદિરના પણ ઉભયાર્થક છે એમ અભિપ્રેત થાય છે. તેટલા માટે અર્થ વિરોધ થાય માટે વચનદ્વયના પ્રામાણ્યનો અસંભવ છે માટે વર્તમાન અપરોક્ષાનુ વિવિદિષાર્થજ અર્થવાદ છે એવો પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષનું તાત્પર્ય એવું છે કે વિદ્યાકામના આવશ્યક નથી, કામ્યતાથી કર્મ અનાવશ્યક છે, નિત્યતાથી આવશ્યક છે એમ એકનેજ વિષે આવશ્યકત્વ અને અનાવશ્યકત્વ એ વિરુદ્ધ છે; માટે કર્મો એ વિદ્યાના ઉદ્દેશ છે એ કેવળ સ્તુતિજ છે. સિદ્ધાન્તનો અભિપ્રાય આવો છે—એકજ પદાર્થના ઉપાધિભેદે આવશ્યકત્વ અને અનાવશ્યકત્વ એ બે ધર્મો વિરુદ્ધ થતા નથી. તેટલા માટે અગ્નિહોત્રાદિ જીવનાદિનિમિત્ત નહિ આવશ્યક છે અને વિવિદિષાના સાધનરૂપે અનાવશ્યક છે, જેમ ખાદિરત્વ આદિ પણ ક્રતુના ઉપકારક છે તે નહિ ક્રતુને વિષે આવશ્યક છે, પણ કામ્યાર્થક છે તે નહિ અનાવશ્યક છે. નિત્ય નહિ એવું વિ-

अपि च स्मर्यते ॥ ३० ॥

વળી (આપત્કાળમાં સર્વાન્નભક્ષણની) સ્મૃતિ છે ॥ ૩૦ ॥

વળી આપત્તિમાં વિદ્વાન્ ને અવિદ્વાનને અવિશેષે સર્વાન્નભક્ષણની સ્મૃતિ છે— 'जीवितात्ययमापन्नो योऽन्नमत्ति यतस्ततः । लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥' (જીવિતનો નાશ પ્રાપ્ત થયો છે એવો જે જ્યાંત્યાંથી અન્ન ખાય છે તે પાપથી લિપ્ત થતો નથી, કમળનું પાંદડું જળથી લિપ્ત થતું નથી તેમ); તેમ 'मद्यं नित्यं ब्राह्मणः' (બ્રાહ્મણે નિત્ય મદ્ય { તજવું }), 'सुरापस्य ब्राह्मणस्योष्णामासिञ्चेयुः' (સુરા પીનાર બ્રાહ્મણને અતિતપ્ત સુરા ગળામાં રેડવી), 'सुरापाः कृमयो भवन्त्यभक्ष्यभक्षणात्' (અભક્ષ્યનું ભક્ષણ કરવાથી સુરા પીનારા કૃમિ થાય છે) એમ અનન્નનું વર્જન સ્મૃતિમાં છે ॥ ૩૦ ॥

शब्दश्चातोऽकामकारे ॥ ३१ ॥

અનન્નનો પ્રતિષેધક, યથેષ્ટપ્રવૃત્તિમાંથી નિવૃત્તિ એ જેનું પ્રયોજન છે એવો શબ્દ (શ્રુતિ) કાઠકોની સંહિતામાં છે—'तस्माद्ब्राह्मणः सुरां न पिबेत्' ('તેટલા માટે બ્રાહ્મણે સુરા ન પીવી) એમ. એ નિષેધ પણ 'न ह वा एवंविदि' [છાન્દો૦ ૫।૧૦।૯] એને અર્થવાદ લેવાથી ઉપપન્નતર થાય છે, તેટલા માટે એવા પ્રકારનો અર્થવાદ વિધિ નથી ॥ ૩૧ ॥

સુરાપાનથી પણ જીવન નિભાવાય એમ આશંકા કરી કહી પણ તે ન કરવું એમ કહે છે—"તેમ 'मद्यं नित्यं ब्राह्मणः'" 'वर्जयेत्' (વર્જવું) એવો શેષ છે. 'सुरापस्य'- उष्णाम्-અતિતપ્ત. 'सुराम्' એવો શેષ છે. આથી પણ સુરા પીવી યુક્ત નથી—'सुरापाः' ઇત્યાદિ ॥ ૩૦ ॥

ઉદાહરણ તરીકે આપેલી સ્મૃતિઓની મૂલશ્રુતિ કહે છે—'शब्दश्चातोऽकामकारे'— કામકાર-ઇચ્છાનુસારે પ્રવૃત્તિ. તે નિષેધ પણ ઉપપન્નતર થાય છે; 'न ह वा एवंविदि' એ અર્થવાદ છે તેથી. જો એ પણ વિધિ હોય તો વિહિત અને પ્રતિષિદ્ધ થવાથી ષોડશિગ્રહણ ને અગ્રહણની પેઠે સુરાપાનને વિષે વિકલ્પ થાય તે સર્વ સ્મૃતિઓ ને શિષ્ટાચારથી વિરુદ્ધ છે એવો તાત્પર્યાર્થ છે ॥ ૩૧ ॥

---

૧ સુરા પીનાર બ્રાહ્મણને મરણાન્તિક પ્રાયશ્ચિત્ત કહ્યું છે તેથી.

विहितत्वाच्चाश्रमकर्मापि ॥ ३२ ॥

આશ્રમકર્મ (અમુમુક્ષુએ) પણ (અવશ્ય કરવું), વિહિત છે તેથી ॥ ૩૨ ॥

'सर्वापेक्षा च—' [બ્રહ્મસૂ૦ ૩।૪।૨૬] એમાં આશ્રમકર્મો વિદ્યાનાં સાધન છે એમ નિશ્ચિત કર્યું છે. હવે તો, આશ્રમમાત્રનિષ્ઠ અમુમુક્ષુ, જેને વિદ્યાની કામના નથી તેને આશ્રમકર્મો અનુષ્ઠેય છે કે નહિ તે વિચારાય છે. તેમાં 'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति' [બૃહ૦ ૪।૪।૨૨] (તે એવા ઉપનિષદ્‌ગમ્ય પુરુષને બ્રાહ્મણો-દ્વિજો મન્ત્રબ્રાહ્મણના નિત્ય અધ્યયનથી જાણવા ઇચ્છે છે) ઇત્યાદિથી આશ્રમકર્મો વિદ્યાના સાધન તરીકે વિહિત છે, તેથી વિદ્યાને ન ઇચ્છતા, અન્ય ફળની કામનાવાળાને નિત્ય કર્મ અનુષ્ઠેય નથી. જો તેને પણ એ અનુષ્ઠેય હોય તો એ વિદ્યાનું સાધન ન થાય; કેમકે નિત્ય અને અનિત્યના સંયોગનો વિરોધ થાય. એમ પ્રાપ્ત થયે પરે છે—આશ્રમમાત્રનિષ્ઠ અમુમુક્ષુને પણ નિત્ય કર્મો કર્તવ્યજ છે; કેમકે

સર્વાન્નાનુમતિવાક્ય ભક્ષ્યાભક્ષ્યની વ્યવસ્થા કરનાર શાસ્ત્ર સાથે વિરોધ થયે સ્તુતિ છે એમ પૂર્વ અધિકરણમાં કહ્યું છે. એ પ્રમાણે નિત્યત્વપ્રતિપાદક વચનની સાથે વિરોધ થવાથી કર્મો વિવિદિષાને અર્થે છે એ સંભવતું નથી એમ પ્રત્યવસ્થાનથી પૂર્વ અધિકરણ સાથે આ અધિકરણની સંગતિ છે. 'નિત્ય અને અનિત્યના સંયોગનો વિરોધ થાય'—પૂર્વપક્ષીનો આશય આ પ્રમાણે છે—જો એકજ વચન નિત્યતાબોધક છે ને વિવિદિષાર્થબોધક છે એમ કહો તો એકજ વચન બે અર્થનો બોધ કરે એ અશક્ય છે તેથી વિરોધ થાય; પણ વિરોધ નથી; કેમકે 'यावज्जीवमग्निहोत्रं जुहोति' એ યાવજ્જીવાદિ વાક્યથી યજ્ઞાદિ નિત્ય છે એવો બોધ થાય છે. 'विविदिषन्ति' એ વાક્યથી યજ્ઞાદિ વિવિદિષાને અર્થે છે એવો બોધ થાય છે; એથી વિરોધ નથી; કેમકે બે વચન હોય તો એકવસ્તુ ઉભયાર્થક થાય એમ જણાયલું છે; જેમકે 'खादिरे पशुं बध्नाति खादिरं वीर्यकामस्य' એ વચનદ્વયને અનુસરીને ખાદિરતા ક્રતુને વિષે નિત્ય છે અને કામાર્થક પણ છે—પૂર્વપક્ષી કહે છે કે એમ જો કોઈ માને તો એટલાથી પ્રમાણના વિરોધનો પરિહાર થાય; કેમકે એક વચનને અર્થદ્વયપર સ્વીકાર્યું નથી; પણ પ્રમેયના વિરોધનો પરિહાર થતો નથી; કેમકે એકજ અર્થનું આવશ્યકત્વ અને અનાવશ્યકત્વ સંભવતું નથી. એમ પણ ખાદિરતા પણ ઉભયાર્થક છે એમ આક્ષિપ્તજ થાય છે. તેટલા માટે અર્થ વિરોધ થાય માટે વચનદ્વયના પ્રામાણ્યનો અસંભવ છે માટે વર્તમાન અપદેશવાળું વિવિદિષાવાક્યજ અર્થવાદ છે એવો પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષનું તાત્પર્ય એવું છે કે વિદ્યાકામના આવશ્યક નથી, કામ્યતાથી કર્મો અનાવશ્યક છે, નિત્યતાથી આવશ્યક છે એમ એકનેજ વિષે આવશ્યકત્વ અને અનાવશ્યકત્વ એ વિરુદ્ધ છે; માટે કર્મો એ વિદ્યાના ઉપાય છે એ ઉક્તિ સ્તુતિજ છે. સિદ્ધાન્તનો અભિપ્રાય આવો છે—એકજ પદાર્થના ઉપાધિભેદે આવશ્યકત્વ અને અનાવશ્યકત્વ એ બે ધર્મો વિરુદ્ધ થતા નથી. તેટલા માટે અગ્નિહોત્રાદિ જીવનાદિનિમિત્ત તરીકે આવશ્યક છે અને વિવિદિષાના સાધનરૂપે અનાવશ્યક છે, તેમ ખાદિરત્વ આદિ પણ ક્રતુના ઉપકારક છે તે તરીકે ક્રતુને વિષે આવશ્યક છે, પણ કામાર્થક છે તે તરીકે અનાવશ્યક છે. નિત્ય તરીકે જેનું વિ-

'यावज्जीवमग्निहोत्रं जुहोति' (જીવનપર્યન્ત અગ્નિહોત્ર હોમે છે) ઇત્યાદિથી વિહિત છે, કારણ કે વચનનો કંઈ અતિભાર નથી ॥ ૩૨ ॥

सहकारित्वेन च ॥ ३३ ॥

અને સહકારી છે તેથી ॥ ૩૩ ॥

એ કર્મો વિદ્યાનાં સહકારી છે, વિહિત છે તેથીજ—'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति' [બૃહ૦ ૪।૪।૨૨] (તે એ ઔપનિષદ પુરુષને બ્રાહ્મણો-દ્વિજ મન્ત્રબ્રાહ્મણના નિત્ય અધ્યયનથી જાણવા ઇચ્છે છે) ઇત્યાદિથી. તે 'सर्वापेक्षा च यज्ञादिश्रुतेरश्ववत्' [બ્રહ્મસૂ૦ ૩।૪।૨૬] એમાં કહ્યુ છે. વળી આશ્રમકર્મો વિદ્યાનાં સહકારી છે એ વચન, પ્રયાજાદિની પેઠે, વિદ્યાના ફળ વિષે છે એમ માનવું નહિ; કેમકે વિદ્યા એ અવિધિરૂપ છે અને વિદ્યાનું ફળ અસાધ્ય છે; કારણ કે દર્શપૂર્ણમાસાદિ વિધિરૂપ સાધન સ્વર્ગફળ સાધવાની ઇચ્છાથી અન્ય સહકારી સાધનની અપેક્ષા રાખે છે; પણ વિદ્યા એ પ્રમાણે નથી; અને તેજ પ્રમાણે 'अत एव चाग्नीन्धनाद्यनपेक्षा' [બ્રહ્મસૂ૦ ૩।૪।૨૫] એમાં કહ્યું છે. તેટલા માટે (વિદ્યાની) ઉત્પત્તિના સાધનત્વમાંજ કર્મો સહકારી છે એવી ન્યાયોક્તિ છે. વળી અહિં નિત્ય અને અનિત્યના સંયોગના વિરોધની આશંકા કરવી યુક્ત નથી; કેમકે કર્મ અભિન્ન હોય તોપણ સંયોગ ભિન્ન હોય. ખરેખર, યાવજ્જીવાદિવાકયથી કલ્પેલો એક સંયોગ નિત્ય છે, તેનું ફળ વિદ્યા નથી; પણ 'तमेतं वेदानुवचनेन' [બૃહ૦ ૪।૪।૨૨] ઇત્યાદિ વાકયથી કલ્પેલો બીજો સંયોગ અનિત્ય છે; તેનું ફળ વિદ્યા છે. જેમ એક પણ ખાદિર નિત્ય સંયોગથી ક્રત્વર્થક છે, અને અનિત્ય સંયોગથી પુરુષાર્થક છે તેમ ॥૩૩॥

ધાન કર્યું છે તેનું વિદ્યાર્થક તરીકે વિધાન અયુક્ત છે, ગૌરવ થાય તેથી એમ આશંકા કરી કહે છે—'કારણ કે વચનનો' ઇત્યાદિ ॥ ૩૨ ॥

સાથે મળીને શુદ્ધિદ્વારા વિદ્યા ઉત્પન્ન કરે છે તે સહકારીકર્મો. વિદ્યાની સાથે કર્મો ફળ પણ કરે છે એમ જે સહકારિપદથી પ્રાપ્ત થાય છે તેનું નિરસન કરે છે—'વળી આશ્રમકર્મો' ઇત્યાદિ. વિદ્યા અવિહિત છે તેથી તેને અંગની અપેક્ષા નથી; તેથી વિહિત કર્મો અવિહિત વિદ્યાનાં સહકારી અંગ નથી. તેમજ મોક્ષ અસાધ્ય હોવાથી કર્મોને સહકારી થવાનો સંભવ નથી એવો અર્થ છે. સરખા બળવાળી બે શ્રુતિથી પૃથક્ વિનિયોગ છે એમ સંયોગનો ભેદ છે તેથી વિરોધ નથી. કામના અનિત્ય છે તોપણ કર્મો અનિત્ય નથી. નિત્યવિધિથી પ્રયોગ નિત્ય હોવાથી, કામના હોય ત્યારે, કામ્યપ્રયોગથીજ નિત્યત્વ સિદ્ધ થાય છે એટલે કોઈ પણ વિરોધ નથી. એ તો 'एकस्य तूभयत्वे संयोगपृथक्त्वम्' [પૂર્વમી૦ ૪।૩।૫] એ સૂત્રમાં વિચાર્યું છે. 'खादिरो यूपो भवति' એમ શ્રુતિ છે તેથી ખાદિરત્વ ક્રત્વર્થક છે; અને 'खादिरं वीर्यकामस्य यूपं कुर्वीत' એ શ્રુતિથી ખાદિરત્વ એ પુરુષાર્થક છે. એથી બે વાક્યનિયુક્તનો વિનિયોગ વિરુદ્ધ થતો નથી એવો અર્થ છે ॥ ૩૩ ॥

હોય તોપણ [illegible]નારના.

सर्वथापि त एवोभयलिङ्गात् ॥ ३४ ॥

સર્વથા પણ—નિત્ય તરીકે ને કામ્ય તરીકે પણ—(અનુષ્ઠેય યજ્ઞાદિઓ) તેજ છે—ભિન્ન નથી—ઉભય લિંગ છે—શ્રુતિલિંગ ને સ્મૃતિલિંગ છે તેથી ॥ ૩૪ ॥

આશ્રમનાં કર્મ છે એ પક્ષમાં અને વિદ્યાનાં સહકારી છે એ પક્ષમાં, સર્વથા પણ તેજ અગ્નિહોત્ર આદિ ધર્મો અનુષ્ઠેય છે. તેજ એમ અવધારણ કરી આચાર્ય શેની નિવૃત્તિ કરે છે? કર્મભેદની શંકા નિવૃત્ત કરે છે એમ અમે કહીએ છીએ.

પણ નિત્ય અગ્નિહોત્ર આદિથી ભિન્નજ અપૂર્વ યજ્ઞાદિઓનો વિવિદિષાને વિષે વિનિયોગ કરો, તેમ કરવાથી વિનિયુક્તનો વિનિયોગ ક્યાંથી થશે!—નહિ થાય તેને વિષે કહે છે—'सर्वथापि'. સર્વથા = નિત્યત્વે ને કામ્યત્વે. કુંડપાયીના અયનમાં 'मासमग्निहोत्रं जुहोति' એમ કુંડપાયીના અયનગત અગ્નિહોત્ર ભિન્ન પ્રકરણ હોવાથી પ્રસિદ્ધ અગ્નિહોત્રથી અન્ય કર્મ છે. આખ્યાત સામાન્યહોમવાચક હોવાથી તેનાજ અર્થનું અગ્નિહોત્ર પદ, અવહિત સિદ્ધ અગ્નિહોત્રનો પરામર્શ કરે એ અયુક્ત હોવાથી માસગુણવિશિષ્ટ અન્યકર્મનું વિધાન છે, એ યુક્ત છે; પણ અહિં તો यज्ञेन ઇત્યાદિ શબ્દનો આખ્યાતની સાથે એકાર્થક નથી, તેથી સિદ્ધ, અવહિત કર્મના અનુવાદક થાય છે, તેથી તેજ કર્મો જ્ઞાનાર્થક છે એવો વિધિ છે એમ સમજવાનું છે. સૂત્રનું તાત્પર્ય આ પ્રમાણે છે—'मासमग्निहोत्रं जुहोति' એમાં અન્ય પ્રકરણ હોવાથી કર્મનો ભેદ છે; એ પ્રમાણે અહિં પણ 'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन' એમ ક્રતુપ્રકરણનું અતિક્રમણ કરી શ્રુતિ છે તેથી અન્ય પ્રકરણને લીધે તેજ કર્મ છે એ બુદ્ધિનો અપવાદ થયે અન્ય કર્મ છે એમ પ્રાપ્ત થાય છે. આમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે કહે છે—અન્ય પ્રકરણ છે તોપણ તેજ કર્મ છે. શ્રુતિ અને સ્મૃતિથી સંયોગનો ભેદ છે જેમ 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः' (સ્વર્ગની કામનાવાળાએ અગ્નિહોત્ર હોમવું), 'यावज्जीवमग્निहोत्रं जुहुयात्' (જીવનપર્યન્ત અગ્નિહોત્ર હોમવું), એમાં તેજ અગ્નિહોત્ર ઉભયત્ર સંયુક્ત છે, કેમકે અન્ય પ્રકરણ સાક્ષાત્ ભેદક નથી. પણ અજ્ઞાતનું જ્ઞાપન કરવામાં—અપૂર્વત્વમાં, ન હોય તો જ્ઞાપકત્વ. જેનો સ્વરસ છે એવો વિધિ, એકજ પ્રકરણ હોય તો, સ્ફુટતર પ્રત્યભિજ્ઞાન હોવાથી, સ્વરસનો લાભ કરે. અન્ય પ્રકરણ હોય તો તો પ્રત્યભિજ્ઞાન વિઘટિત થવાથી વિધિ સ્વરસનો લાભ કરતો નથી ને કર્મનો ભેદ કરે છે. અહિં તો વિધિ સિદ્ધવત્ ઉત્પન્નરૂપજ યજ્ઞાદિનો વિવિદિષામાં વિનિયોગ કરે છે, 'जुहोति' ઇત્યાદિની પેઠે એ યજ્ઞાદિનું અપૂર્વ રૂપ ઉત્પન્ન કરે એ યુક્ત નથી. વળી ત્યાં પણ નૈત્યિક અગ્નિહોત્રમાં માસવિધિ છે, અપૂર્વ અગ્નિહોત્રની ઉત્પત્તિ નથી એમ કહેવું યુક્ત નથી, કેમકે હોમમાંજ સકૃત્ વિધિની શ્રુતિ છે. કાલ તો અનુવાદ છે તેથી તે વિધેય નથી, કેમકે કાલમાં કર્મનું વિધાન થાય છે, કર્મમાં કાલનું વિધાન થતું નથી એવો ઉત્સર્ગ છે. અહિં તો વિવિદિષામાં વિધિની શ્રુતિ છે, યજ્ઞાદિમાં નથી, તે યજ્ઞાદિનો સિદ્ધ તરીકે અનુવાદ છે; માટે એક કર્મ હોવાથી સંયોગ પૃથક્ છે એમ સિદ્ધ થાય છે. પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે—જેમ કુંડપાયીના અયનનું અગ્નિહોત્ર પ્રસિદ્ધ અગ્નિહોત્રથી અન્ય કર્મ છે, ભિન્ન પ્રકરણમાં છે તેથી, તેમ विविदिषन्ति એ વિધિ સંયુક્ત હોવાથી, વિદિત કર્મો અન્ય પ્રકરણમાં હોવાથીજ અન્ય કર્મ છે. સિદ્ધાન્તી અગ્નિહોત્ર—ઇત્યાદિમાં जुहोति

જેમ કુણ્ડપાયીના અયનમાં ' मासमग्निहोत्रं जुहोति ' (તેઓ માસપર્યન્ત અગ્નિહોત્ર હોમે છે) એમાં નિત્ય અગ્નિહોત્રથી અન્ય કર્મનો ઉપદેશ કરાય છે, એમ અહિં કર્મભેદ નથી એવો અર્થ છે. શાથી? ઉભયલિંગથી; શ્રુતિલિંગથી ને સ્મૃતિલિંગથી. ' तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति ' [બૃહ૦ ૪।૪।૨૨] (તે એ ઉપનિષદ્‌ગમ્ય પુરુષને બ્રાહ્મણો-દ્વિજો મન્ત્રબ્રાહ્મણના અધ્યયનથી જાણવા ઇચ્છે છે) એ શ્રુતિલિંગ સિદ્ધવત્, ઉત્પન્નરૂપ યજ્ઞાદિનો વિવિદિષામાં વિનિયોગ કરે છે, પણ 'जुहोति' (તેઓ હોમે છે) ઇત્યાદિની પેઠે એ યજ્ઞાદિનું અપૂર્વરૂપ ઉત્પન્ન કરતું નથી. 'अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ' [ભગ૦ગી૦ ૬।૧] (કર્મફળની અપેક્ષા ન રાખી કાર્ય તરીકે વિહિત કર્મ જે કરે છે તે સંન્યાસી ને યોગી છે) એ સ્મૃતિલિંગ પણ જેની કર્તવ્યતા જણાયલી છે એવાંજ કર્મ વિદ્યાની ઉત્પત્તિને અર્થે દર્શાવે છે. ' यस्यैतेऽष्टाचत्वारिंशत् संस्काराः ' (જેના આ અડતાળીસ સંસ્કાર છે) ઇત્યાદિ સંસ્કારત્વપ્રસિદ્ધિ વૈદિક કર્મોમાં તેથી સંસ્કાર પામેલાને વિદ્યાની ઉત્પત્તિને ઉદ્દેશી સ્મૃતિમાં છે તેટલા માટે આ અભેદનું અવધારણ સારું છે ॥ ૩૪ ॥

अनभिभवं च दर्शयति ॥ ३५ ॥

વળી (બ્રહ્મચર્યાદિસાધનસંપન્નને શ્રુતિ રાગાદિથી) અનભિભવ દર્શાવે છે ॥ ૩૫ ॥

(આશ્રમ કર્મ વિદ્યાનાં) સહકારી છે એનુંજ આ સમર્થક લિંગદર્શન છે. વળી બ્રહ્મચર્ય આદિ સાધનોથી સંપન્નનો રાગાદિ ક્લેશોથી અનભિભવ શ્રુતિ દર્શાવે છે—

એમ કૌષીતકિની શ્રુતિ છે, માસાદિ કાળ અનુપાદેય હોવાથી અવિહિત છે, અગ્નિહોત્રશબ્દ [illegible] આખ્યાતને પરતન્ત્ર છે, અને ' जुहोति ' એ આખ્યાત સન્નિહિત રૂપવાળું કર્મ તજીને અવિહિત નૈત્યિક અગ્નિહોત્રનો પરામર્શ કરે એ અયુક્ત છે. તેથી આખ્યાતાંતવાચક અગ્નિહોત્ર [illegible] પણ કર્માન્તરવિધાયક છે એ યુક્ત છે. પણ વિવિદિષાવાક્યમાં વિવિદિષામાત્ર [illegible] [illegible] છે તેથી, પ્રસિદ્ધ યજ્ઞ [illegible] યજ્ઞાદિશબ્દોથી અનુવાદ છે, માટે વિનિયોગમાત્રનું વિધાન છે. [illegible] કર્માન્તર નથી. આજ અર્થનો પ્રશ્નપૂર્વક હેતુ ઉતારી સ્ફુટ કરે છે—' શાથી ! [illegible] [illegible] ' ઇત્યાદિ. પ્રસિદ્ધ કર્મોમાં સંસ્કારત્વપ્રસિદ્ધિ પણ વિધાનો [illegible] ' यस्यैतेऽष्टाचत्वारिंशत् संस्काराः ' ઇત્યાદિ. [illegible] પાંચ મહાયજ્ઞો, [illegible] સંસ્કારો છે; [illegible] [illegible] ને [illegible] એમ ચાળીસ સંસ્કારો છે; [illegible] [illegible] [illegible] [illegible] અડતાળીસ સંસ્કારો છે. [illegible] [illegible] છે— તેટલા માટે ' ઇત્યાદિ ॥ ૩૪ ॥

[illegible]

૧ [illegible]

'एष ह्यात्मा न नश्यति यं ब्रह्मचर्येणानुविन्दते' [છાન્દો૦ ૮।૫।૩] (જે આત્માને બ્રહ્મચર્યથી મેળવે છે તે આત્મા નાશ પામતો નથી) ઇત્યાદિથી. તેટલા માટે યજ્ઞાદિ આશ્રમકર્મો છે ને વિદ્યાના સહકારી પણ છે એ નિશ્ચિત છે ॥ ૩૫ ॥

अन्तरा चापि तु तद्दृष्टेः ॥ ३६ ॥

આશ્રમ વિના રહેનારાને પણ (વિદ્યાને વિષે અધિકાર છે શ્રુતિમાં) તે દેખાય છે તેથી ॥ ૩૬ ॥

વિધુર આદિ, દ્રવ્યાદિસંપદ્રહિત અને ગમે તે કોઈ આશ્રમની પ્રાપ્તિથી હીન, અન્તરાલ સ્થિતિમાં આવેલાને શું વિદ્યામાં અધિકાર છે કે નહિ એમ સંશય થયે, નથી એમ પ્રાપ્ત થાય છે; કેમકે આશ્રમકર્મો વિદ્યાના હેતુ છે એમ અવધારણ થાય છે અને એમને આશ્રમકર્મનો અસંભવ છે, એમ. એમ પ્રાપ્ત થયે આ કહે છે— વચલી સ્થિતિમાં પણ અનાશ્રમી તરીકે હોય તોપણ તેને વિદ્યાને વિષે અધિકાર છે. શાથી? તે દેખાય છે તેથી; રૈક્વ, વાચક્નવી, આદિ એવાએ બ્રહ્મવિત્ત્વ પ્રાપ્ત કર્યું એમ શ્રુતિમાં ઉપલબ્ધ થાય છે તેથી ॥ ૩૬ ॥

કર્મો ક્લેશ ઓછો કરે છે તેથી વિદ્યાના ઉદયને વિષે હેતુ છે એને વિષે લિંગ કહે છે— 'अनभिभवं च दर्शयति'. 'एष ह्यात्मा' એમાં આત્માને નાશ પ્રસક્ત થતો નથી એમ કહેવાથી આત્મજ્ઞાનના નાશનો અભાવ વિવક્ષિત છે. ગમે તેમ ઉત્પન્ન થયલું પણ આત્મજ્ઞાન બ્રહ્મચર્ય આદિ નિયમથી રહિત હોય તેને સાક્ષાત્કારપર્યન્ત પ્રાપ્ત થતું નથી તેજ જ્ઞાનનાશ છે. તેથી રાગાદિથી અભિભવ ન થાય તેને માટે બ્રહ્મચર્ય આદિ સાધનની જેમ જ્ઞાનને અપેક્ષા છે એમ કર્મોની પણ અપેક્ષા છે એવું તાત્પર્ય છે ॥ ૩૫ ॥

અનાશ્રમીઓને જપાદિ કર્મ છે તેથી અને નિન્દિત છે તેથી સંશય થયે, આશ્રમકર્મોજ વિદ્યાના હેતુ છે એમ શ્રુતિમાં છે તેથી અને અનાશ્રમની નિન્દા છે તેથી અનાશ્રમીને વિદ્યાને વિષે અધિકાર નથી એવો પૂર્વપક્ષ છે. તેમાં અનાશ્રમીનાં કર્મો વિદ્યાના હેતુ નથી એમ સિદ્ધ થાય છે. સિદ્ધાન્તમાં હેતુ છે એમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે પૂર્વપક્ષમાં અનાશ્રમીનાં કર્મો, જપાદિ, વિદ્યાસાધન તરીકે અસિદ્ધ છે, સિદ્ધાન્તમાં સિદ્ધ છે; પૂર્વપક્ષમાં વિદ્યાસાધનત્વાસિદ્ધિ એ ફળ છે ને સિદ્ધાન્તમાં વિદ્યાસાધનત્વસિદ્ધિ એ ફળ છે. 'વિધુર'= મૃતપત્નીક, રાંડેલો. 'વિધુર આદિ' એમાં 'આદિ' પદથી અંધ, પંગુ આદિ સપત્નીક, અગ્નિહોત્રાદિ કર્મનો જેને અનધિકાર છે એવા વિવક્ષિત છે. 'ગમે તે કોઈ આશ્રમની પ્રાપ્તિથી હીન'= એટલે જેણે બ્રહ્મચર્ય સમાપ્ત કર્યું છે, ને દારપરિગ્રહ કર્યો નથી એવા સ્નાતકો વિવક્ષિત છે ॥૩૬॥

अपि च स्मर्यते ॥ ३७ ॥

(સંવર્ત આદિનું યોગિત્વ) સ્મૃતિમાં પણ છે ॥ ૩૭ ॥

સંવર્ત આદિ, જેમણે બ્રહ્મચર્યના યોગથી આશ્રમકર્મની અપેક્ષા રાખી નથી તેઓ પણ મહાયોગી થયા એમ ઇતિહાસમાં સ્મરણ કરાય છે ॥ ૩૭ ॥

પણ શ્રુતિમાં ને સ્મૃતિમાં જે જેવામાં આવે છે તે આ લિંગનો ઉપન્યાસ કર્યાં છે; પણ પ્રાપ્તિ શી છે? તેનું અભિધાન કરે છે—

विशेषानुग्रहश्च ॥ ३८ ॥

વળી (વિધુર આદિઓને) ધર્મવિશેષથી (વિદ્યાનો) અનુગ્રહ છે ॥ ૩૮ ॥

તે પણ વિધુર આદિઓને, અવિરુદ્ધ, પુરુષમાત્રસમ્બન્ધી, જપ, ઉપવાસ, દેવતારાધન આદિ ધર્મવિશેષોથી વિદ્યાનો અનુગ્રહ સંભવે છે. તેવીજ રીતે 'जप्येनैव तु संसिध्येद्ब्राह्मणो नात्र संशयः । कुर्यादन्यन्न वा कुर्यान्मैत्रो ब्राह्मण उच्यते ॥' (પણ જપથીજ બ્રાહ્મણ સંસિદ્ધ થાય છે, એમાં સંશય નથી; અન્ય કર્મ કરે કે ન કરે, દયાવાન્ બ્રાહ્મણ કહેવાય છે) એ સ્મૃતિ આશ્રમકર્મનો જેને અસંભવ છે તેને વિષે પણ જપનો અધિકાર દર્શાવે છે. વળી અન્ય જન્મમાં પણ કરેલાં આશ્રમકર્મોથી વિદ્યાને વિષે અનુગ્રહ સંભવે છે. તેવીજ રીતે 'अनेकजन्मसंसिद्धस्ततो

શ્રોતી દૃષ્ટિનો ઉપદેશ કરી સ્મૃતિની દૃષ્ટિ પણ દર્શાવે છે—'अपि च स्मर्यते' ॥ ૩૭ ॥

પણ અનાશ્રમીઓને વિદ્યાના હેતુ કર્મનો અભાવ છે તેથી તેને વિષે અધિકાર નથી તેને માટે કહે છે—'विशेषानुग्रहश्च'—અનાશ્રમી રૈક્વ આદિને, જપ, ઉપવાસ, દેવતારાધન આદિ કર્મવિશેષ જે જ્ઞાનના હેતુ છે તેણે કરીને વિદ્યાને વિષે અનુગ્રહ છે એવો અર્થ છે. અન્ય જન્મમાં કીધેલાં કર્મોથી રૈક્વ આદિને વિષે વિદ્યા સંભવે છે. તેથી વર્ણોપાધિને વિષે ઉક્ત કર્મથી વિદ્યા છે એમાં શ્રુતિ ને સ્મૃતિ અનિયામક હોવાથી અન્ય નિયામક કહેવું જોઈએ એવો અર્થ છે. આશ્રમધર્મને અભાવે પણ વર્ણધર્મવિશેષથી અનુગૃહીત થયલી વિદ્યા ઉદય પામશે એમ સૂત્રથી સમાધાન કરે છે. 'અવિરુદ્ધ'= અનાશ્રમિત્વ સાથે જેને વિરોધ નથી એવાં; તેથીજ 'પુરુષમાત્રસંબન્ધી' એમ કહ્યું છે, એટલે વર્ણમાત્રને જે ધર્મો પ્રાપ્ત છે તે. આશ્રમધર્મથી શૂન્ય પુરુષોને જપાદિને વિષે શૂદ્રાદિની પેઠે અધિકાર નથી એમ આશંકા કરીને કહે છે—'તેવીજ રીતે 'जप्येनैव तु' " ઇત્યાદિ. 'मैत्रः'—સર્વભૂતનો અહિંસક, દયાવાળો. 'અન્યજન્મમાં પણ કરેલાં આશ્રમકર્મોથી' = વિદ્યાકાર્યને વિષે કર્મની અપેક્ષા નથી, માત્ર વિદ્યાની ઉત્પત્તિને વિષેજ કર્મની અપેક્ષા છે. કર્મો વિવિદિષા ઉત્પન્ન કરી વિદ્યા ઉત્પન્ન કરે છે, અને જેમને વિષે વિવિદિષા ઉત્પન્ન થઈ છે એવા વિધુર સંવર્ત આદિ પુરુષધૌરેયને કર્મનું શું પ્રયોજન છે? જોકે આ જન્મમાં કર્મો કર્યાં નથી, તોપણ અતિશય વિવિ-

यानि परां गतिम् ' [ભગવદ્ગીતા ૬।૪૫] (અનેક જન્મના સંસ્કારના ઉપચયથી સંસિદ્ધ થઇ, તેથી—સંચિતસંસ્કારસમુદાયથી, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી સંન્યાસી પ્રકૃષ્ટ ગતિ પામે છે) એ સ્મૃતિ અન્ય જન્મોમાં સંચિત કરેલા પણ સંસ્કારવિશેષોને વિદ્યાને વિષે અનુગ્રહ કરનારા તરીકે દર્શાવે છે. જેનું પ્રયોજન દૃષ્ટ છે એવી વિદ્યા, પ્રતિષેધના અભાવથીજ અર્થીને શ્રવણાદિને વિષે અધિકૃત કરે છે. તેટલા માટે વિધુર આદિનો પણ વિદ્યાને વિષે અધિકાર વિરુદ્ધ નથી ॥ ૩૮ ॥

अतस्त्वितरज्ज्यायो लिङ्गाच्च ॥ ३९ ॥

પણ એથી બીજું વધારે સારૂં છે, લિંગથી ॥ ૩૯ ॥

પણ એથી, એટલે અન્તરાલમાં રહેવાથી, અન્ય એટલે આશ્રમમાં રહેવું વધારે સારૂં વિદ્યાનું સાધન છે; કેમકે શ્રુતિ અને સ્મૃતિમાં દેખાય છે; કારણ કે ' तेनैति ब्रह्मवित् पुण्यकृत् तैजसश्च ' [બૃહ૦ ૪।૪।૯] (પુણ્યકૃત, શુદ્ધસત્ત્વ બ્રહ્મવેત્તા તે માર્ગે જાય છે, બ્રહ્મ પ્રાપ્ત કરે છે) એવું શ્રુતિલિંગ છે, અને ' अनाश्रमी न तिष्ठेत दिनमेकं-

---

દિયા એવામાં આવે છે તેથી પૂર્વ ભવમાં કર્યા છે એમ સમજાય છે. પણ અનાશ્રમીઓનું કર્મ વિદ્યાનો હેતુ ભલે થાય, તોપણ તેમને શ્રવણ આદિને વિષે અધિકાર નથી, કેમકે સન્યાસનો અભાવ છે તેથી કહે છે—' જેનું પ્રયોજન દૃષ્ટ છે એવી વિદ્યા ' ઇત્યાદિ તાત્પર્ય આશય એવો છે કે જેમ આ જન્મમાં જેણે વેદાધ્યયન કર્યું છે તે ધર્મજિજ્ઞાસાને વિષે અધિકારી છે, તેમ આ જન્મનેજ વિષે આશ્રમધર્મોથી જેને વિવિદિષા ઉત્પન્ન થઈ છે તે વિદ્યાને વિષે અધિકારી છે શંકાનું સમાધાન કરે છે—અવિદ્યાની નિવૃત્તિ એ વિદ્યાનું પ્રયોજન દેખાય છે. અન્યક–પ્રતિષેધરૂપ એવું જે અજ્ઞાન તેનો નાશ એ જેનું ફળ છે એવી વિદ્યાની કામનાવાળાને શ્રવણને વિષે અધિકાર છે; પ્રતિષેધના અભાવમાત્રથી પુરુષની પ્રવૃત્તિ થાય છે એવો અર્થ છે. સન્યાસ પણ કદાચિત્ કરેલો જ્ઞાનને વિષે ઉપકારક થાય છે, શ્રવણ પ્રતિ અંગ નથી એવો ભાવ છે ॥ ૩૮ ॥

હવે આશ્રમિત્વ શ્રેષ્ઠ છે તેથી કહે છે—' अतस्त्वितर ' ' જો અનાશ્રમીઓનો પણ વિદ્યામાં અધિકાર છે તો જેમાં બહુ આયાસ કરવો પડે એવા આશ્રમોનું શું પ્રયોજન એવી આશંકાનું નિરાકરણ કરવા આ સૂત્ર છે સ્વલ્પ પુણ્યે આશ્રમી થવું, પણ દૈવયોગે પત્ની આદિનો વિયોગ થયે અનાશ્રમી થાય તો વિદ્યાને વિષે અધિકાર છે એમ શ્રુતિસ્મૃતિલિંગથી ' विविदिषन्ति यज्ञेन ' ઇત્યાદિથી અન્વયવ્યતિરેક સમજાય છે તેથી શ્રુતિલિંગ અને સ્મૃતિલિંગથી સમજાય છે ' જ્યાયસ્ત્વ ' એટલે સાધનના ઉપચયથી અચિર કાલમાં આશ્રમિત્વ વિદ્યાનો હેતુ થાય છે એ એનું જ્યાયસ્ત્વ–અતીશયપણું છે. શ્રુતિમાં પુણ્યકૃત્‌વિશેષણરૂપ લિંગ છે તેથી આશ્રમિત્વ શ્રેષ્ઠ છે એમ કહે છે—' શ્રુતિલિંગ છે '. ' तेनैति ' ઇત્યાદિ = તે જ્ઞાનમાર્ગે બ્રહ્મવેત્તા જાય છે—બ્રહ્મ પ્રાપ્ત કરે છે; તે પુણ્ય, આશ્રમધર્મ કર્મ કરે છે તેથી પુણ્યકૃત્ કહેવાય છે. તેજસને વિષે એટલે પરમાત્માને વિષે આત્મભાવે વર્તે છે માટે ' तैजस ' છે. તેમાં પુણ્યકૃત્ત્વવિશેષણથી આશ્રમિત્વ બ્રહ્મપ્રાપ્તિના હેતુ તરીકે શ્રેષ્ઠ છે એમ સિદ્ધ છે. પુણ્યકૃત્-

मपि द्विजः । संवत्सरमनाश्रमी स्थित्वा कृच्छ्रमेकं चरेत् ॥' (દ્વિજે એક પણ દિવસ અનાશ્રમી રહેવું નહિ, સંવત્સર અનાશ્રમી રહીને તેણે એક કૃચ્છ્ર આચરવું) એવું સ્મૃતિલિંગ છે ॥ ૩૯ ॥

तद्भूतस्य तु नातद्भावो जैमिनेरपि नियमातद्रूपाभावेभ्यः ॥ ४० ॥

પણ તદ્ભૂતને—જેણે તે સ્થિતિ એટલે ઊર્ધ્વરેતોભાવ પ્રાપ્ત કર્યો છે તેને—અતદ્ભાવ થતો નથી—તેમાંથી પ્રચ્યુતિ થતી નથી—જૈમિનિની પણ (એમાં સંમતિ છે), નિયમથી, અતદ્રૂપથી—પ્રત્યવરોહબોધકશ્રુતિના અભાવથી—ને અભાવથી—શિષ્ટાચારના અભાવથી ॥ ૪૦ ॥

[1]ઊર્ધ્વરેતસને આશ્રમો છે એમ સ્થાપિત કર્યું છે. પણ તે આશ્રમોને પ્રાપ્ત થએલાની કોઈ પણ કારણથી તેમાંથી પ્રચ્યુતિ છે કે નહિ એમ સંશય છે. પૂર્વ કર્મોમાં અનુષ્ઠાન કરવાની ઇચ્છાથી કે રાગાદિને વશ થઈ પ્રચ્યુત પણ થાય; કેમકે

[illegible]તરથી આશ્રમિત્વ જ્યાયઃ—વધારે સારું—છે; કેમકે પુણ્યનો ઉપચય થયે વિદ્યાનો લાભ [illegible] છે, અને અનાશ્રમ નિન્દિત છે તેથી એવો ભાવ છે. આશ્રમિત્વ શ્રેય છે તેને [illegible] સ્મૃતિનું લિંગ પણ અનુકૂળ છે એમ કહે છે—'अनाश्रमी' ઇત્યાદિ ॥ ૩૯ ॥

[1] 'तद्भूतस्य तु' ઇત્યાદિ. ઉત્તમ આશ્રમથી પૂર્વ આશ્રમમાં પ્રાપ્ત થવા પ્રચ્યુત પુરુષે [illegible] અનાશ્રમીના કર્મની પેઠે એમ પૂર્વ અધિકરણ [illegible] ઊર્ધ્વરેતસને [illegible] આ અધિકરણ છે. [illegible]

વિરોધનો અભાવ છે એમ. એમ પ્રાપ્ત થયે કહે છે—તદ્ભૂતને એટલે જેણે ઊર્ધ્વરેતોભાવ પ્રાપ્ત કર્યો છે તેને કોઈ પણ પ્રકારે અતદ્ભાવ થતો નથી એટલે તેમાંથી પ્રચ્યુતિ થતી નથી. શાથી? નિયમથી, અતદ્રૂપથી, ને અભાવથીઃ કારણ કે 'अत्यन्तमात्मानमाचार्यकुलेऽवसादयन्' [છાન્દો૦ ૨।૨૩।૧] (૧ બ્રહ્મચારી આચાર્યના કુળમાં વસવાનું જેનું શીલ છે એવો) યાવજ્જીવ આત્માને—દેહને નિયમોથી આચાર્યકુળમાં ક્ષીણ કરતો—એ ત્રીજો ધર્મસ્કન્ધ છે, નૈષ્ઠિક બ્રહ્મચારી એમ ગમ્ય થાય છે), 'अरण्यमियादिति पदं ततो न पुनरेयादित्युपनिषद्' (અરણ્ય એટલે પારિવ્રાજ્ય પ્રાપ્ત કરવું એ પદ—શાસ્ત્રમાર્ગ છે. તે પારિવ્રાજ્યથી પાછા ન ફરવું-પ્રચ્યુત ન થવું—એ ઉપનિષદ્-રહસ્ય છે), 'आचार्येणाभ्यनुज्ञातश्चतुर्णामेकमाश्रमम् । आविमोक्षाच्छरीरस्य सोऽनुतिष्ठेद्यथाविधि ॥' (આચાર્યે અભ્યનુજ્ઞા આપી એટલે તેણે શરીરના વિમોક્ષપર્યન્ત ચારમાંનો એક આશ્રમ યથાવિધિ પાળવો) એ પ્રકારનો નિયમ પ્રચ્યુતિનો અભાવ દર્શાવે છે. વળી જેમ 'ब्रह्मचर्यं समाप्य गृही भवेत्' [જા૦ ૪] (બ્રહ્મચર્ય સમાપ્ત કરી તેણે ગૃહી—ગૃહસ્થાશ્રમવાળા થવું), 'ब्रह्मचर्यादेव प्रव्रजेत्' [જા૦ ૪] (તેણે બ્રહ્મચર્યથીજ સંન્યસ્ત લેવું) એવી જાતનાં આરોહરૂપ વચનો ઉપલબ્ધ થાય છે, તેમ પ્રત્યવરોહરૂપ વચનો ઉપલબ્ધ થતાં નથી. વળી એવા શિષ્ટ આચારો પણ નથી. પૂર્વ કર્મોને વિષે અનુષ્ઠાન કરવાની ઇચ્છાથી પ્રત્યવરોહણ થાય છે એમ જે કહ્યું છે તે અસત્ છે; કેમકે 'श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात्' [ભગ૦ગી૦ ૩।૩૫] (બરોબર અનુષ્ઠાન કરેલા પર ધર્મથી સ્વકીય ધર્મ, પ્રશસ્યતર છે, વિગુણ હોય તોપણ, એમ સ્મૃતિ છે. અને 'ન્યાય પણ છેઃ કારણ કે જેનું જે પ્રતિ વિધાન કરેલું છે તે તેનો ધર્મ છે; પણ જે જેનાથી બરોબર અનુષ્ઠાન કરવા શક્ય હોય તે નહિ; કારણ કે ચોદના એ ધર્મનું લક્ષણ છે.

કર્મ નિન્દિત છે તોપણ વિદ્યાસાધન છે એમ કહ્યું છે, તેમ જેણે પ્રત્યવરોહ કર્યો છે તેનું કર્મ પણ વિદ્યાનું સાધન છે. સિદ્ધાન્તસૂત્રને ઉતારી તેનું વ્યાકરણ—સ્પષ્ટીકરણ કરે છે—'એમ પ્રાપ્ત થયે કહે છે' ઇત્યાદિ. ઉત્તર આશ્રમમાં પ્રાપ્ત થયલાને પૂર્વાશ્રમપ્રાપ્તિ અપ્રામાણિક છે એને માટે પ્રશ્નપૂર્વક ત્રણ હેતુ કહે છે—'શાથી? નિયમથી' ઇત્યાદિ. તેના નિયમનું વ્યાખ્યાન કરે છે—'કારણ કે 'अत्यन्तमात्मानं'" ઇત્યાદિ. 'अत्यन्तम्' એમ નૈષ્ઠિકનિયમ છે. 'अरण्यम्'—અરણ્ય એટલે એકાન્તથી ઉપલક્ષિત ઊર્ધ્વરેતસ્ત્વ—પારિવ્રાજ્ય-પ્રાપ્ત કરવું એ પદ એટલે શાસ્ત્રાર્થ છે; અરણ્ય એ જે પદ છે એટલે વાનપ્રસ્થ આશ્રમરૂપ જે પદ છે તેમાંથી એટલે તે માર્ગમાંથી પુનઃ આગમન ન કરવું, પાછા ન ફરવું, પ્રત્યવરોહ ન કરવો, એમ ઉપનિષદ્ એટલે રહસ્ય છે. અતદ્રૂપ એટલે પ્રચ્યુતિને વિષે પ્રમાણના અભાવનું વ્યાખ્યાન કરે છે—"વળી જેમ 'ब्रह्मचर्यं समाप्य'" ઇત્યાદિ. શિષ્ટાચારનો અભાવ કહે છે—'વળી એવા શિષ્ટ આચારો પણ નથી'. પતિતોનું કર્મ નિષ્ફળ છે એવો ભાવ છે. પરોક્ત અનુમાનનો અનુવાદ કરીને સ્મૃતિ સાથે વિરોધ હોવાથી તે દૂષિત છે એમ પ્રતિપાદન કરે છે—'પૂર્વકર્મને વિષે અનુષ્ઠાન કરવાની ઇચ્છાથી' ઇત્યાદિ. વળી આથી પણ અનુમાન અયુક્ત છે એમ કહે છે—'અને ન્યાય પણ છે' ઇત્યાદિ. રાગાદિને વશ થવાથી

૧ કુળ.

મપિ દ્વિજઃ । સંવત્સરમનાશ્રમી સ્થિત્વા કૃચ્છ્રમેકં ચરેત્ ॥' (દ્વિજે એક પણ દિવસ અનાશ્રમી રહેવું નહિ, સંવત્સર અનાશ્રમી રહીને તેણે એક કૃચ્છ્ર આચરવું) એવું સ્મૃતિલિંગ છે ॥ ૩૯ ॥

तद्भूतस्य तु नातद्भावो जैमिनेरपि नियमातद्रूपाभावेभ्यः ॥ ४० ॥

પણ તદ્રૂપને—જેણે તે સ્થિતિ એટલે ઊર્ધ્વરેતોભાવ પ્રાપ્ત કર્યો છે તેને—અતદ્ભાવ થતો નથી—તેમાંથી પ્રચ્યુતિ થતી નથી—જૈમિનિની પણ (એમાં સંમતિ છે), નિયમથી, અતદ્રૂપથી—પ્રત્યવરોહબોધકશ્રુતિના અભાવથી—ને અભાવથી—શિષ્ટાચારના અભાવથી ॥ ૪૦ ॥

[1]ઊર્ધ્વરેતસ્‌ને આશ્રમો છે એમ સ્થાપિત કર્યું છે. પણ તે આશ્રમોને પ્રાપ્ત થયલાની કોઈ પણ કારણથી તેમાંથી [2]પ્રચ્યુતિ છે કે નહિ એમ સંશય છે. પૂર્વ કર્મોમાં અનુષ્ઠાન કરવાની ઇચ્છાથી કે રાગાદિને વશ થઈ પ્રચ્યુત પણ થાય; કેમકે

લિંગથી આશ્રમિત્વ જ્યાયઃ—વધારે સારું—છે; કેમકે પુણ્યનો ઉપચય થયે વિદ્યાનો લાભ જલદી થાય છે, અને અનાશ્રમ નિન્દિત છે તેથી એવો ભાવ છે. આશ્રમિત્વ શ્રેષ્ઠ છે તેને સિદ્ધ સ્મૃતિનું લિંગ પણ અનુકૂળ છે એમ કહે છે—'**अनाश्रमी**' ઇત્યાદિ ॥ ૩૯ ॥

'**तद्भूतस्य तु**' ઇત્યાદિ. ઉત્તમ આશ્રમથી પૂર્વ આશ્રમમાં પ્રાપ્ત થયલા પ્રચ્યુત પુરુષને
પણ કર્મ વિદ્યાનો હેતુ થાઓ અનાશ્રમીના કર્મની પેઠે એમ પૂર્વ અધિકરણ સાથે આ અધિ-
કરણની સંગતિ છે, દૃષ્ટાન્તસંગતિથી. ઊર્ધ્વરેતસ્‌ને આરોહની પેઠે પ્રત્યવરોહ પણ કદાચિત્
થાય એમ મન્દ પુરુષોની આશંકાનું નિવારણ કરવા માટે આ અધિકરણ છે. પૂર્વ અધિકર-
ણમાં વિધુર આદિનાં કર્મોનો વિદ્યાને વિષે ઉપયોગ કહ્યો છે, એ કર્મો વિદ્યાનાં સાધન છે એમ
કહ્યું છે; તો ઊર્ધ્વરેતસ્ત્વ પ્રાપ્ત કરી ફરી ગૃહસ્થાશ્રમમાં ગયા હોય તેમનું કરેલાં આશ્રમકર્મ
વિદ્યાના ઉપયોગ માટે થાય એમાં તો કહેવુંજ શું! એ તો કૈમુતિક ન્યાયથી સિદ્ધ થાય છે
એમ પ્રત્યવસ્થાનથી પૂર્વ અધિકરણ સાથે આ અધિકરણની સંગતિ છે. ઉત્તમ આશ્રમમાંથી
પૂર્વ આશ્રમમાં પ્રાપ્ત થયલાનું કર્મ વિદ્યાહેતુ છે કે નહિ તેનો સંદેહ થયે વિદ્યાહેતુ છે એવો
પૂર્વપક્ષ છે. સિદ્ધાન્તમાં તો ઉત્તમ આશ્રમમાંથી ભ્રષ્ટ થયલાનું કર્મ વિદ્યાહેતુ નથી એવું ફલ
છે. રાગાદિ પ્રબળ છે તેથી, તેમજ પ્રચ્યુતિનો નિષેધ છે તેથી, પ્રચ્યુતિ પ્રામાણિક છે કે નહિ
તેનો સંશય છે. 'કોઈ પણ કારણથી' = રાગાદિના [3]ઉદ્રેકથી. પૂર્વપક્ષ કહે છે—'પૂર્વ
કર્મોમાં' ઇત્યાદિ. પૂર્વાશ્રમમાં કહેલો યાગાદિધર્મ સુખે અનુષ્ઠાન કરવો શક્ય છે, માટે તે
કરવાની ઇચ્છાથી, રાગદ્વેષને વશ થઈ પ્રત્યવરોહ પણ પ્રામાણિક છે. તેથી એમ અનાશ્રમીનું

---

૧ જુઓ પૃ૦ ૪૩૨ ટિપ્પણ ૧. ૨ ભ્રંશ. ૩ આધિક્યથી.

નૈષ્ઠિકને થવું યુક્ત નથી. શું કારણ છે? 'आरूढो नैष्ठिकं धर्मं यस्तु प्रच्यवते पुनः। प्रायश्चित्तं न पश्यामि येन शुध्येत् स आत्महा ॥' (નૈષ્ઠિક ધર્મમાં આરૂઢ થઈ જે પાછો તેમાંથી ભ્રષ્ટ થાય છે, તે આત્મઘાતી જે વડે શુદ્ધ થાય તે પ્રાયશ્ચિત્ત હું જોતો નથી) એમ સ્મૃતિમાં એવું પતન કહ્યું છે કે જેનું પ્રતિસમાધાન નથી તેથી માથું કપાયું હોય તેની પેઠે પ્રતિક્રિયા અનુપપન્ન છે. ઉપકુર્વાણનું એવું પતન સ્મૃતિ કહેતી નથી તેથી તે પ્રાયશ્ચિત્ત ઉપપન્ન થાય છે ॥ ૪૧ ॥

उपपूर्वमपि त्वेके भावमशनवत्तदुक्तम् ॥ ४२ ॥

પણ કેટલાક (આચાર્યો) એને ઉપપદપૂર્વક પાતક—ઉપપાતક—(માને છે), (એથી ઉપકુર્વાણની પેઠે નૈષ્ઠિકને પણ પ્રાયશ્ચિત્તનો) ભાવ (ઇચ્છે છે), [1]અશનની પેઠે, તે કહ્યું છે (પ્રમાણલક્ષણમાં) ॥ ૪૨ ॥

પણ કેટલાક આચાર્યો એ ઉપપાતકજ છે એમ માને છે. ગુરુપત્નીથી અન્યત્ર નૈષ્ઠિકનું બ્રહ્મચર્ય નષ્ટ થાય તે મહાપાતક નથી; કેમકે [2]ગુરુતલ્પ આદિ મહાપાત-

વ્યભિચારી નૈષ્ઠિકને—નથીજ; શાથી! પતનનું અનુમાન છે તેથી: 'आरूढो नैष्ठिकं कर्म' એમ જેમાંથી પાછા વળાય નહિ જેનો ઉપાય થાય નહિ એવા પતિત્વશ્રુતિનુ અનુમાન કરાવનારી એ સ્મૃતિ છે, તેથી તે વ્યભિચારી નૈષ્ઠિકને પ્રાયશ્ચિત્ત અયુક્ત છે એવો પૂર્વપક્ષસૂત્રનો અર્થ છે. બ્રહ્મચારી અવકીર્ણી વ્યભિચારી–એણે પશુહોમને અર્થે આધાન કરવું કે લૌકિક અગ્નિને વિષે પશુહોમ કરવો એમ સંદેહ થયે પૂર્વાધિકરણમાં 'यदाहवनीये जुहोति तेन स्यो़ऽस्याभीष्टः प्रीतो भवति' (જે આહવનીયમાં હોમે છે તેથી સૂર્ય એનો અભીષ્ટ, પ્રિય થાય છે) એમ આહવનીય સર્વહોમાર્થક હોવાથી આહવનીયમાં ઉપનયનહોમ કરવા એમ પૂર્વપક્ષ થયે, 'जातपुत्रोऽग्नीनादधीत' (જેને પુત્ર જન્મ્યો છે તેણે અગ્નિનુ આધાન કરવું) એમ જેણે દારસંગ્રહ કર્યો છે તેને અગ્ન્યાધાનનું વિધાન કર્યું છે અને ઉપનયનકાળમાં દારસંગ્રહ નથી તેથી આધાન અપ્રાપ્તકાળ છે, માટે આહવનીય નથી. આ કારણથી લૌકિક અગ્નિને વિષે ઉપનયનહોમ કરવો એમ સિદ્ધાન્ત કર્યો છે. બ્રહ્મચારી જે સ્ત્રીથી અવકીર્ણી–વ્યભિચારી થાય છે તેજ તેની ભાર્યા થશે તેથી તેને અગ્ન્યાધાન સિદ્ધિ થશે એવી અલીક આશંકાનુ નિરાકરણ કરવા અતિદેશ અધિકરણ—अवकीर्णिपशुश्च–એ છે. જેમ ઉપનયનકાળે લૌકિક અગ્નિને વિષે હોમ છે, તેમ અવકીર્ણીનો–વ્યભિચારીનો પશુ તેમાંજ–લૌકિક અગ્નિમાંજ હોમવો; કારણ કે આધાન એ પત્નીપરિગ્રહ પછીના કાળમાં વિહિત છે તેથી તે કાળની પૂર્વે તેની પ્રાપ્તિ નથી; અને પત્ની સિવાયની બીજી સ્ત્રી પરપરિગ્રહ હોવાથી તેને ભાર્યા કલ્પી આધાન કરવામાં પ્રમાણ નથી એવો અર્થ છે ॥ ૪૧ ॥

'उपपूर्वम्'—ઉપ એ પદ છે પૂર્વે જે પાતક તે તે, અર્થાત્, ઉપપાતક. 'प्रायश्चित्तं न पश्यामि' એ પ્રાયશ્ચિત્તનો દર્શનાભાવ પ્રતિપાદન કરનારી સ્મૃતિ પ્રાયશ્ચિત્તનો અભાવ

૧ ભોજન. ૨ ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર: 'તલ્પ' = શય્યા.

વળી રાગાદિને વશ થવાથી પ્રવૃત્તિ થતી નથી; કેમકે નિયમશાસ્ત્ર વિશેષ બળવાન છે. 'જૈમિનેરપિ' (જૈમિનિની પણ) એમ અપિ (પણ) શબ્દથી આ સિદ્ધાન્તમાં પ્રતિપત્તિ દૃઢ કરવાને જૈમિનિ ને બાદરાયણની સંપ્રતિપત્તિનો ઉપદેશ કરે છે. [illegible]

न चाधिकारिकमपि पतनानुमानात्तदयोगात् ॥ ४१ ॥

અધિકારલક્ષણમાં નિર્ણીત કરેલું (પ્રાયશ્ચિત્ત પણ નૈષ્ઠિકને વિષે થવું યુક્ત નથી, પતનશ્રુતિનું અનુમાન છે તેથી) તે પ્રાયશ્ચિત્ત અયુક્ત છે તેથી ॥ ૪૧ ॥

જો નૈષ્ઠિક બ્રહ્મચારી પ્રમાદથી વ્યભિચાર કરે તો તેનું 'ब्रह्मचार्यवकीर्णी नैर्ऋतं गर्दभमालभेत' (વ્યભિચારી થયેલા બ્રહ્મચારીએ નિર્ઋતિને અર્થે ગર્દભની હિંસા કરવી) આ પ્રાયશ્ચિત્ત થાય કે નહિ એમ. ન થાય એમ કહે છે. અધિકારલક્ષણમાં 'अवकीर्णिपशुश्च तद्वदाधानस्याप्राप्तकालत्वात्' [જૈમિ૦સૂ૦ ૬।૮।૨૨] (વ્યભિચારીનો પશુ પણ તેની પેઠે-ઉપનયનહોમની પેઠે લૌકિક અગ્નિને વિષે હોમવો; આધાનકાળ અપ્રાપ્ત કાળ છે તેથી) એમ જે પ્રાયશ્ચિત્ત નિર્ણીત કર્યું છે તે [illegible] [illegible] થાય છે એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'વળી રાગાદિને વશ થવાથી' [illegible] 'मत्तो न पुनर्भवात्' એ 'નિયમશાસ્ત્ર' છે ॥ ૪૦ ॥

[illegible] છે એમ કહ્યું છે; હવે પ્રમાદથી પ્રતિજ્ઞાભંગ થાય ત્યારે પ્રાયશ્ચિત્ત [illegible] છે—'न चाधिकारिकमपि'. [illegible] પ્રાયશ્ચિત્ત [illegible] નથી એવી સ્મૃતિ છે તેથી [illegible] એ કહ્યું નથી તેથી [illegible] પ્રાયશ્ચિત્ત નથી [illegible] છે એમ કહ્યું છે તેમ પ્રાયશ્ચિત્ત પણ [illegible] —ન થાય એમ કહે છે'. [illegible] પ્રાયશ્ચિત્ત [illegible] કર્યું છે તે [illegible] થાય છે એવું સિદ્ધાન્તમાં [illegible] ઉપનયનકાળે [illegible] લૌકિક અગ્નિને [illegible] છે તે [illegible] વ્યભિચારી બ્રહ્મચારીનો [illegible] નિર્ણીત કર્યું છે [illegible] બ્રહ્મચારીને છે, નૈષ્ઠિકને નથી એમ પૂર્વપક્ષ છે. [illegible]

[illegible]

[illegible]

શીય પ્રતિપત્તિજ અધિક બળવાન્ છે; કેમકે ધર્માદિજ્ઞાન શાસ્ત્રનિમિત્ત છે) એમ. એમ થયે પ્રાયશ્ચિત્તનો અભાવ કહેનારી સ્મૃતિનું તો (નૈષ્ઠિકને વિષે) યત્નગૌરવ ઉત્પન્ન કરવાને અર્થે છે એમ વ્યાખ્યાન કરવું. એ પ્રમાણે 'वानप्रस्थो दीक्षाभेदे कृच्छ्रं द्वादशरात्रं चरित्वा महाकक्षं वर्धयेत्' (વાનપ્રસ્થે વ્રતનો લોપ થયે દ્વાદશ રાત્રી પ્રાજાપત્ય આચરીને બહુ તૃણ ને કાષ્ઠવાળા પ્રદેશની જળદાન આદિથી વૃદ્ધિ કરવી), 'भिक्षुर्वानप्रस्थवत् सोमवल्लीवर्जं स्वशास्त्रसंस्कारश्च' (ભિક્ષુએ વાનપ્રસ્થની પેઠે સોમલતાને વર્જીને બહુ તૃણ ને કાષ્ઠવાળા પ્રદેશની જળદાન આદિથી વૃદ્ધિ કરવી; અને સ્વશાસ્ત્રવિહિત સંસ્કાર-ધ્યાન, પ્રાણાયામ આદિ પણ કરવા) એ આદિ ભિક્ષુ અને વૈખાનસને વિષે પ્રાયશ્ચિત્તની સ્મૃતિનું અનુસ્મરણ કરવું ॥ ૪૨ ॥

કે શાસ્ત્રસ્થ શબ્દોની પ્રસિદ્ધિજ પ્રબળ છે; કેમકે શબ્દાર્થતત્ત્વરક્ષણનું કારણ શાસ્ત્રસ્થ પુરુષજ છે એમ પૂર્વમીમાંસામાં સિદ્ધાન્ત કર્યો છે. સ્મૃતિની ગતિ કહે છે—'એમ થયે પ્રાયશ્ચિત્તનો અભાવ કહેનારી' ઇત્યાદિ. બ્રહ્મચર્યની રક્ષાને અર્થે અધિક યત્ન કરવો એમ જ્ઞાપન કરવા પ્રાયશ્ચિત્ત સ્પષ્ટ છે પણ હું જોતો નથી એમ ભગવાન્ અત્રિએ કહ્યું છે એવો અર્થ છે. 'એમ થયે' = સામાન્યશ્રુતિથી પ્રાયશ્ચિત્તસત્ત્વ નિશ્ચિત થયે સતે. જો કોઈક નૈષ્ઠિકનું બ્રહ્મચર્ય લુપ્ત થાય તો પ્રાયશ્ચિત્ત દેખાતું નથી, તેથી નૈષ્ઠિકે બ્રહ્મચર્યને વિષે યત્નવાન્ થવું એમ તેણે અપ્રમાદે સર્વદા યત્ન કરવો એમ યત્નને વિષે ગૌરવ ઉત્પન્ન કરવા માટે પ્રાયશ્ચિત્તાભાવસ્મૃતિ છે. નૈષ્ઠિકની પેઠે યતિ ને વાનપ્રસ્થને પણ પ્રમાદથી બ્રહ્મચર્યનો ભંગ થયે પ્રાયશ્ચિત્ત છે એમ કહે છે—"એ પ્રમાણે 'वानप्रस्थो'" ઇત્યાદિ. 'कृच्छ्रम्' = પ્રાજાપત્ય. 'महाकक्षम्'—બહુ તૃણકાષ્ઠ પ્રદેશ, તેની જળદાન આદિથી વૃદ્ધિ કરવી. કૃચ્છ્ર કેવું આચરવું તે કહે છે—'द्वादशरात्रम्' = ત્રણ દિવસ એકવાર ભોજન કરવું, ત્રણ દિવસ રાત્રીભોજન કરવું, ત્રણ દિવસ અયાચિત ભોજન કરવું, અને ત્રણ દિવસ ઉપવાસ કરવો. યતિએ તો સોમવલ્લી વર્જીને બહુ તૃણકાષ્ઠ પ્રદેશની વૃદ્ધિ કરવી. 'सर्वपापप्रसक्तोऽपि ध्यायन्निमिषमच्युतम्। भूयस्तपस्वी भवति पङ्क्तिपावन एव च ॥ मनोवाक्कायजान् दोषान् ज्ञानोत्थांश्च प्रमादजान्। सर्वान् दहति योगाग्निस्तूलराशिमिवानलः ॥ उपपातकसङ्घेषु पातकेषु महत्सु च। प्रविश्य रजनीपादं ब्रह्मध्यानं समाचरेत् ॥ नित्यमेव तु कुर्वीत प्राणायामांस्तु षोडश। अपि भ्रूणहनं मासात् पुनन्त्यहरहः कृताः ॥' (સર્વ પાપમાં પ્રસક્ત થયો હોય તોપણ તપસ્વી નિમિષમાત્ર અચ્યુતનું ધ્યાન ધરે તો પાછો [1]પંક્તિપાવન થાય છેજ. મન, વાણી, ને કાયાથી ઉત્પન્ન થએલા દોષો, અને જ્ઞાન ને પ્રમાદથી ઉત્પન્ન થએલા સર્વ દોષોને યોગાગ્નિ બાળી નાખે છે, જેમ અગ્નિ તૂલરાશિને ભસ્મસાત્ કરે છે તેમ. ઉપપાતકોમાં ને મોટાં પાતકોમાં રજનીનો ચોથો ભાગ બ્રહ્મધ્યાન સમાચરવું. નિત્ય સોળ પ્રાણાયામ કરવા. હરરોજ કરેલા પ્રાણાયામ માસમાં [2]ભ્રૂણહત્યા કરનારને પણ પાવન કરે છે) ઇત્યાદિ સ્વશાસ્ત્રવિહિત—યતિધર્મપ્રતિપાદક શાસ્ત્રમાં વિહિત કરેલો ધ્યાન, પ્રાણાયામ આદિ સંસ્કાર પણ ભિક્ષુએ કરવો એવો અર્થ છે ॥ ૪૨ ॥

---

૧ અગ્રભોજી, પવિત્ર ૨ ગર્ભહત્યા.

કોમાં તેની પરિગણના નથી. તેટલા માટે ઉપકુર્વાણની પેઠે નૈષ્ઠિકને પણ પ્રાયશ્ચિત્તનો ભાવ ઇચ્છે છે; કેમકે બ્રહ્મચારિત્વ ને અવકીર્ણિત્વનો વિશેષ નથી—બંને મળ્યા બ્રહ્મચારી ને વ્યભિચારી છે. અશનની પેઠે. જેમ બ્રહ્મચારીને મધુ માંસના અશનથી વ્રતનો લોપ થાય છે, પણ પુનઃ સંસ્કાર થાય એ પ્રમાણે એમ. બીજાઓ, જેઓ પ્રાયશ્ચિત્તનો અભાવ ઇચ્છે છે તેમનું-તેમના મતનું મૂળ ઉપલબ્ધ થતું નથી; પણ જેઓ (પ્રાયશ્ચિત્તનો) ભાવ ઇચ્છે છે તેમને 'ब्रह्मचार्यवकीर्णी' એ અવિશિષ્ટ શ્રુતિ મૂળ છે. તેટલા માટે ભાવ વિશેષ યુક્ત છે. તે પ્રમાણલક્ષણમાં કહ્યું છે—'समा विप्रतिपत्तिः स्यात्' [જૈમિ૦મૂ૦ ૧।૩।૮] 'शास्त्रस्था वा तन्निमित्तत्वात्' [જૈમિ૦મૂ૦ ૧।૩।૯.] (આર્યોના યવશબ્દનો દીર્ઘશૂકના અર્થમાં પ્રયોગ સ્વીકારેલા ને મ્લેચ્છોના પ્રિયંગુના અર્થમાં—તેને વિષે લોકવ્યવહારથી શબ્દાર્થ નક્કી કરીએ તો બંને લોકની પ્રસિદ્ધિ સમાન બળવાળી હોવાથી તુલ્ય વિપ્રતિપત્તિ—વિશિષ્ટ [illegible] થાય, બંને અર્થો વિકલ્પે સ્વીકાર્ય થાય એમ પ્રાપ્ત થયે કહે છે કે શા-

[illegible] એમ કહીને તેની મૂળભૂત શ્રુતિની કલ્પના કરવા પહેલાંજ કહેલી [illegible] [illegible] સિદ્ધ થાય છે તેથી કલ્પના ઉદય પામતી નથી; કેમકે શ્રુ[illegible] [illegible] એવો ભાવ છે. [illegible] પ્રાયશ્ચિત્તનો નિષેધ કરે છે [illegible] ફરી તદર્થક શ્રુતિનું અનુમાન કરાય છે તે પહેલાં તો અવિરોધયુક્ત શ્રુતિ (ब्रह्मचार्यवकीर्णी) [illegible] કરાવે છે, તેથી સ્મૃતિથી પ્રાયશ્ચિત્તના અભાવની [illegible] [illegible] એવો ભાવ છે. સિદ્ધાન્તનો અભિપ્રાય આ પ્રમાણે છે—'प्रायश्चित्तं न पश्यामि' [illegible] એ શ્રુતિ કરવા સ્વભાવેજ દુર્લભ છે. 'ब्रह्मचार्यवकीर्णी नैर्ऋतं गर्दभं पशुमालभेत' એ શ્રુતિ છે. વળી સ્મૃતિમાં સાક્ષાત્ પ્રાયશ્ચિત્તનો અભાવ કહ્યો નથી, પણ 'न पश्यामि' એમ કહ્યું છે તેથી અભાવ સમ્ભવનીય છે. એટલા માટે [illegible] શ્રુતિના અનુમાનને માટે સ્મૃતિથી પ્રાયશ્ચિત્તનો અભાવ સમ્ભવનીય નથી, પણ શ્રુતિને [illegible] એવો અર્થ અંગેજ સમ્ભવનીય છે, તે ઉત્તર અધિકરણમાં સ્પષ્ટ થશે. [illegible] [illegible] ને [illegible] છે, તોપણ ભાવપ્રસિદ્ધિ શ્રુતિમૂલક [illegible] [illegible] તે પ્રમાણે લક્ષણમાં કહ્યું છે.' 'यवमयश्चरुर्भवति' [illegible] [illegible] યવશબ્દ [illegible] દીર્ઘશૂકના અર્થમાં પ્રયોગ છે ને [illegible] [illegible] [illegible] 'यवमयश्चरुः' [illegible] [illegible] 'यत्रान्या ओषधयो म्लायन्तेऽथैते मोदमाना इवोत्तिष्ठन्ति' [illegible] 'वसन्ते सर्वसस्यानां जायते पत्रशातनम्' [illegible]

[illegible]

* [illegible]

શ્રીય પ્રતિપત્તિજ અધિક બળવાન્ છે; કેમકે ધર્માદિજ્ઞાન શાસ્ત્રનિમિત્ત છે) એમ. એમ થયે પ્રાયશ્ચિત્તનો અભાવ કહેનારી સ્મૃતિનું તો (નૈષ્ઠિકને વિષે) યત્નગૌરવ ઉત્પન્ન કરવાને અર્થે છે એમ વ્યાખ્યાન કરવું. એ પ્રમાણે 'वानप्रस्थो दीक्षाभेदे कृच्छ्रं द्वादशरात्रं चरित्वा महाकक्षं वर्धयेत्' (વાનપ્રસ્થે વ્રતનો લોપ થયે દ્વાદશ રાત્રી પ્રાજાપત્ય આચરીને બહુ તૃણ ને કાંટાવાળા પ્રદેશની જળદાન આદિથી વૃદ્ધિ કરવી), 'भिक्षुर्वानप्रस्थवत् सोमवल्लीवर्जं स्वशास्त्रसंस्कारश्च' (ભિક્ષુએ વાનપ્રસ્થની પેઠે સોમલતાને વર્જીને બહુ તૃણ ને કાંટાવાળા પ્રદેશની જળદાન આદિથી વૃદ્ધિ કરવી; અને સ્વશાસ્ત્રવિહિત સંસ્કાર-ધ્યાન, પ્રાણાયામ આદિ પણ કરવા) એ આદિ ભિક્ષુ અને વૈખાનસને વિષે પ્રાયશ્ચિત્તની સ્મૃતિનું અનુસ્મરણ કરવું ॥ ૪૨ ॥

[illegible] પ્રસિદ્ધિજ પ્રબળ છે; કેમકે શબ્દાર્થતત્ત્વસ્ફુરણનું કારણ [illegible] એમ પૂર્વપક્ષ [illegible] સિદ્ધાન્ત કર્યો છે. સ્મૃતિની ગતિ કહે છે—'એમ થયે પ્રાયશ્ચિત્તનો અભાવ કહેનારી' ઇત્યાદિ [illegible] છે. 'એમ થયે' = [illegible] ઉપપન્ન થાય છે, [illegible] 'એ પ્રમાણે 'वानप्रस्थो'' ઇત્યાદિ. 'कृच्छ्रम्' = પ્રાજાપત્ય. 'महाकक्षम्' [illegible] કરવી [illegible] છે—'द्वादशरात्रम्' = ત્રણ દિવસ સવારે ભોજન કરવું, ત્રણ દિવસ રાત્રે ભોજન કરવું, [illegible] ભોજન કરવું, અને ત્રણ દિવસ ઉપવાસ કરવો [illegible] પ્રદેશની વૃદ્ધિ કરવી. 'सर्वपापप्रसक्तोऽपि ध्यायन्निमिषमच्युतम् । भूयस्तपस्वी भवति पङ्क्तिपावनपावनः ॥ मनोवाक्कायजान् दोषान् प्राणायामैर्दहेद् द्विजः । [illegible] ॥ [illegible] ॥ [illegible] ॥' ([illegible])

बहिस्तूभयथापि स्मृतेराचाराच्च ॥ ४३ ॥

(ઊર્ધ્વરેતસની આશ્રમથી પ્રચ્યુતિ મહાપાતક થાઓ કે ઉપપાતક થાઓ) પણ બંને રીતે પણ (તેમણે પ્રાયશ્ચિત્ત કર્યું હોય તોપણ તેઓ શિષ્ટોથી) બહિષ્કાર્ય છે, સ્મૃતિથી અને આચારથી ॥ ૪૩ ॥

જો ઊર્ધ્વરેતસની પોતાના આશ્રમમાંથી પ્રચ્યુતિ મહાપાતક હોય કે ઉપપાતક હોય, પણ બંને પ્રકારે પણ શિષ્ટોએ તેમને બહિષ્કાર કરવા યુક્ત છે; કેમકે 'आरूढो नैष्ठिकं धर्मं यस्तु प्रच्यवते पुनः । प्रायश्चित्तं न पश्यामि येन शुध्येत् स आत्महा ॥' (જે નૈષ્ઠિક ધર્મમાં આરૂઢ થઈ પુનઃ ભ્રષ્ટ થાય છે, તે આત્મઘાતી પુરુષ જે વડે શુદ્ધ થાય એવું પ્રાયશ્ચિત્ત હું જોતો નથી), 'आरूढपतितं विप्रं मण्डलाच्च विनिःसृतम् । उद्बद्धं कृमिदष्टं च स्पृष्ट्वा चान्द्रायणं चरेत् ॥' (આશ્રમમાં આરૂઢ થઈ જે તેમાંથી પતિત થયો હોય એવાને કે મંડળમાંથી નીકળી ગયલાને, 'ઉદ્બન્ધન કીધેલાને કે કૃમિએ જેને દંશ કર્યો છે એવા વિપ્રને સ્પર્શ કરીને ચાન્દ્રાયણ આચરવું)

જેમણે પ્રાયશ્ચિત્ત કર્યું હોય તેમની સાથે કરેલું શ્રવણ આદિ જ્ઞાનસાધન છે કે નહિ એમ સંદેહ થયે તેઓ શુદ્ધ થયા છે, માટે જ્ઞાનસાધન છે એમ પ્રાપ્ત થયે, પ્રાયશ્ચિત્તથી તેઓ પરલોકમાં શુદ્ધ થયા છે તોપણ અહિં તેમની શુદ્ધિ નથી તેથી તેમની સાથે કરેલું શ્રવણ આદિ જ્ઞાનસાધન નથી એમ સિદ્ધાન્ત કરે છે—'જો ઊર્ધ્વરેતસની' ઇત્યાદિ. નિષિદ્ધ કર્મના અનુષ્ઠાનથી જન્ય થયલું પાપ બને લોકમાં અશુદ્ધિ ઉત્પન્ન કરે છે. કેટલાંક પાપથી થયલી અશુદ્ધિ પ્રાયશ્ચિત્ત કરવાથી બંને લોકમાં દૂર થાય છે; ને કેટલાંક પાપથી થયેલી પરલોકમાંનીજ અશુદ્ધિ પ્રાયશ્ચિત્ત વડે દૂર થાય છે, આ લોકની તો અશુદ્ધિ દૂર થતી નથીજ, જેમ સ્ત્રીઘાતીની ને બાલઘાતીની પારલૌકિક અશુદ્ધિ દૂર થાય છે, પણ ઐહિક અશુદ્ધિ દૂર થતી નથી. કહ્યું છે કે—'बालघ्नांश्च कृतघ्नांश्च विशुद्धानपि धर्मतः । शरणागतहन्तॄंश्च स्त्रीहन्तॄंश्च न संवसेत् ॥' (બાલઘાતી ને કૃતઘ્નો, ધર્મથી વિશુદ્ધ થયા હોય તોપણ તેમની સાથે ને શરણાગતના ઘાતકો ને સ્ત્રીઘાતકો સાથે સંવાદ ન કરવો) એવી સ્મૃતિ છે. તેમજ અહિં 'आरूढो नैष्ठिकं धर्मम्' ઇત્યાદિ સ્મૃતિઓથી અને આચારથી, પારલૌકિક અશુદ્ધિ દૂર થઈ હોય તોપણ, તે અવ્યવહાર્ય છે એમ સમજાય છે તેથી તેમની સાથે વ્યવહાર આચાર વિચારનું અંગ નથી. સિદ્ધાન્તનો અભિપ્રાય આ પ્રમાણે છે—પાપોની બે શક્તિ છે: એક આ લોકમાં અશુદ્ધિ કરનારી ને બીજી પરલોકમાં અશુદ્ધિ કરનારી. તેમાં પ્રાયશ્ચિત્તથી પરલોકની અશુદ્ધિ નિવૃત્ત થયે નરકાદિકમાં ગતિ નથી. પણ ઐહિક અશુદ્ધિ નિવૃત્ત થઈ તો તેમની સાથે વ્યવહાર થાય છે. તેમાં 'आरूढपतितम्' ઇત્યાદિ વચન છે તેથી તેમજ 'नैष्ठिकानां वनस्थानां यतीनां ब्रह्मचारिणाम् । शुद्धानामपि लोकेऽस्मिन् प्रत्यवायो भवेत् किल ॥' (નૈષ્ઠિકો, વાનપ્રસ્થો, અને યતિઓ બ્રહ્મચારીઓ શુદ્ધ થયા હોય તોપણ [illegible]

૧ [illegible]

ઇત્યાદિ અતિશય નિન્દા કરનારી સ્મૃતિઓ છે, અને શિષ્ટોનો આચાર છે; કારણ કે શિષ્ટો તેઓ સાથે યજ્ઞ, અધ્યયન, વિવાહ આદિ આચરતા નથી ॥ ૪૩ ॥

स्वामिनः फलश्रुतेरित्यात्रेयः ॥ ४४ ॥

સ્વામીને ફળની શ્રુતિ છે (ઉપાસનાનું કર્તૃત્વ છે) એમ આત્રેય (માને છે) ॥ ૪૪ ॥

અંગોને વિષે ઉપાસનામાં સંશય છે કે શું તે યજમાનનાં કર્મો છે કે ઋત્વિક્નાં કર્મો છે એમ. ત્યારે શું પ્રાપ્ત થાય છે? યજમાનનાં કર્મો છે એમ. શાથી? ફળની શ્રુતિ છે તેથી; કારણ કે 'वर्षति हास्मै वर्षयति ह य एतदेवं विद्वान् वृष्टौ पञ्चविधं सामोपास्ते' [છાન્દો૦ ૨।૩।૨] (જે એ એ પ્રમાણે જાણીને વૃષ્ટિને વિષે પંચવિધ સામની ઉપાસના કરે છે એને માટે ઇચ્છા પ્રમાણે વર્ષે છે અને વૃષ્ટિ ન હોય તોએ

આ લોકમાં તેમની પ્રતાપત્તિ નથી) એ વચનથી ઐહિક અશુદ્ધિ નિવૃત્ત થતી નથી એમ સમન્વય છે. તેને અનુસારે 'प्रायश्चित्तं न पश्यामि' એ વચનનું પણ ઐહિક શુદ્ધિ કરનારું પ્રાયશ્ચિત્ત નથી એવું તાત્પર્ય છે એમ સમજવું ॥ ૪૩ ॥

स्वामिनः फलश्रुतेः—અંગાશ્રિત ઉપાસનાઓના યજમાન ને ઋત્વિક્ એ બંને કર્તાઓ હોવાનો સંભવ છે તેથી સંશય થાય છે. જેણે પ્રાયશ્ચિત્ત કીધું છે તે સંવ્યવહાર્ય છે એ ઉત્સર્ગનો, 'आरूढपतितं विप्रम्[1]' ઇત્યાદિ અતિશય નિન્દા પ્રતિપાદન કરનારી સ્મૃતિથી, નૈષ્ઠિક આદિને વિષે બાધ છે. તે પ્રમાણે જે અંગ ઉપાસનાઓનો કર્તા છે તે અંગાશ્રિત ઉપાસનાઓનો કર્તા છે એ ઉત્સર્ગનો, કર્તાને ફળની શ્રુતિ છે તેથી, બાધ છે એમ પૂર્વપક્ષ કહે છે— 'ત્યારે શું પ્રાપ્ત થાય છે' ઇત્યાદિ. કર્તૃત્વ ને ભોક્તૃત્વ એકનેજ છે એવું પૂર્વપક્ષનું ફળ છે: સિદ્ધાન્તમાં તો એવું ફળ છે કે અંગાશ્રિત, ઋત્વિક્કર્તૃક પણ ઉપાસનાઓ યજમાનગામિ-સ્વતન્ત્ર ફળવાળી છે, તો સ્વનિષ્ઠ બ્રહ્મવિદ્યાનું તો સ્વતન્ત્ર ફળ છે એમાં કહેવુંજ શું! એમ ફળનો વિવેક કરવો, એટલે પાદની સંગતિ પણ છે. 'वर्षति हास्मै' = હિંકાર, પ્રસ્તાવ, ઉદ્ગીથ, પ્રતિહાર, ને નિધન એ પાંચ પ્રકારનું સામ છે. વૃષ્ટિને વિષે પાંચ પ્રકારના સામની ઉપાસના કરવી; તેમાં પુરોવાત—વૃષ્ટિ પૂર્વે જે વાત આવે છે તે—હિંકાર છે. કેમકે પુરોવાતથી ઉદ્ગ્રહણપર્યન્ત વૃષ્ટિ છે; જેમ સામ હિંકાર આદિથી નિધનપર્યન્ત છે. આ પ્રમાણે પુરોવાત વૃષ્ટિમાં પ્રથમ હોવાથી સામમાં પ્રથમ હિંકાર છે તે તરીકે તેનું ધ્યાન ધરવું. મેઘ ઉત્પન્ન થાય છે એ પ્રસ્તાવ છે. ચોમાસામાં મેઘ ઉત્પન્ન કરવામાં વૃષ્ટિનો પ્રસ્તાવ છે એમ પ્રસિદ્ધ છે. વર્ષે છે એ ઉદ્ગીથ છે, શ્રેષ્ઠ છે તેથી; વીજળી થાય છે, ગર્જના થાય છે તે પ્રતિહાર છે; કેમકે તે વિપ્રકીર્ણ થાય છે; જળ ઊંચું થઈ લે છે—વરસતો બંધ થઈ જાય છે એ નિધન છે. એમ પાંચ પ્રકારના સામને વિષે વૃષ્ટિધ્યાતાને વૃષ્ટિની સમૃદ્ધિ એ ફળ થાય છે એમ શ્રુતિનો અર્થ છે. આ શ્રુતિનું ફળ ઋત્વિક્સ્વામી કેમ ન થાય તેને માટે કહે છે—

૧ પાપથી નિવૃત્તિ, શુદ્ધિ.

વરસાવે છે) ઇત્યાદિ ફળ શ્રુતિમાં છે. તે ફળ સ્વામીને પ્રાપ્ત થાય એ ન્યાય્ય છે; કેમકે તેનો સાંગ પ્રયોગમાં અધિકાર છે; અને એ જાતની ઉપાસના અધિકૃતનો અધિકાર છે. વળી ઉપાસનાના કરનારને વિષે શ્રુતિ ફળ કહે છે—'वर्षत्यस्मै य उपास्ते' (જે ઉપાસે છે તેને માટે વરસે છે) ઇત્યાદિ. પણ ઋત્વિક્નું પણ ફળ દેખાય છે—'आत्मने वा यजमानाय वा यं कामं कामयते तमागायति' [બૃહ૦૧।૩।૨૮] (પોતાને માટે કે યજમાનને માટે જે કામની—મનોરથની તે ઉદ્ગાતા ઇચ્છા કરે છે તે આગાનથી સાધે છે) એમ. ના; કેમકે તે વાચનિક છે. તેટલા માટે ફળવાળી ઉપાસનાઓમાં સ્વામીજ કર્તા છે એમ આત્રેય માને છે ॥ ૪૪ ॥

आर्त्विज्यमित्यौडुलोमिस्तस्मै हि परिक्रीयते ॥ ४५ ॥

(ઉપાસના એ) ઋત્વિક્કર્મ છે એમ ઔડુલોમિ (માને છે); કેમકે તે સાંગ કર્મને માટે (યજમાનથી ઋત્વિક્નું) પરિક્રયણ થાય છે ॥ ૪૫ ॥

ઉપાસનાઓ સ્વામીનાં કર્મ છે એમ નથી. એ ઋત્વિક્નાં કર્મ છે એમ ઔડુલોમિ આચાર્ય માને છે. શું કારણ છે? કારણ કે તે સાંગ કર્મને માટે યજમાને ઋત્વિક્નું પરિક્રયણ કર્યું છે; અને ઉદ્ગીથાદિની ઉપાસનાઓ તેના પ્રયોગની અંદર આવે છે; કારણ કે તે અધિકૃતનો અધિકાર છે. તેટલા માટે ગોદોહન આદિ નિયમની પેઠેજ ઋત્વિકે તે કરવી જોઇએ. તેવીજ રીતે 'तं ह बको दाल्भ्यो विदांचकार

'તે ફળ સ્વામીને પ્રાપ્ત થાય એ ન્યાય્ય છે'. જેમ સાંગ ક્રતુને વિષે અધિકૃતને અધિકાર હોવાથી ગોદોહનનું ફળ ક્રતુના અધિકારીને મળે છે; તેમ અંગોપાસનાનું ફળ તેનેજ-યજમાનનેજ છે એવો અર્થ છે. ભલે તેનું ફળ તેને મળે; પણ કર્તા અન્ય કેમ ન થાય તેને વિષે કહે છે—'વળી ઉપાસનાના કરનારને વિષે' ઇત્યાદિ. યજમાનગામી ફળ છે એમ જે કહ્યું તેના અપવાદની શંકા કરે છે—'પણ ઋત્વિક્નું ફળ દેખાય છે'. 'आगायति' = ઉદ્ગાનથી સાધે છે એવો અર્થ છે. યજમાનને ફળ મળે છે એ ઉત્સર્ગ, બાધકવચનને અભાવે, સિદ્ધ છે એવો સમાધાનનો અર્થ છે. 'તેટલા માટે' ફળનો ભોક્તા છે માટે ॥ ૪૪ ॥

અંગોપાસનાનો કર્તા યજમાન છે, માટે તેનું ફળ સ્વતન્ત્ર નથી એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—'आर्त्विज्यमित्यौडुलोमिः'. 'તે સાંગ કર્મને માટે' ઇત્યાદિ. યજમાને સ્વગામી ફળને માટે-પોતાને ફળ મળે માટે દક્ષિણાદાનથી ઋત્વિક્નું પરિક્રયણ કર્યું છે. પણ સાંગ કર્મને માટે પરિક્રયણ કર્યું છે તોપણ ધ્યાનને માટે પરિક્રયણ કર્યું નથી તો ઉપાસના એ ઋત્વિક્નું કર્મ શી રીતે એ વિષે કહે છે—'ઉદ્ગીથ આદિની ઉપાસનાઓ' ઇત્યાદિ. 'तं ह बको' ઇત્યાદિ. તે ઉદ્ગીથાખ્ય પ્રણવનું પ્રાણદૃષ્ટિથી ધ્યાન કર્યું અને ધ્યાન ધરીને નૈમિશીય સત્રીઓનો ઉદ્ગાતા થયો એવો અર્થ છે. યજમાને સ્વગામી ફળવાળો સાંગ પ્રયોગ કરવા માટે ઋત્વિજોનું પરિક્રયણ કર્યું છે તેથી ઋત્વિજો કર્તા છે તોપણ ફળભોક્તા નથી; કેમકે ઉત્સર્ગને બાધક નથી એમ કહ્યું છે. ક્રયણદ્વારા કર્તૃત્વ ને ભોક્તૃત્વ યજમાનને મળે છે

स ह नैमिशीयानामुद्गाता बभूव' [છાન્દો૦ ૧।૨।૧૩] (તેને—ઉદ્ગીથ નામના પ્રણવને—બક નામના દલ્ભના પુત્રે જાણ્યો અને જાણીને નૈમિશીય સત્રીઓનો તે ઉદ્ગાતા થયો) એમ મુનિ વિજ્ઞાનનો ઉદ્ગાતા કર્તા છે એમ દર્શાવે છે. કર્તાને આશ્રયે રહેલું ફળ શ્રુતિ કહે છે એમ જે કહ્યું છે તે એ દોષ નથી; કારણ કે વચનથી અન્યત્ર—ફળની સાથે ઋત્વિક્નો સંબન્ધ અનુપપન્ન છે; કેમકે તે-ઋત્વિક્-પરને-યજમાનને—અર્થે છે ॥ ૪૫ ॥

श्रुतेश्च ॥ ४६ ॥

અને શ્રુતિથી ॥ ૪૬ ॥

'यां वै कांचन यज्ञ ऋत्विज आशिषमाशासत इति यजमानायैव तामाशासत इति होवाच' [શત૦ બ્રા૦ ૧।૩।૧।૨૬] (યજ્ઞમાં જે કોઈ આશિષ્ ઋત્વિજો પ્રાર્થે છે તે યજમાનને માટેજ પ્રાર્થે છે એમ તે કહે છે); 'तस्मादु हैवंविदुद्गाता ब्रूयात् कं ते काममागायानि' [છાન્દો૦ ૧।૭।૮,૯] (તેટલા માટે એ પ્રમાણે જાણનાર ઉદ્ગાતાએ યજમાનને કહેવું કે કયા તારા ઇષ્ટ કામનું ઉદ્ગાન કરૂં)—એ ઋત્વિક્કર્તૃક વિજ્ઞાનનું ફળ યજમાનગામી છે એમ દર્શાવે છે. તેટલા માટે અંગોપાસના એ ઋત્વિક્નું કર્મ છે એમ સિદ્ધ થાય છે ॥ ૪૬ ॥

सहकार्यन्तरविधिः पक्षेण तृतीयं तद्वतो विध्यादिवत् ॥ ४७ ॥

અન્ય સહકારીનો વિધિ છે-વિદ્યાના સહકારી મૌનનો બાલ્ય ને પાંડિત્યની પેઠે વિધિ છે. (શ્રવણ ને મનનની અપેક્ષાએ) એ મૌન તૃતીય છે, તદ્વાન્નું-વિદ્યાવાનનું એ મૌન છે, ભેદદર્શનપ્રાપ્તિ છે તે પક્ષે, વિધ્યાદિની-પ્રધાન વિધિની પેઠે ॥ ૪૭ ॥

'तस्माद्ब्राह्मणः पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेद्बाल्यं च पाण्डित्यं च निर्विद्याथ मुनिरमौनं च मौनं च निर्विद्याथ ब्राह्मणः' [બૃહ૦ ૩।૫।૧] (તેટલા માટે [બ્રાહ્મ

એમ કર્તૃત્વ ન હોવા છતાં કર્તૃત્વનું સામાનાધિકરણ્ય ઉપપન્ન થાય છે, જેમ ભૃત્યકર્તૃક યુદ્ધ હોય છે તોપણ રાજા યુદ્ધ કરે છે ને જીતે છે એમ કહેવાય છે તેમ. પૂર્વપક્ષના બીજનો અનુવાદ કરે છે—'કર્તાને આશ્રયે રહેલું ફળ શ્રુતિ કહે છે' ઇત્યાદિ. ઉત્સર્ગે ફળ યજમાનગામી છે તોપણ વચનથી અપવાદ છે. જ્યાં એમ નથી, ત્યાં ઉત્સર્ગની સ્થિતિ છે એમ કહ્યું છે એમ કહે છે—'તે એ દોષ નથી' ઇત્યાદિ.

વળી ઉપાસનાઓનો કર્તા ઋત્વિક્ છે ને ફળ યજમાનગામી છે એ આથી પણ સિદ્ધ થાય છે—'श्रुतेश्च'.

પૂર્વ અધિકરણમાં જેમ 'यां वै कांचन यज्ञे' ઇત્યાદિ વાક્યશેષથી ઉદ્ગીથાદિના ઉપાસનનો ઋત્વિક્ કર્તા છે એમ નિર્ણય કીધો તે પ્રમાણે 'अथ ब्राह्मणः' ઇત્યાદિ [1]વિધિવિધુર વા-

[1] વિધિરહિત

વરસાવે છે) ઇત્યાદિ ફળ શ્રુતિમાં છે. તે ફળ સ્વામીને પ્રાપ્ત થાય એ ન્યાય્ય છે; કેમકે તેનો સાંગ પ્રયોગમાં અધિકાર છે; અને એ જાતની ઉપાસના અધિકૃતનો અધિકાર છે. વળી ઉપાસનાના કરનારને વિષે શ્રુતિ ફળ કહે છે—'वर्षत्यस्मै य उपास्ते' (જે ઉપાસે છે તેને માટે વરસે છે) ઇત્યાદિ. પણ ઋત્વિક્‌નું પણ ફળ દેખાય છે—'आत्मने वा यजमानाय वा यं कामं कामयते तमागायति' [બૃહ૦૧।૩।૨૮] (પોતાને માટે કે યજમાનને માટે જે કામની—મનોરથની તે ઉદ્ગાતા ઇચ્છા કરે છે તે આગાનથી સાધે છે) એમ. ના; કેમકે તે વાચનિક છે. તેટલા માટે ફળવાળી ઉપાસનાઓમાં સ્વામીજ કર્તા છે એમ આત્રેય માને છે ॥ ૪૪ ॥

आर्त्विज्यमित्यौडुलोमिस्तस्मै हि परिक्रीयते ॥ ४५ ॥

(ઉપાસના એ) ઋત્વિક્‌કર્મ છે એમ ઔડુલોમિ (માને છે); કેમકે તે સાંગ કર્મને માટે (યજમાનથી ઋત્વિક્‌નું) પરિક્રયણ થાય છે ॥ ૪૫ ॥

ઉપાસનાઓ સ્વામીનાં કર્મ છે એમ નથી. એ ઋત્વિક્‌નાં કર્મ છે એમ ઔડુલોમિ આચાર્ય માને છે. શું કારણ છે? કારણ કે તે સાંગ કર્મને માટે યજમાને ઋત્વિક્‌નું પરિક્રયણ કર્યું છે; અને ઉદ્ગીથાદિની ઉપાસનાઓ તેના પ્રયોગની અંદર આવે છે; કારણ કે તે અધિકૃતનો અધિકાર છે. તેટલા માટે ગોદોહન આદિ નિયમની પેઠેજ ઋત્વિકે તે કરવી જોઇએ. તેવીજ રીતે 'तं ह बको दाल्भ्यो विदांचकार

'તે ફળ સ્વામીને પ્રાપ્ત થાય એ ન્યાય્ય છે'. જેમ સાંગ ક્રતુને વિષે અધિકૃતને અધિકાર હોવાથી ગોદોહનનું ફળ ક્રતુના અધિકારીને મળે છે; તેમ અંગોપાસનાનું ફળ તેનેજ-યજમાનનેજ છે એવો અર્થ છે. ભલે તેનું ફળ તેને મળે; પણ કર્તા અન્ય કેમ ન થાય તેને વિષે કહે છે—'વળી ઉપાસનાના કરનારને વિષે' ઇત્યાદિ. યજમાનગામી ફળ છે એમ જે કહ્યું તેના અપવાદની શંકા કરે છે—'પણ ઋત્વિક્‌નું ફળ દેખાય છે'. 'आगायति' = ઉદ્ગાનથી સાધે છે એવો અર્થ છે. યજમાનને ફળ મળે છે એ ઉત્સર્ગ, બાધકવચનને અભાવે, સિદ્ધ છે એવો સમાધાનનો અર્થ છે. 'તેટલા માટે' ફળનો ભોક્તા છે માટે ॥ ૪૪ ॥

અંગોપાસનાનો કર્તા યજમાન છે, માટે તેનું ફળ સ્વતન્ત્ર નથી એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—'आर्त्विज्यमित्यौडुलोमिः'. 'તે સાંગ કર્મને માટે' ઇત્યાદિ. યજમાને સ્વગામી ફળને માટે-પોતાને ફળ મળે માટે દક્ષિણાદાનથી ઋત્વિક્‌નું પરિક્રયણ કર્યું છે. પણ સાંગ કર્મને માટે પરિક્રયણ કર્યું છે તોપણ ધ્યાનને માટે પરિક્રયણ કર્યું નથી તો ઉપાસના એ ઋત્વિક્‌નું કર્મ શી રીતે એ વિષે કહે છે—'ઉદ્ગીથ આદિની ઉપાસનાઓ' ઇત્યાદિ. 'तं ह बको' ઇત્યાદિ. તે ઉદ્ગીથાખ્ય પ્રણવનું પ્રાણદૃષ્ટિથી ધ્યાન ધર્યું અને ધ્યાન ધરીને નૈમિશીય સત્રીઓનો ઉદ્ગાતા થયો એવો અર્થ છે. યજમાને સ્વગામી ફળવાળો સાંગ પ્રયોગ કરવા માટે ઋત્વિજોનું પરિક્રયણ કર્યું છે તેથી ઋત્વિજો કર્તા છે તોપણ ફળભોક્તા નથી; કેમકે ઉત્સર્ગને બાધક નથી એમ કહ્યું છે. ક્રયણદ્વારા કર્તૃત્વ ને ભોક્તૃત્વ યજમાનને મળે છે

स ह नैमिशीयानामुद्गाता बभूव' [છાન્દો૦ ૧।૧૦।૧૩] (તેને—ઉદ્ગીથ નામના પ્રણવને—બક નામના દલ્ભના પુત્રે જાણ્યો અને જાણીને નૈમિશીય સત્રીઓનો તે ઉદ્ગાતા થયો) એમ શ્રુતિ વિજ્ઞાનનો ઉદ્ગાતા કર્તા છે એમ દર્શાવે છે. કર્તાને આશ્રયે રહેલું ફળ શ્રુતિ કહે છે એમ જે કહ્યું છે તે એ દોષ નથી; કારણ કે વચનથી અન્યત્ર—ફળની સાથે ઋત્વિક્નો સબન્ધ અનુપપન્ન છે; કેમકે તે-ઋત્વિક્-પરને-યજમાનને—અર્થે છે ॥ ૪૫ ॥

श्रुतेश्च ॥ ४६ ॥

અને શ્રુતિથી ॥ ૪૬ ॥

'यां वै कांचन यज्ञ ऋत्विज आशिषमाशासत इति यजमानायैव तामाशासत इति होवाच' [શત૦ બ્રા૦ ૧।૩।૧।૨૬] (યજ્ઞમાં જે કોઈ આશિષ્ ઋત્વિજો પ્રાર્થે છે તે યજમાનને માટેજ પ્રાર્થે છે એમ તે કહે છે); 'तस्मादु हैवंविदुद्गाता ब्रूयात् कं ते काममागायानि' [છાન્દો૦ ૧।૭।૮-૯] (તેટલા માટે એ પ્રમાણે જાણનાર ઉદ્ગાતાએ યજમાનને કહેવું કે કયા તારા ઇષ્ટ કામનું ઉદ્ગાન કરૂં)-એ ઋત્વિક્કર્તૃક વિજ્ઞાન-નું ફળ યજમાનગામી છે એમ દર્શાવે છે. તેટલા માટે અંગોપાસના એ ઋત્વિક્નું કર્મ છે એમ સિદ્ધ થાય છે ॥ ૪૬ ॥

सहकार्यन्तरविधिः पक्षेण तृतीयं तद्वतो विध्यादिवत् ॥ ४७ ॥

અન્ય સહકારીનો વિધિ છે-વિદ્યાના સહકારી મૌનનો બાલ્ય ને પાંડિત્યની પેઠે વિધિ છે. (શ્રવણ ને મનનની અપેક્ષાએ) એ મૌન તૃતીય છે, તદ્વાન્નું-વિદ્યાવાનનું એ મૌન છે, ભેદદર્શનપ્રાપ્તિ છે તે પક્ષે, વિધ્યાદિની-પ્રધાન વિધિની પેઠે ॥ ૪૭ ॥

'तस्माद्ब्राह्मणः पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेद्बाल्यं च पाण्डित्यं च निर्विद्याथ मुनिरमौनं च मौनं च निर्विद्याथ ब्राह्मणः' [બૃહ૦ ૩।૫।૧] (તેટલા માટે {હાલ

એમ કર્તૃત્વ ને ભોક્તૃત્વનું સામાનાધિકરણ્ય ઉપપન્ન થાય છે, જેમ બુલાકૃત યુદ્ધ હોય છે તોપણ રાજા યુદ્ધ કરે છે ને જીતે છે એમ કહેવાય છે તેમ. પૂર્વપક્ષના બીજનો અનુવાદ કરે છે—'કર્તાને આશ્રયે રહેલું ફળ શ્રુતિ કહે છે' ઇત્યાદિ. ઉત્સર્ગે ફળ યજમાનગામી છે તોપણ વચનથી અપવાદ છે; જ્યાં એમ નથી, ત્યાં ઉત્સર્ગની સ્થિતિ છે એમ કહ્યું છે એમ કહે છે—'તે એ દોષ નથી' ઇત્યાદિ.

વળી ઉપાસનાઓનો કર્તા ઋત્વિક્ છે ને ફળ યજમાનગામી છે એ શ્રુતિથી પણ સિદ્ધ થાય છે—'श्रुतेश्च'.

પૂર્વ અધિકરણમાં જેમ 'यां वै कांचन यज्ञे' ઇત્યાદિ વાક્યોથી ઉદ્ગીથાદિના ઉપાસન-નો ઋત્વિક્ કર્તા છે એમ નિર્ણય કીધો તે પ્રમાણે 'अथ ब्राह्मणः' ઇત્યાદિ વિધિવિધુર વા-

---

૧ નિશ્ચિતિ

વરસાવે છે) ઇત્યાદિ ફળ શ્રુતિમાં છે. તે ફળ સ્વામીને પ્રાપ્ત થાય એ ન્યાય્ય છે; કેમકે તેનો સાંગ પ્રયોગમાં અધિકાર છે; અને એ જાતની ઉપાસના અધિકૃતનો અધિકાર છે. વળી ઉપાસનાના કરનારને વિષે શ્રુતિ ફળ કહે છે—'वर्षत्यस्मै य उपास्ते' (જે ઉપાસે છે તેને માટે વરસે છે) ઇત્યાદિ. પણ ઋત્વિક્‌નું પણ ફળ દેખાય છે—'आत्मने वा यजमानाय वा यं कामं कामयते तमागायति' [બૃહ૦૧।૩।૨૮] (પોતાને માટે કે યજમાનને માટે જે કામની—મનોરથની તે ઉદ્‌ગાતા ઇચ્છા કરે છે તે આગાનથી સાધે છે) એમ. ના; કેમકે તે વાચનિક છે. તેટલા માટે ફળવાળી ઉપાસનાઓમાં સ્વામીજ કર્તા છે એમ આત્રેય માને છે ॥ ૪૪ ॥

- -

आर्त्विज्यमित्यौडुलोमिस्तस्मै हि परिक्रीयते ॥ ४५ ॥

(ઉપાસના એ) ઋત્વિક્‌કર્મ છે એમ ઔડુલોમિ (માને છે); કેમકે તે સાંગ કર્મને માટે (યજમાનથી ઋત્વિક્‌નું) પરિક્રયણ થાય છે ॥ ૪૫ ॥

ઉપાસનાઓ સ્વામીનાં કર્મ છે એમ નથી. એ ઋત્વિક્‌નાં કર્મ છે એમ ઔડુલોમિ આચાર્ય માને છે. શું કારણ છે? કારણ કે તે સાંગ કર્મને માટે યજમાને ઋત્વિક્‌નું પરિક્રયણ કર્યું છે; અને ઉદ્‌ગીથાદિની ઉપાસનાઓ તેના પ્રયોગની અંતર આવે છે; કારણ કે તે અધિકૃતનો અધિકાર છે. તેટલા માટે ગોદોહન આદિ નિયમની પેઠેજ ઋત્વિકે તે કરવી જોઈએ. તેવીજ રીતે 'तं ह बको दाल्भ्यो विदांचकार

'તે ફળ સ્વામીને પ્રાપ્ત થાય એ ન્યાય્ય છે'. જેમ સાંગ ક્રતુને વિષે અધિકૃતને અધિકાર હોવાથી ગોદોહનનું ફળ ક્રતુના અધિકારીને મળે છે; તેમ અંગોપાસનાનું ફળ તેને-યજમાનનેજ છે એવો અર્થ છે. ભલે તેનું ફળ તેને મળે; પણ કર્તા અન્ય કેમ ન થાય તેને વિષે કહે છે—'વળી ઉપાસનાના કરનારને વિષે' ઇત્યાદિ. યજમાનગામી ફળ છે એમ જે કહ્યું તેના અપવાદની શંકા કરે છે—'પણ ઋત્વિક્‌નું ફળ દેખાય છે'. 'आगायति' = ઉદ્‌ગાનથી સાધે છે એવો અર્થ છે. યજમાનને ફળ મળે છે એ ઉત્સર્ગ, [illegible]ને અપવાદ, સિદ્ધ છે એવો સમાધાનનો અર્થ છે. 'તેટલા માટે' ફળનો [illegible] છે માટે ॥ ૪૪ ॥

અંગોપાસનાનો કર્તા યજમાન છે, માટે તેનું ફળ સ્વતંત્ર નથી એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—'आर्त्विज्यमित्यौडुलोमिः'. 'તે સાંગ કર્મને માટે' ઇત્યાદિ. [illegible] ફળને માટે-પોતાને ફળ મળે માટે દક્ષિણાદાનથી ઋત્વિક્‌નું પરિક્રયણ કર્યું છે. [illegible] સાંગ કર્મને માટે પરિક્રયણ કર્યું છે તોપણ ધ્યાનને માટે પરિક્રયણ કર્યું નથી [illegible] એ ઋત્વિક્‌નું કર્મ શી રીતે એ વિષે કહે છે—'ઉદ્‌ગીથ આદિની ઉપાસનાઓ' ઇત્યાદિ. 'तं ह बकः' ઇત્યાદિ. તે ઉદ્‌ગીથના [illegible] ધ્યાન કર્યું અને ધ્યાન [illegible] એવો અર્થ છે. [illegible] ફળને માટે ઋત્વિજોનું પરિક્રયણ કર્યું છે તેથી ઋત્વિજો કર્તા છે [illegible] યજમાનને [illegible] નથી એમ કહ્યું છે. [illegible]

છે; અપૂર્વ છે તેથી. પણ पाण्डित्य શબ્દથીજ 'मौन' અવગત છે એમ કહ્યું છે. ના, એ દોષ નથી; કેમકે मुनि શબ્દનો અતિશયજ્ઞાન એ અર્થ છે; અને મનનથી મુનિ એમ વ્યુત્પત્તિનો સંભવ છે, અને 'मुनीनामप्यहं व्यासः' [ભગ૦ ગી૦ ૧૦।૩૭] (મુનિઓમાં પણ હું વ્યાસ છું) એમ પ્રયોગ જોવામાં આવે છે. પણ મુનિશબ્દ ઉત્તમાશ્રમવાચક પણ શ્રુતિમાં છે–'गार्हस्थ्यमाचार्यकुलं मौनं वानप्रस्थम्' (ગાર્હસ્થ્ય, આચાર્યકુલ, મૌન, વાનપ્રસ્થ) એમાં. ના; કેમકે 'वाल्मीकिर्मुनिपुङ्गवः' (વાલ્મીકિ, મુનિમાં શ્રેષ્ઠ) ઇત્યાદિમાં વ્યભિચાર દેખાય છે. પણ અન્ય આશ્રમોના સંનિધાનમાં છે તેથી, પરિશેષથી ત્યાં ઉત્તમ આશ્રમનું ગ્રહણ છે; કેમકે ઉત્તમ આશ્રમમાં જ્ઞાન પ્રધાન છે. તેટલા માટે બાલ્ય ને પાણ્ડિત્યની અપેક્ષાએ એ ત્રીજા જ્ઞાનાતિશયરૂપ મૌનનું વિધાન છે. પણ બાલ્યમાંજ વિધિની સમાપ્તિ છે એમ જે કહ્યું છે, તે વિષે તોપણ મુનિત્વ અપૂર્વ હોવાથી તેના વિધાનનો આશ્રય કરવામાં આવે છે. 'मुनिः स्यात्' (મુનિ થવું) એમ. મૌનનો નિર્વેદનીય તરીકે નિર્દેશ છે તેથી. પણ બાલ્ય ને પાણ્ડિત્યની પેઠે મૌનનું વિધેયત્વ લેવાનું છે. तद्वान्—મૌનવાન્ એટલે વિદ્યાવાન્ સંન્યાસીનું. વિદ્યાવાન્ સંન્યાસીનું એમ શી રીતે સમજાય છે? 'आत्मानं विदित्वा पुत्राद्येषणाभ्यो व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति' (આત્માને જાણીને, પુત્રાદિ એષણાનો ત્યાગ કરીને, પછી ભિક્ષાચર્ય આચરે છે) એમ તેનો અધિકાર છે તેથી. પણ વિદ્યાવત્ત્વ હોય એટલે તેમાં અતિશય પ્રાપ્ત થાય છેજ. મૌનવિધિનું શું પ્રયોજન છે. એથી કહે છે–'पक्षेण' એમ. સાર આ છે—જે પક્ષમાં ભેદદર્શન પ્રબળ હોવાથી (વિદ્યાતિશય) પ્રાપ્ત થાય નહિ તે પક્ષમાં એ વિધિ છે એમ. વિધ્યાદિની પેઠે. જેમ 'दर्शपूर्णमासाभ्यां स्वर्गकामो यजेत' (સ્વર્ગની કામનાવાળા પુરુષે

चार्यकुलं मौनं वानप्रस्थम् એની) શ્રુતિ કહે છે—'પણ અન્ય આશ્રમોના' ઇત્યાદિ. વળી 'अमौनं च मौनं च निर्विद्य' એમ શ્રવણ ને મનનની પેઠે મૌન અનુષ્ઠેય છે એમ કહ્યું છે તેથી તે (મૌન) વિધેય છે એમ કહે છે—'મૌનનો નિર્વેદનીય તરીકે નિર્દેશ છે' ઇત્યાદિ. વળી ત્રણનું વિધાન કરવાથી વાક્યનો ભેદ થશે એ દોષ થશે એમ કહેવું યુક્ત નથી; કેમકે તે વાક્યભેદ 'ઉપરિધારણની પેઠે ઇષ્ટ છે એવો ભાવ છે. કોના એ ધ્યાનનું વિધાન છે તે કહે છે—'तद्वान्—મૌનવાન્ એટલે વિદ્યાવાન્ સંન્યાસીનું'. 'आत्मानं विदित्वा' (આત્માને જાણીને) એમ પરોક્ષ જાણવાનો સંન્યાસી પ્રકૃત છે એવો અર્થ છે. સૂત્રાર્થના સાક્ષાત્કારના સાધન તરીકે ધ્યાનાદિની પક્ષાદિમાં લોકથી પ્રાપ્તિની શંકા કરીને નિયમવિધિ કહે છે—વિચાર્ય વસ્તુનો નિર્ણય કરવા માટે સાધન તરીકે વિચાર તો લોકવ્યવહારથીજ પ્રાપ્ત છે. એ કંઈ અપૂર્વ નથી; પદાર્થના નિરૂપણને અર્થે તદ્વિચારાત્મક ગાન્ધર્વશાસ્ત્રાદિને વિષે લોકવ્યવહારથીજ—શાસ્ત્રવિના–પ્રવૃત્તિ દેખાય છે એવી શંકા કરીને નિયમવિધિ કહે છે—'પણ વિદ્યાવત્ત્વ હોય એટલે' ઇત્યાદિ. પણ 'બ્રહ્મવિદ્યાપર વાક્યમાં જ્ઞાન એ શી રીતે અંગ છે એમ જો કહેશો તો સહકારીપર વાક્યમાં અગ્નિવિધિની પેઠે એ છે એમ કહે છે—'વિધ્યાદિની પેઠે'. પ્રધાનથી આરંભી સંગપર્યન્ત વિધિ છે. 'આદિ' = મુખ્ય, પ્રધાન; વિધિનો આદિ તે 'વિધ્યાદિ' એટલે દર્શપૂર્ણમાસવિધિ. પ્રધાનરૂપ એ વિધ્યાદિ છે તેથીજ અગ્નિસમિદાદિ—એ વિધ્યન્ત છે. જેમ દર્શપૂર્ણમાસાદિ પ્રધાન પ્રકરણમાં અગ્ન્યન્તરવિધિથી અગ્નેનું વિધાન છે, તેમ

૧ 'अधस्तात् समिधं धारयन्ननुद्रवेदुपरि हि देवेभ्यो धारयति'—જુઓ ૩।૪।૨૦.

૨ જેનું ઉપરોક્ત બ્રહ્મવિદ્યા પ્રતિપાદન કરવાનું છે તેવા.

પણ } બ્રહ્મવેત્તાએ પંડિતભાવ આત્મવિજ્ઞાનને નિઃશેષ જાણીને. જ્ઞાનબલભાવે રહેવા ઇચ્છવું, બાલ્ય ને પાણ્ડિત્યને નિઃશેષ જાણી, પછી મુનિ–મનનથી યોગી થવું. અમૌન ને મૌનને નિઃશેષ જાણીને પછી બ્રહ્મવેત્તા કૃતકૃત્ય થાય છે) એમ બૃહદારણ્યકમાં શ્રુતિ છે. તેમાં સંશય થાય છે કે મૌનનું વિધાન છે કે નહિ. વિધાન નથી એમ પ્રાપ્ત થાય છે; કેમકે 'बाल्येन तिष्ठासेत्' (જ્ઞાનબલભાવે રહેવા ઇચ્છવું) અહિંજ વિધિ સમાપ્ત થાય છે; કારણ કે 'अथ मुनिः' (પછી મુનિ) એમાં વિધિપ્રતિપાદન કરનાર [1]વિભક્તિ ઉપલબ્ધ થતી નથી. તેટલા માટે એ અનુવાદ થાય એ યુક્ત છે. ક્યાંથી પ્રાપ્તિ થઈ એમ કહેશો તો, મુનિ ને पण्डित શબ્દ જ્ઞાનાર્થક હોવાથી 'पाण्डित्यं निर्विद्य' (પાણ્ડિત્યને નિઃશેષ જાણીને) એમાંજ મૌન પ્રાપ્ત છે. વળી 'अमौनं च मौनं च निर्विद्याथ ब्राह्मणः' (અમૌન ને મૌનને નિઃશેષ જાણીને પછી બ્રહ્મવેત્તા કૃતકૃત્ય થાય છે) એમાં બ્રાહ્મણત્વનું વિધાન નથી; કેમકે તે પૂર્વેજ પ્રાપ્ત છે. તેટલા માટે 'अथ ब्राह्मणः' (પછી બ્રાહ્મણ) એ પ્રશંસાવાદજ છે. તેજ પ્રમાણે 'अथ मुनिः' (પછી મુનિ) એ પણ થવું યુક્ત છે, સમાન નિર્દેશ છે તેથી. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—सहकार्यन्तरविधिः (અન્ય સહકારીનો વિધિ છે) એમ. વિદ્યાના સહકારી મૌનનો બાલ્ય ને પાણ્ડિત્યની પેઠે વિધિજ લેવો યુક્ત

ક્વશેષથી મૌન અવિધેય છે એમ નિશ્ચય છે એમ દૃષ્ટાન્તસગતિથી આ કહે છે—'सहकार्यन्तरविधिः'' ઇત્યાદિ. 'तस्माद्ब्राह्मणः'' ઇત્યાદિ. જે કારણથી પૂર્વે બ્રાહ્મણો આત્માને જાણીને સન્યાસ કરી ભિક્ષાચર્ય આચરે છે, તેટલા માટે અધતન બ્રાહ્મણ પણ પાણ્ડિત્ય (પંડા એટલે શબ્દશુદ્ધિ, શાસ્ત્રાર્થવિચારને ઉપયોગી બુદ્ધિ, જેને થઈ છે તે પંડિત, તેનું કર્મ તે પાણ્ડિત્ય, એટલે વેદાન્તવિચાર, શ્રવણ) એટલે શ્રવણ તેને નિશ્ચયે પ્રાપ્ત કરીને બાલ્ય વડે—શ્રવણજન્ય જ્ઞાનના બળભાવ વડે અર્થાત્ મનન વડે રહેવા ઇચ્છવું. શ્રવણ અને મનન કરીને પછી મુને—નિદિધ્યાસન કરનાર થવું; એમ અમૌન—મૌનથી અન્ય, બાલ્ય ને પાણ્ડિત્ય—ને મૌન-નિદિધ્યાસન પ્રાપ્ત કરીને પુષ્કળ જ્ઞાનસામર્થ્ય થયા પછી 'હું બ્રહ્મ છું' એમ સાક્ષાત્કારવાળો બ્રાહ્મણ થાય છે એવો અર્થ છે. હવે મૌનશબ્દનો સિદ્ધરૂપ પારિવ્રાજ્યમાં ને અનુષ્ઠેય ધ્યાનમાં પ્રયોગ છે. તેથી સંશય થાય છે. જેમ 'तं ह यको दाल्भ्यः'' ઇત્યાદિ વાક્યશેષથી ઉદ્ગીથાદિના ઉપાસનનો સ્તવિદ્ કર્તા છે એમ નિર્ણય છે, તેમ 'अथ ब्राह्मणः' એમ વિધિહીન વાક્યશેષથી મૌન પણ અવિધેય છે એમ નિશ્ચય થાય છે એવો પૂર્વપક્ષ કહે છે—'વિધાન નથી એમ પ્રાપ્ત થાય છે'. પૂર્વપક્ષમાં ધ્યાનનું અનનુષ્ઠાન એ ફળ છે ને સિદ્ધાન્તમાં અનુષ્ઠાન એ ફળ છે. જો મૌનનો અર્થ પારિવ્રાજ્ય હોય તો અન્ય વાક્યથી પ્રાપ્ત થવાનો અનુવાદ થાય છે. જો મૌનનો અર્થ જ્ઞાન હોય તો પાણ્ડિત્યશબ્દથી પ્રાપ્ત વિધિની સ્તુતિને અર્થે અનુવાદ થાય છે. જો મૌનનો અર્થ જ્ઞાન હોય તો પાણ્ડિત્યશબ્દથી પ્રાપ્ત થાય છે એમ પૂર્વપક્ષ ગ્રન્થનો અર્થ છે. હવે સિદ્ધાન્ત કહે છે કે—મૌનશબ્દથી અતિશય વિજ્ઞાનની પ્રતીતિ થાય છે; અને જ્ઞાનમાત્રવાચક પાણ્ડિત્યશબ્દથી એ વિજ્ઞાનાતિશયની પ્રાપ્તિ નથી. તેમજ મુનિશબ્દ પરિવ્રાજકવાચક પણ નથી; કેમકે વાલ્મીકિ આદિને વિષે તેનો પ્રયોગ છે. તેટલા માટે અપ્રાપ્ત થયેલું મૌન અપૂર્વ હોવાથી વિધિની કલ્પના કરાવે છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. આપસ્તમ્બ પ્રયોગની (गार्हस्थ्यमा-

---

[1] સુપ્ કે તિઙ્ પ્રત્યય—નામ કે ધાતુને લાગનાર પ્રત્યય.

છે; અપૂર્વ છે તેથી. પણ पाण्डित्य શબ્દથીજ 'મૌન' અવગત છે એમ કહ્યું છે. ના, એ દોષ નથી; કેમકે मुनि શબ્દનો અતિશયજ્ઞાન એ અર્થ છે; અને મનનથી મુનિ એમ વ્યુત્પત્તિનો સંભવ છે, અને 'मुनीनामप्यहं व्यासः' [ભગ૰ ગી૰ ૧૦।૩૭] (મુનિઓમાં પણ હું વ્યાસ છું) એમ પ્રયોગ જોવામાં આવે છે. પણ મુનિશબ્દ ઉત્તમાશ્રમવાચક પણ શ્રુતિમાં છે-'गार्हस्थ्यमाचार्यकुलं मौनं वानप्रस्थम्' (ગાર્હસ્થ્ય, આચાર્યકુલ, મૌન, વાનપ્રસ્થ) એમાં. ના; કેમકે 'वाल्मीकिर्मुनिपुङ्गवः' (વાલ્મીકિ, મુનિમાં શ્રેષ્ઠ) ઇત્યાદિમાં વ્યભિચાર દેખાય છે. પણ અન્ય આશ્રમોના સંનિધાનમાં છે તેથી, પરિશેષથી ત્યાં ઉત્તમ આશ્રમનું ગ્રહણ છે; કેમકે ઉત્તમ આશ્રમમાં જ્ઞાન પ્રધાન છે. તેટલા માટે બાલ્ય ને પાણ્ડિત્યની અપેક્ષાએ એ ત્રીજા જ્ઞાનાતિશયરૂપ મૌનનું વિધાન છે. પણ બાલ્યમાંજ વિધિની સમાપ્તિ છે એમ જે કહ્યું છે, તે વિષે તોપણ મુનિત્વ અપૂર્વ હોવાથી તેના વિધાનનો આશ્રય કરવામાં આવે છે. 'मुनिः स्यात्' (મુનિ થવું) એમ. મૌનનો નિર્વેદનીય તરીકે નિર્દેશ છે તેથી. પણ બાલ્ય ને પાણ્ડિત્યની પેઠે મૌનનું વિધેયત્વ લેવાનું છે. તદ્વાન્—મૌનવાન્ એટલે વિદ્યાવાન્ સંન્યાસીનું. વિદ્યાવાન્ સંન્યાસીનું એમ શી રીતે સમજાય છે? 'आत्मानं विदित्वा पुत्राद्येषणाभ्यो व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति' (આત્માને જાણીને, પુત્રાદિ એષણાનો ત્યાગ કરીને, પછી ભિક્ષાચર્ય આચરે છે) એમ તેનો અધિકાર છે તેથી. પણ વિદ્યાવત્ત્વ હોય એટલે તેમાં અતિશય પ્રાપ્ત થાય છેજ, મૌનવિધિનું શું પ્રયોજન છે. એથી કહે છે—'पक्षेण' એમ. સાર આ છે—જે પક્ષમાં ભેદદર્શન પ્રબળ હોવાથી (વિદ્યાતિશય) પ્રાપ્ત થાય નહિ તે પક્ષમાં એ વિધિ છે એમ. વિધ્યાદિની પેઠે. જેમ 'दर्शपूर्णमासाभ्यां स्वर्गकामो यजेत' (સ્વર્ગની કામનાવાળા પુરુષે

चार्यकुलं मौनं वानप्रस्थम् એની) ગતિ કહે છે—'પણ અન્ય આશ્રમોના' ઇત્યાદિ. વળી 'अमौनं च मौनं च निर्विद्य' એમ શ્રવણ ને મનનની પેઠે મૌન અનુષ્ઠેય છે એમ કહ્યું છે તેથી ને (મૌન) વિધેય છે એમ કહે છે—'મૌનનો નિર્વેદનીય તરીકે નિર્દેશ છે' ઇત્યાદિ. વળી ત્રણનું વિધાન કરવાથી વાક્યનો ભેદ થશે એ દોષ થશે એમ કહેવું યુક્ત નથી; કેમકે તે વાક્યભેદ [1]ઉપરિધારણની પેઠે ઇષ્ટ છે એવો ભાવ છે. કોના એ ધ્યાનનું વિધાન છે તે કહે છે—'તદ્વાન્—મૌનવાન્ એટલે વિદ્યાવાન્ સંન્યાસીનું'. 'आत्मानं विदित्वा' (આત્માને જાણીને) એમ પરોક્ષ જ્ઞાનવાળો સંન્યાસી પ્રકૃત છે એવો અર્થ છે. સૂક્ષ્માર્થના સાક્ષાત્કારના સાધન તરીકે ધ્યાનાદિની ષડ્જાદિમાં લોકથી પ્રાપ્તિની શંકા કરીને નિયમવિધિ કહે છે—વિચાર્ય વસ્તુનો નિર્ણય કરવા માટે સાધન તરીકે વિચાર તો લોકવ્યવહારથીજ પ્રાપ્ત છે; એ કંઈ અપૂર્વ નથી. ષડ્જાદિના નિર્ણયને અર્થે તદ્વિચારાત્મક ગાન્ધર્વશાસ્ત્રાદિને વિષે લોકવ્યવહારથીજ—શાસ્ત્રવિના-પ્રવૃત્તિ દેખાય છે એવી શંકા કરીને નિયમવિધિ કહે છે—'પણ વિદ્યાવત્ત્વ હોય એટલે' ઇત્યાદિ. પણ [2]બ્રહ્મવિદ્યાપર વાક્યમાં જ્ઞાન એ શી રીતે અંગ છે એમ જો કહેશો તો સ્વર્ગક્રતુપર વાક્યમાં અંગવિધિની પેઠે એ છે એમ કહે છે—'વિધ્યાદિની પેઠે'. પ્રધાનથી આરંભી અગ્રપર્યન્ત વિધિ છે. 'આદિ' = મુખ્ય, પ્રધાન; વિધિનો આદિ તે 'વિધ્યાદિ' એટલે દર્શપૂર્ણમાસવિધિ. પ્રધાનક્રતુ એ વિધ્યાદિ છે તેથીજ અંગ-સમિદાદિ-એ વિધ્યન્ત છે. જેમ દર્શપૂર્ણમાસાદિ પ્રધાન પ્રકરણમાં અવાન્તરવિધિથી અંગોનું વિધાન છે, તેમ

૧ 'अधस्तात् समिधं धारयन्ननुद्रवेदुपरि हि देवेभ्यो धारयति'—જુઓ ૩।૪।૨૦.
૨ જેનું તાત્પર્ય બ્રહ્મવિદ્યા પ્રતિપાદન કરવાનું છે તેવા.

દર્શ ને પૂર્ણમાસ યાગો કરવા) એ પ્રકારના વિધ્યાદિમાં સહકારી તરીકે, અગ્નિનું અન્વાધાન આદિ અંગસમૂહનું વિધાન થાય છે; એ પ્રમાણે અવિધિ જેમાં પ્રધાન છે એવા પણ આ વિદ્યાવાક્યમાં મૌનવિધિ છે એવો અર્થ છે ॥ ૪૭ ॥

બ્રહ્મપ્રકરણમાં પણ તેના જ્ઞાનના ઉપાય તરીકે અવાન્તરવાક્યો શ્રવણાદિનાં વિધાયક થશે એવો
અભિપ્રાય છે. સમિદાદિ એ વિધ્યન્ત છે; કેમકે ને પ્રધાનવિધિની પછી છે; તેમાં વિધિ અ-
શ્રૂયમાણ હોય તોપણ અપૂર્વ હોવાથી વિધિ લેવાનો છે એવો અર્થ છે. આ સૂત્રભાષ્યનો ભાવ ન
સમજનારાઓ સંન્યાસાશ્રમધર્મ શ્રવણાદિને વિષે વિધિ નથી એમ કહે છે. વિધિને વિષે અ-
પ્રાપ્તિમાત્રની અપેક્ષા છે અને તે ભેદદર્શન પ્રબળ હોવાથી દર્શાવી છે એમ સંપ્રદાયવેત્તાઓ
કહે છે. પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનો આશય આ પ્રમાણે છે. પૂર્વપક્ષ—જ્યાં વિધિવિભક્તિનું
શ્રવણ છે તે વિધેય છે. 'बाल्येन तिष्ठासेत्' એમાં વિભક્તિનું શ્રવણ છે, મૌનમાં વિભક્તિનું
શ્રવણ નથી. તેટલા માટે જેમ 'अथ ब्राह्मणः' એમાં વિધિનું શ્રવણ નથી માટે એ અવિ-
ધેય છે, તેમ મૌન પણ અવિધેય છે. મૌન અપૂર્વ છે તેથી વિધેય છે એમ શંકા કરવી યુક્ત
નથી; કેમકે 'तस्माद्ब्राह्मणः पाण्डित्यं निर्विद्य' એમ પાણ્ડિત્યવિધાનથીજ મૌન સિદ્ધ થાય
છે તેથી પાણ્ડિત્યજ મૌન છે. અથવા એ મુનિશબ્દ ભિક્ષુવાચક છે; કેમકે એ અર્થમાં 'गा-
र्हस्थ्यमाचार्यकुलं मौनं वानप्रस्थम्' એમા એનો પ્રયોગ દેખાય છે. અન્યત્ર એનું વિધાન છે
તેનો એ અનુવાદ છે. તેટલા માટે બાલ્યનુજ અહિં વિધાન છે, મૌન તો પ્રાપ્ત છે તેનો પ્રશં-
સાને અર્થે અનુવાદ છે એ યુક્ત છે. એવો પૂર્વપક્ષ છે. પંડિતપદની પેઠે મુનિપદ પણ શાસ્ત્રા-
ર્થવિચારકુશળપરજ છે એમ પૂર્વપક્ષીનો અભિપ્રાય છે. અનુવાદ વ્યર્થ નથી; કેમકે તે બાલ્યની
સ્તુતિપર છે. બાલ્યથી પૂર્વે પાંડિત્ય વિદ્યમાન હોય તોપણ તે પ્રશસ્ત નથી; પણ બાલ્યની
પછી હોય તોજ પ્રશસ્ત છે એમ 'बाल्यं च पाण्डित्यं च निर्विद्याथ मुनिः' એ વાક્યથી
પ્રતિપાદન થવાનો સંભવ છે. સિદ્ધાન્ત—જો મુનિશબ્દ પંડિતપર્યાય હોય—મુનિશબ્દનો અર્થ
પંડિતના જેવો થતો હોય તો એમ થાય. પણ પાંડિત્ય એટલે જ્ઞાનમાત્ર છે, મૌનનો તો અર્થ
જ્ઞાનાતિશયસંપત્તિ—અતિશય જ્ઞાનની સંપત્તિ છે; કેમકે એજ અર્થમાં મૌન પ્રસિદ્ધ છે. આ-
શ્રમભેદના અર્થમાં મૌનશબ્દની પ્રવૃત્તિ તો ગાર્હસ્થ્ય આદિ પદના સંનિધાનથી છે; તેટલા માટે
મૌન એ અપૂર્વ છે. બાલ્ય ને પાંડિત્યની અપેક્ષાએ એ જ્ઞાનાતિશયરૂપ મૌન ત્રીજું છે તેનું
વિધાન છે. વળી વિધાન લેવાથીજ 'मौनं निर्विद्य' એમ મૌનનું નિર્વેદનીયત્વ યુક્ત થાય છે.
હવે વિદ્યાસહકારી તરીકે કોનું એ મૌન વિધેય છે? વિદ્યાવાન્ સંન્યાસીનું, ભિક્ષુનું; કેમકે ભિ-
ક્ષુનો તેને વિષે અધિકાર છે; 'आत्मानं विदित्वा' એ શ્રુતિમાં તે દર્શાવ્યું છે. પણ વિદ્યા-
વત્ત્વ હોય તો તેને વિષે અતિશય પણ પ્રાપ્ત થાય છેજ, મૌનવિધિનું શું પ્રયોજન છે? 'વિ-
દ્યાવાન્' એટલે વિદ્યાનો અતિશય જેને હોય એવો એવી વિવક્ષા નથી; પણ વિદ્યાના ઉદયને
માટે અભ્યાસમાં પ્રવૃત્ત થયલો એવો અર્થ છે; જેનામાં અતિશય વિદ્યા ઉત્પન્ન થઈ છે એવો
અર્થ નથી. તેથી એ પક્ષમાં કદાચિત્ ભેદદર્શનથી સંભવ છે એવો અર્થ છે. લોકસિદ્ધ કારણ-
તાને અનુસારે બ્રહ્મસાક્ષાત્કારના સાધન તરીકે ધ્યાન, વિધિ વિના પણ પ્રાપ્ત છે, તોપણ ધ્યા-
નને ઉદ્દેશીને આસનાદિ નિયમનું વિધાન છે તેથી તે તે કાળેજ-આસનાદિ કર્યું હોય ત્યારેજ-
ધ્યાન પ્રાપ્ત થાય છે. પણ ક્ષુધા, તૃષ્ણા આદિથી પીડાયલો, ને સમાધિથી ઉઠેલાને તે કાળે
:માત્માને વિષે ચિત્તસ્થાપન પ્રાપ્ત થતું નથી; કેમકે આસનાદિનિયમાનુષ્ઠાનનો તે કાળે સંભવ
૧. પણ ભિક્ષાટનાદિકાળે, સંભવે તે પ્રમાણે પરમાત્માને વિષે ચિત્ત સ્થાપવું એમ બોધ
રવું એ વાક્ય સાર્થક થાય છે એવો ભાવ છે ॥ ૪૭ ॥

આ પ્રમાણે આયાસાદિવિશિષ્ટ શ્રુતિપ્રતિપાદિત 'કૈવલ્યાશ્રમ છે ત્યારે છાન્દોગ્યમાં 'अभिसमावृत्य कुटुम्बे' (છાન્દો૦ ૮।૧૫।૧] (ધર્મજિજ્ઞાસા સમાપ્ત કરીને કુટુમ્બને વિષે રહીને—ગાર્હસ્થ્યને વિષે રહીને) એમાં ગૃહીથી શી રીતે ઉપસંહાર છે? કેમકે તેનાથી ઉપસંહાર કરી તેને વિષે આદર દર્શાવે છે. એથી ઉત્તર પડે છે—

कृत्स्नभावात्तु गृहिणोपसंहारः ॥ ४८ ॥

(યજ્ઞાદિ કે અન્ય આશ્રમમાં વિહિત શમાદિનો ગૃહસ્થાશ્રમમાં) કૃત્સ્નભાવે સંભવ છે તેથી ગૃહસ્થાશ્રમથી ઉપસંહાર છે (સંન્યાસનો અભાવ છે માટે નહિ) ॥ ૪૮ ॥

તુશબ્દ વિશેષણાર્થક છે. એનો કૃત્સ્નભાવ વિશિષ્ટ થાય છે; કેમકે બહુ આયાસકર્મો યજ્ઞાદિ બહુ આયાસવાળાં છે તે તેના પ્રતિ કર્તવ્ય તરીકે ઉપદિષ્ટ છે; અને અહિંસા, ઇન્દ્રિયસંયમ આદિ, અન્ય આશ્રમનાં કર્મો જેમ સંભવે તેમ તેને કરવાનાં છે. તેટલા માટે ગૃહમેધીથી ઉપસંહાર વિરુદ્ધ નથી ॥ ૪૮ ॥

मौनवदितरेषामप्युपदेशात् ॥ ४९ ॥

મૌનની પેઠે અન્ય (બ્રહ્મચારીને વાનપ્રસ્થ)નો પણ ઉપદેશ છે તેથી ॥ ૪૯ ॥

જેમ [2]મૌન અને ગાર્હસ્થ્ય એ બે આશ્રમો શ્રુતિપ્રતિપાદિત છે, એમ વાનપ્રસ્થ અને ગુરુકુલવાસ એ બે પણ છે; કેમકે 'तप एव द्वितीयो ब्रह्मचार्याचार्यकुलवासी तृतीयः' [છાન્દો૦ ૨।૨૩।૧] (તપજ બીજો છે—તાપસ કે પરિવ્રાજ્ બીજો ધર્મસ્કન્ધ છે, બ્રહ્મચારી, આચાર્યકુળમાં વસવાનું જેનું શીલ છે—અત્યન્ત, જીવનપર્યન્ત, નિયમોથી આચાર્યકુળમાં વસી દેહને ક્ષીણ કરનાર—નૈષ્ઠિક—એ તૃતીય ધર્મસ્કન્ધ છે) ઇત્યાદિ શ્રુતિ પાછળ દર્શાવી છે. તેટલા માટે ચારે આશ્રમોનો [3]અવિ-

---

સમાવર્તન પછી કુટુંબમાં રહી બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે ને પુનઃ સંસારમાં આવતો નથી એમ છાન્દોગ્યમાં ઉપસંહાર છે તેથી સંન્યાસ નથી એવો શંકાનો અર્થ છે. સમાધાન એવું છે કે આયાસવિશિષ્ટ ઘણાં કર્મો ગૃહસ્થાશ્રમમાં છે તેથી ગૃહસ્થાશ્રમથી ઉપસંહાર કર્યો છે, સંન્યાસનો અભાવ છે તેથી નહિ ॥ ૪૮ ॥

અહિં સૂત્રકારે સંન્યાસ ને ગાર્હસ્થ્ય એમ બે આશ્રમો કહ્યા તેથી બીજા બે આશ્રમો નથી એમ કોઈને ભ્રમ થાય તેનું નિરસન કરે છે—'मौनवत्' અર્થાત્ બંને આશ્રમની પેઠે. 'इतरयोः' કહેવાને બદલે 'इतरेषाम्' એમ બહુવચન કહ્યું છે તે અવાન્તર ભેદને લીધે કે અનુષ્ઠાતાના ભેદને લીધે. 'ब्रह्मचारी गृहस्थश्च वानप्रस्थश्च भिक्षुकः । चत्वार आश्रमाः प्रोक्ता एकैकस्तु चतुर्विधः ॥' (બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, ને ભિક્ષુક એમ ચાર આશ્રમો

---

૧ કેવલ-સર્વોપાધિવર્જિત, તેનો ભાવ તે કૈવલ્ય = સંન્યાસ. ૨ સંન્યાસ. ૩ સમાન.

દર્શ ને પૂર્ણમાસ યાગો કરવા) એ પ્રકારના વિધ્યાદિમાં સહકારી તરીકે, અગ્નિનું અન્વાધાન આદિ અંગસમૂહનું વિધાન થાય છે; એ પ્રમાણે અવિધિ જેમાં પ્રધાન છે એવા પણ આ વિદ્યાવાક્યમાં મૌનવિધિ છે એવો અર્થ છે ॥ ૪૭ ॥

બ્રહ્મપ્રકરણમાં પણ તેના જ્ઞાનના ઉપાય તરીકે અવાન્તરવાક્યો શ્રવણાદિનાં વિધાયક થશે એવો અભિપ્રાય છે. સમિદાદિ એ વિધ્યન્ત છે: કેમકે તે પ્રધાનવિધિની પછી છે; તેમાં વિધિ શ્રવણમાત્ર હોય તોપણ અપૂર્વ હોવાથી વિધિ લેવાનો છે એવો અર્થ છે. આ સૂત્રભાષ્યનો ભાવ ન સમજનારાઓ સંન્યાસાશ્રમધર્મ શ્રવણાદિને વિષે વિધિ નથી એમ કહે છે. વિધિને વિષે અપ્રાપ્તિમાત્રની અપેક્ષા છે અને તે ભેદદર્શન પ્રબળ હોવાથી દર્શાવી છે એમ સંપ્રદાયવેત્તાઓ કહે છે. પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનો આશય આ પ્રમાણે છે. પૂર્વપક્ષ—જ્યાં વિધિવિભક્તિનું શ્રવણ છે તે વિધેય છે. 'बाल्येन तिष्ठासेत्' એમાં વિભક્તિનું શ્રવણ છે, મૌનમાં વિભક્તિનું શ્રવણ નથી. તેટલા માટે જેમ 'अथ ब्राह्मणः' એમાં વિધિનું શ્રવણ નથી માટે એ અવિધેય છે, તેમ મૌન પણ અવિધેય છે. મૌન અપૂર્વ છે તેથી વિધેય છે એમ શંકા કરવી યુક્ત નથી કેમકે 'तस्माद्ब्राह्मणः पाण्डित्यं निर्विद्य' એમ પાણ્ડિત્યવિધાનથીજ મૌન સિદ્ધ થાય છે તેથી પાણ્ડિત્યજ મૌન છે. અથવા તો મુનિશબ્દ ભિક્ષુવાચક છે; કેમકે એ અર્થમાં 'गार्हस्थ्यमाचार्यकुलं मौनं वानप्रस्थम्' એમાં એનો પ્રયોગ દેખાય છે. અન્યત્ર એનું વિધાન છે તેનો એ અનુવાદ છે. તેટલા માટે બાલ્યનુંજ અહિં વિધાન છે, મૌન તો પ્રાપ્ત છે તેનો પ્રશંસાને અર્થે અનુવાદ છે એ યુક્ત છે. એવો પૂર્વપક્ષ છે. પતિતપદની પેઠે મુનિપદ પણ પ્રશંસાર્થ [illegible] વિચારકુશળપરજ છે એમ પૂર્વપક્ષીનો અભિપ્રાય છે. અનુવાદ વ્યર્થ નથી; કેમકે તે બાલ્યની સ્તુતિપર છે. બાલ્યથી પૂર્વે પાણ્ડિત્ય વિદ્યમાન હોય તોપણ તે પ્રશસ્ત નથી; પણ બાલ્યની પછી હોય તોજ પ્રશસ્ત છે એમ 'बाल्यं च पाण्डित्यं च निर्विद्याथ मुनिः' એ વાક્યથી પ્રતિપાદન થવાનો સંભવ છે. સિદ્ધાન્ત—જો મુનિશબ્દ પતિતપર્યાય હોય—મુનિશબ્દનો અર્થ પતિતના જેવો થતો હોય તો એમ થાય. પણ પાણ્ડિત્ય એટલે જ્ઞાનમાત્ર છે, મૌનનો તો અર્થ જ્ઞાનાતિશયસંપત્તિ—અતિશય જ્ઞાનની સંપત્તિ છે: કેમકે એજ અર્થમાં મૌન પ્રસિદ્ધ છે. અન્યના અર્થમાં મૌનશબ્દની પ્રવૃત્તિ તો ગાર્હસ્થ્ય આદિ પદના સંનિધાનથી છે; તેટલા માટે મૌન એ અપૂર્વ છે. બાલ્ય ને પાણ્ડિત્યની અપેક્ષાએ એ જ્ઞાનાતિશયરૂપ મૌન ત્રીજું છે તેનું વિધાન છે. વળી વિધાન હોવાથીજ 'मौनं निर्विद्य' એમ મૌનનું નિર્વેદનીયત્વ યુક્ત થાય છે. કેમકે વિદ્યાને વિદ્યાસહકારી તરીકે શું એ મૌન વિધેય છે? વિદ્યાવાન્ સંન્યાસીનું, નિર્ગુણઃ કેમકે વિદ્વાન્ને તેને વિષે અધિકાર છે: 'आत्मानं विदित्वा' એ શ્રુતિમાં તે દર્શાવ્યું છે. પણ વિદ્વત્ત્વ હોય તો તેને વિષે અતિશય પણ પ્રાપ્ત થાય છેજ, મૌનવિધિનું શું પ્રયોજન છે? 'વિદ્વાન્' એટલે વિદ્યાનો અતિશય જેને હોય એવો એવી વિવક્ષા નથી; પણ વિદ્યાના ઉપાયને માટે અભ્યાસમાં પ્રવૃત્ત થયેલો એવો અર્થ છે; જેનામાં અતિશય વિદ્યા ઉત્પન્ન થઈ છે એવો અર્થ નથી. તેથી એ પક્ષમાં કદાચિત્ ભેદદર્શનનો સંભવ છે એવો અર્થ છે. [illegible] ને અન્તઃકરણના સાધન તરીકે ધ્યાન, વિધિ વિના પણ પ્રાપ્ત છે, [illegible] આસનાદિ નિયમનું વિધાન છે તેથી તે તે [illegible] આસનાદિ [illegible] પણ [illegible] આદિથી પીડાથી, તે સમાધિથી [illegible] પ્રાપ્ત થતું નથી; કેમકે આસનાદિનિયમાનુષ્ઠાનથી તે [illegible] પરમાત્માને વિષે વિઘ્ન થાય! [illegible] એવો ભાવ છે ॥ ૪૭ ॥

રાગની પ્રાપ્તિ થશે તેથી કામચારતા આદિ લેવું યુક્ત નથી. ના, વિદ્યાવાન્ સંન્યાસીનો, વચનસામર્થ્યથી, રાગ નિવૃત્ત થાય છે, પશુહિંસા આદિમાં થાય છે તેમ. એમ પ્રાપ્ત થયે કહે છે—ના, એ વચનની અન્ય ગતિ સંભવે છે તેથી; કારણ કે બાલ્યશબ્દનો અન્ય, અવિરુદ્ધ અર્થ લભ્યમાન છે ત્યારે અન્ય વિધિનો વ્યાઘાત થાય એવી કલ્પના યુક્ત નથી. વળી પ્રધાનના ઉપકારને માટે અંગનું વિધાન થાય છે અને જ્ઞાનાભ્યાસ એ આદિ યતિઓનું પ્રધાન અનુષ્ઠેય છે; અને સકલ બાલચર્યાનો અંગીકાર કરીએ તો જ્ઞાનાભ્યાસ તેથી સંભવિત થતો નથી. તેટલા માટે ઇન્દ્રિયાદિ જેમાં પ્રકટ થયાં નથી એવો બાલનો આન્તર ભાવવિશેષ એ બાલ્ય અહિં લેવાનું છે. તેથી કહે છે—'अनाविष्कुर्वन्' એમ. જ્ઞાન, અધ્યયન, ધાર્મિકત્વ આદિથી આત્માનું વિખ્યાપન ન કરી તેણે રહેવું. દર્પ આદિથી રહિત થવું; જેમ ઇન્દ્રિય પ્રકટ ન થવાથી અન્યની આગળ તે આત્માને પ્રકટ કરવા ઇચ્છતો નથી તેમ; કારણ કે એ પ્રમાણે એ વાક્યની પ્રધાનને ઉપકારક અર્થપ્રાપ્તિ ઉપપન્ન થાય છે. તેવીજ રીતે સ્મૃતિકારોએ કહ્યું છે—'यं न सन्तं न चासन्तं नाश्रुतं न बहुश्रुतम्। न सुवृत्तं न दुर्वृत्तं वेद कश्चित् स ब्राह्मणः। गूढधर्माश्रितो विद्वानज्ञातचरितं चरेत् । अन्धवज्जडवच्चापि मूकवच्च महीं चरेत्॥' (જેને કોઈ સત્ કે અસત્, અશ્રુત કે બહુશ્રુત, સુવૃત્ત કે દુર્વૃત્ત જાણતો નથી તે બ્રાહ્મણ છે. ગૂઢ ધર્મ પાળતા તે વિદ્વાને પોતાનું ચરિત

અવિરોધથી અવિરુદ્ધ બાલ્યશબ્દના અર્થના વિધિનો સંભવ છે તેથી વિરોધોક્તિ નથી એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે કહે છે' ઇત્યાદિ. વિદ્યાન્ને વધેલ રાગ વિધિ નથી, કેમકે અન્ય શબ્દનો વિરોધ થાય છે એમ પ્રતિજ્ઞા કરે છે—'ના,' ઇત્યાદિ. સામાન્યશબ્દને 'बाल्येन तिष्ठासेत्' એ વચનથી સંકોચ કહ્યો છે એમ આશંકા કરીને કહે છે—'એ વચનની' ઇત્યાદિ. સામાન્યપ્રવૃત્ત વિશેષથી અવિરુદ્ધ અર્થ સંભવે ત્યારે તેથી વિરુદ્ધ અર્થની કલ્પના કરવી યુક્ત નથી, તેથી કામચારાદિ વિધેય નથી એમ જે કહ્યું છે તેજ સ્પષ્ટ કરે છે—'બાલ્યશબ્દનો અન્ય અવિરુદ્ધ અર્થ' ઇત્યાદિ. વળી તેથી પણ કામચાર આદિ વિધેય નથી—'વળી પ્રધાનના ઉપકારને માટે' ઇત્યાદિ. તે પ્રધાન કહ્યું છે કે જેના અર્થ નહિ [illegible] વિધાન થાય છે તે કહે છે—'જ્ઞાનાભ્યાસ એ આદિ' ઇત્યાદિ. એ પ્રધાનને કામચારાદિ ઉપકારી નથી તેથી તે વિધેય નથી એમ કહ્યું છે. વળી તેના વિરોધી હોવાથી પણ તે અવિધેય છે એમ કહે છે—'સકલ બાલચર્યાનો અંગીકાર કરીએ તો' ઇત્યાદિ. ત્યારે વિધેય બાલ્ય કયું છે તે કહે છે—'તેટલા માટે ઇન્દ્રિયાદિ' ઇત્યાદિ. 'આદિ' [illegible] ઉક્ત અર્થ સૂત્રને લઈ લીધો છે—તેથી કહે છે—'अनाविष्कुर्वन्' ઇત્યાદિ. 'अन्वयात्' એ પદનું સ્પષ્ટીકરણ કરે છે—'કારણ કે એ પ્રમાણે એ વાક્યની' ઇત્યાદિ. જેની ઇન્દ્રિયો અપ્રકટ છે એવી સ્થિતિ વગેરે જે બાલબુદ્ધિ, [illegible] પ્રકારનું ઉપકારી થાય છે તેને વિષે પ્રમાણ કહે છે—'તેવીજ રીતે' ઇત્યાદિ. કુલીનત્વપ્રકટત્વ તે 'સત્ત્વ'; તેથી વિપરીત તે 'અસત્ત્વ'; [illegible] તે 'અશ્રુતત્વ'; તેથી વિપરીત તે 'બહુશ્રુતત્વ'; [illegible] તે 'સુવૃત્તત્વ'; [illegible] તે 'દુર્વૃત્તત્વ'; એમ જેને જાણતો નથી. ત્યારે [illegible] કોઈ અનુષ્ઠેય નથી એવું તેને વિષે કહે છે—'गूढधर्माश्रितः' ઇત્યાદિ. સ્મૃતિવાળી પ્રવૃત્તિનું નિરસન કરવા 'अन्धवत्' (અન્ધની પેઠે) એમ કહ્યું છે. [illegible] પ્રવૃત્તિનું નિરસન કરે છે—'जडवत्'. [illegible]

શિષ્ટ ઉપદેશ છે તેથી વિકલ્પ અને સમુચ્ચય વડે તેમની તુલ્યવત્ પ્રતિપત્તિ 'इतरेषाम्' (બીજાઓના) એમ બે આશ્રમને માટે બહુવચન શ્રુતિભેદને લીધે કે અનુષ્ઠાતાના ભેદને લીધે છે એમ સમજવું ॥ ૪૯ ॥

अनाविष्कुर्वन्नन्वयात् ॥ ५० ॥

(પોતાના ગુણોથી) આવિષ્કાર ન કરતા તેણે (ભાવશુદ્ધ રહેવું); (જ્ઞાનાભ્યાસને વિષે તેનો) અન્વય છે તેથી ॥ ૫૦ ॥

'तस्माद्ब्राह्मणः पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत्' [બૃહ૦ ૩।૫।૧] (તેટલા માટે બ્રાહ્મણે—બ્રહ્મવેત્તાએ પાણ્ડિત્યને—આત્મવિજ્ઞાનને નિઃશેષ જાણીને બાલ્ય—જ્ઞાનબલભાવે રહેવા ઇચ્છવું) એમાં બાલ્યનું અનુષ્ઠેય તરીકે શ્રવણ છે. તેમાં બાલનો ભાવ કે કર્મ તે બાલ્ય એમ તદ્ધિત પ્રત્યય થયે બાલભાવ એટલે વયોવિશેષ ઇચ્છાથી સંપાદન કરવી અશક્ય હોવાથી, જેમાં મૂત્ર, પુરીષ આદિ નિયમવર્જિત છે એવું બાલચરિત કે અન્તર્ગત ભાવવિશુદ્ધિ, જેમાં ઇન્દ્રિયો પ્રરૂઢ થઈ નથી, ને દંભ, દર્પ આદિથી રહિત છે એવું બાલ્ય થાય એમ સંશય છે. શું પ્રાપ્ત થાય છે? કામચાર—ઇચ્છાનુસાર વર્તન—વંદન, ભક્ષણ, યથાસંભવ મૂત્ર, પુરીષાદિ જેમાં થાય છે એવું બાલ્ય લોકમાં પ્રસિદ્ધતર છે તેનું ગ્રહણ કરવું યુક્ત છે. પણ પતિતત્વ આદિ

કહ્યા છે; તેમાંનો એકેક ચાર પ્રકારનો છે). એ ચારચાર ભેદો પૂર્વે દર્શાવ્યા છે[1] એમ પ્રકારભેદના સદ્ભાવથી બહુવચનનો નિર્દેશ છે ॥ ૪૯ ॥

પૂર્વે અધિકારમાં મૌનશબ્દ જ્ઞાનાતિશય, નિદિધ્યાસનમાં પ્રસિદ્ધ છે તેથી નિદિધ્યાસન વિધેય છે એમ કહ્યું. તે પ્રમાણે બાલ્યશબ્દ કામચાર આદિને વિષે પ્રસિદ્ધ છે તેથી તે વિધેય છે એમ દૃષ્ટાન્તસંગતિથી કહે છે—'अनाविष्कुर्वन्नन्वयात्'. તેમાં બાલ્ય એ શબ્દમાં તદ્ધિતનો ભાવાર્થત્વ સંભવતો નથી તેથી કર્માર્થત્વ લઈને ઊભાં ઊભાં મૂત્ર, પુરીષ આદિ કરવું એ તેમજ જેની ઇન્દ્રિયો પ્રરૂઢ થઈ નથી એવી ભાવશુદ્ધિ એ બંને સમાન બાલકર્મ હોવાથી સંશય થાય છે તે કહે છે—'તેમાં બાલનો ભાવ કે કર્મ' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં કામચારાદિનું વિદ્યાના અંગ તરીકે અનુષ્ઠાન એ ફળ છે ને ભાવશુદ્ધિનું વિદ્યાના અંગ તરીકે અનુષ્ઠાન એ સિદ્ધાન્તમાં ફળ છે એ ફળમાં ભેદ છે. પૂર્વપક્ષમાં વિદ્યાંગ તરીકે કામચારાદિનું અનુષ્ઠાન ને સિદ્ધાન્તમાં ભાવશુદ્ધિનુંજ અનુષ્ઠાન ફળ છે એમ સમજવું. પૂર્વત્ર મૌનશબ્દ જ્ઞાનાતિશય ધ્યાનને વિષે પ્રસિદ્ધ હોવાથી ધ્યાન વિધેય છે એમ કહ્યું છે. તે પ્રમાણે બાલ્યશબ્દ કામચાર આદિને વિષે પ્રસિદ્ધ હોવાથી તેના વિધિનું ગ્રહણ છે એમ પૂર્વપક્ષ કરે છે—'શું પ્રાપ્ત થાય છે?' 'યથાસંભવ'–ગમે ત્યાં. બાલ્યવિધિના બળને લીધે પાતિત્યશાસ્ત્ર અન્યવિષયક છે એવો ભાવ છે. સિદ્ધાન્ત કહે છે—'यस्त्वविज्ञानवान् भवत्यमनस्कः सदाऽशुचिः। न स तत्पदमाप्नोति संसारं चाधिगच्छति॥' (જે વિજ્ઞાન ને મન વગરનો, હમેશ અશુચિ હોય છે તે તે પદ પ્રાપ્ત કરતો નથી અને સંસાર પ્રાપ્ત કરે છે) ઇત્યાદિ શૌચ, ભિક્ષા આદિ નિય-

---

1 જુઓ પૃ૦. ૪૩૩-૩૪ ટીકા.

હિકજ છે. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—પ્રસ્તુતપ્રતિબન્ધ ન હોય તો વિદ્યાજન્મ ઐહિક થાય છે. તાત્પર્ય એ છે કે જ્યારે પ્રક્રાન્ત વિદ્યાસાધનને, જેનું પરિણામ પાસે હોય એવા અન્ય કર્મથી પ્રતિબન્ધ ન કરાય ત્યારે વિદ્યા અહિંજ ફળે છે; પણ જ્યારે તેનો પ્રતિબન્ધ કરાય છે, ત્યારે અન્ય જન્મમાં ફળે છે એમ. કર્મનો વિપાક ઉપસ્થિત થવો એ દેશ, કાળ, ને નિમિત્તના ઉપનિપાતથી થાય છે. વળી જે દેશ, કાળ, ને નિમિત્ત એક કર્મનો વિપાક ઉત્પન્ન કરનારાં છે તેજ અન્યનાં છે એમ નિયમ કરવો શક્ય નથી; કેમકે કર્મો વિરુદ્ધ ફળવાળાં પણ હોય છે. શાસ્ત્ર પણ આ કર્મનું આ ફળ થાય છે, એટલામાં પર્યવસિત થાય છે ને વિશિષ્ટ દેશ, કાળ, ને નિમિત્તનું સંકીર્તન કરતું નથી; પણ સાધનવીર્યવિશેષથી કોઈકની અતીન્દ્રિય શક્તિ આવિર્ભાવ પામે છે; અને અન્યની તેથી પ્રતિબદ્ધ થયલી રહે છે. વળી વિદ્યાને વિષે અવિશેષે અભિસંધિ ઉત્પન્ન થતી નથી એમ નથી; કારણ કે આ લોકમાં કે પરલોકમાં મને વિદ્યા ઉત્પન્ન થાઓ એવો અભિસંધિ નિરંકુશ છે. શ્રવણાદિદ્વારા પણ ઉત્પન્ન થતી વિદ્યા પ્રતિબન્ધના ક્ષયની અપેક્ષાએજ ઉત્પન્ન થાય છે. તેવીજ રીતે શ્રુતિ આત્મા દુર્બોધ છે એમ દર્શાવે છે—'श्रवणायापि बहुभिर्यो न लभ्यः शृण्वन्तोऽपि बहवो यं न विद्युः । आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धाश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः' [કઠ૦ ૧।૨।૭] (શ્રવણને માટે પણ જે આત્મા બહુને લભ્ય નથી, બહુ શ્રવણ કરે છે તોપણ જે આત્માને જાણતા નથી, એના વક્તા પણ આશ્ચર્ય છે—અનેકોમાં કોઈકજ હોય છે; તેમજ શ્રવણ કરીને પણ એ આત્માનો નિપુણ લબ્ધા કોઈકજ હોય છે, કારણ કે એનો જ્ઞાતા આશ્ચર્ય છે, કુશલ આચાર્યથી અ-

---

નથી એવો સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. પણ પ્રારબ્ધકર્મવિશેષથી શ્રવણાદિના ફળનો પ્રતિબન્ધ શા માટે કરો છો. શ્રવણાદિથીજ કર્મવિપાકનો પ્રતિબન્ધ કેમ ન થાય તેને માટે કહે છે—'કર્મનો વિપાક ઉપસ્થિત થવો' ઇત્યાદિ. દેશાદિના મહિમાથી કર્મોનો વિપાક થાય છે એવો અર્થ છે. તે દેશાદિઓ શ્રવણાદિકનોજ કેમ વિપાક કરતા નથી તેને વિષે કહે છે—'વળી જે દેશ, કાળ' ઇત્યાદિ. 'વિપાક ઉત્પન્ન કરનારાં'—'વિપાક'=ફલોન્મુખતા. ત્યારે શ્રવણાદિવિપાચક દેશાદિ કેવાં છે તેને વિષે કહે છે—'શાસ્ત્ર પણ' ઇત્યાદિ. ફળના બળથી દેશાદિકનું જ્ઞાન થાય છે એવો ભાવ છે. તોપણ કર્મથીજ શ્રવણાદિનો પ્રતિબન્ધ થાય છે, વૈપરીત્ય થતું નથી એને વિષે શો હેતુ છે તે કહે છે—'સાધનવીર્યવિશેષથી' ઇત્યાદિ. પ્રતિબન્ધકત્વશક્તિ પણ ફળબળથીજ સમજવી એવો ભાવ છે. પ્રતિબન્ધકના અસ્તિત્વ માટે શ્રુતિ ને સ્મૃતિનું લિંગ કહે છે—'તેવીજ રીતે શ્રુતિ' ઇત્યાદિ. તાત્પર્ય આ પ્રમાણે છે—પ્રતિબન્ધકીભૂત પાપો બે પ્રકારનાં છે, ૧ પ્રારબ્ધફળ (જેનું ફળ પ્રારબ્ધ થયું છે તે) ને ૨ અપ્રારબ્ધફળ (જેનું ફળ પ્રારબ્ધ નથી તે). તેમાં વિવિદિષાના પ્રતિબન્ધક જે પાપો છે તે અપ્રારબ્ધફળ છે, વિવિદિષાને ઉદ્દેશીને કરેલાં કર્મોથી તે પાપો નષ્ટ થાય છે. પણ પ્રારબ્ધફળ પાપો તો કેવલ ભોગથીજ નાશ થઈ શકે એવાં છે. ભોગક્ષય વિના વિવિદિષાજ ઉદય પામતી નથી, તેથી કહે છે—'श्रवणायापि बहुभिर्यो न लभ्यः' કેમકે પ્રતિબન્ધક વિદ્યમાન હોય એટલે શ્રવણસામગ્રી નિષ્ફળ થતી નથી. એ પ્રમાણે વિવિદિષાની ઉત્પત્તિ પછી પણ જો પ્રારબ્ધફળ પ્રતિબન્ધક સંચારિત હોય તોપણ જ્યાંસુધી ભોગથી ક્ષય ન થાય ત્યાં-

નુવિષ્ટ થયેલો કેવળ બીજ છે) એમ. વળી ગર્ભમાં રહેલોજ વામદેવ બ્રહ્મભાવ પામ્યો એમ કહેતી શ્રુતિ અન્ય જન્મમાં સંચિત સાધનથી અન્ય જન્મમાં વિદ્યાની ઉત્પત્તિ દર્શાવે છે; કેમકે ગર્ભમાં રહેલાનુંજ કંઈ ઐહિક સાધન સંભવતું નથી. સ્મૃતિમાં પણ 'अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति' [ભગ૦ગી૦૬।૩૭] (યોગની સંસિદ્ધિ—યોગફળ સમ્યગ્દર્શન—પ્રાપ્ત કર્યા વગર, હે કૃષ્ણ, શી ગતિ પામે છે) એમ અર્જુને જેને પૂછ્યું એવા ભગવાન્ વાસુદેવે 'न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति' [ભગ૦ગી૦ ૬।૪૦] (કારણ કે કલ્યાણ—શુભકર્મ કરનાર કોઈ પણ, હે પ્રિય શિષ્ય (પુત્રતુલ્ય), દુર્ગતિ પામતો નથી) એમ કહીને પુનઃ તેની પુણ્યલોકપ્રાપ્તિ અને સારા કુળમાં જન્મ કહીને પછી 'तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम्' [ગી૦ ૬।૪૩] (તેમાં—યોગીઓના કુળમાં—પૂર્વ દેહમાં થયેલો બુદ્ધિસંયોગ પ્રાપ્ત કરે છે) ઇત્યાદિથી, 'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्' [ગી૦ ૬।૪૫]

[illegible] છે. વિવિદિષાની ઉત્પત્તિ સુધી નિયમાન, શ્રવણના પ્રતિબન્ધક અપ[illegible] તો [illegible] કરેલાં કર્મોનો નાશ થાય છે; કેમકે 'ज्ञानमुत्पद्यते पुंसां क्षयात् पापस्य कर्मणः । [illegible]'—પાપ કર્મના ક્ષયથી પુરુષોને જ્ઞાન ઉત્પન્ન [illegible] નાશ કરવાનાં સાધન છે. ઇત્યાદિ વચનનું પર્યાલોચન કરવાથી ક્યાં [illegible] પણ છે એમ સમજાય છે. શ્રવણાદિને વિષે પ્રવૃત્ત હોય તેને પણ પ્રારબ્ધફળ તે [illegible] પરિપાક થાય ત્યાંસુધી પ્રતિબન્ધક છે એમ [illegible] તેનો [illegible] નાશ છે, અપ્રારબ્ધની શ્રવણાદિવિષયના અનુષ્ઠાનથી [illegible] છે—'श्रवणायापि बहुभिर्यो न लभ्यः' 'शृण्वन्तोऽपि बहवो यं न विदुः' [illegible] હેતુ કહે છે—'आश्चर्यो वक्ता'—આચાર્ય દુર્લભ છે, વિવિદિષા ઉત્પન્ન થઈ હોય [illegible] ઉપલબ્ધ છે. 'शृण्वन्तोऽपि बहवो यं न विदुः' એને [illegible] હેતુ કહે છે—'[illegible]'—એની એટલે આત્માની [illegible] એટલે સાક્ષાત્કાર [illegible] છે કે જે [illegible] અનુભવ કરે છે. [illegible] છે તેને પણ [illegible] છે તો [illegible] એવી વાત છે. [illegible]

[illegible] કહે છે—'आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः'—[illegible]

[illegible] 'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्' ([illegible])

[illegible] છે. પ્રકૃત [illegible]

અનેક જન્મમાં ઉપચિત થયેલા સંસ્કારથી સંસિદ્ધ-સમ્યગ્જ્ઞાની થઈ શ્રેષ્ઠ ગતિ પામે) દૃષ્ટાન્ત વડે એજ દર્શાવે છે. તેટલા માટે પ્રતિબન્ધના ક્ષયની અપેક્ષાએ વિ- ાજન્મ આ જન્મમાં કે અન્ય જન્મમાં થાય છે એવી સ્થિતિ છે ॥ ૫૧ ॥

एवं मुक्तिफलानियमस्तदवस्थावधृतेस्तदवस्थावधृतेः ॥ ५२ ॥

એ પ્રમાણે મુક્તિફળને વિષે નિયમ નથી; કેમકે તેની અવસ્થા નિશ્ચિત થઈ છે; કેમકે તેની અવસ્થા નિશ્ચિત થઈ છે ॥ ૫૨ ॥

જેમ વિદ્યાસાધનનું અવલંબન કરનાર મુમુક્ષુને સાધનના વીર્યવિશેષથી વિદ્યા- ફળ ફળને વિષે ઐહિક ફલત્વ અને આમુષ્મિક ફલત્વ એમ વિશેષ પ્રતિનિયમ

ને શ્રવણાદિ પ્રમાણ છે તેથી શ્રવણાદિજ સાક્ષાત્ વિદ્યાનાં સાધન છે. યજ્ઞાદિ તો, મનની દ્ધિ કરીને કે વિદ્યાના ઉત્પાદક શ્રવણાદિરૂપ પ્રમાણ તેને વિષે પ્રવૃત્તિ થાય તેમાં જે ઘ્નો આવે તેનો ઉપશમ કરીને વિદ્યાના સાધન થાય. શ્રવણાદિ તો કોઈની પણ અપેક્ષા ના વિદ્યાના ઉત્પાદક છે. વળી પ્રમાણોને વિષે પ્રવૃત્તિ કરનાર પ્રમાતાઓ ઐહિક પણ ચિરકાળે નારી પ્રમાની ઉત્પત્તિ ઇચ્છતા નથી; પરંતુ તત્કાળે થનારીજ પ્રમાની ઉત્પત્તિ ઇચ્છે છે; પારલૌ- ક પ્રમોત્પત્તિની તો પૂર્વેજ. ખરેખર, કુંભને જોવા ઇચ્છનાર કાલાંતરીય—અન્ય કાળના— ભના દર્શનને માટે આંખો ઉઘાડતો નથી; પણ તે કાળના કુંભના દર્શનને માટે; તેટલા માટે વિદ્યાની ઉત્પત્તિ ઐહિકજ છે; તેનો કાળ અનિયત નથી. શ્રુતિ અને સ્મૃતિ વિદ્યાની ઉત્પત્તિ રલૌકિક કહે છે તે સ્તુતિથી કહે છે. ખરેખર, શ્રવણાદિ એવાં આવશ્યક ફળવાળાં છે અન્ય કાળમાં પણ ફળ ઉત્પન્ન કરે છે એમ સ્તુતિને અર્થે કહે છે. આવો પૂર્વપક્ષ છે. સિદ્ધાન્ત—શ્રવણાદિથી વિદ્યાની ઉત્પત્તિ કરવામાં યજ્ઞાદિના, સત્ત્વશુદ્ધિદ્વારા કે વિઘ્નોપશમદ્વારા ઉપયોગ બે કારણથી છે, તેજ કારણથી તે યજ્ઞાદિ, અન્ય કર્મના પ્રતિબન્ધ કે અપ્રતિબન્ધથી અનિયત ફળવાળાં—આ જન્મમાં કે અન્ય જન્મમાં ફળ આપનાર—થાય. તેની અપેક્ષાએ શ્રવણાદિ પણ અનિયત ફળવાળા થાય એ ન્યાય્ય છે, કેમકે જેમ યજ્ઞાદિ નથી તેવાં શ્રવણાદિ અનુત્પાદક છે. કે પુરૂષનું અવિશુદ્ધ સત્ત્વ હોવાથી તે પ્રતિ શ્રવણાદિ અનુ- ત્પાદક છે. તેટલા માટે તે શ્રવણાદિને યજ્ઞાદિની અપેક્ષા છે અને યજ્ઞાદિ અનિયત ફળવાળા તો શ્રવણાદિ પણ અનિયત ફળવાળાં થાય એજ યુક્ત છે. એ પ્રમાણે શ્રુતિનો ને સ્મૃતિનો નિબન્ધ સ્તુતિમાત્ર તરીકે વ્યાખ્યેય થશે નહિ. અને વિદ્વાન્ પુરુષ પણ સાધનસમર્થને અનુસારે તેને અનુરૂપજ કામના કરશે. તેથી 'અભિસંધિ નિરંકુશ છે' એમ કહ્યું છે ॥ ૫૧ ॥

પ્રારબ્ધકર્મરૂપ પ્રતિબન્ધ ન હોય તો શ્રવણાદિથી આ જન્મમાંજ વિદ્યાનો ઉદય થાય છે એમ સહિત પ્રારબ્ધ પ્રતિબન્ધક થતાંથી નિરસ્ત થાય છે. પણ પ્રારબ્ધરૂપ પ્રતિબન્ધ હોય તો તે ભોગથી તેનું નિરસન થાય છે તેથી અન્ય જન્મમાં વિદ્યાનો ઉદય થાય છે, એમ વિદ્યાનો ઐહિકત્વ ને આમુષ્મિકત્વ વિશેષ નિયમ કહ્યો છે તે પ્રમાણે વિદ્યાના ફળ મોક્ષને વિષે પણ કોઈક ઉત્કર્ષ આદિ વિશેષ થાય એવી શંકા પ્રાપ્ત કરે છે—'एवं मुक्तिफलानियमः'. નહિ મુક્તિ વિષય છે; તેને વિષે વિદ્યાથી કોઈ વિશેષ નિયમ છે કે નહિ એમ ફળનો ઉત્કર્ષ સંભવ હોવાથી સંશય થવે પૂર્વપક્ષ કહે છે—'જેમ વિદ્યાસાધનનું અવલંબન કરનાર મુ- મુક્ષુને' ઇત્યાદિ. મુક્તિ સવિશેષ છે, ફળ છે તેથી, વિદ્યાની પેઠે; તેથી કર્મફળ મુક્તિ

…(ઉત્પન્ન થયેલો દેખાય છે) એમ. વળી ગર્ભમાં રહેલાજ વામદેવ બ્રહ્મભાવ પામ્યા એમ કહેનારી શ્રુતિ અન્ય જન્મમાં સંચિત સાધનથી અન્ય જન્મમાં વિદ્યાની ઉત્પત્તિ દર્શાવે છે; કેમકે ગર્ભમાં રહેલાનુંજ કંઈ ઐહિક સાધન સંભવતું નથી. સ્મૃતિમાં પણ 'अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति' [ભગ૦ગી૦૬।૩૭] (યોગની સંસિદ્ધિ—યોગફલ અપ્રાપ્ત—પ્રાપ્ત કર્યા વગર, હે કૃષ્ણ, કઈ ગતિ પામે છે) એમ અર્જુને તેને પૂછ્યું એટલે ભગવાન વાસુદેવે 'न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति' [ભગ૦ગી૦ ૬।૪૦] (કારણ કે કલ્યાણ—શુભકર્મ કરનાર કોઈ પણ, હે તાત (વત્સ), કુત્સિત ગતિ પામતો નથી) એમ કહીને પુનઃ તેની પુણ્યલોકપ્રાપ્તિ અને સાધુ કુળમાં જન્મ કહીને પછી 'तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम्' [ગી૦ ૬।૪૩] (તેમાં—યોગીઓના કુળમાં—પૂર્વ દેહમાં થયેલો બુદ્ધિયોગ પામે છે) ઇત્યાદિથી, 'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्' [ગી૦ ૬।૪૫]

[illegible] વિદ્યાની ઉત્પત્તિ પછી વિદ્યમાન, [illegible] ... કેમકે 'ज्ञानमुत्पन्ने पुंसां [illegible] …' [illegible] … 'ज्ञानाग्निः सर्वकर्माणि [illegible]' … [illegible]

અનેક જન્મમાં ઉપચિત થયલા સંસ્કારથી સંસિદ્ધ–સમ્યગ્જ્ઞાની થઈ શ્રેષ્ઠ ગતિ પામે) ઇત્યાદિ વડે એજ દર્શાવે છે. તેટલા માટે પ્રતિબન્ધના ક્ષયની અપેક્ષાએ વિ-જન્મ આ જન્મમાં કે અન્ય જન્મમાં થાય છે એવી સ્થિતિ છે ॥ ૫૧ ॥

एवं मुक्तिफलानियमस्तदवस्थावधृतेस्तदवस्थावधृतेः ॥ ५२ ॥

એ પ્રમાણે મુક્તિફળને વિષે નિયમ નથી; કેમકે તેની અવસ્થા નિશ્ચિત થઈ છે; કેમકે તેની અવસ્થા નિશ્ચિત થઈ છે ॥ ૫૨ ॥

જેમ વિદ્યાસાધનનું અવલંબન કરનાર મુમુક્ષુને સાધનના વીર્યવિશેષથી વિદ્યા-લક્ષણ ફળને વિષે ઐહિક ફલત્વ અને આમુષ્મિક ફલત્વ એમ વિશેષ પ્રતિનિયમ

ને શ્રવણાદિ પ્રમાણ છે તેથી શ્રવણાદિજ સાક્ષાત્ વિદ્યાનાં સાધન છે. યજ્ઞાદિ તો, સત્ત્વની શુદ્ધિ કરીને કે વિદ્યાના ઉત્પાદક શ્રવણાદિલક્ષણ પ્રમાણ તેને વિષે પ્રવૃત્તિ થાય તેમાં જે વિઘ્નો આવે તેનો ઉપશમ કરીને વિદ્યાના સાધન થાય. શ્રવણાદિ તો કોઈની પણ અપેક્ષા વિના વિદ્યાના ઉત્પાદક છે. વળી પ્રમાણોને વિષે પ્રવૃત્તિ કરનાર પ્રમાતાઓ ઐહિક પણ ચિરકાળે થનારી પ્રમાની ઉત્પત્તિ ઇચ્છતા નથી; પરંતુ તત્કાળે થનારીજ પ્રમાની ઉત્પત્તિ ઇચ્છે છે; પારલૌકિક પ્રમોત્પત્તિની તો પૂર્વેજ. ખરેખર, કુંભને જોવા ઇચ્છનાર કાળાંતરીય—અન્ય કાળના—કુંભના દર્શનને માટે આંખો ઉઘાડતો નથી; પણ તે કાળના કુંભના દર્શનને માટે; તેટલા માટે વિદ્યાની ઉત્પત્તિ ઐહિકજ છે; તેનો કાળ અનિયત નથી. શ્રુતિ અને સ્મૃતિ વિદ્યાની ઉત્પત્તિ પારલૌકિક કહે છે ને સ્તુતિથી કહે છે. ખરેખર, શ્રવણાદિ એવાં આવશ્યક ફળવાળાં છે કે અન્ય કાળમાં પણ ફળ ઉત્પન્ન કરે છે એમ સ્તુતિને અર્થે કહે છે. આવો પૂર્વપક્ષ છે. સિદ્ધાન્ત—શ્રવણાદિથી વિદ્યાની ઉત્પત્તિ કરવામાં યજ્ઞાદિના, સત્ત્વશુદ્ધિદ્વારા કે વિઘ્નોપશમદ્વારા ઉપયોગ જે કારણથી છે, તેજ કારણથી તે યજ્ઞાદિ, અન્ય કર્મના પ્રતિબન્ધ કે અપ્રતિબન્ધથી અનિયત ફળવાળાં—આ જન્મમાં કે અન્ય જન્મમાં ફળ આપનારાં—થવાથી તેની અપેક્ષાએ શ્રવણાદિ પણ અનિયત ફળવાળાં થાય એ ન્યાય્ય છે; કેમકે જેમાંથી વિઘ્નોનો નાશ થયો નથી એવાં શ્રવણાદિ અનુત્પાદક છે; કે પુરુષનું અવિશુદ્ધ સત્ત્વ હોવાથી તે પ્રતિ શ્રવણાદિ અનુત્પાદક છે. તેટલા માટે તે શ્રવણાદિને યજ્ઞાદિની અપેક્ષા છે અને યજ્ઞાદિ અનિયત ફળવાળાં છે તો શ્રવણાદિ પણ અનિયત ફળવાળાં થાય એજ યુક્ત છે. એ પ્રમાણે શ્રુતિનો ને સ્મૃતિનો પ્રતિબન્ધ સ્તુતિમાત્ર તરીકે વ્યાખ્યેય થશે નહિ; અને વિદ્યાર્થી પુરુષો પણ સાધનસામર્થ્યને અનુસારે તેને અનુરૂપજ કામના કરશે. તેથી 'અભિસંધિ નિરંકુશ છે'એમ કહ્યું છે ॥ ૫૧ ॥

પ્રારબ્ધકર્મરૂપ પ્રતિબન્ધ ન હોય તો શ્રવણાદિથી આ જન્મમાંજ વિદ્યાનો ઉદય થાય છે કેમકે સંચિત પાપરૂપ પ્રતિબન્ધક યજ્ઞાદિથી નિરસ્ત થાય છે. પણ પ્રારબ્ધકર્મરૂપ પ્રતિબન્ધ હોય તો તો ભોગથી તેનું નિરસન થાય છે તેથી અન્ય જન્મમાં વિદ્યાનો ઉદય થાય છે, એમ વિદ્યાનો ઐહિકત્વ ને આમુષ્મિકત્વ વિશેષ નિયમ કહ્યો છે તે પ્રમાણે વિદ્યાના ફળ મોક્ષને વિષે પણ કોઈક ઉત્કર્ષ આદિ વિશેષ થાય એવી શંકા માટે કહે છે—' एवं मुक्तिफलानियमः '. અહિં મુક્તિ વિષય છે; તેને વિષે વિદ્યાની પેઠે વિશેષ નિયમ છે કે નહિ એમ ફળનો ઉભયથા સંભવ હોવાથી સંશય થયે પૂર્વપક્ષ કહે છે—'જેમ વિદ્યાસાધનનું અવલંબન કરનાર મુમુક્ષુને' ઇત્યાદિ. મુક્તિ સવિશેષ છે, ફળ છે તેથી, વિદ્યાની પેઠે; એથી કર્મસાધ્ય મુક્તિ

જોવામાં આવે છે. એ પ્રમાણે મુક્તિલક્ષણને વિષે પણ ઉત્કર્ષ ને અપક
કોઈક એ પ્રકારનો વિશેષ પ્રતિનિયમ થાય એમ આશંકા કરી કહે છે—મુ
નિયમઃ-મુક્તિફળને વિષે નિયમ નથી એમ. ખરેખર, મુક્તિફળને વિષે
એ પ્રકારના વિશેષ પ્રતિનિયમની આશંકા કરવી યુક્ત નથી. શાથી? તે
સ્થા અવધૃત થઈ છે તેથી? ખરેખર મુક્તિની અવસ્થા સર્વ વેદાન્તોમાં
છે એમ અવધારણ કર્યું છે; કેમકે બ્રહ્મજ મુક્તિની અવસ્થા છે અને બ્રહ્મ
આકારનો યોગ નથી; કારણ કે તેનું એકજ લિંગ-સ્વરૂપ છે એમ અવધા
છે—'अस्थूलमनणु' [બૃહ૦ ૩।૮।૮] (સ્થૂલ નહિ, અણુ નહિ), 'स
नेत्यात्मा' [બૃહ૦ ૩।૯।૨૬] (તે એ આત્મા, જે મધુકાણ્ડમાં 'આવો
'આવો નથી' એમ નિર્દિષ્ટ કર્યો છે), 'यत्र नान्यत् पश्यति' [છાન્દો૦ ૭
(જે ભૂમન્ તત્ત્વને વિષે અન્યત્ દ્રષ્ટવ્ય અન્ય કરણથી અન્ય દ્રષ્ટા દૃશ્ય
નથી), 'ब्रह्मैवेदममृतं पुरस्तात्' [મુણ્ડ૦ ૨।૨।૧૧) (એ ઉક્તલક્ષણ અમૃત
અગ્રે છે), 'इदं सर्वं यदयमात्मा' [બૃહ૦ ૨।૪।૬] (એ સર્વ બ્રહ્મજ છે,
આત્મા દ્રષ્ટવ્ય છે, શ્રોતવ્ય છે એમ પ્રકૃત છે), 'स वा एष महानज आत्म
मृतोऽमरोऽभयो ब्रह्म' [બૃહ૦ ૪।૪।૨૫] (તે એ મહાન્, અજ આત્મા
છે—જીર્ણ થતો નથી, વિપરિણામ પામતો નથી—, તેથીજ અમૃત છે, અવિ
તેથીજ અભય છે—અવિદ્યાકાર્યથી વર્જિત છે), 'यत्र त्वस्य सर्वमात्मैवाभू
केन कं पश्येत्' [બૃહ૦ ૪।૫।૧૫] (જ્યાં સર્વ એનો આત્માજ થાય છે,
શા વડે જુએ)-ઇત્યાદિ શ્રુતિઓથી. વળી વિદ્યાનું સાધન પોતાના વીર્ય
પોતાના ફળ વિદ્યાને વિષેજ કોઈક અતિશય આસક્ત કરે, વિદ્યાના ફળ
વિષે નહિ; કારણ કે તે મુક્તિફળ તો અસાધ્ય છે, નિત્ય સિદ્ધસ્વભાવજ

છે એમ પૂર્વપક્ષનું ફળ છે. સિદ્ધાન્તમાં તો મુક્તિ નિર્વિશેષ છે એમ અવધારણ કરનાર
અનુમાન બાધિત છે, તેથી એકલા જ્ઞાનથીજ મુક્તિ વ્યંગ્ય થાય છે એવું ફળ છે. વ
ણાદિતારતમ્યથી વિદ્યાને વિષે કોઈક અતિશયનો અંગીકાર કરીને વિદ્યાજન્ય મુક્તિ
અતિશય નથી એમ કહે છે—'વળી વિદ્યાનું સાધન' ઇત્યાદિ. પણ બ્રહ્મ એ
છે, અને અવિદ્યાની નિવૃત્તિ એ અન્ય છે તેથી દ્વૈત આપન્ન થશે; અને અવિદ્યાની
બ્રહ્મથી અનન્ય હોશે તો અસાધ્ય થશે ને તેમ થવાથી વિદ્યાનું ફળ શું એ શંકાનું
કરવા કહે છે—'કારણ કે તે મુક્તિફળનો અસાધ્ય છે' ઇત્યાદિ. વિદ્યાથી અભિવ્ય
બ્રહ્માનન્દજ મુખ્ય ફળ છે. અભિવ્યક્તિ એટલે અવિદ્યાની નિવૃત્તિ, આનન્દસ્વરૂપસ્ફૂર્તિ
નિબન્ધકના અભાવથી વિદ્યાથી સાધ્ય થાય છે; તે અનિર્વાચ્ય છે એટલે દ્વૈત આપન્ન
વિદ્વાનો તો અવિદ્યાનિવૃત્તિને બ્રહ્મથી અનન્ય માને છે. એમ હોવાથી અવિદ્યા
સાધ્યત્વ અનુપપન્ન થશે ને તેથી વિદ્યા વ્યર્થ થશે એવી શંકા ન કરવી; કેમકે જેને
જેનો અભાવ છે તે તેનાથી સાધ્ય છે એ જ્ઞાનથી સર્વ લોક પ્રવર્તે છે. તે પ્રમાણે વિદ
ભાવે બ્રહ્મસ્વરૂપ મુક્તિનો અભાવ અનર્થરૂપ અવિદ્યાજ છે. એ અવિદ્યાનીજ મુક્તિ ન
વ્યવહારવિષયત્વે મુક્તિનો અભાવ છે. તેટલા માટે વિદ્યા વિના મુક્તિ નથી એવો

વિદ્યાથી પ્રાપ્ત કરાય છે એમ અમે અનેકવાર કહ્યું છે. તેને વિષે પણ ઉત્કર્ષાત્મક કે નિકર્ષાત્મક કોઈ અતિશય ઉપપન્ન થતો નથી; કેમકે નિકૃષ્ટ વિદ્યા નથી, કારણ કે ઉત્કૃષ્ટજ વિદ્યા છે. તેટલા માટે તેને—વિદ્યાને વિષે ચિરકાળે કે અચિરકાળે ઉત્પત્તિરૂપ અતિશય થતો થાય, પણ મુક્તિને વિષે કોઈ પણ અતિશયનો સંભવ નથી. વળી વિદ્યાના ભેદનો અભાવ છે તેથી પણ તેના ફળને વિષે ભેદનિયમનો અભાવ છે; કર્મનાં ફળની પેઠે. ખરેખર, મુક્તિના સાધનભૂત વિદ્યામાં કર્મોના જેવો ભેદ નથી. પણ 'मनोमयः प्राणशरीरः' [છાન્દો૦ ૩।૧૪।૨] (મનોમય છે, પ્રાણશરીર છે) ઇત્યાદિ સગુણવિદ્યામાં ગુણોના આવાપ ને ઉદ્વાપને લીધે ભેદ ઉપપન્ન થાય છે, તેથી તે ભેદને અનુસારે ફળમાં ભેદનિયમ થાય છે, કર્મનાં ફળમાં થાય છે તેમ. તેવીજ રીતે 'तं यथा यथोपासते तदेव भवति' (તેને જે જે પ્રકારે ઉપાસે છે તેજ થાય છે) એમ લિંગદર્શન છે. તેમજ સ્મૃતિ પણ છે—'न हि गतिरधिकास्ति कस्यचित् सति हि गुणे प्रवदन्त्यतुल्यताम्' (કોઈની પણ અધિક ગતિ નથી; કારણ કે ગુણ હોય તોજ તેઓ અતુલ્યતા કહે છે), 'तदवस्थावधृतेः', 'तदवस्थावधृतेः' એમ પદની પુનરુક્તિ અધ્યાયની સમાપ્તિનું દ્યોતન કરે છે ॥ ૫૨ ॥

इति श्रीमच्छंकरभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये गुर्जरगिरा भाष्यानुवादे
तृतीयाध्यायस्य चतुर्थः पादः ॥ ४ ॥
इति तृतीयोऽध्यायः ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ગુર્જરગિરાએ ભાષ્યાનુવાદમાં તૃતીય અધ્યાયનો ચતુર્થ પાદ સમાપ્ત ॥ ૪ ॥

તૃતીય અધ્યાય સમાપ્ત ॥

હોવાથી વિદ્યાનું ગ્રહણ કરે છે; અને વિદ્યાનો ઉદય થયે સ્વતઃસિદ્ધ, નિત્ય, [1]નિવૃત્તાનર્થ, સ્વપ્રકાશ, બ્રહ્માનન્દસ્વરૂપે અવસ્થિત થાય છે એમ સર્વ અનવદ્ય-દોષરહિત છે. હવે વિદ્યાને વિષે સ્વીકારેલા અતિશયનો ત્યાગ કરે છે—'તેને વિષે પણ ઉત્કર્ષાત્મક' ઇત્યાદિ. એકરૂપ વિષયપ્રમાને વિષે તારતમ્ય અનુપપન્ન છે એવો અર્થ છે. ત્યારે પૂર્વ અધિકરણમાં વિદ્યાનો વિલંબ શા માટે કહ્યો છે તેને વિષે કહે છે—'તેટલા માટે તેને—વિદ્યાને વિષે' ઇત્યાદિ. સામગ્રી હોય તોપણ જ્ઞાનને વિષે વિલંબ કહ્યો છે, તારતમ્ય કહ્યું નથી એવો અર્થ છે. ત્યારે જ્ઞાન હોય તોપણ મુક્તિને વિષે વિલંબ કેમ ન થાય તેને માટે કહે છે—'પણ મુક્તિને વિષે કોઈ પણ અતિશયનો' ઇત્યાદિ. વાયુ આદિના પ્રતિબન્ધથી દીપની ઉત્પત્તિમાં વિલંબ પણ ઉત્પન્ન થાય છે; પણ અન્ધકારની નિવૃત્તિમાં વિલંબ દેખાતો નથી તેથી જ્ઞાન વિદ્યમાન થયે

---

૧ જેમાંથી અનર્થ નિવૃત્ત થયો છે.

....

અજ્ઞાનની નિવૃત્તિમાં વિલંબ નથી એવો ભાવ છે. વળી કર્મો અને ઉપાસનાઓ ભેદ કરીને તારતમ્ય છે તેથી ફળનું તારતમ્ય યુક્ત છે. પણ નિર્ગુણવિદ્યા તો તેથી તેનું ફળ એકરૂપ છે એમ કહે છે—' વળી વિદ્યાના ભેદનો અભાવ છે તે ઇત્યાદિ. ' कस्यचित् ' = નિર્ગુણવેત્તાને એવો અર્થ છે. તેટલા માટે વિલાસમકારે છે એમ સિદ્ધ થાય છે. ' गतिः ' = પ્રાપ્ય ફળ. નિર્વિશેષને વિષે કોઈકને અધિક ને કોઈકને ન્યૂન પ્રાપ્ય ફળ એમ નથી; કેમકે ગુણ ઉપાસ્ય હોય તો તેમાં તારતમ્ય ફળને વિષે વિદ્વાનો અતુલ્યતા કહે છે એવો અર્થ છે ॥ પર ॥

इति श्रीमच्छंकरभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये टीकाग्रन्था गुर्जरगिरानुवादे तृतीयाध्यायस्य चतुर्थः पादः ॥ ४ ॥

इति तृतीयोऽध्यायः ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ટીકાગ્રન્થોના ગુર્જર ગિરાથી અનુવાદમાં ચતુર્થ પાદ સમાપ્ત ॥ ૪ ॥

તૃતીય અધ્યાય સમાપ્ત ॥



अथ चतुर्थोऽध्यायः।

પ્રથમ પાદ।

आवृत्तिरसकृदुपदेशात् ॥ १ ॥

(પ્રત્યયની) આવૃત્તિ (કરવી જોઈએ), અસકૃત્ ઉપદેશ છે તેથી ॥૧॥

તૃતીય અધ્યાયમાં પર વિદ્યા અને અપર વિદ્યા વિષે સાધનસંબન્ધી વિચાર મુખ્યત્વે થયો; હવે આ ચતુર્થ અધ્યાયમાં ફલસંબન્ધી વિચાર આવશે; અને પ્રસંગે આવેલા, બીજા પણ કશાનો વિચાર થશે. પ્રથમ તો કેટલાંક અધિકરણોથી સાધનસંબન્ધી અવશિષ્ટ વિચારનેજ અનુસરીએ છીએ. 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' [બૃહ૦ ૪।૫।૬] (અરે મૈત્રેયિ, આત્મા દર્શન, શ્રવણ, મનન, ને નિદિધ્યાસન કરવા યોગ્ય છે), 'तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत' [બૃહ૦ ૪।૪।૨૧] (તેજ એવા આત્માને ધીમાન્ પુરુષે ઉપદેશ ને શાસ્ત્રથી જાણીને, શાસ્ત્રે ને આચાર્યે જે ઉપદિષ્ટ કર્યું હોય તે વિષે જિજ્ઞાસા પરિસમાપ્ત કરે એવી પ્રજ્ઞા કરવી), 'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' [છાન્દો૦ ૮।૭।૧] (તે અન્વેષણ કરવાને વિજિજ્ઞાસા કરવા યોગ્ય છે), અને એવાં વચનોમાં શ્રવણને વિષે સંશય થાય છે—કે સકૃત્ પ્રત્યય કરવો કે આવૃત્તિથી એમ. શું પ્રાપ્ત થાય છે? સકૃત્ પ્રત્યય

સાધનનું નિરૂપણ તૃતીય અધ્યાયમાં કરીને હવે ફળનું નિરૂપણ ચતુર્થ અધ્યાયમાં કરે છે. એમ બે અધ્યાયો વચ્ચે હેતુહેતુમદ્ભાવની સંગતિ છે એમ કહે છે—'તૃતીય અધ્યાયમાં' ઇત્યાદિ. ફળને પ્રસંગે, ઉત્ક્રાન્તિ ને અર્ચિરાદિમાર્ગનો વિચાર થશે એમ કહે છે—'પ્રસંગે આવેલા, બીજા પણ કશાનો વિચાર થશે'. પૂર્વે સાક્ષાત્ શ્રુતિમાં કહેલા સંન્યાસાદિ સાધનોનો વિચાર કર્યો; હવે ફલાર્થાપત્તિથી પ્રાપ્ત આવૃત્તિ આદિનું અપારશેષ અધિકરણની પૂર્વે ચિન્તન થાય છે, પછી જીવનમુક્તિનું. દ્વિતીય પાદમાં ઉત્ક્રાન્તિનું; તૃતીય પાદમાં અર્ચિરાદિ મન્તવ્ય માર્ગના નિર્ણયનું; ને ચતુર્થ પાદમાં જ્ઞાન ને ઉપાસનાના ફળના નિર્ણયનું ચિન્તન થાય છે એમ પાદોના અર્થનો વિવેક છે. આદ્ય અધિકરણના શ્રવણાદિ સાધન એ વિષયનો અનુવાદ કરીને જે રીતે અનુષ્ઠાન જોવામાં આવે છે તેથી સંશય કહે છે—'आत्मा वा' ઇત્યાદિ. પૂર્વ અધિકરણમાં મોક્ષને વિષે વિશેષનો અભાવ કહ્યો છે—મોક્ષમાં વિશેષ નથી એમ કહ્યું છે; તે પ્રમાણે શ્રવણાદિને વિષે આવૃત્તિનો વિશેષ નથી એમ દૃષ્ટાન્તસંગતિથી પૂર્વપક્ષ કહે છે—'શું પ્રાપ્ત થાય છે?' વિદ્યાસાધનભૂત શ્રવણાદિ સકૃત્ કરવાં કે ફલપર્યન્ત આવૃત્તિ કરી કરવાં એમ સંશય થયે આ પૂર્વપક્ષ છે. એમજ સવિશેષોપાસના પણ પ્રાયણપર્યન્ત આવૃત્તિ કરી કરવી

---

૧. શ્રવણાદિ, જ્ઞાનસાધન, એવી પ્રતીતિ થાય છે તે.

કરવો, પ્રયાજાદિની પેઠે; કેમકે તેટલેથી શાસ્ત્ર કૃતાર્થ થાય છે; ખરેખર, શ્રુતિમાં જણાતી નથી એવી આવૃત્તિ કરાય તો અશાસ્ત્રાર્થ કરેલો થાય. પણ 'श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' (શ્રવણ, મનન, ને નિદિધ્યાસન કરવા યોગ્ય છે) ઇત્યાદિ અસકૃત્ ઉપદેશ કહ્યા છે. એમ પણ શ્રુતિને અનુસારેજ આવૃત્તિ કરવી, સકૃત્ શ્રવણ કરવું, સકૃત્ મનન કરવું, સકૃત્ નિદિધ્યાસન કરવું, એથી અતિરિક્ત નહિ. સકૃત્ ઉપદેશોમાં તો 'वेद' (તે જાણે છે), 'उपासीत' (તેણે ઉપાસના કરવી) ઇત્યાદિમાં અનાવૃત્તિ છે એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—પ્રત્યયની આવૃત્તિ કરવી યુક્ત છે. શાથી? અસકૃત્ ઉપદેશ છે તેથી; કારણ કે 'श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' (શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવા યોગ્ય છે) એ પ્રકારનો અસકૃત્ ઉપદેશ પ્રત્યયની આવૃત્તિ સૂચવે છે. પણ એમ કહ્યું છે કે શ્રુતિને અનુસારેજ આવૃત્તિ કરવી, અધિકનીજ નહિ. ના, કેમકે દર્શન એ એ પ્રત્યયોનું પર્યવસાન છે; કારણ કે શ્રવણાદિની આવૃત્તિ થયે દર્શન તેનું પર્યવસાન થાય ત્યારે તે [1]દૃષ્ટાર્થ

કે એકજ વાર એમ સંશય છે. 'પ્રયાજાદિની પેઠે'—જેમ પ્રયાજાદિ સકૃત્ અનુષ્ઠિત થઈ દર્શ ને પૂર્ણમાસના ફળને વિષે ઉપકારક થાય છે, તેમ શ્રવણાદિ પ્રત્યય પણ સકૃત્ અનુષ્ઠિત થઈ સમ્યગ્દર્શનનો હેતુ થાય છે. અહિં પૂર્વપક્ષમાં શ્રવણાદિ પ્રયાજની પેઠે અદૃષ્ટાર્થ હોવાથી સકૃત્ અનુષ્ઠાન એ ફળ છે; સિદ્ધાન્તમાં તો અવઘાતની પેઠે શ્રવણાદિ દૃષ્ટાર્થ છે તેથી ફળપર્યન્ત આવૃત્તિ કરવી, એમ બંનેનાં ફળમાં ભેદ છે. પણ અસકૃત્ ઉપદેશ, અન્યથા અનુપપન્ન થાય તેથી સાધનની આવૃત્તિને વિષે શાસ્ત્રનું તાત્પર્ય છે એમ શંકા કરે છે—"પણ 'श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः'" ઇત્યાદિ. શ્રવણાદિના સમુચ્ચયની સિદ્ધિને અર્થે અસકૃત્ ઉક્તિ છે એમ એ અસકૃત્ ઉક્તિ અન્યથા ઉપપન્ન થવાથી આવૃત્તિને વિષે તાત્પર્ય નથી એમ કહે છે—'એમ પણ શ્રુતિને અનુસારેજ' ઇત્યાદિ. સગુણસાક્ષાત્કારનાં સાધનોમાં પણ અનાવૃત્તિ કહે છે—'સકૃત્ ઉપદેશોમાં તો' ઇત્યાદિ. પૂર્વપક્ષની સામા શંકા એવી છે કે 'व्रीहीनवहन्ति' ડાંગેરને અવઘાત કરે છે-ખાંડે છે, એમાં અવઘાતમાત્રનું શ્રવણ છે તોપણ જ્યાંસુધી વિતુષીભાવ થાય—ડાંગેરમાંથી તુષ (છોડાં) જતાં રહે—ત્યાંસુધી અવઘાતની આવૃત્તિ કરવાની છે; તેમ શ્રવણાદિની પણ આવૃત્તિ કેમ ન થાય? પૂર્વપક્ષી સમાધાન કરે છે કે ન થાય; કારણ કે અવઘાતનું તો વિતુષીભાવ એ દૃષ્ટ ફળ છે. તેટલા માટે તેની સિદ્ધિને માટે અશ્રુત એવી પણ આવૃત્તિનો અહિં આક્ષેપ થાય છે. પણ શ્રવણાદિ તો સાક્ષાત્કારને ઉદ્દેશીને વિહિત કરેલાં છે, તેનું સાક્ષાત્કાર એ દૃષ્ટ ફળ નથી. અદૃષ્ટદ્વારાજ શ્રવણાદિ સાક્ષાત્કારનો હેતુ છે, માટે અવઘાતમાં થાય છે તેમ અહિં આવૃત્તિનો આક્ષેપ નથી. સગુણોપાસનામાં પણ બ્રહ્મલોકની પ્રાપ્તિ આદિ અદૃષ્ટદ્વારાજ થાય છે, માટે ત્યાં પણ આવૃત્તિનો આક્ષેપ નથી એમ પૂર્વપક્ષનું હૃદય છે. સિદ્ધાન્તી કહે છે—જોકે અસકૃત્ ઉપદેશ આવૃત્તિ ને સમુચ્ચય એમાંથી એકનો સૂચક છે તેથી અન્યથા સિદ્ધ છે; તોપણ દૃષ્ટ સંભવે તો અદૃષ્ટમાત્રની કલ્પના અનુપપન્ન હોવાથી, શ્રવણાદિની આવૃત્તિદ્વારા ધાન્ય આદિને વિષે સાક્ષાત્કારરૂપ ફળ દેખાય છે તેથી અસકૃત્ ઉક્તિ આવૃત્તિ સૂચવે છે, દૃષ્ટાર્થ છે એ ન્યાયના અનુગ્રહથી એમ કહે છે—'ના, કેમકે દર્શન એ એ પ્રત્યયોનું પર્યવસાન છે' ઇત્યાદિ. ધ્યાનની આવૃત્તિ તો 'वेद',

---

૧. એનું પ્રયોજન દૃષ્ટ કહ્યું છે તેથી.

થાય છે, જેમ અવઘાતાદિનું પર્યવસાન તણ્ડુલની નિષ્પત્તિ થાય છે ત્યારે તે દૃષ્ટાર્થ થાય છે, તેની પેઠે. વળી, ઉપાસન, નિદિધ્યાસન એમાં જેની અંદર આવૃત્તિ ગુણ છે એવી ક્રિયાનુંજ અભિધાન થાય છે: જેમકે લોકમાં 'गुरुमुपास्ते' (ગુરુને ઉપાસે છે), 'राजानमुपास्ते' (રાજાને ઉપાસે છે) એમ જે તાત્પર્યે ગુરુ આદિનું અનુવર્તન કરે છે તેનેજ વિષે એમ કહેવાય છે. તેમ 'ध्यायति प्रोषितनाथा पतिम्' (જેનો નાથ પ્રવાસ ગયો છે એવી સ્ત્રી પતિનું ધ્યાન ધરે છે) એમ જે પતિનું નિરન્તર સ્મરણ કરે છે ને પતિ પ્રતિ ઉત્કંઠાવાળી હોય છે તેને વિષે એમ કહેવાય છે. विद् ને उपास् ધાતુનો વેદાન્તોમાં [1]અવ્યતિરેકે પ્રયોગ દેખાય છે. કવચિત્ विद् ધાતુથી ઉપક્રમ કરીને उपास्થી ઉપસંહાર કરે છે; જેમકે 'यस्तद्वेद यत् स वेद स मयैतदुक्तः' [છાન્દો૦ ૪।૧।૪] (જે તે રૈક્વ જાણે છે તે જે જાણે છે તે મેં એમ કહેલા રૈક્વ જેવો થાય છે) એમાં 'नु म एतां भगवो देवतां शाधि यां देवतामुपास्से' [છાન્દો૦ ૪।૨।૨] (હે ભગવન્, રૈક્વ, જે દેવતાને તમે ઉપાસો છો તે દેવતાનું મને અનુશાસન કરો) એમ. કવચિત્ उपास्થી ઉપક્રમ કરી विद्થી ઉપસંહાર કરે છે; જેમકે 'मनो ब्रह्मेत्युपासीत' [છાન્દો૦ ૩।૧૮।૧] (મનને-જે વડે મ-

'उपासीत' એ શબ્દમાં શ્રુતિમાં છે તેથી તે આવૃત્તિ કેવલ આર્થિક નથી એમ કહે છે—'વળી, ઉપાસન, નિદિધ્યાસન એમાં' ઇત્યાદિ. ઉપાસ્તિશબ્દ આવૃત્તિવાચક છે; પણ वेद् એ શબ્દોક્ત વેદનને વિષે-એટલે અહંગ્રહને વિષે શી રીતે આવૃત્તિ સિદ્ધ થાય છે તેને માટે કહે છે—'विद् ને उपास् ધાતુનો' ઇત્યાદિ. એ બે શબ્દો એકાર્થક છે એમ ઉદાહરણ આપે છે—'કવચિત્ 'विद्' ધાતુથી' ઇત્યાદિ. 'यस्तद्वेद' ઇત્યાદિ. એમાં પૂર્વવાક્યમાં રૈક્વ પ્રસ્તુત છે. તે રૈક્વ જે જાણે છે, તે રૈક્વવેદ્ય, અન્ય પણ જે કોઈ જાણે છે, તેના પણ ધર્મમાં સર્વ લોકના ધર્મો અન્તર્ગત થાય છે એ પૂર્વવાક્યથી અનુષક્ત થાય છે. તે રૈક્વ એ પ્રમાણે મહિમાશાળી મેં એવો કહ્યો છે એમ હંસનું અન્ય હંસ પ્રતિ વચન છે. એ પ્રમાણે રૈક્વની પેઠે અન્ય પણ જે રૈક્વવેદ્ય જાણે છે તેને પણ સર્વ સાધુ ફળની પ્રાપ્તિ થાય છે. રૈક્વ જે પ્રાણતત્ત્વ જાણે છે તે રૈક્વથી અન્ય જે કોઈ જાણે છે તેના ફળમાં સર્વ અન્તર્ભૂત થાય છે એ મેં કહ્યું તેમાં મેં એ રીતે રૈક્વને ઉત્કૃષ્ટ તરીકે કહ્યો છે એમ હંસ પ્રતિ અન્ય હંસ કહે છે. તે સાંભળીને જાનશ્રુતિએ રૈક્વની પાસે જઈ કહ્યું. હે ભગવન્ રૈક્વ, જે દેવતાને તું ઉપાસે છે તે દેવતાનો મને ઉપદેશ કર. આમાં ઉપક્રમ ને ઉપસંહારમાં એકરૂપતાની સિદ્ધિને માટે विद् ને उपास् એકાર્થક છે એમ કહેવું જોઈએ. उपास्થી ઉપક્રમ કરી विद्થી ઉપસંહાર છે એવો દૃષ્ટાન્ત કહે છે—"જેમકે 'मनो ब्रह्मेत्युपासीत'" ઇત્યાદિ. એ પ્રમાણે સગુણસાક્ષાત્કાર ને નિર્ગુણસાક્ષાત્કારના સાધનની આવૃત્તિ શ્રૌતી છે તેમજ અર્થસિદ્ધ છે, દૃષ્ટાર્થ છે તેથી. શ્રવણ ને મનનની તો આવૃત્તિ અસકૃત્ ઉપદેશથી અર્થસિદ્ધજ છે એમ વિશેષ છે. પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છે. પૂર્વપક્ષ—મુક્તિરૂપ ફળ અત્યન્ત પરોક્ષ હોવાથી તેને માટે શાસ્ત્રવિહિત સાધનો, દર્શન, શ્રવણ, મનન, ને નિદિધ્યાસન અદૃષ્ટાર્થ છે તેથી જ્યાંસુધી વિધાન છે ત્યાંસુધીજ તે અનુષ્ઠેય છે, તેથી અધિક તેમની આવૃત્તિ કરવી યુક્ત નથી; પ્રમાણ નથી તેથી. પણ જ્યાં उपासीत ઇત્યાદિમાં સકૃત્ ઉપદેશ છે ત્યાંજ સકૃ-

1. એક બીજાથી અવ્યતિરિક્ત—અભિન્ન હોય તેમ એક અર્થમાં.

નન કરે છે તેને, અન્તઃકરણને—બ્રહ્મ તરીકે ઉપાસવું) એમાં 'भाति च तपति च कीर्त्या यशसा ब्रह्मवर्चसेन य एवं वेद' [છાન્દો૦ ૩।૧૮।૩] (જે એમ જાણે છે તે કીર્તિ, યશ, અને બ્રહ્મવર્ચસથી પ્રકાશે છે ને તપે છે) એમ. તેટલા માટે સકૃત્ ઉપદેશોમાં આવૃત્તિ સિદ્ધ થાય છે; અસકૃત્ ઉપદેશ તો આવૃત્તિનો સૂચક છે ॥ ૧ ॥

— — —

लिङ्गाच्च ॥ २ ॥

અને લિંગથી (પ્રત્યયની આવૃત્તિ છે) ॥ ૨ ॥

લિંગ પણ પ્રત્યયોની આવૃત્તિ સમજાવે છે; કારણ કે ઉદ્ગીથવિજ્ઞાનને પ્રસ્તાવીને 'आदित्य उद्गीथः' [છાન્દો૦ ૧।૫।૧] (ઉદ્ગીથ આદિત્ય છે) એનો એકપુત્રતાના દોષથી નિષેધ કરીને 'रश्मींस्त्वं पर्यावर्तयात्' [છાન્દો૦ ૧।૫।૨] (રશ્મિ-

તજ પ્રયોગ છે, પ્રયાજાદિમાં છે તેમ. એમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—જોકે મુક્તિ અદૃષ્ટચર છે, તોપણ વાસનાવાળી અવિદ્યાનો ઉચ્છેદ થયે આત્માનું સ્વરૂપે અવસ્થાન, તદ્રૂપ જે મુક્તિ તે શ્રુતિસિદ્ધ હોવાથી, અને અવિદ્યા એ વિદ્યાની ઉત્પત્તિની વિરોધી હોવાથી, જેમ રજ્જુતત્ત્વસાક્ષાત્કારથી અહિવિભ્રમના સમુચ્છેદની ઉપપત્તિ સિદ્ધ થાય છે તેમ વિદ્યાની ઉત્પત્તિથી અવિદ્યાના સમુચ્છેદની ઉપપત્તિ સિદ્ધ થાય છે તેથી, અને અન્વય ને વ્યતિરેકથી શ્રવણમનનનિદિધ્યાસનો અભ્યાસજ, સ્વવિષયનો સાક્ષાત્કાર જેનું ફળ છે, એવો લોકસિદ્ધ છે તેથી, સકલદુઃખવિનિર્મુક્ત એકચૈતન્યાત્મક હું છું એમ અપરોક્ષરૂપ અનુભવના પણ શ્રવણાદિનો અભ્યાસ એ સાધન હોવાથી અનુમાનથી એ અનુભવાર્થક શ્રવણાદિ પણ દૃષ્ટાર્થ છે. વળી દૃષ્ટાર્થ હોઈ અદૃષ્ટાર્થત્વ યુક્ત નથી. તેમજ એ સાધનો અનાવૃત્ત હોઈ સત્કારદીર્ઘકાલ પછી પણ સાક્ષાત્કારવાળા તાદૃશ અનુભવ માટે સમર્થ થતાં નથી. વળી એમાં અસાક્ષાત્કારવાળું વિજ્ઞાન સાક્ષાત્કારવાળી વિદ્યાનો ઉચ્છેદ કરવા યોગ્ય નથી. ખરેખર, પિત્તથી જેની ઇન્દ્રિયો ઉપદ્રુત થઈ છે તેને, ગોળમાં કડવાશનો સાક્ષાત્કાર માધુર્યના સાક્ષાત્કાર વિના, સહસ્ર પણ ઉપપત્તિઓથી દૂર કરવા યોગ્ય નથી; કેમકે જેને માધુર્યનો સાક્ષાત્કાર નથી તેને અન્ય નરોનાં વચનોને કે સહસ્ર ઉપપત્તિઓનો પણ પરામર્શ થાય તોપણ તે થુંકી નાખી ગોળનો ત્યાગ કરશે. તેટલા માટે એ પ્રમાણે ધ્યાન ને ઉપાસના દૃષ્ટાર્થ છે અને લોકમાં તેની અંદર આવૃત્તિ સમાયલી હોય એમ પ્રતીત થાય છે તેથી પ્રત્યયોની આવૃત્તિજ છે એમ સિદ્ધ છે ॥ ૧ ॥

આદિત્ય જે એક છે તેની ઉદ્ગીથને વિષે [1]સંપત્તિ કરી ઉપાસના કરવાથી મારે તું એકલો પુત્ર છે એમ કૌષીતકિએ પુત્રને કહ્યું. આ કારણથી તું તેમ ન કરતો, પણ બહુ કિરણોની ને આદિત્યની ઉદ્ગીથને વિષે સંપત્તિ કરી પૃથક્ આવૃત્તિ કર, એટલે તને બહુ પુત્રો થશે. 'पर्यावर्तयात्' એ 'पर्यावर्तयतात्' ને સ્થાને છાન્દસ પ્રયોગ છે, એમાં તલોપ છાન્દસ છે. આમાં પર્યાવૃત્તિ શબ્દથી ઉદ્ગીથધ્યાનની સિદ્ધવત્ આવૃત્તિ કહી છે. તેથી અવણમનનના ધ્યાનમાં પણ ધ્યાનત્વ એ ઉદ્ગીથધ્યાનમાં છે તેમ સમાનધર્મ છે તેથી કે ફલપર્યન્ત સામાન્ય એ લિંગથી સર્વત્ર શ્રવણમનનધ્યાનમાં પણ આવૃત્તિ સિદ્ધ છે એમ કહે છે—'लिङ्गाच्च'. આ પ્રમાણે સગુણના સાક્ષાત્કારનાં ને નિર્ગુણના સાક્ષાત્કારનાં સાધનોમાં આવૃત્તિ કહી

[1] એકત્વ

ઓની તું પૃથક્ આવૃત્તિ કર) એમ બહુ રશ્મિના વિજ્ઞાનનું બહુપુત્રપ્રાપ્તિ માટે વિધાન કરતી શ્રુતિ પ્રત્યયોની આવૃત્તિને સિદ્ધવત્ દર્શાવે છે. તેટલા માટે તેની સાથે સમાનતા હોવાને લીધે સર્વ પ્રત્યયોમાં આવૃત્તિ સિદ્ધ થાય છે. અહિં કહે છે—જેનું ફળ સાધ્ય છે એવા પ્રત્યયોમાં આવૃત્તિ થાઓ; કેમકે તેમાં આવૃત્તિથી સાધ્ય અતિશય સંભવે છે. પણ પર બ્રહ્મ વિષે જે પ્રત્યય છે તે નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત એવા સ્વભાવવાળાજ આત્મભૂત પર બ્રહ્મનો બોધ કરાવે છે, તેમાં આવૃત્તિનું શું પ્રયોજન છે એમ. સકૃત્ શ્રુતિ હોય તો બ્રહ્માત્મત્વપ્રતીતિ અનુપપન્ન થાય, માટે આવૃત્તિ સ્વીકારી છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે આવૃત્તિ થયે પણ તે અનુપપન્ન છે. ખરેખર, જો 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે) એ જાતનું વાક્ય સકૃત્ શ્રૂયમાણ થઈ બ્રહ્માત્મત્વપ્રતીતિ ઉત્પન્ન નહિ કરે તો તેજ, આવૃત્ત કરાયે, એ પ્રતીતિ ઉત્પન્ન કરશે એને વિષે શી પ્રત્યાશા થાય? જો એમ કહેવાય કે કેવલ વાકય કોઈ અર્થનો સાક્ષાત્કાર કરાવવા શક્તિમાન્ નથી; એથી યુક્તિની અપેક્ષાવાળું વાક્ય બ્રહ્માત્મતાનો અનુભવ કરાવશે, તોપણ આવૃત્તિ અનર્થકજ છે; કેમકે તે પણ યુક્તિ સકૃત્ પ્રવૃત્ત થયલીજ પોતાના અર્થનો અનુભવ કરાવશે. વળી એમ શંકા કરો કે યુક્તિથી અને વાકયથી સામાન્ય વિષયનુંજ વિજ્ઞાન કરાય છે, વિશેષ વિષયનું નહિ, જેમ 'મારા હૃદયમાં શૂલ છે' એ વાકયથી અને ગાત્રકંપ આદિ લિંગથી શૂલસદ્ભાવ એટલુંજ અન્યને જ્ઞાન થાય છે, 'તેજ શૂલી છે' એવો વિશેષ અનુભવ તેને થતો નથી, અને વિશેષ અનુભવ એ અવિદ્યાનો નિવર્તક છે, તેથી તેને માટે આવૃત્તિ છે એમ શંકા કરો તો તે યુક્ત નથી; કેમકે તેટલુંજ અસકૃત્ કરાય તોપણ વિશેષ વિજ્ઞાનની ઉત્પત્તિનો સંભવ નથી; કારણ કે સકૃત્ પ્રયુક્ત શાસ્ત્રથી ને યુક્તિથી ન સમજાયલો વિશેષ, સો વાર પણ પ્રયુક્ત શા-

---

છે, તેમાં સગુણના ધ્યાનાદિની આવૃત્તિનો અંગીકાર કરીને નિર્ગુણના શ્રવણાદિને વિષે આવૃત્તિનો આક્ષેપ કરે છે—'અહિં કહે છે' ઇત્યાદિ. નિર્ગુણનો સાક્ષાત્કાર ઉત્પન્ન કરવા વાકય સમર્થ છે કે નહિ? જો સમર્થ હોય તો સકૃત્ શ્રુત વાકયથી સાક્ષાત્કાર સિદ્ધ થવાથી આવૃત્તિ વૃથા થાય છે એમ કહીને દ્વિતીય પક્ષની—વાકય સાક્ષાત્કાર ઉત્પન્ન કરવા સમર્થ નથી એ પક્ષની શંકા કરે છે—'સકૃત્ શ્રુતિ હોય તો' ઇત્યાદિ. શંકાનો એવો આશય છે કે બ્રહ્મ નિત્ય અપરોક્ષ છે તોપણ તેટલાથી અવિદ્યાનો નાશ થતો નથી તેથી તે નાશને માટે શ્રવણાદિની આવૃત્તિથી સાધ્ય થતો આગન્તુક સાક્ષાત્કાર છે. 'બ્રહ્માત્મત્વપ્રતીતિ' = બ્રહ્માત્મસાક્ષાત્કાર. પણ જેને નિર્ગુણનો સાક્ષાત્કાર કરાવવા વાકય સમર્થ નથી તેને આવૃત્તિ થયે પણ ફળની અનુપપત્તિ છે એમ કહે છે—'આવૃત્તિ થયે પણ તે અનુપપન્ન છે'. 'તોપણ આવૃત્તિ અનર્થકજ છે'—'તોપણ' = સ્વતઃ અશક્ત હોય ને યુક્તિસાહિત્યથી શક્તિ થાય તોપણ એવો અર્થ છે. વાકય ને યુક્તિથી પરોક્ષ જ્ઞાન ઉત્પન્ન થાય છે તોપણ અપરોક્ષ જ્ઞાનને માટે આવૃત્તિ છે એમ શંકા કરે છે—'વળી એમ શંકા કરો કે યુક્તિથી અને વાકયથી' ઇત્યાદિ. વાકય ને યુક્તિ એ પરોક્ષ જ્ઞાનના હેતુ છે એવો તેમનો સ્વભાવ છે તેથી આવૃત્તિ થયે પણ સાક્ષાત્કાર થતો નથી એમ શંકાનો પરિહાર કરે છે—'તે યુક્ત નથી, કેમકે તેટલુંજ અસકૃત્ કરાય તોપણ' ઇત્યાદિ. જો વાક્ય ને યુક્તિ સાક્ષાત્કાર કરાવવા સમર્થ હોય કે પરોક્ષ

શ્રથી ને યુક્તિથી સમજવો શક્ય નથી. તેટલા માટે જો શાસ્ત્ર અને યુક્તિથી વિ
શેષનું પ્રતિપાદન કરાય છે કે સામાન્યનુંજ, તોપણ બંને પ્રકારે પણ સકૃત્ પ્રવૃત્ત
થલાંજ તે (શાસ્ત્ર ને યુક્તિ) સ્વકાર્ય કરે છે, માટે આવૃત્તિનો ઉપયોગ નથી. વ
સકૃત્ પ્રયુક્ત શાસ્ત્ર ને યુક્તિ કોઈને પણ અનુભવ ઉત્પન્ન કરતાં નથી એમ નિય
કરવો શકય નથી; કેમકે ગ્રહણ કરનારાઓ વિચિત્ર બુદ્ધિવાળા હોય છે. તેમ
અનેક અંશથી યુક્ત લૌકિક સામાન્ય ને વિશેષવાળા પદાર્થને વિષે, એક અવધ
નથી એક અંશનું ને બીજા અવધાનથી બીજા અંશનું અવધારણ કરનારને વિ
અભ્યાસનો ઉપયોગ થાય પણ ખરો, જેમકે દીર્ઘ [1]પ્રપાઠકના ગ્રહણ આદિને વિ
પણ સામાન્યવિશેષરહિત, ચૈતન્યમાત્રસ્વરૂપ, નિર્વિશેષ બ્રહ્મને વિષે પ્રમા ઉત્પ
કરવામાં અભ્યાસની અપેક્ષા યુક્ત નથી એમ (પૂર્વપક્ષ છે). એને વિષે કહીએ
છીએ—તે પ્રતિ આવૃત્તિ અનર્થક થાય, કે જે 'तत्त्वमसि' (તે તું છે) એમ એ
વાર કહેલી બ્રહ્માત્મતાને અનુભવવાને શક્તિમાન્ છે. પણ જે શક્તિમાન્ નથ
તે પ્રતિ આવૃત્તિ ઉપયુક્ત છેજ; કેમકે છાન્દોગ્યમાં 'तत्त्वमसि श्वेतकेतो' [છાન્દો
૬।૮।૭] (હે શ્વેતકેતો, તે તું છે) એમ ઉપદેશ કરીને 'भूय एव मा भगवा
विज्ञापयतु' [છાન્દો૦ ૬।૮।૭] (ફરીથીજ મને ભગવાન્ સમજાવો) એમ પુન
પુનઃ પ્રેરિત થતો, તે તે આશંકાના કારણનું નિરાકરણ કરીને 'तत्त्वमसि' (તે
છે) એમ અનેક વાર ઉપદેશ કરે છે. તેવીજ રીતે 'श्रोतव्यो मन्तव्यो निदिध्या
सितव्यः' [બૃહ૦ ૪।૫।૬] (શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવા યોગ્ય છે) ઇત્યા
દિમાં દર્શાવ્યું છે. પણ એમ કહ્યું છે કે 'तत्त्वमसि' (તે તું છે) એ વાક્ય સકૃત
શ્રવણ કરાયલું પોતાનો અર્થ અનુભવાવવા શક્તિમાન્ નથી, તો આવૃત્ત કરાતું પણ
નહિજ શક્તિમાન્ થાય. ના, એ દોષ નથી; કેમકે દૃષ્ટ થયે અનુપપન્ન નથીજ
ખરેખર, સકૃત્ શ્રુત વાક્યથી મન્દ સમજાયલા વાકયાર્થને, આવૃત્તિ કરીને તે તે

જ્ઞાન કરાવવા સમર્થ હોય તો, ઉભયથા પણ આવૃત્તિની અનપેક્ષા છે એમ કહે છે—'તેટલા માટે જો શાસ્ત્ર અને યુક્તિથી' ઇત્યાદિ. પ્રમાતામાં વૈચિત્ર્ય–ભિન્નતા હોય છે તેથી પણ આવૃત્તિનો અનિયમ છે એમ કહે છે—'વળી સકૃત્ પ્રયુક્ત શાસ્ત્ર ને યુક્તિ' ઇત્યાદિ. પ્રમેય, જે બ્રહ્મ તે અંશરહિત હોવાથી પણ તેમ છે—આવૃત્તિનો અનિયમ છે એમ કહે છે—'તેમજ અનેક અંશથી યુક્ત' ઇત્યાદિ. ખરેખર, અધિકારી બે પ્રકારના છે; કેટલાક, અન્ય જન્મના અભ્યાસથી સમસ્ત અસંભાવના આદિ પ્રતિબન્ધનું નિરસન કર્યું હોય છે એવા હોય છે ને કેટલાક એવા પ્રતિબંધવાળા હોય છે. તેમાં પહેલા પ્રતિ આવૃત્તિ અનર્થક છે એ ઇષ્ટ છે, બીજાને તો પ્રતિબન્ધનું નિરસન કરવા તેની અપેક્ષા છે એમ સમાધાન કરે છે—'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. આવૃત્તિ એ પ્રતિબન્ધનું નિરસન કરે છે તેને માટે લિંગ કહે છે—'કેમકે છાન્દોગ્યમાં' ઇત્યાદિ. જેમ ષડ્જ આદિ સ્વરભેદના સાક્ષાત્કારને માટે શ્રોત્ર શક્ત છે તોપણ તેને અભ્યાસની અપેક્ષા છે, તેમ બ્રહ્માત્મસાક્ષાત્કાર કરાવવા વાક્ય શક્ત છે તોપણ તેને અભ્યાસની અપેક્ષા છે એ અનુભવનો આશ્રય લઈ કહે છે—'કેમકે દૃષ્ટ થયે અનુપપન્ન નથીજ' ઇત્યાદિ. તત્પદ ને ત્વંપદથી લક્ષ્ય અર્થ દુર્બોધ હોવાથી અજ્ઞાનને લીધે પ્રયુક્ત થયેલા સંશય આદિ પ્રતિબન્ધનો સંભવ છે, માટે તેના નાશને સારૂ આવૃત્તિ ઇચ્છવા

[1] પ્રકરણ.

આભાસનું નિરસન કરીને સમ્યક્ સમજતા દેખાય છે. વળી 'तत्त्वमसि' (તે તું છે) એ વાક્ય ત્વંપદાર્થનો તત્પદાર્થભાવ કહે છે; અને તત્પદથી પ્રકૃત થતા, ઈક્ષણ કરનાર, જગત્‌ના જન્માદિકારણ, બ્રહ્મનું અભિધાન થાય છે—'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' [તૈત્તિ૦ ૨।૧।૧] (સત્ય—જે રૂપે જે નિશ્ચિત છે તેનો કદી પણ વ્યભિચાર ન કરે એવું—બ્રહ્મ છે, જ્ઞાન બ્રહ્મ છે, અનન્ત બ્રહ્મ છે {લૌકિક જ્ઞાન અન્તવત્ છે, માટે અનન્ત કહ્યું છે}), 'विज्ञानमानन्दं ब्रह्म' [બૃહ૦ ૩।૯।૨૮] (વિજ્ઞાનસ્વરૂપ બ્રહ્મ છે, {વિષયવિજ્ઞાનની પેઠે દુઃખવ્યાપ્ત નથી, પણ} આનન્દસ્વરૂપ બ્રહ્મ છે), 'अदृष्टं द्रष्टृ' [બૃહ૦ ૩।૮।૧૧] (બ્રહ્મ કોઈથી દૃષ્ટ નથી {અવિષય છે તેથી}, પોતે દ્રષ્ટા છે {દૃષ્ટિસ્વરૂપ છે તેથી}, 'अविज्ञातं विज्ञातृ' [બૃહ૦ ૩।૮।૧૧] (બ્રહ્મ અવિજ્ઞાત છે {બુદ્ધિનો વિષય નથી તેથી}, પોતે વિજ્ઞાતા છે {વિજ્ઞાનસ્વરૂપ છે તેથી}), 'अजमजरममरम्' (બ્રહ્મ અજ છે, અજર છે—વિપરિણામ પામતું નથી—તેથી અમર છે—અવિનાશી છે), 'अस्थूलमनण्वह्रस्वमदीर्घम्' [બૃહ૦ ૩।૮।૮] (બ્રહ્મ સ્થૂલથી અન્ય છે, અણુથી અન્ય છે, હ્રસ્વથી અન્ય છે, દીર્ઘથી અન્ય છે—એમ પરિમાણના પ્રતિષેધથી દ્રવ્યધર્મ પ્રતિષિદ્ધ કર્યો છે, તે દ્રવ્ય નથી—અક્ષર છે એવો અર્થ છે) ઇત્યાદિ શાસ્ત્રોમાં જે પ્રસિદ્ધ છે તે. તેમાં अजઆદિ શબ્દોથી જન્માદિ ભાવવિકારો નિવૃત્ત કર્યા છે. अस्थूलઆદિ શબ્દોથી સ્થૌલ્ય આદિ દ્રવ્યધર્મો નિવૃત્ત કર્યા છે. विज्ञानઆદિ શબ્દોથી બ્રહ્મ ચૈતન્યપ્રકાશાત્મક છે એમ કહ્યું છે. એ બ્રહ્મસંજ્ઞક, તત્પદનો અર્થ, જેમાંથી સર્વ સંસારધર્મો વ્યાવૃત્ત થયા છે અને જે અનુભવાત્મક છે, તે, વેદાન્તોમાં અભિયુક્ત થયલાને પ્રસિદ્ધ છે. તેમજ ત્વંપદાર્થ પણ પ્રત્યક્ આત્મા, શ્રોતા, દેહથી આરંભી પ્રત્યક્ આત્મા તરીકે સંભાવ્યમાન છે; ચૈતન્યપર્યન્ત જેનું અવધારણ કર્યું છે તે છે. તેમાં જેમને એ બે પદના અર્થ, અજ્ઞાન, સંશય, કે વિપર્યયને લીધે [1]પ્રતિબદ્ધ થયા છે, તેમને 'तत्त्वमसि' એ વાક્ય સ્વાર્થને વિષે પ્રમા ઉત્પન્ન કરવા શક્તિમાન નથી; કેમકે વાક્યાર્થજ્ઞાન પદાર્થજ્ઞાનની પછી થાય છે; તેટલા માટે તેઓ પ્રતિ પદોના અર્થોને વિવિક્ત કરનાર, શાસ્ત્રનો ને યુક્તિનો અભ્યાસ ઇચ્છવા યુક્ત છે. જોકે જ્ઞેય આત્મા નિરંશ છે, તોપણ દેહ, ઇન્દ્રિય મન, બુદ્ધિ, વિષયજ્ઞાન આદિ સ્વરૂપ બહુ અંશત્વ જે તેને વિષે અધ્યારોપિત છે તેમાં એક અવધાનથી એક અંશનો નિષેધ કરે છે અને અન્ય અવધાનથી અન્ય અંશનો એમ તેને વિષે ક્રમવાળું જ્ઞાન યુક્ત છે. તે તો આત્મજ્ઞાનથી પૂર્વેજ છે.

[illegible] છે એમ વાક્ય ને તદ્ઘના વિવેકપૂર્વક કહે છે—"વળી 'तत्त्वमसि' (તે તું છે) એ વાક્ય" ઇત્યાદિ. પણ પ્રમેય બ્રહ્મ અંશરહિત છે તેથી આવૃત્તિ અનર્થક જ છે એમ જે કહ્યું છે તેને માટે કહે છે—'જોકે જ્ઞેય આત્મા નિરંશ છે' ઇત્યાદિ. આરોપિત અંશનું નિરસન કરવા માટે મારે દેહ નથી, ઇન્દ્રિય નથી એમ અભ્યાસ યુક્ત છે એવો અર્થ છે. વાક્યાર્થનું જ્ઞાન થયે અભ્યાસનો નિયમ શી રીતે છે! કેમકે પ્રમાણના જ્ઞાનને અભ્યાસ યુક્ત નથી અને જ્ઞાનીને શ્રવણાદિનિયમ અયુક્ત છે, તેથી કહે છે—'તે તો આત્મજ્ઞાનથી પૂર્વેજ

[1] સમજતા નથી.

પણ નિપુણ મતિવાળા જેમને અજ્ઞાન, સંશય, કે વિપર્યયરૂપ, પદોના અર્થ વિષે
પ્રતિબન્ધ નથી તેઓ એકવારજ કહેલા 'तत्त्वमसि' એ વાક્યના અર્થ અનુભવવા
શક્તિમાન્ થાય છે એટલે તેઓ પ્રતિ આવૃત્તિ અનર્થક છે એ ઇષ્ટજ છે. ખરેખર,
સકૃત્ ઉત્પન્ન થયલુંજ આત્મજ્ઞાન અવિદ્યા નિવૃત્ત કરે છે તેથી એને વિષે કોઈ પણ
ક્રમ સ્વીકારાતા નથી. ખરૂં છે, જો કોઈને પણ એ પ્રમાણે જ્ઞાન થાય તો એ
યુક્ત થાય; ખરેખર, આત્માનું દુઃખિત્વ આદિ જ્ઞાન બલવાન્ છે, તેથી દુઃખિત્વના
અભાવનું કોઈને જ્ઞાન થતું નથી એમ જો શંકા કરશો તો તે યુક્ત નથી; કેમકે
આત્માને વિષે દેહાદિના અભિમાનની પેઠે દુઃખિત્વ આદિનું અભિમાન મિથ્યા
અભિમાન છે એમ ઉપપન્ન થાય છે. ખરેખર, દેહ છેદાય છે કે બળે છે ત્યારે હું
છેદાઉં છું; હું બળું છું એમ મિથ્યા અભિમાન પ્રત્યક્ષ જોવામાં આવે છે; તેમજ
દેહથી વિશેષ બાહ્ય એવા પણ પુત્ર, મિત્ર, આદિ સંતપ્ત થાય છે ત્યારે હુંજ સંતપ્ત
થાઉં છું એમ અધ્યારોપ જોવામાં આવે છે. તેમજ દુઃખિત્વ આદિ અભિમાન પણ
થાય; કેમકે દેહાદિની પેઠેજ દુઃખિત્વ આદિ ચૈતન્યસ્વરૂપથી અન્ય સ્વરૂપે ઉપલબ્ધ
થાય છે કે સુષુપ્તિ આદિને વિષે અનુવૃત્ત થતાં નથી. પણ ચૈતન્યની તો અનુવૃત્તિ
સુષુપ્તિમાં પણ 'यद्वै तन्न पश्यति पश्यन्वै तन्न पश्यति' [બૃહ૦ ૪।૩।૨૩]
(સુષુપ્તિમાં તે જે જોતા નથી તે જોતાજ જોતા નથી) ઇત્યાદિથી શ્રુતિકારો કહે
છે. તેટલા માટે સર્વ દુઃખથી વિનિર્મુક્ત એક ચૈતન્ય સ્વરૂપ હું છું એ આત્માનુભવ
છે; અને એમ આત્માને અનુભવનારને કંઈ અન્ય કૃત્ય અવશિષ્ટ રહેતું નથી. તે-
વીજ રીતે 'किं प्रजया करिष्यामो येषां नोऽयमात्मायं लोकः' [બૃહ૦ ૪।૪।૨૨]
(પરમાર્થદર્શી જે અમે તે અમને અશનાયાદિવિનિર્મુક્ત એ આત્મા સાધુ ને અ-
સાધુથી અવિકાર્ય આ લોક ફલ અભિપ્રેત છે તેઓને પ્રજાનું શું પ્રયોજન છે?) એમ
શ્રુતિ આત્મવેત્તાને કર્તવ્યનો અભાવ દર્શાવે છે. સ્મૃતિ પણ કહે છે કે 'यस्त्वात्म-
रतिरेव स्यादात्मतृप्तश्च मानवः। आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते' [ભગ૦ગી૦

છે.' જ્ઞાનની પૂર્વેજ શ્રવણાદિ વ્યાપારનો નિયમ કરાય છે એવો અર્થ છે. વળી અધિક શંકા
કરવા માટે ઉક્તનો અનુવાદ કરે છે—'ખરૂં છે; જો કોઈને પણ' ઇત્યાદિ. દુઃખિત્વ આદિ
પ્રત્યય આત્માને વિષે સર્વને સર્વદા ઉત્પન્ન થાય છે માટે અબાધિત હોવાથી સમીચીન છે એમ
બળવાન્ હોવાથી તેનું અપનયન કરવું શક્ય નથી એવો અર્થ છે. એમ દુઃખિત્વના
પ્રત્યક્ષ વિરોધથી तत्त्वमसि એ વાક્યમાંથી तत्ने त्वम् પદાર્થ વચ્ચે ઐક્યબુદ્ધિ ઉત્પન્ન થતી
નથી એવો અર્થ છે. પણ પ્રત્યક્ષ જે થાય છે તે ભ્રાન્તિ છે, માટે અવિરોધ છે એમ કહે
છે—'તે યુક્ત નથી; કેમકે આત્માને વિષે' ઇત્યાદિ. દુઃખાદિ આત્મધર્મ નથી, દૃશ્ય છે
તેથી, દેહાદિની પેઠે; તેમજ દુઃખાદિ આત્મસ્વરૂપ પણ નથી, આત્મા છે તોપણ અનુવૃત્તિ
થતી નથી તેથી, વ્યતિરેકે ચૈતન્યની પેઠે. નિર્દુઃખ ચિદાત્માને વિષે દુઃખાદિ બુદ્ધિ ભ્રાન્તિજ
છે, તેથી 'तत्त्वमसि' એ વાક્યાર્થનો અનુભવ વિરુદ્ધ થતો નથી એમ કહે છે—'તેટલા
માટે સર્વદુઃખથી વિનિર્મુક્ત' ઇત્યાદિ. અનુભવ થયે સને પણ આવૃત્તિ આદિનું અનુષ્ઠાન
કેમ ન થાય તેથી કહે છે—'એમ આત્માને અનુભવનારને' ઇત્યાદિ. 'यस्त्वात्मरतिः'
ઇત્યાદિ. रति એટલે કામ, આત્મકામનાને લીધે તૃપ્તિ છે—વિષયતૃષ્ણાનો ક્ષય છે. તેથી સં-

૩।૧૭] (પણ જેમને આત્માનેજ વિષે રતિ છે, વિષયને વિષે નથી, જે આત્માથીજ તૃપ્ત છે, અન્નરસાદિથી નથી, જેને આત્માને વિષેજ સંતોષ છે, બાહ્ય અર્થલાભથી નથી તે માનવને કંઈ કરણીય નથી) એમ. પણ જેને એ અનુભવ જલદી ઉત્પન્ન થતો નથી તે પ્રતિ અનુભવને અર્થે આવૃત્તિનો સ્વીકાર છે. તેમાં પણ તેને 'तत्त्वमसि' એ વાક્યાર્થમાંથી પ્રચ્યુત કરીને આવૃત્તિને વિષે પ્રવૃત્ત ન કરવો; કેમકે વરના ઘાતને અર્થે કન્યાને પરણાવતા નથી. એને વિષે અધિકૃત થયેલો હું કર્તા છું, મારે એ કર્તવ્ય છે એમ, નિયુક્ત થયેલાને બ્રહ્મજ્ઞાનથી વિપરીત જ્ઞાન ઉત્પન્ન થાય છે. પણ જે જાતેજ મન્દમતિ છે ને પ્રતિભાન ન થવાથી તે વાક્યાર્થ તજવાની તૈયારીમાં છે તેને તેજ વાક્યાર્થને વિષે, આવૃત્તિ આદિ વાચોયુક્તિથી, સ્થિર કરવાનું સ્વીકારાય છે. તેટલા માટે પર બ્રહ્મ વિષેના જ્ઞાનમાં પણ તેના ઉપાયના ઉપદેશોમાં આવૃત્તિ સિદ્ધ થાય છે ॥ ૨ ॥

તોષ થયે આત્માનન્દનો અનુભવ થાય છે એમ ભેદ છે. रति એટલે આસક્તિ; તેનું ફળ તે તૃપ્તિ, ને તેનું જે ફળ તે સંતોષ એવો ભેદ છે. પણ સાક્ષાત્કારની પૂર્વે આવૃત્તિ અર્થવની છે—પ્રયોજનવાળી છે એમ જે કહ્યું છે તેનું અધિક વિવક્ષાથી નિગમન કરે છે—'પણ જેને એ અનુભવ' ઇત્યાદિ. પણ અનુભવને અર્થેજ આવૃત્તિનો સ્વીકાર છે એમ શા માટે કહો છો; કેમકે द्रष्टव्यः, श्रोतव्यः ઇત્યાદિથી 'तत्त्वमसि' એ વાક્યવિષયથી અન્ય વિષેજ આવૃત્તિનું વિધાન થાય છે તેથી કહે છે—'તેમાં પણ તેને' ઇત્યાદિ. 'आत्मा वा अरे द्रष्टव्यः' એમ આત્મા વિષે દર્શનનું વિધાન છે; અને 'तत्त्वमसि' એ વાક્યવિષયથી અન્ય આત્મદર્શન શ્રુતિમાં આમ્નાત નથી; કેમકે જેથી ઉપક્રમ થાય છે ને જેથી ઉપસંહાર થાય છે એ વાક્યાર્થ છે. 'सदेव सोम्येदम्' એમ ઉપક્રમ કરીને 'तत्त्वमसि' એમ ઉપસંહાર કર્યો છે તેથીજ તેજ વાક્યાર્થ છે. તેથી એમાંથી પ્રચ્યુત કરી અન્યત્ર આવૃત્તિ કરનાર પ્રધાનનો સંબંધી વિધાન કરે છે. ખરેખર, વર એ કર્મથી-વિવાહ કર્મથી અભિપ્રેતમાત્ર હોવાથી-ઉદ્દેશ્ય હોવાથી સમ્પ્રદાન છે, પ્રધાન છે, તેનો, ઉદ્દાહકર્મ જે અગત્ય છે તેથી વિધાન કરતા નથી. શંકા એવી છે કે આવૃત્તિને વિષે નિયોગની પ્રવૃત્તિ કહેવી જોઈએ, તેથી નિયુક્ત થયો હોય તેની આત્મા અકર્તા છે એવી બુદ્ધિ ન થાય. શંકાનું સમાધાન એવું છે કે આવૃત્તિનો સ્વીકાર છે તોપણ 'હું અકર્તા છું' એવા અનુભવથી પ્રચ્યુત કરી ગુરુએ કે અન્યે તેને નિયોગથી પ્રવૃત્ત ન કરવો. ત્યારે પ્રવૃત્તિ કેવી રીતે કરવી તે કહે છે—'પણ જે જાતેજ મન્દમતિ છે' ઇત્યાદિ. 'પ્રતિભાન ન થવાથી'=અસંભાવના આદિથી એવો અર્થ છે. સ્થિરબુદ્ધિને અનુસરીને श्रोतव्यः આદિ વચનોથી પ્રધાનની સિદ્ધિને અર્થે આવૃત્તિ આદિને વિષે પ્રવૃત્ત કરવો એવો અર્થ છે ॥ ૨ ॥

आत्मेति तूपगच्छन्ति ग्राहयन्ति ॥ ३ ॥

(પરમેશ્વર) આત્મા છે એમ (જાબાલો) સ્વીકારે છે, અને (વેદાન્તવાક્યો ઈશ્વરનુ આત્મા તરીકે) ગ્રહણ કરાવે છે ॥ ૩ ॥

શાસ્ત્રમાં કહેલાં વિશેષણવાળો જે પરમાત્મા છે તેનું શું 'હું' એમ ગ્રહણ કરવું યુક્ત છે કે 'મારાથી અન્ય' એમ ગ્રહણ કરવું યુક્ત છે તેનો વિચાર કરે છે. પણ પ્રત્યક્ આત્માને લાગુ પડતો આત્મશબ્દ શ્રૂયમાણ છે તો સંશય શી રીતે છે? કહીએ છીએ—જીવ અને ઈશ્વરનો અભેદસંભવ હોય ત્યારે એ આત્મશબ્દ મુખ્ય છે એમ સ્વીકારવો શક્ય છે, નહિ તો ગૌણ છે એમ સ્વીકારવો યુક્ત છે એમ માને છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? 'હું નથી' એમ ગ્રહણ કરવો યુક્ત છે એ; કેમકે પાપ્મત્વ આદિ ગુણો જેના નાશ થયા છે તેનું વિપરીત ગુણવાળો હોય એમ ગ્રહણ કરવું શક્ય નથી, તેમજ જેના વિપરીત ગુણ હોય તેનું પાપ્મત્વ આદિ ગુણો જેના નાશ થયા છે એવા તરીકે ગ્રહણ કરવુ શક્ય નથી. જેના પાપ્મત્વ આદિ ગુણો નાશ થયા છે તે પરમેશ્વર છે, તેનાથી વિપરીત ગુણવાળો તો શારીર છે; અને ઈશ્વર સંસારીનો આત્મા થાય તો ઈશ્વરના અભાવનો પ્રસંગ આવે અને તેથી શાસ્ત્ર અનર્થક થાય. તેમજ સંસારી પણ ઈશ્વરનો આત્મા થાય તો અધિકારીના અભાવથી શાસ્ત્ર અનર્થકજ થાય; અને પ્રત્યક્ષ આદિનો વિરોધ થાય. અન્ય છે તોપણ શાસ્ત્રથી તાદાત્મ્યદર્શન કરવું, જેમ પ્રતિમા આદિમાં વિષ્ણુ આદિનું દર્શન

પૂર્વે અધિકરણમાં શ્રવણાદિની આવૃત્તિ કહી છે તેને આધારે કંઈક વિચારાય છે એમ ઉપજીવ્યોપજીવકભાવસંગતિથી કહે છે—'आत्मेति तूपगच्छन्ति' પૂર્વે અધિકરણમાં ધ્યાનાદિની આવૃત્તિ કહી છે તેને આધારે તત્ત્વજ્ઞાનને માટે ધ્યાનની આવૃત્તિને સમયે 'હું બ્રહ્મ છું' એમ ધ્યાન કરવું કે 'મારો સ્વામી ઈશ્વર છે' એમ ઐક્ય ને ભેદ બંનેના પ્રમાણ હોવાથી સંશય કહે છે—'શાસ્ત્રમાં કહેલાં વિશેષણવાળો' ઇત્યાદિ. 'शास्त्रदृष्ट्या ...' [બ્રહ્મસૂ૦ ૧।૧।૩૦] ઇત્યાદિમાં આ આત્મા બ્રહ્મ છે એમ અભેદશ્રુતિઓથી ઐક્યનો નિર્ણય કર્યો છે તો સંશય શી રીતે એમ સંશયનો આક્ષેપ કરે છે—'પણ પ્રત્યક્ આત્માને લાગુ પડતો' ઇત્યાદિ. આત્મશબ્દને મુખ્યાર્થમાં હોવાથી અભેદ સિદ્ધ થાય છે ને અભેદ સિદ્ધ થયે આત્મશબ્દનો મુખ્યાર્થ છે એમ સિદ્ધ થાય છે એમ અન્યોન્યાશ્રયને લીધે, અને અન્ય પ્રમાણના વિરોધને લીધે આત્મશબ્દનો મુખ્ય અર્થ સિદ્ધ નથી માટે તેને આશ્રયીને સંશયનો આક્ષેપ યુક્ત નથી અને એ રીતે અધિકરણ આરંભ્ય છે એમ કહે છે—'કહીએ છીએ' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં અભેદશ્રુતિ ઉપાસ્યાર્થ છે ને સિદ્ધાન્તમાં મુખ્યાર્થક છે એમ ફળમાં ભેદ છે. પ્રત્યક્ષ આદિના વિરોધના પરિહારની સંગતિ દ્વિતીય અધ્યાયમાં છે, તોપણ ઐક્યશ્રુતિનો વિરોધ નથી એ નિશ્ચય સમાધિને લીધે અન્તરંગ હોવાથી અહીં કહેલ છે. પૂર્વપક્ષી કહે છે કે વિરુદ્ધની ઐક્યબુદ્ધિ અસિદ્ધ છે—'હું નથી' એમ ગ્રહણ કરવો યુક્ત છે' ઇત્યાદિ. [illegible] ઈશ્વર [illegible] છે એમ ઐક્ય છે કે [illegible] અન્યોન્યથી રીતે વિરોધ કરી અનુમાને દૂષિત કરે છે—'ઈશ્વર સંસારીનો આત્મા થાય તો' ઇત્યાદિ. [illegible] સમાધાન માટે [illegible] કરવું એમ [illegible] કરે છે—'અન્ય છે તોપણ શાસ્ત્રથી' ઇત્યાદિ. [illegible]

કરાય છે તેમ. એમ જો કહેશો તો ભલે એમ થાઓ પણ સંસારીનો મુખ્ય આત્મા ઈશ્વર છે એમ અમને પ્રાપ્ત કરાવવું યુક્ત નથી. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—આત્મા તરીકેજ પરમેશ્વરનું ગ્રહણ કરવું યુક્ત છે; કારણ કે પરમેશ્વરના પ્રકરણમાં જાબાલો આત્મા તરીકેજ એનો સ્વીકાર કરે છે—'त्वं वा अहमस्मि भगवो देवतेऽहं वै त्वमसि देवते' (હે ભગવતિ દેવતે, તુંજ હું છું અને હું જ તું છે) એમ. તેમ 'अहं ब्रह्मास्मि' [બૃહ૦ ૧।૪।૧૦] (હું બ્રહ્મ છું) ઇત્યાદિ અન્ય પણ આત્મત્વસ્વીકાર દ્રષ્ટવ્ય છે. વળી વેદાન્તવાક્યો ઈશ્વરનું આત્મા તરીકેજ ગ્રહણ કરાવે છે—'एष त आत्मा सर्वान्तरः' [બૃહ૦ ૩।૪।૧] (એ તારો આત્મા સર્વનો અભ્યન્તર છે), 'एष त आत्माऽन्तर्याम्यमृतः' [બૃહ૦ ૩।૭।૩] (એ તારો આત્મા અન્તર્યામી છે, અમૃત છે), 'तत्सत्यं स आत्मा तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે સત્યસ્વરૂપ છે, તે આત્મા છે, તે તું છે) ઇત્યાદિ. વિષ્ણુપ્રતિમાન્યાયથી એ પ્રતીકદર્શન થશે એમ જે કહ્યું છે તે અયુક્ત છે; કેમકે ગૌણત્વનો પ્રસંગ આવશે અને વાક્ય વિરૂપ થશે; કેમકે જ્યાં પ્રતીકદૃષ્ટિ અભિપ્રેત છે ત્યાં એકજ વાર વચન છે, જેમકે 'मनो ब्रह्म' [છાન્દો૦ ૩।૧૮।૧] (મન એ બ્રહ્મ છે), 'आदित्यो ब्रह्म' [છાન્દો૦ ૩।૧૯।૧] (આદિત્ય એ બ્રહ્મ છે) ઇત્યાદિ. પણ અહિં તો તું હું છું અને હું તું છે એમ કહે છે; એથી પ્રતીકશ્રુતિથી વિરૂપ હોવાથી અભેદની પ્રતિપત્તિ છે. વળી ભેદદૃષ્ટિનો નિષેધ છે તેથી પણ એમ છે; જેમકે 'अथ योऽन्यां देवतामुपास्तेऽन्योऽसावन्योऽहमस्मीति न स वेद' [બૃહ૦ ૧।૪।૧૦] (હવે જે કોઇ અબ્રહ્મવેત્તા આત્માથી ભિન્ન દેવતાનું ઉપાસન કરે છે, એ દેવતા અન્ય છે, હું અન્ય છું, એમ ધારીને, તે તત્ત્વ જાણતો નથી), 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति' [બૃહ૦ ૪।૪।૧૯ કે કઠ૦ ૪।૧૦] (જે અહિં ભિન્ન દર્શન જેવું કરે છે—અવિદ્યાને લીધે નાનાત્વનો અધ્યારોપ કરે છે—તે મરણથી મરણ પ્રાપ્ત કરે છે), 'सर्वं तं परादाद्योऽन्यत्रात्मनः सर्वं वेद' [બૃહ૦ ૪।૫।૭] (જે આત્માથી અન્યત્ર સર્વ જાણે છે તેનું સર્વ પરાકરણ કરે છે—શ્રેયોમાર્ગથી ભ્રષ્ટ કરે છે) ઇત્યાદિ ઘણી શ્રુતિ ભેદદર્શનનો નિષેધ કરે છે. વિરુદ્ધ ગુણવાળાઓ અન્યોન્યાત્મક થાય એ સંભવતું નથી એમ જે કહ્યું છે તે એ દોષ નથી; કેમકે વિરુદ્ધગુણતા મિથ્યા છે એમ ઉપપન્ન થાય છે. વળી ઈશ્વરના અભાવનો પ્રસંગ આવશે એમ જે કહ્યું છે તે અસત્ છે; શાસ્ત્રના પ્રામાણ્યથી અને સ્વીકાર નથી તેથી. ખરેખર, ઈશ્વર સંસારીનો

કહે છે—'ભલે એમ થાઓ' ઇત્યાદિ. સિદ્ધાન્ત કહે છે કે અભેદશ્રુતિનું, ફલવત્ અપૂર્વ અર્થ એ તાત્પર્ય છે તેથી એ શ્રુતિ ગૌણ થાય એ યુક્ત નથી, અને ભેદશ્રુતિઓ કલ્પિત ભેદનો અનુવાદ કરે છે તેથી તેમજ પ્રત્યક્ષાદિ પણ તેને વિષે છે તેથી અને વિરુદ્ધ ધર્મો બિંબ ને પ્રતિબિંબની પેઠ મિથ્યા છે તેથી એક્ય મુખ્ય છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. ઈશ્વરનું જીવત્વ પ્રતિપાદ્ય નથી—ઈશ્વર જીવ છે એમ પ્રતિપાદન કરવાનું નથી—કે જેથી ઈશ્વરનો અભાવ થાય; પણ જીવનું ઈશ્વરત્વ પ્રતિપાદ્ય છે. વળી એમ અધિકારીનો અભાવ થશે એમ કહેવું પણ યુક્ત નથી; કારણ કે એકત્વ છે એમ પ્રબોધ થયા પહેલાં અધિકારીનો ભેદ સ્વીકાર્યો છે એમ કહે છે—'વળી ઈશ્વરના અભાવનો

રવી એ અધ્યાત્મદર્શન-આત્મવિષયક દર્શન છે; હવે દેવતા વિષે, આકાશ બ્રહ્મ છે
એમ ઉપાસના કરવી), તેમજ ' आदित्यो ब्रह्मेत्यादेशः ' [છાન્દો૦ ૩।૧૯।૧] (આ-
દિત્ય બ્રહ્મ છે એમ ઉપદેશ છે), ' स यो नाम ब्रह्मेत्युपास्ते ' [છાન્દો૦ ૭।૧।૫] (તે
જે નામને બ્રહ્મ તરીકે ઉપાસે છે) ઇત્યાદિ પ્રતીક ઉપાસનાઓમાં સંશય થાય છે
કે શું તેઓમાં પણ આત્માનું ગ્રહણ કરવું યુક્ત છે કે નહિ? ત્યારે શું પ્રાપ્ત થાય
છે? તેમાં પણ આત્માનું ગ્રહણ કરવું એજ યુક્ત છે. શાથી? કેમકે શ્રુતિઓમાં
બ્રહ્મ આત્મા તરીકે પ્રસિદ્ધ છે, પ્રતીકો પણ બ્રહ્મના વિકાર હોવાથી બ્રહ્મ થયે
આત્મા થાય એ યુક્ત છે એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—પ્રતીકોને
વિષે આત્મા તરીકે બુદ્ધિ કરવી નહિ; કારણ કે તે એટલે ઉપાસક વ્યસ્ત પ્રતીકોને
આત્મા તરીકે ધારશે નહિ. બ્રહ્મના વિકાર હોવાથી પ્રતીકો બ્રહ્મ છે ને તેથી
આત્મા છે એમ જે કહ્યું છે તે ખોટું છે; કેમકે પ્રતીકના અભાવનો પ્રસંગ આવે
છે; કારણ કે વિકારસ્વરૂપનો નાશ થયેજ નામાદિસમૂહ બ્રહ્મ છે એમ આશ્રિત છે;
અને સ્વરૂપનો નાશ થયે નામાદિ પ્રતીક ક્યાંથી કે આત્મા તરીકે તેનું ગ્રહણ
ક્યાંથી? વળી બ્રહ્મ આત્મા હોવાથી બ્રહ્મદૃષ્ટિના ઉપદેશોમાં આત્મદૃષ્ટિ કલ્પવી
યુક્ત નથી; કેમકે કર્તૃત્વ આદિનું નિરાકરણ થતું નથી. ખરેખર, કર્તૃત્વ આદિ સર્વ
સંસારધર્મનું નિરાકરણ થયે બ્રહ્મ આત્મા છે આમ ઉપદેશ છે; અને તેના અનિરા-
કરણને લીધે ઉપાસનાનું વિધાન છે. એટલા માટે ઉપાસક પ્રતીકોના સમાન હો-
વાથી પ્રતીકોને વિષે આત્માનું ગ્રહણ ઉપપન્ન થતું નથી. ખરેખર, [1]રુચક અને
[2]સ્વસ્તિક એ અન્યોન્યાત્મક નથી; અને જેમ એ બંને સુવર્ણાત્મક હોવાથી એક છે

એમ પ્રતીકોને વિષે પણ બ્રહ્મનો વિકાર હોવાથી જીવથી અભિન્ન જે બ્રહ્મ તેથી અભિન્ન હોઈ
જીવથી અભિન્ન છે માટે અહંગ્રહ કરવો એમ દૃષ્ટાન્તસંગતિથી પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષમાં પ્રતી-
કોપાસનાનો અહંગ્રહોપાસનાથી કંઈ વિશેષ નથી; સિદ્ધાન્તમાં વિશેષ સિદ્ધ છે એમ બેનાં ફ-
ળમાં વિશેષ છે. પ્રતીકોમાં એ આત્મા છે એમ અનુભવના બળથી અહંગ્રહ થાય છે કે
વસ્તુતઃ જીવથી પ્રતીક અભિન્ન છે માટે અહંગ્રહ થાય છે? આદ્ય પક્ષ યુક્ત નથી એમ
કહે છે—' કારણ કે તે એટલે ઉપાસક ' ઇત્યાદિ. બીજા પક્ષને પણ અસિદ્ધિથી દૂષિત કરે
છે—' બ્રહ્મના વિકાર હોવાથી ' ઇત્યાદિ. વિકારનું બ્રહ્મની સાથે સ્વરૂપે ઐક્ય અયુક્ત હો-
વાથી બાધ થયે ઐક્ય કહેવું પડશે; એમ પ્રતીકનો બાધ થયે ઉપાસના વિધિ નહિ થાય એવો
અર્થ છે. વસ્તુવૃત્ત વિકારરૂપે નામાદિ બ્રહ્મ થાય એ યુક્ત નથી તેથી જેમ જીવત્વના લયથી
જીવ બ્રહ્મ છે એમ કહીએ છીએ તેમ પ્રતીકત્વનો લય થયે તે પણ બ્રહ્મ છે એમ કહેવું પ-
ડશે; આ રીતે આલંબનનો અભાવ થવાથી ઉપાસ્તિવિધિ નહિ થાય એવો ભાવ છે. વળી ક-
ર્તૃત્વ આદિનો બાધ થયા વગર ઉપાસ્તિવિધિને વિષે પ્રવૃત્તિ કહેવી જોઈએ; બાધ થયે તો તે
અયુક્ત છે. આ રીતે બાધમૂલક બ્રહ્મૈક્યજ્ઞાનને દ્વાર કરી પ્રતીકોને વિષે અહંગ્રહોપાસના કલ્પવી
યુક્ત નથી; કેમકે બાધની સાથે વિરોધ થાય છે એમ કહે છે—' વળી બ્રહ્મ આત્મા હો-
વાથી ' ઇત્યાદિ. આ પ્રમાણે જીવ ને પ્રતીક એ બેનો સ્વરૂપે અભેદ છે તેથી અને અહંગ્રહને
વિષે વિધિની શ્રુતિ નથી તેથી અહંગ્રહ નથી એમ ફલિત કહે છે—' એટલા માટે ઉપાસક '

1 સોનાનું એક જાતનું ઘરેણું; કંઠે પહેરાય છે. 2 સોનાની આકૃતિવિશેષ.

તેમ પ્રતીક ને ઉપાસક બ્રહ્માત્મક હોવાથી એક છે તેથી પ્રતીકના અભાવનો પ્રસંગ આવશે એમ અમે કહ્યું છે. એટલા માટે પ્રતીકોને વિષે આત્મદૃષ્ટિ કરાતી નથી ॥૪॥

ब्रह्मदृष्टिरुत्कर्षात् ॥ ५ ॥

(આદિત્ય આદિને વિષે) બ્રહ્મદૃષ્ટિજ છે, ઉત્કર્ષથી ॥ ૫ ॥

તેજ ઉદાહરણોમાં અન્ય સંશય થાય છે કે શું આદિત્ય આદિ દૃષ્ટિનો બ્રહ્મને વિષે અધ્યાસ કરવો કે બ્રહ્મદૃષ્ટિનો આદિત્ય આદિને વિષે? શાથી સંશય થાય છે? કેમકે સામાનાધિકરણ્ય હોવાથી કારણનું અવધારણ થતું નથી. ખરેખર, અહિં બ્રહ્મશબ્દનું આદિત્ય આદિ શબ્દો સાથે સામાનાધિકરણ્ય ઉપલબ્ધ થાય છે; કેમકે 'आदित्यो ब्रह्म' (આદિત્ય બ્રહ્મ છે), 'प्राणो ब्रह्म' (પ્રાણ બ્રહ્મ છે), 'विद्युद्ब्रह्म' (વિદ્યુત્ બ્રહ્મ છે) એમ સમાન વિભક્તિ જોવામાં આવે છે. વળી અહિં તાત્ત્વિક સામાનાધિકરણ્ય સંભવતું નથી; કેમકે ब्रह्म ને आदित्यशब्दો જુદા જુદા અર્થના વાચક છે. ખરેખર, 'गौरश्वः' (ગાય અશ્વ છે) એમ સામાનાધિકરણ્ય થતું નથી. પણ મૃદ્ અને શરાવ આદિની પેઠે બ્રહ્મ અને આદિત્ય આદિને વિષે પ્રકૃતિવિકારભાવથી સામાનાધિકરણ્ય થશે. અમે કહીએ છીએ કે ના; કારણ કે એ પ્રમાણે પ્રકૃતિ સાથે સામાનાધિકરણ્યથી વિકારનો પ્રવિલય થાય, અને તેથી પ્રતીકના અભાવનો પ્રસંગ થાય એમ અમે કહ્યું છે. વળી ત્યારે એ પરમાત્માને લાગુ પડતું વાક્ય થાય અને તેવી ઉપાસનાનો અધિકાર બાધિત થાય. પરિમિત વિકારનું ગ્રહણ પણ વ્યર્થ છે. તેટલા માટે 'ब्राह्मणोऽग्निर्वैश्वा-

---

ઇત્યાદિ. જેમ રુચક અને સ્વસ્તિક સુવર્ણાત્માએ એક છે તોપણ પરસ્પર એક નથી, તેમ જીવ અને પ્રતીક બ્રહ્માત્માએ એક છે તોપણ તેમનો ભેદ સમાન છે. જો ધર્મીથી ભિન્ન તેમનો અભાવ છે એમ નિશ્ચય થયે વસ્તુનું ઐક્ય છે તો ઉપાસનાનો ઉચ્છેદ કહ્યો છે એવો અર્થ છે. જોકે ઉપાસક, જીવાત્મા બ્રહ્મવિકાર નથી, મન વગેરે પ્રતીકો તો બ્રહ્મવિકાર છે, તોપણ અવચ્છિન્ન હોવાથી જીવાત્માનું પ્રતીક સાથે સામ્ય છે એમ સમજવું ॥ ૪ ॥

પૂર્વોક્ત પ્રતીકોપાસના વિષે કંઈક અન્ય વિચારવું છે એમ બંને અધિકરણો વચ્ચે એક વિષયની સંગતિ છે. પૂર્વ અધિકરણમાં કહ્યું છે કે અહંગ્રહોપાસનામાં છે તેમ પ્રતીકોપાસનામાં અહંગ્રહથી અનુષ્ઠાન નથી. આ અધિકરણમાં, પ્રતીકોપાસનાને વિષેજ કોને વિષે કોની દૃષ્ટિ કરવી એને વિષે જેને સંદેહ છે તેના પ્રતિ કહે છે—'ब्रह्मदृष्टिरुत्कर्षात्'. પ્રશ્નપૂર્વક સંશયનું બીજ કહે છે—'શાથી સંશય થાય છે?' બ્રહ્મ અને આદિત્યાદિ વચ્ચે 'आदित्यो ब्रह्म' ઇત્યાદિમાં જે શ્રુતિમાં સામાનાધિકરણ્ય છે તે મુખ્ય નથી; કેમકે બ્રહ્મ ને વિકાર એ તેની વચ્ચે અભેદ અયુક્ત છે, જેમ ગાય ને અશ્વની વચ્ચે અભેદ અયુક્ત છે તેમ. તેમજ પ્રકૃતિવિકૃતિભાવને આધારે એ સામાનાધિકરણ્ય છે એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે વિકારનો બાધ થઈ વાક્ય બ્રહ્મપર થાય. એ ઇષ્ટ આપત્તિ છે એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે 'नाम ब्रह्मेत्युपासीत' એમ વિધિશ્રુતિનો વિરોધ થાય; અને પરિમિત જે નામ તેનું ગ્રહણ

નરઃ' (બ્રાહ્મણ વૈશ્વાનર અગ્નિ છે) ઇત્યાદિની પેઠે અન્યત્ર અન્યદૃષ્ટિનો અધ્ય
થયો એટલે ક્યાં કઈ દૃષ્ટિનો અધ્યાસ કરવો એમ સંશય થાય છે. તેમાં નિયમ ન
કેમકે નિયમકારક શાસ્ત્રનો અભાવ છે એમ પ્રાપ્ત થાય છે. અથવા આદિત્યાદિ
ષ્ટિજ બ્રહ્મને વિષે કરવી એમ પ્રાપ્ત થાય છે; કારણ કે એ રીતે આદિત્યાદિદૃષ્ટિ
બ્રહ્મ ઉપાસિત થાય છે અને બ્રહ્મની ઉપાસના પ્રયોજનવાળી થાય છે એમ શાસ્ત્ર
મર્યાદા છે. તેટલા માટે આદિત્યાદિને વિષે બ્રહ્મદૃષ્ટિ નથી એમ. એમ પ્રાપ્ત
અમે કહીએ છીએ—આદિત્યાદિને વિષે બ્રહ્મદૃષ્ટિજ છે એમ. શાથી? ઉત્કર્ષ
એ રીતે આદિત્યાદિ ઉત્કર્ષે વિચારાયલા થાય છે; કેમકે તેમને વિષે ઉત્કૃષ્ટ દૃષ્ટિ
અધ્યાસ છે. એ રીતે લૌકિક ન્યાય અનુમત થાય છે; કારણ કે ઉત્કૃષ્ટ દૃષ્ટિનો નિકૃ
વિષે અધ્યાસ કરવો એવો લૌકિક ન્યાય છે; જેમકે સારથિને વિષે [1]રાજદૃષ્ટિ
લૌકિક ન્યાય અનુસરવો યુક્ત છે; કેમકે વિપર્યયને વિષે પ્રત્યવાયનો પ્રસંગ આવે
ખરેખર, સારથિદૃષ્ટિથી જેનો પરિગ્રહ કર્યો છે એવો [2]રાજા, નિકૃષ્ટ કરાતો, કલ્યા
કરતો નથી. પણ શાસ્ત્રપ્રામાણ્યને લીધે અહિં પ્રત્યવાયના પ્રસંગની શંકા કર
નહિ, અને લૌકિક ન્યાયથી શાસ્ત્રીય દૃષ્ટિનો નિયમ કરવો યુક્ત નથી. એને વિ
કહીએ છીએ—શાસ્ત્રાર્થ નિર્ધારિત હોય તો એ એ પ્રમાણે થાય. પણ તે સંદિ
હોય તો તેના નિર્ણય પ્રતિ લૌકિક પણ ન્યાય આશ્રય કરાતો વિરુદ્ધ થતો નથ
તેથી ઉત્કૃષ્ટદૃષ્ટિનો અધ્યાસ એ શાસ્ત્રનો અર્થ છે એમ અવધારણ થાય છે એટ
નિકૃષ્ટ દૃષ્ટિનો અધ્યાસ કરનાર પ્રત્યવાય પામે છે એમ ઘટતું થાય છે. વળી આદિ
ત્ય આદિ શબ્દો પ્રથમ નિર્દિષ્ટ છે તેથી તેઓ મુખ્યાર્થમાં છે એમ ગ્રહણ કરવું યુ
છે, કેમકે તેમાં વિરોધ નથી. સ્વાર્થમાં—મુખ્યાર્થમાં જેની વૃત્તિ છે એવા તે શબ્દોથ
બુદ્ધિ અવરુદ્ધ થઈ—રોકાઈ એટલે તે બુદ્ધિમાં પાછળથી ઉતરતા બ્રહ્મશબ્દને મુખ
વૃત્તિથી—મુખ્ય અર્થમાં—સામાનાધિકરણ્ય ન હોવાથી બ્રહ્મદૃષ્ટિનું વિધાન કરવું એ

અનર્થક થવાનો પ્રસંગ આવે; કેમકે બ્રહ્મપરત્વ હોય તો સર્વં બ્રહ્મ એમ વક્તવ્ય છે. એટલ
માટે પરિશેષથી અધ્યાસજ સામાનાધિકરણ્યનું કારણ છે; અને અધ્યાસને વિષે નિયામક ન
તેથી સંશય થાય છે એવો અર્થ છે. ઉત્કૃષ્ટ ને નિકૃષ્ટમાં નિકૃષ્ટ ઉપાસ્ય છે, ફલવત્ છે તે
એ ન્યાય નિયામક છે એમ અભિરુચિથી કહે છે—'અથવા આદિત્યાદિદૃષ્ટિજ બ્રહ્મ
વિષે કરવી' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં વિકારદૃષ્ટિથી બ્રહ્મની ઉપાસ્તિની સિદ્ધિ એ ફળ છે. સિ
દ્ધાન્તમાં તો વિકારદૃષ્ટિથી બ્રહ્મ ઉપાસ્ય છે તેથી નિકર્ષપ્રાપ્તિ થવાથી ફલવત્ત્વ સિદ્ધ થતું નથી
માટે વિકારજ ઉત્કૃષ્ટ બ્રહ્મદૃષ્ટિથી ઉપાસ્ય છે એ ફળ છે. વળી લૌકિક ન્યાયથી અવિરુ
અર્થનો સંભવ છે તો વિરુદ્ધ અર્થ ગ્રાહ્ય નથી; પ્રત્યવાયનો પ્રસંગ આવે તેથી. વળી 'આદિત્ય
બ્રહ્મ' ઇત્યાદિમાં આદિત્યઆદિ પ્રથમ શ્રુત છે તેને વિરોધી ઉત્પન્ન થયો ન હોવાથી તે
મુખ્ય અર્થમાં લેવાજ ન્યાય્ય છે; અને બ્રહ્મશબ્દમાં દૃષ્ટિલક્ષણા લેવી ન્યાય્ય છે; એટલે આ
દિત્યાદિ બ્રહ્મદૃષ્ટિથી ઉપાસ્ય છે એવોજ વાક્યાર્થ છે એમ કહે છે—'વળી આદિત્ય આદિ
શબ્દો પ્રથમ નિર્દિષ્ટ છે' ઇત્યાદિ. બ્રહ્મશબ્દજ બ્રહ્મદૃષ્ટિના અર્થમાં છે એને માટે અન

---

1 રાજા તરીકે વિચારેલો તે. 2 જે રાજાને તે સારથિ છે એમ સારથિદૃષ્ટિથી વિચાર્યો છે તે.

અર્થનું અવચ્છિન્ન થાય છે. વળી બ્રહ્મશબ્દની પછી ઇતિશબ્દ છે તેથી પણ બ્રહ્મશબ્દનો મુખ્ય અર્થ ત્યાજ્ય છે. જેમકે 'ब्रह्मेत्यादेशः' (બ્રહ્મ તરીકે ઉપદેશ છે), 'ब्रह्मेत्युपासीत' (બ્રહ્મ તરીકે ઉપાસના કરવી), 'ब्रह्मेत्युपास्ते' (બ્રહ્મ તરીકે ઉપાસે છે) એમ બધેય ઇતિપર બ્રહ્મશબ્દ ઉચ્ચારે છે—બ્રહ્મશબ્દથી પર ઇતિશબ્દ કરે છે, અને આદિત્યઆદિ શબ્દોને શુદ્ધ[1] ઉચ્ચારે છે. તેટલા માટે જેમ 'शुक्तिकां रजतमिति प्रत्येति' (છીપને રજત તરીકે પ્રતીત કરે છે) એમાં શુક્તિકાશબ્દ શુક્તિવાચક છે, પણ રજતશબ્દનો રજતપ્રતીતિરૂપ અર્થ છે; કેમકે એ રજત છે એમ માત્ર તે પ્રતીતિજ કરે છે, તેમાં કંઈ રજત નથી; એ પ્રમાણે આદિત્યાદિને બ્રહ્મ તરીકે પ્રતીત કરવા એમ સમજાય છે. વાક્યશેષ પણ દ્વિતીયાના નિર્દેશથી ઉપાસ્તિક્રિયાથી આદિત્યાદિ વ્યાપ્યમાન થાય છે એમ દર્શાવે છે—'स य एतमेवं विद्वानादित्यं ब्रह्मेत्युपास्ते' [છાન્દો૦ ૩।૧૯।૪] (તે જે કોઈ એ એવા યથોક્ત મહિમાવાળાને જાણીને આદિત્યને બ્રહ્મ તરીકે ઉપાસે છે। તે તદ્ભાવ પ્રાપ્ત કરે છે।) અને 'यः संकल्पं ब्रह्मेत्युपास्ते' [છાન્દો૦ ૭।૪।૩] (જે સંકલ્પને બ્રહ્મબુદ્ધિથી ઉપાસે છે) એમ. અહિં બ્રહ્મોપાસનાનોજ આદર કરવો જોઈએ ફલવત્ત્વને માટે એમ જે કહ્યું છે તે અયુક્ત છે; કેમકે ઉક્ત ન્યાયથી આદિત્યાદિજ ઉપાસ્ય છે એમ સમજાય છે. ફળ તો અતિથિ આદિના ઉપાસનમાં છે તેમ આદિત્ય આદિના ઉપાસનમાં બ્રહ્મજ આપશે, સર્વાધ્યક્ષ છે તેથી; અને એ 'फलमत उपपत्तेः' [બ્રહ્મસૂ૦ ૩।૨।૩૮] એમાં વર્ણવેલું છે. અહિં એવું બ્રહ્મનું ઉપાસ્યત્વ છે કે પ્રતીકોમાં તેની દૃષ્ટિનું અધ્યારોપણ છે. જેમ પ્રતિમા આદિમાં વિષ્ણુ આદિનું છે ॥ ૫ ॥

હેતુ કહે છે—'વળી બ્રહ્મશબ્દની પછી ઇતિશબ્દ છે' ઇત્યાદિ. જેની પછી ઇતિશબ્દ આવ્યો હોય એવો શબ્દ સમભિવ્યાહાર કરેલી ક્રિયાનો લક્ષક થાય છે એમ લોકમાં પ્રસિદ્ધ છે એવો અર્થ છે. વળી દ્વિતીયા વિભક્તિની શ્રુતિ છે તેથી પણ આદિત્ય આદિજ ઉપાસ્તિના કર્મ છે એમ કહે છે—'વાક્યશેષ પણ દ્વિતીયાના નિર્દેશથી' ઇત્યાદિ. ઉત્કૃષ્ટજ ઉપાસ્ય છે એ ઉક્ત ન્યાયનો અનુવાદ કરે છે—'અહિં બ્રહ્મોપાસનાનોજ આદર કરવો જોઈએ' ઇત્યાદિ. દ્વિતીયાશ્રુતિ, ઇતિશ્રુતિ, ને લૌકિક ન્યાયથી ઉક્ત ન્યાયનો બાધ છે એમ કહે છે—'તે અયુક્ત છે' ઇત્યાદિ. બ્રહ્મ જો અનુપાસ્ય છે તો ફળદાતા શી રીતે છે તેને વિષે કહે છે—'ફળ તો અતિથિ આદિના ઉપાસનમાં' ઇત્યાદિ. વળી જેની દૃષ્ટિથી વિચારનો ઉત્કર્ષ થાય છે તે બ્રહ્મ વિશેષણ થયે પણ ઉપાસ્ય છે એમ કહે છે—'અહિં એવું બ્રહ્મનું ઉપાસ્યત્વ છે' ઇત્યાદિ ॥ ૫ ॥

---

૧ ઇતિપર નહિ એવા.

आदित्यादिमतयश्चाङ्ग उपपत्तेः ॥ ६ ॥

(ઉદ્ગીથાદિને વિષે) આદિત્યાદિ બુદ્ધિ કરવી; અંગને વિષે (કર્મસમૃદ્ધિ) ઉપપન્ન થાય છે તેથી ॥ ૬ ॥

'य एवासौ तपति तमुद्गीथमुपासीत' [છાન્દો૦ ૧।૩।૧] (જે એ આદિત્ય તપે છે તેની ઉદ્ગીથ તરીકે ઉપાસના કરવી), 'लोकेषु पञ्चविधं सामोपासीत' [છાન્દો૦ ૨।૨।૧] (લોકમાં-પૃથિવી આદિમાં-પંચભક્તિભેદથી પાંચ પ્રકારના સામની ઉપાસના કરવી), 'वाचि सप्तविधं सामोपासीत' [છાન્દો૦ ૨।૮।૧] (વાણીને વિષે સાત પ્રકારના સામની ઉપાસના કરવી), 'इयमेवर्गग्निः साम' [છાન્દો૦ ૧।૬।૧] (એ પૃથિવીજ ઋક્ છે, તેમજ અગ્નિ સામ છે) ઇત્યાદિ અંગો સાથે જોડાયલી ઉપાસનાઓમાં સંશય થાય છે કે શું આદિત્યાદિને વિષે ઉદ્ગીથાદિદૃષ્ટિનું વિધાન છે કે ઉદ્ગીથાદિને વિષે આદિત્યાદિદૃષ્ટિનું એમ. તેમાં નિયમ નથી, નિયમનું કારણ નથી તેથી, એમ પ્રાપ્ત થાય છે; કારણ કે અહિં બ્રહ્મની પેઠે કોઈનો ઉત્કર્ષ અવધારેલો નથી. ખરેખર, બ્રહ્મ સમસ્ત જગત્‌નું કારણ છે તેથી તેમજ અપહતપાપ્મત્વ આદિ ગુણોનો યોગ છે તેથી આદિત્ય આદિથી ઉત્કૃષ્ટ છે એમ અવધારણ કરવું શક્ય છે. પણ આદિત્ય, ઉદ્ગીથ આદિમાં, 'એ બધામાં વિકારત્વનો અવિશેષ છે તેથી, ઉત્કર્ષવિશેષનું અવધારણ કરવા માટે કંઈ કારણ નથી. અથવા ઉદ્ગીથાદિબુદ્ધિનો આદિત્યાદિને વિષે નિયમે આરોપ કરવો જોઈએ. શાથી? કારણ કે ઉદ્ગીથાદિ કર્માત્મક છે, અને કર્મથી ફલપ્રાપ્તિ પ્રસિદ્ધ છે. ઉદ્ગીથાદિબુદ્ધિથી ઉપાસના કરાતા આદિત્યાદિ કર્માત્મક થઈ ફળના હેતુ થશે. તેમજ 'इयमेवर्गग्निः साम' [છાન્દો૦

પૃથિવી, અગ્નિ, અન્તરિક્ષ, આદિત્ય, ને દ્યુ એ નામના લોકોને વિષે હિંકાર, પ્રસ્તાવ, ઉદ્ગીથ, પ્રતીહાર, અને નિધન એ અંશોથી પંચવિધ સામ છે. એ પાંચ ભેદની સાથે આદિ ને ઉપદ્રવ એ બે સામભક્તિ સાથે સાત પ્રકારનું સામ છે એવો ભેદ છે. લોકદૃષ્ટિથી પાંચ પ્રકારના સામની ઉપાસના કરવી. સાત પ્રકારનું સામ વાણીને વિષે ઉપાસ્ય છે; વાક્દૃષ્ટિથી સામ ઉપાસ્ય છે એવો અર્થ છે. અનાશ્રિત ઉપાસનોને કંઈ વિશેષ ઉપલબ્ધ થતો નથી તેથી સૂત્ર કહે છે— અંગો સાથે જોડાયલી ઉપાસનાઓમાં' ઇત્યાદિ. પૂર્વે બ્રહ્મની પેઠે ઉત્કર્ષનું અવધારણ થતું નથી તેથી અનિયમ છે એમ પ્રત્યુદાહરણથી પૂર્વપક્ષ કહે છે— તેમાં નિયમ નથી' ઇત્યાદિ. સિદ્ધાન્ત આદિત્યાદિથી કર્મરૂપ ઉદ્ગીથાદિને ફળની નિકટતા છે તેથી ઉદ્ગીથાદિનો આદિત્યાદિથી ઉત્કર્ષ છે એમ ઉત્કર્ષનાન સ્વીકારી મુખ્ય પૂર્વપક્ષ કહે છે— અથવા ઉદ્ગીથાદિ બુદ્ધિનો' ઇત્યાદિ. તે તે પક્ષની સિદ્ધિજ પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનું ફળ સમજવું. વળી અનન્ત આદિત્યાદિને વિષે અંગદૃષ્ટિ કરવી એને વિષે અંગવાચક શબ્દનો પ્રયોગ એ લિંગ છે—પૃથિવી ને અગ્નિને વિષે ઋક્ ને સામ શબ્દનો પ્રયોગ એ લિંગ છે એમ કહે છે—"તેમજ 'इयमेवर्गग्निः साम'" ઇત્યાદિ. 'तदेतदेतस्यां' અને એ અગ્નિ ઋક્ સામ એ પૃથિવીરૂપ ઋચને વિષે અધ્યૂઢ-ઉપર રહેલું છે. ઋચને વિષે સામની પેઠે

૧ એ બધા વિકાર છે, એમાં કંઈ વિશેષ નથી તેથી.

૧।૬।૧] (એ પૃથિવીજ ઋક્ છે, તેમજ અગ્નિ સામ છે) એમાં 'तदेतदेतस्यामृच्यध्यूढं साम' [છાન્દો૦ ૧।૬।૧] (તે એ અગ્નિ નામનું સામ એ પૃથિવી ઋક્ને વિષે ઉપર રહેલું છે) એના ઋચ્‌શબ્દથી પૃથિવીનો નિર્દેશ કરે છે, અને સામન્ શબ્દથી અગ્નિનો નિર્દેશ કરે છે; અને તે, પૃથિવી ને અગ્નિને વિષે ઋક્‌દૃષ્ટિ ને સામદૃષ્ટિ કરવાની ઇચ્છામાં સંભવે છે, ઋક્ ને સામને વિષે પૃથિવીદૃષ્ટિ ને અગ્નિદૃષ્ટિ કરવાની ઇચ્છામાં સંભવતું નથી. ખરેખર, સારથિને વિષે રાજદૃષ્ટિ કરવાથી સારથિના અર્થમાં રાજશબ્દ ગૌણ થાય છે, રાજાના અર્થમાં સારથિશબ્દ ગૌણ થતો નથી. વળી 'लोकेषु पञ्चविधं सामोपासीत' [છાન્દો૦ ૨।૨।૧] (લોકમાં—પૃથિવી આદિમાં પાંચ પ્રકારના સામની ઉપાસના કરવી) એમ અધિકરણનો નિર્દેશ છે તેથી લોકને વિષે સામનો અધ્યાસ કરવો યુક્ત છે એમ પ્રતીત થાય છે. 'एतद्गायत्रं प्राणेषु प्रोतम्' [છાન્દો૦ ૨।૧૧।૧] (એ ગાયત્ર સામ પ્રાણોને વિષે પ્રોત છે) એ શ્રુતિ એજ દર્શાવે છે. વળી 'आदित्यो ब्रह्मेत्यादेशः' [છાન્દો૦ ૩।૧૯।૧] (આદિત્ય બ્રહ્મ છે એમ ઉપદેશ છે) ઇત્યાદિમાં પ્રથમ નિર્દિષ્ટ આદિત્ય આદિને વિષે ચરમનિર્દિષ્ટ બ્રહ્મનો અધ્યાસ કર્યો છે; અને 'पृथिवी हिंकारः' [છાન્દો૦ ૨।૨।૧] (પૃથિવી હિંકાર છે) ઇત્યાદિ શ્રુતિઓમાં પૃથિવી આદિ પ્રથમ નિર્દિષ્ટ છે અને હિંકાર આદિ ચરમનિર્દિષ્ટ છે. એટલા માટે અનંગ આદિત્યાદિને વિષે અંગબુદ્ધિનો નિક્ષેપ છે એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—ઉદ્‌ગીથાદિ અંગોને વિષે આદિત્યાદિબુદ્ધિજ કરવી યુક્ત છે. શાથી ? ઉપપત્તિ છે તેથી; કારણ કે એ પ્રમાણે અપૂર્વ સંનિકર્ષથી આદિત્યાદિબુદ્ધિથી સંસ્કાર કરાતા ઉદ્‌ગીથાદિને વિષે કર્મની સમૃદ્ધિ ઉપપન્ન થાય છે. 'यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवति' [છાન્દો૦ ૧।૧।૧૦] (વિજ્ઞાનથી યુક્ત થઈ, શ્રદ્ધા રાખી, ઉપનિષદ્‌થી–

પૃથિવીને વિષે અગ્નિ દેખાય છે; એથી સામ્યથી પૃથિવીજ ઋક્ છે, અગ્નિજ સામ છે એમ ધ્યાન વિહિત છે. તેમાં બે ઋક્‌સામાત્મક કર્માંગને વિષે પૃથિવીદૃષ્ટિ ને અગ્નિદૃષ્ટિ ન થાય તો પૃથિવી ને અગ્નિને વિષે ઋક્‌પદ ને સામપદનો પ્રયોગ ન થાય એને વિષે દૃષ્ટાન્ત કહે છે— 'ખરેખર, સારથિને વિષે રાજદૃષ્ટિ કરવાથી' ઇત્યાદિ. ઋક્‌ને વિષે પૃથિવીદૃષ્ટિ ને સામને વિષે અગ્નિદૃષ્ટિ ઇષ્ટ હોય તો વિપરીત પ્રયોગ થાય; તેટલા માટે પૃથિવીને ને અગ્નિને વિષે ઋક્‌શબ્દનો ને સામશબ્દનો પ્રયોગ અન્યથા અનુપપન્ન છે માટે પૃથિવીને ને અગ્નિને વિષે કર્મના અંગભૂત ઋક્‌નો ને સામનો અધ્યાસ સિદ્ધ થાય છે એવો અર્થ છે. વિષયસપ્તમીથી પણ એમ છે એમ કહે છે—"વળી 'लोकेषु पञ्चविधं सामोपासीत'" ઇત્યાદિ. ગાયત્રસંજ્ઞક સામ છે. વળી પૂર્વ અધિકરણમાં સિદ્ધાન્તમાં દર્શાવેલા ન્યાયથી પણ એમ છે એમ કહે છે—"વળી 'आदित्यो ब्रह्मेत्यादेशः'" ઇત્યાદિ. આમ પૂર્વપક્ષ થયે સિદ્ધાન્ત કરે છે કે અનંગબુદ્ધિથી અંગો ઉપાસ્ય છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. ઉપાસનાનું કર્મસમૃદ્ધિ એ ફળ શ્રુતિ કહે છે અને એ કર્મસમૃદ્ધિ ઉપાસનાથી અંગોનો સંસ્કાર થાય ત્યારે ઉપપન્ન થાય છે; કેમકે અંગો સમૃદ્ધિને અનુકૂળ, પ્રકૃત કર્મનું [1]અપૂર્વ ઉત્પન્ન કરે છે એવો અર્થ છે. જેમ પ્રોક્ષણ આદિથી વ્રીહિ આદિ સંસ્કૃત થઈ તેને વિષે કર્મનું અપૂર્વ

[1] યાગાદિજન્ય, સ્વર્ગાદિજનક કોઈક ગુણવિશેષ.

યોગથી યુક્ત થઈ જે કર્મ કરે છે તેજ કર્મ અવિદ્વાનના કર્મ કરતાં અધિક ફળવાળું
થાય છે) એમ વિદ્યા કર્મસમૃદ્ધિનો હેતુ છે એમ શ્રુતિ દર્શાવે છે. પણ કર્મસમૃદ્ધિ
એ જેનું ફળ છે એવાં ઉપાસનોમાં એમ થાઓ, પણ 'य एतदेवं विद्वाँल्लोकेषु पञ्च-
विधं सामोपास्ते' [છાન્દો૦ ૨।૨।૩] (જે એ એ પ્રમાણે જાણી લોકોમાં પાંચ પ્ર-
કારના સામની ઉપાસના કરે છે તેને {ઊર્ધ્વ ને આવૃત્ત લોકો—ગતિ ને આગતિના
લોકો ભોગ્ય તરીકે વ્યવસ્થિત થાય છે}) ઇત્યાદિ સ્વતન્ત્ર ફળવાળી ઉપાસનાઓમાં
કેમ? તેમાં પણ અધિકૃતનો અધિકાર છે તેથી પ્રકૃત અપૂર્વના સંનિકર્ષથીજ ફળની
કલ્પના યુક્ત છે, ગોદોહન આદિમાં નિયમ છે તેની પેઠે. વળી આદિત્યાદિ ફલા-
ત્મક છે તેથી, કર્માત્મક ઉદ્ગીથાદિથી તેઓ ઉત્કૃષ્ટ છે એમ ઉપપન્ન છે; કારણ કે
શ્રુતિઓમાં આદિત્યાદિની પ્રાપ્તિ એ કર્મનું ફળ છે એમ ઉપદેશ છે. વળી 'ओ-
मित्येतदक्षरमुद्गीथमुपासीत' [છાન્દો૦ ૧।૧।૧] (ઓમ્ એ વર્ણાત્મક ઉદ્ગીથની ઉપા-
સના કરવી), 'खल्वेतस्यैवाक्षरस्योपव्याख्यानं भवति' [છાન્દો૦ ૧।૧।૧૦] (એજ
ઉદ્ગીથસંજ્ઞક અક્ષરનું ઉપવ્યાખ્યાન છે) એમ ઉદ્ગીથનેજ ઉપાસ્ય તરીકે ઉપક્રમ
કરીને આદિત્યાદિબુદ્ધિનું વિધાન કરે છે. ઉદ્ગીથાદિબુદ્ધિથી ઉપાસન કરાતા આદિ-
ત્યાદિ કર્માત્મક થઈ ફળ કરશે એમ જે કહ્યું છે તે અયુક્ત છે; કેમકે ઉપાસના જા-
તેજ કર્મ હોઈ ફળ ઉત્પન્ન કરે એ યુક્ત છે; તેમજ આદિત્યાદિભાવથી વિચારાતા

ઉત્પન્ન થાય છે; તેમ પ્રકૃત કર્મના અપૂર્વના સંનિધાનને લીધે ઉદ્ગીથાદિ આદિત્યાદિબુદ્ધિથી
સંસ્કાર પામી ઉદ્ગીથાદિની કર્મસમૃદ્ધિ ઉપપન્ન થાય છે. તેટલા માટે કર્મસમૃદ્ધિરૂપ ફળ ઉ-
પપન્ન થાય માટે અંગોને વિષે અનંગબુદ્ધિ કરવાની છે એવો અર્થ છે. હવે શંકા કરે છે કે
જ્યાં કર્મસમૃદ્ધિરૂપ ફળ શ્રુતિમાં કહ્યું છે તે અંગોમાં અનંગબુદ્ધિ થાઓ; કેમકે આદિત્યાદિ-
બુદ્ધિથી સંસ્કૃત થયલાં અંગો કર્માતિશયના હેતુ છે. પણ સ્વતન્ત્ર ફળવાળી ઉપાસનાઓમાં
શી રીતે બુદ્ધિ કરવી એનો વિવેક નથી. જ્યાં ઉપાસનાઓનું ફળ પ્રકૃતકર્મના અપૂર્વ, સંનિ-
કૃષ્ટ અંગદ્વારાની અપેક્ષાએ શ્રુતિમાં કહ્યું છે ત્યાં ફળની ઉપપત્તિને માટે અંગો ઉપાસ્ય થાઓ;
પણ તેવી અપેક્ષા વગર લોકાદિ ફળવાળી ઉપાસનાઓમાં ઉપાસ્યનો વિવેક શી રીતે એવી
શંકા કરે છે—'પણ કર્મસમૃદ્ધિ એ જેનું ફળ છે' ઇત્યાદિ. જેમ સ્વતન્ત્ર, પશુફળ-
વાળા ગોદોહનનું અંગદ્વારાની અપેક્ષાએજ ફળ ઇષ્ટ છે, તેમ લોકાદિ જેમાં ફળ છે
તેવાં ઉપાસનોમાં પણ કર્મના અપૂર્વ અંગદ્વારાજ ફળની કલ્પના યુક્ત છે; કેમકે કર્મને વિષે
અધિકૃત થયલાનોજ અંગાશ્રિત ઉપાસનાઓમાં અધિકાર છે; તેટલા માટે અંગોજ ઉપાસ્ય છે
એમ સમાધાન કરે છે—'તેમાં પણ અધિકૃતનો અધિકાર છે તેથી' ઇત્યાદિ. ઉત્કર્ષનું
અવધારણ થતું નથી, માટે અનિયમ છે એમ જે કહ્યું છે તેનું નિરસન કરે છે—'વળી
આદિત્ય આદિ ફલાત્મક છે તેથી' ઇત્યાદિ. તેમજ ઉપક્રમના બળથી પણ અંગ ઉપાસ્ય
છે એમ કહે છે—"વળી 'ओमित्येतदक्षरम्'" ઇત્યાદિ. દ્વિતીય પૂર્વપક્ષની ઉપપત્તિને
કહીને દૂષિત કરે છે—'ઉદ્ગીથાદિબુદ્ધિથી ઉપાસન કરાતા' ઇત્યાદિ. સિદ્ધ આદિત્યા-
દિસ્વરૂપે કર્મોની દૃષ્ટિને વિષે કર્મત્વની હાનિ થશે એવી શંકાનું નિરાકરણ કરે છે—'તેમજ
આદિત્યાદિભાવથી વિચારાતા' ઇત્યાદિ. માણવકને વિષે અગ્નિદૃષ્ટિની પેઠે ઉદ્ગીથાદિને
વિષે આદિત્યાદિબુદ્ધિ ગૌણ હોવાથી કર્મત્વનો અભિભવ થતો નથી, માટે અંગોને વિષે અનંગત્વ-
બુદ્ધિ અવિરુદ્ધ છે એવો આશય છે. પ્રયોગની અનુપપત્તિ કહી છે તેનું નિરસન કરે છે—

ઉદ્ગીથાદિકર્માત્મક છે તે કર્માત્મક હોવાપણાનો અપાય થતો નથી. 'तदेतदेतस्यामृच्यध्यूढं साम' [છાન્દો૦ ૧।૬।૧] (તે એ અગ્નિ નામનું સામ એ પૃથિવી ઋક્ને વિષે ઉપર રહેલું છે) એ તો પૃથિવી ને અગ્નિને વિષે ऋक् ને साम् શબ્દનો પ્રયોગ લાક્ષણિક જ છે. લક્ષણા તો જેમ સંભવે તેમ સંનિકૃષ્ટ કે વિપ્રકૃષ્ટ સ્વાર્થની સાથે સંબન્ધથી પ્રવૃત્ત થાય છે. તેમાં જોકે ઋક્ અને સામને વિષે પૃથિવીદૃષ્ટિ ને અગ્નિદૃષ્ટિ કરવાની ઇચ્છા છે, તોપણ પ્રસિદ્ધ ઋક્ ને સામનું ભેદથી અનુકીર્તન છે તેથી ને પૃથિવી અને અગ્નિનું સંનિધાન છે તેથી ऋक् ને साम શબ્દનો એ પ્રયોગ પૃથિવી ને અગ્નિને વિષેજ છે ઋક્ ને સામની સાથે સંબન્ધ છે તેથી એમ નિશ્ચય થાય છે; કારણ કે સારથિશબ્દને પણ કોઈક કારણથી ઉપચારથી રાજાનો અર્થ કહેતાં અટકાવી શકાયે નહિ. 'इयमेवर्क्' [છાન્દો૦ ૧।૬।૧] (આજ ઋક્ છે) એ, અક્ષરોના ન્યાસ પ્રમાણે ઋક્ એજ પૃથિવી છે એમ અવધારણ કરે છે; કારણ કે પૃથિવી ઋક્ છે એમ અવધારણ કરાવવું હોય તો એ ઋક્જ છે એમ અક્ષરોનો ન્યાસ થાય. 'य एवं विद्वान् साम गायति' [છાન્દો૦ ૧।૭।૭] (જે એ પ્રમાણે જાણી સામનું ગાન કરે છે) એ અંગાશ્રિત વિજ્ઞાનનોજ ઉપસંહાર કરે છે, પૃથિવ્યાદિને આશ્રિત વિજ્ઞાનનો નહિ. તેમજ 'लोकेषु पञ्चविधं सामोपासीत'

'तदेतदेतस्यामृच्यध्यूढं साम' ઇત્યાદિ. લક્ષણાનું બીજ જે સમ્બન્ધ તે કહે છે—'લક્ષણા તો જેમ સંભવે તેમ' ઇત્યાદિ. 'गङ्गायां घोषः' (ગંગામાં આહીરનું ઝુંપડું) એમાં સંનિકૃષ્ટસંયોગરૂપ સમ્બન્ધથી તીરના અર્થમાં લક્ષણા છે; 'अग्निर्माणवकः' (માણવક અગ્નિ છે) એમાં અગ્નિમાં રહેલા શુચિત્વાદિ ગુણવત્ત્વરૂપ પરંપરાસમ્બન્ધથી લક્ષણા જોવામાં આવે છે. તેમજ અહિ ઋક્ને ને સામને વિષે પૃથિવીદૃષ્ટિ ને અગ્નિદૃષ્ટિના પક્ષમાં પણ ઋક્પદથી ને સામપદથી પોતાના વાચ્યાર્થમાં દૃષ્ટવ્યત્વાભાવના પરંપરાસમ્બન્ધથી પૃથિવીના અર્થમાં ને અગ્નિના અર્થમાં લક્ષણા યુક્ત છે એવો અર્થ છે. પણ પ્રતીકવાચક પદની પોતાના અર્થમાં લક્ષણા યુક્ત નથી; કેમકે સારથિશબ્દ રાજાના અર્થમાં પ્રયુક્ત થતો નથી એમ શંકા કરે છે—'તેમાં જોકે ઋક્ ને સામને વિષે' ઇત્યાદિ. તોપણ ઋક્ ને સામના સમ્બન્ધથી પૃથિવી ને અગ્નિને વિષેજ, 'આ ઋક્ને વિષે સામ અધ્યૂઢ છે' એમ એ ઋક્સામપદનો પ્રયોગ છે એવો અન્વય છે. પણ મુખ્યાર્થજ કેમ હોતા નથી એ શંકાનું નિરાકરણ કરે છે—'પ્રસિદ્ધ ઋક્ ને સામનું' ઇત્યાદિ. 'तस्मादृच्यध्यूढं साम' (તેટલા માટે ઋક્ને વિષે સામ ઉપરે સ્થિત છે) એમાં ઋક્ ને સામ બન્નેની મુખ્ય અર્થમાં પૃથક્ ઉક્તિ છે તેથી 'तदेतस्याम्' એમાં પણ એનુંજ મુખ્ય અર્થમાં ગ્રહણ કરવાથી પુનરુક્તિ થાય. એટલા માટે પ્રતીકભેદદૃષ્ટિથી પૃથિવી ને અગ્નિ એ પ્રતીકના સંનિધાનમાં છે તેથી તેનેજ વિષે પ્રતીકપદનો પ્રયોગ કર્યો છે, તેનો અભેદ દૃઢ કરવા માટે એવો અર્થ છે. ત્યારે સારથિશબ્દ પણ રાજાના અર્થમાં થશે તેને માટે કહે છે—'સારથિશબ્દને પણ કોઈક કારણથી' ઇત્યાદિ. જેનો પ્રયોગ હોય તેનું કંઈક પણ નિમિત્ત કહેવું યુક્ત છે; પણ નિમિત્ત છે માટે પ્રયોગ ઉપજાવવો યુક્ત નથી એવો ભાવ છે. સારથિનાં કાર્ય રથચર્યા આદિ જ્યારે રાજાજ કરે છે ત્યારે સારથિશબ્દ રાજાને વિષે પણ વપરાય છે એવો અક્ષરાર્થ છે. ઋક્ આદિને વિષેજ પૃથિવ્યાદિદૃષ્ટિ છે તેને માટે અન્ય હેતુ કહે છે—'इयमेवर्क्' ઇત્યાદિ. સર્વભોગી લોકો ઉપાસ્ય છે એમ જે કહ્યું છે તેનું નિરસન કરે છે—"તેમજ 'लोकेषु'" ઇત્યાદિ. સામાત્માએ—સામ તરીકે લોકોની ઉપાસના કરવી એમ

अचलत्वं चापेक्ष्य ॥ ९ ॥

અને અચલત્વની અપેક્ષા કરીને (पृथिवी ध्यायति ' એમ કહ્યું છે) ॥ ૯ ॥

વળી 'ध्यायतीव पृथिवी' [છાન્દો૦ ૭।૬।૧] (પૃથિવી જાણે ધ્યાન ધરે છે નિશ્ચલ દેખાય છે) એમાં પૃથિવી આદિને વિષે અચલત્વની અપેક્ષા કરીનેજ ध्या यति એમ કહ્યું છે, અને તે ઉપાસના એ બેઠેલાનું કામ છે એને વિષે લિંગ છે ॥૯

स्मरन्ति च ॥ १० ॥

અને (ઉપાસનાના અંગ તરીકે આસનને શિષ્ટો) સ્મરે છે ॥ ૧૦॥

વળી ઉપાસનાના અંગ તરીકે શિષ્ટો આસનને સ્મરે છે—'शुचौ देशे प्रतिष्ठ ाप्य स्थिरमासनमात्मनः' [ભગ૦ગી૦ ૬।૧૧] (પવિત્ર દેશમાં પોતાનું સ્થિર આ સન સ્થાપીને) ઇત્યાદિથી. એથીજ યોગશાસ્ત્રમાં પદ્મક આદિ આસનવિશેષોનો ઉ પદેશ છે ॥ ૧૦ ॥

यत्रैकाग्रता तत्राविशेषात् ॥ ११ ॥

જ્યાં એકાગ્રતા છે ત્યાં (આસન કરવું) વિશેષ નથી તેથી ॥ ૧૧॥

દિશા, દેશ, ને કાળને વિષે સંશય થાય છે કે શું કોઈક નિયમ છે કે ન એમ. વૈદિક આરંભોમાં દિશા આદિનો નિયમ જોવામાં આવે છે તેથી અહિં કોઈક નિયમ થાય એમ જેનો વિચાર છે તેના પ્રતિ કહે છે કે દિશા, દેશ, ને કાળમાં અર્થલક્ષણજ નિયમ છે. જે દિશા, દેશ, કે કાળમાં એનું મન સહેલાઈ

એનેજ વિષે વૈદિક લિંગ કહે છે—'अचलत्वम्'. ॥ ૯ ॥

આ શરીર આસનની સ્મૃતિ છે તેથી પણ નિયમ છે એમ કહે છે—'स्मरन्ति च'॥

[illegible]

એકાગ્ર થાય ત્યાંજ આસન કરવું; કેમકે પ્રાચી દિશા, પૂર્વાહ્ન, પૂર્વ દેશ તરફ નિમ્ન સ્થાન આદિની પેઠે અહિં વિશેષનું શ્રવણ નથી; કારણ કે એકાગ્રતા ઇષ્ટ છે એમ સર્વત્ર અવિશેષ છે. પણ કેટલાક વિશેષ પણ કહે છે—'समे शुचौ शर्करवह्निवालुकाविवर्जिते शब्दजलाश्रयादिभिः। मनोनुकूले न तु चक्षुपीडने गुहानिवाताश्रयणे प्रयोजयेत्' [શ્વેતા० ૨।૧૦] (સમ ને પવિત્ર પ્રદેશમાં, સૂક્ષ્મ પાષાણ, વહ્નિ, ને વાલુકાથી વર્જિત, શબ્દ ને જલાશય આદિથી વર્જિત પ્રદેશમાં, મનને અનુકૂળ પ્રદેશમાં, પણ મશકાદિથી યુક્ત પ્રદેશમાં નહિ, ગુહા, નિર્વાત, એકાન્ત પ્રદેશમાં આશ્રય કરી ચિત્તને પરમાત્મામાં પ્રયુક્ત કરવું) એમ. કહીએ છીએ, ખરૂં છે, એવા પ્રકારનો નિયમ છે. પણ એ હોઈ એના વિશેષને વિષે નિયમ નથી એમ સુહૃદ્ થઈ આચાર્ય કહે છે. 'मनोनुकूले' (મનને અનુકૂળ) એ શ્રુતિ, જ્યાં એકાગ્રતા છે ત્યાંજ એમ એટલુંજ દર્શાવે છે ॥ ૧૧ ॥

એકાગ્ર્ય જેનું ફળ છે તલ્લિંગક્જ. પ્રાચીનપ્રવણમાં—પ્રાગ્દેશમાં નિમ્ન સ્થાનમાં—વૈશ્વદેવ કરવો એની પેઠે અહિં દિગાદિવિશેષની શ્રુતિ નથી તેથી અનુમાન અપ્રયોજક છે એવો ભાવ છે. હવે શંકા કરે છે કે વિશેષનું શ્રવણ નથી એ અસિદ્ધ છે—'પણ કેટલાક વિશેષ પણ કહે છે'. 'शुचौ' = ગિરિગુહા આદિ, રમણીય, અમેધ્ય આદિ અપવિત્રતાથી વર્જિત પ્રદેશોમાં. 'शर्कराः' = સૂક્ષ્મ પાષાણ. 'शब्दजलाश्रयादिभिः' એનો અનુષંગ वर्जितेની સાથે કરવો. જલાશ્રયનું વર્જન શીતનિવૃત્તિને અર્થે છે. શુચિતા આદિ વિશેષણોનું પ્રયોજન કહે છે—'मनोनुकूले'—ઉક્ત વિશેષણો મનનો પ્રસાદ—શુદ્ધિ ઉત્પન્ન કરનારાં છે એવો ભાવ છે. તેથી જ્યાં મન ઉપાસનામાં પ્રસન્ન છે તેજ તે ઉપાસનામાં અંગભૂત દેશ છે. चक्षुःपीडनम् = મશક આદિ. તેવા પ્રદેશમાં ચિત્તયોગ ન કરવો એવો અન્વય છે. ગુહાનિવાતાત્મક જે આશ્રય છે તેમાં ઉપાસના કરવી એવો અર્થ છે. વાચનિક સમદેશાદિનિયમનો અંગીકાર કરીને ચિત્તની એકાગ્રતાને વિરુદ્ધ દેશાદિમાં પ્રાચીનપ્રવણત્વ આદિ ગુણોને વિષે અનાદર છે એમ સુહૃદ્ભાવે સૂત્રકાર ઉપદેશ કરે છે કે દેશાદિના આગ્રહમાં ચિત્તનો વિક્ષેપ થવાથી સમાધિનો ભંગ થાય તે ન થાઓ એમ. જ્યાં મનની એકાગ્રતા હોય ત્યાંજ ભાવના પ્રયુક્ત કરવી, વિશેષ કહ્યો નથી તેથી, અહિં વૈશ્વદેવાદિની પેઠે વિશેષ કરનાર વચન નથી તેથી. 'એના વિશેષને વિષે'—'એના' એટલે શ્રૌતવિશિષ્ટ દેશના. તેના વિશેષ એટલે પ્રાચીન પ્રવણત્વ આદિ. એવા વિશેષનો નિયમ કરવાથી કદાચિત્ એકાગ્રતાનો અયોગ થવાથી ઉપાસનાનો અયોગ થાય, અને પ્રધાન એકાગ્રતા તેની સાથે વિરોધ થાય, તેટલા માટે તેનો અનિયમ છે એજ વધારે સારૂં છે એવો અર્થ છે. નિયમથી અનિયમ યુક્ત છે કેમકે શિષ્યને અનુગુણ છે એને વિષે સૂત્રકારની સંમતિ કહે છે—'એમ સુહૃદ્ થઈ' ઇત્યાદિ. ઉક્તાર્થમાં શ્રુતિ પણ અમને અનુકૂળ છે એમ કહે છે—'मनोनुकूले' ઇત્યાદિ ॥ ૧૧ ॥

---

૧ વેની.

आ प्रायणात् तत्रापि हि दृष्टम् ॥ १२ ॥

'પ્રાયણપર્યન્ત (પ્રત્યયની આવૃત્તિ કરવી); કારણ કે તેમાં પણ (શ્રુતિ) જોવામાં આવે છે ॥ ૧૨ ॥

આદ્ય અધિકરણમાં એવું અવસ્થિત થયું છે કે સર્વ ઉપાસનાઓમાં આવૃ
આદરવી. તેમાં જે ઉપાસનાઓ સમ્યગ્દર્શનને અર્થે છે તેઓ અવઘાત આદિ
પેઠે કાર્યમાં પર્યવસાન પામે છે તે ઉપાસનાઓની આવૃત્તિનું પરિમાણ જાણેલું
છે; કેમકે સમ્યગ્દર્શનરૂપ કાર્ય નિષ્પન્ન થયું એટલે કોઈ પણ અન્ય યત્નનું શાસ
કરવું શકય નથી; કારણ કે અનિયોજ્ય બ્રહ્મને વિષે આત્મા તરીકે જેની પ્રતિપ
છે તે શાસ્ત્રનો અવિષય છે. પણ જે ઉપાસનાઓનું ફળ અભ્યુદય છે તેને વિષે
વિચાર થાય છે કે શું કેટલોક વખત પ્રત્યયની આવૃત્તિ કરી અટકવું કે જીવન
ર્યન્ત આવૃત્તિ કરવી એમ. ત્યારે શું પ્રાપ્ત થાય છે? કેટલોક કાળ પ્રત્યયની આ
વૃત્તિ કરી તેનો ત્યાગ કરવો; કારણ કે આવૃત્તિવિશિષ્ટ ઉપાસનશબ્દાર્થ એથી સ
ર્થક થાય છે. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—પ્રાયણપર્યન્તજ પ્રત્યયની આ
વૃત્તિ કરવી; કારણ કે અન્ત્ય પ્રત્યયને લીધે અદૃષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. ખરેખર, અ
જન્મમાં ઉપભોગ્ય ફળને ઉત્પન્ન કરતાં કર્મો તેને અનુરૂપ ભાવનાવિજ્ઞાનનો આક્ષે
કરે છે—'सविज्ञानो भवति सविज्ञानमेवान्ववक्रामति' [બૃહ૦ ૪।૪।૨] (ભાવન
મય વિજ્ઞાન-ફળની સ્ફુરણા, તે વિજ્ઞાનવાળો થાય છે, વિજ્ઞાનસહિત ફળનુંજ અ
નુગમન કરે છે), 'यच्चित्तस्तेनैष प्राणमायाति प्राणस्तेजसा युक्तः। सहाऽऽत्मना यथ
संकल्पितं लोकं नयति॥' [પ્રશ્નો૦ ૩।૧૦] (મરણકાળે જે ચિત્તવાળો થાય છે તે

પૂર્વ અધિકરણમાં જેમ દિશાદિના નિયમની શ્રુતિ નથી, તેથી તેનો અભાવ કર્યો
તેમ જીવનપર્યન્ત ઉપાસનાની આવૃત્તિ કરવી એવી શ્રુતિ નથી તેથી તેનો અભાવ છે એ
દૃષ્ટાન્તસંગતિ પૂર્વપક્ષમાં છે. વ્યવહિત સંબન્ધ કહે છે—'આદ્ય અધિકરણમાં' ઇત્યાદિ
'તે શાસ્ત્રનો અવિષય છે'=શાસ્ત્રાર્થને વિષે તેનો અધિકાર નથી. અહંગ્રહોપાસનાઓ
અનુષ્ઠાન ઉભયથા દેખાય છે તેથી સંશય કહે છે—'પણ જે ઉપાસનાઓનું ફળ અભ્યુ
દય છે' ઇત્યાદિ. જેમ દિગાદિનિયમનું અવિધાન હોવાથી તેને વિષે અનાદર છે, તેમ મરણ
પર્યન્ત ઉપાસનાની આવૃત્તિનું વિધાન નથી તેથી અનિયમ છે એવો પૂર્વપક્ષ છે. મરણપર્યન્
આવૃત્તિ છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ
ઉપાસનાઓ અને કર્મો અન્ત્ય કાળે પ્રાપ્તવ્ય ફળની સ્ફૂર્તિદ્વારા ફળના હેતુ છે તેને વિષે
માણ કહે છે—'सविज्ञानो भवति'. ભાવનામય વિજ્ઞાન, ફળનું સ્ફુરણ તે સહિત તે
विज्ञान. વિજ્ઞાનસ્ફુરણાનું ફળ તે વિજ્ઞાન એવો અર્થ છે. 'यच्चित्तः' જે લોકને વિ
ચિત્ત એટલે સંકલ્પ છે જેનો તે यच्चित्तः—જે લોકને વિષે સંકલ્પવાળો. તે સંકલ્પિત લો
કની સાથે ફળસ્ફૂર્તિની પછી મન પ્રાણને વિષે લીન થાય છે એવો અર્થ છે. 'प्राणस्तेजसा'
तेजः=ઉદાન; आत्मा=જીવ. વળી જલૌકાદૃષ્ટાન્તશ્રુતિથી પણ ભાવિફળની સ્ફૂર્તિ છે એ
અર્થ છે. એ દૃષ્ટાન્ત બૃહદારણ્યકોપનિષદ્‌માં છે. (૪।૪।૩). દેહાન્તરસંચારનું એ દૃષ્ટાન્ત

---

૧ મરણ. ૨ ઉપાસના.

ચિત્તથી-સંકલ્પથી ઇન્દ્રિયો સાથે મુખ્ય પ્રાણવૃત્તિ પ્રાપ્ત કરે છે { મરણકાળે ઇન્દ્રિયવૃત્તિ ક્ષીણ થઈ મુખ્ય પ્રાણવૃત્તિથીજ રહે છે, ત્યારે બન્ધુઓ કહે છે કે તે ઉચ્છ્વાસ લે છે, જીવે છે }, તે પ્રાણ તેજ વડે—તેજથી અનુગૃહીત ઉદાનવૃત્તિથી યુક્ત થઈ આત્મા, ભોક્તા સાથે. તે ભોક્તાને પુણ્યપાપકર્મને લીધે સંકલ્પિત—ધારેલા લોકમાં લઈ જાય છે) ઇત્યાદિ શ્રુતિઓથી, અને તૃણજલૂકાના દૃષ્ટાન્તથી પણ એ પ્રત્યયો તો સ્વરૂપની અનુવૃત્તિ વિના પ્રાયણકાળમાં થનારે કયા બીજા ભાવનાવિજ્ઞાનની અપેક્ષા કરે? તેટલા માટે પ્રાપ્ત કરવાના ફળની ભાવનારૂપ જે પ્રત્યયો છે તેને વિષે પ્રાયણપર્યન્ત આવૃત્તિ છે. તેમજ 'स यावत्क्रतुरयमस्माल्लोकात् प्रैति' [શત૦ બ્રા૦ ૧૦।૬।૩।૧] (તે જેવા સંકલ્પવિશેષવાળો આ લોકથી પ્રયાણ કરે છે) એ શ્રુતિ પણ પ્રાયણકાળે પણ પ્રત્યયની અનુવૃત્તિ દર્શાવે છે. સ્મૃતિ પણ 'यं यं वाऽपि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् । तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥' [ભગ૦ગી૦ ૮।૬] (જે જે ભાવને—વાસનાને—દેવતાવિશેષને સ્મરતો અન્તે-પ્રાણવિયોગકાળે કલેવરનો પરિત્યાગ કરે છે, હે કૌન્તેય, તે તેજ દેવતાવિશેષને તે પ્રાપ્ત કરે છે, સર્વદા તેને વિષે જે ભાવ તે ભાવિત—સ્મર્યમાણ તરીકે અભ્યસ્ત-છે જેણે એવો; તે ભાવના, વાસના ભાવિત-સંપાદિત છે જેણે એવો; સ્મરણારૂઢ તે ભાવથી વાસનાવાળું જેનું ચિત્ત થયું છે એવો), 'प्रयाणकाले मनसाऽचलेन' [ભગ૦ગી૦ ૮।૧૦] (મરણકાળે અચળ મન વડે) એમ. 'सोऽन्तवेलायामेतत् त्रयं प्रतिपद्येत' [છાન્દો૦ ૩।૧૭।૬] (તેણે-ઉપાસકે અન્તવેળાએ એ ત્રણનું સ્મરણ કરવું) એમ શ્રુતિ મરણકાળે પણ કર્તવ્યશેષનું શ્રવણ કરાવે છે ॥ ૧૨ ॥

જેમ તૃણજલૌકા—તૃણમાંની જળો—તૃણને છેડેથી અન્ય તૃણમાં જઈ આત્માના પૂર્વ અવયવનો અન્ત્ય અવયવને સ્થાને ઉપસંહાર કરે છે; એજ પ્રમાણે આત્મા આ પૂર્વોપાત્ત શરીરનો નાશ કરી, અવિદ્યા પ્રાપ્ત કરાવી-અચેતન કરી, અન્ય શરીરનું ગ્રહણ કરી પ્રસારિત વાસનાથી આત્માનો ઉપસંહાર કરે છે. તાત્પર્ય એવું છે કે જેમ તૃણજલૌકા એક તૃણથી બીજા તૃણમાં જાય છે, એટલે ઉભયતૃણસંબદ્ધ થાય છે; એ પ્રમાણે ઉત્ક્રાન્તિકાળે જીવ આ શરીર સાથે સંબદ્ધ થયેલોજ અન્ત્ય પ્રત્યયથી ભાવી શરીરને વિષય તરીકે સ્પર્શ કરે છે. પણ એ અન્ત્યફળવિજ્ઞાન, કર્મોનું છે તેમ, અદૃષ્ટદ્વારા ઉપાસ્તિનું થાઓ. તેથી મરણપર્યન્ત પ્રત્યયોની આવૃત્તિ શી રીતે તેને માટે કહે છે—'એ પ્રત્યયો તો સ્વરૂપની અનુવૃત્તિ' ઇત્યાદિ. 'એ પ્રત્યયો' = ઉપાસનારૂપ પ્રત્યયો. 'ભાવના' = દૃઢસંસ્કાર. પ્રાયણકાળમાં થનાર ભાવના-દૃઢસંસ્કાર—તજ્જન્ય વિજ્ઞાન તે 'ભાવનાવિજ્ઞાન'. ઉપાસનાપ્રત્યયો ધારાવાહિક છે તેથી સ્વરૂપની અનિવૃત્તિજ અન્ત્ય વિજ્ઞાન છે, પણ અદૃષ્ટદ્વારક કંઈ બીજું અપેક્ષિત નથી. ભાવનાઓને પોતાની અવાન્તર જાતિવાળી ભાવનાની અપેક્ષા નથી તેથી ભાવનાત્મક ઉપાસનાને પણ અન્ય ભાવનાની અપેક્ષા નથી, સ્વરૂપસંનિધાનથીજ અદૃષ્ટત્વ થાય છે. કર્મો તો દૃષ્ટદ્વારા અન્ત્ય પ્રત્યયરૂપી ફળ ઉત્પન્ન કરે એ અનુપપન્ન છે તેથી અદૃષ્ટદ્વારની કલ્પના છે એવો ભાવ છે. 'स यावत् क्रतुः' क्रतु = ધ્યાન, સંકલ્પવિશેષ. 'अक्षितमसि' (તું અક્ષીણ છે), 'अच्युतमसि' (તું સ્વરૂપથી અપ્રચ્યુત છે), 'प्राणसंशितमसि' (તું પ્રાણને સમ્યક્ તનૂકૃત-સૂક્ષ્મ તત્ત્વ છે) એમ ત્રણ મન્ત્ર મરણકાળે પણ સ્મરણ કરવા એવો અર્થ છે ॥ ૧૨ ॥

तदधिगम उत्तरपूर्वाघयोरश्लेषविनाशौ तद्व्यपदेशात् ॥१३॥

તેનું-બ્રહ્મનું જ્ઞાન થયે ઉત્તર પાપનો અશ્લેષ ને પૂર્વનો વિનાશ થાય છે, તેનો વ્યપદેશ છે તેથી ॥ ૧૩ ॥

તૃતીય અધ્યાયનો શેષ પૂરો થયો. હવે બ્રહ્મવિદ્યાના ફલ પ્રતિ વિચાર કરાય છે. બ્રહ્મ પ્રાપ્ત થયે તેથી વિપરીત ફળવાળું પાપ ક્ષીણ થાય છે કે નહિ તે વિષે સંશય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? કર્મનું ફળ એ પ્રયોજન હોવાથી ફળ આપ્યા વિના તેનો ક્ષય સંભવતો નથી; કેમકે ફળ આપનારી એની શક્તિ શ્રુતિ વડે સમજાય છે. જો ફળના ઉપભોગ વિના નાશ પામે તો શ્રુતિ કદર્થિત થાય. વળી સ્મૃતિકારો પણ કહે છે—'न हि कर्म क्षीयते' (ખરેખર, કર્મ ક્ષીણ થતું નથી) એમ. પણ એમ થયે પ્રાયશ્ચિત્તનો ઉપદેશ અનર્થક થાય. ના, એ દોષ નથી; કે-

જેમ ઉપાસકોને જીવનપર્યન્ત કર્તવ્ય છે, તેમ આત્મવેત્તાઓને નથી એમ કર્મક્ષયરૂપ જીવન્મુક્તિ કહે છે—'तदधिगम उत्तर'. જેમ ઉપાસનામાં અન્તકાળે કર્તવ્ય છે તેમ બ્રહ્મવિદ્યામાં કંઈ પણ કર્તવ્ય નથી, કેમકે તેની ઉત્પત્તિમાત્રથી અશેષ પાપનો ક્ષય થાય છે એમ કહે છે. સાધનના અનુષ્ઠાનમાં યત્ન અધિક થાય તેને માટે ફલાધ્યાયમાં પણ સાધનસંબંધી અનુષ્ઠાનક્રમનો વિચાર કર્યો, જ્ઞાનના સાધનોમાં યત્ન અધિક કરવાથી અધિક ફળ થાય તેને માટે ફલાધ્યાયમાં પણ સાધનનો વિચાર કર્યો. હવે ફલાધ્યાયમાં રહેલી ફળની ચિન્તા કરે છે એમ કહે છે—'તૃતીય અધ્યાયનો શેષ પૂરો થયો'. કર્મનો અન્ત ફળથી—ભોગથી છે એવું શાસ્ત્ર છે તેમજ કર્મ જ્ઞાનથી નાશ્ય છે એવું પણ શાસ્ત્ર છે તેથી સંશય થાય છે. પૂર્વપક્ષમાં જ્ઞાનીને પણ સંચિત પાપના ભોગ પછી મુક્તિ એ ફળ છે; સિદ્ધાન્તમાં તો જ્ઞાન થવા [illegible] પાપનો નાશ થાય છે તેથી જીવન્મુક્તિ એ ફળ છે. 'न हिंस्यात्' (હિંસા ન કરવી), 'ब्राह्मणो न हन्तव्यः' (બ્રાહ્મણ હણવા યુક્ત નથી), 'न कलञ्जं भक्षयेत्' (કલંજનું ભક્ષણ ન કરવું) ઇત્યાદિ નિષેધશ્રુતિ છે તેથી પાપનું અનિષ્ટ ફળ છે એ સિદ્ધ છે. પાપાદૃષ્ટનાં દુઃખ દેનારી શક્તિ છે; 'नाभुक्तं क्षीयते कर्म' (ભોગવ્યા વગરનું કર્મ ક્ષીણ થતું નથી) એમ સ્મૃતિકારો કહે છે. એટલા માટે ફળપર્યન્તજ પાપ છે—ફળથીજ તેનો અન્ત થાય છે, જ્ઞાનથી નાશ થતો નથી એવો પૂર્વપક્ષ છે. પણ ત્યારે તેના નાશને માટે પ્રાયશ્ચિત્તવિધિ ન થાય એમ શંકા કરવી યુક્ત નથી. જેમ આહિતાગ્નિને ગૃહદાહ નિમિત્ત કરી 'अग्नये क्षामवते पुरोडाशमष्टाकपालं निर्वपेत्' (અગ્નિને આઠ કપાલવાળો પુરોડાશ [illegible]) એમ ક્ષામવતી ઇષ્ટિનું વિધાન છે, તે પ્રમાણે દોષ એ નિમિત્તમાત્ર થઈ પ્રાયશ્ચિત્તવિધિ છે તેથી દોષનો નાશ એ તેનું પ્રયોજન છે એમ સિદ્ધ થતું નથી. પણ આ [illegible] છે. [illegible] સિદ્ધ છે અને [illegible] નિમિત્ત [illegible] છે. પણ 'दोषवान् प्रायश्चित्तं कुर्यात्' (દોષવાળાએ પ્રાયશ્ચિત્ત કરવું) [illegible] 'नर्तक [illegible]' ([illegible]) [illegible] 'भर्तव्य प्रकरणात् [illegible]' ([illegible]) એમ પ્રાયશ્ચિત્તથી પાપની નિવૃત્તિ કહેલી [illegible] છે તેથી [illegible]

૧ [illegible]

માટે પ્રાયશ્ચિત્ત નૈમિત્તિક છે એમ ઉપપન્ન થાય છે, ગૃહદાહ ઇષ્ટિ આદિની પેઠે. વળી પ્રાયશ્ચિત્તોનું દોષને સંયોગે વિધાન છે તેથી દોષ નાશ કરવા એ તેમનું પ્રયોજન થાય; પણ બ્રહ્મવિદ્યામાં એ પ્રમાણે વિધાન નથી. પણ બ્રહ્મવેત્તાનાં કર્મનો ક્ષય થાય છે એમ સ્વીકારીએ નહિ તો તેનું ફળ અવશ્ય ભોક્તવ્ય હોવાથી મોક્ષ નહિ થાય. ના, એમ કહે છે. દેશ, કાળ, ને નિમિત્તની અપેક્ષાવાળો મોક્ષ કર્મના ફળની પેઠે થશે. તેટલા માટે બ્રહ્મ પ્રાપ્ત થયે પાપની નિવૃત્તિ નથી એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—તેનો અધિગમ થયે એટલે બ્રહ્મની પ્રાપ્તિ થયે, ઉત્તરપૂર્વ પાપોના અશ્લેષવિનાશ થાય છે, ઉત્તર પાપનો અશ્લેષ ને પૂર્વ પાપનો વિનાશ થાય છે. શાથી? તેનો વ્યપદેશ છે તેથી; કારણ કે બ્રહ્મવિદ્યાના પ્રકરણમાં, જેનો સંબન્ધ સંભવે છે એવા આગામી પાપનો વિદ્વાન્ સાથે સંબન્ધ નથી એમ શ્રુતિ કહે છે—'यथा पुष्करपलाश आपो न श्लिष्यन्त एवमेवंविदि पापं कर्म न श्लिष्यते' [છાન્દો૦ ૪।૧૪।૩] (જેમ કમળના પાંદડાને જળ વળગતું નથી, એમ—એ પ્રમાણે જાણનારને પાપ કર્મ શ્લિષ્ટ થતું નથી); તેમજ પૂર્વે ઉપચિત થયેલા પાપનો વિનાશ પણ શ્રુતિ કહે છે—'तद्यथेषीकातूलमग्नौ प्रोतं प्रदूयेतैवं हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते' [છાન્દો૦ ૫।૨૪।૩] (તેટલા માટે જેમ ઇષીકાનો-મુંજમધ્યવર્તી તૃણનો અગ્ર ભાગ અગ્નિમાં પ્રક્ષિપ્ત થયે બળી જાય, એ પ્રમાણે એ વિદ્વાનનાં સર્વ પાપો બળી જાય) એમ. આ બીજો કર્મક્ષયનો વ્યપદેશ છે—'भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः। क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे' [મુણ્ડ૦ ૨।૨।૮] (તે સર્વજ્ઞ, અસંસારી, પર (કારણસ્વરૂપ) ને અવર (કાર્યસ્વરૂપ)નું દર્શન થયે {સાક્ષાત્ હું છું એમ જ્ઞાન થયે} એના હૃદયની ગાંઠ ભાંગે છે—અવિદ્યાવાસનાપ્રચય—બુદ્ધિમાં આશ્રિત કામ વિનાશ પામે છે; સર્વ સંશયો છિન્ન થાય છે, અને {જેના સંશયો છિન્ન થયા છે, અવિદ્યા નિવૃત્ત થઈ છે તેનાં વિજ્ઞાનની ઉત્પત્તિની પૂર્વનાં, જન્માન્તરમાં જેનું ફળ પ્રવૃત્ત થયું નથી તે અને જ્ઞાનની ઉત્પત્તિની સાથેનાં} કર્મો ક્ષીણ થાય છે). એમ કહ્યું છે કે જેનું ફળ ઉપભુક્ત થયું નથી એવા કર્મના ક્ષયની કલ્પના કરવાથી શાસ્ત્ર કદર્થિત થાય. ના. એ દોષ

નૈમિત્તિક છે એ અયુક્ત છે એ શંકાનું નિરાકરણ કરવા કહે છે—'વળી પ્રાયશ્ચિત્તોનું દોષને સંયોગે વિધાન છે' ઇત્યાદિ. જ્ઞાન દોષના નાશને અર્થે છે એમ તેનું વિધાન નથી; કેમકે 'क्षीयन्ते चास्य कर्माणि' (એનાં કર્મો નાશ પામે છે) ઇત્યાદિ જ્ઞાનનાં સ્તુતિમાત્ર છે એવો અર્થ છે. કર્મના ભોગ પછી અન્ય દેશમાં કે અન્ય કાળમાં મોક્ષ થશે, એ આનું પ્રમાણ છે તેથી એમ કહે છે—'દેશ, કાળ, ને નિમિત્તની અપેક્ષાવાળો' ઇત્યાદિ. જ્ઞાનથી કર્મનો ક્ષય એ અપૂર્વ છે તેથી અને અન્ય પ્રમાણોથી અવિરુદ્ધ છે તેથી એ તાત્પર્યવાળાં અનેક વાક્યોને સ્તાવક કહેવાં એ યુક્ત નથી માટે કર્મક્ષયનું અસ્તિત્વ છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. ધાતુપાઠથી અપૂર્વની અનુત્પત્તિ એ 'અશ્લેષ'. સગુણબ્રહ્મવિદને વિષે શ્રુતિએ વ્યપદેશ કરીને નિર્ગુણને વિષે કહે છે—'આ બીજો કર્મક્ષયનો વ્યપદેશ છે' ઇત્યાદિ. પરન્તુ કરેલને ફલિત કરે છે—'એમ કહ્યું છે કે' ઇત્યાદિ. વિનિયોગવચન 'नाभुक्तं क्षीयते' ઇત્યાદિ છે; અને સ્મૃતિકર્મની ફળ-

तदधिगम उत्तरपूर्वाघयोरश्लेषविनाशौ तद्व्यपदेशात् ॥१३॥

તેનું–બ્રહ્મનું જ્ઞાન થયે ઉત્તર પાપનો અશ્લેષ ને પૂર્વનો વિનાશ થાય છે, તેનો વ્યપદેશ છે તેથી ॥ ૧૩ ॥

તૃતીય અધ્યાયનો શેષ પૂરો થયો. હવે બ્રહ્મવિદ્યાના ફલ પ્રતિ વિચાર કેલાય છે. બ્રહ્મ પ્રાપ્ત થયે તેથી વિપરીત ફળવાળું પાપ ક્ષીણ થાય છે કે નહિ તે વિષે સંશય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? કર્મનું ફળ એ પ્રયોજન હોવાથી ફળ આપ્યા વિના તેનો ક્ષય સંભવતો નથી; કેમકે ફળ આપનારી એની શક્તિ શ્રુતિ વડે સમજાય છે. જો ફળના ઉપભોગ વિના નાશ પામે તો શ્રુતિ [1]કદર્થિત થાય. વળી સ્મૃતિકારો પણ કહે છે—'न हि कर्म क्षीयते' (ખરેખર, કર્મ ક્ષીણ થતું નથી) એમ. પણ એમ થયે પ્રાયશ્ચિત્તનો ઉપદેશ અનર્થક થાય. ના, એ દોષ નથી; કે

જેમ ઉપાસકોને જીવનપર્યન્ત કર્તવ્ય છે, તેમ આત્મવેત્તાઓને નથી એમ કર્મક્ષયલક્ષણ જીવન્મુક્તિ કહે છે—'तदधिगम उत्तर°'. જેમ ઉપાસનામાં અન્તકાળે કર્તવ્ય છે તેમ બ્રહ્મવિદ્યામાં કંઈ પણ કર્તવ્ય નથી, કેમકે તેની ઉત્પત્તિમાત્રથી અશેષ પાપનો ક્ષય થાય છે એમ કહે છે. સાધનના અનુષ્ઠાનમાં યત્ન અધિક થાય તેને માટે ફલાધ્યાયમાં પણ સાધનસંગ્રહ અનુષ્ઠાનક્રમનો વિચાર કર્યો, જ્ઞાનના સાધનોમાં યત્ન અધિક કરવાથી અધિક ફળ થાય તેને માટે ફલાધ્યાયમાં પણ સાધનનો વિચાર કર્યો. હવે ફલાધ્યાયમાં રહેલી ફળની ચિન્તા કરે છે એમ કહે છે—'તૃતીય અધ્યાયનો શેષ પૂરો થયો'. કર્મનો અન્ત ફળથી—ભોગથી છે એવું શાસ્ત્ર છે તેમજ કર્મ જ્ઞાનથી નાશ્ય છે એવું પણ શાસ્ત્ર છે તેથી સંશય થાય છે. પૂર્વપક્ષમાં જ્ઞાનીને પણ સંચિત પાપના ભોગ પછી મુક્તિ એ ફળ છે; સિદ્ધાન્તમાં તો જ્ઞાન થાય તેજ કાળે પાપનો નાશ થાય છે તેથી જીવન્મુક્તિ એ ફળ છે. 'न हिंस्यात्' (હિંસા ન કરવી), 'ब्राह्मणो न हन्तव्यः' (બ્રાહ્મણ હણવા યુક્ત નથી), 'न कलञ्जं भक्षयेत्' (કલંજનું ભક્ષણ ન કરવું) ઇત્યાદિ નિષેધશ્રુતિ છે તેથી પાપનું અનિષ્ટ ફળ છે એ સિદ્ધ છે, પાપાદૃષ્ટમાં દુઃખ દેનારી શક્તિ છે; 'नाभुक्तं क्षीयते कर्म' (ભોગવ્યા વગરનું કર્મ ક્ષીણ થતું નથી) એમ સ્મૃતિકારો કહે છે. એટલા માટે ફલપર્યન્તજ પાપ છે–ફળથીજ તેનો અન્ત થાય છે, મધ્યે નાશ થતો નથી એવો પૂર્વપક્ષ છે. પણ ત્યારે તેના નાશને માટે પ્રાયશ્ચિત્તવિધિ ન થાય એમ શંકા કરવી યુક્ત નથી. જેમ આહિતાગ્નિને ગૃહદાહરૂપ નિમિત્ત થયે 'अग्नये क्षामवते पुरोडाशमष्टाकपालं निर्वपेत्' (અગ્નિને આઠ કપાલવાળો પુરોડાશ હોમવો) એમ ક્ષામવતી ઇષ્ટિનું વિધાન છે, તે પ્રમાણે દોષ એ નિમિત્તમાત્ર થયે પ્રાયશ્ચિત્તવિધિ છે તેથી દોષનો નાશ એ તેનું પ્રયોજન છે એમ સિદ્ધ થતું નથી. પણ આ ઉપન્યાસ વિષમ છે. ગૃહદાહ સિદ્ધ છે અને ફળ તરીકે અયોગ્ય છે તેથી ઇષ્ટિ અફળ હોઈ નિમિત્તમાત્ર થાય એ યુક્ત છે; પણ 'दोषवान् प्रायश्चित्तं कुर्यात्' (દોષવાળાએ પ્રાયશ્ચિત્ત કરવું) એમાં તો 'मलिनः स्नायात्' (મેલાએ નહાવું) એની પેઠે દોષપદ નિવૃત્તિદ્વારા ફળપર છે એવો સંભવ છે તેથી તેમજ 'तरति ब्रह्महत्यां योऽश्वमेधेन यजते' (જે અશ્વમેધ યાગ કરે છે તે બ્રહ્મહત્યા તરે છે) એમ પ્રાયશ્ચિત્તથી પાપની નિવૃત્તિ કહેનારી શ્રુતિ છે તેથી પ્રાયશ્ચિત્ત

[1] અનર્થક

બ્રહ્મ હું છું, એથી પૂર્વે પણ કર્તા કે ભોક્તા હું નહોતો, હમણા પણ નથી, તેમજ ભવિષ્ય કાળમાં પણ નથી એમ બ્રહ્મવેત્તા જાણે છે. એવીજ રીતે મોક્ષ ઉપપન્ન થાય છે; કેમકે નહિ તો અનાદિ કાળથી પ્રવૃત્ત થયલાં કર્મોના ક્ષયનો અભાવ થયે

હવે પણ, આદિ સુખદુઃખના ઉપભોગની પૂર્વે શું અવિરામ પામવા યોગ્ય નથી? કારણ કે તેનો-કર્મનો-તે અપૂર્વ વિનાશહેતુ છે તે અપૂર્વને અભાવે કર્મ શી રીતે વિનાશ પામે! કેમકે તેને આકસ્મિક થવાનો પ્રસંગ આવે ને શાસ્ત્રને આક્ષેપ થાય. જો ફળ આપ્યા વિના કર્મનું અપૂર્વ વિનાશ પામે તો કર્મજ ફળ ઉત્પન્ન કરવા સમર્થ છે એમ બોધ કરનારું શાસ્ત્ર અપ્રમાણ થાય. વળી પ્રાયશ્ચિત્તની પેઠે બ્રહ્મજ્ઞાન, જેનું ફળ આપ્યું નથી એવાં પણ કર્મો પૂર્વોનો ક્ષય કરે એ યુક્ત નથી; કેમકે પ્રાયશ્ચિત્ત પણ તેના નાશનો હેતુ નથી; કારણ કે પ્રાયશ્ચિત્તનું વિધાન. પાપયુક્ત નર એ તેનો અધિકારી છે તેની પ્રાપ્તિમાત્રથી ઉપપન્ન થાય છે એટલે ઉપાત્ત 'દુરિતનું નિબર્હણ' એ ફળનો આક્ષેપ કરવો યુક્ત નથી. એથીજ સ્મૃતિકારો કહે છે— 'नाभुक्तं क्षीयते कर्म' (કર્મ ઉપભુક્ત થયા વિના ક્ષીણ થતું નથી) એમ. પણ ઉપાયની જેને અપેક્ષા છે એવો પ્રાયશ્ચિત્તવિધિ નિયોજ્યવિશેષને પ્રાપ્ત કરીનેજ સંતુષ્ટ ન થાય એટલે અપેક્ષિતની આકાંક્ષા થયે પ્રાયશ્ચિત્તવિધિનું દોષના સંયોગમાં શ્રવણ છે તેથી તેનું નિબર્હણ કરવું એ એનું ફળ છે એમ કલ્પાય, તોપણ બ્રહ્મજ્ઞાનનું તેના સંયોગમાં શ્રવણ નથી તેથી દુરિતનું નિબર્હણ કરવામાં તેનું સામર્થ્ય છે એને વિષે પ્રમાણ નથી; કેમકે મોક્ષની પેઠે તે પણ સ્વખંડે ફળવાના દેશ, કાળ, ને નિમિત્તની અપેક્ષાથી ઉપપન્ન થાય છે. શાસ્ત્રપ્રામાણ્યથી એવી અવસ્થા સમજાશે કે જેમાં ઉપભોગથી સમસ્ત કર્મનો ક્ષય થયે બ્રહ્મજ્ઞાન મોક્ષને ઉત્પન્ન કરશે કે યોગસંપત્તિથી આકાશમાં, પૃથ્વીમાં, કે અન્તરિક્ષમાં બહુ શરીરેન્દ્રિયોનું નિર્માણ કરીને ફળોનો ઉપભોગ કરીને યોગસામર્થ્યથી યોગી કર્મનો નાશ કરી મોક્ષવાળો થશે. આમ વ્યવસ્થિત છે તેથી ન્યાયબળથી 'यथा पुष्करपलाश आपः' [છાન્દો૰ ૪।૧૪।૩] ઇત્યાદિ વ્યપદેશનું તાત્પર્ય બ્રહ્મવિદ્યાની સ્તુતિજ છે એમ એનું વ્યાખ્યાન કરવું યુક્ત છે. આવો પૂર્વપક્ષનો આશય છે. સિદ્ધાન્ત આ પ્રમાણે છે—જો કર્મવિધિનો વિરોધ હોય તો એ વ્યપદેશનું એવું વ્યાખ્યાન થાય. પણ એ વિરોધ નથી; કારણ કે કર્મો ફળ ઉત્પન્ન કરવા સમર્થ છે એમ કર્મનું સામર્થ્યજ અવગમન કરાવે છે; પણ કોઈક આગન્તુક નિમિત્ત, પ્રાયશ્ચિત્ત આદિથી સામર્થ્યનો અપ્રતિબન્ધ પણ છે એમ અવગમન કરાવતું નથી; કેમકે તેમાં તે ઉદાસીન છે. જો શાસ્ત્રબોધિત ફળ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય આગન્તુક કોઈક કર્મથી અપ્રતિબદ્ધ હોય તો તે ફળને ઉત્પન્ન કરે છેજ એટલે શાસ્ત્રનો વ્યાઘાત થતો નથી. 'नाभुक्तं कर्म क्षीयते' એ સ્મૃતિ જેનું સામર્થ્ય અપ્રતિબદ્ધ છે એવા કર્મને ઉદ્દેશીને છે. દોષક્ષયને ઉદ્દેશીને અપર વિદ્યાનું પ્રાયશ્ચિત્તની પેઠે વિધાન છે; કેમકે ઐશ્વર્યપ્રાપ્તિ એ ફળને પણ ઉભયનો (પ્રાયશ્ચિત્ત ને અપરવિદ્યાનો) સંયોગ સમાન છે. જો નિર્ગુણ પરવિદ્યામાં દોષનો ઉદ્દેશ નથી, ત્યાંપણ તેના સ્વભાવના આલોચનથીજ દોષનો નાશ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નિશ્ચિત થાય છે; કારણ કે तत्त्वमसि એ વાક્યાર્થની પરિભાવનાથી ઉત્પન્ન થયેલા પ્રસંખ્યાનથી, નિખિલ કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ વિભ્રમ જેનો નિર્મૂળ થયો છે એવો જીવ ફળના ઉપભોગ સાથે જોડાતો નથી. ખરેખર, રજ્જુને વિષે ભુજંગનો સમારોપ કરવાથી ઉત્પન્ન થયેલાં ભય, કંપ આદિ, રજ્જુતત્ત્વનો સાક્ષાત્કાર થયે રહેવા સમર્થ નથી, પણ સંસ્કારદોષને લીધે થોડોક વખત અનુવૃત્ત થઈને પછી નિવૃત્ત થાય છેજ. એજ અર્થનો અનુવાદ કરતા,

૧ પાપ. ૨ નાશ.

મોક્ષનો અભાવ થાય. કર્મફળની પેઠે દેશ, કાળ, ને નિમિત્તની અપેક્ષાવાળો મોક્ષ થાય એ યુક્ત નથી; કેમકે તે અનિત્ય થવાનો પ્રસંગ આવે; અને જ્ઞાનનું ફળ પરોક્ષ થાય એ અનુપપન્ન છે. તેટલા માટે બ્રહ્મની પ્રાપ્તિ થયે પાપનો ક્ષય થાય છે એમ અવસ્થિત છે ॥ ૧૩ ॥

इतरस्याप्येवमसंश्लेषः पाते तु ॥ १४ ॥

અન્યનો—પુણ્યકર્મનો પણ એ પ્રમાણે—પાપની પેઠે અશ્લેષ (ને વિનાશ) છે; (વિદ્વાન્‌ને શરીરનો) પાત થયે (મુક્તિ) જ (છે) ॥ ૧૪ ॥

પૂર્વ અધિકરણમાં બન્ધના હેતુ, સ્વાભાવિક પાપના જ્ઞાનથી થતા અશ્લેષ અને વિનાશનું શાસ્ત્રવ્યપદેશથી નિરૂપણ કર્યું. ધર્મ તો શાસ્ત્રીય હોવાથી શાસ્ત્રીય

'यथा पुष्करपलाश आपः'' ઇત્યાદિ વ્યપદેશો અર્થવાળા થાય છે તેથી સ્તુતિમાત્ર છે એવું તેનું કથંચિદ્ વ્યાખ્યાન કરવું યુક્ત નથી. પણ અત્ર એવી શંકા છે કે અત્રાઉ કહ્યું છે કે જીવાત્માની તે અવસ્થા સંભવશે કે જેમાં પર્યાયે—ક્રમે ઉપભોગથી કે યોગસંપત્તિના પ્રભાવથી એકી વખતે અનેક પ્રકારનું શરીર નિર્માણ કરીને અપર્યાયે—ક્રમ વિના ઉપભોગથી પ્રાણી કર્મોનો નાશ કરી મોક્ષયુક્ત સંપન્ન થશે—એથી કરીને ભાષ્યમાં કહ્યું છે કે 'એવીજ રીતે મોક્ષ ઉપપન્ન થાય છે'. ખરેખર, અનાદિ કાળથી પ્રવૃત્ત થયેલા અનિયમિત કાળમાં જેનો વિપાક છે એવા કર્માશયો ક્રમવાળા ભોગથી ક્ષીણ થવા અશક્ય છે; કેમકે ઉપભોગ કરનાર, ખરેખર, બીજા પણ કર્માશયોનો સંચય કરે છે. તેમજ અપર્યાયે ઉપભોગમાં આસક્ત થયેલો અન્ય કર્મોનો સંચય નહિ કરી કર્મોનો ક્ષય કરશે એ પણ યુક્ત નથી; સેંકડો કલ્પ સુધી ક્રમે કાળે ભોગ્ય કર્મોનો સાંપ્રત કાળમાં ભોગ કરવાનું તેનું સામર્થ્ય નથી. વળી દીર્ઘ કાળ જેનું ફળ છે એવાં કર્મો એકી વખતે શી રીતે ક્ષીણ થશે. તેટલા માટે અન્યથા મોક્ષસંભવ નથી. વળી શંકા કરે છે કે બીજું કર્માશય હશે તોપણ મોક્ષનો જે હેતુ છે એવા કર્મના સામર્થ્યથી મોક્ષનો અનુભવ કરી કર્માન્તરફળોનો પાછળથી ઉપભોગ કરશે, તેથી ભાષ્યમાં કહ્યું છે કે 'કર્મફળની પેઠે દેશ, કાળ, ને નિમિત્તની અપેક્ષાવાળો મોક્ષ થાય એ યુક્ત નથી' ખરેખર, કાર્ય થઈ મોક્ષ મોક્ષ થવો યુક્ત નથી; કેમકે મોક્ષ તો બ્રહ્મભાવ છે. ખરેખર, બ્રહ્મ કંઈ ઉત્પન્ન કરાતું નથી; કેમકે તે નિત્ય છે. વળી જ્ઞાનફળ પરોક્ષ છે એ પણ અનુપપન્ન છે. જ્ઞાનફળ તે મોક્ષ એમ સ્વીકારેલું છે. જ્ઞાનનું, અનન્તરભાવી જ્ઞેયની અભિવ્યક્તિ એજ ફળ છે. તેજ અભિવ્યક્તિ અવિદ્યાનો ઉચ્છેદ કરતી બ્રહ્મસ્વભાવસ્વરૂપે અવસ્થાનલક્ષણ મોક્ષ માટે સમર્થ થાય છે. એમજ જ્ઞાન દૃષ્ટાર્થ—જેનું પ્રયોજન દૃષ્ટ છે એવું થાય. અપૂર્વાધાનની પરંપરાથી જ્ઞાનનું મોક્ષફળ કલ્પીએ તો જ્ઞાન પરોક્ષ ફળવાળું ને અદૃષ્ટ અર્થવાળું થાય; અને દૃષ્ટ સંભવે ત્યારે અદૃષ્ટની કલ્પના યુક્ત નથી. તેટલા માટે બ્રહ્મજ્ઞાન થયે અદ્વૈત સિદ્ધ થયે દુરિતક્ષય થાય છે એમ સિદ્ધ થાય છે ॥ ૧૩ ॥

જ્ઞાનથી પાપનિવૃત્તિ કહીને તેથીજ પુણ્યની નિવૃત્તિનો અતિદેશ કરે છે—'इतरस्याप्येव'. અતિદેશ છે એટલે સંગતિ આદિની અપેક્ષા નથી. જ્ઞાનથી પુણ્ય ક્ષીણ થાય છે કે નહિ એમ પૂર્વવત્ સંદેહ થયે, જ્ઞાન તો પુણ્યનું નાશક નથી, શાસ્ત્રીય છે તેથી, પુણ્યની પેઠે એમ અવિક શંકા કરીને અતિદેશનું વ્યાખ્યાન કરે છે—'ધર્મ તો શાસ્ત્રીય હોવાથી' ઇત્યાદિ ગ્રન્થ

જ્ઞાન સાથે તેનો અવિરોધ છે એમ આશંકા કરી તેનું નિરાકરણ કરવા સારૂ પૂર્વ અધિકરણના ન્યાયનો અતિદેશ કરે છે. બીજા પણ પુણ્ય કર્મનો એ પ્રમાણે પાપની પેઠે જ્ઞાનવાનને અશ્લેષ ને વિનાશ થાય છે. શાથી? કેમકે તે પણ પોતાનાં ફળના હેતુ હોઈ જ્ઞાનફળના પ્રતિબન્ધક થવાનો પ્રસંગ આવે. 'उभे उ हैवैष एते तरति' [બૃહ૦ ૪।૪।૨૨] (એ બ્રહ્મવેત્તા એ બંને પુણ્યલક્ષણ ને પાપલક્ષણ કર્મોને તરે છે) ઇત્યાદિ શ્રુતિઓમાં દુષ્કૃતની પેઠે સુકૃતનો પણ પ્રણાશ કહ્યો છે, આત્મા અકર્તા છે એવા બોધથી થતો કર્મક્ષય સુકૃત ને દુષ્કૃતમાં સમાન છે, અને 'क्षीयन्ते चास्य कर्माणि' [મુણ્ડ૦ ૨।૨।૮] (એનાં કર્મો ક્ષીણ થાય છે) એવી અવિશેષ શ્રુતિ છે. જ્યાં પણ કેવલ પાપ્મશબ્દ દેખાય છે ત્યાંપણ તેથીજ પુણ્યનું પણ ગ્રહણ થયું છે એમ સમજવું; કેમકે જ્ઞાનના ફળથી પુણ્યનું ફળ નિકૃષ્ટ છે. શ્રુતિમાં પુણ્યને વિષે પણ પાપ્મશબ્દ છે; કેમકે 'नैनं सेतुमहोरात्रे तरतः' [છાન્દો૦ ૮।૪।૧] (દહાડો ને રાત એ સેતુને તરતા નથી) એમાં દુષ્કૃતની સાથે સુકૃતને પણ કહી 'सर्वे पाप्मानोऽतो निवर्तन्ते' (એ આત્મરૂપ સેતુથી સર્વ પાપો નિવૃત્ત થાય છે) એમ અવિશેષેજ પ્રકૃત પુણ્યને વિષે પાપ્મશબ્દનો પ્રયોગ છે. 'पाते तु' એમાં તુશબ્દ અવ-

પુણ્યનું નાશક છે, સમૂલ અવિદ્યાનું ઘાતક છે તેથી એ ન્યાયયુક્ત આગમથી અનુમાન બાધિત છે એવો ભાવ છે. પણ 'क्षीयन्ते चास्य कर्माणि' એ અવિશેષ શ્રુતિ પાપ વિષે છે; કેમકે 'सर्वं पाप्मानं तरति' એવી વિશેષ શ્રુતિ છે તેથી એ શંકાનું નિરસન કરવા કહે છે—'જ્યાં પણ કેવલ પાપ્મશબ્દ દેખાય છે' ઇત્યાદિ. પાપસૂત્ર ને પુણ્યસૂત્ર એ આ ને પાછલા અધિકરણનું તાત્પર્ય છે તેનું ફળ કહે છે—" 'पाते तु' એમાં તુશબ્દ " ઇત્યાદિ. પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છે:—પૂર્વપક્ષ—અધર્મ એ સ્વાભાવિક હોવાથી ને રાગાદિથી ઉત્પન્ન થયેલો હોવાથી શાસ્ત્રીય બ્રહ્મજ્ઞાનથી તેનો પ્રતિબન્ધ યુક્ત છે; પણ ધર્મ ને જ્ઞાન તો શાસ્ત્રીય છે તેથી જ્યોતિષ્ટોમ ને દર્શપૂર્ણમાસની પેઠે વિરોધ ન હોવાથી ધર્મ ને જ્ઞાનની વચ્ચે ઉચ્છેદ્યોચ્છેદકભાવ યુક્ત નથી. તેમજ પાપ એ બ્રહ્મજ્ઞાનથી ઉચ્છેદ્ય છે એમ વિશેષે શ્રુતિ છે તેથી ધર્મ એ બ્રહ્મજ્ઞાનથી ઉચ્છેદ્ય નથી; કેમકે વિશેષવિધાન શેષનો પ્રતિષેધ અવશ્ય કરે છે એ લોકમાં સિદ્ધ છે; જેમકે 'દેવદત્ત જમણી આંખે જુએ છે' એમ કહ્યું એટલે 'ડાબીએ જોતો નથી' એમ સમજાય છે. 'उभे उ हैवैष तरति' [બૃહ૦ ૪।૪।૨૨] એમાં યથાસંભવ બ્રહ્મજ્ઞાનથી દુષ્કૃતને તરી જાય છે ને ભોગથી સુકૃતને તરી જાય છે એમ સમજવાનું છે. 'क्षीयन्ते चास्य कर्माणि' એ સામાન્યવચનનો 'सर्वे पाप्मानः' એવી વિશેષ શ્રુતિ હોવાથી, પાપકર્મો એમ વિશેષને વિષે ઉપસંહાર કરવો યુક્ત છે. તેટલા માટે બ્રહ્મજ્ઞાનથી દુષ્કૃતનોજ ક્ષય થાય છે, સુકૃતનો થતો નથી. સિદ્ધાન્ત—આમ પૂર્વપક્ષ પ્રાપ્ત થવે પૂર્વાધિકરણના સિદ્ધાન્તનો અતિદેશ કર્યો છે. ખરેખર, બ્રહ્મજ્ઞાન કંઈ વિધિ અદૃષ્ટદ્વારા દુષ્કૃતનું અપનયન કરતું નથી; પણ ભોક્તા, ભોક્તૃત્વ, ભોગ આદિના દૃષ્ટવિરોધદ્વારાજ અપનયન કરે છે ને ને સુકૃતને વિષે પણ તુલ્ય છે તો સુકૃતનો ઉચ્છેદ બ્રહ્મજ્ઞાન કેમ ન કરે! વળી એમ થવે બંને (ધર્મ ને બ્રહ્મજ્ઞાન) શાસ્ત્રીય છે એટલુંજ માત્ર અવિરોધનો હેતુ નથી—એટલાજ માત્રથી ધર્મ ને બ્રહ્મજ્ઞાન વચ્ચે અવિરોધ થતો નથી; કેમકે જલ અને અનલ આદિ પ્રત્યક્ષ છે તેથી કંઈ તેઓ વચ્ચે અવિરોધ નથી. તેમજ સુકૃતશાસ્ત્ર અનર્થક નથી, કેમકે જે બ્રહ્મવેત્તા નથી તેના પ્રત્યે તેનું વિધાન સાર્થક છે. એવી સ્થિતિ હોવાથી પાપ્મશ્રુતિથી પુણ્યનું પણ ગ્રહણ

મોક્ષનો અભાવ થાય. કર્મફળની પેઠે દેશ, કાળ, ને નિમિત્તની અપેક્ષાવાળો મોક્ષ થાય એ યુક્ત નથી; કેમકે તે અનિત્ય થવાનો પ્રસંગ આવે; અને જ્ઞાનનું ફળ પરોક્ષ થાય એ અનુપપન્ન છે. તેટલા માટે બ્રહ્મની પ્રાપ્તિ થયે પાપનો ક્ષય થાય છે એમ અવસ્થિત છે ॥ ૧૩ ॥

इतरस्याप्येवमसंश्लेषः पाते तु ॥ १४ ॥

અન્યનો—પુણ્યકર્મનો પણ એ પ્રમાણે—પાપની પેઠે અશ્લેષ (ને વિનાશ) છે; (વિદ્વાન્‌ને શરીરનો) પાત થયે (મુક્તિ) જ (છે) ॥ ૧૪ ॥

પૂર્વ અધિકરણમાં બન્ધના હેતુ, સ્વાભાવિક પાપના જ્ઞાનથી થતા અશ્લેષ અને વિનાશનું શાસ્ત્રવ્યપદેશથી નિરૂપણ કર્યું. ધર્મ તો શાસ્ત્રીય હોવાથી શાસ્ત્રીય

'ब्रह्म पुष्करपलाशा आपः' ઇત્યાદિ વ્યપદેશો અર્થવાળા થાય છે તેથી સ્તુતિમાત્ર છે એમ [illegible] એવી શંકા છે કે અગાઉ કહ્યું છે કે [illegible] યોગસંપત્તિના પ્રભાવથી એકી વખતે અનેક પ્રકારનું શરીર નિર્માણ કરીને આપવાંવે—ક્રમ વિના ઉપભોગથી પ્રાપ્ત કર્મનો ક્ષય કરી મોક્ષયુક્ત [illegible]—એવી કરીને ભાષ્યમાં કહ્યું છે કે 'એવીજ રીતે મોક્ષ [illegible] થાય છે'. બીજું, અનાદિ કાળથી પ્રવૃત્ત થયેલા અનિયમિત કાળમાં [illegible] ભોગવીને ક્ષય થવા અસંભવ છે; કેમકે ઉપભોગ કરનાર, [illegible] કર્મોનો સંચય કરે છે. [illegible] ઉપભોગમાં [illegible] નહિ કરી કર્મનો ક્ષય કરશે એ પણ યુક્ત નથી; [illegible] તેનું સામર્થ્ય નથી. વળી [illegible] થશે. તેટલા માટે [illegible] કર્મના [illegible] ઉપભોગ કરશે, તેથી ભાષ્યમાં કહ્યું છે કે 'કર્મફળની પેઠે દેશ, કાળ, ને નિમિત્તની અપેક્ષાવાળો મોક્ષ થાય એ યુક્ત નથી' [illegible] યુક્ત નથી; કેમકે [illegible] વળી [illegible] છે એ પણ અનુપપન્ન છે [illegible] ॥ ૧૩ ॥

[illegible]

જ્ઞાન સાથે તેનો અવિરોધ છે એમ આશંકા કરી તેનું નિરાકરણ કરવા સારૂ પૂર્વે અધિકરણના ન્યાયનો અતિદેશ કરે છે. બીજા પણ પુણ્ય કર્મનો એ પ્રમાણે પાપની પેઠે જ્ઞાનવાનને અશ્લેષ ને વિનાશ થાય છે. શાથી? કેમકે તે પણ પોતાનાં ફળના હેતુ હોઈ જ્ઞાનફળના પ્રતિબન્ધક થવાનો પ્રસંગ આવે. 'उभे उ हैवैष एते तरति' [બૃહ૦ ૪।૪।૨૨] (એ બ્રહ્મવેત્તા એ બંને પુણ્યલક્ષણ ને પાપલક્ષણ કર્મોને તરે છે) ઇત્યાદિ શ્રુતિઓમાં દુષ્કૃતની પેઠે સુકૃતનો પણ પ્રણાશ કહ્યો છે, આત્મા અકર્તા છે એવા બોધથી થતો કર્મક્ષય સુકૃત ને દુષ્કૃતમાં સમાન છે, અને 'क्षीयन्ते चास्य कर्माणि' [મુણ્ડ૦ ૨।૨।૮] (એનાં કર્મો ક્ષીણ થાય છે) એવી અવિશેષ શ્રુતિ છે. જ્યાં પણ કેવલ પાપ્મશબ્દ દેખાય છે ત્યાંપણ તેથીજ પુણ્યનું પણ ગ્રહણ થયું છે એમ સમજવું: કેમકે જ્ઞાનના ફળથી પુણ્યનું ફળ નિકૃષ્ટ છે. શ્રુતિમાં પુણ્યને વિષે પણ પાપ્મશબ્દ છે; કેમકે 'नैनं सेतुमहोरात्रे तरतः' [છાન્દો૦ ૮।૪।૧] (દહાડો ને રાત એ સેતુને તરતા નથી) એમાં દુષ્કૃતની સાથે સુકૃતને પણ કહી 'सर्वे पाप्मानोऽतो निवर्तन्ते' (એ આત્મરૂપ સેતુથી સર્વ પાપો નિવૃત્ત થાય છે) એમ અવિશેષેજ પ્રકૃત પુણ્યને વિષે પાપ્મશબ્દનો પ્રયોગ છે. 'पाते तु' એમાં તુશબ્દ અવ-

सर्वे प्राणा अभिसमायन्ति' એ ઉપગમશ્રુતિ છે; 'तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति' એ અનુગમશ્રુતિ છે; 'सविज्ञानो भवति' એ અવસ્થાનશ્રુતિ છે. જેમ યાત્રાની ઇચ્છાવાળા રાજાનું સેવકો ઉપગમન કરે છે, એમજ પરલોક જવા ઇચ્છતા જીવ પ્રતિ સર્વ પ્રાણો આભિમુખ્યે આવે છે એમ શ્રુતિમાં ઉપગમ છે. 'तमुत्क्रामन्त' ' એમાં અનુગમન કહ્યું છે અને 'सविज्ञानो भवति' એમાં જીવને વિષે પ્રાણનું અવસ્થાન કહ્યું છે. विज्ञायते अनेनेति विज्ञानम्-જે વડે વિજ્ઞાન થાય તે વિજ્ઞાન એટલે કરણસમૂહ, તેની સાથે એટલે પંચવૃત્તિપ્રાણસહિત જે ઇન્દ્રિયગ્રામ તેની સાથે અવસ્થિત થાય છે. જીવ પ્રાપ્ત કરવાનું ફળ પ્રાપ્ત કરે માટે વિજ્ઞાનસહિત દર્શાવનારી 'सविज्ञानो भवति' એ શ્રુતિથી મુખ્ય પ્રાણસહિત ઇન્દ્રિયોની જીવને વિષે સ્થિતિ છે એવો અર્થ છે ॥ ૪ ॥

જોકે પ્રાણનો તેજને વિષે વ્યવધાન વગર લય શ્રુતિમાં કહ્યો છે, તોપણ બંને શ્રુતિના અનુગ્રહને માટે પ્રાણ જીવને વિષે લય પામે છે, અને જીવદ્વારા તેના ઉપાધિ તેજ આદિ ભૂતોમાં લય પામે છે એ શ્રુતિનો અર્થ સ્ફુટ કરવા માટે સૂત્ર કહે છે—" ત્યારે 'प्राणस्तेजसि' "

છે) એવી શ્રુતિ છે. પણ એ શ્રુતિ પ્રાણની તેજને વિષે સ્થિતિ દર્શાવે છે, પ્રાણસહિત અધ્યક્ષની નહિ. ના, એ દોષ નથી. 'સોઽધ્યક્ષે' [બ્રહ્મસૂ૦ ૪।૨।૪] એમ અધ્યક્ષને પણ વચમાં કહ્યો છે; કારણ કે જે સુઘ્રથી મથુરા જઈ, મથુરાથી પાટલિપુત્ર જાય છે, તે પણ સુઘ્રથી પાટલિપુત્ર જાય છે એમ કહી શકાય છે. તેટલા માટે 'प्राणस्तेजसि' એટલે પ્રાણસહિત અધ્યક્ષનુંજ એ તેજ સાથેનાં ભૂતોમાં અવસ્થાન છે ॥ ૫ ॥

પણ તેજ સાથેનાં ભૂતોમાં એ કેમ કહ્યું છે; કારણ કે 'प्राणस्तेजसि' (પ્રાણ તેજમાં લય પામે છે) એમ એકજ તેજનું શ્રવણ છે, એથી કહે છે—

नैकस्मिन् दर्शयतो हि ॥ ६ ॥

એકમાં (તેજમાં) (જીવ અવસ્થિત થતો) નથી; કારણ કે પ્રશ્નને પ્રતિવચન, (શ્રુતિ ને સ્મૃતિ) દર્શાવે છે ॥ ૬ ॥

અન્ય શરીર પ્રાપ્ત કરવાની ઇચ્છાને વખતે એકલા તેજમાંજ જીવ અવસ્થિત થતો નથી; કેમકે શરીરરૂપી કાર્ય અનેક ભૂતોનું બનેલું છે એમ દેખાય છે. 'आपः

ઇત્યાદિ. પણ લય વિના પણ જીવ પ્રતિ પ્રાણનો ઉપગમ આદિ સંભવે છે તેથી તેજમ્‌શબ્દનો મુખ્ય અર્થ લો એવી શંકા કરવી યુક્ત નથી; કેમકે જીવ પ્રતિ આવીને પ્રાણનું નિર્વ્યાપાર રહેવું એજ અહિં લયનો અર્થ છે એવો ભાવ છે. ભૂતોમાં જીવની સ્થિતિ છે એમ શેના જાણથી વ્યાખ્યાન કરો છો એવી આશંકા કરી 'सोऽध्यक्षे' એ સૂત્રમાં ઉદાહરણ કરેલી શ્રુતિના બળથી એમ કહે છે—'પણ એ શ્રુતિ પ્રાણની તેજને વિષે સ્થિતિ' ઇત્યાદિ. પ્રાણ એ જીવદ્વારા ભૂતોને પ્રાપ્ત કરે છે એને વિષે દૃષ્ટાન્ત કહે છે—'જે સુઘ્રથી મથુરા જઈ' ઇત્યાદિ. સૂત્રનું તાત્પર્ય આ પ્રમાણે છે—જોકે 'प्राणस्तेजसि' એ શ્રુતિથી તેજને વિષે પ્રાણવૃત્તિનો લય પ્રતીત થાય છે, તોપણ સર્વશાખાના જ્ઞાનથી ને અન્ય શ્રુતિનું પર્યાલોચન કરવાથી વિજ્ઞાનાત્માને વિષે લય સમજાય છે; ને તેજનો તેને વિષે લય થાય એ યુક્ત નથી; કેમકે તેનો અગ્નિ, આકાશના ક્રમે પરમાત્માને વિષે તત્ત્વલય છે એમ શ્રુતિથી સમજાય છે. તેટલા માટે तेजस्‌શબ્દના વચનથી તેજસહિત દેહબીજભૂત પંચભૂતોના સૂક્ષ્મ પરિવારવાળા અધ્યક્ષ જીવાત્મા ઉપલક્ષિત છે; તે જીવાત્માને વિષે પ્રાણવૃત્તિ લય પામે છે. અત્ર શંકા કરે છે કે તેજસહિત ભૂતોનું तेजस्‌શબ્દથી ઉપલક્ષણ કરો, અધ્યક્ષનું શા માટે કરો છો; કેમકે તેજનો સાથે અધ્યક્ષને સંબંધ નથી. તેનું સમાધાન કરે છે કે જ્યારે એ પ્રાણ વચમાં અધ્યક્ષને પ્રાપ્ત કરી અધ્યક્ષના સંસર્ગને લીધે તેજ આદિ ભૂતસૂક્ષ્મોને પ્રાપ્ત કરે છે ત્યારે प्राणस्तेजसि (પ્રાણ તેજમાં લીન થાય છે) એ ઉપપન્ન થાય છે. એને વિષે 'સુઘ્રથી મથુરા જઈ' ઇત્યાદિ દૃષ્ટાન્ત કહે છે ॥ ૫ ॥

અન્ય દેહની ઉત્પત્તિ માટે પંચીકૃત ભૂતો આવશ્યક છે એ દેહબીજશ્રુતમાં [૩।૧।૨-૬] વ્યાખ્યાન કર્યું છે. પંચભૂતાત્મક સૂક્ષ્મશરીરવિશિષ્ટ જીવ અહિંથી પરલોક જાય છે એમ 'हिरण्य यदा पञ्चम्यामाहुतावापः पुरुषवचसो भवन्ति' એમ પ્રશ્નપ્રતિવચનથી અવગમ-

पुरुषवचसः' [છાન્દો૦ ૫।૩।૩] (જળ પુરુષશબ્દવાચ્ય થાય છે) એમાં પ્રશ્ન ને પ્રતિવચન એ અર્થ દર્શાવે છે અને 'त्र्यात्मकत्वात्तु भूयस्त्वात्' [બ્રહ્મસૂ૦ ૩।૧।૨] એમાં એનું વ્યાખ્યાન કર્યું છે. શ્રુતિ ને સ્મૃતિ પણ એ અર્થ દર્શાવે છે. 'पृथ्वीमय आपोमयो वायुमय आकाशमयस्तेजोमयः' [બૃહ૦ ૪।૪।૫] (પૃથ્વીમય, જળમય, વાયુમય, આકાશમય, તેજોમય) ઇત્યાદિ શ્રુતિ છે. 'अण्व्यो मात्राऽविनाशिन्यो दशार्धानां तु याः स्मृताः । ताभिः सार्धमिदं सर्वं संभवत्येव पूर्वशः ॥' [મનુ૦ ૧।૨૭] (પંચભૂતોના સૂક્ષ્મ, મોક્ષપૂર્વે અવિનાશી, ભાગો જે છે તેની સાથે આ સર્વ ક્રમે ઉત્પન્ન થાય છે). પણ અન્ય શરીર પ્રાપ્ત કરવાની ઇચ્છાને વખતે વાક્ આદિ ઇન્દ્રિયો આત્મામાં ઉપસંહાર પામે છે ત્યારે 'क्वायं तदा पुरुषो भवति' [બૃહ૦ ૩।૨।૧૩] (ત્યારે એ પુરુષ ક્યાં છે—કોને આશ્રયે રહે છે) એમ ઉપક્રમ કરીને 'तौ ह यदूचतुः कर्म हैव तदूचतुरथ ह यत् प्रशशंसतुः कर्म हैव तत् प्रशशंसतुः' [બૃહ૦ ૩।૨।૧૩] (તે યાજ્ઞવલ્ક્ય ને આર્તભાગે વિચાર કરીને—સર્વ પૂર્વપક્ષોનો ઊહાપોહ કરીને જે કહ્યું તે સાંભળો; કર્મનેજ પુનઃપુનઃ કાર્યકારણના ઉપાદાનહેતુ તરીકે તેઓએ કહ્યું, જેની તેઓએ પ્રશંસા કરી તે સાંભળો, કર્મનીજ તેઓએ પ્રશંસા કરી) એમ અન્ય શ્રુતિ કર્મનુંજ આત્માના આશ્રય તરીકે નિરૂપણ કરે છે. એને વિષે કહીએ છીએ—તેમાં કર્મપ્રયુક્ત, ગ્રહ ને અતિગ્રહ નામના ઇન્દ્રિય ને વિષયરૂપ બન્ધનની પ્રવૃત્તિ છે તેથી કર્મને આશ્રય તરીકે કહ્યું છે. અહિં તો ભૂતરૂપી ઉપાદાનથી અન્ય દેહની ઉત્પત્તિ છે માટે ભૂતોને આશ્રય તરીકે કહ્યાં છે. પ્રશંસાશબ્દથી પણ ત્યાં કર્મનું પ્રાધાન્યમાત્ર પ્રદર્શાવ્યું છે, અન્ય આશ્રયનું નિવારણ કર્યું નથી. તેટલા માટે અવિરોધ છે ॥ ૬ ॥

પિત કર્યું છે. એટલા માટે મરણકાળે અન્ય ભૂતોનો સંપર્ક આવશ્યક હોવાથી તેજસ્ પદ ભૂતપંચકાત્મકશરીરનું લક્ષક છે. 'दर्शयतः' એ દ્વિવચનનું પ્રશ્ન ને પ્રતિવચન દર્શાવે છે એમ વ્યાખ્યાન કરી શ્રુતિ ને સ્મૃતિ દર્શાવે છે એવા અભિપ્રાયથી વ્યાખ્યાન કરે છે—'શ્રુતિ ને સ્મૃતિ પણ એ અર્થ દર્શાવે છે'. 'अण्व्यो मात्राः'—अण्व्यः = સૂક્ષ્મ. 'मात्राः' જે મપાય તે, પરિચ્છિન્ન, 'अविनाशिन्यः' = મોક્ષની પૂર્વે અવિનાશી. 'दशार्धानाम्'—પંચભૂતોના. પંચભૂતોના સૂક્ષ્મ ભાગો એવો અર્થ છે. જીવનો આશ્રય ભૂતો છે એ જીવનો આશ્રય કર્મ છે એ શ્રુતિથી વિરુદ્ધ છે એમ આશંકા કરી, કર્મ નિમિત્ત તરીકે આશ્રય છે, અને ભૂતો તો દેહના ઉપાદાન તરીકે આશ્રય છે એમ ઉભય અવિરુદ્ધ છે એમ કહે છે—'પણ અન્ય શરીર પ્રાપ્ત કરવાની ઇચ્છાને વખતે' ઇત્યાદિ. 'तौ ह यदूचतुः' = તે બે યાજ્ઞવલ્ક્ય ને આર્તભાગે જીવના આધાર તરીકે જેને કહ્યું તે કર્મ છે એમ શ્રુતિનું વચન છે. 'ગ્રહ ને અતિગ્રહ નામના'—'गृह्णन्ति पुरुषपशुं बध्नन्ति इति ग्रहाः'—પુરુષપશુને જે બાંધે છે તે ગ્રહ–ઇન્દ્રિયો. ઇન્દ્રિયવૃત્તિ પણ વિષયોને અધીન છે. માટે વિષયો 'અતિગ્રહ' છે. પ્રશંસાશબ્દ પણ કર્મપ્રયોજક હોવાથી જીવનો પ્રકૃષ્ટ આશ્રય છે એમ કહે છે; તે પ્રકૃષ્ટ આશ્રયત્વ નિકૃષ્ટ આશ્રયત્વ હોય તોજ ઉપપન્ન થાય છે એમ કહે છે—'પ્રશંસાશબ્દથી પણ ત્યાં' ઇત્યાદિ ॥ ૬ ॥

समाना चासृत्युपक्रमादमृतत्वं चानुपोष्य ॥ ७ ॥

(દેવયાન) માર્ગના આરંભની પૂર્વે (વિદ્વાન્ ને અવિદ્વાન્‌ને ઉત્ક્રાન્તિ સમાન છે) (અવિદ્યારૂપી ક્લેશસમૂહને) બાળ્યા વિના (વિદ્વાન્‌નું એ આપેક્ષિક) અમૃતત્વ (છે) ॥ ૭ ॥

તે એ ઉત્ક્રાન્તિ શું વિદ્વાન્ ને અવિદ્વાન્‌ને સમાન છે કે વિશેષવાળી છે—એ ઉત્ક્રાન્તિમાં કંઈ વિશેષ છે એમ સંશય ધરાવનારાઓને વિશેષવાળી છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે એ ભૂતોના આશ્રયથી વિશિષ્ટ છે. પુનર્ભવને માટે ભૂતોનો આશ્રય થાય છે અને વિદ્વાન્‌ને પુનર્ભવ સંભવતો નથી. 'अमृतत्वं हि विद्वानश्नुते' (ખરેખર, વિદ્વાન્ અમૃતત્વ પામે છે) એવી સ્થિતિ છે. તેટલા માટે અવિદ્વાન્‌નેજ એ ઉત્ક્રાન્તિ છે. પણ વિદ્યાના પ્રકરણમાં એનું શ્રવણ છે માટે એ વિદ્વાન્‌નીજ હોવી જોઈએ. ના, સ્વાપ આદિની પેઠે જેમ પ્રાપ્ત થાય તેમ અનુકીર્તન છે તેથી. જેમકે 'यत्रैतत्पुरुषः स्वपिति नाम' [છાન્દો૦ ૬।૮।૧] (ખરેખર, જે કાળે એ પુરુષ સ્વાપ કરે છે), 'अशिशिषति नाम' [છાન્દો૦ ૬।૮।૩] ({જ્યારે તે} ખરેખર, ભોજનની ઇચ્છા કરે છે), 'पिपासति नाम' [છાન્દો૦ ૬।૮।૫] ({જ્યારે તે} ખરેખર, પાન કરવા ઇચ્છે છે) એમ વિદ્યાપ્રકરણમાં પણ પ્રતિપાદન કરવા ઇચ્છેલી વસ્તુને અનુગુણ થાય એવી રીતે સર્વ પ્રાણીને સાધારણ સ્વાપ આદિનું અનુકીર્તન થાય છે; વિદ્વાન્‌ને વિશેષ હોય તેમ તેનું વિધાન કરવા ઇચ્છાતું નથી. એ પ્રમાણે જે પર દેવતામાં પ્રયાણ કરનાર પુરુષનું તેજ સંપન્ન થાય છે તે આત્મા છે, તે તું છે એ પ્રતિપાદન કરવા માટે મહાજનમાં રહેલીજ વિદ્વાન્ ને અવિદ્વાન્‌ને સાધારણજ ઉત્ક્રાન્તિનું અનુકીર્તન છે, અને 'न तस्य प्राणा उत्क्रामन्ति' [બૃહ૦ ૪।૪।૬] (તેના પ્રાણ ઉત્ક્રમણ કરતા નથી) એમ વિદ્વાન્‌ને એનો પ્રતિષેધ છે. તેટલા માટે

આ પ્રમાણે બાહ્ય ઇન્દ્રિયોનો પ્રથમ મનને વિષે વૃત્તિલય થાય છે, પછી મનોવૃત્તિનો
પ્રાણમાં લય થાય છે ને પ્રાણવૃત્તિનો ભૂતોના ઉપાધિવાળા જીવમાં લય થાય છે એમ ઉત્ક્રાન્તિની
વ્યવસ્થા કહી છે; તે ઉત્ક્રાન્તિ સર્વ પ્રાણીને તુલ્ય છે એમ કહે છે—'समाना च', 'पुरु-
षस्य प्रयतो वाङ् मनसि' એમ અવિશેષ શ્રુતિ છે—વિદ્વાન્ ને અવિદ્વાન્‌ને સામાન્ય શ્રુતિ છે,
અને 'विद्ययामृतमश्नुते' એમ શ્રુતિ છે તેથી સંશય કહે છે—'તે એ ઉત્ક્રાન્તિ શું વિ-
દ્વાન્ ને અવિદ્વાન્‌ને સમાન છે' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં સગુણ બ્રહ્મના જ્ઞાનવાળાને ઉત્ક્રા-
ન્તિનો અસંબન્ધ છે એવો વિશેષ સાધ્ય છે. તેથી ઉત્ક્રાન્ત ન થયલો ઉપાસક મુક્તિ પ્રાપ્ત
કરે છે એવું ફળ છે; સિદ્ધાન્તમાં તો ઉત્ક્રાન્ત થયલો બ્રહ્મલોક પામે છે એમ ફળમાં ભેદ છે.
પૂર્વપક્ષમાં દેહથી ઉત્ક્રાન્ત થયા વિના વિદ્વાન્‌ને મોક્ષસિદ્ધિ થાય છે; સિદ્ધાન્તમાં તો તેને પણ
અવિદ્વાન્‌ની પેઠે દેહમાંથી ઉત્ક્રાન્તિ થાય છે. પૂર્વપક્ષનો આક્ષેપ કરી સમાધાન કરે છે—
'પણ વિદ્યાના પ્રકરણમાં એનું શ્રવણ છે' ઇત્યાદિ. 'विद्ययामृतमश्नुते' એ શ્રુતિ
તો નિર્ગુણ વિદ્યાવાળા માટે છે. 'न तस्य प्राणा उत्क्रामन्ति' (તેના પ્રાણો ઉત્ક્રમણ કરતા
નથી) એ પ્રતિષેધ પણ તેનેજ માટે છે. તેટલા માટે સગુણવેત્તાને પણ અજ્ઞાની પેઠે ઉત્ક્રાન્તિ

વિદ્વાનનીજ એ ઉત્ક્રાન્તિ છે. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—'वाङ्मनसि' [છાન્દો૦ ૬।૮।૬] (વાક્ મનને વિષે સંપન્ન થાય છે) ઇત્યાદિ એ ઉત્ક્રાન્તિ માર્ગના ઉપક્રમ સુધી વિદ્વાન ને અવિદ્વાનને સમાન થવી યોગ્ય છે; કેમકે વિશેષનું કારણ નથી. અવિદ્વાન દેહનાં બીજરૂપ ભૂતસૂક્ષ્મોનો આશ્રય કરીને કર્મથી પ્રયુક્ત થયેલો દેહધારણ અનુસરવા સંસારમાં આવે છે. વિદ્વાન્ તો જ્ઞાનથી પ્રકાશિત થયેલા મોક્ષનાડીદ્વારનો આશ્રય કરે છે. તેટલા માટે 'માર્ગના આરંભ સુધી' એમ કહ્યું છે. પણ વિદ્વાનને તો અમૃતત્વ પ્રાપ્ત કરવાનું છે, ને તે અન્ય દેહને અધીન નથી; તો ભૂતોનો આશ્રય કે માર્ગનો ઉપક્રમ શાથી? એને વિષે કહીએ છીએ. એ બાધવા જરૂર છે. અવિદ્યા આદિ ક્લેશોને અત્યન્ત બાળ્યા વિના અપર વિદ્યાના સામર્થ્યથી જે આપેક્ષિક અમૃતત્વ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેને માર્ગનો ઉપક્રમ ને ભૂતોનો આશ્રય સંભવે છે; કેમકે આશ્રયરહિત પ્રાણોની ગતિ ઉપપન્ન થતી નથી. તેટલા માટે દોષ નથી ॥ ૭ ॥

तदापीतेः संसारव्यपदेशात् ॥ ८ ॥

ને તેજ મોક્ષપર્યન્ત અવસ્થિત રહે છે. સંસારનો વ્યપદેશ છે તેથી ॥ ૮ ॥

'तेजः परस्यां देवतायाम्' [છાન્દો૦ ૬।૮।૬] (તેજ પર દેવતામાં સંપન્ન થાય છે—લય પામે છે) એમાં પ્રકરણના સામર્થ્યથી તે એટલે પ્રયાણ કરનાર પુરુષનું જે

છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. સૃતિ એટલે માર્ગ, તેનો ઉપક્રમ એટલે અર્ચિરાદિ તેની પૂર્વે વિદ્વાનને ને અવિદ્વાનને ઉત્ક્રાન્તિ તુલ્ય છે. પછી ઉપરના મૂર્ધન્ય નાડીદ્વારા અર્ચિરાદિ માર્ગે ગમન કરે છે, અન્ય નહિ એમ વિશેષ છે. અપર નાડીથી અવિદ્વાન્ નિકળીને કે અન્ય લોકમાં પોતાના કર્મને અનુસારે જાય છે. વિદ્વાન્ તો મૂર્ધન્ય નાડીથી બ્રહ્મલોક પામે છે એમ ને એમાં વિશેષ છે એવો અર્થ છે. દહરના ઉપાસકનું જે અમૃતત્વ શ્રુતિએ કહ્યું છે તે આપેક્ષિક છે, મુખ્ય નહિ; કેમકે 'यं कामं कामयते सोऽस्य संकल्पादेव समुत्तिष्ठति' (જે કામની તે કામના કરે છે તે એના સંકલ્પથીજ ઉત્પન્ન થાય છે) એમ બીજી શ્રુતિ છે, અર્ચિરાદિમાર્ગમાંથી ઇન્દ્રિયને ક્રમથી પ્રતિપાદન કર્યું છે, ને ઇન્દ્રિયો આશ્રય વિનાની હોય તો ગમન કરી શકે નહિ તેથી તેના આશ્રય જે ભૂતો તેનું પણ આશ્રય ઉત્ક્રાન્તિ સુધી સમજવાની છે. અપર વિદ્યામાં અમૃતત્વ આપેક્ષિક છે; કારણકે જે ગતિ પામે છે તેની અપેક્ષાએ અપર વિદ્યા ઉપાસનાને—ઉપાસકને આ અમૃતત્વ છે. અમૃતત્વ આપેક્ષિક હતું એટલે એને વિષે ઉત્ક્રાન્તિનો અન્વય યુક્ત છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે દોષ નથી' ॥ ૭ ॥

બ્રહ્મજ્ઞાન જેમાં અસરોય છે એવી પરમાત્માને વિષે ગતિને સિદ્ધ માનીને વિદ્વાન્ ને અવિદ્વાનની ઉત્ક્રાન્તિનું વર્ણન કર્યું. એજ પરમાત્માને વિષે ગતિનો હવે વિચાર કરાય છે કે આત્માને વિષે તેજ આદિ ભૂતસૂક્ષ્મોનો તત્ત્વવિલયપૂર્વક સંપત્તિ થાય છે કે બ્રહ્મજ્ઞાન

समाना चासृत्युपक्रमादमृतत्वं चानुपोष्य ॥ ७ ॥

(દેવયાન) માર્ગના આરંભની પૂર્વે (વિદ્વાન્ ને અવિદ્વાન્‌ને ઉત્ક્રાન્તિ સમાન છે) (અવિદ્યારૂપી ક્લેશસમૂહને) બાળ્યા વિના (વિદ્વાન્‌નું એ આપેક્ષિક) અમૃતત્વ (છે) ॥ ૭ ॥

તે એ ઉત્ક્રાન્તિ શું વિદ્વાન્ ને અવિદ્વાન્‌ને સમાન છે કે વિશેષવાળી છે— ઉત્ક્રાન્તિમાં કંઈ વિશેષ છે એમ સંશય ધરાવનારાઓને વિશેષવાળી છે એ પ્રાપ્ત થાય છે; કેમકે એ ભૂતોના આશ્રયથી વિશિષ્ટ છે. પુનર્ભવને માટે ભૂતે આશ્રય થાય છે અને વિદ્વાન્‌ને પુનર્ભવ સંભવતો નથી. 'अमृतत्वं हि विद्वान्…' (ખરેખર, વિદ્વાન્ અમૃતત્વ પામે છે) એવી સ્થિતિ છે. તેટલા માટે અવિદ્વા… તેજ એ ઉત્ક્રાન્તિ છે. પણ વિદ્યાના પ્રકરણમાં એનું શ્રવણ છે માટે એ વિદ્વાન્‌… હોવી જોઈએ. ના, સ્વાપ આદિની પેઠે જેમ પ્રાપ્ત થાય તેમ અનુકીર્તન છે તે… જેમકે 'यत्रैतत्पुरुषः स्वपिति नाम' [છાન્દો૦ ૬।૮।૧] (ખરેખર, જે કાળે એ પુ… સ્વાપ કરે છે), 'अशिशिषति नाम' [છાન્દો૦ ૬।૮।૩] ({ જ્યારે તે } ખરે… ભોજનની ઇચ્છા કરે છે), 'पिपासति नाम' [છાન્દો૦ ૬।૮।૫] ({ જ્યારે તે } ખરેખર, પાન કરવા ઇચ્છે છે) એમ વિદ્યાપ્રકરણમાં પણ પ્રતિપાદન કરતાં… વસ્તુને અનુગુણ થાય એવી રીતે સર્વ પ્રાણીને સાધારણ સ્વાપ આદિનું અનુકી… થાય છે; વિદ્વાન્‌ને વિશેષ હોય તેમ તેનું વિધાન કરવા ઇચ્છાતું નથી. એ પ્ર… જે પર દેવતામાં પ્રયાણ કરનાર પુરુષનું તેજ સંપન્ન થાય છે તે આત્મા છે, તે… છે એ પ્રતિપાદન કરવા માટે મહાજનમાં રહેલીજ વિદ્વાન્ ને અવિદ્વાન્‌ને સાધા… ણજ ઉત્ક્રાન્તિનું અનુકીર્તન છે, અને 'न तस्य प्राणा उत्क्रामन्ति' [બૃહ૦ ૪।… (તેના પ્રાણ ઉત્ક્રમણ કરતા નથી) એમ વિદ્વાન્‌ને એનો પ્રતિષેધ છે. તેટલા મા…

આ પ્રમાણે બાહ્ય ઇન્દ્રિયોનો પ્રથમ મનને વિષે વૃત્તિલય થાય છે, પછી મનો… પ્રાણમાં લય થાય છે ને પ્રાણવૃત્તિનો ભૂતોના ઉપાધિવાળા જીવમાં લય થાય છે એમ… વ્યવસ્થા કરી છે; ને ઉત્ક્રાન્તિ સર્વ પ્રાણીને તુલ્ય છે એમ કહે છે—'समाना च'… यन्त्र प्रयतो याज्ञ मनसि' એમ અવિશેષ શ્રુતિ છે—વિદ્વાન્ ને અવિદ્વાન્‌ને સામાન્ય… અને 'विद्ययामृतमश्नुते' એમ શ્રુતિ છે તેથી સંશય કહે છે—'તે એ ઉત્ક્રાન્તિ શું… દ્વાન્ ને અવિદ્વાન્‌ને સમાન છે' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં સગુણ બ્રહ્મના સાક્ષાત્કારને… ન્તિનો અસંબન્ધ છે એવો વિશેષ સાધ્ય છે. તેથી ઉત્ક્રાન્તિ ન થવાથી ઉપાસક… કરે છે એવું ફળ છે: સિદ્ધાન્તમાં તો ઉત્ક્રાન્તિ થવાથી બ્રહ્મલોક પામે છે એમ ફળમાં… પૂર્વપક્ષમાં દેહથી ઉત્ક્રાન્તિ થયા વિના વિદ્વાન્‌ને મોક્ષસિદ્ધિ થાય છે; સિદ્ધાન્તમાં તો દેવ… અવિદ્વાન્‌ની પેઠે દેહમાંથી ઉત્ક્રાન્તિ થાય છે. પૂર્વપક્ષનો આક્ષેપ કરી સમાધાન કરે… 'પણ વિદ્યાના પ્રકરણમાં એનું શ્રવણ છે' ઇત્યાદિ. 'विद्ययामृतमश्नुते' એ… નો નિર્ગુણ વિદ્યાવાળા માટે છે. 'न तस्य प्राणा उत्क्रामन्ति' (તેના પ્રાણો ઉત્ક્રમણ… નથી) એ પ્રતિષેધ પણ તેનેજ માટે છે. તેટલા માટે સગુણવેત્તાને પણ બ્રહ્મની પ્રાપ્તિ…

सूक्ष्मं प्रमाणतश्च तथोपलब्धेः ॥ ९ ॥

(ઉક્ત તેજ) પ્રમાણમાં (ને સ્વરૂપમાં) સૂક્ષ્મ છે, તેવી રીતે ઉપલબ્ધ થાય છે તેથી ॥ ૯ ॥

આ શરીરમાં પ્રવાસે જતા જીવનું આશ્રયભૂત ભૂતસૂક્ષ્મસહિત તે તેજ [illegible] પમાં ને પ્રમાણમાં સૂક્ષ્મ થાય એ યુક્ત છે; કેમકે નાડીમાર્ગે એનું નિષ્ક્રમણ [illegible] પાદન કરનારી શ્રુતિ આદિથી એનું સૌક્ષ્મ્ય ઉપલબ્ધ થાય છે. તેમાં એ તનુ [illegible] વાથી એનો સંચાર ઉપપન્ન થાય છે, અને સ્વચ્છ હોવાથી એને પ્રતિઘાત થતો [illegible] એ ઉપપન્ન થાય છે. એટલાજ માટે દેહમાંથી નીકળતું પાસે રહેલાઓથી ઉ[illegible] લબ્ધ થતું નથી ॥ ૯ ॥

नोपमर्दनातः ॥ १० ॥

એથી—સૂક્ષ્મ છે તેથી—(શરીરના) ઉપમર્દથી (તેનું ઉપમર્દન થતું નથી) ॥ ૧૦ ॥

એથીજ—સૂક્ષ્મ છે તેથી, એ સ્થૂલ શરીરના દાહ આદિ કારણથી ઉપમર્દન [illegible] થી અન્યનું—સૂક્ષ્મ શરીરનું ઉપમર્દન થતું નથી ॥ ૧૦ ॥

[illegible]

પ્રકૃત તેજ છે તે [1]અધ્યક્ષ સહિત, પ્રાણો સહિત, ઇન્દ્રિયસમુદ્રની સાથે, અન્ય ભૂતે
સાથે પર દેવતામાં લીન થાય છે એમ કહ્યું છે. પણ એ કેવી સંપત્તિ થાય
વિષે વિચાર કરાય છે. તેમાં આત્યન્તિકજ સ્વરૂપપ્રવિલય છે એમ પ્રાપ્ત થાય
કેમકે તે (પર દેવતા) તેની પ્રકૃતિ છે એમ ઉપપત્તિ છે. અરેખર, પર દેવતા
સર્વ જન્મવાળા વસ્તુસમુદ્રની પ્રકૃતિ છે એમ પ્રતિષ્ઠાપન કર્યું છે. તેટલા માટે
અવિભાગની જે પ્રાપ્તિ છે તે આત્યન્તિક છે એમ પ્રાપ્ત થયે અમે કહીએ છી
ભુનોને. તે તેજ આદિ સૂક્ષ્મ અંશ, જે શ્રોત્રાદિ ઇન્દ્રિયોનું આશ્રય છે તે સમ્યગ્
જેનું કારણ છે એવા સંસારમોક્ષપર્યન્ત અવસ્થિત થાય છે; કેમકે 'योनिमन्ये
पद्यन्ते शरीरत्वाय देहिनः । स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम् ॥' [કઠ૦ ૫
(અન્ય—અવિદ્યાવાળા મૂઢો, શરીર ગ્રહણ કરવા માટે દેહવાળા થઈ યોનિમાં
વેશ કરે છે; બીજા, અત્યન્ત અધમ, મરણ પછી કર્મને ને જ્ઞાનને અનુસરીને—
કર્મ આ જન્મમાં કર્યું હોય તે પ્રમાણે ને જેવું વિજ્ઞાન ઉપાર્જન કર્યું હોય
અનુરૂપ વૃક્ષાદિસ્થાવરભાવ પામે છે) ઇત્યાદિમાં સંસારનો વ્યપદેશ છે. નહિ
સર્વ પ્રાયણસમયેજ ઉપાધિનો અસ્ત થવાથી અત્યન્ત બ્રહ્મ સંપન્ન થાય. તેમ
વિધિશાસ્ત્ર ને નિષેધ શાસ્ત્ર અનર્થક થાય. વળી મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થયેલો બ
સમ્યગ્જ્ઞાન વગર તૂટવો યુક્ત નથી. તેટલા માટે તે (પર દેવતા) પ્રકૃતિ છે તો
સુષુપ્તિમાં થાય છે તેમ બીજભાવ જેમાં અવશેષ રહે છે એવીજ આ સતને
સંપત્તિ છે એમ ॥ ૮ ॥

જેમાં અવશેષ રહે છે એવી સંપત્તિ થાય છે? જો પ્રથમ પક્ષ હોય તો ઉત્ક્રાન્તિ થતી ન
એ ઉત્તર પક્ષ હોય તો ઉત્ક્રાન્તિ થાય છે. તેમાં અપ્રકૃતિને વિષે વિકારતત્ત્વોનો પ્રવિ
થતો નથી, જેમ મનને વિષે વાક્ આદિનો થતો નથી તેમ. વળી પર દેવતા એજ સર્વ
જન્મવાળા પદાર્થની પ્રકૃતિ છે, તેટલા માટે તેજ આદિનો આત્યન્તિક તત્ત્વપ્રલયજ થશે એ
એમ પૂર્વ પક્ષ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—'योनिमन्ये प्रपद्यन्ते' ઇત્યાદિ શ્રુતિ અવિ
વાળાને સંસાર પ્રાપ્ત થાય છે એમ ઉપદેશ કરે છે; ને શ્રુતિ આત્યન્તિક તત્ત્વલય હોવાથી
પન્ન થાય નહિ. વળી પ્રાયણનોજ એ મહિમા વિદ્વાન્ કે અવિદ્વાન્ પ્રતિ છે એમ કહેવું
યુક્ત નથી એમ કહે છે—'નહિ તો સર્વ પ્રાયણસમયેજ' ઇત્યાદિ. વિધિશાસ્ત્ર અન
ઇ.માટે વિધેનું અનર્થક થાય; કેમકે પ્રાયણથીજ આત્યન્તિક લય થયે પુનર્જન્મનો અભાવ
અને નિષેધશાસ્ત્ર પણ અનર્થક થાય; કારણ કે પ્રાયણથીજ જન્તુમાત્રને મોક્ષ પ્રાપ્ત થાય.
શાસ્ત્ર અનર્થક થાય છે એમ નથી; પણ પ્રાયણમાત્રથી મોક્ષ પણ અયુક્ત છે એમ કહે છે
'વળી મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થયેલો બન્ધ' ઇત્યાદિ. બન્ધનું મૂળ જે અજ્ઞાન
નષ્ટ થયા વિના બન્ધનો નાશ થાય એ યુક્ત નથી એવો અર્થ છે. પૂર્વપક્ષમાં મુક્ત
યુક્તિની સિદ્ધિ છે; સિદ્ધાન્તમાં તો કર્મના બળથી ને વિદ્યાના બળથી જેમાં બીજભાવ
શેષ રહે છે એવા લયની સિદ્ધિ છે એવો વિવેક છે ॥ ૮ ॥

---

1 છાન્દોગ્ય.

सूक्ष्मं प्रमाणतश्च तथोपलब्धेः ॥ ९ ॥

(ઉક્ત તેજ) પ્રમાણમાં (ને સ્વરૂપમાં) સૂક્ષ્મ છે, તેવી રીતે ઉપલબ્ધ થાય છે તેથી ॥ ૯ ॥

આ શરીરમાં પ્રવાસે જતા જીવનું આશ્રયભૂત અન્યભૂતસહિત તે તેજ સ્વરૂપમાં ને પ્રમાણમાં સૂક્ષ્મ થાય એ યુક્ત છે; કેમકે નાડીમાર્ગે એનું નિષ્ક્રમણ પ્રતિપાદન કરનારી શ્રુતિ આદિથી એનું સૌક્ષ્મ્ય ઉપલબ્ધ થાય છે. તેમાં એ તનુ હોવાથી એનો સંચાર ઉપપન્ન થાય છે, અને સ્વચ્છ હોવાથી એને પ્રતિઘાત થતો નથી એ ઉપપન્ન થાય છે. એટલાજ માટે દેહમાંથી નીકળતું પાસે રહેલાઓથી ઉપલબ્ધ થતું નથી ॥ ૯ ॥

नोपमर्देनातः ॥ १० ॥

એથી–સૂક્ષ્મ છે તેથી—(શરીરના) ઉપમર્દથી (તેનું ઉપમર્દન થતું નથી) ॥ ૧૦ ॥

એથીજ—સૂક્ષ્મ છે તેથી, એ સ્થૂલ શરીરના દાહ આદિ કારણથી ઉપમર્દન થયે અન્યનું—સૂક્ષ્મ શરીરનું ઉપમર્દન થતું નથી ॥ ૧૦ ॥

અન્યભૂતસહિત તેજ જે જીવનું આશ્રય છે તે દેહમાંથી ઉત્ક્રમણ કરતું કે અન્ય દેહમાં સંચાર કરતું આપણાથી કેમ દેખાતું નથી! કેમકે તે મહત્ હોવાથી કે અનેક દ્રવ્યવાળું હોવાથી રૂપવાળું હોઈ ઉપલબ્ધ થતું જોઈએ, વળી અન્ય મૂર્ત પદાર્થો તેનો પ્રતિઘાત કેમ કરતા નથી તે શંકા દૂર કરવા આ સૂત્ર છે—'सूक्ष्मं प्रमाणतश्च'. ચકાર વિપરીત ક્રમે લેવાનો છે. માત્ર મોક્ષપર્યન્ત તે અવસ્થિત રહે છે એમ નથી. તે સ્વરૂપે ને પરિમાણે સૂક્ષ્મ છે. તેનું સ્વરૂપજ એવું અદૃશ્ય છે; જેમ ચાક્ષુષ તેજ મહત્ છે તોપણ તેનું સ્વરૂપ અદૃશ્ય છે તેમ. અદૃશ્યને લીધે તે અનુદ્ભૂતરૂપ ને સ્પર્શવાળું છે. પરિમાણે પણ તે સૂક્ષ્મ છે તેથી ઉપલબ્ધ થતું નથી, જેમ ત્રસરેણુઓ જાલસૂર્યકિરણથી અન્યત્ર પરમાણુમાં ઉપલબ્ધ થતા નથી તેમ. 'तथोपलब्धेः' એનું વ્યાખ્યાન કરે છે—'જેમકે નાડીમાર્ગે' ઇત્યાદિ. 'શ્રુતિ આદિથી'–'આદિ' ગ્રહણથી ન્યાયથી, કે માથામાંથી, કે અન્ય શરીરપ્રદેશમાંથી એમ સંગ્રહણ કરવું. અપ્રતિઘાતને વિષે હેતુ કહે છે—'સ્વચ્છ હોવાથી'. એનું પણ સૂક્ષ્મત્વથીજ ગ્રહણ થયું છે. જેમ કાચ કે અભ્ર સ્વચ્છ સ્વભાવવાળા તેજનું પ્રતિઘાતક થતું નથી, એ પ્રમાણે સર્વ વસ્તુસમૂહ એનું પ્રતિઘાતક થતું નથી ॥ ૯ ॥

સૂક્ષ્મતાથી થયેલો અન્ય લાભ કહે છે—'नोपमर्देनातः'. તેનુંજ વિવરણ કરે છે—'એથીજ' ઇત્યાદિ ॥ ૧૦ ॥

अस्यैव चोपपत्तेरेष ऊष्मा ॥ ११ ॥

અને એ ગરમી એ સૂક્ષ્મ તેજનોજ ધર્મ છે, ઉપપત્તિથી ॥ ૧૧ ॥

એજ સૂક્ષ્મ શરીરની એ ગરમી છે કે જે ગરમીને એ શરીરને વિષે સંસ્પર્શથી જાણે છે; કારણ કે મૃત અવસ્થાને વિષે દેહ અવસ્થિત છે તોપણ ને દેહના ગુણો રૂપાદિ વિદ્યમાન છે તોપણ ગરમી ઉપલબ્ધ થતી નથી, જીવદવસ્થામાંજ ઉપલબ્ધ થાય છે, તેથી એ ગરમી પ્રસિદ્ધ શરીરથી અન્યમાંજ આશ્રિત છે એમ ઉપપન્ન થાય છે. તેવીજ શ્રુતિ છેઃ—'उष्ण एव जीविष्यन्शीतो मरिष्यन्' (જીવવાનો હોય તોજ ગરમ છે, મરવાની તૈયારીમાં હોય તો ઠંડો છે) ॥ ૧૧ ॥

प्रतिषेधादिति चेन्न शारीरात् ॥ १२ ॥

(નિર્ગુણ બ્રહ્મ જાણનારને ઉત્ક્રાન્તિ નથી), પ્રતિષેધ છે તેથી એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે જીવથી (પ્રાણની ઉત્ક્રાન્તિનો પ્રતિષેધ છે) ॥ ૧૨ ॥

'अमृतत्वं चानुपोष्य' (અખિલ ક્લેશસમૂહ બાળ્યા વિના આપેક્ષિક અમૃતત્વ છે) એ વિશેષણથી આત્યન્તિક અમૃતત્વને વિષે ગતિ ને ઉત્ક્રાન્તિનો અભાવ સ્વીકારાયો છે. તેમાં પણ કોઈક કારણથી ઉત્ક્રાન્તિની આશંકા કરી પ્રતિષેધ કરે છે—'अथाकामयमानो योऽकामो निष्काम आप्तकाम आत्मकामो भवति न तस्य प्राणा उत्क्रामन्ति ब्रह्मैव सन्ब्रह्माप्येति' [બૃહ૦ ૪।૪।૬] ({ કામજ સંસારનું મૂળ, કામનાવાળોજ સંસાર પામે છે } તેથી જેને કામના નથી તે { સંસાર પામતો નથી }

સૂક્ષ્મ દેહના સદ્ભાવને વિષે ઉષ્ણતા જેમાં લિંગ છે એવું અનુમાન પ્રમાણ છે એમ કહે છે—'अस्यैव चोपपत्तेरेष ऊष्मा'. સૂત્રનું વિવરણ કરી અનુમાન દર્શાવે છે—'એજ સૂક્ષ્મ શરીરની' ઇત્યાદિ. ઔષ્ણ્યનો સૂક્ષ્મ દેહમાં વ્યભિચાર છે એવી આશંકા કરી 'उपपत्तेः' એની યોજના કરે છે—'કારણ કે મૃત અવસ્થાને વિષે' ઇત્યાદિ. અન્વય ને વ્યતિરેકથી સ્થૂલ શરીરથી ભિન્ન સ્વાશ્રય છે એમ ઊષ્મા એ લિંગ સમજાવે છે એમ કહ્યું. હવે આગમ પણ સૂચવે છે કે એ ઊષ્મા સૂક્ષ્મ દેહનોજ ધર્મ છે—'તેવીજ શ્રુતિ છે' ઇત્યાદિ ॥ ૧૨ ॥

પૂર્વે 'अनुपोष्य' [બ્રહ્મસૂ૦ ૪।૨।૭] એ પદથી જેના અશેષ ક્લેશ બળી ગયા છે એવા નિર્ગુણ જ્ઞાનીને ઉત્ક્રાન્તિ આદિનો અભાવ સૂચવ્યો છે, તેનું આહિં આક્ષેપપૂર્વક સમાધાન કરે છે એમ વ્યવધાનથી આ અધિકરણની સંગતિ છે—વ્યવહિત અધિકરણ સાથે સંગતિ છે એમ કહે છે—'अमृतत्वं चानुपोष्य'. કામનાવાળાને સંસાર પ્રાપ્ત થાય છે એમ કહ્યા પછી નિષ્કામને મુક્તિ થાય છે એમ મુક્તિપ્રકરણને માટે 'अथाकामयमानो'માં અથશબ્દ છે. આત્માજ તેની કામના હોવાથી પૂર્ણાનન્દ આત્મસ્વરૂપનો તે વેત્તા હોવાથી આપ્તકામ છે, અર્થાત્, જેને પરમાનન્દ પ્રાપ્ત થયો છે એવો છે, ને તેથી નિષ્કામ છે, એટલે અભિવ્યક્ત ન થયેલી આન્તર વાસનારૂપ કામથી શૂન્ય છે. તેટલા માટે અકામ છે—વ્યક્ત બહિષ્કામથી

{ તે કામના કરતો એવો શી રીતે થાય છે? } જે કામરહિત છે { ને કામના કરતો નથી એવો થાય છે }. { કામરહિત શી રીતે? }, જે નિષ્કામ છે તે—જેના કામ નિર્ગત થયા છે તે, { નિષ્કામ શી રીતે? }, તેણે કામ પ્રાપ્ત કર્યા છે તેથી, { પ્રાપ્ત શી રીતે કર્યા છે? }, તે આત્મકામ છે, આત્માજ તેની કામના છે, { અન્ય કામનાનો પદાર્થ છેજ નહિ }. તે કામના વગરના પુરુષના વાક્ આદિ પ્રાણ-ઇન્દ્રિયો દેહથી ઊર્ધ્વ ઉત્ક્રમણ કરતા નથી, અહિંજ બ્રહ્મજ હોઈ તે બ્રહ્મ પ્રાપ્ત કરે છે, શરીરપાત થયા પછી નહિ) એમ. માટે પર વિદ્યા વિષે પ્રતિષેધ હોવાથી પર બ્રહ્મના વેત્તાને દેહથી પ્રાણોની ઉત્ક્રાન્તિ નથી એમ કહેલો તો અર્થ કહીએ છીએ કે નાઃ કારણ કે શારીર આત્માથી પ્રાણોનો એ ઉત્ક્રાન્તિપ્રતિષેધ છે, શરીરથી નથી. શી રીતે સમજાય છે? 'न तस्मात् प्राणा उत्क्रामन्ति' (તેમાંથી પ્રાણો ઉત્ક્રમણ કરતા નથી) એમ અન્ય શાખામાં પંચમીનો પ્રયોગ છે તેથી; કેમકે સામાન્ય સંબન્ધ બતાવનારી ષષ્ઠી અન્ય શાખામાં આવેલી પંચમીથી વિશેષ સંબન્ધમાં વ્યવસ્થાપિત થાય છે. 'तस्मात्' (તેમાંથી) એની સાથે પ્રાધાન્યે અભ્યુદય ને નિઃશ્રેયસને વિષે અધિકારી દેહીનો સંબન્ધ છે, દેહનો નથી. તે, ઉત્ક્રમણ કરવા ઇચ્છતા જીવમાંથી પ્રાણો જતા રહેતા નથી, તેની સાથેજ રહે છે એવો અર્થ છે ॥ ૧૨ ॥

રહિત છે. એવો જે અકામયમાન-કામના ન કરનારો છે તેના પ્રાણ ઉત્ક્રમણ કરતા નથી એવો અન્વય છે. બાહ્ય વિષયની તૃષ્ણારહિત તે 'અકામ' છે. આન્તર કામના થી રહિત તે 'નિષ્કામ', જેણે પરમ આનન્દ પ્રાપ્ત કર્યો છે તે 'આપ્તકામ' ને સર્વ આત્મા એક છે એમ જેને જ્ઞાન થયું છે તે 'આત્મકામ'. જ્ઞાનીને ઉત્ક્રાન્તિ છે કે નહિ તેનો પચ્ચમીશ્રુતિ ને ષષ્ઠીશ્રુતિથી ('न तस्मात् प्राणा उत्क्रामन्ति'માં 'तस्मात्' પચ્ચમીશ્રુતિ છે, ને 'न तस्य प्राणा उत्क्रामन्ति'માં 'तस्य' એ ષષ્ઠીશ્રુતિ છે) સંદેહ થવે સિદ્ધાન્તીનો શાસ્ત્ર નિરસન કરી પૂર્વપક્ષ કરે છે—' માટે પર વિદ્યા વિષે પ્રતિષેધ હોવાથી ' ઇત્યાદિ. ' સામાન્ય સંબન્ધ બતાવનારી ષષ્ઠી ' ઇત્યાદિ. જેમ 'मठस्य पुस्तकानि' એમ मठस्य એ [illegible] ક્રિયાનું અપાદાન છે તોપણ સંબન્ધમાત્રની વિવક્ષાથી ષષ્ઠી છે, તેમ 'न तस्य प्राणा उत्क्रा-मन्ति' એમાં પણ અપાદાન છે તેનેજ સંબન્ધમાત્રની વિવક્ષાથી ષષ્ઠી થઈ એવો અર્થ છે. [illegible] [illegible]

[illegible]

પ્રાણસહિત પ્રવાસ કરનાર દેહીની દેહથી ઉત્ક્રાન્તિ થાય છે એમ પ્રાપ્ત થયે તેનું નિરાકરણ કરે છે—

स्पष्टो ह्येकेषाम् ॥ १३ ॥

કારણ કે કેટલાકની–કાણ્વોની (શાખામાં પરબ્રહ્મવેત્તાના પ્રાણોના દેહથી ઉત્ક્રાન્તિનો પ્રતિષેધ) સ્પષ્ટ (ઉપલબ્ધ થાય છે, તેથી તેની ઉત્ક્રાન્તિ નથી, પણ એનેજ વિષે—પરમાત્માને વિષે લય છે) ॥ ૧૩ ॥

પર બ્રહ્મના વેત્તાને પણ દેહથી ઉત્ક્રાન્તિ છે; કેમકે ઉત્ક્રાન્તિના પ્રતિષેધમાં દેહી એ અપાદાન છે એ જે કહ્યું તે યુક્ત નથી; કારણ કે કેટલાક શાખીઓનો ઉત્ક્રાન્તિનો પ્રતિષેધ દેહ જેમાં અપાદાન છે એવો સ્પષ્ટ ઉપલબ્ધ થાય છે; કેમકે 'यत्रायं पुरुषो म्रियत उदस्मात् प्राणाः क्रामन्त्याहो नेति' [બૃહ૦ ૩।૨।૧૧] ({ પરમાત્મદર્શનથી જે એ મુક્ત વિદ્વાન્ છે } તે એ પુરુષ જે કાળે મરણ પામે છે, ત્યારે એ બ્રહ્મવેત્તાના પ્રાણો ઊર્ધ્વ જાય છે કે નથી જતા એમ) એમ આર્તભાગનો પ્રશ્ન થયે 'नेति होवाच याज्ञवल्क्यः' [બૃહ૦ ૩।૨।૧૧] (યાજ્ઞવલ્ક્યે કહ્યું કે પ્રાણો ઉત્ક્રમણ કરતા નથી) એમ અનુત્ક્રાન્તિપક્ષનું પરિગ્રહણ કરી ત્યારે પ્રાણો અનુત્ક્રાન્ત થયે શું એ મરતો નથી એમ આશંકા થયે 'अत्रैव समवनीयन्ते' [બૃહ૦ ૩।૨।૧૧] (એનેજ વિષે પર આત્મા સાથે અવિભાગ પામે છે) એમ પ્રાણોના પ્રવિલયની પ્રતિજ્ઞા કરી તેની સિદ્ધિને માટે 'स उच्छ्वयत्याध्मायत्याध्मातो मृतः शेते' [બૃહ૦ ૩।૨।૧૧] ({ ત્યારે શું એ મરણ નથી પામ્યો? ના, ના, મરણ પામ્યો છે; કારણ કે } તે ફૂલે છે, બાહ્ય વાયુથી પુરાય છે, મરણ પામેલો સૂતો છે, નિશ્ચેષ્ટ છે) એમાં 'સઃ' (તે) એ શબ્દથી પરામર્શ જેનો થયો છે એવો જે પ્રકૃત તેની ઉત્ક્રાન્તિના અવધિનું ઉચ્છ્વયન-ફૂલવું વગેરે શ્રુતિ કહે છે. એ ઉચ્છ્વયન આદિ દેહને થાય છે, દેહીને નહિ. તેની સાથે સામાન્ય છે તેથી—ઉક્ત શ્રુતિ સાથે એકાર્થક છે તેથી 'न तस्मात्

કાણ્વશ્રુતિમાં 'तस्य प्राणा उत्क्रामन्ति' [બૃહ૦ ૪।૪।૨] એમાં तस्य એ સર્વનામથી પ્રકૃત જ્ઞાનીને પરામર્શ કરીને સામાન્ય સંબન્ધ કહ્યો છે. તેમાં 'न तस्मात् प्राणा उत्क्रामन्ति' એમ માધ્યંદિન શાખામાં 'तस्मात्' એમ અપાદાનસ્વરૂપ વિશેષ સંબન્ધ કહ્યો છે તે ગ્રહણ કરવો; તેથી દેહથી પ્રાણની ઉત્ક્રાન્તિનો પ્રતિષેધ કહેલો સમજાય છે, દેહથી નહિ; કેમકે तस्मात् શબ્દથી કંઈ દેહ ઉક્ત નથી; તેટલા માટે જ્ઞાનીને પણ ઉત્ક્રાન્તિ છે એમ જ્ઞાન [illegible] છે એવો પૂર્વપક્ષ છે. સિદ્ધાન્તમાં તો જ્ઞાન સાર્થક છે એમ કહે છે—'स्पष्टो ह्येकेषाम्' [illegible] દેહનેજ ઉત્ક્રાન્તિના અવધિ નહિ કહ્યો છે; કેમકે तस्मात् શબ્દથી પ્રકૃત [illegible] ('स उच्छ्वयत्याध्मायत्याध्मातो मृतः शेते' [બૃહ૦ ૩।૨।૧૧] એમાં) પ્રકૃત પુરુષ, જેનો [illegible] ઉચ્છ્વયન-ફૂલવું આદિ થાય છે તે [illegible] એ અયુક્ત છે. 'उच्छ्वयति'—[illegible] 'आध्मायति'—[illegible] [illegible] દેહીનું [illegible] છે [illegible] દેહ ને દેહીનો અભેદ [illegible] तस्मात् [illegible]

૧ એનાથી ઉત્ક્રાન્તિ થાય છે કે.

प्राणा उत्क्रामन्त्यत्रैव समवनीयन्ते' (તેમાંથી પ્રાણો ઉત્ક્રમણ કરતા નથી, એનેજ વિષે પર આત્મા સાથે અવિભાગ પામે છે) એમાં પણ અભેદોપચારથી દેહ જેમાં અપાદાન છે એવાજ ઉત્ક્રમણનો પ્રતિષેધ છે; જોકે જેમનો પંચમી વિભક્તિએ પાઠ છે તેમને દેહી પ્રાધાન્ય છે તોપણ એમ વ્યાખ્યા કરવાની છે. પણ જેમનો ષષ્ઠી વિભક્તિવાળો પાઠ છે તેમને વિદ્વત્સંબન્ધી ઉત્ક્રાંતિનો પ્રતિષેધ છે એમ એ વાક્યનો અર્થ પ્રાપ્ત થવાથી ઉત્ક્રાન્તિનો પ્રતિષેધ છે, તેથી દેહ જેમાં અપાદાન છે એવીજ તે ઉત્ક્રાન્તિ પ્રતિષિદ્ધ થાય છે; કેમકે દેહથી ઉત્ક્રાન્તિ પ્રાપ્ત છે, દેહીથી નહિ. વળી 'चक्षुष्टो वा मूर्ध्नो वाऽन्येभ्यो वा शरीरदेशेभ्यस्तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ति' [બૃહ૦ ૪।૪।૨] (આંખથી કે માથાથી કે અન્ય શરીરભાગોથી વિજ્ઞાનાત્મા જ્યારે ઉત્ક્રમણ કરે છે ત્યારે પ્રાણ તેની પાછળ ઉત્ક્રમણ કરે છે, પ્રાણ અનુત્ક્રમણ કરે છે તેની પાછળ સર્વ પ્રાણો-ઇન્દ્રિયો ઉત્ક્રમણ કરે છે) એમ અવિદ્વાનને વિષે સપ્રપંચ ઉત્ક્રમણ ને સંસારગમન દર્શાવીને 'इति नु कामयमानः' [બૃહ૦ ૪।૪।૬] (એ પ્રમાણે કામનાવાળો સંસાર પામે છે) એમ અવિદ્વાનની કથાનો ઉપસંહાર કરીને 'अथाकामयमानः' [બૃહ૦ ૪।૪।૬] (હવે કામના જેને નથી એવો) એમ વિદ્વાનનો વ્યપદેશ કરીને એ તેને વિષે પણ ઉત્ક્રા-

---

પરામર્શ કરી દેહ જેમાં અપાદાન છે એવો ઉત્ક્રાન્તિપ્રતિષેધ છે એમ વ્યાખ્યાન કરવું; કારણ કે તેની સાથે સામાન્ય છે, એટલે ઉક્ત શ્રુતિ સાથે એ પાઠ એક અર્થવાળો છે—આમ વાક્યની યોજના કરવી. હવે કાણ્વ પાઠ શી રીતે અનુકુળ છે તે કહે છે—'પણ જેમનો ષષ્ઠી વિભક્તિવાળો પાઠ છે' ઇત્યાદિ. સંબન્ધવિશેષની આકાંક્ષા થયે ભોક્તા, પ્રાણોનો ભોગોપકરણત્વવિશેષ અહિંજ 'प्राणमयः मनोमयः' એમ પૂર્વ શ્રુતિમાં કહેલો પ્રાપ્ત છે; અન્ય શાખામાંનું અપાદાન પ્રાપ્ત નથી; કેમકે જીવમાંથી ઉત્ક્રાન્તિ જે પ્રાપ્ત થઈ નથી તેનો પ્રતિષેધ અયુક્ત છે. એથી વિદ્વત્સંબન્ધી પ્રાણોની ઉત્ક્રાન્તિનું અપાદાન કયું તેની અપેક્ષા થયે 'चक्षुष्टो वा मूर्ध्नो वा' એમાં કહેલા દેહપ્રદેશોનું ગ્રહણ કરવું. એટલે અર્થ આવો છેઃ—તેના:—વિદ્વાનના ભોગોપકરણાત્મક પ્રાણ દેહપ્રદેશમાંથી ઉત્ક્રમણ કરતા નથી. એ પ્રમાણે પ્રાપ્ત ઉત્ક્રાન્તિનો નિષેધ એ અર્થ વાક્યનો છે એમ સર્વ અનવદ્ય છે. આ સિદ્ધાન્તસૂત્રનો સાર આ પ્રમાણે છેઃ—આ દેહી અપાદાનનો પ્રતિષેધ નથી; પણ દેહ અપાદાનનો પ્રતિષેધ છે; કેમકે આર્તભાગના પ્રશ્ન ને ઉત્તરમાં એક પક્ષમાં સંસારીજ જીવાત્માની અનુત્ક્રાન્તિ છે એમ પરિગ્રહણ કરી 'न तर्ह्ययं मृतः प्राणानामनुत्क्रान्तेः'—ત્યારે એ મુઓ નથી; કેમકે પ્રાણો ઉત્ક્રાન્ત થયા નથી—એમ પોતે આશંકા કરી પ્રાણોના પ્રવિલયની પ્રતિજ્ઞા કરી, તેની સિદ્ધિને અર્થે ઉત્ક્રાન્તિનો અવધિ પૂછે છે, વાયુથી ભરાય છે એમ કહે છે તેથી જેનું ફૂલવું ને વાયુથી ભરાતું થાય છે તે તેનો અવધિ છે એમ કહે છે ને શરીરનું ફૂલવું ને વાયુથી ભરાવું થાય છે, માટે શરીરજ ઉત્ક્રાન્તિનું અપાદાન છે એમ સમઅર્થ છે. પણ અત્ર કોઈ શંકા કરે છે એમ અવિદ્વાન્ સંસારીને થાય, વિદ્વાનને એમાં શું, તેથી કહે છે કે 'તેની સાથે સામાન્ય છે તેથી', પણ तत् સર્વનામથી પ્રધાનતાએ દેહીનો પરામર્શ થાય છે તો દેહની અવગતિ શી રીતે તેને માટે કહે છે કે 'અભેદોપચારથી'—દેહ ને દેહીના અભેદોપચારથી દેહીના પરામર્શ કરનાર સર્વનામથી દેહજ પરામૃષ્ટ થાય છે એમ વ્યાખ્યાન કરવું. ષષ્ઠીપાઠમાં કંઈ ઉપચાર નથી. વળી પ્રાપ્તિપૂર્વક પ્રતિષેધ થાય છે, અપ્રાપ્તનો પ્રતિષેધ બનો નથી. અવિદ્વાનનું દેહથી

ન્તિજ પ્રાપ્ત કરાવે તો એ વ્યપદેશ અસમંજસ-અયુક્તજ થાય. તેટલા માટે અવિદ્વાનને વિષે પ્રાપ્ત થયલી ગતિ ને ઉત્ક્રાન્તિનો વિદ્વાનને વિષે પ્રતિષેધ છે એમજ, વ્યપદેશ સાર્થક થાય માટે, વ્યાખ્યાન કરવું યુક્ત છે. તેમજ જે બ્રહ્મવેત્તા છે, સર્વગત બ્રહ્મ જેનો આત્મા છે, જેના કામ ને કર્મો પ્રક્ષીણ થયાં છે તેને ઉત્ક્રાન્તિ કે ગતિ ઉપપન્ન થતી નથી; કેમકે નિમિત્ત નથી. વળી 'अत्र ब्रह्म समश्नुते' [બૃહ૦ ૪।૪।૭] (અહિં બ્રહ્મ પ્રાપ્ત કરે છે) એવા પ્રકારની શ્રુતિઓ ગતિ ને ઉત્ક્રાન્તિનો અભાવ સૂચવે છે ॥ ૧૩ ॥

स्मर्यते च ॥ १४ ॥

અને સ્મૃતિ પણ છે ॥ ૧૪ ॥

વળી મહાભારતમાં ગતિ ને ઉત્ક્રાન્તિના અભાવની સ્મૃતિ છે—'सर्वभूतात्मभूतस्य सम्यग्भूतानि पश्यतः । देवा अपि मार्गे मुह्यन्त्यपदस्य पदैषिणः ॥' (સર્વ ભૂતોનો જે આત્મરૂપ છે ને ભૂતોનું જેને સમ્યક્ એટલે આત્મભાવે જ્ઞાન છે, તેને પ્રાપ્ય સ્થાન નથી, એવા પ્રાપ્ય પદરહિતનું પદ શોધનારા દેવો પણ માર્ગમાં મોહ પામે છે—માર્ગ જાણતા નથી) એમ. પણ સર્વગત બ્રહ્મ એજ જેનો આત્મા છે એવા બ્રહ્મવેત્તાની ગતિ પણ સ્મૃતિમાં છે—'शुकः किल वैयासकिर्मुमुक्षुरादित्यमण्डलमभिप्रतस्थे पित्रा चानुगम्याहूतो भो इति प्रतिशुश्राय' (કહે છે કે વ્યાસનો પુત્ર, શુક, મોક્ષ મેળવવા ઇચ્છી, આદિત્યમંડળ તરફ ગયો અને તેની પાછળ જઈ પિતાએ તેને બોલાવ્યો ત્યારે 'ઓ' એમ જવાબ દીધો). ના, યોગબળથી સશરીરજ વિશિષ્ટ દેશ પ્રાપ્ત કરી શરીરનો ત્યાગ કરે છે તેનો એ શરીરત્યાગ છે એમ સમ-

---

ઉત્ક્રમણ જોવામાં આવે છે, માટે વિદ્વાનને પણ તેની સાથે સામાન્યથી—વિદ્યાપ્રકરણ એ સામાન્ય છે તેથી—દેહથી ઉત્ક્રમણ પ્રાપ્ત થયે પ્રતિષેધ ઉપપન્ન થાય છે; પણ પ્રાજ્ઞે જીવ અવસ્થિમાંથી ક્વચિત્ પણ ઉત્ક્રમણ જોવામાં આવતું નથી કે તેનો નિષેધ થાય. વળી અદ્વૈતની પરિભાવના કરનાર સમ્યગ્જ્ઞાનથી જેનો નિખિલ પ્રપંચાવભાસ ઘીવાઈ ગયો છે તેને કંઈ ગન્તવ્ય સ્થળ છેજ નહિ તેથીજ ગતિ નથી એમ કહે છે—'તેમજ જે બ્રહ્મવેત્તા છે' ઇત્યાદિ ॥ ૧૩ ॥

'नोत्क्रामन्ति मुनेः प्राणा व्यापी सर्वगतो हि सः । तेन व्याप्तमिदं सर्वं कुत उत्क्रम्य यास्यति ॥' (મુનિના પ્રાણો ઉત્ક્રમણ કરતા નથી; કેમકે તે વ્યાપી, સર્વગત છે; ને વડે એ સર્વ વ્યાપ્ત છે; ક્યાંથી ઉત્ક્રમણ કરી જશે!) એ સ્મૃતિથી પણ બ્રહ્મવેત્તાને ઉત્ક્રાન્તિ કે ગતિ નથી એમ કહે છે—'स्मर्यते च'. 'सर्वभूतात्मभूतस्य'—સમ્યક્-આત્મભાવે ભૂતોને જોનારને અપદથી-પ્રાપ્યપદથી રહિતનું પદ-સ્થાન શોધનારા દેવો પણ માર્ગમાં મોહ પામે છે—માર્ગ જાણતા નથી, તેનો અભાવ છે તેથી એવી સ્મૃતિની યોજના છે. અન્ય સ્મૃતિના વિરોધની શંકા કરે છે—'પણ સર્વગત બ્રહ્મ' ઇત્યાદિ. મુખ્યતાના બળથી એ ગતિ છે એમ શંકાનો પરિહાર કરે છે—'યોગબળથી સશરીરજ' ઇત્યાદિ. પણ ત્યારે 'सर्वात्म-

જવું; કેમકે તે સર્વ પ્રાણીથી દૃશ્ય હતા એવો ઉપન્યાસ છે; કારણ કે શરીરરહિત જનો હોય તેને સર્વ ભૂતો જોવા શક્તિમાન્ નથી. તેમ ત્યાંજ ઉપસંહાર કર્યો છે—'शुकस्तु मारुतात्शीघ्रां गतिं कृत्वाऽन्तरिक्षगः। दर्शयित्वा प्रभावं स्वं सर्वभूतगतोऽभवत्॥' (શુકે તો અન્તરિક્ષમાં જઈ પવનથી વિશેષ ત્વરિત ગતિ કરી, પોતાનો પ્રભાવ દર્શાવી, સર્વ ભૂતોને ગમ્ય થયો). તેટલા માટે પરબ્રહ્મવેત્તાને ગતિ ને ઉત્ક્રાન્તિનો અભાવ છે. ગતિ દર્શાવનાર શ્રુતિના વિષયનું તો આગળ વ્યાખ્યાન કરીશું ॥ ૧૪ ॥

तानि परे तथा ह्याह ॥ १५ ॥

તે—પ્રાણાખ્ય ઇન્દ્રિયો—પર બ્રહ્મમાં (લીન થાય છે); કેમકે શ્રુતિ (એમ) કહે છે ॥ ૧૫ ॥

પરબ્રહ્મવેત્તાની તેથી—પ્રાણશબ્દથી કહેલી ઇન્દ્રિયો ને ભૂતો તે પર આત્માને વિષે પ્રલય પામે છે. શાથી? કારણ કે શ્રુતિ કહે છે કે 'एवमेवास्य परिद्रष्टुरिमाः षोडश कलाः पुरुषायणाः पुरुषं प्राप्यास्तं गच्छन्ति' [પ્રશ્ન૦ ૬।૫] ({ જેમ લોકમાં આ નદીઓ વહેતી, સમુદ્ર, જેની ગતિ છે એવી થઈ, સમુદ્રને પ્રાપ્ત કરી અસ્ત પામે છે—નામરૂપનો તિરસ્કાર પામે છે, તે અસ્ત પામેલીઓનાં નામરૂપ નાશ પામે છે, ને નામરૂપના નાશ પછી પરિશિષ્ટ ઉદકરૂપ વસ્તુ સમુદ્ર એમજ કહેવાય છે } તેમજ સમન્તાત્ સ્વરૂપભૂતના દર્શન કરનાર, જેમ સૂર્ય સ્વાત્મપ્રકાશનો કર્તા છે તેમ, એ પ્રકૃત પુરુષની એ સોળ કળાઓ—પ્રાણ આદિ, પુરુષ જેનું અયન-પ્રાપ્ય સ્થાન છે એવી થાય છે, પુરુષને પ્રાપ્ત કરી-પુરુષાત્મભાવ પામી તેમાંજ અસ્ત પામે છે). પણ 'गताः कलाः पञ्चदश प्रतिष्ठाः' [મુણ્ડ૦ ૩।૨।૭] (મોક્ષકાળે જે પ્રાણાદિ દેહારંભક પંદર કળા છે તે પોતપોતાના કારણમાં જાય છે) એમ વિદ્વાનને વિષે બીજી શ્રુતિ પર આત્માથી અન્યત્ર પણ કળાનો પ્રલય કહે છે. ના.

सायद्यमृतत्वमेति', 'स एवैतान् ब्रह्म गमयति' ઇત્યાદિ શ્રુતિઓની શી ગતિ તેને માટે કહે છે—'ગતિ દર્શાવનાર શ્રુતિના વિષયનું' ઇત્યાદિ ॥ ૧૪ ॥

પૂર્વત્ર ગતિનો નિષેધ કહી વિદ્વાનની કલાઓનો—પ્રાણાદિનો એનેજ વિષે (પરમાત્માને વિષેજ) લય કહ્યો. તેને આધારે તે લય શું તે તે કલાની પ્રકૃતિ પૃથિવી આદિમાં થાય કે પરમાત્મામાં એ વિષે બે શ્રુતિ દેખાય છે તેથી સંશય કરવો. તેમાં સાક્ષાત્ પ્રકૃતિને વિષે વિકારનો લય થાય છે એ ન્યાયથી અનુગૃહીત થયલી 'गताः कलाः' એ શ્રુતિથી પૂર્વપક્ષ પાછળથી કહેવા ધારી પ્રથમ સિદ્ધાન્ત કહે છે—'પરબ્રહ્મવેત્તાની તે' ઇત્યાદિ. જેમ નદીઓ સમુદ્રને પ્રાપ્ત થઈ તેમાં લય પામે છે, એજ પ્રમાણે એ સર્વત્ર બ્રહ્મદ્રષ્ટાની આ પ્રાણ, શ્રદ્ધા આદિ કળાઓ પુરુષમાં કલ્પિત થઈ પુરુષજ જેનું પ્રાપ્ય સ્થાન છે એવી થઈ પુરુષને પ્રાપ્ત કરી તેમાં લય પામે છે એવો અર્થ છે. મન ને પ્રાણને એક કરી પંદર કળા કહી છે. 'प्रतिष्ठाः' એ દ્વિતીયાનું બહુવચન છે.

ન્તિજ પ્રાપ્ત કરાવે તો એ વ્યપદેશ અસમંજસ-અયુક્તજ થાય. તેટલા માટે અવિદ્વાનને વિષે પ્રાપ્ત થયલી ગતિ ને ઉત્ક્રાન્તિનો વિદ્વાનને વિષે પ્રતિષેધ છે એમજ, વ્યપદેશ સાર્થક થાય માટે, વ્યાખ્યાન કરવું યુક્ત છે. તેમજ જે બ્રહ્મવેત્તા છે, સર્વગત બ્રહ્મ જેનો આત્મા છે, જેના કામ ને કર્મો પ્રક્ષીણ થયાં છે તેને ઉત્ક્રાન્તિ કે ગતિ ઉપપન્ન થતી નથી; કેમકે નિમિત્ત નથી. વળી 'अत्र ब्रह्म समश्नुते' [બૃહ૦ ૪।૪।૭] (અહિં બ્રહ્મ પ્રાપ્ત કરે છે) એવા પ્રકારની શ્રુતિઓ ગતિ ને ઉત્ક્રાન્તિનો અભાવ સૂચવે છે ॥ ૧૩ ॥

स्मर्यते च ॥ १४ ॥

અને સ્મૃતિ પણ છે ॥ ૧૪ ॥

વળી મહાભારતમાં ગતિ ને ઉત્ક્રાન્તિના અભાવની સ્મૃતિ છે—'सर्वभूतात्मभूतस्य सम्यग्भूतानि पश्यतः । देवा अपि मार्गे मुह्यन्त्यपदस्य पदैषिणः ॥' (સર્વ ભૂતોનો જે આત્મરૂપ છે ને ભૂતોનું જેને સમ્યક્ એટલે આત્મભાવે જ્ઞાન છે, તેને પ્રાપ્ય સ્થાન નથી, એવા પ્રાપ્ય પદરહિતનું પદ શોધનારા દેવો પણ માર્ગમાં મોહ પામે છે—માર્ગ જાણતા નથી) એમ. પણ સર્વગત બ્રહ્મ એજ જેનો આત્મા છે એવા બ્રહ્મવેત્તાની ગતિ પણ સ્મૃતિમાં છે—'शुकः किल वैयासकिर्मुमुक्षुरादित्यमण्डलमभिप्रतस्थे पित्रा चानुगम्याहूतो भो इति प्रतिशुश्राव' (કહે છે કે વ્યાસનો પુત્ર, શુક, મોક્ષ મેળવવા ઈચ્છી, આદિત્યમંડળ તરફ ગયો અને તેની પાછળ જઈ પિતાએ તેને બોલાવ્યો ત્યારે 'ભો' એમ જવાબ દીધો). ના, યોગબળથી સશરીરજ વિશિષ્ટ દેશ પ્રાપ્ત કરી શરીરનો ત્યાગ કરે છે તેનો એ શરીરત્યાગ છે એમ સમ-

---

ઉત્ક્રમણ જોવામાં આવે છે, માટે વિદ્વાનને પણ તેની સાથે સામાન્યથી—વિદ્યાપ્રકરણુત એ સામાન્ય છે તેથી—દેહથી ઉત્ક્રમણ પ્રાપ્ત થયે પ્રતિષેધ ઉપપન્ન થાય છે; પણ પ્રાજ્ઞોનું જીવ અવધિમાંથી ક્વચિત્ પણ ઉત્ક્રમણ જોવામાં આવતું નથી કે તેનો નિષેધ થાય. વળી અદ્વૈતની પરિભાવના કરનાર સમ્યગ્જ્ઞાનથી જેનો નિખિલ પ્રપંચાવભાસ ધોવાઈ ગયો છે તેને કંઈ ગન્તવ્ય સ્થળ છેજ નહિ તેથીજ ગતિ નથી એમ કહે છે—'તેમજ જે બ્રહ્મવેત્તા છે' ઇત્યાદિ ॥ ૧૩ ॥

'नोत्क्रामन्ति मुनेः प्राणा व्यापी सर्वगतो हि सः । तेन व्याप्तमिदं सर्वं कुत उत्क्रम्य यास्यति ॥' (મુનિના પ્રાણો ઉત્ક્રમણ કરતા નથી; કેમકે તે વ્યાપી, સર્વગત છે; તે વડે એ સર્વ વ્યાપ્ત છે; શાથી ઉત્ક્રમણ કરી જશે?) એ સ્મૃતિથી પણ બ્રહ્મવેત્તાને ઉત્ક્રાન્તિ કે ગતિ નથી એમ કહે છે—'स्मर्यते च'. 'सर्वभूतात्मभूतस्य'—સમ્યક્-આત્મભાવે ભૂતોને જોનારને અપદથી-પ્રાપ્યપદથી રહિતનું પદ-સ્થાન શોધનારા દેવો પણ માર્ગમાં મોહ પામે છે—માર્ગ જાણતા નથી, તેનો અભાવ છે તેથી એવી સ્મૃતિની યોજના છે. અન્ય સ્મૃતિના વિરોધની શંકા કરે છે—'પણ સર્વગત બ્રહ્મ' ઇત્યાદિ. સગુણવિદ્યાના બળથી એ ગતિ છે એમ શંકાનો પરિહાર કરે છે—'યોગબળથી સશરીરજ' ઇત્યાદિ. પણ ત્યારે 'तयोर्ध्व-

જવું; કેમકે તે સર્વ પ્રાણીથી દૃશ્ય હતો એવો ઉપન્યાસ છે; કારણ કે શરીરરહિત જનો હોય તેને સર્વ ભૂતો જોવા શક્તિમાન્ નથી. તેમ ત્યાંજ ઉપસંહાર કર્યો છે—'शुकस्तु मारुताच्छीघ्रां गतिं कृत्वाऽन्तरिक्षगः । दर्शयित्वा प्रभावं स्वं सर्वभूतगतोऽभवत् ॥' (શુકે તો અન્તરિક્ષમાં જઈ પવનથી વિશેષ ત્વરિત ગતિ કરી, પોતાનો પ્રભાવ દર્શાવી, સર્વ ભૂતોને ગમ્ય થયો). તેટલા માટે પરબ્રહ્મવેત્તાને ગતિ ને ઉત્ક્રાન્તિનો અભાવ છે. ગતિ દર્શાવનાર શ્રુતિના વિષયનું તો આગળ વ્યાખ્યાન કરીશું ॥ ૧૪ ॥

तानि परे तथा ह्याह ॥ १५ ॥

તે—પ્રાણાખ્ય ઇન્દ્રિયો—પર બ્રહ્મમાં (લીન થાય છે); કેમકે શ્રુતિ (એમ) કહે છે ॥ ૧૫ ॥

પરબ્રહ્મવેત્તાની તેથી—પ્રાણશબ્દથી કહેલી ઇન્દ્રિયો ને ભૂતો તે પર આત્માને વિષે પ્રલય પામે છે. શાથી? કારણ કે શ્રુતિ કહે છે કે 'एवमेवास्य परिद्रष्टुरिमाः षोडश कलाः पुरुषायणाः पुरुषं प्राप्यास्तं गच्छन्ति' [પ્રશ્ન૦ ૬।૫] ({ જેમ લોકમાં આ નદીઓ વહેતી, સમુદ્ર, જેની ગતિ છે એવી થઈ, સમુદ્રને પ્રાપ્ત કરી અસ્ત પામે છે—નામરૂપનો તિરસ્કાર પામે છે, તે અસ્ત પામેલીઓનાં નામરૂપ નાશ પામે છે, ને નામરૂપના નાશ પછી પરિશિષ્ટ ઉદકરૂપ વસ્તુ સમુદ્ર એમજ કહેવાય છે } તેમજ સમન્તાત્ સ્વરૂપભૂતના દર્શન કરનાર, જેમ સૂર્ય સ્વાત્મપ્રકાશનો કર્તા છે તેમ, એ પ્રકૃત પુરુષની એ સોળ કળાઓ—પ્રાણ આદિ, પુરુષ જેનું અયન-પ્રાપ્ય સ્થાન છે એવી થાય છે, પુરુષને પ્રાપ્ત કરી-પુરુષાત્મભાવ પામી તેમાંજ અસ્ત પામે છે). પણ 'गताः कलाः पञ्चदश प्रतिष्ठाः' [મુણ્ડ૦ ૩।૨।૭] (મોક્ષકાળે જે પ્રાણાદિ દેહારંભક પંદર કળા છે તે પોતપોતાના કારણમાં જાય છે) એમ વિદ્વાનને વિષે બીજી શ્રુતિ પર આત્માથી અન્યત્ર પણ કળાનો પ્રલય કહે છે. ના.

माप्यमृतत्वमेति', 'स एवैतान् ब्रह्म गमयति' ઇત્યાદિ શ્રુતિઓની શી ગતિ તેને માટે કહે છે—'ગતિ દર્શાવનાર શ્રુતિના વિષયનું' ઇત્યાદિ ॥ ૧૪ ॥

પૂર્વત્ર ગતિનો નિષેધ કહી વિદ્વાનની કળાઓનો—પ્રાણાદિનો એનેજ વિષે (પરમાત્માને વિષેજ) લય કહ્યો. તેને આધારે તે લય શું તે તે કળાની પ્રકૃતિ પૃથિવી આદિમાં થાય કે પરમાત્મામાં એ વિષે બે શ્રુતિ દેખાય છે તેથી સંશય કરવો. તેમાં સાક્ષાત્ પ્રકૃતિને વિષે વિકારનો લય થાય છે એ ન્યાયથી અનુગૃહીત થયલી 'गताः कलाः' એ શ્રુતિથી પૂર્વપક્ષ પાછળથી કહેવા ધારી પ્રથમ સિદ્ધાન્ત કહે છે—'પરબ્રહ્મવેત્તાની તે' ઇત્યાદિ. જેમ નદીઓ સમુદ્રને પ્રાપ્ત થઈ તેમાં લય પામે છે, એજ પ્રમાણે એ સર્વત્ર બ્રહ્મદ્રષ્ટાની આ પ્રાણ, શ્રદ્ધા આદિ કળાઓ પુરુષમાં કલ્પિત થઈ પુરુષજ જેયને પ્રાપ્ત કરી તેમાં લય પામે છે એવો અર્થ છે. મન ને પ્રાણને એક કરી પંદર કળા કહી છે. 'प्रतिष्ठाः' એ દ્વિતીયાનું બહુવચન છે.

તે અભ્યાસની અપેક્ષાએ છે, પાણિનિ આદિ કળાઓ પૃથિવી આદિ પોતાની પ્રકૃતિમાં લય પામે છે એમ. બીજી શ્રુતિ તો વિદ્વત્પ્રતિપત્તિની—વિદ્વદ્દૃષ્ટિની અપેક્ષા છે—પરબ્રહ્મવેત્તાનો સંપૂર્ણ કલાસમૂહ બ્રહ્મજ થઈ જાય છે એમ. તેટલા માટે દોષ નથી ॥ ૧૫ ॥

अविभागो वचनात् ॥ १६ ॥

(વિદ્વત્કલાઓનો બ્રહ્મ સાથે અત્યન્ત) અવિભાગજ છે, વચન છે તેથી ॥ ૧૬ ॥

પણ વિદ્વાનોનો તે કલાપ્રલય અભ્યાસીનો છે તેમ સાવશેષ થાય છે કે નિરવશેષ? તેમાં પ્રલયના સામાન્યથી શક્તિનો અવશેષ રહે છે એમ પ્રાપ્ત થયે કહે છે કે અવિભાગજ પ્રાપ્ત થાય છે. શાથી? વચનથી; કેમકે શ્રુતિ કલાપ્રલય કહીને કહે છે—'भिद्येते तासां नामरूपे पुरुष इत्येवं प्रोच्यते स एषोऽकलोऽमृतो भवति' [પ્રશ્નો ૬।૫] (એ કલાઓનાં નામ ને રૂપ નાશ પામે છે, જે તત્ત્વ નષ્ટ થતું નથી તે અનષ્ટ તત્ત્વને બ્રહ્મવેત્તાઓ પુરુષ કહે છે; તે એ કલારહિત, અમૃત છે) એમ. અવિદ્યાથી ઉત્પન્ન થનારી કળાઓ વિદ્યાનિમિત્ત પ્રલયમાં સાવશેષ રહે એ ઉપપન્ન નથી. તેટલા માટે અવિભાગજ છે ॥ ૧૬ ॥

પોતાની પ્રકૃતિઓ, પૃથિવી આદિ એવો અર્થ છે. તત્ત્વજ્ઞાનીની એટલે વિદ્વદ્દૃષ્ટિથી પરમાત્માને વિષે કળાનો લય છે એટલે એ દૃષ્ટિથી પ્રતિભાને વિષે બધાની દૃષ્ટિ અવિરુદ્ધ છે. તેથીજ કળાઓ પોતાની પ્રકૃતિઓમાં—ઉપાદાનોમાં લય પામી તો પ્રકૃતિઓ—ઉપાદાનો સાથે પુરુષમાં લીન થાય છે એવું એ શ્રુતિનું તાત્પર્ય છે ॥ ૧૫ ॥

[illegible] 'પણ વિદ્વાનોનો તે કલાપ્રલય' ઇત્યાદિ. 'સાવશેષ', 'નિરવશેષ'— [illegible] 'ભિદ્યેતે તાસાં નામરૂપે'— [illegible] ॥ ૧૬ ॥

तदोकोग्रज्वलनं तत्प्रकाशितद्वारो विद्यासामर्थ्यात् तच्छेषगत्यनु-
स्मृतियोगाच्च हार्दानुगृहीतः शताधिकया ॥ १७ ॥

તેનો—વાક્ આદિ સમુદાયની વૃત્તિ જેને વિષે લીન થઈ છે એવા ઉત્ક્ર-
મણ કરનાર જીવનો—આધાર જે હૃદય તેનું દ્યોતન થાય છે, તે
દ્યોતનથી (વિદ્વાન્‌ને ને અવિદ્વાન્‌ને) દ્વાર પ્રકાશિત થાય છે;
(તેમાં અવિદ્વાન્ અન્ય સ્થાનોથી નિષ્ક્રમણ કરે છે,
વિદ્વાન્ તો મૂર્ધસ્થાનથીજ) વિદ્યાના સામર્થ્યથી,
ને તે સગુણવિદ્યાની અંગભૂત ગતિ—મૂર્ધન્ય-
નાડીમાર્ગ—તેના સ્મરણનું વિધાન છે
તેથી, હૃદયસ્થ બ્રહ્મથી અનુગૃહીત
થયેલો એકસો ને એકમી નાડીથી
(નિષ્ક્રમણ કરે છે) ॥ ૧૭ ॥

પ્રાસંગિક પર વિદ્યા વિષે વિચાર સમાપ્ત થયો. હવે અપર વિદ્યા વિષે વિ-
ચાર પાછો ચલાવે છે. માર્ગના ઉપક્રમ સુધી વિદ્વાન્ ને અવિદ્વાનની ઉત્ક્રાન્તિ
સમાન છે એમ કહ્યું છે, માર્ગના તે ઉપક્રમને હવે દર્શાવે છે. તેનું—વાક્ આદિ
સમૂહ જેનો ઉપસંહાર પામ્યો છે એવા ઉત્ક્રમણ કરવા ઇચ્છતા વિજ્ઞાનાત્માનું—
ઓક એટલે સ્થાન, હૃદય છે, 'स एतास्तेजोमात्राः समभ्याददानो हृदयमेवान्ववक्रा-
मति' [બૃહ૦ ૪।૪।૧] (તે આત્મા એ તેજના અવયવો—ચક્ષુરાદિ ઇન્દ્રિયોને લેતો-
ઉપસંહાર કરતો હૃદયમાંજ જાય છે) એ શ્રુતિથી. તે હૃદયના અગ્રના પ્રજ્વલન-
પૂર્વક ચક્ષુરાદિ સ્થાન જેનો અવધિ છે તેવી ઉત્ક્રાન્તિ શ્રુતિમાં છે—'तस्य हैतस्य
हृदयस्याग्रं प्रद्योतते तेन प्रद्योतेनैष आत्मा निष्क्रामति चक्षुष्टो वा मूर्ध्नो वान्येभ्यो वा
शरीरदेशेभ्यः' [બૃહ૦ ૪।૪।૨] (તે એ પ્રકૃત હૃદયચ્છિદ્રનું અગ્ર—નાડીમુખ, નિ-
ર્ગમનદ્વાર પ્રકાશે છે, તે આત્મજ્યોતિ પ્રદ્યોત વડે આત્મા નિષ્ક્રમણ કરે છે—કયે
માર્ગે? ચક્ષુથી, મૂર્ધાથી, કે અન્ય શરીરપ્રદેશોથી) એમ. તે ઉત્ક્રાન્તિ શું અ-
નિયમેજ વિદ્વાન્ ને અવિદ્વાનને થાય છે કે વિદ્વાનને કંઈ વિશેષ નિયમ છે એમ

સૂત્ર એટલે ભાષ્યને ઉપક્રમ—નાડીપ્રવેશનિયમ કહેવા માટે સૂત્રભાષ્યની વ્યાખ્યાદ્વારા અ-
વિદ્યાનો વિષય કહે છે—'તેનું—વાક્ આદિ સમૂહ જેનો ઉપસંહાર પામ્યો છે એવા
ઉત્ક્રમણ કરવા ઇચ્છતા વિજ્ઞાનાત્માનું' ઇત્યાદિ. 'स एतास्तेजोमात्राः' 'सः' = મુ-
મૂર્ષુ. 'तेजोमात्राः' = ઇન્દ્રિયો. તે હૃદયનું અગ્ર—નાડીમુખ તેનું જ્વલન એટલે અગ્નિનું
સ્ફુરણ પ્રદ્યોત જાણવું. 'चक्षुष्टो वा' એમ ઉત્ક્રમણનો અનિયમ કહેનારી શ્રુતિ છે તેથી ને
'तयोर्ध्वमायन्' એમ વિશેષ કહેનારી શ્રુતિ છે તેથી સંદેહ થાય છે કે શું ઉપદેશ, અનુષ્ઠા-
નની પેઠે મને તે દ્વારે નિર્ગમન કરે છે કે મૂર્ધન્ય નાડીથીજ. એમાં પૂર્વપક્ષ: સિદ્ધાન્ત

તે વ્યવહારની અપેક્ષાએ છે, પાર્થિવ આદિ કળાઓ પૃથિવી આદિ પોતાની પ્રકૃતિમાં લય પામે છે એમ. બીજી શ્રુતિ તો વિદ્વત્પ્રતિપત્તિની—વિદ્વદ્દૃષ્ટિની અપેક્ષા છે—પરબ્રહ્મવેત્તાનો સંપૂર્ણ કલાસમૂહ બ્રહ્મજ સંપન્ન થાય છે એમ. તેટલા માટે રોગ નથી ॥ ૧૫ ॥

अविभागो वचनात् ॥ १६ ॥

(વિદ્વત્કલાઓનો બ્રહ્મ સાથે અત્યન્ત) અવિભાગજ છે, વચન છે તેથી ॥ ૧૬ ॥

પણ વિદ્વાન્‌નો તે કલાપ્રલય અન્યોનો છે તેમ સાવશેષ થાય છે કે નિરવશેષ! તેમાં પ્રલયના સામાન્યથી શક્તિનો અવશેષ રહે છે એમ પ્રસક્ત થયે કહે છે કે અવિભાગજ પ્રાપ્ત થાય છે. શાથી? વચનથી; કેમકે શ્રુતિ કલાપ્રલય કહીને કહે છે—' भिद्येते तासां नामरूपे पुरुष इत्येवं प्रोच्यते स एषोऽकलोऽमृतो भवति ' [પ્રશ્નો ૬।૫] (એ કલાઓનાં નામ ને રૂપ નાશ પામે છે, જે તત્ત્વ નષ્ટ થતું નથી તે અનષ્ટ તત્ત્વને બ્રહ્મવેત્તાઓ પુરુષ કહે છે; તે એ કલારહિત, અમૃત છે) એમ. અવિદ્યાથી ઉત્પન્ન થયલી કળાઓ વિદ્યાનિમિત્ત પ્રલયમાં સાવશેષ રહે એ ઉપપન્ન નથી. તેટલા માટે અવિભાગજ છે ॥ ૧૬ ॥

પોતાની પ્રકૃતિઓ, પૃથિવી આદિ એવો અર્થ છે. વસ્તુગતિથી એટલે વિદ્વદ્દૃષ્ટિથી પરમાત્મને વિષે કળાનો લય છે તોપણ લોકદૃષ્ટિથી પ્રતિષ્ઠાને વિષે લયની ઉક્તિ અવિરુદ્ધ છે. તેથી જ કળાઓ પોતાની પ્રકૃતિઓમાં—ઉપાદાનોમાં લય પામી તો પ્રકૃતિઓ—ઉપાદાનો સાથે પુરુષમાં લીન થાય છે એવું એ શ્રુતિનું તાત્પર્ય છે ॥ ૧૫ ॥

ઉક્ત લયને આધારે લય બે પ્રકારે દેખાય છે તેથી સંશય કહે છે—' પણ વિદ્વાન્‌નો તે કલાપ્રલય ' ઇત્યાદિ. ' સાવશેષ ', ' નિરવશેષ '—' અવશેષ '=મૂળ કારણમાં શક્તિરૂપે સ્થિતિ; પુનર્જન્મની યોગ્યતા. વિમત કલાલય સાવશેષ છે, કલાલયપણાને લીધે, સુષુપ્તિમાં જેમ—એ પૂર્વપક્ષ છે. વિમત કલાલય નિરવશેષ છે; વિદ્યાકૃત છે તેથી, રજ્જુને વિષે સર્પના સંહારની પેઠે એમ યુક્તિથી તથા શ્રુતિથી સિદ્ધાન્ત કરે છે—' કહે છે કે અવિભાગજ પ્રાપ્ત થાય છે ' ઇત્યાદિ. ' भिद्येते तासां नामरूपे '—નામરૂપ શક્તિરૂપ છે તે પણ નાશ પામે છે. એવો અર્થ છે. પુરુષમાત્રજ અવશિષ્ટ રહે છે, તે વિદ્વાન્ અકલ છે—કલારહિત અને અમૃત છે—મુક્તરૂપે રહે છે એવો અર્થ છે. નિમિત્તનો નાશ થયે નૈમિત્તિકનો અનિવાર્ય નાશ થાય છે. અવિદ્યાનિમિત્ત વિભાગ છે, ને વિદ્યાથી અવિદ્યાનો સમૂળો નાશ થયે, સાવશેષ રહે એ યુક્ત નથી. તોપણ પ્રલયના સામાન્યથી સાવશેષતાની શંકાને [illegible] કરવાને આ સૂત્ર છે ॥ ૧૬ ॥

ગઈ છે, તે વડે ઊંચે જતો અમૃતભાવ પામે છે, સર્વ જુદા જુદા પ્રકારની ગતિવાળી અન્ય નાડીઓ ઉત્ક્રમણને વિષે છે; પણ તે માર્ગે જનાર અમૃતત્વ પામતો નથી) એમ ॥ ૧૭ ॥

रश्म्यनुसारी ॥ १८ ॥

(દિવસે કે રાત્રે મરણ પામેલો) રશ્મિનો અનુસારી થાય છે ॥૧૮॥

' अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म ' [છાન્દો૦ ૮।૧।૧] (હવે આ બ્રહ્મપુરમાં, { રાજાને જેમ અનેક પ્રકૃતિવાળું પુર છે તેમ બ્રહ્મને અનેક ઇન્દ્રિય, મન, બુદ્ધિ આદિથી યુક્ત છે માટે બ્રહ્મપુર કહ્યું છે }) જે એ વક્ષ્યમાણ, અલ્પ, પુણ્ડરીકસદૃશ, વેશ્મના જેવું છે { દ્વારપાલ આદિ છે તેથી } એમ ઉપક્રમ કરી વિધાન કરેલી હાર્દવિદ્યા છે. તેના પ્રકરણમાં ' अथ या एता हृदयस्य नाड्यः ' [છાન્દો૦ ૮।૬।૧] (હવે હૃદયની-પુંડરીકાકાર બ્રહ્મોપાસનસ્થાનની—જે આ વક્ષ્યમાણ નાડીઓ છે) એમ ઉપક્રમ કરી નાડીને રશ્મિનો સંબન્ધ સપ્રપંચ કહીને કહ્યું છે—' अथ यत्रैतदस्माच्छरीरादुत्क्रामत्यथैतैरेव रश्मिभिरूर्ध्वमाक्रमते ' [છાન્દો૦ ૮।૬।૫] (હવે જ્યારે આ શરીરમાંથી એમ ઉત્ક્રમણ કરે છે, ત્યારે એજ યથોક્ત રશ્મિઓથી ઊર્ધ્વ જાય છે) એમ. વળી કહ્યું છે—' तयोर्ध्वमायन्नमृतत्वमेति ' [છાન્દો૦ ૮।૬।૬] ({ હૃદયની એકસો એક નાડી છે, તેમાંની એક મૂર્ધસ્થાનમાંથી જાય છે } તે વડે ઊર્ધ્વ નિષ્ક્રમણ કરતો અમૃતભાવ પામે છે) એમ. તેટલા માટે એકસો ને એકમી નાડીથી નિષ્ક્રમણ કરતો રશ્મિને અનુસારે નિષ્ક્રમણ કરે છે એમ સમજાય છે. તેટલા માટે શું વિશેષ વિનાજ—સમાન રીતે દિવસ કે રાત્રે મરણ પામનાર રશ્મિનો અનુસારી થાય છે કે દિવસે મરણ પામનારજ એમ સંશય થયે અવિશેષ શ્રુતિ છે તેથી અવિશેષેજ રશ્મિનો અનુસારી થાય છે એમ પ્રતિજ્ઞા કરાય છે ॥ ૧૮ ॥

સાથે એક થઈ, આદિત્યમંડળમાં અનુપ્રવેશ કરે છે. તેનું અનુશીલન કરનારનું તેજ મધ્યે અન્તકાળે નિર્ગમન થાય છે ॥ ૧૭ ॥

પ્રકરણવિધાનપૂર્વક ઉપાસક રશ્મિનો અનુસારી છે એ વિષય કહે છે—' अथ यदिदम् ' ઇત્યાદિ. ' अथ यत्रैतदस्मात् '. ' अथ ' = પ્રારબ્ધને અન્તે: પ્રારબ્ધને અન્તે એ ઉત્ક્રમણ જ્યારે થાય ત્યારે એજ નાડીસંબન્ધ રશ્મિઓથી ઉત્ક્રમણ કરે છે એવો અર્થ છે. હવે નાડી ને રશ્મિના સંબંધનો કાલવિશેષ શ્રુતિમાં કહ્યો નથી તેથી ને રાત્રીને વિષે રશ્મિ નથી તેથી સંદેહ કહે છે—' તેટલા માટે શું વિશેષ વિનાજ ' ઇત્યાદિ. પૂર્વોક્ત નાડીઓ સાથે સંબદ્ધ રશ્મિઓ આ અધિકરણમાં ઉપજીવ્ય છે તેથી પૂર્વ અધિકરણ સાથે આ અધિકરણને સંગતિ છે. પૂર્વપક્ષમાં રાત્રીએ મરણ પામેલાને રશ્મિ પ્રાપ્ત કરવા માટે સૂર્યોદયની પ્રતીક્ષા કરવાની છે, સિદ્ધાન્તમાં નથી એમ વિચારી સિદ્ધાન્તની પ્રતિજ્ઞા કરે છે—' અવિશેષ શ્રુતિ છે તેથી ' ઇત્યાદિ ॥ ૧૮ ॥

સંશય થયે શ્રુતિનો વિશેષ નથી તેથી અનિયમ પ્રાપ્ત થયે કહે છે—વિદ્વાન્ ને અવિ-દ્વાનનું હૃદયના નાડીમુખનું પ્રદ્યોતન અને તેથી પ્રકાશિત થયલું દ્વાર સમાન છે તે-પણ વિદ્વાન્ મૂર્ધસ્થાનમાંથીજ નિષ્ક્રમણ કરે છે, અને બીજાઓ અન્ય સ્થાનોમાંથી કરે છે. શાથી? વિદ્યાના સામર્થ્યથી. જો વિદ્વાન્ પણ અન્યની પેઠે ગમે તે દેહ-પ્રદેશથી ઉત્ક્રમણ કરે તો તે ઉત્કૃષ્ટ લોક પ્રાપ્ત કરે નહિ. તેમ થયે વિદ્યા અનર્થક જ થાય. તેની—સગુણવિદ્યાની શેષભૂત જે ગતિ તેના ધ્યાનનું વિધાન છે તેથી. વિ-દ્યાની અંગભૂત મૂર્ધન્યનાડી સાથે જોડાયલી ગતિનું અનુશીલન કરવું એમ વિદ્યા-વિશેષોમાં વિધાન છે, તે ગતિનો અભ્યાસ કરતો તેથીજ પ્રસ્થાન કરે છે એ યુક્ત છે. તેટલા માટે હૃદયમાં જેનું સ્થાન છે એવા, બરાબર ઉપાસિત કરેલા બ્રહ્મ વડે અનુગૃહીત થયલો તદ્ભાવ પામેલો વિદ્વાન્ મૂર્ધસ્થાનમાં રહેલીજ શતથી અધિક, શતથી અતિરિક્ત, એક સો ને એકમી નાડીથી નિર્ગમન કરે છે, અને અન્ય નાડી-ઓથી અન્ય નિર્ગમન કરે છે; કેમકે હાર્દવિદ્યાના પ્રકરણમાં કહે છે—'शतं चैका च हृदयस्य नाड्यतासां मूर्धानमभिनिःसृतैका। तयोर्ध्वमायन्नमृतत्वमेति विष्वङ्ङन्या उत्क्रमणे भवन्ति ॥' [છાન્દો૦ ૮।૬।૬ [(હૃદય જે માંસપિંડભૂત છે તેની એક સો ને એક મુખ્ય નાડીઓ છે, કેમકે દેહની નાડી અનન્ત છે. તેમાંની એક મૂર્ધસ્થાનમાં

કરેલો અતિશય અસિદ્ધ છે, સિદ્ધાન્તમાં સિદ્ધ છે એવો પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનો વિવેક છે. વચનથી અવિભાગની પેઠે અનિયમ છે એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કરે છે—'અનિયમ પ્રાપ્ત થયે કહે છે' ઇત્યાદિ. ગમે તે માર્ગે નિર્ગમન કરનારને બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય તો વિદ્યાના શેષ તરીકે માર્ગનું અનુસ્મરણ વિધાન કર્યું છે તે અદૃષ્ટાર્થ—જેનું પ્રયોજન દેખાતું નથી એવું-થાય; એટલા માટે દરરોજ સ્મૃત માર્ગેજ ગમન યુક્ત છે એવો ભાવ છે. 'હાર્દવિદ્યાના'=બ્રહ્મવિદ્યાના. 'विष्वङ्'=નાના પ્રકારની અન્ય નાડીઓ અન્યને માટે છે એવો અર્થ છે. સુષુમ્ના નામની નાડી હૃદયથી નીકળી, જમણી આંખ, તાળવું ને કંઠની નીચે નાસિકામધ્ય-ભિત્તિદ્વારા બ્રહ્મરન્ધ્રમાં પ્રાપ્ત થઈ સૂર્યકિરણો સાથે એક થઈ ઉપાસકનો બ્રહ્મલોકમાર્ગ થાય છે એમ અવસ્થિત છે. પૂર્વપક્ષ ને સિદ્ધાન્તનું તાત્પર્ય આ પ્રમાણે છે. અપરવિદ્યાના વે-ત્તાને અવિદ્વાન્ની ગતિ કહી, તેમાં વિદ્વાન્ ને અવિદ્વાન્ બંને અવિશેષે—સમાન રીતે મૂર્ધ આદિથી ઉત્ક્રમણ કરે છે કે વિદ્વાન્ મૂર્ધસ્થાનથીજ ને અન્ય અન્ય સ્થાનોથી? આમાં વિદ્યાનું સામર્થ્ય જે જોતો નથી તેનો પૂર્વપક્ષ છે. તેનું એટલે વાક્ આદિ સમૂહ જેનો ઉપસંહાર પામ્યો છે એવા, ઉત્ક્રમણ કરવા ઇચ્છતા વિજ્ઞાનાત્માનું ઓક, આયતન હૃદય છે, તેના અગ્રભાગનું જે જ્વલન તેથી જેનો નિષ્ક્રમણમાર્ગ પ્રકાશિત થયો છે એવો વિદ્વાન્ મૂર્ધસ્થાનથીજ નિષ્ક્રમણ કરે છે, અન્ય, ચક્ષુરાદિ સ્થાનોથી નહિ. શાથી? વિદ્યાના સામર્થ્યથી એટલે હાર્દ-વિદ્યાના સામર્થ્યથી: કારણ કે હાર્દવિદ્યાનો ઉપદેશ ઉત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત કરવા માટે છે; ને મૂર્ધસ્થાનથી નિષ્ક્રમણ ન કરે તો ઉત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત થતું નથી. પણ અન્ય સ્થાનોથી પણ નિ-ષ્ક્રમણ કરે તો ઉત્કૃષ્ટ લોક કેમ પ્રાપ્ત ન કરે તેથી કહે છે કે 'તેની—સગુણવિદ્યાની શેષભૂત' ઇત્યાદિ. હાર્દવિદ્યાની અંગભૂત મૂર્ધન્ય નાડી ગતિને માટે ઉપદિષ્ટ છે. તેના અનુ-શીલનથી, ખરેખર, એ જીવ, હાર્દ-હૃદયસ્થ, સુષ્ઠુ ઉપાસિત બ્રહ્મથી અનુગૃહીત થઈ, તેનું અનુસ્મરણ કરી તે ભાવ પામેલો મૂર્ધન્યજ નાડી જે એક સો ને એકમી છે તેથી નિષ્ક્રમણ કરે છે. હૃદયથી ઉદ્ગત થયલી ભાસ્વર બ્રહ્મનાડી તાલુમૂલને ભેદી મૂર્ધસ્થાનમાં જઈ, રશ્મિઓ

ગઈ છે, તે વડે ઊંચે જતો અમૃતભાવ પામે છે, સર્વ જુદા જુદા પ્રકારની ગતિવાળી અન્ય નાડીઓ ઉત્ક્રમણને વિષે છે; પણ તે માર્ગે જનાર અમૃતત્વ પામતો નથી) એમ ॥ ૧૭ ॥

रश्म्यनुसारी ॥ १८ ॥

(દિવસે કે રાત્રે મરણ પામેલો) રશ્મિનો અનુસારી થાય છે ॥૧૮॥

'अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म' [છાન્દો૦ ૮।૧।૧] (હવે આ બ્રહ્મપુરમાં, { રાજાને જેમ અનેક પ્રકૃતિવાળું પુર છે તેમ બ્રહ્મને અનેક ઇન્દ્રિય, મન, બુદ્ધિ આદિથી યુક્ત છે માટે બ્રહ્મપુર કહ્યું છે }) જે એ વક્ષ્યમાણ, અલ્પ, પુણ્ડરીકસદૃશ, વેશ્મના જેવું છે { દ્વારપાલ આદિ છે તેથી } એમ ઉપક્રમ કરી વિધાન કરેલી હાર્દવિદ્યા છે. તેના પ્રકરણમાં 'अथ या एता हृदयस्य नाड्यः' [છાન્દો૦ ૮।૬।૧] (હવે હૃદયની-પુંડરીકાકાર બ્રહ્મોપાસનસ્થાનની—જે આ વક્ષ્યમાણ નાડીઓ છે) એમ ઉપક્રમ કરી નાડીને રશ્મિનો સંબન્ધ સપ્રપંચ કહીને કહ્યું છે—'अथ यत्रैतदस्माच्छरीरादुत्क्रामत्यथैतैरेव रश्मिभिरूर्ध्वमाक्रमते' [છાન્દો૦ ૮।૬।૫] (હવે જ્યારે આ શરીરમાંથી એમ ઉત્ક્રમણ કરે છે, ત્યારે એજ યથોક્ત રશ્મિઓથી ઊર્ધ્વ જાય છે) એમ. વળી કહ્યું છે—'तयोर्ध्वमायन्नमृतत्वमेति' [છાન્દો૦ ૮।૬।૬] ({ હૃદયની એકસો એક નાડી છે, તેમાંની એક મૂર્ધસ્થાનમાંથી જાય છે } તે વડે ઊર્ધ્વ નિષ્ક્રમણ કરતો અમૃતભાવ પામે છે) એમ. તેટલા માટે એકસો ને એકમી નાડીથી નિષ્ક્રમણ કરતો રશ્મિને અનુસારે નિષ્ક્રમણ કરે છે એમ સમજાય છે. તેટલા માટે શું વિશેષ વિનાજ—સમાન રીતે દિવસ કે રાત્રે મરણ પામનાર રશ્મિનો અનુસારી થાય છે કે દિવસે મરણ પામનારજ એમ સંશય થયે અવિશેષ શ્રુતિ છે તેથી અવિશેષેજ રશ્મિનો અનુસારી થાય છે એમ પ્રતિજ્ઞા કરાય છે ॥ ૧૮ ॥

સાથે એક થઈ, આદિત્યમંડળમાં અનુપ્રવેશ કરે છે. તેનું અનુશીલન કરનારનું તેજ માર્ગે અન્તકાલે નિર્ગમન થાય છે ॥ ૧૭ ॥

પ્રકરણશોધનપૂર્વક ઉપાસક રશ્મિનો અનુસારી છે એ વિષય કહે છે—'अथ यदिदम्' ઇત્યાદિ. 'अथ यत्रैतदस्मात्'. 'अथ'=પ્રારબ્ધને અન્તે; પ્રારબ્ધને અન્તે એ ઉત્ક્રમણ જ્યારે થાય ત્યારે એજ નાડીસંબન્ધ રશ્મિઓથી ઉત્ક્રમણ કરે છે એવો અર્થ છે. હવે નાડી ને રશ્મિના સંબંધનો કાલવિશેષ શ્રુતિમાં કહ્યો નથી તેથી ને રાત્રીને વિષે રશ્મિ નથી તેથી સંશય કહે છે—'તેટલા માટે શું વિશેષ વિનાજ' ઇત્યાદિ. પૂર્વોક્ત નાડીઓ સાથે સંબદ્ધ રશ્મિઓ આ અધિકરણમાં ઉપજીવ્ય છે તેથી પૂર્વ અધિકરણ સાથે આ અધિકરણને સંગતિ છે. પૂર્વપક્ષમાં રાત્રીએ મરણ પામેલાને રશ્મિ પ્રાપ્ત કરવા માટે સૂર્યોદયની પ્રતીક્ષા કરવાની છે, સિદ્ધાન્તમાં નથી એમ વિચારી સિદ્ધાન્તની પ્રતિજ્ઞા કરે છે—'અવિશેષ શ્રુતિ છે તેથી' ઇત્યાદિ ॥ ૧૮ ॥

निशि नेति चेन्न संबन्धस्य यावद्देहभावित्वाद्दर्शयति च ॥ १९ ॥

રાત્રે મરણ પામેલો (રશ્મિનો અનુસારી) થતો નથી એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે સંબન્ધ દેહપર્યન્ત છે, ને શ્રુતિ દર્શાવે પણ છે ॥ ૧૯

દિવસે નાડી ને રશ્મિનો સંબન્ધ છે તેથી દિવસે મરણ પામેલો રશ્મિનો અનુસારી થાય; પણ રાત્રે મરણ પામેલો થાય નહિ, કેમકે નાડી ને રશ્મિનો સંબન્ધ વિચ્છિન્ન થાય છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે નાડી ને રશ્મિનો સંબન્ધ જ્યાંસુધી દેહ છે ત્યાંસુધી છે. ખરેખર, શિરા ને કિરણનો સંપર્ક દેહપર્યન્ત રહે છે; અને એ અર્થ શ્રુતિ દર્શાવે છે—'अमुष्मादादित्यात् प्रतायन्ते ता आसु नाडीषु सृप्ता आभ्यो नाडीभ्यः प्रतायन्ते तेऽमुष्मिन्नादित्ये सृप्ताः' [છાન્દો૦ ૮।૬।૨] (રશ્મિઓ પેલા આદિત્યમંડળમાંથી ફેલાય છે, અને આ નાડીઓમાં પ્રવેશ કરે છે, એ નાડીઓમાંથી ફેલાય છે તે પેલા આદિત્યમંડળમાં પ્રવેશ કરે છે) એમ. ઉનાળાના સમયમાં રાત્રીને વિષે પણ કિરણોની અનુવૃત્તિ ઉપલબ્ધ થાય છે; કેમકે [1]પ્રતાપ આદિ કાર્ય જોવામાં આવે છે. અન્ય ઋતુઓની રાત્રીઓમાં કિરણોની થોડી અનુવૃત્તિ થવાથી તેઓ દુર્લક્ષ્ય છે, જેમ શિશિર ઋતુના [2]દુર્દિનોમાં. 'अहरेवैतद्रात्रौ दधाति' (સવિતા દિવસનેજ રાત્રીને વિષે મૂકે છે) એ પણ એજ દર્શાવે છે. જો રાત્રે મરણ પામેલો રશ્મિના અનુસાર વિનાજ ઊર્ધ્વ આક્રમણ કરે તો રશ્મિનો અનુસાર અનર્થક થાય. આ કંઈ વિશેષે અભિધાન થતું નથી કે જે દિવસે મરણ પામે છે તે રશ્મિને આધારે ઊર્ધ્વ આક્રમણ કરે છે; પણ જે રાત્રીએ મરણ પામે છે તે આધાર વગરજ આક્રમણ કરે છે. વળી વિદ્વાન્ પણ રાત્રીને વિષે થયલા પ્રાયણના અપરાધથીજ ઊર્ધ્વ આક્રમણ ન કરે તો વિદ્યા પાક્ષિક ફળવાળી થાય એટલે તેને વિષે અપ્રવૃત્તિજ થાય; કેમકે મૃત્યુના કાળનો નિયમ નથી. તેમજ જો રાત્રીએ મરણ પામેલો દિવસ થવાની પ્રતીક્ષા કરે તો દિવસનો આગમ થયે પણ કદાચિત્ એનું શરીર રશ્મિઓના સંબન્ધ માટે અયોગ્ય થાય, અગ્નિ

પૂર્વપક્ષના બીજનો ઉપન્યાસ કરી દૂષિત કરે છે—'निशि नेति चेन्न'. 'શિરા'= નાડી. 'अमुष्मादादित्यात् प्रतायन्ते'—'प्रतायन्ते'=વિસ્તૃત થાય છે. 'सृप्ताः'=સંબદ્ધ. શ્રુતિ જે સંબન્ધ રાત્રીને વિષે છે એમ દર્શાવે છે તેને માટે યુક્તિ કહે છે—'ઉનાળાના સમયમાં' ઇત્યાદિ. ત્યારે હેમન્ત આદિ ઋતુની રાત્રીમાં ઉષ્ણતાની ઉપલબ્ધિ થાય તેથી કહે છે—'અન્ય ઋતુઓની' ઇત્યાદિ. સવિતા રાત્રીને વિષે પણ દિવસને ધારણ કરે છે. રાત્રીને વિષે જે તાપ દેખાય છે તે, દિવસનેજ રાત્રીને વિષે સવિતા ધારણ કરે છે તે છે એમ ધારણ કહ્યું છે તે થોડા કિરણની અનુવૃત્તિ દર્શાવવા માટે છે એવો અર્થ છે. 'પાક્ષિક ફળવાળી થાય'—નિત્યવત્ ફળના સંબન્ધથી વિધાન કરેલી વિદ્યા પાક્ષિક ફળવાળી થાય એ યુક્ત નથી. વળી જો રાત્રે મરણ પામેલાની રશ્મિયોગ વિના ઊર્ધ્વગતિ થાય તો રશ્મિશ્રુતિનો

૧ અતિશય ગરમી. ૨ વાદળાંવાળા દહાડામાં.

આદિના સંપર્કને લીધે. 'स यावत्क्षिप्येन्मनस्तावदादित्यं गच्छति' [છાન્દો૦ ૮।૬।૫] (તે જેટલા વખતમાં મનને પ્રેરે છે તેટલાજ વખતમાં આદિત્યને પહોંચે છે) એ શ્રુતિ અપ્રતીક્ષા દર્શાવે છે. તેટલા માટે અવિશેષેજ આ રાત્રી ને દિવસે રશ્મિનો અનુસાર છે ॥ ૧૯ ॥

अतश्चायनेऽपि दक्षिणे ॥ २० ॥

અને એ કારણથી દક્ષિણાયનમાં પણ (મરણ પામેલો વિદ્વાન્ વિદ્યાફળ પ્રાપ્ત કરે છેજ) ॥ ૨૦ ॥

એજ કારણથી, એટલે પ્રતીક્ષા અનુપપન્ન છે તેથી, વિદ્યાનું ફળ અપાક્ષિક છે, તેથી, અને મૃત્યુનો કાળ અનિશ્ચિત છે તેથી દક્ષિણાયનમાં પણ મરણ પામેલો વિદ્વાન્ વિદ્યાનું ફળ પ્રાપ્ત કરે છેજ. ઉત્તરાયણમાં મરણનું પ્રશસ્તપણું પ્રસિદ્ધ છે તેથી, ભીષ્મે પ્રતીક્ષા કરેલી જોવામાં આવે છે તેથી, અને 'आपूर्यमाणपक्षाद्यान्षडुदङ्ङेति मासांस्तान्' [છાન્દો૦ ૫।૧૦।૧] (શુક્લ પક્ષથી જે છ માસ સૂર્ય ઉત્તર દિશામાં જાય છે તે માસને તેઓ પ્રાપ્ત કરે છે) એ શ્રુતિને ઉત્તરાયણની અપેક્ષા છે એ આશંકા આ સૂત્રથી દૂર કરે છે. પ્રશસ્તપણાની પ્રસિદ્ધિ અવિદ્વાનને વિષે છે. ભીષ્મની પ્રતીક્ષા આચારનું પ્રતિપાલન કરવા માટે છે અને પિતાના પ્રસાદથી સ્વચ્છન્દ પ્રમાણે મૃત્યુ હતું તે દર્શાવવા માટે છે. શ્રુતિનો અર્થ તો 'आतिवाहिकास्तल्लिङ्गात्' [બ્રહ્મસૂ૦ ૪।૩।૪] એમાં કહેશે ॥ ૨૦ ॥

દિવસે મરણ પામેલાને લાગુ પડે છે એમ સંકોચ થાય ને ઊર્ધ્વ ગતિને અભાવે વિદ્યાને વિષે અપ્રવૃત્તિ થાય. વળી પ્રતીક્ષા કરીને ઊર્ધ્વ ગતિ થાય એમ પણ કહેવું યોગ્ય નથી; કેમકે રશ્મિના ઉદયની પહેલાં દેહનો દાહ થયે આદિત્યની પ્રતીક્ષા વ્યર્થ થાય અને વળી અપ્રતીક્ષા-શ્રુતિનો વિરોધ થાય. તેટલા માટે ગમે ત્યારે મરણ પામેલાને રશ્મિપ્રાપ્તિથી જલદી બ્રહ્મલોકપ્રાપ્તિ થાય છે એમ સિદ્ધ થયું ॥ ૧૯ ॥

આ પ્રમાણે દક્ષિણાયનમાં મરણ પામેલો વિદ્વાન્ વિદ્યાફળ પ્રાપ્ત કરે છે કે નહિ એને વિષે વિદ્યાનું નિત્યવત્ ફળ શ્રુતિમાં કહ્યું છે તેથી તેમજ ઉત્તરાયણમાં મરણનું પ્રશસ્તપણું બતાવનારું શાસ્ત્ર છે તેથી સંદેહ થયે પૂર્વે કહેલા હેતુઓનો અતિદેશ કરે છે—'अतश्चायनेऽपि दक्षिणे'. પૂર્વપક્ષની આશંકા કરી તેનું નિરસન કરે છે—'ઉત્તરાયણમાં મરણનું પ્રશસ્તપણું પ્રસિદ્ધ છે તેથી' ઇત્યાદિ. અજ્ઞોનું જો દૈવથી ઉત્તરાયણમાં મરણ થાય તો તે પ્રશસ્ત છે એમ વિદ્વદ્જનરૂપ આચાર પાળવા માટે ભીષ્મની પ્રતીક્ષા છે. षण्मासान् એ શ્રુતિ તો ઉત્તરાયણદેવતા માટે છે એ કહેશે. તેટલા માટે દેવતા સદા હોવાથી વિદ્યાથી દક્ષિણાયન કાળમાં પણ તેની પ્રાપ્તિ અવિરુદ્ધ છે એવો ભાવ છે ॥ ૨૦ ॥

પણ ' यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः । प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥ ' [ભગગી૦ ૮।૨૩] (જે કાળે મરણ પામેલા યોગીઓ અનાવૃત્તિ—અપુનર્જન્મ ને આવૃત્તિ-પુનર્જન્મ પામે છે તે કાળ, હે અર્જુન, તને હું કહીશ) એમ કાલને પ્રધાન ગણી ઉપક્રમ કરી દિવસ આદિ કાલવિશેષ પુનર્જન્મને માટે નિશ્ચિત કર્યો છે તો રાત્રીને વિષે કે દક્ષિણાયનમાં મરણ પામેલો અનાવૃત્તિ શી રીતે પામે ? એને વિષે કહે છે—

योगिनः प्रति च स्मर्यते स्मार्ते चैते ॥ २१ ॥

યોગી પ્રતિ (એ દિવસ આદિનો વિનિયોગ) સ્મૃતિમાં છે; ને એ યોગ ને સાંખ્ય સ્મૃતિવચન છે ॥ ૨૧ ॥

યોગી પ્રતિ દિવસ આદિ કાળનો એ વિનિયોગ અનાવૃત્તિ માટે સ્મૃતિમાં કહ્યો છે; ને યોગ ને સાંખ્ય સ્મૃતિવચન છે, શ્રુતિવચન નથી. આ કારણથી વિષયનો ભેદ છે તેથી અને પ્રમાણનો વિશેષ છે તેથી એ સ્મૃતિનો કાલવિનિયોગ શ્રુતિના વિજ્ઞાનોમાં ઊતરતો નથી. પણ ' अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ' ' धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् । ' [ભગ૦ગી૦ ૮।૨૪-૨૫] (અગ્નિ-જ્યોતિ, દિવસ, શુકલપક્ષ, છમાસ-ઉત્તરાયણ; ધૂમ, રાત્રી, કૃષ્ણપક્ષ, છ માસ-દક્ષિણાયન) એમ સ્મૃતિમાં પણ શ્રુતિના દેવયાનની ને પિતૃયાણની પ્રત્યભિજ્ઞા થાય છે. કહીએ છીએ—' तं कालं वक्ष्यामि ' [ભગ૦ગી૦ ૮।૨૩] (તે કાળ કહીશ) એમ સ્મૃતિમાં કાળની પ્રતિજ્ઞા થઈ છે તેથી વિરોધની આશંકા કરી પરિહાર કર્યો છે.

સ્મૃતિના બળથી કાળ પ્રધાન છે એમ શંકા કરે છે—" પણ ' यत्र काले ' " ઇત્યાદિ. શ્રુતિમાં કહેલા દહરાદિના ઉપાસકને કાળની અપેક્ષા નથી એમ કહ્યું છે; સ્મૃતિમાં કહેલા યોગીને તો કાળની અપેક્ષા સ્મૃતિમાં કહી છે એમ અવિરોધ છે એમ કહે છે—' યોગી પ્રતિ ' ઇત્યાદિ. સ્મૃતિમાં કહેલો યોગી એટલે દહરાદિનો ઉપાસકજ કેમ ન થાય એવી કહે છે—' યોગ ને સાંખ્ય સ્મૃતિવચન છે '. ભગવાનને આરાધન કરવાની બુદ્ધિથી કરેલું કર્મ તે યોગ; કેમકે ' अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः । स संन्यासी च योगी च ' (કર્મના ફળ પર આશ્રય રાખ્યા વગર જે કરવાનું કર્મ કરે છે તે સંન્યાસી છે, તે યોગી છે) એવી સ્મૃતિ છે. ધારણાપૂર્વક અકર્તૃત્વનો અનુભવ તે સાંખ્ય; કારણ કે ' इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ' (ઇન્દ્રિયો ઇન્દ્રિયોના અર્થોમાં પ્રવર્તે છે એમ ધારણા કરી) એવી સ્મૃતિ છે. પણ શ્રુતિ ને સ્મૃતિ ભિન્ન અર્થવાળી થાય એ અયુક્ત છે; કેમકે પ્રત્યભિજ્ઞાનો વિરોધ થાય એમ શંકા કરે છે—" પણ ' अग्निर्ज्योतिः ' " ઇત્યાદિ. કાળને ... આશ્રય છે તે પ્રતિ શ્રુતિ ને સ્મૃતિ ભિન્ન અર્થવાળી છે એમ કહ્યું છે. પણ જો શ્રુતિના ... એની પ્રત્યભિજ્ઞાને લીધે કાલશબ્દ સ્મૃતિમાં દેવતાપર લેવાય તો એકાર્થતા છે એમ કહે...

પણ સ્મૃતિમાં પણ અગ્નિ આદિ દેવતાનુંજ વહન કરનાર—દોરનાર તરીકે ગ્રહણ કરાય છે ત્યારે કોઈ પણ વિરોધ નથી એમ ॥ ૨૧ ॥

इति श्रीमच्छंकरभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये गुर्जरगिरा भाष्यानुवादे चतुर्थाध्यायस्य द्वितीयः पादः ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ગુર્જરગિરાએ ભાષ્યાનુવાદમાં ચતુર્થ અધ્યાયનો દ્વિતીય પાદ સમાપ્ત ॥ ૨ ॥

સમાધાન છે. તેટલા માટે વિદ્યાના સામર્થ્યથી ગમે તે સમયે મૃત્યુ પામેલા ઉપાસકને ફળની પ્રાપ્તિ થાય છે એ સિદ્ધ છે, દક્ષિણાયનમાં મરણ પામેલા વિદ્વાનને પણ વિદ્યાનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે એમ ઉપસંહાર કરવા માટે 'એવ' એમ છેવટે કહ્યું છે ॥ ૨૧ ॥

इति श्रीमच्छंकरभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये टीकाग्रन्थानां गुर्जरगिरानुवादे चतुर्थाध्यायस्य द्वितीयः पादः ॥ २ ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ટીકાગ્રન્થોના ગુર્જરગિરામાં અનુવાદમાં ચતુર્થ અધ્યાયનો દ્વિતીય પાદ સમાપ્ત ॥ ૨ ॥



चतुर्थाध्याये तृतीयःपादः ॥

अर्चिरादिना तत्प्रथितेः ॥ १ ॥

(બ્રહ્મલોક પ્રાપ્ત કરવા ઇચ્છનાર સર્વ) અર્ચિરાદિથીજ (જાય છે), તે પ્રસિદ્ધ છે તેથી ॥ ૧ ॥

માર્ગના ઉપક્રમ સુધી ઉત્ક્રાન્તિ સમાન છે એમ કહ્યું છે. પણ માર્ગ તો ભિન્ન ભિન્ન શ્રુતિઓમાં અનેક રીતે કહ્યા છે. નાડી ને રશ્મિના સંબન્ધથી એક કહ્યો છે—'अथैतैरेव रश्मिभिरूर्ध्व आक्रमते' [છાન્દો૦ ૮।૬।૫] (ત્યારે એ રશ્મિઓ થીજ ઊર્ધ્વ આક્રમણ કરે છે) એમ. 'तेऽर्चिषमभिसंभवन्त्यर्चिषोऽहः' [બૃહ૦ ૬।૨।૧૫] ({ જેઓ પંચાગ્નિવિદ્યા જાણે છે અને જેઓ વાનપ્રસ્થ પરિવ્રાજકો શ્રદ્ધા યુક્ત થઈ સત્ય, હિરણ્યગર્ભસ્વરૂપ બ્રહ્મની ઉપાસના કરે છે } તેઓ અર્ચિર્લોક પ્રાપ્ત કરે છે અને અર્ચિથી અહર્દેવતા પ્રાપ્ત કરે છે.) એમ અર્ચિરાદિ દર્શાવનારી બીજી શ્રુતિ છે. 'स एतं देवयानं पन्थानमासाद्याग्निलोकमागच्छति' [કૌશી૦ ૧।૩](તે એ દેવયાન માર્ગ પ્રાપ્ત કરી અગ્નિલોકમાં આવે છે) એમ બીજી શ્રુતિ છે. 'यदा वै पुरुषोऽस्माल्लोकात् प्रैति स वायुमागच्छति' [બૃહ૦ ૫।૧૦।૧] (જ્યારે વિદ્વાન પુરુષ આ લોકમાંથી શરીરનો પરિત્યાગ કરે છે ત્યારે તે વાયુમાં જાય છે) એમ બીજી છે. 'सूर्यद्वारेण ते विरजाः प्रयान्ति' [મુણ્ડ૦ ૧।૨।૧૧] ({ જે જ્ઞાનયુક્ત વાનપ્રસ્થ ને સંન્યાસીઓ તપ-સ્વાશ્રમવિહિત કર્મ ને શ્રદ્ધા—હિરણ્યગર્ભાદિ વિષેની વિદ્યા—એ બેને અરણ્યમાં સેવે છે } તેઓ, જેમનાં પુણ્ય ને પાપ કર્મો ક્ષીણ થયાં છે તેઓ સૂર્યોપલક્ષિત ઉત્તરાયણ માર્ગે પ્રયાણ કરે છે) એમ બીજી છે. તેમાં સંશય થાય છે કે—શું એ માર્ગો પરસ્પર ભિન્ન છે કે એકજ માર્ગ છે ને તે અનેક વિશેષણથી યુક્ત છે, તેમાં એ માર્ગો ભિન્ન છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે તે ભિન્ન પ્રકરણોમાં છે ને ભિન્ન ઉપાસનાનાં અંગ છે. વળી 'अथैतैरेव रश्मिभिः' [છાન્દો૦

આ પ્રમાણે ઉત્ક્રાન્તિનું નિરૂપણ કરીને તેથી સાધ્ય માર્ગ ને ગન્તવ્ય સ્થાનનું નિરૂપણ કરવા માટે આ પાદ આરંભે છે—'अर्चिरादिना तत्प्रथितेः'. સૂત્રના અનુવાદપૂર્વક અધિકરણનો વિષય માર્ગ કહે છે—'માર્ગના ઉપક્રમ સુધી' ઇત્યાદિ. 'सूर्यद्वारेण'—'विरजाः' = રજોરહિત, નિષ્પાપ એવો અર્થ છે. શ્રુતિઓમાં વિપ્રતિપત્તિ જોવામાં આવે છે તેથી સંશય થાય છે. પૂર્વ અધિકરણમાં ગમે ત્યારે મરણ પામેલાને પણ ફળની પ્રાપ્તિ કહી છે, તે પ્રમાણે ગમે તે માર્ગે ગતિ છે એમ પૂર્વપક્ષનું ફળ માર્ગનો વિકલ્પ છે; સિદ્ધાન્તમાં તે માર્ગનું ઐક્ય છે એમ પૂર્વપક્ષ ને સિદ્ધાન્તના ફળનો વિવેક છે. ઉપાસના ભિન્ન હોવાથી તેના અંગભૂત એવા માર્ગો પણ ભિન્ન છે એમ પૂર્વપક્ષી કહે છે. વળી પ્રકારથી—પ્રથનો (નિ-અવધારણનો) પ્રયોગ છે તેથી-પણ એવા માર્ગો ભિન્ન છે. તેમજ ભિન્ન માર્ગ હોય તો

૮।૬।૫] (ત્યારે એ રશ્મિઓથીજ) એ અવધારણને અર્ચિરાદિની અપેક્ષા થયે બાધ આવે: તેમજ 'स यावत् क्षिप्येन्मनस्तावदादित्यं गच्छति' [છાન્દો૦ ૮।૬।૫] (તે જેવું મન પ્રેરે છે કે આદિત્યમાં જાય છે) એ ત્વરાવચનને બાધ આવે. તેટલા માટે એ માર્ગો અન્યોન્યથી ભિન્નજ છે એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—'अर्चिरादिना' એમ. બ્રહ્મ પ્રાપ્ત કરવા ઇચ્છનાર સર્વ અર્ચિરાદિ માર્ગેજ જાય છે એમ પ્રતિજ્ઞા કરીએ છીએ. શાથી? તેની પ્રસિદ્ધિથી; કેમકે એ માર્ગ સર્વ વિદ્વાનોને પ્રસિદ્ધ છે; કારણ કે પંચાગ્નિવિદ્યાપ્રકરણમાં 'ये चामी अरण्ये श्रद्धां सत्यमुपासते' [બૃહ૦ ૬।૨।૧૫] (જેઓ પંચાગ્નિવિદ્યા જાણે છે અને જેઓ વાનપ્રસ્થ પરિવ્રાજકો શ્રદ્ધાયુક્ત થઈ સત્ય, હિરણ્યગર્ભસ્વરૂપ બ્રહ્મની ઉપાસના કરે છે) એમ અન્ય વિદ્યા જેમનું શીલ છે તેમને પણ અર્ચિરાદિ માર્ગ શ્રવણ કરાવે છે. પણ અત્ર શંકા છે કે જે વિદ્યાઓમાં કોઈ ગતિ કહી નથી તે વિદ્યાઓમાં આ અર્ચિરાદિ માર્ગ ઉપસ્થિત થાઓ, પણ જે વિદ્યાઓમાં બીજી ગતિનું શ્રવણ કરાવાય છે તે વિદ્યાઓમાં અર્ચિરાદિનો આશ્રય શા માટે કરવો? એને વિષે કહીએ છીએ—જો એ માર્ગો અત્યન્ત ભિન્નજ હોય તો એમ થાય. પણ એ તો બ્રહ્મલોક પ્રાપ્ત કરાવનારો અનેક વિશેષણવાળો એકજ માર્ગ છે ને તે ક્વચિત્ કોઈક વિશેષણથી ઉપલક્ષિત છે એમ અમે કહીએ છીએ; કારણ કે સર્વત્ર એક દેશનું પ્રત્યભિજ્ઞાન થાય છે તેથી અન્યોન્ય વિશેષણવિશેષ્યભાવ ઉપપન્ન થાય છે. પ્રકરણનો ભેદ હોય તોપણ વિદ્યા એક હોય તો અન્યોન્યના વિશેષણોના ઉપસંહારની પેઠે ગતિનાં વિશેષણોનો પણ ઉપસંહાર થાય છે. વિદ્યા ભિન્ન હોય તોપણ ગતિના એકદેશનું પ્રત્યભિજ્ઞાન થવાથી અને ગન્તવ્યનો ભેદ નથી તેથી ગતિનો અભેદજ છે; કેમકે 'ते तेषु ब्रह्मलोकेषु पराः परावतो वसन्ति' [બૃહ૦ ૬।૨।૧૫] ({ તે માનસ પુરુષથી-બ્રહ્મે મન વડે સરજેલા પુરુષથી—દોરાયલા } તેઓ તે બ્રહ્મલોકોમાં હિરણ્ય-

---

આથી આ માર્ગ ત્વરાથી લઈ જનારો છે—ગન્તવ્ય એક નગર પ્રતિ વાંકા માર્ગ કરતાં સીધો માર્ગ જલદી જવાય એવો છે—એમ યુક્ત થાય, એક માર્ગ હોય તો ન થાય એવો અર્થ છે. આમ પૂર્વપક્ષ થયે તેનું નિરાકરણ કરે છે—ઉપાસનાનો ભેદ છે તોપણ ઉપાસ્ય બ્રહ્મ એક છે તેથી માર્ગની એકતા અવિરુદ્ધ છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. 'तत्प्रथितेः' તેની-માર્ગની પ્રસિદ્ધિથી—માર્ગ પ્રસિદ્ધ છે તેથી એવો હેતુનો અર્થ છે. પણ 'ये चामी अरण्ये' ઇત્યાદિ અવિશેષ શ્રુતિ જે વિદ્યાઓની શ્રુતિમાં ગતિ કહી નથી તેનેજ લાગુ પડે છે, સર્વને નહિ એમ માર્ગ ભિન્ન છે એવી શંકા કરે છે—'પણ અત્ર શંકા છે કે જે વિદ્યાઓમાં' ઇત્યાદિ. એક માર્ગ હોય તોપણ તે અનેક પર્વથી યુક્ત હોય, માટે ભિન્ન માર્ગો નથી; કેમકે ભિન્ન માર્ગો લેવાથી ગૌરવ થાય. એકજ માર્ગના અગ્નિ આદિ અનેક વિશેષણો છે એમ કહેવાથી લાઘવ થાય, એમ માર્ગનો ભેદ નથી; વળી એકજ માર્ગનું પ્રત્યભિજ્ઞાન થાય છે તેથી પણ માર્ગ ભિન્ન નથી. એવો પૂર્વપક્ષકારની શંકાની સમાધિનો અર્થ છે. એકજ ગન્તવ્ય છે એમ વિવરણ કરે છે—"કેમકે 'ते तेषु ब्रह्मलोकेषु'" ઇત્યાદિ. 'परावतः'=દીર્ઘ આયુષ્યવાળા હિરણ્યગર્ભના, પ્રશંસાના અર્થમાં मतुप् થયો છે; પ્રશસ્તસંવત્સરશાલી દીર્ઘજીવી એવો અર્થ છે. 'पराः'=દીર્ઘ. 'समाः'=સંવત્સરો. હિરણ્યગર્ભના દીર્ઘ સંવત્સરો

चतुर्थाध्याये तृतीयःपादः ॥

अर्चिरादिना तत्प्रथितेः ॥ १ ॥

(બ્રહ્મલોક પ્રાપ્ત કરવા ઇચ્છનાર સર્વે) અર્ચિરાદિથીજ (જાય છે), તે પ્રસિદ્ધ છે તેથી ॥ ૧ ॥

માર્ગના ઉપક્રમ સુધી ઉત્ક્રાન્તિ સમાન છે એમ કહ્યું છે. પણ માર્ગ તો ભિન્ન ભિન્ન શ્રુતિઓમાં અનેક રીતે કહ્યા છે. નાડી ને રશ્મિના સંબન્ધથી એક કહ્યો છે—'अथैतैरेव रश्मिभिरूर्ध्व आक्रमते' [છાન્દો૦ ૮।૬।૫] (ત્યારે એ રશ્મિઓથીજ ઊર્ધ્વ આક્રમણ કરે છે) એમ. 'तेऽर्चिषमभिसंभवन्त्यर्चिषोऽहः' [બૃહ૦ ૬।૨।૧૫] ({ જેઓ પંચાગ્નિવિદ્યા જાણે છે અને જેઓ વાનપ્રસ્થ પરિવ્રાજકો શ્રદ્ધાયુક્ત થઈ સત્ય, હિરણ્યગર્ભસ્વરૂપ બ્રહ્મની ઉપાસના કરે છે } તેઓ અર્ચિર્લોક પ્રાપ્ત કરે છે અને અર્ચિથી અહર્દૈવતા પ્રાપ્ત કરે છે.) એમ અર્ચિરાદિ દર્શાવનારી બીજી શ્રુતિ છે. 'स एतं देवयानं पन्थानमासाद्याग्निलोकमागच्छति' [કૌશી૦ ૧।૩] (તે એ દેવયાન માર્ગ પ્રાપ્ત કરી અગ્નિલોકમાં આવે છે) એમ બીજી શ્રુતિ છે. 'यदा वै पुरुषोऽस्माल्लोकात् प्रैति स वायुमागच्छति' [બૃહ૦ ૫।૧૦।૧] (જ્યારે વિદ્વાન પુરુષ આ લોકમાંથી શરીરનો પરિત્યાગ કરે છે ત્યારે તે વાયુમાં જાય છે) એમ બીજી છે. 'सूर्यद्वारेण ते विरजाः प्रयान्ति' [મુણ્ડ૦ ૧।૨।૧૧] ({ જે જ્ઞાનયુક્ત વાનપ્રસ્થ ને સંન્યાસીઓ તપ—સ્વાશ્રમવિહિત કર્મ ને શ્રદ્ધા—હિરણ્યગર્ભાદિ વિષેની વિદ્યા—એ બેને અરણ્યમાં સેવે છે } તેઓ, જેમનાં પુણ્ય ને પાપ કર્મો ક્ષીણ થયાં છે તેઓ સૂર્યોપલક્ષિત ઉત્તરાયણ માર્ગે પ્રયાણ કરે છે) એમ બીજી છે. તેમાં સંશય થાય છે કે—શું એ માર્ગો પરસ્પર ભિન્ન છે કે એકજ માર્ગ છે ને તે અનેક વિશેષણોથી યુક્ત છે, તેમાં એ માર્ગો ભિન્ન છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે તે ભિન્ન પ્રકરણોમાં છે ને ભિન્ન ઉપાસનાનાં અંગ છે. વળી 'अथैतैरेव रश्मिभिः' [છાન્દો૦

આ પ્રમાણે ઉત્ક્રાન્તિનું નિરૂપણ કરીને તેથી સાધ્ય માર્ગ ને ગન્તવ્ય સ્થળનું નિરૂપણ કરવા માટે આ પાદ આરંભે છે—'अर्चिरादिना तत्प्रथितेः'. સૂત્રના અનુવાદપૂર્વક અધિકરણનો વિષય માર્ગ કહે છે—'માર્ગના ઉપક્રમ સુધી' ઇત્યાદિ. 'सूर्यद्वारेण'—'विरजाः' = રજોરહિત, નિષ્પાપ એવો અર્થ છે. શ્રુતિઓમાં વિપ્રતિપત્તિ જોવામાં આવે છે તેથી સંશય થાય છે. પૂર્વ અધિકરણમાં ગમે ત્યારે મરણ પામેલાને પણ ફળની પ્રાપ્તિ કહી છે, તે પ્રમાણે ગમે તે માર્ગે ગતિ છે એમ પૂર્વપક્ષનું ફળ માર્ગનો વિકલ્પ છે; સિદ્ધાન્તમાં તે માર્ગનું ઐક્ય છે એમ પૂર્વપક્ષ ને સિદ્ધાન્તના ફળનો વિવેક છે. ઉપાસના ભિન્ન હોવાથી તેના અંગભૂત એવા માર્ગો પણ ભિન્ન છે એમ પૂર્વપક્ષી કહે છે. વળી પ્રકરણથી—પ્રકરણનો (કિં [illegible]) પ્રયોગ છે તેથી-પણ એવા માર્ગો ભિન્ન છે. તેમજ ભિન્ન માર્ગ હોય તો

ગર્ભના પ્રકૃષ્ટ સંવત્સરો વસે છે—બ્રહ્મના અનેક કલ્પો વસે છે—આ સંસારમાં પુનરાગમન નથી), 'तस्मिन् वसन्ति शाश्वतीः समाः' [બૃહ૦ ૫।૧૦।૧] (તે પ્રજાપતિ લોકને વિષે નિત્ય સંવત્સરો—બ્રહ્મના બહુ કલ્પો વસે છે), 'सा या ब्रह्मणो जितिर्या व्युष्टिस्तां जितिं जयति तां व्युष્टिं व्यश्नुते' [કૌષી૦ ૧।૪] (તે જે બ્રહ્મનો હિરણ્યગર્ભનો સર્વત્ર જય છે ને જે વ્યાપ્તિ છે તે જયને ને તે વ્યાપ્તિને પ્રાપ્ત કરે છે), 'तद्य एवैतं ब्रह्मलोकं ब्रह्मचर्येणानुविन्दति' [છાન્દો૦ ૮।૪।૩] (તેમાં જેઓ બ્રહ્મચર્યથી એ બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે) એમ ત્યાં ત્યાં તેજ બ્રહ્મલોકપ્રાપ્તિરૂપ એ ફળ પ્રદર્શાવાય છે. અર્ચિરાદિનો આશ્રય હોય તો 'एतैरेव' (એજ રશ્મિઓ વડે) એમ અવધારણ ન થાય એમ જે કહ્યું છે (તેને વિષે કહીએ છીએ કે) તે દોષ નથી; કેમકે એ શબ્દ રશ્મિની પ્રાપ્તિ બતાવે છે; કારણ કે એક एवशब्द રશ્મિની પ્રાપ્તિ કરાવે ને અર્ચિરાદિની વ્યાવૃત્તિ કરાવે એ યોગ્ય નથી. તેટલા માટે એ રશ્મિસંબન્ધજ અવધારિત થાય છે એમ સમજવું. ત્વરાના વચનનો તો અર્ચિરાદિની અપેક્ષામાં પણ અન્ય ગન્તવ્ય કરતાં ક્ષિપ્રતા બતાવવાનો અર્થ છે તેથી તેને બાધ આવતો નથી જેમ 'નિમિષમાત્રમાં અહિં આવે છે' એમ. તેમજ 'अथैतयोः पथोर्न कतरेणचन' [છાન્દો૦ ૫।૧૦।૮] ([જ્યારે વિદ્યા કે ઇષ્ટાદિ કર્મ] બેમાંથી એકે

વસે છે; જ્યાંસુધી બ્રહ્મનું આયુષ્ય છે ત્યાંસુધી ત્યાં વસે છે, 'तस्मिन्'=બ્રહ્મલોકમાં. 'सा या ब्रह्मणो जितिः'—કાર્યબ્રહ્મનો—હિરણ્યગર્ભનો જે સર્વલોકજય છે ને વ્યાપ્તિ છે તે પ્રાપ્ત કરે છે, સમાન દેહ પ્રાપ્ત કરીને એવો અર્થ છે. કોનું એ ફળ છે તે કહે છે—'तद्य एवैतं' ઇ. તેમાં અધિકાર પામેલાઓમાં જે કેટલાક બ્રહ્મચર્ય આદિ સાધનથી બ્રહ્મનું ઉપાસન કરે છે તે એ બ્રહ્મલોક—બ્રહ્મથી અધિષ્ઠિત લોક પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. એ પ્રમાણે ગન્તવ્ય એક છે એવા પ્રત્યભિજ્ઞાનથી માર્ગ એક છે એમ નિશ્ચય થાય છે તેથી પ્રકરણભેદ અપ્રયોજક છે એમ કહ્યું. હવે एवकारના વચનની ને ત્વરાવચનની ગતિ કહે છે—'અર્ચિરાદિનો આશ્રય હોય તો' ઇત્યાદિ. રાત્રીને વિષે સ્પષ્ટ રશ્મિ નથી તેથી વિદ્વાનને રશ્મિનો અયોગ પ્રાપ્ત થાય તેનો નિરાસ કરવા માટે एवकार છે, અન્યની વ્યાવૃત્તિ માટે નથી. અર્થ એવો છે કે રાત્રે સ્પષ્ટ રશ્મિ જોવામાં આવતાં નથી તેથી વિદ્વાન્ મરણ પામેલાને રશ્મિના અનુસારનો અભાવ પ્રાપ્ત થયે, તે વિદ્વાન્ રાત્રે મરણ પામેલો પણ એજ રશ્મિથી જાય છે એમ તેના અયોગવ્યવચ્છેદરૂપ અવધારણને માટે एवकार છે, અન્ય યોગના વ્યવચ્છેદને માટે નથી. એને વિષે—રશ્મિને વિષે અન્યની અપેક્ષા નથી એમ एवकार અવધારણ કરે છે. અન્ય યોગનો વ્યવચ્છેદ પણ કેમ ન કરે એમ આશંકા કરી કહે છે—'કારણ કે એક एवशब्द' ઇત્યાદિ. એકજ વાક્ય અપ્રાપ્ત માર્ગનું પ્રાપક થાય ને તે રશ્મિ નિરપેક્ષ છે એમ પ્રતિપાદન કરે એ અયુક્ત છે, વાક્યભેદનો પ્રસંગ આવે તેથી. વિધિના સામર્થ્યથી પ્રાપ્ત થયેલા અયોગવ્યવચ્છેદનો एवकार અનુવાદ કરે છે એવો અર્થ છે. ત્વરાવચનને પીડા થાય એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'ત્વરાના વચનનો તો' ઇત્યાદિ. અર્ચિરાદિ માર્ગ એક છે તોપણ કોઈ પણ બીજા ગન્તવ્ય-જવાના સ્થાન કરતાં બ્રહ્મલોકમાં આ અર્ચિરાદિ માર્ગે જલદી જવાય છે, એમ [illegible] ગન્તવ્યની અપેક્ષાએ એ વચન યુક્ત છે. લૌકિક માર્ગમાં વિલંબ થાય છે તેમ અર્ચિરાદિને વિષે નથી એમ ત્વરાવચન ઉપપન્ન થાય છે એવો અર્થ છે. એકજ ગન્તવ્ય હોય તોજ એક માર્ગ હોય તોજ [illegible] માર્ગની અપેક્ષાએ ત્વરા સંભવે છે—એકજ ગન્તવ્ય હોય તોજ એક માર્ગ

સેવતા નથી, ત્યારે અર્ચિર્માર્ગ ને ધૂમમાર્ગ બેમાંથી કોઈ પણ માર્ગે જતા નથી) એમ બે માર્ગમાંથી ભ્રષ્ટ થયલાને કહ્યું. તૃતીય સ્થાન કહેતી શ્રુતિ પિતૃયાણથી અન્ય એકજ દેવયાન માર્ગ જેમાં અર્ચિરાદિ પર્વ છે એવાને પ્રસિદ્ધ કરે છે. અર્ચિરાદિ શ્રુતિને વિષે ઘણા માર્ગપર્વો છે, અને અન્યત્ર થોડા છે અને ઘણાને અનુગુણ થાય એવી રીતે થોડાનો અર્થ લઈ જવો એ ન્યાય્ય છે એથી પણ અર્ચિરાદિથી, તે પ્રસિદ્ધ છે તેથી એમ કહ્યું છે ॥ ૧ ॥

वायुमब्दादविशेषविशेषाभ्याम् ॥ २ ॥

સંવત્સરની પછી ને આદિત્યની પહેલાં વાયુને પ્રાપ્ત કરે છે, અવિશેષથી ને વિશેષથી ॥ ૨ ॥

પણ કયા વિશિષ્ટ સંનિવેશ પ્રમાણે ગતિવિશેષણોનો અન્યોન્ય વિશેષણવિશેષ્યભાવ છે એમ આચાર્ય ભિન્ન થઈ પ્રસિદ્ધ કરે છે. 'स एतं देवयानं पन्थानमापद्याग्निलोकमागच्छति स वायुलोकं स वरुणलोकं स इन्द्रलोकं स प्रजापतिलोकं स ब्रह्मलोकम्' [કૌષી૦ ૧।૩] (આ દેવયાન માર્ગ પ્રાપ્ત કરીને, તે અગ્નિલોકમાં જાય છે, તે વાયુલોકમાં જાય છે, તે વરુણલોકમાં જાય છે, તે ઇન્દ્રલોકમાં જાય છે, તે પ્રજાપતિલોકમાં જાય છે, તે બ્રહ્મલોકમાં જાય છે) એમ કૌષીતકીઓ દેવયાન માર્ગ પડે છે. તેમાં अर्चि ને अग्निलोक એ બે શબ્દ એકજ અર્થના છે; કેમકે તેઓ જ્વલનવાચક છે, તેટલા માટે એમાં સંનિવેશનો કોઈ પણ ક્રમ શોધવાનો નથી. પણ અર્ચિરાદિ માર્ગમાં વાયુની શ્રુતિ નથી તેનો કયા સ્થાનમાં નિવેશ કરવો યુક્ત છે? કહીએ છીએ—'तेऽर्चिषमेवाभिसंभवन्त्यर्चिषोऽहरह्न आपूर्यमाणपक्षमापूर्यमाणपक्षाद्यान् षडुदङ्ङेति मासांस्तान् । मासेभ्यः संवत्सरं संवत्सरादादित्यम्' [છાન્દો૦

કરનાં ધ્યાયમે ત્વરાથી જવાય છે એમ ત્વરા સંભવે છે—એમ નથી; પણ મન્તવ્ય નિયમ હોય, તેપણ ત્વરા ઉપપન્ન થાય છે; જેમ 'कश्मीरेभ्यो मथुरां क्षिप्रं याति चैत्रः'—કશ્મીરેથી કરતાં મથુરાના ચૈત્ર વહેલો પહોંચે છે તેમ અહિં પણ અન્ય મન્તવ્ય કરતાં આ ઉપાયે બ્રહ્મલોકમાં જલદી જાય છે એવો અર્થ છે. દેવયાન માર્ગ એકજ છે એને વિષે અન્ય હેતુ કહે છે—"તેમજ 'अथैतयोः पथोर्न कतरेणचन'" ઇત્યાદિ. શુભ માર્ગ બહુ હોય તો 'તૃતીયસ્થાન' એમ ઉક્તિ થાય નહિ એવો અર્થ છે. પિતૃયાણથી ભિન્ન એકજ માર્ગ છે તો 'सार्चिरादिना'—'અર્ચિરાદિથી' એમ વિશેષણ શા માટે છે એવી આશંકા કરી કહે છે—'અર્ચિરાદિ શ્રુતિને વિષે' ઇત્યાદિ ॥ ૧ ॥

માર્ગ એકજ છે એમ કહ્યું તેને આધારે પર્વનો ક્રમ કહે છે—'वायुमब्दात्'. અર્ચિરાદિને વિષે આની આ પછી છે એમ ક્રમે વિશેષણવિશેષ્યભાવ કહે છે એમ અધિકરણનું તાત્પર્ય કહી વિવરણ કહે છે—'स एतं देवयानं'. અહિં અગ્નિની પછી પહેલો વાયુ વિવક્ષિત છે. તે શું અર્ચિસ્વરૂપ અગ્નિની પછી છે કે સંવત્સરની પછી છે એમ પાઠથી ને વક્ષ્યમાણ વિશેષ શ્રુતિથી સંશય થયે સિદ્ધાન્તનેજ ઉપક્રમ કરે છે—'કહીએ છીએ' ઇત્યાદિ. 'यदा

૫।૧૦।૧-૨] (તેઓ અર્ચિ—અર્ચિરભિમાનિની દેવતા પ્રાપ્ત કરે છે. અર્ચિથી દિવસ, દિવસથી શુક્લ પક્ષ, શુક્લ પક્ષથી જે ૭ માસ સૂર્ય ઉત્તરમાં જાય છે તે ૭ માસ, માસથી સંવત્સર, સંવત્સરથી આદિત્ય) એમાં સંવત્સરની પછી ને આદિત્યની પહેલાં વાયુને પ્રાપ્ત કરે છે. શાથી? અવિશેષથી ને વિશેષથી; કેમકે 'स वायुलोकम्' [કૌષી૦ ૧।૩] (તે વાયુલોકમાં જાય છે) એમાં અવિશેષે ઉપદેશ કરેલા વાયુનો અન્ય શ્રુતિમાં વિશેષ ઉપદેશ દેખાય છે—'यदा वै पुरुषोऽस्माल्लोकात्प्रैति स वायुमागच्छति तस्मै स तत्र विजिहीते यथा रथचक्रस्य खं तेन स ऊर्ध्व आक्रमते स आदित्यमागच्छति' [બૃહ૦ ૫।૧૦।૧] (જ્યારે વિદ્વાન્ આ લોકમાંથી જાય છે–શરીરનો પરિત્યાગ કરે છે ત્યારે તે વાયુમાં જાય છે, તે વાયુ તેમાં-સ્વાત્મામાં તેને માટે–તે પ્રાપ્ત થયેલા વિદ્વાનને માટે છિદ્ર કરે છે, જેમ રથચક્રનું છિદ્ર છે તેવું તે છિદ્રથી તે વિદ્વાન્ ઊર્ધ્વ જાય છે, તે આદિત્યમાં જાય છે) એમ. આમાં આદિત્યથી વાયુ પહેલાં દેખાય છે એ વિશેષથી સંવત્સર ને આદિત્યની વચમાં વાયુનો નિવેશ કરવો યુક્ત છે. પણ અગ્નિથી વાયુ પર-પછી દેખાય છે એ વિશેષથી અર્ચિની પછી વાયુનો નિવેશ કેમ કરતા નથી? એ વિશેષ નથી એમ અમે કહીએ છીએ. પણ 'स एतं देवयानं पन्थानमापद्याग्निलोकमागच्छति स वायुलोकं स वरुणलोकम्' [કૌષી૦ ૧।૩] (આ દેવયાન માર્ગ પ્રાપ્ત કરીને તે અગ્નિલોકમાં જાય છે, તે વાયુલોકમાં જાય છે; તે વરુણલોકમાં જાય છે) એ શ્રુતિનું ઉદાહરણ કર્યું છે. કહીએ છીએ—એમાં [1]પૌર્વાપર્યથી અવસ્થિત પાઠજ કેવલ છે, ક્રમવાચક કોઈ શબ્દ નથી. અહિં પદાર્થનું ઉપદર્શનમાત્ર કરાય છે, એમાં જાય છે, એમાં જાય છે એમ. અન્ય શ્રુતિમાં તો વાયુએ આપેલા રથચક્ર જેવડા છિદ્ર વડે ઊર્ધ્વ આક્રમણ કરી આદિત્યમાં જાય છે એમ ક્રમ સમજાય છે. તેટલા માટે અવિશેષથી ને વિશેષથી એ બરાબર કહ્યું છે. વાજસનેયીઓ તો 'मासेभ्यो देवलोकं देवलोकादादित्यम्' [બૃહ૦ ૬।૨।૧૫] (માસોથી દેવલોકમાં ને દેવલોકથી આદિત્યમાં) એમ કહે છે. તેમાં આદિત્યના આનન્તર્યને માટે દેવલોકથી વાયુમાં પ્રાપ્ત થાય એ યુક્ત

वै पुरुषो'—પુરુષ-ઉપાસક આ લોકથી-દેહથી નિર્ગમન કરે છે; તે પ્રાપ્ત થયેલા પુરુષને માટે તે વાયુ છિદ્ર કરે છે, વાયુએ આપેલા, રથચક્રના છિદ્રતુલ્ય તે દ્વારથી તે ઊર્ધ્વ-આદિત્યમાં જાય છે એવો શ્રુતિનો અર્થ છે હવે પૂર્વપક્ષ કહે છે—'પણ અગ્નિથી વાયુ પર-પછી દેખાય છે' ઇત્યાદિ. પાઠના બળથી અર્ચિની પછી વાયુ છે એવો અર્થ છે. પાઠક્રમથી અર્ચિની પછી વાયુનું નિવેશન કરવું યુક્ત છે એવો અર્થ છે. કૌષીતકીઓનો પાઠમાત્ર છે; ક્રમવિશેષવાચક કોઈ પણ શબ્દ નથી. કાણ્વોનો તો तेन ને ऊर्ध्वम् એ બે શબ્દોથી ક્રમનો નિશ્ચય થાય છે તેથી પાઠનો બાધ છે એવો સિદ્ધાન્તનો અર્થ છે. છાન્દોગ્યમાં આપેલા અર્ચિરાદિ માર્ગમાં સંવત્સરનો પાઠ છે તેથી વાયુ અબ્દથી પર થાઓ, વાજીઓની શ્રુતિમાંના અર્ચિરાદિ માર્ગમાં તો સંવત્સરનું શ્રવણ નથી તો અબ્દથી પર વાયુ શી રીતે તેથી કહે છે—'વાજસનેયીઓ તો' ઇત્યાદિ. ત્યારે તો 'देवलोकाद्वायुम्' (દેવલોકથી વાયુમાં) એમ

---

[1] એક પહેલું ને બીજું પછી પડેલું છે એવો માત્ર પાઠ છે, પણ કયું પહેલું ને કયું પછી એ ક્રમ બતાવનાર શબ્દ નથી.

छे. 'वायुमब्दात्' (संवत्सरथी वायुमां) एम सूत्रमां [illegible] [illegible]

[illegible] ॥ २ ॥

तडितोऽधि वरुणः संबन्धात् ॥ ३ ॥

विद्युल्लोकथी उपर वरुण (संबद्ध थाय छे) (वरुणनो त्याग विद्युत साथे) संबन्ध छे तेथी ॥ ३ ॥

'[illegible] विद्युतः' [illegible] (…) [illegible] 'विद्योतते स्तनयति वर्षिष्यति वा' [छान्दोग्य ७।११।१] [illegible] ॥ ३ ॥

[illegible] 'वायुमब्दात्' (संवत्सरथी वायुमां) [illegible] ॥ २ ॥

[illegible] 'तडितोऽधि वरुणः संबन्धात्' [illegible] ॥ ३ ॥

आतिवाहिकास्तल्लिङ्गात् ॥ ४ ॥

(તે અર્ચિરાદિ) ગન્તવ્ય સ્થાને પહોંચાડનારા છે, તેનું લિંગ છે તેથી ॥ ૪ ॥

તે અર્ચિરાદિને વિષે સંશય થાય છે—કે શું એ માર્ગચિહ્ન છે, કે ભોગભૂમિ છે, કે જનારાઓના નેતા છે. તેમાં અર્ચિરાદિ માર્ગના ચિહ્નરૂપ છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે ઉપદેશ તે સ્વરૂપનો છે. જેમ લોકમાં ગામ કે નગરમાં પ્રસ્થાન કરવા જતા કોઈકને એવો ઉપદેશ કરાય છે કે તું અહિંથી પેલા પર્વત તરફ જા, ત્યાંથી ન્યગ્રોધ વૃક્ષ તરફ, ત્યાંથી નદી તરફ, ત્યાંથી ગામ કે નગર જઈશ એમ અહિં પણ અર્ચિથી દિવસ ને દિવસથી શુક્લ પક્ષ ઇત્યાદિ કહે છે. અથવા એ ભોગભૂમિ છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે 'લોક' શબ્દ અગ્નિ આદિ સાથે જોડે છે—'अग्निलोकमागच्छति' [કૌષી૦ ૧।૩] (અગ્નિલોકમાં આવે છે) ઇત્યાદિ. વળી લોકશબ્દ પ્રાણીઓનાં ભોગસ્થળને વિષે કહેવાય છે—'मनुष्यलोकः पितृलोको देवलोकः' [બૃહ૦ ૧।૫।૧૬] (મનુષ્યલોક, પિતૃલોક, દેવલોક) એમ. તેમજ બ્રાહ્મણ પણ છે—'अहोरात्रेषु ते लोकेषु सज्जन्ते' [શત૦ બ્રા૦ ૧૦।૨।૬।૮] (દિવસ ને રાત્રી આદિ, લોકશબ્દ જે ઉક્ત છે એવાં ભોગસ્થળોમાં તે કર્મી ને જ્ઞાનીઓ ભોગ અનુભવે છે) એમ. તેટલા માટે અર્ચિરાદિ [1]આતિવાહિક-ગન્તવ્ય લગણ પહોંચાડનારાં નથી. વળી એ અચેતન છે તેથી પણ એ આતિવાહિક થાય એ અનુપપન્ન છે; કારણ કે લોકમાં રાજાએ નીમેલા ચેતન પુરુષો દુર્ગ માર્ગોમાં જનારાઓને દોરવે છે એમ (પૂર્વપક્ષ છે). એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—એ આતિવાહિક થાય એજ યુક્ત છે. શાથી? તેનું લિંગ છે તેથી; કેમકે 'चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानवः स एतान् ब्रह्म गमयति' [છાન્દો૦ ૪।૧૫।૫] (ચન્દ્રમાંથી વિદ્યુત્‌માં તેઓ જાય છે, ત્યાં રહેલા તેમને બ્રહ્મલોકથી આવેલો, માનવી સૃષ્ટિમાં ન થયેલો એવો અમાનવ પુરુષ સત્યલોકસ્થ બ્રહ્મમાં પહોંચાડે છે) એ શ્રુતિ દોરવવું સિદ્ધ હોય એવું દર્શાવે છે. તે વચન તેના વિષયમાંજ ઉપક્ષીણ થાય છે એમ કહેશો તો અમે કહીએ છીએ કે ના; કારણ કે પ્રાપ્ત થયલા માનવત્વને નિવૃત્ત કરવું એ (अमानवः) વિ-

એ પ્રમાણે અર્ચિરાદિના ક્રમનું નિરૂપણ કરીને સ્વરૂપનું નિરૂપણ કરે છે—'आतिवाहिकास्तल्लिङ्गात्'. ચિહ્નનિર્દેશના સામ્યથી, લોકશબ્દથી, ને નેતૃત્વલિંગથી સંશય થાય છે પરંતુ બે પક્ષો પૂર્વપક્ષ છે. અર્ચિરાદિ વિદ્યુતના ચેતન દોરવનાર છે, કેમકે અમાનવરૂપ નેતા સર્વે પોતા છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. એમ શ્રુતિમાં પડ્યું છે તેમ અમાનવ પુરુષજ નેતા થાઓ, અર્ચિરાદિ નહિ એમ શંકા કરે છે—'તે વચન તેના વિષયમાંજ' ઇત્યાદિ. પુરુષ જો અમાનવ અને નેતા છે એમ પુરુષ શબ્દ ઉભયપર—ઉભયમાં જેનું તાત્પર્ય છે એવો-હોવાથી વાક્યભેદ થાય તેથી અર્ચિરાદિપર્યંતી તેનાજ માનવ પ્રકૃત છે—અર્ચિરાદિ પણ માનવ નેતાના પ્રતિપાદક છે એમ સમજવાનું છે.

[1] અર્થાત્ એટલે સીમાવિભાગમાં રહેલા રાજનિયુક્ત પુરુષો જનારાઓને પોતાની સીમાથી અન્ય સીમામાં લઈ જાય છે તે આતિવાહિક કહેવાય છે.

ગ્રહણનું તાત્પર્ય છે. જો અર્ચિરાદિને વિષે દોરવનારા પ્રાપ્ત થતા હોય ને તે માનવ હોય તો તેની નિવૃત્તિને માટે અમાનવઃ એ વિશેષણ યુક્ત છે ॥ ૪ ॥

પણ તે લિંગમાત્ર અગમક છે, ન્યાય નથી તેથી. ના, એ દોષ નથી.

उभयव्यामोहात् तत्सिद्धेः ॥ ५ ॥

બંનેના—માર્ગ ને માર્ગમાં જનારાના—અજ્ઞાનથી તે—નેતૃત્વ સિદ્ધ થાય છે તેથી (લિંગ ન્યાયયુક્ત છે) ॥ ૫ ॥

જેઓ અર્ચિરાદિ માર્ગે જાય છે તેઓને દેહના વિયોગથી તેમની ઇન્દ્રિયોનો સમૂહ સંપિંડિત થઈ ગયો છે તેથી તેઓ અસ્વતન્ત્ર છે, અને અર્ચિરાદિ પણ અચેતન છે તેથી તેઓ પણ અસ્વતન્ત્ર છે તેથી અર્ચિરાદિના અભિમાની, ચેતન દેવતાવિશેષ અતિયાત્રામાં નિયુક્ત છે એમ સમજાય છે; કારણ કે લોકમાં પણ મત્ત, મૂર્છિત, વગેરે જેમની ઇન્દ્રિયો સંપિંડિત થઈ છે, તેઓ અન્યથી પ્રયુક્ત થયેલા, માર્ગે જાય છે. અર્ચિરાદિ [1]અનવસ્થિત છે તેથી પણ અર્ચિરાદિ માર્ગના ચિહ્ન થાય એ ઉપપન્ન નથી; કેમકે રાત્રીને વિષે મરણ પામેલો દિવસનું સ્વરૂપ પ્રાપ્ત કરે એ ઉપપન્ન થતું નથી; તેમજ પ્રતીક્ષા થતી નથી—તેઓ દિવસની રાહ જોતા નથી—એ પૂર્વે કહ્યું છે. દેવતાસ્વરૂપ તો ધ્રુવ હોવાથી એ દોષ થતો નથી. અર્ચિરા-

પ્રકરણના બળથી વિદ્યુતની પછી માનવ નેતા પ્રાપ્ત થશે પ્રકરણપ્રાપ્ત નેતૃત્વનો અનુવાદ છે ને એવું અમાનવત્વજ પ્રતિપાદન કરાય છે એમ કહેવું યુક્ત છે એમ કહે છે—'અમે કહીએ છીએ કે ના' ઇત્યાદિ. નેતાના પ્રકરણનો અંગીકાર ન કરીએ તો અમાનવ પુરુષ દોરવે છે એમ વાક્યભેદ થાય: કેમકે અમાનવત્વની પેઠે નેતૃત્વ પણ અપ્રાપ્ત છે તેથી (નેતાના પ્રકરણનો અંગીકાર કર્યો નથી તેથી) એવો ભાવ છે. 'तत्पुरुषोऽमानवः स एतान् ब्रह्म गमयति' એ વાક્યથી તો એમ સમજાય કે વિદ્યુત્પર્યન્ત ઉપાસકો પોતાની મેળેજ જાય છે, પછી અમાનવાદિકથી દોરવાયેલા જાય છે—આવો અર્થ વિવક્ષિત હોય તો 'पुरुष एतान् ब्रह्म गमयति' એમજ કહત: કેમકે એટલાથીજ અર્થ સિદ્ધ થાય છે. અમાનવઃ એમ પુરુષનું વિશેષણ આપત નહિ. પણ એ વિશેષણથી એવો અર્થ થાય છે કે પૂર્વત્ર પણ પુરુષો દોરવનારા છે, પણ તે માનવ પુરુષો છે, ને વિદ્યુતની પછી અમાનવ પુરુષ છે ॥ ૪ ॥

નેતૃત્વનો અનુવાદ છે એ લિંગનો અનુગ્રાહક ન્યાય દર્શાવનારું સૂત્ર કહે છે—'પણ તે લિંગમાત્ર અગમક છે' ઇત્યાદિ. જો અર્ચિરાદિ અચેતન છે ને અચેતન છે તો માર્ગને ને માર્ગમાં જનારા બંનેના વ્યામોહથી—અજ્ઞાનથી ઉપપત્તિ થશે નહિ: તેથી 'પોતે પ્રવર્તાવનાર પુરુષ અન્ય ચેતનથી દોરવાવો યુક્ત છે' એ લૌકિક ન્યાયના અનુગ્રહથી તે સિદ્ધ થાય છે—નેતૃત્વ સિદ્ધ થાય છે તેથી ઉક્ત લિંગ ન્યાયયુક્ત છે એવો સૂત્રનો અર્થ છે. બીજો પૂર્વપક્ષનો દોષ કાઢે છે—'અર્ચિરાદિ અનવસ્થિત છે તેથી પણ' ઇત્યાદિ. અહ્ન, દિવસ આદિ અસ્થિર હોવાથી, તેમજ રાત્રી આદિને વિષે મરણ પામેલો દિવસની પ્રતીક્ષા કરતો નથી એમ કહ્યું છે

[1] સર્વદા અવસ્થિત-વિદ્યમાન નહિ, રાત્રે નહિ તેથી.

आतिवाहिकास्तल्लिङ्गात् ॥ ४ ॥

(તે અર્ચિરાદિ) ગન્તવ્ય સ્થાને પહોંચાડનારા છે, તેનું લિંગ છે તેથી ॥ ૪ ॥

તે અર્ચિરાદિને વિષે સંશય થાય છે—કે શું એ માર્ગચિહ્ન છે, કે ભોગભૂમિ છે, કે જનારાઓના નેતા છે. તેમાં અર્ચિરાદિ માર્ગના ચિહ્નરૂપ છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે ઉપદેશ તે સ્વરૂપનો છે. જેમ લોકમાં ગામ કે નગરમાં પ્રસ્થાન કરવા જતા કોઈકને એવો ઉપદેશ કરાય છે કે તું અહિંથી પેલા પર્વત તરફ જા, ત્યાંથી ન્યગ્રોધ વૃક્ષ તરફ, ત્યાંથી નદી તરફ, ત્યાંથી ગામ કે નગર જઈશ એમ અહિં પણ અર્ચિથી દિવસ ને દિવસથી શુક્લ પક્ષ ઇત્યાદિ કહે છે. અથવા એ ભોગભૂમિ છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે 'લોક' શબ્દ અગ્નિ આદિ સાથે જોડે છે—'अग्निलोकमागच्छति' [કૌષી૦ ૧।૩] (અગ્નિલોકમાં આવે છે) ઇત્યાદિ. વળી લોકશબ્દ પ્રાણીઓનાં ભોગસ્થળને વિષે કહેવાય છે—'मनुष्यलोकः पितृलोको देवलोकः' [બૃહ૦ ૧।૫।૧૬] (મનુષ્યલોક, પિતૃલોક, દેવલોક) એમ. તેમજ બ્રાહ્મણ પણ છે—'अहोरात्रेषु ते लोकेषु सज्जन्ते' [શત૦ બ્રા૦ ૧૦।૨।૬।૮] (દિવસ ને રાત્રી આદિ, લોકશબ્દ જે ઉક્ત છે એવાં ભોગસ્થળોમાં તે કર્મી ને જ્ઞાનીઓ ભોગ અનુભવે છે) એમ. તેટલા માટે અર્ચિરાદિ [1]આતિવાહિક–ગન્તવ્ય લગણ પહોંચાડનારાં નથી. વળી એ અચેતન છે તેથી પણ એ આતિવાહિક થાય એ અનુપપન્ન છે; કારણ કે લોકમાં રાજાએ નીમેલા ચેતન પુરુષો દુર્ગ માર્ગોમાં જનારાઓને દોરવે છે એમ (પૂર્વપક્ષ છે). એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—એ આતિવાહિક થાય એજ યુક્ત છે. શાથી? તેનું લિંગ છે તેથી; કેમકે 'चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानवः स एतान् ब्रह्म गमयति' [છાન્દો૦ ૪।૧૫।૫] (ચન્દ્રમાંથી વિદ્યુત્‌માં તેઓ જાય છે, ત્યાં રહેલા તેમને બ્રહ્મલોકથી આવેલો, માનવી સૃષ્ટિમાં ન થયલો એવો અમાનવ પુરુષ સત્યલોકસ્થ બ્રહ્મમાં પહોંચાડે છે) એ શ્રુતિ દોરવવું સિદ્ધ હોય એવું દર્શાવે છે. તે વચન તેના વિષયમાંજ ઉપક્ષીણ થાય છે એમ કહેશો તો અમે કહીએ છીએ કે ના; કારણ કે પ્રાપ્ત થયલા માનવત્વને નિવૃત્ત કરવું એ (अमानवः) વિ-

એ પ્રમાણે અર્ચિરાદિના ક્રમનું નિરૂપણ કરીને સ્વરૂપનું નિરૂપણ કરે છે—'आतिवाहिकास्तल्लिङ्गात्'. ચિહ્નનિર્દેશના સામ્યથી, લોકશબ્દથી, ને નેતૃત્વલિંગથી સંશય થાય છે. પહેલા બે પક્ષો પૂર્વપક્ષ છે. અર્ચિરાદિ વિદ્યુદન્ત ચેતન દોરવનાર છે, કેમકે અમાનવરૂપ નેતા સાથે પડેલા છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. જેમ શ્રુતિમાં પડ્યું છે તેમ અમાનવ પુરુષજ નેતા થાઓ, અર્ચિરાદિ નહિ એમ શંકા કરે છે—'તે વચન તેના વિષયમાંજ' ઇત્યાદિ. પુરુષ એ અમાનવ અને નેતા છે એમ પુરુષશબ્દ ઉભયપર—ઉભયમાં જેનું તાત્પર્ય છે એવો-લેવાથી વાક્યભેદ થાય તેથી અર્ચિરાદિપદોથી નેતાજ માનવ પ્રકૃત છે—અર્ચિરાદિ પદો માનવ નેતાના પ્રતિપાદક છે એમ સમજવાનું છે;

૧ માર્ગોમાં એટલે સીમાવિશેષમાં રહેલા રાજનિયુક્ત પુરુષો જનારાઓને પોતાની સીમાથી અન્ય સીમામાં લઈ જાય છે તે આતિવાહિક કહેવાય છે.

શેષણનું તાત્પર્ય છે. એ અર્ચિરાદિને વિષે દોરવનારા પ્રાપ્ત થયા હોય ને તે માનવ હોય તો તેની નિવૃત્તિને માટે અમાનવઃ એ વિશેષણ યુક્ત છે ॥ ૪ ॥

પણ તે લિંગમાત્ર અગમક છે, ન્યાય નથી તેથી. ના, એ દોષ નથી.

उभयव्यामोहात् तत्सिद्धेः ॥ ५ ॥

બંનેના—માર્ગ ને માર્ગમાં જનારાના—અજ્ઞાનથી તે—નેતૃત્વ સિદ્ધ થાય છે તેથી (લિંગ ન્યાયયુક્ત છે) ॥ ૫ ॥

જેઓ અર્ચિરાદિ માર્ગે જાય છે તેઓને દેહના વિયોગથી તેમની ઇન્દ્રિયોનો સમૂહ સંપિંડિત થઈ ગયો છે તેથી તેઓ અસ્વતન્ત્ર છે, અને અર્ચિરાદિ પણ અચેતન છે તેથી તેઓ પણ અસ્વતન્ત્ર છે તેથી અર્ચિરાદિના અભિમાની, ચેતન દેવતાવિશેષ અતિયાત્રામાં નિયુક્ત છે એમ સમજાય છે; કારણ કે લોકમાં પણ મત્ત, મૂર્છિત, વગેરે જેમની ઇન્દ્રિયો સંપિંડિત થઈ છે, તેઓ અન્યથી પ્રયુક્ત થયેલા, માર્ગે જાય છે. અર્ચિરાદિ [1]અનવસ્થિત છે તેથી પણ અર્ચિરાદિ માર્ગના ચિહ્ન થાય એ ઉપપન્ન નથી; કેમકે રાત્રીને વિષે મરણ પામેલો દિવસનું સ્વરૂપ પ્રાપ્ત કરે એ ઉપપન્ન થતું નથી; તેમજ પ્રતીક્ષા થતી નથી—તેઓ દિવસની રાહ જોતા નથી—એ પૂર્વે કહ્યું છે. દેવતાસ્વરૂપ તો ધ્રુવ હોવાથી એ દોષ થતો નથી. અર્ચિરા-

પ્રકરણના બળથી વિદ્યુતની પછી માનવ નેતા પ્રાપ્ત થયે પ્રકરણપ્રાપ્ત નેતૃત્વનો અનુવાદ છે ને એકલું અમાનવત્વજ પ્રતિપાદન કરાય છે એમ કહેવું યુક્ત છે એમ કહે છે—'અમે કહીએ છીએ કે ના' ઇત્યાદિ. નેતાના પ્રકરણનો અંગીકાર ન કરીએ તો અમાનવ પુરુષ દોરવે છે એમ વાક્યભેદ થાય; કેમકે અમાનવત્વની પેઠે નેતૃત્વ પણ અપ્રાપ્ત છે તેથી (નેતાના પ્રકરણનો અંગીકાર કર્યો નથી તેથી) એવો ભાવ છે. 'तत्पुरुषोऽमानवः स एतान् ब्रह्म गमयति' એ વાક્યથી તો એમ સમજાય કે વિદ્યુલ્લોકપર્યન્ત ઉપાસકો પોતાની મેળેજ જાય છે, પછી અતિવાહિકથી દોરવાયલા જાય છે—આવો અર્થ વિવક્ષિત હોય તો 'પુરુષ एतान् ब्रह्म गमयति' એમજ કહેત; કેમકે એટલાથીજ અર્થ સિદ્ધ થાય છે, અમાનવઃ એમ પુરુષનું વિશેષણ આપત નહિ. પણ એ વિશેષણથી એવો અર્થ થાય છે કે પૂર્વત્ર પણ પુરુષો દોરવનારા છે, પણ તે માનવ પુરુષો છે, ને વિદ્યુલ્લોકની પછી અમાનવ પુરુષ છે ॥ ૪ ॥

નેતૃત્વનો અનુવાદ છે એ લિંગનો અનુમોદક ન્યાય દર્શાવનારું સૂત્ર કહે છે—'પણ તે લિંગમાત્ર અગમક છે' ઇત્યાદિ. જો અર્ચિરાદિ અનેતા છે ને અચેતન છે તો માર્ગને તે માર્ગમાં જનારા બંનેના વ્યામોહથી—અજ્ઞાનથી ઊર્ધ્વગતિ થશે નહિ; તેથી 'પોતે પ્રવર્તમાન પુરુષ અન્ય ચેતનથી દોરવાવો યુક્ત છે' એ લૌકિક ન્યાયના અનુગ્રહથી તે સિદ્ધ થાય છે—નેતૃત્વ સિદ્ધ થાય છે તેથી ઉક્ત લિંગ ન્યાયયુક્ત છે એવો સૂત્રનો અર્થ છે. બીજે પૂર્વપક્ષનો દોષ કાઢે છે—'અર્ચિરાદિ અનવસ્થિત છે તેથી પણ' ઇત્યાદિ. અ.દિ. દિવસ આદિ અસ્થિર હોવાથી, તેમજ રાત્રી આદિને વિષે મરણ પામેલો દિવસની પ્રતીક્ષા કરતો નથી એમ કહ્યું છે

૧ સર્વદા અવસ્થિત-વિદ્યમાન નથી, રાત્રે નથી તેથી.

आतिवाहिकास्तल्लिङ्गात् ॥ ४ ॥

(તે અર્ચિરાદિ) ગન્તવ્ય સ્થાને પહોંચાડનારા છે, તેનું લિંગ છે તેથી ॥ ૪ ॥

તે અર્ચિરાદિને વિષે સંશય થાય છે—કે શું એ માર્ગચિહ્ન છે, કે ભોગભૂમિ છે, કે જનારાઓના નેતા છે. તેમાં અર્ચિરાદિ માર્ગના ચિહ્નરૂપ છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે ઉપદેશ તે સ્વરૂપનો છે. જેમ લોકમાં ગામ કે નગરમાં પ્રસ્થાન કરી જતા કોઈકને એવો ઉપદેશ કરાય છે કે તું અહિંથી પેલા પર્વત તરફ જા, ત્યાંથી ન્યગ્રોધ વૃક્ષ તરફ, ત્યાંથી નદી તરફ, ત્યાંથી ગામ કે નગર જઈશ એમ અહિં પણ અર્ચિથી દિવસ ને દિવસથી શુક્લ પક્ષ ઇત્યાદિ કહે છે. અથવા એ ભોગભૂમિ છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે 'લોક' શબ્દ અગ્નિ આદિ સાથે જોડે છે—'अग्निलोकमागच्छति' [કૌષી૦ ૧।૩] (અગ્નિલોકમાં આવે છે) ઇત્યાદિ. વળી લોકશબ્દ પ્રાણીઓનાં ભોગસ્થળને વિષે કહેવાય છે—'मनुष्यलोकः पितृलोको देवलोकः' [બૃહ૦ ૧।૫।૧૬] (મનુષ્યલોક, પિતૃલોક, દેવલોક) એમ. તેમજ બ્રાહ્મણ પણ છે—'अहोरात्रेषु ते लोकेषु सज्जन्ते' [શત૦ બ્રા૦ ૧૦।૨।૬।૮] (દિવસ ને રાત્રી આદિ, લોકશબ્દ જે ઉપર છે એવાં ભોગસ્થળોમાં તે કર્મી ને જ્ઞાનીઓ ભોગ અનુભવે છે) એમ. તેટલા માટે અર્ચિરાદિ ¹આતિવાહિક-ગન્તવ્ય લગણ પહોંચાડનારાં નથી. વળી એ અચેતન છે તેથી પણ એ આતિવાહિક થાય એ અનુપપન્ન છે; કારણ કે લોકમાં રાજાએ નીમેલા ચેતન પુરુષો દુર્ગ માર્ગોમાં જનારાઓને દોરવે છે એમ (પૂર્વપક્ષ છે). એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—એ આતિવાહિક થાય એજ યુક્ત છે. શાથી? તેનું લિંગ છે તેથી; કેમકે 'चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानवः स एतान् ब्रह्म गमयति' [છાન્દો૦ ૪।૧૫।૫] (ચન્દ્રમાંથી વિદ્યુતમાં તેઓ જાય છે, ત્યાં રહેલા તેમને બ્રહ્મલોકથી આવેલો, માનવી સૃષ્ટિમાં ન થયેલો એવો અમાનવ પુરુષ સત્યલોકસ્થ બ્રહ્મમાં પહોંચાડે છે) એ શ્રુતિ દોરવવું સિદ્ધ હોય એમ દર્શાવે છે. તે વચન તેના વિષયમાંજ ઉપક્ષીણ થાય છે એમ કહેશો તો અમે કહીએ છીએ કે ના; કારણ કે પ્રાપ્ત થયેલા માનવત્વને નિવૃત્ત કરવું એ (अमानवः) વિ-

એ પ્રમાણે અર્ચિરાદિના ક્રમનું નિરૂપણ કરીને સ્વરૂપનું નિરૂપણ કરે છે—'आतिवाहिकास्तल्लिङ्गात्'. ચિહ્નનિર્દેશના સામ્યથી, લોકશબ્દથી, ને અચેતનપણાથી સંશય થાય છે ને પહેલા બે પક્ષો પૂર્વપક્ષ છે. અર્ચિરાદિ વિદ્યુદન્ત ચેતન દોરવનાર છે, કેમકે અમાનવ નેતા ત્રીજો પક્ષ છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. જેમ શ્રુતિમાં કહ્યું છે તેમ અમાનવ પુરુષજ નેતા થાઓ, અર્ચિરાદિ નહિ એમ શંકા કરે છે—'તે વચન તેના વિષયમાંજ' ઇત્યાદિ. પુરુષ એ અમાનવ અને નેતા છે એમ પુરુષ ઉપરાંત શબ્દ વિશેષણ—વિશેષણમાં જેનું તાત્પર્ય છે એવો-એનાથી વાક્યભેદ થાય તેથી અર્ચિરાદિ ઉપર પણ તેજ માનવ પ્રવૃત્ત છે—અર્ચિરાદિ પણ માનવ નેતાના પ્રતિપાદક છે એમ સમજવું ?

¹ આતિવાહિક એટલે જેમ વિકટ માર્ગમાં રહેલા રાજનિયુક્ત પુરુષો જનારાઓને પોતાની હદ સુધી પહોંચાડનારા હોય છે તે આતિવાહિક કહેવાય છે.

વિશેષણનું તાત્પર્ય છે. જો અર્ચિરાદિને વિષે દેવત્વના પ્રાપ્ત થતા હોય તે તે માનવ હોય તો તેની નિવૃત્તિને માટે अमानवः એ વિશેષણ યુક્ત છે ॥ ૪ ॥

પણ તે લિંગમાત્ર અગમક છે. ન્યાય નથી તેથી. ના, એ દોષ નથી.

उभयव्यामोहात् तत्सिद्धेः ॥ ५ ॥

બંનેના—માર્ગ ને માર્ગમાં જનારાના—અજ્ઞાનથી તે—નેતૃત્વ સિદ્ધ થાય છે તેથી (લિંગ ન્યાયયુક્ત છે) ॥ ૫ ॥

જેઓ અર્ચિરાદિ માર્ગે જાય છે તેઓને દેહના વિયોગથી તેમની ઇન્દ્રિયોનો સમૂહ સંપિંડિત થઈ ગયો છે તેથી તેઓ અસ્વતન્ત્ર છે, અને અર્ચિરાદિ પણ અચેતન છે તેથી તેઓ પણ અસ્વતન્ત્ર છે તેથી અર્ચિરાદિના અભિમાની, ચેતન દેવતાવિશેષ અતિયાત્રામાં નિયુક્ત છે એમ સમજાય છે; કારણ કે લોકમાં પણ મત્ત, મૂર્છિત, વગેરે જેમની ઇન્દ્રિયો સંપિંડિત થઈ છે, તેઓ અન્યથી પ્રયુક્ત થયેલા, માર્ગે જાય છે. અર્ચિરાદિ [1]અનવસ્થિત છે તેથી પણ અર્ચિરાદિ માર્ગના ચિહ્ન થાય એ ઉપપન્ન નથી; કેમકે રાત્રીને વિષે મરણ પામેલો દિવસનું સ્વરૂપ પ્રાપ્ત કરે એ ઉપપન્ન થતું નથી; તેમજ પ્રતીક્ષા થતી નથી—તેઓ દિવસની રાહ જોતા નથી—એ પૂર્વે કહ્યું છે. દેવતાસ્વરૂપ તો ધ્રુવ હોવાથી એ દોષ થતો નથી. અર્ચિરા-

પ્રકરણના બળથી વિદ્યુતની પછી માનવ નેતા પ્રાપ્ત થયે પ્રકરણપ્રાપ્ત નેતૃત્વનો અનુવાદ છે ને એટલું અમાનવત્વજ પ્રતિપાદન કરાય છે એમ કહેવું યુક્ત છે એમ કહે છે—'અમે કહીએ છીએ કે ના' ઇત્યાદિ. નેતાના પ્રકરણનો અંગીકાર ન કરીએ તો અમાનવ પુરુષ દોરવે છે એમ વાક્યભેદ થાય. કેમકે અમાનવત્વની પેઠે નેતૃત્વ પણ અપ્રાપ્ત છે તેથી (નેતાના પ્રકરણનો અંગીકાર કર્યો નથી તેથી) એવો ભાવ છે. 'तत्पुरुषोऽमानवः स एतान् ब्रह्म गमयति' એ વાક્યથી જો એમ સમજાય કે વિદ્યુલ્લોકપર્યન્ત ઉપાસકો પોતાની મેળેજ જાય છે, પછી અતિવાહિકથી દોરવાયલા જાય છે—આવો અર્થ વિવક્ષિત હોય તો 'पुरुष एतान् ब्रह्म गमयति' એમજ કહત. કેમકે એટલાથીજ અર્થ સિદ્ધ થાય છે. अमानवः એમ પુરુષનું વિશેષણ આપત નહિ. પણ એ વિશેષણથી એવો અર્થ થાય છે કે પૂર્વત્ર પણ પુરુષો દોરવનારા છે, પણ તે માનવ પુરુષો છે, ને વિદ્યુલ્લોકની પછી અમાનવ પુરુષ છે ॥ ૪ ॥

નેતૃત્વનો અનુવાદ છે એ લિંગનો અનુગ્રાહક ન્યાય દર્શાવનારૂં સૂત્ર કહે છે—'પણ તે લિંગમાત્ર અગમક છે' ઇત્યાદિ. જો અર્ચિરાદિ અનેતા છે ને અચેતન છે તો માર્ગને તે માર્ગમાં જનારા બંનેના વ્યામોહથી—અજ્ઞાનથી ઊર્ધ્વંગતિ થશે નહિ; તેથી 'પોતે પ્રવૃત્તિશૂન્ય પુરુષ અન્ય ચેતનથી દોરવાવો યુક્ત છે' એ લૌકિક ન્યાયના અનુગ્રહથી તે સિદ્ધ થાય છે—નેતૃત્વ સિદ્ધ થાય છે તેથી ઉક્ત લિંગ ન્યાયયુક્ત છે એવો સૂત્રનો અર્થ છે. બંને પૂર્વપક્ષનો દોષ કાઢે છે—'અર્ચિરાદિ અનવસ્થિત છે તેથી પણ' ઇત્યાદિ. અર્ચિ, દિવસ આદિ અસ્થિર હોવાથી, તેમજ રાત્રી આદિને વિષે મરણ પામેલો દિવસની પ્રતીક્ષા કરતો નથી એમ કહ્યું છે

[1] સર્વદા અવસ્થિત-વિદ્યમાન નથી, રાત્રે નથી તેથી.

તેના અભિમાનથી એમને વિષે—આર્ચિરાદિ દેવતાને વિષે અર્ચિરાદિ શબ્દ ઉપપન્ન થાય છે. 'अर्चिषोऽहः' [છાન્દો૦ ૪।૧૫।૫, ૫।૧૦।૧] (અર્ચિથી દિવસ પ્રાપ્ત કરે છે) આ નિર્દેશ તો અર્ચિરાદિ આતિવાહિક થાય તોપણ વિરુદ્ધ થતો નથી. અર્ચિ હેતુ વડે તેઓ દિવસ પ્રાપ્ત કરે છે; દિવસ હેતુ વડે શુક્લ પક્ષ પ્રાપ્ત કરે છે એમ. તેમજ લોકમાં પ્રસિદ્ધ આતિવાહિકોને વિષે પણ એ પ્રકારનો ઉપદેશ જોવામાં આવે છે. તું અહિંથી બલવર્મન્ પાસે જા, તેની પાસેથી જયસિંહ પાસે, તેની પાસેથી કૃષ્ણગુપ્ત પાસે એમ. વળી 'तेऽर्चिरभिसंभवन्ति' (તેઓ અર્ચિ પ્રાપ્ત કરે છે) એ ઉપક્રમમાં સંબન્ધમાત્ર કહ્યો છે; કોઈ સંબન્ધવિશેષ કહ્યો નથી. ઉપસંહારમાં તો 'स एतान् ब्रह्म गमयति' (તે એમને બ્રહ્મ પહોંચાડે છે) એમાં અતિવાહ્ય ને આતિવાહકનો સંબન્ધવિશેષ કહ્યો છે; તેથી ઉપક્રમમાં પણ તેજ છે એમ નક્કી થાય છે. તેમજ જનારાઓની ઇન્દ્રિયો સંપિંડિત છે તેથીજ ત્યાં ઉપભોગનો સંભવ નથી. જનારાઓ ઉપભોગ કરતા ન હોય તોપણ લોકશબ્દ તો સમજાવી શકાય છે; કેમકે તે લોકમાં રહેનારા અન્યની તે ભોગભૂમિ છે. એટલા માટે જેનો સ્વામી અગ્નિ છે એવા લોક પ્રાપ્ત થયલાને અગ્નિ દોરવે છે, વાયુ સ્વામીવાળા લોકમાં પ્રાપ્ત થયલાને વાયુ દોરવે છે એમ યોજના કરવી યુક્ત છે ॥ ૫ ॥

પણ અર્ચિરાદિ આતિવાહિક છે એ પક્ષમાં વરુણાદિને વિષે તેનો સંભવ શી રીતે? કારણ કે વિદ્યુતની ઉપર વરુણાદિનો સંનિવેશ છે, પણ વિદ્યુતની પછી બ્રહ્મપ્રાપ્તિપર્યન્ત અમાનવ પુરુષજ નેતા છે એમ શ્રુતિમાં છે. એથી ઉત્તર પડે છે.—

वैद्युतेनैव ततस्तच्छ्रुतेः ॥ ६ ॥

ત્યાંથી-વિદ્યુત્ પ્રાપ્ત કર્યા પછી, તે વિદ્યુત્ લોકમાં આવેલા અમાનવ પુરુષ વડેજ (તેઓ વરુણાદિ લોકને વિષે દોરવાઈ બ્રહ્મલોક જાય છે) તેની શ્રુતિ છે તેથી ॥ ૬ ॥

ત્યાંથી-વિદ્યુત્પ્રાપ્તિથી ઊર્ધ્વ વિદ્યુતની પાસેજ રહેલા અમાનવ પુરુષ વડેજ વરુણલોક આદિને વિષે દોરવાતા તેઓ બ્રહ્મલોક જાય છે એમ સમજવું; કેમકે

તેથી, અર્ચિરાદિ માર્ગચિહ્નો નથી કે ભોગ્ય ભૂમિ નથી; દેવતા હોવાથી તો અસ્થિરત્વ દોષ નથી એવો અર્થ છે. વળી ઉપદેશના સ્વરૂપથી અર્ચિરાદિ માર્ગચિહ્ન દેખાય છે એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'अर्चिषोऽहः' [છાન્દો૦ ૪।૧૫।૫, ૫।૧૦।૧] (અર્ચિથી દિવસ પ્રાપ્ત કરે છે) આ નિર્દેશ તો' ઇત્યાદિ. અર્ચિરાદિ ચિહ્ન છે કે નેતા છે એમ સંશય થયે વાક્યશેષથી નિર્ણય થાય છે એમ કહે છે—"વળી 'तेऽर्चिरभिसंभवन्ति'" ઇત્યાદિ. લોકશબ્દને લીધે અર્ચિરાદિ ભોગભૂમિ છે એમ જે કહ્યું છે તે નથી એમ કહે છે—'તેમજ જનારાઓની ઇન્દ્રિયો' ઇત્યાદિ. ॥ ૫ ॥

અન્ય સૂત્રનું મહત્ત્વ કરે છે—'પણ અર્ચિરાદિ આતિવાહિક છે' ઇત્યાદિ. અમાનવ, વિદ્યુ-

'तान् वैद्युतात् पुरुषोऽमानवः स एत्य ब्रह्मलोकं गमयति' [બૃહ૦ ૬।૨।૧૫] ({વિદ્યુદ્દેવતામાં પ્રાપ્ત થયેલા} તેમને તે અમાનવ પુરુષ આવીને વિદ્યુલ્લોકથી બ્રહ્મલોકમાં લઈ જાય છે) એ શ્રુતિ તે અમાનવ પુરુષજ નેતા છે એમ કહે છે. વરુણ આદિ તો તેના 'અપ્રતિબન્ધક છે કે કોઈક પ્રકારની સહાયતા કરે છે તેથી તેના અનુગ્રાહક છે એમ સમજવું. તેટલા માટે અર્ચિરાદિ આતિવાહિક દેવતારૂપ છે એમ બરાબર કહ્યું છે ॥ ૬ ॥

कार्यं बादरिरस्य गत्युपपत्तेः ॥ ७ ॥

કાર્ય (બ્રહ્મ ગન્તવ્ય છે) એમ બાદરિ (માને છે); કેમકે (એ કાર્ય બ્રહ્મ) ગન્તવ્ય થાય એ ઉપપન્ન છે ॥ ૭ ॥

'स एनान् ब्रह्म गमयति' [છાન્દો૦ ૪।૧૫।૫] (તે અમાનવ પુરુષ એમને સત્યલોકસ્થ બ્રહ્મમાં લઈ જાય છે) એમાં સંશય થાય છે કે શું કાર્ય એટલે અપર બ્રહ્મમાં લઈ જાય છે, કે પરજ, અવિકૃત, મુખ્ય બ્રહ્મમાં એમ. શાથી સંશય થાય છે? બ્રહ્મશબ્દનો પ્રયોગ છે તેથી ને ગતિની શ્રુતિ છે તેથી. તેમાં તેમને અમાનવ પુરુષ કાર્ય, એટલે અપર, સગુણ બ્રહ્મમાંજ લઈ જાય છે એમ બાદરિ આચાર્ય માને છે. શાથી? એને ગતિની-ગન્તવ્યની ઉપપત્તિ છે તેથી; કારણ કે એ કાર્ય

લોકમાં આવેલો તે વૈદ્યુત ને વડે. तच्छ्रुतेः—તેનીજ–તે અમાનવ પુરુષની તો નેતા છે એવી શ્રુતિ છે તેથી. શ્રુતિમાં वैद्युतात् છે તેનો અર્થ વિદ્યુલ્લોકમાંથી છે. શ્રુતિ વરુણાદિને નેતા કહેતી નથી તોપણ અનુગ્રાહક તરીકે તેમનો માર્ગને વિષે અન્તર્ભાવ છે એવો ભાવ છે. અમાનવ પુરુષ જાને વોઢા–લઈ જનાર છે. વરુણાદિ તો તેને સહાય કરનાર છે તેથી વોઢા છે એમ વૈષમ્ય છે, વરુણાદિ વોઢા નથી ને અમાનવ પુરુષ વોઢા છે એમ વૈષમ્ય નથી. આ પ્રમાણે સર્વ અનવદ્ય છે ॥ ૬ ॥

એ પ્રમાણે માર્ગનું નિરૂપણ કરીને ગન્તવ્ય-પ્રાપ્ય સ્થાન વિષે વિચાર કરે છે—'कार्यं बादरिः'. પરબ્રહ્મ ગન્તવ્ય છે એ પૂર્વપક્ષમાં માર્ગ મુખ્યાર્થક છે; કાર્યબ્રહ્મ ગન્તવ્ય છે એ સિદ્ધાન્તમાં માર્ગ ગૌણાર્થક છે એમ વિચારી પ્રથમ સિદ્ધાન્ત કહે છે—'તેમાં તેમને અમાનવ પુરુષ' ઇત્યાદિ. આકાશ સર્વગત છે તોપણ અન્ય પ્રદેશથી વિશિષ્ટ હોવાથી તે ગન્તવ્ય છે એમ લેવામાં આવે છે; બ્રહ્મ તો પ્રત્યક્ છે તેથી કોઈ પણ પ્રકારે ગન્તવ્ય નથી એવો અર્થ છે. અવિદ્યા, કર્મની વાસના આદિ ઉપાધિના અવચ્છેદને લીધે જીવરૂપમાં વસ્તુતઃ અનવચ્છિન્ન છે તોપણ આત્માને અવચ્છિન્ન માને છે, લોકોથી અભિન્ન છે તોપણ આત્માને ભિન્ન માને છે તેથી સ્વરૂપથી અન્ય, અર્ચિરાદિ લોક જે પ્રાપ્ત કર્યાં નથી તે ગતિ વડે પ્રાપ્ત કરે છે એ યુક્ત છે. પણ જેને અદ્વૈત બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થયો છે, ને જેનો નિખિલ

---

૧ રોકાણ ન કરે એવા.

બ્રહ્મને ગન્તવ્યત્વ ઉપપન્ન થાય છે; પ્રદેશ છે તેથી; પણ પરબ્રહ્મમાં ગન્તૃત્વ, ગન્તવ્ય-
ત્વ, કે ગતિ કંઈ સંભવતું નથી; કેમકે તે સર્વગત છે ને ગન્તાનો પ્રત્યક્ આત્મા છે ॥

विशेषितत्वाच्च ॥ ८ ॥

અને (પ્રાપ્ય બ્રહ્મ) વિશેષિત છે તેથી ॥ ૮ ॥

'ब्रह्मलोकान् गमयति ते तेषु ब्रह्मलोकेषु पराः परावतो वसन्ति' [બૃહ૦૬।૨।૧૫]
({તે અમાનવ પુરુષ તેમને} બ્રહ્મલોકમાં લઈ જાય છે, તેઓ તે બ્રહ્મલોકોમાં
હિરણ્યગર્ભના પ્રકૃષ્ટ સંવત્સરો વસે છે) એમ અન્ય શ્રુતિમાં વિશેષિત છે તેથી કાર્ય-
બ્રહ્મને વિષેજ ગતિ છે એમ સમજાય છે; કારણ કે પર બ્રહ્મને વિષે બહુવચનથી
વિશેષણ સંભવતું નથી. કાર્યબ્રહ્મમાં તો અવસ્થાનો ભેદ ઉપપન્ન થાય છે તેથી
બહુવચન સંભવે છે. લોક એ શ્રુતિ પણ વિકારવિષય, સંનિવેશવિશિષ્ટ ભોગ-
ભૂમિને વિષે ઘટે છે, અન્યત્ર 'ब्रह्मैव लोक एष सम्राट्' [બૃહ૦ ૪।૩।૩૨] (હે સમ્રા-
ટ્, એ બ્રહ્મજ લોક છે) ઇત્યાદિમાં તો ગૌણી છે. અધિકરણ ને 'અધિકર્તવ્યનો
નિર્દેશ પણ પર બ્રહ્મને વિષે યુક્ત નથી. તેટલા માટે કાર્યબ્રહ્મને વિષેજ એ નયન છે॥૮

પણ કાર્યબ્રહ્મને વિષે પણ બ્રહ્મશબ્દ ઉપપન્ન થતો નથી; કેમકે સમન્વયમાં
સમસ્ત જગતનું જન્માદિકારણ બ્રહ્મ છે એમ પ્રતિષ્ઠાપિત કર્યું છે. એને વિષે કહે છે—

सामीप्यात्तु तद्व्यपदेशः ॥ ९ ॥

(કાર્યબ્રહ્મ કારણબ્રહ્મની) સમીપમાં છે તેથી (કારણને વિષે જે મુખ્ય બ્રહ્મશબ્દ છે) તેનો (કાર્યને વિષે) વ્યપદેશ છે—લક્ષણાથી પ્રયોગ છે ॥ ૯ ॥

તુશબ્દ આશંકાની વ્યાવૃત્તિ કરવા માટે છે. અપર બ્રહ્મ પર બ્રહ્મની સમી-
પમાં છે તેથી તેને વિષે પણ બ્રહ્મશબ્દનો પ્રયોગ વિરુદ્ધ થતો નથી; કારણ કે પરજ
બ્રહ્મ, વિશુદ્ધ ઉપાધિના સંબન્ધથી ક્વચિત્ કેટલાક વિકારધર્મો મનોમયત્વ વગેરેથી
ઉપાસના માટે ઉપદેશ કરાતું અપર થાય છે એવી સ્થિતિ છે ॥ ૯ ॥

પ્રપંચનો અવભાસવિભ્રમ જતો રહ્યો છે તેને ગન્તવ્ય નથી, ગતિ નથી, ને ગમન કરાવનાર
પણ નથી એટલે કોણ કોને પ્રાપ્ત કરે? ॥ ૭ ॥

'ब्रह्मलोकेषु' એમાં બહુવચન, લોકશબ્દને આધારસપ્તમીની શ્રુતિ છે તેથી ને ગન્ત-
વ્ય પરથી ભિન્ન છે તેથી પરબ્રહ્મ ગન્તવ્ય નથી એમ કહે છે—'विशेषितत्वाच्च' પરબ્રહ્મને વિ-
ષે લોકત્વનો ઉપચાર છે તેથી લોકશ્રુતિ ગૌણી છે એવો અર્થ છે ॥ ૮ ॥
'વિશુદ્ધ ઉપાધિના સંબન્ધથી'—સાત્ત્વિક ઉપાધિથી વિશિષ્ટ બ્રહ્મ ॥ ૯ ॥

૧. અધિકરણમાં જે રહે તે. ૨. મરણ પામેલાને લઈ જવા તે.

પણ કાર્યબ્રહ્મની પ્રાપ્તિ હોય તો 'અનાવૃત્તિની શ્રુતિ ઘટતી નથી; કેમકે પર બ્રહ્મથી અન્યત્ર કોઈ પણ ઠેકાણે તેઓ નિત્યતાની સંભાવના કરતા નથી; અને દેવયાન માર્ગે પ્રસ્થિત થયલાની અનાવૃત્તિ શ્રુતિ દર્શાવે છે—'एतेन प्रतिपद्यमाना इमं मानवमावर्तं नावर्तन्ते' [છાન્દો૦ ૪।૧૫।૫] (એ દેવપથથી—અર્ચિરાદિ નેતૃદેવથી ઉપલક્ષિત માર્ગથી—બ્રહ્મલોક જનારા આ માનવ આવર્તમાં—જેમાં જન્મમરણ ઘટીયન્ત્રની પેઠે પુનઃ પુનઃ થયા કરે છે તે સંસારમાં—પાછા આવતા નથી), એમ તેમનું અહિં પુનઃ આગમન નથી, 'तयोर्ध्वमायन्नमृतत्वमेति' [છાન્દો૦ ૮।૬।૬, કઠ૦ ૬।૧૬] (તે માથામાંથી નીકળેલી નાડી વડે ઊર્ધ્વ જતો અમૃતભાવ પામે છે), એમ જો કહેશો તો એને વિષે અમે કહીએ છીએ—

कार्यात्यये तदध्यक्षेण सहातः परमभिधानात् ॥ १० ॥

કાર્યનો—કાર્યબ્રહ્મનો નાશ થયે તેના અધ્યક્ષની–હિરણ્યગર્ભની સાથે એ કાર્યબ્રહ્મથી પર બ્રહ્મ પ્રાપ્ત કરે છે, શ્રુતિમાં અભિધાન છે તેથી ॥ ૧૦ ॥

કાર્યબ્રહ્મલોકનો પ્રલય પાસે આવે છે ત્યારે તેમાંજ જેને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું છે એવા થઈ જીવો તેના–કાર્યબ્રહ્મના [2]અધ્યક્ષ હિરણ્યગર્ભની સાથે એમાંથી પર–પરિશુદ્ધ વિષ્ણુનું પરમ પદ પ્રાપ્ત કરે છે એમ. એમ ક્રમમુક્તિ, અનાવૃત્તિ આદિ શ્રુતિમાં અભિધાન છે તેથી, સ્વીકારવી; કેમકે પર બ્રહ્મની સાક્ષાતજ—લાગલીજ ગતિપૂર્વક પ્રાપ્તિ સંભવતી નથી એમ અમે ઉપપત્તિથી દર્શાવ્યું છે ॥ ૧૦ ॥

स्मृतेश्च ॥ ११ ॥

સ્મૃતિથી પણ (બ્રહ્મલોકમાં ગયલા ક્રમે મુક્તિ પ્રાપ્ત કરે છે) ॥ ૧૧ ॥

સ્મૃતિ પણ એ અર્થની અનુજ્ઞા કરે છે—'ब्रह्मणा सह ते सर्वे संप्राप्ते प्रतिसंचरे । परस्यान्ते कृतात्मानः प्रविशन्ति परं पदम् ॥' (મહાપ્રલય પ્રાપ્ત થયે, પરનો—

અનાવૃત્તિશ્રુતિનો અભિપ્રાય ક્રમમુક્તિ દર્શાવવાનો છે એમ શંકાનું સમાધાન સૂત્રથી કરે છે—'એને વિષે અમે કહીએ છીએ'. સાક્ષાતજ બ્રહ્મપ્રાપ્તિ ને અનાવૃત્તિ સિદ્ધ થાય છે તો પરંપરાનો આશ્રય શા માટે કરવો તેને માટે કહે છે—'કેમકે પર બ્રહ્મની સાક્ષાતજ–લાગલીજ ગતિપૂર્વક પ્રાપ્તિ' ઇત્યાદિ ॥ ૧૦ ॥

ક્રમમુક્તિને વિષે સ્મૃતિનું પ્રમાણ આપે છે—'स्मृतेश्च'. 'ब्रह्मणा सह' ઇત્યાદિ. પ્રતિસંચર એટલે મહાપ્રલય પ્રાપ્ત થયે પરનો–હિરણ્યગર્ભનો અન્ત એટલે અધિકારનો અન્ત પ્રાપ્ત થયે, સમષ્ટિલિંગશરીરરૂપ વિકારનો અન્ત પ્રાપ્ત થયે, બ્રહ્મલોકમાં નિવાસ કરનારાઓ, શુદ્ધ

---

૧ અપુનરાગમન. ૨ સ્વામી.

બ્રહ્મને ગન્તવ્યત્વ ઉપપન્ન થાય છે; પ્રદેશ છે તેથી; પણ પરબ્રહ્મમાં ગન્તૃત્વ, ગન્તવ્યત્વ, કે ગતિ કંઈ સંભવતું નથી; કેમકે તે સર્વગત છે ને ગન્તાનો પ્રત્યક્ આત્મા છે ॥

विशेपितत्वाच्च ॥ ८ ॥

અને (પ્રાપ્ય બ્રહ્મ) વિશેષિત છે તેથી ॥ ૮ ॥

'ब्रह्मलोकान् गमयति ते तेषु ब्रह्मलोकेषु पराः परावतो वसन्ति' [બૃહ૦ ૬।૨।૧૫] (તે અમાનવ પુરુષ તેમને) બ્રહ્મલોકમાં લઈ જાય છે, તેઓ તે બ્રહ્મલોકોમાં (હિરણ્યગર્ભના પ્રકૃષ્ટ સંવત્સરો વસે છે) એમ અન્ય શ્રુતિમાં વિશેષિત છે તેથી કાર્યબ્રહ્મને વિષેજ ગતિ છે એમ સમજાય છે; કારણ કે પર બ્રહ્મને વિષે બહુવચનથી વિશેષણ સંભવતું નથી. કાર્યબ્રહ્મમાં તો અવસ્થાનો ભેદ ઉપપન્ન થાય છે તેથી બહુવચન સંભવે છે. લોક એ શ્રુતિ પણ વિકારવિષય, સંનિવેશવિશિષ્ટ ભોગસ્થાનને વિષે ઘટે છે, અન્યત્ર 'ब्रह्मैव लोक एष सम्राट्' [બૃહ૦ ૪।૩।૩૨] (હે સમ્રાટ્, એ બ્રહ્મજ લોક છે) ઇત્યાદિમાં તો ગૌણી છે. અધિકરણ ને 'અભિકર્તવ્યનો' [illegible] નિર્દેશ પણ પર બ્રહ્મને વિષે યુક્ત નથી. તેટલા માટે કાર્યબ્રહ્મને વિષેજ એ નયન [illegible]

પણ કાર્યબ્રહ્મને વિષે પણ બ્રહ્મશબ્દ ઉપપન્ન થતો નથી; કેમકે સમન્વયમાં સમસ્ત જગતનું જન્માદિકારણ બ્રહ્મ છે એમ પ્રતિપાદિત કર્યું છે. એને વિષે કહે છે—

सामीप्यात्तु तद्व्यपदेशः ॥ ९ ॥

(કાર્યબ્રહ્મ કારણબ્રહ્મની) સમીપમાં છે તેથી (કારણને વિષે જે મુખ્ય બ્રહ્મશબ્દ છે) તેનો (કાર્યને વિષે) વ્યપદેશ છે—લક્ષણાથી પ્રયોગ છે ॥ ૯ ॥

તુશબ્દ આશંકાની વ્યાવૃત્તિ કરવા માટે છે. અપર બ્રહ્મ પર બ્રહ્મની સમીપમાં છે તેથી તેને વિષે પણ બ્રહ્મશબ્દનો પ્રયોગ વિરુદ્ધ થતો નથી; કારણ કે પર બ્રહ્મ વિશુદ્ધ ઉપાધિના સંબન્ધથી ક્વચિત્ કેટલાક વિકારધર્મો મનોમયત્વ વગેરેથી ઉપાસના માટે ઉપદેશ કરાતું અપર થાય છે એવી સ્થિતિ છે ॥ ૯ ॥

[illegible]

[illegible] ॥ ૭ ॥

'ब्रह्मलोकेषु' એમાં બહુવચન. [illegible] 'विशेषितत्वाच्च' [illegible] ॥ ૮ ॥

[illegible] ॥ ૯ ॥

[illegible] વિશુદ્ધ ઉપાધિના સંબન્ધથી [illegible]

૧. [illegible] ૨. [illegible]

વણીમાં પરોવી છે; કેમકે તેમાં અન્ય વિદ્યાનો પ્રક્રમ નથી; કારણ કે 'अन्यत्र धर्मादन्यत्राधर्मात्' [કઠ૦ ૨।૧૪] (ધર્મથી—શાસ્ત્રીય ધર્માનુષ્ઠાન, તેના ફળથી ને તેનાં કારકોથી—પૃથગ્ભૂત અને અધર્મથી પૃથગ્ભૂત { જે છે, હે ભગવન, તમે જુઓ છે તે તું મને કહે }) એમ પર બ્રહ્મ પ્રકાન્ત છે ॥ ૧૩ ॥

न च कार्ये प्रतिपत्त्यभिसंधिः ॥ १४ ॥

પ્રાપ્તિનો અભિસંધિ કાર્યબ્રહ્મને વિષે નથી ॥ ૧૪ ॥

વળી 'प्रजापतेः सभां वेश्म प्रपद्ये' [છાન્દો૦ ૮।૧૪।૧] (હું પ્રજાપતિની સભાઘરમાં જઈશ છું) એ પ્રાપ્તિનો અભિસંધિ કાર્યબ્રહ્મને વિષે નથી; કેમકે 'नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म' [છાન્દો૦ ૮।૧૪।૧] ({ આકાશ શ્રુતિને વિષે પ્રસિદ્ધ આત્મા છે }, તે આકાશ પોતાને વિષે રહેલાં જગદ્બીજભૂત નામ અને રૂપનું વ્યાકર્તા છે. તે નામ ને રૂપ જે બ્રહ્મની અંદર છે અથવા તે નામ ને રૂપની મધ્યે જે નામરૂપથી અસ્પૃષ્ટ છે તે, નામરૂપથી વિલક્ષણ બ્રહ્મ છે) એમ કાર્યબ્રહ્મથી વિલક્ષણ પર બ્રહ્મજ પ્રકૃત છે. 'यशोऽहं भवामि ब्राह्मणानाम्' [છાન્દો૦ ૮।૧૪।૧] (હું બ્રાહ્મણોનો યશ-આત્મા થાઉં છું) એમ સર્વના આત્મા તરીકે ઉપક્રમણ છે; કેમકે 'न तस्य प्रतिमा अस्ति यस्य नाम महद्यशः' [શ્વેતા૦ ૪।૧૯] (તેની—ઈશ્વરની પ્રતિમા નથી, જેનું—જે ઈશ્વરનું નામ મહદ્—દિશા આદિથી અનવચ્છિન્ન, સર્વત્ર પરિપૂર્ણ-યશ છે) એમ પર બ્રહ્મનુંજ યશ એ નામ પ્રસિદ્ધ છે. વળી એ વેશ્મપ્રાપ્તિ ગતિપૂર્વક છે એમ હાર્દવિદ્યામાં કહી છે—'तदपराजिता पूर्ब्रह्मणः प्रभु-

---

એમ આશંકા કરી, પ્રકરણસામર્થ્યથી એમ જણાય છે એમ કહે છે—'કેમકે તેમાં અન્ય વિદ્યાનો પ્રક્રમ નથી' ॥ ૧૩ ॥

આ પ્રકારે બ્રહ્મશ્રુતિ ને અમૃતત્વ શ્રુતિથી ને પ્રકરણથી પરને વિષે ગતિ છે એમ કહ્યું છે. હવે 'પ્રજાપતિની સભાઘરમાં હું જઈશ છું' એમ [illegible] કાર્યબ્રહ્મ [illegible] સંકલ્પ [illegible] છે તેથી પર [illegible] નથી એ શંકાનું નિરસન કરે છે—'न च कार्ये प्रतिपत्त्यभिसंधिः' પર બ્રહ્મ પ્રકૃત છે ને યશ એ પર પરમાત્માનું નામ [illegible] પ્રસિદ્ધ છે તેથી 'यशोऽहं भवामि ब्राह्मणानाम्' એમ [illegible] છે. યશ એટલે આત્મા [illegible] હું [illegible] છું, [illegible] એમ સર્વાત્મના [illegible] પર બ્રહ્મની પ્રતિપત્તિ એ સંકલ્પ છે એવો અર્થ છે [illegible] વેશ્મપ્રાપ્તિની [illegible] પર બ્રહ્મને વિષે છે. [illegible] તે [illegible] કેવી રીતે [illegible] તેથી કહે છે—'વળી એ વેશ્મપ્રાપ્તિ ગતિપૂર્વક છે' ઇત્યાદિ. 'तदपराजिता'—એ [illegible] પર બ્રહ્મ [illegible] એવી [illegible] હિરણ્યગર્ભ બ્રહ્મની છે, તેજ હિરણ્યગર્ભ પ્રભુએ નિર્મી છે, ને હિરણ્મય વેશ્મ છે તેને વિદ્વાન્ પ્રાપ્ત કરે છે એમ હાર્દવિદ્યામાં ગતિપૂર્વક વેશ્મપ્રાપ્તિ કહી છે; તેથી પર બ્રહ્મને વિષે [illegible] વેશ્મપ્રતિપત્તિ [illegible] કથન છે [illegible] તેથી [illegible] ગતિપૂર્વક

---

૧ પ્રારંભ. ૨ [illegible] પ્રારંભ છે

विमितं हिरण्मयम्' [છાન્દો૦ ૮।૫।૩] (તે અપરાજિત નામની બ્રહ્મની પુરી છે, પ્રભુએ વિશેષે નિર્મિત, સુવર્ણમય છે) એમાં. પદ્‌ધાતુ પણ ગત્યર્થક છે તેથી તેને માર્ગની અપેક્ષા છે એમ નિશ્ચય થાય છે. તેટલા માટે ગતિની શ્રુતિઓ પર બ્રહ્મ વિષે છે એમ પક્ષાન્તર છે. તે એ બંને પક્ષો આચાર્યે સૂત્રોથી દર્શાવ્યા છે, એક ગતિની ઉપપત્તિ આદિથી ને બીજો મુખ્યત્વ આદિથી. તેમાં ગતિની ઉપપત્તિ આદિ મુખ્યત્વ આદિને આભાસ તરીકે પ્રતિપાદન કરવા શક્તિમાન્ છે, પણ મુખ્યત્વ આદિ ગતિની ઉપપત્તિ આદિને આભાસ તરીકે પ્રતિપાદન કરવા શક્તિમાન્ નથી; તેટલા માટે આદ્યનેજ સિદ્ધાન્ત કહ્યો છે ને બીજાને પૂર્વપક્ષ; કેમકે સંભવ ન હોય તોપણ મુખ્યજ અર્થનું ગ્રહણ કરવું એમ કોઈ આજ્ઞા કરનાર વિદ્યમાન નથી. પરવિદ્યાના પ્રકરણમાં પણ અન્ય વિદ્યાને આશ્રયે રહેલું બ્રહ્મમાં ગતિનું કીર્તન છે તે પરવિદ્યાની સ્તુતિને અર્થે છે. 'विष्वङ्ङन्या उत्क्रमणे भवन्ति' [છાન્દો૦ ૮।૬।૬] (ભિન્ન ભિન્ન ગતિવાળી અન્ય નાડી ઉત્ક્રાન્તિ માટે છે) એની પેઠે. 'प्रजापतेः सभां वेश्म प्रपद्ये' [છાન્દો૦ ૮।૧૪।૧] (હું પ્રજાપતિની સભા-ઘરમાં જાઉં છું) એમાં તો પૂર્વ વાક્યથી વિચ્છેદ કરીને કાર્યબ્રહ્મને વિષે પણ પ્રાપ્તિનો અભિસંધિ વિરુદ્ધ થતો નથી. સગુણ બ્રહ્મને વિષે પણ તે સર્વનો આત્મા છે એમ સંકીર્તન 'सर्वकर्मा सर्वकामः' [છાન્દો૦ ૩।૧૪।૨] (સર્વ વિશ્વ જેનું કર્મ છે [સર્વ

છે એમ સિદ્ધ થાય છે એવો અર્થ છે. તેમજ पद गतौ ('પદ્'-જવું) એમ ધાતુપાઠ હોવાથી 'वेश्म प्रपद्ये' એમાં માર્ગની અપેક્ષા જણાય છે—'પદ્‌ધાતુ પણ ગત્યર્થક છે તેથી' ઇત્યાદિ. પૂર્વપક્ષનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે ગતિની શ્રુતિઓ' ઇત્યાદિ. આજ સિદ્ધાન્તપક્ષ છે એમ દૃઢ કરવા ઉપક્રમ કરે છે—'તે એ બંને પક્ષો' ઇત્યાદિ. બ્રહ્મશબ્દનો મુખ્ય અર્થ આદિ હેતુઓ કહ્યા છે તે આભાસ છે એમ સ્પષ્ટ કરે છે—'કેમકે સંભવ ન હોય તોપણ' ઇત્યાદિ. ગન્તવ્યત્વનો પર બ્રહ્મને વિષે અસંભવ છે તેથી, 'ब्रह्मलोकेषु' એ બહુવચન આદિનો પણ પર બ્રહ્મને વિષે અસંભવ છે, ને સંકલ્પથીજ ગન્ધાદિ દિવ્ય ભોગ પ્રતિપાદન કરનાર શ્રુતિનો પર બ્રહ્મને વિષે અસંભવ છે તેથી મુખ્ય અર્થનો ત્યાગ છે એવો અર્થ છે. જોકે 'एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म' [પ્રશ્ન૦ ૫।૨] ઇત્યાદિ શ્રુતિઓમાં બ્રહ્મશબ્દનો પર ને અપર બંનેના અર્થમાં સમાન પ્રયોગ છે તેથી બ્રહ્મશબ્દ ઉભયત્ર રૂઢ હોવાથી બંને અર્થમાં મુખ્યજ છે, તોપણ પૂર્ણ પર બ્રહ્મને વિષે અવયવાર્થ જે નિરતિશય મહત્ત્વ તેનો લાભ છે માટે અપર બ્રહ્મને વિષે બ્રહ્મશબ્દ અમુખ્ય છે એવો અંગીકાર છે એમ વિચારવાનું છે. એમ જે કહ્યું છે કે કાર્યવિદ્યાના પ્રકરણના બળથી ગતિ પરને વિષે છે તેને વિષે કહે છે—'પરવિદ્યાના પ્રકરણમાં પણ' ઇત્યાદિ. જેમ વિદ્યા સાથે સંબદ્ધ સુષુમ્નાની સ્તુતિ માટે તેની સાથે સંબન્ધ વિનાની અન્ય નાડીઓનું કીર્તન છે, તેમ પરવિદ્યાની સ્તુતિને માટે તેના પ્રકરણમાં પણ અપરવિદ્યાને આશ્રયે રહેલી ગતિનું કીર્તન યુક્ત છે; ગતિ વિના પણ પરવિદ્યા તો નિરતિશય ફળવાળી છે, તેમાં તો અપરવિદ્યાનું ફળ જે ગતિસાધ્ય છે તેનો અન્તર્ભાવ છે એમ સ્તુતિનો લાભ છે એવો અર્થ છે. જેમ બ્રહ્મનાડીની પ્રશંસાને અર્થે અન્ય નાડીઓ, વિદ્યાસંબન્ધરહિત છે તોપણ તેનું બ્રહ્મનાડીના પ્રકરણમાં અનુકીર્તન છે; તેમ દહરાદિ વિદ્યાને આશ્રયે રહેલી ગતિથી પ્રાપ્ત ફળનું અનુકીર્તન પરવિદ્યાના અધિકારમાં પણ યુક્ત છે; કેમકે પરવિદ્યા ગતિરહિત છે તોપણ ગતિપૂર્વક ફળ પરવિદ્યાથીજ સિદ્ધ થાય છે એમ એ વિદ્યા

વિધે તે ઈશ્વરે કર્યું છે તેથી), સર્વ દોષરહિત કામ જેના છે તે) ઇત્યાદિની પેઠે સંભવે છે. તેટલા માટે ગતિની શ્રુતિઓ અપર બ્રહ્મને વિષેજ છે. પણ કેટલાક તો પૂર્વ સૂત્રો પૂર્વપક્ષસૂત્રો છે ને ઉત્તર સૂત્રો સિદ્ધાન્તસૂત્રો છે એ વ્યવસ્થાને અનુસરતા થઈ ગતિની શ્રુતિઓ પર બ્રહ્મને વિષે છે એમ પ્રતિષ્ઠાપન કરે છે—તે અનુપપન્ન છે; કેમકે બ્રહ્મ ગન્તવ્ય થાય એ અનુપપન્ન છે. જે પર બ્રહ્મ સર્વગત, સર્વની અંદર રહેલું, સર્વાત્મક છે. 'आकाशवत् सर्वगतश्च नित्यः' (આકાશની પેઠે સર્વગત ને નિત્ય છે) 'यत् साक्षादपरोक्षाद् ब्रह्म' [બૃહ૦ ૩।૪।૧] (જે બ્રહ્મ સાક્ષાત્—અવ્યવહિત છે, કોઈ પણ દ્રષ્ટાથી અપરોક્ષ હોવાથી અગૌણ છે), 'य आत्मा सर्वान्तरः' [બૃહ૦ ૩।૪।૧] (જે આત્મા સર્વનો અભ્યન્તર છે), 'आत्मैवेदं सर्वम्' [છાન્દો૦ ૭।૨૫।૨] (આત્માજ એ સર્વ છે), ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम्' [મુણ્ડક૦ ૨।૨।૧૧] (એ સર્વ બ્રહ્મજ છે. એ શ્રેષ્ઠ બ્રહ્મજ છે) ઇત્યાદિ શ્રુતિઓથી જે બ્રહ્મનો વિશેષ નિર્ધારિત છે તે બ્રહ્મ ગન્તવ્ય થાય એ કદાચિત્ પણ ઉપપન્ન થતું નથી; કારણ કે જે પ્રાપ્તજ છે તે તરફ કોઈ જતું નથી. ખરેખર, કોઈ પણ પુરુષ પોતાથી અન્ય તરફ જાય છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. પણ લોકમાં જે પ્રાપ્ત થયું છે તે પણ અન્ય દેશથી વિશિષ્ટ થઈને ગન્તવ્ય છે એમ જોવામાં આવે છે. જેમ પૃથિવીમાં રહેલોજ અન્ય દેશના દ્વારથી પૃથિવીમાં જાય છે; તેમજ બાળ અનન્ય છે તોપણ અન્ય કાળથી વિશિષ્ટ, સ્વાત્મભૂતજ—પોતાનાજ વાર્ધક્યમાં તે જાય છે એમ દેખાય છે; તે પ્રમાણે બ્રહ્મ પણ સર્વ શક્તિથી યુક્ત હોવાથી કોઈ પણ પ્રકારે ગન્તવ્ય થાય એમ

લીધી છે. નિરતિશય ઐશ્વર્યનો એ હેતુ છે તેથી એવી રીતે સ્તુતિપ્રકર્ષનો સંભવ છે એવો અર્થ છે. પ્રશ્નિનો અભિસંધિ—સંકલ્પ પણ પ્રકૃત પર બ્રહ્મને વિષે છે એમ જે કહ્યું છે તે યુક્ત નથી એમ કહે છે—'प्रजापतेः सभां वेश्म प्रपद्ये' ઇત્યાદિ. પ્રજાપતિ, સભા, ને વેશ્મ એ ત્રણ શબ્દશ્રુતિથી તેના સંબંધરૂપ વાક્યથી પ્રકરણ બાધ્ય છે. 'यशोऽहम्' એમ સર્વાત્મતા તો ઉપાસનાને અર્થે અપર બ્રહ્મને વિષે ઉપયુક્ત થાય છે એવો અર્થ છે. સ્વપક્ષ કહીને પરપક્ષનાં દૂષણો કહે છે—'પણ કેટલાક તો પૂર્વસૂત્રો' ઇત્યાદિ. બ્રહ્મ સર્વગત ને સ્વાત્મભૂત છે તોપણ સંસારદેશથી અન્યદેશવિશિષ્ટ થઈ અને સંસારકાળથી અન્યકાળવિશિષ્ટ થઈ ગન્તવ્ય થાય એમ પૃથિવી ને વયનાં દૃષ્ટાન્તો આપી શંકા કરે છે—'પણ લોકમાં જે પ્રાપ્ત થયું છે' ઇત્યાદિ. 'અનન્ય છે તોપણ'—બાળક વૃદ્ધાવસ્થા વગર વિનાજ પ્રાપ્ત કરે છે, માટે તે અવસ્થામાં ને અનન્ય છે એમ કહ્યું છે. 'સ્વાત્મભૂતજ'=અવસ્થા ને અવસ્થાવાન્ એ બેની વચ્ચે અભેદ હોવાથી એમ કહ્યું છે. પણ પૃથ્વી અને વય એ બન્ને પ્રાપ્ત છે તોપણ દેશાન્તરવિશિષ્ટ થઈને કાલાન્તરવિશિષ્ટ થઈ ગન્તવ્ય થાય એ યુક્ત છે, કેમકે તેમાં ગન્તા ગન્તવ્યથી ભિન્ન છે; પણ બ્રહ્મ તો ગન્તાથી અભિન્ન છે તો તે ગન્તવ્ય શી રીતે થાય તેને વિષે કહે છે—'બ્રહ્મ પણ સર્વ શક્તિથી યુક્ત હોવાથી' ઇત્યાદિ. જે પ્રાપ્ત પૃથિવી છે તે ગન્તવ્ય નથી ને જે ગન્તવ્ય દેશાન્તર છે ને તો અપ્રાપ્ત છે એટલે જે પ્રાપ્ત છે તે ગન્તવ્ય શી રીતે છે? વય પણ અન્ય કાળમાં અભિવ્યક્તિમાત્ર છે, ગન્તવ્ય નથી એમ વસ્તુગતિ છે. વિશિષ્ટ પૃથિવીને વયની ગન્તવ્યતાનો અંગીકાર કરીને, પર બ્રહ્મને દેશ ને કાળની વિશિષ્ટતા નથી તેથી તે કોઈ

૧ અવસ્થામાં.

(શંકા છે). ના; કેમકે સર્વે વિશેષોનો બ્રહ્મને વિષે પ્રતિષેધ કર્યો છે. 'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्' [શ્વેતા૦ ૬।૧૯] (બ્રહ્મ અવયવરહિત છે, ક્રિયારહિત—કૂટસ્થ, પોતાનાજ મહિમાને વિષે પ્રતિષ્ઠિત છે, શાન્ત-જેમાં સર્વ વિકારોનો ઉપસંહાર થયો છે એવું છે, નિરવદ્ય-અગર્હણીય છે, ને નિર્લેપ છે), 'अस्थूलमनण्वह्रस्वमदीर्घम्' [બૃહ૦ ૩।૮।૮] (બ્રહ્મ સ્થૂલ નથી, અણુ નથી, હ્રસ્વ નથી, દીર્ઘ નથી), 'सबाह्याभ्यन्तरो ह्यजः' [મુણ્ડ૦ ૨।૧।૨] (તે બાહ્ય ને આભ્યન્તર સાથે છે, અજ છે), 'स वा एष महानज आत्माऽजरोऽमृतोऽभयो ब्रह्म' [બૃહ૦ ૪।૪।૨૫] (તે એ આત્મા મહાન્ છે, અજ છે, જરા-વિપરિણામથી રહિત છે, અજર હોવાથી અમર છે, અમર-અવિનાશી હોવાથી અમૃત છે, તેથીજ અભય બ્રહ્મ છે), 'स एष नेति नेत्यात्मा' [બૃહ૦ ૩।૯।૨૬] (જે 'નથી', 'નથી' એમ મધુકાંડમાં નિર્દિષ્ટ છે તે એ આત્મા છે) ઇત્યાદિ શ્રુતિ, સ્મૃતિ, ને ન્યાયથી દેશ, કાલ આદિ વિશેષયોગ પરમાત્માને વિષે કલ્પવો શક્ય નથી; કે જેથી ભૂપ્રદેશ ને વયોવસ્થાની પેઠે બ્રહ્મ ગન્તવ્ય થાય. ભૂ અને વય એને પ્રદેશ, અવસ્થા આદિ વિશેષનો યોગ છે તેથી તેમની દેશકાલવિશિષ્ટ ગન્તવ્યતા ઉપપન્ન થાય. પણ બ્રહ્મને શ્રુતિમાં જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ, ને પ્રલયનો હેતુ કહ્યું છે. તેથી તે અનેક શક્તિવાળું છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે વિશેષનું નિરાકરણ કરનારી શ્રુતિઓનો અન્ય અર્થ નથી. ઉત્પત્તિ આદિ કહેનારી શ્રુતિઓનો પણ અન્ય અર્થ નથી એ સમાન છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે તેઓનું તાત્પર્ય એકત્વ પ્રતિપાદન કરવાનું છે; કારણ કે મૃત્તિકા આદિના દૃષ્ટાન્તોથી સત્ બ્રહ્મ જે એક તેજ સત્ય છે ને વિકાર અસત્ય છે એમ પ્રતિપાદન કરનાર શાસ્ત્રનું તાત્પર્ય ઉત્પત્તિ આદિ પ્રતિપાદન કરવાનું થાય એ યુક્ત નથી. પણ ઉત્પત્તિ આદિ કહેનારી શ્રુતિઓ વિશેષનું નિરાકરણ કરનારી શ્રુતિઓની શેષભૂત છે ને વિશેષનું નિરાકરણ કરનારી શ્રુતિઓ ઉત્પત્તિ આદિ કહેનારી શ્રુતિઓની શેષભૂત નથી એમ કેમ? કહીએ છીએ—કારણ કે વિ-

---

પણ પ્રકારે ગન્તવ્ય નથી એમ કહે છે—'ના, કેમકે સર્વે વિશેષોનો' ઇત્યાદિ. 'ઇત્યાદિ શ્રુતિ, સ્મૃતિ, ને ન્યાયથી'—'अनादिमत् परं ब्रह्म' (બ્રહ્મ અનાદિમાન્ છે, પર છે) ઇત્યાદિ સ્મૃતિ છે. જ્ઞેયવિશેષ જ્ઞાનને વિષે કલ્પિત છે માટે જ્ઞાનસ્વરૂપ નિર્વિશેષ છે એવો ન્યાય છે. સગુણ બ્રહ્મ સૂત્રાત્માની અપેક્ષાએ પર છે એમ સમજવાનું છે, નિર્વિશેષ બ્રહ્મ નથીજ, ઉત્પત્તિ આદિનો હેતુભાવ અપરિણામી બ્રહ્મને સંભવતો નથી એમ શંકા કરે છે—'પણ બ્રહ્મને શ્રુતિમાં જગત્ની ઉત્પત્તિ' ઇત્યાદિ. નિર્વિશેષ બ્રહ્મ નથીજ એમ જે શંકા કરો છો તે પ્રમાણનો અભાવ છે તેથી કે સવિશેષ બ્રહ્મ પ્રતિપાદન કરનાર શ્રુતિ સાથે વિરોધ થાય છે તેથી? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'તે યુક્ત નથી; કેમકે વિશેષ નિરાકરણ કરનારી શ્રુતિઓનો' ઇત્યાદિ. દ્વિતીય પક્ષની શંકા કરે છે—'ઉત્પત્તિ આદિ કહેનારી શ્રુતિઓનો પણ' ઇત્યાદિ. સવિશેષશ્રુતિઓ નિર્વિશેષશ્રુતિની શેષભૂત હોવાથી વિરોધ નથી એમ કહે છે—'તે યુક્ત નથી; કેમકે તેઓનું તાત્પર્ય' ઇત્યાદિ. નિર્વિશેષશ્રુતિજ સવિશેષશ્રુતિની શેષ કેમ ન થાય તેને માટે કહે છે—'પણ ઉત્પત્તિ આદિ કહેનારી શ્રુતિઓ વિશેષનું' ઇત્યાદિ. નિર્વિશેષ શ્રુતિઓ સ્વાર્થને વિષે ફલવાન્ હોઈ નિરાકાંક્ષ છે માટે શેષી-અંગી છે; સવિશેષ શ્રુતિ તો ફલ

શેષનિરાકરણશ્રુતિઓનું તાત્પર્ય નિરાકાંક્ષા છે; કેમકે આત્મા એક, નિત્ય, શુદ્ધ ઇત્યાદિ છે એમ જ્ઞાન થયે, પછી કંઈ આકાંક્ષા ઉત્પન્ન થતી નથી; કારણ કે પુરુષાર્થ સમાપ્ત થયે. એવી બુદ્ધિ ઉપપન્ન થાય છે—'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः' [ઈશા૦ ૭] (એકત્વ જોનારને તે કાળે મોહ શો છે ને શોક શો છે?), 'अभयं वै जनक प्राप्तोऽसि' [બૃહ૦ ૪।૨।૪] (હે જનક, તું અભય—જન્મમરણાદિથી થતા ભયથી શૂન્યતાને—પ્રાપ્ત થયો છે {એમ યાજ્ઞવલ્ક્યે કહ્યું}), 'विद्वान् न बिभेति कुतश्चन'। 'एतं ह वाव न तपति किमहं साधु नाकरवं किमहं पापमकरवम्' [તૈત્તિ૦ ૨।૯।૧] (વિદ્વાન કશાથી બીતો નથી-ભયનિમિત્તનોજ આ અદ્વૈતને વિષે પ્રતિષેધ કર્યો છે. મેં સાધુ કર્મ કેમ ન કર્યું, પાપ કર્મ મેં કેમ કર્યું એમ એવા પુરુષને સંતાપતું નથી) ઇત્યાદિ શ્રુતિઓથી. તેમજ વિદ્વાનોને તુષ્ટિનો અનુભવ આદિ જોવામાં આવે છે તેથી. અને વિકારના અસત્ય અભિસન્ધિને શ્રુતિ નિન્દે છે—'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश્यति' [કઠ૦ ૨।૪।૧૦] (અહિં—આ બ્રહ્મ જે અદ્વૈત છે તેને વિષે પરથી હું અન્ય છું, મારાથી અન્ય પર બ્રહ્મ છે એમ ભિન્ન જેવું વિચારે છે તે મૃત્યુથી મૃત્યુ-પુનર્જન્મમરણભાવ પ્રાપ્ત કરે છે) એમ. એટલા માટે વિશેષનિરાકરણશ્રુતિઓ અન્ય શ્રુતિની શેષભૂત છે એમ સમજવું શક્ય નથી. એ પ્રમાણે ઉત્પત્તિ આદિ કહેનારી શ્રુતિઓનું નિરાકાંક્ષાનો અર્થ પ્રતિપાદન કરવાનું સામર્થ્ય નથી; પણ તેમનો અન્ય અર્થ છે—તેઓ શેષભૂત છે, એમ પ્રત્યક્ષ સમજાય છે; કેમકે 'तत्रैतच्छुङ्गमुत्पतितं सोम्य विजानीहि नेदममूलं भविष्यति' [છાન્દો૦ ૬।૮।૩] (એમ થયે-જળ એ અશિતનો-જે ખાધું છે તેનો રસાદિભાવ કરે છે તેથી—{નિષ્પાદિત થયલું આ શરીર વટકણિકામાં જાણે અંકુર ઉત્પન્ન થયો હોય એવું છે} તે એ શરીરનામના શુઙ્ગને વટાદિશુઙ્ગની પેઠે ઉદ્ગત થયલું જાણ, હે સોમ્ય, શુઙ્ગવત્ કાર્ય હોવાથી શરીર મૂલરહિત નહિ થાય {એમ શ્વેતકેતુ કહે છે}) એમ ઉપન્યાસ કરીને અન્તે સત્ એક જગત્નું મૂલ વિજ્ઞેય છે એમ દર્શાવે છે—'यतो वा इमानि भूतानि जायन्ते। येन जातानि जीवन्ति। यत्प्रयन्त्यभिसंविशन्ति। तद्विजिज्ञासस्व। तद् ब्रह्म' [તૈત્તિ૦ ૩।૧।૧] (જેમાંથી આ, બ્રહ્માદિ સ્તમ્બપર્યન્ત ભૂતો ઉત્પન્ન થાય છે, જે વડે ઉત્પન્ન થયલાં જીવે છે—પ્રાણ ધારણ કરે છે, વધે છે, ને {વિનાશકાળે} જેમાં પ્રયાણ કરે છે, પ્રવેશ કરે છે-તાદાત્મ્ય પામે છે તેને

વિનાની હોવાથી નિરપેક્ષવિશેષનો બોધ કરાવવાના દ્વારથી શેષભૂત છે: કેમકે કૃશવત્ના સંનિધિમાં અકૃત તેનું અંગ થાય છે એવો ન્યાય છે એમ કહે છે—'કહીએ છીએ; કારણ કે વિશેષનિરાકરણશ્રુતિઓનું તાત્પર્ય' ઇત્યાદિ. માત્ર ન્યાયથીજ સવિશેષશ્રુતિ નિર્વિશેષશ્રુતિનું અંગ છે એમ નહિ, પણ શ્રુતિથી પણ એમ છે એમ કહે છે—'પણ તેમનો અન્ય અર્થ છે' ઇત્યાદિ. 'तत्रैतच्छुङ्ग'—તેમાં-મૂલકારણ બ્રહ્મમાં, આ શુંગ, જગદાત્મક કાર્ય ઉત્પન્ન થયું છે એમ ઉપક્રમ કરીને તે શુંગ વડે સત્નું મૂલ શોધ એમ ઉપસંહારમાં સત્નેજ છાન્દોગ્યમાં જ્ઞેય કહ્યું છે. તેમજ તૈત્તિરીયકમાં પણ જગજ્જન્મ આદિના અનુવાદથી બ્રહ્મજ જ્ઞેય છે એમ દર્શાવ્યું છે; એ કારણથી સૃષ્ટિશ્રુતિઓ નિર્વિશેષશ્રુતિનું અંગ છે એમ શ્રુતિથીજ જણાય છે એવો અર્થ છે. એ પ્રમાણે બ્રહ્મ નિર્વિશેષ હોવાથી ગન્તવ્ય નથી એમ સ્થિત કહે

[illegible] ક્રતુ છે, તે બ્રહ્મ છે) એમ. એ પ્રમાણે ઉત્પત્તિ આદિ કરેનારી શ્રુતિઓનું આત્માનું એકત્વ સમજાવવાનું તાત્પર્ય છે તેથી બ્રહ્મમાં અનેક શક્તિનો યોગ નથી; અને એ કારણથી બ્રહ્મ ગન્તવ્ય થાય એ અનુપપન્ન છે. 'न तस्य प्राणा उत्क्रामन्ति ब्रह्मैव सन् ब्रह्माप्येति' [બૃહ૦ ૪।૪।૬] (તેના પ્રાણો ઉત્ક્રમણ કરતા નથી, બ્રહ્મજ હોઈ બ્રહ્મમાં લય પામે છે) એ પર બ્રહ્મને વિષે ગતિનું નિવારણ કરે છે. તેનું 'स्पष्टो ह्येकेषाम्' [બ્રહ્મસૂ૦ ૪।૨।૧૩] એમાં વ્યાખ્યાન કર્યું છે. ગતિની કલ્પના કરીએ તો ગન્તા જીવ ગન્તવ્ય બ્રહ્મનો અવયવ થાય, વિકાર થાય, કે તેથી અન્ય થાય; કેમકે અત્યન્ત તાદાત્મ્ય હોય તો ગમન અનુપપન્ન છે. જો એમ હોય તો, શું થાય? એથી કહે છે. જો જીવ બ્રહ્મનો એકદેશ હોય તો તેથી એકદેશી નિત્યપ્રાપ્ત હોવાથી પુન: બ્રહ્મગમન ઉપપન્ન થતું નથી. વળી એકદેશ ને એકદેશીની કલ્પના બ્રહ્મને વિષે અનુપપન્ન છે; કેમકે બ્રહ્મ નિરવયવ છે એમ પ્રસિદ્ધ છે. વિકારપક્ષમાં પણ એ તુલ્ય છે, વિકારથી પણ વિકારી નિત્યપ્રાપ્ત છે; કેમકે ઘટ [illegible] પરિત્યાગ કરીને અવસ્થિત થતો નથી, કારણ કે (મૃત્તિકાસ્વરૂપ) [illegible] થયે (ઘટનો) અભાવ પ્રાપ્ત થાય છે. વળી વિકારપક્ષમાં ને અવયવપક્ષમાં વિકારવાન્ ને અવયવવાન્ બ્રહ્મ સ્થિર હોવાથી તેના સંસારગમનનો [illegible] છે. હવે એ જીવ બ્રહ્મથી અન્ય હોય તો તે અણુ, વ્યાપી, કે મધ્યમ પરિમાણવાળો થવો જોઈએ. વ્યાપી હોય તો ગમન અનુપપન્ન છે; મધ્યમ પરિમાણવાળો હોય તો અનિત્ય થવાનો પ્રસંગ આવે. અણુ હોય તો કૃત્સ્ન શરીરમાં વેદના થાય છે તે અનુપપન્ન થાય. અણુત્વ ને મધ્યમ પરિમાણત્વનો પાછળ [illegible] પ્રતિષેધ કર્યો છે. તેમજ જીવ પર આત્માથી અન્ય હોય તો 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે) ઇત્યાદિ શાસ્ત્રને બાધ થવાનો પ્રસંગ આવે. વિકાર પક્ષમાં ને અવયવપક્ષમાં પણ એ દોષ સમાન છે. વિકાર ને અવયવ [illegible]

[illegible] 'એ પ્રમાણે ઉત્પત્તિ આદિ કરેનારી' [illegible] 'न तस्य प्राणा उत्क्रामन्ति' [illegible] ગતિની [illegible] પણ [illegible] કરે છે—' ગતિની [illegible] કરીએ તો' [illegible] 'અત્યન્ત તાદાત્મ્ય હોય તો' [illegible] 'વળી વિકારપક્ષમાં ને અવયવપક્ષમાં' [illegible] 'હવે એ જીવ બ્રહ્મથી અન્ય હોય' [illegible]

[illegible]

રવાન્ ને અવયવત્વાન્થી અનન્ય હોવાથી દોષ નથી એમ કહેશો તો તે યુક્ત નથી, મુખ્ય અર્થમાં એકત્વ અનુપપન્ન છે તેથી. એ સર્વ પક્ષોમાં અનિર્મોક્ષનો પ્રસંગ આવશે; કેમકે સંસારી સ્વરૂપ નિવૃત્ત થશે નહિ; અથવા નિવૃત્ત થાય તો સ્વરૂપના નાશ થવાનો પ્રસંગ આવે; અને બ્રહ્મ એ આત્મા છે એવો સ્વીકાર નથી. કેટલાક પ્રલપન કરે છે કે—નિત્ય ને નૈમિત્તિક કર્મો પ્રત્યવાય ઉત્પન્ન ન થાય માટે કરાય છે; કામ્ય ને પ્રતિષિદ્ધ કર્મો, સ્વર્ગ અને નરક પ્રાપ્ત ન થાય માટે તજાય છે; અને સાંપ્રત દેહમાં ઉપભોગ્ય કર્મો ઉપભોગ વડેજ ક્ષીણ કરાય છે; એ કારણથી વર્તમાન દેહ પડ્યા પછી અન્ય દેહના પ્રતિસંધાનનું કારણ નથી તેથી એવા થયલા પુરુષને બ્રહ્માત્મતા વિના પણ સ્વરૂપાવસ્થાનરૂપ કૈવલ્ય સિદ્ધ થશે. તે ખોટું છે; પ્રમાણ નથી તેથી; કારણ કે મોક્ષાર્થીએ એ પ્રકારે આચરવું એમ કોઈ શાસ્ત્રે પ્રતિપાદન કર્યું નથી. સંસાર કર્મનિમિત્ત છે તેથી, નિમિત્તને અભાવે રહેશે નહિ એમ સ્વબુદ્ધિએ તર્ક કર્યો છે. વળી એમ તર્ક કરવો પણ શક્ય નથી; કેમકે નિમિત્તનો અભાવ દુર્જ્ઞેય છે. ખરેખર, એકેક પ્રાણીનાં, અન્ય જન્મમાં [1]સંચિત થયલાં, ઇષ્ટ ને અનિષ્ટ વિપાકવાળાં બહુ કર્મો

પવ' ઇત્યાદિ. બે ભિન્ન વસ્તુઓનો અભેદ મુખ્ય અર્થમાં યુક્ત નથી, કેમકે વિરોધ થાય. એમ પરિહાર કરે છે—'તે યુક્ત નથી, મુખ્ય અર્થમાં' ઇત્યાદિ. વળી ત્રણે પક્ષ અયુક્ત છે: કેમકે તાત્વિક જીવભાવ જે સંસારિત્વ તેનો નાશ થયે તાત્વિક જીવસ્વરૂપનો નાશ પ્રસક્ત થશે, અને અમારી પેઠે તમે બ્રહ્માત્મત્વ એવું જીવનું તાત્વિકરૂપ સ્વીકાર્યું નથી કે એનો, સંસારનાશ થયે પણ, નાશ ન થાય—જીવ બ્રહ્મનો અવયવ છે, પરિણામ-વિકાર છે, કે જીવ બ્રહ્મથી અત્યન્ત ભિન્ન છે એ ત્રણે પક્ષોમાં જીવની સંસારિતા તાત્વિક છે એટલે મુક્તિને વિષે સ્વભાવનો ત્યાગ થવાથી જીવોનો વિનાશ પ્રસક્ત થાય; પણ જીવ બ્રહ્મનો વિવર્ત જ છે એ પક્ષમાં તો બ્રહ્મજ જીવનો સ્વભાવ છે; પ્રતિબિંબોનો બિંબ સ્વભાવ છે તેમ, અને તે સ્વભાવ અવિનાશી છે એટલે જીવનો વિનાશ થતો નથી એમ કહે છે—'એ સર્વ પક્ષોમાં' ઇત્યાદિ. પણ બ્રહ્મનું શું પ્રયોજન છે? સંસારનો અભાવ એજ મોક્ષ છે ને તે મોક્ષ કર્મના અભાવમાત્રથી સિદ્ધ થશે એમ કર્મજડોનું મત કહી તેનું નિરસન કરે છે—'કેટલાક પ્રલપન કરે છે કે' ઇત્યાદિ. 'નિત્ય ને નૈમિત્તિક કર્મો'—જેમ [2]દધિનિમિત્ત જ્વર, [3]ઉપાત્ત કફનો, [4]વિરેચન આદિથી, પ્રક્ષય થયે અને અન્ય કફ ઉત્પન્ન કરવાના નિમિત્તનું, દધિ આદિનું, વર્જન થવાથી, પ્રશાન્ત થયલો પણ પુનઃ ઉત્પન્ન થતો નથી; એ પ્રમાણે કર્મનિમિત્ત બન્ધ ઉપાત્ત કર્મોનો, ઉપભોગથી પ્રક્ષય થયે, પ્રશાન્ત થાય છે; અને બન્ધના હેતુ અન્ય કર્મોના અનનુષ્ઠાનથી, કારણને અભાવે કાર્ય અનુપપન્ન છે તેથી, બન્ધને અભાવે મોક્ષ સ્વભાવસિદ્ધ છે, આરોગ્યની પેઠે. ઉપાત્ત દુરિતનો નાશ કરવા માટે નિત્ય ને નૈમિત્તિક કર્મોના અનુષ્ઠાનથી દુરિતનિમિત્ત પ્રત્યવાય થતો નથી; અને પ્રત્યવાય ઉત્પન્ન ન થાય એટલે સ્વસ્થ સ્વાન્તવાળો કંઈ નિષિદ્ધ આચરશે નહિ. તે મતનું નિરસન કરે છે—'તે ખોટું છે; પ્રમાણ નથી તેથી' ઇત્યાદિ. આને વિષે—આવો આચાર મોક્ષનો હેતુ છે એને વિષે—પ્રમાણ નથી એવો ભાવ છે. મોક્ષને વિષે શાસ્ત્ર પ્રમાણ છે તે મુમુક્ષુને આત્મજ્ઞાનનોજ ઉપદેશ કરે છે, આચારનો ઉપદેશ કરતું નથી. તર્ક જ પ્રમાણ છે તેને માટે કહે છે—'એમ તર્ક કરવો પણ શક્ય નથી' ઇત્યાદિ. પણ તારો પણ એ

૧ કર્મ ત્રણ પ્રકારનાં છે—સંચિત, ક્રિયમાણ, ને પ્રારબ્ધ. તેમાં અતીતદેહનું આરબ્ધ કર્મ તે સંચિત, વર્તમાન દેહથી કિયેલું તે ક્રિયમાણ, ને વર્તમાન દેહનું આરંભક તે પ્રારબ્ધ. ૨ દહીંથી ઉત્પન્ન થયેલો. ૩ થયલા. ૪ જુલાબ આદિ

સંભવે છે. વિરુદ્ધ ફળવાળાં તે કર્મોનો એકી વખત ઉપભોગ સંભવતો નથી તેથી, કેટલાંક જેમને અવસર મળે છે તે આ જન્મ નિર્મિત કરે છે; કેટલાંક તો દેશ, કાળ, ને નિમિત્તની પ્રતીક્ષા કરતાં રહે છે, તેથી તે અવશિષ્ટ કર્મોને સાંપ્રત ઉપભોગથી ક્ષય પમાડવાનો સંભવ ન હોવાથી, જેનું ચરિત વર્ણવ્યા પ્રમાણે છે તેને પણ વર્તમાન દેહનો પાત થયે અન્ય દેહના નિમિત્તનો અભાવ નક્કી કરવો શકય નથી. શેષ કર્મનો સદ્ભાવ તો 'तद्य इह रमणीयचरणाः' [છાન્દો૦ ૫।૧૦।૭] (તેટલા માટે જેઓ અહિં રમણીય આચરણવાળા છે), 'ततः शेषेण' (પછી શેષથી) ઇત્યાદિ શ્રુતિ ને સ્મૃતિઓથી સિદ્ધ થયો છે. પણ અત્ર શંકા છે કે નિત્ય અને નૈમિત્તિક કર્મો તેનાં [1]ક્ષેપક થશે એમ. તે યુક્ત નથી; કેમકે વિરોધ નથી; કારણ કે વિરોધ હોય તો [2]ક્ષેપ્યક્ષેપકભાવ થાય છે અને અન્ય જન્મમાં સંચિત કરેલાં સુકૃતોને નિત્ય ને નૈમિત્તિક સાથે વિરોધ નથી; બંનેમાં શુદ્ધિરૂપત્વ સમાન છે. [3]દુરિત તો અશુદ્ધિરૂપ છે તેથી વિરોધ હોય તો ક્ષેપણ થાય; પણ તેટલાથી અન્ય દેહના નિમિત્તનો અભાવ સિદ્ધ થતો નથી; કેમકે સુકૃત એ નિમિત્ત થાય એવી ઉપપત્તિ છે, અને દુશ્ચરિત પણ અશેષનો નાશ થયો છે એમ જાણવામાં નથી. તેમજ નિત્ય ને નૈમિત્તિકના અનુષ્ઠાનથી પ્રત્યવાયની અનુત્પત્તિમાત્ર થાય છે, અન્ય ફળની ઉત્પત્તિ થતી નથી એમ કંઈ પ્રમાણ નથી; કેમકે કર્મોનો આચાર થયે તેની પછી અન્ય ફળ પણ ઉત્પન્ન થાય એવો સંભવ છે. તેવીજ રીતે આપસ્તમ્બની પણ સ્મૃતિ છે. તે આ પ્રમાણે—'आम्रे फलार्थे निर्मिते छायागन्धावनूत्पद्येते एवं धर्मं चर्यमाणमर्था अनूत्पद्यन्ते' (આમ્રવૃક્ષ ફળને માટે નિર્મિત કરાય એટલે છાયા ને ગન્ધ તેની પછી ઉત્પન્ન થાય છે; એ પ્રમાણે ધર્મ આચરાય તેની પાછળ અર્થો ઉત્પન્ન થાય છે) એમ. વળી સમ્યગ્દર્શન થયા વિના જન્મ ને પ્રાયણની વચ્ચે સર્વ પ્રકારે કામ્ય ને પ્રતિષિદ્ધ કર્મો વર્જવાની કોઈએ પણ પ્રતિજ્ઞા લેવી શકય નથી; કેમકે

તર્કમાત્ર છે કે એક જન્મમાં અનેક વિરુદ્ધ ફળવાળાં કર્મોનો ભોગ અયુક્ત છે તેથી અવશિષ્ટ કર્મ છે તે જન્માન્તરનું નિમિત્ત છે—એવી આશંકા કરીને એ તર્કમાત્ર નથી, એને માટે પ્રમાણ છે તે કહે છે—'શેષ કર્મનો સદ્ભાવ તો' ઇત્યાદિ. અનારબ્ધફળ–જેનાં ફળ ઉત્પન્ન થયાં નથી એવાં–પણ પુણ્ય ને પાપ કર્મોનો નિત્યાદિના અનુષ્ઠાનથી ક્ષય થશે એટલે અન્ય જન્મ નહિ થાય એમ શંકા કરે છે—'પણ અત્ર શંકા છે કે નિત્ય અને નૈમિત્તિક કર્મો' ઇત્યાદિ. પુણ્યથી પુણ્યનો નાશ થતો નથી, બેની વચ્ચે અવિરોધ છે તેથી, અન્યથા અતિપ્રસંગ થાય. પાપનો પણ સર્વ રીતે પુણ્યથીજ નાશ થાય એને માટે પ્રમાણ નથી, એ રીતે સંચિત પુણ્ય ને પાપથી અન્ય જન્મ દુર્વાર છે એમ કહે છે—'તે યુક્ત નથી; કેમકે વિરોધ નથી' ઇત્યાદિ. ક્રિયમાણ નિત્યાદિ કર્મથી પણ જન્મ થશે; કેમકે 'कर्मणा पितृलोकः' એમ અવિરોધ શ્રુતિ છે, સ્મૃતિથી પણ એમ છે એમ કહે છે—'તેમજ નિત્ય ને નૈમિત્તિકના અનુષ્ઠાનથી' ઇત્યાદિ. પ્રત્યવાયને દૂર કરવા માટે નિત્યાદિ કર્મોનો આચાર થયે પછી ફળાન્તર ઉત્પન્ન થાય છે તેને માટે દૃષ્ટાન્ત કહે છે—'आम्रे फलार्थे निर्मिते'

૧ નાશક. ૨ 'ક્ષેપ્ય' = નાશ કરવા યોગ્ય; 'ક્ષેપક' = નાશક. નાશ્ય ને નાશકનો સંબન્ધ. ૩ પાપ અદૃષ્ટ કર્મ.

મુનિપુંગવોને પણ સૂક્ષ્મ અપરાધ જોવામાં આવે છે. પણ એ સંશય કરવા યુક્ત છે, તોપણ નિમિત્તનો અભાવ દુર્લભજ છે. તેમજ જ્ઞાનથી ગમ્ય બ્રહ્માત્મત્વ ન સ્વીકારાય તો કર્તૃત્વ ને ભોક્તૃત્વ બેનો સ્વભાવ છે એવો આત્મા કૈવલ્યની આકાંક્ષા કરે એ પણ શક્ય નથી; કેમકે અગ્નિની ઉષ્ણતાની પેઠે સ્વભાવનો પરિહાર કરવો શક્ય નથી. અત્ર શંકા છે—કર્તૃત્વભોક્તૃત્વકાર્ય અનર્થ છે. તેની શક્તિ અનર્થ નથી, તેથી શક્તિની અવસ્થિતિ હોય તોપણ કાર્યના પરિહારથી મોક્ષ ઉપપન્ન થશે. એ યુક્ત નથી; કેમકે શક્તિ હોય તો કાર્યનો પ્રસવ દુર્નિવાર છે. વળી એમ શંકા થાય—કે કેવળ શક્તિ અન્ય નિમિત્તોની અપેક્ષા કર્યા વગર કાર્ય ઉત્પન્ન કરતી નથી. તેથી તે એકલી હોય તોપણ અપરાધ કરતી નથી. તે પણ યુક્ત નથી; કેમકે નિમિત્તો પણ શક્તિરૂપ સંબન્ધે નિત્ય સંબદ્ધ છે તેટલા માટે. આત્માનો સ્વભાવ કર્તૃત્વ ને ભોક્તૃત્વ હોવાથી વિદ્યાગમ્ય બ્રહ્માત્મતા ન હોય તો કોઈ પણ પ્રકારે મોક્ષ પ્રતિ આશા ન થાય. શ્રુતિ પણ—'नान्यः पन्था विद्यतेऽयनाय' [શ્વેતા૦ ૩।૮] (આત્મજ્ઞાનથી અન્ય માર્ગ પરમપદપ્રાપ્તિ માટે નથી) એમ જ્ઞાનથી અન્ય મોક્ષમાર્ગને વારે છે. પણ જીવ પર આત્માથી અનન્ય હોય તો સર્વ વ્યવહારના લોપનો પ્રસંગ આવે. કેમકે પ્રત્યક્ષાદિ પ્રમાણો પ્રવૃત્ત થતાં નથી એમ કહેશો તો તે યુક્ત નથી; કારણ કે પ્રબોધની પૂર્વે સ્વપ્નવ્યવહાર થાય છે તેમ તે ઉપપન્ન થશે; અને શાસ્ત્ર 'यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति' [બૃહ૦ ૨।૪।૧૪-૪।૫।૧૫] (જે અવિદ્યાકલ્પિત વિશેષ આત્માને વિષે ભિન્ન જેવું—આત્માથી અન્ય વસ્તુ જેવું થાય છે ત્યાં અન્ય અન્યને જુએ છે) ઇત્યાદિથી અપ્રબુદ્ધને વિષે પ્રત્યક્ષાદિ વ્યવહાર કહીને પુનઃ પ્રબુદ્ધને વિષે 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत्' [બૃહ૦ ૨।૪।૧૪-૪।૫।૧૫] (પણ જ્યાં એને સર્વ આત્માજ થાય છે ત્યાં શા વડે શું જુએ) ઇત્યાદિથી તેનો અભાવ દર્શાવે છે. તેટલા માટે પર બ્રહ્મના વેત્તાને ગન્તવ્ય આદિ વિજ્ઞાન બાધિત—અપ્રમાણ હોવાથી કોઈ પણ પ્રકારે ગતિ ઉપપાદન કરવી શક્ય

ઇત્યાદિ. તોપણ કામ્યાદિ કર્મોની સત્તાનો નિશ્ચય નથી તેથી કહે છે—'પણ એ સંશય કરવા યુક્ત છે, તોપણ' ઇત્યાદિ. જ્ઞાન વિના દેહપાતે મોક્ષજ છે એમ નિશ્ચય નથી તેથી તારા પક્ષમાં ક્ષતિ છે એવો ભાવ છે. વળી બ્રહ્મથી ભિન્ન જીવ, જેનો કર્તૃત્વ આદિ સ્વભાવ છે, તેને મોક્ષની આશા પણ યુક્ત નથી એમ કહે છે—'તેમજ જ્ઞાનથી ગમ્ય બ્રહ્માત્મત્વ' ઇત્યાદિ. કર્તૃત્વાદિરૂપ કાર્ય એ જીવનો સ્વભાવ નથી, પણ તેની શક્તિ એ સ્વભાવ છે એવી શંકા કરે છે—'અત્ર શંકા છે—કર્તૃત્વભોક્તૃત્વકાર્ય' ઇત્યાદિ. કાર્યની ઉત્પત્તિ ન હોય તો, કાર્યથી ગમ્ય થતી શક્તિનું સત્ત્વ અયુક્ત છે: એથી શક્તિનું સત્ત્વ હોય ત્યારે તેના વિષય, કાર્યનો, અને અદૃષ્ટ, દેશ, કાળ આદિ નિમિત્તોનો આત્મા સાથે શક્તિદ્વારા નિત્ય સંબન્ધ થવાથી મોક્ષ નહિ થાય એમ પરિહાર કરે છે—'એ યુક્ત નથી; કેમકે શક્તિ હોય તો' ઇત્યાદિ. મોક્ષસિદ્ધિને માટે જીવ બ્રહ્મ છે એમ અંગીકાર કરવામાં સંસાર અનુપપન્ન છે એમ આશંકા કરી અજ્ઞાનથી ઉપપન્ન થાય છે એમ અનેક વાર કહ્યું છે તે સ્મરણ કરાવે છે—'પણ જીવ પર આત્માથી અનન્ય હોય તો' ઇત્યાદિ. પ્રાસંગિક પરિહાર કરી પરમ પ્રકૃતનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે પર બ્રહ્મના વેત્તાને' ઇત્યાદિ. પણ પર વિદ્યામાં પણ आप्नोति

નથી. પણ ત્યારે ગતિશ્રુતિ શા વિષે છે? કહીએ છીએ—સગુણવિદ્યા વિષે એ શ્રુતિ થશે; કેમકે ક્વચિત્ પંચાગ્નિવિદ્યાના પ્રકરણમાં ગતિ કહેવાય છે, ક્વચિત્ પર્યંકવિદ્યાના, ને ક્વચિત્ વૈશ્વાનરવિદ્યાના. જ્યાં પણ બ્રહ્મના પ્રકરણમાં ગતિ કહેવાય છે, જેમ 'प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्म' [છાન્દો૦ ૪।૧૦।૫] (પ્રાણ બ્રહ્મ છે; કં બ્રહ્મ છે, ખં બ્રહ્મ છે), 'अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म' [છાન્દો૦ ૮।૧।૧] (હવે આ બ્રહ્મપુરને-શરીરને વિષે જે અલ્પ પુંડરીક વેશ્મ છે) એને વિષે, ત્યાં પણ વામનીત્વ આદિ ને સત્યકામત્વ આદિ ગુણો વડે સગુણજ ઉપાસ્ય હોવાથી ગતિ સંભવે છે. ક્વચિત્ પણ પરબ્રહ્મ વિષે ગતિ શ્રવણ કરાવાતી નથી, જેમ ગતિનો પ્રતિષેધ કરાવાય છે તેમ—'न तस्य प्राणा उत्क्रामन्ति' [બૃહ૦ ૪।૪।૬] (તેના પ્રાણો ઉત્ક્રમણ કરતા નથી) એમ. 'ब्रह्मविदाप्नोति परम्' [તૈત્તિ૦ ૨।૧।૧] (બ્રહ્મવેત્તા પરને પ્રાપ્ત કરે છે) ઇત્યાદિમાં તો, आप् ધાતુ ગત્યર્થક છે તોપણ વર્ણવેલી રીતે અન્ય દેશની પ્રાપ્તિનો અસંભવ હોવાથી અવિદ્યાથી અધ્યારોપિત નામરૂપના પ્રવિલયની અપેક્ષાએ સ્વરૂપપ્રાપ્તિનુંજ અભિધાન છે, 'ब्रह्मैव सन् ब्रह्माप्येति' [બૃહ૦ ૪।૪।૬] (બ્રહ્મજ હોઈ તે બ્રહ્મમાં લીન થાય છે) એની પેઠે, એમ સમજવું. વળી પરને વિષે ગતિ છે એમ વ્યાખ્યાન કરાય તે પ્રરોચનને માટે કે અનુચિન્તનને માટે થાય. તેમાં બ્રહ્મવેત્તાને પ્રરોચન તો ગતિની ઉક્તિથી કરાતું નથી; કેમકે પોતાથી સંવેદ્ય એવા ને સાક્ષાત્ વિદ્યાએ સમર્પેલા સ્વાસ્થ્યથી તે સિદ્ધ થાય છે. તેમજ નિત્યસિદ્ધ નિઃશ્રેયસનું જેમાં નિવેદન છે એવા અને સાધ્ય જેનું ફળ નથી એવા વિજ્ઞાનને ગતિના અનુચિન્તનમાં કંઈ પણ અપેક્ષા ઉપપન્ન થતી નથી. તેટલા માટે ગતિ એ અપર વિદ્યાને વિષે છે. તેમાં પર ને અપર બ્રહ્મના વિવેકના અનવધારણને લીધે અપર બ્રહ્મને વિષેની ગતિશ્રુતિઓ પર બ્રહ્મને વિષે આરોપાય છે. શું બે બ્રહ્મ છે, પર ને અપર એમ? સત્ય છે, બે છે, 'एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोङ्कारः' [પ્રશ્ન૦ ૫।૨] (હે સત્યકામ, જે ઓંકાર છે તે પર બ્રહ્મ ને અપર બ્રહ્મ છે) ઇત્યાદિ શ્રુતિમાં દેખાય છે તેથી. પણ પર બ્રહ્મ તે શું ને અપર બ્રહ્મ તે શું? કહીએ છીએ. જેમાં અવિદ્યાએ કરેલા નામરૂપ આદિ વિશેષનો પ્રતિષેધ કરી अस्थूल આદિ શબ્દોથી બ્રહ્મનો ઉપદેશ કરાય છે તે પર બ્રહ્મ છે. તેજ નામરૂપાદિ કોઈક વિશેષથી વિશિષ્ટ જ્યાં ઉપાસના માટે ઉપદેશ કરાય છે, 'मनोमयः प्राणशरीरो भारूपः' [છાન્દો૦ ૩।૧૪।૨] (મનઃપ્રાય, લિંગાત્મા જેનું શરીર છે, દીપ્તિ જેનું ચૈત-

---

એ પદથી ગતિનું શ્રવણ છે તેથી કહે છે—'ब्रह्मविदाप्नोति परम्' ઇત્યાદિ. ગતિ એ વિફળ છે માટે પણ તે પર બ્રહ્મને વિષે નથી એમ કહે છે—'વળી પરને વિષે ગતિ છે' ઇત્યાદિ. અનુચિન્તનપક્ષનું નિરાકરણ કરે છે—'તેમજ નિત્યસિદ્ધ નિઃશ્રેયસનું જેમાં નિવેદન છે' ઇત્યાદિ. ત્યારે કેટલાકોએ ગતિ પરને વિષે છે એમ કેમ કહ્યું છે એમ આશંકા કરી બ્રાન્તિથી એમ કહ્યું છે એમ કહે છે—'તેમાં પર ને અપર બ્રહ્મના વિવેકના' ઇત્યાદિ. પ્રશ્નપૂર્વક પર ને અપર એ બ્રહ્મના વિભાગો કહીને અપર બ્રહ્મને વિષે ગતિ અર્થવાન્ છે એમ કહે છે—'શું બે બ્રહ્મ છે, પર ને અપર' ઇત્યાદિ. વ્યાપી જીવ છે તેની ગતિ શી રીતે તેને

બ્રહ્મ રૂપ છે એવો) ઇત્યાદિ શબ્દો વડે. તે અપર બ્રહ્મ છે. પણ એમ બ્રહ્મ અદ્વિતીય છે એમ પ્રતિપાદન કરનારી શ્રુતિને બાધ આવશે. ના, અવિદ્યાએ કરેલા નામ ને રૂપના ઉપાધિથી તેનો પરિહાર થાય છે; અને તે અપર બ્રહ્મની ઉપાસનાનું, તેના સંનિધિમાં શ્રુતિએ કહેલું. 'स यदि पितृलोककामो भवति' [છાન્દો૦ ૮।૨।૧] (તે જ્યારે પિતૃલોકની કામનાવાળો થાય છે) ઇત્યાદિ, જગદૈશ્વર્યરૂપ. સંસારવિષયક જ ફળ છે; કેમકે અવિદ્યા નિવૃત્ત થઈ નથી; ને તે દેશવિશેષ સાથે સંબદ્ધ હોવાથી તેની પ્રાપ્તિને માટે ગમન અવિરુદ્ધ છે. આત્મા સર્વગત છે તોપણ આકાશનું ઘટાદિને વિષે ગમન પ્રસિદ્ધ છે તેમ આત્માનું બુદ્ધિ આદિ ઉપાધિને વિષે ગમન પ્રસિદ્ધ છે એમ 'तद्गुणसारत्वात्' [બ્રહ્મસૂ૦ ૨।૩।૨૯] એમાં અમે કહ્યું છે. તેટલા માટે 'कार्यं बादरिः' [બ્રહ્મસૂ૦ ૪।૩।૭] (એજ પક્ષ અવસ્થિત રહ્યો). 'परं जैमिनिः' [બ્રહ્મસૂ૦ ૪।૩।૧૨] એ તો પક્ષાન્તરના પ્રતિભાનમાત્રનું પ્રદર્શન પ્રજ્ઞાનો વિકાસ કરવા માટે છે એમ સમજવું ॥ ૧૪ ॥

अप्रतीकालम्बनान्नयतीति बादरायण उभयथाऽदोषात् तत्क्रतुश्च ॥१५॥

(અમાનવ પુરુષ) પ્રતીકનું આલંબન ન કરે તેવાઓને (બ્રહ્મલોકમાં) લઈ જાય છે એમ બાદરાયણ (માને છે), બંને પ્રકારે થાય છે એમ સ્વીકારવામાં દોષ નથી તેથી, અને તે કાર્યનું ઉપાસન કરનાર (એનો હેતુ છે) ॥ ૧૫ ॥

કાર્યબ્રહ્મને વિષે ગતિ છે. પર બ્રહ્મને વિષે નથી એમ સિદ્ધ થયું. હવે આ સંદેહ છે કે વિકારને આલંબન કરનારા સર્વને [1]અવિશેષે અમાનવ પુરુષ બ્રહ્મલોકમાં લઈ જાય છે કે કેટલાકનેજ? ત્યારે શું પ્રાપ્ત થાય છે? એ સર્વ પર બ્રહ્મથી અન્યના—કાર્યબ્રહ્મના વિદ્વાનોને ગતિ છે એમ; કેમકે 'अनियमः सर्वासाम्' [બ્રહ્મસૂ૦ ૩।૩।૩૧] એમાં અવિશેષે એ ગતિ અન્ય વિદ્યાઓમાં પણ ઉતારેલી છે. એમ પ્રાપ્ત થયે નિરાકરણ કરે છે—'अप्रतीकालम्बनान्' (પ્રતીકનું આલંબન

માટે કહે છે—'આત્મા સર્વગત છે તોપણ' ઇત્યાદિ ॥ ૧૪ ॥

એ પ્રમાણે મન્તવ્યનું નિરૂપણ કરીને મન્તવ્યો વિષે નિર્ધારણ કરે છે—'अप्रतीकालम्बनान्' ઇત્યાદિ. 'स एनान् ब्रह्म गमयति' (તેજ અમાનવ પુરુષ એમને બ્રહ્મ પહોંચાડે છે) એમ અવિશેષ શ્રુતિ છે તેથી અને तत्क्रतुन्यायथी-જે જેની ઉપાસના કરે છે તે તે પ્રાપ્ત કરે છે એવો ન્યાય છે તેથી—સંશય કહે છે—'હવે આ સંદેહ છે કે' ઇત્યાદિ. અનિયમ અધિકરણમાં તત્ત્વવેત્તાઓથી અન્ય સર્વ ઉપાસકોને માર્ગનો ઉપસંહાર કહ્યો છે; હવે અમાનીઓના ઉપાસકોનેજ માર્ગ છે, સર્વ વિકારના ઉપાસકોને નથી એમ ઉપવદમાત્ર કહેવાથી પૂર્વે કહ્યું તેની સાથે વિરોધ થાય તેટલા માટે ઉપાસકમાત્રને ઉત્તર માર્ગની સિદ્ધિ છે

---

[1] ૧ કંઈ પણ વિશેષ વિના, સમાન રીતે.

ન કરે એવાઓને) એમ. પ્રતીકનું આલંબન કરે એવાઓને વર્જીને અન્ય સર્વ વિકારોને આલંબન કરનારાઓને બ્રહ્મલોકમાં લઈ જાય છે એમ બાદરાયણ આચાર્ય માને છે; કારણ કે એ પ્રમાણે બંને પ્રકારે થાય છે એમ સ્વીકારવામાં કોઈ દોષ નથી; કેમકે પ્રતીકથી અન્ય ઉપાસનોમાં અનિયમની રીત ઉપપન્ન થાય છે. એ ઉભયથાભાવનો 'तत्क्रतुः' (તે કાર્ય બ્રહ્મનું ઉપાસન કરનાર) એને સમર્થક હેતુ સમજવો. ખરેખર, જે બ્રહ્મનું ઉપાસન કરે છે તે બ્રહ્મનું ઐશ્વર્ય પ્રાપ્ત કરે એ ઘટે છે 'तं यथा यथोपासते तदेव भवन्ति' (તેને જે જે પ્રકારે ઉપાસે છે તે તે તેઓ થાય છે) એવી શ્રુતિ છે. પણ પ્રતીકોને વિષે બ્રહ્મની ઉપાસનાનો ભાવ નથી; કેમકે તે ઉપાસનામાં પ્રતીક પ્રધાન છે. પણ જે બ્રહ્મનો ઉપાસક નથી તે પણ બ્રહ્મ પામે છે એવી શ્રુતિ છે, જેમ પંચાગ્નિવિદ્યામાં 'स एनान् ब्रह्म गमयति' (તે અમાનવ પુરુષ એમને બ્રહ્મ લઈ જાય છે) છે એમ. જ્યાં એમ પ્રત્યક્ષવાદ ઉપલબ્ધ થાય છે ત્યાં એમ થાઓ; તેના અભાવમાં તો [1]ઔત્સર્ગિક તત્ક્રતુન્યાયથી બ્રહ્મના ઉપાસકોજ તે પ્રાપ્ત કરે છે, અન્ય નહિ એમ સમજાય છે ॥ ૧૫ ॥

विशेषं च दर्शयति ॥ १६ ॥

અને (શ્રુતિ) વિશેષ દર્શાવે છે ॥ ૧૬ ॥

નામાદિ પ્રતીકોપાસનોમાં પૂર્વ પૂર્વ ઉપાસનાથી ઉત્તરોત્તર ઉપાસનામાં વિશેષ ફળ દર્શાવે છે—'यावन्नाम्नो गतं यथाकामचारो भवति' [છાન્દો૦ ૭।૧।૫] ({ જે નામને બ્રહ્મ તરીકે ઉપાસે છે તેને } નામનો જેટલો વિષય છે તેને વિષે પોતાની મરજી પ્રમાણે પ્રચાર થાય છે { રાજાને સ્વરાજ્યમાં થાય છે તેમ }), 'वाचा

એવું પૂર્વપક્ષનું ફળ છે; સિદ્ધાન્તમાં તો ઉભયથાભાવસિદ્ધિ એ ફળ છે એવો વિવેક છે. 'अनियम' ... સર્વેષામ્' એમ સૂત્રમાં પદચ્છેદ કરવાનો છે; વિરોધ નથી તેથી એવો અર્થ છે. પ્રતીકના ઉપા... 'सर्वेषाम्' એ સૂત્રમાં સર્વનો અર્થ પ્રતીકોપાસકથી અન્ય છે એવો ભાવ છે. પ્રતીકના ઉપા... સકોને જોકે પિતૃયાણ ને તૃતીય સ્થાનમાં અપ્રવેશ છે તેથી અર્ચિરાદિ માર્ગ કહેવાનો છે તોપણ તેમનું વિદ્યુત્પર્યન્તજ ગમન થાઓ, બ્રહ્મપ્રાપ્તિ નથી; કેમકે તેઓ બ્રહ્મના ઉપાસક નથી જે જેનું ધ્યાન ધરે છે—ઉપાસે છે તે તે પ્રાપ્ત કરે છે એવો તત્ક્રતુન્યાય શ્રુતિમાં કહ્યો છે. ... પ્રતીકોમાં નામાદિ પ્રધાન છે તેમાં બ્રહ્મ ગુણ છે તેથી બ્રહ્મની ઉપાસના નથી. એ ન્યાય ... પંચાગ્નિવિદ્યામાં આહત્યવાદથી—પ્રત્યક્ષવચનથી બાધ થઈ છે એમ સૂત્ર ને ભાષ્યનો અર્થ છે ... પ્રતીકોપાસનોમાં 'नाम ब्रह्म' ઇત્યાદિમાં બ્રહ્મ એ પ્રતીક પ્રતિ વિશેષણ હોવાથી પ્રતીક પ્રધાન છે માટે તેના ઉપાસકોને બ્રહ્મપ્રાપ્તિ નથી. પંચાગ્નિવિદ્ ઉપાસકો તો અબ્રહ્મોપાસક ... તોપણ શ્રુતિબળથી તેમને બ્રહ્મની પ્રાપ્તિ છે એવો વિવેક છે ॥ ૧૫ ॥

વળી પ્રતીકના તારતમ્યથી ફળનું તારતમ્ય શ્રુતિમાં કહ્યું છે તેથી પ્રતીકોપાસકોને બ્ર...

[1] જેવી જે કલ્પના કરે તેવું તે પ્રાપ્ત કરે એ કાયદાથી.

નાम्नो भूयसी' [છાન્દો૦ ૭।૩।૧] (વાક્ નામથી વધારે મોટી છે), 'यावद्वाचो गतं तत्रास्य यथाकामचारो भवति' [છાન્દો૦ ૭।૨।૨] ({ તે જે વાણીને બ્રહ્મ તરીકે ઉપાસે છે તેને } વાણીનો જેટલો વિષય છે તેને વિષે પોતાની મરજી પ્રમાણે પ્રચાર થાય છે). 'मनो वाव वाचो भूयः' [છાન્દો૦ ૭।૩।૧] (મન વાણીથી મોટું છે) ઇત્યાદિથી. આ ફલવિશેષ ઉપાસના પ્રતીકને અધીન હોવાથી ઉપપન્ન થાય છે; બ્રહ્મને અધીન હોય તો તો બ્રહ્મ અવિશિષ્ટ હોવાથી ફલવિશેષ શી રીતે થાય? તેટલા માટે પ્રતીકને આલંબીને રહેલાં ઉપાસનોનું ફળ અન્ય ઉપાસનોનાં ફળની બરાબર નથી ॥ ૧૬ ॥

इति श्रीमच्छंकरभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये गुर्जरगिरा भाष्यानुवादे चतुर्थाध्यायस्य तृतीयः पादः ॥ ३ ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ગુર્જરગિરાએ ભાષ્યાનુવાદમાં ચતુર્થ અધ્યાયનો તૃતીય પાદ સમાપ્ત ॥ ૩ ॥

પ્રાપ્તિ થતી નથી એમ કહે છે—'विशेषं च दर्शयति'. તેટલા માટે વચન ન હોય તો ક્રતુના ઉપાસકોજ બ્રહ્મ જનારા છે એમ સિદ્ધ થયું ॥ ૧૬ ॥

इति श्रीमच्छंकरभगवत्पूज्यपादकृतौ शारीरकमीमांसाभाष्ये टीकाग्रन्थानां गुर्जरगिरानुवादे चतुर्थाध्यायस्य तृतीयः पादः ॥ ३ ॥

શ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ટીકાગ્રન્થોના ગુર્જરગિરાથી અનુવાદમાં ચતુર્થ અધ્યાયનો તૃતીય પાદ સમાપ્ત ॥ ૩ ॥



चतुर्थाध्याये—चतुर्थः पादः ॥

संपद्याविर्भावः स्वेन शब्दात् ॥ १ ॥

સ્વપ્રકાશ આત્માનો સાક્ષાત્ અનુભવ કરીને (તે આત્મમાત્રે કરીને વિદ્વાનનો આવિર્ભાવ થાય છે), 'स्वेन' એ શબ્દ છે તેથી ॥ ૧ ॥

'एवमेवैष संप्रसादोऽस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' [છાન્દો૦ ૮।૧૨।૩] (એજ પ્રમાણે (જ્ઞાનાદિ સાધનના અનુષ્ઠાનથી સંપ્રસન્ન થયેલો) એ જીવ શરીરમાંથી સમુત્થાન કરીને—દેહાત્મભાવનાનો ત્યાગ કરીને પર જ્યોતિનો-પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરીને તેજ પોતાને રૂપે-આત્મરૂપે આવિર્ભાવ પામે છે) એવી શ્રુતિ છે. તેમાં સંશય થાય છે—કે દેવલોક આદિ ઉપભોગસ્થાનોમાંની પેઠે કોઈક આગન્તુક વિશેષે અભિનિષ્પન્ન થાય છે કે આત્મમાત્રે અભિનિષ્પન્ન થાય છે. શું પ્રાપ્ત થાય છે? અન્ય સ્થાનોની પેઠે કોઈક આગન્તુક રૂપથી અભિનિષ્પન્ન થાય છે એમ; કેમકે મોક્ષ પણ ફળ તરીકે પ્રસિદ્ધ છે; અને अभिनिष्पद्यते (અભિનિષ્પન્ન થાય છે) એ ઉત્પત્તિનો પર્યાયશબ્દ છે. જો સ્વરૂપમાત્રે અભિનિષ્પત્તિ હોય તો પૂર્વ અવસ્થાઓમાં પણ સ્વરૂપનો અનપાય થવાથી તેની

અત્ર પાદમાં નિર્ગુણવિદ્યાના ફળનો એકદેશ—બન્ધની નિવૃત્તિ—કહ્યો; દ્વિતીય પાદમાં [illegible] સગુણવિદ્યાની ને નિર્ગુણવિદ્યાની ફળપ્રાપ્તિના ક્રમ તરીકે તે તે જ્ઞાનવાળાઓની ઉત્ક્રાન્તિ ને [illegible] ઉત્ક્રાન્તિનો વિચાર કર્યો. તૃતીય પાદમાં બ્રહ્મોપાસકોની કાર્યબ્રહ્મપ્રાપ્તિ કહી; હવે તેમનું [illegible] કાર્ય... [illegible] પ્રથમ અચ્ચર્વિત પરવિદ્યાની [illegible] નિર્વિશેષ બ્રહ્મના [illegible] નિર્વિશેષ ... કહે છે—'संपद्याविर्भावः स्वेन शब्दात्'. [illegible]

[illegible]

વિભાવના થાય. તેટલા માટે કોઈક વિશેષથી અભિનિષ્પન્ન થાય છે એમ. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—કેવલ આત્મસ્વરૂપે આવિર્ભાવ પામે છે, અન્ય ધર્મે નહિ. શાથી? 'स्वेन रूपेणाभिनिष्पद्यते' (પોતાને રૂપે અભિનિષ્પન્ન થાય છે) એમાં स्व (પોતાનો) શબ્દ છે તેથી; કેમકે અન્યથા 'स्वेन' એ વિશેષણ અસંભાવિત થાય. પણ 'આત્મીય' એ અભિપ્રાયવાળો સ્વશબ્દ થશે. ના; તે કહેવા યોગ્ય નથી તેથી; કારણ કે જે કોઈ રૂપે અભિનિષ્પન્ન થાય છે તેજ આત્મીય છે એમ ઉપપન્ન થાય છે. તેથી स्वेन એ વિશેષણ અનર્થક થશે; પણ 'આત્મરૂપે' એ અર્થવાળું થશે. કેવલ આત્મરૂપે અભિનિષ્પન્ન થશે, કોઈ અન્ય આગન્તુક રૂપે નહિ એમ ॥ ૧ ॥

પણ સ્વરૂપનો અનપાય સરખો હોવાથી પૂર્વ અવસ્થાઓમાં ને આ અવસ્થામાં શો વિશેષ છે? તેથી કહે છે—

मुक्तः प्रतिज्ञानात् ॥ २ ॥

(સંસારના સર્વ અનર્થસમૂહથી) મુક્ત થયલો (રહે છે); પ્રતિજ્ઞાન છે તેથી ॥ ૨ ॥

જે અહિં અભિનિષ્પન્ન થાય છે એમ કહ્યો છે તે સર્વ બન્ધથી વિનિર્મુક્ત થયલો શુદ્ધ આત્મા વડે અવસ્થિત થાય છે. પૂર્વત્ર તો 'अन्धो भवति' [છાન્દો૦ ૮।૯।૧] ({ સ્વપ્નાવસ્થામાં બાહ્યેન્દ્રિયનો વ્યાપાર નથી તેથી } તે અન્ધ થાય છે), 'अपि रोदितीव' [છાન્દો૦ ૮।૧૦।૨] ({ અભયાવસ્થા દુઃખશોકાદિ સ્વરૂપ છે માટે } જાણે રૂએ છે), 'विनाशमेवापीतो भवति' [છાન્દો૦ ૮।૧૧-૧] (જાણે વિનાશમાં લીન થાય છે) એમ ત્રણ અવસ્થાથી કલુષિત થયલા આત્મા વડે અવસ્થિત થાય છે એવો વિશેષ છે. પણ હવે એ મુક્ત થાય છે એમ શાથી સમજાય છે? પ્રતિજ્ઞાનથી એમ કહે છે; કેમકે 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि' [છાન્દો૦ ૮।૯।૩-૮।૧૦।૪-૮।૧૧।૩] (હું તને એજ આત્મા વિષે ફરી વ્યાખ્યાન કરીશ) એમ ત્રણ અવસ્થાના દોષથી વિહીન આત્માનું વ્યાખ્યાન કરવા પ્રતિજ્ઞા કરીને, 'अशरीरं

'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. મોક્ષને ફલ તરીકે જે આગન્તુકત્વ પ્રાપ્ત થાય છે તેનું નિરસન કરવા માટે સ્વશબ્દ છે એમ સૂત્ર છે; 'સ્વીય' એવા અર્થમાં અનર્થક અનુવાદ થાય એવો અર્થ છે ॥ ૧ ॥

અન્ય સૂત્ર ઉતારે છે—'પણ સ્વરૂપનો અનપાય' ઇત્યાદિ. જાગરિત અવસ્થામાં અન્ધના આદિ દેહધર્મવાનો થાય છે, પુત્રાદિને વિષે 'હું', 'મારું' એવા અભિમાનથી અન્ધની પેઠે પરવશ થાય છે. સ્વપ્નમાં કોઈથી હણાયો હોય તેમ, તેમજ પુત્રાદિનાશથી જાણે રુદન કરે છે; પુત્રાદિના નાશના દર્શનથી વાસનામય શોકાદિ અનુભવે છે; સુષુપ્તિમાં તો વિ-

વાય સન્તં ન પ્રિયાપ્રિયે સ્પૃશતઃ' [છાન્દો૦ ૮।૧૨।૧] (ખરેખર, અશરીર થયેલા તે આત્માને પ્રિય ને અપ્રિય સ્પર્શ કરતા નથી) એમ ઉપન્યાસ કરીને, 'સ્વેન રૂપેણાભિનિષ્પદ્યતે સ ઉત્તમઃ પુરુષઃ' [છાન્દો૦ ૮।૧૨।૩] (આત્મરૂપે અભિનિષ્પન્ન થાય છે-આવિર્ભાવ પામે છે. તે ઉત્તમ પુરુષ છે) એમ ઉપસંહાર કરે છે. તેમજ આખ્યાયિકાના ઉપક્રમમાં પણ 'ય આત્માઽપહતપાપ્મા' [છાન્દો૦ ૮।૭।૧] (જે આત્મા, પાપ જેનું હણાયું છે એવો છે-પાપરહિત છે) ઇત્યાદિ મુક્ત આત્માને વિષેજ પ્રતિજ્ઞાન છે. વળી મોક્ષ ફળ તરીકે પ્રસિદ્ધ છે એને પણ બન્ધની નિવૃત્તિ-માત્રની અપેક્ષા છે, અપૂર્વ ઉપજનન-વૃદ્ધની અપેક્ષા નથી. તેમજ 'અભિનિષ્પદ્યતે' એ ઉત્પત્તિનો પર્યાયશબ્દ છે એમ જે કહ્યું છે તેને પણ પૂર્વ અવસ્થાની અપેક્ષા છે, જેમ રોગની નિવૃત્તિ થયે અરોગ અભિનિષ્પન્ન થાય છે તેમ. તેટલા માટે દોષ નથી ॥ ૨ ॥

आत्मा प्रकरणात् ॥ ३ ॥

(જ્યોતિ એ) આત્મા છે; પ્રકરણથી ॥ ૩ ॥

પણ 'परं ज्योतिरुपसंपद्य' [છાન્દો૦ ૮।૧૨।૩] (પર જ્યોતિનો-પર બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને) એમ કાર્યવિષયકજ એ છે એમ શ્રુતિ કહે છે તો મુક્ત છે એમ કેમ કહો છો? કારણ કે જ્યોતિઃશબ્દ ભૌતિક જ્યોતિને વિષે રૂઢ છે; અને વિકારવિષયમાંથી બહાર ન ગયલો કોઈ મુક્ત થવા યુક્ત નથી; કેમકે વિકાર એ પીડિત છે એમ પ્રસિદ્ધ છે એમ. ના, એ દોષ નથી; કેમકે અહિં જ્યોતિઃશબ્દથી આત્માનુંજ આવેદન થાય છે, પ્રકરણથી. 'य आत्माऽपहतपाप्मा विजरो विमृत्युः' [છાન્દો૦ ૮।૭।૧] (જે આત્મા પાપરહિત, જરારહિત, મૃત્યુરહિત છે) એમ પ્રકૃત પર આત્માને વિષે અકસ્માત્ ભૌતિક જ્યોતિનું ગ્રહણ કરવું શક્ય નથી; કેમકે એમ કરવાથી પ્રકૃતની હાનિ ને અપ્રકૃતની પ્રક્રિયાનો પ્રસંગ આવે. જ્યોતિઃશબ્દ તો

શેષનું અજ્ઞાન છે તેથી જાણે વિનષ્ટ હોય એવો છે. આ પ્રમાણે બન્ધની દશામાં કલુષિત આત્માએ રહે છે; મોક્ષમાં તો અખિલ દુઃખ વિગલિત થવાથી, સર્વતઃ પ્રદ્યોતમાન, પૂર્ણ આનન્દાત્માએ અવસ્થિત થાય છે એમ મોટા વિશેષ છે એવો અર્થ છે ॥ ૨ ॥

પણ 'ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' એમ પૌર્વાપર્ય દર્શાવનાર શ્રુતિ છે તેથી સ્વરૂપનિષ્પત્તિથી જ્યોતિરુપસંપત્તિ અન્ય છે, તેટલા માટે જ્યોતિને ભૌતિક જ્યોતિ કહેવાથી પણ મોક્ષનો વ્યાઘાત થતો નથી એ શંકાનું પૂર્વપક્ષી સમાધાન કરે છે કે જો 'જ્યોતિરુપસંપદ્ય તત્ પરિત્યજેત્' (જ્યોતિ પ્રાપ્ત કરી તેનો પરિત્યાગ કરવો) એવી શ્રુતિ હોત તો એમ થાત. તેનો (तत् परित्यजेत्નો) અધ્યાહાર લેવાથી પણ તે પ્રતિપાદન કરવું અશક્ય છે, ને તેનો અપરિત્યાગ હોય તો 'ज्योतिषैव स्वेन रूपेण'-જ્યોતિરૂપજ પોતાને રૂપે એ સમજાય છે; અને જ્યોતિ એ ભૂત હોવાથી વિકાર છે ને તે મરણધર્મ છે એ પ્રસિદ્ધ છે માટે અમુક્તિ છે એમ પૂર્વપક્ષ પ્રાપ્ત થયે તેનું નિરાકરણ કરે છે—કોઈ જ્યોતિઃશબ્દનો મુખ્ય અ

આત્માને વિષે પણ દેખાય છે—'तद्देवा ज्योतिषां ज्योतिः' [બૃહ૦ ૪।૪।૧૬] (તેને દેવો જ્યોતિના-આદિત્યાદિના પણ જ્યોતિ (અવભાસક હોવાથી) તરીકે ઉપાસે છે) એમ. એને 'ज्योतिर्दर्शनात्' [બ્રહ્મસૂ૦ ૧।૩।૪૦] એમાં પ્રપંચે સમજાવ્યું છે ॥ ૩ ॥

अविभागेन दृष्टत्वात् ॥ ४ ॥

(મુક્ત પરમાત્મા સાથે) અવિભાગેજ નિરતિશયાનન્દબ્રહ્માત્મા-એજ—અવસ્થિત છે, (શ્રુતિને વિષે) દેખાય છે તેથી ॥ ૪ ॥

જે પર જ્યોતિ પ્રાપ્ત કરીને સ્વરૂપે અભિનિષ્પન્ન થાય છે તે પર આત્માથી પૃથગજ છે કે અવિભાગે રહે છે એવા વિચારમાં 'स तत्र पर्येति' [છાન્દો૦૮।૧૨।૩] (તે ત્યાં-સ્વાત્માને વિષે પરિગમન કરે છે) એમાં [1]અધિકરણ ને [2]આધકર્તવ્યનો નિર્દેશ છે તેથી, ને 'ज्योतिरुपसंपद्य' [છાન્દો૦ ૮।૧૨।૩] (જ્યોતિ પ્રાપ્ત કરીને) એમાં કર્તા ને કર્મનો નિર્દેશ છે તેથી, પર આત્માથી ભેદેજ જીવનું અવસ્થાન છે એમ જેનો વિચાર છે તેને સમજાવે છે કે મુક્ત, પર આત્માથી અવિભક્તજ રહે છે. શાથી? દેખાય છે તેથી; કેમકે 'तत्त्वमसि' [છાન્દો૦ ૬।૮।૭] (તે તું છે), 'अहं ब्रह्मास्मि' [બૃહ૦ ૧।૪।૧૦] (હું બ્રહ્મ છું), 'यत्र नान्यत् पश्यति' [છાન્દો૦ ૭।૨૪।૧] (જેમાં અન્ય જોતો નથી,) 'न तु तद् द्वितीयमस्ति ततोऽन्यद्विभक्तं यत् पश्येत्' [બૃહ૦ ૪।૩।૨૩] (પણ તેથી દ્વિતીય નથી—તે દ્રષ્ટાથી અન્ય તરીકે વિભક્ત એવું દ્વિતીય નથી કે જે તે ઉપલબ્ધ કરે) ઇત્યાદિ પ્રકારનાં વાક્યો અવિભાગેજ પરમાત્માને દર્શાવે છે; અને દર્શનને અનુસરતું ફળ યુક્ત છે, તત્ક્રતુન્યાયથી. 'यथोदकं शुद्धे शुद्धमासिक्तं तादृगेव भवति । एवं मुनेर्विजानत आत्मा भवति गौतम' [કઠ૦ ૪।૧૫] (જેમ શુદ્ધ ઉદક શુદ્ધ ઉદકને વિષે પ્રક્ષિપ્ત થયેલું તેવુંજ—એકરસ થાય છે; એ પ્રમાણે હે ગૌતમ, વિજ્ઞાનવાળા મુનિનો આત્મા થાય છે) એ ને એવાં વાક્યો જેનું તાત્પર્ય મુક્તનું સ્વરૂપ નિરૂપણ કરવાનું છે તે અવિભાગજ દર્શાવે છે. તેમજ નદી-

જ્યોતિ છે: તોપણ પ્રકરણથી આત્માને વિષેજ તે અહિ યુક્ત છે; કેમકે परं ज्योतिः એમ જ્યોતિઃશબ્દ સાથે પરશબ્દનો સમભિવ્યાહાર છે, ને પર જેને અપેક્ષા નથી તે શબ્દને વિષેજ પ્રવૃત્ત છે; ને જ્યોતિ જે અપર છે તેને વિષે કોઈની અપેક્ષાએ પર છે એમ અપેક્ષા હોવાથી परं ज्योतिः એ વાક્યથી આત્માજ સમજાય છે. પ્રકરણ તો કહ્યું છે. 'संपद्य निष्पद्यते' એમ જે કહ્યું છે તે 'सुप्तं व्याहाय स्वपिति' (સુપ્તને ઉપ.ડીને સુએ છે) એના જેવો પ્રયોગ છે: તેટલા માટે જ્યોતિરૂપસંપન્ન મુક્ત છે એમ ભગવાન કહ્યું છે ॥ ૩ ॥

જો જીવાત્મા બ્રહ્મથી ભિન્ન નથી એમ તે તે પ્રદેશમાં ઉપપત્તિપૂર્વક દર્શાવ્યું છે, તોપણ 'स तत्र पर्येति' (તે તેમાં પરિગમન કરે છે) એમાં આધારાધેયભાવનો વ્યપદેશ છે તેના

[1] આધાર, સ્થાન. [2] આધેય જે રહે તે.

ભેદનો નિર્દેશ તો અભેદને વિષે ઉપચારથી કરાય છે—' स भगवः कस्मिन् प्रतिष्ठित इति स्वे महिम्नि ' [છાન્દોગ્ય ૭।૨૪।૧] (હે ભગવન, એવા લક્ષણવાળો ભૂમન્-બ્રહ્મ કોને વિષે પ્રતિષ્ઠિત છે? પોતાના મહિમાને વિષે (એમ નારદને સનત્કુમારે કહ્યું)) એમ, અને ' आत्मरतिरात्मक्रीडः ' [છાન્દોગ્ય ૭।૨૫।૨] (આત્માને વિષે જેનું રમણ છે, આત્માને વિષેજ જેની ક્રીડા છે) ઇત્યાદિમાં દેખાય છે તેથી ॥ ૪ ॥

ब्राह्मेण जैमिनिरुपन्यासादिभ्यः ॥ ५ ॥

બ્રહ્મના રૂપથી (આત્મા આવિર્ભાવ પામે છે) એમ જૈમિનિ (માને છે), ઉપન્યાસ આદિથી ॥ ૫ ॥

' स्वेन रूपेण ' [છાન્દોગ્ય ૮।૩।૪] (આત્મરૂપે (અવસ્થિત થાય છે)) એમ, આત્મસ્વરૂપે આવિર્ભાવ પામે છે, આગન્તુક અપર રૂપથી નહિ એમ સિદ્ધ થયું. હવે તો તેનો વિશેષ જાણવાની ઇચ્છા થયે કહે છે કે એનું પોતાનું રૂપ બ્રહ્મનું રૂપ છે, જેમાં અપહતપાપ્મત્વ પાપરહિતત્વ આદિ ને સત્યસંકલ્પત્વ અને [illegible] છે, તેમજ સર્વજ્ઞત્વ સર્વેશ્વરત્વ પણ છે. તે પોતાને રૂપે આવિર્ભાવ પામે છે એમ જૈમિનિ આચાર્ય માને છે. શાથી? ઉપન્યાસ આદિથી તે પ્રમાણે સમજાય છે તેથી; [illegible] ' य आत्माऽपहतपाप्मा ' [છાન્દોગ્ય ૮।૭।૧] (જે પાપરહિત છે) ઇત્યાદિથી તે [illegible] ' सत्यकामः सत्यसंकल्पः ' [છાન્દોગ્ય ૮।૭।૧] (સત્યકામ, સત્યસંકલ્પ) ઇત્યાદિ [illegible] આત્માનો એવા સ્વરૂપનો છે એમ બોધ કરે છે. તેમજ ' स तत्र पर्येति जक्षन् क्रीडन् रममाणः ' [છાન્દોગ્ય ૮।૧૨।૩] (તે સંપ્રસાદ જીવ તેમાં-પોતાના [illegible] ત્યાંમાં પરિભ્રમણ કરે છે. ક્વચિત્ ભક્ષણ કરતો, ક્વચિત્ ક્રીડા કરતો, ક્વચિત્ [illegible]) એમ ઐશ્વર્યરૂપ આવેદન કરે છે, અને ' तस्य सर्वेषु लोकेषु कामचारो भवति ' [illegible]

[illegible] ॥ ૪ ॥

[illegible]

[છાન્દો૦ ૮।૭।૪] (સર્વ લોકોમાં તેનો કામચાર છે) એ. 'सर्वज्ञः सर्वेश्वरः' (સર્વજ્ઞ, સર્વેશ્વર) ઇત્યાદિ વ્યપદેશો એ પ્રમાણે ઉપપન્ન થશે એમ ॥ ૫ ॥

चिति तन्मात्रेण तदात्मकत्वादित्यौडुलोमिः ॥ ६ ॥

ચૈતન્યસ્વરૂપેજ (મુક્ત આવિર્ભાવ પામે છે), તે તેનું સ્વરૂપ છે તેથી એમ ઔડુલોમિ માને છે ॥ ૬ ॥

જોકે અપહતપાપ્મત્વ આદિ ધર્મોનો ભેદથીજ નિર્દેશ છે, તોપણ એ ધર્મો શબ્દના વિકલ્પથીજ ઉત્પન્ન થાય છે; કેમકે તેમાં પાપાદિની નિવૃત્તિમાત્ર સમજાય છે. પણ ચૈતન્યજ એ આત્માનું સ્વરૂપ છે એટલે તેજ સ્વરૂપે આવિર્ભાવ યુક્ત છે. તેજ રીતે 'एवं वा अरेऽयमात्माऽनन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव' [બૃહ૦ ૪।૫।૧૩] (એ પ્રમાણે, અરે એ આત્માને [જેમ લવણપિંડને અંદર ને બહાર નથી—અંદર ને બહાર રસાન્તરરહિત છે. સર્વ લવણૈકરસજ-ખારો છે તેમ] અંદર નથી ને બહાર નથી, સર્વ જ્ઞાનૈકરસજ છે) એ પ્રકારની શ્રુતિ અનુગૃહીત થશે. જોકે સત્યકામત્વ આદિ વસ્તુસ્વરૂપેજ ધર્મ કહેવાય છે—સત્ય છે કામ એના એમ, તોપણ તેઓ ઉપાધિસંબન્ધને અધીન છે તેથી તેઓ ચૈતન્યની પેઠે સ્વરૂપ થાય એમ સંભવ નથી; કેમકે અનેક આકારવાળા સ્વરૂપનો પ્રતિષેધ છે; કારણ કે 'न स्थानतोऽपि परस्योभयलिङ्गम्' [બ્રહ્મસૂ૦ ૩।૨।૧૧] એમાં બ્રહ્મ અનેક આકારવાળું છે એનો પ્રતિષેધ કર્યો છે. એટલાજ માટે જક્ષણ આદિ સંકીર્તનનો અભિપ્રાય પણ દુઃખાભાવમાત્ર કહેવાનો છે, ને તે સ્તુત્યર્થક છે, આત્મરતિ આદિની પેઠે; કેમકે રતિ, ક્રીડા, મિથુન આદિ નિમિત્તો મુખ્ય અર્થમાંજ આત્માને વિષે વર્ણવવાં શક્ય નથી; કારણ કે દ્વિતીય આત્માથી અન્ય એ તેનો વિષય છે. તેટલા માટે જેમાંથી અશેષ પ્રપંચ જતો રહ્યો છે એવા, પ્રસન્ન, જેનો વ્યપદેશ કરી ન શકાય એવા બોધસ્વરૂપે આવિર્ભાવ પામે છે એમ ઔડુલોમિ આચાર્ય માને છે ॥ ૬ ॥

येति'." 'सर्वज्ञः सर्वेश्वरः' ઇત્યાદિ તો વ્યપદેશ છે, ઉદ્દેશ નથી; કેમકે આદિ વિધિ નથી; તેમજ એ વિધિ પણ નથી; સિદ્ધની પેઠે નિર્દેશ છે તેથી એવો અર્થ છે ॥ ૫ ॥

અન્ય પૂર્વપક્ષ કહે છે—'चिति तन्मात्रेण'.' સત્યત્વ આદિ ધર્મોના સત્યત્વને દૂષિત કરી અત્યન્ત અસત્યપક્ષ એ સૂત્ર વડે કહે છે. चिति = ચૈતન્ય. 'શબ્દના વિકલ્પથીજ ઉત્પન્ન થાય છે' = શબ્દજ્ઞાનથી જે વિકલ્પ છે—અસત્પ્રત્યય છે તેમાંથી ઉત્પન્ન થાય છે, અત્યન્ત અવિદ્યમાનરૂપ છે. અભાવધર્મો અસત્ ભાસો, ભાવધર્મો તો સત્-વિદ્યમાન છે એમ આશંકા કરી તેઓ પણ ઔપાધિક છે તેથી અવિદ્યમાન છે એમ કહે છે—'જોકે સત્યકામત્વ આદિ' ઇત્યાદિ. મુક્ત ચિન્માત્ર-ચૈતન્યરૂપજ હોય તો જક્ષણ આદિ પ્રતિપાદન કરનારી શ્રુતિનું શું, તેને માટે કહે છે—'એટલાજ માટે જક્ષણ આદિ સંકીર્તનનો' ઇત્યાદિ. 'એટલાજ માટે' = સર્વધર્મના નિષેધથીજ ॥ ૬ ॥

૧ ભિન્ન ભિન્ન ધર્મો હોઈને.

एवमप्युपन्यासात् पूर्वभावादविरोधं बादरायणः ॥ ७ ॥

એમ પણ (પૂર્વોક્ત ઉપન્યાસ આદિથી) પૂર્વ બ્રહ્મસ્વરૂપના (સર્વજ્ઞત્વ આદિના) ભાવથી અવિરોધ છે એમ બાદરાયણ (માને છે) ॥ ૭ ॥

એમ પણ—પારમાર્થિક ચૈતન્યમાત્ર સ્વરૂપના સ્વીકારમાં પણ—વ્યવહારની અપેક્ષાએ ઉપન્યાસાદિથી સમજાયલા પૂર્વ એટલે બ્રહ્મના ઐશ્વર્યરૂપનું પ્રત્યાખ્યાન નથી, તેથી અવિરોધ છે એમ બાદરાયણ આચાર્ય માને છે ॥ ૭ ॥

सङ्कल्पादेव तु तच्छ्रुतेः ॥ ८ ॥

સંકલ્પથીજ (એ વિદ્વાન્‌ને પિત્રાદિવિભૂતિ પ્રાપ્ત થાય છે) તેની શ્રુતિ છે તેથી ॥ ૮ ॥

હાર્દવિદ્યામાં શ્રુતિ છે—'स यदि पितृलोककामो भवति संकल्पादेवास्य पितरः
समुत्तिष्ठन्ति' [છાન્દો૦ ૮।૨।૧] (તે જો પિતૃલોકને વિષે કામનાવાળો થાય છે—
પિતૃઓનેજ સુખહેતુ હોવાથી ભોગ્ય છે માટે લોક કહ્યા છે, પિતૃઓ સાથે સંબ-
ન્ધની તેને ઇચ્છા થાય—તો સંકલ્પથીજ એના પિતૃઓ ઊઠે છે—આત્મસંબન્ધી થાય
છે) ઇત્યાદિ. તેમાં સંશય થાય છે કે કેવલ સંકલ્પજ પિતૃ આદિના સમુત્થાનનો
હેતુ છે કે અન્ય નિમિત્ત સાથે સંકલ્પ હેતુ છે? તેમાં સંકલ્પથીજ પિતૃઓ ઊઠે છે
એમ શ્રુતિ છે તોપણ લોકની પેઠે અન્ય નિમિત્તની અપેક્ષા યુક્ત છે. જેમ લો-
કમાં આપણા ને બીજાના સંકલ્પથી અને ગમન આદિ હેતુઓથી પિતૃ આદિની

ધર્મોનું સત્યત્વ ને અત્યન્ત અસત્યત્વ એ બે પૂર્વપક્ષ અયુક્ત છે; કેમકે અદ્વૈત શ્રુતિઓને
ને સર્વજ્ઞત્વ આદિ શ્રુતિ ને વ્યવહારને બાધ આવે છે; માટે તૃતીય પક્ષ શ્રેયાન્ છે એમ સિદ્ધાન્ત
કરે છે—'एवमपि' ઇત્યાદિ. 'વ્યવહારની અપેક્ષાએ'—તાત્પર્ય આ પ્રમાણે છે—
તાત્ત્વિકાનન્દચૈતન્યમાત્ર આત્મા છે એ ખરી વાત છે; અપહતપાપ્મત્વ, સત્યકામત્વ આદિ
ઔપાધિક હોવાથી અતાત્ત્વિક છે, તોપણ વ્યાવહારિક પ્રમાણે એ ધર્મો આણ્યા છે, માટે એ
લોકસિદ્ધ છે, ને અત્યન્ત અવિદ્યમાન નથી કે જેથી તેના શબ્દો 'રાહુનું શિર' એની પેઠે
અવાસ્તવિક થાય એવો અર્થ છે ॥ ૭ ॥

એ પ્રમાણે પર વિદ્યાનું ફળ કહ્યું: હવે અપરવિદ્યાના ફળને પ્રપંચે કહે છે—'संकल्पा-
देव तु तच्छ्रुतेः'. एवकार અયોગના અર્થમાં હોય કે અન્યયોગનો વ્યવચ્છેદ કરવાના અર્થમાં
હોય તેથી સંશય થાય છે. બ્રહ્મલોકમાં ગયલા ઉપાસકનો સંકલ્પ અન્ય યત્નની અપેક્ષા રાખે
છે, ભોગસામગ્રીનો સંકલ્પ છે તેથી; આપણા ને બીજાના સંકલ્પની પેઠે. વળી एवकारનો વિ-
રોધ નથી; કેમકે સામગ્રી આદિના અયોગનો વ્યવચ્છેદ કરે છે તેથી અર્થ સુલભ કરવો એ
એનું તાત્પર્ય છે; યત્નનો અંગીકાર ન કરીએ ત્યારે તો ભોગપુષ્ટિ અસિદ્ધ થાય એવો પૂર્વપક્ષ

સંપત્તિ[1] થાય છે, એ પ્રમાણે મુક્તને પણ થશે એટલે દૃષ્ટથી વિપરીત કલ્પેલું નહિ થાય. 'સંકલ્પથીજ' એ તો સંકલ્પિત અર્થની સિદ્ધિ કરનારી અન્ય સાધનની સુલભ સામગ્રી રાજાની હોય છે તેવીને અપેક્ષીને-ધારીને કહ્યું છે. વળી સંકલ્પમાત્રથી જેમનું સમુત્થાન થયું છે એવા પિતૃ આદિ મનોરથના આવિર્ભાવની પેઠે ચંચળ[2] હોવાથી પુષ્કળ ભોગ સમર્પવા શક્તિમાન્ નહિ થાય. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—કેવલ સંકલ્પથીજ પિતૃ આદિનું સમુત્થાન છે. શાથી? તેની શ્રુતિ છે તેથી. 'सङ्कल्पादेवास्य पितरः समुत्तिष्ठन्ति', [છાન્દો૦ ૮।૨।૧] (સંકલ્પથીજ એના પિતૃઓ ઊઠે છે—આત્મસંબન્ધી થાય છે) એ શ્રુતિને અન્ય નિમિત્તની અપેક્ષા હોય તો બાધ આવે. વળી અન્ય નિમિત્ત પણ જો સંકલ્પને અનુસરતું થાય તો તે ભલે થાય, પણ અન્ય પ્રયત્નથી સંપાદ્ય બીજા નિમિત્તની ઇચ્છા નથી; કેમકે તેની સંપત્તિ પહેલાં સંકલ્પ વન્ધ્ય થવાનો પ્રસંગ આવે. તેમજ શ્રુતિગમ્ય અર્થમાં 'લોકની પેઠે' એમ સામાન્ય રીતે જે જોયું હોય તે સમર્થ થતું નથી. એમના સંકલ્પ-

---

